


ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

પ્રતિમાશતક

શબ્દશઃ વિવેચન

(ભાગ-૧)

: વિવેચક :
પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર ગુરુભ્યો નમઃ
ૐ નમઃ

પ્રતિમાશતક

શબ્દશઃ વિવેચન

(ભાગ-૧)

મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર

લઘુહરિભદ્રસૂરિ, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

આશીર્વાદદાતા

પરમપૂજ્ય વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક સ્વ. પરમપૂજ્ય મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

વિવેચનકાર

પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

સંકલન-સંશોધનકારિકા

પ. પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સામ્રાજ્યવર્તી તથા
પ. પૂ. સમતામૂર્તિ પ્રવર્તિની સાધ્વીશ્રી રોહિતાશ્રીજી મ. સા. ના શિષ્યરત્ના સાધ્વીશ્રી ચંદનબાલાશ્રીજી

પ્રકાશક



પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧

: વિવેચનકાર :

પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૨૮ વિ. સં. ૨૦૫૮

આવૃત્તિ : પ્રથમ નકલ : ૧૦૦૦

મૂલ્ય : ૩. ૭૫-૦૦

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા ૨૯

: મુદ્રક :

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.

પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે. શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે, પૂ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મ. સા. તથા પૂ. ગણિવર્યશ્રી યુગભૂષણવિજયજી મ. સા. નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત -

૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા
૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
✆ (૦૭૯) ૬૬૦૪૯૧૧, ૬૦૩૬૫૯

નટવરભાઈ એમ. શાહ (આફ્રીકાવાળા)
૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડીયા સોસાયટી,
વિજયનગર ક્રોસિંગ પાસે, અમદાવાદ-૧૩.
✆ (૦૭૯) ૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

✣ મુંબઈ :

નિકુંજભાઈ ર. ભંડારી
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
✆ (૦૨૨) ૨૮૧૪૦૪૮, ૨૮૧૦૧૯૫

શ્રી ચીમનભાઈ ખીમજી મોતા
૯/૧, ગજાનન કોલોની,
જવાહરનગર, ગોરેગામ (વે),
મુંબઈ-૬૨.
✆ (૦૨૨) ૮૭૩૪૫૩૦

લલિત ધરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.
✆ (૦૨૨) ૫૬૮૦૬૧૪, ૫૬૮૬૦૩૦

✣ સુરત :

શૈલેષભાઈ બી. શાહ
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે,
હરિપરા, હાથ ફળિયા, સુરત-૧.
✆ (૦૨૬૧) ૪૩૯૧૬૦, ૪૩૯૧૬૩

✣ રાજકોટ :

કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
✆ (૦૨૮૧) ૨૩૩૧૨૦

✣ બેંગલોર

વિમલચંદજી
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
✆(0) 2875262, (R) 2259925

✣ જામનગર :

ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર.
✆ (૦૨૮૮) ૬૭૮૫૧૩

પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧નું શુદ્ધિપત્રક

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭	૧૩	(આવેદિત)	આવેદિત
૧૧	૨૧	અધ્યાહાર કરીને વાક્ય છે. જેઓ વડે.	અધ્યાહાર કરીને વાક્ય છે. આ રીતે વાક્ય કરવાથી સમાપ્ત પુનરાતત્ત્વ દોષ કેમ નથી તે સ્પષ્ટ કરે છે. જે જે વડે
૧૩	૧૦	इत्यर्थः	कारणं
૧૩	૧૯	નિક્ષેપ પ્રયોગ થાય છે. તેથી	નિક્ષેપ પ્રયોગ થાય છે. તેથી શ્લોકમાં નામાદિ ત્રણ એમ કહ્યું અને તેનો અર્થ નામાદિ નિક્ષેપ કર્યો. પરંતુ તેનું તાત્પર્ય નિક્ષિપ્યમાણ નામાદિત્રય એમ થાય છે. તેથી
૧૩	૨૩	તે	તેના હૈયામાં
૧૫	૧૬	જણાય છે	જણાવાયેલ છે.
૧૫	૨૨	જણાય છે	પ્રસ્તુત કથનથી જણાવાયેલ છે.
૧૫	૨૩	અને તે	અને
૧૫	૨૪	કહે છે.	તેને કહે છે.
૧૮	૨૧	तदाह - તે	तदाह - તેને
૧૮	૨૨	તે કહે છે.	તેને કહે છે.
૨૧	૧૫	ભાવનિક્ષેપનો (માં)	ભાવનિક્ષેપના
૨૫	૧૦	કોઈ જડમતિ વ્યુદ્ગ્રાહિત.	જડમતિ વ્યુદ્ગ્રાહિત કોઈ.
૨૬	૧૨	એમ કહેલ છે.	એમ કહેલ છે. આથી જ દીક્ષા આપ્યા પછી તરત જ ભગવાને ગૌતમાદિને ગણધરપદે સ્થાપ્યા.
૨૭	૩	अण्णेसि (अन्नेसि)	अण्णेसि
૨૭	૫	०त्यर्थाद् ! अर्थाद्	०त्यर्थाद्
૨૭	૬	लब्धम्	लब्धम्,
૨૯	૧૩	તરીકે	એ પ્રમાણે

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૯	૨૮	પ્રાકૃતના	પ્રાક્તન
૩૧	૧૨	'તો કહે છે કે' પછી ઉમેરવું	કર્મ વિદારણમાં સમર્થ એવા વીરો સમ્યગ્દર્શી પ્રાંત=પર્યુષિત વાલ-ચણાદિ અને તે પણ વિકૃતિનો અભાવ હોવાથી રૂક્ષને સેવે છે અર્થાત્ અંતપ્રાંત ભિક્ષાને કરનારા છે.
૩૩	૩	છે, તે	છે તે,
૩૩	૭	'હોવાને કારણે' પછી ઉમેરવું	પ્રશસ્ત નામ-સ્થાપનાની જેમ પ્રશસ્તપણાનો અતિક્રમ કરતી નથી. કેમ કે અંત્ય વિકલ્પને...
૩૩	૧૨	નામ-સ્થાપનાની=	નામ-સ્થાપનાની જેમ=
૩૫	૬	વ્યાકરણ	વ્યાકરણ=ગ્રહણ
૩૫	૭	અપાકરણ	અપાકરણ=નિરાકરણ
૩૫	૧૦	'શાસ્ત્રીય મર્યાદા છે' પછી ઉમેરવું	'શાસ્ત્રીય મર્યાદા છે' પછી શુદ્ધિપત્રકના પેજ-૧૧ અને ૧૨ ઉપર છે તે ઉમેરવું.
૩૫	૨૭	નામનિક્ષેપનું	વળી, નામનિક્ષેપનું
૩૫	૨૮	તે આ રીતે –	તે ઉત્તરાધ્યયન સૂત્રનો અર્થ આ રીતે છે -
૩૬	૬	તેવા પ્રકારના	અને તેવા પ્રકારના
૩૭	૭	કહેલ છે, ત્યાં,	કહેલ છે ત્યાં,
૪૦	૨૮	'પ્રવૃત્તિ કરવાથી' પછી ઉમેરવું	ઋષભદેવના કાળમાં કરાતા ચતુર્વિંશતિ સ્તવથી ત્રેવીશ તીર્થંકરોના
૪૧	૨૩	પુરશ્ચકાશ્ચ	પુરશ્ચકારશ્ચ
૪૨	૭	इति, निर्युक्तिकमेवेति तस्य	इति निर्युक्तिकमेवेति, तस्य
૪૩	૮	દ્રવ્યત્વનું અનુયોગદ્વાર સૂત્રમાં દ્રવ્યસંખ્યાદિના અધિકારમાં	અનુયોગદ્વાર સૂત્રમાં દ્રવ્યસંખ્યાદિના અધિકારમાં દ્રવ્યત્વનું

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૪	૧૯	વૈયાવચ્ચાદિમાં	વૈયાવચ્ચાદિનો
૪૭	૨૧	વંદનીય બને.	વંદનીય નહિ બને.
૪૮	૨૬	'દ્રવ્યતીર્થ છે' પછી ઉમેરવું	આ કથનથી પણ મૂર્તિની આરાધ્યતા સિદ્ધ થાય છે તેથી અપ્રસ્તુત કથન૩૫ નથી.
૫૩	૨૭	કાવ્યનો	શ્લોકનો
૫૯	૧૮	०ऽद्रष्टव्यमुखाः ।	०ऽद्रष्टव्यमुखा,
૬૦	૨૭	ઘટતાં નથી.	ઘટતા નથી માટે
૬૩	૨	તેથી	આમ છતાં
૬૩	૨૭	અરિહંત આદિ=પૂર્વાનુપૂર્વી ક્રમે છે.	અરિહંત પ્રથમ છે.
૬૬	૨૪	निर्दिष्टः	निर्दिष्टः,
૬૭	૨૦	०लग्ग-रासीबल	० लग्गससीबल ०
૭૨	૧૨	शास्त्रार्थं	शास्त्रतत्त्वं
૭૨	૧૩	ગુરુ શબ્દાર્થનું અનુષ્ઠાન	ગુરુ શબ્દનું કાર્ય
૭૩	૨૭	'એ પ્રમાણે જાણવું.' પછી ઉમેરવું.	**उत्थान :-** 'नमो' પદ પ્રતિમા સ્થાપનમાં ઉપયોગી છે તેમાં 'यतः' થી હેતુ કહે છે -
૭૫	૩	प्रतिमा दर्शनादपि	प्रतिमादर्शनादपि
૭૬	૧૦	०माक्षिपति ।	०माक्षिपति,
૭૬	૧૧	०विशेषात् ।	०विशेषात्,
૭૬	૧૨	त्वयात्याज्यं	त्वया त्याज्यं
૭૬	૧૨	परेणाप्य-ङ्गीकरणात्	परेणाप्यङ्गीकरणात्
૭૬	૨૪	'તો ભાવતીર્થંકરનું નામ,' પછી ઉમેરવું	તેથી 'यस्य नाम स प्रतियोगी' એ નિયમથી નામનો પ્રતિયોગી ભાવનિક્ષેપો છે તે જ રીતે સ્થાપનાદિનો પણ ભાવનિક્ષેપો પ્રતિયોગી છે.

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૬	૨૪	તેથી	અને
૭૬	૨૪	નામતીર્થંકરનો	નામાદિતીર્થંકરનો
૭૬	૨૫	પ્રતયોગી	પ્રતિયોગી
૭૮	૧૪	એમ	એ
૭૯	૧૧	ત્યાં	ત્યાં,
૮૪	૮	એવા	એવી
૮૪	૮	તેના	તેના=મૂર્તિના,
૮૪	૧૭	(કાવ્યમાં)	(પ્રસ્તુત શ્લોકમાં)
૮૪	૧૮	ઉક્ત દિશા વડે	ઉક્ત દિશા વડે=શ્લોક-૪મા કહેલ દિશા વડે,
૮૪	૨૩	આ બધા દ્વારા	આ બધા દ્વારા ક્રમસર
૯૦	૯	મૂળ પાઠની	વિશેષાવશ્યક ભાષ્યની ગાથા આપી તેની
૯૦	૧૧	એ પ્રમાણે મૂળસૂત્રમાં કહ્યું,	तस्स णं થી મૂળસૂત્રમાં કહ્યું તેનો અર્થ કહે છે –
૯૧,૯૨,૯૩	૧૯	શ્લોક-૬ તેનો શ્લોકાર્થ, ટીકા અને ટીકાર્થ અશુદ્ધ છે.	શુદ્ધિપત્રકના પાના નં. ૧૨, ૧૩ અને ૧૪ ઉપરથી વાંચવા.
૯૩	૨૮	'तेषां चैत्यनतिं'	'तेषां चैत्यनतिंस्वारसिकीं'
૯૫	૧૬	'અર્થ જાણવો' પછી ઉમેરવું	**ઉત્થાન :-** આ રીતે પૂર્વપક્ષીએ જંઘાચારણ, વિદ્યાચારણોની પ્રતિમાનતિનું સ્વરૂપ બતાવ્યું. હવે તેનાથી પોતાને કોઈ બાધ નથી તે બતાવે છે -
૯૫	૨૨	અહીં પૂર્વપક્ષી કહે છે,	અને
૯૬	૭, ૮	એ પ્રમાણે ..... થાય છે.	આ લખાણ ૨૬ ગણવું
૯૬	૨૪	તે તર્કના	તે તર્કના=પૂર્વમાં ગ્રંથકારે આપેલ તર્કના

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૭	૯	કેમ નથી ?	કેમ નથી કરતા ?
૯૮	૧૧	(ચૈત્યપદથી) ચૈત્યપદના અર્થથી	ચૈત્યપદ અર્થ
૧૦૦	૩	તો કહે છે -) પછી ઉમેરવું	(ચૈત્યપદનો જ્ઞાન અર્થ કરતો)
૧૦૦	૧૧	चूर्णिस्वरसाद् इति	સાદા ટાઈપ છે તેને બોલ્ડ ટાઈપ ગણવા.
૧૦૦	૧૯	वचनस्यापिचैत्यशब्दस्य	वचनस्याऽपि चैत्यशब्दस्य,
૧૦૧	૧૪	જે યોગાર્થ	જે ચૈત્ય શબ્દનો યોગાર્થ
૧૦૩	૧૯	ચૈત્યવંદનનું	ચૈત્યપદનું
૧૧૩	૨૬	हेतुश्चतुर्थेउक्त०	हेतुश्चतुर्थे उक्त०
૧૨૦	૬	ગતિવિષયોક્તિ	ગતિના વિષયની ઉક્તિ
૧૨૦	૧૫	તિરછી ગતિ કરે છે. ॥૮॥	તિરછી ગતિ કરે છે.
૧૨૦	૧૬	સમાપ્તિ સૂચક છે.	સમાપ્તિસૂચક છે. ॥૮॥
૧૨૯	૭	(જ) कल्प्यते,	कल्प्यते,
૧૨૯	૭	छद्मस्थ-कालिकस्य	छद्मस्थकालिकस्य
૧૨૯	૧૯	એથી કરીને કહે છે –	એથી કરીને ગ્રંથકાર કહે છે –
૧૨૯	૨૫	આગમમાં	આગળમાં
૧૩૦	૯	વજ્જલેપપણાની=અલક્ષ્યપણાની	વજ્જપણાની=અવશ્યપણાની
૧૩૦	૯	દોષ પ્રાપ્ત થાય.	દોષ અવશ્ય પ્રાપ્ત થાય.
૧૩૧	૧૨	તેથી	અને
૧૩૩	૫	વિશેષાર્થ પહેલા ઉમેરવું	૨૩મી લીટીવાળો ટીકાર્થ અહીં પહેલા વાંચવો પછી વિશેષાર્થ વાંચવો.
૧૩૪	૧૩	મહારાજાને ઉપસર્ગ થવાનો	મહારાજાને વીર ભગવાનને ઉપસર્ગ થવાનો
૧૩૪	૧૩	હોવાથી	થવાથી
૧૩૪	૧૪	શક્રને વિસ્મૃત	વિસ્મૃત
૧૩૮	૧૫	પ્રસ્તુતમાં	પ્રસ્તુત શ્લોકમાં
૧૩૮	૧૫	અલંકાર છે	અલંકાર જાણવો.

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૩૮	૨૫	અને	તેથી
૧૩૮	૨૯	ત્યાં	પ્રસ્તુત શ્લોકમાં
૧૪૨	૪	અહીંયાં આલાપક	એ કથનમાં ત્યાં પ્રથમ આલાપક બતાવે છે.
૧૪૨	૨૫	–	બીજો આલાવો બતાવે છે.
૧૪૩	૨	–	ત્રીજો આલાવો બતાવે છે.
૧૪૩	૮	–	ચોથો આલાવો બતાવે છે.
૧૪૩	૧૪	–	પાંચમો આલાવો બતાવે છે.
૧૪૩	૧૯	–	છઠ્ઠો આલાવો બતાવે છે.
૧૪૩	૨૦	–	સાતમો આલાવો બતાવે છે.
૧૪૩	૨૭	–	આઠમો આલાવો બતાવે છે.
૧૪૩	૩૨	–	નવમો આલાવો બતાવે છે.
૧૪૩	૩૬	–	દશમો આલાવો બતાવે છે.
૧૪૪	૮	–	અગિયારમો આલાવો બતાવે છે.
૧૪૪	૧૪	–	બારમો આલાવો બતાવે છે.
૧૪૪	૧૮	–	તેરમો આલાવો બતાવે છે.
૧૪૪	૨૨	–	ચૌદમો આલાવો બતાવે છે.
૧૪૪	૨૬	–	પંદરમો આલાવો બતાવે છે.
૧૪૪	૩૦	–	સોળમો આલાવો બતાવે છે.
૧૪૪	૩૪	–	સત્તરમો આલાવો બતાવે છે.
૧૪૪	૩૮	–	અઢારમો આલાવો બતાવે છે.
૧૪૫	૫	–	ઓગણીસમો આલાવો બતાવે છે.
૧૪૫	૯	–	વીસમો આલાવો બતાવે છે.
૧૪૫	૧૨	–	એકવીસમો આલાવો બતાવે છે.
૧૪૫	૧૯	–	બાવીસમો આલાવો બતાવે છે.
૧૪૫	૨૭	–	ત્રેવીસમો આલાવો બતાવે છે.

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૪૫	૩૩	–	ચોવીસમો આલાવો બતાવે છે.
૧૪૬	૧૮	'એ પ્રમાણે' પછી ઉમેરવું.	=પૂર્વમાં ભગવતીના આલાપકો બતાવ્યા એ પ્રમાણે -
૧૪૭	૬	પાઠ) ॥૧૦॥	પાઠ) કુલ ભગવતીના ૨૪ આલાવાથી સુધર્માસભાની પ્રાપ્તિ છે અને તેની અન્વર્થ વિચારણાથી પણ પ્રતિમા પૂજ્ય સિદ્ધ થાય છે.
૧૪૭	૧૦	શત્રુઓને	શત્રુઓ અને
૧૪૭	૨૧	તે તે ઉપાયો વડે જેમ સૂર્યાભ નામના દેવે	જેમ સૂર્યાભ નામના દેવે તે તે ઉપાયો વડે
૧૬૭	૧૩	તને	તારી
૧૭૦	૨૦	०दिपरिग्रहः ।	० दि परिग्रहः,
૧૭૦	૨૦	=स्थितिमात्रम् ।	=स्थितिमात्रम्,
૧૭૩	૧૧	સોગંદથી જ થાય છે.	સોગંદથી જ વિશ્વસનીય થાય છે.
૧૭૩	૧૪	લોકોત્તર=	લોકોત્તર એવા શાસ્ત્રમાં=
૧૭૩	૧૫	'શાસ્ત્રમાં' પછી ઉમેરવું.	સ્પષ્ટ ભેદ દેખાવા છતાં સ્વીકારતા નથી તેથી
૧૭૩	૧૬	'સમજાવી શકાય તેવા છે' પછી ઉમેરવું	અર્થાત્ લોકોત્તર શાસ્ત્રમાં તો શપથથી સમજાવી શકાય તેવા છે, પરંતુ લૌકિક શાસ્ત્રમાં પણ શપથથી સમજાવી શકાય તેવા છે.
૧૭૫	૯	'પૂર્વમાં પણ અને પાછળ પણ હિત શું છે ?' પ્રછી ઉમેરવું.	વ્યવસાયસભામાં જઈને પુસ્તકરત્ન વાંચે છે અને વાંચીને ધાર્મિક વ્યવસાય કરવાનો અભિલાષ કરે છે અને
૧૭૬	૩	સંબંધીપણું હોવાથી	સંબંધીપણાથી
૧૭૬	૧૧	પ્રચલિત છે. અને	વપરાયેલ છે માટે
૧૮૭	૫	જો અતિશયને=વિશેષને,	જો તે=પૂર્વમાં બતાવેલ ભેદરૂપ અતિશયને=વિશેષને,

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૮૭	૫	તેથી	તો
૧૮૭	૭	તે પ્રમાણે જ	તે પ્રમાણે જ=જે પ્રમાણે લોકોત્તર પથમાં તે સોગંદથી વિશ્વસનીય છે તે પ્રમાણે જ વિશ્વસનીય થાય છે.
૧૯૨	૧૬	સમકિતદૃષ્ટિનું સ્થિતિપણું હોવાને કારણે	સમકિતદૃષ્ટિની સ્થિતિપણારૂપે
૨૦૬	૩	'પ્રાપ્ત થાય નહિ' પછી ઉમેરવું.	માટે પાઠાંતર ઉક્તિમાં ગ્રંથકારનો સ્વરસ સ્વીકારીએ તો પ્રાચ્યપક્ષમાં ગ્રંથકારને અસ્વરસ છે એમ માનવું પડે.
૨૧૧		० विरोधात	० विरोधात्
૨૧૨	૨૧	બતાવતાં કહે છે કે,	બતાવતાં કહે છે, જે પ્રસ્તુત ગ્રંથના પાના નંબર-૨૧૯ સુધી છે.
૨૧૩	૭	પામતા	પ્રાપ્ત કરતા
૨૧૩	૧૨	પામતો હોય છે.	પામતો હોય=નિર્લેપદશાને અનુરૂપ ઉત્તરોત્તર ઉત્કર્ષને પામતો હોય. (આથી જ આગળમાં રાગાદિ રહિત ઉપયોગરૂપ ભાવસમ્યક્ત્વ કહેલ છે.)
૨૧૬	૧૮	આભા સમાન	આભાસમાન
૨૧૭	૨	તેમાં જે	તેમાં.જ
૨૧૭	૧૯	ભાવસમ્યક્ત્વંના	ભાવસમ્યક્ત્વના
૨૨૧	૨૨	ઉચિત છે.	ઉચિત છે. એ પ્રકારનું યોજન છે.
૨૨૮	૧૪	એથી કરીને ઉપપત્તિ થશે.	એથી કરીને (મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાની અસંખ્યાત ગુણ છે એ કથનની) ઉપપત્તિ થશે.
૨૩૭	૨૧	(=विगतो धर्मोयेभ्यस्ते विधर्माणस्तादृशान्मन्यन्ते स्म ।)	=विगतो धर्मो येभ्यस्ते विधर्माणस्तादृशाः मन्यन्ते स्म ।
૨૪૨	૧૯	यत्प्रकारकवर्णवादइष्ट०	यत्प्रकारकवर्णवाद इष्ट०
૨૪૪	૮	આગળમાં આગમનો	આગળમાં નીચે આગમનો
૨૪૪	૧૦	અર્થાત્ ..... વર્ણવાદ	આ લખાણ ૨૬ ગણવું.

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૪૪	૧૧	કહેવારૂપ ..... ઉચિત છે.	આ લખાણ ૨૬ ગણવું.
૨૪૯	૨૩	અતિદેશ વડે થયેલ.	અતિદેશ વડે=શક્ર સાથે અન્ય એવા સમ્યગ્દૃષ્ટિ દેવોનું અત્યંત સદૃશપણું છે તેવા=સાદૃશ્ય ગ્રાહક વચન વડે
૨૫૩	૭	આણુકંપિએટ	'आणुकंपिए'
૨૫૫	૨૪	મોક્ષમાં નિયુક્ત થયેલો, બધાના દુઃખના	મોક્ષમાં જાણે નિયુક્ત ન હોય તેવો નૈઃશ્રેયસિક=મોક્ષમાં જવાની તૈયારીવાળો, બધાના=સર્વ જીવોના દુઃખના
૨૫૫	૩૦	હિતના=સુખના કારણભૂત વસ્તુ.	હિત=સુખ કારણભૂત વસ્તુ.
૨૫૬	૧૧	मैत्र्यादिगुणपात्राणि	मैत्र्यादिगुणपात्राणि,
૨૫૬	૧૧	गुर्वादिभक्तिमन्तो	गुर्वादिभक्तिमन्तो,
૨૫૮	૬	ગુરુકુળમાં ક્યાં	કયા ગુરુકુળમાં
૨૫૯	૨૫	સૂત્ર-૨૧ થી ૨૩માંથી આ પાઠની સંકલના કરી છે.	સૂત્ર-૨૧ થી ૨૩માંથી ઉપરમાં કહેલ અર્થને અનુરૂપ એવા પાઠની સંકલના કરી છે.
૨૬૧	૭	ગુરુકુળમાં ક્યાં	કયા ગુરુકુળમાં
૨૬૧	૧૦	ગુરુકુળમાં ક્યાં	કયા ગુરુકુળમાં
૨૬૫	૧૧	અનિષ્ટ ફળરૂપ છે	અનિષ્ટ ફળરૂપ છે તેમ માનવું પડે.
૨૬૫	૧૨	'એમ કહી શકાય નહિ' પછી ઉમેરવું	કેમ કે વાઉકાયની વિરાધનારૂપ હિંસા છે તેમ માનવું પડે.
૨૬૫	૧૩	યતનાપરાયણને	અહિંસાપરાયણને
૨૬૬	૧૬	ઈચ્છાને	યોગ્ય એવી ઈચ્છાને
૨૭૨	૮	જે આ પ્રકારની	જે ઉપરમાં બતાવી એ પ્રકારની
૨૭૨	૧૫	નૃત્ય બતાવીને	સૂર્યાભદેવ નૃત્ય બતાવીને
૨૮૦	૨૭	ખોટું છે અને શુદ્ધ	ખોટું છે તેથી શુદ્ધ એવા
૨૮૨	૨૩	અનુકૂળ પ્રત્યનીક	અનુકૂળ પ્રત્યનીક જો અપ્રજ્ઞાપનીય હોય અને

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૮૩	૨	પરંતુ શાસનનું	પરંતુ પોતાની વ્યાખ્યાનશક્તિ નહિ હોવાને કારણે શાસનનું
૨૮૩	૭	એવો	એવા
૨૮૩	૨૯	પોતે નાશ... પમાડે છે.	(પોતે નાશ... પમાડે છે.)
૨૮૪	૧૫	અને	પરંતુ
૨૮૪	૧૫	તેનો ભાવ એ છે કે, લોકસ્વરૂપે	તેનો ભાવ એ છે કે લોક એકાંતે છે એટલે લોકસ્વરૂપે
૨૮૪	૧૮	'ઈત્યાદિમાં પણ જાણવું' પછી આ ઉમેરવું.	આ સર્વ કથન આચારાંગ સૂત્રની ટીકાના આધારે કહેલ છે, અહીં આપેલ ગ્રંથમાં નથી.
૨૮૪	૨૭	(સ્યાદ્વાદના .... રાખવા રૂપ)	(સ્યાદ્વાદના ... અભાવમાં) ... રાખવારૂપ
૨૯૨	૨૫	તે	તે બતાવવા
૨૯૨	૨૮	'इति ઉદ્ધરણની સમાપ્તિમાં છે.' પછી ઉમેરવું.	*'કલ્પ' શબ્દ કરણ અર્થમાં છે તે ઉદ્ધરણથી બતાવીને 'કરણ' શબ્દનો તાત્પર્ય બતાવતાં કરણ એટલે ક્રિયાજાત=સમાચાર છે તે બતાવવા કલ્પાદિ ચારેને એકાર્થવાચી કહેલ છે.
૨૯૪	૩	अधिक्रियते ..... प्रवर्तनम् ।	नातः..... सर्वविरत्यादेः ।
૨૯૪	૩	'અધિકરણ શું છે' તે પહેલા ઉમેરવું.	આનાથી=અસંયત દાનથી, અધિકરણ કહેવાયું નથી. પરંતુ સર્વવિરતિ આદિરૂપ ગુણાંતરનાં કારણીભૂત એવા અન્ય ગુણસ્થાનકનું=મિથ્યાત્વાદિથી અન્ય અવિરતિ આદિ ગુણસ્થાનકનું, કારણ કહેવાયું છે.
૨૯૬	૨૩	વિશેષાર્થ :- પછી આ મથાળું ઉમેરવું.	ભગવતીના આધાકર્મિક દાનના નિષેધનું તાત્પર્ય :-
૨૯૬	૨૯	'કરવામાં આવ્યો છે' પછી આ મથાળું ઉમેરવું.	બ્રહ્મભોજનના નિષેધનું તાત્પર્ય :-

પેજ નંબર	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૯૭	૪	આ રીતે	આ રીતે હરિભદ્રસૂરિના દાનાષ્ટક પ્રમાણે
૨૯૮	૯	તેથી જો તે દાન	તેથી જો યે તુ દાનં 'પ્રશંસન્તિ' થી કહેવાયેલું દાન
૩૦૭	૫	०हेतुत्वाद्भणनीयो	०हेतुत्वाद् भणनीयो
૩૧૨	૮	ઉપયોગ કઈ રીતે છે,	ઉપયોગ સાધુને કઈ રીતે છે,
૩૧૬	૯	દ્રવ્યસ્તવમાં	દ્રવ્યસ્તવમાં સરાગ સંયમની જેમ
૩૧૬	૧૦	સરાગસંયમની જેમ ઉપેક્ષિત છે	ઉપેક્ષિત છે
૩૨૨	૧૧	(દેશવિરતિથી)	(દેશવિરતિથી અન્ય)
૩૨૪	૫	भिक्षाया (याम्)	भिक्षाया
૩૨૫	૧૩	અનૌચિત્યપણાનો	અનુચિતપણાનો
૩૨૬	૨૧	તેથી શ્રાવક ધર્મ અને... છે.	(તેથી શ્રાવક ધર્મમાં અને... છે)
૩૨૭	૧૦	ભાવસ્તવનું	ભાવસ્તવનું=ચિત્તને સંસારના સર્વ ભાવોથી નિર્લેપ બનાવીને ભગવાનની ભક્તિમાં જ યત્ન કરવો જોઈએ, જેથી તેમાં તન્મય થઈને વીતરાગ બનાય એ રૂપ ભાવસ્તવનું,
૩૪૧	૨૭	કર્તવ્ય ન હોય.	કર્તવ્ય ન પણ હોય.
૩૪૨	૬	(बृहत्कल्पभाष्य गा. ३९९४)	આ કાઢી નાખવું.
૩૪૨	૧૪	'અચેલક સંસ્તરણ પામે છે.' પછી આ ઉમેરવું.	તેઓ પરસ્પર હીલના કરતા નથી અને સર્વે પણ
૩૪૩	૧૨	साक्षाद्यथो०	साक्षाद् यथो०
૩૪૩	૨૮	क्षीरम	क्षीरम्
૩૫૧	૪	० शंसावतः	० शंसावतः ।
૩૫૨	૬	न कस्य	नाकस्य
૩૫૨	૧૮	शास्त्रतत्त्वम् विदन्	शास्त्रतत्त्वमविदन्
૩૫૩	૫	દ્રવ્યાર્ચા કેમ કરતા નથી તે બતાવવા અર્થે	દ્રવ્યાર્ચા કરતા નથી તેને જ દૃઢ કરવા

			અર્થે
૩૫૩	૫	કેમ કરતા નથી ? તે બતાવવા	કરતા નથી. વળી, તેને જ દૃઢ કરવા
૩૫	૧૦	'શાસ્ત્રીય મર્યાદા છે' પછી નીચેનું લખાણ વાંચવું.	

આશય એ છે કે, ભાવનિક્ષેપો આરાધ્ય એટલે જે પરમાત્માના વીતરાગતાદિ ભાવો છે, તેનું અવલંબન લઈને આત્માને તે ભાવોથી ભાવિત કરવો અને જે રીતે ભાવનિક્ષેપાની આરાધના કરવાથી આત્મામાં તે ભાવો પ્રગટ થાય છે, તે રીતે તે ભાવવાળી વ્યક્તિ સાથે સંબંધિત નામનિક્ષેપો પણ નામ-નામવાનનો અભેદ કરીને આરાધ્ય થાય છે, તેથી ભાવનિક્ષેપા સંબંધી આ નામ છે, એવી બુદ્ધિથી તેનું સ્મરણ કરવાથી પણ આત્મામાં તે ભાવો પ્રત્યે જ બહુમાન વર્તે છે. તેથી તે ભાવો પોતાનામાં પણ તે નામનિક્ષેપાની આરાધનાથી પ્રગટે છે. તે જ રીતે સ્થાપના નિક્ષેપાની પણ સ્થાપના-સ્થાપનવાનનો અભેદ કરીને આરાધકના કરવાથી સ્થાપનાવાન એવા ભગવાનના જ ગુણોની આરાધના થાય છે અને ભાવિમાં થનાર તીર્થંકર આદિના જીવોને જોઈને તેમના ભાવિ તીર્થંકરપણાના ભવ સાથે દ્રવ્યનો અભેદ કરીને તે તીર્થંકરના દ્રવ્યની પણ ભક્તિ કરવાથી તીર્થંકર પ્રત્યે પૂજ્યભાવ વધે છે. તેથી નામાદિ ચારે નિક્ષેપાની આરાધના કરવાથી ગુણો પ્રગટે છે અને આથી જ નિક્ષેપાને અપ્રસ્તુત અર્થનું અપાકરણ અને પ્રસ્તુત અર્થનું વ્યાકરણ કરનાર કહેલ છે.

જેમ - મહાવીર એ પ્રકારના નામ શબ્દથી અપ્રસ્તુત એવા અન્ય મહાવીરનું અપાકરણ કરીને પ્રસ્તુત એવા વર્ધમાનસ્વામી સાથે મહાવીર એ પ્રકારના નામનું વ્યાકરણ કરે છે, જેથી મહાવીર શબ્દ બોલતા જ વર્ધમાનસ્વામીની જ ઉપસ્થિતિ થાય છે. તેથી તે નામ પ્રત્યેનું બહુમાન પરમાર્થથી વર્ધમાનસ્વામીના જ બહુમાનમાં વિશ્રાંત થાય છે.

✦ ✤ ✦

પાના નં. ૯૧, ૯૨, ૯૩ ઉપર શ્લોકનો શ્લોકાર્થ, ટીકા અને ટીકાર્થ અશુદ્ધ છે. તેથી તેના બદલે નીચેનું લખાણ વાંચવું.

શ્લોક :-

प्रज्ञप्तौ प्रतिमानतिर्न विदिता किं चारणैर्निर्मिता,
तेषां लब्ध्युपजीवनाद् विकटनाभावात्त्वनाराधना ।
सा कृत्याकरणादकृत्यकरणाद् भग्नव्रतत्वं भवे-
दित्येता विलसन्ति सन्नयसुधासारा बुधानां गिरः ।।६।।

શ્લોકાર્થ :-

ભગવતી સૂત્રમાં ચારણો વડે પ્રતિમાને નમસ્કાર કરાયો, એ પ્રમાણે વિદિત=પ્રસિદ્ધ નથી શું ? અર્થાત્ પ્રસિદ્ધ છે. તેઓની=ચારણોની, લબ્ધિના ઉપજીવનને કારણે=લબ્ધિનો

ઉપયોગ ફોરવવાને કારણે (જે પ્રમાદ સેવ્યો હોય તેની) વળી વિકટનાનો=આલોચનાનો, અભાવ હોવાથી અનારાધના કહેલ છે અને તે=અનારાધના, કૃત્યના અકરણથી થાય, અકૃત્યના કરણથી ભગ્નવ્રતપણું થાય, એ પ્રમાણે આ સુનયરૂપ અમૃતસારવાળી બુધોની વાણી વિલાસ પામે છે. ॥૬॥

✪ મૂળ શ્લોકમાં 'વિકટનાऽભાવાત્' એ અનારાધકતાનો જનક હેતુ છે અને 'કૃત્યાકરણાત્' એ અનુમાપક હેતુ છે.

✪ 'इति' શબ્દ 'तेषां ..... भग्नव्रतत्वं भवेत्' સુધીના આખા કથનનો પરામર્શક છે.

ટીકા :-

'प्रज्ञप्तौ' इति-प्रज्ञप्तौ=भगवतीसूत्रे, किं चारणैः=जंघाचारणविद्याचारणश्रमणैर्निर्मिता प्रतिमानतिर्न विदिता=न प्रसिद्धा ? अपि तु प्रसिद्धैव, सुधर्मस्वामिना कण्ठरवेणोक्तस्य तस्य तरणिप्रकाशतुल्यस्य कुमतिकौशिकवाङ्मात्रेणापह्नोतुमशक्यत्वात् । ननु यदुक्तं तद् व्यक्तमेव, परं चैत्यवन्दननिमित्तालोचनाऽभावेऽनाराधकत्वमुक्तमिति तेषां चैत्यनतिं स्वारसिकींनाभ्युपगच्छामः इत्याशङ्कायामाहतेषामिति । तेषां=जंघाचारणविद्याचारणानां, लब्ध्युपजीवनात्, तस्य प्रमादरूपत्वात्, तु=पुनः, विकटनाऽभावात्=आलोचनाऽभावात्, 'आलोअणा वियडणे' **त्ति निर्युक्तिवचनाद् 'विकटना' शब्दस्य 'आलोचना'अर्थः अनाराधना, न तु अन्यतो निमित्तात् । तदाह-सा अनाराधना कृत्यस्य प्रमादालोचनस्याऽकरणात् । अकृत्यकरणं चैत्यवन्दनेन मिथ्यात्वकरणम्, ततः तत्पुरस्कृत्यानाराधनायां तु उच्यमानायां भग्नव्रतत्वं भवेत्, मिथ्यात्वसहचारिणामनन्तानुबन्धिनामुदयेन चारित्रस्य मूलत एवोच्छेदात्,** 'मूलच्छेज्जं पुण होइ बारसण्हं कसायाणं' **इति (वि.आ.भा.) वचनात् । तच्च न आलोचनामात्रेणाऽपि शोधयितुं शक्यमित्ययं भारो मिथ्याकल्पकस्य शिरसि आस्ताम् । इत्येताःसन्नयः= समीचीननयः, स एव मिथ्याकल्पनाविषविकारनिरासकत्वात् सुधा=पीयूषम्, तेन सारा बुधानां= सिद्धान्तपारदृश्वनां, गिरः=वाचः ।।६।।**

✪ तेषां નો અન્વય અનારાધના સાથે છે.

ટીકાર્થ :-

प्रज्ञप्तौ=..... अशक्यत्वात् । **પ્રજ્ઞપ્તિમાં=ભગવતી સૂત્રમાં, શું ચારણો વડે=જંઘાચારણ-વિદ્યાચારણ શ્રમણો વડે, નિર્મિત=કરાયેલા, પ્રતિમાને નમસ્કાર તે શું વિદિત=પ્રસિદ્ધ, નથી ? પરંતુ પ્રસિદ્ધ જ છે. કેમ કે સુધર્માસ્વામી વડે કંઠરવથી કહેવાયેલ સૂર્યના પ્રકાશ તુલ્ય તેનો=વાણીનો, કુમતિરૂપી ઘુવડની વાણીમાત્રથી અપલાપ કરવો અશક્ય છે.**

ननु ..... आह - અહીં પૂર્વપક્ષી 'ननु' થી કહે છે કે, ભગવતી સૂત્રમાં ચારણ શ્રમણો વડે यद्=જે, प्रतिमानति=પ્રતિમાને નમસ્કાર, કહેવાયો, તે વ્યક્ત જ છે; પરંતુ ચૈત્યવંદન નિમિત્ત આલોચનાના અભાવમાં અનારાધકપણું કહેવાયું છે, એથી કરીને ચારણ શ્રમણોની ચૈત્યનતિસ્વારસિકી અમે સ્વીકારતા નથી. એ પ્રમાણે લુંપાકની આશંકામાં तेषाम् ..... થી મૂળ શ્લોકમાં કહે છે -

तेषां ..... निमित्तात् । લબ્ધિના ઉપજીવનને કારણે=લબ્ધિ ફોરવવાને કારણે (જે પ્રમાદ સેવ્યો હોય, તેની) વળી વિકટનાનો=આલોચનાનો, અભાવ હોવાને કારણે (तेषां=તેઓની=જંઘાચારણ, વિદ્યાચારણોની) અનારાધના છે; પરંતુ અન્ય નિમિત્તથી નથી=ચૈત્યવંદન કર્યું એ રૂપ અન્ય નિમિત્તથી નથી. કેમ કે તેનું=લબ્ધિ ઉપજીવનનું, પ્રમાદરૂપપણું છે અર્થાત્ લબ્ધિ ફોરવવી એ પ્રમાદ છે.

અહીં આલોચના એ વિકટના અર્થમાં છે, એ પ્રમાણે નિર્યુક્તિનું વચન હોવાથી 'વિકટના' શબ્દનો આલોચના અર્થ કરેલ છે. तदाह - તે કહે છે=જંઘાચારણ અને વિદ્યાચારણની અનારાધના લબ્ધિના ઉપજીવન નિમિત્તક=લબ્ધિ ફોરવવાને કારણે, છે; પરંતુ ચૈત્યવંદન નિમિત્તક નથી. તે કહે છે -

सा अनाराधना ..... वचनात् । તે અનારાધના પ્રમાદની આલોચનારૂપ કૃત્યના અકરણથી છે.

અહીં પૂર્વપક્ષી કહે કે, ચારણોએ ભગવાનને નમસ્કાર કર્યો તે રૂપ ચૈત્યવંદનને કારણે તેઓની અનારાધના છે, પરંતુ લબ્ધિનો ઉપયોગ ફોરવવાને કારણે અનારાધના નથી. તેથી કહે છે –

ચૈત્યવંદન વડે અકૃત્યકરણ મિથ્યાત્વકરણ છે. તેથી તેને=અકૃત્યકરણને, આગળ કરીને અનારાધના કહેવાયે છતે ભગ્નવ્રતપણું થાય. તેમાં હેતુ કહે છે - મિથ્યાત્વ સહચરિત અનંતાનુબંધીના ઉદયથી ચારિત્રનો મૂલથી ઉચ્છેદ થાય છે. કેમ કે, 'બાર કષાયના ઉદયથી ચારિત્રનો મૂલથી ઉચ્છેદ થાય છે,' એ પ્રમાણે વિશેષાવશ્યક ભાષ્યનું વચન છે.

तच्च ..... गिरिः=वाचः ।। અને તે=અકૃત્યના કરણથી ભગ્નવ્રતપણું થાય તે, આલોચના માત્રથી પણ શુદ્ધિ કરવા માટે શક્ય નથી. એથી કરીને આ ભાર=આલોચના માત્રથી પણ શુદ્ધિ કરવા માટે શક્ય નથી આ ભાર, મિથ્યાકલ્પકના=લુંપાકના, મસ્તક ઉપર થાય. આ પ્રકારે આ=મૂળ શ્લોકમાં='तेषां ..... आस्ताम्' સુધી અને ટીકામાં 'तेषां ..... भवेत्' સુધી કહેલી એવી આ સમીચીન દૃષ્ટિ અર્થાત્ ગ્રંથને સમ્યક્ રીતે યોજન કરવાની દૃષ્ટિ=પ્રસ્તુતમાં ભગવતી સૂત્ર વિષયક જંઘાચારણ, વિદ્યાચારણોને આલોચનાના અભાવને કારણે અનારાધના કહેલ છે તે રૂપે સમ્યક્ રીતે યોજન કરવાની દૃષ્ટિ, તે જ મિથ્યા કલ્પનારૂપી વિષના વિકારને દૂર કરનાર હોવાથી અમૃત છે તેના વડે=સદ્નયરૂપ અમૃત વડે, સારવાળી પ્રધાન એવી બુધોની=સિદ્ધાંતના પારને જોનારાઓની, વાણી વિલાસ પામે છે. ॥૬॥

✦ ✪ ✦

પરમ પૂજ્ય ષડ્દર્શનવિદ્ પ્રાવચનિક પ્રભાવક
સ્વ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મહારાજનો જ્ઞાનવૈભવ

સાહિત્ય	: રસગંગાધર અને સાહિત્યદર્પણ.
વ્યાકરણ	: સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન બૃહન્ન્યાસ પર્યંત.
નવ્યન્યાય	: સિદ્ધાંતલક્ષણથી માંડીને બાધાંતન્યાય પર્યંત.
પ્રાચીનન્યાય	: ખંડખાદ્ય આદિ મૂર્ધન્ય ગ્રંથો.
જૈનન્યાય	: સન્મતિતર્ક, ન્યાયખંડખાદ્ય, સ્યાદ્વાદકલ્પલતા, અનેકાંતજયપતાકા, તત્ત્વાર્થસૂત્ર આદિ ઉચ્ચ કોટિના ગ્રંથો.
ષડ્દર્શન	: બૌદ્ધ, સાંખ્ય, વેદાંત આદિ દર્શનોનાં તે તે આકર ગ્રંથો.
આગમ	: દશવૈકાલિક, પ્રજ્ઞાપનાસૂત્ર, આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યકભાષ્ય, અનુયોગદ્વાર આદિ અનેક નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ આદિ અવગાહન પૂર્વક.
યોગ-અધ્યાત્મ	: યોગવિંશિકા, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિંદુ, યોગશતક, યોગસાર, યોગશાસ્ત્ર, અધ્યાત્મસાર, અધ્યાત્મઉપનિષત્, અધ્યાત્મમતપરીક્ષા આદિ અનેક ગ્રંથો.
આચાર	: ધર્મસંગ્રહ, ધર્મબિંદુ, શ્રાદ્ધવિધિપ્રકરણ, શ્રાવકપ્રજ્ઞપ્તિ, આચારપ્રદીપ આદિ વિવિધ ગ્રંથો.
કર્મશાસ્ત્ર	: પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ આદિ આધારશિલારૂપ ગ્રંથો.
અન્યદર્શન યોગગ્રંથ	: ઉપનિષદ્, ભગવદ્ગીતા, પાતંજલયોગસૂત્ર (વ્યાસભાષ્ય), બ્રહ્મસૂત્ર (શાંકરભાષ્ય) આદિ.
આયુર્વેદ	: સુશ્રુતસંહિતા, ચરકસંહિતા, આર્યભિષક્, ભાવપ્રકાશ આદિ ગ્રંથો.
પ્રાચીન ખગોળ	: સૂર્યસિદ્ધાંત, સિદ્ધાંતશિરોમણિ આદિ ગ્રંથો.
નીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અને અર્થશાસ્ત્ર	: કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, શુક્રનીતિ, વિદુરનીતિ, પંચતંત્ર, વ્યાસમહાભારત આદિ.

આધુનિક વિજ્ઞાન : ફીઝીક્સ, બાયોલોજી, બાયોટેક્નોલોજી, સોશ્યલ સાયન્સ, કોસ્મોલોજી, એસ્ટ્રોનોમી, હિસ્ટ્રી આદિ.

તથા અન્ય ગ્રંથોનું પરિશીલન :

૧૦૮ બોલ સંગ્રહ, અનેકાંતવાદપ્રવેશ, અનેકાંતવ્યવસ્થાપ્રકરણ, અષ્ટકપ્રકરણ, અસ્પૃશદ્ગતિવાદ, આધ્યાત્મિકમતપરીક્ષા, આરાધકવિરાધકચતુર્ભંગી, ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણ, ઉપદેશપદમહાગ્રંથ, ઉપદેશમાલા, ઉપદેશરહસ્ય, ઉપમિતિભવપ્રપંચકથા, કૂપદૃષ્ટાંતવિશદીકરણ, ગુરુતત્ત્વવિનિશ્ચય, જંબૂદ્વીપસંગ્રહણી, જૈનતર્કભાષા, જ્ઞાનબિંદુ, જ્ઞાનસાર, જ્ઞાનાર્ણવ, દેવધર્મપરીક્ષા, દ્રવ્યગુણપર્યાયનોરાસ, દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા, ધર્મપરીક્ષા, ધર્મસંગ્રહણી, ધૂર્તાખ્યાન, નયરહસ્ય, નયોપદેશ, નિશાભક્તેસ્વરૂપતોદૂષિતત્વવિચાર, ન્યાયપ્રવેશસૂત્ર, ન્યાયાવતાર, પંચવસ્તુક, પંચસૂત્ર, પંચાશક, પરિશિષ્ટપર્વ, પ્રતિમાશતક, પ્રતિમાસ્થાપનન્યાય, પ્રશમરતિ, બંધહેતુભંગપ્રકરણ, બ્રહ્મપ્રકરણ, ભાષારહસ્યપ્રકરણ, માર્ગપરિશુદ્ધિ, યતિદિનકૃત્ય, યતિલક્ષણસમુચ્ચય, વાદમાલા, લોકતત્ત્વનિર્ણય, લલિતવિસ્તરા, વિંશતિવિંશિકા, વિચારબિન્દુ, વિષયતાવાદ, વેદાંકુશ, વૈરાગ્યકલ્પલતા, વૈરાગ્યરતિ, શ્રદ્ધાનજલ્પપટ્ટક, શ્રાવકધર્મવિધિપ્રકરણ, શ્રાવકવ્રતભંગપ્રકરણ, ષોડશકપ્રકરણ, સંબોધપ્રકરણ, સપ્તભંગીનયપ્રદીપ, સમયસાર, સમ્યક્ત્વષટ્સ્થાન ચઉપઈ, સમ્યક્ત્વસપ્તતિ, સર્વજ્ઞસિદ્ધિ, સામાચારીપ્રકરણ, સ્યાદ્વાદરહસ્ય, સ્યાદ્વાદભાષા, હિંસાષ્ટક આદિ શતશઃ ગ્રંથોનું પરિશીલન.

પ્રતિમાશતક ગ્રંથરત્નના સંકલન-સંપાદનની વેળાએ પ્રાક્કથન

આજથી લગભગ ૩૧૪ વર્ષો પૂર્વે યશદેહે થયેલા અણમોલ વિશ્વરત્ન, સરસ્વતીપુત્ર, ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય **શ્રીમદ્ યશોવિજયજી** મહારાજાની સ્વનિર્મિત સ્વોપજ્ઞવૃત્તિયુક્ત એક અમૂલ્ય કૃતિરૂપ આ **પ્રતિમાશતક** ગ્રંથરત્ન છે.

આ **પ્રતિમાશતક** ગ્રંથ અરિહંતની પ્રતિમાને અરિહંતતત્ત્વ સાથેના સીધા સંપર્ક માટે પવિત્રતમ-શ્રેષ્ઠતમ સદાલંબન તરીકે સિદ્ધ કરે છે.

જિનપૂજા-પ્રતિમાઅર્ચન-દ્રવ્યસ્તવ એ આગમમાન્ય યોગ છે, એ વાત, સોથી અધિક ગ્રંથોના-આગમોના, ચારસોથી અધિક સાક્ષીપાઠોથી છલકાતા પ્રતિમાશતક ગ્રંથરત્નનો અભ્યાસ કરવાથી જ્ઞાત થાય છે.

"દુષમકાળે જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા" - આ પૂજાની પંક્તિ, પરમાત્મમય બનવાના મુખ્ય આલંબન તરીકે પ્રતિમાને ગણાવે છે. પ્રતિમાના સદાલંબનથી સાક્ષાત્ પરમાત્માના સામીપ્યની અનુભૂતિ થાય છે. સદાલંબન માટે જિનપ્રતિમાની આ મહત્તા સમજીને જ મહામહોપાધ્યાયશ્રી **યશોવિજયજી** મહારાજાએ **પ્રતિમાશતક** ગ્રંથરત્નની રચના કરેલ છે.

જિનપ્રતિમાની પૂજ્યતા સાબિત કરવા રચાયેલો આ ગ્રંથ વાદગ્રંથ છે કે કાવ્યગ્રંથ છે કે ન્યાયપ્રધાન છે કે તર્કપ્રધાન છે કે અલંકારપ્રધાન છે કે આગમપ્રધાન છે કે ભક્તિપ્રધાન છે કે યોગપ્રધાન છે, એનો નિર્ણય સુજ્ઞ વાચકજનો આ ગ્રંથની વાનગીને આરોગીને સ્વયં કરે એ જ શ્રેષ્ઠ ગણાશે.

સકલાર્હત્ સ્તોત્રકાર કવિવરશ્રી કહે છે કે,

नामाकृतिद्रव्यभावैर्पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ।।

સર્વ ક્ષેત્ર અને સર્વકાળમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે ત્રણે જગતના લોકોને પવિત્ર કરતા અરિહંતની અમે ઉપાસના કરીએ છીએ.

જૈન સિદ્ધાંતમાં ચાર નિક્ષેપાનું વર્ણન કરેલ છે. **(૧) નામનિક્ષેપ, (૨) સ્થાપનાનિક્ષેપ, (૩) દ્રવ્યનિક્ષેપ અને (૪) ભાવનિક્ષેપ.**

આ ચાર નિક્ષેપાની અંતર્ગત સ્થાપનાનિક્ષેપાને સ્થાનકવાસી-લુંપાકો સ્વીકારતા નથી, સ્થાપનાને તેઓ પૂજનીય માનતા નથી. તે મૂર્તિપૂજાના વિરોધી કુમતિગ્રસ્ત એવા લુંપાકોને સ્થાપનાનિક્ષેપાની-જિનપ્રતિમાની પૂજનીયતા સમજાવવા અને મૂર્તિપૂજકોને પણ જિનપ્રતિમા કઈ રીતે આરાધવાથી પૂજનીય બને છે ? પ્રતિમાપૂજનનું ફળ શું ? પ્રતિમાપૂજનની-દ્રવ્યસ્તવની વિશેષતા શું ? આદિ અનેક પદાર્થો, આગમપાઠો અને યુક્તિઓ પૂર્વક આ પ્રતિમાશતક ગ્રંથરત્નમાં મહોપાધ્યાયશ્રીજીએ બતાવેલ છે, અને

સાથે સાથે યોગમાર્ગમાં અતિ ઉપયોગી એવા અનેક પદાર્થોને પણ આગમપાઠો અને યુક્તિઓ પૂર્વક બતાવેલ છે. વિચારક ખરેખર જો ચિંતન-મનનપૂર્વક આ ગ્રંથરત્નનું વાચન કરે તો અવશ્ય તેને પ્રતિમા પૂજનીય લાગ્યા વગર રહે જ નહિ.

જિનપ્રતિમાના-સ્થાપના નિક્ષેપાના આલંબનના સહારે અનેક ભવ્યાત્માઓ સંસારસાગરથી પાર પામેલા છે, પામે છે અને પામશે.

❖ શય્યંભવ બ્રાહ્મણને ચૌદ પૂર્વધર યુગપ્રધાન, શાસનશિરતાજશ્રી શય્યંભવસૂરિ બનાવવામાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાનો મહત્ત્વનો ફાળો છે.

❖ "हस्तिना ताड्यमानोऽपि न जिनमन्दिरं गच्छेत्" । આ શબ્દો ઉચ્ચારનાર હરિભદ્ર, પુરોહિતમાંથી યાકિની મહત્તરાના પ્રભાવે આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજા બન્યા ત્યારે વીતરાગની મૂર્તિ જોઈને આ શબ્દો બોલ્યા કે - "मूर्तिरेव तवाचष्टे भगवन् ! स्पष्टं त्वद्वीतरागताम्" । "આપની મૂર્તિ જ હે ભગવન્ ! આપની સ્પષ્ટ વીતરાગતાને કહે છે."

❖ શિવ-વિષ્ણુ વગેરેની પ્રતિમા જોયા પછી વીતરાગની પ્રતિમાનાં દર્શન કરીને ધનપાલ કવિના હૃદયમાંથી "प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं ।" આ શબ્દો સહજ સરી પડેલા.

❖ અષ્ટાપદ પર્વત ઉપર પરમાત્મભક્તિમાં એકાકાર થયેલા રાવણે પરમાત્માની ભક્તિ કરતાં કરતાં તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું.

❖ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના અચિંત્ય પ્રભાવથી જરાસંધની જરા નિષ્ફળ ગઈ.

પ્રતિમાના આલંબનથી સાક્ષાત્ પરમાત્માના સામીપ્યની અનુભૂતિ થવાથી ભક્તિથી ભાવવિભોર બનેલા અનેક કવિવરો સ્તવનોની પંક્તિમાં લલકારે છે કે,

❖ "મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી, જેહશું સબળ પ્રતિબંધ લાગો".....

❖ હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં .....

ચિદાનંદકી મોજ મચી હૈ, સમતારસકે પાનમેં.....

વાચક જશ કહે મોહ મહા અરિ, જીત લીયો હૈ મેદાનમેં.....

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી કવિવરના હૈયાના આ શબ્દો છે.

કલિકાલના જીવોનું ઝેર ઉતારનાર જિનબિંબ અને જિનાગમ છે, એ જ ગાતાં કવિવરશ્રી કહે છે કે,

❖ તેહનું ઝેર નિવારણ મણિ સમ,
તુજ આગમ તુજ બિંબજી.....

જિનપ્રતિમાની પ્રાપ્તિ થવાથી કવિરૂપી મયૂર ટહૂકો કરે છે કે,

❖ "મારે તો સુષમાથી દુષમા અવસર પુણ્ય નિધાનજી"

આનંદઘનજી મહારાજાએ 'ઋષભ જિનેશ્વર પ્રીતમ માહારો'-એ આદિનાથ પરમાત્માના સ્તવનમાં પરમાત્માને પોતાના પ્રિયતમરૂપે સ્થાપી તેમની સાથે મધુર આલાપ-સંલાપ કરતાં છેલ્લે ગાયું કે,

❖ "ચિત્તપ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે"

તત્ત્વાર્થકારશ્રી ઉમાસ્વાતિજી મહારાજા પણ પ્રતિમાપૂજનનું ફળ **ચિત્તસમાધિ** કહે છે.

આ રીતે જિનપ્રતિમા-સ્થાપનાનિક્ષેપો સાધકને સાધનામાર્ગમાં અતિ ઉપકારક છે. પ્રતિમાશતક ગ્રંથરત્નના પ્રથમ શ્લોકમાં જ જિનેશ્વરની મૂર્તિ કેવી છે ? તેનું વર્ણન કરતાં મહોપાધ્યાયશ્રીજીએ અતિ અદ્‌ભુત એકેક વિશેષણો આપેલાં છે. તે આ પ્રમાણે –

(૧) ऐन्द्रश्रेणिनता (૨) प्रतापभवनं (૩) भव्याङ्गिनेत्रामृतं (૪) सिद्धान्तोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता (૫) स्फूर्तिमती (૬) विस्फुरन्मोहोन्मादघनप्रमादमदिरामत्तैः अनालोकिता जैनेश्वरी मूर्तिः सदा विजयते ।।

દરેક શ્લોકમાં અને તેની સ્વોપજ્ઞ ટીકામાં ગ્રંથકારશ્રી મહોપાધ્યાય **યશોવિજયજી** મહારાજાએ એવા એવા અપૂર્વ પદાર્થો આગમપાઠોને યુક્તિપૂર્વક પીરસ્યા છે કે, જાણે આરોગતા જ રહીએ અને એ આરોગીને અપૂર્વ ભાવોલ્લાસની અનુભૂતિમાં રમમાણ બનીએ.

મારે તો નાદુરસ્ત તબિયતના કારણે પૂજ્યપાદશ્રીજીની આજ્ઞાનુસાર અમદાવાદ મુકામે સ્થિરતા કરવાનું બન્યું અને તે દરમ્યાન યોગવિષયક-અધ્યાત્મવિષયક ગ્રંથવાચનનો પંડિતવર્યશ્રી પાસે સુયોગ સાંપડ્યો. અંદરમાં તીવ્ર ભાવના તો હતી જ કે યોગવિષયક કાંઈક જાણવા-માણવા મળે; કેમ કે, ગુરુદેવશ્રીની વાચનામાં જ્યારે જ્યારે **'યોગ'** શબ્દ અગર **'યોગમાર્ગ'**નું વર્ણન સાંભળવામાં આવતું ત્યારે ત્યારે એ સાંભળીને ખૂબ આનંદની અનુભૂતિ થતી, અને એ વિષયક સૂક્ષ્મબોધ સાંપડે એવી જિજ્ઞાસા, શુશ્રૂષા પેદા થયેલી. તદનુરૂપ આ સુયોગ સાંપડતાં અપૂર્વ ભાવ પેદા થયો અને આવા ઉત્તમ ગ્રંથોના સ્વાધ્યાયના સંગે પ્રસન્નતા જળવાઈ રહી.

અત્યાર સુધીમાં જે જે ગ્રંથરત્નોનું વાંચન પંડિતવર્યશ્રી પાસે કર્યું તે (૧) **યોગવિંશિકા**, (૨) **અધ્યાત્મોપનિષત્**, (૩) **અધ્યાત્મમતપરીક્ષા ભાગ-૧, ૨, ૩**, (૪) **આરાધક-વિરાધક ચતુર્ભંગી**, (૫) **સમ્યક્ત્વ ષટ્‌સ્થાન ચઉપઈ** – તે દરેકના વાચન વખતે નોટ તૈયાર કરેલ, અને સહાધ્યાયી તત્ત્વજિજ્ઞાસુ વર્ગની સતત એક ભાવના રહેતી કે આ નોટ વ્યવસ્થિત ટીકા-ટીકાર્થ-ભાવાર્થરૂપે પુસ્તકાકારે તૈયાર થાય તો અનેક યોગમાર્ગના જિજ્ઞાસુઓને યોગમાર્ગવિષયક બોધ કરવામાં ઉપકારક બને, અને એ દરેકની શુભભાવનાથી ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે આ કાર્ય સંપન્ન થયું... અને આ દરેક ગ્રંથો તૈયાર થતાં યોગ્ય જિજ્ઞાસુઓને મોકલાતા અને એ દરેક તરફથી ખૂબ સુંદર પ્રતિભાવ સાંપડ્યો. મુખ્યતાએ તો સ્વ-આત્મકલ્યાણાર્થે નિર્જરાલક્ષી આ પ્રયત્ન રહે, એ જ મનોકામના રહે છે, અને આ જ ઉદ્દેશથી પુનઃ એક

બૃહત્કાય મહામહોપાધ્યાયની અણમોલ કૃતિ **પ્રતિમાશતક** ગ્રંથરત્નના વાચનનો શુભારંભ થયો. ટીકાર્થ-વિવેચનની સંકલના તૈયાર થતી ગઈ અને તેમાંથી શ્લોક-**૧ થી ૨૯**નું ટીકા-ટીકાર્થ સહ શબ્દશઃ વિવેચન તૈયાર થવા આવેલ છે, તે પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભા. ૧ રૂપે પ્રકાશિત થાય છે. એકેક શ્લોક અને તેની સ્વોપજ્ઞ ટીકામાં એવા એવા સુંદર-સુંદરતર-સુંદરતમ પદાર્થો છે કે, પુનઃ પુનઃ એનું ચિંતન-મનન-નિદિધ્યાસન કરી એ પદાર્થોને જીવનમાં આત્મસાત્ બનાવીએ એવું એક ચોક્કસ લક્ષ તો આ ગ્રંથરત્ન વાંચતાં પેદા થાય જ છે. એ પદાર્થોની અપૂર્વતા-ગહનતા માટે વિશેષ લખવાની જરૂર નથી; કેમ કે, શ્લોક-**૧ થી ૨૯**ની વિસ્તૃત અનુક્રમણિકા તૈયાર કરેલ છે, અને શ્લોક-**૧ થી ૨૯**ની પંડિતવર્યશ્રીની સંકલના પણ તૈયાર કરેલ છે, જે વાંચતાં વાચકવર્ગને સ્વયં જ ગ્રંથમાં રહેલા પદાર્થોની સૂક્ષ્મતા-ગહનતાનો ખ્યાલ આવશે.

વળી, આ ગ્રંથની કાવ્યમય રચના હોવાથી મહોપાધ્યાયશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ આ કાવ્યમાં અનેક અલંકારોનો પ્રયોગ કરેલ છે, અને એ અલંકારોના નિરૂપણ વખતે આચાર્ય **શ્રી હેમચંદ્રાચાર્ય** અને **મમ્મટના કાવ્યાનુશાસન** અને **કાવ્યપ્રકાશ** ગ્રંથના ઉદ્ધરણો પણ ટાંકેલ છે.

આપણે અહીં માત્ર કાવ્યદૃષ્ટિએ **પ્રતિમાશતક** ગ્રંથરત્નમાં શ્લોક-**૧ થી ૨૯**માં કયા કયા શ્લોકોમાં કયા કયા અલંકારો નિરૂપાયેલા છે, તેનો માત્ર નામનિર્દેશ કરીએ છીએ; કેમ કે, તે તે અલંકારોનું નિરૂપણ તો ટીકાર્થ-વિવેચનમાં કરેલ જ છે.

શ્લોક-૨માં **ઉત્પ્રેક્ષા કે ઉપમા અલંકાર**

શ્લોક-૩માં **સ્વરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર**

શ્લોક-૪માં **રૂપકગર્ભ કે અતિશયોક્તિ અલંકાર**

શ્લોક-૫માં **કાવ્યલિંગ અનુપ્રાણિત અતિશયોક્તિ અલંકાર**

શ્લોક-૮માં **ઉપમા અલંકાર**

શ્લોક-૯માં **વ્યતિરેક અલંકાર**

શ્લોક-૧૦માં **વિનોક્તિ, રૂપક, કાવ્યલિંગ અને સંકર અલંકાર**

શ્લોક-૧૬માં **પર્યાયોક્ત અને ગમ્યોત્પ્રેક્ષા અલંકાર**

શ્લોક-૨૪માં **વ્યસ્તરૂપક અલંકાર**

શ્લોક-૨૫માં **વિનોક્તિ અલંકાર**

શ્લોક-૨૮માં **ઉત્પ્રેક્ષા અલંકાર**

આ રીતે તે તે શ્લોકોમાં તે તે અલંકારોનું યોજન ગ્રંથકારશ્રીએ કરેલ છે અને એના દ્વારા ગ્રંથકારશ્રીજીની વિશિષ્ટ કવિત્વશક્તિનું પણ આપણને દર્શન થાય છે.

વળી, મહોપાધ્યાયશ્રીજીએ ક્યાંક ક્યાંક ટીકામાં સુક્તિઓ પણ ટાંકેલ છે. જેમ - શ્લોક-૧૩માં સૂર્યાભદેવની વાવડીની પૂજા અને જિનપ્રતિમાની પૂજાને સમાન કહેનાર લુંપકનો ઉપહાસ કરતાં કહ્યું કે,

काके काष्ण्र्यमलौकिकं धवलिमाहंसे निसर्गस्थितौ,
गाम्भीर्ये महदन्तरं वचसि यो भेदः स किं कथ्यते ।
एतावत्सु विशेषणेष्वपि सखे ! यत्रेदमालोक्यते,
के काकाः सखि ! के च हंसशिशवो देशाय तस्मै नमः ।।

વળી, લુંપકનો ઉપહાસ કરતાં શ્લોક-૨૭માં પણ કહ્યું છે કે, यत् सूक्तं –

वेश्यानामिव विद्यानां मुखं कैर्केन चुम्बितम् ।
हृदयग्राहिणस्तासां द्वित्राः सन्ति न सन्ति च ।।

વળી ગ્રંથકારશ્રીએ ટીકામાં ઘણી જગ્યાએ અગત્યની ચર્ચા કર્યા પછી મનોહર પદ્યોની રચના કરેલ છે, તે પણ મનનીય છે.

જેમ શ્લોક-૩ના અંતે –

हित्वा लुम्पकगच्छसूरिपदवीं गार्हस्थ्यलीलोपमाम् । प्रोद्यद्बोधिरतः पदादभजत श्रीहीरवीरान्तिकम् ।
आगस्त्यागपुनर्वतग्रहपरो यो भाग्यसौभाग्यभूः, स श्रीमेघमुनिर्न कैः सहृदयैर्धर्मार्थिषु श्लाघ्यते ।।१।।

एकस्मादपि समयपदादनेके संबुद्धा वरपरमार्थरत्नलाभात् ।
अम्भोधौ पतति परस्तु तत्र मूढो, निर्मुक्तप्रकरणसम्प्रदायपोतः ।।२।।

વળી, ગ્રંથમાં ઠેરઠેર અનેક આગમપાઠોની સાક્ષીનાં જ દર્શન થાય છે. આગમપાઠોના આલાપકો આપીને યુક્તિપૂર્વક પ્રતિમાપૂજન અને અનેક યોગમાર્ગના પદાર્થોનું એવું સુંદર અર્થઘટન ગ્રંથકારશ્રીજીએ કરેલ છે કે, ખરેખર ગ્રંથકારશ્રીજીના ઓવારણા લેવાનું મન થઈ જાય છે. ગ્રંથને માથે મૂકીને નાચવાનું મન થઈ જાય છે.

કયા કયા શ્લોકોમાં કયા કયા આગમગ્રંથોનાં કે અન્ય ગ્રંથોનાં ઉદ્ધરણો છે, તેનો ખ્યાલ વિસ્તૃત અનુક્રમણિકા જોવાથી આવી જશે.

પ્રસ્તુત ગ્રંથસંપાદનની શૈલીમાં વાચકવર્ગને સુગમતા રહે તે માટે સૌ પ્રથમ અવતરણિકા અને અવતરણિકાર્થ આપેલ છે, અને જ્યાં અર્થમાં સ્પષ્ટતા થતી નથી ત્યાં નીચે વિશેષાર્થ આપેલ છે. ત્યાર પછી અમુક અમુક ટીકાના વિભાગો પાડી તેટલી તેટલી ટીકાનો અર્થ આપેલ છે, જેથી ગ્રંથ લગાડવામાં ઉપયોગી થઈ શકે. વિભક્તિ મુજબ ટીકાર્થ ખોલેલ છે. ઘણી જગ્યાએ કર્મણિ વાક્યરચના મુજબ જ અર્થ કરેલ છે અને તે તે ટીકાર્થ પછી ક્લિષ્ટ પદાર્થો હોય તેનો વિશેષાર્થ આપેલ છે. ક્યાંક ટીકાર્થની વિશેષાર્થમાં પુનરુક્તિ પણ જોવા મળશે. પણ પદાર્થ ખંડિત ન થાય અને સમજી શકાય તે હેતુથી પુનરુક્તિ દોષરૂપ નહિ ગણાય. ટીકાર્થમાં પણ વચ્ચે વચ્ચે ઉત્થાનો આપી આગળ શું પદાર્થ શા માટે

કહેવા માંગે છે, તે સ્પષ્ટ કરેલ છે. વિશેષાર્થમાં પણ ઘણી જગ્યાએ વચ્ચે ઉત્થાનરૂપ લખાણ આવે છે, પણ તે પદાર્થ સમજી શકાય તે માટે આપેલ છે. તેથી પુનરાવર્તન થવા છતાં ક્ષતિરૂપ નથી.

પ્રતિમાશતકનું હાલ ઉપલબ્ધ શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ તરફથી પ્રકાશિત મુદ્રિત પુસ્તક, અને હાલ ઉપલબ્ધ મુદ્રિત પ્રતને સામે રાખીને, સંસ્કૃત વાંચન કરતી વખતે પાઠની સંગતિ કરતાં કોઈ કોઈ સ્થાને અશુદ્ધિ જણાઈ છે. તે અંગે અમને પ્રાપ્ત થયેલ, હાલ ગીતાર્થ ગંગા સંસ્થામાં જેની ઝેરોક્ષ નકલ વિદ્યમાન છે, તે હસ્તલિખિત પ્રતના આધારે શુદ્ધ પાઠ ઉપલબ્ધ થતા, અને તે સંગત જણાતા, તે મુજબ શુદ્ધિ કરેલ છે. ઉદ્ધરણ પાઠોમાં પણ અનેક જગ્યાએ પાઠની અશુદ્ધિઓ જણાઈ છે, તે માટે તે તે ગ્રંથોની અન્ય પ્રત-પુસ્તક વગેરે જે ગીતાર્થ ગંગામાં ઉપલબ્ધ છે, તે મંગાવી તેના આધારે પાઠશુદ્ધિ કરેલ છે, અને જ્યાં પાઠ સંગત જણાતો ન હોય અને હસ્તલિખિત પ્રતમાં પણ સંગત પાઠ મળેલ નથી, ત્યાં અહીં આવો પાઠ ભાસે છે, એમ તે તે ટીકાની નીચે નિશાની મૂકી નોંધ આપેલ છે, અને મૂળ ટીકામાં પણ તે પાઠની બાજુમાં ( ) કૌંસમાં સંગત જણાતો પાઠ મૂકેલ છે.

જેમ - પ્રતિમાશતક **શ્લોક-૨માં इत्यादिना ऽनागतमेव** પાઠ મુ. પુ. છે, ત્યાં હસ્તપ્રતમાં **इत्यादिना ऽऽगतमेव** પાઠ ઉપલબ્ધ છે, અને તે પાઠ શુદ્ધ જણાય છે, તેથી તે પાઠ ગ્રહણ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૪૨)

શ્લોક-૩માં एयं ..... वुड्ढसंपयाओ મહાનિશીથ સૂત્રના તૃતીય અધ્યયનનો પાઠ છે. તેમાં **इओ अवच्चं, तेणं कालेणं तेणं समएणं** પાઠ છે, તે પાઠ અશુદ્ધ જણાય છે. ત્યાં અમને પ્રાપ્ત થયેલી મહાનિશીથ સૂત્રની પ્રતમાં **इओ वच्चंतेणं कालसमएणं** પાઠ મળેલ છે, તેથી તે ગ્રહણ કરેલ છે. અને **धम्मतित्थंकरेहिं** પાઠ છે, એના પછી **तिलोभागमहिएहिं** પાઠ છે, તે લીધેલ છે અને તે મુજબ અર્થ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૬૫)

વળી **શ્લોક**-૩માં ઉપધાનતપની વિધિમાં મહાનિશીથ સૂત્રના આલાપકમાં પણ મહાનિશીથ સૂત્રની અમને પ્રાપ્ત થયેલી પ્રતમાંથી શુદ્ધિ કરેલ છે.

જેમ - **खितिणिहियजाणुणिसिउत्तमंग** ..... પાઠ છે, ત્યાં **खितिणिहियजाणुण्णमिउत्तमंग** ..... શુદ્ધ પાઠ છે, તે મુજબ શુદ્ધિ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૬૭)

આ રીતે આગમપાઠોમાં કે અન્ય ઉદ્ધરણ પાઠોમાં જ્યાં જ્યાં અશુદ્ધ પાઠ છે, ત્યાં ત્યાં તે તે આગમગ્રંથોની કે અન્ય ગ્રંથોની પુસ્તક-પ્રતમાંથી શુદ્ધિ કરેલ છે.

શ્લોક-૫ની અવતરણિકામાં **प्रतिमावादीन्** પાઠ છે, તે અશુદ્ધ પાઠ છે. ત્યાં પ્રતિમાશતકની હસ્તલિખિત પ્રતમાં **प्रनिमाऽरीन्** પાઠ મળેલ છે, તે શુદ્ધ પાઠ ગ્રહણ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૮૨)

શ્લોક-૧૭માં મુ. પુ. માં **प्रकृतित्वाद् विकृतिरिति न्यायेन** પાઠ છે, તે ત્યાં હસ્તલિખિત પ્રતમાં **प्रकृतिवद् विकृतिरिति न्यायेन** પાઠ શુદ્ધ છે, તે ગ્રહણ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૨૫૧)

શ્લોક-૧૮માં મુ. પુ. માં **ननु ..... नादृतेत्यर्थः** પાઠ છે, તેમાં **इत्यादि प्रतिज्ञा ।** પાઠ છે, ત્યાં **इत्यादि प्रतिज्ञाय** પાઠ હસ્તલિખિતમાંથી મળેલ છે. તે શુદ્ધ હોવાથી ગ્રહણ કરેલ છે અને ત્યાં આગળ **निगमनमिति** પાઠ છે, ત્યાં **निगमितमिति** પાઠ હસ્તલિખિતમાંથી મળેલ છે, તે લીધેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૨૫૯)

શ્લોક-૨૪માં પ્રતિમાશતક ગુજરાતીમાં મુ. પુ. માં **अस्मत्साम्प्रदायिकानामिति । किमिह** પાઠ છે, ત્યાં **अस्मत्साम्प्रदायिकानां इतीति किं, इह** આ પ્રમાણે હસ્તપ્રતમાં પાઠ છે, તે શુદ્ધ પાઠ છે. તે ગ્રહણ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૩૧૪-૩૧૫)

શ્લોક-૨૭માં પ્રતિમાશતક ગુજરાતીમાં મુ. પુ. માં **स्वरूपनिरवद्यत्वाचारादुपाधेः** પાઠ છે, ત્યાં હસ્તપ્રતમાં **स्वरूपनिरवद्याचारादुपाधेः** શુદ્ધ પાઠ છે અને **स्वरूपनिरवद्यत्वात्** પાઠ છે, ત્યાં **स्वरूपनिरवद्यत्वाभावात्** પાઠ હસ્તપ્રતમાંથી મળેલ છે, તે પાઠ સંગત હોવાથી તે પાઠ લઈને અર્થ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૩૩૬)

શ્લોક-૨૯માં પ્રતિમાશતક મુ. પુ. માં **तदाश्रयणं** પાઠ છે, ત્યાં હસ્તપ્રતમાં **तदनाश्रयणं** પાઠ છે, તે પાઠ સંગત હોવાથી તે લીધેલ છે.

આ રીતે બીજા પણ જ્યાં જ્યાં હસ્તલિખિત પ્રતમાંથી શુદ્ધ સંગત જણાતા પાઠો મળેલ છે, તે ગ્રહણ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૩૫૪)

વળી, પદાર્થ પ્રમાણે સંગત થતા પાઠો જ્યાં અશુદ્ધ લાગ્યા છે, ત્યાં આવા પાઠની સંભાવના છે, તેમ ત્યાં નિશાની મૂકી નોંધ આપેલ છે.

જેમ – **શ્લોક-૨ : सा च सापेक्षत्वे भावयोग्यतया** છે, ત્યાં **'भावयोग्यता'** પાઠની સંભાવના છે. **इति** ની જગ્યાએ **'या तु'** પાઠની સંભાવના છે. **भावाचार्यनामस्थापनाभावात्** છે, ત્યાં હસ્તપ્રતમાંથી **भावाचार्यनामस्थापनावत्** પાઠ મળેલ છે. તે શુદ્ધ પાઠ ગ્રહણ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૩૨)

શ્લોક-૩માં लिवीविहाणे પાઠ છે, ત્યાં સમવાયાંગ સૂત્રમાં **लेखविहाणे** પાઠ છે, તે લીધેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૫૭)

શ્લોક-૪માં मिथः किञ्चिद् वैषम्यमित्यर्थः પાઠ છે, ત્યાં **न मिथः किञ्चिद् वैषम्यमित्यर्थः** પાઠ ભાસે છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૭૬)

શ્લોક-૮માં भगवद्ज्ञानस्य नन्दीश्वरादिवृत्तित्वाभावात् પાઠ છે, ત્યાં **भगवद्ज्ञानस्य नन्दीश्वरादिवृत्तित्वभावात्** પાઠ ભાસે છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૧૦૦)

શ્લોક-૧૪માં सकलसंपद्भावान्वितः પાઠ છે, ત્યાં **सकलसंपद्भावान्वितानां** પાઠની સંભાવના છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૧૮૪)

શ્લોક-૧૮માં મૂળશ્લોકમાં **कृतनृत्यदर्शनरुचिप्रश्नः** પાઠ છે, ત્યાં હસ્તપ્રતમાં **कृतनृत्यदर्शनविधेः** પાઠ

છે. પરંતુ ટીકામાં ખોલેલ સમાસ મુજબ **कृतनृत्यदर्शनविधिप्रश्नः** પાઠની સંભાવના છે અને ટીકામાં પણ **कृतो नृत्यविधेः** પાઠ છે, ત્યાં **कृतो नृत्यदर्शनविधेः** પાઠની સંભાવના છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૨૫૮-૨૫૯)

શ્લોક-૨૪માં द्रव्यस्तवस्य शरीरस्य પાઠ છે, ત્યાં **द्रव्यस्तवशरीरस्य** પાઠની સંભાવના છે. તે મુજબ અર્થ કરેલ છે અને **तच्छिरोज्वलनमनुज्ञातम्** પાઠ છે, ત્યાં **तच्छिरोज्वलनमननुज्ञातम्** પાઠની સંભાવના છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૩૧૫-૩૧૬)

શ્લોક-૨૯માં મુનિર્ભુજેન પાઠ છે, ત્યાં **મુનિર્ભાવેન** પાઠની સંભાવના છે અને તે મુજબ અર્થ કરેલ છે. (જુઓ પ્રસ્તુત પુસ્તક પેજ નં. ૩૫૩)

પ્રતિમાશતક પ્રસ્તુત ભા. ૧ના પ્રૂફ-સંશોધન કાર્યમાં પ. પૂ. **ચંદ્રાનનાશ્રીજી મ.** ના શિષ્યરત્ના સા. **ચારુનંદિતાશ્રીજી મ.** ના શિષ્યરત્ના સા. **હિતરુચિતાશ્રીજી મ.** નો સહયોગ સાંપડેલ છે તથા પ્રૂફ-સંશોધનાદિ કાર્યમાં અને ભાષાકીય દૃષ્ટિએ અમને જરૂરી સૂચનો આપવા બદલ સુશ્રાવક **શાંતિલાલ શિવલાલ શાહનો** અમને વિશેષ સહયોગ સાંપડેલ છે અને તેમણે પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની તક મળી, તે બદલ કૃતાર્થતા વ્યક્ત કરેલ છે.

છદ્મસ્થતાવશ આવા બૃહત્કાય ગ્રંથના વિવરણમાં કે સંકલન-સંશોધનાદિ કાર્યમાં અનેક ત્રુટિઓ રહેવાની સંભાવના છે. સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન ન થઈ જાય તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરેલ છે, છતાં જિનાજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ ક્યાંય પણ પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો તે માટે મિચ્છા મિ દુક્કડં માંગું છું.

પ્રાંતે અંતરની એક જ મહેચ્છા છે કે, દેવ-ગુરુની અસીમ કૃપાથી સ્વ-આત્મપરિણતિની નિર્મળતા માટે કરાયેલો આ નાનકડો પ્રયાસ મને અને ગ્રંથ વાંચનાર-ભણનાર સૌ કોઈને નિર્જરાનું-લાભનું કારણ બનો અને આ ગ્રંથવાંચનથી વીતરાગભાવથી સૌ કોઇનું ચિત્ત ઉપરંજિત બને, વીતરાગભાવના પ્રતિસંધાન દ્વારા નિકટના ભવોમાં વીતરાગતાની પ્રાપ્તિ થાય અને સ્વાત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ થાય અને સંપૂર્ણ કર્મક્ષય કરી નિકટના ભવોમાં હું અને સૌ કોઈ ભવ્યાત્માઓ મુક્તિસુખના ભાગી બનીએ, એ જ શુભ આશયથી કરેલો આ નાનકડો પ્રયાસ સફળતાને પામો એ જ શુભ ભાવના.

વિ. સં. ૨૦૫૭, જેઠ સુદ-૧૧,
શુક્રવાર, તા. ૨૧-૬-૨૦૦૨,
એફ-૨, જેઠાભાઈ પાર્ક, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

પરમપૂજ્ય પરમતારક પરમારાધ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના સામ્રાજ્યવર્તી તથા પ. પૂ. સરળસ્વભાવી પ્રવર્તિની સાધ્વીશ્રી **રોહિતાશ્રીજી મ. સા.** ના શિષ્યરત્ના સાધ્વીશ્રી **ચંદનબાલાશ્રી**

પ્રતિમાશતક ગ્રંથરત્નમાં આવતા શ્લોક-૧ થી ૨૯ના પદાર્થોની સંક્ષિપ્ત સંકલના

પ્રતિમાશતક ગ્રંથરત્નમાં સ્થાપનાનિક્ષેપાને નહિ માનનાર એવા સ્થાનકવાસીઓ, કે જેઓ પ્રતિમાને પૂજનીય માનતા નથી, તેમનું મુખ્ય રીતે નિરાકરણ કરેલ છે, અને આગમોના પાઠોને લઈને આગમવચનના બળથી જ ભગવાનની મૂર્તિ પૂજનીય છે તેનું સ્થાપન કરેલ છે. તેથી સામાન્ય રીતે વિચારકને એ પ્રશ્ન થાય કે, જેઓ ભગવાનની પ્રતિમાને પૂજ્ય માને છે તેમને આ ગ્રંથ ઉપકારક નથી, પરંતુ જેઓ ભગવાનની પ્રતિમાને પૂજ્ય માનતા નથી તેઓ જ આ ગ્રંથથી પ્રતિમા પૂજનીય છે, તેમ જાણી શકે છે. પરંતુ વસ્તુતઃ તેમ નથી, જેઓ ભગવાનની મૂર્તિ પૂજનીય છે તેમ માને છે, છતાં કઈ રીતે ભગવાનની મૂર્તિ પૂજનીય છે અને ભગવાનની મૂર્તિની કઈ રીતે પૂજા કરવાથી મહાફળ પ્રાપ્ત થાય છે, તેનો વિશેષ બોધ પ્રસ્તુત ગ્રંથરત્નથી જણાય છે, તેથી ભગવાનની મૂર્તિને પૂજનીય તરીકે માનનાર સ્થિર બુદ્ધિવાળાને પણ પ્રસ્તુત ગ્રંથ ભગવાનની ભક્તિમાં વિવેક પેદા કરવા માટે અતિ ઉપકારક છે. એટલું જ નહિ પણ આનુષંગિક રીતે યોગમાર્ગના ઘણા પદાર્થો પ્રસ્તુત ગ્રંથરત્નમાં એ રીતે નિબદ્ધ છે કે, જેનો બોધ પ્રસ્તુત ગ્રંથના અધ્યયન વગર પ્રાયઃ થવો શક્ય નથી.

જેમ કે પ્રસ્તુત ગ્રંથમાં જ સમ્યગ્દર્શન વિષયક **શ્લોક-૧૫માં દ્રવ્યસમ્યક્ત્વ, ભાવસમ્યક્ત્વ, વ્યવહારસમ્યક્ત્વ, નિશ્ચયસમ્યક્ત્વ, સરાગસમ્યક્ત્વ, વીતરાગસમ્યક્ત્વ** વગેરે પદાર્થો શું છે, તેની વિશદ ચર્ચા કરેલ છે. તેના બોધથી પણ સમ્યગ્દર્શન પદાર્થનો પારમાર્થિક બોધ થઈ શકે છે, માટે યોગમાર્ગના ઘણા પદાર્થોનો બોધ કરવા માટે પણ પ્રસ્તુત ગ્રંથ અતિ ઉપકારક છે.

પ્રસ્તુત ગ્રંથના **શ્લોક-૧માં** ભગવાનની મૂર્તિ જીવોને કઈ રીતે ઉપકારક થાય છે, તે બતાવેલ છે, અને જેઓ મોહના ઉન્માદથી ગ્રસ્ત છે, તેઓ ભગવાનની મૂર્તિને જોઈને પરમાત્માના સ્વરૂપને જોઈ શકતા નથી, તેમ બતાવેલ છે.

શ્લોક-૨માં નામાદિ ચાર નિક્ષેપાની વિશદ ચર્ચા કરેલ છે અને સ્થાપનાનિક્ષેપાની ભક્તિ કરવાથી પરમાત્મા સાથે કઈ રીતે અભેદબુદ્ધિ થાય છે, તે અનુભવ અને યુક્તિથી સ્થાપન કરેલ છે. અને જેમ આગમથી, અનુમાનથી અને ધ્યાનના અભ્યાસથી ઉત્તમ તત્ત્વોની પ્રાપ્તિ થાય છે, તેમ ભગવાનની ભક્તિ કરવાથી પણ ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ કઈ રીતે થાય છે, તે વાત યુક્તિથી બતાવેલ છે.

વળી, નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપાનો અનાદર કરવામાં આવે તો ભાવોલ્લાસ થઈ શકે નહિ, તેથી જેમ જેમના હૈયામાં ભગવાનનું વચન હોય છે, તેમ જેમના હૈયામાં નામાદિ ત્રણ સ્ફુરણ થતા હોય તેમને ભગવાન કઈ રીતે ભાવથી હૈયામાં સ્ફુરણ થાય છે, તે પણ યુક્તિથી બતાવેલ છે.

વળી, મહાનિશીથ સૂત્રમાં નામાદિ ત્રણ નિક્ષેપાને અકિંચિત્કર કહ્યા છે અને ભાવનિક્ષેપાને જ પ્રધાન કહેલ છે, તે કયા સંદર્ભથી કહેલ છે, તેનું જોડાણ કરીને કઈ અપેક્ષાએ નામાદિ ત્રણ નિક્ષેપા અનાદરણીય છે અને ભાવનિક્ષેપો જ આદરણીય છે, અને કઈ અપેક્ષાએ ચારે નિક્ષેપા આદરણીય છે, તેનો યથાર્થ બોધ પણ થાય છે.

શ્લોક-૩માં આગમમાં બ્રાહ્મીલિપીને વંદ્ય કહેલ છે, તે ન્યાયથી ભગવાનની મૂર્તિ પણ કઈ રીતે વંદ્ય થાય છે, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે. વળી, જેઓ બ્રાહ્મીલિપીના નમસ્કારને સૂત્રબાહ્ય કહીને તેના બળથી ભગવાનની મૂર્તિ વંદનીય નથી, તેમ સ્થાપન કરે છે, તેનું પણ યુક્તિથી નિરાકરણ કરીને બ્રાહ્મીલિપી નમસ્કાર સૂત્ર અંતર્ગત જ છે, તેનું સ્થાપન કરેલ છે.

વળી, કેટલાક આ નમસ્કારપાઠને અનાર્ષ કહે છે અને તેમાં તેઓ યુક્તિ આપે છે કે, આચાર્ય સર્વ સાધુને વંદન કરી શકે નહિ; કેમ કે આચાર્ય ભગવંતો ત્રીજા પદના સ્થાને છે; તેથી ગણધર ભગવંતો નમસ્કારના પાઠની રચના કરે નહિ, પરંતુ કોઈક અનાર્ષ પુરુષે જ આ નમસ્કારના પાઠની રચના કરેલ છે. તેનું નિરાકરણ કરીને આચાર્યાદિ પણ સર્વ સાધુઓને કઈ રીતે નમસ્કાર કરી શકે, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી, નમસ્કારને આર્ષ સ્થાપન કરવા માટે ઉપધાનતપની જે વિધિ છે, તેનાથી જ નમસ્કાર આર્ષ સિદ્ધ થાય છે તે બતાવવા માટે ઉપધાનતપની વિધિ બતાવેલ છે; અને તે વિધિમાં ઉપધાન તપ કેવા પરિણામથી કરવાના છે અને નમસ્કારના દરેક પદોને ગ્રહણ કરતી વખતે કયા કયા ભાવોથી નમસ્કારને ગ્રહણ કરવાનો છે તે બતાવેલ છે, તેથી તેનો વિસ્તારથી બોધ થાય છે.

શ્લોક-૪માં સ્થાનકવાસીઓ પણ ભગવાનના નામસ્મરણને સ્વીકારે છે, તેથી નામનિક્ષેપાને જો તે સ્વીકારી શકે તો તે જ રીતે સ્થાપનાનિક્ષેપાને પણ તેમણે સ્વીકારવો જોઈએ, તે વાત યુક્તિથી બતાવેલ છે.

વળી, નામ પુદ્ગલાત્મક હોવા છતાં કઈ રીતે જીવને પરિણામનો પ્રકર્ષ કરાવીને નિર્જરાનું કારણ બને છે તે બતાવીને, તે જ રીતે સ્થાપના પણ કઈ રીતે ભાવનો પ્રકર્ષ કરાવીને નિર્જરાનું કારણ બને છે, તે વાત યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૫માં ચારણમુનિઓ ભગવાનની પ્રતિમાને નમસ્કાર કરે છે, તેથી પણ પ્રતિમા પૂજનીય છે, એ બતાવવા માટે ચારણ અધિકાર બતાવેલ છે. તેનાથી ચારણમુનિઓ કઈ રીતે ભગવાનની ભક્તિ કરવા માટે નંદીશ્વરાદિ પર્વત ઉપર જતા હતા, તેનો યથાર્થ બોધ થાય છે.

શ્લોક-૬માં ચારણમુનિઓ ભગવાનને નમસ્કાર કરવા ગયા, ત્યાં પોતાના પ્રમાદનું પ્રાયશ્ચિત્ત નહિ કરવાથી શાસ્ત્રમાં ભગ્નવ્રતવાળા કહ્યા છે. તેને આશ્રયીને લુંપાક-સ્થાનકવાસી કહે છે કે, ચારણનું દૃષ્ટાંત જ બતાવે છે કે, ભગવાનની મૂર્તિ પૂજનીય નથી. તે લુંપાકના કથનનું નિરાકરણ કરીને ચારણ

મુનિઓએ લબ્ધિનો પ્રયોગ કર્યો તત્કૃત તેઓને વિરાધના છે, પરંતુ ભગવાનની મૂર્તિના દર્શનકૃત તેઓને વિરાધના નથી, તે બતાવીને ચારિત્રમાં લબ્ધિ ફોરવવાથી કઈ રીતે માલિન્ય થાય છે અને થયેલા માલિન્યની આલોચના ન કરવામાં આવે તો વિરાધિતચારિત્રવાળા બનાય છે, તે વાત બતાવેલ છે.

શ્લોક-૭માં પૂર્વપક્ષી લુંપાક ચારણ મુનિના દૃષ્ટાંતને લઈને કહે છે કે, ચારણ મુનિઓ જ્યારે નંદીશ્વરાદિ ઉપર જાય છે, ત્યારે ત્યાં ચૈત્યોને અપૂર્વ જોવાથી વિસ્મય થવાને કારણે નમસ્કાર કરે છે, પરંતુ ભગવાનની મૂર્તિ પૂજ્ય છે, તે દૃષ્ટિથી નમસ્કાર કરતા નથી. એ પ્રકારની લુંપાકની શંકાનું નિરાકરણ કરેલ છે.

શ્લોક-૮માં નંદીશ્વરને જોઈને ભગવાનનું જ્ઞાન તથ્ય છે, તેવી બુદ્ધિ થવાથી ભગવાનના જ્ઞાનને ચારણ મુનિઓ નમે છે, પરંતુ ચૈત્યોને નમતા નથી, એ પ્રકારનો આગમના આલાપકનો અર્થ કરીને ચૈત્યપદનો અર્થ 'જ્ઞાન' છે, તેમ લુંપાક કહે છે, તેનું નિરાકરણ કરેલ છે; અને 'ચૈત્ય' શબ્દની વ્યુત્પત્તિ કઈ રીતે પ્રતિમાની વાચક છે અને જ્ઞાનની વાચક નથી, તે વાત વ્યાકરણની મર્યાદાથી બતાવેલ છે.

વળી, લબ્ધિ ફોરવીને ચારણો જાય છે ત્યારે તેમને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે, અને ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત ઉપર લબ્ધિ ફોરવીને ગયા છતાં ત્યાં પ્રાયશ્ચિત્ત નથી. તેથી કઈ રીતે લબ્ધિ ફોરવવામાં પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અને કઈ રીતે લબ્ધિ ફોરવવામાં પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત ન થાય, તેનો પણ બોધ પ્રાપ્ત થાય છે.

શ્લોક-૯માં દેવતાઓથી પણ ભગવાનની પ્રતિમા વંદનીય છે, માટે ભગવાનની પ્રતિમા પૂજનીય છે, તે વાત યુક્તિથી કહેલ છે. તેમાં દેવતાઓથી પ્રતિમા વંદનીય છે તેમાં ભગવતીસૂત્રનો આલાપક બતાવેલ છે, અને તે આલાપકમાં લુંપાક અરિહંતનો અને અરિહંતચૈત્યપદનો એક અર્થ કરીને અરિહંતની પ્રતિમાને અવંદનીય સ્થાપન કરે છે, તેનું નિરાકરણ કરેલ છે.

શ્લોક-૧૦માં અનાશાતના વિનય વડે કરીને ભગવાનની મૂર્તિ દેવતા વડે વંદનીય છે, તેથી પણ ભગવાનની મૂર્તિ વંદનીય છે, તે બતાવેલ છે. અને દેવતાઓ સુધર્માસભામાં ભગવાનની આશાતનાનો પરિહાર કરે છે, તેનું કારણ સુધર્માસભામાં ભગવાનના દેહનાં હાડકાંઓ રહેલાં છે, જે સ્થાપનાનિક્ષેપા સ્વરૂપ છે, તેથી શાસ્ત્રમાં સુધર્માસભાના પદની જે વ્યુત્પત્તિ કરેલ છે, તેનાથી પણ સ્થાપનાનિક્ષેપો પૂજનીય સિદ્ધ થાય છે, તે બતાવેલ છે.

શ્લોક-૧૧માં સૂર્યાભના અધિકારમાં પણ ભગવાનની મૂર્તિની પૂજનીયતા બતાવેલ છે, તેનાથી પણ ભગવાનની મૂર્તિ કઈ રીતે પૂજનીય છે, તે સિદ્ધ થાય છે.

શ્લોક-૧૨માં સૂર્યાભદેવના પ્રસંગમાં પ્રાક્-પશ્ચાત્ હિતાર્થિતાનું કથન કરેલ છે. તેનો અર્થ આલોકના પ્રાક્-પશ્ચાત્ હિતને ગ્રહણ કરીને લુંપાક મૂર્તિની અપૂજ્યતા સ્થાપન કરે છે, તેનું નિરાકરણ કરેલ છે, અને ત્યાં સૂર્યાભદેવનો પૂર્વભવ પ્રદેશી રાજાનો છે, તેનું ઉદ્ધરણ આપીને શ્રાવકે ધર્મ પામ્યા પૂર્વે

સ્વીકારેલા દાનાદિ કૃત્યોનો ધર્મ પામ્યા પછી પણ કઈ રીતે નિર્વાહ કરવો જોઈએ, તેનો વિશેષ વિવેક બતાવેલ છે.

શ્લોક-૧૩/૧૪માં દેવતાઓ વાવડી આદિનું પણ પૂજન કરે છે, માટે જેમ વાવડી આદિનું પૂજન ધર્મ નથી, પરંતુ દેવભવનો આચાર છે, તેમ સ્થાપન કરીને લુંપાક મૂર્તિની અપૂજ્યતા સ્થાપન કરે છે, તેનું નિરાકરણ કરીને દેવોના વાવડી આદિના પૂજન કરતાં ભગવાનની મૂર્તિની પૂજામાં શું ભેદ છે, તે બતાવેલ છે.

શ્લોક-૧૫માં દેવતાઓની ભગવાનની મૂર્તિની પૂજા દેવભવની સ્થિતિ છે, તેમ સ્વીકારીએ તો પણ ભગવાનની મૂર્તિ કઈ રીતે પૂજ્ય સિદ્ધ થાય છે, એ વાત યુક્તિથી બતાવેલ છે.

વળી, ત્યાં પૂર્વપક્ષી લુંપાક શંકા કરે છે કે, જેમ અભવ્ય ચારિત્ર આદિનું અનુષ્ઠાન કરે છે, તેમ મિથ્યાદૃષ્ટિ દેવો પણ જિનપ્રતિમાની પૂજા કરે છે, માટે તેઓના આચારથી મૂર્તિ પૂજનીય સિદ્ધ થાય નહિ; તેનું નિરાકરણ કરીને શાસ્ત્રના વચનથી જ સમ્યગ્દૃષ્ટિ દેવોથી પ્રતિમા વંદનીય છે, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી, સંગમ ઈન્દ્રનો સામાનિક દેવ છે, આમ છતાં તે વિમાનાધિપતિ નથી; અને જે વિમાનાધિપતિ હોય તે નિયમા સમ્યગ્દૃષ્ટિ હોય છે, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી શાસ્ત્રમાં અલ્પબહુત્વની વિચારણામાં, સર્વસંજ્ઞી કરતાં જ્યોતિષ્ક દેવો સંખ્યાતગુણા કહેલ છે. તેથી ચંદ્ર-સૂર્યના વિમાનાધિપતિને સમ્યગ્દૃષ્ટિ સ્વીકારીએ તો સમ્યગ્દૃષ્ટિ દેવો કરતાં મિથ્યાદૃષ્ટિ દેવો સંખ્યાતગુણા સિદ્ધ થાય, પરંતુ અસંખ્યાતગુણા સિદ્ધ થાય નહિ, અને શાસ્ત્રમાં મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા કહેલ છે, તે પાઠની સંગતિ કઈ રીતે થઈ શકે ? તે બતાવવા માટે સમ્યક્ત્વમાં દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ શું ચીજ છે, તેનું વિસ્તારથી સ્વરૂપ બતાવેલ છે.

વળી, વિમાનાધિપતિને પણ આકર્ષ દ્વારા મિથ્યાત્વ હોવા છતાં દ્રવ્યસમ્યક્ત્વ હોઈ શકે છે, તે બતાવીને મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાનીને અસંખ્યાતગુણા કહેનારા પાઠની સંગતિ યુક્તિથી બતાવેલ છે, જેના બોધની સાથે સાથે ભાવસમ્યક્ત્વ, દ્રવ્યસમ્યક્ત્વ, નિશ્ચયસમ્યક્ત્વ, વ્યવહારસમ્યક્ત્વ, સરાગસમ્યક્ત્વ, વીતરાગસમ્યક્ત્વ શું ચીજ છે, તેનો પણ વિશદ બોધ કરાવેલ છે.

વળી, શાસ્ત્રમાં ત્રણ પ્રકારની પૂજા બતાવેલ છે, અને વિભંગજ્ઞાનીમાં મિથ્યાત્વનું બીજ હોવાને કારણે દેવતાઓની પૂજા આ ત્રણ પૂજામાંથી સંગત થઈ શકે નહિ; કેમ કે, આ ત્રણે પૂજાઓ સમ્યગ્દૃષ્ટિ આદિને સંભવે, તેથી દેવસ્થિતિરૂપ જ દેવોની પૂજા છે; આ પ્રકારની કોઈની શંકાને સામે રાખીને અપુનર્બંધકને પણ ભગવાનની પૂજા કઈ રીતે ઘટે ? અને તે ભાવમાર્ગની પ્રાપક કઈ રીતે બને છે અને મહાપથની વિશોધક કઈ રીતે બને છે, તે વાત યુક્તિથી બતાવેલ છે.

વળી કેટલાક આચાર્યો જ્યોતિષ્ક વિમાનાધિપતિને ઉત્પાતકાળમાં સ્થાનના માહાત્મ્યથી નિશ્ચય સમ્યક્ત્વવાળા કહે છે, અને દેવભવના ઉત્પાત પછી વ્યવહાર અથવા નિશ્ચયસમ્યક્ત્વવાળા કહે છે, તેનું નિરાકરણ કરીને નિશ્ચયસમ્યક્ત્વ શું ચીજ છે, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

શ્લોક-૧૬માં પૂર્વપક્ષી લુંપાક જે શંકા કરે છે કે, શાસ્ત્રમાં દેવોને અધાર્મિક કહ્યા છે, માટે તેમની પૂજા પ્રમાણ થઈ શકે નહિ, તેનું નિરાકરણ કરેલ છે, અને બતાવેલ છે કે, પાંચ સ્થાનોથી જીવ દુર્લભબોધિ કર્મ બાંધે છે. તે પાંચ સ્થાનો અંતર્ગત દેવોનો અવર્ણવાદ પણ દુર્લભબોધિનું કારણ છે. માટે જે દેવોને અધર્મી સ્થાપન કરે છે, તે દેવનો અવર્ણવાદ છે. વસ્તુતઃ દેવો ભૂતકાળમાં સંયમ પાળીને સંયમના ફળરૂપે દેવભવને પામ્યા છે, માટે તેવા દેવોને અધાર્મિક કહેવા તે મહાપાપરૂપ છે. આથી જ શાસ્ત્રમાં દેવો અવિરતિવાળા હોવા છતાં દેવોને નોવિરત, નોઅવિરત કહેલ છે, અને તેનું તાત્પર્ય અનેક યુક્તિઓથી બતાવેલ છે.

વળી આગમમાં પાંચ સ્થાનોથી જીવ સુલભબોધિ થાય છે, તેમાં દેવોના વર્ણવાદથી પણ જીવ સુલભબોધિ થાય છે, તેમ બતાવેલ છે, અને ત્યાં દેવોના શીલની પ્રશંસા જ કરેલ છે. તેથી દેવોમાં અવિરતિ હોવા છતાં ભગવાનની આશાતનાનો પરિહાર કરે એવું ઉત્તમ શીલ પૂર્વજન્મના સંયમપાલનના ફળરૂપે જ છે એ વાત પણ યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૧૭માં દેવોમાં ધર્મ છે, તેના સ્થાપક ગુણોને બતાવેલ છે. તે ગુણો અંતર્ગત દેવો પણ નિષ્પાપ વાણી બોલનારા હોય છે અને તે કઈ અપેક્ષાએ છે, તેનું યુક્તિથી કથન કરેલ છે.

વળી, સમ્યગ્દૃષ્ટિ દેવો મૈત્ર્યાદિ ગુણની પરિણતિવાળા હોય છે, ગુણવાન પ્રત્યે ભક્તિવાળા હોય છે અને અભગ્ન મુક્તિપથના પ્રયાણવાળા હોય છે. આમ છતાં શ્રમિત થયેલા મુસાફરની જેમ દેવભવમાં થાક ઉતારવા માટે જ દિવ્ય ભોગો ભોગવે છે અને દેવભવમાં દર્શનલક્ષણ એક ક્રિયાવાળા હોય છે, તે બતાવેલ છે.

શ્લોક-૧૮માં સૂર્યાભદેવના પ્રસંગને ગ્રહણ કરીને દેવતાઓનું ભક્તિકૃત્ય સાધુને અનુમોદ્ય નથી, તેમ બતાવીને મૂર્તિની પૂજાને અકર્તવ્યરૂપે સ્થાપન કરનાર સ્થાનકવાસીની યુક્તિઓનું નિરાકરણ કરેલ છે.

શ્લોક-૧૯માં ભગવાનને સૂર્યાભદેવની નૃત્યકરણરૂપ ભક્તિ સંમત હોવા છતાં સૂર્યાભના પ્રશ્નના ઉત્તરમાં ભગવાને સાક્ષાત્ શબ્દથી તે કરવાની અનુજ્ઞા આપેલ નથી, પરંતુ મૌનથી જ સંમતિ આપેલ છે, તેથી સાધુએ કયા સ્થાનમાં મૌનથી સંમતિ આપવાની હોય છે અને કયા સ્થાનમાં સાક્ષાત્ શબ્દથી સંમતિ આપવાની હોય છે, તેનું નિરૂપણ કરેલ છે.

શ્લોક-૨૦માં જે સ્થાનમાં સાવદ્ય ક્રિયા હોય ત્યાં સાધુઓ મૌનથી જ સંમતિ આપે છે, જેમ - પ્રતિમાઅર્ચનાદિની ક્રિયાવિષયક કર્તવ્યની પૃચ્છા કોઈ ગૃહસ્થ કરે તો સાધુ 'તું કર' એ પ્રમાણે અનુજ્ઞા આપે નહિ, આમ છતાં મૌનથી સાધુની ત્યાં સંમતિ છે, તે બતાવેલ છે.

વળી, ભગવાનનો ઉપદેશ અપ્રમાદસાર છે અને અપુનર્બંધકાદિ દરેક જીવોને પોતપોતાના ઔચિત્યથી વિશેષરૂપે પરિણમન પામે છે, એ ભગવાનની વાણીનો અતિશય છે; અને આથી જ 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ' - એ પ્રકારના ભગવાનના ઉપદેશથી જ કેટલાક જીવો ચારિત્રને સ્વીકારે છે, કેટલાક જીવો દેશવિરતિને સ્વીકારે છે, કેટલાક જીવો સમ્યક્ત્વને સ્વીકારે છે અને કેટલાક જીવો મદ્ય-માંસની વિરતિને સ્વીકારે છે. આ પ્રકારના ભગવાનના વચનનો અતિશય બતાવેલ છે.

વળી, પ્રવૃત્તયોગી પ્રત્યે સાધુને બોલવાની ભાષા અને ઈચ્છાયોગી પ્રત્યે સાધુને બોલવાની ભાષાનો ભેદ હોય છે, તે પણ બતાવેલ છે.

શ્લોક-૨૧માં ભગવાનના ભક્તિકર્મમાં ભક્તિ કરનારને હિંસાની અપેક્ષાએ કર્મબંધ અને ભક્તિ અંશની અપેક્ષાએ નિર્જરારૂપ લાભ હોવાથી સાક્ષાત્ શબ્દથી સાધુ સંમતિ આપતા નથી, પરંતુ મૌનથી જ સંમતિ આપે છે. આ પ્રકારની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ કરીને ભગવાનની ભક્તિમાં થતી હિંસાથી ભક્તિ કરનારને કોઈ કર્મબંધ થતો નથી, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી કોઈક સાધુની વ્યાખ્યાન આપવાની શક્તિ ન હોય અને અનુકૂળ પ્રત્યનીક અશુદ્ધ આહારદાન કરતો હોય તો પણ તે નિષેધ કરે નહિ, અને સાધુની વ્યાખ્યાન આપવાની શક્તિ હોય તો અવશ્ય નિષેધ કરે. તેથી ક્યારે ઉપદેશમાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે અને ક્યારે અનુચિત પ્રવૃત્તિ હોવા છતાં સાધુએ પોતાની શક્તિ ન હોય તો મૌન લેવું ઉચિત છે, તેનું યુક્તિથી સમર્થન કરેલ છે.

વળી પ્રજ્ઞાપ્ય અને વિનયાન્વિત પુરુષ પોતાના ઉચિતકૃત્યવિષયક પૃચ્છા કરે ત્યારે કોઈ સ્થાનમાં સાધુ મૌનથી સંમતિ આપે તો કોઈ સ્થાનમાં સાક્ષાત્ વચનથી પણ સંમતિ આપે, તેનો વિવેક પણ કરેલ છે.

વળી, સૂર્યાભદેવના પ્રસંગમાં ભગવાને મૌનથી સંમતિ આપી અને જમાલિએ પૃથગ્ વિહાર માટે પૃચ્છા કરી ત્યારે ભગવાનના મૌનથી અસંમતિ પ્રાપ્ત થઈ. તેથી કયા સ્થાને મૌનથી સંમતિ પ્રાપ્ત થાય અને કયા સ્થાને મૌન હોવા છતાં અસંમતિ પ્રાપ્ત થાય તે વાત યુક્તિપૂર્વક બતાવેલ છે.

વળી પુષ્ટાલંબનમાં ભગવાને બ્રાહ્મણને વસ્ત્ર આપ્યું અને આર્યસુહસ્તિ મહારાજે રંકને ખાવા માટે દીક્ષા આપી, તે રીતે સાધુઓ પણ પુષ્ટાલંબનથી ગૃહસ્થને અનુકંપાદાન આપી શકે, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી ભગવતીમાં આધાકર્મિક દાનનો પ્રતિષેધ અને સૂયગડાંગસૂત્રમાં બ્રાહ્મણે ભોજનદાનનો પ્રતિષેધ કરેલ છે અને સાધુગુણયુક્તને અલ્પતર પાપ અને બહુનિર્જરાનો હેતુ હોવાને કારણે અપ્રાસુક દાનવિધિ કહી, તેમાં રહેલ ભિન્ન ભિન્ન અપેક્ષાઓનો બોધ કરાવેલ છે.

શ્લોક-૨૨માં યોગ્ય જીવોની અનુચિત પ્રવૃત્તિમાં જો નિષેધ ન કરવામાં આવે તો સાધુને અનુમતિની પ્રાપ્તિ થાય. માટે મૌનથી પણ તે અનુચિત પ્રવૃત્તિમાં કર્મબંધની પ્રાપ્તિ થાય, તે વાત યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૨૩માં અરિહંતચેઈઆણં કાયોત્સર્ગ સૂત્રથી સાધુને દ્રવ્યસ્તવની અનુમોદના પ્રાપ્ત થાય છે, તે વાત યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી, દ્રવ્યસ્તવમાં શ્રાવક સાક્ષાત્ પૂજા-સત્કાર કરે છે, આમ છતાં, કાયોત્સર્ગ દ્વારા તેના ફળની પ્રાર્થના કેમ કરે છે ? અને સાધુ છકાયના સંયમવાળા છે, છતાં કાયોત્સર્ગ દ્વારા ભગવાનના પૂજા-સત્કારરૂપ દ્રવ્યસ્તવના ફળની પ્રાર્થના કેમ કરે છે ? એ પ્રકારની શંકાનું યુક્તિથી સમાધાન કરેલ છે.

વળી કાયોત્સર્ગ શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષાપૂર્વક કરવાનો છે અને તેના વગર કરાતા કાયોત્સર્ગથી ઈષ્ટની સિદ્ધિ થાય નહિ, તે વાતનું યુક્તિથી સમર્થન કરેલ છે.

શ્લોક-૨૪માં દ્રવ્યસ્તવ, ભક્તિ અને હિંસા ઉભયથી મિશ્ર હોવાને કારણે દ્રવ્યસ્તવની અનુમોદનાથી સાધુને હિંસાની અનુમોદના પ્રાપ્ત થશે, એ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું યુક્તિથી નિરાકરણ કરેલ છે.

વળી જેમ સરાગસંયમની અનુમોદનામાં રાગાંશની અનુમોદના નથી, તેમ દ્રવ્યસ્તવની અનુમોદનામાં હિંસા અંશ પણ અનુમોદ્ય નથી, આથી જ ગજસુકુમારને શ્મશાને જવાની ભગવાને અનુજ્ઞા આપી. તેમાં ગજસુકુમારના મસ્તક ઉપર જે અંગારાનું જ્વલન થયું, તેમાં ભગવાનની અનુમોદના નથી.

વળી, 'પ્રમાદયોગથી પ્રાણનું વ્યપરોપણ=પ્રાણનો નાશ, હિંસા' અને 'અપ્રમાદ યોગથી પ્રાણનું વ્યપરોપણ=પ્રાણનો નાશ, અહિંસા,' એ વ્યવહારનયનું લક્ષણ છે, અને નિશ્ચયનયથી 'પ્રમાદ એ હિંસા' અને 'અપ્રમાદ એ અહિંસા' છે, તેનું તાત્પર્ય યુક્તિથી બતાવેલ છે.

શ્લોક-૨૫માં દ્રવ્યસ્તવ મિશ્ર હોવાને કારણે સાધુને અનુપદેશ્ય સ્વીકારવામાં આવે તો શ્રાવક ધર્મ પણ મિશ્ર હોવાથી સાધુ તેનો ઉપદેશ આપી શકે નહિ, તેથી જેમ શ્રાવકધર્મ મિશ્ર હોવા છતાં સાધુ તેનો ઉપદેશ આપે છે, તેમ દ્રવ્યસ્તવનો પણ સાધુ ઉપદેશ આપી શકે છે, તે વાત યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી, શ્રાવકને શ્રમણલિંગ ગ્રહણ કરીને ભીક્ષાગ્રહણ ઉચિત નથી, આથી જ આનંદાદિ શ્રાવકોએ ભિક્ષાવૃત્તિ સ્વીકારી નથી. આમ છતાં, અંબડ શ્રાવક પરિવ્રાજકલિંગમાં હોવાને કારણે તેમને ભિક્ષાવૃત્તિ અનુચિત નથી, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી, સાધુધર્મને છોડીને શ્રાવકધર્મનો પ્રથમ ઉપદેશ આપવામાં આવે ત્યારે, ક્યારે ક્રમનું ઉલ્લંઘન પ્રાપ્ત થાય છે અને ક્યારે પ્રથમ શ્રાવક ધર્મનો ઉપદેશ આપવા છતાં ક્રમનું ઉલ્લંઘન થતું નથી, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

શ્લોક-૨૬માં - (૧) આશંસાનુમતિ (૨) સંવાસાનુમતિ અને (૩) અનિષેધાનુમતિ, આ રીતે ત્રણ પ્રકારની હિંસાની અનુમતિ પ્રાપ્ત થાય છે. એ ત્રણે પ્રકારની અનુમતિ દ્રવ્યસ્તવમાં કેમ નથી ? તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

વળી સાધુને સ્તુતિત્રયથી વધારે દેરાસરમાં બેસવાના નિષેધનું વચન, ભગવાનની સ્તુતિ કે ધ્યાનાદિ અર્થે નિષેધ કરતું નથી, પરંતુ દેરાસરમાં બેસીને સાધુને સ્વાધ્યાયાદિ અન્ય કૃત્યો કરવાનું નિષેધ કરે છે, એ વાત બતાવેલ છે.

શ્લોક-૨૭માં 'સાધુને દ્રવ્યસ્તવ અનુમોદ્ય તરીકે સ્વીકારવામાં આવે તો તે કર્તવ્યરૂપે પણ સ્વીકારવું જોઈએ,' એ પ્રકારની વ્યાપ્તિને સ્વીકારીને દ્રવ્યસ્તવ સાધુને અનુમોદ્ય નથી. તેમ પૂર્વપક્ષી કહે છે, તેનું નિરાકરણ કરીને દ્રવ્યસ્તવ અનુમોદ્ય હોવા છતાં સાધુને કેમ કર્તવ્ય નથી ? તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે.

શ્લોક-૨૮માં ભાવસ્તવની પુષ્ટિ માટે સાધુ દ્રવ્યસ્તવનું અનુમોદન કરે છે, તેમ સ્વીકારીને સાધુને દ્રવ્યસ્તવની અનુમોદના નિષિદ્ધ નથી, તેમ ગ્રંથકારે સ્થાપન કર્યું, ત્યાં પૂર્વપક્ષી લુંપાક શંકા કરે છે કે, જો દ્રવ્યસ્તવની અનુમોદનાથી ભાવસ્તવની પુષ્ટિ થતી હોય તો દ્રવ્યસ્તવથી પણ ભાવસ્તવની પુષ્ટિ થવી જોઈએ, તેનું યુક્તિથી નિરાકરણ કરેલ છે.

વળી સાધુને દ્રવ્યાગ્નિકારિકાના વ્યુદાસથી ભાવાગ્નિકારિકા જ કેમ અનુજ્ઞાત છે, તે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજાની સાક્ષીથી સમર્થન કરેલ છે.

શ્લોક-૨૯માં સાધુ ભુજાથી સંસારસમુદ્ર તરવા સમર્થ હોવાથી કંટકથી યુક્ત કાષ્ઠ જેવી દ્રવ્યાર્ચાનું અવલંબન લેતા નથી, અને શ્રાવક ભુજાથી સંસારસમુદ્ર તરવા અસમર્થ હોવાને કારણે કંટકથી યુક્ત કાષ્ઠ જેવી પણ દ્રવ્યાર્ચાનું અવલંબન લે છે, તેનું યુક્તિથી સમર્થન કરેલ છે.

આ રીતે પ્રતિમાશતક ગ્રંથરત્નમાં **શ્લોક-૧ થી ૨૯**માં આવતા પદાર્થોની સંક્ષિપ્ત રૂપરેખા બતાવેલ છે. બાકી તો, ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ પાને-પાને, શબ્દે-શબ્દે એવા અપૂર્વ પદાર્થોનું નિરૂપણ કરેલ છે કે, જેનું મૂલ્ય શબ્દોથી આંકી શકાય તેમ નથી. જેમ જેમ પદાર્થોની અનુપ્રેક્ષા કરીએ છીએ, તેમ તેમ અપૂર્વ અપૂર્વ પદાર્થોનું દર્શન થાય છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં.

પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વિ. સં. ૨૦૫૮, જેઠ સુદ-૫,
શનિવાર, તા. ૧૫-૬-૨૦૦૨
૩૦૨, વિમલવિહાર,
સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭

અનુક્રમણિકા

શ્લોક	વિષય	પાના નં.
૧.	પ્રતિમાશતક ગ્રંથની ટીકાનું મંગલાચરણ, પ્રતિમાશતક ગ્રંથનું સ્વરૂપ, પ્રતિમાશતક ગ્રંથ કરવા દ્વારા ઈચ્છિત ફળ, પૂ. યશોવિજયજી મહારાજાને ન્યાયવિશારદ અને ન્યાયાચાર્ય પદની પ્રાપ્તિ, પ્રતિમાશતક ગ્રંથ રચવાનું પ્રયોજન તથા ગ્રંથકારનું નામ, પ્રતિમાશતક ગ્રંથની ટીકા રચવાનું પ્રયોજન, વાણીની દેવીને વિઘ્નના નાશ માટે પ્રાર્થના.	૧-૩
	પ્રતિમાશતક ગ્રંથના મંગલાચરણનું સ્વરૂપ.	૩
	'સંઘ' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, 'વિજયતે' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, ઉત્કર્ષઅર્થક 'જયતિ' પ્રયોગનું ઉદ્ધરણ, 'વિ' ઉપસર્ગનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ.	૪-૫
	પ્રતિમાના 'ઐન્દ્રશ્રેણિનતા' વિશેષણ દ્વારા સૂચિત અર્થ, જિનપ્રતિમાના અપલાપનું ફળ, પ્રતિમાના 'પ્રતાપભવનં' વિશેષણથી સૂચિત અર્થ, 'પ્રતાપ' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, 'ભવ્ય' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, પ્રતિમાના 'ભવ્યાઙ્ગિનેત્રામૃતં' વિશેષણ દ્વારા સૂચિત અર્થ, અભવ્ય-દુર્ભવ્યને જિનપ્રતિમાના દર્શનથી આનંદની અપ્રાપ્તિ, જિનપ્રતિમાને અમૃતની ઉપમા આપવાનું કારણ, સિદ્ધાંતના અને પ્રતિમાના પ્રામાણ્યસ્વીકારની એકરૂપતા, પ્રતિમાના પ્રામાણ્યને નહિ સ્વીકારનારમાં સિદ્ધાંતની અનભિજ્ઞતા, શિષ્ટનું સ્વરૂપ, 'પ્રીતિ' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, 'સ્ફૂર્તિ' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, પ્રતિમાના 'સ્ફૂર્તિમતી' વિશેષણથી સૂચિત અર્થ, જિનપ્રતિમાના આરાધનથી બુદ્ધિસ્ફૂર્તિની પ્રાપ્તિ, 'અનાલોકિતા' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ કરવાનું પ્રયોજન, 'વિસ્ફુરન્' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, પ્રતિમાના અનાદરવાળામાં રહેલ મોહ અને પ્રમાદ વચ્ચેનો ભેદ.	૫-૯
	પ્રતિમાશતકના પ્રથમ શ્લોકમાં સમાપ્તપુનરાતત્ત્વરૂપ દોષના અભાવની યુક્તિ, સમાપ્તપુનરાતત્ત્વ દોષનું સ્વરૂપ.	૯-૧૨
૨.	ભાવનિક્ષેપ સંલગ્ન નામનિક્ષેપાદિ ત્રણ નિક્ષેપાનું કાર્ય, નામાદિ શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, 'કૃદભિહિત' ન્યાય સંબદ્ધ, 'શાસ્ત્ર' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, 'સ્વાનુભવ' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, તત્ત્વપ્રતિપત્તિના સમગ્ર ઉપાયનું સ્વરૂપ ઉદ્ધરણપૂર્વક.	૧૨-૧૬
	જિનના નામાદિ ત્રણ નિક્ષેપાનું સ્વરૂપ, 'પુરસ્કુર્વન્' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, 'ભાવ' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, માત્ર ભાવનિક્ષેપાને સ્વીકારનારમાં મતિના	૧૬-૧૭

શ્લોક	વિષય	પાના નં.
	અભાવની યુક્તિ, વ્યવહારનયથી નામાદિ ત્રણ નિક્ષેપાના અનાદરમાં ભાવોલ્લાસની અપ્રાપ્તિ.	
૨.	જિનના નામાદિ ત્રણ નિક્ષેપાના આદરથી પ્રાપ્ત ફળ-ષોડશકના ઉદ્ધરણપૂર્વક, સર્વ કલ્યાણની પ્રાપ્તિનો ઉપાય.	૧૭-૧૯
	વ્યવહારનયથી ભાવોલ્લાસમાં નામાદિ ત્રણ નિક્ષેપાની કારણતામાં યુક્તિ.	૧૯
	પ્રતિમાશતકના બીજા શ્લોકમાં લુંપાકની અંધમતિ સાથે કરાયેલ તુલનામાં ઉત્પ્રેક્ષા કે ઉપમા અલંકારના યોજનનો અતિદેશ.	૨૦
	જિનના ભાવનિક્ષેપાને અવ્યભિચારી અને નામાદિ ત્રણ નિક્ષેપાને વ્યભિચારી સ્વીકારી નામાદિ ત્રણ નિક્ષેપાનો અનાદર કરનારાના મતનું નિરાકરણ, સ્વગત ભાવોલ્લાસમાં નિમિત્તભાવરૂપે જિનના ચારેય નિક્ષેપાની તુલ્યતામાં યુક્તિ, જિનના ભાવનિક્ષેપામાં પણ વ્યભિચારિતાનો સંભવ.	૨૦-૨૨
	દ્રવ્યનિક્ષેપાને આશ્રયીને જ દ્રવ્યવંદનનો સંભવ, વંદનનું તાત્ત્વિક ફળ. ભાવનિક્ષેપાની જ આદરણીયતામાં લુંપાકની યુક્તિ, ભાવનિક્ષેપાની જ આદરણીયતાનું ઉદ્ધરણ, પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનય સંબદ્ધ,	૨૨-૨૪
	ભાવાચાર્યનું સ્વરૂપ, ભાવાચાર્યમાં તીર્થંકરતુલ્યતા, દ્રવ્યાચાર્યનું સ્વરૂપ.	૨૪-૨૬
	પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનયની માન્યતા ઉદ્ધરણપૂર્વક, પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનયના મતે મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ, નિશ્ચયનયથી નામાદિ ત્રણ નિક્ષેપાનો અસ્વીકાર છતાં ત્રણેયની આદરણીયતામાં યુક્તિ, નૈગમાદિનયથી નામાદિ ત્રણ નિક્ષેપાનો સ્વીકાર, સર્વનય સંમતને જ શાસ્ત્રાર્થરૂપે ન સ્વીકારવાથી શ્રેણિક આદિમાં સમ્યક્ત્વના અભાવને સ્વીકારવાની આપત્તિ, નિશ્ચયનયથી સમ્યક્ત્વના સ્વામી, અપ્રમત્તગુણસ્થાનકમાં જ સમ્યક્ત્વ સ્વીકારનાર નિશ્ચયનયનું સ્વરૂપ, નિશ્ચયનયથી અપ્રમત્તસંયતમાં જ સમ્યક્ત્વના સ્વીકારનું ઉદ્ધરણ સટીક, નિશ્ચયનયથી સમ્યક્ત્વનું સ્વરૂપ, નિશ્ચયનયથી સમ્યક્ત્વના અધિકારી અને અધિકારીનું સ્વરૂપ, નિશ્ચયનયથી મુનિભાવ અને કારક સમ્યક્ત્વની એકરૂપતા, નિશ્ચયનયથી સર્વથા પાપકર્મના વર્જનથી જ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ, નિશ્ચયનયથી સમ્યક્ત્વ અને મુનિભાવની વ્યાપ્તિ, 'વસુમાન્' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, નિશ્ચયનયથી મુનિભાવનું સ્વરૂપ, 'મૌન' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, સમ્યક્ત્વ અને મૌનની અભેદતાના સ્વીકાર માટેની નિશ્ચયનયની યુક્તિ, નિશ્ચયનયથી જ્ઞાનનું અને સમ્યક્ત્વનું ફળ, નિશ્ચયનયથી રત્નત્રયીના અનધિકારીનું સ્વરૂપ, 'મુનિ' શબ્દનો સંદર્ભથી વિશિષ્ટ અર્થ, પ્રાંત અને રૂક્ષ ભિક્ષાનું સ્વરૂપ, 'વીર'	૨૬-૩૧

શ્લોક	વિષય	પાના નં.
	શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, નિશ્ચયનયથી રત્નત્રયીના અધિકારીનું સ્વરૂપ, 'ગુણાસ્વાદ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ.	
૨.	એકાદ ગુણની હાનિથી ભાવાચાર્યમાં અપ્રશસ્તતાની અપ્રાપ્તિમાં વ્યવહારનયની યુક્તિ, વચનમાત્ર પણ આગમ બાહ્ય કરનારને નામ-સ્થાપના સાથે યોજવારૂપ મહાનિશીથના વચનનું તાત્પર્ય ઉદ્ધરણપૂર્વક, અપ્રશસ્ત-ભાવવાળાના નામાદિ ત્રણે નિક્ષેપાની અપ્રશસ્તતા અને પ્રશસ્તભાવવાળાના ત્રણે નિક્ષેપાની પ્રશસ્તતા.	૩૨-૩૩
	નામાદિ ચારે નિક્ષેપાની આરાધનીયતામાં યુક્તિ ઉદ્ધરણપૂર્વક, નિસર્ગરુચિ સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ, નામાદિ ચારે નિક્ષેપાની ફળવત્તામાં યુક્તિ, નામનિક્ષેપાની આરાધ્યતામાં યુક્તિ ઉદ્ધરણપૂર્વક, ચતુર્વિંશતિસ્તવથી દર્શનવિશુદ્ધિની પ્રાપ્તિ, જિનના નામ તથા ગોત્રના શ્રવણમાં મહાફળની પ્રાપ્તિ.	૩૪-૩૬
	સ્થાપનાનિક્ષેપાની આરાધ્યતામાં યુક્તિ ઉદ્ધરણપૂર્વક, સ્થાપનાનિક્ષેપાની આરાધનાનું ફળ, 'સ્તુતિ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ.	૩૬-૩૮
	દ્રવ્યનિક્ષેપાની આરાધ્યતામાં યુક્તિ, ચતુર્વિંશતિસ્તવની શાશ્વતતામાં યુક્તિ, અર્થ અને ઉપયોગરહિત જિનનામ ઉત્કીર્તનથી યોગીકુલમાં જન્મના બાધની પ્રાપ્તિ, અપ્રધાન દ્રવ્યઆવશ્યકના નિષેધનું કારણ.	૩૮-૪૦
	દ્રવ્યજિનની આરાધ્યતા સ્વીકારે છતે ખોબામાં રહેલ પાણીના જીવમાં દ્રવ્યજિનના સંભવને કારણે આરાધ્યતાની લુંપાકે આપેલ યુક્તિનું નિરાકરણ, દ્રવ્યજિનપર્યાયના અપરિજ્ઞાનમાં અવંદનકને દોષાભાવ, દ્રવ્યજિનપર્યાયને આશ્રયીને મરીચિને કરાયેલ વંદનનું ઉદ્ધરણ.	૪૧-૪૨
	સાધુને પણ દ્રવ્યજિનપર્યાયવાળા મરીચિના વંદનની આપત્તિનું સમાધાન, વેશરહિત દ્રવ્યજિનને સાધુઓ દ્વારા પણ સામાન્ય વંદનનો સંભવ અને વિશેષ વંદનનો અભાવ.	૪૨
	મરીચિમાં દ્રવ્યજિનત્વના અભાવની શંકાનું નિરાકરણ, દ્રવ્યત્વના ભેદનું સ્વરૂપ, મરીચિમાં વર્તતા દ્રવ્યજિનત્વનું સ્વરૂપ, નૈગમનયથી મરીચિમાં દ્રવ્યજિનત્વનો સ્વીકાર, અસંયતમાં યોગ્યતાવિશેષના જ્ઞાનથી વંદનાદિ વ્યવહારની વિધિ, ઉત્સર્ગથી સુસાધુ દ્વારા સ્ખલિત સાધુના વૈયાવચ્ચકરણનો નિષેધ, અપવાદથી યોગ્યતા વિશેષ જાણીને સ્ખલિત સાધુની વૈયાવચ્ચકરણની વિધિમાં અઈમુત્તા મુનિનું દૃષ્ટાંત.	૪૨-૪૪
	દ્રવ્યશ્રુતનું સ્વરૂપ ઉદ્ધરણપૂર્વક, દ્રવ્યશ્રુતને વંદનીય નહિ સ્વીકારનારને આવતી આપત્તિ, જિનવાણીની દ્રવ્યશ્રુતરૂપતા ઉદ્ધરણપૂર્વક, જિનમુખથી જ ઉચ્ચરિત	૪૫-૪૮

શ્લોક	વિષય	પાના નં.
	વાણીને જ વંદનીય સ્વીકારનારને આવતી આપત્તિ, શ્રોતાને માત્ર મૂળ વાણીના શ્રવણનો અસંભવ, દિશામાં મિશ્રવાણીનું ગમન, વિદિશામાં પરાઘાતવાસિત વાણીનું ગમન.	
	દ્રવ્યનિક્ષેપાની આરાધ્યતાની સિદ્ધિ દ્વારા જ સિદ્ધાચલ આદિની આરાધ્યતાની સિદ્ધિ, અઢીદ્વીપના સર્વસ્થાનથી અનંત જીવની સિદ્ધિ હોવા છતાં સિદ્ધાચલની વંદનીયતામાં યુક્તિ, ભાવતીર્થનું સ્વરૂપ, જંગમતીર્થની સ્થાપનાનું પ્રયોજન	૪૮-૫૦
૩.	'अनालोचयन्' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, 'तु' શબ્દનો ઉત્પ્રેક્ષા અર્થમાં પ્રયોગ, 'लीनम्' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ	૫૧-૫૨
	યશોવિજયજી મહારાજાના મતે તથા કાવ્યપ્રકાશકારના મતે તથા હેમચન્દ્રાચાર્યજીના મતે પ્રતિમાશતકના ત્રીજા શ્લોકના અલંકારનું સ્વરૂપ.	૫૨-૫૩
	બ્રાહ્મીલિપીનો સંદર્ભથી વિશેષ અર્થ, દ્રવ્યશ્રુતની વંદનીયતાનું ઉદ્ધરણ, બ્રાહ્મીલિપીનું સ્વરૂપ, અક્ષરમાં અનાકાર સ્થાપના, અનાકાર સ્થાપનાની અવશ્ય વંદનીયતાની પ્રાપ્તિ, પ્રતિમાલોપકમાં પ્રજ્ઞપ્તિસૂત્ર પ્રત્યેના પ્રદ્વેષની સિદ્ધિ.	૫૩-૫૪
	'नमो बंभीए लिवीए' એ વચનથી પ્રથમ તીર્થપતિના વંદનને સ્વીકારવાની લુંપાકની યુક્તિનું નિરાકરણ, મહામોહના ઉદયથી જ 'नमो बंभीए लिवीए' એ વચન દ્વારા પ્રથમ તીર્થપતિની વંદનાના સ્વીકારનો સંભવ, શ્રુતદેવતાના નમસ્કાર બાદ જિનેશ્વરના નમસ્કારના ઉપન્યાસની અનુચિતતા.	૫૪-૫૬
	'नमो बंभीए लिवीए' માં અકારના પ્રશ્લેષ દ્વારા જિનવાણીના નમસ્કારને સ્વીકારની યુક્તિનું નિરાકરણ, જિનવાણી અને શ્રુતદેવતાની અભેદતા, શ્રુતદેવતાશબ્દથી જિનવાણીનું ગ્રહણ, લુંપાકમાં ઉત્સૂત્રપ્રરૂપણાના વ્યસનની સ્થાપક યુક્તિ, ઉત્સૂત્રપ્રરૂપણાનું સ્વરૂપ, બ્રાહ્મીલિપીના સ્વરૂપનું ઉદ્ધરણ.	૫૬-૫૮
	'नमो बंभीए लिवीए' એ પદને સૂત્ર અંતર્ગત અસ્વીકારની લુંપાકની માન્યતાનું નિરાકરણ.	૫૮-૫૯
	ભગવતીસૂત્રના નમસ્કારપાઠને અનાર્ષ સ્વીકારની લુંપાકની યુક્તિનું નિરાકરણ, નમસ્કારપાઠમાં પંચપરમેષ્ઠિના સ્થિતક્રમના વ્યવસ્થાપનનું ઉદ્ધરણ, પંચવિધ નમસ્કારની અસંગતિની પૂર્વપક્ષીની શંકા, પંચવિધ નમસ્કારની સંગતિની યુક્તિ, નમસ્કારમાં પૂર્વાનુપૂર્વી કે પશ્ચાનુપૂર્વી નમસ્કારનો અભાવ, પંચપરમેષ્ઠિમાં અરિહંતને પ્રથમ નમસ્કાર કરવાનું કારણ, પંચપરમેષ્ઠિના ક્રમમાં અસ્થાનવિનયના અભાવની સ્થાપક યુક્તિ ઉદ્ધરણપૂર્વક.	૫૯-૬૫

શ્લોક	વિષય	પાના નં.
	પંચપદ અને નવપદ રૂપ નમસ્કારનું સ્વરૂપ, નમસ્કાર ઉપરની ઘણી નિર્યુક્તિનો વ્યવચ્છેદ થયેલ તેનું મૂલસૂત્રમાં પદાનુસારી લબ્ધિધારી વજ્રસ્વામી દ્વારા લેખનનું મહાનિશીથમાં વિધાન, નવકારવિષયક ઉપધાનવિધિનું ઉદ્ધરણ, સૂત્રાર્થગ્રહણના પ્રારંભમાં શુભ નક્ષત્ર, ગ્રહ, કરણરૂપ નિમિત્તની અપેક્ષા, નવકારના ગ્રહણકાળમાં કરવા યોગ્ય અધ્યવસાયનું સ્વરૂપ, પાંચ ઉપવાસપૂર્વક નમસ્કાર મહામંત્રના નવપદનો ગ્રહણકાળ, નવ આયંબિલ, અંતિમ ત્રણ ઉપવાસની મૂળ વિધિ, નમસ્કારના ગ્રહણ માટેના ઉચિત સ્થાનનું સ્વરૂપ, નમસ્કાર ગ્રહણ કરવામાં કરવા યોગ્ય અધ્યવસાયનું સ્વરૂપ, નમસ્કારમંત્ર આપનાર ગુરુનું સ્વરૂપ, સંસારનું સ્વરૂપ, નમસ્કારમંત્રના પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ અને પંચમ અધ્યયનનું સ્વરૂપ અને પ્રમાણ, નમસ્કારમંત્રની ચાર પદવાળી ચૂલિકાનું સ્વરૂપ, નમસ્કારમંત્રને આત્મસાત્ કરવાની રીત.	૬૫-૭૩
૩.	નમસ્કારમંત્રનું સ્વરૂપ, નમસ્કારમંત્રનો અપલાપ કરનારની અન્ય શ્રુત-અધ્યયનની પણ નિરર્થકતાનું ભાવન.	૭૩
	'નમો બંભીએ લિવીએ' પદના યથાર્થ અર્થને પામીને મેઘમુનિએ લુંપાક મતનો કરેલ ત્યાગ.	૭૩-૭૪
૪.	'નામસ્મરણ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, નામનિક્ષેપાના સ્વીકારની લુંપાકની યુક્તિ દ્વારા સ્થાપના નિક્ષેપાના સ્વીકારની તેને આપત્તિ, જિનના નામ અને સ્થાપના નિક્ષેપાની આરાધનાનું ફળ, વીતરાગ પ્રતિમાની વિશેષતા, પ્રતિમાદર્શનથી ભગવદ્ ગુણના ધ્યાનના સંભવનું ઉદ્ધરણ, અન્ય દેવની પ્રતિમા કરતાં જિનપ્રતિમાના બાહ્ય સ્વરૂપની પણ વિશેષતા, પ્રતિમાદર્શનથી બોધિનો સંભવ ઉદ્ધરણપૂર્વક, નિર્યુક્તિ અને સૂત્ર વચ્ચે અતિ ભેદનો અભાવ, નિર્યુક્તિની પ્રામાણિકતામાં યુક્તિ.	૭૪-૭૬
	સ્થાપ્ય અને સ્થાપના વચ્ચે સંબંધનો અભાવ સ્વીકારનાર લુંપાકમતનું નિરાકરણ, ભાવનિક્ષેપા સાથે નામ અને સ્થાપના નિક્ષેપાની તુલ્ય સંબંધતામાં યુક્તિ, અંતરંગ પ્રત્યાસત્તિના અભાવથી સ્થાપના નિક્ષેપાની ઉપેક્ષા કરનાર લુંપાકને નામનિક્ષેપાના અસ્વીકારની આપત્તિ, ભગવદ્-અધ્યાત્મ-ઉપનાયકરૂપે નામનિક્ષેપાને સ્વીકારનાર લુંપાકને સ્થાપનાનિક્ષેપાના સ્વીકારની આપત્તિ.	૭૬-૭૭
	પ્રતિમાશતકના ચતુર્થ શ્લોકમાં આવેલ અલંકારનું સ્વરૂપ, રૂપકગર્ભ, અતિશયોક્તિ અલંકારનું દૃષ્ટાંત.	૭૭-૭૮
	સ્થાપના નિક્ષેપાની અવંદનીયતાથી નામનિક્ષેપાની અવંદનીયતાના તર્કને	૭૮-૮૧

શ્લોક	વિષય	પૃષ્ઠ નં.
	અસત્યરૂપે સ્થાપનાર લુંપાકનું નિરાકરણ, ભિન્ન આશ્રયવાળા આપાદ્ય-અપાદકભાવમાં પણ તર્કના સંભવની દૃષ્ટાંત સહિત યુક્તિ, સ્યાદ્વાદીના મતે તથા અન્યના મતે તર્કના વિપર્યયપર્યવસાનનું સ્વરૂપ, પ્રતિબંદિ ઉત્તરમાં સ્વતંત્ર તર્કરૂપતા.	
૫.	પ્રતિમાના લોપકના હૃદયને ધ્વાન્તમય, મુખને વિષમય અને નેત્રને ધૂમધારામય કહેવાનું કારણ, પ્રતિમાશતકના પાંચમા શ્લોકના અલંકારનું સ્વરૂપ, અતિશયોક્તિ અલંકારનું દૃષ્ટાંત, જિનપ્રતિમાની ઉપાસનાથી મિથ્યાત્વના નાશનો સંભવ તથા જન્મની પવિત્રતા થવાનું કારણ, હેતુગર્ભ વિશેષણનું સ્થાન	૮૨-૮૫
	ચારણમુનિથી કરાયેલ પ્રતિમાવંદનના સ્વરૂપનું સટીક આગમિક ઉદ્ધરણ, ચારણમુનિના બે ભેદ, વિદ્યાચારણ અને જંઘાચારણમુનિનું સ્વરૂપ, લબ્ધિપ્રાપ્તિનું કારણ, વિદ્યાચારણ અને જંઘાચારણમુનિની શીઘ્રગતિ, તિચ્છીગતિ અને ઊર્ધ્વગતિનું સ્વરૂપ, જંઘાચારણ-વિદ્યાચારણના લબ્ધિપ્રયોગના અનાલોચન-અપ્રતિક્રાંતને વિરાધનાની અને આલોચન-પ્રતિક્રાંતને આરાધનાની પ્રાપ્તિ, 'ચારણ' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ, આકાશચારી દ્રવ્યદેવનું સ્વરૂપ, વિદ્યાચારણ શબ્દનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ, ચારણમુનિના લબ્ધિ દ્વારા ગમનાગમનના વિષયનું ઉદ્ધરણ, લબ્ધિઉપજીવનવિષયક આલોચનાના અભાવમાં ચારિત્રફળના અભાવનું કારણ, લબ્ધિપ્રયોગની પ્રમાદરૂપતા, જંઘાચારણ અને વિદ્યાચારણના ગમન-આગમનની ભિન્નતાનું કારણ.	૮૬-૯૧
૬.	ચારણમુનિઓને અનારાધનાની પ્રાપ્તિનું કારણ, 'વિકટના' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, અકૃત્યકરણથી વ્રતભંગની પ્રાપ્તિમાં યુક્તિ, મૂળથી ચારિત્રના ઉચ્છેદનું કારણ ઉદ્ધરણપૂર્વક, આલોચનામાત્રથી વ્રતભંગની શુદ્ધિનો અભાવ.	૯૨-૯૪
૭.	ચારણમુનિના પ્રતિમાનમનમાં શિષ્ટાચારના અભાવની સ્થાપક તથા ચારણમુનિની પ્રતિમાનતિને અસ્વારસિકી સ્થાપક લુંપાકની યુક્તિ.	૯૪
	'સ્વરસ' શબ્દનો અને 'લીલા-અનુષંગ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ.	૯૫
	ચારણમુનિની પ્રતિમાનતિમાં સ્વારસિકતાની સ્થાપક યુક્તિ.	૯૬-૯૭
૮.	ભગવતીના આલાપકમાં રહેલ ચૈત્યશબ્દને જ્ઞાનાર્થક સ્વીકારવાની લુંપાકની યુક્તિ.	૯૭-૯૮
	જ્ઞાનાર્થક ચૈત્ય શબ્દને કહેનાર લુંપાકમાં પ્રકૃતિ-પ્રત્યયની અનભિજ્ઞતાની યુક્તિ જિનપ્રતિમાના અર્થમાં જ ચૈત્ય શબ્દના ગ્રહણની ઉચિતતામાં યુક્તિ ઉદ્ધરણપૂર્વક, જ્ઞાનાર્થક ચૈત્ય શબ્દને કહેનાર લુંપાકમાં રૂઢિ અર્થની અનભિજ્ઞતામાં યુક્તિ, ચૈત્ય શબ્દની લુંપાક દ્વારા કરાયેલ વિપરીત વ્યુત્પત્તિની અયુક્તતામાં યુક્તિ, વ્યુત્પત્તિ અર્થ કરતાં રૂઢિ અર્થની બલવત્તામાં યુક્તિ, લુંપાકમાં 'इहं चेइआइं वंदइ'	૧૦૦-૧૦૫

શ્લોક	વિષય	પાના નં.
	એ પ્રકારના વાક્યાર્થની અનભિજ્ઞતામાં યુક્તિ, ભગવદ્વચનમાં ફળથી પ્રામાણ્યના નિર્ણયમાં મિથ્યાત્વની વિદ્યમાનતા, જ્ઞાનાર્થ ચૈત્ય શબ્દને કહેનાર લુંપાકમાં વચનની અનભિજ્ઞતામાં યુક્તિ.	
૮.	ભગવતીસૂત્રના 'तत्' શબ્દને અવ્યવહિત પૂર્વવર્તી સાથે યોજી પ્રતિમાનમનને દોષરૂપ સ્થાપવાની લુંપાકની યુક્તિનું નિરાકરણ, 'तत्' શબ્દનું વ્યવહિતપૂર્વવર્તીમાં પણ યોજનનું સ્થાન.	૧૦૫-૧૦૬
	યતનાથી લબ્ધિ દ્વારા ચૈત્યનમનની નિર્દોષતાનું ઉદ્ધરણ.	૧૦૭
	ઉત્સુકતાવાળા લબ્ધિપ્રયોગમાં પ્રમાદરૂપતા, નિરુત્સુક્ય લબ્ધિપ્રયોગમાં પ્રમાદરૂપતાના અભાવની યુક્તિ, સંઘકૃત્ય માટે વૈક્રિયલબ્ધિના પ્રયોગમાં નિર્દોષતા.	૧૦૭-૧૦૮
	સંઘકૃત્ય માટે વૈક્રિયલબ્ધિના પ્રયોગમાં નિર્દોષતા અને ગારવપૂર્વકના પ્રયોગમાં સદોષતાનું ઉદ્ધરણ, મુનિની વૈક્રિયલબ્ધિનું સ્વરૂપ, વૈક્રિયલબ્ધિ વિકુર્વનાર માયીને આભિયોગિક દેવપણાની પ્રાપ્તિ અને અમાયીને અનાભિયોગિક દેવપણાની પ્રાપ્તિ.	૧૦૯-૧૧૩
	અપવાદથી લબ્ધિપ્રયોગ કરનારની નિર્દોષતા.	૧૧૩
	પુષ્ટાલંબનમાં માયાનો અભાવ હોવાને કારણે વૈક્રિયલબ્ધિને ન સ્વીકારવાની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, મુનિને વૈક્રિયલબ્ધિના પ્રયોગમાં અને સુંદર ભોજનના ગ્રહણમાં પ્રમાદની પ્રાપ્તિનું ઉદ્ધરણ, કષાયવાળાના પ્રણીત ભોજનમાં કરાતા યત્નથી શરીરની થતી પુષ્ટિની ક્રિયા અને અકષાયવાળાના રૂક્ષ ભોજનમાં કરાતા યત્નથી શરીરના શોષની થતી ક્રિયા, અપ્રમત્તમાં વૈક્રિયકરણનો અભાવ, વૈક્રિય આદિ કરનારને પણ આલોચના-પ્રતિક્રાંત-કરણથી આરાધનાની પ્રાપ્તિ, પુષ્ટાલંબનમાં પ્રમત્તને પણ પ્રતિસેવામાં આરાધકતાની પ્રાપ્તિ સટીક ઉદ્ધરણપૂર્વક, અધસ્તનસ્થાનસ્થિતને જ વૈક્રિયકરણની અધિકારિતા.	૧૧૩-૧૧૮
	ચારણશ્રમણના નંદીશ્વરના આગમનની સ્થાપક લુંપાકની યુક્તિનું નિરાકરણ, લવણસમુદ્રની જળવેલાના ઊર્ધ્વગમનનું પ્રમાણ, ચારણમુનિનું તિર્યગ્ગમન પૂર્વે ઊર્ધ્વઉપપાતનું પ્રમાણ ઉદ્ધરણપૂર્વક.	૧૧૯-૧૨૦
૯.	તીર્થંકર, જિનપ્રતિમા અને સૌમ્યભાવવાળા મુનિના આશ્રયથી ચમરેન્દ્રમાં ઊર્ધ્વ ઉપપાતનું સામર્થ્ય, લુંપાકને પશુ તુલ્ય કહેવા દ્વારા વ્યતિરેકઅલંકારગર્ભ આક્ષેપકરણ ઉદ્ધરણપૂર્વક, ઉત્કર્ષમાં જ વ્યતિરેક અલંકારના સંભવની શંકાનું નિરાકરણ, અપકર્ષમાં પણ વ્યતિરેક અલંકારનો સંભવ.	૧૨૧-૧૨૩

શ્લોક	વિષય	પાના નં.
	તીર્થંકર, ચૈત્ય અને સૌમ્યભાવવાળા મુનિના આશ્રયથી ચમરેન્દ્રના ઊર્ધ્વ ઉપપાતના સંભવનું ઉદ્ધરણ, દેવની ઉત્તરવૈક્રિય શરીર રચવાની પ્રક્રિયા, ઊર્ધ્વ ઉપપાતકાળમાં ચમરેન્દ્રનું ભયંકર સ્વરૂપ, ચમરેન્દ્રને હણવા માટે ઈન્દ્રે છોડેલા વજ્રનું સ્વરૂપ, વજ્રનું ગ્રહણ કરી શક્રેન્દ્રે પ્રભુની કરેલ ક્ષમાપના.	૧૨૩-૧૨૮
૯.	અરિહંત અને અરિહંતચૈત્ય શબ્દની એકાર્થતા સ્થાપક લુંપાકની યુક્તિનું નિરાકરણ, અરિહંત અને સાધુપદની વચ્ચે ચૈત્યપદના ગ્રહણની અયુક્તતા સ્થાપક લુંપાકની યુક્તિનું નિરાકરણ, જિનપ્રતિમાના શરણીયકરણની ઉચિતતામાં યુક્તિ, સ્થાપનાનિક્ષેપાની પૂજ્યતાનું સ્થાપન, દ્રવ્યઅરિહંતના શરણની અનાવશ્યકતાની લુંપાકે આપેલ આપત્તિનું નિરાકરણ, ભાવનિક્ષેપાની વિદ્યમાનતામાં પણ દ્રવ્યનિક્ષેપાની શરણીયતાની ઉચિતતાની જેમ સ્થાપનાનિક્ષેપાની શરણીયતાની ઉચિતતા.	૧૨૮-૧૩૨
	જ્ઞાન અર્થમાં ચૈત્યપ્રયોગને સ્વીકારનાર લુંપાકને આવતી આપત્તિ, ચમરેન્દ્રને ઉત્પાત સંબંધી ભગવતીસૂત્રના પાઠના ઉપસંહારમાં ચૈત્યપદના અગ્રહણનું કારણ	૧૩૨-૧૩૪
૧૦.	જિનના અસ્થિમાં અસદ્ભાવ-સ્થાપનારૂપતા, પ્રતિમાશતકના ૧૦મા શ્લોકમાં રહેલ અલંકારનું સ્વરૂપ, સુધર્માસભાનો વ્યુત્પત્તિ અર્થ, વિનોક્તિ, રૂપક, કાવ્યલિંગ અને સંકર અલંકારનું લક્ષણ.	૧૩૫-૧૩૯
	દેવો દ્વારા અનાશાતના વિનયરૂપે કરાયેલા પ્રતિમા આદિના વંદનનું ઉદ્ધરણ, ચમરેન્દ્રની પટ્ટરાણીઓનાં નામો તથા પરિવારનું વર્ણન, દશ ભવનપતિઓના ઈન્દ્રો તથા લોકપાલોના પરિવારોનું વર્ણન, સુધર્માસભામાં ચમરેન્દ્ર દ્વારા પટ્ટરાણીઓ સાથે મૈથુનસેવનના અભાવનું કારણ, સુધર્માસભામાં રહેલા જિનઅસ્થિઓ આદિની પૂજનીયતાનું સ્વરૂપ, આઠ વ્યંતરનિકાયના ઈન્દ્રના પરિવારનું વર્ણન, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રરૂપ જ્યોતિષ વિમાનના ઈન્દ્રના પરિવારનું વર્ણન, સૌધર્મેન્દ્ર, ઈશાનેન્દ્રના પરિવારનું તથા તેમના લોકપાલના પરિવારનું વર્ણન	૧૩૯-૧૪૬
	પ્રતિમાસક્થિ પ્રતિબદ્ધ શક્ર સુધર્મના અધિકારનું ઉદ્ધરણ, સૌધર્મેન્દ્રની સુધર્માસભાનું સ્થાન તથા પ્રમાણ, ઉપપાત અનંતર સૌધર્મેન્દ્રે કરેલ જિનપૂજાના કૃત્યનું વર્ણન, સુધર્માસભામાં સૌધર્મેન્દ્ર સભાની ગોઠવણ અંગેનું વર્ણન.	૧૪૬-૧૪૭
૧૧.	સૂર્યાભદેવે કરેલ પ્રતિમાપૂજનનું વિધાન, પ્રતિમાશતક શ્લોક-૧૧માં બતાવેલ અલંકારનું સ્વરૂપ-નિર્દશના અલંકાર અને અતિશયોક્તિ અલંકારનું સ્વરૂપ.	૧૪૭-૧૫૦

શ્લોક	વિષય	પાના નં.
૧૧.	સૂર્યાભદેવે કરેલ પ્રતિમાઅર્ચનના વર્ણનનું ઉદ્ધરણ, દેવની પાંચ પર્યાપ્તિનાં નામો, સૂર્યાભદેવને ઉત્પત્તિ અનંતર થયેલ શુભભાવનું સ્વરૂપ, સૂર્યાભદેવને તેના સામાનિક દેવે કરેલ હિતકારી, શ્રેયકારી કૃત્યનું નિવેદન. સૂર્યાભવિમાનમાં રહેલ ચૈત્યો, પ્રતિમાઓ તથા જિનઅસ્થિ આદિનું સ્વરૂપ. સામાનિકદેવે જણાવેલ હિતકારી આદિ કૃત્યના શ્રવણથી સૂર્યાભદેવને થયેલ હર્ષ, સૂર્યાભદેવનું ઉપપાતસભામાંથી અભિષેકસભામાં ગમન અને અભિષેકક્રિયાનું વર્ણન, સૂર્યાભદેવનું અભિષેકસભામાંથી અલંકાર સભામાં ગમન, સૂર્યાભદેવનું અલંકારસભામાંથી વ્યવસાયસભામાં ગમન અને પુસ્તકનું કરેલ વાંચન, વિશાળ પરિવાર સાથે સૂર્યાભદેવનું જિનઅર્ચન માટે સિદ્ધાયતનસભામાં આગમન, સૂર્યાભદેવે કરેલ પ્રતિમાઅર્ચન આદિ કૃત્યનું વર્ણન, પ્રતિમાઅર્ચનની ક્રમિક વિધિનું સ્વરૂપ, દેવના ચૈત્યવંદનના વિષયમાં બે મતો, સૂર્યાભદેવે કરેલ દ્વારશાખા, પૂતળી આદિના અર્ચનનું વર્ણન.	૧૫૦-૧૫૮
૧૨.	સૂર્યાભદેવની પ્રતિમાઅર્ચન આદિ ક્રિયાને દેવસ્થિતિરૂપ સ્થાપવાની લુંપાકન યુક્તિ.	૧૫૮-૧૫૯
	પરભવહિતાર્થિતારૂપે પ્રાક્-પશ્ચાત્ રમ્યતાના કથનનું ઉદ્ધરણ, પ્રદેશી રાજાની પ્રાક્-પશ્ચાત્ રમ્યતાનું નિરૂપણ.	૧૬૧-૧૬૨
	ધર્મ પામ્યા પછી પ્રદેશી રાજામાં રહેલ વિવેકનું સ્વરૂપ.	૧૬૨-૧૬૩
	પ્રાક્-પશ્ચાત્ રમણીયતાના પાઠમાંના 'परिभाएमाणे' પાઠને અનુવાદપરક સ્વીકારી દાનધર્મવિધિની ઉચ્છેદક લુંપાકની યુક્તિનું નિરાકરણ, પરભવહિતાર્થિતારૂપે પ્રાક્-પશ્ચાત્ પ્રયોગની સિદ્ધિ.	૧૬૩-૧૬૫
	જિનપ્રતિમા અને ભાવજિનની વંદનામાં તુલ્યફળપ્રાપ્તિનું કથન, સૂર્યાભદેવના સામાનિકદેવના વચનને અસમ્યક્ કહેનાર લુંપાકની માન્યતાનું નિરાકરણ, સામાનિકદેવમાં બહુધા સમ્યગ્દૃષ્ટિપણું હોવાથી ઉત્સૂત્રભાષણનો અભાવ, કર્તવ્ય સંબંધી સમ્યગ્દૃષ્ટિના પ્રશ્નના ઉત્તરમાં પરલોકમાં હિતકારી કૃત્યનો ઉપદેશ, પશ્ચાત્ શબ્દથી પરભવ સંબંધી શ્રેયોગ્રહણની ઉચિતતામાં યુક્તિ.	૧૬૭-૧૬૯
૧૩.	સૂર્યાભદેવની વાવડીની પૂજાને અને જિનપ્રતિમાની પૂજાને સમાન કહેનાર લુંપાકના ઉપહાસનું ઉદ્ધરણ.	૧૭૧-૧૭૨
૧૪.	સૂર્યાભદેવની વાવડી આદિની પૂજા અને પ્રતિમાની પૂજામાં ભિન્નતા બતાવનાર પ્રથમ ભેદકનું સ્વરૂપ, કર્મના ક્ષયોપશમમાં ક્ષેત્ર આદિની હેતુતાનું દૃષ્ટાંત, કર્મના ક્ષયોપશમાદિમાં દ્રવ્ય આદિની હેતુતાનું ઉદ્ધરણ.	૧૭૩-૧૭૫
	દેવમાં મુખ્ય ધર્મવ્યવસાયના અભાવની સ્થાપક લુંપાકની યુક્તિનું નિરાકરણ,	૧૭૫-૧૮૩

શ્લોક	વિષય	પાના નં.
	દેવની પ્રતિમાની પૂજાને કુલસ્થિતિરૂપ સ્થાપવાની લુંપાકની યુક્તિ, વ્યવસાયના ભેદનું ઉદ્ધરણ, ચારિત્રીમાં જ ધાર્મિક વ્યવસાયના સંભવની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, નૈગમનયઆશ્રિત પરિભાષાવિશેષથી વ્યવસાયના ત્રણ ભેદનું કથન, દેશવિરતિના સામાયિક અધ્યવસાયનો તથા અવિરતસમ્યગ્દૃષ્ટિના સમ્યક્ત્વ અધ્યવસાયનો ધાર્મિક વ્યવસાયમાં અંતર્ભાવ કરવાની યુક્તિ, અવિરત સમ્યગ્દૃષ્ટિમાં સમ્યક્ત્વ અધ્યવસાયને ધર્મ-અધર્મમાં અંતર્ભાવ કરવાની લુંપાકની યુક્તિ અને તેમાં આવતી આપત્તિ, દેવે કરેલ જિનપૂજાને ધર્મરૂપ નહીં સ્વીકારનાર લુંપાકને દેવે કરેલ જિનવંદનાદિને પણ નહિ સ્વીકારવાની આપત્તિ, નયવિશેષથી ધર્મવ્યવસાયનું સ્વરૂપ, નિશ્ચયનયથી ધર્મવ્યવસાયનું સ્વરૂપ, દેવની જિનઅર્ચન આદિને ધર્મરૂપે સ્થાપવાની યુક્તિ, સામાયિક વ્યવસાયના ત્રણ ભેદના નામનું ઉદ્ધરણ.	
૧૪.	સૂર્યાભદેવની વાવડી આદિની પૂજા અને પ્રતિમાની પૂજામાં ભિન્નતા બતાવનાર દ્વિતીય, તૃતીય અને ચતુર્થ ભેદકનું સ્વરૂપ.	૧૮૩-૧૮૭
૧૫.	સૂર્યાભદેવના ભવ્યત્વાદિનું નિશ્ચાયક ઉદ્ધરણ, સમ્યગ્દૃષ્ટિમાં પણ અનંત સંસારતાનો સંભવ, 'પરીત્ત સંસારિક' શબ્દનો વ્યુત્પત્તિ સિદ્ધ અર્થ, પરીત્ત સંસારીમાં પણ દુર્લભબોધિતાનો સંભવ, સુલભબોધિમાં પણ વિરાધનાનો સંભવ, સૂર્યાભદેવમાં એકાવતારીપણું.	૧૯૦-૧૯૧
	છ પ્રકારની કલ્પસ્થિતિના નામનું ઉદ્ધરણ.	૧૯૨
	સૂર્યાભદેવના પ્રતિમાઅર્ચનને દેવસ્થિતિરૂપ સ્વીકારવા છતાં ધર્મપણાની સિદ્ધિમાં યુક્તિ.	૧૯૨
	જીવાભિગમના 'બહુ' શબ્દથી મિથ્યાદૃષ્ટિને ગ્રહણ કરી પ્રતિમાઅર્ચનને દેવસ્થિતિમાત્ર સ્વીકારની લુંપાકની યુક્તિનું નિરાકરણ, જિનઅર્ચા આદિ ઉત્સવને બતાવનાર જીવાભિગમ સૂત્રના પાઠના 'બહુ' શબ્દપ્રયોગનું તાત્પર્ય, એક વિમાનમાં સંખ્યાત-અસંખ્યાત સમ્યગ્દૃષ્ટિ દેવનો સંભવ.	૧૯૨-૧૯૩
	બહુ દેવો દ્વારા જિનપ્રતિમાપૂજન આદિને જણાવનાર આગમિક ઉદ્ધરણ, પર્વ દિવસોમાં અને કલ્યાણકોમાં દેવો દ્વારા કરાતા અઠ્ઠાઈ મહોત્સવનું વર્ણન, અંજનપર્વત ઉપર રહેલ ચાર નંદાપુષ્કરિણીનાં નામો.	૧૯૩-૧૯૪
	જીવાભિગમના પાઠમાં રહેલ 'ચૈત્ય' શબ્દથી જિનપ્રતિમા ગ્રહણના જ સંભવની યુક્તિ.	૧૯૪
	મિથ્યાદૃષ્ટિને પ્રતિમાપૂજનની સંભાવનાને કારણે સૂર્યાભદેવના પ્રતિમાપૂજનથી	૧૯૫-૧૯૮

શ્લોક	વિષય	પાના નં.
	પ્રતિમાની પૂજ્યતાના અસ્વીકારની લુંપાકની યુક્તિનું નિરાકરણ, મિથ્યાદૃષ્ટિમાં સમ્યગ્ ધર્મબુદ્ધિથી પ્રતિમાપૂજનનો અભાવ, લોકોત્તર મિથ્યાત્વનું સ્વરૂપ, ચક્રવર્તીમાં આલોકની આશંસાથી ધર્મકરણનો સંભવ, સમ્યગ્દૃષ્ટિ દેવોમાં આલોકની આશંસાથી ધર્મકરણના અભાવની યુક્તિ.	
૧૫.	વિમાનના અધિપતિરૂપે મિથ્યાદૃષ્ટિની ઉત્પત્તિ સ્વીકારી પ્રતિમાપૂજનને દેવસ્થિતિરૂપ સ્થાપવાની લુંપાકની યુક્તિનું નિરાકરણ, વિમાનના અધિપતિરૂપે સમ્યગ્દૃષ્ટિના જ ઉત્પાદનો સંભવ, અસંખ્યાત સૂર્ય-ચન્દ્રના સ્વામીમાં સમ્યક્ત્વનો સ્વીકાર.	૧૯૮-૧૯૯
	પોતાના નામના વિમાનમાં સામાનિક દેવના ઉત્પાદ દ્વારા વિમાનાધિપણું સ્થાપી સંગમના દૃષ્ટાંતથી સામાનિક દેવોમાં મિથ્યાત્વ સિદ્ધ કરી, પ્રતિમાપૂજાને દેવસ્થિતિરૂપે સિદ્ધ કરનાર લુંપાકની યુક્તિનું નિરાકરણ, સામાનિક દેવોનો પોતાના નામના વિમાનમાં ઉત્પાત દર્શાવનાર ઉદ્ધરણ, સામાનિક દેવોમાં વિમાનાધિપણાના અભાવની યુક્તિ.	૨૦૦-૨૦૧
	અગ્રમહિષીઓના પોતાના નામના વિમાનના કથનનું ઉદ્ધરણ, કાલીદેવીના પરિવાર આદિનું વર્ણન, સૂર્ય, ચન્દ્ર, સૌધર્મેન્દ્ર, ઈશાનેન્દ્રની પટ્ટરાણીના પરિવાર આદિનું વર્ણન.	૨૦૨
	અગ્રમહિષીઓના પૃથગ્ વિમાનના અસ્વીકારની યુક્તિ, અપરિગૃહીતા દેવીઓના પૃથગ્ વિમાનના કથનનું ઉદ્ધરણ, અપરિગૃહીતા દેવીઓના વિમાનની સંખ્યા, અગ્રમહિષીઓનાં પૃથગ્ વિમાન સ્વીકારવામાં આવતી આપત્તિ, ઈન્દ્રાણીઓ ઉપર ઈન્દ્રનું આધિપત્ય, અપરિગૃહીતા દેવી પર આધિપત્યનો અભાવ, ઈન્દ્રોનું વિમાનો ઉપર આધિપત્ય, આધિપત્ય વિમાનવાસી દેવ-દેવી પર આધિપત્યનો અભાવ, ઉદ્ધરણ સહિત શતક્રતુ ઈન્દ્રવિષયક વર્ણન.	૨૦૨-૨૦૪
	સામાનિકદેવમાં સ્વતંત્ર વિમાનના અભાવની સ્થાપક યુક્તિ, ઈન્દ્રના પરિવારની ઈન્દ્રના વિમાનમાં જ ઉત્પત્તિ, સામાનિક દેવોના પોતપોતાના નામના વિમાનના કથનનું તાત્પર્ય, સામાનિક દેવના પૃથગ્ વિમાનની કલ્પનાની અજ્ઞાનમૂલતામાં યુક્તિ, સહસ્રાર આદિ દેવલોકના વિમાનની તથા સામાનિક દેવોની સંખ્યા ઉદ્ધરણપૂર્વક.	૨૦૪-૨૦૮
	સામાનિક દેવરૂપે રહેલા સંગમના વિમાનના નામનું ઉદ્ધરણ, ઈન્દ્રના શ્રાપને પામેલા સંગમનું મેરુપર્વત ઉપર આગમન, સામાનિકદેવરૂપે મિથ્યાદૃષ્ટિની ઉત્પત્તિનો સંભવ, દેવ તરીકે ઉત્પન્ન થતા મિથ્યાદૃષ્ટિનું વિશિષ્ટ સ્વરૂપ,	૨૦૮-૨૧૦

શ્લોક	વિષય	પાના નં.
	મિથ્યાદૃષ્ટિ દેવોમાં ધર્મવ્યવસાયનો અભાવ ઉદ્ધરણપૂર્વક, શાસ્ત્રના દરેક સૂત્રોના પદાર્થ આદિના ક્રમથી વ્યાખ્યાનની વિધિ ઉદ્ધરણપૂર્વક, સૂત્રની વ્યાખ્યા કરવાનું સ્વરૂપ, કાલિક અનુયોગની રચનાનું પ્રયોજન.	
૧૫.	વિમાનાધિપતિઓમાં પણ મિથ્યાદૃષ્ટિત્વની સ્થાપક લુંપાકની યુક્તિનું નિરાકરણ, મતિ, શ્રુતજ્ઞાનીથી વિભંગજ્ઞાનીની અધિકતાનું પ્રમાણ, દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વનું લક્ષણ ઉદ્ધરણપૂર્વક, અપુનર્બંધકને કેવલ દ્રવ્યસમ્યક્ત્વનું સ્પષ્ટીકરણ, અગીતાર્થને પ્રમત્ત ગુણસ્થાનકમાં પણ દ્રવ્યસમ્યક્ત્વનું ઉદ્ધરણ, દ્રવ્યસમ્યક્ત્વનું સ્વરૂપ.	૨૧૧-૨૧૭
	નિસર્ગરુચિ આદિ સમ્યક્ત્વના ભેદોને ભાવસમ્યક્ત્વમાં અંતર્ભાવ કરવાની વ્યવહારનયની યુક્તિનું નિરાકરણ, નિસર્ગરુચિ આદિ દસ ભેદોનો દ્રવ્યસમ્યક્ત્વમાં સમાવેશ, ભાવસમ્યક્ત્વનું સ્વરૂપ, અપ્રમત્તસંયતને જ ભાવસમ્યક્ત્વની પ્રાપ્તિ, દ્રવ્યસમ્યક્ત્વના દશ ભેદોનું ઉદ્ધરણ, રાગાદિ રહિત ઉપયોગને જ ભાવસમ્યક્ત્વરૂપ સ્વીકારવામાં યુક્તિ.	૨૧૭-૨૧૯
	ગ્રંથિગત જીવને અપ્રધાનદ્રવ્યઆજ્ઞા અને અપુનર્બંધક જીવને પ્રધાનદ્રવ્યઆજ્ઞા ઉદ્ધરણપૂર્વક, જ્યોતિષ્ક વિમાનાધિપતિઓમાં દ્રવ્યસમ્યક્ત્વ અને અપુનર્બંધક અવસ્થા, ઈન્દ્રમાં પણ મિથ્યાત્વની પ્રાપ્તિ અને વિભંગજ્ઞાનનો સંભવ. ચારિત્રાચારની સમાન ક્રિયામાં પણ આકર્ષથી મિથ્યાત્વની પ્રાપ્તિ, દર્શનાચાર પાળતા અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિમાં રુચિના સામ્યપણામાં પણ કેવલીગમ્ય ભાવભેદનો સ્વીકાર.	૨૧૮-૨૨૨
	વિમાનાધિપતિમાં મિથ્યાત્વ સિદ્ધ થતાં તેઓની પૂજાને દેવસ્થિતિરૂપ સ્વીકારનાર લુંપાકની યુક્તિનું નિરાકરણ, ત્રણ પ્રકારની પૂજાનું સ્વરૂપ, ત્રણ પ્રકારના અવંચકયોગથી ક્રમિક ત્રણ પ્રકારની પૂજાની પ્રાપ્તિ, અવિરતસમ્યગ્દૃષ્ટિને યોગાવંચક યોગ, ઉત્તરગુણધારી શ્રાવકને ક્રિયાવંચક યોગ અને પરમ શ્રાવકને ફલાવંચક યોગ, સમંતભદ્રા આદિ ત્રણ પૂજાના હેતુ તથા સ્વામીનું ઉદ્ધરણ.	૨૨૨-૨૨૩
	ચૈત્યવંદન આદિ ક્રિયાના અધિકારીનું સ્વરૂપ, અપુનર્બંધક તથા યોગબીજવાળામાં ચૈત્યવંદનાની અધિકારિતા, જિનઅર્ચનનું સ્વરૂપ, બીજાધાન વગરનાને અને બીજાધાનવાળાને જિનપૂજાથી થતાં ફળનું ઉદ્ધરણ.	૨૨૪-૨૨૬
	વિધિવત્ જિનપૂજા આદિ કરનાર દેવોમાં દ્રવ્યસમ્યક્ત્વનો સ્વીકાર તથા આકર્ષમાં વિભંગજ્ઞાનનો સ્વીકાર.	૨૨૬-૨૨૭
	જ્યોતિષ વિમાનના સ્વામીઓમાં ઉત્પાતકાલે નિશ્ચયસમ્યક્ત્વ સ્વીકારનાર	૨૨૮-૨૩૩

શ્લોક	વિષય	પાના નં.
	પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, નિશ્ચયનયથી સમ્યક્ત્વનું લક્ષણ ઉદ્ધરણપૂર્વક, નિશ્ચયનયનું સમ્યક્ત્વ, ભાવસમ્યક્ત્વ અને દ્રવ્યસમ્યક્ત્વના પરસ્પર ભેદનું સ્પષ્ટીકરણ.	
૧૬.	સમ્યગ્દૃષ્ટિ દેવનું સ્વરૂપ, લુંપાક દ્વારા કરાયેલ દેવની આશાતનાનું સ્વરૂપ, પર્યાયોક્તિ અલંકારના લક્ષણનું ઉદ્ધરણ, પ્રતિમાશતકના ૧૬મા શ્લોકમાં કહેલ અલંકારનું સ્વરૂપ.	૨૩૭-૨૩૮
	દુર્લભબોધિતાના કારણરૂપ પાંચ સ્થાનોનાં નામો, સમ્યગ્દૃષ્ટિ દેવોના અવર્ણવાદમાં દુર્લભબોધિતાના કથનનું ઉદ્ધરણ, અરિહંતના અવર્ણવાદનું સ્વરૂપ, અરિહંતની અવિદ્યમાનતાની તથા સમવસરણ આદિના ભોગરૂપ દોષો અરિહંતમાં માનનારની શંકાનું નિરાકરણ, ધર્મના અવર્ણવાદનું સ્વરૂપ, પ્રાકૃત ભાષામાં શાસ્ત્ર રચવાનું પ્રયોજન, દાનધર્મ કરતાં ચારિત્રધર્મની શ્રેયોરૂપતા, આચાર્ય, ઉપાધ્યાય, ચતુર્વર્ણસંઘ તથા દેવના અવર્ણવાદનું સ્વરૂપ તથા તે તે અવર્ણવાદને મિથ્યારૂપે સ્થાપક યુક્તિ.	૨૩૮-૨૪૨
	મહાજનનેતૃત્વ હોવાથી દેવોના અવર્ણવાદનો નિષેધ કહેનાર પામરના વચનની અયુક્તતામાં યુક્તિ, દુર્લભબોધિતાના કારણરૂપ દેવના અવર્ણવાદનું સ્વરૂપ.	૨૪૨-૨૪૪
	દુર્લભબોધિતાનાં કારણ બતાડનાર ઉત્સૂત્રના પ્રતિપક્ષરૂપ સૂત્રનું ઉદ્ધરણ, સુલભબોધિતાનાં કારણો, અરિહંત, અરિહંતપ્રરૂપિત ધર્મ, આચાર્ય, ચતુર્વર્ણ સંઘ અને દેવોના વર્ણવાદનું સ્વરૂપ.	૨૪૪-૨૪૫
	દેવોના વર્ણવાદના કથનને પ્રાગ્ભવીય તપ-સંયમવિષયક સ્વીકારનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ.	૨૪૫-૨૪૭
	'अधार्मिका देवाः' એ કથનની અયુક્તતામાં યુક્તિ.	૨૪૭-૨૪૯
૧૭.	સમ્યગ્દૃષ્ટિ દેવોના દર્શનાચારનું સ્વરૂપ.	૨૫૦-૨૫૧
	સમ્યગ્દૃષ્ટિ ઈન્દ્રના ગુણોના સ્વરૂપનું સટીક ઉદ્ધરણ, સંયતને ગ્રહણ કરવા યોગ્ય પાંચ અવગ્રહનાં નામો, શક્રેન્દ્રની ભાષાનું સ્વરૂપ, દેવેન્દ્ર, રાજા, ગૃહપતિ, સાગારિક અને સાધર્મિકના અવગ્રહનું સ્વરૂપ, સંયતને માટે સાધર્મિકના અવગ્રહવિષયક મર્યાદા, 'સૂક્ષ્મકાય' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, 'મોડદેસए' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, સનત્કુમાર ઈન્દ્રની ગુણસંપત્તિનું વર્ણન, સનત્કુમાર ઈન્દ્રનું એકાવતારીપણું, મોક્ષસુખનું સ્વરૂપ.	૨૫૧-૨૫૬
	નિશિસ્વાપ સમાન સમ્યગ્દૃષ્ટિ દેવના ભવમાં ધર્મીપણાનું સ્વરૂપ.	૨૫૬-૨૫૭

શ્લોક	વિષય	પાના નં.
૧૮.	દેવોના પ્રતિમાઅર્ચનમાં અધર્મત્વ અને વંદન આદિમાં ધર્મત્વની સ્થાપક લુંપાકની યુક્તિ, સૂર્યાભદેવે નૃત્યકરણ માટે કરેલ પ્રતિજ્ઞાના સ્વરૂપનું ઉદ્ધરણ, દેવોના પ્રતિમાઅર્ચનમાં અધર્મત્વની સ્થાપક લુંપાકની યુક્તિનું નિરાકરણ, 'अनिषिद्धम् अनुमतम्' કથનની સ્થાપક યુક્તિ.	૨૫૮-૨૬૧
૧૯.	સૂર્યાભદેવની નૃત્યકરણરૂપ ભક્તિનું સ્વરૂપ, તુલ્ય આય-વ્યયના પ્રસંગમાં ગુરુ દ્વારા મૌનથી સંમતિમાં યુક્તિ, શક્યપરિહારમાં વ્યવહારનયનું આલંબન અને અશક્ય પરિહારમાં નિશ્ચયનયનું આલંબન, તીર્થંકરની વંદન આદિમાં સાક્ષાત્ સંમતિ અને નૃત્યકરણ આદિમાં મૌન દ્વારા સંમતિમાં સંપ્રદાયની નિયામકતા	૨૬૨-૨૬૫
૨૦.	ભગવાનની વાણીના અતિશયને કારણે ભગવાનના મૌનથી પણ શ્રોતાને ઉચિત બોધની પ્રાપ્તિ, પ્રતિમાઅર્ચન આદિ કૃત્યમાં ભગવાનની મૌન દ્વારા સંમતિનું કારણ, અપુનર્બંધક આદિ ભૂમિકા અનુસાર અપ્રમાદસાર ભગવાનનો ઉપદેશ, ભગવાનના એક જ ઉપદેશથી યોગ્યતાને અનુરૂપ જીવોની ભિન્ન ભિન્ન પરિણતિ, ભગવાનના ઉપદેશના સ્વરૂપનું ઉદ્ધરણ.	૨૬૬-૨૬૮
	નૃત્યકરણ આદિ પર્યુપાસનામાં પણ 'पोराणमेयं' એ પ્રકારના ભગવાનના પ્રત્યુત્તરના સ્વીકારની યુક્તિ.	૨૬૮-૨૭૦
	સૂર્યાભદેવ દ્વારા ભગવાનને સ્વનામગોત્રના શ્રાવણની વિધિનું સ્વરૂપ, સ્વતંત્રવિધિનું સ્વરૂપ, સાધનવિધિનું સ્વરૂપ.	૨૭૦-૨૭૨
	પ્રવૃત્તયોગી અને ઈચ્છાયોગીના પ્રશ્નમાં ભગવાનની ભાષાનું સ્વરૂપ.	૨૭૩
	ભગવાનના ભિન્નભિન્ન વચનપ્રયોગથી કે મૌનથી વિચારકની સમ્યક્ પ્રવૃત્તિમાં યુક્તિ, વિનીત અને અભિજ્ઞ પુરુષને આશ્રયીને ભગવાનના મૌનનું તાત્પર્ય.	૨૭૪
	સૂર્યાભદેવ દ્વારા પારિણામિકી બુદ્ધિથી ભગવાનના મૌનના તાત્પર્યના અવબોધનું ઉદ્ધરણ સટીક, વંદન અને નમસ્કારનો ભેદ.	૨૭૪-૨૭૫
૨૧.	સાધુને દાન આદિ વિષયક મૌનના પ્રયોજનનું ઉદ્ધરણ, આજ્ઞાનિરપેક્ષ દાનની પ્રશંસા અને નિષેધનું ફળ, નૃત્યકરણથી સૂર્યાભદેવમાં જ આય-વ્યય સંગત કરી નિષેધ અર્થ સ્વીકારનાર લુંપાકના વચનની અયુક્તતામાં યુક્તિ.	૨૭૬-૨૭૯
	અસમર્થ દ્વારા દોષવાળામાં નિષેધની અપ્રવૃત્તિની ઉચિતતા સટીક ઉદ્ધરણપૂર્વક, અશુદ્ધ-આહાર-દાનના વિષયમાં સાધુને મૌન અને નિષેધનું સ્થાન, અસમર્થવાદી વડે એકાંત દુષ્ટવાદના અનિષેધમાં પણ વચનગુપ્તિની	૨૭૯-૨૮૫

શ્લોક	વિષય	પાના નં.
	અપ્રતિરોધતાનું સટીક ઉદ્ધરણ.	
૨૧.	અપ્રજ્ઞાપનીયની દોષવાળી પ્રવૃત્તિમાં નિષેધની અપ્રવૃત્તિની ઉચિતતામાં યુક્તિ, જમાલિના વિહારવિષયક પ્રશ્નમાં ભગવાનના મૌનધારણનું કારણ, પ્રજ્ઞાપનીય અને વિનીત શિષ્યને અનુચિત પ્રવૃત્તિનો નિષેધ, નિશ્ચયનયથી સત્ય-અસત્યનું સ્વરૂપ, અવિનીત પાસે કરેલ સત્યવચનના પ્રયોગની ફળથી અસત્યરૂપતાનું ઉદ્ધરણ, પ્રજ્ઞાપ્યના પ્રશ્નમાં મૌન દ્વારા અનુમતિની પ્રાપ્તિ.	૨૮૫-૨૮૭
	ભક્તિના નિષેધમાં 'ये तु दानम् प्रशंसन्ति' એ ગાથાના દૃષ્ટાંતની અયુક્તતામાં યુક્તિ, 'ये तु दानम् प्रशंसन्ति' એ સૂત્રની અપુષ્ટાલંબનવિષયરૂપતા, અપવાદિક દાનનાં દૃષ્ટાંત, અપવાદથી સાધુઓની પણ અનુકંપાદાનમાં પ્રવૃત્તિ, સંયતને દાનવિષયક ઉત્સર્ગ-અપવાદનું સ્વરૂપ, અપવાદિક દાનનું ફળ, અપવાદિક દાનથી થતા ગુણનું સ્વરૂપ ઉદ્ધરણપૂર્વક, સાધુને ઉત્સર્ગથી અનુકંપાદાનના નિષેધનું ઉદ્ધરણ સટીક, અપવાદિક અનુકંપાદાનથી સાધુને પ્રાપ્ત થતું ફળ ઉદ્ધરણપૂર્વક, ઉચિત પ્રવૃત્તિનું કારણ.	૨૮૭-૨૯૧
	હારિભદ્રીય દાનાષ્ટક, 'કલ્પ' શબ્દના પર્યાયવાચી નામો ઉદ્ધરણપૂર્વક, ધર્મના અંગરૂપે અનુકંપાદાનના સ્વીકારનું ઉદ્ધરણ સટીક, યતિના અનુકંપાદાનમાં રહેલ ધર્માંગત્વના સ્વરૂપનું ઉદ્ધરણ સટીક, અવસ્થાભેદથી કાર્ય-અકાર્યના પરિવર્તનનું ઈતર ઉદ્ધરણ, અપવાદિક અનુકંપાદાનથી મુનિને થતા લાભોનું ઉદ્ધરણ, 'અધિકરણ' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ, 'ये तु दानम् प्रशंसन्ति' સૂત્રની અવ્યવસ્થાભેદ વિષયતાદર્શક ઉદ્ધરણ સટીક, આ. હરિભદ્રસૂરિમાં શાસ્ત્રનિરપેક્ષ ઉપદેશદાનનો નિષેધ ઉદ્ધરણપૂર્વક, આ. હરિભદ્રસૂરિમાં સંવિગ્નપાક્ષિકતા, તીર્થંકરના સાંવત્સરિક દાનનું ઉદ્ધરણ સટીક.	૨૯૧-૨૯૫
	'ये तु दानम् प्रशंसन्ति' સૂત્રના બળથી દ્રવ્યસ્તવનો નિષેધ કરનાર અને સૂત્રમાત્રને પ્રમાણ કરનાર લુંપાકની યુક્તિનું નિરાકરણ, આધાકર્મિકદાનનો નિષેધ અને બીજાધાનના કારણીભૂત પ્રાસુકદાનની વિધિ, સ્યાદ્વાદથી વસ્તુના સ્થાપનમાં સમર્થ ઉપદેશક દ્વારા અનુચિત પ્રવૃત્તિના નિષેધના જ કર્તવ્યની યુક્તિઓ, સંયમીને આધાકર્મિકના સેવનમાં સ્યાદ્વાદ સ્થાપન કરવા સમર્થ ઉપદેશક વડે અનુચિત પ્રવૃત્તિના નિષેધકરણમાં ભાષાસમિતિનું પાલન.	૨૯૫-૩૦૧
૨૨.	જિનભવનકરણમાં ભગવાનની મૌનથી પ્રાપ્ત અનુમતિનું ઉદ્ધરણ.	૩૦૧-૩૦૨
	અનિષિદ્ધની અનુમતિના કથનનું ઉદ્ધરણ	૩૦૨
૨૩.	સંયતની દ્રવ્યસ્તવની અનુમતિનું સ્વરૂપ	૩૦૩-૩૦૪

શ્લોક	વિષય	પાના નં.
	'ચૈત્યાનિ' નો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ, કાયોત્સર્ગ, વંદન, પૂજન અને સત્કાર શબ્દનો વિશેષ અર્થ.	૩૦૪-૩૦૫
૨૩.	છજીવકાયના સંયમવાળા સાધુને પૂજા-સત્કારની અનુચિતતાની અને શ્રાવકને કાયોત્સર્ગ દ્વારા પ્રાર્થનાની નિરર્થકતાની શંકાનું સમાધાન, સાધુનું દ્રવ્યસ્તવનું કરાવણ અને અનુમતિનું સ્વરૂપ, સંયત દ્વારા ઉપદેશદાનથી દ્રવ્યસ્તવના કરાવણનું ઉદ્ધરણ, સાધુનું દ્રવ્યસ્તવની અનુમતિનું ઉદ્ધરણ, શ્રાવકને પૂજા-સત્કારનિમિત્તક કાયોત્સર્ગનું પ્રયોજન.	૩૦૫-૩૦૬
	'સન્માન' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ, કાયોત્સર્ગ દ્વારા વંદન-સત્કાર આદિકરણનું ફળ, બોધિલાભનો અર્થ, બોધિલાભનું ફળ, 'નિરુપસર્ગ' શબ્દનો સંદર્ભથી વિશેષ અર્થ.	૩૦૮
	શ્રદ્ધા-મેધા આદિથી કરેલ કાયોત્સર્ગની સફળતા, શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા શબ્દોના સંદર્ભથી વિશેષ અર્થ.	૩૦૮-૩૧૧
	સાધુને દ્રવ્યસ્તવની અનુમોદનાનું પ્રયોજન યુક્તિપૂર્વક.	૩૧૧-૩૧૨
૨૪.	પ્રતિમાશતક શ્લોક-૨૪ની ગાથામાં રહેલ અલંકારનું સ્વરૂપ.	૩૧૩-૩૧૫
	સાધુને દ્રવ્યસ્તવની અનુમોદનામાં હિંસાની અનુમોદનાના અભાવનું દૃષ્ટાંત દ્વારા ભાવન, સરાગસંયમની અનુમોદનામાં રાગાંશના અનુમોદનનો અભાવ.	૩૧૫-૩૧૭
	દ્રવ્યસ્તવમાં અને વિહાર આદિમાં હિંસાના અભાવની સ્થાપક યુક્તિ.	૩૧૭-૩૧૯
	વ્યવહારનયથી અને નિશ્ચયનયથી બંધ-મોક્ષનાં કારણો, પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણરૂપ હિંસાના લક્ષણને સ્વીકારવાનું વ્યવહારનું પ્રયોજન.	૩૧૯-૩૨૦
૨૫.	દ્રવ્યસ્તવની સાધુને અનુપદેશ્યતા સ્વીકારનાર લુંપાકને શ્રાવકના સર્વધર્મની અનુપદેશ્યતા સ્વીકારવાની આપત્તિ, સાધુને સર્વવિરતિમાત્રની જ ઉપદેશ્યતા સ્વીકારનારની માન્યતાનું નિરાકરણ.	૩૨૧-૩૨૩
	શ્રાવકને ભિક્ષાવૃત્તિનો નિષેધ, અંબડપરિવ્રાજકની ભિક્ષાપ્રવૃત્તિની અનુચિતતાના અભાવમાં યુક્તિ, શ્રાવકાચારની જેમ દ્રવ્યસ્તવની અનુપદેશ્યતાના અભાવની યુક્તિ, દ્રવ્યસ્તવ-ભાવસ્તવ તથા યતિધર્મ-શ્રાવકધર્મના ઉપદેશક્રમની વિધિ.	૩૨૪-૩૨૮
	સૂત્રક્રમથી જ ઉપદેશવિધિની ઉચિતતા, અવ્યુત્પન્નને સર્વવિરતિના ઉપદેશ પહેલાં દેશવિરતિના ઉપદેશમાં દોષપ્રાપ્તિનું કારણ, સમ્યગ્દૃષ્ટિ પ્રત્યે યથાયોગ્ય ઉપદેશમાં દોષનો અભાવ.	૩૨૮-૩૩૦

શ્લોક	વિષય	પાના નં.
૨૫.	વિનોક્તિ અલંકારનું દૃષ્ટાંત.	૩૩૦-૩૩૧
૨૬.	શ્રાવકને જિનપૂજામાં કર્તવ્ય અધ્યવસાય, જિનપૂજાનું ફળ, ભાવદયાના સ્થૈર્ય માટે જ શ્રાવકને સાધુ દ્વારા દ્રવ્યસ્તવનો ઉપદેશ, 'અનાયતન' શબ્દનો પારિભાષિક અર્થ, સુસંયતનું સ્વરૂપ, દ્રવ્યસ્તવના ઉપદેશમાં અને દ્રવ્યસ્તવના ફલની ઇચ્છામાં સાધુને હિંસા દોષની અનુમતિની અપ્રાપ્તિ, હિંસાના આયતનમાં રહેનારને સંવાસાનુમતિ દોષની પ્રાપ્તિ, જિનાલયને અનાયતન કહેનાર લુંપાકને આપત્તિ, ક્રમવિરુદ્ધ ઉપદેશ આપનારને દ્રવ્યસ્તવના ઉપદેશદાનથી અનિષેધાનુમતિની પ્રાપ્તિ, સુસંયતને દ્રવ્યસ્તવના શ્લાઘનની નિરવદ્યતામાં યુક્તિ.	૩૩૨-૩૩૪
૨૭.	સાધુને દ્રવ્યસ્તવનું અનુમોદ્યત્વ સ્વીકારે છતે દ્રવ્યસ્તવની કર્તવ્યતાની લુંપાકે આપેલ પ્રસંગઆપાદાનરૂપ દોષનું નિરાકરણ, સાધુને દ્રવ્યસ્તવની અનનુમોદ્યતા સ્થાપક લુંપાકની યુક્તિનું નિરાકરણ, સહચારમાત્રથી અનુમાનકરણની અનુચિતતામાં યુક્તિ, અનુમોદ્યત્વ અને કર્તવ્ય વચ્ચે નિયત સાહચર્ય દ્વારા વ્યાપ્તિના સંભવની લુંપાકની યુક્તિનું નિરાકરણ, સાધુના કર્તવ્ય અને અનુમોદ્યત્વ વચ્ચેનો ભેદ.	૩૩૬-૩૪૦
	અચેલકોને એક ચેલક આદિ આચારની અનુમોદ્યતામાં પણ કર્તવ્યતાના અભાવનું ઉદ્ધરણ.	૩૪૨-૩૪૩
૨૮.	દ્રવ્યસ્તવની અનુમોદનામાં ભાવસ્તવની અવ્યવધાનથી કારણતા અને દ્રવ્યસ્તવની વ્યવધાનથી કારણતા.	૩૪૩-૩૪૪
	સાધુને દ્રવ્યાગ્નિકારિકાના નિષેધપૂર્વક ભાવાગ્નિકારિકાની વિધિના સટીક ઉદ્ધરણો, ભાવાગ્નિકારિકાનું સ્વરૂપ.	૩૪૫-૩૪૬
	દીક્ષિતને ભાવાગ્નિકારિકાની જ કર્તવ્યતામાં પરમતના કથનથી પુષ્ટિ.	૩૪૬
	પરમતે પૂજા દ્રવ્યાગ્નિકારિકા, તપ અને જ્ઞાન-ધ્યાનના ફળોનું સ્વરૂપ.	૩૪૭
	સંયતને દ્રવ્યપૂજા તથા દ્રવ્યાગ્નિકારિકાની અકર્તવ્યતા અને તપ-ધ્યાનની કર્તવ્યતામાં યુક્તિ.	૩૪૭-૩૪૮
	સાધુને દ્રવ્યાગ્નિકારિકાની અકર્તવ્યતાનું દૃષ્ટાંત દ્વારા ભાવન.	૩૪૮
	પૂજાથી રાજ્યાદિની પ્રાપ્તિ હોવાને કારણે ગૃહસ્થને પણ દ્રવ્યપૂજાની અકર્તવ્યતા સ્થાપનાર પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ, શ્રાવકની મોક્ષ માટે જ પૂજા આદિમાં પ્રવૃત્તિ, પૂજાનું મુખ્ય અને આનુષંગિક ફળ, દાન દ્વારા રાજ્યાદિથી અર્જિત પાપની શુદ્ધિનો અસંભવ, સાધુ અને શ્રાવકના અનુષ્ઠાનમાં વર્તતી મોક્ષસાધકતાનો ભેદ.	૩૪૮-૩૪૯

શ્લોક	વિષય	પાના નં.
૨૮.	દીક્ષિતને પણ સંપદાને માટે દ્રવ્યાગ્નિકારિકાની ઉચિતતાની શંકાનું નિરાકરણ, મોક્ષમાર્ગના સેવનનું ફળ.	૩૪૯-૩૫૦
	અન્ય દર્શનમાં પણ સાધુને દ્રવ્યાગ્નિકારિકાના નિષેધનું કથન, ઈષ્ટાપૂર્તનું સ્વરૂપ, સકામ નિર્જરા અને અકામ નિર્જરાનો સંદર્ભથી વિશેષ અર્થ, ઈષ્ટાપૂર્તમાં સર્વસ્વ માનનારાઓને અનિષ્ટપ્રાપ્તિનું ઈતર ઉદ્ધરણ.	૩૫૦-૩૫૧
૨૯.	દ્રવ્યપૂજાનું સ્વરૂપ, સંસારસાગરને તરવા માટે, સકંટક કાષ્ઠ સમાન દ્રવ્યસ્તવ.	૩૫૩-૩૫૫

ॐ ह्रीं श्री अर्हं नमः ।
श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐं नमः ।।

महामहोपाध्याय श्रीयशोविजयवाचकनिर्मितस्वोपज्ञवृत्तियुत

'प्रतिमाशतक'

-: टीकाकारनुं मंगलाचरणादि :-

ऐन्द्रश्रेणिप्रणतश्रीवीरवचोऽनुसारियुक्तिभृतः ।
प्रतिमाशतकग्रन्थः प्रथयतु पुण्यानि भाविकानाम् ।।१।।

पूर्वं न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधैः,
न्यायाचार्यपदं ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम् ।
शिष्यप्रार्थनया नयादिविजयप्राज्ञोत्तमानां शिशुः,
सोऽयं ग्रन्थमिमं 'यशोविजय' इत्याख्याभृदाख्यातवान् ।।२।।

अस्य प्रतिमाविषयाशङ्कापङ्कापहारनिपुणस्य ।
संविग्नसमुदायस्य प्रार्थनया तन्यते वृत्तिः ।।३।।

व्याख्यानेऽस्मिन् गिरां देवि ! विघ्नवृन्दमपाकुरु ।
व्याख्येयमङ्गलैरेव मङ्गलान्यत्र जाग्रति ।।४।।

શ્લોકાર્થ :-

ઇન્દ્રોની શ્રેણિથી નમાયેલા એવા શ્રી વીરભગવાનના વચનને અનુસરનારી યુક્તિઓથી ભરાયેલો એવો પ્રતિમાશતક નામનો ગ્રંથ ભાવિકોના પુણ્યનો વિસ્તાર કરો. ।।૧।।

વિશેષાર્થ:-

ભગવાનના વચનોથી જેમનું ચિત્ત ભાવિત છે તે જીવો ભાવિક છે, અને તેઓને ભગવાનની પ્રતિમાનું મહત્ત્વ અવશ્ય હોય છે; પરંતુ આ પ્રતિમાશતક ગ્રંથ ભગવાનના વચનને અનુસરનારી યુક્તિઓથી ભરપૂર હોવાને કારણે, જ્યારે આ ગ્રંથને ભાવિક જીવો સમજે છે ત્યારે આ ગ્રંથના બળથી તેઓની બુદ્ધિમાં પ્રતિમાનું અત્યંત મહત્ત્વ પ્રગટે છે, તેથી તે પ્રતિમાના કારણે બંધાતું પુણ્ય અત્યંત વૃદ્ધિમત્ થાય છે. તેથી ગ્રંથકાર ઇચ્છા કરે છે કે પ્રસ્તુત ગ્રંથ ભવ્ય જીવોના પુણ્યબંધના વિસ્તારનું કારણ બનો. **॥૧॥**

શ્લોકાર્થ :-

પૂર્વમાં ન્યાયવિશારદપણાનું બિરુદ કાશીમાં બુધો વડે અપાયું અને ત્યાર પછી કર્યા છે સો ગ્રંથો જેમણે એવા તેમને 'ન્યાયાચાર્ય' નું બિરુદ અપાયું, તે આ 'યશોવિજય' એ પ્રમાણે નામને ધારણ કરનાર અને નયાદિવિજય વિબુધના શિશુ=શિષ્ય, શિષ્યોની પ્રાર્થનાથી આ ગ્રંથને કહેનારા થયા. ॥૨॥

વિશેષાર્થ :-

અહીં ટીકાકાર અને ગ્રંથકાર એક જ છે. આમ છતાં, ટીકાકાર કહે છે કે **'તે આ યશોવિજય નામને ધારણ કરનાર ગ્રંથને કહેનારા થયા.'** તેથી ટીકાકાર અને ગ્રંથકાર એક હોવા છતાં, ટીકાકૃત પર્યાય અને ગ્રંથકૃત પર્યાયથી પોતાનો ભેદ કરીને, ગ્રંથકાર તરીકે તેઓ એ પ્રમાણે કહે છે.

અહીં ઉપાધ્યાયજી મહારાજે, પોતે ન્યાયવિશારદ બિરુદને પામ્યા છે કે ન્યાયાચાર્ય પદ પ્રાપ્ત કર્યું છે, તે લોકોની આગળ પોતાના મહિમાના પ્રદર્શનાર્થે નથી કહ્યું, પરંતુ ગ્રંથ ભણનારને આ ગ્રંથ સમર્થ વ્યક્તિકૃત છે તેવી બુદ્ધિ થાય, જેથી આ ગ્રંથ વિશેષ આદેય બને તે આશયથી, બુધો વડે પણ પોતે ન્યાયના વિષયમાં નિપુણ છે એ રીતે માન્ય છે, એ પ્રમાણે વસ્તુસ્થિતિ બતાવેલ છે. અને પ્રસ્તુત ગ્રંથ શિષ્યની પ્રાર્થના વડે કરાયેલ છે, તેથી એ પ્રાપ્ત થાય કે, પ્રતિમાના વિષયમાં કોઇક શિષ્યને તીવ્ર જિજ્ઞાસા ઉત્પન્ન થયેલી હોવી જોઈએ, અને તેના સંતોષ અર્થે ગ્રંથકારને ગ્રંથરચના કરવી આવશ્યક જણાઈ છે. **॥૨॥**

શ્લોકાર્થ :-

પ્રતિમા અંગેની આશંકારૂપી જે કાદવ, તેના અપહારમાં=દૂર કરવામાં, નિપુણ એવા આની=પ્રસ્તુત પ્રતિમાશતક ગ્રંથની, વૃત્તિ, સંવિગ્ન-સમુદાયની પ્રાર્થનાના કારણે વિસ્તાર કરાય છે. ॥૩॥

વિશેષાર્થ :-

ગ્રંથકારે શિષ્યની પ્રાર્થનાથી મૂળગ્રંથની રચના કરી, ત્યાર પછી સંવિજ્ઞના સમુદાયે તેના પર ટીકા રચવા માટે પ્રાર્થના કરી, તેમની પ્રાર્થનાથી ગ્રંથકાર વૃત્તિને કરે છે. **॥૩॥**

શ્લોકાર્થ :-

હે સરસ્વતી દેવી ! આ વ્યાખ્યાનમાં=પ્રતિમાશતક ગ્રંથની વૃત્તિના વ્યાખ્યાનમાં (આવતા) વિઘ્નના સમુદાયને તું દૂર કર ! અહીંયાં=આ ટીકામાં, વ્યાખ્યેય(=જિનપ્રતિમા) સંબંધી મંગલોથી જ મંગલો જાગૃત છે અર્થાત્ આ ટીકારૂપ વ્યાખ્યાનનું મંગલ પણ થઇ જાય છે. ॥૪॥

વિશેષાર્થ :-

શ્લોક-૪ના પૂર્વાર્દ્ધથી ગ્રંથની રચના કરવામાં જે વિઘ્નસમુદાય આવે તેને દૂર કરવા માટે વાણીની દેવી સરસ્વતીને પ્રાર્થના કરી છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, ગ્રંથ રચવામાં કોઇ બાહ્ય વિઘ્ન કે અંતરંગ તથાવિધ ક્ષયોપશમની સ્ખલના વગેરે પ્રાપ્ત થાય તો ગ્રંથનું વ્યાખ્યાન સમ્યગ્ થઇ શકે નહિ; તેથી સરસ્વતી દેવી તે વિઘ્નોને દૂર કરે કે જેથી ટીકાનું સમ્યગ્ નિર્માણ થઈ શકે, તેવી આકાંક્ષા ગ્રંથકાર કરે છે. અને પ્રસ્તુત ગ્રંથમાં દેવીની પાસે પ્રાર્થના કરી, પરંતુ વિઘ્નનાશ માટે મંગલ ન કર્યું. તેથી શ્લોક-૪ના ઉત્તરાર્દ્ધથી કહે છે કે, જિનપ્રતિમા વ્યાખ્યેય છે અને તે મંગલરૂપ છે અને માનાર્થે તેને બહુવચનમાં ગ્રહણ કરેલ છે. તેના મંગલ વડે કરીને જ અહીંયાં=આ ગ્રંથમાં, મંગલો જાગૃત છે, તેથી અન્ય મંગલ બતાવેલ નથી. **॥૪॥**

અવતરણિકા :-

तत्रेह प्रतिमाविषयाऽऽशङ्कानिराकरणस्य चिकीर्षितत्वात् प्रतिमास्तुतिरूपमिष्टबीज-प्रणिधानपुरस्सरमाद्यपद्यमाह -

અવતરણિકાર્થ :-

तत्र પદ પ્રસ્તાવ અર્થક છે. इह=અહીંયાં=આ 'પ્રતિમાશતક' નામના ગ્રંથમાં, પ્રતિમાના વિષયમાં આશંકાનું નિરાકરણ ચિકીર્ષિત હોવાથી=આશંકાનું નિરાકરણ કરવાની ઇચ્છા હોવાથી, ઇષ્ટબીજના પ્રણિધાનપૂર્વક પ્રતિમાની સ્તુતિરૂપ આદ્ય પદ્યને=આદ્ય શ્લોકને, કહે છે -

વિશેષાર્થ :-

પ્રતિમાના વિષયમાં કોઈને આશંકા છે કે પ્રતિમા પૂજનીય છે કે નહિ ? તેનું નિરાકરણ કરવાનું આ ગ્રંથમાં ઇચ્છાયેલ છે, તેથી પ્રતિમા પૂજ્ય છે એમ સ્થાપન કરવું છે. તેથી જ પ્રતિમાની સ્તુતિરૂપ આદ્ય પદ્યને કહે છે. અને ગ્રંથકારશ્રી ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ સરસ્વતીની ઉપાસના કરેલ છે, અને **ऐं** કાર એ તેનું બીજ છે. તેથી તે બીજના પ્રણિધાનપૂર્વક શ્રુતની રચના કરેલ છે, અને તેથી જ **'ऐन्द्र'** શબ્દથી શ્લોકનો પ્રારંભ કરે છે.

શ્લોક :-

ऐन्द्रश्रेणिनता प्रतापभवनं भव्याङ्गिनेत्रामृतम् ।
सिद्धान्तोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता ।
मूर्तिः स्फुर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन् -
मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ।।१।।

શ્લોકાર્થ :-

ઇન્દ્રોની શ્રેણિથી નમાયેલી, પ્રતાપના ભવનરૂપ, ભવ્ય એવા પ્રાણીઓનાં નેત્રો માટે અમૃતરૂપ, સિદ્ધાંતના ઉપનિષદ્ના=રહસ્યના, વિચારમાં ચતુર એવા પુરુષો વડે પ્રીતિથી પ્રમાણભૂત કરાયેલી, સ્ફૂર્તિવાળી, વિવિધ પ્રકારના સ્ફુરતા મોહના ઉન્માદ અને ઘન પ્રમાદરૂપ મદિરાથી મત્ત લોકો વડે અનાલોકિત=નહિ જોવાયેલી, જૈનેશ્વરી મૂર્તિ સદા વિજય પામે છે. ।।૧।।

ટીકા :-

जैनेश्वरी मूर्तिः सदा विजयते इत्यन्वयः । जिनेश्वराणामियं=जैनेश्वरी, मूर्तिः=प्रतिमा, सदा=व्यक्त्या प्रवाहतश्च निरन्तरम्, विजयते=सर्वोत्कर्षेण वर्तते, अत्र जयतेरर्थ उत्कर्षः "पराभवे तथोत्कर्षे जयत्यन्ते त्वकर्मकः" इत्याख्यातचन्द्रिकावचनात् । सर्वाधिकत्वं वेरुपसर्गस्येति बोध्यम् ।

ટીકાર્થ :-

जैनेश्वरी..... बोध्यम् । જૈનેશ્વરી મૂર્તિ સદા વિજય પામે છે, એ પ્રમાણે અન્વય છે. જિનેશ્વરની આ=જૈનેશ્વરી, મૂર્તિ=પ્રતિમા, વ્યક્તિથી અને પ્રવાહથી સદા=નિરંતર, વિજય પામે છે=સર્વોત્કર્ષથી વર્તે છે. અહીંયાં 'जयति'નો અર્થ ઉત્કર્ષ છે. કેમ કે "પરાભવ તથા ઉત્કર્ષ અર્થમાં 'जयति' છે, વળી અંતમાં= પરાભવ અને ઉત્કર્ષરૂપ અર્થ બતાવ્યો તેમાં જે અંતે ઉત્કર્ષ શબ્દ છે તેમાં,'જિ' ધાતુ અકર્મક છે. એ પ્રમાણે આખ્યાત ચંદ્રિકાનું વચન છે. સર્વથી અધિકપણું 'વિ' ઉપસર્ગનો અર્થ છે, એ પ્રમાણે જાણવું.

વિશેષાર્થ :-

'**विजयते**'માં '**वि**' એ ઉપસર્ગ છે અને તેનો અર્થ સર્વથી અધિકપણું છે, અને '**जयति**'નો અર્થ 'ઉત્કર્ષ' છે. તેથી '**विजयते**' નો અર્થ 'સર્વોત્કર્ષથી વર્તે છે' એવો થાય છે, અને તેનો અન્વય '**प्रतिमा**' થાય છે. તેથી પ્રતિમા સદા વ્યક્તિથી અને પ્રવાહથી સર્વોત્કર્ષરૂપે વર્તે છે એ અર્થ થાય છે.

વળી તે પ્રતિમા સદા વ્યક્તિરૂપે અને પ્રવાહથી સર્વોત્કર્ષથી વર્તે છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, શાશ્વત પ્રતિમાઓ વ્યક્તિરૂપે સદા હોય છે અને અશાશ્વત પ્રતિમાઓ વ્યક્તિરૂપે સદા નહિ હોવા

છતાં પ્રવાહથી સદા હોય છે. અને 'સર્વોત્કર્ષથી વર્તે છે' તેનો ભાવ એ છે કે, સર્વ વિચારકોને સંમત છે. તેથી સર્વ વિદ્વાનોને સંમતિરૂપ જ સર્વોત્કર્ષથી પ્રતિમા વર્તે છે.

टीका :-

मूर्तिः कीदृशी ? ऐन्द्रश्रेणिनता-इन्द्राणामियम्=ऐन्द्री सा चासौ श्रेणिश्चेति कर्मधारयः तया नता=नमिकर्मीकृता । एतेन एतदपलापकारिणाम् ऐन्द्रः शापो ध्रुव इति व्यज्यते । पुनः कीदृशी ? प्रतापभवनम्-प्रतापस्य=कोशदण्डजस्य तेजसो, भवनं=गृहम्, उक्ततेजः स्थाप्यगतं स्थापनायामुपचर्य व्याख्येयम् । तेन एतदपलापकारिणो भगवत्प्रतापदहनेनैवोपहता भविष्यन्तीति व्यज्यते । पुनः कीदृशी ? भव्याङ्गिनेत्रामृतम्-भव्याङ्गिनां=आसन्नसिद्धिकप्राणिनाम्, नेत्रयोः= नयनयोः, अमृतं=पीयूषम्, सकलनेत्ररोगापनयनात् परमानन्दजननाच्च । एतेन एतद्दर्शनाद् येषां नयनयोर्नानन्दस्ते-ऽभव्या दूरभव्या वेत्यभिव्यज्यते । पुनः कीदृशी ? प्रमाणीकृता=प्रमाणत्वेनाभ्युपगता । कैः ? सिद्धान्तोपनिषद्विचारचतुरैः-सिद्धान्तानाम् उपनिषद्=रहस्यं तद्विचारे ये चतुरास्तैः, कया ? प्रीत्या= स्वरसेन, न तु बलाभियोगादिना । एतेन सिद्धान्तप्रतिमाप्रामाण्याभ्युपगमयोर्नान्तरीयकत्वात् स्वरसतः प्रतिमाप्रामाण्याभ्युपगन्ता एव शिष्टो नान्यः इत्यावेदितं भवति । तदनभ्युपगन्ता च सिद्धान्तानभिज्ञ इति । पुनः कीदृशी ? स्फूर्तिमती-स्फूर्तिः=प्रतिक्षणप्रवर्धमानकान्तिः, सन्निहितप्रातिहार्यत्वं वा, तद्वती, एतेन तदाराधकानामेव बुद्धिस्फूर्तिर्भवति नान्यस्येति सूच्यते । पुनः कीदृशी ? अनालोकिता=सादरमवीक्षितेत्यर्थः । अनालोकितपदस्य सादरमनालोकितत्वेऽर्थान्तरसङ्क्रामित-वाच्यत्वाद् अन्यथा चक्षुष्मतः पुरःस्थितवस्तुनोऽनालोकितत्वानुपपत्तेः । कैः ? विस्फुरन्मोहो-न्मादघनप्रमादमदिरामत्तैः । विस्फुरन्=विविधं परिणमन्, यो मोहोन्मादो घनप्रमादश्च तावेव ये मदिरे ताभ्यां ये मत्तास्तैः । न च प्रमादस्य मोहेनैव गतार्थत्वाद् आधिक्यम्, अनाभोगमतिभ्रंशादिरूपस्य तस्य ग्रहणात् ।

टीकार्थ :-

मूर्तिः कीदृशी ? મૂર્તિ કેવી છે ? (૧) ऐन्द्रश्रेणिनता=ઇન્દ્રોની શ્રેણિથી નમાયેલી છે. ऐन्द्रश्रेणिनता શબ્દનો સમાસ ખોલીને બતાવે છે - ઇંદ્રોની આ તે ઐન્દ્રી, તે=ઐન્દ્રી, એવી આ શ્રેણિ તે ઐન્દ્રશ્રેણિ, એ પ્રમાણે કર્મધારય સમાસ છે. તેના વડે=ઐન્દ્રશ્રેણિ વડે, નમાયેલી (મૂર્તિ છે.) આ વિશેષણથી મૂર્તિનો અપલાપ કરનારાઓને ઇન્દ્રનો શાપ નક્કી છે એ વ્યક્ત થાય છે=પ્રતિમાનો અપલાપ કરનારાઓ નક્કી ઇન્દ્રના કોપનું ભાજન થાય છે, એ વાત બતાવે છે -

पुनः कीदृशी ? (૨) प्रतापभवनम्.....भविष्यन्तीति व्यज्यते । વળી તે મૂર્તિ કેવી છે ? (તો કહે છે -) પ્રતાપભવન-પ્રતાપનું=કોશ અને દંડથી પેદા થયેલ તેજનું, ભવન=ગૃહ છે. સ્થાપ્યગત ઉક્ત

તેજનો=ભગવાનમાં રહેલ પ્રતાપનો, સ્થાપનામાં ઉપચાર કરીને આ વ્યાખ્યાન કરવું. આ વિશેષણથી મૂર્તિનો અપલાપ કરનારાઓ ભગવાનના પ્રતાપરૂપી અગ્નિ વડે કરીને ઉપહત થશે= હણાશે=નાશ પામશે, એ વ્યક્ત થાય છે.

વિશેષાર્થ :-

જેમ રાજાનો પ્રતાપ કોશ અને દંડથી પેદા થયેલા તેજસ્વરૂપ છે, આથી જ જે રાજાનો કોશ ભરપૂર હોય અને નાની પણ ભૂલની આકરી સજા જે રાજાના રાજ્યમાં થતી હોય, તે રાજાનો પ્રતાપ ઘણો હોય છે. તેથી જ તેવા રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કોઈ કરતું નથી. તેમ ભગવાનનો ગુણસંપત્તિરૂપ કોશ ભરપૂર છે અને ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારને સખ્ત સજા મળે છે, તેથી ભગવાન પ્રતાપના ભવનરૂપ છે. અને તેથી સ્થાપ્ય એવા ભગવાનનો જે પ્રતાપ છે, તેનો સ્થાપનામાં ઉપચાર કરીને મૂર્તિને પ્રતાપનું ઘર કહેલ છે. તેથી જેઓ મૂર્તિનો અપલાપ કરનારા છે, તેઓ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા હોવાથી ભગવાનના પ્રતાપરૂપી અગ્નિ વડે ઉપહત થાય છે=ભગવાનની આજ્ઞાના ઉલ્લંઘનને કારણે સંસારમાં મહાન અનર્થોને પ્રાપ્ત કરે છે, એ અર્થ **'प्रतापभवनम्'** વિશેષણથી બતાવેલ છે.

ટીકાર્થ :-

पुनः कीदृशी ? (૩) भव्याङ्गिनेत्रामृतम्.....परमानन्दजननाच्च । વળી જિનેશ્વરની પ્રતિમા કેવી છે ? (તો કહે છે -) ભવ્યજીવોના=આસન્નસિદ્ધિક જીવોના, નેત્રનું=નયનનું, અમૃત=પીયૂષ છે. કેમ કે સકલ નેત્રરોગોનું અપનયન=દૂર, કરનાર છે=આત્માના વીતરાગભાવને જોવાને અનુકૂળ સમ્યગ્દર્શનરૂપ અંતરંગ નેત્ર છે, તેના સકલ રોગોને દૂર કરનાર જિનપ્રતિમા છે. (તેથી જ ભવ્યજીવોને વીતરાગતાનો સમ્યગ્ સૂક્ષ્મ બોધ ભગવદ્મૂર્તિના અવલંબનથી થાય છે.)

વળી તે પ્રતિમા ભવ્યજીવોને નેત્રનું અમૃત કેમ છે ? તે બતાવતાં બીજો હેતુ કહે છે -

પરમાનંદને પેદા કરનાર હોવાથી ભવ્યજીવોને અમૃત સમાન છે. (જેમ અમૃતનું પાન પરમાનંદને પેદા કરે છે, તેમ ભગવાનની પ્રતિમા જીવોને વીતરાગતાની ઉપસ્થિતિ કરવામાં અત્યંત આલંબનભૂત હોવાથી પરમાનંદને પેદા કરનાર છે, તેથી અમૃત તુલ્ય છે.)

ટીકાર્થ :-

एतेन.....वेत्यभिव्यज्यते । આ વિશેષણ દ્વારા 'ભગવાનનાં દર્શનથી જેઓના નયનોમાં આનંદ થતો નથી, તે અભવ્ય કે દૂરભવ્ય છે' એ પ્રમાણે અભિવ્યક્ત થાય છે.

વિશેષાર્થ :-

અહીં દુર્ભવ્ય શબ્દથી ચરમાવર્તની બહારના જ માત્ર દુર્ભવ્ય ગ્રહણ કરવાના નથી, કેમ કે, ચરમાવર્તવર્તી પણ અન્યદર્શનસંસ્થિત હોય ત્યારે ભગવાનની મૂર્તિને જોઇને તેમને આનંદ થતો નથી.

જેમ કે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજને ધર્મપ્રાપ્તિ પૂર્વે ભગવાનની મૂર્તિ જોઈને આનંદ ન થયેલ, પરંતુ વિપરીત ભાવ થયેલ. અહીં દુર્ભવ્ય શબ્દથી એ કહેવું છે કે, જેમ ચરમાવર્તની બહારના જીવોને વીતરાગ પ્રત્યે તાત્ત્વિક બહુમાન થતું નથી, તેમ અત્યારે પણ જેઓને વીતરાગ પ્રત્યે બહુમાન થતું નથી, તેઓ ભગવાનની પ્રતિમાના ભાવને ઝીલવા માટે અયોગ્ય છે.

ટીકાર્થ :-

'पुनः कीदृशी' (४) प्रमाणीकृता.....सिद्धान्तानभिज्ञ इति । **વળી તે મૂર્તિ કેવી છે ? (તો કહે છે -) સિદ્ધાંતના ઉપનિષદ્માં=રહસ્યમાં, ચતુરો વડે પ્રીતિથી=સ્વરસથી, પ્રતિમા પ્રમાણીભૂત કરાઈ છે, પરંતુ બલાભિયોગાદિથી નહિ. અને પ્રતિમાના આ વિશેષણથી 'સિદ્ધાંતનો અભ્યુપગમ અને પ્રતિમાના પ્રામાણ્યનો અભ્યુપગમ એ બેનું નાન્તરીયકપણું હોવાને કારણે=અવિનાભાવિપણું હોવાને કારણે, સ્વરસથી પ્રતિમાપ્રામાણ્યનો સ્વીકાર કરનાર જ શિષ્ટ છે અન્ય નહિ' એ પ્રકારે આવેદિત થાય છે=જણાય છે, અને તેનો=પ્રતિમા-પ્રામાણ્યનો, સ્વીકાર નહિ કરનાર સિદ્ધાંતથી અનભિજ્ઞ છે=સિદ્ધાંતને જાણનાર નથી, એ પ્રકારે (આવેદિત) થાય છે=જણાય છે.**

વિશેષાર્થ :-

જે સિદ્ધાંતના પ્રામાણ્યને સ્વીકારતો હોય તેણે પ્રતિમાના પ્રામાણ્યને સ્વીકારવું જ પડે તેવી વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે. કેમ કે, જેઓ સિદ્ધાંતના ઉપનિષદ્ના વિચારમાં ચતુર છે, તેઓએ પ્રતિમા પ્રમાણરૂપે સ્વીકારી છે; અને શિષ્ટ તે છે કે જે સિદ્ધાંતને પ્રમાણરૂપે માનતો હોય. તેથી સ્વરસથી પ્રતિમાના પ્રામાણ્યને ન સ્વીકારનાર શિષ્ટ બની શકે નહિ, કેમ કે સિદ્ધાંતના સ્વીકારની સાથે પ્રતિમાના પ્રામાણ્યનો સ્વીકાર અવિનાભાવી છે.

ટીકાર્થ :-

पुनः कीदृशी ? (५) स्फूर्तिमती.....नान्यस्येति सूच्यते । **ભગવાનની પ્રતિમા પ્રતિક્ષણ પ્રવર્ધમાન કાંતિવાળી છે અથવા તો સન્નિહિત પ્રાતિહાર્યવાળી છે. આ વિશેષણ દ્વારા ભગવાનની મૂર્તિના આરાધકોને જ બુદ્ધિની સ્ફૂર્તિ થાય છે અન્યને નહિ, એ સૂચિત થાય છે.**

વિશેષાર્થ :-

જે વીતરાગના સ્વરૂપને શાસ્ત્રના આધારે અનેક દૃષ્ટિકોણથી જોવાની પ્રજ્ઞાવાળો છે તેને ભગવાનની મૂર્તિને જોતાંની સાથે જ બુદ્ધિમાં અનેક ભાવોની સ્ફુરણાઓ થાય છે. તેથી જ ભગવાનની મૂર્તિ તેને પ્રતિક્ષણ પ્રવર્ધમાન કાંતિવાળી દેખાય છે. યદ્યપિ મૂર્તિ એ પુદ્ગલના આકારવિશેષરૂપ છે, અને તેના આકારમાં કોઈ પરાવૃત્તિ થતી નથી કે જેથી તેની કાંતિ પ્રતિક્ષણ પ્રવર્ધમાન બને; પરંતુ જેની બુદ્ધિમાં વીતરાગતાનો સૂક્ષ્મ બોધ છે, તે વીતરાગમુદ્રાની દ્યોતક એવી મૂર્તિને જ્યારે જુએ છે, ત્યારે તેની બુદ્ધિમાં અનેક પ્રકારે વીતરાગતાનું સ્ફુરણ થાય છે, અને તે જ પ્રતિક્ષણ પ્રવર્ધમાન કાંતિના દર્શનરૂપ મૂર્તિની

અવસ્થા છે; અથવા તો તે મૂર્તિમાં વર્તતા જે અષ્ટ મહાપ્રાતિહાર્યો હોય છે, તેના કારણે જ ભગવાનની લોકોત્તમતાનું સ્ફુરણ તેના આરાધકોની બુદ્ધિમાં થાય છે. તેથી ભગવાનની મૂર્તિ સ્ફૂર્તિમતી છે.

ટીકાર્થ :-

पुनः कीदृशी ? (६) ~~अनालोकिता~~.....अनालोकितत्वानुपपत्तेः । **વળી તે મૂર્તિ અનાલોકિત છે=સાદર અવીક્ષિત છે. અહીં પ્રશ્ન થાય કે અનાલોકિતનો અર્થ અવલોકનનો અભાવ પ્રાપ્ત થાય છે, તેના બદલે સાદર અવીક્ષિત એવો અર્થ કેમ કર્યો ? તેથી કહે છે - 'અનાલોકિત' પદનું સાદર અનાલોકિતપણામાં અર્થાંતરસંક્રામિત વાચ્યપણું હોવાને કારણે સાદર અવીક્ષિત છે, અન્યથા= અર્થાંતરસંક્રામિતવાચ્યપણું ન માનો તો ચક્ષુવાળાઓને પુરઃસ્થિત વસ્તુના અનાલોકિતપણારૂપ અનુપપત્તિ થશે.**

વિશેષાર્થ :-

'અનાલોકિત' શબ્દનો અર્થ 'નહિ જોવાયેલી' એવો થાય છે. પરંતુ તે અર્થ સંગત નહિ હોવાથી 'સાદર અનાલોકિત' ઈત્યાકારક અર્થાંતરમાં સંક્રામિત કરીને તે અર્થને વાચ્ય કરાય છે. અને એવું ન માનવામાં આવે તો ચક્ષુવાળા બધાને ચક્ષુ સામે રહેલી વસ્તુનું અવલોકન થાય છે, તેમ ભગવાનની મૂર્તિનું પણ અવલોકન ગમે ત્યારે સંભવી શકે છે. માટે ભગવાનની મૂર્તિને અનાલોકિત કહેવાનું કોઇ પ્રયોજન રહે નહિ.

ટીકાર્થ :-

कैः ? **કોના વડે અનાલોકિત છે ?**

विस्फुरन्मोहोन्माद.....तस्य ग्रहणात् । **તો કહે છે કે, વિવિધ રીતે પરિણામ પામતો જે મોહનો ઉન્માદ તેનાથી, અને ઘનપ્રમાદરૂપ મદિરાથી, મત્ત એવા જીવો વડે અનાલોકિત છે. અને પ્રમાદનું મોહવડે જ ગતાર્થપણું હોવાથી (મોહથી ભિન્ન પ્રમાદનો ઉલ્લેખ કરવામાં) આધિક્ય દોષ છે, એમ ન કહેવું. કેમ કે અનાભોગ-મતિભ્રંશાદિરૂપ એવા તેનું=પ્રમાદનું, ગ્રહણ છે.**

વિશેષાર્થ :-

જે લોકોને મૂર્તિ એ પરમાત્મા નથી, પરંતુ પત્થરમાંથી નિર્માણ થયેલી ચીજમાત્ર છે, એવા પ્રકારનો મિથ્યાત્વનો ઉદય વર્તી રહ્યો છે; તે રૂપ મોહના ઉન્માદવાળા, અને તત્ત્વને જાણવા માટે અનાભોગવાળા કે તત્ત્વના વિષયમાં મતિભ્રંશવાળા, એવા ઘનપ્રમાદીઓ વડે, ભગવાનની મૂર્તિ સાદર જોવાઈ નથી.

અહીં મોહ અને ઘનપ્રમાદના વિષયમાં વિશેષ એ છે કે, મોહનો ઉદય સ્વદર્શનના આગ્રહથી થયેલ છે, તેથી ત્યાં મિથ્યાત્વનો ઉદય પ્રધાનરૂપે છે. તેથી જ 'મૂર્તિ એ પૂજ્ય નથી' એવી તીવ્ર બુદ્ધિ લુંપાકોને થાય

છે. અને કેટલાકને તેવો સ્વદર્શનનો આગ્રહ હોતો નથી, પરંતુ પોતાના દર્શનમાં રહેલા એવા તેઓ મૂર્તિના વિષયમાં બહુ વિચાર કરનારા હોતા નથી, એ રૂપ અનાભોગ વર્તતો હોય છે; અને પોતાના દર્શનની વાતોથી મતિભ્રમ થયેલો હોય છે કે મૂર્તિ ખરેખર પૂજ્ય નથી, ત્યાં જ્ઞાનાવરણીયનો ઉદય પ્રધાનરૂપે હોય છે, અને મિથ્યાત્વનો ઉદય સહવર્તી હોય છે. તેથી જ તત્ત્વને જાણવા માટે અયત્નરૂપ ઘનપ્રમાદ ત્યાં હોય છે. તેથી જ મોહ અને ઘનપ્રમાદને મદિરા કહેલ છે. તેથી મોહમાં અને ઘનપ્રમાદમાં મિથ્યાત્વનો ઉદય અવશ્ય હોય છે. ફક્ત મોહમાં મિથ્યાત્વનો ઉદય અનિવર્તનીય એવા અસદ્ગ્રહરૂપ હોય છે, જ્યારે ઘનપ્રમાદમાં સામગ્રી મળે તો અસદ્ગ્રહ નિવર્તન પામે તેવી સંભાવના પણ રહે તેવો મિથ્યાત્વનો ઉદય હોય છે.

ટીકા :-

न चान्वयपरिसमाप्तौ अस्य विशेषणस्योपादानात् समाप्तपुनरात्तत्वदोषदुष्टत्वमत्रेति शङ्कनीयम्, सर्वोत्कृष्टत्वेन सर्वादरणीयत्वे लब्धे यदि सर्वैरादृियते, कथं न लुम्पाकैः ? इत्याशङ्कानिवारणाय एतद्विशेषणम् । ते हि मोहप्रमादोन्मत्ताः इति तदनादरेऽपि न सर्वप्रेक्षावदादरणीयत्वक्षतिः इत्युक्तदोषाभावात्, प्रकृतानुपपादकविशेषणस्य पुनरुपादाने एव तद्दोषव्यवस्थितेः, अत एव "दीधितिमधिचिन्तामणि तनुते तार्किकशिरोमणिः श्रीमान्" इत्यत्र 'श्रीमत्त्वविशेषणे न समाप्तपुनरात्तत्वम्, श्रीः=विस्तरानुगुणज्ञानसमृद्धिः, इत्यस्य प्रकृतोपपादकत्वाद्', इति समाहितं तार्किकैः । 'या सा', इत्यध्याहृत्य वाक्यं, यैर्यैः साऽवीक्षिता ते मन्दभाग्या इति ध्वनितात्पर्ये तु नानुपपत्तिलेशोऽपीति ध्येयम् ।।१।।

ટીકાર્થ :-

न चान्वय.....एतद्विशेषणम् । **અન્વયની પરિસમાપ્તિ થયે છતે આ વિશેષણનું='અનાલોકિતા' વિશેષણનું, ઉપાદાન હોવાને કારણે સમાપ્તપુનરાત્તત્વદોષરૂપ દુષ્ટપણું અહીંયાં=મૂળ શ્લોકમાં છે, એ પ્રમાણે શંકા ન કરવી. કેમ કે, સર્વોત્કૃષ્ટપણું હોવાને કારણે સર્વ આદરણીયપણું પ્રાપ્ત થયે છતે જ બધા વડે આદર કરાય છે, તો લુંપાક વડે કેમ મૂર્તિ આદર કરાતી નથી ? એ પ્રકારની શંકાના નિરાસ માટે આ વિશેષણ છે=અનાલોકિતા એ મૂર્તિનું વિશેષણ છે.**

વિશેષાર્થ :-

શ્લોકના ત્રણ પાદ સુધી વાક્યાન્વય કરવાથી એ અર્થ પ્રાપ્ત થાય છે કે, સ્ફૂર્તિવાળી જૈનેશ્વરી મૂર્તિ સદા વિજય પામે છે, અને વાક્યાન્વય પૂર્ણ થયેલો ભાસે છે. ત્યાર પછી ચોથા પાદમાં ફરી મૂર્તિનું 'અનાલોકિતા' એ વિશેષણ ઉપાદાન કરવાથી સમાપ્તપુનરાત્તત્વદોષરૂપ દુષ્ટત્વ પ્રાપ્ત થાય છે, એ પ્રકારે પૂર્વપક્ષીની આશંકા છે. તે આ રીતે -

શ્લોકના ત્રણ પાદથી આખા વાક્યાન્વયનો બોધ થઈ ગયા પછી, ફરી 'તે મૂર્તિ કેવી છે?' તે

બતાવવા અર્થે 'અનાલોકિતા' વિશેષણ આપવું, અર્થાત્ અન્વય સમાપ્ત થયા પછી ફરી વિશેષણનું ગ્રહણ કરવું, તે સમાપ્તપુનરાત્તત્વરૂપ દોષ છે, જે કાવ્યની અંદર દોષરૂપે સ્વીકારાયેલ છે. તેના નિરાકરણ માટે કહે છે કે, યદ્યપિ આકાંક્ષા પૂરી થયા પછી ફરી વિશેષણનું ઉપાદાન કરવામાં આવે ત્યારે સમાપ્તપુનરાત્તત્વ દોષ પ્રાપ્ત થાય છે, પરંતુ વાક્યાન્વય થયા પછી પણ તે વાક્યના બોધથી પ્રાપ્ત થતા અર્થમાં કોઈક આકાંક્ષા રહેતી હોય ત્યારે, તે આકાંક્ષાના નિવારણ માટે ફરી વિશેષણ મૂકવામાં આવે તો દોષ પ્રાપ્ત થતો નથી. એ રીતે પ્રસ્તુતમાં વાક્યાન્વય સમાપ્ત થવા છતાં **'विजयते'** પદથી સર્વોત્કૃષ્ટણું પ્રાપ્ત થયું, અને તેના કારણે 'મૂર્તિ સર્વ આદરણીય છે,' એ પ્રમાણે પ્રાપ્ત થયું, અને તે રીતે જો મૂર્તિ બધા વડે આદર કરાતી હોય, તો લુંપાકો વડે કેમ આદર કરાતી નથી ? આ જાતની આકાંક્ષા ત્રણ પદના વાક્યાન્વયથી સંતોષાતી નથી. તેથી એ આકાંક્ષાના નિવારણ માટે 'અનાલોકિતા' એ વિશેષણ મૂકેલ છે, તેથી દોષ નથી. કેમ કે, ત્રણ પાદથી અન્વયમાં કોઈ આકાંક્ષા બાકી ન રહેતી હોત અને ફરી મૂર્તિનું વિશેષણ મૂકવામાં આવ્યું હોય તો જ સમાપ્તપુનરાત્તત્વ દોષ પ્રાપ્ત થાત.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, મૂર્તિ વિજય પામે છે, એમ કહેવાથી મૂર્તિ સર્વોત્કૃષ્ટરૂપે વિજય પામે છે, એ અર્થ પ્રાપ્ત થયો; અને તેથી મૂર્તિ સર્વને આદરણીય છે તે પ્રાપ્ત થાય. તો પછી લુંપાક વડે કેમ આદર કરાતી નથી ? એ શંકાના નિવારણ માટે આ વિશેષણ આપેલ છે. ત્યાં પ્રશ્ન થાય કે, જો લુંપાક વડે આદર કરાતી નથી, તો તે સર્વથી આદરણીય છે એમ કેમ કહી શકાય ? તેથી કહે છે -

ટીકાર્થ :-

ते हि.....आदरणीयत्वक्षतिः **તેઓ મોહ અને પ્રમાદથી ઉન્મત્ત છે. એથી કરીને તેઓના અનાદરમાં પણ સર્વપ્રેક્ષાવાળાના આદરણીયપણાની ક્ષતિ નથી=સર્વ વિચારકોને મૂર્તિ આદરણીય છે તેમાં ક્ષતિ નથી. (તે અર્થ** 'विजयते' **પદથી દ્યોતિત થાય છે.)**

इत्युक्त.....तद्दोषव्यवस्थितेः, **આથી કરીને=પૂર્વમાં આશંકા થયેલી કે, જો મૂર્તિ સર્વને આદરણીય છે, તો લુંપાક વડે કેમ સ્વીકારાતી નથી ? તે આશંકાના નિરાકરણ માટે અનાલોકિતા વિશેષણ છે આથી કરીને, ઉક્તદોષનો અભાવ છે=સમાપ્તપુનરાત્તત્વદોષનો અભાવ છે, કેમ કે, પ્રકૃતના અનુપાદક વિશેષણના ફરી ઉપાદાનમાં જ તે દોષની વ્યવસ્થિતિ છે.**

વિશેષાર્થ :-

શ્લોકના ત્રણ પાદોથી વાક્યાન્વય સમાપ્ત થવા છતાં **'विजयते'** કહેવાથી ત્યાં આશંકા થતી હતી કે મૂર્તિ સર્વને આદરણીય છે, તો લુંપાકને કેમ નહિ ? તે આશંકાનું નિવારણ શ્લોકના ચોથા પાદથી થાય છે. પરંતુ તે આશંકાના નિવારણરૂપ જે પ્રકૃત વસ્તુ, તેને ન કહેનાર એવા વિશેષણનું ફરી ઉપાદાન કરવામાં આવે તો સમાપ્તપુનરાત્તત્વ દોષની વ્યવસ્થિતિ છે.

टीकार्थ :-

अत एव.....तान्त्रिकैः । **આથી કરીને જ=પ્રકૃતના અનુપપાદક વિશેષણના જ ફરી ઉપાદાનમાં તે દોષની વ્યવસ્થિતિ છે આથી કરીને જ, ચિંતામણિવિષયક દીધિતિને તાર્કિક શિરોમણિ શ્રીમાન વિસ્તારે છે, એવા 'શ્રીમત્ત્વ' વિશેષણમાં સમાપ્તપુનરાત્તત્વ દોષ નથી. કેમ કે શ્રી=વિસ્તારને અનુગુણજ્ઞાનસમૃદ્ધિ, એથી કરીને આનું=શ્રીમાન શબ્દનું, પ્રકૃત ઉપપાદકપણું છે, એ પ્રમાણે તાર્કિકો વડે સમાધાન કરાયું છે.**

વિશેષાર્થ :-

ચિંતામણિ ગ્રંથવિષયક દીધિતિ ટીકાને તાર્કિક શિરોમણિ વિસ્તારે છે, આટલા કથન પછી વાક્યાન્વય સમાપ્ત થાય છે. ત્યાર પછી શ્રીમાનનું વિશેષણ આપ્યું, તેથી કોઈને સમાપ્તપુનરાત્તત્વની આશંકા થાય. પરંતુ 'શ્રી' નો અર્થ 'વિસ્તારને અનુગુણ જ્ઞાનસમૃદ્ધિ' થાય છે. તેથી કોઈને પ્રશ્ન થાય કે તાર્કિક શિરોમણિ ચિંતામણિના વિષયમાં દીધિતિનો વિસ્તાર કેમ કરી શક્યા ? તે આકાંક્ષાની પૂર્તિ 'શ્રીમાન' વિશેષણથી થાય છે, તેથી સમાપ્તપુનરાત્તત્વ દોષ નથી, એ પ્રમાણે તાર્કિકોએ સમાધાન કર્યું છે.

અહીં વિશેષ એ છે કે, તાર્કિક શિરોમણિ કહેવાથી એ અર્થ પ્રાપ્ત થાય કે, દીધિતિકારની તર્ક કરવાની શક્તિ સારી છે, પરંતુ તર્કશક્તિ એ ગ્રંથના વિસ્તારને અનુકૂળ સામર્થ્યરૂપ નથી. તેથી કોઈને આકાંક્ષા થાય કે, તાર્કિક શિરોમણિ હોવા છતાં ગ્રંથનો વિસ્તાર કઈ રીતે કરી શક્યા ? તે આકાંક્ષાની તૃપ્તિ 'શ્રીમાન' વિશેષણ કહેવાથી થાય છે. કેમ કે જેમ તેઓ તાર્કિક શિરોમણિ હતા, તેમ ગ્રંથના વિસ્તારને અનુગુણ જ્ઞાનસમૃદ્ધિવાળા હતા.

ઉત્થાન :-

સમાપ્તપુનરાત્તત્ત્વદોષને ટાળવા માટે શ્લોકનો અન્વય બીજી રીતે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

या सा.....ध्येयम् ।।१।। **'યા' અને 'સા' એ પ્રકારે અધ્યાહાર કરીને વાક્ય છે. જેઓ વડે તે= મૂર્તિ, અવીક્ષિત=જોવાયેલી નથી, તે મંદભાગ્યવાળા છે. એ પ્રકારના ધ્વનિના તાત્પર્યવાળા વાક્યમાં વળી અનુપપત્તિનો લેશ પણ નથી, એ પ્રમાણે જાણવું. ।।૧।।**

વિશેષાર્થ :-

મૂળ શ્લોકની અંદર 'યા' અને 'સા'ને અધ્યાહારથી ગ્રહણ કરવાના છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, જે મૂર્તિ પૂર્વમાં બતાવેલ ગુણવાળી સદા વિજય પામે છે તે મદિરામત્ત વડે નહિ જોવાયેલી છે, અને એ પ્રમાણે અન્વયથી એ ધ્વનિ નીકળે છે કે, જે જે લોકો વડે પૂર્વમાં બતાવેલ ગુણવાળી મૂર્તિ જોવાઈ નથી તે મંદભાગ્યવાળા છે. આ રીતે અન્વય કરવાથી શ્લોકના ત્રણ પાદ દ્વારા અન્વયની સમાપ્તિ થવાને

કારણે સમાપ્તપુનરાત્તત્ત્વ દોષની જે સંભાવના હતી, તે રહેતી નથી; કેમ કે આખો શ્લોક 'या' અને 'सा' થી એકવાક્યસ્વરૂપ છે. ॥૧॥

અવતરણિકા :-

इत्येवमाद्यपद्ये प्रतिमाया निखिलप्रेक्षावदादरणीयत्वमुक्तम् । अथ तदनादरकारिणो नामादिनिक्षेपत्रयस्य भावनिक्षेपतुल्यताव्यवस्थापनद्वारेण आक्षिपन्नाह -

અવતરણિકાર્થ :-

આ રીતે=શ્લોક/૧માં વર્ણન કર્યું એ રીતે, આદ્યપદમાં પ્રતિમાનું બધા પ્રેક્ષાવાન પુરુષને આદરણીયપણું કહેવાયું. હવે તેનો=પ્રતિમાનો, અનાદર કરનારાઓને, નામાદિ નિક્ષેપત્રયનું ભાવનિક્ષેપ તુલ્યતાના વ્યવસ્થાપન દ્વારા આક્ષેપ કરતાં કહે છે -

વિશેષાર્થ :-

શ્લોક-૧ના કથન પ્રમાણે બધા વિચારકોને મૂર્તિ આદરણીય છે, આમ છતાં લુંપાકો= સ્થાનકવાસીઓ, તેનો અનાદર કરનારા છે. તેઓને નામાદિ નિક્ષેપત્રય ભાવનિક્ષેપ તુલ્ય છે, એ પ્રકારે બતાવીને આક્ષેપ કરે છે કે, જો સ્થાપના તમને માન્ય ન હોય તો ભાવનિક્ષેપ પણ માન્ય થાય નહિ; અને જો ભાવનિક્ષેપ માન્ય હોય તો સ્થાપનાનિક્ષેપ પણ માન્ય કરવો જોઈએ. આ પ્રમાણે આક્ષેપ કરતાં ગ્રંથકાર કહે છે -

શ્લોક :-

नामादित्रयमेव भावभगवत्ताद्रूप्यधीकारणम्,
शास्त्रात् स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः ।
तेनार्हत्प्रतिमामनादृतवतां भावं पुरस्कुर्वता-
मन्धानामिव दर्पणे निजमुखालोकार्थिनां का मतिः ? ।।२।।

શ્લોકાર્થ :-

શુદ્ધ હૃદયવાળા વડે શાસ્ત્રથી અને સ્વાનુભવથી ભાવભગવાનના તાદ્રૂપ્યની બુદ્ધિનું કારણ નામાદિત્રય જ વારંવાર ઈષ્ટ છે અને દૃષ્ટ છે. તે કારણથી અર્હત્ પ્રતિમાઓનો અનાદર કરનારાઓની અને ભાવને આગળ કરનારાઓની, દર્પણમાં નિજમુખ જોવાની ઇચ્છાવાળા અંધોની જેમ કઈ મતિ છે ? અર્થાત્ કોઈ મતિ નથી. ॥૨॥

ટીકા :-

नामादित्रयमित्यादिः- नामादित्रयमेव—नामादिपदस्य नामादिनिक्षेपपरत्वात्, कृदभिहित-

न्यायाद् निक्षिप्यमाणं नामादित्रयमेवेत्यर्थः । भावभगवतः=निक्षिप्यमाणभावार्हतः, तादूप्यधियः=अभेदबुद्धेः, कारणम् । शास्त्राद्=आगमप्रमाणात्, स्वानुभवाच्च=स्वप्रातिभप्रमाणाच्च, मुहुः=वारंवारम्, इष्टं दृष्टं च=शास्त्राद् इष्टम् अनुभवाच्च दृष्टमित्यर्थः । मुहुरिष्ट्या मननं मुहुर्दृष्ट्या च ध्यानमुपनिबद्धम्, तेन तत्त्वप्रतिपत्त्युपायसामग्र्यमावेदितम् । तदाह- योगाचार्यवचनानुवादी हरिभद्रसूरिः –

आगमेनानुमानेन, ध्यानाभ्यासरसेन च ।
त्रिधा प्रकल्पयन् प्रज्ञां, लभते तत्त्वमुत्तमम् ।।१।। **(योगदृष्टिसमुच्चयः–श्लोक १०१) इति ।**

टीकार्थ :–

नामादित्रयमेव ..... इत्यर्थः । આ શ્લોકમાં જે નામાદિપદ છે, તે નામાદિનિક્ષેપપર છે, અર્થાત્ જેમ ભીમસેનને 'ભીમ' પદથી કહી શકાય છે, તેમ નામાદિનિક્ષેપને શ્લોકમાં નામાદિપદથી ગ્રહણ કરેલ છે. અહીં નામાદિનિક્ષેપનો અર્થ **'कृदभिहितन्याय'** થી નિક્ષિપ્યમાણ નામાદિત્રય જ=નિક્ષેપ કરાતા એવા નામ, સ્થાપના અને દ્રવ્ય જ, એ પ્રકારે થાય છે, અને આ નામાદિત્રય નિક્ષિપ્યમાણ=નિક્ષેપ કરાતા એવા ભાવઅરિહંતની તદ્રૂપ ધીનું=અભેદબુદ્ધિનું, કારણ છે.

विशेषार्थ :–

'कृदभिहितन्यायाद् द्रव्यवत् प्रकाशते' આ પ્રકારનો ન્યાય છે, અને તે ન્યાયથી વિશેષણ હોય તે દ્રવ્યની જેમ=વિશેષ્યની જેમ, દેખાય છે. તેથી નિક્ષેપ કરાતા નામાદિત્રયમાં 'નિક્ષેપ કરાતા' એ વિશેષણ છે, આમ છતાં નામાદિનિક્ષેપ એ અર્થ 'कृदभिहितन्याय'થી પ્રાપ્ત થાય છે. કેમ કે, નિક્ષિપ્યમાણ એ વિશેષણ વિશેષ્યની જેમ પ્રકાશે છે. તેથી નિક્ષિપ્યમાણને બદલે નિક્ષેપ પ્રયોગ થાય છે. તેથી નામાદિનિક્ષેપનો અર્થ નિક્ષિપ્યમાણ નામાદિ ત્રય એ પ્રમાણે કરવો. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે નિક્ષિપ્યમાણ નામાદિત્રય એ નિક્ષિપ્યમાણ એવા ભાવઅરિહંતની અભેદબુદ્ધિનું કારણ છે.

કહેવાનો આશય એ છે કે, જે સાધક આત્મામાં ભાવઅરિહંતને સ્થાપન કરવાની ઇચ્છા કરતો હોય અને તેને અનુકૂળ અંતરંગ યત્નવાળો હોય, ત્યારે પોતાના યત્નથી તે નિક્ષિપ્યમાણ ભાવઅરિહંત બને છે; અને તેને એના ઉપાયભૂત નિક્ષિપ્યમાણ નામાદિત્રય ભાસે છે. તેથી અંતરંગ યત્નપૂર્વક અરિહંતના નામનો તે જાપ કરે છે તે વખતે, તેના ચિત્તમાં નિક્ષિપ્યમાણ એવો નામનિક્ષેપો હોય છે; અને તેને અવલંબીને ભાવઅરિહંતનું સ્વરૂપ ચિત્તમાં ઉપસાવવા તે યત્ન કરે છે, અને તેના બળથી પોતાના આત્મામાં ભાવઅરિહંત સાથે અભેદ કરવાનો તે યત્ન કરે છે. તેથી નિક્ષિપ્યમાણ એવો નામનિક્ષેપો નિક્ષિપ્યમાણ એવા ભાવઅરિહંતની અભેદબુદ્ધિનું કારણ બને છે. એ જ રીતે કોઈ સાધકને ભગવાનની મૂર્તિને જોઇને તે મૂર્તિના અવલંબનથી પોતાની બુદ્ધિમાં ભાવઅરિહંતને ઉપસાવવાનો યત્ન પ્રગટ થાય, ત્યારે તે મૂર્તિની આકૃતિ બુદ્ધિમાં નિક્ષિપ્યમાણ છે; અને પોતાને જે ભાવઅરિહંતના સ્વરૂપનું જ્ઞાન છે તેને

મૂર્તિની આકૃતિ દ્વારા બુદ્ધિમાં પ્રગટ કરવાનો જે યત્ન છે, તે નિક્ષિપ્યમાણ ભાવઅરિહંત સ્વરૂપ છે. તેનાથી પોતાનું ચિત્ત ધીરે ધીરે ભાવઅરિહંત સાથે અભેદબુદ્ધિને પામે છે, તેથી નિક્ષિપ્યમાણ સ્થાપના નિક્ષિપ્યમાણ ભાવઅરિહંતની અભેદબુદ્ધિનું કારણ બને છે. તે જ રીતે દ્રવ્યનિક્ષેપો પણ નિક્ષિપ્યમાણ ભાવઅરિહંતની અભેદબુદ્ધિનું કારણ બને છે. જેમ કે મરીચિમાં દ્રવ્યતીર્થંકરને જોઈને ભરત મહારાજાને બુદ્ધિમાં ચરમતીર્થપતિનું સ્વરૂપ ઉપસ્થિત થાય છે. આમ, તે દ્રવ્યથી ચરમતીર્થપતિના સ્વરૂપની સાથે તેમને જે અભેદબુદ્ધિ થાય છે, તેને કારણે જ તેમને ભક્તિનો અતિશય પ્રગટે છે. તેથી દ્રવ્યનિક્ષેપો ભાવઅરિહંતની અભેદબુદ્ધિનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે, જે જીવે, આ લોકોત્તમ પુરુષ અરિહંત છે, તેથી જ ચરમભવમાં તેમનું મહાસાત્ત્વિક જીવન હોય છે, તેથી જ સંસારમાં એક પણ અનુચિત પ્રવૃત્તિ વગરનું ગર્ભથી માંડીને તેમનું જીવન હોય છે, અને પ્રવ્રજ્યા પછી પણ જે પ્રકારનો દૃઢ યત્ન સંયમમાર્ગમાં હોય છે, અને કેવલજ્ઞાન પછી જે તેઓની જગત ઉપર ઉપકારકતા હોય છે, આ બધાને ઘૂંટીને આત્મસાત્ કરેલ છે; તેવો જીવ જ્યારે અરિહંતપદનું સ્મરણ કરે છે કે અરિહંતપદનો જાપ કરે છે ત્યારે, તે અરિહંતપદથી તેવી લોકોત્તમ વ્યક્તિ તેની બુદ્ધિમાં ઉપસ્થિત થાય છે. તેથી અરિહંતપદના જાપકાળમાં અત્યંત બહુમાનની પરિણતિ તેના ચિત્તમાં ઉલ્લસિત થતી હોય છે. યદ્યપિ જાપકાળમાં શબ્દોથી તેવી લોકોત્તમ વ્યક્તિનું સ્વરૂપ તે વિચારતો નથી, તો પણ તે જાપકાળમાં નિક્ષિપ્યમાણ એવી તે લોકોત્તમ વ્યક્તિ સાથે તે શબ્દોથી અભેદબુદ્ધિ તેના ચિત્તમાં થયા કરે છે. તેથી તે શબ્દ દ્વારા તેવા ઉત્તમ પુરુષનું જ સ્મરણ થતું હોય તેવા ભાવથી તેનું ચિત્ત ઉપરંજિત હોવાને કારણે, ધીરે ધીરે તેવા સ્વરૂપવાળા વીતરાગ પ્રત્યે તેનો આત્મા અભિમુખ અભિમુખતર ભાવવાળો થતો જાય છે. તેથી તેની ચિત્તવૃત્તિ અધિક અધિક ઉપશાંત પરિણામવાળી તે અરિહંતના નામના જાપથી થાય છે, તેમ સ્થાપના અને દ્રવ્યનિક્ષેપની સહાયથી અધિકતર પણ થઈ શકે છે.

ટીકાર્થ :-

શાસ્ત્રાદ્.....ધ્યાનમુપનિબદ્ધમ્, શાસ્ત્રથી=આગમપ્રમાણથી, અને સ્વાનુભવથી=સ્વપ્રાતિભ-પ્રમાણથી, વારંવાર ઇષ્ટ છે અને દૃષ્ટ છે. (અહીં શાસ્ત્ર અને અનુભવને ઇષ્ટ અને દૃષ્ટ સાથે જોડતાં બતાવે છે કે,) શાસ્ત્રથી ઇષ્ટ છે અને અનુભવથી દૃષ્ટ છે, એ પ્રકારનો અર્થ છે. (અને તેનાથી ફલિતાર્થ બતાવે છે કે,) વારંવાર ઇષ્ટિથી=શાસ્ત્રથી, મનન કરવું જોઈએ અને વારંવાર દૃષ્ટિથી= સ્વાનુભવથી, ધ્યાન ઉપનિબદ્ધ કરવું જોઈએ.

વિશેષાર્થ :-

પૂર્વમાં કહ્યું કે, નિક્ષિપ્યમાણ નામાદિત્રય એ નિક્ષિપ્યમાણ ભાવઅરિહંતની અભેદબુદ્ધિનું કારણ છે, તે વાત શાસ્ત્રપ્રમાણથી ઇષ્ટ છે=શાસ્ત્રપ્રમાણથી માન્ય છે, અને વિચારકને અનુભવથી અનુભૂત છે. એમ બતાવીને એના ધ્વનિરૂપે એ કહેવું છે કે, વારંવાર શાસ્ત્રથી મનન કરવું જોઈએ કે, નામાદિત્રય એ ભાવઅરિહંતની અભેદબુદ્ધિનું કારણ છે; અને તે રીતે શાસ્ત્રથી મનન કરવાને કારણે શાસ્ત્રાનુસારી

નામાદિમાં યત્ન થાય છે, અને તેમ કરવાથી પોતાના અનુભવથી એ પ્રકારનું ધ્યાન ઉપનિબદ્ધ થાય છે= ધ્યાન પ્રગટ થાય છે, જેથી પોતાના અનુભવથી જ તે વ્યક્તિ જોઈ શકે છે કે, હું નામાદિ ત્રણમાં યત્ન કરું છું ત્યારે, મારા હૈયામાં ભાવઅરિહંતની અભેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી મારું ચિત્ત પવિત્ર બને છે.

✪ ટીકામાં 'स्वानुभावात्'નો અર્થ કર્યો કે 'स्वप्रातिभप्रामाण्यात्' ત્યાં કેવલજ્ઞાનના કારણભૂત પ્રાતિભજ્ઞાન ગ્રહણ કરવાનું નથી, કેમ કે, તે પ્રાતિભજ્ઞાન તો શ્રેણિકાળવર્તી હોય છે. પરંતુ સ્વાનુભવજ્ઞાન એ પ્રાતિભજ્ઞાનરૂપ છે એ અર્થને બતાવવા 'स्वानुभावात्'નો અર્થ 'स्वप्रातिभप्रामाण्यात्' કરેલ છે.

આશય એ છે કે જીવની મતિની જે પ્રતિભા તે પ્રાતિભજ્ઞાન છે, અને તે યથાર્થજ્ઞાન હોવાને કારણે પ્રમાણરૂપ છે અને તે અનુભવસ્વરૂપ છે, અર્થાત્ જે સાધક વારંવાર નામાદિત્રયના નિક્ષેપ માટે યત્ન કરતો હોય, અને તેના અવલંબનથી ચિત્તમાં ભાવઅરિહંતના નિક્ષેપ માટે યત્ન કરતો હોય, ત્યારે ભાવઅરિહંતની સાથે અભેદબુદ્ધિવાળું ચિત્ત બને છે=ચિત્તમાં નિક્ષિપ્યમાણ એવા ભાવઅરિહંતની સાથે નિક્ષિપ્યમાણ એવા નામાદિનું અભેદરૂપે સંવેદન થાય છે, અને તે સંવેદન અંતરંગ દૃઢ યત્નરૂપ ધ્યાનને કારણે થાય છે, અને તે અનુભવ જ પ્રાતિભપ્રમાણરૂપ છે.

ટીકાર્થ :-

तेन.....आवेदितम् । તેનાથી=વારંવાર શાસ્ત્રથી મનન કરવું અને સ્વાનુભવથી ધ્યાન ઉપનિબદ્ધ કરવું તેનાથી, તત્ત્વની પ્રતિપત્તિના ઉપાયનું સામગ્ર્ય આવેદિત થાય છે=જણાય છે.

વિશેષાર્થ :-

જીવને, મોક્ષને અનુકૂળ એવા ઉત્તમ ભાવરૂપ એવા તત્ત્વની પ્રાપ્તિના ઉપાયભૂત આગમ અને અનુભવ એ સમગ્ર અંગસ્વરૂપ છે એ પ્રમાણે જણાય છે. પરંતુ જે ફક્ત આગમ દ્વારા જ તેને જાણે છે, પરંતુ સ્વાનુભવ સાથે તે પ્રકારે જોડવા પ્રયત્ન કરતો નથી, તેને તત્ત્વની પ્રાપ્તિ થતી નથી; અને આગમનિરપેક્ષ સ્વમતિ પ્રમાણે તત્ત્વની પ્રાપ્તિમાં યત્ન કરે છે, તેને પણ તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. પરંતુ તત્ત્વપ્રાપ્તિનો ઉપાય ઉભયસ્વરૂપ છે, એ પ્રમાણે જણાય છે.

ટીકાર્થ :-

तदाह.....हरिभद्रसूरिः - અને તે યોગાચાર્ય પાતંજલઋષિના વચનનો અનુવાદ કરનાર પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ કહે છે -

आगमेन.....इति । આગમ દ્વારા, અનુમાન દ્વારા અને ધ્યાનાભ્યાસના રસ વડે ત્રણ પ્રકારે પ્રજ્ઞાને વિસ્તારતો=પ્રજ્ઞાને પ્રવર્તાવતો, ઉત્તમ તત્ત્વને પામે છે.

વિશેષાર્થ :-

યદ્યપિ પૂર્વમાં શાસ્ત્ર અને સ્વાનુભવ એ બે જ ગ્રહણ કરેલ, તેથી આગમ અને ધ્યાન એ બેની

પ્રાપ્તિ થાય, પણ પ્રસ્તુત સાક્ષીમાં અનુમાન અધિક છે. તેનું તાત્પર્ય એ છે કે, આગમને યુક્તિપૂર્વક જે વિચારે છે, તેમાં આગમાનુસારી અનુમાનનો અંતર્ભાવ થાય છે, અને તે જ અનુમાનને સાક્ષીપાઠમાં અનુમાન શબ્દથી જુદો કરેલ છે. તેથી જે વ્યક્તિ પ્રથમ આગમ દ્વારા પદાર્થનો નિર્ણય કરે, પછી તેને યુક્તિદ્વારા યોજે અને તે જ પ્રમાણે અંતરંગ યત્ન કરે ત્યારે ધ્યાનનો અભ્યાસ થાય. અને તે પ્રકારે પ્રયત્ન કરવાથી વીતરાગતાને અનુકૂળ એવા ઉત્તમ તત્ત્વને પ્રાપ્ત કરે છે.

ટીકા :-

तेन भावनिक्षेपाध्यात्मोपनायकत्वेन नामादिनिक्षेपत्रयस्य, अर्हत्प्रतिमां स्थापनानिक्षेप-स्वरूपत्वेनाऽनादृतवतां भावं=भावनिक्षेपं, पुरस्कुर्वतां=वाङ्मात्रेण प्रमाणयतां, दर्पणे निजमुखा-लोकार्थिनामन्धानामिव का मतिः? न काचिदित्यर्थः । निक्षेपत्रयाऽनादरे भावोल्लासस्यैव कर्तुमशक्यत्वात् ।

ટીકાર્થ :-

तेन भावनिक्षेप.....कर्तुमशक्यत्वात् । **તે કારણથી=પૂર્વમાં કહ્યું કે નિક્ષિપ્યમાણ એવા નામાદિત્રય નિક્ષિપ્યમાણ એવા ભાવઅરિહંતની સાથે અભેદબુદ્ધિનું કારણ છે તે કારણથી, નામાદિ નિક્ષેપત્રયનું ભાવનિક્ષેપરૂપ અધ્યાત્મનું ઉપનાયકપણું હોવાથી, દર્પણમાં પોતાનું મુખ જોવાના અર્થી એવા આંધળાઓની જેમ, સ્થાપનાનિક્ષેપસ્વરૂપે અરિહંતની પ્રતિમાને અનાદર કરનારાઓની અને ભાવનિક્ષેપાને આગળ કરનારાઓની=પ્રમાણ માનનારાઓની, કઈ મતિ છે? અર્થાત્ કોઈ મતિ નથી. કેમ કે નિક્ષેપત્રયના અનાદરમાં ભાવોલ્લાસનું જ કરવા માટે અશક્યપણું છે.**

વિશેષાર્થ :-

અરિહંતની પ્રતિમા સ્થાપના નિક્ષેપે હોવાને કારણે અરિહંતની પ્રતિમાઓનો અનાદર કરનાર એવો લુંપાક, વાણીમાત્રથી ભાવનિક્ષેપાને પ્રમાણ કરે છે, તેની મતિ દર્પણમાં પોતાના મુખને જોવાના અર્થી એવા આંધળાઓના જેવી અવિચારક છે. કેમ કે નામાદિનિક્ષેપત્રયનું ભાવનિક્ષેપારૂપ અધ્યાત્મની પ્રાપ્તિનું કારણપણું છે. તેથી નિક્ષેપત્રયનો અનાદર કરવામાં આવે તો ભાવોલ્લાસ જ કરવો અશક્ય છે. તેથી આંધળાઓ પોતાના મુખને જોવા માટે દર્પણમાં યત્ન કરે છે તે તેમનો વિપર્યાસ છે=ચક્ષુ વગર જેમ આંધળો દર્પણમાં મુખ જોઈ શકે નહિ, તેમ આત્મા પણ નામાદિત્રય નિક્ષેપના અવલંબન વગર ભાવોલ્લાસ જ કરી શકે નહિ. તેથી દર્પણસ્થાનીય એવા ભાવોલ્લાસમાં ચક્ષુસ્થાનીય નામાદિત્રયના અવલંબનથી જ યત્ન થઈ શકે. માટે નામાદિત્રયથી નિરપેક્ષ રીતે ભાવમાં યત્ન થવો અસંભવિત છે.

યદ્યપિ કોઈ જીવને ક્યારેક નામ કે સ્થાપનાના અવલંબન વગર પણ સારા ભાવો થતા હોય છે એવું સ્થૂલ દૃષ્ટિથી દેખાય, પરંતુ પરમાત્માના કોઇપણ ગુણને જોવા માટે જે શબ્દનું અવલંબન લેવામાં

આવે તે નામરૂપ જ છે. તેથી તે ગુણવાચક નામના બળથી ગુણની ઉપસ્થિતિ થઇ શકે છે, અને તો જ ભાવોલ્લાસ થઈ શકે, તેથી નામનિક્ષેપો અવશ્ય માનવો પડે. અને પુદ્ગલાત્મક એવું નામ પણ જો ભાવોલ્લાસનું કારણ બની શકે છે, તો પુદ્ગલાત્મક એવી ભગવાનની મૂર્તિ પરમાત્માની આકૃતિને દ્યોતન કરનાર હોવાથી અવશ્ય ભાવોલ્લાસનું કારણ માનવી પડે. તેથી સ્થાપનાનિક્ષેપનો અનાદર કરવો એ બુદ્ધિના વિપર્યાસરૂપ છે.

ટીકા :-

शास्त्र इव नामादित्रये हृदयस्थिते सति भगवान् पुर इव परिस्फुरति हृदयमिवानुप्रविशति, मधुरालापमिवानुवदति, सर्वाङ्गीणमिवाऽनुभवति तन्मयीभावमिवापद्यते । तेन च सर्वकल्याण-सिद्धिः । तदाह –

अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसंसिद्धिः ।।१।।
चिन्तामणिः परोऽसौ, तेनेयं भवति स्म शमरसापत्तिः।
सैवेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता ।।२।। - (षोडशक-२/१४/१५) इति

ટીકાર્થ :-

शास्त्र इव... सिद्धिः । શાસ્ત્રની જેમ નામાદિત્રય હૃદયમાં સ્થિર થયે છતે, ભગવાન જાણે આગળ પરિસ્ફુરણ થાય છે, જાણે હૃદયમાં અનુપ્રવેશ પામે છે, જાણે મધુર આલાપ કરે છે, જાણે ભગવાન સર્વાંગીણની જેમ=અંગાંગીભાવરૂપે, અનુભવાય છે અને જાણે તન્મયભાવને પામે છે, અને તેનાથી સર્વ કલ્યાણની સિદ્ધિ થાય છે.

વિશેષાર્થ :-

જે જીવને શાસ્ત્ર હૃદયમાં હોય છે, તે જીવને દરેક પ્રવૃત્તિમાં શાસ્ત્ર પ્રમાણે ચાલવાની તીવ્ર મનોવૃત્તિ હોય છે. આમ છતાં, સત્ત્વની અલ્પતા હોય તો સર્વથા શાસ્ત્ર પ્રમાણે પ્રવૃત્તિ ન થાય તો પણ, પ્રીતિ-ભક્તિ આદિ અનુષ્ઠાન તેને થાય છે, અને તે વખતે દરેક પ્રવૃત્તિમાં શાસ્ત્રને આગળ કરવાની તેને વૃત્તિ હોય છે. તેથી વારંવાર 'ભગવાનની આજ્ઞા આ પ્રમાણે જ છે,' તે પ્રકારની વિચારણાઓ તેને આવ્યા કરે છે. તેથી ભગવાન તેની આગળ પરિસ્ફુરણ થતા હોય છે. તે જ રીતે નામાદિત્રયનું હૃદયમાં જે જીવ સ્થાપન કરે છે, તેની આગળ ભગવાન જાણે પરિસ્ફુરણ થાય છે=નિક્ષિપ્યમાણ એવા નામાદિત્રયની અંદર જ્યારે જીવનો યત્ન વર્તતો હોય, ત્યારે અંતર્ચક્ષુથી પુરોવર્તી ફક્ત નામાદિનું દર્શન કે સ્મરણ થતું નથી, પરંતુ જાણે સાક્ષાત્ પરમાત્માનું દર્શન કે સ્મરણ થાય છે તેવો અનુભવ થાય છે. ત્યાર પછી તે ભાવ જ્યારે અતિશયવાળો થાય છે ત્યારે હૃદયમાં ભગવાન પ્રવેશે છે.

અહીં જ્યારે ભગવાન તેની આગળ પરિસ્ફુરણ થાય છે, ત્યારે, જીવને ભગવાન પ્રત્યેનો પ્રીતિનો અતિશય હોય છે, ત્યારે પ્રાયઃ પ્રીતિઅનુષ્ઠાન બને છે. અને પછી ભગવાનના ગુણોનું અતિશય દર્શન થવાથી તે ગુણો પ્રત્યે અત્યંત પૂજ્યભાવ થાય છે, તેના કારણે ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિભાવ ઉત્પન્ન થાય છે, જે પ્રાયઃ ભક્તિઅનુષ્ઠાન સ્વરૂપ છે. અને ત્યારે જાણે ભગવાન હૈયામાં પ્રવેશ પામેલા ન હોય તેવો ભાસ થાય છે=હૈયામાં ભગવાનના ગુણોનું અત્યંત મહત્ત્વ વર્તતું હોય છે, તેથી એવા ગુણસ્વરૂપે ભગવાન હૈયામાં જ જાણે પ્રવેશ પામેલા ન હોય તે સ્વરૂપે દેખાય છે, અને પછી જાણે ભગવાન પોતાની સાથે મધુર આલાપ કરતા હોય એવું તેને ભાસે છે. અને આ બંને ભૂમિકાઓ પ્રાયઃ ભક્તિઅનુષ્ઠાનની છે; કેમ કે ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય ત્યારે જ થાય છે, કે જેમનું ચિત્ત ભગવાનના ગુણોથી અત્યંત ઉપરંજિત હોય છે. તેથી જ તે ભગવાનના સ્વરૂપનું ભક્તિપૂર્વક અવલોકન કરતો હોય છે ત્યારે, વીતરાગતાને અનુકૂળ અનેક પ્રકારના સૂક્ષ્મ ભાવોનો ક્ષયોપશમ તેને થાય છે, અને તે જાણે ભગવાન જ તેને કહી રહ્યા છે, તે પ્રકારનો અનુભવ તેને થાય છે; અને ત્યારપછી ભગવાને જાણે તેને આશ્લેષ કર્યો ન હોય તે રીતે અનુભવ થાય છે. આ અવસ્થા પ્રાયઃ વચનાનુષ્ઠાનની છે. ભગવાનના વચનાનુસાર સર્વ પ્રવૃત્તિઓ થાય તે ભગવાનની સાથે આશ્લેષસ્વરૂપ છે. અને ત્યારપછી ભગવાનની સાથે તન્મયભાવને તે પ્રાપ્ત કરે છે, જે પ્રાયઃ સમાપત્તિસ્વરૂપ અસંગભાવવાળી અવસ્થા છે. અને ત્યારે જીવનો ઉપયોગ વીતરાગભાવસ્વરૂપ જ સ્ફુરણ થતો હોય છે, તેથી જ વીતરાગ સાથે તન્મયભાવવાળો તે ઉપયોગ છે. તેથી સર્વકલ્યાણની સિદ્ધિ થાય છે; અર્થાત્ આ રીતે તન્મયભાવની અવસ્થા પ્રાપ્ત થાય છે, તેથી સર્વ કલ્યાણ થાય છે.

અહીં પ્રીતિ આદિ ચાર અનુષ્ઠાન સાથે જે યોજન કર્યું તે સ્વબુદ્ધિ અનુસાર પ્રયત્નરૂપ છે. તત્ત્વ બહુશ્રુતો જાણે.

ટીકાર્થ :-

तदाह - તે કહે છે=શાસ્ત્રની જેમ નામાદિત્રય હૃદયમાં હોતે છતે ભગવાન હૃદયમાં આવે છે, અને તેનાથી સર્વકલ્યાણની સિદ્ધિ થાય છે તે કહે છે -

'अस्मिन् हृदयस्थे..... प्रोक्ता ।।' આ હૃદયમાં હોતે છતે=શાસ્ત્ર હૃદયમાં હોતે છતે, તત્ત્વથી મુનીન્દ્ર હૃદયમાં આવે છે, અને મુનીન્દ્ર હૃદયમાં હોતે છતે નિયમથી સર્વ અર્થની સંસિદ્ધિ છે. અને આ= મુનીન્દ્ર, પર=શ્રેષ્ઠ, ચિંતામણિ છે, તેની સાથે આ શમરસાપત્તિ થાય છે, અને તે જ=શમરસાપત્તિ જ, અહીંયાં=શાસ્ત્રમાં, નિર્વાણફળને આપનારી યોગીની માતા કહેવાયેલી છે.

વિશેષાર્થ :-

અહીં 'યોગી' શબ્દથી સમ્યક્ત્વાદિગુણયુક્ત પુરુષ ગ્રહણ કરવાનો છે, અને શમરસાપત્તિથી અસંગાનુષ્ઠાન ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, અસંગાનુષ્ઠાનના કાળમાં વર્તતો શમરસનો

પરિણામ સમ્યક્ત્વાદિગુણરૂપ પુરુષની માતા છે. યદ્યપિ સમ્યક્ત્વાદિગુણો અસંગાનુષ્ઠાનની પૂર્વમાં જ આવી જાય છે, તેથી શમરસાપત્તિ તેવા પુરુષની માતા કહી શકાય નહિ; પરંતુ અસંગાનુષ્ઠાનના કાળમાં વર્તતી શમરસાપત્તિ એ વિશિષ્ટ પ્રકારના સમ્યક્ત્વાદિગુણવાળા પુરુષને પેદા કરે છે, જે ક્ષાયિક ભાવવાળા કે ક્ષાયિક ભાવને અતિ આસન્ન એવા સમ્યક્ત્વાદિગુણો છે; અને તેવા ગુણવાળો પુરુષ શમરસાપત્તિને કારણે થાય છે, તેથી તે યોગીની માતા કહેવાય છે.

ટીકા :-

तत् कथं निक्षेपत्रयादरं विना भावनिक्षेपादरः ? भावोल्लासस्य तदधीनत्वात् । न च नैसर्गिक एव भावोल्लास इत्येकान्तोऽस्ति जैनमते, तथा सति सर्वव्यवहारोच्छेदप्रसङ्गादिति स्मर्तव्यम् ।

ટીકાર્થ :-

तत् कथं.....तदधीनत्वात् । તે કારણથી=શાસ્ત્રની જેમ નામાદિત્રય હૃદયમાં હોતે છતે યાવત્ સર્વકલ્યાણની સિદ્ધિ થાય છે તે, કારણથી, નિક્ષેપત્રયના આદર વગર કઈ રીતે ભાવનિક્ષેપનો આદર થઈ શકે ?=ભાવનિક્ષેપની પ્રાપ્તિ થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે, કેમ કે ભાવોલ્લાસનું તદ્અધીનપણું છે=નિક્ષિપ્યમાણ એવા નામાદિત્રયને અધીનપણું છે.

ઉત્થાન :-

અહીં કોઈ કહે છે કે, નિક્ષેપત્રય વગર પણ નૈસર્ગિક જ ભાવોલ્લાસ થઇ શકશે, તેથી ત્રણ નિક્ષેપાને અમે માનતા નથી. તો કહે છે -

ટીકાર્થ :-

न च नैसर्गिक.....स्मर्तव्यम् । નૈસર્ગિક જ ભાવોલ્લાસ છે એ પ્રમાણે જૈનમતમાં એકાંત નથી, કેમ કે તેમ હોતે છતે સર્વ વ્યવહારના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થાય, એ પ્રમાણે સમજવું.

વિશેષાર્થ :-

ક્વચિત્ મરુદેવાની જેમ નિક્ષેપત્રય વગર નૈસર્ગિક ભાવોલ્લાસ થઈ શકે, તો પણ જૈનમતમાં એવો એકાંત નથી કે ભાવોલ્લાસ નૈસર્ગિક જ થાય; પરંતુ અનેકાંત છે કે બહુલતયા નિક્ષેપત્રયના બળથી ભાવોલ્લાસ થાય છે, જ્યારે કોઇકને જ કોઇક વખતે નૈસર્ગિક ભાવોલ્લાસ થાય છે. આથી જ સદ્ધર્માનુષ્ઠાનરૂપ સર્વ શાસ્ત્રીયવ્યવહાર, જીવના હિત અર્થે બતાવાયેલ છે જે ભાવોલ્લાસના કારણરૂપ છે; પરંતુ નૈસર્ગિક જ ભાવોલ્લાસ થતો હોય તો સર્વઆચરણારૂપ વ્યવહાર નહિ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

ટીકા :-

अत्र निरुक्तविशेषणविशिष्टेषु लुम्पाकेषु निरुक्तविशेषणविशिष्टान्धरूपोत्प्रेक्षा कल्पितोपमानमादाय उपमा वेति यथौचित्येन योजनीयं तत्तदलङ्कारग्रन्थनिपुणैः ।

ટીકાર્થ :-

अत्र निरुक्त.....ग्रन्थनिपुणैः । અહીંયાં=પ્રસ્તુત શ્લોકમાં, નિરુક્તવિશેષણથી વિશિષ્ટ એવા લુંપાકોમાં નિરુક્તવિશેષણવિશિષ્ટ એવા અંધરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર છે, અથવા કલ્પિત ઉપમાને ગ્રહણ કરીને ઉપમા અલંકાર છે, એ પ્રમાણે તે તે અલંકારગ્રંથોમાં નિપુણ એવી વ્યક્તિઓ વડે યથૌચિત્યથી યોજવું.

વિશેષાર્થ :-

શ્લોક-૨માં લુંપાકનાં બે વિશેષણો બતાવ્યાં કે, અરિહંતની પ્રતિમાને નહિ સ્વીકારનારા અને ભાવને આગળ કરનારા એ રૂપ બે વિશેષણોથી વિશિષ્ટ એવા લુંપાકોમાં, દર્પણમાં પોતાના મુખને જોવાના અર્થીરૂપ નિરુક્ત વિશેષણથી વિશિષ્ટ એવા અંધરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર છે. કેમ કે અંધ માણસો ક્યારેય પણ દર્પણમાં મુખ જોવાનો પ્રયત્ન કરતા નથી. છતાં ઉત્પ્રેક્ષા અલંકારથી એ કહેવું છે કે જાણે તેના જેવી ચેષ્ટા લુંપાક કરતો ન હોય ! અથવા કોઈ અંધ માણસ દર્પણમાં મુખ જોવા યત્ન કરતો નથી, છતાં કોઇ જોવા માટે યત્ન કરે છે, એ પ્રકારની કલ્પિત ઉપમાને ગ્રહણ કરીને ઉપમા અલંકાર છે, એ પ્રમાણે જોડવું.

ટીકા :-

स्यादेतत्, भावार्हद्दर्शनं यथा भव्यानां स्वगतफलं प्रति अव्यभिचारि तथा न निक्षेपत्रयप्रतिपत्तिरिति तदनादर इति । मैवम्, स्वगतफले स्वव्यतिरिक्तभावनिक्षेपस्यापि अव्यभिचारित्वाभावात् । न हि भावार्हन्तं दृष्ट्वाऽभव्या भव्या वा प्रतिबुध्यन्त इति, स्वगतभावोल्लासनिमित्तभावस्तु निक्षेपचतुष्टयेऽपि तुल्य इति ।

ટીકાર્થ :-

स्यादेतत्,.....तदनादर इति ।અહીં ગ્રંથકાર કહે છે કે, પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે ભાવઅરિહંતનું દર્શન જે પ્રકારે ભવ્યોના સ્વગતફળ પ્રતિ અવ્યભિચારી છે, તે પ્રકારે નિક્ષેપત્રયની પ્રતિપત્તિ=સ્વીકાર, નથી. એથી કરીને તેનો અનાદર=નિક્ષેપત્રયનો અનાદર, છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને કહેવાનું તાત્પર્ય એ છે કે, ભાવઅરિહંતનું દર્શન પણ અભવ્યને નિષ્ફળ જાય છે, પરંતુ

ભવ્યોને અવશ્ય ફળ આપનારું હોય છે. તેથી ભવ્યો જ્યારે ભાવઅરિહંતને જુએ છે ત્યારે તેમના દર્શનકૃત થયેલા પરિણામને કારણે નિર્જરાદિરૂપ સ્વગતફળ અવશ્ય થાય છે. તેથી તે રૂપ ફળ પ્રત્યે ભગવાનનું દર્શન અવ્યભિચારી છે. જ્યારે કોઇ ભવ્ય જીવ પણ ભગવાનના નામનો જાપ કરતો હોય કે ભગવાનની મૂર્તિનાં દર્શન કરતો હોય કે પૂર્વ અવસ્થામાં રહેલ દ્રવ્યનિક્ષેપારૂપ તીર્થંકરના જીવોને ચક્ષુથી જોતો હોય, ત્યારે પણ જો ભાવ ન થાય તો સ્વગતફલરૂપ નિર્જરા તેને પ્રાપ્ત થાય નહિ. તેથી અમે નિક્ષેપત્રયનો અનાદર કરીએ છીએ. કેમ કે કાર્યાર્થીએ અવ્યભિચારી હેતુમાં જ યત્ન કરવો ઉચિત ગણાય.

અહીં વિશેષ એ છે કે, સામાન્ય રીતે ભવ્યજીવોને સાક્ષાત્ ભાવઅરિહંતનું દર્શન ભાવોલ્લાસ પ્રત્યે જે રીતે કારણ બને છે, તેવા નામાદિ ત્રણ નિક્ષેપ બનતા નથી તેવો અનુભવ છે. તેથી જ ભગવાનની મૂર્તિનાં દર્શન કરનારને પણ સાક્ષાત્ ભગવાનનું દર્શન થાય અને જેવો ભાવ પ્રગટે તેવો ભાવ પ્રગટવો દુષ્કર હોય છે. તેને સામે રાખીને જ પૂર્વપક્ષીએ ભાવનિક્ષેપાને અવ્યભિચારી કહીને આદરણીય કહેલ છે.

ટીકાર્થ :-

मैवम्, स्वगतफले.....अभावात् । પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું. કેમ કે સ્વગતફળમાં=ભાવનિક્ષેપાને અવલંબીને થનારા ભવ્યજીવને સ્વગત-નિર્જરાદિરૂપ ફળમાં, સ્વથી વ્યતિરિક્ત=ભિન્ન, એવાં ભાવનિક્ષેપનો(માં) પણ અવ્યભિચારિત્વનો અભાવ છે.

વિશેષાર્થ :-

સાક્ષાત્ ભાવઅરિહંત એ સ્વથી વ્યતિરિક્ત=ભિન્ન, ભાવનિક્ષેપારૂપ છે, જ્યારે પોતાના હૈયામાં પેદા થતો વીતરાગભાવ એ સ્વગત ભાવનિક્ષેપો છે; અને સ્વગતફળની નિષ્પત્તિમાં સ્વથી વ્યતિરિક્ત એવા ભાવઅરિહંતના દર્શનરૂપ ભાવનિક્ષેપો પણ અવ્યભિચારી નથી=વ્યભિચારી છે. આથી જ ગૌતમસ્વામીથી પ્રતિબોધ પામનાર એવો હાલિક ભગવાનને જોઈને દ્વેષબુદ્ધિવાળો થાય છે, માટે ભાવનિક્ષેપો અવ્યભિચારી છે એ કથન અસંગત છે.

યદ્યપિ નામાદિત્રય નિક્ષેપ કરતાં સાક્ષાત્ ભાવઅરિહંતનું દર્શન ભાવોલ્લાસનું કારણ વિશેષ બને તે સંભવિત છે, તો પણ ફળનો અર્થી સાક્ષાત્ ભાવઅરિહંત ઉપલબ્ધ હોય ત્યારે તેમનું અવલંબન ગ્રહણ કરે તે ઉચિત છે; પરંતુ ભાવઅરિહંતનો વિરહ હોય કે તેમની પ્રાપ્તિ હોવા છતાં ક્ષેત્રાદિથી ભાવઅરિહંત દૂર હોય, અને જ્યારે તેમનું અવલંબન અશક્ય બને, ત્યારે નામાદિનું અવલંબન લઇને યત્ન કરે તે હિતાવહ છે. ક્વચિત્ સાક્ષાત્ ભાવઅરિહંતથી જેવો ભાવ ન થાય તેવો ભાવ નામાદિનિક્ષેપાના બળથી ઉત્કર્ષવાળો થાય, તો અધિક નિર્જરાનું કારણ બને. આમ છતાં, બહુલતાએ નામાદિ ચાર નિક્ષેપાઓ પરસ્પર પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરના વિશિષ્ટ ભાવોલ્લાસનું કારણ બને છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે સ્વગતફળમાં સ્વવ્યતિરિક્ત ભાવનિક્ષેપાનો પણ અવ્યભિચારિપણાનો અભાવ છે, તે જ વાતની પુષ્ટિ કરતાં કહે છે -

ટીકાર્થ :-

ન હિ.....તુલ્ય ઇતિ । ભાવઅરિહંતને જોઈને અભવ્યો કે ભવ્યો પ્રતિબોધ પામે છે, એવું નથી; એથી કરીને=ચારે નિક્ષેપાઓ એકાંતે સ્વગતફળજનક નથી, એથી કરીને, સ્વગત ભાવોલ્લાસનો નિમિત્તભાવ વળી નિક્ષેપચતુષ્ટયમાં પણ તુલ્ય છે.

વિશેષાર્થ :-

ભાવઅરિહંતને જોઈને અભવ્યો પ્રતિબોધ પામતા નથી, અને ભવ્યો પણ હળુકર્મી હોય તો પ્રતિબોધ પામે છે; પરંતુ ભવ્યમાત્ર પ્રતિબોધ પામે જ એવો નિયમ નથી. એથી કરીને=નામાદિ ત્રણ નિક્ષેપાની જેમ સ્વવ્યતિરિક્ત ભાવનિક્ષેપો પણ સ્વગતફળ પ્રત્યે અનૈકાંતિક છે, એથી કરીને, ચારેય નિક્ષેપામાં પણ સ્વગત ભાવોલ્લાસનો નિમિત્તભાવ સમાન છે=પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરના નિક્ષેપાઓ બહુલતાએ બલવાન નિમિત્ત હોવા છતાં નિમિત્તભાવરૂપે ચારેય નિક્ષેપા સમાન છે.

ટીકા :-

एतेन स्वगताध्यात्मोपनायकतागुणेन वन्द्यत्वमपि चतुष्टयविशिष्टमित्युक्तं भवति । शिरश्चरणसंयोगरूपं हि वन्दनं भावभगवतोऽपि शरीर एव सम्भवति ।

ટીકાર્થ :-

एतेन स्वगत.....एव सम्भवति । **આનાથી=નિક્ષેપચતુષ્ટયમાં સ્વગત ભાવોલ્લાસનો નિમિત્તભાવ સમાન છે એનાથી, સ્વગત અધ્યાત્મઉપનાયકતા ગુણ વડે વંદ્યત્વ પણ ચતુષ્ટયવિશિષ્ટ છે, એ પ્રમાણે કહેવાયેલું થાય છે. કેમ કે શિર-ચરણના સંયોગરૂપ વંદન, ભાવભગવાનને પણ શરીરમાં જ સંભવે છે. (અને તે શરીર સ્થાપનાનિક્ષેપરૂપ છે.)**

✪ **'वन्द्यत्वमपि'** - અહીં **'अपि'** થી એ કહેવું છે કે, નિક્ષેપચતુષ્ટયમાં નિમિત્તભાવ તો તુલ્ય છે, પરંતુ વંદ્યત્વ પણ ચતુષ્ટયવિશિષ્ટ છે.

વિશેષાર્થ :-

ચારેય નિક્ષેપા ભાવોલ્લાસમાં નિમિત્તભાવરૂપ છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, ભગવાનનું વંદ્યપણું ફક્ત ભાવઅરિહંતરૂપ ભાવનિક્ષેપામાં નથી, પરંતુ ભગવાનમાં વર્તતા નામાદિ ચારેય નિક્ષેપામાં વંદ્યપણું છે. કેમ કે ચારેય નિક્ષેપાઓ સ્વગત અધ્યાત્મઉપનાયકતા ગુણવાળા છે, તેથી જ તે ચારેય વંદ્ય

છે=વંદન કરનારમાં વ્યક્તિગત જે વીતરાગભાવના બહુમાનરૂપ જે અધ્યાત્મ છે, એના ઉપનાયક ભગવાન છે; તેથી સ્વગત અધ્યાત્મઉપનાયકતા ગુણ ભગવાનમાં છે, અને સ્વગત અધ્યાત્મઉપનાયકતા ગુણ વડે ભગવાનનું વંદ્યપણું છે; પરંતુ તે વંદ્યપણું ચતુષ્ટય વિશિષ્ટ છે. કેમ કે જેમ ભગવાનમાં વંદ્યપણું છે તેમ ભગવાનમાં નામાદિ ચારેય નિક્ષેપાઓ છે, તેથી તે બંને એકાધિકરણ છે. અને સ્વગત અધ્યાત્મઉપનાયકતા ગુણ ચારેય નિક્ષેપાને અવલંબીને ભગવાનમાં વર્તે છે, તેથી ચતુષ્ટય-વિશિષ્ટ વંદ્યપણું છે, એમ કહેલ છે. અને તે બતાવવા અર્થે જ કહે છે કે, સાક્ષાત્ ભાવતીર્થંકરને કોઇ વંદન કરે ત્યારે, ભગવાનના ચરણની સાથે પોતાના મસ્તકનો સંયોગ કરે છે; અને મસ્તકના સંયોગરૂપ વંદન ભાવતીર્થંકરના શરીરને જ થાય છે. અને ભાવતીર્થંકરનું શરીર આકૃતિરૂપ હોવાથી સ્થાપના નિક્ષેપો જ છે. તેથી ચારેય નિક્ષેપા વંદ્ય ન હોય તો ભગવાનનું શરીર પણ વંદ્ય બને નહિ.

કોઇપણ વસ્તુ દ્રવ્ય અને પર્યાય ઉભયસ્વરૂપ છે. તેથી ભગવાનરૂપ વસ્તુ પણ દ્રવ્ય અને પર્યાય ઉભયસ્વરૂપ છે, અને તેને જ અપેક્ષાએ ચાર નિક્ષેપમાં વિભક્ત કરાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ભગવાનનું જીવદ્રવ્ય એ દ્રવ્યનિક્ષેપારૂપ છે, ભગવાનનું નામ એ નામપર્યાયરૂપ છે જે નામનિક્ષેપારૂપ છે, ભગવાનની આકૃતિ એ ભગવાનનો સ્થાપનાપર્યાય છે તે સ્થાપનાનિક્ષેપારૂપ છે, અને ભગવાનનો અરિહંતાદિરૂપ ભાવ એ ભાવપર્યાયરૂપ છે અને તે ભાવનિક્ષેપારૂપ છે. તેથી નામ, સ્થાપના અને ભાવ એ ત્રણ પર્યાયરૂપ છે અને ભગવાનનું જીવદ્રવ્ય એ દ્રવ્યરૂપ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ભગવાન જ ચાર નિક્ષેપા સ્વરૂપ છે, પરંતુ ચાર નિક્ષેપાથી અતિરિક્ત કોઇ ભગવાન નામનો પદાર્થ નથી. અને ભગવાન જે વંદ્ય છે તે પણ ફક્ત ભગવાનનું દ્રવ્ય જ વંદ્ય છે કે ભગવાનનો અરિહંતાદિભાવ જ વંદ્ય છે એવું નથી; પરંતુ ચારેય નિક્ષેપારૂપ ભગવાન વંદ્ય છે. તેથી ભગવાનમાં વંદ્યત્વ છે એમ કહીએ કે ભગવાનના ચારે નિક્ષેપામાં વંદ્યત્વ છે એમ કહીએ તેમાં કોઈ ભેદ નથી. વળી સ્થાપના નિક્ષેપો જેમ ભગવાનના દેહની આકૃતિરૂપ છે, તેમ ભગવાનના દેહની આકૃતિ સદૃશ ભગવાનની મૂર્તિમાં પણ સ્થાપના નિક્ષેપો છે. અને જેમ ભગવાનના દેહનો ભગવાનની સાથે કથંચિત્ અભેદ છે, તેમ પ્રતિમાનો પણ સ્થાપ્યસ્થાપકભાવરૂપે કથંચિત્ અભેદ છે. તેથી સ્થાપનાનિક્ષેપરૂપ પ્રતિમા પણ વંદ્ય બને છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે શિર-ચરણના સંયોગરૂપ ભાવભગવાનનું પણ વંદન શરીરમાં જ સંભવે છે, ત્યાં 'ननु' થી શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે -

ટીકા :-

ननु भावभगवति अरूपे आकाश इव तदसम्भवी, भावसम्बन्धाच्छरीरसम्बद्धं वन्दनं भावस्यैवायातीति । तत एव नामादिसम्बद्धमपि भावस्य किं न प्राप्नोति ? इति परिभावय ।

ટીકાર્થ :-

ननु.....भावस्यैवायातीति આકાશની જેમ અરૂપી એવા ભાવભગવાનમાં તેનો અસંભવ=વંદનનો અસંભવ, છે, પરંતુ ભાવના સંબંધથી શરીરસંબંધી એવું વંદન ભાવને જ પ્રાપ્ત થાય છે.

✪ 'इति' શબ્દ શંકાની સમાપ્તિ અર્થમાં છે.

વિશેષાર્થ :-

અરિહંતમાં રહેલો અર્હદ્ભાવ તેમના આત્મામાં છે, અને તેમનો આત્મા તેમના શરીર સાથે સંબદ્ધ છે, તેથી ભાવનો સંબંધ શરીરમાં છે, અને શરીરસંબદ્ધ એવું જે વંદન તે કારણથી ભાવને જ પ્રાપ્ત થાય છે=વંદન કરનારની બુદ્ધિમાં એ પ્રકારનો ભાવ ઉત્પન્ન થાય છે કે, હું ભગવાનના ભગવદ્ભાવને વંદન કરું છું; પરંતુ તે ભગવદ્ભાવને નમસ્કાર કરવા માટે શરીરને નમસ્કાર કર્યા સિવાય અન્ય કોઇ ઉપાય નથી, તેથી શરીરને કરાતા વંદનકાળમાં પરમાર્થથી તે વંદનક્રિયા અર્હદ્ભાવને જ પ્રાપ્ત થાય છે.

ઉત્થાન :-

પૂર્વપક્ષીની શંકાના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

तत एव.....परिभावय । **તેથી જ=શરીરસંબદ્ધ વંદન ભાવને પ્રાપ્ત થાય છે તેથી જ, નામાદિસંબદ્ધ વંદન પણ ભાવને કેમ પ્રાપ્ત ન થાય ? એ પ્રમાણે પરિભાવન કરવું=ભાવની સાથે જેમ શરીર સંબદ્ધ છે, તેમ નામાદિ પણ સંબદ્ધ જ છે. તેથી તે વંદન ભાવને જ પ્રાપ્ત થાય છે.**

વિશેષાર્થ :-

(૧) ભગવાનનું નામ એ નામનિક્ષેપારૂપ છે અને તેનો ભગવદ્ભાવ સાથે વાચ્ય-વાચકભાવ રૂપે સંબંધ છે. (૨) ભગવાનની મૂર્તિ એ સ્થાપનાનિક્ષેપારૂપ છે અને તેમાં પ્રતિષ્ઠાવિધિ દ્વારા (અંજન-શલાકાવિધિ દ્વારા) ભગવદ્ભાવ સ્થાપ્ય છે, તેથી પ્રતિમા સાથે ભગવદ્ભાવનો સ્થાપ્ય-સ્થાપકભાવરૂપે સંબંધ છે. અને ભગવાનનું શરીર તે પણ ભગવાનની સાથે કથંચિત્ અભેદભાવ પામેલ સ્થાપનાનિક્ષેપારૂપ છે, અને તેનો સંબંધ ભગવદ્ભાવ સાથે સામાનાધિકરણ્યથી છે. તે આ રીતે -

ભગવદ્ભાવ ભગવાનના આત્મામાં છે, અને તે ભગવાનના આત્મા સાથે શરીરનો સંયોગવિશેષરૂપ સંબંધ છે, તેથી ભગવાનના આત્મદ્રવ્ય સાથે શરીરનો અને ભગવદ્ભાવનો સામાનાધિકરણ્યથી સંબંધ છે. (૩) ભગવાનના દ્રવ્ય સાથે ભગવદ્ભાવનો તાદાત્મ્યસંબંધ છે.

ટીકા :-

कश्चिदाह जडमतिव्युद्ग्राहितः–किमेताभिर्युक्तिभिः ? महानिशीथ एव भावाचार्यस्य

तीर्थकृत्तुल्यत्वमुक्तं निक्षेपत्रयस्य चाकिञ्चित्करत्वम् इति भावनिक्षेपमेव पुरस्कुर्वतां नः क इवापराधः ? तथा चोक्तं तत्र पञ्चमाध्ययने –

'से भयवं ! किं तित्थयरसंतियं आणं नाइक्कमिज्जा उयाहु आयरियसंतियं ? गोयमा ! चउव्विहा आयरिया पण्णत्ता, तं जहा–नामायरिया, ठवणायरिया, दव्वायरिया, भावायरिया य । तत्थ णं जे ते भावायरिया ते तित्थयरसमा चेव दट्ठव्वा, तेसिं संतियं आणं नाइक्कमिज्जा । से भयवं ! कयरे णं भावायरिया भण्णंति ?। गोयमा ! जे अज्ज पव्वईएवि आगमविहीए पयं पयेणाणुसंचरन्ति ते भावायरिए । जे उण वाससयदिक्खिए वि हुत्ता णं वायामित्तेणं वि आगमओ बाहिं करेन्ति ते नामठवणाहिं णिओइयव्वे' त्ति ।।

टीकार्थ :-

कश्चिदाह.....इवापराधः ? કોઇ જડમતિ વ્યુદ્ગ્રાહિત કહે છે=યુક્તિને વિચારવાની બુદ્ધિ ન હોવાથી જડમતિ, અને શાસ્ત્રાર્થને વિપરીત રીતે ગ્રહણ કરવાની=પોતાની રુચિ પ્રમાણે ગ્રહણ કરવાની, વૃત્તિ હોવાથી વ્યુદ્ગ્રાહિત, એવો કોઇક કહે છે - આ બધી યુક્તિઓ વડે શું ? મહાનિશીથમાં જ ભાવાચાર્યને તીર્થંકરતુલ્યપણું કહેવાયેલું છે, અને નિક્ષેપત્રયનું અકિંચિત્કરપણું કહેવાયેલું છે. એથી કરીને ભાવનિક્ષેપને જ આગળ કરતાં અમારો અપરાધ કેમ છે ? અર્થાત્ નથી.

तथा.....पञ्चमाध्ययने અને તે પ્રમાણે ત્યાં=મહાનિશીથમાં પાંચમા અધ્યયનમાં કહ્યું છે -

से भयवं.....णिओइयव्वे હે ભગવન્ ! શું તીર્થંકર સંબંધી આજ્ઞાને ન ઉલ્લંઘવી કે આચાર્ય સંબંધી ? (આજ્ઞાને ન ઉલ્લંઘવી ?) હે ગૌતમ ! ચાર પ્રકારે આચાર્યો કહેવાયેલા છે, તે આ પ્રમાણે (૧) નામઆચાર્ય, (૨) સ્થાપનાઆચાર્ય, (૩) દ્રવ્યઆચાર્ય અને (૪) ભાવઆચાર્ય. ત્યાં જેઓ ભાવાચાર્ય છે તેઓ તીર્થંકર સમાન જ જાણવા. તેઓ સંબંધી આજ્ઞાને ઓળંગવી નહિ. હે ભગવન્ ! ભાવાચાર્ય કોણ કહેવાય ? હે ગૌતમ ! જે આજનો દીક્ષિત હોય તો પણ આગમવિધિ વડે પગલે પગલે આચરણા કરે છે (અનુસરે છે), તે ભાવાચાર્ય કહેવાય. જે વળી સો વર્ષનો દીક્ષિત હોવા છતાં પણ વચનમાત્રથી પણ આગમથી બાહ્ય (ચેષ્ટા) કરે છે, તેઓનો નામ-સ્થાપના સાથે નિયોગ કરવો (યોજવા).

'त्ति' શબ્દ મહાનિશીથના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

विशेषार्थ :-

તીર્થંકરની આજ્ઞા અતિક્રમ ન કરવી જોઈએ કે આચાર્યની ? એ પ્રમાણે ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો. તેના જવાબરૂપે ભગવાને એમ નથી કહ્યું કે તીર્થંકરની આજ્ઞા કે ભાવાચાર્યની આજ્ઞા અતિક્રમ કરવી ન જોઈએ; પરંતુ ચાર પ્રકારના આચાર્યો બતાવ્યા, અને તેમાં ભાવાચાર્ય તીર્થંકર સમાન છે અને તેમની આજ્ઞા અતિક્રમ ન કરવી જોઈએ, એમ કહ્યું. આમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે, બંનેની આજ્ઞાનો અતિક્રમ ન કરવો જોઈએ, અને આચાર્યો ચાર પ્રકારના છે તેનો પણ બોધ થાય છે. જ્યારે શંકાના સમાધાનરૂપે એમ કહ્યું હોત કે, તીર્થંકરની આજ્ઞા અને ભાવાચાર્યની આજ્ઞા ઓળંગવી ન જોઈએ, તો

પ્રશ્ન થાત કે અન્ય પણ કોઇ આચાર્ય છે ? અને ભાવાચાર્ય એ તીર્થંકર સમાન છે તેમ પણ બોધ થાત નહિ. તેથી ચાર પ્રકારના આચાર્યો બતાવીને તીર્થંકર સમાન ભાવાચાર્ય છે એમ બતાવ્યું; અને તેમની આજ્ઞા ઓળંગવી જોઈએ નહિ, એમ કહેવાથી તીર્થંકર અને ભાવાચાર્ય બંનેની આજ્ઞા એકરૂપ જ છે, એ પણ અર્થ પ્રાપ્ત થાય છે. અને તે ભાવાચાર્ય કોણ કહેવાય ? તેના સમાધાનમાં કહ્યું કે, જે આજનો દીક્ષિત પણ આગમવિધિથી પગલે પગલે અનુસરે છે તે ભાવાચાર્ય છે. અહીં પ્રશ્ન થાય કે આજનો દીક્ષિત આચાર્ય કઈ રીતે સંભવે ? તેનું સમાધાન એ છે કે, બહુલતાએ દીર્ઘ સંયમપર્યાય પછી જીવો આચાર્યપદને યોગ્ય થાય છે. તેથી સામાન્યથી ૩૬ વર્ષના સંયમપર્યાય પછી આચાર્યપદવીને યોગ્ય બને છે. આમ છતાં આઠ વર્ષની ઉંમરમાં પણ અપવાદથી આચાર્યપદવી અપાય છે, અને જ્યારે વિશિષ્ટ શ્રુતધરો પોતાના ઉત્તરાધિકારીને દીક્ષા આપે અને પોતાનું આયુષ્ય અલ્પ હોય તો દીક્ષા સાથે જ આચાર્ય પદવી પણ આપે; અને ત્યારે જ તે ભાવાચાર્ય પણ બને તેવું પણ સંભવી શકે તેમ છે. તેથી આજનો પ્રવ્રજિત પણ શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરતો હોય તો ભાવાચાર્ય છે, એમ કહેલ છે. પરંતુ સો વર્ષનો પ્રવ્રજિત મુનિ પણ વાણીમાત્રથી પણ આગમાનુસારી ન કરતો હોય તો ભાવાચાર્ય તરીકે કહેલ નથી, પરંતુ તેને દ્રવ્યાચાર્ય કહીને નામ-સ્થાપનાની સાથે યોજવાનું કહેલ છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય કે, જેમ ગુણનિરપેક્ષ નામ-સ્થાપના અનાદરણીય છે, તેમ ગુણનિરપેક્ષ દ્રવ્યાચાર્ય પણ અનાદરણીય છે. અને આ કથન દ્વારા પૂર્વપક્ષીને એ કહેવું છે કે, મહાનિશીથસૂત્રના પાઠમાં નામ, સ્થાપના અને દ્રવ્યને અનાદરણીય બતાવીને ભાવાચાર્યને જ આદરણીય બતાવેલ છે, તેથી અમે પણ નિક્ષેપત્રયને અકિંચિત્કર કહીએ છીએ અને ભાવનિક્ષેપાને જ આદરણીય કહીએ છીએ. તો તેમાં શું વાંધો છે ?

ઉત્થાન :-

પૂર્વપક્ષીના કથનના સમાધાનરૂપે '**अत्र ब्रूमः**' થી ગ્રંથકાર કહે છે -

ટીકા :-

अत्र ब्रूमः-परमशुद्धभावग्राहकनिश्चयनयस्यैवायं विषयः, यन्मते एकस्यापि गुणस्य त्यागे मिथ्यादृष्टित्वमिष्यते । तदाहुः - 'जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ?।' **त्ति । तन्मते निक्षेपान्तरानादरेऽपि नैगमादिनयवृन्देन नामादिनिक्षेपाणां प्रामाण्याभ्युपगमात् क इव व्यामोहो भवतः ? सर्वनयसम्मतस्यैव शास्त्रार्थत्वात् । अन्यथा सम्यक्त्वचारित्रैक्यग्राहिणा निश्चयनयेन अप्रमत्तसंयत एव सम्यक्त्वस्वाम्युक्तः, न प्रमत्तान्तः, इति श्रेणिकादीनां बहूनां प्रसिद्धं सम्यक्त्वं न स्वीकरणीयं स्याद् देवानांप्रियेण ! उक्तार्थप्रतिपादकं चेदं सूत्रम् आचाराङ्गे पञ्चमाध्ययने तृतीयोद्देशके -** 'जं सम्मं ति पासहा तं मोणं ति पासहा, जं मोणं ति पासहा तं सम्मं ति पासहा' ण इमं सक्कं सिढिलेहिं अदिज्जमाणेहिं गुणासाएहिं वंकसमायरेहिं पमत्तेहिं गारमावसंतेहिं मुणी मोणं समादाय धुणे कम्मसरीरगं पंतं लूहं च सेवंती वीरा समत्तदंसिणो' त्ति । '**जं सम्मं ति-यत् सम्यक्त्वं-कारकसम्यक्त्वम् तद् मौनं=मुनिभावः**

यच्च मौनं तत् सम्यक्त्वम्-कारकसम्यक्त्वम्,' इति वाचकाशयः । वृत्तिकारस्त्वाह –

"से वसुमं सव्वसमन्नागयपण्णाणेणं अप्पाणेणं अकरणिज्जं पावंकम्मं तं णो अण्णेसि (अन्नेसि) इति प्राक्तनसूत्रे स वसुमान् अत्रारम्भनिवृत्तिरूपभाववसुसम्पन्नो मुनिः सर्वसमन्वागतप्रज्ञानरूपापन्नेनात्मना यद् अकर्तव्यं पापं कर्म तन्नो कदाचिदपि अन्वेष्यतीत्यर्थाद् ! अर्थाद् यदेव सम्यक्प्रज्ञानं तदेव पापकर्मवर्जनं यदेव पापकर्मवर्जनं तदेव सम्यक्प्रज्ञानमिति लब्धम् तद् गतप्रत्यागतसूत्रेण दर्शयितुमाह – 'जं सम्मं ति पासह' इत्यादि, यत् सम्यगिति सम्यग्ज्ञानं सहचरात् सम्यक्त्वं वा पश्यत तद् मुनेर्भावो मौनं-संयमानुष्ठानं पश्यत, यन्मौनं पश्यत तदेव सम्यगिति सम्यग्ज्ञानं नैश्चयिकसम्यक्त्वं वा पश्यत, ज्ञानस्य विरतिफलत्वात्, सम्यक्त्वस्य च अभिव्यक्तिकारणत्वात्, एतच्च न येन केनचिच्छक्यमनुष्ठानम् इत्याह-ण इमं इत्यादि । नैतत् सम्यक्त्वादित्रयं शक्यमनुष्ठानं शिथिलैः=मन्दवीर्यैः आर्द्रीक्रियमाणैः पुत्रादिस्नेहेन गुणास्वादैः=शब्दाद्यास्वादकैः, वक्रसमाचरैः=मायाविभिः, प्रमत्तैः=विषयादिप्रमादस्थैः, गारंति आद्याक्षरलोपाद् अगारं=गृहम् आवसद्भिः=आसेव्यमानैः । कथं तर्हि शक्यम् ? इत्याह 'मुणी' इत्यादि मुनिः=जगत्त्रयमन्ता मौनम्=अशेषसावद्यनिवृत्तिरूपं समादाय=गृहीत्वा धुनीयाच्छरीरमौदारिकं कर्म च । कथम् ? इत्याह-प्रान्तम्=पर्युषितं वल्लचनकादि, तदपि रूक्षं विकृतेरभावात् सेवन्ते=अभ्यवहरन्ति, वीराः=कर्मविदारणप्रत्यलाः सम्यग्दर्शिन इति ।

टीकार्थ :-

अत्र ब्रूमः.....इष्यते । **परमशुद्धभावग्राहक निश्चयनयनो ज आ विषय छे= महानिशीथसूत्रमां कह्युं के जे परिपूर्ण आज्ञानुसारी प्रवृत्ति करे छे ते ज भावाचार्य छे, अने वचनमात्रथी पण आगमबाह्य करे छे ते नाम-स्थापना साथे नियोजन करवा. एम कहीने नाम, स्थापना अने द्रव्य ए त्रण निक्षेपाने अकिंचित्कर बताव्या अने भावनिक्षेपो ज हितरूप छे एम कह्युं. ए विषय परमशुद्धभावग्राहक निश्चयनयनो ज छे; जेना मतमां एक पण गुणना त्यागमां मिथ्यादृष्टिपणुं ईच्छाय छे. (तेथी लेश पण शास्त्रविरुद्ध जे करे छे, तेमने ते आगमबाह्य माने छे, अने तेमने तथा तेमनां नाम-स्थापनाने ते अकिंचित्कर कहे छे.)**

तदाहुः थी तेमां साक्षी आपतां कहे छे -

जो जहवाय.....हु को अन्नो ?। जे यथावाद=जे रीते शास्त्रमां कहेल होय ते रीते, करतो नथी, तेनाथी अधिक मिथ्यादृष्टि बीजो कोण होय ?

'त्ति' शब्द उद्धरणनी समाप्तिसूचक छे.

विशेषार्थ :-

परमशुद्धभावग्राहक निश्चयनय कहे छे के, जे यथावत् करतो नथी ते महामिथ्यादृष्टि छे. आ वचनथी ए कहेवुं छे के, जे जीव भगवानना वचन प्रमाणे सदनुष्ठानोमां यत्न करतो होय तेने, पोतानी

ક્રિયાઓમાં અપ્રમાદભાવની વૃદ્ધિ અર્થે પરમશુદ્ધભાવગ્રાહક નયનું અવલંબન લેવું ઉચિત ગણાય. તેથી જે જીવ પોતે સમ્યગ્ ક્રિયા કરી શકતો નથી અને ત્રુટિત ક્રિયા કરે છે, પરંતુ તે ત્રુટિત ક્રિયામાં સંતોષ માનીને ધર્મમાં યત્નવાળા હોય, તો તેવા જીવને સ્વશક્તિના ઉત્કર્ષથી યત્ન કરવા માટે પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનય ઉપયોગી બને છે.

ટીકાર્થ :-

तन्मते.....शास्त्रार्थत्वात् । તેના મતમાં=પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનયના મતમાં, નિક્ષેપાંતરના અનાદરમાં પણ નૈગમાદિ નયવૃંદથી નામાદિ નિક્ષેપાના પ્રામાણ્યનો અભ્યુપગમ હોવાથી તમારો વ્યામોહ કેમ છે ? કેમ કે સર્વનયસંમતનું જ શાસ્ત્રાર્થપણું છે.

अन्यथा.....देवानांप्रियेण ! અન્યથા=સર્વનયસંમતનું શાસ્ત્રાર્થપણું ન માનો તો, સમ્યક્ત્વ અને ચારિત્રના ઐક્યને ગ્રહણ કરનાર એવા નિશ્ચયનય વડે અપ્રમત્તસંયતને જ સમ્યક્ત્વના સ્વામી કહેવાયેલા છે; પરંતુ પ્રમત્ત અંત સુધી નહિ, એથી શ્રેણિકાદિ ઘણાને પ્રસિદ્ધ એવું સમ્યગ્દર્શન દેવાનાંપ્રિય એવા તમારા વડે સ્વીકારી નહિ શકાય.

✪ 'क इव' 'कस्मात्' અર્થમાં છે.

વિશેષાર્થ :-

પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનયે પણ ચાર પ્રકારના નિક્ષેપા બતાવ્યા; પરંતુ ચારેને આદરણીય કહેતો નથી. તેથી ચાર નિક્ષેપાના સ્વીકારરૂપ પ્રામાણ્ય તો પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયને પણ અભિમત છે એમ ભાસે. પરંતુ પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનય પ્રથમ ત્રણ નિક્ષેપાનો સ્વીકાર ઉપાદેયરૂપે કરતો નથી, તે જ નિક્ષેપાંતરનો અસ્વીકાર સમજવો. જ્યારે નૈગમાદિ નયો ચારે નિક્ષેપાઓને સ્વીકારે છે, તેનો અર્થ એ કે ચારે નિક્ષેપાના અસ્તિત્વનો સ્વીકારમાત્ર નથી, પરંતુ ચારેય નિક્ષેપાઓ આદરપાત્ર છે; તેથી જ ભગવાનના ચારે નિક્ષેપાઓ કલ્યાણના કારણરૂપે તે નયોને માન્ય છે.

અહીં સર્વનયસંમતનું શાસ્ત્રાર્થપણું છે એમ કહ્યું, ત્યાં પ્રશ્ન થાય કે, શાસ્ત્રમાં નયવચનો પણ હોય છે તો તે શાસ્ત્રાર્થરૂપ છે કે નહિ ? અને જો તે માન્ય ન હોય તો પ્રસ્તુત મહાનિશીથસૂત્રનું આગમવચન પણ અમાન્ય થાય. અને આગમવચન જ અમાન્ય છે એમ કહીએ તો આગમના અપ્રામાણ્યની સિદ્ધિ થાય. તેથી સર્વનયસંમતનું શાસ્ત્રાર્થપણું છે એ કથનનું વિશેષ તાત્પર્ય આ પ્રમાણે છે -

શાસ્ત્રો નયવચનોથી પણ રચાયેલાં છે અને પ્રમાણવચનોથી પણ રચાયેલાં છે. કોઈ વ્યક્તિ કોઇ નયવચનના શાસ્ત્રને ગ્રહણ કરીને તેનું એકાંતે સ્થાપન કરે તો તે શાસ્ત્રાર્થરૂપ નથી, પરંતુ તે નયવચન સ્વસ્થાનમાં શાસ્ત્રાર્થરૂપ હોવા છતાં અન્ય વચનોને પણ તેમના સ્વ-સ્વ સ્થાનમાં સ્વીકારવામાં આવે, ત્યારે તે સ્વીકારનારનું વચન સર્વનયસંમત શાસ્ત્રાર્થરૂપ બને. જેમ લુંપાકે મહાનિશીથસૂત્રનું અવલંબન લઈને નામાદિ ત્રણ નિક્ષેપાઓને અકિંચિત્કર કહ્યા, તે પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનયની દૃષ્ટિએ તેમ

જ છે; પરંતુ નૈગમાદિ નયોને અભિમત નામાદિ ચારે નિક્ષેપાઓને તે સર્વથા સ્વીકારતો નથી, તેથી પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનયના સ્થાનથી અન્યત્ર પણ નૈગમાદિ નયને સંમત એવા ભાવનિક્ષેપાને છોડીને નામાદિ ત્રણ નિક્ષેપાઓનો તે એકાંતે નિષેધ કરે છે, તે સર્વનયસંમત શાસ્ત્રાર્થરૂપ નથી; પરંતુ બધા નયોને સંમત એવા પદાર્થોને સ્વ-સ્વસ્થાનમાં સ્વીકારવા તે સર્વનયસંમત શાસ્ત્રાર્થરૂપ છે. અને સર્વનયસંમતનું શાસ્ત્રાર્થપણું ન સ્વીકારો તો, સમ્યક્ત્વ અને ચારિત્રની એકતાને ગ્રહણ કરનાર નિશ્ચયનય વડે અપ્રમત્ત સંયતને જ સમ્યક્ત્વના સ્વામી કહ્યા છે, પ્રમત્ત ગુણસ્થાનક સુધીનાને નહિ. એથી શ્રેણિકાદિ ઘણાને પ્રસિદ્ધ એવા સમ્યગ્દર્શનનો સ્વીકાર પૂર્વપક્ષી કરી શકશે નહિ.

ટીકાર્થ :-

उक्तार्थप्रतिपादकं.....तृतीयोद्देशके– ઉક્તાર્થપ્રતિપાદક=નિશ્ચયનયે અપ્રમત્તસંયતને જ સમ્યક્ત્વના સ્વામી કહેલ છે, પરંતુ પ્રમત્ત ગુણસ્થાનક સુધી સમ્યક્ત્વના સ્વામી નથી, એ રૂપ ઉક્તાર્થપ્રતિપાદક, આ સૂત્ર, આચારાંગસૂત્રના પાંચમા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં છે. (તેનો અર્થ આ પ્રમાણે છે -)

जं सम्मं ति.....समत्तदंसिणो જેને સમ્યક્ત્વ તરીકે જુઓ તેને મૌન એ પ્રમાણે જુઓ, અને જેને મૌન એ પ્રમાણે જુઓ તેને સમ્યક્ત્વ એ પ્રમાણે જુઓ. શિથિલો વડે=અલ્પવીર્યવાળાવડે, પુત્રાદિના સ્નેહથી આદ્રિયમાણ વડે, ગુણાસ્વાદકો વડે=શબ્દાદિ વિષયોનું આસ્વાદન કરવાની પ્રકૃતિવાળાઓ વડે, અને વકસમાચારવાળા વડે=માયાવી વડે, અને પ્રમાદયુક્ત ઘરમાં વસતા ગૃહસ્થો વડે આ અનુષ્ઠાન શક્ય નથી.

(તો કોના વડે શક્ય છે ?) મુનિ મૌન સ્વીકારીને કર્મ અને શરીરનું ધૂનન કરે છે, અને વીર એવા સમ્યગ્દર્શી મુનિઓ પ્રાંત અને રૂક્ષ એવા આહારને સેવે છે (એમના વડે શક્ય છે).

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

जं सम्मं ति.....वाचकाशयः । આ સાક્ષીપાઠમાં જે સમ્યક્ત્વ=કારકસમ્યક્ત્વ, તે મૌન=મુનિભાવ, છે; અને જે મૌન, તે સમ્યક્ત્વ=કારકસમ્યક્ત્વ છે; એ પ્રમાણે વાચકનો=પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજનો, આશય છે.

वृत्तिकारस्त्वाह – વળી આચારાંગસૂત્ર ઉપર ટીકા રચનાર વૃત્તિકાર કહે છે -

✪ 'जं सम्मं' એ આચારાંગના સૂત્રનો તેના પૂર્વમાં આચારાંગમાં કહેલ 'से वसुमं' થી માંડીને 'तं णो अण्णेसिं' એ પ્રકારના પૂર્વ સૂત્ર સાથે સંબંધ છે, અને તે પૂર્વનું સૂત્ર આચારાંગના ટીકાકાર બતાવે છે -

✪ 'अण्णेसि' પ્રયોગ છે ત્યાં આચારાંગ સૂત્રમાં 'अण्णेसी' પાઠ છે તે સંગત જણાય છે.

से वसुमं.... दर्शयितुमाह -=તે વસુમાન સર્વસમન્વાગત પ્રજ્ઞાનરૂપ આત્મા વડે કરીને અકર્તવ્ય પાપકર્મ તેને ક્યારે પણ ઈચ્છતો નથી. એ પ્રકારના પ્રાકૃતના સૂત્રમાં=પૂર્વના સૂત્રમાં, તે વસુમાન અહીંયાં=સંસારમાં, આરંભની નિવૃત્તિરૂપ ભાવધનથી સંપન્ન એવો મુનિ, સર્વસમન્વાગત પ્રજ્ઞાનરૂપ આપન્ન આત્મા વડે જે અકર્તવ્ય પાપકર્મ, તેને ક્યારે પણ ઈચ્છતો નથી. એ પ્રકારે અર્થ હોવાથી જે સમ્યગ્ પ્રજ્ઞાન છે, તે જ પાપકર્મવર્જન

છે અને જે પાપકર્મવર્જન છે તે જ સમ્યક્ પ્રજ્ઞાન છે, એ પ્રકારે પ્રાપ્ત થયું. તે ગતપ્રત્યાગત સૂત્ર વડે દેખાડતાં કહે છે -

'जं सम्मं ति पासह' इत्यादि = એ પ્રકારે સૂત્રનું પ્રતીક છે તેનો અર્થ કરે છે -

જેને સમ્યક્=સમ્યગ્જ્ઞાન અને સાહચર્યથી સમ્યગ્દર્શન તરીકે જુઓ, તેને મૌન=સંયમાનુષ્ઠાનરૂપે જુઓ; તથા જેને મૌન તરીકે જુઓ તેને જ સમ્યગ્=સમ્યગ્જ્ઞાન અથવા નૈશ્ચયિક સમ્યક્ત્વ રૂપે જુઓ. કેમ કે જ્ઞાનનું વિરતિફળપણું છે અને સમ્યક્ત્વનું અભિવ્યક્તિકારણપણું છે.

વિશેષાર્થ :-

અહીં સર્વસમન્વાગતપ્રજ્ઞાન શબ્દનો તાત્પર્યાર્થ એ છે કે, તત્ત્વસંવેદનરૂપ જે પ્રકૃષ્ટ જ્ઞાન તે સંપૂર્ણ રીતે સંસારભાવથી આત્માને ખેંચીને તત્ત્વ તરફ લઈ જનાર છે, તેથી તે સર્વ રીતે સમ્યગ્ આગત= પ્રાપ્ત, એવા પ્રકૃષ્ટ જ્ઞાનરૂપ છે. અને તેવું જ્ઞાન પ્રગટ્યા પછી આત્મા ક્યારેય અકર્તવ્ય એવા પાપકર્મને કરતો નથી.

'जं सम्मं ति पासह' ઈત્યાદિ આચારાંગસૂત્રના પાંચમા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં સમ્યક્ત્વ અને મૌનની=મુનિભાવની, સમવ્યાપ્તિ બતાવેલ છે, ત્યાં સમ્યક્ત્વ=કારકસમ્યક્ત્વ, ગ્રહણ કરવાનું છે= કુર્વદ્રૂપત્વવાળું ગ્રહણ કરવાનું છે, જે અવશ્ય બોધને અનુરૂપ કાર્ય કરતું હોય તેવું ગ્રહણ કરવાનું છે, અને તે સમ્યક્પ્રજ્ઞાનરૂપ છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, જે સમ્યક્પ્રજ્ઞાન છે તે જ પાપકર્મવર્જન છે અને જે પાપકર્મવર્જન છે તે જ સમ્યક્પ્રજ્ઞાન છે. અને સમ્યક્પ્રજ્ઞાનનો અર્થ એ છે કે, સમ્યક્ પ્રકારનું પ્રકૃષ્ટ જ્ઞાન. અને સમ્યક્ પ્રકારનું પ્રકૃષ્ટ જ્ઞાન એ છે કે, જ્ઞાનને અનુરૂપ પાપવર્જનની પ્રવૃત્તિરૂપ ફળ સંવલિત જ હોય. તેથી જ સમ્યક્પ્રજ્ઞાન અને પાપવર્જન એ બંનેને એક કહેલ છે. આથી જ મુનિભાવ અને સમ્યક્ત્વની વ્યાપ્તિ બતાવીને ટીકામાં કહ્યું કે, જ્ઞાનનું વિરતિફળપણું છે અને સમ્યક્ત્વનું અભિવ્યક્તિકારણપણું છે=જ્ઞાન વિરતિફળવાળું છે, તેથી જ્ઞાન હોય ત્યાં વિરતિરૂપ ફળ અવશ્ય હોય જ; અને સમ્યક્ત્વ એ જ્ઞાનની અભિવ્યક્તિનું કારણ છે, તેથી સમ્યક્ત્વ હોય ત્યાં જ્ઞાનની અભિવ્યક્તિ હોય જ. તેથી એ પ્રાપ્ત થાય કે, જીવમાં સમ્યક્ત્વ પ્રગટે એટલે જ્ઞાનની અભિવ્યક્તિ થાય જ, અને જ્ઞાન અભિવ્યક્ત થાય એટલે વિરતિરૂપ ફળ અવશ્ય પ્રાદુર્ભાવ થાય. તેથી સમ્યક્ત્વની નિષ્પત્તિ સાથે વિરતિ અવિનાભાવી છે.

ટીકાર્થ :-

एतच्च न.....आसेव्यमानैः ।અને આ સમ્યક્ત્વાદિ ત્રણ અનુષ્ઠાન, જે કોઈ વડે શક્ય નથી અને તે કોના વડે શક્ય નથી તે બતાવે છે -

જેઓ શિથિલ અર્થાત્ મંદવીર્યવાળા છે અર્થાત્ તત્ત્વની રુચિ અને બોધ હોવા છતાં સમ્યગ્ અનુષ્ઠાન કરવા માટે અલ્પવીર્યવાળા છે તેઓ વડે, અને પુત્રાદિના સ્નેહ વડે જેઓ આર્દ્રીક્રિયમાણ છે તેઓ વડે, અને શબ્દાદિ વિષયોનું આસ્વાદન કરવાની પ્રકૃતિવાળા છે તેઓ વડે, અને વક્રસમાચારવાળાઓ વડે=શાસ્ત્ર દ્વારા યથાર્થ બોધ હોવા છતાં

પણ મોક્ષને પ્રતિકૂળ એવી સંસારની પ્રવૃત્તિ કરવારૂપ વક્રસમાચારવાળા વડે=માયાવી વડે, અને વિષયાદિરૂપ પ્રમાદમાં રહેલા એવા ગૃહસ્થો વડે આ અનુષ્ઠાન શક્ય નથી.

વિશેષાર્થ :-

અહીં ગૃહસ્થ કહેવાથી ઉપલક્ષણથી એ પણ સમજવાનું છે કે, જે મુનિ અપ્રમત્તભાવવાળા નથી તે સર્વે પણ મુનિભાવવાળા નથી, અને તેઓ મંદવીર્યવાળા અને કંઇક અંશમાં વક્રસમાચારવાળા પણ છે, અને તેઓ વડે પણ આ અનુષ્ઠાન શક્ય નથી. આથી જ પૂર્વમાં કહેલ કે પ્રમત્તાંત સુધી નિશ્ચયનયને સમ્યક્ત્વ અભિમત નથી.

ટીકાર્થ :-

कथं तर्हि शक्यम् ?.....कर्म च । તે કેવી રીતે શક્ય છે ? તે બતાવે છે - જગત્ત્રયનો મંતા એવો મુનિ અશેષ સાવદ્યની નિવૃત્તિરૂપ મૌનને ગ્રહણ કરીને ઔદારિકશરીર અને કર્મશરીરને ધુણાવે છે.

कथम् ? इत्याह..... सम्यग्दर्शिन इति । કેવી રીતે ? તો કહે છે કે પ્રાંત=પર્યુષિત વાલ-ચણાદિ અને તે પણ વિકૃતિનો અભાવ હોવાથી રૂક્ષને સેવે છે અર્થાત્ અંતપ્રાંત ભિક્ષાને કરનારા છે એવા અને કર્મવિદારણમાં સમર્થ એવા વીરો સમ્યગ્દર્શી છે.

इति શબ્દ આચારાંગની વૃત્તિની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

જે મુનિ જગત્ત્રયને તે જ રીતે માનનાર છે કે જે રીતે ભગવાને કહેલ છે, તેથી જ જગત્ત્રયવર્તી સર્વ પદાર્થો પ્રત્યે ઉચિત પ્રવૃત્તિ થાય એ રીતે જેમના ત્રણેય યોગો પ્રવર્તે છે, તેવો મુનિ હંમેશાં સર્વસાવદ્યની નિવૃત્તિરૂપ મૌનસ્વરૂપ હોય છે. અને તેવો મુનિ અંત-પ્રાંત-રૂક્ષ એવું ભોજન કરે છે, તેથી કરીને ક્યાંય શરીરનું મમત્વ સ્ફુરણા ન થાય એ રીતે આ ઔદારિક શરીરને પણ ધુણાવે છે=સૂકવે છે, અને કર્મશરીરને પણ ક્ષીણ કરે છે. અને તેવો મુનિ જ, કર્મનાશ કરવા માટે સમર્થ છે અને આવો મુનિ જ નિશ્ચયનયથી સમ્યગ્દર્શી છે.

ઉત્થાન :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ મહાનિશીથના પાઠથી કહેલ કે, મહાનિશીથમાં જ નિક્ષેપત્રયને અકિંચિત્કર કહેલ છે અને ભાવનિક્ષેપાને જ આદરણીય કહેલ છે, તેથી અમે ભાવને જ આગળ કરીએ છીએ, તેમાં શું દોષ છે ? તેનું સમાધાન પ્રથમ કર્યું કે, તે મહાનિશીથસૂત્રનું કથન પરમશુદ્ધભાવગ્રાહક નિશ્ચયનયની અપેક્ષાએ છે. તે અપેક્ષાએ તે નયને ત્રણ નિક્ષેપા અનાદરણીય હોવા છતાં પણ અન્ય નયને તે નિક્ષેપા માન્ય છે, તેથી હિતાર્થીએ અન્ય નયના સ્વસ્થાને તે ત્રણે નિક્ષેપાને ગ્રહણ કરીને હિતમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. હવે તે મહાનિશીથસૂત્રના કથનનું સમાધાન '**अथवा**' થી બીજી રીતે કરે છે -

ટીકા :-

अथवा यावत्या गुणनिवृत्त्या भावाचार्यनिवृत्तिस्तावत्या द्रव्याचार्यत्वसम्पत्तिः । सा च सापेक्षत्वे भावयोग्यतया (भावयोग्यता), इति (या तु) भावाचार्यनामस्थापनावत् प्राशस्त्यं नातिक्रमति, अन्त्यविकल्पं विना द्रव्यभावसङ्करस्याविश्रामात्, प्रशस्तनामस्थापनावत् । अप्रशस्तभावस्याङ्गार-मर्दकादेर्द्रव्यं तु तन्नामस्थापनावद् अप्रशस्तमेव । प्रागुक्तमहानिशीथसूत्रे नियोजनीयत्वार्थस्तु अवदाम गुरुतत्त्वविनिश्चये - (श्लोक-१४-१५)

'तत्थ णिओगो एसो, जं दव्वं होइ सुद्धभावस्स ।
तण्णामागिइतुल्लं तं सुहमियरं तु विवरीयं ।।१।।
'जह गोयमाइयाणं, णामाई तिण्णि हुन्ति पावहरा ।
अंगारमद्दगस्स य, णामाई तिण्णि पावयरा ।।२।।

इति प्रशस्तभावसम्बन्धिनां सर्वेषां निक्षेपाणां प्रशस्तत्वमेवेति निर्व्यूढम् ।।

ટીકાર્થ :-

अथवा.....अप्रशस्तमेव । અથવા જેટલા ગુણોની નિવૃત્તિથી=જેટલા ગુણોના અભાવથી, ભાવાચાર્યની નિવૃત્તિ છે તેટલાથી દ્રવ્યાચાર્યત્વની સંપત્તિ છે, અને તે=દ્રવ્યાચાર્યત્વની સંપત્તિ, સાપેક્ષપણામાં ભાવયોગ્યતારૂપ છે, એથી કરીને ભાવાચાર્યોનાં નામ-સ્થાપનાની જેમ પ્રશસ્તપણાને ઓળંગતી નથી. કેમ કે પ્રશસ્ત નામ-સ્થાપનાની જેમ અંત્ય વિકલ્પને છોડીને દ્રવ્ય-ભાવના સંકરનો અવિશ્રામ છે. વળી અપ્રશસ્તભાવવાળા અંગારમર્દકાદિનું દ્રવ્ય તેનાં નામ-સ્થાપનાની જેમ અપ્રશસ્ત જ છે.

✪ 'सा च सापेक्षत्वे भावयोग्यतया, इति भावाचार्यनामस्थापनाभावात्' પાઠ છે ત્યાં सा च सापेक्षत्वे भावयोग्यता या तु भावाचार्यनामस्थापनावत् આ પ્રમાણે પાઠ હોવાની સંભાવના લાગે છે.

વિશેષાર્થ :-

શાસ્ત્રમાં ભાવાચાર્યના ગુણો અનેક બતાવ્યા છે, તે સર્વગુણોથી યુક્ત પરિપૂર્ણ ભાવાચાર્ય છે. તેમના એક-બે આદિ ગુણોની નિવૃત્તિ થવાથી=રહિત થવાથી, તેટલા અંશમાં ભાવાચાર્યત્વની નિવૃત્તિ થાય છે, અને તેટલા અંશમાં દ્રવ્યાચાર્યત્વની પ્રાપ્તિ થાય છે. અને આ દ્રવ્યાચાર્યત્વની પ્રાપ્તિ સર્વગુણની નિવૃત્તિથી નથી, પણ કોઈક ગુણોની નિવૃત્તિથી છે. તેથી કોઈક ભાવાચાર્યના ગુણોની સાથે સાપેક્ષ હોવાને કારણે તે દ્રવ્યાચાર્યત્વની પ્રાપ્તિ ભાવયોગ્યતારૂપ છે; અર્થાત્ કેટલાક ભાવાચાર્યના ગુણો છે અને કેટલાક નથી, તેથી વિદ્યમાન કેટલાક ગુણોને સાપેક્ષ અમુક ગુણોની નિવૃત્તિરૂપ દ્રવ્યાચાર્યત્વની સંપત્તિ છે, તેથી તે ભાવની યોગ્યતારૂપ છે; અર્થાત્ ભાવાચાર્યના કેટલાક ગુણો છે, આમ છતાં અમુક ગુણો

નથી, તે જ કારણે તે દ્રવ્યાચાર્ય છે. આમ છતાં તત્ત્વના પક્ષપાતપૂર્વકના અન્ય ગુણો સહવર્તી અમુક ગુણોનો અભાવ હોવાને કારણે જે ગુણોનો અભાવ છે, તે તે ગુણોની પ્રાપ્તિનું કારણ બને તેવા છે; તેથી જ પરિપૂર્ણ ભાવાચાર્યની યોગ્યતારૂપ તે દ્રવ્યાચાર્યત્વની સંપત્તિ છે. એથી કરીને ભાવાચાર્યનાં નામ અને સ્થાપના જેમ પ્રશસ્ત છે તેમ દ્રવ્યાચાર્યત્વ પણ પ્રશસ્તપણાનો અતિક્રમ કરતું નથી. અર્થાત્ જે ભાવાચાર્ય છે તેમનું નામ પણ બોલવાથી ચિત્તના શુભ અધ્યવસાયનું કારણ બને છે, તેથી પ્રશસ્ત છે; એમ કંઈક ગુણોથી રહિત એવી દ્રવ્યાચાર્યત્વની પ્રાપ્તિ ભાવયોગ્યપણાવાળી હોવાને કારણે પ્રશસ્તપણાનો અતિક્રમ કરતી નથી. કેમ કે પ્રશસ્ત નામ-સ્થાપનાની જેમ અંત્ય વિકલ્પને છોડીને દ્રવ્ય-ભાવના સંકરનો અવિશ્રામ છે. અર્થાત્ તે દ્રવ્યાચાર્યમાં અમુક ગુણનિવૃત્તિથી જે દ્રવ્યાચાર્યત્વની પ્રાપ્તિ છે, તે કેટલાક ભાવો સાથે સંકળાયેલ છે; તેથી ત્યાં દ્રવ્ય-ભાવનો સંકર છે=દ્રવ્ય-ભાવનો મિશ્રભાવ છે. જ્યારે ભાવાચાર્યનો એક પણ ગુણ નથી, ફક્ત આચાર્યપદવીની પ્રાપ્તિ થયેલ છે તે અંત્ય વિકલ્પ છે, અર્થાત્ પરિપૂર્ણ ગુણનિવૃત્તિથી પ્રાપ્ત થનાર એવી દ્રવ્યાચાર્યત્વની સંપત્તિ છે, અને ત્યાં દ્રવ્ય-ભાવનો સંકર નથી; તેથી અંત્ય વિકલ્પને છોડીને દ્રવ્ય-ભાવનો સંકર અવશ્ય છે. તેથી પ્રશસ્ત નામ-સ્થાપનાની=ભાવાચાર્ય સાથે સંકળાયેલું ભાવાચાર્યનું પ્રશસ્ત નામ અને ભાવાચાર્યની સ્થાપનાની જેમ, તે દ્રવ્યાચાર્યની સંપત્તિ પ્રશસ્તપણાનો અતિક્રમ કરતી નથી. અને અપ્રશસ્ત એવા અંગારમર્દકાદિ આચાર્યનું દ્રવ્ય તેમના નામ-સ્થાપનાની જેમ અપ્રશસ્ત જ છે.

સંક્ષેપથી એ ફલિત થાય છે કે, ભાવાચાર્ય સાથે સંકળાયેલાં નામ અને સ્થાપના જેમ પ્રશસ્ત છે, તેમ કોઈક ગુણોથી યુક્ત દ્રવ્યાચાર્યત્વ પ્રશસ્ત છે; અને ભાવાચાર્ય સાથે નહિ સંકળાયેલાં એવાં નામ અને સ્થાપના જેમ અપ્રશસ્ત છે, તેમ સર્વથા ગુણરહિત એવું આચાર્યપદવીમાત્રરૂપ દ્રવ્યાચાર્યત્વ અપ્રશસ્ત છે.

ટીકાર્થ :-

પ્રાગુક્ત.....ગુરુતત્ત્વવિનિશ્ચયે - પૂર્વમાં કહેલ મહાનિશીથસૂત્રમાં નિયોજનીયત્વનો અર્થ=જે ભગવાનની આજ્ઞાવિરુદ્ધ વચનમાત્રથી કરે છે તેવા આચાર્યોને નામ-સ્થાપના સાથે યોજવાનું કહ્યું છે તે રૂપ અર્થ, વળી ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથમાં અમે કહ્યો છે. (તે આ પ્રમાણે -)

તત્થ.....વિવરીયં ।।૧।। ત્યાં નિયોગ આ છે. જે શુદ્ધભાવનું દ્રવ્ય છે, તે તેનાં નામ-આકૃતિતુલ્ય શુભ છે; અને ઇતર વળી વિપરીત છે. ।।૧।।

જહ.....પાવયરા ।।૨।। જે પ્રમાણે ગૌતમાદિના નામાદિ ત્રણેય પાપને હરનારા થાય છે અને અંગારમર્દકાચાર્યના નામાદિ ત્રણેય પાપને કરનારા થાય છે. ।।૨।।

'ઇતિ' શબ્દ ગુરુતત્ત્વવિનિશ્ચયના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

પ્રશસ્તભાવ.....નિર્વ્યૂઢમ્ । આનાથી એ પ્રાપ્ત થાય છે કે, પ્રશસ્તભાવ સંબંધી સર્વનિક્ષેપાનું પ્રશસ્તપણું જ છે, એ પ્રમાણે નિર્વ્યૂઢ=નિઃશંક છે.

ઉત્થાન :-

પૂર્વપક્ષીએ મહાનિશીથસૂત્રના બળથી નામાદિત્રયને અકિંચિત્કર સ્થાપન કરવા પ્રયત્ન કર્યો તેનું સમાધાન સિદ્ધાંતકારે બે રીતે કર્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે, મહાનિશીથનું વક્તવ્ય સાપેક્ષ છે, તેથી તેના બળથી નામાદિત્રય નિક્ષેપાનો નિષેધ થઈ શકે નહિ. તેની જ પુષ્ટિ **अपि च** થી અન્ય સાક્ષીપાઠ દ્વારા કરે છે -

ટીકા :-

अपि च 'जो जिणदिट्ठे भावे चउव्विहे सद्दहाइ सयमेव । एमेव नन्नहत्ति य, स निसग्गरुइत्ति णायव्वो' **इत्युत्तराध्ययनवचनाच्चतुर्विधशब्दस्य नामस्थापनाद्रव्यभावभेदभिन्नत्वेन व्याख्यानान्नि-क्षेपचतुष्टयस्यापि यथौचित्येनाराध्यत्वमविरुद्धम्, अत एवाप्रस्तुतार्थापाकरणात् प्रस्तुतार्थ-व्याकरणाच्च निक्षेपः फलवानिति शास्त्रीया मर्यादा, किञ्च नामनिक्षेपस्याराध्यत्वं तावत्** 'चउवीसत्थएणं भंते ! जीवे किं जणई ! चउवीसत्थएणं दंसणविसोहिं जणइ' त्ति (उत्तरा अ० २९) **सम्यक्त्वपराक्रमाध्ययनोपदर्शितचतुर्विंशतिस्तवाराध्यतयैव सिद्धम्, तत्रोत्कीर्तनस्यार्थाधिकार-त्वात्तेन च दर्शनाराधनस्योक्तत्वात्,** 'महाफलं खलु तहारूवाणं 'अरहंताणं भगवंताणं णामगोत्तस्सवि सवणयाए' **इत्यादिना भगवत्यादौ (भग० श० २ उ०१) महापुरुषनामश्रवणस्य महाफलत्वोक्तेश्च ।**

ટીકાર્થ :-

अपि च..... शास्त्रीया मर्यादा, અને વળી જે જિનેશ્વરો વડે જોવાયેલા ચાર પ્રકારના ભાવોના વિષયમાં 'આમ જ છે, અન્યથા નથી;' એ પ્રકારે સ્વયં જ શ્રદ્ધા કરે છે, તે નિસર્ગરુચિ છે એ પ્રકારે જાણવું. **આ પ્રમાણે ઉત્તરાધ્યયનસૂત્રનું વચન હોવાથી, અને ચતુર્વિધ શબ્દનું નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના ભેદથી ભિન્નપણા વડે કરીને વ્યાખ્યાન હોવાથી, નિક્ષેપચતુષ્ટયનું પણ યથૌચિત્યથી આરાધ્યપણું અવિરુદ્ધ છે. આથી કરીને જ અપ્રસ્તુત અર્થનું અપાકરણ હોવાથી અને પ્રસ્તુત અર્થનું વ્યાકરણ હોવાથી નિક્ષેપ ફળવાન છે, એ પ્રમાણે શાસ્ત્રીય મર્યાદા છે. અર્થાત્ પ્રસ્તુત અર્થનું વ્યાકરણ=ગ્રહણ કરવું, અને અપ્રસ્તુત અર્થનું અપાકરણ=દૂર કરવું, એ શાસ્ત્રીય મર્યાદા છે.**

વિશેષાર્થ :-

નિસર્ગરુચિ સમ્યગ્દર્શન એ છે કે, જેમાં ભગવાનના વચનનો બોધ શાસ્ત્રોથી કે ઉપદેશાદિથી થયેલો નથી, પરંતુ સ્વાભાવિક રીતે જ કર્મોના વિગમનથી તે જ પ્રકારનો પદાર્થનો બોધ થવાથી જીવને સમ્યગ્ રુચિ થાય છે. તેથી પ્રસ્તુતમાં ચાર પ્રકારના ભાવો ભગવાને કહ્યા છે, તે પ્રકારનો બોધ નહિ હોવા છતાં, જે પ્રકારે ભગવાને કહ્યા છે તે જ પ્રકારે સ્વયં જ=સ્વાભાવિક જ, તેવો બોધ થાય છે, કે આ પદાર્થો આમ જ છે, અન્યથા નથી; એ નિસર્ગરુચિ છે એ પ્રમાણે જાણવું, એ પ્રકારે ઉત્તરાધ્યયનસૂત્રનું વચન છે. અને તેની ટીકામાં ચાર પ્રકારના ભાવોમાં જે ચતુર્વિધ શબ્દ છે, તેનું

વ્યાખ્યાન નામ-સ્થાપનાદિરૂપે જ કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ચારેય નિક્ષેપાઓની યથાર્થ રુચિ કરનાર નિસર્ગરુચિ છે, અને તેનાથી એ પ્રાપ્ત થાય છે કે યથૌચિત્ય ચારે નિક્ષેપાઓ આરાધ્ય છે. તેની જ પુષ્ટિ કરતાં કહે છે કે, જો નિક્ષેપ અપ્રસ્તુત અર્થને દૂર ન કરે અને પ્રસ્તુત અર્થને જણાવે નહિ, તો યથૌચિત્યથી આરાધના થઇ શકે નહિ; કેમ કે જે ભૂમિકામાં જે નિક્ષેપો આરાધ્ય હોય ત્યારે તે શબ્દથી પ્રસ્તુત જે અર્થ હોય તેનો નિક્ષેપ વ્યાકરણ કરે છે, અને અપ્રસ્તુત અર્થ હોય તેનો નિક્ષેપ અપાકરણ કરે છે, અને તે જ રીતે ત્યારે તે નિક્ષેપો આરાધ્ય બને છે. આથી કરીને જ કહ્યું કે, ચારે નિક્ષેપાનું યથૌચિત્યથી આરાધ્યપણું અવિરુદ્ધ છે. અને ચારે નિક્ષેપાનું યથૌચિત્યથી આરાધ્યપણું બતાવવા માટે જ અપ્રસ્તુત અર્થનું અપાકરણ કરવાથી અને પ્રસ્તુત અર્થનું વ્યાકરણ કરવાથી નિક્ષેપ ફળવાન છે, એ પ્રકારની શાસ્ત્રીય મર્યાદા છે.

અહીં વિશેષ એ છે કે, અન્યદર્શનમાં રહેલ જીવ પોતાને અભિમત એવા ઇશ્વરના નામનો જાપ કરે છે, તેમની મૂર્તિની પૂજા કરે છે, અને ભાવિમાં પોતાને અભિમત એવા બુદ્ધાદિરૂપે કોઇ થનાર છે તે વ્યક્તિને જુએ ત્યારે તેમના પ્રત્યે પ્રાયઃ બહુમાનભાવ તેમને હોય છે, અને સાક્ષાત્ પોતાને અભિમત એવા ભાવઈશ્વરને તે જુએ તો ઉપાસનીય માને છે; તેથી ચારેય નિક્ષેપાની શ્રદ્ધા એકાંતવાદીને પણ સંભવે. પરંતુ જે પ્રકારે ભગવાને ચારેય નિક્ષેપા આરાધ્ય કહ્યા છે કે અનારાધ્ય કહ્યા છે તે જ પ્રકારે જેમને શ્રદ્ધા નથી, તેઓ નિસર્ગરુચિવાળા નથી. આથી જ પ્રશસ્ત ભાવ સંબંધી ત્રણ નિક્ષેપા જે રીતે આરાધ્ય કહ્યા છે તે રીતે જ રુચિ હોય તે નિસર્ગરુચિ છે. અને તે રુચિ પણ પ્રારંભિક કક્ષાની હોય કે સ્થૂલબોધરૂપ હોય તો સમ્યગ્દર્શનરૂપ ન બને, પરંતુ તેના હેતુરૂપ બને. પરંતુ જ્યારે તે રુચિ પરાકોટિની થાય છે, ત્યારે તે અવશ્ય સમ્યગ્દર્શનરૂપ બને છે; અને તે વખતે સૂક્ષ્મબોધ અવશ્ય હોય છે, અને તે વખતનો બોધ દૃષ્ટ પદાર્થમાં જેવા નિર્ણયવાળો હોય છે તેવો જ તત્ત્વના વિષયમાં નિર્ણયવાળો હોય.

ઉત્થાન :-

ગ્રંથકારે પૂર્વમાં ઉત્તરાધ્યયનસૂત્રના વચનથી સામાન્ય રીતે ચારેય નિક્ષેપાનું આરાધ્યપણું બતાવીને પૂર્વપક્ષીએ મહાનિશીથના પાઠથી ત્રણ નિક્ષેપાને અનારાધ્ય કહેલ તેનું નિરાકરણ કર્યું. હવે **किञ्च** થી નામાદિ ચારેય નિક્ષેપામાંથી પ્રત્યેકનું શાસ્ત્રવચનના બળથી આરાધ્યપણું બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

किञ्च.....तयैव सिद्धम्, (૧) નામનિક્ષેપનું આરાધ્યપણું ઉત્તરાધ્યયનના સમ્યક્ત્વપરાક્રમ અધ્યયનમાં ઉપદર્શિત ચતુર્વિંશતિસ્તવના આરાધ્યપણાથી જ સિદ્ધ છે, તે આ રીતે -

ચઉવીસત્થા વડે હે ભગવન્ ! જીવ શું પેદા કરે છે ? તેના જવાબરૂપે ભગવાન કહે છે કે, ચઉવીસત્થા વડે જીવ દર્શનવિશુદ્ધિ પેદા કરે છે. આ પ્રકારે ઉત્તરાધ્યયનસૂત્રનું વચન છે.

तत्र.....उक्तत्वात्=त्यां=चउवीसत्थामां, उत्कीर्तनનો અર્થાધિકાર હોવાને કારણે, અને તેના વડે=उत्कीर्तन વડે, (उत्तराध्ययनમાં) દર્શનआराधनानुं उक्तपणुं होवाथी चतुर्विंशतिस्तव आराध्य છે એમ સિદ્ધ થાય છે. તેથી નામનિક્ષેપો આરાધ્ય છે એમ સિદ્ધ થાય છે.

અને વળી ભગવતીના બળથી નામનિક્ષેપાનું આરાધ્યપણું બતાવે છે -

महाफलं.....उक्तेश्च । તેવા પ્રકારના અરિહંત ભગવંતોના નામગોત્રના પણ શ્રવણમાં મહાફળ છે, ઇત્યાદિ વડે ભગવતી આદિમાં મહાપુરુષોના નામશ્રવણમાં મહાફળપણાની ઉક્તિ હોવાથી નામનિક્ષેપો આરાધ્ય છે.

વિશેષાર્થ :-

કોઈ જીવ અરિહંત પરમાત્માના સ્વરૂપથી સર્વથા અનભિજ્ઞ હોય અને તેને કારણે તેવા પ્રકારના સ્વરૂપનું બુદ્ધિમાં મહત્ત્વ ન હોય, અથવા અરિહંત ભગવાનનું શાસ્ત્રના બળથી બાહ્ય અતિશયાદિ સ્વરૂપ જાણતો હોય અને બાહ્ય અતિશયાદિકૃત જ ફક્ત મહત્ત્વ હોય, પરંતુ અરિહંતોની અંતરંગ ગુણસંપત્તિનું વર્ણન શાસ્ત્રના બળથી જાણતો હોવા છતાં તેનું મહત્ત્વ ન હોય, તો તેવા જીવને અરિહંતના નામ-ગોત્રનું શ્રવણ મહાફળવાળું બને નહિ. પરંતુ જે જીવને ભગવાનની અંતરંગ ગુણસંપત્તિનું મહત્ત્વ હોય, અને તે જ મહત્ત્વ સ્પષ્ટ બોધકૃત હોય કે ક્વચિત્ સ્પષ્ટ બોધ ન હોવા છતાં ઓઘથી ગુણના મહત્ત્વને કારણે હોય, અથવા નજીકના કાળમાં ગુણનું મહત્ત્વ થાય એવી ભૂમિકાવાળું ચિત્ત હોય, તો તેવા જીવને અરિહંત ભગવંતોના નામ-ગોત્રના શ્રવણથી પણ મહાફળ થાય છે.

✪ 'णामगोयस्सवि' અહીં 'अपि' થી એ કહેવું છે કે, ભગવદ્ ગુણોના શ્રવણથી તો મહાફળ થાય છે; પરંતુ તેઓના નામ-ગોત્રના શ્રવણથી પણ મહાફળ થાય છે.

ટીકા :-

स्थापनानिक्षेपस्याराध्यता च 'थयथुइ मंगलेणं भंते ! जीवे किं जणई ? थयथुइमंगलेणं नाणदंसणचरित्तबोहिलाभं जणइ, नाणदंसणचरित्तबोहिलाभसंपण्णेणं णं जीवे अंतकिरियं कप्पविमाणोववत्तिअं, वा आराहणं आराहेइ' **(उत्तरा० अ० २९) इति वचनेनैव सिद्धा, अत्र स्तवः=स्तवनं, स्तुतिः=स्तुतित्रयं प्रसिद्धम्, तत्र द्वितीया स्तुतिः स्थापनार्हतः पुरतः क्रियते, चैत्यवन्दनावसरतया च ज्ञानदर्शनचारित्रबोधिलाभतो निरर्गलस्वर्गापवर्गसुखलाभ इति विशेषाक्षराण्यपि स्फुटीभविष्यन्त्यनुपदमेव ।**

ટીકાર્થ :-

स्थापनानिक्षेपस्य.....वचनेनैव सिद्धा, અને સ્થાપનાનિક્ષેપની આરાધ્યતા ઉત્તરાધ્યયનના थयथुइ.....आराहेइ એ પ્રકારે વચન વડે જ સિદ્ધ છે. તે ઉત્તરાધ્યયનના પાઠનો અર્થ આ પ્રમાણે છે -

હે ભદન્ત ! સ્તવ અને સ્તુતિરૂપ મંગલવડે જીવ શું પેદા કરે છે ? ભગવાન જવાબરૂપે કહે છે કે, સ્તવન અને સ્તુતિરૂપ મંગલ વડે (જીવ) જ્ઞાન-દર્શન-ચારિત્ર અને બોધિલાભને પ્રાપ્ત કરે છે, અને જ્ઞાન-દર્શન-ચારિત્ર અને બોધિલાભથી સંપન્નપણા વડે જીવ અંતકિરિયા અથવા તો કલ્પવિમાનમાં ઉત્પત્તિરૂપ આરાધનાને આરાધે છે.

✪ **'संपण्णेण'** - અહીં ભાવના અર્થમાં સંપન્ન શબ્દ હોવાની સંભાવના છે, તેથી સંપન્નપણા વડે એમ અર્થ કરેલ છે.

अत्र.....अनुपदमेव । अत्र=અહીં=ઉત્તરાધ્યયનના પાઠમાં, જે 'थयथूई' કહેલ છે, ત્યાં, સ્તવ એ સ્તવનાર્થક છે અને સ્તુતિ=સ્તુતિત્રય પ્રસિદ્ધ છે. ત્યાં બીજી સ્તુતિ સ્થાપનાઅરિહંત આગળ કરાય છે. (દેવવંદનની અંદર હાલ ચાર સ્તુતિઓ કરાય છે, ત્યાં પૂર્વે ત્રણ સ્તુતિ કરાતી હતી, તેથી કહ્યું કે સ્તુતિત્રય પ્રસિદ્ધ છે. અને ત્યાં પ્રથમ સ્તુતિ સ્થાપના આગળ પણ કરાય અને સાક્ષાત્ અરિહંત આગળ પણ કરાય. પરંતુ બીજી સ્તુતિ ચોવીસ તીર્થંકરોની હોય છે, તે સ્થાપનાઅરિહંત આગળ જ કરાય છે.) અને ચૈત્યવંદનનું અવસરપણું હોવાથી (સ્તવન અને સ્તુતિથી) જ્ઞાન-દર્શન-ચારિત્ર અને બોધિનો લાભ થાય છે, અને તેનાથી નિરર્ગલ એવાં સ્વર્ગનાં સુખો અને અપવર્ગનાં સુખોનો લાભ થાય છે, એ પ્રમાણે વિશેષ અક્ષરો પણ અનુપદમાં જ સ્પષ્ટ થશે.

વિશેષાર્થ :-

ઉત્તરાધ્યયનસૂત્રના પૂર્વના સાક્ષીપાઠમાં **'थयथूइ'** એ પ્રકારનો પાઠ છે, ત્યારપછી **'नाण-दंसण'** ઇત્યાદિ પાઠ છે, તે રૂપ અનુપદમાં જ વિશેષ અક્ષરો=સ્થાપના નિક્ષેપની આરાધ્યતાને કહેનારા વિશેષ અક્ષરો, સ્પષ્ટ થાય છે. કેમ કે તે પાઠમાં બતાવેલ છે કે, જ્ઞાન-દર્શન-ચારિત્ર અને બોધિલાભના સંપન્નપણાવડે જીવ અંતક્રિયા કરે છે જે અપવર્ગના સુખના લાભસ્થાનીય છે; અને કલ્પવિમાનમાં ઉત્પાતને યોગ્ય આરાધનાને આરાધે છે તે સ્વર્ગસુખના લાભસ્થાનીય છે.

અહીં નિરર્ગલ સ્વર્ગસુખ કહ્યું એનો અર્થ એ છે કે, મોક્ષપ્રાપ્તિમાં બાધ ન થાય એવા સ્વર્ગસુખની પ્રાપ્તિ થાય છે. ઉત્તરાધ્યયનના પાઠમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને બોધિલાભને પેદા કરે છે એમ કહ્યું, ત્યાં પ્રશ્ન થાય કે સામાન્યથી સમ્યગ્દર્શનરૂપ જ બોધિલાભ હોવા છતાં પૃથક્ કેમ ગ્રહણ કરેલ છે ? તેનું તાત્પર્ય એ છે કે, રત્નત્રયી એ ભાવમોક્ષમાર્ગ છે, જે મોક્ષના અવિનાભાવી કારણરૂપ છે; જ્યારે બોધિલાભ એ જિનધર્મની પ્રાપ્તિસ્વરૂપ છે. અર્થાત્ અન્યદર્શનમાં સિદ્ધ થનારામાં રત્નત્રયી અવશ્ય પ્રાદુર્ભાવ પામે છે, પરંતુ ભગવાનના શાસનની રુચિપૂર્વકની પ્રાપ્તિ અર્થથી હોવા છતાં સ્પષ્ટ શબ્દરૂપે તેઓને હોતી નથી; અને મોક્ષ પ્રત્યે જિનધર્મની પ્રાપ્તિની પણ વિશેષ કારણતા છે, એ બતાવવા અર્થે રત્નત્રયીથી પૃથક્રૂપે બોધિલાભને ગ્રહણ કરેલ છે. આથી કરીને જ લોગસ્સસૂત્રની લલિતવિસ્તરા ટીકામાં બોધિલાભનો અર્થ જિનધર્મની પ્રાપ્તિ કરેલ છે.

નામનિક્ષેપાની આરાધ્યતાના વર્ણનમાં ઉત્તરાધ્યયનના પાઠમાં **'चउवीसत्थएणं दंसणविसोहिं जणइ'** એમ કહ્યું, અને સ્થાપનાનિક્ષેપાની આરાધ્યતાના વર્ણનમાં ઉત્તરાધ્યયનના પાઠમાં **'थयथुइमंगलेणं**

नाणदंसणचारित्तबोहिलाभं जणइ' એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, પ્રથમ કથનમાં નામનું ઉચ્ચારણમાત્ર હોય છે, પરંતુ તે નામ કોઇ સંસારી અન્ય જીવ સાથે સંબંધિતરૂપે ઉપસ્થિત નથી, પરંતુ ભગવાન સાથે સંબંધિતરૂપે ઉપસ્થિત છે; અને જે વ્યક્તિને ભગવાનના જેટલા ગુણોનો બોધ હોય તે પ્રમાણે ભગવાન પ્રત્યેનું મહત્ત્વ તેના હૈયામાં વર્તતું હોય છે, અને ઉપયોગપૂર્વક નામનું સ્મરણ કરે તો તે ભગવાન સાથે સંબંધિતરૂપે ઉપસ્થિત થવાથી હૈયામાં ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિવાળો થાય છે, તેથી તે નમસ્કારસ્મરણ દર્શનવિશુદ્ધિનું કારણ બને છે. જ્યારે ભગવાનની સ્તુતિ કરવામાં શબ્દોલ્લેખરૂપે જ ભગવાનની ભિન્ન ભિન્ન અવસ્થાઓની સ્પષ્ટ ઉપસ્થિતિ થાય છે; અને ભગવાન જ્યારે સાધક અવસ્થામાં હોય છે ત્યારે ભગવાનમાં કારણરૂપે રત્નત્રયી વર્તે છે, અને વીતરાગ બને છે ત્યારે પૂર્ણકક્ષાએ ખીલેલી અવસ્થારૂપે રત્નત્રયી ત્યાં વર્તે છે; અને તે સર્વની સ્તુતિ દ્વારા ઉપસ્થિતિ થવાથી તત્પ્રતિબંધક કર્મનું વિગમન થાય છે, તેથી સ્તુતિ રત્નત્રયીની પ્રાપ્તિનું કારણ બને છે. અને વળી સ્તુતિ કરનારને ભગવાન પ્રત્યેનો જે બહુમાનભાવ છે, તેના કારણે જન્માંતરમાં ભગવાનના શાસનની પ્રાપ્તિરૂપ બોધિલાભ થાય છે; તેને સામે રાખીને સ્તુતિદ્વારા રત્નત્રયીની પ્રાપ્તિ અને બોધિલાભ કહેલ છે.

ટીકા :-

द्रव्यनिक्षेपाराध्यता च सूत्रयुक्त्या स्फुटैव प्रतीयते तथाहि-श्रीआदिनाथवारके साधूनामावश्यकक्रियां कुर्वतां चतुर्विंशतिस्तवाराधने त्रयोविंशतिर्द्रव्यजिना एवाराध्यतामास्कन्देयुरिति । न च ऋषभाजितादिकाले एकस्तवद्विस्तवादिप्रक्रियापि कर्तुं शक्या शास्वताध्ययनपाठस्य लेशेनापि परावृत्त्या कृतान्तकोपस्य वज्रलेपत्वात् । न च नामोत्कीर्तनमात्रे तात्पर्यादविरोधोऽर्थोपयोगरहितस्योत्कीर्त्तनस्य राजविष्टिसमत्वेन योगिकुलजन्मबाधकत्वात्, अत एव द्रव्यावश्यकस्य निषेधः सूत्रे 'अनुपयोगश्च द्रव्य' **मिति शतश उद्घोषितमनुयोगद्वारादौ अर्थोपयोगे तु वाक्यार्थतयैव सिद्धा द्रव्यजिनाराध्यतेति ।**

ટીકાર્થ :-

द्रव्यनिक्षेपाराध्यता.....एवाराध्यतामास्कन्देयुरिति । અને દ્રવ્યનિક્ષેપનું આરાધ્યપણું સૂત્રયુક્તિથી સ્પષ્ટ રીતે જ પ્રતીત થાય છે, તે આ પ્રમાણે -

શ્રીઆદિનાથ ભગવાનના કાળમાં સાધુઓને આવશ્યકક્રિયાને કરતાં ચતુર્વિંશતિ સ્તવની આરાધનામાં ત્રેવીશ દ્રવ્યજિનો જ આરાધ્યપણાને પામે.

વિશેષાર્થ :-

અહીં વિશેષ એ છે કે, યદ્યપિ વર્તમાનમાં પણ ચોવીસ તીર્થંકરો ભાવતીર્થંકરરૂપ નથી, પરંતુ સિદ્ધાવસ્થાને પામેલા હોવાથી દ્રવ્યતીર્થંકરરૂપ જ છે; તો પણ દ્રવ્યનિક્ષેપાની સિદ્ધિ અર્થે વર્તમાનમાં

પ્રચલિત ચતુર્વિંશતિસ્તવને ગ્રહણ કરતાં પ્રથમ તીર્થપતિના કાળને જ અહીં ગ્રહણ કરેલ છે. તેનું કારણ વર્તમાનમાં ચોવીસ તીર્થંકરો સિદ્ધાવસ્થામાં હોવાથી દ્રવ્યજિન હોવા છતાં વર્તમાનમાં ગુણસંપત્તિયુક્ત છે, કેમ કે સિદ્ધાવસ્થામાં પરિપૂર્ણ ગુણયુક્ત છે; જ્યારે ઋષભદેવ ભગવાનના કાળમાં અન્ય તીર્થંકરો યાવત્ એકેન્દ્રિયાદિમાં પણ હોઈ શકે છે, અને તે ભૂમિકામાં મોક્ષને અનુકૂળ સંપૂર્ણ ગુણસંપત્તિનો અભાવ પણ હોઇ શકે છે; આમ છતાં તેઓ આરાધ્યપણાને પામે છે, તે વસ્તુ કારણઅવસ્થારૂપ દ્રવ્યનિક્ષેપાની આરાધ્યતાને બતાવે છે.

ટીકાર્થ :-

ન ચ.....વજ્રલેપત્વાત્ । અને ઋષભ-અજિતાદિકાળમાં એક સ્તવ, દ્વિસ્તવાદિ પ્રક્રિયા પણ કરવી શક્ય નથી, કેમ કે શાશ્વત અધ્યયનપાઠની લેશથી પણ પરાવૃત્તિ કરવાથી કૃતાંતકોપનું વજ્રલેપપણું છે.

વિશેષાર્થ :-

ચતુર્વિંશતિસ્તવ શાશ્વત અધ્યયન પાઠ છે, અને તેને એક સ્તવ, બે સ્તવાદિ પ્રક્રિયા કરીએ તો પરાવૃત્તિ થાય, અને તે ઉત્સૂત્રભાષણરૂપ હોવાથી દીર્ઘસંસારનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે, દરેક ચોવીસીમાં તીર્થંકરો ભિન્ન ભિન્ન થાય છે તો પણ ચતુર્વિંશતિસ્તવ શાશ્વત છે; ફક્ત તે તે ચોવીસીમાં તે તે નામો યુક્ત ચતુર્વિંશતિસ્તવની ગણધરો રચના કરે છે. તેથી પ્રસ્તુત નામવાળું ચતુર્વિંશતિસ્તવ શાશ્વત નહિ હોવા છતાં ચતુર્વિંશતિસ્તવરૂપે શાશ્વત છે.

ટીકાર્થ :-

ન ચ.....બાધકત્વાત્, અને નામ ઉત્કીર્તનમાત્રમાં તાત્પર્ય હોવાને કારણે અવિરોધ છે એમ ન કહેવું, કેમ કે અર્થના ઉપયોગરહિત એવા ઉત્કીર્તનનું રાજવિષ્ટિ=રાજાની વેઠ, સમપણું હોવાને કારણે યોગીકુળમાં જન્મનું બાધકપણું છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, ઋષભદેવ ભગવાનના કાળમાં ચતુર્વિંશતિસ્તવની આરાધના થાય છે ત્યાં, ચોવીસે તીર્થંકરોના નામમાત્રનું ઉત્કીર્તન કરવામાં તાત્પર્ય છે; તેથી ત્રેવીસ તીર્થપતિઓના દ્રવ્યનિક્ષેપા આરાધ્ય છે એવો અર્થ તે સ્તવથી પ્રાપ્ત થાય નહિ, તેથી અવિરોધ છે=દ્રવ્યનિક્ષેપો ન સ્વીકારીએ તો પણ વાંધો નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે, અવિરોધ છે એમ ન કહેવું, કેમ કે અર્થના ઉપયોગરહિત જે નામમાત્રનું ઉત્કીર્તન છે તે રાજાની વેઠ સમાન છે, અને તે યોગીકુળના જન્મનું બાધક છે. આથી કરીને જ દ્રવ્યઆવશ્યકનો નિષેધ શાસ્ત્રમાં કરેલ છે.

અહીં વિશેષ એ છે કે આ રીતે અર્થના ઉપયોગરહિત ઉત્કીર્તન યોગીકુળના જન્મનું બાધક કહીએ

તો, બહુલતાએ સર્વની ક્રિયાઓ અર્થોપયોગરહિત થવાની સંભાવનાને કારણે અનર્થરૂપ પ્રાપ્ત થાય. કહેવાનો આશય એ છે કે, જે જીવ અર્થનો તીવ્ર સ્પૃહાલુ હોય, અને શક્તિના અભાવને કારણે કે તથાવિધ પ્રમાદને કારણે અર્થમાં યત્ન ન કરતો હોય, તો પણ અર્થને પ્રાપ્ત કરવાની તીવ્ર સ્પૃહા હોય, તેથી જ પોતાના પ્રમાદની વારંવાર નિંદા કરતો હોય, અને તેને દૂર કરવા માટે કાંઈક યત્ન પણ કરતો હોય; તે જીવનો તે દ્રવ્યક્રિયામાં વર્તતો દોષ નિરનુબંધ હોય છે, તેથી તે દ્રવ્યઆવશ્યકપણું ભાવના કારણરૂપ બને છે. પરંતુ જે જીવને અર્થપૂર્વક કરવાની વૃત્તિ જ નથી, અને તેવી વૃત્તિ પેદા થાય તેમ પણ નથી, અને તેવો જીવ અપ્રજ્ઞાપનીય ભૂમિકાવાળો છે; તેથી તેની તે સર્વક્રિયાઓ યોગીકુળમાં જન્મની બાધક છે. જ્યારે પ્રજ્ઞાપનીય જીવ કે પોતાની ત્રુટિને દૂર કરવાની ઇચ્છાવાળો જીવ, જે કાંઇ દ્રવ્યક્રિયા કરે છે, તે વિશિષ્ટ યોગીકુળના જન્મની પ્રાપ્તિનું કારણ નહિ હોવા છતાં, સર્વથા યોગીકુળના જન્મની બાધક બનથી નથી. અને જેઓ આ સઘળી ક્રિયાઓ અર્થના ઉપયોગપૂર્વક કરે છે, તેમની તે ક્રિયાઓ ઉત્તમ કોટિના યોગીકુળના જન્મની પ્રાપ્તિનું કારણ બને છે. પરંતુ લુંપાક સ્વીકારે છે તેમ લોગસ્સ સૂત્ર નામમાત્રના ઉત્કીર્તનરૂપ સ્વીકારીએ તો શાસ્ત્ર જ અર્થના ઉપયોગ વગર ચતુર્વિંશતિસ્તવ બોલવાનું કહે છે, તેમ માનવું પડે. અને તેમ માનીએ તો અર્થના ઉપયોગ વગર જ બોલવાની રુચિ પણ થાય, જે વિપર્યાસરૂપ છે, તેથી યોગીકુળમાં જન્મ થાય નહિ; માટે નામમાત્ર બોલવામાં તાત્પર્ય સ્વીકારી શકાય નહિ.

ટીકાર્થ :-

अत एव.....निषेधः । **આથી કરીને જ=પૂર્વમાં કહ્યું કે અર્થઉપયોગરહિત એવા ઉત્કીર્તનનું રાજાની વેઠસમપણું હોવાને કારણે યોગીકુળમાં જન્મનું બાધકપણું છે આથી કરીને જ, દ્રવ્યઆવશ્યકનો નિષેધ છે=શાસ્ત્રમાં અપ્રધાનદ્રવ્યઆવશ્યકનો નિષેધ છે.**

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યઆવશ્યકનો શાસ્ત્રમાં નિષેધ છે, પરંતુ અર્થોપયોગરહિત ઉત્કીર્તન દ્રવ્યઆવશ્યક છે તે કેવી રીતે નક્કી થાય? તેથી કહે છે -

ટીકાર્થ :-

सूत्रे.....आराध्यतेति । **અને સૂત્રમાં** અનુપયોગ દ્રવ્ય છે, **એ પ્રકારે અનુયોગદ્વારાદિમાં સેંકડો વખત ઉદ્‌ઘોષિત છે=કહેલું છે, અને વળી અર્થોપયોગમાં વાક્યાર્થપણાથી જ દ્રવ્યજિનની આરાધ્યતા સિદ્ધ થાય છે.**

વિશેષાર્થ :-

ચતુર્વિંશતિસ્તવમાં અર્થોપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવાથી તે તે નામથી વાચ્ય એવા દ્રવ્યજિનની ઉપસ્થિતિ થાય છે, અને તેમનું ઉત્કીર્તન હોવાને કારણે દ્રવ્યજિનની આરાધ્યતા સિદ્ધ થાય છે.

टीका :-

एतेन द्रव्यजिनस्याराध्यत्वे करतलपरिकलितजलचुलुकवर्त्तिजीवानामप्याराध्यत्वापत्ति-स्तेषामपि कदाचिज्जिनपदवीप्राप्तिसंभवादिति, शासनविडंबकस्य लुम्पकस्योपहासो निरस्तो द्रव्यजिनत्व-नियामकपर्यायस्य तत्रापरिज्ञानात् ।

टीकार्थ :-

एतेन.....अपरिज्ञानात् । આના દ્વારા=અર્થોપયોગ હોતે છતે વાક્યાર્થપણાથી જ દ્રવ્યજિનની આરાધ્યતા સિદ્ધ થાય છે આના દ્વારા, વક્ષ્યમાણ એવો લુંપાકનો ઉપહાસ નિરસ્ત જાણવો, અને તે ઉપહાસ આ પ્રમાણે છે -

દ્રવ્યજિનનું આરાધ્યપણું હોતે છતે હાથમાં રહેલા પાણીના ખોબાવર્તી જીવોની પણઆરાધ્યતાની આપત્તિ છે, કેમ કે તેઓમાં પણ ક્યારેક જિનપદવીની પ્રાપ્તિનો સંભવ છે, એ પ્રમાણે શાસનવિડંબક લુંપાકનો ઉપહાસ પણ નિરસ્ત જાણવો. કેમ કે દ્રવ્યજિનત્વનિયામક પર્યાયનું ત્યાં= ખોબાવર્તી પાણીમાં, અપરિજ્ઞાન છે.

विशेषार्थ :-

'एतेन'ના કથનથી લુંપાકના ઉપહાસનો પરિહાર આ રીતે દૂર થાય છે -

અર્થના ઉપયોગપૂર્વક નામના ઉત્કીર્તનથી દ્રવ્યજિન આરાધ્ય છે, એ રીતે ઉપસ્થિતિ થાય છે, જ્યારે ખોબાવર્તી પાણીમાં કોઈ જિનનો જીવ છે, એ પ્રકારે ઉપસ્થિતિ થતી નથી. તેથી તે પાણીની આરાધ્યતા સિદ્ધ થતી નથી. પરંતુ તે પાણીમાં તીર્થંકરનો જીવ છે એ રીતે ઉપસ્થિતિ થાય, તો જ તે આરાધ્ય છે એ પ્રકારે માનવું પડે.

टीका :-

मरीचिस्तु स्वाध्यायध्यानपरायणो महात्मा भगवतो नाभिनन्दनस्य चन्दनप्रतिमया गिरा परिकलिततादृशपर्यायः पुलकितगात्रेण भक्तिपात्रेण भरतचक्रवर्तिना वन्दित एवेति प्रसिद्ध-मावश्यकनिर्युक्तौ पुरश्चकाश्च वन्दननिमित्तं द्रव्यजिनपर्यायम्, न त्वौदयिकभावम् । तथाहि -

'णवि ते पारिवज्जं वंदामि अहं ण ते इहं जम्मं ।
जं होहिसि तित्थयरो, अपच्छिमो तेणं वंदामि ।। त्ति ।

टीकार्थ :-

मरीचिस्तु.....औदयिकभावम् । વળી ભગવાન નાભિનંદનની ચંદન સરખી વાણી વડે કરીને જાણ્યો છે તાદૃશ પર્યાય જેમનો એવા, સ્વાધ્યાય અને ધ્યાનપરાયણ મહાત્મા મરીચિ, ભક્તિપાત્ર

હોવાને કારણે, પુલકિત ગાત્રવાળા ભરતચક્રવર્તી વડે વંદન કરાયા છે, એ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિમાં પ્રસિદ્ધ છે; અને વંદનનિમિત્તક દ્રવ્યજિનપર્યાયને આગળ કરેલ છે, પરંતુ ઔદયિકભાવને નહિ.

तथाहि.....त्ति । તે આ પ્રમાણે - હું તારા પરિવ્રાજકપણાને વંદન કરતો નથી, તારા આ જન્મને વંદન કરતો નથી; જે કારણથી તું છેલ્લો તીર્થંકર થઈશ તેથી હું વંદન કરું છું.

त्ति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

पापिष्ठस्त्वाचष्ट – उक्तमिदं निर्युक्तौ परं न सूत्र इति, निर्युक्तिकमेवेति तस्य दुष्टस्य शिरसि ऋषभादिवारके चतुर्विंशतिस्तवसूत्रपाठानुपपत्तिरेव प्रहारः, यदि द्रव्यजिनतां पुरस्कृत्य भरतेन मरीचिः वन्दितः कथं न साधुभिरित्यत्रानुविशिष्यवन्दने तद्व्यवहारानुपपत्तिरेव समाधानम्, सामान्यतस्तु 'जे अइया सिद्धा' **इत्यादिनाऽऽगतमेव ।**

ટીકાર્થ :-

पापिष्ठस्त्वाचष्ट.....अनुपपत्तिरेव प्रहारः, આવશ્યકનિર્યુક્તિમાં આ કહેલું છે, પરંતુ સૂત્રમાં= આગમમાં, કહ્યું નથી, એ હેતુથી આ વાત=દ્રવ્યજિન વંદનીય છે એ વાત, યુક્તિરહિત જ છે, એ પ્રમાણે વળી પાપિષ્ઠ કહે છે; તે દુષ્ટના મસ્તક ઉપર ઋષભાદિના વારામાં ચતુર્વિંશતિસ્તવપાઠની અનુપપત્તિ જ પ્રહાર છે.

यदि.....इत्यादिनाऽऽगतमेव । અહીં કોઈ શંકા કરતાં કહે છે કે, જો દ્રવ્યજિનપણાને આગળ કરીને મરીચિ ભરત વડે વંદન કરાયા, તો સાધુઓ વડે કેમ વંદન ન કરાયા ? એ પ્રકારે શંકાવિષયક અનુવિશિષ્યના વંદનમાં=સાધુ કરતાં નીચલી ભૂમિકામાં રહેલા=ગૃહસ્થવેષમાં રહેલા, મરીચિના વંદનમાં, તેના વ્યવહારની=સાધુના વ્યવહારની, અનુપપત્તિ જ સમાધાન છે. અને વળી સામાન્યથી 'જે અઇઆ સિદ્ધા' ઇત્યાદિ વડે આગત જ છે=સાધુઓ વડે મરીચિને વંદન આગત જ છે.

વિશેષાર્થ :-

પૂર્વમાં કહેલ કે, જો ભરત વડે મરીચિ વંદન કરાયા તો સાધુ વડે કેમ વંદન ન કરાયા ? તેના સમાધાનરૂપે કહેલ કે 'जे अइया सिद्धा' ઇત્યાદિ વડે સામાન્યથી વંદન થાય છે, અને અનુવિશિષ્યના વિશેષવંદનમાં સાધુના વ્યવહારની અનુપપત્તિ જ છે, એ જ સમાધાન છે. કહેવાનો આશય એ છે કે, ઋષભદેવના સાધુઓ મરીચિને વંદન કરતા ન હતા, કેમ કે મરીચિ પરિવ્રાજકવેષમાં છે. તેથી ત્યાં તેવા પ્રકારના વ્યવહારની અસંગતતા જ કારણ છે.

ટીકા :-

अथ द्रव्यत्वस्य द्रव्यसंख्याद्यधिकारेऽनुयोगद्वारादिषु एकभविकबद्धायुष्काभिमुखनामगोत्र-

भेदभिन्नस्यैवोपदेशाद् भावजिनादतिव्यवहितपर्यायस्य मरीचेर्द्रव्यजिनत्वमेव कथं युक्तमिति चेत् ? सत्यम्, आयुःकर्मघटितस्य द्रव्यत्वस्यैकभविकादेर्भेदनियतत्वेऽपि फलीभूतभावार्हत्पदजनन-योग्यतारूपस्य प्रस्थकादिदृष्टान्तेन दूरेऽपि नैगमनयाभिप्रायेणाश्रयणात् । योग्यताविशेषे च ज्ञानिवचनादिनावगते दोषमुपेक्ष्यापि तेषां वन्दनवैयावृत्त्यादिव्यवहारः संगच्छते । अत एवाति-मुक्तकर्षेर्वीरवचनाद्भाविभद्रतामवगम्य स्थविरैर्व्रतस्खलितमुपेक्ष्याग्लान्या वैयावृत्त्यं निर्ममे ।

टीकार्थ :-

अथ द्रव्यत्वस्य.....आश्रयणात् । **पूर्वपक्षी शंका करतां कहे छे के, द्रव्यत्वनुं अनुयोगद्वारसूत्रमां द्रव्यसंख्यादिना अधिकारमां एकभविक, बद्धायुष्क अने अभिमुखनामगोत्रना भेदथी भिन्ननो उपदेश होवाथी, भावजिनथी अतिव्यवहित=अतिव्यवधानवाळो=अतिदूर, पर्याय छे जेनो एवा मरीचिने, द्रव्यजिनपणुं ज कई रीते युक्त छे ? तेनो सिद्धांतकार जवाब आपे छे के, तारी वात साची छे, (अनुयोगद्वारसूत्रना कथन प्रमाणे मरीचिना भवमां द्रव्यजिनपणुं कही शकाय नहि, परंतु) आयुष्यकर्मघटित एवा द्रव्यत्वनुं, एकभविकादि भेदथी नियतपणुं होवा छतां पण, फळीभूत एवा भावअर्हत्पदजननयोग्यतारूप द्रव्यत्वनुं, प्रस्थकादि दृष्टांत वडे दूरमां पण नैगमनयना अभिप्रायथी आश्रयण थाय छे.**

विशेषार्थ :-

अनुयोगद्वारसूत्रमां द्रव्य-संख्यादि अधिकारो छे, त्यां द्रव्य कोने कहेवाय ए कथनमां त्रण प्रकारना द्रव्यनुं कथन कर्युं छे. (१) एकभविक, (२) बद्धायुष्क अने (३) अभिमुखनामगोत्र. अने ते त्रणे द्रव्यतीर्थंकरमां आ रीते प्राप्त थाय छे - भगवान जे भवमां तीर्थंकर थवाना होय एना पूर्वभवमां जे देव के नरकभवमांथी आवे छे ते देव के नरकभवमां, ते तीर्थंकरनो जीव छे ते एकभविक द्रव्यतीर्थंकर छे, अने ते भवमां ज्यारे चरमभवनुं आयुष्य बांधे त्यारे ते बद्धायुष्क द्रव्यतीर्थंकर कहेवाय छे, अने छेल्ला भवमां भावतीर्थंकर थवाने अभिमुखपरिणामवाळो होय त्यारे एक अंतर्मुहूर्त पहेलां अभिमुखनामगोत्ररूप द्रव्यतीर्थंकर कहेवाय. तेथी ए प्राप्त थाय के, तीर्थंकरभवना पूर्वभवमां आयुष्य बांध्या पूर्वे एकभविक द्रव्यतीर्थंकर छे, चरमभवनुं आयुष्य बांधे त्यारथी मांडीने केवलज्ञाननी प्राप्तिना अंतर्मुहूर्त पहेलां सुधी बद्धायुष्क द्रव्यतीर्थंकर छे, अने भावतीर्थंकर थवाना अंतर्मुहूर्त पहेलां तीर्थंकरनामकर्मने अभिमुखनामगोत्रवाळा ते द्रव्यतीर्थंकर छे. आ त्रणने ज त्यां द्रव्यरूपे स्वीकारेल होवाथी, तेना पूर्वना भवमां ते द्रव्यतीर्थंकर कही शकाय नहि; एम कहीने पूर्वपक्षीने ए कहेवुं छे के, मरीचि तो तीर्थंकर थवाना अतिदूरवर्ती होवाथी तेमने द्रव्यजिन कही शकाशे नहि; माटे द्रव्यजिनरूपे मरीचिने वंद्य स्वीकारवा उचित नथी.

पूर्वपक्षीना उक्त कथननो उत्तर ग्रंथकार 'सत्यं' थी आपतां कहे छे के, तारी वात साची छे=

અનુયોગદ્વારસૂત્રમાં આ ત્રણ પ્રકારના દ્રવ્યત્વનો સ્વીકાર કર્યો છે એ રીતે, મરીચિ દ્રવ્યજિન સ્વીકારી શકાય નહિ; કેમ કે તે ત્રણે આયુષ્યકર્મથી ઘટિત દ્રવ્યસ્વરૂપ છે, અને તે એકભવિકાદિ ત્રણે તીર્થંકર થવાના અતિ આસન્ન હોય તેવા તીર્થંકરને દ્રવ્યતીર્થંકરરૂપે ગ્રહણ કરેલ છે. તો પણ દ્રવ્યતીર્થંકરના ફળભૂત જે ભાવતીર્થંકરપદ, તેની જનનયોગ્યતારૂપ દ્રવ્યતીર્થંકરપણું, પ્રસ્થકાદિ દૃષ્ટાંતથી નૈગમનયનું આશ્રયણ કરીને દૂરમાં પણ સંભવી શકે છે.

કહેવાનો આશય એ છે કે, ભાવતીર્થંકરની અતિ નજીક એવા આયુષ્યકર્મથી ઘટિત એકભવિકાદિ મરીચિમાં નથી, તેથી તે અપેક્ષાએ મરીચિને દ્રવ્યતીર્થંકર કહીને ઉપાસ્ય માની શકાય નહિ; તો પણ ભાવતીર્થંકર થવાની યોગ્યતા મરીચિમાં દૂરવર્તી છે, અને અશુદ્ધનૈગમનય પ્રસ્થકાદિ દૃષ્ટાંતથી દૂરવર્તી યોગ્યતાને સ્વીકારે છે; તે રીતે અશુદ્ધનૈગમનયનું અવલંબન લઈને મરીચિમાં પણ ભાવતીર્થંકરની યોગ્યતા છે, તેને સામે રાખીને દ્રવ્યતીર્થંકરરૂપ આરાધ્યતા સ્વીકારવામાં કોઈ દોષ નથી.

ટીકાર્થ :-

योग्यताविशेषे.....संगच्छते । અને જ્ઞાનીના વચનથી અવગત=જણાયેલી, એવી યોગ્યતાવિશેષમાં દોષની ઉપેક્ષા કરીને પણ તેઓના વંદન-વૈયાવૃત્ત્યાદિનો વ્યવહાર સંગત થાય છે.

વિશેષાર્થ :-

કોઈને શંકા થાય કે, વસ્તુતઃ મરીચિમાં દ્રવ્યજિનપણું ઘટતું નથી; કેમ કે અનુયોગદ્વારસૂત્રમાં ત્રણ પ્રકારનું દ્રવ્યત્વ કહ્યું છે. આ શંકાનું સમાધાન કરીને સ્થાપન કર્યું કે, મરીચિમાં દૂરવર્તી પણ દ્રવ્યત્વ છે; તેથી ત્યાં સામાન્યથી વંદનવ્યવહાર સંગત છે; અને જ્ઞાનીના વચનથી એવી યોગ્યતાવિશેષ જણાયે છતે= આસન્નકાળમાં સિદ્ધપદપ્રાપ્તિ થવાની છે અથવા તીર્થંકર થનાર છે તે પ્રકારની યોગ્યતાવિશેષ જણાયે છતે, અવિરતિ આદિ દોષની ઉપેક્ષા કરીને પણ તેઓના વંદન-વૈયાવચ્ચાદિમાં વ્યવહાર સંગત થાય છે.

ટીકાર્થ :-

अत एव.....निर्ममे । આથી કરીને જ વીરવચનથી અતિમુક્તઋષિની ભાવિભદ્રતા જાણીને વ્રતસ્ખલિતની ઉપેક્ષા કરીને સ્થવિરો વડે અગ્લાનિથી વૈયાવૃત્ત્ય કરાયું=ઉત્સાહપૂર્વક વૈયાવૃત્ત્ય કરાયું.

વિશેષાર્થ :-

દોષનો અભાવ હોય અને યોગ્યતાવિશેષ જણાય તો અવશ્ય વંદનવ્યવહાર થાય છે, પરંતુ દોષની ઉપેક્ષા કરીને પણ યોગ્યતાવિશેષ જણાય તો વંદનવ્યવહાર સંગત થાય છે. આથી સ્ખલિત એવા= સ્ખલના પામેલ એવા, અઇમુત્તામુનિની પ્રમાદ કે આકુટ્ટિપૂર્વક કરાયેલા દોષની ઉપેક્ષા કરીને સ્થવિરોએ વૈયાવચ્ચ કરી.

उत्थान :-

द्रव्यनिक्षेपानुं आराध्यपणुं बीजी रीते बतावतां कहे छे –

टीका :-

किञ्च - 'णमो सुअस्स' **इत्यादिनापि द्रव्यनिक्षेपस्य आराध्यत्वं सुप्रतीतम्, अक्षरादि-श्रुतभेदेषु संज्ञाव्यञ्जनाक्षरादीनां भावश्रुतकारणत्वेन द्रव्यश्रुतत्वात्, पत्रकपुस्तकलिखितस्य च**'दव्वसुअं जं पत्तयपोत्थयलिहिअं' **इत्यागमेन द्रव्यश्रुतत्वप्रसिद्धेः । भावश्रुतस्यैव वंद्यत्वतात्पर्ये च जिनवागपि न नमनीया स्यात्, केवलज्ञानेन दृष्टानामर्थानां जिनवाग्योगेन निसृष्टायास्तस्याः श्रोतृषु भावश्रुतकारणत्वेन द्रव्यश्रुतत्वात्, तदार्षम् – (आ० नि० ७८)**

केवलनाणेणत्थे णाउ, जे तत्थ पन्नवणजोगो । ते भासइ तित्थयरो, वयजोगो सुअं, हवइ सेसं ।। त्ति । तस्य वाग्योगः श्रुतं भवति । शेषम्=अप्रधानं द्रव्यभूतमिति तुरीयपादार्थः । **भगवन्मुखोत्सृष्टैव वाणी वन्दनीया, नान्येति वदंस्तु स्वमुखेनैव व्याहन्यते केवलायास्तस्याः श्रवणायोग्यत्वेन श्रोतृषु भावश्रुताजननाद् द्रव्यश्रुतरूपताया अप्यनुपपत्तेः, मिश्रायाः श्रवणेऽपि विश्रेणिस्थित एवागतेः, पराघातवासिताया ग्रहणे च जिनवाणी प्रयोज्याया अन्याया अपि यथावस्थितवाच आराध्यत्वाक्षतेः ।**

टीकार्थ :-

किञ्च.....द्रव्यश्रुतत्वात्, **अने वळी 'णमो सुअस्स' ईत्यादि वडे पण द्रव्यनिक्षेपानुं आराध्यपणुं सुप्रतीत छे. केम के अक्षर आदि श्रुतभेदोमां संज्ञाक्षर अने व्यंजनाक्षर आदिनुं भावश्रुतनुं कारणपणुं होवाथी द्रव्यश्रुतपणुं छे.**

उत्थान :-

अहीं प्रश्न थाय के संज्ञाक्षर अने व्यंजनाक्षर जेम भावश्रुतनुं कारण बने छे, तेम मतिज्ञाननुं पण कारण बने छे, तेथी **'णमो सुअस्स'** ईत्यादिथी संज्ञाक्षर अने व्यंजनाक्षरने ग्रहण करवा न जोईए; परंतु भावश्रुतने ग्रहण करवुं जोईए, एवी शंकाना निराकरणमां कहे छे -

टीकार्थ :-

पत्रक.....प्रसिद्धेः । अने जे पत्रक-पुस्तक-लिखित छे (ते) द्रव्यश्रुत छे **ए प्रकारना आगम वडे करीने पत्रक-पुस्तक-लिखितनी द्रव्यश्रुतपणानी प्रसिद्धि छे.**

विशेषार्थ :-

किञ्च थी सिद्धांतकार **'णमो सुअस्स'** ईत्यादि आगमपाठना बळथी द्रव्यनिक्षेपानुं आराध्यपणुं

બતાવે છે. ત્યાં શ્રુતના જે ચૌદ ભેદો કહેલ છે તેમાં અક્ષરાદિ ભેદો છે, અને અક્ષરાદિ શ્રુતના ભેદોના સંજ્ઞાક્ષર અને વ્યંજનાક્ષર પણ પ્રાપ્ત થાય છે; જે ભાવશ્રુતનું કારણ હોવાથી દ્રવ્યશ્રુતરૂપ છે. અને તેને નમસ્કાર કરવામાં આવે છે, તેથી દ્રવ્યનિક્ષેપો આરાધ્ય છે.

અહીં પૂર્વપક્ષી કહે કે, **'णमो सुअस्स'** શબ્દથી ચૌદ પ્રકારના શ્રુતને ગ્રહણ કરવું યુક્ત નથી, પરંતુ ભાવશ્રુતને જ ગ્રહણ કરવું યુક્ત છે. કેમ કે અક્ષરાદિ શ્રુતરૂપ જ નથી, કેમ કે તે ભાવશ્રુતનું કારણ છે તેમ મતિજ્ઞાનનું પણ કારણ છે. આથી જ પુસ્તકાદિમાં લિખિત અક્ષરોને જોઇને ચક્ષુરાદિકૃત મતિજ્ઞાન પણ થાય છે. તેથી સિદ્ધાંતકાર કહે છે કે, આગમમાં પત્ર અને પુસ્તકલિખિત દ્રવ્યશ્રુત છે એ પ્રમાણે પ્રસિદ્ધ છે, તેથી તેને મતિજ્ઞાનના કારણરૂપે કહીને દ્રવ્યમતિ કહી શકાય નહિ. તેથી **'णमो सुअस्स'** થી ચૌદ પ્રકારના શ્રુતને નમસ્કાર કરવામાં થાય છે, માટે દ્રવ્યનિક્ષેપો આરાધ્ય છે.

ટીકાર્થ :-

भावश्रुतस्यैव.....द्रव्यश्रुतत्वात्, :- **'णमो सुअस्स' એ વચન દ્વારા ચૌદ પ્રકારના શ્રુતને આરાધ્ય ન માનીએ અને ભાવશ્રુતને જ આરાધ્ય માનીએ તો, ભાવશ્રુતના જ વંદ્યપણાના તાત્પર્યમાં જિનવાણી પણ નમનીય નહિ થાય. કેમ કે કેવલજ્ઞાન વડે દૃષ્ટ એવા અર્થોને ભગવાનના વચનયોગ વડે કરીને નિસૃષ્ટ=નીકળતી એવી, તેનું=જિનવાણીનું, શ્રોતામાં ભાવશ્રુતનું કારણપણું હોવાથી દ્રવ્યશ્રુતપણું છે. (તેથી ભગવાનની વાણી પણ દ્રવ્યશ્રુતરૂપ હોવાને કારણે નમનીય નહિ થાય.)**

तदार्षम्.....तुरीयपादार्थः । **તેનું આર્ષ (આ પ્રમાણે છે)=પૂર્વમાં કહ્યું કે ભગવાનની વાણી દ્રવ્યશ્રુત છે તેનું આર્ષ આ પ્રમાણે છે -**

કેવલજ્ઞાન વડે અર્થોને જાણીને જે અર્થો ત્યાં=ઉપદેશમાં, પ્રજ્ઞાપનને યોગ્ય છે=પ્રજ્ઞાપનીય છે (અને શ્રોતાને લાભ કરવા માટે યોગ્ય છે,) તેને તીર્થંકર કહે છે, (તે) વચનયોગ શેષ શ્રુત થાય છે.

શેષ=અપ્રધાન=દ્રવ્યભૂત, એ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિ ગાથાના ચોથા પાદનો અર્થ છે. (તેથી શેષનો અર્થ અપ્રધાન શ્રુત=દ્રવ્યશ્રુત, થાય છે અને તે દ્રવ્યશ્રુતથી પ્રધાન દ્રવ્યશ્રુત ગ્રહણ કરેલ છે, પરંતુ અપ્રધાન દ્રવ્યશ્રુત ગ્રહણ કરવાનું નથી.)

વિશેષાર્થ :-

અહીં વિશેષ એ છે કે ભાવશ્રુત છે તે પ્રધાનશ્રુત છે, અને જે દ્રવ્યશ્રુત છે તે અપ્રધાનશ્રુત છે. તે અપેક્ષાએ શેષનો અર્થ અપ્રધાન=દ્રવ્યભૂત છે, એ પ્રકારનો કરેલ છે. પરંતુ અપ્રધાનદ્રવ્યશ્રુત છે એવો અર્થ શેષનો કરવાનો નથી, કેમ કે ભગવાનની વાણી એ અપ્રધાનદ્રવ્યશ્રુત નથી, પરંતુ પ્રધાનદ્રવ્યશ્રુત છે. આ અર્થ આવશ્યકનિર્યુક્તિની ટીકા પ્રમાણે કરેલ છે.

✪ ભાવશ્રુત=પ્રધાનશ્રુત, દ્રવ્યશ્રુત=અપ્રધાનશ્રુત. આમ છતાં ભાવશ્રુતનું કારણ તે પ્રધાનદ્રવ્યશ્રુત છે અને જે ભાવશ્રુતનું કારણ નથી, તે અપ્રધાનદ્રવ્યશ્રુત છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે ભાવશ્રુત જ વંદનીય છે અને દ્રવ્યશ્રુત વંદનીય નથી. માટે ભગવાનની વાણી દ્રવ્યશ્રુત હોવાથી વંદનીય નથી, પરંતુ ભગવાનના મુખમાંથી નીકળેલી છે માટે વંદનીય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

भगवन्.....अप्यनुपपत्तेः ભગવાનના મુખમાંથી નીકળેલી જ વાણી વંદનીય છે, અન્ય નહિ; એ પ્રમાણે બોલતો વળી (લુંપાક) સ્વમુખથી જ હણાય છે, કેમ કે કેવલ એવી તેનું= ભગવાનના મુખમાંથી નીકળેલી જ વાણીનું, શ્રવણઅયોગ્યપણું હોવાને કારણે શ્રોતામાં ભાવશ્રુતનું અજનન થવાને કારણે દ્રવ્યશ્રુતરૂપપણા વડે પણ અનુપપત્તિ છે.

✪ **'द्रव्यश्रुतरूपताया अप्यनुपपत्तेः'** અહીં **अपि** થી એ કહેવું છે કે, ભાવશ્રુતપણારૂપે તો અનુપપત્તિ છે, પણ દ્રવ્યશ્રુતપણાવડે પણ અનુપપત્તિ છે. તેથી તે વાણી ભાવશ્રુતરૂપ પણ નથી અને દ્રવ્યશ્રુતરૂપ પણ નથી. તેથી તે ઉપકારક નથી. માટે લુંપાકના મત પ્રમાણે અનુપકારક તેવી વાણી વંદનીય છે, પરંતુ એમ કહેવું તે પરસ્પર વિરોધરૂપ છે, તેથી લુંપાક સ્વમુખથી હણાય છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી સમાધાન કરે કે, કેવલ ભગવાનની વાણીમાં શ્રવણ-અયોગ્યપણું હોવા છતાં મિશ્રવાણી શ્રવણયોગ્ય છે, તેથી તે ભાવશ્રુતનું કારણ માની શકાશે. અને તેથી તે વાણી ઉપકારક છે, તેમ કહી શકાશે, માટે કોઈ વિરોધ નથી. તેથી કહે છે -

ટીકાર્થ :-

मिश्रायाः.....एवागतेः । મિશ્ર એવી વાણીના શ્રવણમાં પણ વિશ્રેણિસ્થિત=વિશ્રેણિમાં રહેલા, એવા શ્રોતામાં જ તે વાણીની અગતિ છે=અપ્રાપ્તિ છે. (તેથી તે શ્રોતાને ભગવાનની વાણીથી વાસિત એવી અન્યવાણી દ્વારા જ ઉપકાર થાય છે, તેથી તેઓ માટે અન્યવાણી પણ વંદનીય બને. આમ લુંપાકનું વચન સ્વમુખથી જ હણાય છે.)

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, ભગવાનની મિશ્રવાણી અને પરાઘાતવાસિત વાણી વંદનીય છે= ભગવાનના વચનના પરાઘાતથી વાસિત થયેલી વાણી વંદનીય છે, અન્ય નહિ. તેના સમાધાનરૂપે કહે છે -

✪ અહીં મિશ્રવાણી એટલે સાક્ષાત્ બોલાયેલ શબ્દ અને તેનાથી વાસિત થયેલી શબ્દપુદ્ગલોરૂપ વાણી, જે સંમુખ બેઠેલાને સંભળાય છે. અને પરાઘાતવાસિત વાણી એટલે સાક્ષાત્ બોલાયેલ શબ્દોના પરાઘાતથી વાસિત થયેલા શબ્દોમાત્ર હોય તે, જે સંમુખ બેઠેલા નથી તેમને સંભળાય છે.

ટીકાર્થ :-

પરાઘાત.....આરાધ્યત્વાક્ષતેઃ । પરાઘાતવાસિત વાણીનું ગ્રહણ કરાયે છતે જિનવાણીથી પ્રયોજ્ય અન્ય પણ યથાવસ્થિત વાણીના આરાધ્યપણાની અક્ષતિ છે.

વિશેષાર્થ :-

ભગવાનની વાણી, ભગવાનના મુખમાંથી નીકળેલી નહિ હોવા છતાં પરાઘાતથી વાસિત થયેલી વાણી, શ્રોતાને ઉપકારક હોવાથી વંદનીય છે, એમ પૂર્વપક્ષીને અભિમત હોય તો, છદ્મસ્થ પણ જે ભગવાનનાં વચનોનો યથાર્થ નિર્ણય કરીને તેમના વચનાનુસાર જ બોલે છે, તેમનું વચન અક્ષરાદિરૂપ દ્રવ્યશ્રુતરૂપ છે, અને ભગવદ્ વચનાનુસારી હોવાથી પદાર્થના યથાવસ્થિત સ્વરૂપનું પ્રરૂપક છે; તેથી તે પણ આરાધ્ય છે એમ માનવું જોઈએ.

ટીકા :-

एतेन सिद्धाचलादेराराध्यत्वमपि व्याख्यातम्, ज्ञानदर्शनचारित्ररूपभावतीर्थहेतुत्वेनास्य द्रव्यतीर्थत्वादनन्तकोटिसिद्धस्थानत्वस्यान्यत्राविशेषेऽपि स्फुटप्रतीयमानतद्भावेन तीर्थस्थापनयैवात्र विशेषात्, अनुभवादिना तथासिद्धौ श्रुतपरिभाषाभावस्यातन्त्रत्वादन्यथा चतुर्वर्णश्रमणसंघे तीर्थत्वं तीर्थकरे तु तद्बाह्यत्वमित्यपि विचारकोटिं नाटीकेत । व्यवहारविशेषाय तथा तथा परिभाषणमपरिभाषणं च न व्यामोहाय विपश्चितामिति स्थितम् ।

ટીકાર્થ :-

एतेन.....द्रव्यतीर्थत्वाद् । **આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે ભાવશ્રુતનું કારણ હોવાને કારણે અક્ષરાદિરૂપ દ્રવ્યશ્રુત પણ આરાધ્ય છે આના દ્વારા, સિદ્ધાચલાદિનું આરાધ્યપણું પણ વ્યાખ્યાન કરાયું. કેમ કે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ભાવતીર્થનું હેતુપણું હોવાને કારણે આનું=સિદ્ધાચલાદિનું, દ્રવ્યતીર્થપણું છે.**

વિશેષાર્થ :-

'આત્માને સંસારથી તારે તે તીર્થ' આ વ્યુત્પત્તિથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર જીવને તારનારાં છે, માટે ભાવતીર્થ છે; અને તેનું કારણ સિદ્ધાચલાદિ છે, તેથી તે દ્રવ્યતીર્થ છે. કેમ કે સમ્યગ્ બહુમાનપૂર્વક સિદ્ધાચલાદિની યાત્રા કરવાથી રત્નત્રયનો પ્રાદુર્ભાવ થવામાં પ્રબળ કારણભૂત સિદ્ધાચલાદિ છે, તેથી તે દ્રવ્યતીર્થ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, અનંત જીવો જેમ સિદ્ધાચલ ઉપર સિદ્ધ થયા છે, તેમ અન્યત્ર પણ સિદ્ધ થયા

છે. તેથી તેના કારણે જો સિદ્ધાચલ દ્રવ્યતીર્થ હોય તો અઢીદ્વીપમાત્ર અનંતસિદ્ધોનું સ્થાન હોવાથી દ્રવ્યતીર્થ પ્રાપ્ત થશે. તેથી કહે છે –

ટીકાર્થ :-

અનન્તકોટિ.....વિશેષાત્, **અનંતકોટિ સિદ્ધસ્થાનપણાનું અન્યત્ર અવિશેષ હોવા છતાં પણ સ્ફુટ પ્રતીયમાન=સ્પષ્ટ જણાતા, તદ્ભાવને કારણે=ભાવતીર્થના હેતુપણાને કારણે, (સિદ્ધાચલાદિમાં) તીર્થની સ્થાપના હોવાથી જ અહીં=સિદ્ધાચલાદિમાં, વિશેષ છે. તેથી જ સિદ્ધાચલાદિ જ દ્રવ્યતીર્થ છે, અન્ય ક્ષેત્ર નહિ.**

વિશેષાર્થ :-

અઢીદ્વીપમાત્રમાંથી અનંતા સિદ્ધો થયેલા છે, આમ છતાં સિદ્ધાચલને અવલંબીને અન્ય ક્ષેત્રો કરતાં અનંત સિદ્ધો અધિક થયા છે. યદ્યપિ મહાવિદેહક્ષેત્રમાં તેનાથી અધિક સિદ્ધોની પ્રાપ્તિ થઈ શકે છે, કેમ કે મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિગમન સતત ચાલુ છે; જ્યારે સિદ્ધાચલાદિમાં મહાવિદેહક્ષેત્રની અપેક્ષાએ અલ્પ સંખ્યાની પ્રાપ્તિ થાય; તો પણ સિદ્ધાચલ શાશ્વત તીર્થ છે, અને તેના જ પ્રબળ નિમિત્તથી રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે; તેથી યોગ્ય જીવને રત્નત્રયીની પ્રાપ્તિમાં જે રીતે સિદ્ધાચલાદિ કારણ બને છે, તે રીતે મહાવિદેહક્ષેત્ર બનતું નથી. તેથી જ કહેલ છે કે સ્ફુટ પ્રતીયમાન તદ્ભાવ હોવાને કારણે=સ્પષ્ટ રીતે જણાતા રત્નત્રયીના હેતુપણાને કારણે, તીર્થની સ્થાપના કરવામાં આવી છે. તેથી જ અન્ય ક્ષેત્ર કરતાં સિદ્ધાચલાદિમાં વિશેષ છે, તેથી જ સિદ્ધાચલનું આરાધ્યપણું સિદ્ધ થાય છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે તીર્થંકરો તીર્થ કરે છે, અને તે તીર્થ ત્રણ પ્રકારનાં શાસ્ત્રમાં કહેલ છે - (૧) પ્રથમ ગણધર, (૨) પ્રવચન અને (૩) ચતુર્વિધસંઘ - અને આ તીર્થને જ તીર્થંકરો કરે છે; પરંતુ સિદ્ધાચલાદિને તીર્થંકરો કરતા નથી, તેથી સિદ્ધાચલાદિને તીર્થ કહેવું અસંગત છે. તેના નિરાકરણરૂપે કહે છે -

ટીકાર્થ :-

અનુભવાદિના.....નાટીકેત । **અનુભવાદિથી તે પ્રકારે સિદ્ધ થયે છતે=ભાવતીર્થના કારણરૂપ સિદ્ધાચલાદિ છે તે પ્રકારે સિદ્ધ થયે છતે, શ્રુતપરિભાષાના અભાવનું અતંત્રપણું છે. અન્યથા= શ્રુતપરિભાષાના અભાવનું અતંત્રપણું માનવામાં ન આવે અને શ્રુતપરિભાષા પ્રમાણે ત્રણને જ તીર્થ સ્વીકારવામાં આવે તો, ચતુર્વર્ણ શ્રમણસંઘમાં તીર્થપણું પ્રાપ્ત થાય, અને તીર્થંકરમાં તદ્બાહ્યત્વ= તીર્થબાહ્યત્વ, પ્રાપ્ત થાય, એ પણ વિચારકોટિમાં સંગત થતું નથી=સ્વીકારવું ઉચિત લાગતું નથી.**

વિશેષાર્થ :-

અનુભવથી અને શાસ્ત્રવચનથી એ સિદ્ધ છે કે, સિદ્ધાચલાદિને પ્રાપ્ત કરીને જીવમાં જ્ઞાન-દર્શન-

ચારિત્રની પ્રાપ્તિ થાય છે, કે પ્રાપ્ત થયેલાં હોય તો તે અતિશયિત થાય છે. અને તારનાર એવા રત્નત્રયીરૂપ ભાવતીર્થના કારણરૂપ હોવાને કારણે એમાં દ્રવ્યતીર્થપણાની સિદ્ધિ થયે છતે, શ્રુતપરિભાષાનો અભાવ ત્યાં નિયામક નથી=શ્રુતની ત્રણ પ્રકારના તીર્થમાં જે પરિભાષા છે, તે પરિભાષાથી સિદ્ધાચલાદિ તીર્થરૂપે કહી શકાય નહિ, તો પણ ભાવતીર્થના હેતુરૂપે દ્રવ્યતીર્થ માનવામાં કોઇ દોષ નથી. અન્યથા=શ્રુતપરિભાષાને અવલંબીને જ તીર્થપણું જો નક્કી કરવામાં આવે તો, સિદ્ધાચલાદિને તીર્થ માની શકાય નહિ, તે જ રીતે તીર્થંકરોને પણ તીર્થ માની શકાય નહિ, પરંતુ તદ્બાહ્ય જ માનવા પડે. પરંતુ તેમ માનવું ઉચિત ગણાય નહિ, કેમ કે તીર્થબાહ્ય અન્યતીર્થિકો છે, પરંતુ તીર્થંકરો નથી.

અહીં વિશેષ એ છે કે, ભાવતીર્થ એ રત્નત્રયી છે; અને જેમ સિદ્ધાચલાદિ દ્રવ્યતીર્થ છે તેમ ચતુર્વિધ શ્રમણસંઘ, પ્રથમ ગણધર, અને તીર્થંકર એ પણ દ્રવ્યતીર્થ છે. ફક્ત સિદ્ધાચલાદિ સ્થાવરતીર્થ છે અને ચતુર્વિધ શ્રમણસંઘાદિ જંગમતીર્થ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, શ્રુતની પરિભાષા ચતુર્વિધ શ્રમણસંઘ, પ્રથમ ગણધર અને તીર્થંકર એ ત્રણમાં જ કરેલ છે, પરંતુ સિદ્ધાચલાદિમાં કરેલ નથી. તેથી શાસ્ત્રના વચનમાં વિચાર કરનારને વ્યામોહ થાય કે, શાસ્ત્રમાં ત્રણ પ્રકારનાં તીર્થ કહેલ છે તેથી સિદ્ધાચલાદિને તીર્થ કહી શકાય નહિ. તેથી કહે છે -

ટીકાર્થ :-

व्यवहार.....स्थितम् । વ્યવહારવિશેષ માટે તે તે પ્રકારનું પરિભાષણ કે અપરિભાષણ બુદ્ધિમાનોને વ્યામોહ માટે નથી, એ પ્રમાણે સ્થિત છે.

વિશેષાર્થ :-

તીર્થંકરો તીર્થને કરે છે એ બતાવવા અર્થે ત્રણ પ્રકારનાં તીર્થો ગ્રહણ કરેલ છે. કેમ કે તીર્થંકરો સિદ્ધાચલાદિરૂપ તીર્થને કરતા નથી, પરંતુ ત્રણ પ્રકારનાં તીર્થોને જ કરે છે. તેથી તીર્થને કરનારા તે તીર્થંકર છે, એ રૂપ વ્યવહારવિશેષને બતાવવા માટે, આ પ્રકારે પરિભાષા કરેલ છે, એ વસ્તુ બુદ્ધિમાનો સમજી શકે છે, તેથી તેઓને વ્યામોહ થતો નથી.

ટીકા :-

भावनिक्षेपे तु न विप्रतिपत्तिरिति चतुर्णामपि सिद्धमाराध्यत्वम् ।।२।।

ટીકાર્થ :-

भावनिक्षेपे ..... आराध्यत्वम् ।। વળી ભાવનિક્ષેપામાં વિપ્રતિપત્તિ નથી, એથી કરીને ચારે પણ નિક્ષેપાનું આરાધ્યપણું સિદ્ધ થયું. ॥૨॥

અવતરણિકા :-

એવં વ્યવસ્થિતે બ્રાહ્મીલિપિરિવ પ્રતિમા સૂત્રન્યાયેન વન્દ્યેતિ તદપહ્નવકારિણાં મૂઢતામા-વિષ્કરોતિ –

અવતરણિકાર્થ :-

આ પ્રમાણે વ્યવસ્થિત હોવા છતાં=શ્લોક-૨માં સિદ્ધ કર્યું કે, ચારેય નિક્ષેપા આરાધ્ય છે, એ પ્રમાણે વ્યવસ્થિત હોવા છતાં, સૂત્રન્યાયથી=શ્લોક-૩માં બતાવવામાં આવશે એ પ્રમાણે પ્રજ્ઞપ્તિસૂત્રમાં બ્રાહ્મીલિપિને નમસ્કાર કરવામાં આવે છે એ રૂપ સૂત્રન્યાયથી, બ્રાહ્મીલિપિની જેમ પ્રતિમા વંદ્ય છે. એથી કરીને તેનો અપલાપ કરનારાઓની=પ્રતિમાનો અપલાપ કરનારાઓની, મૂઢતાને પ્રગટ કરતાં કહે છે -

શ્લોક:-

लुप्तं मोहविषेण किं किमु हतं मिथ्यात्वदम्भोलिना,
मग्नं किं कुनयावटे किमु मनो लीनं तु दोषाकरे ।
प्रज्ञप्तौ प्रथमं नतां लिपिमपि ब्राह्मीमनालोचयन्,
वन्द्यार्हत्प्रतिमा न साधुभिरिति ब्रूते यदुन्मादवान् ।।३।।

શ્લોકાર્થ :-

પ્રજ્ઞપ્તિમાં=ભગવતીસૂત્રમાં, પ્રથમ નમાયેલી બ્રાહ્મીલિપિને પણ અનાલોચન કરતો= નહિ વિચારતો, અર્હત્પ્રતિમા સાધુઓ વડે વંદ્ય નથી, એ પ્રમાણે ઉન્માદવાળો જે બોલે છે; તે શું તેનું મન મોહવિષથી લુપ્ત છે ? (અથવા) મિથ્યાત્વરૂપ દંભોલિ વડે=વજ વડે, શું હણાયેલું છે ? (અથવા) શું કુનયરૂપ કૂવામાં મગ્ન છે ? (અથવા) દોષાકરમાં શું લીન છે ? ।।૩।।

ટીકા :-

लुप्तमिति :- प्रज्ञप्तौ प्रथमं=आदावेव नतां सुधर्मास्वामिना ब्राह्मीं लिपिमप्यनालोचयन्= धारणाबुद्ध्याऽपरिकलयन्, 'अर्हत्प्रतिमा साधुभिर्न वन्द्ये' ति यदुन्मादवान्=मोहपरवशो, ब्रूते तत् किं तस्य मनो मोहविषेण लुप्तं=व्याकुलितम् ? किमु मिथ्यात्वदम्भोलिना=मिथ्यात्ववज्रेण, हतं= चूर्णितम् ? अथवा किं कुनयावटे=दुर्नयकूपे मग्नम् ? यद्वा 'तु' इति उत्प्रेक्षायाम्, दोषसमूहाभिन्ने= दोषाकरे लीनम् ? छायाश्लेषेण मनश्चन्द्रं विशतीति श्रुतेः, मृतमित्यर्थः ।

ટીકાર્થ :-

प्रज्ञप्तौ ..... मृतमित्यर्थः । ભગવતીસૂત્રમાં આરંભમાં જ સુધર્માસ્વામી વડે નમાયેલી બ્રાહ્મીલિપિને અનાલોચન કરતો=ધારણાબુદ્ધિથી નહિ જાણતો, અર્હત્પ્રતિમા સાધુઓ વડે વંદ્ય નથી, એ પ્રમાણે જે ઉન્માદવાળો=મોહને પરવશ થયેલો, બોલે છે; તે શું તેનું મન મોહવિષ વડે લુપ્ત=વ્યાકુલિત છે ? (અથવા) શું મિથ્યાત્વરૂપ વજ્ર વડે હણાયેલું=ચૂર્ણિત થયેલું છે ? અથવા શું દુર્નયરૂપ કૂપમાં મગ્ન છે ? મૂળ શ્લોકમાં 'तु' શબ્દ છે, તે ઉત્પ્રેક્ષા અલંકારમાં છે. અથવા દોષસમૂહથી અભિન્ન એવા દોષાકરમાં તેનું મન લીન છે ? અર્થાત્ દોષાકર=દોષની ખાણ, અને દોષની ખાણ દોષના સમૂહથી અભિન્ન છે, તેમાં તેનું મન લીન છે ? અર્થાત્ તત્ત્વની વિચારણા કરવામાં તેનું મન મૃત છે એ અર્થ જાણવો.

छायाश्लेषेण છાયાશ્લેષ અલંકાર વડે મન ચંદ્રમાં પ્રવેશે છે એ પ્રમાણે શ્રુતિ હોવાથી, અહીં છાયાશ્લેષ અલંકાર લેવાનો નથી, પરંતુ ઉત્પ્રેક્ષા અલંકાર ગ્રહણ કરવાનો છે. જો છાયાશ્લેષ અલંકાર લેવામાં આવે તો દોષા=રાત્રિ, અને તેને કરનાર ચંદ્ર છે, તેથી દોષાકરથી ચંદ્ર અર્થ થાય; અને તેથી એ પ્રાપ્ત થાય કે, તેનું મન ચંદ્રમાં પ્રવેશે છે=ચંદ્રમાં લીન છે. પરંતુ એ અર્થ પ્રસ્તુતમાં અભિમત નથી. તેથી ઉત્પ્રેક્ષા અલંકાર ગ્રહણ કરીને દોષાકરનો અર્થ દોષોની ખાણ એ પ્રમાણે કરવાનો છે. અને તેમાં તેનું મન લીન છે=તત્ત્વની વિચારણા કરવા માટે તેનું મન મૃત છે, અર્થાત્ દોષો જોવામાં તત્પર છે એ અર્થ પ્રાપ્ત થાય છે. આથી જ સાધુ વડે પ્રતિમા વંદ્ય નથી, એ પ્રમાણે લુંપાક બોલે છે.

ટીકા :-

अत्र 'लिम्पतीव तमोऽङ्गानी' त्यादौ लेपनादिना व्यापनादेरिव विषकर्तृकलुप्ततादिना लुम्पकमनोमूढताया अध्यवसानात् स्वरूपोत्प्रेक्षा किमादिद्योतकः, 'संभावनमथोत्प्रेक्षा प्रकृतस्य समेन यद्' **इति काव्यप्रकाशकारः** । 'असद्धर्मसंभावनमिवादिद्योत्योत्प्रेक्षे' **ति हेमचन्द्राचार्याः** ।।

ટીકાર્થ :-

'अत्र .... हेमचन्द्राचार्याः' ।। અહીંયાં=પ્રસ્તુત શ્લોકમાં "અંધકાર અંગોને જાણે લેપે છે" - ઈત્યાદિમાં લેપનાદિ દ્વારા વ્યાપનાદિના ગ્રહણની જેમ, વિષકર્તૃક લુપ્તતાદિ વડે લુંપકની મનોમૂઢતાના અધ્યવસાનથી કિં આદિ દ્યોતક સ્વરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર છે. સમની સાથે પ્રકૃતની જે સંભાવના તે ઉત્પ્રેક્ષા અલંકાર છે, એ પ્રમાણે કાવ્યપ્રકાશકાર કહે છે. શ્રી હેમચંદ્રાચાર્યે ઉત્પ્રેક્ષાનું લક્ષણ આ પ્રમાણે (કાવ્યાનુશાસન ગ્રંથમાં) કહ્યું છે - ઈવાદિથી દ્યોત્ય અસદ્ધર્મોનું સંભાવન તે ઉત્પ્રેક્ષા અલંકાર છે.

વિશેષાર્થ :-

અહીં મૂળ શ્લોકમાં "लुप्तं..... दोषाकरे" । સુધીના કથનમાં જે કહેલ છે, તે ઉત્પ્રેક્ષા અલંકાર

છે, અને તેને જ બતાવતાં ટીકામાં 'अत्र.....' થી કહે છે. ત્યાં, દૃષ્ટાંતથી બતાવે છે કે - "અંધકાર અંગોને જાણે લેપતો ન હોય" - ઈત્યાદિ. ઉત્પ્રેક્ષા અલંકારમાં અંધકારથી લેપ સંભવે નહિ, તેથી ત્યાં લેપ શબ્દ વ્યાપન અર્થમાં છે=અંધકાર જાણે અંગોને વ્યાપ્ત કરતો ન હોય ! તે અર્થ દ્યોતિત થાય છે. તેની જેમ શ્લોકમાં કહ્યું કે, મોહરૂપી વિષથી તે લુંપાકનું મન લુપ્ત છે, ત્યાં 'લુપ્ત'નો અર્થ નાશ થાય. પરંતુ જેમ અંધકાર અંગોને લેપે છે, ત્યાં 'લેપન'નો અર્થ 'વ્યાપન' ગ્રહણ કર્યો, તેમ પ્રસ્તુતમાં મોહરૂપી વિષકર્તૃક લુપ્તતાદિના કથન વડે લુંપાકના મનનો નાશ નથી બતાવવો, પરંતુ મનોમૂઢતાનો અધ્યવસાન બતાવવો છે; અને તે અધ્યવસાન બતાવવા દ્વારા કિં આદિ દ્યોતકસ્વરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર છે. તે જ રીતે મિથ્યાદંભોલિથી હણાયેલું મન કહ્યું, ત્યાં પણ લુંપાકનું મન નાશ પામ્યું, એમ ગ્રહણ કરવાનું નથી, પરંતુ મૂઢતાનો અધ્યવસાન ગ્રહણ કરવાનો છે. અને તે જ રીતે 'કુનયરૂપી કૂપમાં મગ્ન' અને 'દોષાકરમાં લીન' એ શબ્દથી પણ, મગ્નતા કે લીનતા ગ્રહણ કરવાનાં નથી, પરંતુ મૂઢતાનો અધ્યવસાન જ ગ્રહણ કરવાનો છે. તેથી તે ચારે કથનો સ્વરૂપ ઉત્પ્રેક્ષા અલંકાર છે, તે બતાવીને હવે ઉત્પ્રેક્ષા અલંકારનું લક્ષણ કાવ્યપ્રકાશ પ્રમાણે અને આચાર્ય હેમચંદ્રાચાર્યના કથન પ્રમાણે બતાવતાં કહે છે. ત્યાં કાવ્યપ્રકાશ પ્રમાણે ઉત્પ્રેક્ષા અલંકારનું સ્વરૂપ આ પ્રમાણે છે -

પ્રકૃતનું = પ્રસ્તુતમાં લુંપાકના મનનું, સમની સાથે = મોહવિષથી લુપ્ત કહ્યું એ રૂપ સમની સાથે, જે તેની મનોમૂઢતાના અધ્યવસાનનું સંભાવન તે ઉત્પ્રેક્ષા અલંકાર છે. અને આચાર્ય હેમચંદ્રાચાર્યના લક્ષણ પ્રમાણે ઈવાદિ પદોથી દ્યોત્ય અસદ્ધર્મોનું સંભાવન તે ઉત્પ્રેક્ષા અલંકાર છે. અને પ્રસ્તુતમાં શું મોહવિષથી લુંપાકનું મન લુપ્ત છે ? તે "જાણે મોહવિષથી લુંપાકનું મન લુપ્ત ન હોય !" તેથી તે અર્થ 'इवादि' થી દ્યોત્ય છે. અને મોહવિષથી મનને લુપ્ત ગ્રહણ કરવાનું નથી, પરંતુ મૂઢતાનો અધ્યવસાન બતાવવો છે; તે 'લુપ્ત' શબ્દથી દેખાતા અર્થરૂપ નથી, તેથી અસદ્ ધર્મોના સંભાવનરૂપ છે = **'लुप्त'** શબ્દથી નહિ દેખાતા એવા ધર્મોના સંભાવનરૂપ છે.

टीका :-

अयं भावः - 'णमो बंभीए लिवीए' **इति पदं यद् व्याख्याप्रज्ञप्तेरादौ उपन्यस्तम् तत्र ब्राह्मीलिपिः= अक्षरविन्यासः, सा यदि श्रुतज्ञानस्यानाकारस्थापना तदा तद्वन्द्यत्वे साकार-स्थापनाया भगवत्प्रतिमायाः स्पष्टमेव साधूनां वन्द्यत्वम्, तुल्यन्यायादिति तत्प्रद्वेषे प्रज्ञप्तिप्रद्वेष एव,**

टीकार्थ :-

अयं भावः ..... एव, **काव्यनो भाव आ प्रमाणे छे** - 'બ્રાહ્મીલિપિને નમસ્કાર થાઓ' - **એ પ્રકારનું જે પદ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિની આદિમાં ઉપન્યસ્ત છે, ત્યાં=તે પદમાં, બ્રાહ્મીલિપિ અક્ષર વિન્યાસરૂપ છે; અને જો તે શ્રુતજ્ઞાનની અનાકાર સ્થાપના છે, ત્યારે=વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના પ્રારંભમાં, તેનું વંદ્યપણું હોતે છતે, સાકાર સ્થાપના એવી ભગવદ્ પ્રતિમાનું સાધુઓને સ્પષ્ટ જ વંદ્યપણું પ્રાપ્ત થાય છે. કેમ કે**

તુલ્ય ન્યાય છે=અક્ષરો એ પુદ્ગલાત્મક અને અનાકાર હોવા છતાં શ્રુતજ્ઞાનના કારણરૂપ હોવાને કારણે વંદ્ય છે, તો તે જ ન્યાયથી ભગવાનની મૂર્તિ પુદ્ગલાત્મક હોવા છતાં ભગવાન પ્રત્યે બહુમાનભાવને પુષ્ટ કરવામાં કારણભૂત હોવાને કારણે વંદ્ય માનવી જોઈએ, એ પ્રમાણે તુલ્ય ન્યાય પ્રાપ્ત થાય છે. એથી કરીને તેના પ્રદ્વેષમાં=ભગવદ્ પ્રતિમાના પ્રદ્વેષમાં પ્રજ્ઞપ્તિનો પ્રદ્વેષ જ છે.

ટીકા :-

यत्तु प्रतिमाप्रद्वेषधूमान्धकारितहृदयेन धर्मशृगालकेन प्रलपितं ब्राह्मीलिपिरिति प्रस्थक-दृष्टान्तप्रसिद्धनैगमनयभेदेन तदादिप्रणेता नाभेयदेव एवेति, तस्यैवायं नमस्कार इति तन्महामोह-विलसितम्, ऋषभनमस्कारस्य 'नमोऽर्हद्भ्य' इत्यत एव प्रसिद्धेः, प्रतिव्यक्ति ऋषभादिनमस्कारस्य चाविवक्षितत्वादन्यथा चतुर्विंशतिनामोपन्यासप्रसङ्गात्, श्रुतदेवतानमस्कारानन्तरमृषभनमस्कारो-पन्यासानौचित्याच्छुद्धनैगमनयेन ब्राह्म्या लिपेः कर्तुर्लेखकस्य नमस्कारप्राप्तेश्चेति न किञ्चिदेतत्।

✪ यत्तु..... प्रलपितं ..... तन्महामोहविलसितं - એ પ્રમાણે અન્વય જાણવો.

ટીકાર્થ :-

यत्तु ..... प्रसिद्धेः, **જે વળી પ્રતિમાના પ્રદ્વેષરૂપ ધૂમથી અંધકારિત હૃદયવાળા એવા ધર્મશિયાળ વડે, બ્રાહ્મીલિપિ એ પ્રકારે (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં કથિત છે તે), પ્રસ્થક દૃષ્ટાંત વડે પ્રસિદ્ધ એવા નૈગમનયના ભેદથી, તેના આદિ પ્રણેતા=બ્રાહ્મીલિપિના આદિ પ્રણેતા, એવા નાભેય દેવ=ઋષભદેવ ભગવાન જ છે; એથી કરીને તેમને જ આ નમસ્કાર છે=ઋષભદેવ ભગવાનને જ આ=ભગવતીમાં કરાયેલ નમસ્કાર છે, એ પ્રકારે જે પ્રલપિત=કહેવાયેલું છે, તે મહામોહવિલસિત છે. કેમ કે અરિહંતને નમસ્કાર થાઓ - એ પ્રકારના વચનથી જ ઋષભદેવના નમસ્કારની પ્રસિદ્ધિ છે.**

વિશેષાર્થ :-

લુંપાક પ્રતિમાનો પ્રદ્વેષ કરે છે અને તે રૂપ ધૂમાડાથી તેનું હૃદય અંધકારિત=અંધકારયુક્ત છે, તેને જ કારણે ધર્મના વિષયમાં તે શિયાળની જેમ લુચ્ચાઈ કરનાર છે. જેમ શિયાળ લુચ્ચો હોય છે, તેમ સ્પષ્ટ શબ્દોથી ભગવતીમાં બ્રાહ્મીલિપિના વંદ્યપણાની પ્રાપ્તિ હોવા છતાં, તેને ઋષભદેવ ભગવાનમાં લઈ જવા માટે લુચ્ચાઈથી તે યત્ન કરે છે, તેનું કારણ પ્રતિમા પ્રત્યેના પ્રદ્વેષરૂપ ધૂમાડાથી તેનું હૃદય અંધકારયુક્ત છે. તેથી જ બ્રાહ્મીલિપિ દ્વારા પ્રતિમા વંદ્ય સિદ્ધ ન થાય તે આશયથી, સીધા અર્થને છોડીને ખેંચી-તાણીને ઋષભદેવ ભગવાનમાં વંદનને લઈ જવા માટે તે યત્ન કરે છે.

લુંપાકને કહેવાનું તાત્પર્ય એ છે કે, શાસ્ત્રમાં પ્રસ્થક દૃષ્ટાંત પ્રસિદ્ધ છે, અને પ્રસ્થકદૃષ્ટાંતપ્રસિદ્ધ નૈગમનય, અતિદૂરવર્તી એવી લાકડાં લાવવાની ક્રિયાને પણ પ્રસ્થક કરવાની ક્રિયા કહે છે. તે જ રીતે બ્રાહ્મીલિપિ અને તેના કર્તાનો અભેદનયથી અભેદ કરીને, અતિદૂરવર્તી એવા બ્રાહ્મીલિપિના કર્તા ઋષભદેવ

ભગવાનને બ્રાહ્મીલિપિ શબ્દથી વાચ્ય કરે છે. તેથી બ્રાહ્મીલિપિને નમસ્કાર થાઓ એ વચનથી, ઋષભદેવ ભગવાનને જ આ નમસ્કાર પ્રાપ્ત થાય છે, એ પ્રકારે લુંપાક કહે છે, તે મહામોહનું વિલસિત છે. કેમ કે, અરિહંતને નમસ્કાર થાઓ - એ પ્રકારના વચનથી જ ઋષભદેવના નમસ્કારની પ્રસિદ્ધિ છે.

ભગવતીસૂત્રમાં જેમ બ્રાહ્મીલિપિને નમસ્કાર કરેલ છે, તેમ અરિહંતોને પણ નમસ્કાર કરેલ છે; અને અરિહંતોને નમસ્કાર કરવાથી ભગવાન ઋષભદેવને નમસ્કાર પ્રાપ્ત થઈ જાય છે. તેથી બ્રાહ્મીલિપિ દ્વારા ફરી ભગવાન ઋષભદેવને નમસ્કાર સંભવી શકે નહિ. તેથી લુંપાકનું કથન મહામોહવિલસિત= મિથ્યાત્વના ઉદયથી વિલસિત છે.

उत्थान :-

અહીં પૂર્વપક્ષી કહે કે, "**नमोऽर्हद्भ्यः**" એનાથી અરિહંત સામાન્યને='**सर्व अरिहंतोने**', નમસ્કાર થાય છે. જ્યારે "**णमो बंभीए लिवीए**" એના દ્વારા ઋષભદેવ ભગવાનને નમસ્કાર થાય છે, તેમ માનવામાં કોઈ દોષ નથી. તેથી ગ્રંથકાર કહે છે -

टीकार्थ :-

प्रतिव्यक्ति..... प्रसङ्गात्, प्रतिव्यक्ति ऋषभादि नमस्कारनुं अविवक्षितपणुं होवाथी, अन्यथा चोवीसे भगवानना उपन्यासनो प्रसंग प्राप्त थाय.

विशेषार्थ :-

"**णमो बंभीए लिवीए**" એ વચનથી પ્રતિવ્યક્તિને આશ્રયીને ઋષભાદિના નમસ્કારનું વિવક્ષિતપણું નથી, અન્યથા=પ્રતિવ્યક્તિને આશ્રયીને ઋષભાદિના નમસ્કારનું વિવક્ષિતપણું છે તેમ માનીએ તો, '**णमो बंभीए लिवीए**' એ વચન દ્વારા પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનને નમસ્કાર કરવામાં આવે, એ રીતે ત્રેવીસ તીર્થંકરના નમસ્કારનો ઉપન્યાસ કરવો પડે. કેમ કે, મંગલાચરણ અર્થે કરાતા નમસ્કારમાં જેના શાસનમાં પોતે વર્તતા હોય, તે તીર્થપતિને નમસ્કાર કરવો જોઈએ, અથવા ચોવીસે તીર્થપતિઓને નમસ્કાર કરવો જોઈએ. તેથી બ્રાહ્મીલિપિ દ્વારા ઋષભદેવ ભગવાનને નમસ્કાર કરવામાં આવે તો અન્ય ભગવાનના નમસ્કારનો ઉપન્યાસ ત્યાં=ભગવતીમાં, કરવો જોઈએ.

उत्थान :-

અહીં પૂર્વપક્ષી કહે કે, ચોવીસે તીર્થંકરોનો ઉપન્યાસ કર્યા વિના બ્રાહ્મીલિપિ દ્વારા ઋષભદેવ ભગવાનને જ નમસ્કાર માનીએ તો પણ કોઈ દોષ નથી. તેથી બીજો હેતુ કહે છે -

टीकार्थ :-

श्रुतदेवता ..... अनौचित्यात्, श्रुतदेवताना नमस्कार अनंतर (पछी), ऋषभनमस्कारना उपन्यासनुं अनौचित्यपणुं छे, अर्थात् उचितपणुं नथी.

વિશેષાર્થ :-

ભગવતીસૂત્રમાં પ્રથમ અરિહંતોને નમસ્કાર કરેલ છે, ત્યાર પછી શ્રુતદેવતાને નમસ્કાર કરેલ છે, પછી બ્રાહ્મીલિપિને નમસ્કાર છે; તેથી બ્રાહ્મીલિપિ દ્વારા ઋષભદેવ ભગવાનને નમસ્કાર ગ્રહણ કરવામાં આવે તો તે અનુચિત પ્રાપ્ત થાય. કેમ કે મંગલાચરણ કરતી વખતે તીર્થંકરોને નમસ્કાર કર્યા પછી જ શ્રુતદેવતાને નમસ્કાર કરવામાં આવે છે. અને બ્રાહ્મીલિપિથી ઋષભદેવ ભગવાનને ગ્રહણ કરવાથી પ્રથમ શ્રુતદેવતાને નમસ્કાર, પછી ઋષભદેવ ભગવાનને નમસ્કાર પ્રાપ્ત થાય છે, જે અનુચિત છે.

ઉત્થાન :-

શ્રુતદેવતાને નમસ્કાર પછી પણ ઋષભદેવ ભગવાનના નમસ્કારને અનુચિતરૂપે લુંપાક અસ્વીકાર કરે, તેથી અન્ય હેતુ કહે છે.

ટીકાર્થ :-

शुद्धनैगमनयेन ..... किञ्चिदेतत् । **શુદ્ધ નૈગમનયથી બ્રાહ્મીલિપિના કર્તા એવા લેખકને= લહિયાને નમસ્કારની પ્રાપ્તિ થશે, એથી કરીને પૂર્વપક્ષીનું આ કથન અર્થ વગરનું છે.**

વિશેષાર્થ :-

નૈગમનય પ્રસ્થકના દૃષ્ટાંત દ્વારા બ્રાહ્મીલિપિથી ઋષભદેવ ભગવાનને ગ્રહણ કરે તો શુદ્ધ નૈગમનય બ્રાહ્મીલિપિના કર્તા લેખકને ગ્રહણ કરે. તેથી શુદ્ધ નૈગમનયથી લેખકને નમસ્કારની પ્રાપ્તિ થાય.

અહીં વિશેષ એ છે કે - પ્રસ્થક દૃષ્ટાંતથી પ્રસિદ્ધ નૈગમનય અતિ દૂરવર્તી કારણને પણ કારણ માને છે, તે અશુદ્ધ નૈગમનય છે; અને અતિ આસન્નવર્તી કારણ માને તે શુદ્ધ નૈગમનય છે. તેથી પ્રસ્થક માટે લાકડું કાપવા જતા હોય ત્યારે અશુદ્ધ નૈગમનય પ્રસ્થક કરે છે એમ કહે છે, અને પ્રસ્થક નિષ્પત્તિની=બનાવવાની ક્રિયા પૂર્ણ થવા આવે ત્યારે શુદ્ધ નૈગમનય પ્રસ્થક કરે છે એમ કહે છે. એ રીતે પ્રસ્તુતમાં પ્રથમ અભેદનયથી બ્રાહ્મીલિપિ અને તેના કર્તાનો અભેદ કરીને અશુદ્ધ નૈગમનય બ્રાહ્મીલિપિથી ઋષભદેવ ભગવાનને ગ્રહણ કરી શકે, અને શુદ્ધ નૈગમનય ગ્રંથના લખનાર એવા લેખકને બ્રાહ્મીલિપિના કર્તા તરીકે ગ્રહણ કરી શકે. તેથી ભગવતીસૂત્ર જે લહિયો લખતો હોય તેને શુદ્ધ નૈગમનયથી નમસ્કારની પ્રાપ્તિ થાય; જે તદ્દન અસંગત છે. એથી કરીને પૂર્વપક્ષી એવા લુંપાકનું આ કથન અર્થ વગરનું છે.

ટીકા :-

एतेन 'अ'कारप्रश्लेषादलिप्यै=लेपरहितायै, ब्राह्म्यै=जिनवाण्यै, नम इत्यादि तत्कल्पनापि परास्ता वाणीनमस्कारस्य 'नमः श्रुतदेवतायै' **इत्यनेनैव गतार्थत्वात्, वक्रमार्गेण पुनरुक्तौ बीजाभावात्,** 'बंभीए णं लिवीए अट्ठारसविहे लेखविहाणे पन्नत्ते' **इति समवायप्रसिद्धं प्रकृतपदस्य मौलमर्थमुल्लंघ्य विपरीतार्थकरणे चोत्सूत्रप्ररूपणव्यसनं विना किमन्यत्कारणं धर्मशृगालस्येति वयं न जानीमः ।**

ટીકાર્થ :-

एतेन ..... गतार्थत्वात्, આનાથી=પૂર્વમાં કહ્યું કે-શ્રુતદેવતાને નમસ્કારના અનંતર=પછી, ઋષભનમસ્કારના ઉપન્યાસનું અનૌચિત્ય છે આનાથી, પૂર્વપક્ષીની વક્ષ્યમાણ કલ્પના પણ પરાસ્ત જાણવી.

પૂર્વપક્ષીની કલ્પના આ પ્રમાણે છે - "णमो बंभीए लिवीए" એમાં 'लिवीए' પૂર્વમાં 'अ' નો લોપ હોઈ શકે, તેથી 'अ' કારનો પ્રશ્લેષ કરવાથી 'अलिवीए' શબ્દ પ્રાપ્ત થશે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે, લેપરહિત એવી બ્રાહ્મીને=જિનવાણીને, નમસ્કાર થાઓ. અને એમ માનવાથી બ્રાહ્મીલિપિના બળથી જિનપ્રતિમાનું વંદ્યત્વ સિદ્ધ થઈ શકશે નહિ, એ પ્રકારની પૂર્વપક્ષીની કલ્પના પણ પરાસ્ત જાણવી. કેમ કે - વાણીનમસ્કારનું "नमः श्रुतदेवताय" એ પ્રકારના ભગવતીના વચન વડે જ ગતાર્થપણું છે.

વિશેષાર્થ :-

શ્રુતદેવતાને નમસ્કાર થાઓ, તેમાં શ્રુતદેવતાના દેવતાપણાને નમસ્કાર નથી; પરંતુ શ્રુતની વૃદ્ધિમાં શ્રુતદેવતાને=શ્રુતજ્ઞાનના અધિષ્ઠાયક દેવતાને, કરાયેલ નમસ્કાર પ્રબળ નિમિત્તરૂપ છે, તેથી તેમને નમસ્કાર કરેલ છે. તેનાથી શ્રુતરૂપ ભગવાનની વાણીને પણ નમસ્કાર પ્રાપ્ત થાય છે. કેમ કે - શ્રુતદેવતાની જેમ ભગવાનની વાણી પણ શ્રુતવૃદ્ધિનું કારણ છે. તેથી શ્રુતદેવતાના નમસ્કાર દ્વારા વાણીના નમસ્કારનું ગતાર્થપણું છે=તદ્ અંતર્ગત પ્રાપ્તપણું છે, શ્રુતદેવતાને નમસ્કારથી વાણીને પણ નમસ્કાર પ્રાપ્ત થઈ જાય છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, શ્રુતદેવતાના નમસ્કારમાં વાણીના નમસ્કારનું ગતાર્થપણું હોવા છતાં પૃથગ્રૂપે બ્રાહ્મીલિપિને નમસ્કાર થાઓ, તેના દ્વારા ભગવાનની વાણીને નમસ્કાર કરેલ છે. તેથી ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

वक्रमार्गेण ..... बीजाभावात्, વક્રમાર્ગ દ્વારા પુનઃ ઉક્તિમાં=કહેવામાં, બીજ નથી.

શ્રુતદેવતાના નમસ્કારમાં વાણીના નમસ્કારનું ગતાર્થપણું હોવા છતાં, બ્રાહ્મીલિપિને નમસ્કાર કહેવાથી પોતાને મૂર્તિની પૂજ્યતાની આપત્તિ આવવાને કારણે, તેના નિવારણાર્થે વક્રમાર્ગના સ્વીકાર દ્વારા=સીધો અર્થ છોડીને બ્રાહ્મીલિપિ દ્વારા વાણીને સ્વીકારવારૂપ વક્રમાર્ગના સ્વીકાર દ્વારા, શ્રુતદેવતાના નમસ્કારથી પ્રાપ્ત વાણીના નમસ્કારને ફરી કહેવામાં બીજનો= કારણનો, અભાવ છે.

ઉત્થાન :-

પહેલાં યુક્તિથી બતાવ્યું કે, બ્રાહ્મીલિપિને નમસ્કાર થાઓ એ પ્રમાણેના કથનથી, વાણીને

નમસ્કાર ગ્રહણ થઈ શકતો નથી. તેને જ દૃઢ કરવા માટે આગમમાં પ્રસિદ્ધ બ્રાહ્મીલિપિનો અર્થ અઢાર પ્રકારની લિપિમાં એક લિપિ છે, એ બતાવીને બ્રાહ્મીલિપિ દ્વારા વાણીને નમસ્કાર ગ્રહણ ન થઈ શકે એ બતાવતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

बंभीए..... जानीम । બ્રાહ્મીલિપિ વડે અઢાર પ્રકારનાં લેખવિધાન કહેવાયાં છે, **એ પ્રમાણે સમવાયાંગસૂત્રમાં પ્રસિદ્ધ મૂળ અર્થને ઉલ્લંઘીને વિપરીત અર્થ કરવામાં, ઉત્સૂત્ર પ્રરૂપણ વ્યસન વગર ધર્મશિયાળને (લુંપાકને) શું અન્ય કારણ છે, તે અમે જાણતા નથી.**

✪ **'बंभीए'** પછી **'णं'** શબ્દ છે, તે વાક્યાલંકારમાં છે.

✪ **'लिवीविहाणे'** પાઠ છે, ત્યાં સમવાયાંગસૂત્રમાં **'लेखविहाणे'** પાઠ છે.

વિશેષાર્થ :-

સમવાયાંગસૂત્રમાં અઢાર પ્રકારના લેખનના ભેદોના વર્ણનમાં બ્રાહ્મીલિપિના લેખનનો એક ભેદ કહેલ છે, તેથી અહીં બ્રાહ્મીલિપિને જ નમસ્કાર છે. કેમ કે, સમવાયાંગસૂત્રમાં બ્રાહ્મીલિપિ દ્વારા અઢાર પ્રકારની લિપિઓ કહેલી છે. તેથી મૂળ અર્થને છોડીને વિપરીત અર્થ કરવામાં ઉત્સૂત્ર પ્રરૂપણા જ થાય છે. (૧) આમ કહીને એ કહેવું છે કે, **बंभीए लिवीए** અહીં **लिवीए** આગળ 'अ' કારનો પ્રક્ષેપ કરીને અલેપવાળી બ્રાહ્મીને નમસ્કાર થાઓ, એવો અર્થ કરીને, અલેપવાળી બ્રાહ્મી શબ્દથી ભગવાનની વાણીને ગ્રહણ કરવી તે ઉત્સૂત્રભાષણરૂપ છે. માટે સમવાયાંગના પાઠના બળથી પણ બ્રાહ્મીલિપિને જ ગ્રહણ કરવી ઉચિત છે.

ટીકા :-

केचित्तु पापिष्ठाः 'नेदं सूत्रस्थं पदम्, 'रायगिहचलणे'**त्यत एवारभ्य भगवतीसूत्रप्रवृत्तेः; किं त्वन्यैरेवोपन्यस्तमि'**त्याचक्षते **। तदतितुच्छम्, नमस्कारादीनामेव सूत्राणां व्यवस्थितेः, एतस्य मध्यमपदत्वात् ।**

ટીકાર્થ :-

केचित्तुः ..... व्यवस्थितेः, :- **'रायगिहचलणे'થી માંડીને જ ભગવતીસૂત્રની પ્રવૃત્તિ હોવાથી આ સૂત્રસ્થ પદ નથી, પરંતુ અન્ય વડે જ ઉપન્યસ્ત છે, એ પ્રકારે કેટલાક પાપિષ્ઠો કહે છે, તે અતિ તુચ્છ છે=પાપિષ્ઠોનું તે કથન અતિ તુચ્છ છે, કેમ કે નમસ્કાર છે આદિમાં જેને એવા જ સૂત્રોની વ્યવસ્થિતિ છે.**

विशेषार्थ :-

આગમમાં **'णमो अरिहंताणं'** આદિ પાંચ પદોથી માંડીને સૂત્રની રચના કરવાની વ્યવસ્થા છે, અને તે પ્રમાણે ભગવતીસૂત્રમાં પણ પ્રથમ નમસ્કારાદિ પાંચ પદો કહેલાં છે. માટે **'रायगिहचलणे'** થી માંડીને ભગવતીના પાઠનો પ્રારંભ કહેવો ઉચિત ગણાય નહિ.

उत्थान :-

અહીં પૂર્વપક્ષી કહે કે, નમસ્કારનાં પાંચ પદોને પ્રારંભમાં સ્વીકારી લઈએ, પરંતુ **"णमो बंभीए लिवीए"** આ પાઠને સૂત્રમાં ન સ્વીકારીએ તો શું વાંધો છે ? તેથી કહે છે -

टीकार्थ :-

एतस्य ..... मध्यमपदत्वात् । **આનું "णमो बंभीए लिवीए" એ પાઠનું મધ્યમપદપણું છે. (તેથી નમસ્કારાદિ પદોને સ્વીકારીને ભગવતીના પાઠનો પ્રારંભ માનીએ તો "णमो बंभीए लिवीए" એ પાઠનો પ્રક્ષેપ છે, એમ સ્વીકારી શકાય નહિ. કેમ કે - ભગવતીમાં પ્રથમ નમસ્કારાદિ પાંચ પદો છે, ત્યાર પછી શ્રુતદેવતાને નમસ્કાર કરેલ છે, ત્યાર પછી બ્રાહ્મીલિપિને નમસ્કાર કરેલ છે અને ત્યાર પછી 'रायगिहचलणे' થી આગળના લખાણનો પ્રારંભ થાય છે.)**

टीका :-

'नमस्कारपाठ एवानार्षो, युक्तिरिक्तत्वात्, सिद्धानामभ्यर्हितत्वेन पूर्वमर्हन्नमस्कारस्याघटमानत्वादाचार्यादीनां सर्वसाधवो न वन्दनीया इति यथास्थितपञ्चमपदानुपपत्तेश्चे'ति पापिष्ठतराः । तेऽप्यनाकर्णनीयवाचोऽद्रष्टव्यमुखाः । स्वकपोलकल्पिताशङ्कया व्यवस्थितसूत्रत्यागायोगादीदृशकदाशङ्कानिरासपूर्वमनतिसंक्षिप्तविस्तृतस्य नमस्कारपाठस्य स्थितक्रमस्य निर्युक्तिकृतैव व्यवस्थापितत्वाच्च । तदाह- (आव० नि० । १००६-७-८-९)

'न वि संखेवो न वित्थारो, संखेवो दुविहो सिद्धसाहूणं ।
वित्थरओऽणेगविहो, पंचविहो न जुज्जइ जम्हा ।।१ ।।

अरिहंताई णियमा साहू साहू य तेसिं भइयव्वा ।
तम्हा पंचविहो खलु, हेउणिमित्तं हवइ सिद्धो ।।२ ।।

पुव्वाणुपुव्वि ण कमो, णेवय पच्छाणुपुव्वि एस भवे ।
सिद्धाईया पढमा, बीयाए साहुणो आई ।।३ ।।

अरिहंतुवएसेणं सिद्धा णज्जंति तेण अरिहाई ।
णवि कोवि य परिसाए, पणमित्ता पणमए रन्नो ।।४ ।। इत्यादि ।

सामान्यतः सर्वसाधुनमस्करणेन च नास्थानविनयकरणादिदूषणम् । अत एव 'सिद्धाणं णमो किच्चा, संजयाणं च भावओ' **इत्याद्युत्तराध्ययनोक्तं संगच्छत इति ।।**

ટીકાર્થ :-

નમસ્કાર..... ત્યાગાયોગાત્, અહીં કોઈ અન્ય પૂર્વપક્ષી કહે છે કે, નમસ્કાર પાઠ જ અનાર્ષ છે, કેમ કે, યુક્તિરહિતપણું છે. કારણ કે, સિદ્ધોનું અભ્યર્હિતપણું=અધિક પૂજનીયપણું, હોવાને કારણે પૂર્વમાં અરિહંતોના નમસ્કારનું અઘટમાનપણું છે; અને આચાર્યોને સર્વ સાધુઓ વંદનીય નથી, એથી કરીને યથાસ્થિત પંચમપદની અનુપપત્તિ છે, એ પ્રમાણે કેટલાક પાપિષ્ઠતરો કહે છે; તેઓ પણ અનાકર્ણનીય વાચાવાળા=નહિ સાંભળવા યોગ્ય વાચાવાળા, અને અદૃષ્ટવ્ય મુખવાળા=નહિ જોવા યોગ્ય મુખવાળા, છે. કેમ કે સ્વકપોલકલ્પિત શંકા વડે કરીને વ્યવસ્થિત સૂત્રના ત્યાગનો અયોગ છે.

ઉત્થાન :-

વળી તેઓની આ કલ્પના સ્વકપોલકલ્પિત છે, તે સ્થાપન કરવા માટે બીજો હેતુ બતાવે છે -

ટીકાર્થ :-

इदृश ..... **व्यवस्थापितत्वाच्च । આવા પ્રકારની કુશંકાના નિરાસપૂર્વક=પૂર્વપક્ષીએ નમસ્કારને અનાર્ષ કહ્યો, અને તેમાં જે હેતુ આપ્યો તેવા પ્રકારની કુશંકાના નિરાસપૂર્વક, અનતિસંક્ષિપ્તવિસ્તૃત =અનતિસંક્ષિપ્ત અને અનતિવિસ્તૃત, એવા નમસ્કારપાઠના સ્થિતક્રમનું નિર્યુક્તિકાર વડે જ વ્યવસ્થિતપણું છે.**

વિશેષાર્થ :-

કેટલાકનું એ કહેવું છે કે, ભગવતીસૂત્રમાં પ્રથમ અરિહંતાદિને નમસ્કારરૂપ જે પદો છે તે આર્ષ નથી=ગણધરકૃત નથી, પરંતુ કોઈક અન્ય વડે જ ઉમેરાયેલાં છે; તેથી '**रायगिहचलणे**' થી પ્રારંભીને ભગવતીનો પ્રારંભ છે. અને નમસ્કારનો પાઠ અનાર્ષ કેમ છે, એ બતાવવા તેઓ કહે છે કે, તે પાઠ યુક્તિરહિત છે, કેમ કે, અરિહંત કરતાં સિદ્ધો સર્વકર્મરહિત હોવાથી અધિક પૂજનીય છે. આથી જ તીર્થંકરો પણ સિદ્ધોને નમસ્કાર કરે છે. તેથી પ્રથમ અરિહંતને નમસ્કાર ઘટે નહિ. અને ભગવતીસૂત્રના રચયિતા ગણધરો છે અને તેઓને માટે સર્વ સાધુઓ વંદનીય બને નહિ અને આચાર્યાદિને સર્વ સાધુઓ વંદનીય નથી અને ગણધરો આચાર્યના સ્થાને છે, તેથી તેઓ સર્વ સાધુઓને વંદન કરે તે સંભવે નહિ. તેથી જે પ્રકારે ભગવતીસૂત્રમાં પાંચ પદો કહેવાયાં છે, તે પ્રકારે ઘટતાં નથી. નમસ્કારપાઠ જ અનાર્ષ છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે - પોતાની કપોલકલ્પનાથી કલ્પિત આશંકા વડે કરીને નવકારનાં પાંચ પદો રૂપ વ્યવસ્થિત સૂત્રનો ત્યાગ થઈ શકે નહિ. અને પૂર્વપક્ષીની તે કલ્પના અનુચિત

છે, તે બતાવવા માટે ગ્રંથકાર સ્વયં નિર્યુક્તિકારનો પાઠ આગળ બતાવે છે, અને તે પાઠમાં પૂર્વપક્ષીની તેવી કલ્પનાની આશંકા કરીને નિરાસ કરેલ છે, તેથી નમસ્કારપાઠને અનાર્ષ કહેવો એ અનુચિત પ્રવૃત્તિરૂપ છે. અને વળી પૂર્વપક્ષીની તે કલ્પના કપોલકલ્પિત છે, તે સ્થાપન કરવા બીજો હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, આવશ્યકનિર્યુક્તિકારે પૂર્વપક્ષીની શંકાના નિરાસપૂર્વક નમસ્કારપાઠના સ્થિતક્રમને યુક્તિપૂર્વક બતાવેલ છે, અને તેમાં બતાવેલ છે કે, પ્રસ્તુત નમસ્કારપાઠ અતિ સંક્ષિપ્તરૂપ પણ નથી અને અતિ વિસ્તૃતરૂપ પણ નથી. તેથી જ સંક્ષેપથી બે પદરૂપ પણ નથી, અને વિસ્તારથી પાંચથી અધિક પદરૂપે પણ કહેલ નથી.

तदाह .... इत्यादि । **तदाह** થી આવશ્યકનિર્યુક્તિની સાક્ષી બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

न वि संखेवो ..... जम्हा ।।१।। સંક્ષેપ પણ નથી (અને) વિસ્તાર પણ નથી. જે કારણથી સિદ્ધ અને સાધુનો સંક્ષેપ બે પ્રકારે છે અને વિસ્તાર અનેક પ્રકારે છે, (તે કારણથી) પાંચ પ્રકારનો ઘટતો નથી.

વિશેષાર્થ :-

સંક્ષેપ પણ નથી અને વિસ્તાર પણ નથી. જો સંક્ષેપ હોય તો સિદ્ધ અને સાધુને નમસ્કાર થાઓ, એ પ્રમાણે બે પ્રકારે નમસ્કાર થાય. અને વિસ્તાર હોય તો અનેકવિધ નમસ્કાર થાય, ઋષભાદિ અરિહંતના ભેદથી અને તીર્થસિદ્ધાદિ ભેદથી અનેકવિધ થાય. પ્રથમ ચોવીસ તીર્થંકરોને પૃથગ્ નમસ્કાર કરવો પડે, અને પછી તીર્થસિદ્ધરૂપ અને અતીર્થસિદ્ધરૂપ બે ભેદોને પૃથગ્ નમસ્કાર કરવો પડે; અને પછી આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, ગણિ અને સાધુ વગેરે સર્વને પૃથગ્ નમસ્કાર કરવો પડે, તો જ વિસ્તારથી નમસ્કાર સંગત થાય. પરંતુ અહીં નમસ્કારમાં સંક્ષેપ નથી અને વિસ્તાર નથી, કેમ કે - સંક્ષેપ બે પ્રકારનો છે અને વિસ્તાર અનેક પ્રકારનો છે. તે કારણથી પાંચ પ્રકારનો નમસ્કાર ઘટશે નહિ, એ પ્રમાણે શિષ્ય આશંકા કરતાં કહે છે. તેના જવાબરૂપે કહે છે -

ટીકાર્થ :-

अरिहंताई ..... सिद्धो ।।२।। અરિહંતાદિ નિયમથી સાધુ છે, અને સાધુઓ તેમાં=અરિહંતાદિમાં, ભજના કરવા યોગ્ય છે. તે કારણથી હેતુનિમિત્ત પાંચ પ્રકારનો નમસ્કાર સિદ્ધ છે=સ્થાપિત છે.

વિશેષાર્થ :-

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય નિયમથી સાધુ છે. કેમ કે સાધુના ગુણોનો તેઓમાં સદ્ભાવ છે. નિર્વાણયોગને જે સાધતા હોય તે સાધુ કહેવાય, એ પ્રકારનો અર્થ ગ્રહણ કરીએ ત્યારે, નિર્વાણની સાથે યોજનાર એવી રત્નત્રયી કારણઅવસ્થારૂપે જેઓમાં છે, તે સાધુ; એવો અર્થ પ્રાપ્ત થાય. અને તે જ રત્નત્રયી સિદ્ધાવસ્થામાં નિષ્ઠારૂપ હોવાથી સિદ્ધમાં પણ સાધુગુણોનો સદ્ભાવ છે. તે જ રીતે અરિહંતમાં

અને આચાર્ય, ઉપાધ્યાયમાં પણ સાધુગુણોનો સદ્ભાવ છે. તેથી અરિહંતાદિ નિયમથી સાધુ છે, તેમ કહેલ છે. અને અરિહંતાદિમાં સાધુઓ ભજનીય છે; તેનો અર્થ એમ નથી કે, અરિહંત કથંચિત્ સાધુ છે અને કથંચિત્ સાધુ નથી. પરંતુ સર્વ સાધુઓ અરિહંત નથી, કેટલાક સાધુઓ અરિહંત છે, કેટલાક કેવલી છે, જ્યારે કેટલાક આચાર્ય છે, કેટલાક સાધુ છે, આ પ્રકારની ભજના છે. તે કારણથી હેતુનિમિત્ત પાંચ પ્રકારનો નમસ્કાર સ્થાપિત છે=માર્ગદેશકત્વ આદિ હેતુ છે નિમિત્ત જેમાં, એવો પાંચ પ્રકારનો નમસ્કાર શાસ્ત્રમાં સ્થાપિત છે. અને તે પાંચ હેતુઓ વડે કરીને પાંચ પ્રકારનો નમસ્કાર આ પ્રમાણે છે -

(૧) માર્ગદેશકત્વને કારણે અરિહંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(૨) માર્ગને અનુકૂળ અવિપ્રનાશપણું હોવાને કારણે=અવિનાશીપણું હોવાને કારણે, સિદ્ધોને નમસ્કાર કરવામાં આવે છે.

(૩) માર્ગને અનુકૂળ આચારપણું હોવાને કારણે આચાર્યોને નમસ્કાર કરવામાં આવે છે=પોતે સમ્યગ્ આચરણા કરે છે અને બીજા પાસે કરાવે છે, એ રૂપ આચારપણું હોવાને કારણે આચાર્યોને નમસ્કાર કરવામાં આવે છે.

(૪) વિનયપણું હોવાને કારણે ઉપાધ્યાયને નમસ્કાર કરવામાં આવે છે=જ્ઞાનાદિ દ્વારા પોતે વિશેષ પ્રકારના કર્મોનું વિનયન કરે છે, અને બીજાઓને સૂત્રદાન દ્વારા કર્મોનું વિનયન કરવા માટે યત્ન કરાવે છે. તેથી ઉપાધ્યાયને નમસ્કાર કરવામાં આવે છે.

(૫) મોક્ષમાર્ગમાં સહાયકપણું કરનાર હોવાથી સાધુઓને નમસ્કાર કરવામાં આવે છે. પરમાર્થથી જગતના કોઈ પદાર્થો જીવને સહાયક થતા નથી, પરંતુ સંયમમાં પ્રયત્ન કરનારને સાધુપદ સહાયરૂપ બને છે. તેથી સાધુઓને નમસ્કાર કરવામાં આવે છે.

આ રીતે પાંચ હેતુનિમિત્ત પાંચ નમસ્કારના વિભાગ પાડેલ છે. તેથી આચાર્ય પણ સાધુને નમસ્કાર કરે તે અનુચિત નથી, કેમ કે સાધુના ભાવોને અવલંબીને પોતાનામાં પણ સંયમની વૃદ્ધિમાં યત્ન થઈ શકે છે. તેથી તે સહાયક ગુણની અપેક્ષાએ આચાર્ય માટે પણ સાધુઓ વંદનીય છે. પરંતુ પોતાની નિશ્રામાં વર્તતા સાધુઓને વિશેષથી વંદન તેમના આચાર પ્રમાણે નહીં હોવા છતાં, સહાયપણાના ગુણને અવલંબીને સર્વ સાધુઓને નમસ્કાર થઈ શકે છે. જેમ મરીચિને દ્રવ્યતીર્થંકરરૂપે વિશેષથી વંદન નહિ હોવા છતાં '**जे अइया सिद्धा' इत्यादिना** અહીં ઈત્યાદિથી પ્રાપ્ત એવા '**जे अ भविस्संति णागये काले**' એ પદ દ્વારા સામાન્યથી વંદન થઈ શકે છે.

પ્રસ્તુત શ્લોકની આવશ્યકનિર્યુક્તિની ટીકામાં અરિહંતાદિમાં 'આદિ' પદથી કોને ગ્રહણ કરવા તે બતાવતાં, ટીકાકારે 'આદિ' પદથી સિદ્ધ, આચાર્યાદિને ગ્રહણ કરવાનું સૂચન કર્યું. અને તે કર્યા પછી તે પાંચે પદોનું વર્ણન કરતાં, અરિહંતપદનું વર્ણન કર્યા પછી સિદ્ધપદનું વર્ણન કરતાં, સિદ્ધને બદલે કેવલીને ગ્રહણ કર્યા છે. તેનું તાત્પર્ય એ છે કે, જે કેવલજ્ઞાન પામે છે, તે સિદ્ધ થવાની તૈયારીમાં જ છે; તેથી સિદ્ધ સ્વરૂપ જ છે. '**कडेमाणे कडे**'=જે કરાતું હોય તે કરાયું, એ પ્રકારના નિયમથી અરિહંતો અને

કેવલીઓ બન્ને કેવલજ્ઞાનવાળા હોવાથી સિદ્ધ જ છે. તેથી સિદ્ધપદથી અહીં સામાન્ય કેવલીઓને ગ્રહણ કરવાના છે. કેમ કે તેમાં, અરિહંતો કેવલી હોવા છતાં પૃથક્ રૂપે તેમનું ગ્રહણ કરેલ હોવાથી, તેમને છોડીને સામાન્ય કેવલીને સિદ્ધપદથી ગ્રહણ કરીને, તેમની સાથે સાધુપદની ભજના બતાવી છે.

અહીં વિશેષ એ છે કે, **'न वि संखेवो'** વાળી પ્રથમ ગાથા પૂર્વપક્ષીની શંકારૂપ છે, અને આવશ્યકનિર્યુક્તિમાં તેને આક્ષેપદ્વારથી ગ્રહણ કરેલ છે, અને **'अरिहंताई'** ગાથા પ્રસિદ્ધિદ્વારથી ગ્રહણ કરેલ છે, અને પ્રસિદ્ધિનો અર્થ આક્ષેપનો પરિહાર કરવો તે થાય છે. તેનાથી એ પ્રાપ્ત થયું કે, પૂર્વપક્ષીએ કહેલ કે, નમસ્કાર સંક્ષેપરૂપ નથી અને વિસ્તારરૂપ નથી, તેનો પરિહાર ગ્રંથકારે એ કર્યો કે, નવકાર સંક્ષેપરૂપ છે, વિસ્તારરૂપ નથી. પરંતુ એ સંક્ષેપ અપેક્ષાએ સિદ્ધ અને સાધુરૂપ બે પ્રકારે થઈ શકે છે, તેમ ભિન્ન ભિન્ન હેતુના નિમિત્તે પાંચ પ્રકારે પણ થઈ શકે છે. અને પ્રસ્તુત નવકારસૂત્રમાં પાંચ હેતુને આશ્રયીને સંક્ષેપથી પાંચ પ્રકારે નમસ્કાર કરેલ છે.

ટીકાર્થ :-

पुव्वाणुपुव्वि ..... आई ।।३।। પૂર્વાનુપૂર્વી ક્રમ નથી, પશ્ચાનુપૂર્વી આ=ક્રમ, નથી જ. પૂર્વાનુપૂર્વીથી નમસ્કાર કરવો હોય તો સિદ્ધાદિ પ્રથમ છે. દ્વિતીય વડે=દ્વિતીય ક્રમથી=પશ્ચાનુપૂર્વીથી નમસ્કાર કરવો હોય તો સાધુ પ્રથમ છે.

વિશેષાર્થ :-

અહીં શિષ્ય શંકા કરતાં કહે છે કે, ક્રમ બે પ્રકારનો છે. (૧) પૂર્વાનુપૂર્વી અને (૨) પશ્ચાનુપૂર્વી, પરંતુ અનાનુપૂર્વી ક્રમ નથી. કેમ કે, અસમંજસપણું છે. આ પ્રકારના ભાવને બુદ્ધિમાં રાખીને ગાથામાં કહે છે કે, પૂર્વાનુપૂર્વી ક્રમ નથી અને પશ્ચાનુપૂર્વી પણ ક્રમ નથી. કેમ કે પૂર્વાનુપૂર્વી ક્રમ હોય તો સિદ્ધાદિ પ્રથમ થાય, કેમકે - અરિહંતો વડે પણ સિદ્ધોને નમસ્કાર કરાયેલ છે. અને પશ્ચાનુપૂર્વી ક્રમ ગ્રહણ કરીએ તો સાધુઓને પ્રથમ ગ્રહણ કરવા જોઈએ. તેથી નમસ્કારમાં પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી બંને ક્રમ સંગત નથી. અને અનાનુપૂર્વી ક્રમ નમસ્કારક્રિયામાં અસંગત હોવાને કારણે પ્રસ્તુત નમસ્કારસૂત્ર અનાર્ષ છે.

ટીકાર્થ :-

अरिहंतुवएसेणं ..... रन्नो ।।४।। इत्यादि ।અરિહંતના ઉપદેશ વડે સિદ્ધો જણાય છે=સિદ્ધોનું જ્ઞાન થાય છે, તેથી અરિહંત પ્રથમ છે. કોઈપણ પર્ષદાને નમસ્કાર કરીને રાજાને પ્રણામ કરતા નથી, ઈત્યાદિ.

વિશેષાર્થ :-

ઉપરોક્ત શિષ્યના કથનના સમાધાનરૂપે કહે છે કે, અરિહંતના ઉપદેશથી સિદ્ધો જણાય છે, તે કારણથી પૂર્વાનુપૂર્વી ક્રમમાં અરિહંત આદિ=પૂર્વાનુપૂર્વી ક્રમે છે. અહીં શંકા થાય કે તે જ રીતે અરિહંતો પણ આચાર્યના ઉપદેશથી જણાય છે, તેથી આચાર્યને પ્રથમ મૂકવા જોઈએ. તેથી શ્લોકના ઉત્તરાર્દ્ધથી કહે છે કે કોઈ પણ પર્ષદાને નમસ્કાર કરીને રાજાને નમસ્કાર કરાતો નથી. આચાર્ય એ અરિહંતની

પર્ષદાસ્થાનીય છે અને અરિહંત એ રાજાસ્થાનીય છે. તેથી આચાર્યને નમસ્કાર કરીને અરિહંતોને નમસ્કાર કરવો, તે પર્ષદાને નમસ્કાર કરીને રાજાને નમસ્કાર કરવા તુલ્ય છે.

✪ इत्यादि થી આવશ્યકનિર્યુક્તિની બીજી પણ ગાથાનો સંગ્રહ સમજવો.

ઉત્થાન :-

પૂર્વમાં શંકા કરેલ કે, આચાર્યને સર્વ સાધુઓ વંદનીય નથી, તેથી નમસ્કારપાઠ અનાર્ષ છે. એના સમાધાન રૂપે કહે છે –

ટીકાર્થ :-

सामान्यतः.....दूषणम् । **સામાન્યથી સર્વ સાધુઓને નમસ્કાર કરવાથી અસ્થાનવિનયકરણાદિ દૂષણ નથી=અસ્થાને વિનય કરવારૂપ દૂષણ નથી.**

વિશેષાર્થ :-

આચાર્ય પણ નવકાર મંત્રનો જાપ કરે છે, તેમાં સર્વ સાધુઓને જે નમસ્કાર છે તે કોઈ સાધુવિશેષને આશ્રયીને નથી, પરંતુ સર્વ સાધુઓને સામાન્યથી નમસ્કાર છે. તેથી જ સાધુપદમાં રહેલા સ્વશિષ્યોને પણ નમસ્કારની પ્રાપ્તિ થાય. પરંતુ આચાર્ય વિશેષરૂપે કોઈ શિષ્યાદિને કે અન્ય સાધુઓને નમસ્કાર કરતા નથી. તેથી અસ્થાને વિનય કરવા રૂપ દૂષણની પ્રાપ્તિ નથી.

ટીકાર્થ :-

अत एव ..... इति । **આથી કરીને જ=સામાન્યથી સર્વસાધુઓને નમસ્કાર કરવામાં દૂષણ નથી આથી કરીને જ, "સિદ્ધોને નમસ્કાર કરીને અને ભાવથી સર્વસંયમીઓને (નમસ્કાર કરું છું)" ઈત્યાદિ ઉત્તરાધ્યયનસૂત્રમાં કહેલું સંગત થાય છે.**

વિશેષાર્થ :-

ઉત્તરાધ્યયનના રચયિતા ગણધર ભગવંતો છે. તેઓ ભાવથી "સિદ્ધોને નમસ્કાર કરીને ભાવથી સર્વસંયમીઓને નમસ્કાર કરું છું." એ પ્રમાણે કહે છે; તે ત્યારે જ સંગત થાય કે, સામાન્યથી સર્વસંયમીઓને નમસ્કાર કરવો એ અસ્થાને વિનય કરવા રૂપ દૂષણ ન હોય.

ઉત્થાન :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે, '**रायगिहचलणे**' થી ભગવતીસૂત્રનો પ્રારંભ છે, તેથી બ્રાહ્મીલિપિને નમસ્કાર થાઓ, એ કથન કોઈ અન્ય વડે ઉપન્યસ્ત છે. તેના સમાધાનરૂપે કહ્યું કે, આ પ્રમાણે જે પાપિષ્ઠો કહે છે, તે અતિતુચ્છ છે. કેમ કે, ભગવતીસૂત્રમાં પ્રથમ પંચપરમેષ્ઠિ નમસ્કારપાઠ છે, ત્યાર પછી બ્રાહ્મીલિપિને નમસ્કારપાઠ છે. તેથી '**रायगिहचलणे**' થી ભગવતીસૂત્રનો પ્રારંભ માનવામાં આવે તો

નમસ્કારપાઠ પણ ભગવતીસૂત્રની બહાર માનવાનો પ્રસંગ થાય. વળી કોઈ પાપિષ્ઠતરોએ કહેલ કે, નમસ્કારપાઠ જ અનાર્ષ છે. તેનું સમાધાન કર્યું. હવે પંચપદ નમસ્કારપાઠ સર્વશ્રુતસ્કંધમાં અભ્યંતરભૂત છે, એથી ભગવતીસૂત્રનો પ્રારંભ નમસ્કારથી માનવો યુક્ત છે તે બતાવતાં કહે છે -

टीका :-

पञ्चपदनमस्कारश्च सर्वश्रुतस्कन्धाभ्यन्तरभूतः, नवपदश्च समूलत्वात् पृथक् श्रुतस्कन्ध इति प्रसिद्धमाम्नाये । अस्य हि निर्युक्तिचूर्ण्यादयः पृथगेव प्रभूता आसीरन् । कालेन तद्व्यवच्छेदे मूलसूत्रमध्ये तल्लिखनं कृतं पदानुसारिणा वज्रस्वामिनेति महानिशीथतृतीयाध्ययने व्यवस्थितम्, तथा च तद्ग्रन्थः –

'एयं तु जं पंचमंगलस्स वक्खाणं तं महया पबंधेणं अणंतगमपज्जवेहिं सुत्तस्स य पिहब्भूयाहिं निज्जुत्तिभासचुन्नीहिं जहेव अणंतनाणदंसणधरेहिं तित्थंकरेहिं वक्खाणियं तहेव समासओ वक्खाणिज्जं तं आसि । अहऽन्नया कालपरिहाणिदोसेणं ताओ णिज्जुत्तीभासचुन्नीओ वुच्छिन्नाओ इओ वच्चंतेणं कालसमएणं महिढ्ढिपत्ते पयाणुसारी वइरसामी नाम दुवालसंगसुअहरे समुप्पन्ने, तेणेयं पंचमंगलमहासुअखंधस्स उद्धारो मूलसुत्तस्स मज्झे लिहिओ, मूलसुत्तं पुण सुत्तत्ताए गणहरेहिं, अत्थत्ताए अरिहंतेहिं भगवंतेहिं धम्मतित्थंकरेहिं तिलोगमहिएहिं वीरजिणंदेहिं पन्नवियं ति, एस वुढ्ढसंपयाओ त्ति' ।

✪ પ્રતિભાશતક મુ. પુ. માં इओ अवच्चं तेणं कालेणं तेणं समएणं પાઠ છે તે અશુદ્ધ છે, ત્યાં મહાનિશીથસૂત્રમાં इओ वच्चंतेणं कालसमएणं પાઠ છે અને તે શુદ્ધ પાઠ છે અને धम्मतित्थंकरेहिं પાઠ છે, એના પછી तिलोगमहिएहिं પાઠ છે, તે લીધેલ છે અને તે મુજબ અર્થ કરેલ છે.

टीकार्थ :-

पञ्चपद ..... व्यवस्थितम्, પાંચ પદનો નમસ્કાર સર્વ શ્રુતસ્કંધના અભ્યંતરભૂત છે, અને નવપદ સમૂલપણું હોવાને કારણે પૃથગ્=અલગ, શ્રુતસ્કંધ છે, એ પ્રકારે આમ્નાયમાં=પરંપરામાં, પ્રસિદ્ધ છે. (અને) આની=નવપદસ્વરૂપ પૃથક્ શ્રુતસ્કંધરૂપ નમસ્કારપાઠની, નિર્યુક્તિ-ચૂર્ણિ આદિ પૃથગ્ જ ઘણી હતી. (પરંતુ) કાળથી તેનો વ્યવચ્છેદ થયે છતે=નિર્યુક્તિ-ચૂર્ણિ આદિનો વ્યવચ્છેદ થયે છતે, મૂળસૂત્રના મધ્યમાં તેનું લેખન પદાનુસારી લબ્ધિવાળા વજ્રસ્વામિ વડે કરાયું, એ પ્રકારે મહનિશીથસૂત્રના ત્રીજા અધ્યયનમાં વ્યવસ્થિત છે.

विशेषार्थ :-

પાંચ પદનો નમસ્કાર સર્વશ્રુતસ્કંધોમાં ગૂંથાયેલો છે, તેથી જ આગમોના પ્રારંભમાં સર્વત્ર તે પાંચ પદોની પ્રાપ્તિ થાય છે. અને નવપદસ્વરૂપ નમસ્કારપાઠ સ્વતંત્ર શ્રુતસ્કંધ છે, કેમ કે - જેમ વૃક્ષ મૂળ સહિત હોય તો સ્વતંત્ર વૃક્ષ કહેવાય છે, તેમ પાંચપદરૂપ મૂળથી સહિત 'એસો પંચ નમુક્કારો' આદિ ચાર

પદોવાળો નમસ્કારપાઠ છે, તેથી સ્વતંત્ર શ્રુતસ્કંધ છે. અને તે પાંચ પદો મૂળ તરીકે એટલા માટે કહેલ છે કે, દરેક શાસ્ત્રોનો વિસ્તાર અરિહંતાદિ પાંચ ભાવોમાં વિશ્રાંત થનાર છે, તેથી તે મૂળ સ્વરૂપ છે. અને આ નવપદાત્મક નમસ્કાર સ્વતંત્ર શ્રુતસ્કંધરૂપ હોવાથી તેના ઉપર પૂર્વમાં ઘણી નિર્યુક્તિઓ-ચૂર્ણિઓ આદિ હતી, પરંતુ જો નવપદાત્મક નમસ્કાર ફક્ત સર્વશ્રુતસ્કંધના અભ્યંતરભૂત જ હોત, તો તેના ઉપર નિર્યુક્તિ-ચૂર્ણિ આદિ પૃથગ્ રૂપે હોઈ શકે નહિ. અને પૂર્વમાં નિર્યુક્તિ-ચૂર્ણિ આદિ પૃથગ્ રૂપે તેના ઉપર હતી, તેથી તે પૃથગ્ શ્રુતસ્કંધ છે. જ્યારે તેનો વિચ્છેદ થઈ ગયો ત્યારે, તે નિર્યુક્તિ-ચૂર્ણિ આદિના પદાર્થોને પદાનુસારી લબ્ધિ દ્વારા ગ્રહણ કરીને મૂળ સૂત્રમાં=મૂળ આગમમાં, તેનું લેખન વજસ્વામી વડે કરાયું, એ પ્રમાણે મહાનિશીથસૂત્રના ત્રીજા અધ્યયનમાં કહેલ છે. તેથી વર્તમાનમાં મૂળ આગમમાં જ નવપદાત્મક નમસ્કારના પદાર્થો મળે છે, પરંતુ સ્વતંત્ર શ્રુતસ્કંધરૂપે નહિ.

ટીકાર્થ :-

तथा च तद्ग्रन्थः - અને તે પ્રમાણે તે ગ્રંથ=મહાનિશીથનો પાઠ છે –

एयं तु ..... वुढ्ढसंपयाओ त्ति । વળી આ જે પંચમંગલનું વ્યાખ્યાન, તે=વ્યાખ્યાન, મોટા પ્રબંધથી અનંતગમ અને પર્યાયો વડે અને સૂત્રથી પૃથગ્ભૂત એવી નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિઓ વડે, જે પ્રમાણે અનંતજ્ઞાન-દર્શનને ધારણ કરનારા તીર્થંકરો વડે વ્યાખ્યાન કરાયું હતું, તે જ પ્રમાણે સંક્ષેપથી તે વ્યાખ્યાન કરાતું હતું. પૂર્વમાં તીર્થંકરોએ જે વ્યાખ્યાન કરેલ તેનાથી સંક્ષેપમાં કરાતું હતું.

હવે અન્યદા કાલપરિહાણિના દોષથી તે નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ વિચ્છેદ થયાં. ઇઓ=આથી, જતા એવા કાળસમય વડે મહાન ઋદ્ધિપ્રાપ્ત પદાનુસારી લબ્ધિવાળા વજસ્વામી નામના બાર અંગના ધારક ઉત્પન્ન થયા, અને તેઓ વડે પંચમંગલ મહાશ્રુતસ્કંધનો ઉદ્ધાર મૂળ સૂત્ર મધ્યે લખાયો. મૂળ સૂત્ર વળી સૂત્રરૂપે ગણધર ભગવંતોથી અને અર્થરૂપે અરિહંત, ભગવંત, ધર્મતીર્થંકર, ત્રૈલોક્યપૂજિત એવા વીર જિનેશ્વર વડે પ્રરૂપિત કરાયાં. આ પ્રમાણે વૃદ્ધસંપ્રદાય છે.

ઉત્થાન :-

આ રીતે મહાનિશીથના વચનથી નવકારને પ્રમાણભૂત બતાવીને, હવે મહાનિશીથમાં જ તેના ઉપધાનની વિધિ પણ બતાવેલ છે. માટે નમસ્કારસૂત્ર પ્રમાણભૂત છે, તે બતાવતાં કહે છે -

ટીકા :-

तद्विषयोपधानाध्ययनविधिरप्ययं तत्रैव निर्दिष्टः तथाहि –

'से भयवं ! कयराए विहीए पंचमंगलस्स णं विणओवहाणं कायव्वं ? गोयमा ! इमाए विहीए पंचमंगलस्स णं विणओवहाणं कायव्वं, तं जहा-सुपसत्थे चेव सोहणे तिहिकरणमुहुत्तनक्खत्तजोगलग्गससीबले विप्पमुक्कजायाइमयासंकेण संजायसद्धासंवेगसुतिव्वतरमहंतुल्लसंतसुहज्झवसायाणुगयभत्तीबहुमाणपुव्वं णिण्णियाणं दुवालसभत्तट्ठिएणं चेइयालए जंतुविरहिओगासे भत्तिभरनिब्भरुद्धुसियससीसरोमावलीपप्फुल्लवयणसय-वत्तपसंतसोमथिरदिट्ठीणवणवसंवेगसमुच्छलंतसंजायबहलघणनिरंतरअचिंतपरमसुहपरिणामविसेसुल्लासियस-

जीववीरियाणुसमयविवड्ढंतपमोयसुविसुद्धसुनिम्मलथिरदढयरंतरकरणेणं खितिणिहिय-जाणुण्णमि-उत्तमंगकरकमलमउलसोहंजलिपुडेणं सिरिउसभाइपवरवरधम्मतित्थयरपडिमाबिंबविणिवेसियणयणमाण-सेगग्गतग्गयज्झवसाएणं समयण्णुदढचरित्तादिगुणसंपओववेयगुरुसद्दत्थाणुट्ठाणकरणेक्कबद्धलवक्खत्तऽबाहिय-गुरूवयणविणिग्गयं विणयादिबहुमाणपरिओसाणुकंपोवलद्धंअणेग्सोगसंतावुव्वेगमहावाहिवियणाघोर-दुक्खदारिद्द-किलसरोगसंजोगजम्मजरामरणगब्भवासाइदुट्ठसावयावगाहभीमभवोदहितरंडगभूयं इणमो सयलागममज्झवत्तगस्स मिच्छत्तदोसोवहयविसिट्ठबुद्धीपरिकप्पियकुभणियअघडमाणअसेसहेउदिट्ठंतजुत्तीविद्धंसणिक्कपच्चल(पोट्ट)स्स पंचमंगलमहासुयक्खंधस्स पंचज्झयणेगचूलापरिक्खित्तस्स पवरपवयणदेवयाहिट्ठियस्स, तिपदपरिच्छिन्नेगाला-वगसत्तक्खरपरिमाणं अणंतगमपज्जवत्थपसाहगं सव्वमहामंतपवरविज्जाणं परमबीयभूयं **'नमो अरिहंताणं'** ति पढमज्झयणं अहिज्जेयव्वं, तद्दियहे य आयंबिलेणं पारेयव्वं, तहेव बीयदिणे अणेगाइसयगुणसंपओववेयं अणंतरभणियत्थपसाहगं अणंतरुत्तेणेव कमेणं दुपयपरिच्छिन्नेगालावगपंचक्खरपरिमाणं **'नमो सिद्धाणं'** ति बीयज्झयणं अहिज्जेयव्वं तद्दियहे य आयंबिलेणं पारेयव्वं । एवं अणंतर भणिएणेव कमेण अणंतरुत्तत्थपसाहणं तिपदपरिच्छिन्नेगालावगं सत्तक्खरपरिमाणं **'नमो आयरियाणं'** ति तइयमज्झयणं आयंबिलेणअहिज्जेयव्वं । तहा अणंतरुत्तत्थपसाहगं तिपयपरिच्छिन्नेगालावगं सत्तक्खरपरिमाणं **'नमो उवज्झायाणं'** ति चउत्थमज्झयणं अहिज्जेयव्वं तद्दियहे य आयंबिलेण पारेयव्वं । एवं **'नमो लोएसव्वसाहुणं'** ति पंचमज्झयणं पंचमदिणे आयंबिलेण । तहेव तयत्थाणुगामियं एक्कारसपयपरिच्छिन्नतिआलावगतित्तीसक्खरपरिमाणं **'एसो पंचनमुक्कारो, सव्व पावप्पणासणो, मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलमि'**ति चूलंति छट्ठसत्तमट्ठमदिणे तेणेव कमविभागेण आयंबिलेहिं अहिज्जेयव्वं एवमेयं पंचमंगलमहासुयक्खंधं सरवन्नपयसहियं पयक्खरबिंदुमत्ताविशुद्धं गुरुगुणोववेयगुरुवइट्ठं कसिणमहिज्जित्ताणं तहा कायव्वं जहा पुव्वाणुपुव्वीए पच्छाणुपुव्वीए अणाणुपुव्वीए जीहग्गे तरेज्जा । तओ तेणेव अणंतरभणियतिहिकरणमुहुत्तनक्खत्तजोगलग्ग-रासीबलजंतुविरहिओगास-चेइयालगाइकमेणंअट्ठमभत्तेणं समणुजाणाविऊणं गोयमा ! महया पबंधेण सुपरिफुडं निऊणं असंदिद्धं सुत्तत्थं अणेगहा सोऊणावधारेयव्वं । एयाए विहीए पंचमंगलस्स णं गोयमा ! विणओवहाणो कायव्वो' ! इत्यादि ।

टीकार्थ :-

तद्विषय ..... तथाहि । तेना विषयमां=नवकारना विषयमां, उपधान अध्ययननी विधि पण आ=वक्ष्यमाण, त्यां ज=महानिशीथ सूत्रना त्रीजा अध्ययनमां ज, बतावायेली छे. ते आ प्रमाणे -

से भयवं ..... कायव्वं, हे भगवन् ! पंचमंगलनुं विनयोपधान कई विधिथी करवुं जोईए ? हे गौतम ! पंचमंगलनुं विनयोपधान आ विधि वडे करवुं जोईए.

तं जहा ..... ससिबले=सुप्रशस्त अने शोभन तिथि, करण, मुहूर्त, नक्षत्र, योग, लग्न अने चंद्रबळवाळो प्रशस्त दिवस होते छते (उपधान) तपनो प्रारंभ करवो जोईए.

કેવી વ્યક્તિ વડે પ્રારંભ કરવો જોઈએ, તે બતાવતાં કહે છે -

વિપ્પમુક્ક ..... આસંકેણ=જાત્યાદિ મદ અને આશંકાથી વિપ્રમુક્ત=મુકાયેલી વ્યક્તિ વડે ('નમો અરિહંતાણં' એ પ્રમાણે) પ્રથમ અધ્યયન ભણવું જોઈએ.

વળી તે વ્યક્તિ કેવી હોવી જોઈએ, તે બતાવે છે -

સંજાય ..... દુવાલસભત્તટ્ઠિએણં=પેદા થયેલી તીવ્ર શ્રદ્ધા અને સંવેગ વડે સુતીવ્રતર, મહાન એવા અને ઉલ્લાસ પામતા એવા શુભ અધ્યવસાયથી અનુગત, ભક્તિ અને બહુમાનપૂર્વક, નિદાનરહિત, બાર ભક્ત વડે = પાંચ ઉપવાસ વડે, ('નમો અરિહંતાણં' એ પ્રમાણે) પ્રથમ અધ્યયન ભણવું જોઈએ.

વળી તે અધ્યયન કેવી રીતે ભણવું તે બતાવે છે -

ચેઇયાલએ ..... દઢયરંતકરણેણં=ચૈત્યાલયમાં જંતુરહિત અવકાશમાં=સ્થાનમાં, ભક્તિના ભરથી નિર્ભર=અત્યંત ભક્તિપૂર્વક, ઉદ્ધુષિત=રોમાંચિત શીર્ષરોમાવલી યુક્ત, પ્રફુલ્લિત મુખકમળવાળી વ્યક્તિએ પ્રશાંત, સોમ, સ્થિર દૃષ્ટિપૂર્વક, નવા નવા સંવેગથી ઊછળતા ઉત્પન્ન થયેલા મોટા, ગાઢ, નિરંતર, અચિંત્ય એવા શુભપરિણામથી ઉલ્લસિત સ્વજીવવીર્ય વડે, પ્રતિસમય વધતા પ્રમોદથી સુવિશુદ્ધ, નિર્મળ, સ્થિર, દૃઢ અંતઃકરણ વડે ('નમો અરિહંતાણં' એ પ્રમાણે) પ્રથમ અધ્યયન ભણવું જોઈએ.

વળી તે અધ્યયન કઈ રીતે ભણવું તે બતાવે છે -

ખિતિણિહિય ..... અંજલિપુડેણં=પૃથ્વી ઉપર સ્થાપન કરેલ જાનુવાળો, નમાવેલા ઉત્તમાંગવાળો અને કરકમળના મુકુલ વડે શોભતા એવા અંજલિપુટવાળા=હાથ જોડેલા જીવ વડે ('નમો અરિહંતાણં' એ પ્રમાણે) પ્રથમ અધ્યયન ભણવું જોઈએ.

વળી તે અધ્યયન કઈ રીતે ભણવું તે બતાવે છે -

સિરિઉસભાઇ ..... તગ્ગયજ્ઝવસાણેણં=શ્રી ઋષભાદિ શ્રેષ્ઠતમ એવા ધર્મતીર્થંકરની પ્રતિમારૂપ બિંબ ઉપર સ્થાપિત નયન અને મનને કારણે એકાગ્રતાવાળા, તદ્ગત=પ્રતિમાગત, અધ્યવસાય વડે ('નમો અરિહંતાણં' એ પ્રમાણે) પ્રથમ અધ્યયન ભણવું જોઈએ.

હવે તે પ્રથમ અધ્યયન કેવા ગુરુના મુખથી નીકળેલું ગ્રહણ કરવું તે બતાવે છે -

સમયણ્ણુ ..... વિણિગ્ગયં=સિદ્ધાંતના જાણકાર, દૃઢ ચારિત્રાદિ ગુણસંપત્તિથી ઉપેત, ગુરુ શબ્દાર્થના ગુણવાળા, અનુષ્ઠાનમાં એકબદ્ધ લક્ષપણા વડે કરીને અબાધિત એવા ગુરુના મુખેથી નીકળેલું (પ્રથમ) અધ્યયન ભણવું જોઈએ.

• વિણયાદિ ..... ઉવલદ્ધં=વિનયાદિ બહુમાનને કારણે થયેલા પરિતોષથી ઉત્પન્ન થયેલી એવી ગુરુની અનુકંપાથી ઉપલબ્ધ=પ્રાપ્ત થયેલું એવું (પ્રથમ) અધ્યયન ભણવું જોઈએ.

અણેગ ..... તરંડભૂયં=અનેક શોક, સંતાપ, ઉદ્વેગ, મહાવ્યાધિ, વેદના, ઘોર દુઃખો, દારિદ્ર, ક્લેશ, રોગ, જન્મ, જરા, મરણ અને ગર્ભાવાસાદિ દુષ્ટ પ્રાણીઓના અવગાહથી ભયંકર એવા આ સમુદ્રમાં તરંડભૂત=નાવ સમાન, એવું (પ્રથમ) અધ્યયન છે.

વળી તે પ્રથમ અધ્યયન પંચમંગલ મહાશ્રુતસ્કંધનું બનેલું છે. તે પંચમંગલ મહાશ્રુતસ્કંધ કેવું છે, તે બતાવે છે -

ઇણમો સયલાગમ ..... પારેયવ્વં=સઘળાં આગમોના મધ્યમાં રહેવાવાળું, મિથ્યાત્વરૂપ દોષથી હણાયેલી એવી વિશિષ્ટ બુદ્ધિથી પરિકલ્પિત એવી જે કુભણિતિઓથી=કુઉક્તિઓથી અઘટમાન એવા અશેષ=સંપૂર્ણ, હેતુ-દૃષ્ટાંત અને યુક્તિઓનો વિધ્વંસ કરવા માટે સમર્થ એવું, અને પાંચ અધ્યયન અને એક ચૂલિકાથી પરિક્ષિપ્ત એવું, શ્રેષ્ઠ એવા પ્રવચન દેવતાથી અધિષ્ઠિત એવું, ઇણમો=આ, પંચમંગલ મહાશ્રુતસ્કંધનું, ત્રણ પદથી પરિચ્છિન્ન અને એક આલાપક અને સાત અક્ષરના પરિમાણવાળું, અનંતગમ અને પર્યાયરૂપ વસ્તુનું પ્રસાધક, સર્વ મહામંત્ર અને પ્રવરવિદ્યાઓના પરમ બીજભૂત એવું "નમો અરિહંતાણં" એ પ્રમાણે પ્રથમ અધ્યયન ભણવું જોઈએ, અને તે દિવસે=અધ્યયન ભણવાના દિવસે આયંબિલ વડે પારણું કરવું જોઈએ.

તહેવ ..... પારેયવ્વં । તે પ્રમાણે જ બીજે દિવસે અનેક અતિશયવાળી ગુણસંપદાથી ઉપેત, આગળ કહેવાયેલ અર્થનું પ્રસાધક, આગળ કહેવાયેલ જ ક્રમ વડે, બે પદથી પરિચ્છિન્ન, એક આલાપક અને પાંચ અક્ષરના પરિમાણવાળું "નમો સિદ્ધાણં" એ પ્રમાણે બીજું અધ્યયન ભણવું અને તે દિવસે આયંબિલથી પારણું કરવું.

એવં ..... અહિજ્જેયવ્વં । એ પ્રમાણે અનંતર ભણિત=કહેવાયેલ, ક્રમ વડે, અનંતર કહેવાયેલ અર્થનું પ્રસાધક, ત્રણ પદથી પરિચ્છિન્ન, એક આલાપક અને સાત અક્ષરના પરિમાણવાળું "નમો આયરિયાણં" એ પ્રમાણે ત્રીજું અધ્યયન આયંબિલ વડે ભણવું.

તહા ..... પારેયવ્વં । તથા અનંતર કહેવાયેલ અર્થનું પ્રસાધક, ત્રણ પદથી પરિચ્છિન્ન, એક આલાપકવાળું, સાત અક્ષરના પરિમાણવાળું "નમો ઉવજ્ઝાયાણં" એ પ્રમાણે ચોથું અધ્યયન ભણવું અને તે દિવસે આયંબિલ વડે પારણું કરવું.

એવં ..... આયંબિલેણ । એ પ્રમાણે "નમો લોએ સવ્વસાહૂણં" એ પ્રમાણે પાંચમું અધ્યયન પાંચમા દિવસે આયંબિલ વડે ભણવું.

તહેવ ..... અહિજ્જેયવ્વં । તે પ્રમાણે જ, તેના અર્થને અનુસરનારી અગિયાર પદથી પરિચ્છિન્ન, ત્રણ આલાપક અને તેત્રીસ અક્ષરના પરિમાણવાળી "એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં" એ પ્રમાણે ચૂલિકા છઠ્ઠા, સાતમા અને આઠમા દિવસે તે જ ક્રમ વિભાગ વડે આયંબિલ વડે ભણાવી.

એવમેયં ..... તરેજ્જા । આ પ્રમાણે, આ પંચમંગલમહાશ્રુતસ્કંધ સ્વર, વર્ણ અને પદથી સહિત, પદ, અક્ષર, બિંદુ અને માત્રાથી વિશુદ્ધ, ગુરુગુણથી ઉપેત એવા ગુરુથી ઉપદિષ્ટ, સંપૂર્ણ ભણીને તે પ્રમાણે કરવું કે જે પ્રમાણે પૂર્વાનુપૂર્વીથી, પશ્ચાનુપૂર્વીથી અને અનાનુપૂર્વીથી જીભના અગ્ર ભાગે તરે=રમી શકે.

તઓ ..... ઇત્યાદિ । ત્યાર પછી તે જ અનંતર કહેવાયેલ તિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ, લગ્ન, ચંદ્રબળ હોતે છતે જંતુરહિત અવકાશ=ભૂમિ, પર દેરાસરમાં ઈત્યાદિ ક્રમ વડે અઠ્ઠમભત્ત વડે=ત્રણ ઉપવાસ વડે, સમનુજ્ઞા લઈને, હે ગૌતમ ! મોટા પ્રબંધપૂર્વક સુપરિસ્ફુટ, નિપુણ અસંદિગ્ધ સૂત્રાર્થને અનેકવાર સાંભળીને અવધારણ કરવું. હે ગૌતમ ! આ વિધિ વડે પંચ મંગલનું વિનયોપધાન કરવું જોઈએ **ઈત્યાદિ.**

(ઈત્યાદિ વિધિ પણ મહાનિશીથમાં વ્યવસ્થિત છે - એમ યોજન છે.)

☞ અહીં વિશેષ એ છે કે - "નમો અરિહંતાણં"માં ત્રણ પદો કહ્યાં, તે આ રીતે છે - (૧) નમો, (૨) અરિ=શત્રુને (૩) હણનાર તરીકે હંત પદ છે.

"નમો સિદ્ધાણં" માં (૧) નમો, (૨) સિદ્ધ એ બે પદો છે.

"નમો આયરિયાણં"માં ત્રણ પદો છે. તે આ પ્રમાણે - (૧) નમો (૨) આચાર (૩) કરનાર એમ ત્રણ પદ છે.

"નમો ઉવજ્ઝાયાણં"માં ત્રણ પદો છે. તે આ પ્રમાણે - (૧) નમો (૨) અધ્યયન (૩) કરનાર - એમ ત્રણ પદ છે.

વિશેષાર્થ :-

જે જીવ નવકારના પાંચ પદોના માહાત્મ્યને સારી રીતે સમજેલો હોય, અને જાણતો હોય કે, અરિહંતાદિ પાંચે પદોથી વાચ્ય લોકમાં સર્વોત્તમ પુરુષો છે, અને તેમને જ મારે નમસ્કાર કરવો છે, એ પ્રકારની જેમના હૈયામાં ભક્તિ વર્તે છે, તે જીવ કઈ વિધિથી ઉપધાનતપ કરે છે, તે બતાવવા અર્થે કહે છે -

સામાન્ય રીતે જીવોને જાત્યાદિમાંથી કાંઈ પણ ઐશ્વર્યાદિની પ્રાપ્તિ હોય ત્યારે, કદાચ લોકમાં પોતાના કુલાદિ કે ઐશ્વર્યાદિનું પ્રદર્શન ન કરતા હોય તો પણ, બુદ્ધિમાં તે પદાર્થનું અસ્તિત્વ હોવાને કારણે, પોતે ઉત્તમ કુળવાળો છે, ઉત્તમ ઐશ્વર્યવાળો છે, એવી બુદ્ધિ વર્તતી હોય છે. આથી જ વ્યક્ત કે અવ્યક્ત રીતે માનકષાય જીવોમાં વર્તતા જ હોય છે. પરંતુ જ્યારે તે સર્વ ઐશ્વર્યાદિનું મહત્ત્વ નાશ પામે અને અરિહંતાદિ પાંચ પદોમાં પ્રતિષ્ઠિત એવા ગુણવાન પુરુષોનું મહત્ત્વ અંકિત થાય=તે અરિહંતાદિ મહાસાત્ત્વિક હતા, કે જેઓને ઇંદ્રાદિ પણ પૂજતા હતા, છતાં પણ લેશમાત્ર માનની અસર ન સ્પર્શે તેવું ઉત્તમ ચિત્ત તેઓનું હતું; ત્યારે તેવા ઉત્તમ ચિત્તવાળા પુરુષોનું જ મહત્ત્વ બુદ્ધિમાં ઉપસ્થિત થવાથી જાત્યાદિ મદનો ભાવ પોતાની બુદ્ધિમાંથી મ્લાન-મ્લાનતર થતો જાય છે; અને જ્યારે આ જ પંચપરમેષ્ઠિ જગતમાં અત્યંત કલ્યાણને કરનારા છે તેવી બુદ્ધિ થવાને કારણે, તેઓને કરાયેલા નમસ્કારના ફળમાં આશંકા દૂર થાય છે, ત્યારે તે નમસ્કાર મહામંત્ર પ્રત્યે તેને તીવ્ર શ્રદ્ધા પેદા થાય છે. તે બતાવવા જાત્યાદિ મદ અને આશંકાથી રહિત એવી વ્યક્તિ વડે પ્રથમ અધ્યયન ભણવું જોઈએ, એમ કહેલ છે.

જાત્યાદિ મદ અને આશંકા જવાને કારણે જીવને નમસ્કાર મહામંત્રાદિ પ્રત્યે તીવ્ર શ્રદ્ધા પેદા થાય છે, અને બળવાન મોક્ષના અભિલાષરૂપ સંવેગ પેદા થાય છે. કેમ કે, કષાયોથી રહિત પરિણામવાળા એવા પંચપરમેષ્ઠિ પ્રત્યે જીવને બહુમાનભાવ થાય છે ત્યારે, તે અવસ્થાની પ્રાપ્તિની જીવને તીવ્ર ઈચ્છા પેદા થાય છે, જે સંવેગ રૂપ છે; અને તેના કારણે સુતીવ્રતર અને અત્યંત ઉલ્લાસ પામતો અધ્યવસાય પ્રગટે છે=આ નમસ્કારમંત્ર જ અત્યંત કલ્યાણનું કારણ છે, આથી જ હું નમસ્કારમંત્રને સમ્યગ્ વિધિપૂર્વક ગ્રહણ કરીને મારા આત્માને કૃતાર્થ કરું, એ પ્રકારે શુભ અધ્યવસાય થાય છે. અને તેવા શુભ અધ્યવસાયથી અનુગત=સહિત, ભક્તિ અને બહુમાનપૂર્વક નમસ્કારમંત્રને ગ્રહણ કરવો જોઈએ અને અંજલિ આદિ જોડીને નત મસ્તક રાખીને અભિવ્યક્ત થતા હૈયાના ભક્તિ અને બહુમાનના પરિણામપૂર્વક નવકારમંત્રને ગ્રહણ કરવો જોઈએ. વળી તે અધ્યયન નિર્નિદાનપૂર્વક ભણવું જોઈએ.

યદ્યપિ સામાન્ય રીતે પૂર્વમાં બતાવેલ શ્રદ્ધા અને સંવેગપૂર્વકનો શુભ અધ્યવસાય વર્તતો હોય ત્યારે નિદાન થવાની સંભાવના ઓછી રહે છે; તો પણ ક્વચિત્ તીવ્ર શ્રદ્ધા અને સંવેગથી યુક્ત શુભ અધ્યવસાય વર્તતો હોય ત્યારે પણ, કોઈ બાહ્ય પદાર્થની ઈચ્છા બળવાન થઈ જાય છે ત્યારે, તે પદાર્થની પ્રાપ્તિની ઈચ્છા પંચપરમેષ્ઠિના સ્મરણના ફળરૂપે થઈ જાય છે. તેથી તેના નિવારણાર્થે નિર્નિદાન ગ્રહણ કરવાનું કહેલ છે.

વળી તે પ્રથમ અધ્યયન પાંચ ઉપવાસના તપ વડે ગ્રહણ કરવાનું કહેલ છે, અને પાંચ ઉપવાસનો તપ નવકારગ્રહણના અર્થે બહુમાનભાવના પરિણામની વૃદ્ધિ માટે કરવાનો છે, અને તે ગ્રહણવિધિ ચૈત્યાલયમાં જંતુરહિત સ્થાનમાં બેસીને કરવાની છે. કેમ કે, ભગવાનની સન્મુખ ગ્રહણ કરવાથી પરિણામની વૃદ્ધિ થાય છે, અને જંતુરહિત અવકાશમાં બેસવાથી જયણાનો પરિણામ વૃદ્ધિમત્ થાય છે.

હવે નમસ્કાર ગ્રહણ કરતી વખતે ભગવાન સન્મુખ કેવા પ્રકારના અંતઃકરણપૂર્વક ગ્રહણ કરે છે, તે બતાવે છે –

જે જીવને પંચમંગલસૂત્રનું મહત્ત્વ જ્ઞાત છે, તે જીવ જાણે છે કે, સંસારસાગરથી તરવા માટે અનન્ય ઉપાયભૂત એવાં આ પાંચ અધ્યયનો છે. તેથી જ પ્રથમ અધ્યયનને ગ્રહણ કરતાં જે જીવની બુદ્ધિમાં અરિહંતનું લોકોત્તમ સ્વરૂપ ઉપસ્થિત થાય છે, અને તેથી જ ભગવાન સન્મુખ જંતુરહિત સ્થાનમાં બેસીને નવકારમંત્ર ગ્રહણ કરવા યત્ન કરે છે, ત્યારે ભગવાનના ગુણોથી તે જીવનું ચિત્ત ઉપરંજિત થયેલું હોવાના કારણે, તેના હૈયામાં અત્યંત ભક્તિ ઉલ્લસિત થાય છે. અને તેના કારણે શિર સહિત શરીરની રોમાવલીઓ રોમાંચિત=પુલકિત બને છે, વદનકમળ પ્રફુલ્લિત બને છે, દૃષ્ટિ પ્રશાંત, સૌમ્ય અને સ્થિર બને છે=ભગવાનના ગુણોની અભિમુખ ચિત્ત હોવાના કારણે, કષાયોનો ઉપશમ થવાના કારણે, તે જીવની દૃષ્ટિ ભગવાનના ગુણોને અવલંબીને સૌમ્ય બને છે, અને ગુણો પ્રત્યે અત્યંત આકર્ષણ હોવાના કારણે સ્થિર બને છે. અને તેના કારણે હૈયામાં નવા નવા સંવેગો ઊછળે છે=ભગવાનનું વીતરાગસ્વરૂપ સૂક્ષ્મ-સૂક્ષ્મતર દેખાવાના કારણે તે સ્વરૂપપ્રાપ્તિની અભિલાષા રૂપ નવા નવા સંવેગો હૈયામાં ઊછળે છે; અને તેના કારણે બહલ=મોટો, ઘન=દૃઢ એવો અચિંત્ય શુભ પરિણામ પેદા થાય છે, અને તે પરિણામ સતત ચાલે છે. તે પરિણામ કલ્પના ન કરી શકાય તેવો અચિંત્ય પરમ શુભ પરિણામ હોય છે. સામાન્ય લોક તે પરિણામને ન સમજી શકે તેવા પ્રકારનો અચિંત્ય શ્રેષ્ઠ કોટિનો શુભ પરિણામ, તીવ્ર સંવેગને કારણે થાય છે, અને તેના કારણે વિશેષરૂપે સ્વજીવવીર્ય ઉલ્લસિત થાય છે. શુભ પરિણામને કારણે સ્વજીવવીર્ય એ અધ્યયન ગ્રહણ કરવા માટે વિશેષ પ્રકારે ઉલ્લસિત થાય છે; અને તેના કારણે અનુસમય=પ્રતિસમય, વધતા પ્રમોદ વડે કરીને સુવિશુદ્ધ, સુનિર્મળ અને સ્થિર એવું દૃઢ અંતઃકરણ બને છે=તેવા પ્રકારના શુભ પરિણામને કારણે તે વખતનો ઉપયોગ શુદ્ધ અને સુનિર્મળ=અતિશય નિર્મળ, બને છે કે, જેના કારણે ગ્રહણ કરાતું અધ્યયન એકદમ સારી રીતે પરિણામ પામી શકે તેવો શુદ્ધ નિર્મળ ઉપયોગ બને છે. વળી તે ઉપયોગ સ્થિર=અન્ય કોઈ નિમિત્તકૃત વ્યાક્ષિપ્તતા વગરનો, અને દૃઢ જોઈએ=

ઉપયોગની અંદર અત્યંત યત્ન જોઈએ. અને તેવા પ્રકારના ઉપયોગરૂપ જ સુવિશુદ્ધ, સ્થિર અને દૃઢ અંતઃકરણ વડે પ્રથમ અધ્યયન ગ્રહણ કરવું જોઈએ.

હવે તે પ્રથમ અધ્યયન કેવી મુદ્રાથી ગ્રહણ કરવું તે બતાવે છે -

ભૂમિતલ ઉપર જાનુ સ્થાપન કરીને, મસ્તકને નમાવીને અને હાથ જોડીને ગ્રહણ કરવું. આ પ્રકારની મુદ્રાપૂર્વક ગ્રહણ કરવાથી ભક્તિનો અતિશય પ્રગટે છે.

હવે તે પ્રથમ અધ્યયન કેવા અધ્યવસાયપૂર્વક ગ્રહણ કરવું તે બતાવે છે -

ઋષભાદિ શ્રેષ્ઠતમ ધર્મતીર્થંકરની પ્રતિમા ઉપર ચક્ષુ અને મનને સ્થાપિત કરવાથી એકાગ્રતા થાય છે, અને તેવી એકાગ્રતાવાળા પ્રતિમાગત અધ્યવસાય વડે ગ્રહણ કરવું.

હવે તે પ્રથમ અધ્યયન કેવા ગુરુના મુખે ગ્રહણ કરવું તે બતાવે છે -

ગુરુ શાસ્ત્રના જાણકાર જોઈએ અને દૃઢ ચારિત્રાદિ ગુણોની સંપદાથી યુક્ત જોઈએ. અને ગુરુ શબ્દનો અર્થ એ છે કે, **'गृह्णाति शास्त्रार्थं इति गुरुः'** તેથી યોગ્ય જીવોને સત્ શાસ્ત્રોનો બોધ કરાવવા રૂપ જે ગુરુ શબ્દાર્થનું અનુષ્ઠાન, તેને કરવામાં એક બદ્ધલક્ષપણું હોવાને કારણે, તે અબાધિત=યથાર્થ ગુરુ છે. અને તેવા ગુરુના વદનથી=મુખથી નીકળેલ પ્રથમ અધ્યયન ગ્રહણ કરવું જોઈએ.

હવે તે નમસ્કાર આપનાર ગુરુનો અને ગ્રહણ કરનારનો કેવો ભાવ હોય તે બતાવે છે -

જે જીવ પ્રથમ અધ્યયન ગ્રહણ કરવા અર્થે ગુરુનું વિનયાદિરૂપ બહુમાન કરે છે, તેનાથી ગુરુને પરિતોષ થાય છે કે, ખરેખર પંચમંગલસૂત્રને ગ્રહણ કરવા માટે આ જીવ યોગ્ય છે; તેથી તેનું કલ્યાણ કરવાની આશંસારૂપ ભાવઅનુકંપા ગુરુના હૈયામાં પેદા થાય છે. તેથી ગુરુ જ્યારે પંચ મંગલસૂત્ર આપતા હોય ત્યારે તેનું ગ્રહણ ગુરુની ભાવઅનુકંપાથી ઉપલબ્ધ=પ્રાપ્ત બને છે.

અહીં 'વિનયાદિ' કહ્યું ત્યાં 'આદિ'થી વૈયાવચ્ચ ગ્રહણ કરવાનું છે. અને વિનય, વૈયાવચ્ચાદિના કારણે અભિવ્યક્ત થતા શિષ્યના બહુમાનને કારણે ગુરુને તે જીવની યોગ્યતા જોઈને પરિતોષ પેદા થાય છે, અને તેના કારણે જ શિષ્યને પંચમંગલસૂત્ર આપવા રૂપ ભાવઅનુકંપા ઉત્પન્ન થાય છે.

વળી તે પ્રથમ અધ્યયન કેવું છે, તે બતાવે છે -

અનેક આધિ-વ્યાધિ અને ઉપાધિઓથી ભયંકર એવા ભવસમુદ્રમાં જહાજ સમાન એવું આ પ્રથમ અધ્યયન છે, અને તે પ્રથમ અધ્યયન પંચમંગલમહાશ્રુતસ્કંધ કેવું છે, તે ટીકાર્થમાં વર્ણન કરેલ છે. આવા પ્રકારનું પ્રથમ અધ્યયન ભણવું અને તે દિવસે આયંબિલ વડે પારણું કરવું. વળી ટીકાર્થમાં વિધિ બતાવી છે, એ વિધિના ક્રમથી ક્રમશઃ પાંચે અધ્યયન અને ત્યાર પછી ચૂલિકા ભણવી. અને આ પ્રમાણે પંચમંગલમહાશ્રુતસ્કંધ સંપૂર્ણ ભણીને એ રીતે આત્મસાત્ કરવું કે, પૂર્વાનુપૂર્વીથી, પશ્ચાનુપૂર્વીથી કે અનાનુપૂર્વીથી જીભના અગ્રભાગ ઉપર રમી શકે. અને ત્યાર પછી શુભ દિવસે, શુભ નક્ષત્રાદિનો યોગ હોય ત્યારે અટ્ઠમ તપપૂર્વક અનુજ્ઞા લઈને ટીકાર્થમાં બતાવ્યા પ્રમાણે સૂત્રાર્થને અનેકવાર સાંભળીને

અવધારણ કરવું. આ પ્રકારની વિધિ વડે પંચમંગલનું વિનયોપધાન કરવું, એ પ્રકારે ગૌતમસ્વામીને ઉદ્દેશીને મહાવીર પરમાત્માએ મહાનિશીથસૂત્રમાં કહેલ છે.

टीका :-

तदयमनेकसूत्रसिद्धो धर्मास्तिकायादिवद् अनादिः अनन्ततीर्थंकरगणधरपूर्वधरैरुपदर्शित-महिमा पञ्चमङ्गलमहाश्रुतस्कंधो यैरपलप्यते तेषामन्यश्रुताभ्युपगमोऽपि गोलाङ्गुलाभरणनिवेशतुल्य इति ध्येयम् ।

टीकार्थ :-

तदयमनेक ..... ध्येयम् । તે કારણથી આ=પંચમંગલમહાશ્રુતસ્કંધ અનેક સૂત્રમાં સિદ્ધ, ધર્માસ્તિકાયાદિની જેમ અનાદિ-અનંત, તીર્થંકર, ગણધર અને પૂર્વધરો વડે ઉપદર્શિત મહિમાવાળું પંચમંગલમહાશ્રુતસ્કંધ જેઓ વડે અપલાપ કરાય છે, તેઓને અન્ય શ્રુતનો અભ્યુપગમ પણ ગાયના પૂંછડામાં આભરણના નિવેશતુલ્ય છે, એ પ્રમાણે વિચારવું.

टीका :-

एवं च नमस्कारादौ प्रज्ञप्तिसूत्रे स्थितं 'नमो बंभीए लिवीए' इति पदं प्रतिमास्थापनाया-ऽत्यन्तोपयुक्तमेवेति मन्तव्यम् । यतः –

'हित्वा लुम्पकगच्छसूरिपदवीं गार्हस्थ्यलीलोपमाम्,
प्रोद्यद्बोधिरतः पदादभजत श्रीहीरवीरान्तिकम् ।
आगस्त्यागपुनर्व्रतग्रहपरो यो भाग्यसौभाग्यभूः,
स श्रीमेघमुनिर्न कैः सहृदयैर्धर्मार्थिषु श्लाघ्यते ।।१।।

एकस्मादपि समयपदादनेके संबुद्धा वरपरमार्थरत्नलाभात् ।
अम्भोधौ पतति परस्तु तत्र मूढो, निर्मुक्तप्रकरणसम्प्रदायपोतः ।।२।। ।।३।।

टीकार्थ :-

एवं च ..... मन्तव्यम् । અને આ પ્રમાણે=પૂર્વમાં સિદ્ધ કર્યું કે, પંચમંગલમહાશ્રુતસ્કંધ સર્વ શાસ્ત્રોમાં અભ્યંતરભૂત છે, અને ચૂલિકા સહિત પૃથગ્ શ્રુતસ્કંધ છે, આથી જ તેની ઉપધાનવિધિ પણ મહાનિશીથ સૂત્રમાં બતાવી છે એ પ્રમાણે, નમસ્કાર છે આદિમાં જેને એવા પ્રજ્ઞપ્તિસૂત્રમાં સ્થિત "બંભીલિપિને નમસ્કાર થાઓ" એ પ્રકારનું પદ પ્રતિમાસ્થાપના માટે અત્યંત ઉપયુક્ત જ છે, એ પ્રમાણે જાણવું.

यतः ..... श्लाघ्यते ।।१।। જે કારણથી 'हित्वा' ગૃહસ્થપણાની લીલાની ઉપમાવાળા લુંપાકગચ્છની સૂરિ પદવીને છોડીને, આ પદથી=બ્રાહ્મીલિપિને નમસ્કાર થાઓ એ પ્રકારે પ્રજ્ઞપ્તિસૂત્રના પદથી, પ્રોદ્યત્ બોધિ છે જેને એવા મેઘમુનિ, શ્રી હીરવીરની=હીરવિજય મહારાજની, પાસે આવ્યા. (અને) પાપના ત્યાગપૂર્વક ફરી વ્રતના ગ્રહણમાં પર=તત્પર, એવા જે ભાગ્ય-સૌભાગ્યવાળા તે શ્રી મેઘમુનિ ધર્માર્થીઓમાં કયા સારા હૃદયવાળા વડે પ્રશંસા નથી કરાતા ? અર્થાત્ કરાય છે.

एकस्माद् ..... सम्प्रदायपोतः ।।२।। એક પણ શાસ્ત્રના પદથી વરપરમાર્થરૂપ રત્નના લાભને કારણે અનેક સંબુદ્ધ થયા, અને વળી ત્યાં=એક પણ શાસ્ત્રના પદમાં, મૂઢ થયેલો, મૂકી દીધી છે પ્રકરણ અને સંપ્રદાયરૂપ નૌકા જેણે એવો પર=લુંપાક, અંભોધિમાં=સંસારસમુદ્રમાં, પડે છે. ॥૩॥

અવતરણિકા :-

अथ नामप्रतिबन्ध्या स्थापनां स्थापयति –

અવતરણિકાર્થ :-

હવે નામની પ્રતિબંદિથી=નામનિક્ષેપો સ્વીકાર્ય હોય તો સ્થાપના પણ સ્વીકાર્ય થાય, એ રૂપ પ્રતિબંદિથી, સ્થાપનાને સ્થાપન કરે છે.

શ્લોક :-૪

किं नामस्मरणेन न प्रतिमया, किं वा भिदा कानयोः,
संबन्धः प्रतियोगिना न सदृशो, भावेन किंवा द्वयोः ?
तद्वन्द्यं द्वयमेव वा जडमते ! त्याज्यं द्वयं वा त्वया,
स्यात्तर्कादत एव लुम्पकमुखे दत्तो मषीकूर्चकः ।।४।।

શ્લોકાર્થ :-

નામસ્મરણથી શું ? અથવા પ્રતિમાથી શું નથી ? નામ અને પ્રતિમા વચ્ચે શું ભેદ છે ? પ્રતિયોગી એવા ભાવનિક્ષેપાની સાથે શું બંનેનો સંબંધ સરખો નથી ? તેથી હે જડમતિ ! તારા વડે કાં તો બન્ને=નામ અને સ્થાપના બંને, વંધ થાય અથવા બંને=નામ અને સ્થાપના બંને, ત્યાજ્ય થાય. अत एव तर्कात्=આ જ તર્કથી=પ્રતિબંદિ એવા આ જ તર્કથી, લુંપાકના મુખમાં મષીકૂર્ચક અપાયો=કાળું મોઢું કરાયું. ॥૪॥

ટીકા :-

'किं नामे'त्यादि :- किं नामस्मरणेन=चतुर्विंशतिस्तवादिगतनामानुचिन्तनेन, नाम्नः

पुद्गलात्मकत्वेनानुपकारित्वात् । नाम्नः स्मरणेन नामिस्मरणे तद्गुणसमापत्त्या फलमिति चेत् ? अत्राह-प्रतिमया किं वा न स्याद् ? अमुद्रगुणसमुद्रलोकोत्तरमुद्रालङ्कृतभगवत्प्रतिमा दर्शनादपि सकलातिशायिभगवद्गुणध्यानस्य सुतरां संभवात् । तदुक्तम् -

"प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नम्, वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसंबन्धवन्ध्यम्, तदसि जगति देवो वीतराग-स्त्वमेव ।।" **इति ।**

बोध्युदयोऽपि प्रतिमादर्शनाद् बहूनां सिद्ध एव । तदुक्तं दशवैकालिकनिर्युक्तौ (गा० १४) -

"सिज्जंभवं गणहरं, जिणपडिमादंसणेण पडिबुद्धं ।
मणगपियरं दसकालिअस्स णिज्जूहगं वंदे ।।" **इत्यादि ।**

निर्युक्तिश्च सूत्राद् नातिभिद्यते इति व्यक्तमेव, विवेचयिष्यते चेदमुपरिष्टात् ।

टीकार्थ :-

किं नामस्मरणेन ..... संभवात् । नामस्मरणथी=चतुर्विंशतिस्तवादिगत नामना अनुचिंतनथी, शुं ? अर्थात् कांई नहि, केम के नामनुं पुद्गलात्मकपणुं होवाथी अनुपकारीपणुं छे. नामना स्मरणथी नामीना स्मरणमां तद्गुणनी साथे=नामीना गुणनी साथे, समापत्तिथी फळ थाय छे, एम जो तुं कहे छे, तो अहीं प्रतिमाथी केम थई न शके ? अर्थात् थई शके. केम के अमुद्रगुणसमुद्रરૂપ= निराकार एवा गुणना समुद्रરૂપ, लोकोत्तर मुद्राथी अलंकृत भगवद्-प्रतिमाना दर्शनथी पण सकलातिशायी भगवद्-गुणना ध्याननो सुतरां संभव छे.

तदुक्तम् - प्रशमरस ..... इति । **ते कहेवायुं छे**=लोकोत्तर मुद्राथी अलंकृत भगवद् प्रतिमा छे, ते कहेवायुं छे. जे कारणथी तारां प्रशमरस निमग्न दृष्टियुग्म, प्रसन्न वदनकमळ, कामिनीसंगथी शून्य खोळो (अने) शस्त्रसंबंधथी रहित करयुगल छे, ते कारणथी जगतमां तुं ज वीतराग देव छो. 'इति' शब्द साक्षीपाठनी पादसमाप्ति सूचक छे.

बोध्युदयो ..... सिद्ध एव । बोधिनो उदय पण प्रतिमाना दर्शनथी घणाने सिद्ध ज छे. तदुक्तं - ते दशवैकालिकनी निर्युक्तिमां कहेवायेलुं छे -

सिज्जंभवं ..... इत्यादि । जिनप्रतिमाना दर्शनथी प्रतिबोधने पामनार मनकना पिता दशवैकालिकना निर्यूहक=पूर्वमांथी उद्धार करनारा, शय्यंभव गणधरने=गण धारण करनारने, हुं नमस्कार करुं छुं **ईत्यादि.**

✪ अहीं ईत्यादिथी आवा ज बीजा कथननो संग्रह करवानो छे.

उत्थान :-

अहीं पूर्वपक्षी कहे के, निर्युक्ति तो सूत्रथी भिन्न छे, माटे प्रमाणभूत नथी. तेथी निर्युक्तिना कथनथी प्रतिमा पूज्य छे, ए सिद्ध थई शके नहि. तेथी कहे छे –

टीकार्थ :-

निर्युक्तिश्च ..... उपरिष्टात् । **વળી નિર્યુક્તિ સૂત્રથી અતિભેદવાળી નથી, એ પ્રમાણે વ્યક્ત જ છે, અને આ આગળમાં વિવેચન કરાશે.**

टीका :-

नाम्नो नामिना सह वाच्यवाचकभावसम्बन्धोऽस्ति न स्थापनायाः, इत्यस्ति विशेष इति चेत् ? अत्राह-प्रतियोगिना=इतरनिक्षेपनिरूपकेण भावनिक्षेपेन सह द्वयोः=नामस्थापनयोः, संबन्धः किं न सदृशः ?=न सदृशवचनः ? (न) मिथः किञ्चिद् वैषम्यमित्यर्थः, एकत्र वाच्यवाचकभावस्याऽन्यत्र स्थाप्यस्थापकभावस्य संबन्धस्याऽविशेषात्, तादात्म्यस्य तु द्रव्यादन्यत्रासम्भवात् । अनया प्रतिबन्ध्या दुर्वादिनमाक्षिपति । तत्=तस्मात् कारणात्, हे जडमते ! त्वया द्वयमेव नामस्थापनालक्षणम् अविशेषेण वन्द्यम्, द्वयोरपि भगवदध्यात्मोपनायकत्वाविशेषात् । अन्तरङ्गप्रत्यासत्त्यभावाद् उपेक्ष्यत्वे तु द्वयमेव त्वयात्याज्यं स्यात् । तच्चानिष्टम्, नाम्नः परेणाप्य-ङ्गीकरणात् । अत एव तर्काद् लुम्पकमुखे मषीकूर्चको दत्तः स्याद् मालिन्यापादनादिति भावः ।

टीकार्थ :-

नाम्नो ..... ऽविशेषात्, **અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે - નામનો નામીની સાથે વાચ્ય-વાચકભાવ સંબંધ છે, સ્થાપનાનો નથી, એ પ્રમાણે વિશેષ છે=સ્થાપના કરતાં નામની વિશેષતા છે. તો અહીં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકાર કહે છે - ●પ્રતિયોગીની સાથે=ઈતરનિક્ષેપનિરૂપક ભાવનિક્ષેપની સાથે, બેનો=નામ અને સ્થાપનાનો, સંબંધ શું સરખો નથી ?=સદૃશવચનવાળો શું નથી ? અર્થાત્ સદૃશવચનવાળો છે. અર્થાત્ નામ અને સ્થાપનામાં પરસ્પર કાંઈ વૈષમ્ય નથી, એ પ્રમાણે અર્થ સમજવો. કેમ કે એક ઠેકાણે વાચ્ય-વાચકભાવનું (અને) અન્યત્ર સ્થાપ્ય-સ્થાપકભાવના સંબંધનું અવિશેષપણું છે.**

✪ मिथः किञ्चिद् वैपम्यमित्यर्थः પાઠ છે. ત્યાં न मिथः किञ्चिद्वैपम्यमित्यर्थः પાઠ ભાસે છે.

● પ્રતિયોગી=નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપાનો પ્રતિયોગી ભાવનિક્ષેપો છે. ઈતર નિક્ષેપરૂપક= ભાવનિક્ષેપો નામાદિ ત્રણ નિક્ષેપાનો નિરૂપક છે. જેમ - કોનું નામ ? તો ભાવતીર્થંકરનું નામ, તેથી ભાવતીર્થંકર નામતીર્થંકરનો નિરૂપક છે. આથી કરીને પ્રતયોગી=ભાવનિક્ષેપો, ઈતરનિક્ષેપનિરૂપક=ભાવનિક્ષેપો છે.

उत्थान :-

અહીં પૂર્વપક્ષી કહે કે, જેની વચ્ચે તાદાત્મ્ય ન હોય તે કેવી રીતે ઉપાસ્ય બને ? અને સ્થાપનામાં ભગવાનની સાથે તાદાત્મ્ય નથી, તેથી સ્થાપના ઉપાસ્ય ન બને. તેથી બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

તાદાત્મ્યસ્ય ..... અસંભવાત્ । **તાદાત્મ્યનું દ્રવ્યથી અન્યત્ર=નામ અને સ્થાપનામાં, અસંભવ છે.**

અનયા ..... અંગીકરણાત્ । **આ પ્રતિબંદિથી=નામ અને સ્થાપનાને સદૃશ કહેનાર પ્રતિબંદિથી, દુર્વાદિને આક્ષેપ કરે છે. તે કારણથી=નામ અને સ્થાપના બે સદૃશ છે, તે કારણથી, હે જડમતિ ! તારા વડે નામસ્થાપના લક્ષણ બંને જ અવિશેષથી વંદ્ય થાય. કેમ કે, બંનેનું પણ=નામ અને સ્થાપના બંનેનું પણ, ભગવાનના અધ્યાત્મના ઉપનાયકપણાનું અવિશેષપણું છે=ભગવાનના અવલંબનથી આત્મામાં થતો જે અધ્યાત્મભાવ તેનું ઉપનાયકપણું=પ્રાપકપણું, અવિશેષ છે. (જેમ નામ દ્વારા ભગવાનના પ્રત્યે બહુમાનનો ભાવ ઉત્પન્ન થાય છે, તેમ સ્થાપના દ્વારા પણ ભગવાન પ્રત્યે બહુમાનભાવ અવિશેષ=સમાન, થાય છે) વળી અંતરંગ પ્રત્યાસત્તિનો અભાવ હોવાથી ઉપેક્ષ્યપણું હોતે છતે બન્ને તારા વડે ત્યાજ્ય થાય, અને તે=નામ અને સ્થાપના બંને ત્યાજ્ય થાય તે, અનિષ્ટ છે. કેમ કે પર વડે પણ=લુંપાક વડે પણ, નામને અંગીકાર કરેલ છે.**

✪ સ્થાપના ન સ્વીકારનાર લુંપાકને નામનિક્ષેપો ન સ્વીકારની આપત્તિ આપવી તે રૂપ અહીં પ્રતિબંદિ છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને એ કહેવું છે કે, સ્થાપનામાં ભાવઅરિહંતની સાથે અંતરંગ પ્રત્યાસત્તિ નથી=અંતરંગ સંબંધ નથી, તેથી સ્થાપના વંદ્ય નથી. તો ગ્રંથકાર કહે છે કે, તે જ રીતે નામમાં પણ અંતરંગ પ્રત્યાસત્તિનો અભાવ છે. કેમ કે, ફક્ત દ્રવ્યમાં જ ભાવઅરિહંતની સાથે અંતરંગ પ્રત્યાસત્તિ=સંબંધ, છે. કેમ કે, દ્રવ્યની સાથે જ ભાવનો તાદાત્મ્ય સંબંધ હોય છે અને તે જ અંતરંગ પ્રત્યાસત્તિરૂપ છે. તેથી તેના કારણે જો તારે સ્થાપના ઉપેક્ષ્ય છે, તો તારા માટે નામ અને સ્થાપના બન્ને ત્યાજ્ય બનશે. અને નામ અને સ્થાપના બંને ત્યાજ્ય બને તે લુંપાકને અનિષ્ટ છે. કેમકે, લુંપાક વડે પણ નામનો સ્વીકાર કરાયેલ છે.

ટીકાર્થ :-

અત એવ ..... ભાવઃ । **આ જ તર્કથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે, જો પ્રતિમાને વંદ્યરૂપે પૂર્વપક્ષી ન સ્વીકારતો હોય તો તેણે નામને પણ વંદ્યરૂપે સ્વીકારવું ન જોઈએ, અને જો નામને વંદ્યરૂપે સ્વીકારતો હોય તો પ્રતિમાને વંદ્યરૂપે સ્વીકારવી જોઈએ, અને પૂર્વપક્ષી નામને વંદ્ય સ્વીકારે છે. તેથી પ્રતિમાને વંદ્યરૂપે સ્વીકારવી જોઈએ, આ જ તર્કથી, લુંપાકના મુખે માલિન્ય આપાદનથી મષીકૂર્ચક અપાયો, એ પ્રમાણે ભાવ છે.**

ટીકા :-

अत्र मषीकूर्चकत्वेन मौनदानविवक्षायां 'कमलमनम्भसी'त्यादौ इव रूपकगर्भा यथाश्रुत-विवक्षायां तु असंबन्धे संबन्धरूपातिशयोक्तिः ।

ટીકાર્થ :-

અત્ર ..... अतिशयोक्तिः । અહીંયાં=શ્લોક-૪માં મષીકૂર્ચકપણા વડે મૌનદાન વિવક્ષામાં, જલ વગર કમળ એટલે મુખ, ઈત્યાદિની જેમ રૂપકગર્ભ અતિશયોક્તિ છે. વળી યથાશ્રુત વિવક્ષામાં અસંબંધમાં સંબંધરૂપ અતિશયોક્તિ છે.

✪ મષીકૂર્ચક અપાયો એટલે લુંપાકનું મોઢું કાળું થઈ ગયું અર્થાત્ ખિન્ન થયું, એ પ્રમાણે અર્થ જાણવો.

વિશેષાર્થ :-

શ્લોકમાં કહેવાયું કે, લુંપાકના મુખ ઉપર મષીકૂર્ચક અપાયો, તેનો અર્થ એમ કરીએ કે, પૂર્વપક્ષીને મૌન અપાયું, ત્યાં રૂપકગર્ભ અતિશયોક્તિ અલંકાર છે. જેમ પાણી વગર કમળનો અર્થ મુખ થાય છે, તેમ મષીકૂર્ચક અપાયો તેનો અર્થ મૌનદાન કરાયું તેવો થાય છે. જેમ કમલની ઉપમા દ્વારા મુખનું કથન કરાયું, તેમ મષીકૂર્ચક દ્વારા મૌનદાનનું કથન કરાયું, તેથી તે રૂપક છે. અને ઉપમાન-ઉપમેયનો ભેદ હોવા છતાં અતિશયોક્તિથી અભેદ કથન છે. જેમ પાણી વગર કમળ એ કથનમાં કમળની ઉપમા મુખને આપવામાં આવી છે, આમ છતાં '**कमलमनंभसि**' એ કથનમાં ઉપમાન-ઉપમેયનો ભેદ હોવા છતાં બતાવવો નથી. કેમ કે મુખ એ પાણી વગરનું કમળ જ છે, એમ અતિશયોક્તિથી બતાવવું છે. તેમ પ્રસ્તુતમાં પ્રતિબંદિ ઉત્તર દ્વારા મૌનદાનનું કથન કરાયું તે જ મષીકૂર્ચક અપાયો એ પ્રકારે અભેદ વિવક્ષા છે, તે અતિશયોક્તિરૂપ છે. તેથી રૂપકગર્ભ અતિશયોક્તિ અલંકાર છે.

વળી યથાશ્રુત વિવક્ષામાં અસંબંધમાં સંબંધરૂપ અતિશયોક્તિ અલંકાર છે. અર્થાત્ મૌનદાનની વિવક્ષા કરવામાં ન આવે, પરંતુ મષીકૂર્ચક અપાયો એમ જે પ્રમાણે સંભળાય છે તે પ્રમાણે જ અર્થની વિવક્ષા કરવામાં આવે, તો લુંપાકનું મુખ પ્રતિબંદિ ઉત્તરથી ખિન્ન થયેલું હોવાથી જે શ્યામ દેખાય છે, તે મષીકૂર્ચક આપવાને કારણે થયું છે, તે અતિશયોક્તિથી કહેવું છે. અને મષીકૂર્ચકનો સંબંધ નહિ હોવા છતાં મુખ શ્યામ થયેલ છે, તે મષીકૂર્ચકના સંબંધથી છે એવો ભાવ હોવાથી અસંબંધમાં સંબંધરૂપ અતિશયોક્તિ અલંકાર છે.

ટીકા :-

अथात्र 'स्थापना यदि अवन्द्या स्यात्, तदा नामापि अवन्द्यं स्यात्' इत्येतस्य न तर्कत्वम्, आपाद्यापादकयोर्भिन्नाश्रयत्वादिति चेत् ? आपाद्यापादकान्यथाऽनुपपत्तिमर्यादयैव विपर्ययपर्यवसायकत्वेनात्र तर्कोक्तेः । अत एव 'यदि अयं ब्राह्मणो न स्यात्, एतत्पिता ब्राह्मणो न स्यात् ।' 'उपरि सविता न स्याद् भूमेरालोकवत्त्वं न स्याद्' इत्यादयस्तर्काः सुप्रसिद्धाः, विपर्ययपर्यवसानं च परेषामनुमितिरूपम्, अस्माकं स्वतन्त्रप्रमितिरूपमित्यन्यदेतत् ।

'भावनिक्षेपो यदि अवन्द्यस्थापनाप्रतियोगी स्यात्, तदाऽवन्द्यनामनिक्षेपप्रतियोगी स्याद्'

इत्येवं वा तर्कस्य व्यधिकरणत्वं निरसनीयं, अनिष्टप्रसङ्गरूपत्वात् प्रतिबन्दिरेव वात्र स्वातन्त्र्येण तर्क इति विभावनीयं तर्कनिष्णातैः ।।४।।

टीकार्थ :-

अथ ..... तर्कोक्तेः । **'अथ' थी पूर्वपक्षी=लुंपाक, आ प्रमाणे कहे के, अहींयां जो स्थापना अवंद्य होय तो नाम पण अवंद्य थशे, ए आकारवाळा एवा आनुं=आ प्रयोगनुं, तर्कपणुं बराबर नथी. केम के आपाद्य-आपादकनुं भिन्न आश्रयपणुं छे=आपाद्य एवा अवंद्यत्वनो आश्रय नामनिक्षेपो छे अने आपादक एवा अवंद्यत्वनो आश्रय स्थापनानिक्षेपो छे, तेथी ते बंनेना आश्रय जुदा छे. तेनुं निराकरण करतां ग्रंथकार कहे छे - आपाद्य-आपादकनी अन्यथा अनुपपत्तिनी मर्यादा वडे ज विपर्ययमां पर्यवसानपणुं होवाने कारणे अहींयां=स्थापनानिक्षेपामां, अवंद्यत्वना आपादक द्वारा नामनिक्षेपाना अवंद्यत्वनुं आपादन कर्युं त्यां तर्कनी उक्ति छे.**

विशेषार्थ :-

सामान्य रीते तर्कमां एक आश्रयमां आपाद्य-आपादक होय छे. जेम **"यदि वह्नि न स्यात् तर्हि धूमोऽपि न स्यात्"** ए प्रमाणे तर्कमां वह्निनो अभाव आपादक छे अने तेनाथी धूमाभाव आपाद्य छे, अने ते पर्वतरूप एक आश्रयमां छे. ज्यारे प्रस्तुतमां अवंद्यत्वनो आश्रय नाम अने स्थापना जुदा जुदा निक्षेपाओ छे, तेम पूर्वपक्षीनुं कहेवुं छे. तेना निराकरणरूपे ग्रंथकार कहे छे के, आपाद्य-आपादकनी अन्यथा अनुपपत्तिनी मर्यादा वडे ज विपर्ययमां पर्यवसानपणुं होवाने कारणे, अहींयां= स्थापनानिक्षेपामां, अवंद्यत्वनां आपादक द्वारा नामनिक्षेपाना अवंद्यत्वनुं आपादन कर्युं, त्यां तर्कनी उक्ति छे=वह्नि अने धूमस्थळमां कार्यकारणभावनी अन्यथा अनुपपत्तिनी मर्यादा वडे करीने ज विपर्ययमां पर्यवसानपणुं होवाने कारणे त्यां तर्कनी उक्ति छे, तेम प्रस्तुतमां आपाद्य-आपादकनी अन्यथा-अनुपपत्तिनी मर्यादा वडे करीने विपर्ययमां पर्यवसानपणुं होवाने कारणे तर्कनी उक्ति छे.

कहेवानो आशय ए छे के, जे विपर्ययमां पर्यवसान पामीने साध्यनी सिद्धि करे तेने तर्क कहेवामां आवे छे. तेथी धूम अने वह्निस्थळमां धूमना अभावनो जे अभाव=धूम, ते वह्निना अभावना अभावनी=वह्निनी, सिद्धि करे छे, तेथी तर्क बने छे. तेनुं कारण त्यां कार्य-कारणभावनी अन्यथा अनुपपत्ति छे=वह्नि कारण छे अने धूम कार्य छे, ते तो ज संगत थाय के धूम होय त्यां वह्नि अवश्य होवो जोईए. तेथी वह्नि वगर धूम मानवामां आवे तो कार्य-कारणभावनी अनुपपत्ति छे, अने तेना कारणे ज त्यां विपर्ययमां पर्यवसान पामीने ते तर्क बने छे. तेम प्रस्तुतमां पूर्वमां सिद्ध कर्युं के, नामनिक्षेपो अने स्थापनानिक्षेपो बंने पुद्गलात्मक होवाने कारणे बन्ने समान ज छे, तेथी स्थापनानिक्षेपो अने नामनिक्षेपो आपाद्य-आपादक तरीके सिद्ध थाय छे. अने तेनी उपपत्ति तो ज थई शके छे के जो लुंपाक नामने वंद्य माने छे, तो तेणे स्थापनाने पण वंद्य मानवी पडे. परंतु जो ते स्थापनाने वंद्य न माने

તો સ્થાપનાના વંદ્યત્વ વિના નામના વંદ્યત્વની અનુપપત્તિ છે. એ મર્યાદાના કારણે તેનો વિપર્યયમાં પર્વયસાન થાય છે, તેથી તે તર્ક બને છે. ફક્ત ધૂમ અને વહ્નિ વચ્ચે કાર્ય-કારણભાવ છે, તેથી તે એકાધિકરણ બને છે. જ્યારે નામ અને સ્થાપનાનિક્ષેપામાં કાર્ય-કારણભાવ નથી, તો પણ આપાદ્ય-આપાદકભાવ છે, માટે તર્ક બને છે.

✪ નામનિક્ષેપાને વંદ્યરૂપે બતાવીને=આપાદાન કરીને, સ્થાપનાનિક્ષેપાને વંદ્યરૂપે સ્થાપન કરવું=આપાદન કરવું, તે નામનિક્ષેપા અને સ્થાપનાનિક્ષેપા વચ્ચે આપાદ્ય-આપાદકભાવ છે.

ટીકાર્થ :-

अत एव ..... अन्यदेतत् । આથી કરીને જ=પૂર્વમાં કહ્યું કે, ભિન્ન આશ્રય હોવા છતાં પણ આપાદ્ય=આપાદકની અન્યથા અનુપપત્તિની મર્યાદા વડે કરીને જ વિપર્યયમાં પર્યવસાનપણું હોવાને કારણે અહીં તર્કની ઉક્તિ છે આથી કરીને જ, આ પ્રકારે તર્ક થાય છે. 'જો આ બ્રાહ્મણ ન હોય તો તેના પિતા પણ બ્રાહ્મણ ન હોય... ઉપરિ સવિતા=સૂર્ય, ન હોય તો ભૂમિનું પ્રકાશવાનપણું ન હોય,' ઈત્યાદિ તર્કો ભિન્ન આશ્રયવાળા સુપ્રસિદ્ધ છે. અને વિપર્યયમાં પર્યવસાન પરને અનુમિતિરૂપ છે અને અમારે સ્વતંત્ર પ્રમિતિરૂપ છે, એ વાત જુદી છે અર્થાત્ બહુ મહત્ત્વની નથી.

વિશેષાર્થ :-

વહ્નિસ્થળમાં તર્ક કરવામાં આવે કે - **"यदि वह्निं विना धूमः स्यात् तर्हि वह्निजन्योऽपि न स्यात्"** તેનું વિપર્યયમાં પર્યવસાન એ છે કે, ધૂમ વહ્નિજન્ય છે એ સુપ્રસિદ્ધ છે, તેથી ધૂમ વહ્નિ વગર સંભવે નહિ; અને વિપર્યયમાં પર્યવસાનને નૈયાયિકો અનુમિતિરૂપ કહે છે, તે આ રીતે **"वह्निं विना धूमो न स्याद् वह्निजन्यत्वात्"** એ પ્રકારનું તાત્પર્ય વિપર્યયના પર્યવસાનનું છે, તેથી તે અનુમિતિરૂપ છે. જ્યારે સ્વસિદ્ધાંત પ્રમાણે અનુમિતિ કરતાં વિપર્યયમાં પર્યવસાન સ્વતંત્ર પ્રમિતિરૂપ છે=સ્વતંત્ર પ્રમાણરૂપ છે, પરંતુ તેનો અનુમિતિમાં અંતર્ભાવ થતો નથી.

ઉત્થાન :-

'**अथ**' થી પૂર્વપક્ષીએ કહેલ કે, આપાદ્ય-આપાદકનું ભિન્ન આશ્રયપણું હોવાને કારણે તર્કપણું સંગત નહિ થાય. એના નિવારણરૂપે બતાવ્યું કે, ભિન્નાધિકરણમાં પણ તર્ક હોઈ શકે છે. તે સ્થાપન કરીને '**वा**' કારથી કહે છે કે, અથવા તર્કનો આકાર આ રીતે કરવાથી તર્કનું વ્યધિકરણપણું=વિપરીત અધિકરણપણું, નહિ થાય. તે આ રીતે -

ટીકાર્થ :-

भावनिक्षेपो ..... निरसनीयं, જો ભાવનિક્ષેપો અવંદ્ય સ્થાપનાનો પ્રતિયોગી=સંબંધી, હોય તો અવંદ્ય નામનિક્ષેપાનો પ્રતિયોગી થશે. આ પ્રમાણે તર્કનું વ્યધિકરણપણું નિરસનીય જાણવું=આ

પ્રમાણે તર્કનો આકાર મૂકવાથી નામનિક્ષેપ અને સ્થાપનાનિક્ષેપરૂપ ભિન્ન અધિકરણમાં આપાદ્ય-આપાદકની પ્રાપ્તિ હતી તે રહેશે નહિ.

વિશેષાર્થ :-

અહીં તર્કમાં આપાદક, અવંદ્ય સ્થાપનાનિક્ષેપપ્રતિયોગિત્વ છે અને આપાદ્ય, અવંદ્ય નામનિક્ષેપપ્રતિયોગિત્વ છે, અને તે બંનેને ભાવનિક્ષેપારૂપ અધિકરણમાં એકાધિકરણ કરવા માટે=નામ અને સ્થાપનાનિક્ષેપો ભાવનિક્ષેપા સાથે સંબંધી છે એ બતાવવા માટે, સંબંધ અર્થમાં પ્રતિયોગિત્વ શબ્દનો ઉપયોગ કરાયો છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, જો પૂર્વપક્ષી સ્થાપનાનિક્ષેપાને અવંદ્ય કહે તો તે અવંદ્ય એવા સ્થાપનાનિક્ષેપા સાથે સંબંધવાળો ભાવનિક્ષેપો બનશે=અવંદ્ય એવા સ્થાપનાનિક્ષેપાનો પ્રતિયોગી ભાવનિક્ષેપો બનશે, અને પૂર્વપક્ષીને નામનિક્ષેપો અવંદ્ય માન્ય નથી, તેથી તેના મત પ્રમાણે ભાવનિક્ષેપો વંદ્ય એવા નામનિક્ષેપાનો પ્રતિયોગી છે, પરંતુ અવંદ્ય એવા નામનિક્ષેપાનો પ્રતિયોગી નથી. તેથી જો ભાવનિક્ષેપો વંદ્ય એવા નામનિક્ષેપાનો પ્રતિયોગી હોય તો તે જ રીતે વંદ્ય એવા સ્થાપનાનિક્ષેપાનો પણ પ્રતિયોગી બને. એ રીતે તર્ક વિપર્યયમાં પર્યવસાન પામીને સ્થાપનાનિક્ષેપાની વંદ્યતાની સિદ્ધિ કરે છે.

ટીકાર્થ :-

अनिष्टप्रसंग ..... तर्कनिष्णातैः ।।४।। **અથવા અનિષ્ટપ્રસંગરૂપ હોવાને કારણે પ્રતિબંદી જ અહીંયાં=સ્થાપનાની સિદ્ધિમાં, સ્વતંત્ર તર્કરૂપ છે, એ પ્રમાણે તર્કનિષ્ણાતો વડે વિભાવન કરવું. ।।૩।।**

વિશેષાર્થ :-

પૂર્વમાં સ્થાપનાનિક્ષેપાના પૂર્વપક્ષીના અસ્વીકારમાં નામનિક્ષેપાના અસ્વીકારની પ્રાપ્તિરૂપ પ્રતિબંદિ યુક્તિ આપી, તે જ પૂર્વપક્ષીને અનિષ્ટપ્રસંગરૂપ છે, કેમ કે નામનિક્ષેપો પૂર્વપક્ષી લુંપાક સ્વીકારે છે. તેથી અનિષ્ટપ્રસંગરૂપપણું હોવાને કારણે પ્રતિબંદિ જ સ્થાપનાની સિદ્ધિમાં સ્વતંત્રથી તર્ક છે=આપાદ્ય-આપાદકભાવને ભિન્નાધિકરણ કે એકાધિકરણરૂપે તર્ક માનવા કરતાં પ્રતિબંદિના કથનને જ તર્કરૂપે કહેવું, એ પ્રમાણે તર્કનિષ્ણાતો વિચારી શકે છે. કેમ કે, તર્કમાં હંમેશાં અનિષ્ટનો પ્રસંગ આપવામાં આવે છે. જેમ કોઈ વ્યક્તિ પર્વતમાં વહ્નિ ન સ્વીકારતી હોય ત્યારે તર્ક દ્વારા તેને ધૂમના અસ્વીકારના અનિષ્ટનો પ્રસંગ આપવામાં આવે છે. તેથી જ કહેવામાં આવે છે કે, જો વહ્નિ ન હોય તો ધૂમ પણ ન હોવો જોઈએ. તે જ રીતે પ્રસ્તુતમાં જો પૂર્વપક્ષી સ્થાપનાનિક્ષેપો માન્ય ન કરે તો તેને નામનિક્ષેપાથી શું ? એ પ્રકારનું કથન પ્રતિબંદિરૂપ પ્રાપ્ત થાય. તેથી પ્રતિબંદિ જ અનિષ્ટપ્રસંગરૂપ બને છે. તેથી જ તે સ્વતંત્રથી તર્ક છે=આપાદ્ય આપાદકરૂપે તર્ક બનતો નથી, પરંતુ પ્રતિબંદિરૂપે જ તર્ક બને છે. **॥૪॥**

અવતરણિકા :-

પ્રતિમાऽરીન્ એવ ભંગ્યાऽऽક્ષિપંસ્તદારાધકાન્ અભિષ્ટૌતિ ।

અવતરણિકાર્થ :-

પ્રતિમાના શત્રુઓને જ=લુંપાકોને જ ભંગિથી=વ્યંગ્ય યુક્તિથી, આક્ષેપ કરતાં ગ્રંથકાર તેના આરાધકોની=પ્રતિમાના આરાધકોની, સ્તુતિ કરતાં કહે છે –

શ્લોક :-

स्वान्तं ध्वान्तमयं मुखं विषमयं दृग्धूमधारामयी,
तेषां यैर्न नता स्तुता न भगवन्मूर्त्तिर्नवा प्रेक्षिता ।
देवैश्चारणपुङ्गवैः सहृदयैरानन्दितैर्वन्दिताम्,
ये त्वेनां समुपासते कृतधियस्तेषां पवित्रं जनुः ।।५।।

શ્લોકાર્થ :-

જેઓ વડે ભગવાનની મૂર્તિ નમાઈ નથી, તેઓનું અંતઃકરણ અંધકારમય છે. જેઓ વડે ભગવાનની મૂર્તિ સ્તવાઈ નથી (તેઓનું) મુખ વિષમય છે. જેઓ વડે ભગવાનની મૂર્તિ જોવાઈ નથી (તેઓની) દૃષ્ટિ ધૂમધારામયી છે.

સહૃદયવાળા એવા=તત્ત્વજ્ઞાનના જ્ઞાતા એવા, અને આનંદિત એવા=મૂર્તિને જોઈને જેમને આનંદ ઉત્પન્ન થયો છે એવા, દેવો અને ચારણપુંગવો વડે નમાયેલી એવી આને=જિનપ્રતિમાને, જે कृतधियः=પંડિતો, વળી સમ્યગ્ ઉપાસે છે, તેઓનો જન્મ પવિત્ર છે. ।।૫।।

ટીકા :-

'स्वान्त'मित्यादि :- यैर्भगवन्मूर्त्तिर्न नता तेषां स्वान्तं=हृदयं, ध्वान्तमयं=अन्धकारप्रचुरम् , हृदये नमनप्रयोजकालोकाभावादेव तदनमनोपपत्तेः । यैः भगवन्मूर्त्तिर्न स्तुता तेषां मुखं विषमयं स्तुतिसूक्तपियूषाभावस्य तत्र विषसत्त्व एवोपपत्तेः । यैः भगवन्मूर्त्तिः वा=अथवा, न प्रेक्षिता तेषां दृग् धूमधारामयी, जगद्दृगासेचनकतत्प्रेक्षणाभावस्य धूमधारावृतनेत्रत एवोपपत्तेः। ध्वान्तत्वादिना दोषविशेषा एवाध्यवसीयन्ते, इति अतिशयोक्तिः । सा च उक्तदिशा काव्यलिङ्गानुप्रणिताऽवसेया । ये तु कृतधियः=पण्डिताः, एनाम्=भगवन्मूर्तिं, समुपासते; तेषां जनुः=जन्म, पवित्रं नित्यम्, मिथ्यात्वमलपरित्यागात् । कीदृशीं ? देवैः=सुरासुरव्यन्तरज्योतिष्कैः, चारणपुङ्गवैः= चारणप्रधानैः जंघाचारणविद्याचारणैः, सहृदयैः=ज्ञाततत्त्वैः, आनन्दितैः=जाताऽऽनन्दैः

वन्दिताम् । हेतुगर्भं चेदं विशेषणम् । देवादिवन्दितत्वेन शिष्टाचारात् तत्समुपासनं जन्म-पावित्र्याय इति भावः । देवैर्यथा वन्दिता तथाऽनन्तरं स्फुटीकरिष्यामः ।

टीकार्थ :-

यैः ..... तदनमनोपपत्तेः । જેઓ વડે ભગવાનની મૂર્તિ નમાઈ નથી, તેઓનું સ્વાંત=હૃદય, ધ્વાંતમય= અંધકારમય છે. કેમ કે હૃદયમાં નમન-પ્રયોજક-આલોકનો અભાવ હોવાથી જ=બોધનો અભાવ હોવાથી જ, તેના અનમનની=ભગવદ્ મૂર્તિના અનમનની, ઉપપત્તિ છે.

विशेषार्थ :-

લુંપાકો ભગવાનની મૂર્તિને માનતા નથી, તેથી નમનક્રિયા કરવાની ઈચ્છા પેદા કરે તેવો બોધ તેઓને નથી, આથી જ તેઓ મૂર્તિને નમસ્કાર કરતા નથી. આમ છતાં, તેઓમાં જેઓ ફક્ત કલ્યાણના અર્થી છે, પરંતુ તેવા સંયોગોમાં તેમને એવી બુદ્ધિ થયેલ છે કે, ભગવાનની મૂર્તિ નમસ્કાર કરવા યોગ્ય નથી, તેથી ભગવાનની મૂર્તિને નમન કરતા નથી; છતાં તેઓના હૈયામાં તત્ત્વનો પક્ષપાત હોવાને કારણે સંયોગવિશેષ પ્રાપ્ત થાય તો તેઓ ભગવાનની મૂર્તિને સ્વીકારે, તેવી પ્રજ્ઞાપનીય વૃત્તિને ધારણ કરતા હોવાથી, તે વખતે નમનપ્રયોજક આલોકનો=બોધનો, અભાવ હોવા છતાં, આલોકની પ્રાપ્તિની યોગ્યતા હોવાને કારણે અત્યંત અનર્થકારી તે બુદ્ધિ થતી નથી. વળી અહીં પણ જેઓ મૂર્તિને માનનારા છે, તેનું કારણ પોતે મૂર્તિપૂજક કુળમાં જન્મેલા છે, તેના કારણે નમનનો પરિણામ છે; આમ છતાં અત્યંત કલ્યાણની અર્થિતા નહિ હોવાથી ભગવાનના સ્વરૂપને જાણવા માટે કોઈ જિજ્ઞાસા નથી, ફક્ત કુલાચારથી ભગવાનને નમસ્કારાદિ કરે છે, અને પોતાના સુખના ઉપાયરૂપે ભગવાનની મૂર્તિ પૂજ્ય છે તેવી બુદ્ધિથી ભગવાનને નમસ્કાર કરે છે; તેવા જીવોને સ્થૂલ વ્યવહારથી નમનપ્રયોજક આલોક=બોધ, હોવા છતાં પરમાર્થથી આલોક=બોધ, નથી. પરંતુ વીતરાગને વીતરાગરૂપે સમજીને તે વીતરાગ પરમાત્માની જ આ મૂર્તિ છે, તેવી બુદ્ધિ થવાને કારણે વીતરાગની મુદ્રા પ્રત્યે જેમનું ચિત્ત અત્યંત આવર્જિત છે, અને તેના કારણે જ જેમના ચિત્તમાં વીતરાગની મુદ્રા જોઈ વીતરાગભાવ પ્રત્યે બહુમાન ઉલ્લસિત થઈ રહ્યું છે, તે જ જીવનો પરમાર્થથી નમનપ્રયોજક આલોક=બોધ, છે.

टीकार्थ :-

यैः ..... विषसत्त्व एवोपपत्तेः । જેઓ વડે ભગવાનની મૂર્તિ સ્તવાઈ નથી, તેઓનું મુખ વિષમય છે. કેમ કે સ્તુતિવાચક સુંદર વચનોરૂપ અમૃતના અભાવની ત્યાં=મુખમાં, વિષસત્ત્વ હોતે છતે જ ઉપપત્તિ છે.

विशेषार्थ :-

યદ્યપિ અમૃત ન હોય ત્યાં વિષ જ હોય એવી વ્યાપ્તિ નથી, તો પણ ગુણસંપન્ન એવી ભગવાનની

મૂર્તિને જોઈને જેઓને તેમની સ્તુતિ કરવાનું મન થતું નથી, ત્યાં મૂર્તિ નમસ્કરણીય નથી એ પ્રકારની બુદ્ધિ હોવાને કારણે, તેઓના મુખમાં વિષ વર્તે છે; તેથી સ્તુતિવાચક સુંદર વચનોરૂપ અમૃતનો ત્યાં અભાવ વર્તે છે. અહીં સંક્ષેપથી એ કહેવું છે કે, ભગવાનની મૂર્તિને જોઈને જેમને સ્તુતિ કરવાનો ભાવ થતો નથી, તે મુખમાં વિષનો સદ્‌ભાવ સંભવે છે.

ટીકાર્થ :-

यैः ..... धूमधारावृतनेत्रत एवोपपत्तेः । અથવા જેઓ વડે ભગવાનની મૂર્તિ જોવાઈ નથી, તેઓની દૃષ્ટિ ધૂમધારામયી છે. કેમકે જગતના જીવોની દૃષ્ટિને આસેચનક એવા તેના પ્રેક્ષણના અભાવની ધૂમધારાઆવૃત નેત્રથી જ ઉપપત્તિ છે.

વિશેષાર્થ :-

વીતરાગની મૂર્તિ જગતના જીવોની અંતર્દૃષ્ટિનું આસિંચન કરે છે=પલ્લવિત કરે છે, જે ભગવદ્ ભાવરૂપે ભગવાનની મૂર્તિનું પ્રેક્ષણ થાય ત્યારે જ થાય છે. તેથી તે પ્રેક્ષણનો=જોવાનો, અભાવ ધૂમધારાથી આવૃત નેત્ર હોતે છતે જ હોઈ શકે છે.

યદ્યપિ લુંપાકો પણ ચક્ષુઈન્દ્રિયથી ભગવાનની મૂર્તિને જોતા હોય છે, પરંતુ આ ગુણસંપન્ન એવા વીતરાગની મૂર્તિ છે, તે રૂપે જોતા નથી. તેથી પરમાર્થથી તેઓ વડે વીતરાગની મૂર્તિ જોવાઈ જ નથી.

ટીકાર્થ :-

ध्वान्त्वादिना ..... ऽवसेया । ધ્વાન્તત્વાદિ=અંધકારત્વાદિ, વડે (કાવ્યમાં) દોષવિશેષો જણાય છે, એથી કરીને અતિશયોક્તિ અલંકાર છે. અને તે અતિશયોક્તિ ઉક્ત દિશા વડે કાવ્યલિંગથી અનુપ્રણિત જાણવી.

વિશેષાર્થ :-

પૂર્વમાં કહ્યું કે, જેઓ વડે ભગવાનની મૂર્તિ જોવાઈ નથી તેઓનું હૃદય ધ્વાંતમય=અંધકારમય છે, જેઓ વડે ભગવાનની મૂર્તિ સ્તવાઈ નથી તેઓનું મુખ વિષમય છે, અને જેઓ વડે ભગવાનની મૂર્તિ જોવાઈ નથી તેઓની દૃષ્ટિ ધૂમધારામયી છે. આ બધા દ્વારા લુંપાકમાં મિથ્યાત્વ, અસદ્‌ગ્રહ કે અજ્ઞાનાદિ છે, એ પ્રમાણે જણાય છે. એથી કરીને કાવ્યમાં અતિશયોક્તિ અલંકાર છે = લુંપાકના આત્મામાં વર્તતા દોષોને ધ્વાંતમય વગેરેથી જે કહ્યા તે અતિશયોક્તિ અલંકાર છે, અને તે અતિશયોક્તિ કહેવાયેલી દિશા વડે કાવ્યલિંગ અનુપ્રણિત જાણવી. તે આ પ્રમાણે - શ્લોક-૪માં કહ્યું કે, રૂપકગર્ભ અને અસંબંધમાં સંબંધની કલ્પનારૂપ અતિશયોક્તિ છે. ત્યાં મૌનદાનની વિવક્ષામાં રૂપકગર્ભ અતિશયોક્તિ છે, અને યથાશ્રુત અર્થમાં અસંબંધમાં સંબંધની કલ્પનારૂપ અતિશયોક્તિ છે. તેમ પ્રસ્તુત શ્લોકમાં યથાશ્રુત અર્થ ગ્રહણ ન કરતાં અન્ય અર્થ ગ્રહણ કરવામાં આવે ત્યારે પૂર્વમાં જેમ રૂપકગર્ભ અતિશયોક્તિ હતી, તેમ

અહીં કાવ્યલિંગ અનુપ્રણિત અતિશયોક્તિ છે=(કાવ્યપ્રકાશ પ્રમાણે) કાવ્યલિંગ ઉચ્છ્વસિતા અતિશયોક્તિ છે=કાવ્યલિંગથી ઉત્પન્ન થયેલી અતિશયોક્તિ છે.

અહીં કાવ્યલિંગ અનુપ્રણિત અતિશયોક્તિનું લક્ષણ કાવ્યપ્રકાશ પ્રમાણે એ છે કે - હેતુનું પદાર્થ કે વાક્યાર્થરૂપે કથન કરવું. અહીં પ્રસ્તુત કાવ્યમાં સ્વાંત ધ્વાંતમય છે તેનો હેતુ '**न नता**' છે, મુખ વિષમય છે તેનો હેતુ '**न स्तुता**' છે, અને દૃષ્ટિ ધૂમધારામયી છે તેનો હેતુ '**न प्रेक्षिता**' છે. તેથી હેતુનું શ્લોકમાં વાક્યાર્થરૂપે જે કથન છે, તે કાવ્યલિંગથી થયેલ અતિશયોક્તિરૂપ છે.

ટીકાર્થ :-

ये तु ..... परित्यागात् । અને વળી જેઓ કૃતબુદ્ધિવાળા=પંડિતો, આ ભગવાનની મૂર્તિની ઉપાસના કરે છે, તેઓનો જન્મ નિત્ય પવિત્ર છે. કેમ કે, મિથ્યાત્વરૂપી મળનો પરિત્યાગ છે.

વિશેષાર્થ :-

જે પંડિતો આ ભગવાનની મૂર્તિની ઉપાસના કરે છે, તેઓનો જન્મ નિત્ય પવિત્ર એટલા માટે કહેલ છે કે, બાહ્યસ્નાનથી શરીર ક્વચિત્ પવિત્ર બને છે; પરંતુ જ્યારે જીવ ભગવાનની મૂર્તિને ભક્તિથી નમસ્કાર કરે છે, ત્યારે મિથ્યાત્વરૂપી મલનો પરિત્યાગ થવાને કારણે ભગવાનને નમસ્કાર કરવાના કાળમાં કે અન્ય કાળમાં પણ સદા પવિત્ર રહે છે. જ્યારે ભગવાનને નમસ્કાર નહિ કરનારમાં મિથ્યાત્વરૂપ મલ હોવાને કારણે સદા અપવિત્ર છે.

ટીકાર્થ :-

कीदृशीं ..... स्फुटीकरिष्यामः । તે મૂર્તિ કેવી છે ? સહૃદય=જ્ઞાતતત્ત્વવાળા, અને આનંદિત= ઉત્પન્ન થયેલ આનંદવાળા, દેવો વડે=સુરાસુર-વ્યંતર-જ્યોતિષ્કો વડે, તથા ચારણપુંગવો વડે= ચારણપ્રધાન એવા જંઘાચારણ અને વિદ્યાચારણો વડે, વંદાયેલી છે. એવી આ મૂર્તિની જેઓ સમ્યગ્ ઉપાસના કરે છે, તેઓનો જન્મ પવિત્ર છે. અને આ=દેવો અને ચારણપુંગવોથી મૂર્તિ વંદાયેલી છે એ પ્રકારનું વિશેષણ, હેતુગર્ભ છે. (આ હેતુગર્ભ વિશેષણ છે, તેનો ભાવ શું છે, તે બતાવે છે -) દેવાદિથી વંદિતપણું હોવાને કારણે શિષ્ટાચાર હોવાથી મૂર્તિનું સમ્યગ્ ઉપાસન જન્મના પવિત્રપણા માટે છે, એ પ્રકારે ભાવ છે=હેતુગર્ભ વિશેષણનો ભાવ છે. દેવો વડે જે પ્રકારે (મૂર્તિ) વંદાઈ છે, તે પ્રકારે અનંતર=આગળ તરતમાં, સ્પષ્ટ કરાશે.

વિશેષાર્થ :-

જ્ઞાતતત્ત્વવાળા દેવો અને ચારણો વડે મૂર્તિ વંદાઈ, એમ કહ્યું ત્યાં જ્ઞાતતત્ત્વવાળા એટલે માત્ર કુલાચારથી કે સ્થિતિમાત્રથી મૂર્તિની પૂજા કરે છે એમ નહિ, પણ તત્ત્વને જાણીને મૂર્તિની પૂજા કરે છે. અને તત્ત્વ આ પ્રમાણે છે કે, મારે મારા ભાવોને ઉલ્લસિત કરવાના છે, અને સાક્ષાત્ ભગવાનના

વિરહકાળમાં ભગવાનની મૂર્તિના અવલંબનથી મારે મારા ભાવોને ઉલ્લસિત કરવાના છે. જેમ સાક્ષાત્ ભગવાન સાથેના સંબંધથી ભાવો ઉલ્લસિત થાય છે, તેમ ભગવાનના વિરહકાળમાં ભગવાનની મૂર્તિના અવલંબનથી પણ ભાવો ઉલ્લસિત થાય છે. તથા ભગવાનની મૂર્તિને મુગ્ધતાથી નથી જોવાની, પણ અલૌકિકરૂપે જોવાની છે. વળી આ તત્ત્વને જે જાણે છે, તેને હૃદયમાં આનંદ થાય છે, માટે જ્ઞાતતત્ત્વવાળા અને આનંદિત થયેલા આ બે વિશેષણો દેવો અને ચારણપુંગવોનાં છે.

વળી દેવાદિથી વંદિતપણું હોવાને કારણે શિષ્ટાચાર હોવાથી મૂર્તિનું સમ્યગ્ ઉપાસન જન્મના પવિત્રપણા માટે છે, એમ કહ્યું, ત્યાં શિષ્ટનો આચાર છે કે, જે તત્ત્વને તેઓ જાણે તે જાણ્યા પછી ઉચિત માર્ગે પ્રવૃત્તિ કરે છે. તેથી તેઓ ભગવાનની મૂર્તિની ઉપાસના કરે છે.

ટીકા :-

चारणाधिकारप्रतिबद्धश्चायं विंशतितमशते नवमोद्देशकः (भगवत्याम्) –

कइविहा णं भंते ! चारणा पन्नत्ता ? गोयमा ! दुविहा चारणा पं० तं० विज्जाचारणा य जंघाचारणा य । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ विज्जाचारणा० ! गोयमा ! तस्स णं छट्ठ छट्ठेणं अनिक्खित्तेणं तवोकम्मेणं विज्जाए उत्तरगुणलद्धिं खममाणस्स विज्जाचारणलद्धीनाम, लद्धी समुप्पज्जइ ! से तेणट्ठेणं जाव विज्जा, विज्जाचारणस्स णं भंते ! कहं सीहागइ कहं सीहेगइविसए प० ? गो० ! अयन्नं जंबुद्दीवे २ जाव किंचि विसेसाहिए परिक्खेवेणं देवे णं महड्ढीए जाव महेसक्खे जाव इणामेव त्ति कट्टु केवलकप्पं जंबुदीवं २ तिहिं अच्छरानिवाएहिं तिक्खुत्तो अणुपरियट्टित्ता णं हव्वमागच्छेज्जा, विज्जाचरणस्स णं गो० ! तहा सीहा गति, तहा सीहेगतिविसए प० । विज्जाचारणस्स णं भंते ! तिरियं केवतिए गतिविसए प० ? गो० । से णं इओ एगेणं उप्पाएणं माणुसुत्तरे पव्वए समोसरणं करेइ माणुसु २ तहिं चेइयाइं वंदति, तहिं २ बितिएणं उप्पाएणं नंदीसरवरे दीवे, समोसरणं करेति नंदिस० २ तहिं चेइयाइं वंदति, तहिं० २ तत्तो पडिनियत्तति, २ इहमागच्छइ २ इहं चेइयाइं वंदति। विज्जा० णं गो० ! तिरियं एवतिए गतिविसए प० ! विज्जा० णं भंते ! उड्ढं केवतिए गतिविसए प० ? गो० से णं इओ एगेणं उप्पाएणं नंदणवणे समोसरणं करेइ, नंद० २ तहिं चेइयाइं वंदति, तहिं २ बितिएणं उप्पाएणं पंडगवणे समोसरणं करेइ, पंडग० २ तहिं चेइयाइं वंदइ २ तओ पडिनियत्तति तओ० २ इहमागच्छइ २ इहं चेइयाइं वं० २ विज्जा० णं गा० ! उड्ढं एवतिए गतिविसए प० । से णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेति, नत्थि तस्स आराहणा, से णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेति अत्थि तस्स आराहणा । (सू० ६८४)

से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-जंघाचारणस्स ? गो० ! तस्स णं अट्ठमं अट्ठमेणं अनिक्खित्तेणं तवोकम्मेणं भावेमाणस्स जंघाचारणलद्धीनामं लद्धी समुप्पज्जति से तेणट्ठेणं जाव जंघाचारणे २। जंघा० णं भंते ! कहं सीहागती, कहं सीहेगतिविसए प० ? गो० ! अयन्नं जंबुद्दीवे २ एवं जहेव विज्जाचारणस्स, नवरं तिसत्तखुत्तो अणुपरियट्टित्ताणं हव्वमागच्छेज्जा, जंघा० णं गो० तहा सीहागती तहा सीहेगतिविसए प० सेसं

तं चेव । जंघा० णं भंते ! तिरियं केवतिए गतिविसए प० ? गो ! से णं इओ एगेणं उप्पाएणं रुयगवरे दीवे समोसरणं करेति, २ तहिं चेइयाइं वंदइ २ तओ पडिनियत्तमाणे बितिएणं उप्पाएणं नंदीसरवरदीवे समोसरणं करेति २ चा तहिं चेइयाइं वंदइ २ त्ता इहमागच्छइ २ इहं चेइयाइं वंदइ । जंघा० णं गो० । तिरियं एवतिए गइविसए प० !

जंघा० णं भंते ! उड्ढं केवतिए गतिविसए प० ? गो० ! से णं इओ एगेणं उप्पाएणं पंडगवणे समोसरणं करेति २ तहिं चेइयाइं वंदति २ तओ पडिनियत्तमाणे बितिएणं उप्पाएणं नंदणवणे समोसरणं करेति २ तहिं चेइयाइं वंदति २ इहं आगच्छइ २ इहं चेइयाइं वंदति । जंघाचारणस्स णं गोयमा ! उड्ढं एवतिए गतिविसए पं० । से णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ नत्थि तस्स आराहणा, सेणं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेति, अत्थि तस्स आराहणा । से वं भंते ! से वं भंते ! जाव विहरइ ।। (सूत्र ६८५)।।

टीकार्थ :-

- **चारणाधिकार ..... (भगवत्याम्) - चारण अधिकार साथे जोडायेल आ भगवतीसूत्रना २०मा अध्ययनमां नवमो उद्देशक आ प्रमाणे –**

હે ભગવન્ ! ચારણો કેટલા પ્રકારે કહ્યા છે ? હે ગૌતમ ! ચારણો બે પ્રકારે કહ્યા છે. તે આ પ્રમાણે - (૧) વિદ્યાચારણ અને (૨) જંઘાચારણ. હે ભગવન્ ! વિદ્યાચારણ મુનિઓ 'વિદ્યાચારણ' એમ કયા અર્થથી=હેતુથી, કહેવાય છે ? હે ગૌતમ ! નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપકર્મ વડે (અને) વિદ્યા વડે=પૂર્વગત શ્રુતરૂપ વિદ્યા વડે, ઉત્તરગુણલબ્ધિને પામેલાને વિદ્યાચારણલબ્ધિ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે, તે અર્થથી=હેતુથી, વિદ્યાચારણ મુનિઓ વિદ્યાચારણ કહેવાય છે. હે ભગવંત ! વિદ્યાચારણની કેવી શીઘ્ર ગતિ હોય ? (અને) કેવી શીઘ્ર ગતિનો વિષય કહેલો છે ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામનો દ્વીપ તેની પરિધિ કરતાં યાવત્ વિશેષાધિક પરિધિ છે તેને, મહાન્ ઋદ્ધિવાળો યાવત્ મહાન્ ઐશ્વર્યવાળો દેવ આને જ આશ્રયીને સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડવા જેટલા કાળ વડે ત્રણ વાર અણુપરિયત્તા=ફરીને=પ્રદક્ષિણા આપીને, શીઘ્ર આવે. હે ગૌતમ ! તે પ્રકારે વિદ્યાચારણની શીઘ્ર ગતિ તથા શીઘ્ર ગતિનો વિષય કહેલો છે.

હે ભગવંત ! વિદ્યાચારણની તિર્યગ્ ગતિનો=તીરછી ગતિનો, વિષય કેટલો કહેલો છે ? હે ગૌતમ ! તે= વિદ્યાચારણ, એક ઉત્પાત વડે માનુષોત્તર પર્વતમાં આગમન કરે છે, માનુષોત્તર પર્વતમાં આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે છે, ત્યાં રહેલાં ચૈત્યોને વાંદીને બીજા ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપમાં આગમન કરે છે. નંદીશ્વરદ્વીપમાં આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે છે, ત્યાં રહેલાં ચૈત્યોને વાંદીને ત્યાંથી પાછા ફરે છે, ત્યાંથી પાછા ફરીને અહીં આવે છે, અહીં આવીને અહીં રહેલાં ચૈત્યોને વંદન કરે છે. હે ગૌતમ ! વિદ્યાચરણની તીરછી ગતિનો વિષય આટલો છે.

હે ભગવંત ! વિદ્યાચારણની ઊર્ધ્વગતિનો વિષય કેટલો કહેલો છે ? હે ગૌતમ ! તે=વિદ્યાચારણ અહીંથી એક ઉત્પાત વડે નંદનવનમાં આગમન કરે, નંદનવનમાં આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે, ત્યાં રહેલાં ચૈત્યોને વાંદીને બીજા ઉત્પાત વડે પંડકવનમાં આગમન કરે, પંડકવનમાં આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે (અને) ત્યાં રહેલાં

ચૈત્યોને વાંદીને ત્યાંથી પાછા ફરે, ત્યાંથી પાછા ફરીને અહીં આવે, અહીં આવીને અહીં રહેલાં ચૈત્યોને વંદન કરે. હે ગૌતમ ! વિદ્યાચારણની ઊર્ધ્વગતિનો વિષય આટલો કહેલો છે.

તે વિદ્યાચારણ તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા સિવાય કાલ કરે તો તેની આરાધના નથી, (અને) તે વિદ્યાચારણ તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેની આરાધના છે. ।। (સૂત્ર-૬૮૪) ।।

હે ભગવંત ! તે જંઘાચારણને જંઘાચારણ કયા અર્થથી=હેતુથી, કહેવાય છે ? હે ગૌતમ ! નિરંતર અઠ્ઠમ, અઠ્ઠમના તપ વડે આત્માને ભાવિત કરતા મુનિને જંઘાચારણલબ્ધિ નામની લબ્ધિ ઉત્પન્ન થાય છે. તે અર્થ વડે=હેતુ વડે, તે જંઘાચારણ, જંઘાચારણ કહેવાય છે. હે ભગવંત ! તે જંઘાચારણની કેવી શીઘ્ર ગતિ હોય ? અને કેવો શીઘ્ર ગતિનો વિષય હોય ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપ નામનો દ્વીપ... એ પ્રમાણે જે રીતે વિદ્યાચારણમાં કહ્યું, તે રીતે સમજવું. ફક્ત ૨૧ વાર ફરીને=પ્રદક્ષિણા આપીને, શીઘ્ર આવે. હે ગૌતમ ! તે પ્રકારે જંઘાચારણની શીઘ્ર ગતિ અને શીઘ્ર ગતિનો વિષય કહેલો છે. બાકીનું તે પ્રમાણે જાણવું=વિદ્યાચારણમાં કહ્યા મુજબ જાણવું.

હે ભગવંત ! જંઘાચારણની તિર્યગ્ ગતિનો વિષય કેટલો કહેલો છે ? હે ગૌતમ ! તે જંઘાચારણ અહીંથી એક ઉત્પાત વડે રુચકરવરદ્વીપમાં આગમન કરે, આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે, વંદન કરીને ત્યાંથી પાછા ફરતાં બીજા ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપ ઉપર આગમન કરે, આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે, વંદન કરીને અહીં આવે, અહીં આવીને અહીં રહેલાં ચૈત્યોને વંદન કરે. હે ગૌતમ ! જંઘાચારણની તિર્યગ્ ગતિનો વિષય આટલો કહ્યો છે.

હે ભગવંત ! જંઘાચારણની ઊર્ધ્વગતિનો વિષય કેટલો કહેલો છે ? હે ગૌતમ ! તે જંઘાચારણ અહીંથી એક ઉત્પાત વડે પંડકવનમાં આગમન કરે, આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે, વંદન કરીને ત્યાંથી પાછા ફરતાં બીજા ઉત્પાત વડે નંદનવનમાં આગમન કરે, આગમન કરીને ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે, વંદન કરીને અહીં આવે, અહીં આવીને અહીં રહેલાં ચૈત્યોને વંદન કરે. હે ગૌતમ ! જંઘાચારણની ઊર્ધ્વગતિનો વિષય આટલો કહ્યો છે.

તે જંઘાચારણ તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા સિવાય કાલ કરે તો તેની આરાધના નથી, (અને) તે જંઘાચારણ તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેની આરાધના છે.

હે ભગવંત ! તે આ=વિદ્યાચારણ, આ પ્રકારે=ઉપરમાં વર્ણન કર્યું એ પ્રકારે, તે આ=જંઘાચારણ, આ પ્રકારે= ઉપરમાં વર્ણન કર્યું એ પ્રકારે વિહરે છે.

ટીકા :-

एतद्वृत्तिर्यथा -

अष्टमोद्देशकस्यान्ते देवा उक्तास्ते चाकाशचारिण इत्याकाशचारिद्रव्यदेवा नवमे प्ररूप्यन्ते इत्येवं संबद्धस्यास्येदमादिसूत्रम्, कइविहे णं इत्यादि । तत्र चरणं=गमनमतिशयवदाकाशे एषामस्तीति चारणाः । 'विज्जाचारण' त्ति-विद्या=श्रुतं, तच्च पूर्वगतम्, तत्कृतोपकाराश्चारणा विद्याचारणाः, 'जंघाचारण' त्ति, जङ्घाव्यापारकृतोपकाराश्चारणा जङ्घाचारणाः । इहार्थे गाथाः- 'अइसयचरणसमत्था, जंघाविज्जाहिं चारणामुणओ । जंघाहिं जाइ पढमो निस्सं काउं रविकरेवि ।।१।। (छाया-अतिशयेन चारणसमर्था

जङ्घाविद्याभ्यां चारणा मुनयः । जङ्घाभ्यां याति प्रथमो निश्रीकृत्य रविकरानपि ।) एगुप्पाएण तओ रुयगवरंमि उ तओ पडिनियत्तो । बीएणं नंदीसरमिहं तओ एइ तइएणं ।।२।। (एकोत्पादेन तको रुचकवरं ततः प्रतिनिवृत्तो द्वितीयेन नन्दीश्वरमिह तत आगच्छति तृतीयेन ।।२।।) पढमेणं पंडगवणं बीउप्पाएणं णंदणं एइ । तइउप्पाएण तओ इह जंघाचरणो एइ ।।३।। (प्रथमेन पण्डकवनं द्वितीयोत्पादेन नन्दनमेति । तृतीयोत्पादेन तत इहायाति जङ्घाचारणः ।।३।।) पढमेण माणुसोत्तरनगं स नंदीसरं बिईएणं । एइ तओ तइएणं कयचेइयवंदणो इहयं ।।४।। (प्रथमेन मानुषोत्तरनगं द्वितीयेन नन्दीश्वरं स एति । ततस्तृतीयेनैहेति कृतचैत्यवन्दनः ।।४।।) पढमेण नंदणवणं बीउप्पाएणं पंडगवणंमि । एइ इहं तइएणं जो विज्जाचारणो होइ ।।५।।' (प्रथमेन नन्दनवनं द्वितीयोत्पातेन पण्डकवनम् । एतीह तृतीयेन यो विद्याचारणो भवति ।।५।।) इति । (वि० आ० भा० गा ७८६-७९०) 'तस्स णं' ति यो विद्याचारणो भविष्यति तस्य षष्ठं षष्ठेन तपःकर्मणा विद्यया च=पूर्वगत-श्रुतविशेषरूपया च करणभूतया । 'उत्तरगुणलद्धिं ति उत्तरगुणाः=पिण्डविशुद्ध्यादयः, तेषु इह च प्रक्रमात्तपो गृह्यते । ततश्च 'उत्तरगुणलब्धिं= तपोलब्धिम्, क्षममाणस्य=अधिसहमानस्य, तपः कुर्वत इत्यर्थः । कहं सीहा गइ' त्ति कीदृशी शीघ्रा गतिः= गमनक्रिया, 'कहं सीहे गइविसए' त्ति कीदृशः शीघ्रो गतिविषयः ? शीघ्रत्वेन तद्विषयोऽपि उपचारात् शीघ्र उक्तः, गतिविषयः=गतिगोचरः, गमनाभावेऽपि शीघ्रगतिगोचरभूतं क्षेत्रं किम् ? इत्यर्थः ।

'अयन्न'मित्यादि-अयं जंबूद्वीप एवम्भूतो भवति, ततश्च 'देवेण'मित्यादि 'हव्वमागच्छेज्जा' इत्यत्र 'यथा शीघ्राऽस्य देवस्य गतिरि'त्ययं वाक्यशेषो दृश्यः । 'से णं तस्स ठाणस्स' इत्यादि-अयमत्र भावार्थः- लब्ध्युपजीवनं किल प्रमादस्तत्र चासेविते अनालोचिते न भवति चारित्रस्याराधना, तद् विराधकश्च न लभते चारित्राराधनाफलमिति, यच्चेहोक्तंविद्याचारणस्य गमनमुत्पादद्वयेन आगमनं चैकेन, जङ्घाचारणस्य तु गमन- मेकेन, आगमनं च द्वयेनेति, तल्लब्धिस्वभावात् । अन्ये त्वाहुः–विद्याचारणस्यागमनकाले विद्याऽभ्यस्ततरा भवतीति एकेनागमनम्, गमने तु न तथेति द्वाभ्याम् । जङ्घाचारणस्य तु लब्धिरूपजीव्यमानाऽल्पसामर्थ्या भवतीति आगमनं द्वाभ्याम्, गमनं तु एकेनैवेति ।।५।।

टीकार्थ :-

एतद्वृत्तिर्यथा - આની=ભગવતીસૂત્રના વીશમા શતકના નવમા ઉદ્દેશાની, ટીકા આ પ્રમાણે -

अष्टम ..... भवति ।।५।। આઠમા ઉદ્દેશકના અંતે દેવો કહેલા છે અને તે=દેવો, આકાશાચારી છે. એથી આકાશાચારી દ્રવ્યદેવો=જંઘાચારણ અને વિદ્યાચારણ, નવમા શતકમાં પ્રરૂપણા કરાય છે. (મુનિ હંમેશાં કાળ કરીને દેવગતિમાં જાય છે, તેથી દેવભવનું જે કારણ હોય તે દ્રવ્યદેવ કહેવાય. તે નિયમ પ્રમાણે મુનિઓને દ્રવ્યદેવ અહીં કહેલ છે.) એ પ્રમાણે સંબંધવાળા=આઠમા ઉદ્દેશક સાથે સંબંધવાળા, નવમા ઉદ્દેશકનું આ આદિ સૂત્ર – 'कइविहे णं' ઈત્યાદિ છે. ત્યાં ચરણ= અતિશયવાળું ગમન, આકાશમાં એઓનું છે, એથી ચારણો કહેવાય. વિદ્યાચારણ એ પ્રમાણે કહ્યું, ત્યાં વિદ્યા=શ્રુત, અને તે પૂર્વગત સમજવું, અને તેનાથી કરાયેલ ઉપકારવાળા ચારણો વિદ્યાચારણો છે. જંઘાચારણ એ પ્રમાણે કહ્યું ત્યાં જંઘાના વ્યાપાર વડે કરાયેલ ઉપકારવાળા ચારણો જંઘાચારણો છે. આ અર્થમાં ગાથા આ પ્રમાણે – જંઘા અને

વિદ્યા વડે અતિશય ચરણમાં સમર્થ=અતિશય ગમનમાં સમર્થ, ચારણ મુનિઓ છે. પ્રથમ=જંઘાચારણ, સૂર્યનાં કિરણોની પણ નિશ્રા કરીને જંઘા વડે ગમન કરે છે. ।।૧।। તે જંઘાચારણો એક ઉત્પાત વડે રુચકવર (દ્વીપ ઉપર જાય છે), ત્યાંથી પાછા ફરતાં બીજા ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપ ઉપર, ત્યાંથી ત્રીજા ઉત્પાત વડે અહીં આવે છે. ।।૨।। પ્રથમ ઉત્પાત વડે પંડકવન (જાય છે), બીજા ઉત્પાત વડે નંદનવનમાં આવે છે, ત્યાંથી ત્રીજા ઉત્પાત વડે જંઘાચારણ અહીં આવે છે. ।।૩।। જે વિદ્યાચારણ હોય છે તે પ્રથમ ઉત્પાત વડે માનુષોત્તર પર્વત ઉપર (જાય છે), બીજા ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપ ઉપર આવે છે, કરાયેલ ચૈત્યવંદનવાળા તે ત્રીજા ઉત્પાત વડે અહીં આવે છે. ।।૪।। પ્રથમ ઉત્પાત વડે નંદનવન (ઉપર જાય છે), બીજા ઉત્પાત વડે પંડકવનમાં (આવે છે), ત્રીજા ઉત્પાત વડે અહીંયાં આવે છે. ।।૫।।

✪ 'इति' શબ્દ મૂળ પાઠની સમાપ્તિસૂચક છે.

ગાથા-૪ અને પનો સંબંધ સાથે છે અને તેમાં વિદ્યાચારણની ગતિનો વિષય બતાવેલ છે.

तस्स णं ..... करणभूतया । એ પ્રમાણે મૂળ સૂત્રમાં કહ્યું, ત્યાં જે વિદ્યાચારણ થાય છે, તેને છઠ્ઠ છઠ્ઠ તપકર્મ વડે અને વિદ્યાવડે=ચૌદ પૂર્વગત શ્રુતવિશેષરૂપ કરણભૂત વિદ્યા વડે, (એ પ્રમાણે જાણવું).

✪ તપ કરવામાં સમર્થ મુનિ છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ કરે છે, અને ચૌદપૂર્વગત શ્રુતવિશેષરૂપ વિદ્યાવાળો છે, તે મુનિ વિદ્યાચારણ લબ્ધિ પ્રાપ્ત કરે છે.

उत्तरगुणलद्धिं ..... इत्यर्थः । એ પ્રમાણે કહ્યું, ત્યાં ઉત્તરગુણ=પિંડવિશુદ્ધિ, અને અહીં પ્રસ્તુતમાં ઉત્તરગુણથી તપનું ગ્રહણ થાય છે, અને ત્યાર પછી ઉત્તરગુણલબ્ધિને=તપોલબ્ધિને, અધિસહમાન કરતાને=તપ કરતાને, એ પ્રમાણે અર્થ સમજવો.

कहं सीहा गइ' त्ति ..... इत्यर्थः । કેવી શીઘ્ર ગતિ=ગમનક્રિયા ? અને કેવા પ્રકારનો શીઘ્ર ગતિનો વિષય ? એ પ્રમાણે કહ્યું, ત્યાં શીઘ્રપણાથી તેનો વિષય પણ ઉપચારથી શીઘ્ર કહેવાયો છે. ગતિવિષય=ગતિગોચર, ગમનના અભાવમાં પણ શીઘ્રગતિગોચરભૂત ક્ષેત્ર શું ? એ પ્રમાણે અર્થ જાણવો.

વિશેષાર્થ :-

ચારણમુનિઓને લબ્ધિઓ પ્રાપ્ત થયા પછી તેઓ ગમન કરે જ એવો નિયમ નથી, અને ગમન કરે તો પણ પોતાની ઈચ્છા મુજબ અલ્પગમન પણ કરે. આમ છતાં તેમની શીઘ્રગતિનું ક્ષેત્ર કેટલું છે, તે બતાવવા માટે ગતિનો વિષય અહીં જણાવેલ છે.

ટીકાર્થ :-

अयन्नं ..... भवति, મૂળ સૂત્રમાં अयन्नं ઈત્યાદિ કહ્યું, ત્યાં अयं=આ જંબૂદ્વીપ, આવા પ્રકારનો છે એમ જાણવું.

ततश्च ..... दृश्यः । ત્યાર પછી देवेणं..... हव्वमागच्छेज्जा - આ પાઠ કહ્યો, એમાં જે પ્રમાણે આ દેવની શીઘ્રગતિ છે, એ પ્રમાણે આ વાક્યશેષ જાણવું=અધ્યાહાર જાણવું. તેથી તે દેવો જેવી શીઘ્રગતિ વિદ્યાચારણની છે, તે સૂચિત થાય છે.

से णं तस्स ठाणस्स ઈત્યાદિ કહ્યું એ કથનનો આ પ્રમાણે ભાવાર્થ છે - लब्ध्युपजीवनं ..... फलमिति, લબ્ધિ વડે

ઉપજીવન=ઉપયોગ કરવો, એ ખરેખર પ્રમાદ છે. તે પ્રમાદનું આસેવન કર્યા પછી જો આલોચના કરવામાં ન આવે તો ચારિત્રની આરાધના નથી, અને તેના વિરાધકને=ચારિત્રના વિરાધકને, ચારિત્રની આરાધનાનું ફળ મળતું નથી.

यच्चेहोक्तं ..... स्वभावात् । અને વિદ્યાચારણનું ગમન બે ઉત્પાદ વડે અને આગમન એક ઉત્પાદ વડે છે, વળી જંઘાચારણનું ગમન એક (ઉત્પાત) વડે અને આગમન બે (ઉત્પાત) વડે છે, એ પ્રમાણે જે અહીં કહેવાયું તેમાં કારણ તે લબ્ધિનો સ્વભાવ છે=તે બંને લબ્ધિનો તેવો જુદો સ્વભાવ જ કારણ છે.

अन्ये ..... एकेनैवेति । વળી અન્ય કહે છે - વિદ્યાચારણને આગમનકાળે વિદ્યા અભ્યસ્ततर=વધુ અભ્યાસવાળી, થઈ છે. એથી કરીને એક (ઉત્પાત) વડે આગમન છે. અને ગમનમાં તે પ્રમાણે નથી=વિદ્યા અભ્યસ્ततर નથી, એથી બે (ઉત્પાત) વડે ગમન છે. વળી જંઘાચારણને લબ્ધિ વડે ઉપજીવ્યમાન=ઉપયોગ કરતા હોય ત્યારે, અલ્પ સામર્થ્ય થાય છે; એથી આગમન બે ઉત્પાત વડે, વળી ગમન એક ઉત્પાત વડે જ થાય છે.

✪ 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે. **॥५॥**

અવતરણિકા :-

उक्तमेव स्वीकारयंस्तत्र कुमतिकल्पिताशङ्कां निरस्यन्नाह –

અવતરણિકાર્થ :-

કહેવાયેલાને જ=શ્લોક-૫માં ભગવતીના પાઠમાં કહેવાયેલ ચારણો વડે પ્રતિમાના નમસ્કારરૂપ કહેવાયેલા આલાવાને જ, સ્વીકાર કરાવતા=ભગવતીનું સ્મરણ કરાવીને પૂર્વપક્ષીને પ્રતિમાનો સ્વીકાર કરાવતા, ગ્રંથકાર ત્યાં=ભગવતીના તે કથનમાં, કુમતિકલ્પિત આશંકાનો નિરાસ કરતાં કહે છે.

શ્લોક :-

प्रज्ञप्तौ प्रतिमानतिर्न विदिता किं चारणैर्निर्मिता,
तेषां लब्ध्युपजीवनाद् विकटनाभावात्त्वनाराधना ।
सा कृत्याकरणादकृत्यकरणाद् भग्नव्रतत्वं भवे-
दित्येता विलसन्ति सन्नयसुधासारा बुधानां गिरः ।।६।।

શ્લોકાર્થ :-

ભગવતીસૂત્રમાં ચારણો વડે પ્રતિમાને નમસ્કાર કરાયો એ પ્રમાણે વિદિત=પ્રસિદ્ધ, નથી શું ? અર્થાત્ પ્રસિદ્ધ છે. વળી તે ચારણોની લબ્ધિજીવનવિષયક વિકટનાનો અભાવ હોવાથી=આલોચનાનો અભાવ હોવાથી, અર્થાત્ ઉત્સુકતાપૂર્વક લબ્ધિનો ઉપયોગ તે રૂપ પ્રમાદવિષયક આલોચનાનો અભાવ હોવાથી, અનારાધના (છે), (અને) તે કૃત્યના અકરણથી

(છે). (કેમ કે) અકૃત્યના કરણથી ભગ્નવ્રતપણું થાય, એ પ્રમાણે આ સુનયરૂપ અમૃતસારવાળી બુધોની વાણી વિલાસ પામે છે. ।।૬।।

✪ શ્લોકમાં 'लब्ध्युपजीवनात्' અહીં વિષય અર્થક પંચમી ભાસે છે.

✪ 'વિકટનાऽભાવાત્' એ અનારાધનાનો જનક હેતુ છે, અને 'कृत्याकरणात्' એ અનુમાપક હેતુ છે.

✪ 'इति' શબ્દ 'तेषां..... भग्नव्रतत्वं भवेत्' સુધીના આખા કથનનો પરામર્શક છે.

ટીકા :-

'प्रज्ञप्तौ' इति :- प्रज्ञप्तौ=भगवतीसूत्रे, किं चारणैः=जंघाचारणविद्याचारणश्रमणैर्निर्मिता प्रतिमानतिर्न विदिता=न प्रसिद्धा ? अपि तु प्रसिद्धैव, सुधर्मस्वामिना कण्ठरवेणोक्तस्य तस्य तरणिप्रकाशतुल्यस्य कुमतिकौशिकवाङ्मात्रेणापह्नोतुमशक्यत्वात् । 'ननु यदुक्तं तद् व्यक्तमेव । परं चैत्यवन्दननिमित्तालोचनाऽभावेऽनाराधकत्वमुक्तमिति तेषां चैत्यनतिं स्वारसिकीं नाभ्युपगच्छामः इत्याशङ्कायामाहतेषामिति । तेषां=जंघाचारणविद्याचारणानां लब्ध्युपजीवनात् तस्य प्रमादरूपत्वात् । तु=पुनः, विकटनाऽभावात्=आलोचनाऽभावात्, 'आलोअणा वियडणे' **त्ति निर्युक्तिवचनाद् 'विकटना' शब्दस्य 'आलोचना' अर्थः । अनाराधना, न तु अन्यतो निमित्तात् । तदाह-सा अनाराधना कृत्यस्य प्रमादालोचनस्याऽकरणात्, अकृत्यकरणं चैत्यवन्दनेन मिथ्यात्वकरणम्, ततः तत्पुरस्कृत्याना-राधनायां तु उच्यमानायां भग्नव्रतत्वं भवेत्, मिथ्यात्वसहचारिणामनन्तानुबन्धिनामुदयेन चारित्रस्य मूलत एवोच्छेदात्,** 'मूलच्छेज्जं पुण होइ बारसण्हं कसायाणं' **इति (वि० आ० भा०) वचनात् । तच्च न आलोचनामात्रेणाऽपि शोधयितुं शक्यमित्ययं भारो मिथ्याकल्पकस्य शिरसि आस्ताम् । इत्येताः सन्नयः=समीचीननयः, स एव मिथ्याकल्पनाविषविकारनिरासकत्वात् सुधा=पीयूषम्, तेन सारा बुधानां=सिद्धान्तपारदृश्वनां, गिरः=वाचः ।।६।।**

✪ 'तेषां' નો અન્વય અનારાધના સાથે છે અને 'तु' શબ્દ 'तेषां' ની પૂર્વમાં ગ્રહણ કરવાનો છે, અને તેનો અન્વય પૂર્વના કથનના જોડાણમાં છે.

ટીકાર્થ :-

प्रज्ञप्तौ = ... अशक्यत्वात् । **પ્રજ્ઞપ્તિમાં=ભગવતીસૂત્રમાં, શું ચારણો વડે=જંઘાચારણ-વિદ્યાચરણ શ્રમણો વડે, નિર્મિત=કરાયેલ, પ્રતિમાને નમસ્કાર તે શું વિદિત=પ્રસિદ્ધ, નથી ? અર્થાત્ પ્રસિદ્ધ જ છે. કેમ કે સુધર્માસ્વામી વડે કંઠરવથી કહેવાયેલ સૂર્યના પ્રકાશતુલ્ય તેનો=વાણીનો, કુમતિરૂપી ઘુવડની વાણીમાત્રથી અપલાપ કરવો અશક્ય છે.**

ननु ..... आह - **અહીં પૂર્વપક્ષી 'ननु' થી કહે છે કે, ભગવતીસૂત્રમાં ચારણ શ્રમણો વડે यद्=**

જે, પ્રતિમાનતિ=પ્રતિમાનમસ્કાર, કહેવાયો, તે વ્યક્ત જ છે; પરંતુ ચૈત્યવંદનનિમિત્ત આલોચનાના અભાવમાં અનારાધકપણું કહેવાયું છે, એથી કરીને ચારણ શ્રમણોની ચૈત્યનતિ સ્વારસિકી અમે સ્વીકારતા નથી. એ પ્રમાણે લુંપાકની આશંકામાં तेषाम्..... થી મૂળ શ્લોકમાં કહે છે.

तेषां = ... निमित्तात् । વળી તેઓની=જંઘાચારણ-વિદ્યાચારણોની જે અનારાધના કહેવાઈ, તે લબ્ધિઉપજીવનવિષયક વિકટતાના અભાવને કારણે=આલોચનાના અભાવને કારણે, કહેવાઈ છે. કેમકે તેનું=લબ્ધિઉપજીવનનું, પ્રમાદરૂપપણું છે. 'આલોચના એ વિકટના અર્થમાં છે' એ પ્રમાણે નિર્યુક્તિનું વચન હોવાથી 'વિકટના' શબ્દનો આલોચના અર્થ છે. તેઓની અનારાધના આલોચનાના અભાવકૃત છે, પરંતુ અન્ય નિમિત્તથી નથી=ચૈત્યનતિ=ચૈત્યવંદન, કર્યું, તે રૂપ અન્ય નિમિત્તથી નથી.

तदाह - તે કહે છે=જંઘાચારણ અને વિદ્યાચારણની અનારાધના લબ્ધિના ઉપજીવન નિમિત્તક છે, પરંતુ ચૈત્યવંદન નિમિત્તક નથી, તે કહે છે -

सा अनाराधना ..... वाचः ।।६।। તે અનારાધના પ્રમાદની આલોચનારૂપ કૃત્યના અકરણથી છે. (કેમ કે) ચૈત્યવંદન દ્વારા મિથ્યાત્વકરણરૂપ અકૃત્યકરણથી=ચૈત્યવંદનરૂપ મિથ્યાત્વકરણને આગળ કરીને અનારાધના કહેવાયે છતે, વળી ભગ્નવ્રતપણું થાય. કેમ કે, મિથ્યાત્વસહચરિત અનંતાનુબંધીના ઉદયથી ચારિત્રનો મૂલથી ઉચ્છેદ થાય. કેમ કે બાર કષાયના ઉદયથી ચારિત્રનો મૂલથી ઉચ્છેદ થાય છે, એ પ્રમાણે વિશેષાવશ્યક ભાષ્યનું વચન છે. અને તે=અકૃત્યના કરણથી ભગ્નવ્રતપણું થાય, તે આલોચનામાત્રથી શુદ્ધિ કરવા માટે અશક્ય છે. એ પ્રમાણે આ ભાર=આલોચનામાત્રથી, શુદ્ધિ કરવા માટે શક્ય નથી આ ભાર, મિથ્યાકલ્પકના=લુંપાકના મસ્તક ઉપર થાય. આ પ્રકારે આ=મૂળ શ્લોકમાં='तेषां..... भवेत्' સુધી અને ટીકામાં "तेषां.....आस्तां" સુધી કહેલી સમીચીન દૃષ્ટિ=ગ્રંથને સમ્યક્ રીતે યોજન કરવાની દૃષ્ટિ=પ્રસ્તુતમાં ભગવતીસૂત્રવિષયક જંઘાચારણ, વિદ્યાચારણોને આલોચનાના અભાવને કારણે અનારાધના કહી છે તેને સમ્યક્ રીતે યોજન કરવાની દૃષ્ટિ, તે જ અમૃત છે.

અમૃત કેમ છે ? તો કહે છે કે - મિથ્યાકલ્પનારૂપી વિષના વિકારને નિરાસ કરનાર હોવાથી=દૂર કરનાર હોવાથી, અમૃત છે, (અને) તેના વડે=અમૃત વડે, સારવાળી પ્રધાન એવી બુધોની=સિદ્ધાંતના પારને જોનારાઓની, વાણી વિલાસ પામે છે. ।।૬।।

વિશેષાર્થ :-

શ્લોક-૬ ની ટીકામાં કહ્યું કે - **'तेषां चैत्यनतिं'** ત્યાં 'સ્વારસિકી'નો અર્થ એ છે કે - સાધુને સાધ્વાચારનું પાલન એ સ્વારસિક પરિણામ કહેવાય. પરંતુ અનાભોગ કે પ્રમાદથી પોતાના આચારમાં જે સ્ખલના થાય તે સ્વારસિક પરિણામ નથી, પરંતુ કર્મકૃત પરિણામ છે. તેવી રીતે ચારણોની જે પ્રતિમાનતિ

છે, તે અનાભોગ આદિથી પ્રમાદકૃત થયેલો પરિણામ છે, તેથી સ્વારસિક નથી. યદ્યપિ સંસારી જીવોને પણ મોહના વશથી જે પરિણામ થાય છે, તે કર્મકૃત છે; છતાં પોતાને રુચે છે, માટે સ્વારસિક છે; જ્યારે ચારણમુનિને પોતાને સાધ્વાચાર જ રુચે છે. આમ છતાં પ્રમાદાદિથી જે સ્ખલના થાય છે, તે તેમનો સ્વારસિક પરિણામ નથી. આ પ્રકારની 'ननु' થી કરેલ લુંપાકની આશંકાનું તાત્પર્ય એ છે કે, પ્રજ્ઞપ્તિના કથનથી એ સિદ્ધ થાય છે કે, ચારણોએ પ્રતિમાને નમસ્કાર કરેલ છે એ વાત પ્રસિદ્ધ છે, પરંતુ તેના કારણે તેઓ અનારાધક બન્યા; તેથી તેઓની ચૈત્યવંદનની ક્રિયા અનુચિત છે. માટે પ્રતિમા પૂજનીય નથી એ સિદ્ધ થાય છે, એમ લુંપાક કહે છે. ॥૬॥

અવતરણિકા :-

ननु चारणानां यावान्गतेर्गोचर उक्तः तावद्देशगमनपरीक्षायामेव मुख्य उद्देशः । तस्यां क्रियमाणायां तत्तच्चैत्यानामपूर्वाणां दर्शनाद्विस्मयोद्बोधेन तन्नतिः, न तु स्वरसत इति तदाचरणं न शिष्टाचार इति सर्वेषां साधूनां न तद्वन्द्यता तद्दृष्टान्तेन, इति कुमतिमतमाशङ्क्य निषेधति -

અવતરણિકાર્થ :-,

'ननु' થી પૂર્વપક્ષી કહે છે કે, ચારણોની જેટલી ગતિનો વિષય કહેવાયો તેટલા દેશ સુધી ગમનપરીક્ષાનો જ મુખ્ય ઉદ્દેશ છે, અને તે કરાયે છતે તે તે અપૂર્વ ચૈત્યોના દર્શનથી વિસ્મયના ઉદ્બોધને કારણે તેમને નતિ=પ્રતિમાને નમસ્કાર છે, પરંતુ સ્વરસથી નથી. इति=એથી કરીને, તેમનું આચરણ=જંઘાચારણ અને વિદ્યાચારણે પ્રતિમાને નતિ કરી એ રૂપ તેમનું આચરણ, શિષ્ટાચાર નથી. इति=એથી કરીને, ચારણોના દૃષ્ટાંતથી સર્વ સાધુઓની તેને વંદ્યતા=પ્રતિમાને વંદ્યતા, નથી. इति=આ પ્રકારે=ઉપરમાં વર્ણન કરાઈ એ પ્રકારે, કુમતિ એવા લુંપાકના મતની=લુંપાકની યુક્તિની, આશંકા કરીને નિષેધ કરતા ગ્રંથકાર કહે છે –

શ્લોક :-

तेषां न प्रतिमानतिः स्वरसतो लीलानुषङ्गात्तु सा,
लब्ध्याऽऽप्तादिति कालकूटकवलोद्गारा गिरः पाप्मनाम् ।
हन्तैवं न कथं नगादिषु नतिर्व्यक्ता कथं चेह सा,
चैत्यानामिति तर्ककर्कशगिरा स्यात्तन्मुखं मुद्रितम् ।।७।।

શ્લોકાર્થ :-

તેઓની જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓની, પ્રતિમાનતિ=પ્રતિમાને નમસ્કાર, સ્વરસથી નથી; વળી લબ્ધિથી પ્રાપ્ત લીલાના અનુષંગથી તે=પ્રતિમાનતિ, છે, એ પ્રમાણે પાપી

એવા લુંપાકની વાણી (મિથ્યાત્વરૂપ) કાલકૂટના કવલના ઉદ્‌ગાર જેવી છે. હંત ! (હંત એ નિર્દેશ અર્થમાં છે) આ રીતે=લીલાના અનુષંગથી નતિ હોય તો નગાદિને=માનુષોત્તર પર્વતાદિને, કેમ નતિ=નમસ્કાર ન કર્યો ? અને વ્યક્ત એવી તે=ચૈત્યોની નતિ=નમસ્કાર, અહીંયાં=ભરતાદિક્ષેત્રમાં કેવી રીતે છે ? આ પ્રકારે, તર્કથી કર્કશ વાણીથી તે લુંપાકનું મુખ મુદ્રિત થાય અર્થાત્ આ વાણી વડે તે પ્રત્યુત્તર આપવા સમર્થ ન થાય. ॥૭॥

ટીકા :-

'तेषा'मिति :- तेषां=जंघाचारणविद्याचारणानां, प्रतिमानतिः स्वरसतो न स्वरसः=श्रद्धाभक्तिसंलुलितः परिणामः, तु=पुनः, लब्ध्याप्तात्=लब्धिप्राप्तात्, लीलानुषङ्गात्=लब्धिप्राप्त-लीलादिदृक्षया, प्रवृत्तानां तत्रावर्जनीयसंनिधिकदर्शनतयेत्यर्थः ।

ટીકાર્થ :-

तेषां ..... इत्यर्थः । તેઓની=જંઘાચારણ અને વિદ્યાચારણોની, પ્રતિમાને નતિ=પ્રતિમાને નમસ્કાર, સ્વરસથી નથી. સ્વરસ=શ્રદ્ધા-ભક્તિથી ઊછળતો પરિણામ તે સ્વરસ છે. વળી લબ્ધિથી આપ્ત=લબ્ધિથી પ્રાપ્ત, એવા લીલાનુષંગથી અને તેનો જ અર્થ કરે છે - લબ્ધિથી પ્રાપ્ત એવી લીલાને જોવાની ઈચ્છાથી, પ્રવૃત્ત થયેલા તેઓની ત્યાં=નંદીશ્વરાદિ ચૈત્યોને વિષે, અવર્જનીયસંનિધિકદર્શનપણાને કારણે (પ્રતિમાનતિ) છે, એ પ્રમાણે અર્થ જાણવો.

ટીકા :-

न चास्वारसिकतन्नत्या काऽपि क्षतिः, स्वारसिकाकृत्यकरणस्यैव दोषत्वाद् इत्येताः पाप्मनां=लुम्पाकदुर्गतानां, गिरः कालकूटकवलोद्‌गाराः उद्‌गीर्यमाणकालकूटकवला इत्यर्थः, भक्षितमिथ्यात्व-कालकूटानामीदृशानामेव उद्‌गाराणां सम्भवात् ।

ટીકાર્થ :-

न ..... सम्भवात् । અહીં પૂર્વપક્ષી કહે કે, અસ્વારસિક તેની નતિથી=પ્રતિમાની નતિથી, કોઈપણ ક્ષતિ નથી, કેમ કે સ્વારસિક અકૃત્યકરણનું જ દોષપણું છે. પાપી=લુંપાક, દુર્ગતોની આ પ્રકારે વાણી કાલકૂટ કવલના ઉદ્‌ગારો=બોલાતા એવા કાલકૂટના કોળિયા, જ છે. કેમ કે મિથ્યાત્વરૂપ કાલકૂટ જેણે ભક્ષણ કરેલ છે, તેના આવા પ્રકારના જ ઉદ્‌ગારો સંભવે છે.

વિશેષાર્થ :-

અહીં ટીકામાં 'न चास्वारसिकतन्नत्या काऽपि क्षतिः', અસ્વારસિક નતિથી કોઈ ક્ષતિ નથી, એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે - શ્લોક-૬ માં સિદ્ધાંતકારે કહેલ કે, ચૈત્યવંદન દ્વારા જો અકૃત્યકરણ થાય તો

મિથ્યાત્વની પ્રાપ્તિ થાય, તેથી ભગ્નવ્રતપણાની પ્રાપ્તિ થાય, પરંતુ અનારાધકતાની પ્રાપ્તિ થાય નહિ. તેની સામે લુંપાક કહે છે કે, સ્વારસિક અકૃત્યકરણમાં મિથ્યાત્વની પ્રાપ્તિરૂપ દોષ છે, તેથી ભગ્નવ્રતપણાની પ્રાપ્તિરૂપ ક્ષતિ પ્રાપ્ત થાય. પરંતુ અસ્વારસિક નતિને કારણે ચારિત્રમાં પ્રમાદરૂપ અતિચાર પ્રાપ્ત થવાથી અસ્વારસિકી પ્રતિમાનતિની આલોચનાના અભાવમાં અનારાધકતાની પ્રાપ્તિ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

એ પ્રમાણે કહેવાયેલું થાય છે=મૂળ શ્લોકમાં કહ્યું કે પર્વતાદિને નમસ્કાર કેમ નથી કરતા ? તેનાથી આ પ્રમાણે કહેવાયેલું થાય છે.

ટીકા :-

तत्रोत्तरम्-'हन्त' ! इति निर्देशे । एवं लीलाप्राप्तस्य विस्मयेन साधूनां वन्दनसम्भवे कथं नगादिषु मानुषोत्तरनन्दीश्वररुचकमेरुतदारामादिविषये न चारणानां नतिः ? तत्राप्यपूर्वदर्शन-जनितविस्मयेन तत्संभवात् । कथं चेह भरतविदेहादौ ततः प्रतिनिवृत्तानां चैत्यानां= प्रतिमानां, सा नतिः ? इत्येवंभूता या तर्ककर्कशा गीः, तया तन्मुखं=पाप्मवदनं, मुद्रितं स्याद्-अनया गिरा ते प्रतिवक्तुं न शक्नुयुरित्यर्थः । कर्कशपदं तत्तर्कस्य निबिडमुद्राहेतुत्वमभिव्यनक्ति ।

ટીકાર્થ :-

तत्र ..... अभिव्यनक्ति । ત્યાં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકાર ઉત્તર આપતાં કહે છે - 'हन्त !' એ નિર્દેશ અર્થમાં છે. (પૂર્વપક્ષીના સમાધાનને ઉદ્દેશીને ગ્રંથકારનો જે ઉત્તર છે, તે નિર્દેશરૂપ છે. તેથી 'हंत' એ નિર્દેશ અર્થમાં છે) આ પ્રકારે લીલાપ્રાપ્ત વિસ્મયથી સાધુઓના વંદનના સંભવમાં નગાદિવિષયક માનુષોત્તર, નંદીશ્વર, રુચક, મેરુપર્વત અને તે પર્વત ઉપરના બગીચા આદિ વિષયોમાં, ચારણોની નતિ=નમસ્કાર, કેમ નથી ? કેમ કે, તે નગાદિમાં=પર્વતાદિમાં, પણ અપૂર્વદર્શનથી જનિત વિસ્મયથી તેનો સંભવ છે; અને અહીં ભરત-મહાવિદેહાદિમાં ત્યાંથી પાછા ફરેલા તેઓની ચૈત્યોને= પ્રતિમાઓને તે નતિ કેવી રીતે છે ? આ પ્રમાણે જે તર્ક્કર્કશ વાણી, તેનાથી તેનું મુખ=પાપી એવા લુંપાકનું મુખ, મુદ્રિત થાય=આ વાણીથી તે પ્રત્યુત્તર આપવા સમર્થ નથી, એ પ્રમાણે અર્થ જાણવો. કર્કશપદ તે તર્કના નિબિડ મુદ્રાહેતુત્વને જણાવે છે અર્થાત્ ગ્રંથકારે આપેલ જે તર્ક તેનાથી લુંપાકને અત્યંત મૌન ગ્રહણ કરવું પડે, તેવો તે તર્ક છે, તે અર્થ કર્કશપદ બતાવે છે. અને તેનો ભાવ એ છે કે, અત્યંત સચોટ તર્ક હોવાથી લુંપાકને અત્યંત મૌન ગ્રહણ કરવું પડે છે.

ટીકા :-

अत्र यथा गोचरचर्योद्देशेनापि निर्गतेन साधुना अन्तरोपनताः साधवः स्वरसत एव वन्दनीया-

स्तथा गतिगोचरदर्शनायाऽपि गतैश्चारणैर्नन्दीश्वरादिप्रतिमानतिः स्वरसत एव कृताऽनभ्रोपनत-पीयूषवृष्टिवत्परमप्रमोदहेतुत्वादित्युक्तं भवति ।।७।।

ટીકાર્થ :-

अत्र ..... भवति ।।७।। અહીં જે પ્રકારે ગોચરીના ઉદ્દેશથી નીકળેલા સાધુ વડે વચ્ચે પ્રાપ્ત થયેલા સાધુઓ સ્વરસથી જ વંદન કરવા યોગ્ય છે, તેમ ગતિની મર્યાદા જોવા માટે પણ ગયેલા એવા ચારણો વડે નંદીશ્વરાદિને વિશે પ્રતિમાને નતિ=પ્રતિમાને નમસ્કાર, સ્વરસથી જ કરાયેલ છે. કેમ કે તે વાદળાં વગર પ્રાપ્ત થયેલ અમૃતની વૃષ્ટિની જેમ પરમ પ્રમોદનો હેતુ છે, એ પ્રમાણે કહેવાયેલું થાય છે=મૂળ શ્લોકમાં કહ્યું કે, પર્વતાદિને નમસ્કાર કેમ નથી ? તેનાથી આ પ્રમાણે કહેવાયેલું થાય છે. ॥૭॥

અવતરણિકા :-

अथोक्तालापके 'तहिं चेइआइं वंदइ' **इत्यस्य अयमर्थः-यथा भगवद्भिः उक्तं तथैव नन्दीश्वरादि दृष्टमिति 'अहो तथ्यम् इदं भगवज्ज्ञानम्" इत्यनुमोदत इत्यर्थतश्चैत्यपदस्य ज्ञानार्थत्वादिति मुग्धपर्षदि मूर्द्धानमाधूय व्याचक्षाणमुपहसन्नाह -**

અવતરણિકાર્થ :-

'अथ' થી પૂર્વપક્ષી કહે છે કે, ઉક્ત આલાપકમાં=ચારણના પ્રતિમાના વંદનવિષયક આલાપકમાં, 'ત્યાં ચૈત્યોને વંદન કરે છે' એ પ્રકારે જે કથન છે, એનો આ અર્થ છે - જે પ્રકારે ભગવાન વડે કહેવાયેલું છે=નંદીશ્વરાદિ દ્વીપોનું વર્ણન કરાયેલું છે, તે પ્રકારે જ નંદીશ્વરાદિ દ્વીપો જોવાયા. એથી "અહો આ ભગવાનનું જ્ઞાન તથ્ય છે" - એ પ્રકારે અનુમોદન કરે છે=ચારણ મુનિ અનુમોદન કરે છે. એ પ્રકારે અર્થ હોવાને કારણે ચૈત્યપદનું જ્ઞાનાર્થપણું હોવાથી, ચારણના આલાપકથી પ્રતિમા પૂજ્ય સિદ્ધ થાય નહિ. એ પ્રકારે મુગ્ધની પર્ષદામાં માથું હલાવીને કહેતા એવા લુંપાકનો ઉપહાસ કરતાં ગ્રંથકાર કહે છે -

વિશેષાર્થ :-

લુંપાકનો કહેવાનો આશય એ છે કે, નંદીશ્વરાદિ દ્વીપોમાં કોઈ પ્રતિમાદિ નથી કે જેને જંઘાચારણ, વિદ્યાચારણો નમસ્કાર કરે. પરંતુ ભગવાનનું જ્ઞાન જે પ્રકારે નંદીશ્વરાદિનું વર્ણન કરે છે, તે પ્રકારે નંદીશ્વરાદિને જોવાથી ત્યાં=નંદીશ્વરાદિ દ્વીપમાં, ચૈત્યોને=ભગવાનના જ્ઞાનને, વંદન કરે છે, એ પ્રકારે પ્રસ્તુત આલાપકનો ભાવ છે. તે આલાપકના બળથી ભગવાનની મૂર્તિ નમસ્કરણીય છે, એવું સિદ્ધ થઈ

શકે નહિ. આ પ્રમાણે લુંપાકો ભોળાઓની સભામાં માથું હલાવીને કહે છે, તે લુંપાકનો ઉપહાસ કરતાં ગ્રંથકાર કહે છે –

શ્લોક :-

ज्ञानं चैत्यपदार्थमाह न पुनर्मूर्त्तिं प्रभोर्यो द्विषन्,
वन्द्यं तत्तदपूर्ववस्तुकलनाद् दृष्टार्थसञ्चार्यपि ।
धातुप्रत्ययरूढिवाक्यवचनव्याख्यामजानन्नसौ,
प्रज्ञावत्सु जडः श्रियं न लभते काको मरालेष्विव ।।८।।

શ્લોકાર્થ :-

(જિનશાસનમાં) દ્વેષ કરતો જે તે તે અપૂર્વ વસ્તુના કલનને કારણે=પરિચ્છેદને કારણે= બોધને કારણે, દૃષ્ટાર્થસંચારી પણ (ચૈત્યપદથી) ચૈત્યપદના અર્થથી જ્ઞાનને વંદ્ય કહે છે, પરંતુ પ્રભુની મૂર્તિને નહિ. ધાતુ, પ્રત્યય, રૂઢિ, વાક્ય અને વચનની વ્યાખ્યાને નહિ જાણતો એવો આ જડ હંસોમાં કાગડાની જેમ પ્રજ્ઞાવાનમાં શોભાને પામતો નથી. ।।૮।।

✪ શ્લોકમાં 'यो द्विषन्' નો અન્વય 'असौ' સાથે છે.

✪ 'दृष्टार्थसञ्चार्यपि' અહીં વિશેષ એ છે કે, 'इहं चेइआइं वंदइ' એ સ્થાનમાં ચૈત્ય શબ્દ દૃષ્ટાર્થસંચારી= ચૈત્યવંદનરૂપ દૃષ્ટ અર્થમાં વપરાયેલ છે, અને 'अपि' શબ્દથી એ કહેવું છે કે, 'तहिं चेइआइं वंदइ' આ પ્રયોગમાં ચૈત્ય શબ્દ અદૃષ્ટાર્થસંચારી છે, અને તેનાથી એ પ્રાપ્ત થાય છે કે - 'इहं चेइआइं वंदइ' માં દૃષ્ટાર્થસંચારી એવા પણ ચૈત્ય પદાર્થને લુંપાક જ્ઞાન કહે છે, જે અતિ અસમંજસ છે.

ટીકા :-

ज्ञानं :- यो द्विषन्=जिनशासने द्वेषं कुर्वन्, प्रकृते चैत्यपदार्थं ज्ञानमाह न पुनः प्रभोर्मूर्त्तिम्, किं भूतं ज्ञानम् ? - तस्य तस्यापूर्वस्य वस्तुनः कलनात्=परिच्छेदाद्, वन्द्यम्=अनुमोद्यमिति योगः, किं भूतमपि ? दृष्टार्थसञ्चार्यपि, इहलोके चैत्यवन्दने सञ्चरिष्णु भविष्णुशब्दार्थमपि, अपूर्वदर्शनेन विस्मयोत्पादकत्वाद् भगवद्ज्ञानस्य वन्द्यत्वे 'इहं चेइआइं वंदइ' इत्यस्यानुपपत्तिरिहापूर्वादर्शनाद् इति । अपिरापाततो नौचित्यं दर्शयति । स जडः प्रज्ञावत्सु=प्रेक्षावतां मध्ये, श्रियं= सदुत्तरस्फूर्त्तिसमृद्धिं, न लभते, केषु क इव ? 'मरालेषु=राजहंसेषु, काक इव' इत्युपमा, किं कुर्वन् ? अजानन् काम् ? धात्वादिव्याख्याम् ।

ટીકાર્થ :-

યો દ્વિષન્=જિનશાસને ..... યોગઃ, જિનશાસનનો દ્વેષ કરતો જે=લુંપાક, પ્રકૃતમાં=પૂર્વના શ્લોકમાં બતાવાયેલ પ્રજ્ઞપ્તિના પાઠમાં, ચૈત્ય પદના અર્થને જ્ઞાન કહે છે, પરંતુ પ્રભુની મૂર્તિ નહિ; તે જ્ઞાન કેવું છે ? તે બતાવે છે - તે તે અપૂર્વ વસ્તુનું કલન=પરિચ્છેદ=બોધ, થવાથી=નંદીશ્વરાદિ દ્વીપમાં જ્યારે ચારણમુનિ જાય છે, ત્યારે તે તે અપૂર્વ વસ્તુનો બોધ થવાને કારણે, ભગવાનનું જ્ઞાન વંદ્ય= અનુમોદ્ય, કહે છે. એ પ્રકારે યોગ છે=સંબંધ છે.

વિશેષાર્થ :-

જિનશાસનનો દ્વેષ કરનાર એવા લુંપાકો, ભગવતીના પાઠમાં જે બતાવેલ છે કે, જંઘાચારણ-વિદ્યાચારણ નંદીશ્વરાદિ દ્વીપમાં "ત્યાં ચૈત્યોને વંદન કરે છે" - તેમાં ચૈત્ય શબ્દનો અર્થ જ્ઞાન કહે છે, અને ચૈત્યને વંદે છે=જ્ઞાનને વંદે છે=અનુમોદે છે, એવો અર્થ લુંપાક કરે છે, પરંતુ પ્રભુપ્રતિમાને વંદે છે, એવું તે સ્વીકારતો નથી.

ટીકાર્થ :-

किं भूतमपि ? ..... दर्शनाद् इति, વળી તે ચૈત્ય પદાર્થ કેવા પ્રકારનો છે, તે બતાવે છે - દૃષ્ટાર્થસંચારી પણ=આ લોકમાં ચૈત્યવંદનમાં સંચરિષ્ણુ=ભવિષ્ણુ શબ્દાર્થ પણ=ચૈત્યના વંદનમાં વપરાતા શબ્દના અર્થને જ્ઞાન કહે છે=પ્રજ્ઞપ્તિમાં "तहिं चेइआइं वंदइ" એમ જે કહેલ છે, તેમ "इहं चेइयाइं वंदइ" એમ પણ કહેલ છે. તે સ્થાનમાં 'इहं' નો અર્થ આ લોકમાં ચૈત્યોને વાંદે છે, એવો અર્થ પ્રાપ્ત થાય. તેથી ચૈત્ય પદાર્થ આ લોકમાં ચૈત્યના વંદનમાં વપરાતો પણ છે. (છતાં તેને લુંપાક જ્ઞાનાર્થ કહે છે, તે અત્યંત અનુચિત છે) આ લોકમાં ચૈત્યના વંદન માટે ચૈત્યપદાર્થ કેમ વપરાયો છે, તે બતાવતાં કહે છે -

અપૂર્વદર્શનને કારણે વિસ્મયઉત્પાદકપણું હોવાથી ભગવદ્જ્ઞાનના વંદ્યપણામાં ભગવતીસૂત્રનું "इहं चेइआइं वंदइ" એ પ્રકારનું જે કથન છે એની અનુપપત્તિ થશે. કેમ કે અહીંના ચૈત્યમાં અપૂર્વનું અદર્શન છે.

અપૂર્વદર્શનાદ્ પછી 'इति' શબ્દ છે, તે હેતુ અર્થમાં છે. માટે 'એ હેતુથી' દૃષ્ટાર્થસંચારી પણ ચૈત્યપદાર્થને લુંપાક જ્ઞાન કહે છે, તે અત્યંત અનુચિત છે, એમ અન્વય કરવાનો છે.

'अपिरापाततो ..... दर्शयति ।' 'दृष्टार्थसंचार्यपि' એ પ્રયોગમાં 'अपि' શબ્દ છે, તે આપાતથી પણ ઉચિત નથી, એમ દેખાડે છે=આપાતથી વિચારીએ તો પણ ચૈત્યપદાર્થનો જ્ઞાન એ પ્રમાણે અર્થ કરવો ઉચિત નથી. (તો પછી દૃષ્ટાર્થસંચારી પણ ચૈત્યપદાર્થને લુંપાક જ્ઞાન કહે છે, તે અત્યંત અનુચિત છે.)

स जडः ..... धात्वादिव्याख्याम् । તે જડ પ્રજ્ઞાવાનમાં=બુદ્ધિશાળીઓની મધ્યમાં, શોભાને= સદુત્તરની સ્ફૂર્તિરૂપ સમૃદ્ધિને, પામતો નથી. કોનામાં કોની જેમ ? (પામતો નથી ? તો કહે છે -)

રાજહંસોમાં કાગડાની જેમ, એ પ્રમાણે ઉપમા છે. શું કરતો ? શું નહિ જાણતો ? (સદુત્તરની સ્ફૂર્તિરૂપ સમૃદ્ધિને પામતો નથી ? તો કહે છે -) ધાતુ આદિની વ્યાખ્યાને નહિ જાણતો (સદુત્તરની સ્ફૂર્તિરૂપ સમૃદ્ધિને પામતો નથી.)

✪ 'यः' નો અન્વય 'सः' ની સાથે છે. મૂળ શ્લોકમાં 'असौ' શબ્દ છે તેના સ્થાને ટીકામાં 'सः' શબ્દ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, ધાત્વાદિની વ્યાખ્યાને લુંપાક જાણતો નથી. તે જ બતાવતાં 'तथाहि' થી કહે છે -

ટીકા :-

तथाहि - 'चैत्यानि' इत्यत्र 'चिती संज्ञाने' इति धातुः, कर्मप्रत्ययस्तथा च 'अर्हत्प्रतिमा एव' इत्यर्थः 'चिती संज्ञाने' संज्ञानमुत्पद्यते काष्ठकर्मादिषु प्रतिकृतिं दृष्ट्वा 'जहा' एसा अरिहंतपडिम' त्ति चूर्णिस्वरसाद् इति **प्रकृते ज्ञानमर्थं वदन्प्रकृतिप्रत्ययानभिज्ञ एव तथा रूढेरप्यनभिज्ञ एव, चैत्यशब्दस्य जिनगृहादौ एव रूढत्वात्, चैत्यम्-जिनौकस्तद्बिम्बं, चैत्यो-जिनसभातरुरिति कोशात् । एतेन विपरीतव्युत्पत्त्या नामभेदप्रत्ययायोगार्थोऽपि निरस्तः, योगाद्रूढेर्बलवत्त्वादन्यथा पङ्कजपदाच्छैवालादि-बोधप्रसङ्गात् ।**

वाक्यस्यापि-वाक्यं=साकाङ्क्षपदसमुदायः 'इहं चेइआइं वंदइ' **इत्यस्य 'अत्रस्थानि चैत्यानि वंदते' इति हि वाक्यार्थः, स च चैत्यपदस्य ज्ञानार्थत्वे न घटते, भगवद्ज्ञानस्य नन्दीश्वरादि-वृत्तित्वा(त्व)भावात् । जगद्वृत्तित्वस्य अन्यसाधारण्येनाविस्मापकत्वात् । फलेन नन्दीश्वरादि-प्रतिपादकतायाः प्रामाण्यनिर्णये च, प्राग्भगवद्वचनानाश्वासेन मिथ्यादृष्टित्वप्रसङ्गादिति । वचनस्यापिचैत्यशब्दस्य ज्ञानस्य एकत्वात् ज्ञानार्थे चैत्यशब्दस्य आविष्टबहुवचनस्य कुत्राप्याननुशासनात्, सिद्धान्तेऽपि तथापरिभाषणस्याभावात्, अन्यथा 'केवलनाणं' इत्यस्य स्थले 'चेइआइं' इति प्रयोगापत्तेः । यदि वा, पूर्वभगवदुक्तार्थदर्शनस्थले एवेदृक् प्रयोगः स्याद् इति कल्प्यते तदा गर्भगृहस्थमहाव्याधितमृगापुत्रस्य यथोक्तस्य दर्शिनो गौतमस्याऽधिकारेऽपि तथा प्रयोगः स्याद् इति किम् असम्बद्धवादिना पामरेण सह विचारणया ।**

ટીકાર્થ :-

तथाहि - चैत्यानि ..... कोशात् । चैत्यानि=ચૈત્યો, એમાં 'चिती' ધાતુ સંજ્ઞાન અર્થમાં છે અને કર્મપ્રત્યય લાગેલ છે, અને તે રીતે 'અરિહંતની પ્રતિમા જ' એ અર્થ પ્રાપ્ત થાય છે. તેમાં હેતુ કહે છે કે, चिती ધાતુ સંજ્ઞાન અર્થમાં છે, કાષ્ઠકર્માદિમાં પ્રતિકૃતિને જોઈને સંજ્ઞાન ઉત્પન્ન થાય છે, જે

પ્રમાણે 'આ અરિહંતપ્રતિમા'=કાષ્ઠમાં અરિહંતની પ્રતિમા કોતરાયેલી હોય તો તેમાં અરિહંતની પ્રતિકૃતિને જોઈને આ અરિહંતની પ્રતિમા છે, એ પ્રમાણે સંજ્ઞાન પેદા થાય છે; તેથી વ્યુત્પત્તિ અર્થને આશ્રયીને ચૈત્યનો અર્થ અરિહંતપ્રતિમા થાય છે, એ પ્રમાણે ચૂર્ણિકારનો સ્વરસ છે. એથી કરીને પ્રસ્તુતમાં ચૈત્ય શબ્દનો અર્થ પૂર્વપક્ષી જ્ઞાન કરે છે તે પ્રકૃતિ અને પ્રત્યયનો અનભિજ્ઞ જ છે=ચિતી ધાતુરૂપ જે પ્રકૃતિ અને કર્માર્થક જે પ્રત્યય તેનો અનભિજ્ઞ જ છે, તથા રૂઢિનો પણ અનભિજ્ઞ જ છે. કેમ કે, ચૈત્ય શબ્દનું જિનગૃહાદિમાં જ રૂઢપણું છે, કેમ કે ચૈત્ય=જિનગૃહ, જિનનું બિંબ, અને ચૈત્ય= જિનસભાતરુ, એ પ્રમાણે કોશ છે.

✪ અહીં પ્રથમ चैत्यं શબ્દ છે, તેનો અન્વય નપુંસકલિંગ એવા જિનગૃહ અને જિનબિંબ સાથે છે. અને બીજો પુંલિંગ 'चैत्यः' શબ્દ છે, તેનો અન્વય જિનસભાતરુ શબ્દ સાથે છે. તેથી ચૈત્ય શબ્દના રૂઢિ અર્થ ત્રણ પ્રાપ્ત થાય છે. (૧) જિનગૃહ (૨) જિનબિંબ (૩) જિનસભાતરુ.

एतेन ..... बोधप्रसङ्गात् । આના વડે=પૂર્વમાં કહ્યું કે, લુંપાક રૂઢિ અર્થનો અનભિજ્ઞ છે એના વડે, વક્ષ્યમાણ કથન પણ નિરસ્ત જાણવું. અને વક્ષ્યમાણ કથન એ છે કે, પૂર્વપક્ષી 'ચૈત્ય' શબ્દનો અર્થ વ્યુત્પત્તિ અર્થને આશ્રયીને જ્ઞાન કરે, તે આ રીતે - પૂર્વમાં જે યોગાર્થ બતાવ્યો છે, તેમાં 'चित्' ધાતુ સંજ્ઞાનના અર્થમાં લઈને કર્માર્થક 'य' પ્રત્યય લગાડ્યો, તેના કરતાં વિપરીત રીતે વ્યુત્પત્તિ કરીને નામભેદને=ધાતુને, પ્રત્યય લગાડીને=વિપરીત વ્યુત્પત્તિથી પ્રત્યય લગાડીને, ચૈત્ય શબ્દનો યોગાર્થ 'જ્ઞાન' એ પ્રમાણે કરે, તો તે પણ નિરસ્ત જાણવું. કેમ કે, યોગથી રૂઢિનું બલવાનપણું હોવાને કારણે રૂઢિથી નિરપેક્ષ યોગાર્થ કરી શકાય નહિ, અન્યથા પંકજ પદથી શેવાલાદિના બોધનો પ્રસંગ પ્રાપ્ત થાય.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને એ કહેવું છે કે, 'ચૈત્ય' પદનો અર્થ 'પ્રતિમા' થઈ શકતો નથી. તેને ગ્રંથકાર કહે છે કે, જો ચૈત્ય શબ્દ અંગેના (૧) ધાતુ (૨) પ્રત્યય (૩) રૂઢિ (૪) વાક્ય અને (૫) વચનની વ્યાખ્યાનો ખ્યાલ હોય તો 'ચૈત્ય' પદથી 'પ્રતિમા' અર્થનો નિષેધ થઈ શકતો નથી. અને પ્રથમ ધાતુ અને પ્રત્યયને દર્શાવતાં ગ્રંથકાર કહે છે - 'ચૈત્ય' શબ્દમાં સંજ્ઞાન અર્થક 'ચિતી' ધાતુ છે, અને તે ધાતુને કર્મબોધક 'य' પ્રત્યય લાગ્યો છે. તેથી ચૂર્ણિકાર ચૈત્ય શબ્દની આ પ્રમાણે વ્યુત્પત્તિ કરે છે - કાષ્ઠ વગેરેમાં આલેખેલી અરિહંતની પ્રતિકૃતિના દર્શનથી 'આ અરિહંતની પ્રતિમા છે' એવું સંવેદન થાય, તે 'ચૈત્ય' કહેવાય. તેથી 'ચિતી' ધાતુને કર્માર્થક 'य' પ્રત્યય લગાવવાથી બનેલા 'ચૈત્ય' શબ્દથી, 'અરિહંતની પ્રતિમા' એવો જ અર્થ થાય છે. આ પ્રમાણે સ્પષ્ટ હોવા છતાં 'ચૈત્ય' પદથી 'જ્ઞાન' અર્થ કરવામાં પ્રકૃતિ=ધાતુ, અને પ્રત્યય સંબંધી પોતાનું અજ્ઞાન પ્રગટ થાય છે. તથા 'ચૈત્ય' શબ્દ 'જિનાલય' વગેરે અર્થમાં જ રૂઢ છે, શબ્દકોશમાં પણ 'ચૈત્ય' શબ્દનો અર્થ 'જિનાલય, જિનબિંબ કે જિનસમવસરણનું વૃક્ષ' એવો કર્યો છે.

અહીં પૂર્વપક્ષી કહે કે, 'ચિતી' ધાતુનો અર્થ સંજ્ઞાન છે. તેથી "જેના દ્વારા અપૂર્વ વસ્તુનું સંજ્ઞાન

થાય તે ચૈત્ય" અથવા "જેનું સંજ્ઞાન થાય તે ચૈત્ય" ઈત્યાદિ વ્યુત્પત્તિથી ચૈત્યપદનો યોગાર્થ=પ્રકૃતિ અને પ્રત્યયથી પ્રાપ્ત થતો અર્થ, જ્ઞાન જ થાય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, આવી વિપરીત વ્યુત્પત્તિથી નામભેદને=ધાતુને, પ્રત્યય લગાડીને ચૈત્યપદનો યોગાર્થ જ્ઞાન કરો તો પણ યોગાર્થ કરતાં રૂઢિ અર્થ બળવાન છે.

જેમ 'પંકજ' શબ્દની વ્યુત્પત્તિ એ છે કે પંક=કાદવ, અને કાદવમાંથી ઉત્પન્ન થયેલું. આ યોગાર્થ થયો. આ યોગાર્થના બળે શેવાળ પણ પંકજ બની શકે, કેમ કે શેવાળ પણ કાદવમાંથી ઉત્પન્ન થાય છે. છતાં લોકો 'પંકજ' શબ્દથી માત્ર 'કમળ' અર્થનો જ બોધ કરે છે. કેમ કે, 'પંકજ' શબ્દ માત્ર 'કમળ' અર્થમાં જ રૂઢ છે. આમ 'પંકજ' શબ્દમાં યોગાર્થ કરતાં રૂઢિ અર્થ બળવાન થયો. તે જ પ્રમાણે 'ચૈત્ય' પદમાં પણ તમે કરેલી વિપરીત વ્યુત્પત્તિથી પ્રાપ્ત થતા જ્ઞાનરૂપ યોગાર્થ કરતાં 'જિનાલય' આદિ રૂપ રૂઢિ અર્થ જ બળવાન છે.

હવે વાક્ય સંબંધી પણ ચૈત્ય શબ્દનો અર્થ પ્રતિમા થાય તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

वाक्यस्यापि ..... भावात् । વાક્યની વ્યાખ્યાને પણ નહિ જાણતો, એ પ્રમાણે મૂળ શ્લોકમાં અન્વય છે. વાક્ય=સાકાંક્ષ (એકબીજાની અપેક્ષા રાખતાં) પદોનો સમુદાય. 'इहं चेइआइं वंदइ' એ પ્રકારના વાક્યનો 'અહીં રહેલાં ચૈત્યોને વંદે છે,' એ પ્રકારે વાક્યાર્થ થાય છે, અને તે=વાક્યાર્થ, ચૈત્યપદનું જ્ઞાનાર્થપણું હોતે છતે સંગત થતો નથી. કેમ કે, ભગવાનના જ્ઞાનનો નંદીશ્વરાદિમાં વૃત્તિપણાનો સદ્ભાવ છે.

✪ ટીકામાં 'भगवद्ज्ञानस्य नंदीश्वरादिवृत्तित्वाभावात्' પાઠ છે. ત્યાં 'भगवद्ज्ञानस्य नंदीश्वरादिवृत्तित्वभावात्' પાઠની સંભાવના છે, તે પ્રમાણે અર્થ કરેલ છે.

વિશેષાર્થ :-

'तहिं चेइआइं वंदइ' એ સ્થાનમાં ચૈત્યનો અર્થ જ્ઞાનાર્થ કરવા માટે પૂર્વપક્ષીએ બતાવેલ કે, ત્યાં રહેલા ભગવાનનું જ્ઞાન વંદ્ય છે. એ રીતે અર્થ કરવાથી ભગવાનનું જ્ઞાન નંદીશ્વરાદિમાં વૃત્તિ=રહેલ, છે, એ અર્થ પ્રાપ્ત થાય. તેથી ચૈત્યપદનું જ્ઞાનાર્થપણું હોવા છતાં 'इहं चेइआइं वंदइ' એ પ્રકારે વાક્યાર્થ ઘટે નહિ. કેમ કે, પૂર્વપક્ષીના કથન પ્રમાણે ભગવાનનું જ્ઞાન નંદીશ્વરાદિમાં વૃત્તિ=રહેલ, છે.

ઉત્થાન :-

પૂર્વોક્ત કથનનું સમાધાન પૂર્વપક્ષી કરે છે કે, જેમ ભગવાનનું જ્ઞાન નંદીશ્વરાદિમાં વૃત્તિ=રહેલ, છે, તેમ અન્યત્ર પણ વૃત્તિ=રહેલ, છે. તેથી ભગવાનનું જ્ઞાન જગત્વૃત્તિ હોવાને કારણે અહીં રહેલા ભગવાનના જ્ઞાનને વંદે છે, એ અર્થ 'इहं चेइआइं वंदइ' પદથી પ્રાપ્ત થાય. તેથી કહે છે -

टीकार्थ :-

जगद्वृत्तित्वस्य ..... अविस्मापकत्वात् । જગદ્વૃત્તિપણાનું અન્યસાધારણપણું હોવાને કારણે અવિસ્માપકપણું છે.

વિશેષાર્થ :-

જગદ્વૃત્તિનું અન્યસાધારણપણું હોવાને કારણે, ત્યાં વિસ્મય નહિ થવાને કારણે નમસ્કારની ક્રિયા કરવાનું પ્રયોજન પ્રાપ્ત થશે નહિ; અને પૂર્વપક્ષીએ ચૈત્યનો અર્થ જ્ઞાનાર્થ કર્યો, ત્યાં તે જ બતાવેલ છે કે - નંદીશ્વરાદિમાં ભગવાનના જ્ઞાન પ્રમાણે પદાર્થને જોઈને વિસ્મય થયો, તેથી જ જ્ઞાનને વંદન કરે છે. તે રીતે **'इहं चेइआइं वंदइ'** તે સ્થાનમાં પણ **'चेइआइं'** નો અર્થ જ્ઞાન કરે તો, અહીંના ભગવાનના જ્ઞાનને જોઈને વંદન કરે છે, તેમ માનવું પડે. પરંતુ અહીંના પદાર્થો દૃષ્ટ જ છે. તેથી તેને જોઈને ભગવાનનું જ્ઞાન અહીંના પદાર્થોને યથાર્થ કહે છે, એ પ્રકારનો વિસ્મય પેદા કરાવી શકે નહિ. તેથી અહીંના પદાર્થોને જોઈને ભગવાનના જ્ઞાનને વંદનની પ્રાપ્તિ થાય નહીં. તેથી ચૈત્ય પદાર્થનો અર્થ જ્ઞાનાર્થ કરવો ઉચિત નથી.

ટીકાર્થ :-

फलेन ..... प्रसङ्गादिति । અને ફળ વડે નંદીશ્વરાદિના પ્રતિપાદકતાના પ્રામાણ્યનો નિર્ણય થવા છતાં, (એની) પૂર્વમાં ભગવાનના વચનના અનાશ્વાસથી મિથ્યાદૃષ્ટિપણાનો પ્રસંગ આવશે. એથી કરીને લુંપાક વાક્યનો પણ અનભિજ્ઞ છે, એમ 'इति' થી કહેવું છે.

વિશેષાર્થ :-

પૂર્વમાં એ સિદ્ધ કર્યું કે, ચૈત્યવંદનનું જ્ઞાનાર્થકપણું હોવા છતાં **'इहं चेइआइं वंदइ'** એ વાક્યાર્થની સંગતિ નહિ થાય. હવે કહે છે કે, **'तहिं चेइआइं वंदइ'** એ સ્થાનમાં પણ ફળથી નંદીશ્વરાદિના પ્રતિપાદકતાના પ્રામાણ્યનો નિર્ણય થવાને કારણે નંદીશ્વરદ્વીપ જઈને ચારણ મુનિ ભગવાનના જ્ઞાનને વંદે છે, એમ સ્વીકારવામાં આવે તો એનાથી એ પ્રાપ્ત થાય કે, તેની પૂર્વમાં તેઓને ભગવાનના વચનમાં અનાશ્વાસ હતો, અને લબ્ધિ પ્રાપ્ત થવાને કારણે નંદીશ્વરાદિ ઉપર ગયા અને સાક્ષાત્ નંદીશ્વરાદિને જોવારૂપ ફળની પ્રાપ્તિ થવાથી ભગવાનના વચન પ્રત્યે પ્રામાણ્યનો નિર્ણય થયો. તેથી પૂર્વમાં ભગવાનના વચન પ્રત્યેનો અવિશ્વાસ હોવાથી ચારણોને પૂર્વમાં મિથ્યાદૃષ્ટિ સ્વીકારવાની આપત્તિ આવે, જે અસંગત છે. કેમ કે ચારણો સંયમ પરિણામવાળા છે. તેથી પૂર્વમાં પણ ભગવાનના વચન પ્રત્યે તેઓને પૂર્ણ શ્રદ્ધા હતી, અને નંદીશ્વરાદિ ઉપર ગયા પછી પ્રતિમાને જોઈને પ્રતિમા પ્રત્યે થયેલા પૂજ્યભાવને કારણે જ તેઓએ પ્રતિમાને વંદન કર્યું છે; પરંતુ ભગવાનના જ્ઞાનના યથાર્થ દર્શનને કારણે વિસ્મયની ઉત્પત્તિથી નંદીશ્વરદ્વીપમાં વર્તતા ભગવાનના જ્ઞાનને વંદન કર્યું નથી, એમ માનવું જ ઉચિત છે.

ટીકાર્થ :-

वचनस्यापि ..... अननुशासनात्, **અહીં 'चैत्यशब्दस्य' એ પૂરકરૂપે છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે- ચૈત્ય શબ્દરૂપ વચનની પણ વ્યાખ્યાને નહિ જાણતો તે જડ, પ્રજ્ઞાવાનમાં સદુત્તરરૂપ સ્ફૂર્તિની સમૃદ્ધિને પામતો નથી. આ પ્રમાણે મૂળ શ્લોકનો અન્વય છે. તેમાં હેતુ બતાવે છે - જ્ઞાનનું એકપણું હોવાને કારણે જ્ઞાનના અર્થમાં ચૈત્ય શબ્દના આવિષ્ટ બહુવચનનું ક્યાંય પણ અનનુશાસન છે.**

વિશેષાર્થ :-

મતિ-શ્રુતાદિ જ્ઞાનો યદ્યપિ અનેક પ્રકારનાં છે, તેથી અનેક છે; પરંતુ ભગવાનનું કેવલજ્ઞાન એક છે. તેથી 'ચૈત્ય' શબ્દનો અર્થ જ્ઞાનાર્થ કરવામાં આવે તો **'चेइआइं वंदे'** એ પ્રયોગ થઈ શકે નહીં, પરંતુ એકવચનમાં પ્રયોગ થવો જોઈએ. આમ છતાં એક જ્ઞાન હોય અને બહુવચનનો પ્રયોગ, વ્યાકરણને સંમત હોય તો જ થઈ શકે. જેમ **'दारा'** કે **'आप'** શબ્દ હંમેશાં બહુવચનમાં વપરાય છે. તેથી અનેક સ્ત્રીઓ હોય ત્યારે પણ **'दारा'** શબ્દ બહુવચનમાં વપરાય કે એક સ્ત્રી હોય ત્યારે પણ **'दारा'** શબ્દ બહુવચનમાં વપરાય છે. તેથી તે શબ્દમાં આવિષ્ટ બહુવચનનું અનુશાસન પ્રાપ્ત થાય છે. તે રીતે જો ચૈત્ય શબ્દનું જ્ઞાન અર્થમાં આવિષ્ટ બહુવચન પ્રાપ્ત થતું હોય, તો એક એવા કેવલજ્ઞાનને વંદન કરવાને અર્થે **'चेइआइं वंदे'** એવો પ્રયોગ થઈ શકે. પરંતુ જ્ઞાનાર્થ ચૈત્ય શબ્દનું વ્યાકરણમાં આવિષ્ટ બહુવચનપણું નથી બતાવ્યું. તેથી વચનની વ્યાખ્યાને જો પૂર્વપક્ષી જાણતો હોય તો ચૈત્યનો અર્થ જ્ઞાન થાય, એવું કહી શકે નહિ.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, સિદ્ધાંતની તેવી પરિભાષા છે કે, એક એવા કેવલજ્ઞાનના અર્થમાં **'चेईआई'** એ પ્રકારનો બહુવચનનો પ્રયોગ થાય છે. તેથી કહે છે -

ટીકાર્થ :-

सिद्धान्तेऽपि .....प्रयोगापत्तेः **સિદ્ધાંતમાં પણ તેવી પરિભાષાનો અભાવ છે. અન્યથા=જો સિદ્ધાંતમાં તેવી પરિભાષા છે એમ સ્વીકારો તો, કેવલજ્ઞાન એ પ્રકારના આના સ્થળમાં=શાસ્ત્રમાં જ્યાં કેવલજ્ઞાન એ પ્રમાણે કહ્યું છે એવા સિદ્ધાંતના સ્થળમાં,'चेइआइं' એ પ્રયોગની આપત્તિ આવે, (કેમ કે) એક એવા પણ જ્ઞાનાર્થે ચૈત્ય શબ્દની આવિષ્ટ નિત્ય બહુવચનરૂપ પરિભાષા સિદ્ધાંતને માન્ય છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેથી તેવા સ્થાનમાં કેવલજ્ઞાન શબ્દને બદલે 'चेइआइं' પ્રયોગ માનવો પડે.**

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, કેવલજ્ઞાન એ સ્થળમાં પણ **'चेइआइं'** શબ્દના પ્રયોગની આપત્તિ આવશે. એ આપત્તિના નિવારણ અર્થે પૂર્વપક્ષી કહે કે, પૂર્વમાં કહેવાયેલા ભગવદ્ ઉક્ત=ભગવાન વડે કહેવાયેલ, અર્થના દર્શનસ્થળમાં જ આ પ્રકારનો પ્રયોગ થઈ શકે છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

यदि वा ..... विचारणया । અથવા જો પૂર્વમાં ભગવાન વડે કહેવાયેલ અર્થના દર્શનસ્થળમાં જ આવા પ્રકારનો પ્રયોગ થઈ શકે, એ પ્રકારે કલ્પના કરાય છે, તો યથોક્ત ગર્ભગૃહમાં રહેલ મહાવ્યાધિવાળા એવા મૃગાપુત્રને જોનારા એવા ગૌતમસ્વામીના અધિકારમાં પણ તે પ્રકારે પ્રયોગ થવો જોઈએ. અર્થાત્ 'चेइआइं' પ્રયોગ થવો જોઈએ, અને ત્યાં 'चेइआइं' પ્રયોગ થતો નથી. એથી કરીને અસંબદ્ધ બોલનારા પામરની સાથે વિચારણાથી શું ?

ટીકા :-

स्यादेतत् - 'तस्स ठाणस्स' इति अत्र तच्छब्दाव्यवहितपूर्ववर्त्तिपदार्थ परामर्शकत्वान्नन्दीश्वरादि-चैत्यवन्दननिमित्तकालोचनाऽभावप्रयुक्ताया एवाऽनाराधनाया अभिधानाद् विगीतमेतद् । मैवम् । तच्छब्देन व्यवहितस्याप्युत्पातेन गमनस्यैव आलोचनानिमित्तस्य परामर्शात्, यतनया विहितेन नभोगमने-नापि दोषाभावात् । अत एव च यतनया ग्रामानुग्रामं विहरता गौतमस्वामिनाऽष्टापदारोहावरोहयोः जंघाचारणलब्धिं प्रयुज्य तच्चैत्यवन्दने निर्दोषता ।

ટીકાર્થ :-

स्यादेतत् ..... विगीतमेतद् । **અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે - 'तस्स ठाणस्स'=તે સ્થાનની, એ પ્રકારે પ્રયોગમાં 'तत्' શબ્દ અવ્યવહિત પૂર્વવર્તી પદાર્થનો પરામર્શક હોવાથી, નંદીશ્વરાદિમાં ચૈત્યવંદન નિમિત્તક આલોચનાના અભાવ પ્રયુક્ત જ અનારાધનાનું અભિધાન હોવાથી, આ વિગીત છે=પૂર્વમાં સિદ્ધાંતકારે કહેલ કે, ચારણો ચૈત્યવંદન કરે છે તે શાસ્ત્રપાઠ છે, માટે પ્રતિમા વંદનીય છે, તે વિગીત=ગર્હિત, છે.**

વિશેષાર્થ :-

ભગવતીસૂત્રમાં ચારણમુનિના પાઠમાં છેલ્લે કહ્યું કે, તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર કાળ કરે તો તેને આરાધના નથી. ત્યાં **'तत्'** શબ્દ અવ્યવહિત પૂર્વવર્તી પદાર્થનો=तत् શબ્દના વ્યવધાન વગર પૂર્વમાં કહેલા પદાર્થનો, પરામર્શક હોવાને કારણે વિદ્યાચારણ-જંઘાચારણે નંદીશ્વરાદિમાં જિનપ્રતિમાને જે વંદન કર્યું છે, તે નિમિત્તે આલોચના તેમને પ્રાપ્ત થઈ, અને તે આલોચનાના અભાવને કારણે જ અનારાધકપણાનું કથન છે. તેથી તેઓએ કરેલ જિનપ્રતિમાને વંદન કરવા જેવું છે, એમ સિદ્ધ થાય નહિ; પરંતુ તે પ્રાયશ્ચિત્તનો વિષય બને છે, એમ માનવું પડે.

ઉત્થાન :-

પૂર્વપક્ષીના ઉક્ત કથનનો **'मैवं'** થી ઉત્તર આપતા સિદ્ધાંતકાર કહે છે –

ટીકાર્થ :-

मैवं ..... परामर्शात्, એ પ્રમાણે ન કહેવું. કેમ કે 'तत्' શબ્દ વ્યવહિત એવા પણ ઉત્પાત વડે ગમનની જ આલોચના નિમિત્તનો પરામર્શ કરે છે. (તેથી જે ચારણમુનિ એક ઉત્પાત વડે નંદીશ્વર ગમન કરે તે જ આલોચનાનું નિમિત્ત છે, પરંતુ ત્યાં કરેલ ચૈત્યોનું વંદન એ આલોચનાનું નિમિત્ત નથી.)

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે - 'तत्' શબ્દ અવ્યવહિતનો પરામર્શક માનીએ તો ચૈત્યોનું વંદન આલોચના નિમિત્તક પ્રાપ્ત થાય, અને વ્યવહિતનો પરામર્શક માનીએ તો ઉત્પાત વડે ગમનઆલોચના નિમિત્તક પ્રાપ્ત થાય. પરંતુ તે બંનેમાંથી કોને સ્વીકારવું, તે વિચારકને પ્રશ્ન થાય. તેથી કહે છે -

ટીકાર્થ :-

यतनया ..... दोषाभावात् । યતના વડે વિહિત એવા નભોગમન વડે પણ દોષનો અભાવ છે.

વિશેષાર્થ :-

યતના વડે જે વ્યક્તિ વિહિત એવું નભોગમન કરે છે, તે વ્યક્તિને દોષ પ્રાપ્ત થતો ન હોવાથી આલોચના આવતી નથી. જ્યારે ચારણમુનિઓ યતના વડે વિહિત એવા નભોગમનને કરતા નથી, પરંતુ ઉત્પાત વડે ગમન કરે છે, તેથી તે જ આલોચનાનો વિષય છે. માટે 'तत्' શબ્દ વ્યવહિત એવા ઉત્પાત વડે નભોગમનનો પરામર્શક માનવો ઉચિત છે, પરંતુ અવ્યવહિત ચૈત્યોના વંદનની ક્રિયાનો પરામર્શક માનવો ઉચિત નથી.

ટીકાર્થ :-

अत एव ..... निर्दोषता । આથી કરીને જ=યતના વડે વિહિત એવા નભોગમનથી પણ દોષનો અભાવ છે, આથી કરીને જ, યતના વડે ગ્રામાનુગ્રામ વિહાર કરતા એવા ગૌતમસ્વામી વડે અષ્ટાપદ પર્વત ઉપર આરોહણ-અવરોહણમાં=ચડવા-ઊતરવામાં, જંઘાચારણ લબ્ધિનો પ્રયોગ કરીને તેમના ચૈત્યોના વંદનમાં=અષ્ટાપદના ચૈત્યોના વંદનમાં, નિર્દોષતા છે.

વિશેષાર્થ :-

યતના વડે વિહિત એવા નભોગમનથી પણ દોષનો અભાવ છે, આથી કરીને જ યતનાપૂર્વક ગ્રામાનુગ્રામ વિચરતા એવા ગૌતમસ્વામી વડે અષ્ટાપદ પર્વત ઉપર ગમન લબ્ધિથી કરાયું, તેથી આલોચના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ નહિ. તેથી તેમના ચૈત્યોના વંદનમાં નિર્દોષતા છે.

✪ અહીં યતના વડે ગૌતમસ્વામીએ ગ્રામાનુગ્રામ વિહાર કરતા જઈને અષ્ટાપદ પર્વત ઉપર ચડવા-ઊતરવામાં જંઘાચારણ લબ્ધિનો પ્રયોગ કરી ચૈત્યોની વંદના કરેલ છે. તેથી તેમણે કરેલ ચૈત્યોની વંદનામાં નિર્દોષતા છે અને તેથી ત્યાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ નથી.

ટીકા :-

तद्वन्दनं चोक्तमुत्तराध्ययननिर्युक्तौ -

"चरमसरीरो साहू आरुहइ णगवरं ण अन्नो' त्ति । एयं तु उदाहरणं कासीय तहिं जिणवरिंदो सोऊण तं भगवतो गच्छइ तहिं गोयमो पहितकित्ती आरूज्झंतं णगवरं पडिमाओ वंदइ जिणाणं ति, भगवं च गोअमो जंघाचरणलद्धीए लूतातंतुमिणिस्साए उढ्ढं उप्पइओ" **त्ति चूर्णिः –**

ટીકાર્થ :-

तद्वन्दनं ....चूर्णिः - **તેમનું વંદન=ગૌતમસ્વામીએ કરેલ અષ્ટાપદ પર્વત ઉપર ચૈત્યનું વંદન, ઉત્તરાધ્યયનની નિર્યુક્તિમાં કહેવાયું છે. (તે આ પ્રમાણે) -**

ચરમશરીરી સાધુ પર્વતમાં શ્રેષ્ઠ એવા અષ્ટાપદ પર્વત ઉપર ચડી શકે છે, અન્ય નહિ=અચરમશરીરી નહિ. ત્યાં=સમવસરણમાં જિનવરેંદ્રે આ ઉદાહરણ કહ્યું, તે સાંભળીને પ્રસિદ્ધ કીર્તિવાળા ભગવાન ગૌતમસ્વામી ત્યાં= અષ્ટાપદ પર્વત ઉપર, જાય છે. અષ્ટાપદ પર્વત ઉપર ચડીને જિનેશ્વરોની પ્રતિમાને વંદન કરે છે. 'ત્તિ' શબ્દ નિર્યુક્તિના પાઠની સમાપ્તિસૂચક છે.

भगवं..... उप्पइओ **સુધીનો પાઠ ચૂર્ણિનો છે. તેનો અર્થ આ પ્રમાણે -** અને ભગવાન ગોયમ જંઘાચારણ લબ્ધિ વડે લુતાતંતુની નિશ્રાએ ઊર્ધ્વ=ઉપર, ચડ્યા. **એ પ્રમાણે ચૂર્ણિનો પાઠ છે.**

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, ગૌતમસ્વામી લબ્ધિ વડે અષ્ટાપદ પર્વત ઉપર ચડ્યા, તો પણ તેમના ચૈત્યવંદનમાં નિર્દોષતા છે. એ જ વાતની પુષ્ટિ કરતાં કહે છે -

ટીકા :-

न च लब्धिप्रयोगमात्रं प्रमादः, अग्लान्या धर्मदेशनादिना तीर्थकृल्लब्धिप्रयोगेऽपि तत्प्रसङ्गात् किन्तु तत्कालीनमौत्सुक्यमिति निरुत्सुकस्य नभोगमनेनापि चैत्यवन्दनेन न दोष इति दृढतरमनुसन्धेयम् । अत एव भगवत्यां तृतीयशतके पञ्चमोद्देशके संघकृत्ये साधोर्वैक्रियकरणस्य विषयमात्रमुक्तम् गारवपूर्वमभियोगे चानालोचनायामाभियोग्येषु गतिरुक्ता प्रशस्तव्यापारे तु न किञ्चिदेव ।

ટીકાર્થ :-

न च ..... मनुसन्धेयम् । લબ્ધિપ્રયોગમાત્ર પ્રમાદ નથી, કેમ કે, અગ્લાનિથી ધર્મદેશના વડે તીર્થંકરલબ્ધિના પ્રયોગમાં પણ તેનો પ્રસંગ આવે=પ્રમાદનો પ્રસંગ આવે, પરંતુ તત્કાલીન ઉત્સુકતા છે તે જ પ્રમાદ છે. એથી કરીને નિરુત્સુકને નભોગમન દ્વારા પણ ચૈત્યવંદન કરવાથી દોષ નથી, એ પ્રમાણે દૃઢતર અનુસંધાન કરવું.

વિશેષાર્થ :-

લબ્ધિપ્રયોગમાત્રને પ્રમાદ માનીએ તો, તીર્થંકરો પણ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ જે અગ્લાનિથી ધર્મદેશના આપે છે, અર્થાત્ ધર્મદેશનામાં જે શ્રમ કરવામાં આવે છે, તે શ્રમકૃત શરીરનો ખેદ હોવા છતાં, માનસિક કોઈ ગ્લાનિ નથી કે કોઈ ઉત્સુકતા પણ નથી, પરંતુ ગ્લાનિરહિત જ ધર્મદેશના આપે છે, તે તીર્થંકરલબ્ધિનો પ્રયોગ છે, ત્યાં પણ પ્રમાદ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. અને વીતરાગને કદી પ્રમાદ સંભવે નહિ, માટે લબ્ધિપ્રયોગકાળમાં વર્તતી ઉત્સુકતા એ પ્રમાદ પદાર્થ છે, અને તે અતિચારસ્વરૂપ છે. પરંતુ જે મુનિઓને ઉત્સુકતા નથી, તેઓ લબ્ધિનો પ્રયોગ કરે ત્યારે, પ્રારંભકાળમાં છઠ્ઠુ ગુણસ્થાનક હોવા છતાં અતિચારઆપાદક પ્રમાદ તેઓને હોતો નથી. આથી જ ગૌતમસ્વામી અષ્ટાપદનાં ચૈત્યોના વંદનની ઈચ્છાવાળા થયા તો પણ, નિરુત્સુક હોવાથી, એક ઉત્પાત વડે અષ્ટાપદ પર્વત ઉપર ન જતાં, સંયમજીવનને અનુકૂળ યતનાપૂર્વક વિહાર કરતા અષ્ટાપદ પર્વત ઉપર પહોંચે છે; અને પછી લબ્ધિ દ્વારા નભોગમન કરીને અષ્ટાપદ પર્વત ઉપર ચૈત્યોને વંદન કરે છે, તેમાં અતિચારરૂપ દોષ નથી.

ટીકાર્થ :-

अत एव ..... किञ्चिदेव । **આથી કરીને જ=તત્કાલીન ઉત્સુકતા છે તે જ પ્રમાદ છે આથી કરીને જ, ભગવતીના તૃતીય શતકના પાંચમા ઉદ્દેશામાં સંઘકૃત્યમાં સાધુને વૈક્રિયકરણનો વિષયમાત્ર કહેવાયો, અને ગારવપૂર્વક અભિયોગવિષયક અનાલોચનામાં=ગારવપૂર્વક વૈક્રિયશરીર કરવારૂપ અભિયોગવિષયક અનાલોચનામાં, આભિયોગ્ય દેવોમાં ગતિ કહેવાઈ. પરંતુ પ્રશસ્ત વ્યાપારમાં કાંઈ જ નહિ.**

વિશેષાર્થ :-

અભિયોગ શબ્દ અભિયોજન અર્થમાં છે. ગારવપૂર્વક અભિયોગ=ગારવપૂર્વક વૈક્રિય શરીરનું યોજન કરવું=વૈક્રિય શરીર બનાવવું, અને તે યોજન કર્યા પછી તદ્વિષયક આલોચના ન કરે તો આભિયોગિક દેવમાં=સેવકભાવવાળા દેવમાં, ઉત્પન્ન થાય છે. (વિમાનાધિપતિ સ્વામી દેવો હોય છે, અને આભિયોગિક દેવો તેમના સેવક હોય છે.)

અહીં વિશેષ એ છે કે, ભગવાનના શાસનનું હિત કરવા માટે ગારવરહિત વૈક્રિયકરણ કરે તો વૈક્રિયરચનાકૃત હલકા દેવપણાની પ્રાપ્તિ થતી નથી, પણ સંયમકૃત દેવભવની પ્રાપ્તિ થાય છે. તે બતાવવા માટે જ ગ્રંથકારે કહ્યું છે કે, પ્રશસ્ત વ્યાપારમાં વળી કાંઈ નથી. અર્થાત્ સંઘના કૃત્યરૂપ પ્રશસ્ત વ્યાપારમાં આલોચના, પ્રાયશ્ચિત્ત કે આભિયોગિક દેવભવની પ્રાપ્તિરૂપ કાંઈ નથી. જ્યારે ગારવપૂર્વક વૈક્રિયકરણ કરનારને, તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ ન કરે તો દેવભવની પ્રાપ્તિ થાય, પણ આભિયોગિક દેવમાં ઉત્પન્ન થાય છે.

टीका :-

तथा च तत्पाठः –

'अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगं महं इत्थिरूवं वा जाव संदमाणियरूवं वा विउव्वित्तए ? णो ति०, अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले परियाइत्ता पभू एगं महं इत्थिरूवं वा जाव संदमाणियरूवं वा विउव्वित्तए ? हंता पभू, अणगारेणं भंते ! भावि० केवतियाइं पभू इत्थिरूवाइं विकुव्वित्तए ? गो० ! से जहानामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा, चक्कस्स वा नाभीअरगा उत्तासिया एवामेव अणगारेवि भावि० वेउव्वियसमुग्घाएणं समोहणइ, जाव पभू णं गो० ! अणगारे णं भावि० केवलकप्पं जंबूद्दीवं दीवं बहूहिं इत्थीरूवेहिं आइन्नं वितिकिन्नं जाव एस णं गो० ! अणगारस्स भावि० अयमेयारूवे विसए विसयमेत्ते वुच्चइ, नो चेव णं संपत्तीए विकुव्विंसु वा ३, एवं परिवाडीए नेयव्वं जाव संदमाणिया । से जहानामए केइ पुरिसे असिचम्मपायं गहाय गच्छेज्जा एवामेव अणगारे वि भावि० असिचम्मपायहत्थकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पइज्जा ? हंता ! उप्पइज्जा, अणगारे णं भंते ! भावि० केवतियाइं पभू असिचम्मपायहत्थकिच्चगयाइं रूवाइं विउव्वित्तए ? गो० ! से जहानामए-जुवतिं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा तं चेव जाव विउव्विंसु वा ३ । से जहानामए केइ पुरिसे एगओ पडागं काउं गच्छेज्जा एवामेव अणगारे वि भावि, एगओ पडागहत्थकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा हंता गो० ! उप्पएज्जा, अणगारे णं भंते ! भावि० केवतियाइ पभू एगओ पडागाहत्थकिच्चगयाइं रूवाइं विउ० ? एवं चेव जाव विकुव्विंसु वा ३ । एवं दुहओ पडागंपि । से जहानामए केइपुरिसे एगओ जन्नोवइतं काउं गच्छेज्जा, एवामेव अण० भावि० एगओ जण्णोवइयकिच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ? हंता, उप्प०, अण० णं भंते० केवतियाइं पभू० एगओ जण्णोवइयकिच्चगयाइं रूवाइं विउ० ? तं चेव जाव विकुव्विंसु वा ३ । एवं दुहओ जण्णोवइयंपि । से जहा० केइ पु० एगओ पल्हत्थियं काउं चिट्ठेज्जा, एवामेव अण० भावि०, एवं चेव जाव विकुव्विंसु वा ३ । एवं दुहओ पल्हत्थियंपि, से जहा०केइ पु० एगओ पलिअंके काउं चिट्ठेज्जा, एवं अण० भावि० तं चेव विकुव्विंसु वा ३ । एवं दुहओ पलियंकंपि । अण० णं भंते ! भावि० बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगं महं आसरूवं वा हत्थिरूवं वा सीहरूवं वा वग्घवगदीवियअच्छतर-च्छपाससररूवं वा अभिजुंजित्तए ? णो तिणट्ठे, समट्ठे, अण० णं एवं बाहिरए पोग्गले परियाइत्ता पभू । अण० णं भंते ! भावि० एगं महं आसरूवं वा अभिजुंजित्ता अणेगाइं जोयणाइं गमित्तए ? हंता पभू, से भंते ! किं आयड्ढीए गच्छति, परिड्ढीए गच्छति ? गो० ! आयड्ढीए गच्छइ, नो परिड्ढीए, एवं आयकम्मुणा, नो परकम्मुणा, आयप्पओगेणं, नो परप्पओगेणं, उस्सिओदगं वा गच्छइ पयोदगं वा गच्छइ, से णं भंते ! किं अण० आसे ? गो० ! अण० णं से, नो खलु से आसे ! एवं जाव पाससररूवं वा । से भंते ! किं मायी विकुव्वइ अमाई विकुव्वइ ? गो० ! माई विकुव्वइ, नो अमाई विकुव्वइ । माई णं भंते ? तस्स ठाणस्स अणालोइयपडिक्कंते

कालं करेइ कहिं उववज्जति ? गो० ! अन्नयरेसु आभियोगेसु देवलोगेसु देवत्ताए उववज्जइ । अमाई णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ कहिं उववज्जति ? गो० ! अन्नयरेसु अणाभिओगेसु देवलोगेसु देवत्ताए उववज्जइ, सेवं भंते त्ति । (तृ० श० ५ उ० सू० १६१) ।

ટીકાર્થ :-

तथा च .... सेवं भंते त्ति । અને તે પ્રમાણે ભગવતીનો પાઠ છે. (તે આ પ્રમાણે) -

હે ભગવંત ! ભાવિતાત્મા અણગાર, બહારનાં પુદ્ગલોને ગ્રહણ કર્યા સિવાય એક મોટા સ્ત્રીરૂપને યાવત્ પાલખીરૂપને વિકુર્વવા સમર્થ છે ? હે ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. હે ભગવંત ! ભાવિતાત્મા અણગાર, બહારનાં પુદ્ગલોને ગ્રહણ કરીને એક મોટા સ્ત્રીરૂપને યાવત્ પાલખીરૂપને વિકુર્વવા સમર્થ છે ? હે ગૌતમ ! હા, (તે તેમ કરવા સમર્થ છે.) હે ભગવંત ! ભાવિતાત્મા અણગાર, કેટલાં સ્ત્રીરૂપોને વિકુર્વવા સમર્થ છે ? હે ગૌતમ, જેમ કોઈ યથાનામવાળો યુવાન યુવતીનો હાથ વડે હાથ ગ્રહણ કરે, અથવા ચકની નાભિના આરાઓ વ્યાપ્ત હોય, એ પ્રમાણે જ ભાવિતાત્મા અણગાર વૈક્રિય સમુદ્ઘાત વડે આત્મપ્રદેશોને બહાર કાઢે છે. (અર્થાત્ વૈક્રિય સમુદ્ઘાત કરે છે.) યાવત્ હે ગૌતમ ! ભાવિતાત્મા અણગાર, આખા જંબૂદ્વીપ નામના દ્વીપને બહુ સ્ત્રીરૂપો વડે આકીર્ણ-વ્યાકીર્ણ યાવત્ (કરી શકે છે). હે ગૌતમ ! આ=વૈક્રિય લબ્ધિધારી ભાવિતાત્મા અણગારનો આ આવા પ્રકારનો વિષય=વૈક્રિયલબ્ધિની શક્તિનો વિષય, વિષયમાત્ર કહેવાયો છે, પણ આ પ્રકારે લબ્ધિની પ્રાપ્તિમાત્રથી જ વિકુર્વણ થયું નથી, થતું નથી અને થશે નહિ. (સંઘના કાર્ય માટે થાય છે.) એ પ્રમાણે પરિપાટીથી=ક્રમપૂર્વક, યાવત્ પાલખીના રૂપ સંબંધી સમજવું.

હે ભગવંત ! તે યથાનામવાળો કોઈ પુરુષ અસિચર્મપાત્ર લઈને ગમન કરે, એ જ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ અસિચર્મપાત્ર હાથમાં છે જેને એવા તે સંઘાદિના પ્રયોજન માટે गतः=આશ્રય કરાયેલા એવા, પોતાના વડે ઊંચે આકાશમાં ઉત્પાત કરે ? હા, ઉત્પાત કરે. હે ભગવંત ! ભાવિતાત્મા અણગાર અસિચર્મપાત્રને હાથમાં ગ્રહણ કરેલાં છે એવાં કેટલાં રૂપો વિકુર્વી શકે ? હે ગૌતમ ! યથાનામવાળો કોઈ યુવાન પુરુષ યુવતીનો હાથ વડે હાથ ગ્રહણ કરે, તે પ્રમાણે જ યાવત્ એ પ્રકારે વિકુર્વણા થઈ નથી, થતી નથી અને થશે નહિ.

તે યથાનામવાળો કોઈ પુરુષ એક બાજુ પતાકા=ધજાને, કરીને ગમન કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ એક બાજુ પતાકાને (સંઘાદિના પ્રયોજને આશ્રયીને) હાથમાં ગ્રહણ કરેલા પોતાના વડે ઊર્ધ્વ આકાશમાં ઉત્પાત કરે ? હે ગૌતમ ! ઉત્પાત કરે. હે ભગવંત ! ભાવિતાત્મા અણગાર, એકબાજુ પતાકા હાથમાં ગ્રહણ કરેલાં કેટલાં રૂપો વિકુર્વી શકે ? એ પ્રમાણે જ યાવત્ વિકુર્વણા થઈ નથી, થતી નથી અને થશે નહિ. એ પ્રમાણે બે બાજુ પતાકાને ગ્રહણ કરીને પણ સમજવું.

તે યથાનામવાળો કોઈ પુરુષ એક બાજુ જનોઈ કરીને ગમન કરે, એ પ્રમાણે જ ભાવિતાત્મા અણગાર એક બાજુ જનોઈ કરીને (સંઘાદિના પ્રયોજન માટે) ગયેલા એવા કેટલાં રૂપો વિકુર્વી શકે ? તે પ્રમાણે જ યાવત્ વિકુર્વણા થઈ નથી, થતી નથી અને થશે નહિ. એ પ્રમાણે બે તરફ જનોઈવાળા પણ પુરુષના જેવાં રૂપો સંબંધી સમજવું.

તે યથાનામવાળો કોઈ પુરુષ એકબાજુ પર્યસ્તિકા=આસનવિશેષ, કરીને બેસે, એ પ્રમાણે જ ભાવિતાત્મા અણગાર આસન વિશેષ કરી (આકાશમાં ઊડી) શકે ? એ પ્રમાણે વિકુર્વણા કરી નથી અને કરતા નથી, કરશે નહિ. એ પ્રમાણે બે બાજુ પર્યસ્તિકા=આસનવિશેષ, કરીને પણ સમજવું.

તે યથાનામવાળો કોઈ પુરુષ એક તરફ પર્યંકાસન કરીને બેસે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર, તે પ્રમાણે જ યાવત્ વિકુર્વણા કરી નથી, કરતા નથી અને કરશે નહિ. એ પ્રમાણે બે બાજુ પર્યંકાસન કરીને પણ સમજવું.

હે ભગવંત ! ભાવિતાત્મા અણગાર બહારનાં પુદ્ગલો ગ્રહણ કર્યા વગર એક મોટા ઘોડાના રૂપને, હાથીના રૂપને, સિંહના રૂપને, વાઘના રૂપને, વરુના રૂપને, દીપડાના રૂપને=ચતુષ્પદ વિશેષના રૂપને, રીંછના રૂપને, તરચ્છના રૂપને= વ્યાઘ્રવિશેષના રૂપને, સરભના રૂપને=અષ્ટાપદ પ્રાણીના રૂપને અભિયોજવા માટે સમર્થ છે ? હે ગૌતમ ! તે અર્થ માટે સમર્થ નથી. હે ભગવંત ! ભાવિતાત્મા અણગાર બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને એ પ્રમાણે સમર્થ છે. (બહારના પુદ્ગલ ગ્રહણ કર્યા વગર સમર્થ નથી, પરંતુ બહારના પુદ્ગલને ગ્રહણ કરીને સમર્થ છે, એ પ્રમાણે ભાવ છે.)

હે ભગવંત ! ભાવિતાત્મા અણગાર એક મોટા ઘોડાના રૂપને અભિયોજીને અનેક યોજનો સુધી જવા માટે સમર્થ છે ? હા, સમર્થ છે. હે ભગવંત ! શું આત્મઋદ્ધિથી જાય છે કે પરઋદ્ધિથી જાય છે ? હે ગૌતમ ! આત્મઋદ્ધિથી જાય છે, પારકી ઋદ્ધિથી જતા નથી. એ પ્રમાણે આત્મકર્મ વડે જાય છે, પરકર્મ વડે જતા નથી; આત્મપ્રયોગથી જાય છે, પરપ્રયોગથી જતા નથી; ઉચ્છ્રિત ઉદકની જેમ જાય છે અથવા પયોદકની જેમ જાય છે અર્થાત્ સીધા પણ જઈ શકે છે અને વિપરીત પણ જઈ શકે છે.

હે ભગવંત ! શું તે અણગાર અશ્વ કહેવાય ? હે ગૌતમ ! તે અણગાર છે, તે અશ્વ નથી; એ પ્રમાણે યાવત્ સરભરૂપ સુધી સમજવું.

હે ભગવંત ! માયી અણગાર વિકુર્વણા કરે કે અમાયી અણગાર વિકુર્વણા કરે ? હે ગૌતમ ! માયી વિકુર્વણા કરે, અમાયી વિકુર્વણા ન કરે. હે ભગવંત ! માયી તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર કાલ કરે (તો તે) ક્યાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! અન્યતર=કોઈ એક આભિયોગિક દેવલોકમાં દેવપણા વડે ઉત્પન્ન થાય છે. અમાયી તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કરીને કાળ કરે (તો તે) ક્યાં ઉત્પન્ન થાય છે ? હે ગૌતમ ! અન્યતર= કોઈ એક અનાભિયોગિક દેવલોકમાં દેવપણા વડે ઉત્પન્ન થાય છે. હે ભગવન્ ! તે એ પ્રમાણે છે.

ટીકા :-

वृत्तिः- अणगारे णमित्यादि, 'असिचम्मपायं गहाय' त्ति असिचर्मपात्रं=स्फुरकः, अथवा असिश्च= खड्गः चर्मपात्रं च=स्फुरकः खड्गकोशको वा, असिचर्मपात्रम् तद् गृहीत्वा । 'असिचम्मपायहत्थकिच्चगएणं अप्पाणेणं' त्ति असिचर्मपात्रं हस्ते यस्य स तथा । कृत्यम्=सङ्घादिप्रयोजनम्, गतः=आश्रितः, कृत्यगतः, ततः कर्मधारयः । अतस्तेनात्मना । अथवा असिचर्मपात्रं कृत्वा हस्ते कृतं येन, असौ असिचर्मपात्रहस्तकृत्वाकृतः, तेन-प्राकृतत्वाच्चैवं समासः । अथवा असिचर्मपात्रस्य हस्तकृत्यां=हस्तकरणं, गतः=प्राप्तः यः स तथा तेन । 'पलिअंकं'ति आसनविशेषः प्रतीतश्च । 'वग' त्ति=वृकः । 'दीविय' त्ति=चतुष्पदविशेषः । 'अच्छ'त्ति=ऋक्षः । 'तरच्छ' त्ति=व्याघ्रविशेषः 'परासर' त्ति=सरभः । इहान्यान्यपि शृगालादिपदानि वाचनान्तरे दृश्यन्ते । 'अभिजुंजित्तए' त्ति=अभियोक्तुं विद्यादिसामर्थ्यतस्तदनुप्रवेशेन व्यापारयितुम्, यच्च स्वस्यानुप्रवेशनेनाभियोजनं तद्विद्यादिसामर्थ्यो-पात्तबाह्यपुद्गलान् विना न स्यादितिकृत्वोच्यते - 'नो बाहिरए पुग्गले अपरियाइएत्ति' । 'अणगारे णं से' त्ति अनगार एवासौ तत्त्वतोऽनगारस्यैवाश्वाद्यनुप्रवेशेन व्याप्रियमाणत्वात् । 'माई अभिजुंजइ' त्ति कषायवानभियुङ्क्त

इत्यर्थः । अधिकृतवाचनायां 'माई विउव्वइ' त्ति दृश्यते, तत्र चाभियोगोऽपि विकुर्वणेति मन्तव्यम्, विक्रियारूपत्वात् तस्येति । अण्णयरेसु' त्ति आभियोगिकदेवा अच्युतान्ता भवन्तीति कृत्वाऽन्यतरेषु इत्युक्तं केषुचिदित्यर्थः । उत्पद्यते चाभियोजनभावनायुक्तः साधुराभियोगिकदेवेषु, करोति च विद्यादिलब्ध्युप-जीवकोऽभियोगभावनाम्,यदाह - 'मंताजोगं काउं भूइकम्मं तु जो पउंजेति । सायरसईड्ढिहेउं, अभिओगं भावणंकुणइ ।।११।।' (छाया-मन्त्रान् योगांश्च कृत्वा, सातरसर्द्धिहेतोर्भूतिदानं यः प्रयोजयति स आभियोगिकां भावनां करोति ।) (उत्तराध्ययन ३६ तम अध्य० गाथा २६३) त्ति ।

टीकार्थ :-

'अणगारे णं' ईत्यादि पाठ कहो. तेनी वृत्ति आ प्रमाणे - 'असिचम्मपायं गहाय' એ પ્રમાણે કહ્યું, ત્યાં અસિચર્મપાત્ર=સ્ફુરક=ઢાલ અથવા અસિ=ખડ્ગ=તલવાર અને ચર્મપાત્ર= સ્ફુરક=ઢાલ અથવા ખડ્ગ રાખવાનો કોશ= મ્યાન તે અસિચર્મપાત્ર, અને તેને ગ્રહણ કરીને એ પ્રમાણે સમજવું.

અહીં ભગવતીસૂત્રના મૂળપાઠમાં असिचम्मपायहत्थकिच्चगएणं अप्पाणेणं त्ति એ પ્રમાણે કહ્યું તેનો સમાસ ત્રણ રીતે થઈ શકે છે, તે ભગવતીસૂત્રની ટીકામાં બતાવે છે -

(૧) અસિચર્મપાત્ર હાથમાં જેને છે તે અસિચર્મપાત્રી કહેવાય, સંઘાદિ પ્રયોજનને પામેલો તે કૃત્યગત કહેવાય, ત્યારપછી અસિચર્મપાત્ર અને કૃત્યગતનો કર્મધારય સમાસ કરવો અને તૃતીયા વિભક્તિ લગાડવી. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે, અસિચર્મપાત્રવાળા એવા સંઘાદિ પ્રયોજનને આશ્રિત એવા પોતાના વડે=અણગાર વડે, ઊર્ધ્વ આકાશમાં ઉત્પાત કરાય છે.

(૨) અસિચર્મપાત્રને હાથમાં કરીને કરાયું છે જેના વડે તે અસિચર્મપાત્ર હસ્તકૃત્વાકૃત કહેવા, એવા તેના વડે=અણગાર વડે, ઊર્ધ્વ આકાશમાં ઉત્પાત કરાય છે.

પ્રાકૃત હોવાથી આવો સમાસ થયેલ છે.

(૩) અસિચર્મપાત્રનું હસ્તકૃત્યને=હસ્તકરણને પામેલો જે છે, તે અસિચર્મપાત્ર હસ્તકૃત્યગત કહેવાય, એવા તેના વડે=અણગાર વડે, ઊર્ધ્વ આકાશમાં ઉત્પાત કરાય છે.

'पलिअंक त्ति'=પલિઅંક એ પ્રમાણે કહ્યું તેનો અર્થ આસનવિશેષ, પ્રતીત=પ્રસિદ્ધ છે.

'वग' त्ति=વગ=વૃક, 'दीविय' त्ति = ચતુષ્પદ વિશેષ, 'अच्छ' त्ति = ऋक्ष=રીંછ, 'तच्छ' त्ति=વ્યાઘ્ર વિશેષ, 'परासर'त्ति=सरभ=અષ્ટાપદ પ્રાણી. અહીં બીજા પણ શૃગાલાદિ પદો=શિયાળાદિ પદો, વાંચનાંતરમાં દેખાય છે.

'अभिजुंजित्तए' त्ति=અભિયોજન કરવા માટે=વિદ્યાદિના સામર્થ્યથી તેના અનુપ્રવેશ વડે=વિદ્યાદિના અનુપ્રવેશ વડે, વ્યાપાર કરવા માટે (એમ અર્થ સમજવો), અને જે પોતાના અનુપ્રવેશ વડે અભિયોજન છે, તે વિદ્યાદિના સામર્થ્યથી બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના ન થાય. એથી કરીને કહેવાય છે - નો 'बाहिरए अपरियाइए' त्ति=બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના ન થાય. એ પ્રમાણે કહ્યું છે.

'अणगारे णं से त्ति'=આ અણગાર જ છે. તત્ત્વથી અણગારનું જ અશ્વાદિમાં અનુપ્રવેશ વડે વ્યાપ્રિયમાણપણું છે.

'माई अभिजुंजइ' त्ति=કષાયવાળો અભિયોજન કરે, એ પ્રમાણે અર્થ જાણવો.

અધિકૃત વાચનામાં 'माई विउव्वइ' त्ति=માયી વિકુર્વણા કરે એ પ્રમાણે પાઠ દેખાય છે, ત્યાં અભિયોગ પણ વિકુર્વણા એ પ્રમાણે જાણવું. કેમ કે તેનું વિક્રિયારૂપપણું છે. અર્થાત્ 'माई अभिजुंजई' પાઠ છે, ત્યાં અભિયોગ શબ્દનો અર્થ વિકુર્વણા કરે છે, એ પ્રમાણે જાણવો.

'अण्णयरेसु त्ति'=આભિયોગિક દેવો અચ્યુત દેવલોક સુધી હોય છે=૧૨મા દેવલોક સુધી હોય છે. એથી અન્યતર કોઈ આભિયોગિક દેવમાં (ઉત્પન્ન થાય) એ પ્રમાણે અર્થ જાણવો.

અભિયોજન ભાવનાયુક્ત સાધુ=અભિયોગ ભાવનાથી યુક્ત સાધુ, આભિયોગિક દેવમાં ઉત્પન્ન થાય છે, અને વિદ્યા-લબ્ધિથી ઉપજીવક=જીવનારો, અભિયોગ ભાવના કરે છે.

यदाह - જે કારણથી, ઉત્તરાધ્યયનના-૩૬મા અધ્યયનમાં કહ્યું છે - જે સાધુ સાતા-રસ-ઋદ્ધિના હેતુ અર્થે મંત્ર-યોગ કરીને ભૂતિકર્મને કરે છે (તે) અભિયોગ ભાવના કરે છે.

ટીકા :-

तस्मात्पुष्टालम्बने न विकुर्वणादिना दोष इति त्वरितगमनादिना अन्तरा तीर्थोल्लंघनादिना औत्सुक्यमात्रमेव चारणानामनाराधनानिमित्तमिति स्थितम् ।।

ટીકાર્થ :-

तस्मात् ..... स्थितम् ।। તે કારણથી=ગારવપૂર્વક અભિયોગવિષયક અનાલોચનામાં=વૈક્રિય શરીર કરવારૂપ અભિયોગવિષયક અનાલોચનામાં, આભિયોગ્ય દેવોમાં ગતિ કહેવાઈ, પ્રશસ્ત વ્યાપારમાં કાંઈ જ નહિ, તે કારણથી, પુષ્ટાલંબનમાં વિકુર્વણાદિથી દોષ નથી. એથી કરીને ત્વરિતગમનાદિથી વચ્ચેના તીર્થોના ઉલ્લંઘનાદિ વડે ઉત્સુકતામાત્ર જ ચારણોની અનારાધનાનું નિમિત્ત છે, એ પ્રમાણે સ્થિત છે.

ઉત્થાન :-

પૂર્વમાં સિદ્ધ કર્યું કે, પુષ્ટાલંબનમાં વૈક્રિયની વિકુર્વણાદિથી દોષ નથી, પરંતુ ત્વરિતગમનને કારણે વચ્ચે તીર્થનું ઉલ્લંઘન કરવાથી તે વખતે વર્તતી ઉત્સુકતામાત્ર જ ચારણમુનિની અનારાધનાનું નિમિત્ત છે. ત્યાં પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે –

ટીકા :-

अथ वैक्रिये प्रणीतभोजने च मायित्वं हेतुश्चतुर्थेउक्तस्तत्पुष्टालम्बने तदसम्भव एव । तथा च तद्ग्रन्थः से भंते ! किं माई विकुव्वइ, अमाई विकुव्वइ ? गो० ? माई विकुव्वइ, नो अमाई विकुव्वइ । से केणठ्ठेणं भंते ! एवं वुच्चइ जाव णो अमाई विकुव्वइ ? गो० ! माईणं पणीयं पाणभोअणं भोच्चा भोच्चा वामेइ, तस्स णं तेणं पणीएणं पाणभोअणेणं अट्ठिअट्ठिमिंजा बहलीभवंति, पयणुए मंससोणिए भवइ, जे विय

से अहाबायरा पोग्गला ते विय से परिणमंति, तं जहा-सोतिंदिअत्ताए जाव फासिंदिअत्ताए अट्ठिअट्ठिमिंजकेस-मंसुरोमनहत्ताए सुक्कताए सोणियत्ताए । अमायी णं लूहं पाणभोयणं भोच्चा भोच्चा णो वामेइ, तस्स णं तेणं लूहेणं पाणभोयणेणं अट्ठिअट्ठिमिंजा० पतणूभवंति, बहले मंससोणिए, जेवियसे अहाबायरा पोग्गला तेवियसे परिणमंति, तं जहा-उच्चारत्ताए पासवणत्ताए जाव पासवणत्ताए सोणियत्ताए । से तेणट्ठेणं जाव नो अमायी विकुव्वइ ।। मायी णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ नत्थि तस्स आराहणा । अमाई णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ अत्थि तस्स आराहणा ।। त्ति ।

'माई' ति मायावान् उपलक्षणत्वादस्य सकषायः प्रमत्त इति यावत्, अप्रमत्तो हि न वैक्रियं कुरुते इति । 'पणीयं'त्ति, 'प्रणीतं'=गलत्स्नेहबिन्दुकम्, भोच्चा भोच्चा । वामेति=वमनं करोति विरेचनां वा करोति वर्णबलाद्यर्थम् । यथा प्रणीतभोजनं तद्वमनं च विक्रियास्वभावं मायित्वाद् भवति, एवं वैक्रियकरणमपीति तात्पर्यम् । बहलीभवन्ति=घनीभवन्ति प्रणीतसामर्थ्याद् । 'पयणुए' त्ति=अघनम् । 'अहाबायरे' त्ति यथोचितबादरा आहारपुद्गला इत्यर्थः । परिणमन्ति-श्रोत्रेन्द्रियादित्वेन; अन्यथा शरीरस्य दार्ढ्यासंभवात्, 'लूहं' त्ति रूक्षम्= अप्रणीतम् । 'नो वामेइ' त्ति-अकषायितया विक्रियायामनर्थित्वात्, 'पासवणयाए' इह यावत्करणादिदं दृश्यम्-खेलत्ताए, सिंघाणत्ताए, वंत्तयत्ताए, पित्तत्ताए, पूयत्ताए त्ति । रूक्षभोजिन उच्चारादितया एवाहारादिपुद्गलाः परिणमन्ति, अन्यथा शरीरस्यासारतानापत्तेरित्ति । अथ माय्यमायिनोः फलमाह - 'माईण' मित्यादि तस्स दाणस्स त्ति, तस्मात्स्थानाद् विकुर्वणाकरणलक्षणात्प्रणीतभोजनलक्षणाद्वा, 'अमाईणम्' इत्यादि पूर्वं मायित्वाद्वैक्रियं प्रणीतभोजनं वा कृतवान् पश्चाज्जातानुतापोऽमायी सन् तस्मात्स्थानाद् आलोचितप्रतिक्रान्तः सन् कालं करोति यस्तस्यास्ति आराधना इति वृत्तिः ।।

सत्यम् । प्रणीतभोजनफलोपलक्षितदर्पप्रमादपूर्वकवैक्रियकरणस्यापुष्टालम्बनस्यैवेह विवक्षितत्वादधस्तनस्थानस्थितस्यापि पुष्टालम्बनप्रतिसेवायां पूज्यत्वाभिधानान्यथानुपपत्तेः ।

टीकार्थ :-

अथ ..... एव । **वैक्रियकरणमां अने प्रणीत भोजनमां मायीपणुं हेतु तरीके भगवतीना चोथा उद्देशामां कहेवायेल छे. ते कारणथी पुष्टालंबनमां तेनो असंभव ज छे=वैक्रिय शरीर विकुर्वणानो असंभव ज छे.**

विशेषार्थ :-

भगवतीसूत्रना त्रीजा शतकना चोथा उद्देशामां कहेल छे ते प्रमाणे वैक्रिय शरीर मायाथी थाय छे=कषायथी थाय छे, तेथी पुष्टालंबनमां तो वैक्रिय शरीरनी विकुर्वणा संभवे ज नहि. आ प्रमाणे पूर्वपक्षी कहे छे अने तेमां भगवतीना पाठनी साक्षी आपे छे.

ટીકાર્થ :-

तथा च ..... इति वृत्तिः । અને તે પ્રમાણે=વૈક્રિય અને પ્રણીત ભોજન માયાથી થાય છે તે પ્રમાણે તે ગ્રંથ છે. જે આગળ બતાવે છે -

હે ભગવંત ! શું માયી વિકુર્વણ કરે છે કે, અમાયી વિકુર્વણ કરે છે ? હે ગૌતમ ! માયી વિકુર્વણ કરે છે, અમાયી વિકુર્વણ કરતા નથી. હે ભગવંત ! કયા અર્થથી આ પ્રમાણે કહો છો, યાવત્ અમાયી વિકુર્વણ કરતા નથી ? હે ગૌતમ ! માયી પ્રણીત પાન-ભોજનને કરી કરીને વમન કરે છે. તેના તે પ્રણીત પાન-ભોજન વડે હાડકાં અને હાડકાંમાં રહેલી મજ્જા ઘન થાય છે, માંસ અને લોહી પાતળાં થાય છે, અને જે પ્રમાણે તે યથાબાદર પુદ્ગલો છે, તે પ્રમાણે તે પરિણમન પામે છે. તે આ પ્રમાણે - શ્રોત્રેંદ્રિયપણે યાવત્ સ્પર્શેંદ્રિયપણે તથા હાડકાંપણે, હાડમાં રહેલી મજ્જાપણે, કેશપણે, શ્મશ્રુપણે, રોમપણે, નખપણે, શુક્રપણે, લોહીપણે (તે પુદ્ગલો પરિણમન પામે છે).

અમાયી રૂક્ષ (લૂખ્ખું) પાન-ભોજનને કરી કરીને વમન કરતો નથી. તેના તે રૂક્ષ પાન-ભોજન વડે હાડકાં, હાડકાંની મજ્જા પાતળાં થાય છે, માંસ અને લોહી ઘન થાય છે. જેવા પ્રકારે તે યથાબાદર પુદ્ગલો છે, તેવા પ્રકારે તે પરિણમન પામે છે. તે આ પ્રમાણે - ઉચ્ચારપણે (વિષ્ઠાપણે) મૂત્રપણે યાવત્ લોહીપણે પરિણમન પામે છે. તે કારણથી તે અમાયી વિકુર્વણા કરતો નથી.

માયી તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વગર કાળ કરે તો તેને આરાધના નથી, અને અમાયી તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કરીને કાલ કરે તેને આરાધના છે.

ભગવતીના ચોથા ઉદ્દેશાનું સૂત્ર કહ્યું, તેની ટીકા આ પ્રમાણે :-

'माई' त्ति=मायी=માયાવાળો, અને आनुं=માયાવાળાનું, ઉપલક્ષણપણું હોવાથી કષાયવાળો પ્રમત્ત એ પ્રમાણે અર્થ જાણવો. જે કારણથી અપ્રમત્ત વૈક્રિય શરીર કરતો નથી.

'पणीयं त्ति'=પ્રણીત=સ્નિગ્ધ (વિગયથી લચપચ ભોજન), તે પ્રણીતને ભોગવી ભોગવીને 'वामेति'=વમન કરે છે, અથવા વિરેચના કરે છે, વર્ણ-બળ આદિ માટે. 'यथा' જે પ્રકારે પ્રણીત ભોજન અને તેનું વમન વિક્રિયા સ્વભાવવાળું માયીપણાથી થાય છે, એ પ્રકારે વૈક્રિયકરણ પણ (માયીપણાથી થાય છે), એ પ્રમાણે તાત્પર્ય છે.

'बहलीभवंति'=પ્રણીત ભોજનના સામર્થ્યથી (અસ્થિ, અસ્થિમજ્જા) ઘન થાય છે. 'पयणुए त्ति'=અઘન 'अहाबायरे' त्ति=યથોચિત બાદર આહારનાં પુદ્ગલો એ પ્રમાણે અર્થ જાણવો.

'परिणमंति'=શ્રોત્રેંદ્રિયાદિપણે પરિણમન પામે છે, અન્યથા શરીરની દૃઢતાનો અસંભવ છે. 'लूहं त्ति'=રૂક્ષ= અપ્રણીત 'नो वामेइ त्ति' અકષાયપણું હોવાને કારણે વિક્રિયાનું અનર્થીપણું છે=પ્રયોજન નથી. 'पासवणयाए' અહીં મૂળ સૂત્રમાં यावत् શબ્દનો પ્રયોગ કરેલ હોવાથી આ પ્રમાણે સંગ્રહ જાણવો - શ્લેષ્મપણા વડે, નાસિકાના મેલપણા વડે, વમનપણા વડે, પિત્તપણા વડે, પરુપણા વડે પરિણમન પામે છે. તેમાં હેતુ કહે છે - રૂક્ષ ભોજન કરનારને ઉચ્ચારાદિપણાથી જ આહારાદિ પુદ્ગલો પરિણમન પામે છે. અન્યથા=જો એ પ્રમાણે ન માનો તો, શરીરના અસારપણાની અનાપત્તિ છે=પ્રાપ્તિ નથી.

'अथ' હવે માયી અને અમાયીના ફળને બતાવતાં કહે છે - 'माईण'मित्यादि तस्स ठाणस्स त्ति' એ પ્રમાણે કહ્યું, ત્યાં તે સ્થાનથી = વિકુર્વણાકરણ લક્ષણ અથવા પ્રણીતભોજન લક્ષણ તે સ્થાનથી આલોચના કર્યા વગર કાળ કરે

તો તેને આરાધના નથી, એ પ્રમાણે મૂળ સૂત્ર સાથે યોજન છે. (એ અર્થ જાણવો.)

'अमाईण' मित्यादि કહ્યું, ત્યાં પૂર્વે માયીપણું હોવાથી વૈક્રિયકરણ અથવા પ્રણીત ભોજન કરેલ હોય, પાછળથી ઉત્પન્ન થયેલ અનુતાપવાળો=પશ્ચાત્તાપવાળો, અમાયી થયેલો, તે સ્થાનથી આલોચના અને પ્રતિક્રમણ કરી જે કાળ કરે છે, તેને આરાધના છે, એ પ્રમાણે વૃત્તિ=ટીકા, જાણવી.

ઉત્થાન :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે, માયા વગર પ્રણીત ભોજન અને વૈક્રિય વિકુર્વણા સંભવે નહિ. તેથી પુષ્ટાલંબનમાં વૈક્રિય વિકુર્વણા અને પ્રણીત ભોજન થઈ શકે નહિ. તે વાતનો અર્ધસ્વીકાર કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

सत्यम् ..... विवक्षितत्वात्, **તમારી વાત સાચી છે, પરંતુ પ્રણીત ભોજનના વિક્રિયારૂપ ફળથી ઉપલક્ષિત દર્પથી થયેલ પ્રમાદપૂર્વક વૈક્રિયકરણરૂપ અપુષ્ટાલંબનનું અહીં વિવક્ષિતપણું હોવાથી દોષ નથી.**

વિશેષાર્થ :-

ભગવતીના ત્રીજા શતકના ચોથા ઉદ્દેશાનો પાઠ જે પૂર્વપક્ષીએ આપ્યો છે, તે સ્થાનમાં અપુષ્ટાલંબનની જ વિવક્ષા છે, તે પ્રમાદપૂર્વક વૈક્રિયકરણરૂપ અપુષ્ટાલંબન પ્રણીત ભોજનના ફળથી ઉપલક્ષિત દર્પથી થયેલ છે. કેમ કે, ચોથા ઉદ્દેશાના સાક્ષીપાઠમાં જે વૃત્તિ છે, તેમાં કહ્યું છે કે - જે પ્રમાણે પ્રણીત ભોજન અને તેનું વમન વિક્રિયા સ્વભાવવાળું માયીપણાને કારણે થાય છે, અને એ રીતે વૈક્રિયકરણ પણ માયીપણાને કારણે થાય છે, એ પ્રમાણે તાત્પર્ય છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, જે પ્રકારે પ્રણીત ભોજન અને વમન આત્માના મૂળ સ્વભાવની વિક્રિયા કરનાર છે = વિકૃત કરનાર છે, તેથી પ્રણીત ભોજન અને તેનું વમન કરવામાં કષાયપણું અવશ્ય છે, તે જ રીતે વૈક્રિય શરીરને કરવામાં પણ કષાયપણું અવશ્ય છે. તેથી પ્રણીત ભોજનના વિકારરૂપ ફળથી ઉપલક્ષિત દર્પથી થયેલ પ્રમાદ સ્વરૂપ વૈક્રિયકરણ છે, અને તે અપુષ્ટાલંબન સ્વરૂપ છે.

ઉત્થાન :-

અહીં શંકા થાય કે પ્રસ્તુત ભગવતીનો પાઠ અપુષ્ટાલંબન અર્થક છે, પરંતુ પ્રણીત ભોજન અને વૈક્રિયકરણ માયીપણાને કારણે થાય છે, તદ્ અર્થક નથી, તે કઈ રીતે નક્કી થાય ? તેથી કહે છે -

ટીકાર્થ :-

अधस्तन ..... अनुपपत्तेः । **અધસ્તન સ્થાનમાં રહેલાની પણ પુષ્ટાલંબનની પ્રતિસેવનામાં પૂજ્યત્વના અભિધાનની અન્યથા અનુપપત્તિ છે.**

વિશેષાર્થ :-

નીચેના કંડકમાં રહેલા પણ પુષ્ટાલંબનથી પ્રતિસેવા કરતા હોય ત્યારે શાસ્ત્રમાં તેમને પૂજ્ય કહેલ છે, તે ત્યારે જ સંગત થાય કે, જો ત્યાં માયીપણું ન હોય. કેમ કે કષાયથી કોઈપણ પ્રવૃત્તિ કરવામાં આવે ત્યારે ચારિત્ર સાતિચાર બને છે; અને જ્યાં સુધી તેની શુદ્ધિ કરવામાં ન આવે ત્યાં સુધી તેમને પૂજ્ય કહી શકાય નહિ. પરંતુ સંઘના કોઈ કાર્ય અર્થે વૈક્રિય શરીરની વિકુર્વણા કરતા હોય ત્યારે, તે પુષ્ટાલંબન પ્રતિસેવના રૂપ બને છે, તે વખતે કદાચ તે સંયમના નીચેના કંડકમાં પણ રહેલ, પુલાકલબ્ધિવાળો હોય તો, અધસ્તન સ્થાનમાં રહેલ છે છતાં, તે પુષ્ટાલંબનરૂપ હોવાને કારણે ત્યાં પૂજ્યભાવ શાસ્ત્રને સંમત છે. તેથી પ્રસ્તુત સાક્ષીપાઠમાં પ્રમાદપૂર્વક વૈક્રિયકરણને જ ગ્રહણ કરેલ છે.

ટીકા :-

तदागमः (गुरुतत्त्व० प्र० श्लोक-११४) – 'हिट्ठट्ठाणठिओ वि पावयणि गणियट्ठउ (गणट्ठया उ) अधरे उ कडजोगि जं णिसेवइ आइणियंठु व्व सो पुज्जो त्ति ।' अधरे-आत्यन्तिके कार्ये समुत्पन्ने कृतयोगी= कृताभ्यासः। आदिनिर्ग्रन्थः=पुलाकः । **अधस्तनस्थानस्थितस्यैव पुष्टालम्बनेऽपि वैक्रियाद्याधिकारित्वं न तु तत्करणप्रयोज्याधस्तनस्थानस्थितिरिति परमार्थः । इत्यलं प्रसक्तानुप्रसक्त्या ।**

✪ અહીં ટીકામાં '**गणियट्ठउ**' પાઠ છે, ત્યાં બૃહત્કલ્પભાષ્ય ગા. ૪૫૨૫ અને ગુરુતત્ત્વવિનિશ્ચય ગાથા-૧૧૪ માં=ગુરુતત્ત્વવિનિશ્ચયમાં પણ ૧૧૪મી ગાથા બૃહત્કલ્પભાષ્યની છે તેમાં, '**गणट्ठया उ**' પાઠ છે. અહીં ટીકામાં '**आत्यंतिके कार्ये समुत्पन्ने**' પાઠ છે ત્યાં બૃહત્કલ્પભાષ્ય અને ગુરુતત્ત્વવિનિશ્ચયની ટીકામાં '**आत्यंतिके कारणे समुत्पन्ने**' પાઠ છે.

ટીકાર્થ :-

तदागमः - તે આગમ આ પ્રમાણે -

हिट्ठट्ठाणठिओ ..... पुज्जो त्ति । જઘન્ય સંયમસ્થાનમાં રહેલો પણ=મૂલગુણ પ્રતિસેવી પણ, કૃતયોગી=કરેલ અભ્યાસવાળો ગીતાર્થ, પ્રાવચનિકના=આચાર્યના, અને ગણના અનુગ્રહ માટે આત્યંતિક કારણ સમુપસ્થિત થયે છતે જે સેવન કરે છે, તે આદિનિર્ગ્રંથની=પુલાકની, જેમ પૂજ્ય છે.

✪ અધરે=આત્યંતિક કારણ સમુપસ્થિત થયે છતે, કૃતયોગી=કરેલ અભ્યાસવાળો, આદિનિર્ગ્રન્થ= પુલાક.

ઉત્થાન :-

અહીં કોઈને પ્રશ્ન થાય કે, પુષ્ટાલંબનથી જ્યારે સાધુ પ્રતિસેવા કરે છે, ત્યારે તેના કારણે તેમને નીચેના સંયમસ્થાનની પ્રાપ્તિ થાય છે ? તેના નિરાકરણ માટે કહે છે -

ટીકાર્થ :-

અધસ્તનસ્થાન .... પરમાર્થઃ ।=અધસ્તનસ્થાનમાં રહેલાને જ=નીચલા સંયમસ્થાનમાં રહેલાને જ, પુષ્ટાલંબનમાં પણ વૈક્રિયાદિ ક્રિયા કરવાનું અધિકારીપણું છે, પરંતુ તત્કરણપ્રયોજ્ય= પુષ્ટાલંબનમાં વૈક્રિયાદિકરણ પ્રયોજ્ય, અધસ્તનસ્થાનની સ્થિતિ=નીચલા સંયમસ્થાનની સ્થિતિ, નથી, हिट्ठट्ठाणठिओ ..... એ આગમનો=બૃહત્કલ્પભાષ્યના સાક્ષીપાઠનો, પરમાર્થ છે.

વિશેષાર્થ :-

કોઈ સાધુ સંયમના નીચલા સ્થાનમાં રહેલો હોય, તેને જ પુષ્ટાલંબનમાં વૈક્રિયાદિ ક્રિયાઓ કરીને સંઘનાં કાર્ય કરવાનો અધિકાર છે, પરંતુ સંયમના ઉપરના સ્થાનમાં રહેલો હોય તેને પુષ્ટાલંબનમાં પણ સંઘનાં કાર્ય કરવાનો અધિકાર નથી. અને જ્યારે સંયમના નીચલા સ્થાનમાં રહેલો સાધુ સંઘનાં કાર્ય કરે છે, ત્યારે તે સંઘનાં કાર્ય કરવાને કારણે તેને નીચેના સંયમસ્થાનની પ્રાપ્તિ થતી નથી, પરંતુ જે સંયમસ્થાનમાં છે ત્યાં જ અવસ્થિત હોય છે, અને સંઘના કાર્યકૃત મહાનિર્જરાના ફળને પામે છે. એ પ્રકારનો આ બૃહત્કલ્પભાષ્ય આગમપાઠનો આશય છે.

ટીકાર્થ :-

इत्यलं ..... अनुप्रसक्त्या । એથી કરીને પ્રસક્તના નિરાકરણથી પ્રાપ્ત થતી એવી અનુપ્રસક્તિ વડે સર્યું.

વિશેષાર્થ :-

પૂર્વમાં ચારણમુનિની ચૈત્યવંદના દ્વારા ભગવાનની મૂર્તિની વંદ્યતા કહી, ત્યાં પૂર્વપક્ષીએ ચારણમુનિનું વંદન '**तस्स ठाणस्स**' પાઠ દ્વારા દોષરૂપ બતાવ્યું, તે પ્રસક્તિરૂપ છે. તેનું સિદ્ધાંતકારે ગૌતમસ્વામીના દૃષ્ટાંત દ્વારા નિરાકરણ કરીને, પુષ્ટાલંબનથી વિકુર્વણાદિ વિષયમાં દોષ નથી, તેમ સિદ્ધ કર્યું. ત્યાં પૂર્વપક્ષીએ ભગવતીના પાઠમાં 'માયી વિકુર્વે છે કે, અમાયી વિકુર્વે છે,' એ પાઠ દ્વારા પુષ્ટાલંબનમાં વૈક્રિયકરણનો અસંભવ છે, એ રૂપ અનુપ્રસક્તિ આપી. અને તે અનુપ્રસક્તિનું '**सत्यं...થી... परमार्थः**' સુધીના કથનથી સિદ્ધાંતકારે નિરાકરણ કર્યું. તેથી પ્રસક્તિના નિરાકરણથી પ્રાપ્ત એવી અનુપ્રસક્તિથી સર્યું એમ ગ્રંથકાર કહે છે.

अत एव भगवत्यां तृतीयशतके ...થી... **इत्यलं प्रसक्तानुप्रसक्त्या** સુધીના કથનની પરસ્પર સાપેક્ષતા આ પ્રમાણે છે -

'**अत एव**' થી ગ્રંથકારે કહ્યું કે, ભગવતીના ત્રીજા શતકના પાંચમા ઉદ્દેશાના સૂ. ૧૬૧માં સંઘના કૃત્યના પ્રસંગે સાધુના વૈક્રિયકરણનો વિષયમાત્ર કહેવાયો છે. ત્યાં એમ નથી કહ્યું કે, સાધુની વૈક્રિય કરવાની શક્તિનો વિષય આટલો છે, પરંતુ સંઘકૃત્યના પ્રસંગે વૈક્રિયકરણની શક્તિનો વિષય આટલો છે એમ કહેવાયું છે. તેથી એ પ્રાપ્ત થાય કે - ભગવતીમાં બતાવાયેલ વિષય સાધુની શક્તિરૂપે માત્ર છે, પણ

ક્યારેય કરતા નથી એવો અર્થ પ્રાપ્ત થાય નહિ. પરંતુ સંઘના કૃત્યમાં સાધુ આટલું કરી શકે તેમ છે, અને પ્રસંગ આવે તો આટલું કરે પણ ખરા, એવો અર્થ પ્રાપ્ત થાય છે. અને ભગવતીસૂત્રમાં ભાવિતાત્મા અણગાર શું શું કરી શકે છે, તે બતાવ્યું. એનાથી એ કહેવું છે કે, વૈક્રિયલબ્ધિ પ્રાયઃ કરીને ભાવિતાત્મા અણગારને પ્રાપ્ત થાય છે, તેથી સર્વત્ર **'भावितात्मा'** થી પાઠ શરૂ કરેલ છે. અને પછી ત્યાં **'नो चेव णं संपत्तीए विकुव्विसुं'** એ કથન દ્વારા કહ્યું કે, વૈક્રિયલબ્ધિની પ્રાપ્તિમાત્રથી ભૂતકાળમાં આવું કર્યું નથી, વર્તમાનમાં કોઈ કરતા નથી અને ભવિષ્યમાં કરવાના નથી. તેનાથી એ અર્થ પ્રાપ્ત થાય છે કે, લબ્ધિની પ્રાપ્તિમાત્રથી સાધુઓ વૈક્રિયલબ્ધિને ફોરવતા નથી, પરંતુ સંઘનું કૃત્ય આવે ત્યારે ફોરવે છે, તે સિવાય ત્રણે કાળમાં ક્યારેય આવું વૈક્રિયકરણ કરતા નથી. અને સંઘના કાર્યમાં તેઓની કરવાની શક્તિ કેટલી છે, તેટલો વિષય બતાવ્યો છે. અને ભગવતીસૂત્રમાં આગળ કહ્યું કે, "માયી વિકુર્વે છે, અમાયી વિકુર્વતા નથી" તેથી એ પ્રાપ્ત થાય કે, ભાવિતાત્મા ક્યારેય પણ વિકુર્વતા નથી. ફક્ત તેઓ સંઘના કૃત્ય પ્રસંગે જ વૈક્રિયકરણ કરે છે, અને તે વખતે જે વિકુર્વણા કરે છે, તે વિકુર્વણારૂપ નથી, પરંતુ સંઘના કૃત્યરૂપ છે. વળી માયી કરે છે તે પાછળથી પશ્ચાત્તાપના પરિણામવાળો થાય તે અમાયી કહેવાય, અને તેની આલોચના કરીને કાળ કરે તો તે આભિયોગિક દેવમાં ઉત્પન્ન થાય નહિ; અને આલોચના કર્યા વગર કાળ કરે તો તે અમાયી નથી, તેથી ચારિત્રની વિરાધનાને કારણે આભિયોગિક દેવમાં ઉત્પન્ન થાય છે. આથી જ ભગવતીના પાઠ પછી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે કહેલ છે કે, પુષ્ટાલંબનમાં વિકુર્વણાદિથી દોષ નથી. જો ભાવિતાત્મા અણગાર ત્રણ કાળમાં વિકુર્વતા ન જ હોય તો પુષ્ટાલંબનથી વિકુર્વણામાં દોષ નથી, એ કથન સંગત થાય નહિ. આની સામે ભગવતીના ચોથા ઉદ્દેશના સૂત્ર-૧૬૦નું આલંબન લઈને કોઈ પૂર્વપક્ષી કહે છે કે, માયા વગર વૈક્રિયકરણ સંભવે જ નહિ. તેથી પુષ્ટાલંબનમાં કોઈ વૈક્રિય શરીર બનાવે તે અસંભવિત છે. તેનું નિરાકરણ કરતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે ખુલાસો કર્યો કે, ચોથા ઉદ્દેશાના સૂત્ર-૧૬૦નો પાઠ અપુષ્ટાલંબનના સ્થાનને આશ્રયીને છે. તેથી અપુષ્ટાલંબનથી જે વૈક્રિયકરણ થાય છે, તેને સામે રાખીને ચોથા ઉદ્દેશાનું સૂત્ર-૧૬૦ છે, અને પાંચમા ઉદ્દેશાનું સૂત્ર-૧૬૧ પુષ્ટાલંબનવાળાને સામે રાખીને છે, અને ચોથા ઉદ્દેશામાં બતાવેલ અપુષ્ટાલંબનરૂપ વૈક્રિયકરણ છે.

ત્યાર પછી કહ્યું કે, ચોથા ઉદ્દેશામાં બતાવેલ અપુષ્ટાલંબનવાળા એવા માયી, વૈક્રિયકરણ કરે અને આલોચના ન કરે તો આભિયોગિક દેવમાં ઉત્પન્ન થાય. તેથી પાઠનો પરસ્પર વિરોધ નથી.

ટીકા :-

कश्चित्तु स्वकुललघुकरणावाप्तलघुजिन्नामा चारणश्रमणानां शक्तिमात्रेणैवेयं गतिविषयोक्तिः, न तु केऽपि नन्दीश्वरादौ गता, गच्छन्ति यास्यन्ति वा, अन्यथा षोडशसहस्र-योजनोच्छ्रितलवणवेलाजले गच्छतां तेषां जलजीवादिविराधनया चारित्रमन्तः प्लवेतेति मुग्धवञ्चनकुतुहली भुजमुत्क्षिप्याह । स तु कृतान्तकोपेनैव निहन्तव्यः, चारणश्रमणानां सातिरेकेण सप्तदशसहस्रयोजनानि ऊर्ध्वमुत्पत्त्यैव

तिर्यग्गतिप्रवृत्तेः, सिद्धान्तेऽभिधानात् । तथा च समवायसूत्रम् - 'इमीसेणं रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ साइरेगाइं सत्तरसजोयणसहस्साइं उड्ढं उप्पइत्ता तओ पच्छा चारणाणं तिरियं गती पवत्तइ' त्ति ।।८।।

ટીકાર્થ :-

कश्चितु ..... अभिधानात् ।ભગવતીસૂત્રમાં ચારણશ્રમણોની શક્તિમાત્રથી જઆગતિવિષયોક્તિ છે, પરંતુ કોઈ પણ (ચારણશ્રમણો) નંદીશ્વરાદિમાં ગયા નથી, જતા નથી અને જશે નહિ. અન્યથા સોળ હજાર ઊંચે લવણસમુદ્રના વેલાજળમાં જતા એવા તેઓનું, જલજીવાદિની વિરાધનાથી ચારિત્ર વિનાશ પામે. એ પ્રમાણે મુગ્ધને ઠગવામાં કુતૂહલી (અને) સ્વકુળને લઘુ કરવાથી પ્રાપ્ત કર્યું છે લઘુજી નામ જેણે એવી કોઈ વ્યક્તિ ભૂજા ઉછાળીને કહે છે, તે ખરેખર કૃતાંતના કોપથી જ હણવા યોગ્ય છે. કેમ કે ચારણશ્રમણોની કાંઈક અધિક સત્તર હજાર યોજન ઊર્ધ્વ ઊડીને તિર્યગ્ગતિની પ્રવૃત્તિનું સિદ્ધાંતમાં અભિધાન છે.

'तथा च समवायसूत्रम्' - અને તે પ્રમાણે સમવાયસૂત્રમાં કહ્યું છે –

'ईमीसेणं ..... पवत्तइ' त्ति । ચારણો આ રત્નપ્રભા પૃથ્વીની બહુસમ અને રમણીય ભૂમિતલ ઉપર સાતિરેક સત્તર હજાર યોજન ઊર્ધ્વ ઉત્પાત કરીને ત્યારપછી તિરછી ગતિ કરે છે.।।૮।।

त्ति શબ્દ સમવાયસૂત્રના પાઠની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

અહીં કૃતાંતના કોપથી હણવા યોગ્ય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, લુંપાક ઉત્સૂત્રભાષી છે, અને ઉત્સૂત્રભાષી હોવાથી કૃતાંત તેના ઉપર કોપે છે અર્થાત્ ઘણા ભવો સુધી યમરાજા તેની કદર્થના કરે છે. **॥૮॥**

અવતરણિકા :-

उक्तश्चारणवन्द्यताऽधिकारः अथ देववन्द्यतामधिकृत्य देवानां शरणीकरणीयतया भगवन्मूर्त्तिमभिष्टौति –

અવતરણિકાર્થ :-

શ્લોક-૮ માં ચારણમુનિની વંદ્યતાનો અધિકાર કહેવાયો અને શ્લોક-૫ માં મૂર્તિ દેવોથી વંદન કરાયેલી છે એમ બતાવ્યું. તેથી હવે દેવવંદ્યતાને આશ્રયીને દેવોને શરણ કરવા યોગ્યપણાથી ભગવાનની મૂર્તિની સ્તવના કરતાં ગ્રંથકાર કહે છે –

શ્લોક :-

अर्हच्चैत्यमुनीन्दुनिश्रिततया शक्रासनक्ष्मावधि,
प्रज्ञप्तौ भगवान् जगाद चमरस्योत्पातशक्तिं ध्रुवम् ।
जैनीं मूर्त्तिमतो न योऽत्र जिनवज्जानाति जानातु क-
स्तं मर्त्यं बत शृङ्गपुच्छरहितं स्पष्टं पशुं पण्डितः ।।९।।

શ્લોકાર્થ :-

ભગવાને પ્રજ્ઞપ્તિસૂત્રમાં તીર્થંકરની, તીર્થંકરની પ્રતિમાની અને મુનિચંદ્રોની નિશ્રા કરવાથી ચમરની શક્રના સિંહાસન સુધી ઉત્પાતશક્તિ નક્કી કહી. આથી=અર્હદ્ અને અણગારના મધ્યે ચૈત્યપાઠ હોવાથી, જે અહીં=જિનશાસનમાં, જૈનીમૂર્તિને જિનેશ્વરતુલ્ય જાણતો નથી, તેને કયો પંડિત પુરુષ મનુષ્ય જાણે ? અર્થાત્ કોઈ ન જાણે. (પરંતુ) શિંગડાં અને પૂંછડા વિનાનો સ્પષ્ટ પશુ જાણે. ।।૯।।

ટીકા :-

अर्हदिति :- अर्हन्तः=तीर्थंकराः, चैत्यानि-तत्प्रतिमाः, मुनींदवः=परमसौम्यभावभाजः साधुचन्द्रास्तन्निश्रिततया=तन्निश्राकरणेन हेतुना, भगवान्=ज्ञातनन्दनः, चमरस्य=असुरकुमारराजस्य, शक्रस्य याऽऽसनक्ष्मा=आसनपृथ्वी, साऽऽवधिर्यत्र=यस्यां क्रियायाम् तथा, चमरस्योत्पातशक्तिं ध्रुवम्=निश्चितं, जगाद । अतः=अर्हदनगारमध्ये चैत्यपाठात्, योऽत्र=जिनशासने, जैनीं मूर्तिं जिनवत्=जिनतुल्यां, न जानाति । तं मर्त्यं=मनुष्यं, कः पण्डितः=मोक्षानुगतप्रेक्षावान्, जानातु ? न कोऽपीत्यर्थः । सर्वेषामपि प्रेक्षावतां स मनुष्यमध्ये न गणनीय इति तात्पर्यम् । कीदृशं तम् ? अत्यविवेकितया स्पष्टं=प्रत्यक्षं, पशुम् । कीदृशं पशुम् ? शृङ्गपुच्छाभ्यां रहितम् । शृङ्ग-पुच्छाभावमात्रेण तस्य पशोर्वैधर्म्यं नान्यदित्यर्थः ।

ટીકાર્થ :-

अर्हन्तः ..... नान्यदित्यर्थः । અરિહંતો=તીર્થંકરો, ચૈત્યો=તીર્થંકરોની પ્રતિમાઓ, મુનીન્દુઓ= પરમ સૌમ્યભાવને ધારણ કરનારા સાધુચંદ્રો, તેમની નિશ્રા કરવાથી=નિશ્રા કરવા રૂપ હેતુથી, ભગવાન=જ્ઞાતનંદન મહાવીરસ્વામીએ, શક્રની જે સિંહાસન પૃથ્વી, તે છે અવધિ જે ક્રિયામાં ત્યાં સુધી, ચમરની=અસુરકુમારરાજની, ઉત્પાતશક્તિ ધ્રુવ=નિશ્ચિત, કહી. આથી=અર્હદ્ અને અણગારના મધ્યમાં ચૈત્યપાઠ હોવાથી, જે અહીં=જિનશાસનમાં, જૈની મૂર્તિને જિનતુલ્ય

જાણતો નથી, તેને=લુંપાકને, કયો પંડિત=મોક્ષને અનુસરનાર પ્રેક્ષાવાન=બુદ્ધિશાળી, મનુષ્ય જાણે ? અર્થાત્ કોઈ ન જાણે. સર્વે પણ બુદ્ધિશાળીઓને તે લુંપાક મનુષ્યની મધ્યમાં ગણના કરવા યોગ્ય નથી, એ પ્રમાણે તાત્પર્ય છે. કેવા પ્રકારનો તે છે ? અત્યંત અવિવેકીપણું હોવાને કારણે સ્પષ્ટ= પ્રત્યક્ષ, પશુ છે. કેવા પ્રકારનો પશુ છે ? શિંગડાં અને પૂંછડા વગરનો પશુ છે. શિંગડાં અને પૂંછડાના અભાવમાત્રથી તેનું=લુંપાકનું, પશુથી વૈધર્મ્ય છે, બીજું નહિ. એ પ્રમાણે અર્થ જાણવો.

ટીકા :-

व्यतिरेकालङ्कारगर्भोऽत्राक्षेपः । 'उपमानाद् यदन्यस्य व्यतिरेकः स एव स' **इति काव्यप्रकाशकारः, (उल्लास १० सू०-१५९) न च व्यतिरेक उत्कर्ष इत्यत्रानुक्तिसंभवः** 'हनुमदाद्यैर्यशसा मया पुनर्द्विषां हसैर्दूत्यपथः सितीकृतः । **(नैषधीयकाव्ये स० ९ श्लोक-१२३) इत्यादौ अपकर्षेऽपि तद्दर्शनात् । प्रपञ्चितं चैतदलङ्कारचूडामणिवृत्तावस्माभिः ।**

ટીકાર્થ :-

व्यतिरेक ..... काव्यप्रकाशकारः, **અહીંયાં = પ્રસ્તુત શ્લોકમાં, વ્યતિરેક અલંકાર છે ગર્ભમાં જેને એવો આક્ષેપ છે. અહીં વ્યતિરેક અલંકારનું લક્ષણ કાવ્યપ્રકાશકારે આ પ્રમાણે કહ્યું છે** - ઉપમાનથી જે અન્યનો વ્યતિરેક તે જ તે છે.

વિશેષાર્થ :-

પ્રસ્તુતમાં લુંપાકને પશુની ઉપમા આપી છે. તેથી ઉપમાન એવા પશુથી જે અન્યનો = લુંપાકનો, વ્યતિરેક=આધિક્ય છે, તે જ તે છે. અર્થાત્ ઉપમાન એવો પશુ શિંગડાં અને પૂંછડાવાળો છે, જ્યારે લુંપાક શિંગડાં અને પૂંછડા વગરનો હોવાને કારણે પશુ કરતાં કંઈક અધિક છે અર્થાત્ મનુષ્ય છે; તે રૂપ અધિક છે. તેથી લુંપાક જ પશુ છે, તે વ્યતિરેક અલંકાર છે. અને આ રીતે વ્યતિરેક અલંકાર બતાવ્યો. હવે વ્યતિરેકઅલંકારગર્ભ આક્ષેપ કહ્યો. (તે આક્ષેપ કાવ્યપ્રકાશ પ્રમાણે આ છે - વિશેષ કહેવાની ઈચ્છાથી કહેવા માટે ઈષ્ટનો જે નિષેધ તે આક્ષેપ છે.) પ્રસ્તુતમાં લુંપાક મનુષ્યરૂપે કહેવા માટે ઈષ્ટ છે, તેને મૂર્ખ કહેવા રૂપ વિશેષ કહેવાની ઈચ્છાથી મનુષ્યનો જે નિષેધ તે આક્ષેપ છે. તેથી પ્રસ્તુતમાં વ્યતિરેકઅલંકારગર્ભ એવો આક્ષેપ છે.

ટીકાર્થ :-

न च ..... अस्माभिः । **અહીં કોઈ શંકા કરે કે, વ્યતિરેક અલંકાર ઉત્કર્ષમાં હોઈ શકે. (પરંતુ અપકર્ષમાં ન હોઈ શકે.) એથી કરીને અહીં=પ્રસ્તુત શ્લોકમાં, અનુક્તિનો સંભવ છે=અનુક્તિ અલંકારનો સંભવ છે, પરંતુ વ્યતિરેક અલંકારનો નહિ. તેનો નિષેધ કરતાં સિદ્ધાંતકાર કહે છે કે,**

એમ ન કહેવું. કેમકે નૈષધીય કાવ્યમાં 'हनुमदाद्यैः' થી सितीकृतः એ કથનમાં અપકર્ષમાં પણ તેનું= વ્યતિરેક અલંકારનું, દર્શન છે, અને આ અલંકારચૂડામણિની વૃત્તિમાં અમારા વડે કહેવાયેલું છે.

વિશેષાર્થ :-

લુંપાકને શિંગડાં અને પૂંછડા વગરનો પશુ કહેવાથી તેનો અપકર્ષ બતાવ્યો પણ ઉત્કર્ષ નહિ, અને વ્યતિરેક અલંકાર ઉત્કર્ષમાં જ હોય; તેથી અહીં વ્યતિરેક અલંકાર માની શકાય નહિ, પરંતુ અનુક્તિ અલંકારનો સંભવ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેનો નિષેધ કરતાં સિદ્ધાંતકાર કહે છે કે, એમ ન કહેવું. અને તેમાં નૈષધીય કાવ્યનું દૃષ્ટાંત આપ્યું. તેનું તાત્પર્ય એ છે કે, હનુમાનાદિ વડે યશથી દૂત્યપથ ઉજ્જ્વલ કરાયો, વળી મારા વડે શત્રુઓના હસવા વડે દૂત્યપથ ઉજ્જ્વલ કરાયો, એ પ્રકારે નૈષધીય કાવ્યમાં નળ-દમયંતીના પ્રસંગમાં કહેવાયું છે. ત્યાં હનુમાનાદિ વડે કરીને જે યશથી દૂત્યપથ ઉજ્જ્વલ કરાયો, તેની અપેક્ષાએ પોતાના વડે શત્રુઓના હસવા વડે દૂત્યપથ ઉજ્જ્વલ કરાયો, તે અપકર્ષને બતાવનાર છે, તો પણ ત્યાં વ્યતિરેક અલંકાર છે એમ નૈષધીય કાવ્યમાં કહેલ છે. તેથી અપકર્ષમાં પણ વ્યતિરેક અલંકાર દેખાય છે, એ વાત અલંકાર ચૂડામણિની વૃત્તિમાં ગ્રંથકાર વડે વિસ્તારથી કહેવાઈ છે; તેથી વ્યતિરેક અલંકાર ઉત્કર્ષમાં જ છે એવો નિયમ નથી, પરંતુ અપકર્ષમાં પણ હોઈ શકે છે.

ટીકા :-

अत्रालापकाः- (भग० श० स० ३ उ० २)

किं निस्साए णं भंते ! असुरकुमारा देवा उढ्ढं उप्पयंति जाव सोहम्मो कप्पो ? से जहानामए इह सबराइ वा बब्बराइ वा टंकणाइ वा चुच्चुयाइ वा पल्हयाइ वा पुलिंदाइ वा एगं महं गड्ढं वा दुग्गं वा दरिं वा विसमं वा पव्वतं वा णीसाए सुमहल्लमवि आसबलं वा हत्थिबलं वा जोहबलं वा धणुबलं वा आगलेंति, एवामेव असुरकुमारा वि देवा, णऽन्नत्थ अरहंते वा, अरहंतचेइयाणि वा, अणगारे वा भावियप्पणो निस्साए उड्ढं उप्पयंति जाव सोहम्मो कप्पो' त्ति 'णऽन्नत्थ'त्ति=तन्निश्रां विना नेत्यर्थः । तथा 'तए णं से चमरे असुरिंदे असुरराया ओहिं पउंजइ, २ मम ओहिणा आभोएइ, २ इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था-एवं खलु समणे भगवं महावीरे जंबुद्दीवे दीवे भारहेवासे सुंसुमारपुरे नगरे असोगवणसंडे उज्जाणे असोगवरपायवस्स अहे पुढविसिलावट्टयंसि अट्ठमभत्तं पगिण्हित्ता एगराइयं महापडिमं उवसंपज्जित्ताणं विहरति । तं सेयं खलु मे समणं भगवं महावीरं नीसाए सक्कं देविंदं देवरायं सयमेव अच्चासादेत्तए' त्ति कट्टु एवं संपेहेइ २ सयणिज्जाओ अब्भुट्ठेइ, २ त्ता देवदूसं परिहेइ, २ उववायसभाए पुरत्थिमिल्लेणं दारेणं णिग्गच्छइ, २ जेणे व सभा सुहम्मा, जेणेव चोप्पाले पहरणकोसे तेणेव उवागच्छइ २ फलिहरयणं परामुसइ, २ एगे अबिए फलिहरयणमायाए महया अमरिसं वहमाणे चमरचंचाए मज्झंमज्झेणं निग्गच्छइ २ जेणेव तिगिंछकूडे उप्पायपव्वए तेणेव उवागच्छइ, २ त्ता वेउव्वियसमुग्घाएणं समोहण्णइ, २ त्ता संखेज्जाइं जोयणाइं जाव उत्तरवेउव्वियं रूवं विकुव्वइ, २ त्ता ताए

उक्किट्ठाए जाव जेणेव पुढविसिलावट्टए जेणेव ममं अंतिए तेणेव उवागच्छति, २ त्ता ममं तिक्खुत्तो आदाहिणंपदाहिणं करोति, २ त्ता जाव नमंसित्ता एवं वयासी- 'इच्छामि णं भंते ! तुब्भं नीसाए सक्कं देविंदं देवरायं सयमेव अच्चासादित्तए' त्ति कट्टु उत्तरपुरत्थिमं दिसिभागं अवक्कमइ, २ वेउव्वियसमुग्घातेणं समोहण्णइ, २ जाव दोच्चंपि वेउव्वियसमुग्घातेणं समोहण्णइ, २ एगं महं घोरं घोरागारं भीमं भीमागारं भासुरं भयाणयं गंभीरं उत्तासणयं कालड्ढरत्तमासरासिसंकासं जोयणसयसाहस्सीयं महाबोंदिं विउव्वइ, २ अप्फोडेइ, २ वग्गइ गज्जइ, हयहेसियं करेइ, २ हत्थिगुलुगुलाइयं करेइ, २ रहघणघणाइयं करेइ, २ पायदद्दरगं करेइ, २ भूमिचवेडयं दलयइ २ सींहणादं नदइ २, उच्छोलेति, २ पच्छोलेति, २ तिवइं छिंदइ, २ वामं भुयंऊसवेइ, २ दाहिणहत्थपदेसिणीए य अंगुट्ठनहेण य वितिरिच्छमुहं विडंबइ, २ महया २ सद्देणं कलकलरवं करेइ, एगे अब्बितिए फलिहरयणमायाए उड्ढं वेहासं उप्पतिए, खोभंते चेव अहोलोयं, कंपेमाणे च मेइणितलं, साकढ्ढंते व तिरियलोयं, फोडेमाणे व अंबरतलं, कत्थइ गज्जंतो, कत्थइ विज्जुयायंते, कत्थइ वासं वासमाणे कत्थइ रयुग्घायं पकरेमाणे, कत्थइ तमुक्कायं पकरेमाणे, वाणमंतरे देवे वित्तासेमाणे २ जोइसिए देवे दुहा विभयमाणे २, आयरक्खे देवे विपलायमाणे २, फलिहरयणं अंबरतलंसि वियड्ढमाणे २, विउब्भावेमाणे २, ताए उक्किट्ठाए जाव तिरियमसंखेज्जाणं दीवसमुद्दाणं मज्झं मज्झेणं वीयीवयमाणे २, जेणेव सोहम्मे कप्पे, जेणेव सोहम्मवडेंसए विमाणे, जेणेव सभा सुधम्मा तेणेव उवागच्छइ, २ एगं पायं पउमवरवेइआए करेइ, एगं पायं सभाए सुहम्माए करेइ, फलिहरयणेणं महया २ सद्देणं तिक्खुत्तो इंदकीलं आउडेति, २ एवं वयासी-कहि णं भो ! सक्के देविंदे देवराया ? कहिं णं ताओ चउरासीइं सामाणियसाहस्सीओ ? जाव कहिं णं ताओ चत्तारि चउरासीईओ आयरक्खदेवसाहस्सीओ ?

कहिं णं ताओ अणेगाओ अच्छराकोडीओ ? अज्ज हणामि, अज्ज महेमि, अज्ज वहेमि, अज्ज ममं अवसाओ अच्छराओ वसमुवणमंतु' त्तिकट्टु तं अणिट्ठं, अकंतं अप्पियं असुभं अमणुण्णं अमणामं फरुसंगिरं निसिरइ ।

तए णं से सक्के देविंदे देवराया तं अणिट्ठं जाव अमणामं अस्सुयपुव्वं फरुसं गिरं सोच्चा निसम्म आसुरत्ते जाव मिसिमिसेमाणे तिवलियं भिउडिं निडाले साहट्टु चमरं असुरिंदं असुररायं एवं वदासी-हंभो ! चमरा ! असुरिंदा ! असुरराया ! अपत्थियपत्थया ! जाव हीणपुण्णचाउद्दसा ! अज्ज न भवसि, नाहि ते सुहमत्थि' त्ति कट्टु तत्थेव सींहासणवरगते वज्जं परामुसइ २, तं जलंतं फुडंतं तडंतडतं उक्कासहस्साइं विणिम्मुयमाणं २, जालासहस्साइं पमुंचमाणं २, इंगालसहस्साइं पविक्खिरमाणं २ फुलिंगजालामालासहस्सेहिं चक्खुविक्खेवदिट्ठिपडिघातं पकरेमाणं हुतवहअतिरेगतेयदिप्पंतं जइणवेगं फुल्लकिंसुयसमाणं महब्भयं भयकरं चमरस्स असुरिंदस्स असुररण्णो वहाए वज्जं निसिरइ ।

तए णं से चमरे असुरिंदे असुरराया तं जलंतं जाव भयकरं वज्जमभिमुहं आवयमाणं पासइ, पासित्ता झियाति, पिहाइ, झियायित्ता पिहायित्ता तहेव संभग्गमउडविडए सालंबहत्थाभरणे उढ्ढंपाए अहोसिरे कक्खागयसेयंपिव विणिम्मुयमाणे २ ताए उक्किट्ठाए । जाव तिरियमसंखेज्जाणं दीवसमुद्दाणं मज्झंमज्झेणं वीईवयमाणे २ जेणेव

जंबुद्दीवे दीवे जाव जेणेव असोगवरपायवे जेणेव ममं अंतिए तेणेव उवागच्छइ, २ त्ता भीए भयगग्गरसरे 'भगवं सरणं' इति बुयमाणे ममं दोण्हवि पायाणं अंतरंसि झत्ति वेगेणं समोवतिते । (सू० १४४)

तए णं तस्स सक्कस्स देविंदस्स देवरण्णो इमेयारुवे अज्झत्थिए जाव समुप्पज्जित्था 'नो खलु पभू चमरे असुरिंदे असुरराया, नो खलु समत्थे चमरे असुरिंदे असुरराया, नो खलु विसए चमरस्स असुरिंदस्स असुररण्णो अप्पणो निस्साए उड्ढं उप्पतित्ता जाव सोहम्मो कप्पो, णऽन्नत्थ अरहंते वा, अरहंतचेइयाणि वा, अणगारे वा भावियप्पणो नीसाए उड्ढं उप्पयति जाव सोहम्मो कप्पो । तं महादुक्खं खलु तहारूवाणं अरहंताणं भगवंताणं अणगाराण य अच्चासायणाए त्तिकट्टु ओहिं पजुंजति, २ ममं ओहिणा आभोएति, २ 'हा हा ! अहो हतो अहमंसि'ति कट्टु ताए उक्किट्ठाए जाव दिव्वाए देवगतीए वज्जस्स वीहीं अणुगच्छमाणे २ तिरियमसंखेज्जाणं दीवसमुद्दाणं मज्झंमज्झेणं जाव जेणेव असोगवरपादवे जेणेव ममं अंतिए तेणेव उवागच्छइ २ मम चउरंगलुमसंपत्तं वज्जं पडिसाहरइ । अवियाऽऽइं मे गोयमा ! मुट्ठिवातेणं केसग्गे वीइत्था ।। (सू० १४५)

तए णं से सक्के देविंदे देवराया वज्जं पडिसाहरित्ता ममं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ २ वंदइ नमंसइ २ एवं वयासी-एवं खलु भंते ! अहं तुब्भं नीसाए चमरेणं असुरिंदेणं असुररन्ना सयमेव अच्चासाइए, तए णं मए परिकुविएणं समाणेणं चमरस्स असुरिंदस्स असुररन्नो वहाए वज्जे निसिट्ठे, तए णं मे इमेयारुवे, अज्जत्थिए जाव समुप्पज्जित्था-नो खलु पभू चमरे असुरिंदे असुरराया तहेव जाव ओहिं पउंजामि, देवाणुप्पिए ओहिणा आभोएमि हा ! हा ! अहो हतोमी तिकट्टु ताए उक्किट्ठाए जाव जेणेव देवाणुप्पिए तेणेव उवागच्छामि, देवाणुप्पियाणं चउरंगुलमसंपत्तं वज्जं पडिसाहरामि । वज्जपडिसाहरणट्ठयाए णं इह मागए, इह समोसढे, इह संपत्ते, इहेव अज्ज उवसंपज्जित्ता णं विहरामि। तं खामेमि णं देवाणुप्पिया । खमंतु णं देवाणुप्पिया । खमंतुमरहंतु णं देवाणुप्पिया ! णाइभुज्जो एवं पकरणताए त्तिकट्टु ममं वंदइ-नमंसइ २ उत्तरपुरच्छिमं दिसीभागं अवक्कमइ २ वामेणं पादेणं तिक्खुत्तो भूमिं दलेइ २ चमरं असुरिंदं असुररायं एवं वयासी-मुक्कोसि णं भो चमरा ! असुरिंदा असुरराया ! समणस्स भगवओ महावीरस्स पभावेण । न हि तेदाणिं ममाओ भयमत्थि त्तिकट्टु जामेव दिसिं पाउब्भुऐ तामेव दिसिं पडिगए ।। सू० १४६)

टीकार्थ :-

अत्रालापकाः - किं निस्साए ..... पडिगए (सू. १४६) - **अहींयां=जिनप्रतिमा देवोने पण वंद्य छे એ कथनमां, आलापको कहे छे -**

'किं निस्साए' हे भगवंत ! कोनी निश्राए असुरकुमार देवो ऊर्ध्व सौधर्मकल्प सुधी उत्पात करे छे ? हे गौतम ! ते यथानामवाळा शबरादि, बब्बरादि, ढंकणादि, चुरचुमादि (जाति), पल्हादि (जाति), पुलिंदादि लोको એક મોટા ખાડાનો, दुर्गनो=दुर्गादिनो, दरीनो=पर्वतनी गुफानो, विषमनो=गर्ता અને वृक्षादिथी आकुल भूमिनो, अथवा पर्वतनो आश्रय करीने सारा मोटा એवा पण अश्वना सैन्यने, हाथीना सैन्यने, योद्धाना सैन्यने, धनुष्यना सैन्यने 'हुं जीतुं'

એ પ્રમાણે અધ્યવસાય કરે છે. એ પ્રમાણે જ અસુરકુમાર દેવો પણ અરિહંતોનો, અરિહંતોના ચૈત્યોનો અને ભાવિતાત્મા સાધુનો આશ્રય કરીને ઊંચે યાવત્ સૌધર્મકલ્પ સુધી જાય છે, તે તેમની નિશ્રા વિના નહિ. અરિહંતોની, અરિહંતોના ચૈત્યોની અને ભાવિતાત્મા સાધુઓની નિશ્રા=આશ્રય, કર્યા વિના ઊંચે યાવત્ સૌધર્મકલ્પ સુધી ઉત્થાન કરી શકતા નથી.

'णऽन्नत्थ त्ति'=તેની નિશ્રા વિના નહિ એ પ્રમાણે અર્થ જાણવો.

✪ અહીં સુધીનું સૂત્ર ભગવતીના શતક-૩, ઉદ્દેશો-૨, સૂત્ર-૧૪૩ના મધ્યભાગનું છે.

✪ હવે 'तए णं से' ..... થી પાઠ ટીકામાં છે. તે ભગવતી શતક-૩, ઉદ્દેશો-૨, સૂત્ર-૧૪૪ ના મધ્યભાગનું છે, અને ૧૪૪મું સૂત્ર સંપૂર્ણ અહીં આપેલ નથી. ત્યાર પછી સૂત્ર-૧૪૫, સૂત્ર-૧૪૬ સંપૂર્ણ અહીં આપેલ છે.

'तए णं से' તે અસુરેન્દ્ર અસુરરાજ ચમરે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો, અવધિજ્ઞાનનો પ્રયોગ કરીને અવધિજ્ઞાન વડે મને જાણે છે, અવધિજ્ઞાન વડે મને જાણીને આવા પ્રકારનો પોતાના વિષયક યાવત્ ચિંતિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. (અહીં इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था એનો પૂર્ણ વાક્યાન્વય આ પ્રમાણે છે - इमेयारूवे अज्झत्थिए चिंतिए पत्थिए मणोगये संकप्पे समुप्पज्जित्था । વચલા શબ્દો 'यावत्' શબ્દથી સંગૃહીત કરેલ છે. તેથી અર્થ આ પ્રમાણે છે - અસુરેંદ્ર, અસુરરાજાને આવા પ્રકારનો પોતાના વિષયક ચિંતિત પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો.) "આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર જંબૂદ્વીપ નામે દ્વીપમાં, ભરતવર્ષમાં સુંસુમારપુર નગરમાં, અશોકવન ખંડ ઉદ્યાનમાં, અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલા પટ્ટક ઉપર અઠ્ઠમ તપને ગ્રહણ કરીને એક રાત્રિની મહાપ્રતિમાને સ્વીકાર કરીને વિહરે છે. તેથી શ્રમણ ભગવાન મહાવીરની નિશ્રા વડે કરીને દેવેન્દ્ર દેવરાજા શક્રને સ્વયં જ મારે શોભાથી ભ્રષ્ટ કરવો શ્રેયકારી છે," એથી કરીને આ પ્રમાણે સંપ્રેક્ષણ કરે છે=વિચારે છે, વિચારીને શયનમાંથી ઊભો થાય છે, ઊભો થઈને દેવદૂષ્યને પહેરે છે, દેવદૂષ્યને પહેરીને ઉપપાતસભાથી પૂર્વદિશાના દ્વાર વડે નીકળે છે, નીકળીને જે બાજુ સુધર્માસભા છે, જે બાજુ ચોપ્પાલ પ્રહરણ કોશ=હથિયાર, રાખવાનો ભંડાર છે, તે બાજુ જ સમીપમાં જાય છે, અને સમીપમાં જઈને પરિઘરત્નને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને એકલો, બીજા વિના, પરિઘરત્નને (હથિયાર વિશેષને) લઈને મોટા અમર્ષને=રોષને, વહન કરતો ચમરચંચાના મધ્ય-મધ્યભાગથી નીકળે છે. નીકળીને જે બાજુ તિગિચ્છિકૂટ નામે ઉત્પાત પર્વત છે તે બાજુ જ જાય છે, અને જઈને વૈક્રિય સમુદ્ઘાત વડે ઉત્તરવૈક્રિય શરીર કરે છે, કરીને અસંખ્યાત યોજન યાવત્ ઉત્તરવૈક્રિયરૂપ વિકુર્વે છે, વિકુર્વીને તે ઉત્કૃષ્ટ ગતિ વડે યાવત્ જે બાજુ પૃથ્વીશિલા પટ્ટક છે (જ્યાં હું છું) ત્યાં જ મારી સમીપમાં આવે છે. સમીપમાં આવીને મને ત્રણવાર **आयाहिणं-पयाहिणं**=પ્રદક્ષિણા કરે છે, પ્રદક્ષિણા કરીને યાવત્ નમસ્કાર કરીને આ પ્રમાણે બોલે છે. "હે ભગવંત ! તમારી નિશ્રાએ દેવેન્દ્ર દેવરાજ શક્રને હું સ્વયં જ શોભારહિત કરવા માટે ઈચ્છું છું." એ પ્રમાણે કરીને ઉત્તરપૂર્વના દિશાભાગ તરફ ચાલે છે, ચાલીને વૈક્રિય સમુદ્ઘાત વડે ઉત્તરવૈક્રિય શરીર બનાવે છે, બનાવીને યાવત્ બીજી વાર પણ વૈક્રિય સમુદ્ઘાત વડે ઉત્તરવૈક્રિય શરીર બનાવે છે, બનાવીને એક મોટું, ઘોર, ઘોર આકારવાળું = હિંસક આકૃતિવાળું, ભીમ, ભીમાકારવાળું = ભયજનક આકૃતિવાળું, ભયાનીત=જેના વડે ભય પ્રાપ્ત થાય તેવું, ગંભીર, ઉત્ત્રાસ= ઉદ્વેગ થાય તેવું, ચણોઠી, અડદની રાશિ જેવું, એક લાખ યોજન ઊંચા, મોટા શરીરને વિકુર્વે છે. વિકુર્વીને હાથને પછાડે છે = કર આસ્ફોટ કરે છે, કર આસ્ફોટ કરીને કૂદે છે, કૂદીને ગર્જના કરે છે, ગર્જના કરીને ઘોડાની જેમ ગર્જારવ કરે છે, ગર્જારવ કરીને હાથીની જેમ કિલકિલાટ કરે છે, કિલકિલાટ કરીને રથની પેઠે ઝણકાર કરે છે, ઝણકાર કરીને ભૂમિને પગથી આસ્ફોટન કરે છે, આસ્ફોટન કરીને ભૂમિને ચપેટા વડે વિદારે છે (ટૂકડા કરે છે), વિદારીને સિંહનાદ કરે છે, સિંહનાદ કરીને આગળ

મુખ કરીને ચપેટા આપે છે, ચપેટા આપીને પાછળ મુખ કરીને ચપેટા આપે છે, ચપેટા આપીને મલ્લની જેમ રંગભૂમિમાં ત્રિપદીનો છેદ કરે છે, છેદ કરીને ડાબા હાથને ઊંચો કરે છે, ઊંચો કરીને જમણા હાથની તર્જની આંગળી વડે અને અંગુઠાના નખ વડે વાંકા મુખને વિવૃત કરે છે, વિવૃત કરીને મોટા મોટા શબ્દ વડે કલકલરવ કરે છે, એકલો, બીજા વિના, પરિઘરત્નને લઈને ઊંચે આકાશમાં ઉત્પાત કરે છે. જાણે અધોલોકને ક્ષોભ કરતો ન હોય ! પૃથ્વીતળને કંપાવતો ન હોય ! તિર્ચ્છાલોકને ખેંચતો ન હોય ! આકાશતળને ફોડતો ન હોય ! ક્યાંય ગાજતો, ક્યાંય વીજળીની પેઠે ઝબકારા કરતો, ક્યાંય વરસાદને વરસાવતો, ક્યાંય ધૂળના સમૂહને કરતો = ધૂળ વરસાવતો, ક્યાંય તમસ્કાયને= અંધકારને કરતો, વાણમંતરદેવોને વિત્રાસ કરતો, વિત્રાસ કરીને જ્યોતિષદેવોના બે પ્રકારે વિભાગ કરતો, વિભાગ કરીને, આત્મરક્ષકદેવોને ભગાડતો, ભગાડીને પરિઘરત્નને આકાશતળમાં ફેરવતો, ફેરવીને શોભાવતો, શોભાવીને તે ઉત્કૃષ્ટ ગતિ વડે યાવત્ તિર્ચ્છા અસંખ્ય દ્વીપ-સમુદ્રની મધ્ય-મધ્યમાંથી ગમન કરતો, ગમન કરીને જે બાજુ સૌધર્મકલ્પ છે, જે બાજુ સૌધર્માવતંસક વિમાન છે, જ્યાં સુધર્માસભા છે ત્યાં સમીપમાં આવે છે. સમીપમાં આવીને એક પગ પદ્મવરવેદિકા ઉપર કરે છે, એક પગ સુધર્માસભામાં કરે છે, પરિઘરત્ન વડે મોટા-મોટા શબ્દ વડે ત્રણવાર ઇંદ્રકીલને= ગોપુર-કપાટ યુગના સંધિનિવેશ સ્થાનને, તાડન કરે છે=આઘાત કરે છે, આઘાત કરીને આ પ્રમાણે બોલે છે - ભો ! દેવેંદ્ર દેવરાજ શક્ર ક્યાં છે ? તે ચોરાસી હજાર સામાનિક દેવો ક્યાં છે ? યાવત્ તે ચાર ચોરાસી હજાર=૩,૩૬,૦૦૦ આત્મરક્ષક, તે અનેક ક્રોડો અપ્સરા ક્યાં છે ? આજે હણું છું, આજે મારું છું, આજે વધ કરું છું, આજે અવશ એવી અપ્સરાઓ મારે વશ થાઓ. એ પ્રમાણે કરીને અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ=અસુંદર, અમનોહર= પીડાકારક, એવી કર્કશ વાણીને કાઢે છે=બોલે છે. ત્યારે તે દેવેંદ્ર દેવરાજ શક્ર તે અનિષ્ટ યાવત્ અમનોહર, કોઈવાર નહિ સાંભળેલી કર્કશ વાણીને સાંભળીને, અવધારીને રોષે ભરાયો. યાવત્ અત્યંત ક્રોધથી ધમધમતો, કપાળમાં ત્રણ રેખા પડે તેવી ભૃકુટિને કરીને અસુરેંદ્ર, અસુરરાજ ચમરને આ પ્રમાણે કહે છે - હે ભો ! અસુરેંદ્ર અસુરરાજ ચમર ! મરણની ઈચ્છાવાળા ! યાવત્ હીનપુણ્ય ચૌદસીયા ! (હીન પુણ્યવાળા અભાગીયા !) આજે તું નથી, આજે તારું શુભ નથી જ. (તારું સુખ નથી જ). એ પ્રમાણે કહીને ત્યાં (રહેલા) જ શ્રેષ્ઠ સિંહાસન પર રહેલા શક્રે વજ્રને ગ્રહણ કર્યું. ગ્રહણ કરીને તે ચમકતું, સ્ફુરાયમાન થતું, તડતડ અવાજ કરતું, હજારો ઉલ્કાને છોડતું, છોડીને હજારો જ્વાળાઓને મૂકતું, મૂકીને હજારો અંગારાઓને વેરતું, વેરીને હજારો ફુલિંગ=તણખા અને જ્વાળાઓ વડે ચક્ષુના વિક્ષેપને=ભ્રમને, તથા દૃષ્ટિપ્રતિઘાતને=દર્શનના અભાવને, કરતું, અગ્નિ કરતાં અતિરેક તેજથી દીપતું, શેષ વેગવાળી વસ્તુના વેગને જીતનારું, ફૂલેલા=વિકસિત, કેસુડાના જેવું (લાલ), મહાભયને કરનારું, ભયંકર, વજ્ર અસુરેંદ્ર અસુરરાજ ચમરના વધને માટે છોડ્યું.

ત્યારે તે ચમર અસુરેંદ્ર અસુરરાજ ચમકતું યાવત્ ભયંકર વજ્રને અભિમુખ આવતું જુએ છે, જોઈને વિચારે છે અર્થાત્ આ શું એ પ્રમાણે વિચારે છે, (તથા) સ્પૃહા કરે છે. અર્થાત્ આવા પ્રકારનું પ્રહરણ=વજ્ર મારે હો એ પ્રમાણે અભિલાષ કરે છે, વિચારીને અને અભિલાષ કરીને તે પ્રમાણે જ સંભગ્ન મુકુટવિટપ=શેખર વિસ્તાર છે જેને તેવો, લટકતા હસ્તાભરણવાળો, ઊંચે પગ અને નીચે મસ્તકવાળો, ભયના અતિરેકથી કક્ષાગત પરસેવાને જાણે છોડતો ન હોય તેવો, છોડીને તે ઉત્કૃષ્ટ ગતિ વડે યાવત્ તિર્ચ્છા અસંખ્યાત દ્વીપ-સમુદ્રની મધ્ય-મધ્યમાંથી ગમન કરતો, ગમન કરીને જ્યાં જંબૂદ્વીપ નામનો દ્વીપ છે, યાવત્ જ્યાં અશોકવર વૃક્ષ, જ્યાં હું છું, ત્યાં મારી પાસે આવે છે. આવીને ભીત, ભયથી ગદ્‌ગદ્ સ્વરવાળો "હે ભગવંત ! શરણભૂત છો," એ પ્રમાણે બોલતો મારા બંને પણ પગના અંતરમાં જલદી વેગ વડે આવી પડ્યો. **॥૪૪॥**

ત્યારે તે શક્ર દેવેંદ્ર દેવરાજાને આવા પ્રકારનો પોતાના વિષયક ચિંતિત્ પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. (વચલા શબ્દો યાવત્ શબ્દથી ગ્રહણ કરેલ છે.) "અસુરેંદ્ર અસુરરાજ ચમર પ્રભુ=શક્તિવાળો, નથી, અસુરેંદ્ર અસુરરાજ ચમર સમર્થ નથી, અસુરેંદ્ર અસુરરાજ ચમરનો વિષય નથી કે પોતાની નિશ્રાએ ઊર્ધ્વ ઉત્પાત કરીને યાવત્ સૌધર્મકલ્પ સુધી આવી શકે, અરિહંત કે અરિહંતના ચૈત્યો કે ભાવિતાત્મા અણગારની નિશ્રા વડે ઊર્ધ્વ યાવત્ સૌધર્મકલ્પ સુધી ઉત્પાત કરે છે તેમની નિશ્રા વિના નહિ. તેથી તેવા પ્રકારની અરિહંત ભગવંતોની, સાધુની આશાતનાથી મહાદુઃખરૂપ છે." એ પ્રમાણે કહીને અવધિજ્ઞાનનો પ્રયોગ કરે છે. પ્રયોગ કરીને મને અવધિજ્ઞાન વડે જુએ છે, જોઈને હા, હા ! અહો ! હું હણાયો છું, એ પ્રમાણે કહી તે ઉત્કૃષ્ટ ગતિ વડે યાવત્ દિવ્ય દેવગતિ વડે વજ્રના માર્ગે તેની પાછળ જતો, પાછળ જઈને તિચ્છાં અસંખ્યાત દ્વીપસમુદ્રોની મધ્ય-મધ્યમાંથી યાવત્ જ્યાં શ્રેષ્ઠ અશોકવૃક્ષ, જ્યાં (હું છું) ત્યાં મારી પાસે આવે છે, આવીને મારાથી ચાર આંગળ દૂર રહેલું વજ્ર લઈ લે છે.

હે ગૌતમ ! અને (જ્યારે તે શક્રે વજ્ર લીધું ત્યારે) મુષ્ટિના વાત વડે=અતિ વેગ વડે વજ્રને ગ્રહણ કરવા માટે મુષ્ટિના બંધનમાં વાયુ ઉત્પન્ન થયો, તેના વડે, મારા કેશાગ્રો વીંઝાયા=કંપ્યા. (**अवियाइं** અહીં '**अपि च**' સમુચ્ચય અર્થમાં છે. '**आइं**' વાક્યાલંકારમાં છે. ।। **સૂ. ૧૪૫** ।।

ત્યારે તે દેવેંદ્ર દેવરાજા શક્ર વજ્રને સમેટીને=પાછું લઈને, ત્રણવાર **आयाहिणं-पयाहिणं**=પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન નમસ્કાર કરે છે, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે - હે ભગવંત ! તમારી નિશ્રા વડે અસુરેંદ્ર અસુરરાજ ચમર વડે સ્વયં જ હું છાયા વડે ભ્રષ્ટ કરાયો. તેથી કુપિત થયેલા અહંકારી એવા મારા વડે અસુરેંદ્ર અસુરરાજ ચમરના વધને માટે વજ્ર છોડાયું ત્યારે મને આવા પ્રકારનો પોતાના વિષયક ચિંતિત પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો. (વચલા શબ્દો **यावत्** શબ્દથી ગ્રહણ કરેલ છે.) "અસુરેંદ્ર અસુરરાજ ચમર ખરેખર સમર્થ નથી, તે પ્રમાણે જ યાવત્ અવધિજ્ઞાનનો પ્રયોગ મેં કર્યો." અવધિજ્ઞાન વડે દેવાનુપ્રિય આપને જાણ્યા. હા ! હા ! અહો ! હું હણાયો છું, એથી કરીને તે ઉત્કૃષ્ટ ગતિ વડે યાવત્ જ્યાં આપ દેવાનુપ્રિય છો ત્યાં હું આવ્યો, અને દેવાનુપ્રિયથી ચાર અંગુલ દૂર રહેલ વજ્રને સમેટી લીધું=પાછું લઈ લીધું. વજ્રને પાછું લઈ લેવા માટે હું અહીં=તિર્યગ્લોકમાં આવેલો છું, અહીં= સુંસુમારપુરમાં, સમવસર્યો છું, અહીં=ઉદ્યાનમાં સંપ્રાપ્ત થયો છું, અહીં જ=આ ઉદ્યાનમાં જ, આજે ઉપસંપન્ન થઈને વિહરું છું. તેથી હે દેવાનુપ્રિય ! હું ક્ષમા માગું છું, હે દેવાનુપ્રિય ! આપ ક્ષમા આપો, હે દેવાનુપ્રિય ! આપ ક્ષમા આપવા માટે યોગ્ય છો, ફરી વાર આ પ્રમાણે પ્રકરણતામાં હું વર્તીશ નહિ જ. (**नाइ भुज्जो=नैव भूयः अर्थ छे एवं पकरणाए त्ति=एवं प्रकरणतायां वर्तिष्ये इति शेषः** અહીં **वर्तिष्ये** એ ક્રિયાપદનો યોગ જાણવો.) એમ કહીને મને વંદન કરે છે, નમસ્કાર કરે છે. વંદન કરીને, નમસ્કાર કરીને, ઉત્તરપૂર્વ દિશાભાગથી નીકળે છે અને નીકળીને ડાબા પગ વડે ત્રણ વાર ભૂમિને દલન કરે છે. દલન કરીને અસુરેંદ્ર અસુરરાજ ચમરને આ પ્રમાણે કહે છે - ભો ! અસુરેંદ્ર અસુરરાજ ચમર ! શ્રમણ ભગવાન મહાવીરના પ્રભાવ વડે તું મુકાયેલો છે, તને હમણાં મારાથી ભય નથી, એ પ્રમાણે કહીને જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ગયો. ।। **સૂ. ૧૪૬** ।।

ટીકા :-

अत्र लुम्पकः- 'अरहंते वा अरहंतचेइआणि वा' इति पदद्वयस्यैक एवार्थः, 'समणं वा माहणं वा' इति पदद्वयस्येव; अन्यथा 'तं महादुक्खं खलु०' **इत्यादौ अर्हतां भगवतामनगाराणां चात्याशातनया महादुःखमित्यत्राऽऽशातनाद्वयस्यैवोपन्यासादुपक्रमोपसंहारविरोधापत्तेरित्याह ।**

तत्तुच्छम् । उक्तपदद्वयस्योपक्रमे एकार्थत्वे, उपसंहारेऽपि तव गलेपादिकया, पदद्वयपाठप्रसङ्गात्, अन्यथा शैलीभङ्गदोषस्य वज्रलेपतापत्तेः । कस्तर्हि विरोधपरिहारोपायः ? इति चेत् ? आकर्णय कर्णामृतं संकर्णनम्, अकर्णो मा भूः । उपक्रमे त्रयाणां शरणीकरणीयत्वे तुल्यवद्विवक्षा । सूत्रकृन्निबद्धस्य शक्रस्योपसंहारे चार्हच्चैत्याशातनाया अर्हदाशातनायामेव अन्तर्भावविवक्षा(ऽस्ति) आशातनानां त्रयस्त्रिंशत एव परिगणनादविरोध इति । यदपि भावार्हतां भावसाधूनां च ग्रहणान्मध्ये चैत्यग्रहणमयुक्तमिति (ज)कल्प्यते, तदपि सिद्धान्तापरिज्ञानविजृम्भितम्, छद्मस्थ-कालिकस्य भगवतो द्रव्यार्हत एवासुरकुमारराजेन शरणीकरणात्, द्रव्यार्हतः शरणीकरणे स्थापनार्हतः शरणीकरणस्य न्यायप्राप्तत्वात् । चैत्यस्य शरणीकरणीयत्वे स्वस्थानादौ तत्सत्त्वान्महावीरशरणकरणमनतिप्रयोजनं स्यादिति उल्लंठवचनं तु महाविदेहे भावार्हतामपि सत्त्वात्तानतिक्रम्य द्रव्यार्हच्छरणीकरणं कथम् ? इत्याशङ्कयैव निर्लोठनीयम् ।

टीकार्थ :-

अत्र ..... वज्रलेपतापत्तेः । અહીંયાં=ભગવતીસૂત્રના સાક્ષીપાઠ દ્વારા અરિહંત, અરિહંતચૈત્ય અને ભાવિતાત્મા અણગાર ત્રણની નિશ્રાથી ચમરની ઉત્પાતશક્તિ કહી છે, એમાં લુંપાક કહે છે -

જેમ શ્રમણ કે માહણ એ પ્રકારે પદદ્વયનો એક જ અર્થ છે, તેમ અરિહંત અથવા તો અરિહંતચૈત્યો એ પ્રકારે પદદ્વયનો એક જ અર્થ છે. અન્યથા=અરિહંત અને અરિહંતચૈત્યના પદદ્વયનો એક અર્થ ન માનો તો, 'तं महादुक्खं खलु' ઈત્યાદિ પાઠમાં અરિહંત ભગવંતો અને અણગારોની આશાતનાથી મહાદુઃખ છે, એ સ્થાનમાં આશાતનાદ્વયનો જ ઉપન્યાસ હોવાને કારણે ઉપક્રમ અને ઉપસંહારના વિરોધની આપત્તિ=પ્રાપ્તિ, થશે. એથી કરીને કહે છે - તે=લુંપાકનું વચન, તુચ્છ છે. કેમ કે, ઉક્ત પદદ્વયનું ઉપક્રમમાં એકાર્થપણું હોતે છતે, ઉપસંહારમાં પણ તને ગળામાં પાદિકા=ફાંસો હોવા રૂપે પદદ્વયના પાઠનો પ્રસંગ આવશે. અન્યથા=ઉપક્રમની જેમ ઉપસંહારમાં એકાર્થવાચી બે પદો મૂકવામાં ન આવે તો, શૈલીભંગ દોષના વજ્રલેપપણાની પ્રાપ્તિ છે.

विशेषार्थ :-

ભગવતીસૂત્રમાં ઉપક્રમમાં ત્રણની નિશ્રાથી અરિહંત, અરિહંતચૈત્ય અને ભાવિતાત્મા અણગાર એ ત્રણની નિશ્રાથી ઊર્ધ્વમાં ઉત્પાત થાય છે, એમ કહ્યું; પરંતુ तं महादुक्खं खलु० એ પ્રકારના આગમમાં ઉપસંહાર વખતે બેની આશાતનાથી મહાદુઃખ થાય છે, એમ કહ્યું, પરંતુ ત્રણની આશાતનાથી મહાદુઃખ થાય છે, એમ ન કહ્યું; તેથી વિરોધની પ્રાપ્તિ થાય. પરંતુ અરિહંત અને અરિહંતચૈત્યો એ બે પદનો એક જ અર્થ કરીએ તો ઉપક્રમમાં ત્રણ પદ હોવા છતાં વસ્તુતઃ બે જ પદ પ્રાપ્ત થાય છે, અને ઉપસંહારમાં બે પદનું ગ્રહણ કરેલ છે તેથી વિરોધ આવે નહિ, આ લુંપાકનું વચન તુચ્છ છે, એમ કહીને ગ્રંથકાર કહે છે

કે, ઉક્ત પદદ્વયના ઉપક્રમમાં=પ્રારંભમાં, એકાર્થપણું હોવા છતાં ઉપસંહારમાં પણ તને પદદ્વયના પાઠનો પ્રસંગ સ્વીકારવારૂપ ગળામાં ફાંસો છે.

અરિહંત અને અરિહંતચૈત્યો એ બે પદો ઉપક્રમમાં એકાર્થવાચી છે, એમ કહેવામાં આવે તો, તને ઉપસંહારમાં પણ અરિહંત ભગવંત ન કહેતાં અરિહંત ભગવંત અને અરિહંતચૈત્યોરૂપ પદદ્વયના પાઠનો પ્રસંગ પ્રાપ્ત થાય. કહેવાનો આશય એ છે કે, જેમ ઉપક્રમમાં અરિહંત અને અરિહંતચૈત્યો એ બે પદો એકાર્થવાચી મૂક્યાં છે, તેમ ઉપસંહારમાં પણ માત્ર એકાર્થવાચી બે પદો મૂકવાં જોઈએ. અન્યથા=જો ઉપક્રમની જેમ ઉપસંહારમાં એકાર્થવાચી બે પદો ન મૂકવામાં આવે તો, શૈલીભંગના દોષની વજ્જલેપપણાની=અલક્ષ્યપણાની પ્રાપ્તિ છે, અર્થાત્ ભગવતીના પાઠમાં શૈલીભંગનો દોષ પ્રાપ્ત થાય. કેમ કે જે રીતે ઉપક્રમમાં ઉપન્યાસ કર્યો, તે જ રીતે ઉપસંહારમાં પણ ઉપન્યાસ કરવો જોઈએ.

ટીકાર્થ :-

कस्तर्हि ..... अन्तर्भावविवक्षा (अस्ति) । **તો પછી વિરોધના પરિહારનો ઉપાય શું ? તેના જવાબરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે, કર્ણના અમૃતરૂપ સંકર્ણનને=સમ્યગ્ વચનને, સાંભળ; અકર્ણ થા નહિ. ઉપક્રમમાં ત્રણનું શરણકરણીયપણું=શરણ કરવા યોગ્યપણું હોવાને કારણે, તુલ્યવદ્ વિવક્ષા છે; અને સૂત્રકૃત નિબદ્ધ એવા શકના વચનના ઉપસંહારમાં અરિહંતચૈત્યની આશાતનાની અરિહંતની આશાતનામાં જ અંતર્ભાવની વિવક્ષા છે.**

✪ 'अन्तर्भावविवक्षा' પછી ટીકામાં अस्ति ક્રિયાપદ અધ્યાહારરૂપે છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષી કહે છે કે, ભગવતીના પાઠમાં ઉપક્રમમાં અરિહંત, અરિહંતચૈત્યો અને ભાવિતાત્મા અણગાર - એમ ત્રણને આશ્રયીને ચમરનો ઉત્પાત થઈ શકે છે એમ કહ્યું. અને ઉપસંહારમાં કહ્યું કે, અરિહંત ભગવંત અને અણગાર - એ બેની આશાતનાથી મહાદુઃખ થાય છે. તેથી ઉપક્રમમાં ત્રણનું કથન હોય તો ઉપસંહારમાં પણ ત્રણનું કથન હોવું જોઈએ, અથવા ઉપક્રમમાં બેનું કથન કરવું જોઈએ. તેથી ઉપક્રમમાં ત્રણનું કથન કરીને ઉપસંહારમાં બેનું કથન કરવારૂપ વિરોધના પરિહારનો ઉપાય શું ? તેના જવાબરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે, કર્ણના અમૃતરૂપ સમ્યગ્ વચનને સાંભળ. પરંતુ કર્ણ વગરનો થા નહિ= સાંભળવા પ્રત્યે ઉપેક્ષાવાળો ન બન. ઉપક્રમમાં ત્રણનું શરણ સ્વીકારવા યોગ્ય હોવાના કારણે ત્રણની સમાન વિવક્ષા છે, તેથી ત્રણનું કથન કર્યું છે; અને સૂત્રકૃત નિબદ્ધ એવા શકના વચનના ઉપસંહારમાં અરિહંતચૈત્યની આશાતનાની અરિહંતની આશાતનામાં જ અંતર્ભાવની વિવક્ષા છે.

આશય એ છે કે, સૂત્રકાર વડે ભગવતીના પાઠમાં નિબદ્ધ એવા શકના ઉપસંહાર વચનમાં અરિહંતચૈત્યની આશાતનાને અરિહંતની આશાતનામાં અંતર્ભાવ કરવાની વિવક્ષા કરેલ છે. તેથી ઉપસંહારમાં બેનું કથન કરેલ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, ઉપક્રમમાં ત્રણ શરણ કરવા યોગ્ય હોવાને કારણે તુલ્ય વિવક્ષા કરીને અરિહંત, અરિહંતચૈત્યો અને ભાવિતાત્મા અણગાર એમ ત્રણની વિવક્ષા કરી, અને ઉપસંહારમાં અરિહંતચૈત્યની આશાતનાનો અરિહંતની આશાતનામાં અંતર્ભાવ કરીને બેની વિવક્ષા કરી, તેમાં પ્રમાણ શું ? અર્થાત્ તેમ ન માનતાં ઉપક્રમમાં અરિહંત અને અરિહંતચૈત્યને એકાર્થવાચી માનીએ તો શું વાંધો છે ? એ પ્રકારે પૂર્વપક્ષીને પ્રશ્ન થઈ શકે. તેથી કહે છે -

ટીકાર્થ :-

आशातनानां ..... इति । આશાતનાની તેત્રીશની પરિગણના હોવાને કારણે અવિરોધ છે.

વિશેષાર્થ :-

શ્રમણસૂત્રમાં ૩૩ આશાતના કહી છે. તેમાં અરિહંતાદિની ૧૯ આશાતના અને શ્રુતક્રિયાની ૧૪ આશાતના - એમ કુલ-૩૩ આશાતનાની પરિગણના કરવામાં આવી છે. તેથી અરિહંતચૈત્યની આશાતનાનો અરિહંતની આશાતનામાં અંતર્ભાવ કરવામાં આવે તો જ તે વિભાગ સંગત બને છે. માટે શાસ્ત્રના તે વિભાગને સામે રાખીને ઉપસંહારમાં અંતર્ભાવની વિવક્ષા છે. તેથી ઉપક્રમમાં ત્રણ શરણ કરવા યોગ્ય હોવાથી ત્રણનું કથન કરીને ઉપસંહારમાં બેની આશાતના મહાદુઃખરૂપ છે, એમ કહેલ છે. માટે કોઈ વિરોધ નથી.

✪ 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

ટીકાર્થ :-

यदपि ..... न्यायप्राप्तत्वात् । ભાવઅરિહંતના અને ભાવસાધુના ગ્રહણથી મધ્યમાં ચૈત્યગ્રહણ અયુક્ત છે, એ પ્રમાણે જે કલ્પે છે, તે પણ સિદ્ધાંતના અપરિજ્ઞાનનું વિલસિત છે. કેમ કે, છદ્મસ્થ-કાલિક ભગવાન દ્રવ્યઅરિહંતનું જ અસુરકુમારરાજ વડે શરણ સ્વીકારેલ હોવાને કારણે, દ્રવ્યઅરિહંતના શરણસ્વીકારમાં સ્થાપનાઅરિહંતનું શરણીકરણ=શરણ સ્વીકારવું, ન્યાયપ્રાપ્ત છે.

વિશેષાર્થ :-

ભગવતીના પાઠમાં અરિહંત, અરિહંતચૈત્ય અને ભાવિતાત્મા અણગારના શરણથી અસુરેન્દ્ર દ્વારા સૌધર્મ સુધી જવું શક્ય છે, એ પ્રમાણેના કથનમાં અરિહંત અને ભાવસાધુના મધ્યમાં જે ચૈત્યનું ગ્રહણ છે, તેને લુંપાક અયુક્ત કહે છે. લુંપાકનું કહેવું એ છે કે, અરિહંત પદથી ભાવઅરિહંતનું ગ્રહણ છે અને ભાવિતાત્મા અણગાર શબ્દથી ભાવસાધુનું ગ્રહણ છે, તેથી બે ભાવનિક્ષેપાના વચમાં સ્થાપનાનિક્ષેપાનું ગ્રહણ કરવું ઉચિત નથી. તેથી અરિહંત અને અરિહંતચૈત્ય એકાર્થવાચી સ્વીકારવા જ ઉચિત છે. આ પ્રકારનું લુંપાકનું કથન સિદ્ધાંતના અપરિજ્ઞાનથી વિજૃંભિત છે. કેમ કે, અસુરેન્દ્ર ચમરે જ્યારે ભગવાનનું શરણું સ્વીકાર્યું, ત્યારે ભગવાન મહાવીર છદ્મસ્થાવસ્થામાં હતા, તેથી દ્રવ્યઅરિહંત હતા. અને દ્રવ્યઅરિહંતનું

શરણું સ્વીકારીને જ્યારે ઈન્દ્ર ઉપર જવા માટે સમર્થ બને છે, એ જ રીતે સ્થાપનાઅરિહંતને શરણ કરીને પણ ઉપર જવા માટે સમર્થ બને; એ બતાવવા અર્થે જ ભગવતીના પાઠમાં અરિહંત પછી અરિહંતચૈત્યોને ગ્રહણ કરેલ છે.

ટીકાર્થ :-

चैत्यस्य ..... निर्लोठनीयम् । ચૈત્યના શરણકરણીયપણામાં=શરણ કરવા યોગ્યમાં, સ્વસ્થાનાદિમાં= દેવલોકમાં, તેનું સત્ત્વ હોવાથી=પ્રતિમાનું સત્ત્વ હોવાથી, મહાવીરના શરણીકરણનું=શરણસ્વીકારનું, કોઈ પ્રયોજન નહિ થાય. એ પ્રમાણે ઉલ્લંઠનું વચન=લુંપાકનું વચન, વળી મહાવિદેહમાં ભાવઅરિહંત પણ હોવાથી તેઓને=ભાવઅરિહંતોને, ઓળંગીને દ્રવ્યઅરિહંતનું શરણ કેમ સ્વીકાર્યું ? આ પ્રમાણે આશંકાથી જ નિરાકરણ જાણવું.

✪ અહીં 'उल्लंठवचनं तु ..... निर्लोठनीयम्' એ પ્રમાણે અન્વય છે અને 'महाविदेहे..... कथं' સુધી આશંકાનું સ્વરૂપ છે.

વિશેષાર્થ :-

મહાવિદેહમાં વિચરતા એવા ભાવઅરિહંતને છોડીને ચમરેન્દ્ર દ્રવ્યઅરિહંત એવા મહાવીર ભગવાનનું શરણ સ્વીકારે છે, તેનું કારણ એ સંભવે છે કે, પૂરણ તાપસ ભરતક્ષેત્રમાં હતા અને તેઓ ચમરેન્દ્ર થયેલ છે. અને પોતાના મસ્તક ઉપર ઈન્દ્રની પાદુકા જોવાથી કુપિત થઈને ત્યાં જવાની વાંછા કરે છે ત્યારે તેના ઉપાયરૂપે ભગવાનનું શરણ તેમને ભાસે છે, અને ત્યાં જવા માટે દ્રવ્યઅરિહંત અને ભાવઅરિહંત બંને શરણરૂપ બની શકે તેમ છે. તેથી પોતે ભરતક્ષેત્રમાંથી આવેલ હોવાને કારણે ત્યાં વર્તતા ભગવાન પ્રત્યે ઉપાયપણાની બુદ્ધિ થવાથી તેમનું શરણ સ્વીકારે છે.

ટીકા :-

एतेनात्र चैत्यशब्दस्य ज्ञानमर्थ इति मूढकल्पितार्थोऽपि निरस्तः, द्रव्यार्हतः केवलज्ञानाभावतः अर्हतः पृथक् तद्ज्ञानस्य ग्रहे साधुभ्यः पृथगपि तद्ग्रहापत्तेः । तथा च-'अरहंते वा अरहंतचेइआणि वा भावियप्पणो अणगारा अणगारचेइआणि वे'ति पाठापत्तेरिति न किञ्चिदेतत् । उपसंहारे चैत्यपदविस्मृतेः सम्भ्रमान्न्यूनत्वं न दोषो 'मा मा संस्पृशेत्यादौ' इवेति अलङ्कारानुयायिनः । महावीरस्यैवाशातनाया उत्कटकोटिकसंशयरूपसम्भावनामभिप्रेत्याशातनाद्वयस्यैव समावेशतात्पर्याददोष इत्यन्ये ।।९।।

ટીકાર્થ :-

एतेन ..... तद्ग्रहापत्तेः । **આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે દ્રવ્યઅરિહંત અને ભાવઅરિહંત બંને શરણીય છે એના દ્વારા, અહીં=ભગવતીના પાઠમાં, ચૈત્ય શબ્દનો જ્ઞાન અર્થ છે, એ પ્રકારે**

મૂઢકલ્પિત અર્થ નિરસ્ત જાણવો. કેમ કે, દ્રવ્યઅરિહંતોને કેવલજ્ઞાનનો અભાવ હોવાથી અરિહંતથી પૃથક્ એવા તેઓના જ્ઞાનનું ગ્રહણ કરાયે છતે, સાધુથી પૃથક્ એવા સાધુના જ્ઞાનના ગ્રહણની આપત્તિ આવશે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનું કહેવું એ છે કે, ભગવતીમાં અરિહંત, અરિહંતચૈત્યો અને ભાવિતાત્મા અણગાર એ ત્રણને શરણ કરવા યોગ્ય કહેલ છે, તેમાં અરિહંતો, અરિહંતચૈત્યપદથી વાચ્ય અરિહંતોનું જ્ઞાન અને ભાવિતાત્મા અણગાર એ ત્રણ શરણ કરવા યોગ્ય છે. એ પૂર્વપક્ષીના કથનનો નિરાસ, પૂર્વમાં કહ્યું કે, દ્રવ્યઅરિહંત અને ભાવઅરિહંત બંને શરણીય છે, આથી જ ચમરેન્દ્રે છદ્મસ્થકાલિક એવા દ્રવ્યઅરિહંતનું શરણ કરેલ છે, તેનાથી થઈ જાય છે. કેમ કે, દ્રવ્યઅરિહંતોને કેવલજ્ઞાનનો અભાવ હોવાથી અરિહંતથી પૃથક્ એવા તેઓના જ્ઞાનનું ગ્રહણ કરાયે છતે, સાધુથી પૃથક્ એવા સાધુના જ્ઞાનના ગ્રહણની આપત્તિ આવે.

અરિહંતથી પૃથગ્ તેમનું જ્ઞાન ગ્રહણ કરીને અરિહંતચૈત્યોનો અર્થ અરિહંતનું જ્ઞાન કરવામાં આવે, તો સાધુથી પૃથગ્ તેમના જ્ઞાનને ગ્રહણ કરીને ચારનું શરણ સ્વીકારવું પડે. ત્યાં પૂર્વપક્ષી કહે કે, અરિહંતને કેવલજ્ઞાન છે, જ્યારે સાધુને કેવલજ્ઞાન નથી. તેથી અરિહંતચૈત્યનો અર્થ અરિહંતનું કેવલજ્ઞાન એ પ્રમાણે કરીએ તો ત્રણ શરણ કરવા યોગ્ય પ્રાપ્ત થાય, તે આ રીતે - (૧) અરિહંત, (૨) અરિહંતનું કેવલજ્ઞાન અને (૩) સાધુ. પરંતુ સાધુનું જ્ઞાન કેવલજ્ઞાનરૂપ નહિ હોવાથી તે શરણ કરવા યોગ્ય બને નહિ. તેથી ગ્રંથકાર કહે છે કે, જેમ ભાવઅરિહંત શરણીય છે તેમ દ્રવ્યઅરિહંત પણ શરણીય છે; અને દ્રવ્યઅરિહંતને કેવલજ્ઞાન નથી, તેથી અરિહંતચૈત્યપદથી ફક્ત કેવલજ્ઞાન પ્રાપ્ત થાય નહિ, પરંતુ અરિહંતનું કેવલજ્ઞાન અને છદ્મસ્થ જ્ઞાન બંને પ્રાપ્ત થાય. અને અરિહંતથી પૃથગ્ જો તેમનું જ્ઞાન ગ્રહણ કરવામાં આવે તો સાધુથી પૃથગ્ સાધુનું જ્ઞાન ગ્રહણ કરવું જોઈએ. તેથી ચાર શરણ કરવા યોગ્ય બને. તેથી અરિહંતચૈત્યથી જ્ઞાન ગ્રહણ થઈ શકે નહિ.

ટીકાર્થ :-

तथा च ..... न किंचिदेतत् । અને તે પ્રમાણે અરિહંત, અરિહંતચૈત્યો=અરિહંતનું જ્ઞાન, ભાવિતાત્મા અણગાર અને અણગારચૈત્યો=અણગારનું જ્ઞાન, એ પ્રકારે પાઠની આપત્તિ હોવાથી આ પ્રમાણે આ=ચૈત્ય શબ્દનો જ્ઞાન અર્થ કરવો એ, અકિંચિત્કર છે.

ઉત્થાન :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ પ્રશ્ન કરેલો કે, તો પછી વિરોધના પરિહારનો ઉપાય શું ? ત્યાં ગ્રંથકારે સમાધાન કર્યું કે, ઉપસંહાર વચનમાં અરિહંતચૈત્યની આશાતનાની અરિહંતની આશાતનામાં જ અંતર્ભાવની વિવક્ષા છે. એ રીતે સમાધાન આપ્યા પછી અન્ય રીતે સમાધાન આપતાં કહે છે -

ટીકાર્થ :-

उपसंहारे ..... नुयायिनः । **ઉપસંહારમાં ચૈત્યપદની વિસ્મૃતિથી સંભ્રમને કારણે ન્યૂનપણું દોષરૂપ નથી. જેમ 'मा मा संस्पृशेत्पादौ' - પગને સ્પર્શ ન કરો ન કરો, એ પ્રકારે અલંકારને અનુસરનારા કહે છે.**

વિશેષાર્થ :-

'मा मा संस्पृशेत् पादौ' આ પ્રયોગમાં **'मम'** પદની અપેક્ષા રહે છે, તેનાથી અપેક્ષિત અર્થ પ્રાપ્ત થઈ શકે છે. તેનો અર્થ આ પ્રમાણે છે કે, મારા બે પગોને તમે સ્પર્શ ન કરો, ન કરો. આ રીતે **'मम'** પદનો પ્રયોગ કરીએ તો જ શાબ્દબોધ થાય. પરંતુ બે પગોને સંસ્પર્શ કર નહિ, એટલું જ કથન એ પ્રયોગમાં છે. પરંતુ કોના પગોને સંસ્પર્શ કર નહિ, એ આકાંક્ષા ત્યાં રહે છે, પણ સંભ્રમને કારણે તે વચનપ્રયોગ કરાયેલ નથી, અર્થાત્ બોલનારને સંભ્રમ થવાથી તે પ્રયોગ કરેલ નથી. તે બતાવવા અર્થે કાવ્યમાં તેવો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેથી ત્યાં ન્યૂનપણું દોષરૂપ નથી. એ રીતે પ્રસ્તુત ભગવતીના આલાપકમાં શક્ર મહારાજાને ઉપસર્ગ થવાનો ભય થવાને કારણે સંભ્રમ હોવાથી ચૈત્યપદનો પ્રયોગ શક્રને વિસ્મૃત થયેલ છે, તે બતાવવા અર્થે ભગવતીના પાઠમાં ઉપસંહારકાળમાં ચૈત્યપદ ગ્રહણ કરેલ નથી, એ પ્રકારે અલંકારને અનુસરનારાઓ કહે છે. અર્થાત્ ભગવતીના પાઠમાં આ અલંકારિક પ્રયોગ છે, એમ જોનારાઓ કહે છે.

ટીકાર્થ :-

महावीरस्य ..... इत्यन्ये ।।९।। મહાવીરની જ આશાતનાની ઉત્કટ કોટિસંશયરૂપ સંભાવનાને આશ્રયીને આશાતનાદ્વયના સમાવેશનું તાત્પર્ય હોવાથી અદોષ છે, એ પ્રમાણે અન્ય કહે છે. ॥૯॥

વિશેષાર્થ :-

ચમરેન્દ્રની પાછળ ઈન્દ્રે મૂકેલ વજ્રથી મહાવીર ભગવાનની આશાતના થાય, અને તેનાથી આશાતનાદ્વયની પ્રાપ્તિ થાય. કેમ કે, વીર પરમાત્મા દ્રવ્ય તીર્થંકર હતા અને ભાવિતાત્મા અણગાર પણ હતા. તેથી ત્યાં આશાતનાદ્વયના સમાવેશનું તાત્પર્ય હોવાના કારણે ઉપસંહારમાં ચૈત્યપદ ગ્રહણ ન કરતાં અરિહંત અને અણગાર એ બેને ગ્રહણ કરેલ છે, તેમાં દોષ નથી. તે આ રીતે -

ઈન્દ્રે મૂકેલા વજ્રથી ભગવાનની આશાતનાની સંભાવના છે. કેમ કે, જો તે વજ્ર ચમરેન્દ્રને લાગે, તો ભગવાન મહાવીરના શરણને ગ્રહણ કરીને તે આવેલ હોવાથી ભગવાનની આશાતના પ્રાપ્ત થાય. પરંતુ ચમરેન્દ્રને વજ્ર ઈજા કરે તેની પૂર્વે વજ્રને ગ્રહણ કરી લેવામાં આવે, તો આશાતના થાય નહિ. આમ, આ આશાતનાની સંભાવના અને અસંભાવના એમ બે કોટિ પ્રાપ્ત થાય. તેથી તે આશાતનાની સંભાવના સંશયરૂપ છે, આમ છતાં તે સંભાવના પણ ઉત્કટ કોટિની છે. કેમ કે, પોતાનાથી મુકાયેલું વજ્ર ક્યારેય નિષ્ફળ જાય નહિ, તેથી ચમરેન્દ્રને ઈજા થયા પહેલાં વજ્રનું સંવરણ ન થાય તો અવશ્ય આશાતના થવાની. તેથી સંશયરૂપ સંભાવના ઉત્કટ કોટિની છે, અને તેને આશ્રયીને આશાતનાદ્વયને ગ્રહણ કરેલ છે. એ પ્રકારનું સમાધાન અન્ય કોઈ કરે છે. **॥૯॥**

श्लोक :-

अथाऽनाशातनाविनयेन देवैर्वन्दिता भगवन्मूर्त्तिः कस्य सचेतसो न वन्द्या इत्याशयेनाह -

अवतरणिकार्थ :-

શ્લોક-૯માં દેવોને શરણ કરવા યોગ્યરૂપે મૂર્તિ વંદ્ય બતાવી. હવે અનાશાતનારૂપ વિનયરૂપે દેવો વડે વંદન કરાયેલી મૂર્તિ કયા બુદ્ધિમાનને વંદ્ય નથી ? અર્થાત્ સર્વ બુદ્ધિમાનોનો વંદ્ય છે, એ પ્રકારના આશયથી કહે છે -

श्लोक :-

मूर्त्तीनां त्रिदशैस्तथा भगवतां सक्थ्नां सदाशातना -
त्यागो यत्र विधीयते जगति सा ख्याता सुधर्मासभा।
इत्यन्वर्थविचारणापि हरते निद्रां दृशोर्दुर्नय -
ध्वान्तच्छेदरविप्रभा जडधियं घूकं विना कस्य न ।।१०।।

श्लोकार्थ :-

तथा=અને, જ્યાં ભગવાનની મૂર્તિરૂપ=અસદ્ભાવસ્થાપનારૂપ મૂર્તિસ્વરૂપ, હાડકાંઓની આશાતનાનો હંમેશાં ત્યાગ કરાય છે, તે સભા જગતમાં સુધર્મા એ પ્રમાણે પ્રખ્યાત છે. દુર્નયસ્વરૂપ અંધકારને છેદવા માટે સૂર્યની પ્રભારૂપ એવી, આ પ્રકારે=પૂર્વમાં સુધર્માપદની વ્યુત્પત્તિ કરી એ પ્રકારે, સુધર્માપદની અન્વર્થ વિચારણા પણ=સુધર્માપદની વ્યુત્પત્તિભાવના પણ, જડબુદ્ધિવાળા લુંપાકરૂપ ઘુવડને છોડીને કોની આંખની નિદ્રાને હરણ ન કરે ? અર્થાત્ બધાની આંખની નિદ્રાને હરણ કરે છે. ।।૧૦।।

टीका :-

'मूर्त्तीना'मिति :- तथेत्यक्षरांतरसमुच्चये । भगवतां मूर्त्तीनामसद्भावस्थापनारूपाणां सक्थनां यत्र सदाशातनात्यागो विधीयते, सा सभा सुधर्मेति ख्याता, इत्यन्वर्थविचारणापि=सुधर्मापद-व्युत्पत्तिभावनापि, जडधियं=लुंपकं, घूकं=उलूकं, विना कस्य दृशोर्निद्रां न हरतेऽपि तु सर्वस्यैव दृशोर्निद्रां हरत इत्यर्थः । कीदृशी-दुर्नया एव ध्वान्तानि, तेषां छेदे रविप्रभा=तरणिकान्तिः, रविप्रभासदृशी तु न व्याख्येयं तत्सदृशात् तत्कार्यानुपपत्तेः ।

टीकार्थ :-

तथा ..... समुच्चये । 'तथा' એ અક્ષરાંતરના સમુચ્ચયમાં છે=પ્રસ્તુત શ્લોકમાં સુધર્માસભાની

વ્યુત્પત્તિને કહેનારા જે અક્ષરો છે તેના કરતાં અક્ષરાંતરરૂપ પૂર્વશ્લોકમાં કહેલ અરિહંત અને ભાવિતાત્મા અણગારોની મધ્યમાં રહેલા જે અરિહંતચૈત્યના કથનરૂપ અક્ષરો, એ રૂપ અક્ષરાંતરના સમુચ્ચયમાં 'तथा' શબ્દ છે.

વિશેષાર્થ :-

'**तथा**' એ સમુચ્ચયમાં કે પૂર્વોક્ત સમુચ્ચયમાં છે, એમ ન કહેતાં, અક્ષરાંતરના સમુચ્ચયમાં એટલા માટે કહેલ છે કે, સમુચ્ચયમાં કહેવાથી પ્રસ્તુતમાં મૂર્તિ અને હાડકાંના વાચક બે શબ્દોને ગ્રહણ કરીને તેનો સમુચ્ચય કોઈ કરે, અને પૂર્વોક્ત સમુચ્ચય કરે, તો પૂર્વના શ્લોકનો સમુચ્ચય ગ્રહણ થઈ જાય. પરંતુ પ્રસ્તુતમાં તેનું ગ્રહણ કરવું નથી, પણ એ બતાવવું છે કે, જેમ પ્રસ્તુત શ્લોકમાં સુધર્માસભાની અન્વર્થ વિચારણાઓ દ્વારા મૂર્તિ વંદ્ય છે તેમ બતાવ્યું, એ રૂપ શાસ્ત્રના અક્ષરો કરતાં અન્ય શાસ્ત્રોના કથનરૂપ અક્ષરાંતરનો સમુચ્ચય કરવો છે, જે પૂર્વશ્લોકમાં બતાવેલ છે.

ટીકાર્થ :-

भगवतां ..... हरत इत्यर्थः । ભગવાનની મૂર્તિની=અસદ્ભાવસ્થાપનારૂપ હાડકાંઓની, જ્યાં સદા આશાતનાનો ત્યાગ કરાય છે, તે સભા સુધર્મા એ પ્રમાણે પ્રખ્યાત છે; એ પ્રકારે અન્વર્થવિચારણા પણ=સુધર્માપદની વ્યુત્પત્તિભાવના પણ, જડબુદ્ધિવાળા=લુંપાકરૂપ, ઘુવડ વિના કોની આંખની નિદ્રાને હરતી નથી ?=બધાની આંખની નિદ્રાને હરે છે.

વિશેષાર્થ :-

સુધર્માસભાની વ્યુત્પત્તિ એ થાય કે, સારો ધર્મ છે જ્યાં એ સભા સુધર્માસભા, અને ત્યાં સારો ધર્મ એ છે કે ભગવાનની અસદ્ભાવસ્થાપનારૂપ મૂર્તિસ્વરૂપ જે અસ્થિઓ છે, તેની આશાતનાનો જ્યાં ત્યાગ કરાય છે, તે સારો ધર્મ છે; તેવી તે સભા છે. એ પ્રકારે સુધર્માપદની વ્યુત્પત્તિની વિચારણા લુંપાકરૂપ ઘુવડ વિના બધાની આંખની નિદ્રાને હરણ કરે છે.

ટીકાર્થ :-

कीदृशी ..... अनुपपत्तेः । કેવા પ્રકારની સુધર્માપદની વ્યુત્પત્તિભાવના છે, તે કહે છે - દુર્નયો એ જ અંધકાર, તેનો નાશ કરવા માટે સૂર્યની પ્રભારૂપ છે. વળી અન્વર્થવિચારણા રવિપ્રભા સદૃશ છે, એ પ્રમાણે વ્યાખ્યા ન કરવી. કેમ કે, તત્સદૃશથી તત્કાર્યની અનુપપત્તિ છે.

વિશેષાર્થ :-

કહેવાનો આશય એ છે કે, સુધર્માપદની અન્વર્થવિચારણા રવિપ્રભા સદૃશ છે એમ વ્યાખ્યા ન કરવી, પરંતુ રવિપ્રભારૂપ છે એમ વ્યાખ્યા કરવી. કેમ કે, રવિપ્રભા સદૃશ કહેવામાં આવે તો તેનાથી રવિપ્રભાનું કાર્ય ન થાય, પરંતુ તત્ સદૃશ કાર્ય થઈ શકે. અને પ્રસ્તુતમાં દુર્નયને જ અંધકાર કહેલ છે,

તેનો છેદ કરવામાં અન્વર્થની વિચારણા રવિપ્રભારૂપ છે, પરંતુ રવિપ્રભા સદૃશ નથી. અન્વર્થની વિચારણાને રવિપ્રભા સદૃશ કહેવી હોય તો દુર્નયને જ અંધકાર એ પ્રમાણે કહી શકાય નહિ; પરંતુ એમ કહેવું જોઈએ કે, અંધકારનો=દ્રવ્યઅંધકારનો, રવિપ્રભા જેમ નાશ કરે છે, તેમ દુર્નયરૂપી ભાવઅંધકારનો અન્વર્થવિચારણા નાશ કરે છે, ત્યારે તે અન્વર્થવિચારણા રવિપ્રભા સદૃશ કહી શકાય. પરંતુ પ્રસ્તુતમાં દુર્નયોને જ અંધકારરૂપ કહેલ છે અને તેનો છેદ કરવા માટે અન્વર્થવિચારણા રવિપ્રભારૂપ છે, એ પ્રમાણે અર્થ ગ્રહણ કરેલ છે.

टीका :-

अत्र विनोक्तिरूपककाव्यलिङ्गानि अलङ्काराः । विनोक्तिः-सा विनाऽन्येन यत्रान्यः सत्रेतरः । तद्रूपकम्-अभेदो य उपमानोपमेययोः । काव्यलिङ्गम् - हेतोर्वाक्यपदार्थता, इति तल्लक्षणानि रविप्रभापदार्थो निद्राहरणे हेतुरिति पदार्थरूपं काव्यलिङ्गं द्रष्टव्यम् । रूपकं चात्र काव्यलिङ्गविनोक्त्योरनुग्राहकमित्यनुग्राह्यानुग्राहकभावः सङ्करोऽपि । अविश्रान्तिजुषामात्मन्यङ्गाङ्गित्वं तु सङ्कर इति तल्लक्षणम् ।।

टीकार्थ :-

अत्र ..... सत्रेतरः । **અહીંયાં=પ્રસ્તુત શ્લોકમાં વિનોક્તિ, રૂપક, કાવ્યલિંગ અલંકારો છે.**

વિનોક્તિ અલંકારનું લક્ષણ બતાવતાં કહે છે - સા=વિનોક્તિ, અન્યેન વિના=આગમને માનનાર મૂર્તિપૂજક વિના, યત્ર=જેમાં=કાવ્યમાં, અન્ય=સુધર્માસભાની અન્વર્થવિચારણા, સત્ર=શોભન નથી.

અહીં લક્ષણની બીજી વખત અન્ય રીતે આ પ્રમાણે યોજના કરવી. અન્યેન વિના=લુંપાક વગર, યત્ર=કાવ્યમાં અન્ય=સુધર્માસભાની અન્વર્થવિચારણા ઇતરઃ=ઈતર નથી=અશોભન નથી. આ બીજા પ્રકારની વિનોક્તિ સૂચવવા જ લક્ષણમાં 'સત્ર' પછી 'ઇતરઃ' શબ્દ છે. આ પ્રકારના જુદા જુદા બે યોજનથી વિનોક્તિ અલંકાર બને છે.

વિશેષાર્થ :-

વિનોક્તિ અલંકાર પ્રસ્તુતમાં આ રીતે ઘટે છે - પ્રથમ વિકલ્પ પ્રમાણે, આગમને માનનાર એવા લુંપાકને માટે પ્રસ્તુત કાવ્યમાં સુધર્માસભાની અન્વર્થવિચારણા શોભન નથી, કેમ કે તે સુધર્માસભાની અન્વર્થવિચારણા સ્વીકારે તો તેને ભગવાનની મૂર્તિ પૂજ્ય સ્વીકારવાની આપત્તિ આવે છે. અને બીજી વખત જે યોજન કર્યું, તે પ્રમાણે, લુંપાકને છોડીને આગમને માનનાર મૂર્તિપૂજક માટે કાવ્યમાં સુધર્માસભાની અન્વર્થવિચારણા અશોભન નથી. અર્થાત્ તે અન્વર્થવિચારણા ભગવાનની પૂજ્યતાને સ્થાપન કરવા માટે અતિ ઉપયોગી છે, માટે શોભન છે. આ પ્રકારનું વિનોક્તિ અલંકારનું જે લક્ષણ છે, તે પ્રસ્તુત શ્લોકમાં યોજન થાય છે. માટે અહીં વિનોક્તિ અલંકારની પ્રાપ્તિ છે.

ટીકાર્થ :-

तद्रूपकम् ..... उपमेययोः । ઉપમાન-ઉપમેયનો જે અભેદ તે રૂપક અલંકાર છે.

વિશેષાર્થ :-

પ્રસ્તુતમાં ઉપમાન રવિપ્રભા છે અને ઉપમેય સુધર્માપદની અન્વર્થવિચારણા છે અને તે બંનેનો અભેદ ગ્રહણ કરવામાં આવેલ છે, તેથી જ અન્વર્થવિચારણા રવિપ્રભા છે, એમ કહેલ છે; પરંતુ અન્વર્થવિચારણા રવિપ્રભા સદૃશ છે એમ કહેલ નથી, તેથી તે રૂપક અલંકાર છે.

ટીકાર્થ :-

काव्यलिङ्गम् ..... द्रष्टव्यम् । કાવ્યલિંગ અલંકાર એ છે કે, હેતુની વાક્યતા કે હેતુની પદાર્થતા હોય. અર્થાત્ હેતુ ક્યારેક વાક્યરૂપે કહેવામાં આવે કે, ક્યારેક પદરૂપે કહેવામાં આવે તે કાવ્યલિંગ અલંકાર છે.

इति तल्लक्षणानि=એ પ્રકારે=પૂર્વમાં વિનોક્તિ, રૂપક અને કાવ્યલિંગનું લક્ષણ બતાવ્યું એ પ્રકારે, તેના=વિનોક્તિ, રૂપક અને કાવ્યલિંગનાં લક્ષણો છે.

અહીં પ્રસ્તુતમાં રવિપ્રભા પદાર્થ નિદ્રાહરણમાં હેતુ છે, એથી કરીને પદાર્થરૂપ કાવ્યલિંગ અલંકાર છે.

रूपकं च ..... तल्लक्षणम् ।। અને અહીં=પ્રસ્તુત કાવ્યમાં રૂપક અલંકાર કાવ્યલિંગ અને વિનોક્તિ અલંકારનું અનુગ્રાહક છે. એથી કરીને અનુગ્રાહ્ય-અનુગ્રાહકભાવરૂપ સંકર પણ છે = સંકર અલંકાર પણ છે. વળી અવિશ્રાંતિયુક્ત એવા અલંકારોનું આત્મામાં=સ્વમાં, અંગાંગીપણું સંકર છે, એ પ્રકારે તેનું=સંકરનું, લક્ષણ છે.

વિશેષાર્થ :-

રૂપક અલંકાર એ સુધર્માપદની અન્વર્થવિચારણાને રવિપ્રભારૂપ બતાવે છે, અને તે બતાવવાથી વિનોક્તિ અલંકાર અને કાવ્યલિંગ અલંકાર પ્રાપ્ત થઈ શકે છે. કેમ કે સુધર્માપદની અન્વર્થવિચારણાને રવિપ્રભારૂપ કહેવામાં ન આવે ત્યાં સુધી લુંપાકરૂપ ઘુવડને છોડીને સુધર્માપદની અન્વર્થવિચારણા અશોભન નથી, એમ કહી શકાય નહિ. તેથી એ કહેવા માટે સુધર્માપદની અન્વર્થવિચારણા રવિપ્રભારૂપ રૂપક અલંકાર આવશ્યક બને છે, અને રૂપક અલંકાર વિનોક્તિમાં અનુગ્રાહક બને છે. તે જ રીતે કાવ્યલિંગ અલંકારમાં રવિપ્રભા પદાર્થ નિદ્રાહરણમાં હેતુ છે, તેમ કહેવા માટે સુધર્માપદની અન્વર્થવિચારણાને રવિપ્રભારૂપ કહીને રૂપક અલંકાર કરીએ તો જ કહી શકાય. તેથી ત્યાં પણ રૂપક અલંકાર અનુગ્રાહક છે. આ રીતે રૂપક અલંકાર કાવ્યલિંગ અને વિનોક્તિ અલંકારનું અનુગ્રાહક બન્યું. તેથી અનુગ્રાહ્ય-અનુગ્રાહકભાવરૂપ સંકર અલંકાર પણ ત્યાં પ્રાપ્ત થાય છે.

સંકર અલંકારનું લક્ષણ બતાવે છે - '**अविश्रांतिजुषामात्मन्यंगाङ्गित्वं**'=અવિશ્રાંતિયુક્તનું પોતાનામાં અંગાંગીપણું તે સંકર અલંકાર છે. તેથી પ્રસ્તુતમાં અવિશ્રાંતિયુક્ત વિનોક્તિ, રૂપક અને કાવ્યલિંગ અલંકાર છે, તેઓનું પોતાનામાં અંગાંગીપણું છે; કેમ કે રૂપક અલંકાર એ કાવ્યલિંગ અને વિનોક્તિ અલંકારનો અનુગ્રાહક છે. તેથી તેઓ પરસ્પર અંગાંગીભાવરૂપે રહેલા છે, તેથી ત્યાં સંકર અલંકાર પ્રાપ્ત થાય છે.

ટીકા :-

आलापकाश्चात्रेमे-चमरस्स णं भंते ! असुरिंदस्स असुरकुमाररन्नो कइ अग्गमहिसीओ पन्नत्ताओ ? अज्जो ! पंच अग्गमहिसीओ पन्नत्ताओ, तं जहा-काली,रायी रयणी, विज्जू मेहा । तत्थ णं एगमेगाए देवीए अट्ठट्ठदेवीसहस्सा परिवारो पन्नत्तो, पभू णं भंते ! ताओ एगमेगाए देवीए अन्नाइं अट्ठट्ठदेवीसहस्साइं परिवारं विउव्वित्तए ? एवामेव सपुव्वावरेणं चत्तालीसं देवीसहस्सा । से तं तुडिए ।। पभू णं भंते ! चमरे असुरिंदे असुरकुमारराया चमरचंचाए रायहाणीए सभाए सुहम्माए चमरंसि सीहासणंसि तुडिएणं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए ? णो तिणट्ठे समट्ठे, से केणट्ठे णं भंते ! एवं वुच्चइ णो पभू चमरे असु० चमरचंचाए जाव विहरित्तए ? अज्जो ! चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो चमरचंचाए रायहाणीए सभाए सुहम्माए माणवए चेइयखंभे वइरामएसु गोलवट्टसमुग्गएसु बहूओ जिणसकहाओ सण्णिक्खित्ताओ चिट्ठंति, जाओ णं चमरस्स असु० असुररन्नो अन्नेसिं च बहूणं असुरकुमाराणं देवाण य देवीण य अच्चणिज्जाओ, वंदणिज्जाओ, नमंसणिज्जाओ, पूयणिज्जाओ, सक्कारणिज्जाओ, सम्माणणिज्जाओ कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासणिज्जाओ भवंति । तेसिं पणिहाणे नो पभू, से तेणट्ठे णं अज्जो ! एवं वुच्चइ णो पभू चमरे जाव विहरित्तए । पभू णं अज्जो ! चमरे असुरिंदे जाव सीहासणंसि चउसट्ठीए सामाणियसाहस्सीहिं तायत्तीसाए जाव अन्नेहिं च बहूहिं असुरकुमारेहिं देवेहिं य देवीहिं य सद्धिं संपरिवूडे महयाहय जाव भुंजमाणे विहरित्तए केवलं परियारिढ्ढीए नो चेव णं मेहुणवत्तियं ।। (सू० ४०५)

चमरस्स णं भंते ! असुरिंदस्स असुरकुमाररन्नो सोमस्स महारन्नो कति अग्गमहिसीओ प० ? अज्जो ! चत्तारि अग्ग० प० तं जहा-(१) कणगा (२) कणगलया (३) चित्तगुत्ता (४) वसुंधरा, तत्थ णं एगमेगाए देवीए अन्नं एगमेगं देवीसहस्सं परिवारो प०, पभू णं ताओ एगमेगाए देवीए अन्नं एगमेगं देवीसहस्सं परियारं विउव्वित्तए, एवामेव सपुव्वावरेण चत्तारि देवीसहस्सा, से तं तुडिए, पभू णं भंते ! चमरस्स असुरिंदस्स असुरकुमाररन्नो सोमे महाराया सोमाए रायहाणीए सभाए सुहम्माए सोमंसि सीहासणंसि तुडिएणं अवसेसं जहा चमरस्स, णवरं परिआरो जहा सूरियाभस्स, सेसं तं चेव, जाव णो चेव णं मेहुणवत्तियाए ।

चमरस्स णं भंते ! जमस्स महारन्नो कइ अग्गमहिसीओ पन्नत्ताओ ? एवं चेव नवरं जमाए रायहाणीए सेसं जहा सोमस्स, एवं वरुणस्स वि णवरं वरुणाए रायहाणीए । एवं वेसमणस्स वि नवरं वेसमणाए रायहाणीए, सेसं तं **चेव** जाव मेहुणवत्तियं ।

बलिस्स णं भंते ! वइरोयणिंदस्स पुच्छा, अज्जो ! पंच अग्गमहिसीओ पन्नत्ताओ-तं-(१) सुभा (२) निसुंभा (३) रंभा (४) निरंभा (५) मदणा । तत्थ णं एगमेगाए देवीए अट्ठट्ठ, सेसं जहा चमरस्स, नवरं बलिचंचाए रायहाणीए, परियारो जहा मोओद्देसए सेसं तं चेव जाव मेहुणवत्तियं ।

बलिस्स णं भंते ! वइरोयणिंदस्स वइरोयणरन्नो सोमस्स महारन्नो कति अग्गमहिसीओ प० ? अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं-(१) मीणगा (२) सुभद्दा (३) विजया (४) असणी । तत्थ णं एगमेगाए देवीए सेसं जहा चमरसोमस्स, एवं जाव वेसमणस्स।। धरणस्स णं भंते ! नागकुमारिंदस्स नागकुमाररन्नो कति अग्गमहिसीओ प० ? अज्जो ! छ अग्गमहिसीओ प० तं (१) इला (२) सुक्का (३) सदारा (४) सोदामणी (५) इंदा (६) घणविज्जुया । तत्थ णं एगमेगाए देवीए छछदेवीसहस्सा परिवारो प०, पभू णं भंते ! ताओ एगमेगाए देवीए अन्नाइं छछदेविसहस्साइं परियारं विउव्वित्तए, एवामेव सपुव्वावरेणं छत्तीसं देविसहस्साइं, से तं तुडिए ! पभू णं भंते! धरणे सेसं तं चेव, नवरं धरणाए रायहाणीए धरणंसि सीहासणंसि सओ परिवारो, सेसं तं चेव । धरणस्स णं भंते ! नागकुमारिंदस्स कालवालस्स लोगवालस्स महारन्नो कति अग्गमहिसीओ प०? अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं (१) असोगा (२) विमला (३) सुप्पभा (४) सुदंसणा, तत्थ णं एगमेगाए अवसेसं जहा चमरलोगपालाणं, एवं सेसाणं तिण्ह वि । भूयाणंदस्स णं भंते पुच्छा, अज्जो ! छ अग्गमहिसीओ प० तं० (१) रूया (२) रूयंसा (३) सुरूया (४) रुयगावती (५) रूयकंता, (६) रूयप्पभा, तत्थ गं एगमेगाए देवीए अवसेसं जहा धरणस्स, भूयाणंदस्स णं भंते ! नागवित्तस्स (चित्तस्स ?) पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं० (१) सुणंदा (२) सुभद्दा (३) सुजाया (४) सुमणा, तत्थ णं एगमेगाए देवीए अवसेसं जहा चमरलोगपालाणं, एवं सेसाणं वि तिण्हि वि लोगपालाणं । तहा जे दाहिणिल्ला इंदा, तेसिं जहा धरणिंदस्स, लोगपालाणंपि तेसिं जहा धरणस्स लोगपालाणं । उत्तरिल्लाणं इंदाणं जहा भूयाणंदस्स लोगपालाण वि, तेसिं जहा भूयाणंदस्स लोगपालाणं, नवरं इंदाणं सव्वेसिं रायहाणीओ सीहासणाणि य सरिसणामगाणि, परियारो जहा तइय सए पढमे उद्देसए, लोगपालाणं सव्वेसिं रायहाणीओ सीहासणाणि य सरिसनामगाणि परियारो जहा चमरस्स लोगपालाणं ।

कालस्स णं भंते ! पिसायिंदस्स पिसायरन्नो कति अग्गमहिसीओ प० ? अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं-(१) कमला (२) कमलप्पभा (३) उप्पला (४) सुदंसणा, तत्थ णं एगमेगाए देवीए एगमेगं देवीसहस्सं परिवारो प० पभू णं ताओ एगमेगाए देवीए अन्नं एगमेगं देवीसहस्सं सेसं जहा चमरलोगपालाणं, परियारो तहेव नवरं कालाए रायहाणीए, कालंसि सीहासणंसि, सेसं तं चेव, एवं महाकालस्स वि । सुरूवस्स णं भंते ! भूतिंदस्स रन्नो पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प०, तं०-(१) रूववती, (२) बहुरूवा, (३) सुरूवा, (४) सुभगा, तत्थ णं एगमेगाए सेसं जहा कालस्स, एवं पडिरूवस्स वि । पुन्नभद्दस्स णं भंते ! जक्खिंदस्स पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं जहा-(१) पुन्ना (२) बहुपुत्तिया (३) उत्तमा (४) तारया, तत्थ णं एगमेगाए सेसं जहा कालस्स । एवं माणिभद्दस्स वि । भीमस्स णं भंते ! रक्खसिंदस्स पुच्छा, अज्जो ! चत्तारि

अग्गमहिसीओ प०, त०-(१) पउमा (२) पउमावती (३) कणगा (४) रयणप्पभा, तत्थ णं एगमेगाए सेसं जहा कालस्स । एवं महाभीमस्स वि, किन्नरस्स, णं भंते ! पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प०, तं जहा-(१) वडेंसा (२) केतुमती (३) रतिसेणा (४) रइप्पिया, तत्थ णं सेसं तं चेव, एवं किंपुरिसस्स वि । सप्पुरिसस्स णं पुच्छा, अज्जो ! चत्तारि अग्गमहिसीओ प० तं-(१) रोहिणी (२) नवमिया (३) हिरी (४) पुप्फवती, तत्थ णं एगमेगाए सेसं तं चेव, एवं महापुरिसस्स वि । अतिकायस्स णं पुच्छा, अज्जो ! चत्तारि अग्ग० प० तं०-(१) भुयंगा (२) भुयंगवती (३) महाकच्छा (४) फुडा, तत्थ णं एगमेगा० सेसं तं चेव, एवं महाकायस्स वि । गीयरइस्स णं भंते । पुच्छा, अज्जो ! चत्तारि अग्ग० प० तं०-(१) सुघोसा (२) विमला (३) सुस्सरा (४) सरस्सई, तत्थ णं, सेसं तं चेव, एवं गीयजसस्स वि । सव्वेसिं एएसिं जहा कालस्स नवरं सरिसनामियाओ रायहाणीओ सीहासणाणि य । सेसं तं चेव । चंदस्स णं भंते । जोइसिंदस्स जोइसरन्नो पुच्छा, अज्जो ! चत्तारि अग्ग० प० तं०-(१) चंदप्पभा (२) दोसिणाभा (३) अच्चिमालीं (४) पभंकरा, एवं जहा जीवाभिगमे जोइसियउद्देसए तहेव, सूरस्स वि (१) सूरप्पभा (२) आयच्चा (३) अच्चिमालीं (४) पभंकरा, सेसं तं चेव, जहा(जाव)नो चेव णं मेहुणवत्तियं । इंगालस्स णं भंते ! महग्गहस्स पुच्छा, अज्जो ! चत्तारि अग्ग० प० तं०-(१) विजया (२) वेजयंती (३) जयंती (४) अपराजिया, तत्थ णं एगमेगाए०, सेसं तं चेव जहा चंदस्स, नवरं इंगालवडेंसए विमाणे इंगालगंसि सीहासणंसि सेसं तं चेव, एवं जाव वियालगस्स वि, एवं अठ्ठासीतीएवि महागहाणं भाणियव्वं जाव भावकेउस्स, नवरं वडेंसगा सीहासणाणि य सरिसनामगाणि, सेसं तं चेव । सक्कस्स णं भंते ! देविंदस्स देवरन्नो पुच्छा, अज्जो ! अट्ठ अग्ग० प० तं०-(१) पउमा (२) सिवा (३) सूई (४) अंजू (५) अमला (६) अच्छरा, (७) नवमिया (८) रोहिणी, तत्थ णं एगमेगाए देवीए सोलससोलस देवीसहस्सा परिवारो पन्नत्तो, पभू णं ताओ एगमेगा देवी अन्नाइं सोलस देवीसहस्सपरियारं विउव्वित्तए, एवामेव सप्पुव्वावरेणं अट्ठावीसुत्तरं देवीसयसहस्सं परियारं विउव्वित्तए, से तं तुडिए । पभू णं भंते । सक्के देविंदे देवराया सोहम्मे कप्पे सोहम्मवडेंसए विमाणे सभाए सुहम्माए सक्कंसि सीहासणंसि तुडिएण सद्धिं सेसं जहा चमरस्स, नवरं परियारो जहा मोउद्देसए । सक्कस्स णं देविंदस्स देवरन्नो सोमस्स महारन्नो कति अग्ग० पुच्छा, अज्जो ! चत्तारि अग्ग० प० तं०-(१) रोहिणी, (२) मदणा, (३) चित्ता, (४) सोमा, तत्थ णं एगमेगा० सेसं जहा चमरलोगपालाणं नवरं सयंपभे विमाणे सभाए सुहम्माए सोमंसि सीहासणंसि, सेसं तं चेव, एवं जहा वेसमणस्स, नवरं विमाणाइं जहा तइयसए । ईसाणस्स णं भंते ! पुच्छा, अज्जो ! अट्ठ अग्ग० प० तं०-(१) कण्हा, (२) कण्हराई, (३) रामा, (४) रामरक्खिया, (५) वसू, (६) वसुगुत्ता, (७) ववसुमित्ता, (८) वसुंधरा, तत्थ णं एगमेगाए०, सेसं जहा सक्कस्स । ईसाणस्स णं भंते । देविंदस्स सोमस्स महारण्णो कति अग्गमहिसीओ ? पुच्छा, अज्जो ! चत्तारि अग्ग० प० तं०-(१) पुढवी, (२) रायी, (३) रयणी, (४) विज्जू, तत्थ णं, सेसं जहा सक्कस्स लोगपालाणं, एवं जाव वरुणस्स, नवरं विमाणा जहा चउत्थसए, सेसं तं चेव, जाव नो चेव णं मेहुणवत्तियं । सेवं भंते ! सेवं, भंतेति जाव विहरए ।। (सू०४०६) (भग० १०श० ५उ०)

ટીકાર્થ :-

અહીંયાં=જ્યાં ભગવાનની મૂર્તિરૂપ (અસદ્ભાવસ્થાપનારૂપ) હાડકાંઓની આશાતનાનો હંમેશાં ત્યાગ કરાય છે, તે સભા સુધર્માસભા તરીકે પ્રખ્યાત છે, એ પ્રમાણે અન્વર્થવિચારણા કહી. અહીંયાં, આલાપક આ પ્રમાણે -

હે ભગવંત ! અસુરેન્દ્ર, અસુરકુમારરાજા ચમરેન્દ્રને કેટલી અગ્રમહિષીઓ=પટ્ટરાણીઓ કહેલી છે ? હે આર્ય ! પાંચ અગ્રમહિષીઓ કહેલી છે. તે આ પ્રમાણે :- (૧) કાલી (૨) રાયી (૩) રયણી (૪) વિદ્યુત્ અને (૫) મેઘા. ત્યાં એક એક દેવીનો આઠ-આઠ હજાર પરિવાર કહેલો છે. હે ભગવંત ! તેઓ એક એક દેવીઓ અન્ય આઠ આઠ હજાર દેવીઓના પરિવારને વિકુર્વવા માટે સમર્થ છે ?

એ પ્રમાણે જ છે અર્થાત્ વિકુર્વવા માટે સમર્થ છે.

સપુવ્વાવરેણં=સર્વે મળીને કુલ ચાલીસ હજાર દેવીઓ તે તેનો વર્ગ=પરિવાર, છે.

હે ભગવંત ! અસુરેંદ્ર, અસુરકુમારરાજ ચમરેન્દ્ર ચમરચંચા રાજધાનીમાં સુધર્માસભામાં ચમર સિંહાસન ઉપર પરિવારની સાથે દિવ્ય ભોગોને ભોગવતો વિહરવા માટે સમર્થ છે ? તે અર્થ માટે સમર્થ નથી. હે ભગવંત ! તે કયા અર્થથી આ પ્રમાણે કહ્યું છે કે અસુરેંદ્ર, અસુરરાજા ચમરેંદ્ર ચમરચંચા રાજધાનીમાં યાવત્ વિહરવા માટે સમર્થ નથી ? હે આર્ય ! અસુરેંદ્ર, અસુરકુમારરાજાની ચમરચંચા રાજધાનીમાં, સુધર્માસભામાં, માણવકચૈત્યસ્તંભમાં વજ્રમય ગોળાકાર દાભડાઓમાં ઘણા જિનેશ્વરોનાં અસ્થિઓ સ્થાપન કરાયેલાં રહે છે; જે અસ્થિઓ અસુરેંદ્ર, અસુરકુમારરાજ ચમરને અને અન્ય ઘણા અસુરકુમારના દેવદેવીઓને સ્તુતિઓ વડે વંદનીય, પ્રણામથી નમસ્કરણીય, પુષ્પો વડે પૂજનીય, વસ્ત્રાદિ વડે સત્કાર કરવા યોગ્ય, પ્રતિપત્તિવિશેષ વડે સન્માન કરવા યોગ્ય, કલ્યાણકારી, મંગલકારી, દિવ્યચૈત્ય પર્યુપાસના કરવા યોગ્ય છે. તેઓની=આ અસ્થિઓની, સમક્ષ (ભોગ ભોગવવા) સમર્થ નથી, તે અર્થથી હે આર્ય ! એ પ્રમાણે કહેવાય છે કે, ચમર યાવત્ (ભોગ ભોગવતો) વિહરવા માટે સમર્થ નથી. હે આર્ય ! ચમર અસુરેંદ્ર યાવત્ સિંહાસન ઉપર ચોસઠ હજાર સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશત્ દેવો યાવત્ અને બીજા અનેક અસુરકુમાર દેવદેવીઓની સાથે પરિવરેલો, મોટા અચ્છિન્ન અથવા આખ્યાનક સાથે પ્રતિબદ્ધ યાવત્ શબ્દથી નાટક, ગીત, વાજિંત્ર, તંત્રી, તલ, તાલના શેષ વાજિંત્રના મેઘ સમાન ધ્વનિવાળા મૃદંગના પટુ=હોશિયાર પુરુષ વડે વગાડાયેલ જે રવ= અવાજ, વડે દિવ્ય ભોગોને ભોગવતો, કેવલ પરિચારણા=સ્ત્રીશબ્દશ્રવણરૂપ અને સ્ત્રીસંદર્શનરૂપ ઋદ્ધિ તે ઋદ્ધિ વડે અથવા સ્ત્રીપરિવારપરિચારણરૂપ ઋદ્ધિરૂપી ભોગ ભોગવતો વિહરવા સમર્થ છે, પણ મૈથુન સેવન કરવા (સમર્થ) નથી જ. ॥ **સૂ. ૪૦૫** ॥

હે ભગવંત ! અસુરેંદ્ર, અસુરરાજ ચમરના સોમ નામના મહારાજાને (લોકપાળને) કેટલી અગ્રમહિષીઓ કહેલી છે ? હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) કનકા (૨) કનકલતા (૩) ચિત્રગુપ્તા અને (૪) વસુંધરા. ત્યાં એક એક દેવીનો એકેક હજાર દેવીઓનો પરિવાર છે અને તે ચાર દેવીઓ અન્ય એક એક હજાર દેવીના પરિવારને વિકુર્વવા સમર્થ છે ? એ પ્રમાણે જ છે=વિકુર્વવા માટે સમર્થ છે, ચાર હજાર દેવીઓ તે તેનો વર્ગ છે.

હે ભગવંત ! અસુરેંદ્ર, અસુરકુમારરાજ ચમરેંદ્રનો સોમ નામનો મહારાજા (લોકપાળ) સોમા રાજધાનીમાં, સુધર્માસભામાં, સોમસિંહાસન ઉપર પરિવારની સાથે... બાકીની વિગત ચમરેંદ્રની જેમ (સમજી લેવી.) ફક્ત પરિવાર સૂર્યાભદેવની જેમ જાણવો. બાકીનું તે પ્રમાણે જ સમજવું, યાવત્ મૈથુન સેવવા સમર્થ નથી.

હે ભગવંત ! ચમરના યમ મહારાજાની (લોકપાળની) કેટલી અગ્રમહિષીઓ કહેલી છે ? એ પ્રમાણે= સોમની જેમ જ જાણવું. ફક્ત યમ નામની રાજધાની કહેવી, બાકીનું સોમ લોકપાળની જેમ જાણવું. એ પ્રમાણે વરુણ લોકપાળનું પણ જાણવું, ફક્ત વરુણ નામની રાજધાની કહેવી. એ પ્રમાણે વૈશ્રમણનું પણ જાણવું, ફક્ત વૈશ્રમણ નામની રાજધાની કહેવી. બાકીનું તે પ્રમાણે જ યાવત્ મૈથુન સેવવા સમર્થ નથી.

હે ભગવંત ! વૈરોચનેંદ્ર બલીન્દ્રને પૃચ્છા=કેટલી પટ્ટરાણી કહેલી છે ? હે આર્ય ! પાંચ પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) શુભા (૨) નિસુંભા (૩) રંભા (૪) નિરંભા અને (૫) મદના. ત્યાં એક એક દેવીનો આઠ આઠ હજારનો પરિવાર, બાકીનું જે પ્રમાણે ચમરેંદ્રનું કહ્યું તે પ્રમાણે જાણવું. ફક્ત બલિચંચા નામની રાજધાની કહેવી અને પરિવાર જે પ્રમાણે મઓદ્દેસેણ=ત્રીજા શતકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યો તે મુજબ જાણવો. બાકીનું તે પ્રમાણે જ = ચમરેંદ્રમાં કહ્યા પ્રમાણે જ યાવત્ મૈથુન સેવવા સમર્થ નથી.

હે ભગવંત ! વૈરોચનેંદ્ર વૈરોચન રાજા બલીન્દ્રના સોમ મહારાજાની (લોકપાળની) કેટલી અગ્રમહિષીઓ કહેલી છે ? હે આર્ય ! ચાર અગ્રમહિષીઓ કહેલી છે; તે આ પ્રમાણે - (૧) મીણગા (૨) સુભદ્રા (૩) વિજયા અને (૪) અસની. ત્યાં એક એક દેવીનો પરિવાર વગેરે શેષ ચમરના સોમ લોકપાળની જેમ જાણવું. એ પ્રમાણે યાવત્ વૈશ્રમણ સુધી કહેવું.

હે ભગવંત ! નાગકુમારેંદ્ર નાગકુમાર રાજા ધરણેંદ્રને કેટલી અગ્રમહિષીઓ કહેલી છે ? હે આર્ય ! છ અગ્રમહિષીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) ઈલા (૨) શુક્રા (૩) સદારા (૪) સોદામિણી (૫) ઇંદ્રા અને (૬) ઘનવિદ્યુતા તથા એક એક દેવીનો છ છ હજાર પરિવાર છે.

હે ભગવંત ! તે એક એક દેવી અન્ય છ છ હજાર દેવીઓના પરિવારને વિકુર્વવા સમર્થ છે ? ઉત્તર : એ પ્રમાણે છે. સર્વ મળીને કુલ છત્રીસ હજાર દેવીઓ તે તેનો વર્ગ=પરિવાર છે. હે ભગવંત ! તે ધરણ સમર્થ છે ઈત્યાદિ તે પ્રમાણે જ=ચમરની જેમ જ જાણવું. ફક્ત ધરણા રાજધાની, ધરણ સિંહાસન ઉપર કહેવું. सओ परिवारो=धरणस्य त्वकः परिवारो वाच्यः=ધરણનો તે પરિવાર કહેવો. (તે આ પ્રમાણે - છ હજાર સામાનિક દેવો સાથે, સાત સેનાધિપતિ સાથે, ચોવીસ હજાર આત્મરક્ષક દેવો સાથે અને બીજા ઘણા નાગકુમાર દેવદેવીઓ સાથે પરિવરેલો એ પ્રમાણે જીવાભિગમમાં કહેલું છે, તેમ જાણવું) બાકીનું તે પ્રમાણે જ=ચમરની જેમ જ જાણવું.

હે ભગવંત ! નાગકુમારેંદ્ર ધરણના કાલવાલ લોકપાલ મહારાજાની કેટલી અગ્રમહિષીઓ કહેલી છે ? હે આર્ય ! ચાર અગ્રમહિષીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) અશોકા (૨) વિમલા (૩) સુપ્રભા અને (૪) સુદર્શના. ત્યાં એક એક દેવીનો પરિવાર વગેરે શેષ જે પ્રમાણે ચમરના લોકપાલનું કહ્યું, તેમ જાણવું, અને બાકીના ત્રણ લોકપાલનું પણ જાણવું.

હે ભગવંત ! ભૂતાનંદને પૃચ્છા=કેટલી પટ્ટરાણીઓ છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! છ પટ્ટરાણીઓ છે. તે આ પ્રમાણે - (૧) રૂપા (૨) રૂપંશા (૩) સુરૂપા (૪) રૂપકાવતી (૫) રૂપકાંતા અને (૬) રૂપપ્રભા. ત્યાં એક એક દેવીનો પરિવાર વગેરે બાકીની વિગત ધરણેન્દ્ર મુજબ જાણવી.

હે ભગવંત ! ભૂતાનંદના નાગવિત્ત લોકપાળની (ચિત્ત લોકપાળની) પૃચ્છા=કેટલી પટ્ટરાણીઓ કહેલી છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) સુનંદા (૨) સુભદ્રા (૩) સુજાતા અને (૪) સુમણા. ત્યાં એક એક દેવીનો પરિવાર વગેરે બાકીનું ચમરના લોકપાળની જેમ જાણવું. એ પ્રમાણે બાકીના

પણ ત્રણે લોકપાલનું જાણવું, તથા જેઓ દક્ષિણ બાજુના ઈંદ્રો છે, તેઓની (વિગત) ધરણેન્દ્રની જેમ જાણવી. તેઓના લોકપાલોની પણ જે પ્રમાણે ધરણના લોકપાલમાં કહ્યું, તે પ્રમાણે વિગત જાણવી. ઉત્તર બાજુના ઈંદ્રોની (વિગત) ભૂતાનંદની જેમ જાણવી. તેઓના લોકપાલોની પણ જે પ્રમાણે ભૂતાનંદના લોકપાલની વિગત કહી તે પ્રમાણે જાણવી. ફક્ત સર્વે ઈંદ્રોના સદૃશ નામવાળી રાજધાનીઓ અને સિંહાસનો જાણવાં. પરિવાર જે પ્રમાણે ત્રીજા શતકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યો છે, તે મુજબ જાણવો. સર્વે લોકપાલોની રાજધાની અને સિંહાસનો સદૃશ નામવાળાં જાણવાં. પરિવાર જે પ્રમાણે ચમરના લોકપાલોનો કહ્યો તે મુજબ જાણવો.

હે ભગવંત ! પિશાચેંદ્ર પિશાચરાજ કાલને કેટલી અગ્રમહિષીઓ કહેલી છે ? હે આર્ય ! ચાર અગ્રમહિષીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) કમલા (૨) કમલપ્રભા (૩) ઉત્પલા અને (૪) સુદર્શના. ત્યાં એક એક દેવીનો એક એક હજાર દેવીઓનો પરિવાર છે. તે એક એક દેવી અન્ય એક એક હજાર દેવીઓને વિકુર્વવા સમર્થ છે. બાકીનું જે પ્રમાણે ચમર લોકપાલનું કહ્યું તે પ્રમાણે જાણવું. પરિવાર પણ તે પ્રમાણે જ જાણવો. ફક્ત કાલા રાજધાની કાલ સિંહાસન ઉપર કહેવું. બાકીનું તે પ્રમાણે જ=ચમર લોકપાલ પ્રમાણે જ જાણવું. એ પ્રમાણે મહાકાલનું પણ જાણવું.

હે ભગવંત ! ભૂતેન્દ્ર સુરૂપને પૃચ્છા=કેટલી પટ્ટરાણીઓ કહેલી છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) રૂપવતી (૨) બહુરૂપા (૩) સુરૂપા અને (૪) સુભગા. ત્યાં એક એક દેવીનો (પરિવાર ઈત્યાદિ) શેષ જે પ્રમાણે કાલનું કહ્યું, તે પ્રમાણે જાણવું. એ પ્રમાણે પ્રતિરૂપનું પણ કહેવું.

હે ભગવંત ! યક્ષેંદ્ર પૂર્ણભદ્રને પૃચ્છા=કેટલી પટ્ટરાણીઓ છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! ચાર અગ્રમહિષીઓ છે. તે આ પ્રમાણે - (૧) પુણ્યા (૨) બહુપુત્રિકા (૩) ઉત્તમા અને (૪) તારકા. ત્યાં એક એક દેવીનો પરિવાર ઈત્યાદિ શેષ જે પ્રમાણે કાલનું કહ્યું, તે પ્રમાણે જાણવું. એ પ્રમાણે માણિભદ્રનું પણ કહેવું.

હે ભગવંત ! રાક્ષસેંદ્ર ભીમને પૃચ્છા=કેટલી પટ્ટરાણીઓ કહેલી છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! ચાર અગ્રમહિષીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) પદ્મા (૨) પદ્માવતી (૩) કનકા અને (૪) રત્નપ્રભા. ત્યાં એક એક દેવીનો પરિવાર ઈત્યાદિ બાકીનું જે પ્રમાણે કાલનું કહ્યું તે પ્રમાણે જાણવું. એ પ્રમાણે મહાભીમનું પણ કહેવું.

હે ભગવંત ! કિન્નરની પૃચ્છા=કેટલી પટ્ટરાણીઓ કહેલી છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! ચાર અગ્રમહિષીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) વતિંસા (૨) કેતુમતી (૩) રતિસેના અને (૪) રતિપ્રિયા. ત્યાં એક એક દેવીનો પરિવાર ઈત્યાદિ બાકીનું તે પ્રમાણે જ=કાલની જેમ જ જાણવું. એ પ્રમાણે કિંપુરુષનું પણ કહેવું.

સત્પુરુષની પૃચ્છા=હે ભગવંત ! સત્પુરુષને કેટલી પટ્ટરાણીઓ કહેલી છે ? હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહેલી છે, તે આ પ્રમાણે - (૧) રોહિણી (૨) નવમિકા (૩) હ્રી અને (૪) પુષ્પાવતી. ત્યાં એક એક દેવીનો પરિવાર ઈત્યાદિ બાકીનું તે પ્રમાણે જ=કાલની જેમ જ જાણવું. એ પ્રમાણે મહાપુરુષનું પણ કહેવું.

અતિકાયની પૃચ્છા=હે ભગવંત ! અતિકાયને કેટલી પટ્ટરાણીઓ કહેલી છે ? હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) ભુયંગા (૨) ભુયંગવતી (૩) મહાકચ્છા અને (૪) સ્ફુટા. બાકીનું તે પ્રમાણે જ - કાલની જેમ જ જાણવું. એ પ્રમાણે મહાકાયનું પણ કહેવું.

ગીતરતિની પૃચ્છા=હે ભગવંત ! ગીતરતિને કેટલી પટ્ટરાણીઓ કહેલી છે ? હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) સુઘોષા (૨) વિમલા (૩) સુસ્વરા અને (૪) સરસ્વતી. ત્યાં એક એક દેવીનો પરિવાર

ઈત્યાદિ બાકીનું તે પ્રમાણે જ=કાલની જેમ જ જાણવું. એ પ્રમાણે ગીતયશનું પણ કહેવું.

આ સર્વેની=વ્યંતરેંદ્રોની, વિગત જે પ્રમાણે કાલની તે પ્રમાણે જાણવી. ફક્ત રાજધાની અને સિંહાસનો સદૃશ નામવાળાં=પોતપોતાના નામ મુજબ, જાણવાં અને શેષ તે પ્રમાણે જ જાણવું.

હે ભગવંત ! જ્યોતિષેંદ્ર, જ્યોતિષરાજ ચંદ્રને પૃચ્છા=કેટલી પટ્ટરાણીઓ છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) ચંદ્રપ્રભા (૨) દોસિનાભા (૩) અર્ચિમાળી અને (૪) પ્રભંકરા - એ પ્રમાણે જેમ જીવાભિગમમાં જ્યોતિષ ઉદ્દેશામાં કહેલું છે, તે પ્રમાણે જ જાણવું.

સૂર્યને પણ - (૧) સૂર્યપ્રભા (૨) આદિત્યા (૩) અર્ચિમાળી અને (૪) પ્રભંકરા. શેષ તે પ્રમાણે જ જાણવું. યાવત્ મૈથુન સેવવા સમર્થ નથી.

ઈંગાલ મહાગ્રહની=મંગળ મહાગ્રહની, પૃચ્છા=હે ભગવંત ! મંગળ મહાગ્રહને કેટલી પટ્ટરાણીઓ છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! ચાર પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) વિજયા (૨) વૈજયંતી (૩) જયંતી અને (૪) અપરાજિતા. ત્યાં એક એક દેવીનો પરિવાર ઈત્યાદિ બાકીનું જે પ્રમાણે ચંદ્રનું કહ્યું તે પ્રમાણે જ જાણવું. ફક્ત ઈંગાલવતંસક વિમાન અને ઈંગાલ નામના સિંહાસન ઉપર કહેવું. બાકીનું તે પ્રમાણે જ જાણવું. એ પ્રમાણે યાવત્ વિચાલકનું પણ કહેવું. એ પ્રમાણે યાવત્ ભાવકેતુ સુધીના અઠ્યાશીએ પણ મહાગ્રહોનું કહેવું. ફક્ત વતંસકો અને સિંહાસનો તેમના નામ સરખા નામવાળાં કહેવાં. બાકીનું તે પ્રમાણે જ=ચંદ્ર પ્રમાણે જ, જાણવું.

હે ભગવંત ! દેવેન્દ્ર દેવરાજા શક્રને પૃચ્છા=કેટલી પટ્ટરાણીઓ કહેલી છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! આઠ પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) પદ્મા (૨) શિવા (૩) શૂચિ (૪) અંજુ (૫) અમળા (૬) અપ્સરા (૭) નવમિકા અને (૮) રોહિણી તથા એક એક દેવીનો સોળ-સોળ હજાર દેવીઓનો પરિવાર કહેલો છે. તે આઠમાંથી એક એક દેવી અન્ય સોળ હજાર દેવીઓના પરિવારને વિકુર્વવા સમર્થ છે ? હા, એ પ્રમાણે જ છે. (કુલ) સર્વ મળીને એક લાખ અઠ્ઠાવીસ હજાર દેવીઓના પરિવારને વિકુર્વવા સમર્થ છે. તે તેનો વર્ગ=પરિવાર છે. હે ભગવંત ! દેવેંદ્ર દેવરાજા શક્ર સૌધર્મકલ્પમાં, સૌધર્માવતંસક વિમાનમાં, સુધર્માસભામાં શક્ર સિંહાસન ઉપર પરિવારની સાથે, બાકીનું જે પ્રમાણે ચમરનું કહ્યું તે પ્રમાણે જાણવું. ફક્ત પરિવાર ત્રીજા શતકના પ્રથમ ઉદ્દેશક મુજબ જાણવો.

હે ભગવંત ! દેવેંદ્ર દેવરાજા શક્રના સોમ મહારાજાને (લોકપાળને) કેટલી અગ્રમહિષીઓ છે ? એ પ્રમાણે પૃચ્છા=પ્રશ્ન કરવો. હે આર્ય ! ચાર અગ્રમહિષીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) રોહિણી (૨) મદના (૩) ચિત્રા અને (૪) સોમા. ત્યાં એક એકનો પરિવાર શેષ જે પ્રમાણે ચમર લોકપાલનું કહ્યું, તે મુજબ જાણવું. ફક્ત સ્વયંપ્રભ વિમાનમાં, સુધર્માસભામાં, સોમ નામના સિંહાસન ઉપર કહેવું. બાકીનું તે પ્રમાણે જ=ચમર લોકપાલ પ્રમાણે જ, જાણવું. એ પ્રમાણે યાવત્ વૈશ્રમણનું કહેવું. ફક્ત વિમાનો જે પ્રમાણે ત્રીજા શતકમાં કહ્યાં છે, તે પ્રમાણે કહેવાં.

હે ભગવંત ! ઈશાનેંદ્રની પૃચ્છા=ઈશાનેંદ્રને કેટલી પટ્ટરાણીઓ કહેલી છે ? હે આર્ય ! ઈશાનેંદ્રને આઠ પટ્ટરાણીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) કૃષ્ણા (૨) કૃષ્ણરાજી (૩) રામા (૪) રામરક્ષિતા (૫) વસુ (૬) વસુગુપ્તા (૭) વસુમિત્રા અને (૮) વસુંધરા. ત્યાં એક એક દેવીનો પરિવાર, બાકીનું જે પ્રમાણે શક્રનું કહ્યું, તે પ્રમાણે જાણવું. હે ભગવંત ! દેવેંદ્ર ઈશાનના સોમ મહારાજાને (લોકપાળને) કેટલી અગ્રમહિષીઓ છે ? એ પ્રમાણે પૃચ્છા કરવી. હે આર્ય ! ચાર અગ્રમહિષીઓ કહેલી છે. તે આ પ્રમાણે - (૧) પૃથ્વી (૨) રાજી (૩) રજની અને (૪) વિદ્યુતા. ત્યાં બાકીનું શક્રના લોકપાલની જેમ કહેવું. એ પ્રમાણે યાવત્ વરુણનું કહેવું. ફક્ત વિમાન જે પ્રમાણે ચોથા ઉદ્દેશામાં કહેલ

છે, તે પ્રમાણે કહેવાં. બાકીનું તે પ્રમાણે જ=શકના લોકપાલની જેમ જ, જાણવું. યાવત્ મૈથુન સેવવા સમર્થ નથી. હે ભગવંત ! તે આ પ્રમાણે છે ? (ઉત્તર :-) હે ભગવંત ! યાવત્ વિહરે છે. સૂ. ૪૦૬, ભગ. ૧૦/૫.

ટીકા :-

एवं षष्ठे सूर्याभातिदेशेन शक्रसुधर्माधिकारो प्रतिमासक्थिप्रतिबद्धो भावनीयः । तथाहि -

कहि णं भंते ! सक्कस्स देविंदस्स देवरन्नो सभा सुहम्मा पन्नत्ता गो० ! जंबुद्दीवे २ मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए एवं जहा रायप्पसेणइज्जे जाव पंच वडेंसगा प० तं०-असोगवडेंसए जाव मज्झे सोहम्मवडेंसए । से णं सोहम्मवडेंसए महाविमाणे अद्धतेरसयजोयणसयसहस्साइं आयाम-विक्खंभेणं एवं जहा सूरियाभे तहेव माणं तहेव उववाओ । (सू० ४०७) तए णं से सक्के सिद्धाययणं पुरच्छिमिल्लेणं दारेणं अणुपविसइ २ जेणेव देवच्छंदए जेणेव जिणपडिमा तेणेव उवागच्छइ २ जिणपडिमाणं आलोए पणामं करेइ २ लोमहत्थगं गिण्हइ, जिणपडिमाओ लोमहत्थएणं पमज्जइ २ जिणपडिमाओ सुरभिणा गंधोदए णं ण्हाणेइत्ति । जाव आयरक्खत्ति । अर्चनिकायाः परो ग्रन्थस्तावद् वाच्यो यावदात्मरक्षकाः, स चैवं लेशतः-तए णं से सक्के ३ सभं सुहम्मं अणुप्पविसइ २, सीहासणे पुरच्छाभिमुहे निसीयइ। तए णं सक्कस्स ३ अवरुत्तरेण (उत्तरेणं) उत्तरपच्छिमेणं चउरासीई सामाणिअसाहस्सीओ णिसीयंति । पुरच्छिमेणं अट्ठ अग्गमहिसीओ, दाहिणपुरच्छिमेणं अब्भिंतरिआए परिसाए बारसदेवसाहस्सीओ णिसीयंति । दाहिणेणं मज्झिमाए परिसाए चोद्दसदेवसाहस्सीओ, दाहिणपच्छिमेणं बाहिरिआए परिसाए सोलसदेवसाहस्सीओ णिसीयंतीत्यादि । (अयं पाठः तत्र टीकागतः) ।।१०।।

ટીકાર્થ :-

एवं ..... तथाहि - એ પ્રમાણે ભગવતીસૂત્ર દશમા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં સૂર્યાભદેવના અતિદેશ વડે પ્રતિમારૂપ હાડકાં સાથે પ્રતિબદ્ધ શકની સુધર્માસભાનો અધિકાર ભાવવો. તે આ પ્રમાણે -

હે ભગવંત ! દેવેંદ્ર દેવરાજા શકની સુધર્માસભા ક્યાં આવેલી છે ? હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની દક્ષિણ દિશામાં રત્નપ્રભા પૃથ્વી ઉપર, એ પ્રમાણે જેમ રાજપ્રશ્નીયમાં યાવત્ પાંચ અવતંસક કહેલા છે, તે આ પ્રમાણે - અશોકાવતંસક યાવત્ મધ્યમાં સૌધર્માવતંસક. તે સૌધર્માવતંસક મહાવિમાન સાડા બાર લાખ યોજન આયામ-વિષ્કંભ વડે છે=લાંબું પહોળું છે. એ પ્રકારે જેમ સૂર્યાભમાં તે પ્રકારે જ માન=પ્રમાણ અને તે પ્રકારે જ ઉપપાત જાણવો. (સૂ. ૪૦૭)

ત્યાર પછી તે શક્ર સિદ્ધાયતનમાં પૂર્વના દ્વારથી પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને જે બાજુ દેવચ્છંદ, જે બાજુ જિનપ્રતિમા તે બાજુ જાય છે, જઈને જિનપ્રતિમાને જોવામાત્રથી પ્રણામ કરે છે, પ્રણામ કરીને મોરપિચ્છ ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને જિનપ્રતિમાઓને મોરપિચ્છ વડે પ્રમાર્જના કરે છે, પ્રમાર્જના કરીને સુગંધી ગંધોદક વડે=જળ વડે, અભિષેક કરે છે. યાવત્ આત્મરક્ષક સુધીનો પાઠ જાણવો.

અર્ચનિકાથી આગળનો ગ્રંથ ત્યાં સુધી કહેવો, યાવત્ આત્મરક્ષક દેવો કહેલા છે, ત્યાં સુધી પાઠ કહેવો અને

તે લેશથી આ પ્રમાણે - ત્યાર પછી તે શક્ર સુધર્માસભામાં પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે. ત્યાર પછી શક્રના ચોરાશી હજાર સામાનિક દેવો વાયવ્ય કોણમાં, ઉત્તર દિશામાં અને ઈશાન કોણમાં બેસે છે. પૂર્વ દિશામાં આઠ અગ્રમહિષીઓ (બેસે છે), અગ્નિકોણમાં અભ્યંતર પર્ષદાના બાર હજાર દેવો બેસે છે, દક્ષિણ દિશામાં મધ્ય પર્ષદાના ચૌદ હજાર દેવો બેસે છે, નૈઋત્ય કોણમાં બાહ્ય પર્ષદાના સોળ હજાર દેવો બેસે છે. ઈત્યાદિ. (સૂ. ૪૦૭ ની ટીકાનો પાઠ) **॥૧૦॥**

અવતરણિકા :-

अथ सूर्याभाधिकारेण प्रतिमारीणां शासनार्थस्तेनानां कान्दिशीकतां प्रदर्शयंस्ता अभिष्टौति -

અવતરણિકાર્થ :-

હવે સૂર્યાભના અધિકાર દ્વારા પ્રતિમાના શત્રુઓને શાસ્ત્રના અર્થના ચોરો એવા લુંપાકોની કાંદિશિકાને દેખાડતા=શાસ્ત્રમાં ભગવાનની પૂજાના અધિકારના પાઠને દેખાડવાથી પ્રત્યુત્તર આપવા માટે કોઈ દિશા ન સૂઝતી હોય તેવી માનસિક સ્થિતિરૂપ કાંદિશીકતાને દેખાડતાં, ગ્રંથકાર તેઓની= પ્રતિમાઓની, સ્તુતિ કરે છે.

શ્લોક :-

प्राक् पश्चाच्च हितार्थितां हृदि विदंस्तैस्तैरुपायैर्यथा,
मूर्त्तीः पूजितवान् मुदा भगवतां सूर्याभनामा सुरः ।
याति प्रच्युतवर्णकर्णकुहरे तप्तत्रपुत्वं नृप-
प्रश्नोपाङ्गसमर्थिता हतधियां व्यक्ता तथा पद्धतिः ॥११॥

શ્લોકાર્થ :-

પૂર્વમાં=દેવભવમાં ઉત્પત્તિકાળમાં, અને પશ્ચાત્=ઉત્તર એવા તે ભવ અને ભવાંતર સંબંધી આયતિમાં, હિતાર્થીપણાને હૃદયમાં જાણતા તે તે ઉપાયો વડે જેમ સૂર્યાભનામના દેવે હર્ષથી ભગવાનની મૂર્તિને પૂજી, તે પ્રકારે વ્યક્ત=પ્રગટ, નૃપપ્રશ્ન ઉપાંગથી સમર્થિત પદ્ધતિ=પ્રક્રિયા, હતબુદ્ધિવાળાઓના=લુંપાકના, પ્રચ્યુત છે વર્ણ જેમાંથી એવા કર્ણકુહરમાં=કર્ણરૂપ ગુફામાં, તપ્ત ત્રપુપણાને પામે છે=કાનમાં પડતા તપાવેલા સીસાના રસ જેવી બને છે. ॥૧૧॥

ટીકા :-

'प्रागि'त्यादि :- प्राग्=आदौ, पश्चाच्च=उत्तरतद्भवभवान्तरसंबन्धिन्यामायत्यां हितार्थितां= श्रेयोऽभिलाषितां, हृदि=स्वान्ते, विदन्=जानन्, तैस्तैर्वक्ष्यमाणैरुपायैः=भक्तिसाधनप्रकारैर्यथा सूर्याभनामा सुरः भगवतां मूर्त्तीः पूजितवान् तथा व्यक्ता=प्रकटा, नृपप्रश्नोपाङ्गे=राजप्रश्नीयोपाङ्गे,

समर्थिता=सहेतुकं निर्णीता पद्धतिः=प्रक्रिया, हतधियां=मूलोच्छिन्नबुद्धीनां=लुम्पकमतवासितानाम्, प्रच्युतवर्णे=प्रच्युतो वर्णो यस्मात्तादृशे, निरक्षरे इत्यर्थः तेनाक्षरशक्तिप्रतिबन्धाभावादतिदाहसंभवो व्यज्यते । कर्णकुहरे=श्रोत्रबिले, तेनासंस्कृतत्वं व्यज्यते । तप्तत्रपुत्वं याति, तान्यक्षराणि दुर्मतिकर्णे तप्तत्रपुवत् स्वगतदोषादेव दाहं जनयन्तीत्यर्थः । आह च - गुरुवचनममलमपि स्खलदुपजनयति श्रवणस्थितं शूलमभव्यस्येति ।

ટીકાર્થ :-

प्राग् ..... जनयन्तीत्यर्थः । પ્રાગ્=આદિમાં=દેવભવમાં ઉત્પત્તિકાળમાં, અને પશ્ચાત્=ઉત્તર એવા તે ભવ અને ભવાંતર સંબંધી આયતિમાં, હિતાર્થીપણાને હૃદયમાં જાણતા એવા સૂર્યાભનામના દેવે તે તે વક્ષ્યમાણ ઉપાયો વડે જે પ્રમાણે ભગવાનની મૂર્તિને પૂજી, તે પ્રમાણે વ્યક્ત=પ્રગટ, અને નૃપપ્રશ્ન ઉપાંગમાં=રાજપ્રશ્નીય ઉપાંગમાં, સમર્થિત=સહેતુક નિર્ણીત, એવી પદ્ધતિ=પ્રક્રિયા, હતબુદ્ધિવાળાઓના=મૂળમાંથી નાશ પામી ગઈ છે બુદ્ધિ જેઓની એવા લુંપાકમતવાસિતોના, પ્રચ્યુત થયો છે વર્ણ જેમાંથી એવા નિરક્ષર કર્ણરૂપી ગુફામાં=શ્રોત્રરૂપ બિલમાં=અસંસ્કૃત તેના કાન છે તેવી કર્ણરૂપ ગુફામાં, તપ્તત્રપુપણાને પામે છે=લુંપાકને પ્રતિમાની પૂજાને કહેનારા જે અક્ષરો છે, તે અક્ષરોની જે પદાર્થબોધ કરાવવાની શક્તિ છે, તેના પ્રત્યે પ્રતિબંધનો અભાવ છે તેના કારણે તેનાથી=પ્રચ્યુતવર્ણ એ શબ્દથી, અતિદાહનો સંભવ વ્યક્ત થાય છે, (અને) પ્રતિમાની પૂજાને કહેનારા એ અક્ષરો દુર્મતિ એવા લુંપાકના કાનમાં તપ્તત્રપુપણાને પામે છે=તપાવેલા સીસાના રસની જેમ સ્વગત દોષથી જ (એ અક્ષરો) દાહને પેદા કરે છે, એ પ્રકારે અર્થ છે.

અહીં ટીકામાં 'पद्धति' નો અર્થ પ્રક્રિયા કર્યો છે, તે ભગવાનની ભક્તિની પ્રક્રિયા સમજવી.

'समर्थिता' નો અર્થ સહેતુક નિર્ણીતા કરેલ છે અર્થાત્ યુક્તિપૂર્વક નિર્ણીત એવી પ્રક્રિયા સમજવી.

'हतधियां' નો અર્થ 'મૂળમાંથી બુદ્ધિ નાશ પામી ગઈ છે એવા લુંપાકમતવાસિતોના' એ પ્રમાણે જાણવો.

'प्रच्युतवर्णे' નો અર્થ પ્રચ્યુત છે વર્ણ જેમાંથી તેવા પ્રકારના=નિરક્ષર એવા, કર્ણકુહરમાં એમ કરેલ છે. તેના કારણે=નિરક્ષર હોવાને કારણે, અતિદાહનો સંભવ વ્યક્ત થાય છે. કેમ કે, અક્ષરશક્તિના પ્રતિબંધનો અભાવ છે.

'कर्णकुहरे' નો અર્થ 'શ્રોત્રરૂપ બિલમાં' કરવો, તેના વડે અસંસ્કૃતપણું પ્રગટ થાય છે. અર્થાત્ શાસ્ત્રના શબ્દો જેણે સાંભળ્યા નથી તેવા અસંસ્કૃત તેના કાન છે.

'तप्तत्रपुत्वं याति' એનો અર્થ તે અક્ષરો દુર્મતિના કર્ણમાં તપાવેલ સીસાના રસની જેમ સ્વગત દોષથી જ દાહ પેદા કરે છે, એ પ્રમાણે જાણવો.

✪ અહીં પ્રક્રિયા શબ્દ સૂર્યાભદેવે જે ભગવાનની પૂજા કરી છે, તેને સમર્થન કરનારી શબ્દરાશિરૂપ છે, તેથી આગળમાં એ અક્ષરો લુંપાકના કાનમાં તપ્તત્રપુપણાને પામે છે એમ કહેલ છે. તેથી વિરોધ નથી.

વિશેષાર્થ :-

ભગવાનની મૂર્તિને સ્વીકારનારાં શાસ્ત્રવચનો લુંપાકે સાંભળ્યાં નથી, તેથી નિરક્ષર તેનું શ્રોત્રબિલ છે. તેના કારણે જ્યારે સૂર્યાભના અધિકાર દ્વારા દેવતાઓ ભગવાનની પૂજા કરે છે, એવું કથન કહેવામાં આવે છે, ત્યારે પ્રતિમા પ્રત્યે દ્વેષ હોવાને કારણે તેને તે અક્ષરો દ્વારા અતિદાહનો સંભવ છે. કેમ કે શાસ્ત્રના તે અક્ષરોની શક્તિ પ્રત્યે તેને પ્રતિબંધનો અભાવ છે=રાગનો અભાવ છે, અર્થાત્ ભગવાનની મૂર્તિ દેવતાઓ પૂજે છે, તે કહેનારા જે અક્ષરો છે, તેની જે શક્તિ છે, તેના પ્રત્યે જો લુંપાકને રાગ હોય તો તદ્વાચક અર્થોને સાંભળીને તે પણ ભગવાનની મૂર્તિ પૂજ્ય છે, એમ અવશ્ય સ્વીકારે; પરંતુ તે અક્ષરશક્તિ પ્રત્યે પ્રતિબંધનો અભાવ હોવાને કારણે તે શાસ્ત્રપાઠનો અન્ય અર્થ કરે છે; અને કહે છે કે, તે દેવતાની સ્થિતિ છે, પરંતુ તે ધર્માનુષ્ઠાન નથી. આથી જ તે શાસ્ત્રવચનના બળથી પ્રતિમાની પૂજ્યતાનું કોઈ કથન કરે છે ત્યારે તેના હૈયામાં અતિદાહ પેદા થાય છે. સ્વગત દોષને કારણે, દાહ પેદા કરે છે અર્થાત્ તે લુંપાકના કાન અસંસ્કૃત છે, તેથી પોતાની માન્યતા પ્રમાણે અસદભિનિવેશરૂપ સ્વગત દોષથી જ દાહ પેદા કરે છે.

અહીં સ્વગત દોષથી દાહ પેદા થાય છે, એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિને તત્ત્વનો પક્ષપાત હોય તેને શાસ્ત્રપંક્તિઓ અન્યથારૂપે સમજાયેલી હોય તો પણ, યુક્તિપૂર્વક તેને સાચો અર્થ કોઈ બતાવે ત્યારે આનંદ થાય છે, પરંતુ લુંપાકને અસદભિનિવેશ હોવાને કારણે સાચો અર્થ બતાવવાથી આનંદ થવાને બદલે દાહ ઉત્પન્ન થાય છે. કેમ કે પોતાની માન્યતા પ્રત્યે અસદભિનિવેશ હોવાથી તે વચનથી પોતાની માન્યતા ખંડિત થાય છે.

તેને જ પુષ્ટ કરવા અર્થે સાક્ષીરૂપે '**आह च**' થી કહે છે -

ટીકાર્થ :-

गुरुवचन ..... इति । અને કહ્યું છે કે, કાનમાં રહેલું=સંભળાયેલું, નિર્મળ પણ ગુરુવચન સ્ખલના પામતું અભવ્યને=અયોગ્યને, શૂલ પેદા કરે છે.

વિશેષાર્થ :-

અસદભિનિવેશ હોવાને કારણે લુંપાક અયોગ્ય છે, તેથી જ નિર્મળ એવું પણ આ સ્ખલના પામતું ગુરુવચન સાંભળતાં તેના ચિત્તમાં શૂલ પેદા થાય છે. નિર્મળ વચન, સાચાનો પક્ષપાત નહિ હોવાને કારણે તેને સ્થિર થવાના યત્નરૂપે થતું નથી, પરંતુ સાચા પણ પદાર્થને કઈ રીતે અસમ્યગ્ છે, તે પ્રકારે સ્થાપન કરીને, જિનપ્રતિમાને અપૂજ્યરૂપે સ્થાપન કરવાના યત્નથી જ લુંપાક તે પદાર્થને વિચારે છે. તેથી તે સાચો પણ પદાર્થ તેના ચિત્તમાં સ્થિર થવાને બદલે સ્ખલના પામી રહ્યો છે.

ટીકા :-

अत्र तप्तत्रपुत्वं यातीति निदर्शना, अभवन् वस्तुसंबन्ध उपमापरिकल्पकः 'निदर्शने'ति मम्मटवचनात् । असंबन्धे संबन्धरूपातिशयोक्तिरित्यपरे ।

ટીકાર્થ :-

अत्र ..... मम्मटवचनात् । **અહીંયાં=પ્રસ્તુત શ્લોકમાં, 'તપ્તત્રપુપણાને પામે છે' એ પ્રમાણે નિદર્શના અલંકાર છે. કેમ કે, ઉપમાનો પરિકલ્પક એવો નહિ થતો વસ્તુનો સંબંધ તે નિદર્શના અલંકાર છે. એ પ્રકારે મમ્મટનું વચન છે.**

વિશેષાર્થ :-

જેમ તપાવેલું સીસું કાનમાં નાખવામાં આવે તો અતિદાહ પેદા થાય છે, તેમ નૃપપ્રશ્ન ઉપાંગમાં સમર્થિત એવી વ્યક્ત પદ્ધતિ, હણાયેલી બુદ્ધિવાળા લુંપાકની કર્ણરૂપ ગુફામાં તપ્તત્રપુપણાને પામે છે= તપાવેલા લોઢાના રસની જેમ સ્વગત દોષથી દાહને પેદા કરે છે, એ પ્રકારે ઉપમાનો પરિકલ્પક નિદર્શના અલંકાર છે; જેમાં નહિ થતી વસ્તુનો સંબંધ છે. અર્થાત્ પ્રશ્ન ઉપાંગમાં સમર્થિત એવી વ્યક્ત પદ્ધતિરૂપ વસ્તુનો સંબંધ તેના કાનમાં થતો નથી, પરંતુ સંબંધ કરવાનો આયાસ કરવામાં આવે તો દાહને પેદા કરે છે.

ટીકાર્થ :-

असंबन्धे ..... अपरे । **અસંબંધમાં સંબંધરૂપ અતિશયોક્તિ છે, એ પ્રમાણે બીજાઓ કહે છે.**

વિશેષાર્થ :-

પ્રશ્ન ઉપાંગમાં સમર્થિત એવી વ્યક્તપદ્ધતિરૂપ વસ્તુનો સંબંધ તેના કાનમાં થતો નથી, છતાં સંબંધ થાય છે, એ પ્રમાણે અતિશયોક્તિ છે. આથી જ તપ્તત્રપુપણાને પામે છે, એમ કહેલ છે.

ટીકા :-

उक्तार्थे आलापकश्चायम् -

तेणं कालेणं तेणं समएणं सूरियाभे देवे अहुणोववण्णमित्तए चेव समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्तीभावं गच्छइ, तं जहा-आहारपज्जत्तीए, सरीरपज्जत्तीए, इंदियपज्जत्तीए, आणापाणपज्जत्तीए, भासामणपज्जत्तीए, तए णं तस्स सूरियाभस्स देवस्स पंचविहाए पज्जत्तीए पज्जत्तीभावं गयस्स समाणस्स इमेयारूवे अब्भत्थिए चिंतिए, पत्थिए, मणोगए, संकल्पे समुप्पज्जित्था-किं मे पुव्विं करणिज्जं ? किं मे पच्छा करणिज्जं ? किं मे पुव्विं सेयं ? किं मे पच्छा सेयं ? किं मे पुव्विं ? पि पच्छावि, हियाए, सुहाए, खमाए, णिस्सेसाए, आणुगामियत्ताए, भविस्सइ ? तए णं तस्स सूरियाभस्स सामाणियपरिसोववन्नगा देवा सूरियाभस्स देवस्स इमेयारूवमब्भत्थियं जाव समुप्पन्नं समभिजाणित्ता, जेणेव सुरियाभे देवे तेणेव उवागच्छंति, २ सूरियाभं देवं करयलपरिग्गहियं

सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धाविन्ति । वद्धावित्ता एवं वयासी-'एवं खलु देवाणुप्पिया णं सूरियाभे विमाणे सिद्धायतणंसि जिणपडिमाणं जिणुस्सेहपमाणमित्ताणं अट्ठसयं संनिक्खित्तं चिट्ठइ, सभाए सुहम्माए माणवए चेइयखंभे वइरामए सुगोलवट्टसमुग्गए सुबहुओ जिणसकहाओ संनिक्खित्ताओ चिट्ठंति । ताओ णं देवाणुप्पियाणं अन्नेसिं च बहूणं वेमाणियाणं देवाण य देवीण य अच्चणिज्जाओ जाव पज्जुवासणिज्जाओ । तं एयं णं देवाणुप्पियाणं पुव्विं करणिज्जं, तं एयं णं देवा० पच्छा करणिज्जं, तं एयं णं देवा० पुव्विं सेय, तं एयं णं देवा० पच्छा सेयं, तं एयं णं देवा० पुव्विंपि पच्छावि हियाए, सुहाए, खमाए, निस्सेसाए, आणुगामियत्ताए भविस्सति ।। (सू० ४१)

तए णं से सूरियाभे देवे तेसिं सामाणियपरिसोववन्नगाणं देवाणं अंतिए एयमट्ठं सोच्चा-निसम्म हट्ठ तुट्ठ जाव हिअए, सयणिज्जाओ अब्भुट्ठेइ, २ त्ता उववायसभाओ पुरच्छिमिल्लेणं दारेणं निग्गच्छइ, जेणेव हरए तेणेव उवागच्छति, उवागच्छित्ता, हरयं अणुपयाहिणी करेमाणे २ पुरच्छिमेणं तोरणेणं अणुपविसइ २ त्ता पुरच्छिमिल्लेणं तिसोवाण पडिरूवएणं पच्चोरुहइ २ जलावगाहं करेइ २ जलमज्जणं करेइ २ जलकिड्डं करेइ २ जलाभिसेयं करेइ २ त्ता, आयंते चोक्खे परमसुईभूए हरयाओ पच्चुत्तरइ २ जेणेव अभिसेयसभा तेणेव उवागच्छति २ अभिसेयसभं अणुप्पयाहिणी करेमाणे पुरच्छिमिल्लेणं दारेणं अणुप्पविसइ २ जेणेव सीहासणे तेणेव उवागच्छइ २ सीहासणवरगए पुरत्थाभिमुहे सन्निसन्ने । तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववन्नगा देवा आभिओगीए देवे सद्दावेइ २ एवं वयासी-खिप्पामेव भो ! देवाणुप्पिया ! सूरियाभस्स देवस्स महत्थं, महग्घं, महरिहं विउलं इंदाभिसेयं उवट्ठवेह अभिसेओ जाव । तए णं से सूरियाभे देवे महया २ इंदाभिसेएणं अभिसित्ते समाणे अभिसेयसभाओ पुरच्छिमिल्लेणं दारेणं निग्गच्छइ २ जेणेव अलंकारियसभा तेणेव उवागच्छइ २ अलंकारियसभं पुरच्छिमिल्लेणं दारेणं अणुपविसइ २ जेणेव सीहासणे जाव सन्निसन्ने । (सू० ४२)

तए णं से जाव अलंकारियसभाओ पुरच्छिमिल्लेणं दारेणं पडिणिक्खमइ २ त्ता जेणेव ववसायसभा तेणेव उवागच्छति जाव सीहासनवरगए जाव सन्निसन्ने । तए णं तस्स सूरियाभस्स देवस्स सामाणिय० देवा पोत्थयरयणं उवणेंति, तए णं से सूरियाभे देवे पोत्थय० गेण्हइ, २ पोत्थय० मुयइ, २ पोत्थय० विहाडेइ २ पोत्थय० वाएइ २ धम्मियं ववसायं ववसइ-धर्मानुगतं व्यवसायं व्यवस्यति=चिकीर्षतीत्यर्थः, पोत्थय० पडिणिक्खमइ २, सीहासणाओ अब्भुट्ठेइ २ ववसायसभाओ पुरच्छिमिल्लेणं दारेणं पडिणिक्खमइ २ त्ता जणव नंदा पुक्खरणी तेणेव उवागच्छइ २ णंदापुक्खरिणिं पुरच्छि० तोरणेणं पुरच्छि० तिसोवाण० पच्चोरुहइ २ हत्थपादं पक्खालेति २ आयंते चोक्खे परमसुइभूए एगं महं सेयं रययामयं विमलं सलिलपुण्णं मत्तगयमुहागितिकुंभसमाणं भिंगारं पगेण्हति २ जाइं तत्थ उप्पलाइं जाव सतसहस्सपत्ताइं ताइं गेण्हति २ णंदा० तो पच्चोरुहति २ जेणेव सिद्धायतणे तेणेव पहारेत्थ गमणाए ।। सू० ४३।।

तए णं तं सूरियाभं देवं चत्तारिसामाणियसाहस्सीओ जाव सोलसआयरक्खदेवसाहस्सीओ, अन्ने य

बहवे सूरियाभं जाव देवीओ य अप्पेगइया उप्पलहत्थगया जाव सयसहस्सपत्तहत्थगया, सूरियाभं देवं पिट्ठतो २ समणुगच्छंति । तए णं तं सूरियाभं देवं बहवे आभिओगिया देवा य देवीओ य अप्पेगइया कलसहत्थगया, जाव अप्पेगइया धूवकडुच्छुयहत्थगया हट्ठतुट्ठ जाव सूरियाभं देवं पिट्ठतो समणुगच्छंति । तए णं से सूरियाभे देवे चउहिं सामाणियसाहस्सीहिं जाव अन्नेहिं य बहूहिं य सूरियाभं देवं जाव बहूहिं देवेहिं य देवीहिं य सद्धिं संपरिवुडे सव्विड्ढीए जाव णातियरवेणं जेणेव सिद्धायतणे तेणेव उवागच्छति २ सिद्धायतणं पुरच्छि० दारेणं अणुपविसति २ जेणेव देवच्छंदए, जेणेव जिणपडिमाओ तेणेव उवागच्छइ २ जिणपडिमाणं आलोए पणामं करेति २ लोमहत्थगं गिण्हइ २ जिणपडिमाणं लोमहत्थएणं पमज्जइ २ जिणपडिमाओ सुरभिणा गंधोदएणं ण्हाणेइ २ सुरभिगंधकासाइए णं गायाइं लूहेति २ सरसेणं गोसीसचंदणेणं गायाइं अणुलिंपइ २ जिणपडिमाणं अंगाइं देवदूसजूअलाइं णियंसइ २ पुप्फारुहणं, मल्लारुहणं, गंधारुहणं, चुन्नारुहणं, वत्थारुहणं, आभरणारुहणं करेइ २

आसत्तोसत्तविउलवट्टवग्घारिअमल्लदामकलावं करेइ २ करग्गहगहिअकरयलपब्भट्ठविप्पमुक्केणं दसद्धवन्नेणं कुसुमेणं मुक्कपुप्फपुंजोवयारकलियं करेति २ जिणपडिमाण पुरतो अच्छेहिं सण्हेहिं सेएहिं रययामएहिं अच्छरसातंदुलेहिं अट्ठट्ठमंगले आलिहइ तं जहा०-सोत्थियजाव दप्पणं । अच्छरसातंदुलेहिं=दिव्यतंदुलैरित्यर्थः, अच्छो रसो येषु येभ्योऽच्छरसा वेति व्युत्पत्तिः । तयाणंतरं च णं चंदप्पभरयणवइरवेरुलियविमलदंडकंचणमणिरयणभत्तिचित्तं, कालागुरुपवरकुंदुरुक्कतुरुक्कधूवमघमघंतगंधुत्तमाणुविद्धं च धूववट्टिं विणिम्मुयंतं कालागुरुप्रवरकुंदुरुक्कतुरुक्क-सत्केन धूपेनोत्तमगन्धेनानुविद्धं धूपवर्त्तिं विनिमुञ्चन्तमित्यर्थः । पदव्यत्यय आर्षः । वेरुलियमयं कडुच्छुयं पग्गहिय पयत्तेणं धूवं दाऊण जिणवराणं अट्ठसयविसुद्धगन्थजुत्तेहिं अष्टशतप्रमाणनिर्दोषशब्दरचनायुक्तैरित्यर्थः । अत्थजुत्तेहिं अपुणरुतेहिं महावित्तेहिं संथुणइ २ देवलब्धिप्रभाव एषः सत्तट्ठ पयाइं पच्चोसक्कइ २ वामं जाणुं अंचेइ २ त्ता दाहिणं जाणुं धरणितलंसि णिहट्टु तिक्खुत्तो मुद्धाणं धरणितलंसि निवाडेइ २ त्ता ईसिं पच्चुण्णमइ २ करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी-णमोत्थु णं अरहंताणं जाव संपत्ताणं, वंदइ नमंसइ वन्दते ताः=प्रतिमाः, चैत्यवंदनविधिना प्रसिद्धेन, नमस्करोति-पश्चात् प्रणिधानादियोगेनेत्येके । अन्येत्वभिदधति-विरतिमतामेव प्रसिद्धचैत्यवन्दनविधिरन्येषां तथाभ्युपगमपुरस्सरकायव्युत्सर्गासिद्धेरिति वन्दते-सामान्येन, नमस्करोति आशयवृद्धेरभ्युत्थाननमस्कारेणेति । तत्त्वमत्रभगवन्तः परमर्षयः केवलिनो विदन्तीति वृत्तौ-जेणेय सिद्धायतणस्स बहुमज्झदेसभाए तेणेव उवागच्छइ २ त्ता लोमहत्थगं परामुसइ २ सिद्धा० बहुमज्झदेसभागं लोमहत्थेणं पमज्जति, दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलं मंडलगं आलिहइ २ करग्गहगहियं जाव पुंजोवयारकलियं करेइ, २ धूवं दलइ २ जेणेव सिद्धायतनस्स दाहिणिल्ले दारे तेणेव उवागच्छइ, २ लोमहत्थगं परामुसइ २ दारचेडीओ सालभंजियाओ वालरुवए अ लोमहत्थएणं पमज्जइ, दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं चच्चए दलइ, २ पुप्फारुहणं जाव मल्लारुहणं करेइ, आसत्तोसत्तजाव धूवं दलइ २ जेणेव दाहिणिल्ले दारे मुहमंडवे जेणेव दाहिणिल्लिस्स मुहमंडवस्स बहुमज्झदेसभाए तेणेव

उवागच्छइ २ लोमहत्थगं परामुसइ २ बहुमज्झदेसभागं लोमहत्थेणं पमज्जइ २ त्ता दिव्वाए दगधाराए अब्भुक्खेइ, सरसेणं गोसीसचंदणेणं पंचंगुलितलं मंडलगं आलिहित्ता करग्गहगहियं जाव धूवं दलइ जेणेव दाहिणिल्लस्स मुहमंडवस्स पच्चत्थिमिल्ले दारे तेणेव उवागच्छइ २ लोम० परामुसइ २ त्ता दारचेडीओ य सालभंजियाओ अ वालरुवए य लोमहत्थेण पमज्जइ २ त्ता दिव्वाए दगधाराए० सरसेणं गोसीसचंदणेणं० पुप्फारुहणं जाव आभरणारुहणं करेइ २ आसत्तोसत्त० करग्गह० धूवं दलइ २ त्ता जेणेव दाहि० मुह० स्स उत्तरिल्ला खंभपंती तेणेव उवागच्छइ २ लोम० परामुसइ २ थंभे थंभे सालभंजियाओ य वाल० लोमहत्थएणं पम० २ तं चेव जहा पच्छिमिल्लस्स दारस्स जाव धूवं दलइ २ जेणेव दाहिणिल्लस्स मुह०स्स पुरत्थि० दारे तेणेव उवागच्छइ २ लोम० परा० २ दारचेडीओ च तं चेव सव्वं, जेणेव दाहि० मुह०स्स दाहिणिल्ले दारे तेणेव उवा० २ दारचेडीओ य तं चेव सव्वं, जेणेव दाहिणिल्ले पेच्छाघरमंडवे जेणेव दाहिणिल्लस्स पेच्छा० स्स बहुमज्झ० जेणेव वइरामए अक्खडए जेणेव मणिपेढिया जेणेव सीहासणे तेणेव उवा० लोम० परा० २ अक्खाडगं च मणिपेढियं च सीहासणं च लोमहत्थएणं पमज्जइ २ दिव्वाए दगधाराए० सरसेणं गोसीसचंदणेणं० पुप्फारूहणं० आसत्तोसत्त० जाव धूवं दलेइ २ जेणेव दाहिणि० पेच्छा० स्स पच्चत्थिमिल्ले दारे० उत्तरिल्ले दारे० पुरत्थिमिल्ले दारे० दाहिणे दारे० तं चेव, जेणेव दाहिणिल्ले चेइयथूभे तेणेव उवा० २ थंभं च मणिपेढियं च० दिव्वाए दगधाराए, जाव धूवं दलेइ २ जेणेव पच्चत्थिमिल्ला मणिपेढिया जेणेव पच्चत्थि० जिण पडिमाणं पणामं करेइ जहा जिणपडिमाणं तहेव जाव णमंसित्ता जेणेव उत्तरिल्ला जिण० तं चेव सव्वं, जेणेव पुरत्थिमिल्ला मणिपेढिया० जेणेव पुरत्थि० जिण० तं चेव दाहिणिल्ला मणिपेढिया० दाहिणिल्ला जिण० तं चेव । जेणेव दाहिणिल्ले चेइअरुक्खे तेणेव उवा० २ तं चेव, जेणेव दाहिणिल्ले महिंदज्झए तेणेव उवा० तं चेव, जेणेव दाहिणिल्ला णंदा पुक्खरिणी तेणेव० उवा० २ लोम० परा० २ तोरणे य तिसोवाणपडिरूवए सालभंजियाओ य वालरूवए य लोमहत्थएणं पमज्जइ जाव धूवं दलेइ । सिद्धायतनं अणुप्पवाहिणी करेमाणे जेणेव उत्तरिल्ला० णंदा० तेणेव उवा० तं चेव सव्वं, जेणेव उत्तरिल्ले चेइयरुक्खे तं चेव, जेणेव उत्तरिल्ले चेइयथूभे तं चेव, जेणेव पच्चत्थिमिल्ला पेढिया, जेणेव जिणपडिमा तं चेव, उत्तरिल्ले पेच्छाघरमंडवे तेणेव उवा० त्ता जा चेव दाहिणिल्लवत्तव्वया सा चेव सव्वा पुरत्थिमिल्ले दारे, दाहिणिल्ला खंभपंत्ती तं चेव सव्वं, जेणेव उत्तरिल्ले मुहमंडवे तं चेव सव्वं, पच्चत्थिमिल्ले दारे तेणेव० उत्तरिल्ले दारे दाहिणिल्ला खंभपंत्ती सेसं तं चेव, जेणेव सिद्धायतनस्स उत्तरिल्ले दारे तं चेव, जेणेव सिद्धायतनस्स पुरत्थिमिल्ले दारे तेणेव तं चेव सव्वं, जेणेव पुरत्थि मुहमंडवे पुरत्थिमिल्लस्स मुहमंडवस्स बहु मज्झदेसभाए तं चेव, दाहिणिल्ले दारे पच्चत्थिमिल्ला खंभपंती उत्तरिल्ले दारे तं चेव, पुरत्थिमिल्ले दारे तं चेव, जेणेव पुरत्थि० पेच्छाघरमंडवे, एवं थूभजिणपडिमाओ चेइयरुक्खा, महिंदज्झया, तं चेव जाव धूवं दलइ । जेणेव सभा सुहम्मा तेणेव उवा० २ सभं सुहम्मं पुरच्छि० दारेणं अणुपविसइ जेणेव माणवए चेइय खंभे जेणेव वइरामया गोलवट्टसमुग्गे तेणेव उवा० २ लोम० परामुसइ २ वइरामए गोलवट्टसमुग्गए लोम० हत्थएणं पमज्जइ, वइ० गोल० विहाडेइ २ जिणसकहाओ लोमत्थएणं पमज्जइ, सुरहिणा गंधोदएणं

पक्खालेइ, अग्गेहिं वरेहिं गंधेहिं अच्चेइ, धूवं दलेइ २ जिणसकहाओ वइरामएसु गोलवट्टसमुग्गएसु पडिणिक्खमइ, माणवगं चेइयखंभं लोमहत्थएणं पमज्जइ, दिव्वाए दगधाराए जाव धूवं दलेइ, २ जेणेव सीहासणे तं चेव, जेणेव खुड्डागमहिंदज्झए तं चेव, जेणेव पहरणकोसे चोप्पालए तं चेव, जेणेव बहुमज्झदेसभाए तं चेव, जेणेव मणिपेढिया जेणेव देवसयणिज्जे तं चेव, जेणेव उववायसभा तेणेव उवागच्छइ २ जहा अभिसेयसभा तहेव सव्वं, जाव पुरत्थिमिल्ला णंदा० जेणेव हरण तेणेव० उवागच्छइ २ त्ता तोरणे य तिसोवाणे य सालभंजियाओ अ वालरूवए य जेणेव अभिसेयसभा तेणेव उवा० सीहासणं च मणिपेढियं च सेसं तहेव आययणसरिसं जाव पुरत्थिमिल्ला णंदा० जेणेव अलंकारियसभा तेणेव० जहा अभिसेयसभा तहेव सव्वं, जेणेव ववसायसभा तेणेव उवा० २ तहेव लोमहत्थगं परा० २ पोत्थयरयणं लोमहत्थएणं पम० २ दिव्वाए दगधाराए० जाव धूवं दलेइ । मणिपेढियं सीहासणं च सेसं तं चेव । पुरच्छिमिल्ला णं णंदा० तं चेव, जेणेव बलिपीढं तेणेव उवा० २ बलिविसज्जणं करेइ इति ।। (सू० ४४) ।।११।।

ટીકાર્થ :-

અને કહેવાયેલ અર્થમાં=પૂર્વ અને પશ્ચાત્ હિતાર્થીપણાને હૃદયમાં જાણતા તે તે ઉપાયો વડે જેમ સૂર્યાભદેવે હર્ષથી ભગવાનની મૂર્તિને પૂજી તે અર્થમાં, આલાપક આ પ્રમાણે -

તે કાલે અને તે સમયે હમણાં ઉત્પન્ન થયો છતો સૂર્યાભદેવ પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્તભાવને પામે છે. તે આ પ્રમાણે - (૧) આહારપર્યાપ્તિથી (૨) શરીરપર્યાપ્તિથી (૩) ઈંદ્રિયપર્યાપ્તિથી (૪) શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિથી અને (૫) ભાષા અને મનઃપર્યાપ્તિથી પર્યાપ્તભાવને પામે છે. (રાયપસેણીય ટીકામાં કહ્યું છે કે, 'શેષપર્યાપ્તિના સમાપ્તિકાલના અંતરની અપેક્ષાએ ભાષા અને મનઃપર્યાપ્તિના સમાપ્તિના કાલનું અંતર પ્રાયઃ અલ્પ હોવાથી એક તરીકે વિવક્ષા કરેલ છે.') ત્યાર પછી તે સૂર્યાભદેવને પાંચ પ્રકારે પર્યાપ્તિ વડે પર્યાપ્તભાવ પામેલો છતો આ આવા પ્રકારે સંકલ્પ ઉત્પન્ન થયો. (એ પ્રમાણે અન્વય છે.) તે સંકલ્પ કેવા પ્રકારનો છે, તે બતાવતાં કહે છે - આધ્યાત્મિક, ચિંતનાત્મક, અભિલાષાત્મક, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો.

તે સંકલ્પનું સ્વરૂપ શું છે ? એથી કરીને કહે છે - મારે પૂર્વમાં શું કરણીય છે ? મારે પશ્ચાત્= પાછળ, શું કરણીય છે ? મારે પૂર્વમાં (કરવા માટે) શું શ્રેય છે ? મારે પશ્ચાત્=પાછળ, (કરવા માટે) શું શ્રેય છે ? મારે પૂર્વમાં પણ અને પાછળ પણ હિતપણા માટે=પરિણામસુંદરતા માટે, સુખ માટે, સંગતપણા માટે, નિશ્ચિત કલ્યાણ માટે, પરંપરાએ શુભાનુબંધી સુખ માટે શું શ્રેયસ્કારી થશે ?

ત્યારે તે સૂર્યાભદેવના સામાનિક પર્ષદાને પામેલા દેવો સૂર્યાભદેવને આવા પ્રકારે આધ્યાત્મિક યાવત્ ઉત્પન્ન થયેલો જાણીને જ્યાં સૂર્યાભદેવ છે ત્યાં સમીપમાં આવે છે, સમીપમાં આવીને સૂર્યાભદેવને મસ્તક ઉપર કરતલથી પરિગૃહીત શીર્ષાવર્તવાળી અંજલિ કરીને જયવિજય વડે (મંગળ શબ્દો વડે) વધાવે છે. વધાવીને આ પ્રમાણે કહે છે, હે દેવાનુપ્રિય ! સૂર્યાભ નામના વિમાનમાં સિદ્ધાયતનમાં જિનેશ્વરની ઊંચાઈ પ્રમાણ માનવાળી (જિનેશ્વરની ઊંચાઈ પ્રમાણે ઊંચાઈવાળી) એકસોને આઠ જિનપ્રતિમા સ્થાપન કરાયેલી છે, (તથા) સુધર્માસભામાં માણવક ચૈત્યસ્તંભમાં, વજ્રમય ગોળ દાભડામાં ઘણા જિનેશ્વરોનાં હાડકાંઓ સ્થાપન કરાયેલાં છે, તે આપ દેવાનુપ્રિયને તથા બીજા ઘણા

વૈમાનિક દેવ અને દેવીઓને અર્ચનીય યાવત્ પર્યુપાસનીય છે. તેથી આપ દેવાનુપ્રિયને આ પૂર્વે શ્રેયકારી છે, તેથી આપ દેવાનુપ્રિયને આ પશ્ચાત્ શ્રેયકારી છે, તેથી આપ દેવાનુપ્રિયને આ પૂર્વે પણ અને પશ્ચાત્ પણ હિતપણા માટે, સુખ માટે, સંગતપણા માટે, નિશ્ચિત કલ્યાણ માટે, પરંપરાએ શુભાનુબંધી સુખ માટે થશે. (સૂ. ૪૧)

ત્યારે તે સૂર્યાભદેવ તે સામાનિક પર્ષદાને પામેલા દેવોની પાસેથી આ અર્થને સાંભળીને, અવધારીને, હૃષ્ટતુષ્ટ યાવત્ (હર્ષવશ વિસ્તાર પામેલા) હૃદયવાળો શયનમાંથી ઊભો થાય છે, ઊભો થઈને ઉપપાતસભાના પૂર્વદિશા તરફના દ્વાર વડે નીકળે છે, જ્યાં જલાશય (વાવડી) છે ત્યાં સમીપમાં આવે છે, સમીપમાં આવીને જલાશયને અનુપ્રદક્ષિણા કરતાં કરતાં=ચારે બાજુ ફરતાં ફરતાં, પૂર્વ દિશાના તોરણ વડે (વાવડીમાં જવાના માર્ગ વડે) (વાવડીમાં) પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને પૂર્વ દિશાના સુંદર એવા ત્રિસોપાન વડે નીચે ઊતરે છે, નીચે ઊતરીને જલાવગાહ (સ્નાન) કરે છે, જલાવગાહ કરીને જલમજ્જન કરે છે, જલમજ્જન કરીને જલક્રીડા કરે છે, જલક્રીડા કરીને જલાભિષેક કરે છે, જલાભિષેક કરીને કરેલ આચમનવાળો ચોખ્ખો થયેલો, (આથી કરીને જ) પરમ પવિત્ર થયેલો જલાશયમાંથી નીચે આવે છે. નીચે આવીને જ્યાં અભિષેક સભા છે ત્યાં જાય છે, ત્યાં જઈને શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે, ત્યારે તે સૂર્યાભદેવના સામાનિક પર્ષદાને પામેલા દેવો આભિયોગિક દેવને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે કે, હે દેવાનુપ્રિય ! શીઘ્ર જ સૂર્યાભદેવનો મણિરત્નાદિક જેમાં ઉપયોગ કરાતા હોય તેવા મોટા અર્થવાળો, મોટી પૂજા જેમાં છે તે મહાર્ઘ, મોટા ઉત્સવ માટે યોગ્ય છે તે મહાર્હ, વિપુલ=વિસ્તીર્ણ, એવા ઇંદ્રાભિષેકને ઉપસ્થાપન કરો. યાવત્ અભિષેક સુધી સમજવું. ત્યાર પછી તે સૂર્યાભદેવનો મોટા મોટા ઇંદ્રાભિષેક વડે અભિષેક થયે છતે અભિષેકસભાના પૂર્વના દ્વાર વડે નીકળે છે. નીકળીને જ્યાં અલંકારસભા છે ત્યાં સમીપમાં આવે છે, સમીપમાં આવીને અલંકારસભાના પૂર્વના દ્વારથી પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને જ્યાં સિંહાસન છે, યાવત્ (પૂર્વાભિમુખ) બેસે છે. (ત્યાં સુધી પાઠ જાણવો.) (સૂ. ૪૨)

ત્યાર પછી તે યાવત્ અલંકારસભાના પૂર્વ દ્વાર વડે પાછો નીકળે છે. પાછો નીકળીને જ્યાં વ્યવસાયસભા છે, ત્યાં સમીપમાં આવે છે. યાવત્ શ્રેષ્ઠ સિંહાસન ઉપર યાવત્ બેસે છે (ત્યાં સુધી પાઠ કહેવો). ત્યાર પછી તે સૂર્યાભદેવના સામાનિક પર્ષદાના દેવો પુસ્તકરત્નને લાવે છે, ત્યાર પછી તે સૂર્યાભદેવ પુસ્તકરત્નને ગ્રહણ કરે છે, પુસ્તકરત્નને છોડે છે, પુસ્તકરત્નને ઉઘાડે છે, પુસ્તક રત્નને વાંચે છે, વાંચીને ધાર્મિક વ્યવસાયને કરવાની અભિલાષા કરે છે. પુસ્તક રત્નને પાછું સોંપે છે, સોંપીને સિંહાસન ઉપરથી ઊભો થાય છે, ઊભો થઈને વ્યવસાયસભાના પૂર્વ દ્વાર વડે પાછો ફરે છે, પાછો ફરીને જ્યાં નંદાપુષ્કરિણી છે ત્યાં આવે છે. ત્યાં આવીને પૂર્વ (દિશાના) તોરણથી સુંદર ત્રિસોપાન વડે (ત્રણ પગથિયાં વડે) નંદાપુષ્કરિણીમાં નીચે ઊતરે છે, નીચે ઊતરીને હાથ-પગને પ્રક્ષાલે છે, પ્રક્ષાલન કરીને આચમન કરતો ચોક્ખો થઈ પરમશુચિભૂત=પવિત્ર થયેલો, એક મોટા, શ્વેત, રજતમય, વિમલ, જળથી પૂર્ણ= જળથી ભરેલા મત્ત હાથીના મુખાકૃતિવાળા કુંભ સમાન ભૃંગારને=કળશોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને જેટલા ત્યાં ઉત્પલો=કમળો યાવત્ લાખ પત્રવાળા તેને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને નંદાપુષ્કરિણીમાંથી નીચે આવે છે, નીચે આવીને જ્યાં સિદ્ધાયતન છે ત્યાં ગમન માટે નિશ્ચય કરે છે. (સૂ. ૪૩)

ત્યારે તે સૂર્યાભદેવના ચાર હજાર સામાનિક દેવો યાવત્ સોળ હજાર આત્મરક્ષક દેવો અને અન્ય ઘણા સૂર્યાભવિમાનવાસી યાવત્ દેવીઓ, ઉત્પલ હાથમાં ગ્રહણ કર્યાં છે એવા કેટલાક, યાવત્ લાખ પાંદડાંવાળું (કમળ) હાથમાં ગ્રહણ કર્યું છે એવા સૂર્યાભદેવની પાછળ પાછળ અનુસરણ કરે છે અર્થાત્ જાય છે. ત્યારે તે સૂર્યાભદેવના ઘણા આભિયોગિક દેવો અને દેવીઓ, કેટલાક કળશ હાથમાં ગ્રહણ કરેલા યાવત્ કેટલાક ધૂપદાણાને હાથમાં ગ્રહણ કરેલા, હૃષ્ટતુષ્ટ યાવત્ સૂર્યાભદેવને પાછળ અનુસરણ કરે છે=જાય છે. ત્યારે તે સૂર્યાભદેવ ચાર હજાર સામાનિક દેવો યાવત્

અન્ય ઘણા યાવત્ દેવ અને દેવીઓ વડે પરિવરેલો, સર્વ ઋદ્ધિ વડે યાવત્ (વાજિંત્ર આદિના) નાદિત અવાજ વડે, જ્યાં સિદ્ધાયતન છે ત્યાં સમીપમાં આવે છે. સમીપમાં આવીને સિદ્ધાયતનમાં પૂર્વ દ્વાર વડે પ્રવેશ કરે છે, પ્રવેશ કરીને જ્યાં દેવછંદક, જ્યાં સિદ્ધાયતન છે ત્યાં સમીપમાં આવે છે. સમીપમાં આવીને જિનેશ્વરની પ્રતિમાઓને જોવામાત્રથી પ્રણામ કરે છે, પ્રણામ કરીને મોરપીંછી ગ્રહણ કરે છે, મોરપીંછી ગ્રહણ કરીને જિનેશ્વરની પ્રતિમાઓને મોરપીંછી વડે પ્રમાર્જન કરે છે, પ્રમાર્જન કરીને જિનેશ્વરની પ્રતિમાઓને સુગંધી ગંધોદક વડે સ્નાન કરાવે છે, સ્નાન કરાવીને સુરભિ ગંધકાષાયિક વસ્ત્ર વડે ગાત્રોને લૂંછે છે, ગાત્રોને લૂંછીને સરસ ગોશીર્ષચંદન વડે ગાત્રોને લેપ કરે છે, લેપ કરીને જિનપ્રતિમાઓના અંગો ઉપર દેવદૂષ્ય યુગલો પહેરાવે છે, પહેરાવીને પુષ્પારોહણ=પુષ્પ ચઢાવે છે, મલ્લારોહણ=ફૂલોની માળા ચડાવે છે, ગંધારોહણ=ગંધયુક્ત દ્રવ્યો ચડાવે છે, ચૂર્ણારોહણ=ચૂર્ણ ચડાવે છે, વસ્ત્રારોહણ=વસ્ત્ર ચડાવે છે, આભરણારોહણ=અલંકારો ચડાવે છે. પુષ્પ, માલ્ય, ગંધ, ચૂર્ણ, વસ્ત્ર અને આભરણ ચડાવીને વિકસિત, સંયુક્ત, વિપુલ, વૃત્ત, પ્રલમ્બિત=લટકતી, પુષ્પમાળાઓના સમુદાયને કરે છે. પુષ્પમાળાઓના સમુદાયને કરીને હાથમાંથી છૂટીને વિપ્રમુક્ત થયેલાં પાંચવર્ણનાં પુષ્પોથી મુક્તકલ, પુષ્પપુંજના ઉપચારથી કલિત કરે છે. કલિત કરીને જિનપ્રતિમાની આગળ શુભ્ર, ચીકણા, શ્વેત, રજતમય અતિનિર્મળ દિવ્ય તંદુલો વડે આઠ આઠ મંગલ આલેખે છે. (અષ્ટમંગલનાં નામ આ પ્રમાણે - (૧) સ્વસ્તિક, (૨) શ્રીવત્સ, (૩) નંદાવર્ત, (૪) વર્ધમાન=શરાવસંપુટ (૫) ભદ્રાસન, (૬) કલશ, (૭) મત્સ્યયુગલ અને (૮) દર્પણ.

(અચ્છરસવાળા તંદુલો વડે=દિવ્ય તંદુલો વડે, એ પ્રમાણે અર્થ જાણવો. અચ્છરસ છે જેમાં તે અચ્છરસા=નિર્મળ રસવાળા, અથવા અચ્છરસ છે જેમાંથી તે અચ્છરસા=નિર્મળ રસવાળા એ પ્રમાણે વ્યુત્પત્તિ જાણવી. અહીં अष्टौ अष्टौ એ પ્રમાણે વીપ્સાકરણથી=બે વાર કહેલ હોવાથી, પ્રત્યેક તે આઠ આઠ મંગલ સમજવાં, એમ વૃદ્ધો કહે છે. વળી અન્ય 'આઠ' એ સંખ્યા અને અષ્ટમંગલ એ સંજ્ઞા છે, એ પ્રમાણે કહે છે. એટલે આઠ અષ્ટમંગલ આલેખે છે, એમ અર્થ સમજવો.)

ત્યાર પછી ચંદ્રની પ્રભા જેવી અને વજ્રરત્ન વૈડુર્યરત્નમય વિમલ દંડવાળી, કાંચન મણિરત્નોની ભક્તિથી=રચનાવિશેષથી, ચિત્ર=વિવિધરૂપયુક્ત, કાલાગુરુ પ્રવર કુંદુરુષ્ક, તુરુષ્ક ધૂપથી મઘમઘાયમાન ઉત્તમ ગંધથી અનુવિદ્ધ એવા ધૂમાડાને મૂકતો (૧) उत्तमगन्धेन=गंधोत्तमेन - પ્રાકૃત હોવાથી પદવ્યત્યય થયેલ છે, વૈડુર્યમય (ધૂપ) કડુચ્છને=ધૂપદાણાને, ગ્રહણ કરીને પ્રયત્નપૂર્વક જિનેશ્વરોને ધૂપ આપીને, ૧૦૮ વિશુદ્ધ ગ્રંથથી યુક્ત=૧૦૮ શ્લોક પ્રમાણ નિર્દોષ શબ્દરચનાથી યુક્ત એ પ્રમાણે અર્થ જાણવો. અર્થયુક્ત=અર્થસાર, અપુનરુક્ત, મહાવૃત્તોથી (છંદોથી) યુક્ત એવી સ્તુતિ કરે છે. (તથાવિધ દેવલબ્ધિના પ્રભાવથી આવી સ્તુતિઓ રચી શકે છે.) સ્તુતિ કરીને સાત-આઠ પગલાં પાછળ ખસે છે, પાછળ ખસીને ડાબા પગને ઊભો કરે છે, ઊભો કરીને જમણા પગને ધરણિતલ ઉપર સ્થાપન કરીને, ત્રણ વાર મસ્તકને પૃથ્વીતલ ઉપર અડાડે છે. અડાડીને કાંઈક ઊંચો થાય છે, ઊંચો થઈને બે હાથ જોડી મસ્તક ઉપર શીર્ષાવર્ત અંજલિ કરીને આ પ્રમાણે બોલે છે. નમુત્થુણં અરિહંતાણં યાવત્ સંપત્તાણં... એ પ્રમાણે પ્રણિપાત દંડક ભણીને વંદન કરે છે, નમસ્કાર કરે છે.

वन्दते=તે પ્રતિમાઓને પ્રસિદ્ધ ચૈત્યવંદનવિધિ વડે વંદન કરે છે, नमस्करोति=प्रणिधानादि યોગ વડે નમસ્કાર કરે છે. આ પ્રમાણે એક=કોઈક અર્થ કરે છે. અન્ય વળી કહે છે - વિરતિવાળાઓને જ પ્રસિદ્ધ ચૈત્યવંદનની વિધિ હોય છે. બીજાઓને તે પ્રકારે અભ્યુપગમપૂર્વક કાયોત્સર્ગની અસિદ્ધિ છે, એથી કરીને સામાન્યથી વંદન કરે છે. આશયવૃદ્ધિ થવાને કારણે અભ્યુત્થાન નમસ્કાર વડે નમસ્કાર કરે છે.

તત્ત્વ અહીં પરમર્ષિ કેવલી ભગવંતો જાણે છે, એ પ્રમાણે રાજપ્રશ્નીયની વૃત્તિમાં કહેલ છે.

જે બાજુ સિદ્ધાયતનનો બહુમધ્યદેશભાગ છે તે બાજુ જાય છે, તે બાજુ જઈને મોરપીંછીને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને સિદ્ધાયતનના બહુમધ્યદેશ ભાગને મોરપીંછી વડે પ્રમાર્જે છે, દિવ્ય પાણીની ધારા વડે સિંચન કરે છે= પ્રક્ષાલે છે=ચોખ્ખો કરે છે, સરસ ગોશીર્ષચંદન વડે પંચાંગુલિ તલ વડે=હાથનાં તળિયાં વડે, મંડલ આલેખે છે=થાપા મારે છે, થાપા મારીને કરગ્રહથી ગૃહીત=હાથથી ગ્રહણ કરાયેલ, યાવત્ પુષ્પપુંજોના ઉપચારથી અલંકૃત કરે છે, અલંકૃત કરીને ધૂપ આપે છે, ધૂપ આપીને જે બાજુ સિદ્ધાયતનનું દક્ષિણ દ્વાર છે તે બાજુ આવે છે. આવીને મોરપીંછીને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને દ્વારની શાખાઓ, શાલભંજિકાઓ=પૂતળીઓ, વ્યાલરૂપને મોરપીંછી વડે પ્રમાર્જે છે, દિવ્ય જળની ધારા વડે સિંચન કરે છે, સરસ ગોશીર્ષચંદન વડે થાપા આપે છે, થાપા આપીને પુષ્પારોહણ=પુષ્પ ચડાવવા, યાવત્ માલ્યારોહણ=માળાઓ ચડાવવી કરે છે. ઉપરથી નીચે સુધી લટકતા ગોળ લાંબા પુષ્પોની માળાઓના કલાપને કરે છે, ધૂપ આપે છે, ધૂપ આપીને જે બાજુ દક્ષિણ દ્વારમાં મુખમંડપ છે, જે બાજુ દક્ષિણ બાજુના મુખમંડપનો બહુમધ્યદેશભાગ છે, તે બાજુ આવે છે. આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને બહુમધ્યદેશભાગને મોરપીંછી વડે પ્રમાર્જે છે, પ્રમાર્જીને દિવ્ય જળની ધારા વડે અભિસિંચન=પ્રક્ષાલ કરે છે, પ્રક્ષાલ કરીને સરસ ગોશીર્ષચંદન વડે હાથનાં તળિયાંથી મંડળ આલેખે છે=થાપા મારે છે, થાપા મારીને કરગ્રહ=હાથથી ગ્રહણ કરેલ પુષ્પની માળાઓના કલાપને કરે છે, યાવત્ ધૂપ આપે છે. ધૂપ આપીને જે બાજુ દક્ષિણ દિશાના મુખમંડપનો પશ્ચિમ દ્વાર છે તે બાજુ આવે છે, આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને દ્વારની શાખાઓ, પૂતળીઓ અને વ્યાલરૂપને મોરપીંછી વડે પ્રમાર્જે છે, પ્રમાર્જીને દિવ્ય જળની ધારા વડે પ્રક્ષાલ કરે છે, ગોશીર્ષચંદન વડે હાથનાં તળિયાંથી થાપા મારે છે, પુષ્પારોહણ યાવત્ આભરણ ચડાવે છે, ચડાવીને લટકતી પુષ્પની માળાઓના કલાપને કરે છે, ધૂપ આપે છે, ધૂપ આપીને દક્ષિણ દિશાના મુખમંડપની ઉત્તર બાજુની સ્તંભપંક્તિ છે, ત્યાં આવે છે, ત્યાં આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને થાંભલાઓ, પૂતળીઓ અને વ્યાલરૂપને મોરપીંછી વડે પ્રમાર્જન કરે છે, જે પ્રમાણે પશ્ચિમ બાજુના દ્વારમાં કહ્યું તે પ્રમાણે જ યાવત્ ધૂપ આપે છે, ધૂપ આપીને જે બાજુ દક્ષિણ દિશાના મુખમંડપનો પૂર્વ બાજુનો દ્વાર છે ત્યાં આવે છે, આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને દ્વારની શાખાઓ તે પ્રમાણે સર્વ જાણવું. જે બાજુ દક્ષિણ દિશાના મુખમંડપનો દક્ષિણ બાજુનો દ્વાર છે, ત્યાં આવે છે, આવીને દ્વાર શાખા તે પ્રમાણે જ સર્વ જાણવું.

જે બાજુ દક્ષિણ બાજુનો પ્રેક્ષાગૃહમંડપ, જે બાજુ દક્ષિણ બાજુનો પ્રેક્ષાગૃહમંડપનો બહુમધ્યદેશભાગ, જે બાજુ વજ્રમય અક્ષપાટક, જે બાજુ મણિપીઠિકા, જે બાજુ સિંહાસન તે બાજુ ત્યાં આવે છે, ત્યાં આવીને મોરપીંછીને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને અક્ષપાટક અને મણિપીઠિકા અને સિંહાસનને મોરપીંછી વડે પ્રમાર્જે છે, પ્રમાર્જન કરીને દિવ્ય જળની ધારા વડે, સરસ ગોશીર્ષચંદન વડે, પુષ્પારોહણ લટકતી પુષ્પની માળાઓના કલાપને યાવત્ ધૂપ આપે છે, ધૂપ આપીને જે બાજુ દક્ષિણ દિશાના પ્રેક્ષાઘરમંડપનો પશ્ચિમ બાજુનો દ્વાર, ઉત્તર બાજુનો દ્વાર, પૂર્વ બાજુનો દ્વાર, દક્ષિણ બાજુનો દ્વાર, તેમાં તે પ્રમાણે જ જાણવું. જ્યાં દક્ષિણ બાજુનો ચૈત્યસ્તૂપ છે તે બાજુ આવે છે, આવીને સ્તૂપ અને મણિપીઠિકાને દિવ્ય જલની ધારા વડે સિંચન કરે છે, થાપા મારે છે, યાવત્ ધૂપ આપે છે. જે બાજુ પશ્ચિમ બાજુની મણિપીઠિકા, જે બાજુ પશ્ચિમ બાજુની જિનેશ્વરની પ્રતિમાઓ તેને પ્રણામ કરે છે. જે પ્રમાણે જિનપ્રતિમાઓની તે પ્રમાણે જ યાવત્ નમસ્કાર કરીને જે બાજુ ઉત્તર બાજુની જિનપ્રતિમા તે પ્રમાણે જ સર્વ જાણવું.

જ્યાં પૂર્વ બાજુની મણિપીઠિકા, જ્યાં પૂર્વ બાજુની જિનપ્રતિમાઓ, તે પ્રમાણે જ દક્ષિણ બાજુની મણિપીઠિકા,

દક્ષિણ બાજુની જિનપ્રતિમાઓ તે પ્રમાણે જ સર્વ કહેવું. જ્યાં દક્ષિણ બાજુનું ચૈત્યવૃક્ષ ત્યાં આવે છે, ત્યાં આવીને તે પ્રમાણે જ સર્વ કહેવું. જ્યાં દક્ષિણ બાજુનો મહેંદ્રધ્વજ ત્યાં આવે છે, તે પ્રમાણે જ સર્વ જાણવું. જ્યાં દક્ષિણ બાજુ રહેલ નંદાપુષ્કરિણી ત્યાં આવે છે, મોરપીંછી ગ્રહણ કરે છે, મોરપીંછી ગ્રહણ કરીને તોરણ અને ત્રિસોપાન પ્રતિરૂપકગત શાલભંજિકા, વ્યાલકરૂપને મોરપીંછી વડે પ્રમાર્જે છે, યાવત્ ધૂપ આપે છે. સિદ્ધાયતનને અનુપ્રદક્ષિણા કરીને જે બાજુ ઉત્તર દિશા સંબંધી નંદાપુષ્કરિણી તે બાજુ આવે છે, તે પ્રમાણે જ સર્વ જાણવું. જે બાજુ ઉત્તર દિશા સંબધી ચૈત્યવૃક્ષ તે પ્રમાણે જ જાણવું. જ્યાં ઉત્તર બાજુનો ચૈત્યસ્તૂપ તે પ્રમાણે જ જાણવું. જ્યાં પશ્ચિમ બાજુની પીઠિકા, જ્યાં પશ્ચિમ બાજુની જિનપ્રતિમા તે પ્રમાણે જ જાણવું. ઉત્તર બાજુનો પ્રેક્ષાઘરમંડપ ત્યાં આવે છે, આવીને જે દક્ષિણ બાજુની વક્તવ્યતા છે તે પ્રમાણે જ સર્વ (કહેવું). પૂર્વ દ્વારમાં દક્ષિણ બાજુની સ્તંભપંક્તિ તે પ્રમાણે જ સર્વ કહેવું. જે બાજુ ઉત્તર બાજુનો મુખમંડપ તે પ્રમાણે સર્વ કહેવું. પશ્ચિમ બાજુના દ્વારમાં જે પ્રમાણે છે તે પ્રમાણે જ ઉત્તર બાજુના દ્વારમાં દક્ષિણ બાજુની સ્તંભપંક્તિ (પૂજે છે,) બાકીનું તે પ્રમાણે જ જાણવું. જે બાજુ સિદ્ધાયતનનો ઉત્તર બાજુનો દ્વાર તે પ્રમાણે જ, જ્યાં સિદ્ધાયતનનો પૂર્વ દ્વાર ત્યાં જાય છે, તે પ્રમાણે જ સર્વ (કહેવું). જે બાજુ પૂર્વ દિશા સંબધી મુખમંડપ, પૂર્વદિશાના મુખમંડપનો બહુમધ્યદેશભાગ તે પ્રમાણે જ, દક્ષિણ બાજુના દ્વારમાં પશ્ચિમ બાજુની સ્તંભપંક્તિ ઉત્તર દ્વારમાં તે પ્રમાણે જ, પૂર્વ દ્વારમાં તે પ્રમાણે જ, જ્યાં પૂર્વ બાજુનો પ્રેક્ષાગૃહમંડપ એ પ્રમાણે સ્તૂપ, જિનપ્રતિમાઓ ચૈત્યવૃક્ષ, મહેંદ્રધ્વજ તે પ્રમાણે જ યાવત્ ધૂપ આપે છે.

જે બાજુ સુધર્માસભા છે તે બાજુ આવે છે, આવીને સુધર્માસભાના પૂર્વ બાજુના દ્વાર વડે પ્રવેશ કરે છે. જ્યાં માણવકચૈત્યસ્તંભ છે જ્યાં વજ્રમય ગોળવૃત્ત દાભડો છે ત્યાં આવે છે, આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને વજ્રમય ગોળવૃત્ત દાભડાને મોરપીંછી વડે પ્રમાર્જન કરે છે, પ્રમાર્જન કરીને વજ્રમય ગોળાકાર દાભડો ઉઘાડે છે, ઉઘાડીને જિનેશ્વરના અસ્થિઓને પ્રમાર્જે છે, સુરભિ ગંધોદક વડે પ્રક્ષાલ કરે છે, પ્રધાન ગંધ અને માલ્ય વડે અર્ચન કરે છે, ધૂપ આપે છે, ધૂપ આપીને જિનેશ્વરનાં અસ્થિઓને વજ્રમય ગોળવૃત્ત દાભડામાં પાછાં મૂકે છે. માણવકચૈત્યસ્તંભને મોરપીંછી વડે પ્રમાર્જે છે, દિવ્ય જલધારા વડે યાવત્ ધૂપ આપે છે. ધૂપ આપીને જ્યાં સિંહાસન છે, તે પ્રમાણે જ, જ્યાં ક્ષુલ્લક=નાનો મહેંદ્રધ્વજ છે તે પ્રમાણે જ (પૂજા કરે છે). જ્યાં ચોપ્પાલક નામનો પ્રહરણકોશ છે ત્યાં આવે છે, તે પ્રમાણે જ (પૂજા કરે છે). જ્યાં બહુમધ્યદેશભાગ છે તે પ્રમાણે જ (પૂજા કરે છે). જ્યાં મણિપીઠિકા, જ્યાં દેવશય્યા છે તે પ્રમાણે જ (પૂજા કરે છે). જ્યાં ઉપપાતસભા છે ત્યાં આવે છે, આવીને જે પ્રમાણે અભિષેકસભા તે પ્રમાણે સર્વ કરે છે. યાવત્ પૂર્વ બાજુની નંદાપુષ્કરિણી, જ્યાં જળાશય છે ત્યાં આવે છે, આવીને તોરણ, ત્રિસોપાન પૂતળીઓ, વ્યાલરૂપને જે પ્રમાણે અભિષેકસભામાં કહ્યું તે પ્રમાણે જ (સર્વ કરે છે.) અને સિંહાસન મણિપીઠિકા બાકીનું તે પ્રમાણે જ સિદ્ધાયતન સદૃશ યાવત્ પૂર્વ બાજુની નંદાપુષ્કરિણી (સુધીની વક્તવ્યતા કહેવી). જે બાજુ અલંકારસભા તે બાજુ (આવે છે, આવીને) જે પ્રમાણે અભિષેકસભા તે પ્રમાણે સર્વ (વક્તવ્યતા કહેવી). જ્યાં વ્યવસાયસભા ત્યાં આવે છે, આવીને મોરપીંછી ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને પુસ્તકરત્નને મોરપીંછી વડે પ્રમાર્જે છે, દિવ્ય જલધારા વડે યાવત્ ધૂપ આપે છે, મણિપીઠિકા અને સિંહાસન બાકીનું તે પ્રમાણે જ, પૂર્વબાજુની નંદાપુષ્કરિણી પર્યંત તે પ્રમાણે જ વક્તવ્યતા કહેવી. જે બાજુ બલિપીઠ છે ત્યાં આવે છે, આવીને બલિવિસર્જન કરે છે, એ પ્રમાણે જાણવું. (સૂ. ૪૪) **॥૧૧॥**

અવતરણિકા :-

ननु अत्र प्राक्पश्चाच्च हितार्थिता देवभवापेक्षयैव पर्यवस्यति, तथा चैहिकाभ्युदयमात्रं

પ્રતિમાપૂજનાદિફલં સૂર્યાભસ્ય, ન મોક્ષાર્થિનામાદરણીયમ્, દેવસ્થિતેર્દેવાનામેવાશ્રયણીયત્વાદિત્યાશઙ્ક્ય તન્નિરાકરણપૂર્વં તાદૃશશઙ્કાકારિણમાક્ષિપન્નાહ –

અવતરણિકાર્થ :-

'ननु' થી પૂર્વપક્ષી કહે છે કે, અહીંયાં=અધિકૃત સૂર્યાભકૃત્યમાં, પ્રાક્ અને પશ્ચાત્ હિતાર્થીપણું દેવભવની અપેક્ષાએ જ પર્યવસાન પામે છે. અને તે રીતે ઐહિક અભ્યુદયમાત્ર પ્રતિમાપૂજનાદિનું ફળ સૂર્યાભદેવને છે, (એથી કરીને પ્રતિમાપૂજનાદિ) મોક્ષાર્થીઓને આદરણીય નથી. કેમ કે, દેવસ્થિતિનું દેવોને જ આશ્રયણીયપણું છે. આ પ્રકારે આશંકા કરીને તેના=તે આશંકાના, નિરાકરણપૂર્વક તેવા પ્રકારની આશંકા કરનારાઓને આક્ષેપ કરતાં ગ્રંથકાર કહે છે –

શ્લોક :-

नात्र प्रेत्यहितार्थितोच्यत इति व्यक्ता जिनार्चा स्थिति-
र्देवानां ननु धर्महेतुरिति ये पूत्कुर्वते दुर्धियः ।
प्राक्पश्चादिव रम्यतां परभवश्रेयोर्थितासङ्गताम्,
प्राक्पश्चाच्च हितार्थितां श्रुतवतां पश्यंत्यहो ते न किं ?।।१२।।

શ્લોકાર્થ :-

અહીંયાં=અધિકૃત સૂર્યાભકૃત્યમાં, પ્રેત્યહિતાર્થિતા કહેવાયેલી નથી; એથી કરીને જિનાર્ચા એ વ્યક્ત દેવોની સ્થિતિ=સ્થિતિમાત્ર છે, પરંતુ ધર્મનું કારણ નથી; એ પ્રમાણે જે દુષ્ટબુદ્ધિઓ પૂત્કાર કરે છે, તેઓ શ્રુતવાનની=કેશીગણધરની, પ્રાક્-પશ્ચાત્ રમ્યતાની જેમ, પરભવના શ્રેયના અર્થિપણાથી સંગત એવી પ્રાક્-પશ્ચાત્ હિતાર્થિતાને કેમ જોતા નથી ? ।।૧૨।।

ટીકા :-

'नात्रे'ति :- न अत्र=अधिकृते सूर्याभकृत्ये प्रेत्यहितार्थितोच्यते वंदनस्थल इव 'एयं मे पेच्चाहिआए ?' इत्याद्यवचनात्, 'पच्छा पुरा हिआए' इति वचनस्य धनकर्षणस्थलेऽप्युक्तत्वादिति जिनार्चा व्यक्ता=प्रकटा, देवानां स्थितिः=स्थितिमात्रं, न तु धर्महेतुः=धर्मसाधनम् इति ये दुर्द्धियः= दुष्टबुद्धयः पूत्कुर्वते-शिरसि रजः क्षिपन्त इव बाढं प्रलपन्ति, ते श्रुतवतां प्राक्पश्चाद्रम्यतामिव प्राक्पश्चाच्च हितार्थितां परभवश्रेयोर्थितया संगतां=सहितां उभयलोकार्थितां परिणतामित्यर्थः, किं न पश्यति ? तथाऽदर्शनं तेषां महाप्रमाद इत्यर्थः ।

ટીકાર્થ :-

न अत्र ..... इत्याद्यवचनात्, અહીંયાં=અધિકૃત સૂર્યાભકૃત્યમાં પ્રેત્યહિતાર્થિતા=પરલોકમાં હિતકારીપણું, કહેવાયેલું નથી. કેમ કે વંદનસ્થળની જેમ આ મારા પ્રેત્યહિત માટે છે=પરલોકમાં હિત માટે છે, **એ પ્રકારનું અવચન છે અર્થાત્ વંદનસ્થળમાં જેમ આ મારું પ્રેત્યહિત છે એમ કહેવાયેલું છે, તેમ સૂર્યાભના કૃત્યમાં કહેવાયેલું નથી. (તેથી સૂર્યાભે આલોક અર્થે જ પ્રતિમાની પૂજા કરેલ છે એમ પૂર્વપક્ષીનો આશય છે.)**

✪ વંદનસ્થળ એ વ્યતિરેક દૃષ્ટાંત છે.

ઉત્થાન :-

વંદનસ્થળની જેમ સૂર્યાભના કૃત્યમાં પ્રેત્યહિતાર્થિતાનું કથન નહિ હોવા છતાં પશ્ચાત્ શબ્દથી પ્રેત્યહિતાર્થિતાનું ગ્રહણ થઈ શકશે. કેમ કે પશ્ચાત્ શબ્દ પરલોક અર્થે ગ્રહણ થઈ શકે છે, એમ ગ્રંથકાર કહે છે, તેનું નિરાકરણ પૂર્વપક્ષી કરે છે -

ટીકાર્થ :-

पच्छा ..... उक्तत्वात्, - 'पच्छा पुरा हिआए' એ પ્રકારે વચનનું ધનકર્ષણસ્થળમાં પણ ઉક્તપણું છે.

વિશેષાર્થ :-

ધનાર્જન સંબંધી વક્તવ્યને કહેનારાં આગમ વચનોમાં **'पच्छा पुरा हिआए'** એ પ્રકારના વચનનું કથન પ્રાપ્ત થાય છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, ધનાર્જનથી આ ભવની આદિમાં અને આ ભવના અંતમાં જ ધન હિતરૂપ બની શકે છે, પરંતુ ધનાર્જન પરલોકના હિતનું કારણ બની શકે નહિ. તેથી તે વચનની જેમ સૂર્યાભદેવના વક્તવ્યમાં પણ પ્રાક્-પશ્ચાત્ શબ્દનો અર્થ આ ભવની આદિ અને આ ભવના ઉત્તરાર્ધમાં સ્વીકાર કરીને સંગત કરી શકાય છે, એ પ્રકારે પૂર્વપક્ષીનો આશય છે.

ટીકાર્થ :-

इति ..... इत्यर्थः । એથી કરીને ધનકર્ષણની જેમ=અધિકૃત સૂર્યાભદેવના કૃત્યમાં પ્રાક્ પશ્ચાત્ હિતાર્થિતાનો અર્થ દેવભવની હિતાર્થિતામાં સંગત થાય છે, એથી કરીને, જિનાર્ચા વ્યક્ત=પ્રગટ, દેવોની સ્થિતિ છે=સ્થિતિમાત્ર છે, પરંતુ ધર્મનો હેતુ=ધર્મનું સાધન, નથી; એ પ્રમાણે જે દુષ્ટ બુદ્ધિવાળા પૂત્કાર કરે છે=મસ્તક ઉપર રજ નાંખવાની જેમ અત્યંત પ્રલાપ કરે છે, તેઓ શ્રુતવાનની= કેશીગણધરની, પ્રાક્ પશ્ચાત્ રમ્યતાની જેમ=કેશીગણધરના પ્રાક્ પશ્ચાત્ રમ્યતાના વચનની જેમ, પરભવના શ્રેયાર્થીપણાથી સંગત એવી પ્રાક્ પશ્ચાત્ હિતાર્થિતાને ઉભયલોકઅર્થિતારૂપે પરિણમન પામેલી કેમ જોતા નથી ? અર્થાત્ તે પ્રકારે અદર્શન તેઓનો મહાપ્રમાદ છે=તત્ત્વની વિચારણા કરવામાં=નિર્ણય કરવામાં, શાસ્ત્રનો વિપરીત અર્થ કરવારૂપ મહાપ્રમાદ છે, એ પ્રમાણે અર્થ જાણવો.

ટીકા :-

प्राक्पश्चाद् रम्यतावचनं चेदं राजप्रश्नीये –

'तए णं केसीकुमारसमणे पएसिं एवं वयासी-मा णं तुमं पएसी ! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भवेज्जासि जहा से वणसंडेइ वा, नट्टसालाइ वा, इक्खुवाडेइ वा, खलवाडेइ वा । कहं णं भंते ! वणसंडे पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भवति ? पएसी ! जहा णं वणसंडे पत्तिए, पुप्फिए, फलिए, हरिए, रेरिज्जमाणे सिरीए अतीव २ उवसोभिज्जमाणे चिट्ठइ, तया णं वणसंडे रमणिज्जे भवति । जया णं वणसंडे नो पत्तिए जाव णो अतीव उवसोभिज्जमाणे चिट्ठइ तया णं जुन्नझडे परिसडियपंडुपत्ते सुक्करुक्खे इव मिलायमाणे चिट्ठइ तया णं वणसंडे अरमणिज्जे भवइ । जया णं णट्टसालाए गिज्जइ, वाइज्जइ, नच्चिज्जइ, अभिणिज्जइ, हसिज्जइ, रमिज्जइ तया णं णट्टसाला रमणिज्जा भवति । जया णं णट्टसालाए णो गिज्जइ जाव णो रमिज्जइ तया णं णट्टसाला अरमणिज्जा भवति । जया णं इक्खुवाडे च्छिज्जइ, भिज्जइ, पलिज्जइ, खज्जइ, पिज्जइ तया णं इक्खुवाडे रमणिज्जे भवइ, जया णं इक्खुवाडे णो छिज्जइ जाव तया इक्खुवाडे अरमणिज्जे भवइ । जया णं खलवाडे उच्छुब्भइ, उडुज्जइ, मलइज्जइ, खज्जइ, पिज्जइ दिज्जइ तया णं खलवाडे रमणिज्जे भवइ, जया णं खलवाडे णो उच्छुब्भइ जाव अरमणिज्जे भवइ । से तेणट्ठे णं पएसी ! एवं वुच्चइ मा णं तुमं पएसी ! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भवेज्जासि, जहा णं वणसंडेइ वा जाव खलवाडेइ वा । तए णं पएसीराया केसिकुमारसमणं एवं वयासी-नो खलु भंते ! अहं पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भविस्सामि, जहा से वणसंडेइ वा जाव खलवाडेइ वा । अहं णं सेयंबियापामोक्खाइं सत्तगामसहस्साइं चत्तारिभागे करिस्सामि । एगे भागे बलवाहणस्स दलइस्सामि, एगे भागे कोट्ठागारे णिक्खिविस्सामि, एगे भागे अंतेउरस्स दलइस्सामि, एगेणं भागेणं महइ कूडागारसालं करिस्सामि, तत्थ णं बहुहिं पुरिसेहिं दिन्नभत्तिभत्तवयणेहिं विउलं असण ४ उवक्खडावेत्ता बहूणं समणमाहणभिक्खुयाणं पंथियंपहियाणं परिभाएमाणे, इवट्ठहिं भत्ति बहुहिं सीलव्वयपच्चक्खाणपोसहोववासेहिं जाव विहरिस्सामि (रायपसेणीय-सू. ७-८)

ટીકાર્થ :-

प्राक्पश्चाद् ..... राजप्रश्नीये - અને પ્રાક્-પશ્ચાત્ રમ્યતાવચન રાજપ્રશ્નીયમાં આ પ્રમાણે -

तए णं ..... विहरिस्सामि ।=તે વખતે કેશીકુમારશ્રમણ પ્રદેશીરાજાને આ પ્રમાણે કહે છે - હે પ્રદેશી ! તું પહેલાં રમણીય થઈને પાછળ અરમણીય થઈશ નહિ; જે પ્રમાણે તે વનખંડ, નાટ્યશાળા, ઈક્ષુવાડો=શેરડીનો વાડો, ખલવાડો=અનાજ લણવાનો વાડો. હે ભગવંત ! કેવી રીતે વનખંડ પહેલાં રમણીય થઈને પાછળથી અરમણીય થાય છે ? હે પ્રદેશી ! જે પ્રમાણે વનખંડ પત્રિત=પાંદડાવાળું, પુષ્પિત=પુષ્પવાળું, ફલિત=ફળવાળું, હરિત=હરિયાળું=લીલુંછમ, શોભા વડે અતિશય શોભતું અત્યંત બિરાજતું હોય છે, ત્યારે તે વનખંડ રમણીય હોય છે; જ્યારે વનખંડ પત્રિત યાવત્

અત્યંત બિરાજતું=શોભતું નથી, ત્યારે જીર્ણ પાકા ગયેલાં ફળ જેમાંથી પડી રહ્યાં છે તેવું, પીળાં પાંદડાં જેમાં ખરી રહ્યાં છે તેવું, સુકાયેલાં વૃક્ષવાળું, જાણે ગ્લાનિ પામેલું હોય તેવું હોય છે, ત્યારે તે વનખંડ અરમણીય હોય છે.

જ્યારે નાટ્યશાળામાં ગવાય છે (વાજિંત્ર) વગાડાય છે, નૃત્ય કરાય છે, અભિનય કરાય છે, હસાય છે, રમાય છે, ત્યારે તે નાટ્યશાળા રમણીય હોય છે. જ્યારે નાટ્યશાળામાં ગવાતું નથી, યાવત્ રમાતું નથી, ત્યારે તે નાટ્યશાળા અરમણીય હોય છે.

જ્યારે ઈક્ષુવાડામાં છેદાય છે, ભેદાય છે, પિલાય છે, (રસ) અપાય છે, ત્યારે તે ઈક્ષુવાડો રમણીય હોય છે. જ્યારે ઈક્ષુવાડામાં છેદાતું નથી; યાવત્ ત્યારે તે ઈક્ષુવાડો અરમણીય હોય છે. જ્યારે તે ખલવાડામાં (ધાન્ય) ફેંકાતું હોય, ઉડાડાતું હોય, મળાતું હોય, ખવાતું હોય, પિવાતું હોય, અપાતું હોય ત્યારે તે ખલવાડો રમણીય હોય છે. જ્યારે ખલવાડામાં (ધાન્ય) ફેંકાતુ નથી; યાવત્ અરમણીય હોય છે. તે અર્થથી હે પ્રદેશી ! તને આ પ્રમાણે કહું છું, હે પ્રદેશી ! તું પૂર્વે રમણીય થઈને પાછળ અરમણીય થઈશ નહિ, જે પ્રમાણે વનખંડ યાવત્ ખલવાડો.

ત્યારે પ્રદેશીરાજા કેશીકુમારશ્રમણને આ પ્રમાણે કહે છે -

હે ભગવંત ! હું પૂર્વે રમણીય થઈને પાછળ અરમણીય થઈશ નહિ, જે પ્રમાણે તે વનખંડ યાવત્ ખલવાડો. હું શ્વેતાંબિકા પ્રમુખ સાત હજાર ગામોના ચાર ભાગો કરીશ. એક ભાગ લશ્કર-વાહનોને આપીશ, એક ભાગ કોષ્ઠાગારમાં=કોઠારમાં, નાંખીશ, એક ભાગ અંતેઉરને આપીશ, એક ભાગ વડે મોટી દાનશાળા કરીશ. ત્યાં આહાર-ભોજન માટે સ્થાપિત વેતન મૂલ્યવાળા ઘણા પુરુષો દ્વારા વિપુલ અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ બનાવીને ઘણા શ્રમણ, માહણ, ભિક્ષુક અને મુસાફરોને આપતાં આવા પ્રકારે બહુ ભક્તિપૂર્વક શીલવ્રત, ગુણવ્રત, વિરમણ પચ્ચક્ખાણ, પૌષધોપવાસ વડે યાવત્ વિહરીશ. (રાજપ્રશ્નીય સૂ. ૭-૮)

ટીકા :-

अत्र विवेकितया पूर्वप्रतिपन्नदानधर्मनिर्वाहविशिष्टशीलादिगुणैः प्राक्पश्चाद् रमणीयत्वं यथोक्तोभयलोकोपयोगं ख्यापयति तथा 'किं मे इत्यादि प्रश्नोत्तरं-' 'पुव्विं पच्छा' वेत्यादि सामानिकवचनं किं न तथेत्यंतरात्मना पर्यालोचय ।

ટીકા :-

अत्र ..... पर्यालोचय । **અહીંયાં=રાજપ્રશ્નીયસૂત્રના કેશીકુમારશ્રમણના પ્રદેશીરાજાને કહેવાતા વચનના પ્રત્યુત્તરરૂપે પ્રદેશીરાજાના કથનમાં, વિવેકીપણું હોવાને કારણે, પૂર્વે સ્વીકારેલ દાનધર્મના નિર્વાહથી વિશિષ્ટ શીલાદિ ગુણો વડે પ્રાક્-પશ્ચાત્ રમણીયપણું જે પ્રકારે ઉભયલોકના ઉપયોગને ખ્યાપન કરે છે, તે પ્રકારે 'किं मे इत्यादि' સૂર્યાભના પ્રશ્નના ઉત્તરમાં 'पुव्विं पच्छा वा' ઈત્યાદિ સામાનિકદેવનું વચન, શું તે પ્રમાણે નથી ? એ પ્રકારે અંતરાત્માથી પર્યાલોચન કર=મનથી વિચાર કર.**

વિશેષાર્થ :-

કેશીગણધરના ઉપદેશથી પ્રદેશીરાજા જ્યારે બોધ પામે છે, ત્યારે વિવેકી બને છે; અને તેના

કારણે કેશીગણધરે કહેલ કે તું પૂર્વમાં રમણીય થઈને પાછળથી અરમણીય થઈશ નહિ. તેના જવાબરૂપે પ્રદેશીરાજા કહે છે કે, પૂર્વમાં હું જે દાનધર્માદિ કરું છું, તત્પૂર્વક જ શીલાદિ ગુણોને કરીશ. તેથી જ્યારે તે પ્રકારના વિવેકપૂર્વક વ્રત ગ્રહણ કરે છે, ત્યારે પ્રાગ્ રમણીયપણું હતું=વ્રતના સ્વીકારના અવસરમાં રમણીયપણું હતું, કેમ કે વિવેકપૂર્વક વ્રતનો પરિણામ થયેલો છે. અને પૂર્વપ્રતિપન્ન એવા દાનધર્મના નિર્વાહથી વિશિષ્ટ શીલાદિમાં યત્ન કરવાને કારણે પશ્ચાત્ રમણીયપણું છે=પરલોકમાં રમણીયપણું છે. કેમ કે, જો શીલાદિ વ્રતને ગ્રહણ કર્યા પછી પૂર્વમાં સ્વીકારેલ દાનને છોડી દેવામાં આવે તો ધર્મનું લાઘવ થાય, તેથી પરલોકમાં રમણીયપણું પ્રાપ્ત થાય નહિ. પરંતુ વિવેક સહિત દાન આપવાપૂર્વક શીલાદિનું પાલન કરે છે, તેથી પરલોકમાં રમણીયપણું પ્રાપ્ત થાય છે. માટે કેશીગણધરના કથનથી જેમ ઉભયલોકનું ખ્યાપન થાય છે, તે જ રીતે પ્રાક્ પશ્ચાત્ શબ્દથી સૂર્યાભદેવના પ્રસંગમાં પણ ઉભયલોક પ્રાપ્ત થાય છે, માટે સૂર્યાભદેવની મૂર્તિપૂજાનું કથન ઉભયલોકના હિતવાળું છે. તેથી ભગવાનની મૂર્તિ સૂર્યાભદેવના કથનથી પૂજનીય છે, તેમ સિદ્ધ થાય છે.

અહીં વિશેષ એ છે કે પ્રદેશી રાજા ધર્મ પામ્યા પહેલાં જે અનુકંપાદાન કરતા હતા, તે વિવેક વગરનું દાન હતું; તેથી તે દાન કર્તવ્ય ન હતું. પરંતુ ધર્મ પામ્યા પછી પૂર્વમાં કરાયેલી તે દાનશાળાઓ બંધ કરી દે તો ધર્મનું લાઘવ થાય, માટે કેશીગણધર કહે છે કે, હે પ્રદેશી ! પૂર્વમાં તું રમણીય થઈને પશ્ચાત્ અરમણીય થઈશ નહિ. અર્થાત્ વ્રત સ્વીકાર્યા પછી પૂર્વમાં કરાયેલી દાનશાળાઓ વિવેક વગરની છે, માટે બંધ કરી દેતો નહિ, પરંતુ વિવેકપૂર્વક ધર્મની વૃદ્ધિ થાય એમ કરજે.

ટીકા :-

ननु 'परिभाएमाणे' इत्यन्तमनुवादमात्रं शीलव्रतादिना रमणीयत्वभाव एव च विधिरिति चेत् ? किं दानधर्मविधिमप्युच्छेत्तुमुद्यतोऽसि ? न जानासि ? तुंगियाश्राद्धवर्णने 'पडिलाभेमाणे' इत्यंतस्य इव 'परिभाएमाणे' इत्यंतस्याधिकृते आनश् प्रत्ययबलेन विधिसूचकत्वमिति महतीयमव्युत्पत्तिर्भवतः यदि च प्रतिज्ञादार्ढ्याय शीलादिना रमणीयत्वं निर्वाह्यमित्यभिसंधिनैवोक्तपाठो निबद्धः स्यात्तदाऽऽनंदादीनां व्रतदानोत्तरमप्ययमुपनिबद्धव्यः स्याद् । इति कियदज्ञस्य पुरो वक्तव्यम् । अत एव, किं मे पूर्वं श्रेयः ? किं मे पश्चात् श्रेयः ? किं मे पूर्वमपि पश्चादपि च हिताय-भावप्रधानोऽयं निर्देशः, हितत्वाय=परिणामसुंदरतायै, सुखाय=शर्मणे, क्षमायै-अयमपि भावप्रधानो निर्देशः, संगतत्वाय, निःश्रेयसाय= निश्चित्कल्याणाय, आनुगामिकतायै=परंपराशुभानुबंधिसुखाय भविष्यतीति । **राजप्रश्नीयवृत्तौ व्याख्यातम् ।**

ટીકાર્થ :-

ननु 'परिभाएमाणे' ..... मुद्यतोऽसि ?। 'ननु' થી પૂર્વપક્ષી કહે છે કે, રાયપસેણીયસૂત્રમાં કેશીગણધરે જે પ્રદેશીરાજાને કહ્યું, તેનો ઉત્તર આપતાં પ્રદેશીરાજાનું જે વક્તવ્ય છે, તેમાં 'परिभाएमाणे'

એ પ્રમાણે અંત સુધીનો પાઠ='परिभाएमाणे' સુધીનો પાઠ, અનુવાદમાત્ર છે, અને શીલવ્રતાદિ દ્વારા રમણીયત્વભાવમાં જ વિધિ છે. તેને ગ્રંથકાર કહે છે કે, શું દાનધર્મની વિધિનો પણ ઉચ્છેદ કરવા માટે તું ઉદ્યત થયેલો છે ?

વિશેષાર્થ :-

અહીં પૂર્વપક્ષીને એ કહેવું છે કે, રાજપ્રશ્નીયસૂત્રમાં **'परिभाएमाणे'** સુધીનું કથન વિધિરૂપ નથી, પરંતુ અનુવાદમાત્ર છે. જેમ નીતિપૂર્વક ધન કમાવું જોઈએ, એ કથનમાં ધન કમાવું જોઈએ તે અનુવાદમાત્ર છે, અને વિધિ નીતિપૂર્વક કમાવામાં છે. અને એ કથન સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે, પૂર્વપ્રતિપન્ન દાનધર્મના નિર્વાહથી વિશિષ્ટ શીલાદિ ગુણ વડે પ્રદેશીરાજાનું પ્રાક્ પશ્ચાત્ રમણીયપણું નથી, પરંતુ શીલાદિ ધર્મ વડે પશ્ચાત્ રમણીયપણું છે, અને ધર્મ પામ્યા પૂર્વના દાનધર્મથી પ્રાગ્ રમણીયત્વ હતું. અને તે વાત સ્થાપન કરવાથી એ અર્થ પ્રાપ્ત થાય કે, પ્રદેશીરાજાએ ધર્મ પામ્યા પછી શીલાદિનું પાલન કર્યું, તેને કારણે ઉભયલોકને ઉપયોગી એવું પશ્ચાત્ રમણીયપણું તેઓમાં આવ્યું, પરંતુ પૂર્વે સ્વીકાર કરેલ દાનધર્મનો નિર્વાહ કરે છે તેના કારણે પશ્ચાત્ રમણીયપણું આવ્યું નથી. તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્વે સ્વીકારેલ દાનધર્મ પ્રદેશીરાજાના આલોકમાત્રના હિતરૂપ છે; કેમ કે, મિથ્યાત્વ અવસ્થામાં તેમનું દાન વિવેક વગરનું છે, અને ગ્રંથકારે આલોકમાં હિત કરનારા તેના દાનનો અનુવાદ કરીને પાછળથી કરાયેલ શીલાદિ ધર્મ વડે જ પ્રદેશી રાજાનું પરલોકમાં હિત થયું છે, એમ કહ્યું છે; પરંતુ પૂર્વના દાનધર્મના નિર્વાહથી યુક્ત એવા શીલાદિ ધર્મ વડે પ્રદેશી રાજાનું પરલોકનું હિત થયું છે, એમ કહ્યું નથી. માટે જેમ તેમના ધર્મ પામ્યા પહેલાંનું દાન પરલોકના હિત માટે નથી, તેમ ધર્મ પામ્યા પછી દાનધર્મનો નિર્વાહ કર્યો છે, તેથી જ તેમનું પરલોકનું હિત થયું છે તેમ માનવાની જરૂર નથી. તેથી પ્રસ્તુત સૂર્યાભદેવના સ્થાનમાં જિનપૂજા આ લોકની રમણીયતામાં વિશ્રાંત થાય છે, પરલોકના હિતમાં નહિ. કેમ કે ધનકર્ષણ સ્થળમાં જેમ **'पच्छा पुरा हिआए'** એ પ્રયોગ આલોકના હિતમાં વિશ્રાંત થાય છે, તેમ સૂર્યાભદેવનું કૃત્ય આ લોકના હિતમાં સ્વીકારવું ઉચિત છે; પરંતુ પ્રદેશીના દૃષ્ટાંતથી પ્રાક્ પશ્ચાત્ શબ્દને પરલોકના હિતરૂપે સ્વીકારવું ઉચિત નથી. એમ **'परिभाएमाणे'** સુધીના કથનને અનુવાદપરક કહીને પૂર્વપક્ષીને કહેવું છે.

તેના નિરાકરણ રૂપે ગ્રંથકાર કહે છે કે, જો પૂર્વપક્ષી **'परिभाएमाणे'** સુધીના કથનને અનુવાદમાત્રરૂપે સ્વીકારે તો એ અર્થ પ્રાપ્ત થાય કે, પ્રદેશી રાજાએ પૂર્વમાં દાનધર્મ કર્યો તેથી આલોકમાં રમણીય હતા, અને ધર્મ પામ્યા પછી શીલાદિ પાળ્યાં તેથી પશ્ચાત્ રમણીય હતા; પરંતુ પૂર્વે સ્વીકારેલ દાનધર્મનો નિર્વાહ કર્યો તેના કારણે પશ્ચાત્ રમણીય નથી. અને એ પ્રમાણે સ્વીકારવાથી દાનધર્મ એ આત્માના પરલોકના હિત માટે કારણ નથી, એવો અર્થ સ્વીકારવો પડે. આથી જ ગ્રંથકાર કહે છે કે, **'परिभाएमाणे'** સુધીના કથનને અનુવાદરૂપે કહીને તું દાનધર્મની વિધિનો ઉચ્છેદ કરવા ઈચ્છે છે ? અર્થાત્ તેમ કરવું શાસ્ત્રસિદ્ધાંત પ્રમાણે પણ ઉચિત નથી.

આનાથી એ ફલિત થયું કે, ધર્મ પામ્યા પછી પૂર્વના દાનધર્મનો નિર્વાહ કર્યો તેથી જ શાસનપ્રભાવના

થઈ. તેથી જો પૂર્વના દાનધર્મનું પ્રદેશી રાજા પાલન ન કરે તો લોકમાં ધર્મની નિંદા થાય કે - "જૈન ધર્મ એવો છે કે, દાનધર્મનો પણ નિષેધ કરે છે !", તેથી પ્રદેશી રાજાએ પૂર્વના દાનધર્મનો નિર્વાહ કર્યો, તેથી જ તેમનો શીલાદિ ધર્મ પરલોકના હિતનું કારણ બન્યો, માટે **'परिभाएमाणे'** નો પાઠ અનુવાદપર સ્વીકારવો ઉચિત નથી.

શ્લોક-૧૨ની ટીકાના અત્યાર સુધીના કથનનો સંક્ષિપ્ત ભાવ આ પ્રમાણે –

શ્લોક-૧૧માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, પ્રાક્-પશ્ચાત્ હિતાર્થિતાને હૃદયમાં જાણતા સૂર્યાભદેવે ભક્તિનાં સાધનોથી ભગવાનની મૂર્તિને પૂજી, ત્યાં 'પ્રાક્'નો અર્થ દેવભવની આદિમાં અને 'પશ્ચાત્'નો અર્થ દેવભવના ઉત્તરાર્દ્ધમાં તથા ભવાંતરમાં એમ કરેલ છે, અર્થાત્ સૂર્યાભદેવે ભગવાનની મૂર્તિની પૂજા કરી, તે ઉભયલોકના શ્રેય માટે થઈ. તેની સામે પૂર્વપક્ષી લુંપાક શ્લોક-૧૨માં કહે છે કે, અધિકૃત સૂર્યાભકૃત્યમાં હિતાર્થિતા પરભવ માટે નથી કહી, કેમ કે 'પશ્ચાત્' શબ્દ આ ભવમાં વિશ્રાંત થનારો છે; આગમમાં વંદનસ્થળમાં **'पेच्चाहिआए'** વચન આવે છે, તે રીતે સૂર્યાભકૃત્યમાં **'पेच्चाहिआए'** વચન નહિ હોવાથી 'પશ્ચાત્' શબ્દ માત્ર આ ભવમાં જ વિશ્રાંત પામે છે. જો પરભવના શ્રેયમાં વિશ્રાંત કરવાનો આગમગ્રંથનો આશય હોત તો વંદનસ્થળની જેમ **'पेच्चाहिआए'** પાઠ સૂર્યાભના વર્ણનમાં પણ હોત.

આ કથન સામે પ્રશ્ન થાય કે, વંદનસ્થળની જેમ સૂર્યાભના કૃત્યમાં **'पेच्चाहिआए'** શબ્દપ્રયોગ ભલે ન હોય, છતાં 'પ્રાક્-પશ્ચાત્' શબ્દથી પ્રેત્યહિતાર્થિતાનું ગ્રહણ થઈ શકશે; કેમ કે, 'પશ્ચાત્' શબ્દ પરલોક અર્થે પણ ગ્રહણ થઈ શકે છે. તેની સામે લુંપાક કહે છે કે, આગમમાં **'पच्छा पुरा हिआए'** વચન ધનકર્ષણસ્થળમાં પણ કહેલ છે અને ધનાર્જન તો માત્ર આલોકમાં જ શ્રેયઃકારી છે, પરલોકમાં નહિ; તેથી ધનાર્જનસ્થળની જેમ સૂર્યાભના સ્થળમાં પણ 'પ્રાક્-પશ્ચાત્' શબ્દ આ લોકમાં જ વિશ્રાંત પામશે; અને સૂર્યાભદેવની જિનાર્ચા આ લોકનું કૃત્ય થવાથી વ્યક્ત દેવોની સ્થિતિમાત્ર થાય. તેની સામે ગ્રંથકારશ્રી કહે છે કે, રાજપ્રશ્નીયસૂત્રમાં કેશીકુમારશ્રમણે પ્રદેશીરાજાને જે કહ્યું છે કે, તું પૂર્વમાં અર્થાત્ વ્રતસ્વીકારકાળના પ્રારંભમાં રમણીય થઈને પાછળથી વ્રત સ્વીકાર્યા પછી અરમણીય ન થઈશ, અહીં પશ્ચાત્ રમ્યતા જેમ પરભવમાં વિશ્રાંત થાય છે, તેમ સૂર્યાભકૃત્યમાં પણ 'પશ્ચાત્' શબ્દ પરભવમાં વિશ્રાંત થશે.

અહીં વિશેષ એ છે કે, 'પ્રાક્-પશ્ચાત્' શબ્દમાં સામાન્યથી જોતાં 'પ્રાક્' શબ્દથી એ લાગે કે, પ્રદેશીરાજા પૂર્વમાં જ્યારે નાસ્તિક હતો ત્યારે પણ દાનાદિ કરતો હતો, તેને સામે રાખીને પ્રાક્ રમણીય કહેલ છે. પરંતુ તેવો ભાવ નથી, તેનું કારણ નાસ્તિકના દાનધર્મને ગ્રહણ કરીને જૈન સાધુ તેને રમ્ય કહે નહિ. તો પણ પૂર્વમાં પ્રદેશી રાજા દાન કરતો હતો તેથી આલોકની દૃષ્ટિએ રમ્ય હતો, હવે ધર્મ પામ્યા પછી જો અવિવેકી બનીને પૂર્વના દાનધર્મને છોડીને શીલાદિમાં પ્રવૃત્તિ કરે તો ધર્મની નિંદા થાય. તેથી કેશીગણધર પ્રદેશી રાજાને કહે છે કે, પૂર્વનું દાન અવિવેકવાળું હતું, તેથી પરલોકનું હિત કરનાર ન હતું; છતાં તેનો તું ત્યાગ કરીને શીલાદિ માત્ર પાળીશ તો પરલોકનું હિત થશે નહિ, માટે પૂર્વે સ્વીકારેલ દાનધર્મના નિર્વાહપૂર્વક જ શીલાદિનું પાલન કરીશ તો જ તારું પરલોકનું હિત થશે. આથી જ **'अत्र**

विवेकितया' એ કથનમાં કહ્યું કે, પૂર્વપ્રતિપન્ન દાનધર્મના નિર્વાહથી વિશિષ્ટ શીલાદિ ગુણોથી પ્રાક્-પશ્ચાત્ રમણીયત્વ યથોક્ત ઉભયલોકના ઉપયોગનું ખ્યાપન કરે છે.

રાજપ્રશ્નીયસૂત્રમાં કેશીકુમારશ્રમણના પ્રદેશીરાજાને કહેવાયેલા વચનના જવાબમાં રાજા વિવેકી હોવાથી સમજી જાય છે કે, પહેલાં રમણીય થઈને પાછળથી તું અરમણીય થઈશ નહિ, આનો અર્થ, પૂર્વપ્રતિપન્ન દાનધર્મના નિર્વાહથી વિશિષ્ટ શીલાદિ ગુણોના પાલનથી જ પ્રાક્-પશ્ચાત્ રમણીયપણું પ્રાપ્ત થાય છે. પરંતુ લુંપાક પ્રદેશીરાજાના ઉત્તરરૂપ આગમના વચનમાં **'परिभाएमाणे'** સુધીનો પાઠ માત્ર અનુવાદપરક છે, વિધિ તો શીલાદિપાલનથી જ કહી છે, એમ કહે છે. તેનો ભાવ એ છે કે, શાસ્ત્રમાં કેટલાંક વચનો વિધિપરક હોય છે અને કેટલાંક વચનો અનુવાદપરક હોય છે. અનુવાદપરક વચનો માત્ર કથનરૂપ હોય છે અને વિધિપરક વચન તે પ્રકારે કૃત્ય કરવામાં ઉપદેશવચનરૂપ બને છે. જેમ ન્યાયપૂર્વક ધન કમાવું જોઈએ, એ કથનમાં ધન કમાવામાં ગૃહસ્થોની સ્વતઃ પ્રવૃત્તિ હોય છે, તેથી એ વચનમાં ધન કમાવું જોઈએ એ કથન ગૃહસ્થની દાન કમાવામાં સ્વતઃ પ્રવૃત્તિ છે તેથી અનુવાદપરક છે, અને વિધિ તો ન્યાયપૂર્વક કમાવામાં છે. એ રીતે પ્રસ્તુતમાં પણ **'परिभाएमाणे'** સુધીનો પાઠ અનુવાદપરક છે, અને વિધિ તો શીલાદિમાં છે. તેથી શીલાદિથી જ પ્રદેશીરાજાની પરલોકહિતાર્થિતા જણાય છે. લુંપાકના આ કથન સામે ગ્રંથકારશ્રી કહે છે કે, આ રીતે દાનધર્મની વિધિના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે.

અહીં **'परिभाएमाणे'** સુધીના કથનને અનુવાદપરક કહેવાથી લુંપાકના વચનની પુષ્ટિ કઈ રીતે થાય, એ પ્રકારની શંકા થાય. તેનો ભાવ એ છે કે, **'परिभाएमाणे'** સુધીનું કથન અનુવાદપરક લેવાથી પશ્ચાત્ રમણીયતા શીલાદિ વ્રતથી પ્રાપ્ત થાય છે, અને આખા કથનને વિધિપરક લેવાથી પૂર્વપ્રતિપન્ન દાનધર્મનિર્વાહવિશિષ્ટ શીલાદિથી પશ્ચાત્ રમણીયતા પ્રાપ્ત થાય છે. તેથી **'परिभाएमाणे'** સુધી અનુવાદપરક લેવામાં આવે તો પશ્ચાત્ રમણીયતા શીલાદિમાત્રથી થવાને કારણે પૂર્વપ્રતિપન્ન દાનધર્મ રાજસ્થિતિરૂપ રાજાનું કર્તવ્યમાત્ર સિદ્ધ થાય, પરંતુ પશ્ચાત્ રમણીયતાનું અંગ બને નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ પૂર્વપ્રતિપન્ન દાનધર્મ રાજધર્મની સ્થિતિરૂપ છે, તેમ સૂર્યાભદેવની ભગવાનની મૂર્તિની પૂજા દેવસ્થિતિરૂપ છે, પરંતુ પશ્ચાત્ રમણીયતાનું કારણ નથી. તેથી જ **'परिभाएमाणे'** સુધીનું કથન અનુવાદપરક નહિ સ્વીકારવા માટે ગ્રંથકાર કહે છે કે, તું શું દાનધર્મનો ઉચ્છેદ કરવા માટે ઈચ્છે છે ? ઈત્યાદિ કથનથી **'परिभाएमाणे'** સુધીનું કથન અનુવાદપરક નથી, તેનું સ્થાપન કરે છે.

અહીં વિશેષ એ છે કે કેશીકુમારશ્રમણથી પ્રતિબોધ પામી પ્રદેશીરાજાએ વ્રતશીલાદિ ગ્રહણ કર્યા પછી જે દાનનો પ્રવાહ ચાલુ રાખ્યો, તે કારણિક દાન અનેકોને બીજાધાનાદિનું કારણ બને છે; એટલે કેશીશ્રમણ કહે છે કે, તું પહેલાં રમણીય થઈને પાછળથી અરમણીય થઈશ નહિ. વ્રતસ્વીકાર પછી પ્રદેશીરાજા દાન ન કરે તો શાસનમાલિન્ય થાય. તેથી પ્રદેશીરાજાના દાનપૂર્વકના શીલાદિ ધર્મ જેમ પશ્ચાત્ રમણીય હતા અને તે પરલોકમાં વિશ્રાંત થાય છે, તેમ સૂર્યાભકૃત્યમાં પણ પશ્ચાત્ હિતાર્થિતા પરલોકમાં વિશ્રાંત થાય છે.

સંક્ષેપથી ભાવ એ છે કે, પૂર્વમાં પ્રદેશી રાજા દાન કરતા હતા, તેથી આ લોકની દૃષ્ટિથી તે રમણીય હતા; અને ધર્મ પામ્યા પછી પૂર્વના દાનધર્મથી જે આલોકની રમણીયતા છે, તેના નિર્વાહપૂર્વક શીલાદિ પાળે તો તેનો દાનધર્મ પણ શાસનપ્રભાવનાનું કારણ બને છે. તેથી દાનધર્મવિશિષ્ટ શીલાદિથી જ પરલોકનું હિત થાય છે. માટે કેશીગણધરનું આખું વચન વિધિમાં જ વિશ્રાંત પામે છે. અને **'परिभाएमाणे'** સુધીનો પાઠ અનુવાદપર લઈએ તો પૂર્વનું દાન આલોકની દૃષ્ટિએ રમણીય છે અને પાછળથી પાળેલા શીલાદિ પરલોકની દૃષ્ટિએ રમણીય છે. તેથી એ સિદ્ધ થાય કે ધર્મ પામ્યા પછી પ્રદેશી રાજાનું વિવેકપૂર્વકનું દાન પણ પરલોકના હિત માટે નથી, અને આ રીતે દાનધર્મના વિચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થાય.

ઉત્થાન :-

પૂર્વપક્ષીએ **'ननु'** થી **'परिभाएमाणे'** સુધીનો પાઠ અનુવાદમાત્ર છે, તેમ કહ્યું, તેનું નિરાકરણ કરીને ફરી દૃઢ કરવા માટે **'परिभाएमाणे'** સુધીનું કથન અનુવાદપરક નથી, તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

न जानासि ? ..... भवतः । તુંગિયા શ્રાદ્ધના વર્ણનમાં 'पडिलाभेमाणे' ઈત્યંતની જેમ 'परिभाएमाणे' ઈત્યંતમાં 'आनश्' પ્રત્યયના બળથી વિધિસૂચકપણું છે, તે શું તું જાણતો નથી ? એ પ્રકારે તને મોટી અવ્યુત્પત્તિ છે.

'परिभाएमाणे' સુધીનો પાઠ અનુવાદપરક નથી, એ જ વાત દૃઢ કરવા તર્ક કરે છે -

यदि च ..... वक्तव्यम् । અને જો પ્રતિજ્ઞાની દૃઢતા માટે શીલાદિ વડે રમણીયપણું નિર્વાહ્ય છે, એ પ્રકારે અભિસંધિથી જ ઉક્ત પાઠ નિબદ્ધ થાય તો આનંદાદિના વ્રતદાનના ઉત્તરમાં પણ આ પાઠ નિબદ્ધ થવો જોઈએ. એથી કરીને અજ્ઞની આગળ કેટલું કહેવું ?

'अत एव' આથી કરીને જ=પૂર્વમાં સિદ્ધ કર્યું કે, સૂર્યાભના અધિકારમાં પ્રાક્ પશ્ચાત્ શબ્દ છે, તે પ્રદેશીના અધિકારની જેમ ઉભયલોકનું જ ખ્યાપન કરે છે આથી કરીને જ, રાજપ્રશ્નીયસૂત્રમાં સૂર્યાભના અધિકારની વૃત્તિમાં આ પ્રમાણે વ્યાખ્યાન કરાયું છે.

किं मे ..... व्याख्यातम् । મારે પૂર્વે શું શ્રેયઃ છે ? મારે પછી શું શ્રેયઃ છે ? અને મારે પૂર્વે પણ અને પછી પણ શું હિત માટે=હિતપણા માટે=પરિણામસુંદરતા માટે થશે ? (અહીં ભાવપ્રધાન નિર્દેશ છે, તેથી 'हिताय' નો અર્થ हितत्वाय કરેલ છે અને તેનો અર્થ પરિણામસુંદરતા માટે કરેલ છે.) 'सुखाय'=મારે શું સુખ માટે થશે ? 'क्षमायै' આ પણ ભાવપ્રધાન નિર્દેશ છે. શું 'संगतत्वाय'=સંગતપણા માટે થશે ? શું 'निःश्रेयसाय'=નિશ્ચિત કલ્યાણ માટે થશે ? શું 'आनुगामिकतायै'=પરંપરાએ શુભાનુબંધી સુખ માટે થશે ? **એ પ્રમાણે રાજપ્રશ્નીય વૃત્તિમાં કહેલું છે.**

ટીકા :-

अत्र यदेव भावजिनवन्दने फलं तदेव जिनप्रतिमावन्दनेऽपि उक्तम् । न च 'एतत् सूर्याभदेवस्य

सामानिकदेववचनं न सम्यग् भविष्यति' इति शंकनीयम्, सम्यग्दृशां देवानामप्युत्सूत्र-भाषित्वासंभवात् । न हि क्वाप्यागमे 'किं मे पुव्विं करणिज्जमित्यादिके' **सम्यग्दृष्टिना पृष्टेऽपि ऐहिकसुखमात्रनिमित्तं स्रक्चंदनादिकं** 'हिआए सुहाए' **इत्यादिरूपेण केनापि प्रत्युत्तरविषयीकृतं दृष्टं श्रुतं वा । अपि च वन्दनाधिकारेऽपि क्वचित्** 'पेच्चाहिआए' **इत्याद्यैवोक्तं, क्वचिच्च** 'एअन्नं इहभवे वा परभवे वा आणुगामियत्ताए भविस्सइ' **त्ति नोक्तपाठवैषम्यकदर्थनापि । किं च** 'पच्छा कडुअविवागा' **इत्यत्र यथा पश्चात् शब्दस्य परभवविषयत्वं, तथा प्रकृतेऽपीति किं न विभावयसि ? एवं** 'जस्स नत्थि पुरा पच्छा मज्झे तस्स कुओ सिया ?' **इत्यत्रापि पुरा पश्चादिति वाक्यस्य त्रिकालविषयत्वं व्यक्तमिति प्रकृतेऽपि तद् योजनीयम् ।।१२।।**

टीकार्थ :-

अत्र ..... उक्तम् । **अहीं=श्लोक-११માં બતાવેલ સૂર્યાભદેવના અધિકારના પાઠમાં સૂર્યાભદેવે પ્રશ્ન કરેલ કે મારું પૂર્વે હિત શું છે ? મારું પશ્ચાત્ હિત શું છે ? તેના પ્રત્યુત્તરમાં જે કહ્યું ત્યાં, જે ભાવજિનની વંદનામાં ફળ છે, તે જ જિનપ્રતિમાના વંદનમાં પણ ફળ કહેવાયેલું છે.**

વિશેષાર્થ :-

સૂર્યાભદેવના પાઠમાં ભાવજિનના વંદનનું ફળ કહેવાયેલું નથી, પરંતુ જિનપ્રતિમાના વંદનનું ફળ બતાવાયેલું છે; અને તે જ સૂર્યાભદેવના હિત માટે છે, સુખ માટે છે, સંગત છે, નિશ્ચિત્ કલ્યાણ માટે છે, ઈત્યાદિરૂપે કહેવાયું, તે ભાવજિનના વંદનના ફળસદૃશ ફળરૂપ છે. તેથી જિનપ્રતિમા પૂજનીય છે, એમ સિદ્ધ થાય છે.

ટીકાર્થ :-

न च एतत् ..... असंभवात् । **અહીં પૂર્વપક્ષી શંકા કરે કે સૂર્યાભદેવના સામાનિકદેવનું આ વચન=સૂર્યાભદેવના किं मे पुव्विं करणिज्जं किं मे पच्छा करणिज्जं ઈત્યાદિ કથનના ઉત્તરરૂપ શ્લોક-૧૧માં કહેલ तं एयं णं पुव्विं सेयं..... भविस्सति ઈત્યાદિ વચન, સમ્યગ્ થશે નહિ; એ પ્રમાણે શંકાના ઉત્તરમાં ગ્રંથકારશ્રી કહે છે - સમ્યગ્દૃષ્ટિ દેવોને ઉત્સૂત્રભાષીપણાનો અસંભવ છે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ દેવો ઉત્સૂત્રભાષણ કરતા નથી.**

न हि ..... श्रुतं वा । **આગમમાં ક્યાંય પણ 'किं मे पुव्विं करणिज्जं' મારે પૂર્વે શું કરણીય છે ઈત્યાદિ પાઠમાં સમ્યગ્દૃષ્ટિ વડે પુછાયે છતે પણ ઐહિક સુખમાત્રનિમિત્ત એવાં માળા-ચંદનાદિને 'हिआए सुहाए' ઈત્યાદિરૂપ કોઈના પણ વડે પ્રત્યુત્તર વિષયીકૃત જોવાયેલ નથી અને સંભળાયેલ નથી, અર્થાત્ આગમમાં ક્યાંય આવું કોઈએ જવાબ આપતી વખતે કહેલ નથી, અને પરંપરામાં પણ આવું કાંઈ સંભળાતું નથી.**

अपि च ..... कदर्थनापि । અને વળી વંદનના અધિકારમાં પણ કોઈક ઠેકાણે 'पेच्चाहिआए' ઈત્યાદિ જ કહેવાયેલ છે અને કોઈક ઠેકાણે આ=વંદન, ઈહભવ અને પરભવમાં પરંપરાએ (શુભાનુબંધી સુખ માટે) **થશે, એ પ્રમાણે (કથન હોવાથી) ઉક્ત પાઠની વિષમતાની કદર્થના પણ નથી.**

✪ 'एअन्नं' ટીકામાં કહેલ છે. એ શબ્દમાં एतद् णं જુદા શબ્દો છે અને णं એ વાક્યાલંકારમાં છે. एतद् પદ વંદનનો વાચક છે.

વિશેષાર્થ :-

વંદન અધિકારમાં **पेच्चाहिआए**=પરલોકમાં હિત માટે કહ્યું, અને સૂર્યાભદેવના અધિકારમાં પ્રાક્-પશ્ચાત્=પૂર્વ અને પછી હિત માટે કહ્યું; એનાથી સૂર્યાભદેવના અધિકારમાં કહેલ પાઠ વૈષમ્યરૂપ છે, એ પ્રકારની કદર્થના છે એમ ન કહેવું. કેમ કે, વંદન અધિકારમાં પણ એ પ્રકારનો વિષમ પાઠ છે. તેથી વંદન અધિકારનો વિષમ પાઠ જેમ દોષરૂપ નથી, એ પ્રમાણે સૂર્યાભના અધિકારમાં પણ **पेच्चाहिआए**=ને બદલે '**पच्छा हिआए**' કહ્યું તે દોષરૂપ નથી.

ઉત્થાન :-

વળી અન્ય રીતે પણ સૂર્યાભના કૃત્યમાં પશ્ચાત્ શબ્દને પરલોકના હિતાર્થે ગ્રહણ કરવા માટે '**किञ्च**' અને '**एवं**' થી શાસ્ત્રમાં અન્યત્ર પશ્ચાત્ શબ્દ પરલોકાર્થે છે, એ બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

किं च ..... विभावयसि ? વળી 'पच्छा कडुअविवागो' (ઉત્તરાધ્યયનસૂત્રના) કથનમાં જેમ 'પશ્ચાત્' શબ્દનું પરભવવિષયપણું છે, તેમ પ્રકૃતમાં=સૂર્યાભકૃત્યમાં પણ એ પ્રમાણે કેમ વિચારતા નથી ?

एवं ..... योजनीयम् ।।१२।। **એ પ્રમાણે જેનું પૂર્વ અને પશ્ચાત્ નથી, તેનું મધ્ય ક્યાંથી હોય ? એ પ્રકારે (આચારાંગસૂત્રના) કથનમાં પણ પુરા અને પશ્ચાત્=પૂર્વ અને પછી, એ વાક્યનું ત્રિકાળવિષયપણું વ્યક્ત છે. એથી કરીને પ્રકૃતમાં પણ તે યોજવું જોઈએ=પ્રસ્તુતમાં 'પશ્ચાત્' શબ્દથી દેવભવનો પાછલો ભાગ ગ્રહણ ન કરતાં પરલોક સંબંધી પણ ભવિષ્યકાળનું ગ્રહણ કરીને યોજન કરવું જોઈએ. (કેમ કે 'जस्स नत्थि...' એ વાક્યમાં પશ્ચાત્ શબ્દથી આખા ભવિષ્યનું ગ્રહણ કરવાથી પૂર્વ, પશ્ચાત્ અને મધ્ય શબ્દથી ત્રિકાળવિષયપણાની પ્રાપ્તિ થઈ શકે છે.) ॥૧૨॥**

અવતરણિકા :-

स्थितिविषयाशङ्कामेव समानधर्मदर्शनेन प्रपञ्चयत उपहसन्नाह -

અવતરણિકાર્થ :-

સમાન ધર્મદર્શન દ્વારા સ્થિતિવિષયક આશંકાને જ કરતા એવા લુંપાકના ઉપહાસને કરતાં ગ્રંથકાર કહે છે -

વિશેષાર્થ :-

શ્લોક-૧૧ માં રાજપ્રશ્નીય ઉપાંગમાં કહેલ સૂર્યાભદેવના અધિકારમાં, ભગવાનની પૂજા અને વાવડી આદિની પૂજા એ બંનેમાં, અર્ચનારૂપ સમાન ધર્મને દેખાડવા દ્વારા લુંપાક કહે છે કે - ભગવાનની મૂર્તિની પૂજા દેવભવની સ્થિતિ છે, પરંતુ પરલોક-સાધક ધર્માનુષ્ઠાન નથી. આ પ્રકારની સ્થિતિવિષયક આશંકાને કરતા એવા લુંપાકનો ઉપહાસ કરતાં ગ્રંથકાર કહે છે –

શ્લોક :-

वाप्यादेरिव पूजना दिविषदां मूर्त्तेर्जिनानां स्थितिः,
सादृश्यादिति ये वदन्ति कुधियः पश्यन्ति भेदं तु न ।
एकत्वं यदि ते वदंति निजयोः स्त्रीत्वेन जायांबयो-
स्तत्को वा यततामसंवृततरं वक्त्रं पिधातुं बुधः ।।१३।।

શ્લોકાર્થ :-

સદૃશપણું હોવાથી, વાવડી વગેરેના પૂજનની જેમ દેવતાઓની જિનેશ્વરોની મૂર્તિની પૂજના એ સ્થિતિ છે, એ પ્રમાણે જે કુબુદ્ધિઓ કહે છે, પરંતુ ભેદને જોતા નથી; તેઓ જો સ્ત્રીપણાથી પોતાની પત્ની અને માતાનું એકપણું કહે, તો કોણ બુધજન=પંડિત (તેમના) અસંવૃતતર વક્ત્રને=ઘણા ખુલ્લા મુખને, બંધ કરવા માટે યત્ન કરે ? અર્થાત્ કોઈ ન કરે.।।૧૩।।

✪ શ્લોકમાં 'वा' કાર 'नाम' અર્થમાં છે, જે વાક્યાલંકારમાં છે.

ટીકા :-

'वाप्यादेरिव' इति :- वाप्यादेर्नंदापुष्करिण्यादेरिव, आदिना महेन्द्रध्वजतोरणसभाशालभंजिका-दिपरिग्रहः । दिविषदां=देवानां, जिनानां मूर्त्तेः पूजना स्थितिः=स्थितिमात्रम् । सादृश्यात्=अर्चनाशब्दाभिधानसाम्यात्, इति ये कुधियः=कुत्सितबुद्धयो वदन्ति, भेदं तु वक्ष्यमाणं न पश्यन्ति, ते यदि स्त्रीत्वेन=स्त्रीलिङ्गमात्रेण निजयोः=स्वकीययोः जायांबयोः=कान्ताजनन्योरेकत्वं वदन्ति, तत्=तर्हि को वा=को नाम, वक्त्रम्=मुखम् अर्थात् तदीयं, असंवृततरं=अतिशयेनोद्घाटं बुधः=पंडितः, पिधातुम्=आच्छादयितुं, यततां=पराक्रमताम्, अशक्येऽर्थे पंडितस्य यत्नकरणस्यायोगाद् न कोऽपि यततामिति भावः ।

ટીકાર્થ :-

वाप्यादेः ..... साम्यात्, વાવડી આદિના=નંદાપુષ્કરિણી આદિના, પૂજનની જેમ દેવતાઓની

જિનેશ્વરની મૂર્તિની પૂજના સ્થિતિમાત્ર છે, સાદૃશ્યપણું હોવાથી=અર્ચના શબ્દના અભિધાનના સામ્યથી=સમાનપણાથી, સ્થિતિમાત્ર છે.

✪ 'वाप्यादेः' અહીં 'आदि' પદથી મહેન્દ્રધ્વજ, તોરણ, સભા, પૂતળીઓ વગેરેનો પરિગ્રહ=ગ્રહણ, જાણવું.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષી લુંપાકનો કહેવાનો આશય એ છે કે, વાવડી આદિની પૂજા અને મૂર્તિની પૂજા તેમાં 'અર્ચના' ='પૂજા' શબ્દ સામાન્ય છે. એના કારણે દેવની પૂજા સ્થિતિમાત્ર=આચારમાત્ર છે, પણ મોક્ષસાધક નથી.

ટીકાર્થ :-

इति ये ..... भावः । એ પ્રમાણે=વાવડી આદિની જેમ જિનેશ્વરની મૂર્તિની પૂજના, અર્ચના શબ્દના અભિધાનના સમાનપણાથી સ્થિતિમાત્ર છે એ પ્રમાણે, જે કુબુદ્ધિઓ=કુત્સિત બુદ્ધિવાળા, કહે છે, પરંતુ વક્ષ્યમાણ ભેદને=શ્લોક-૧૪માં કહેવાશે તે ભેદને જોતા નથી, તેઓ સ્ત્રીલિંગમાત્રથી પોતાની પત્ની અને માતાને એક કહે છે. તેથી કોણ તેમના અસંવૃતતર મુખને=અતિશય ઊઘડેલા મુખને, આચ્છાદન કરવા માટે યત્ન કરે ? કેમ કે અશક્ય અર્થમાં પંડિતના યત્નકરણનો અયોગ છે. અર્થાત્ કોઈ પણ બુધ જન તેમને બોલતા બંધ કરવાનો યત્ન ન કરે, એ પ્રમાણે ભાવ સમજવો.

ટીકા :-

प्रतिवस्तूपमया दूरांतरेऽपि यत्किंचित्साम्येन भ्राम्यतामुपहासो व्यज्यते । तदुक्तम् -

'काके काष्ण्यमलौकिकं धवलिमा हंसे निसर्गस्थितो;
गांभीर्ये महदंतरं वचसि यो भेदः स किं कथ्यते ।
एतावत्सु विशेषणेष्वपि सखे ! यत्रेदमालोक्यते,
के काकाः सखि के च हंससिशवो, देशाय तस्मै नमः ।।१।। **इति ।।१३।।**

ટીકાર્થ :-

प्रतिवस्तूपमया ..... व्यज्यते ।પ્રતિવસ્તુની ઉપમા દ્વારા દૂરંતરમાં પણ કાંઈક સામ્યથી ભ્રમપણાનો ઉપહાસ વ્યક્ત કરાય છે.

વિશેષાર્થ :-

પ્રતિવસ્તુથી સદૃશ દૃષ્ટાંત ગ્રહણ કરવામાં આવે છે, તેમ લુંપાકે વાવડી આદિની પૂજા અને મૂર્તિની પૂજાના સામ્યથી મૂર્તિપૂજાને દેવની સ્થિતિમાત્રરૂપે કહી, તેની પ્રતિવસ્તુરૂપે પ્રસ્તુતમાં માતા અને પત્નીનું દૃષ્ટાંત બતાવાયેલ છે. અને તે પ્રતિવસ્તુની ઉપમા આપીને માતા અને પત્નીમાં વૈષમ્ય હોવા

છતાં દૂર દૂર કાંઈક સામ્યપણું છે, અર્થાત્ સ્ત્રીપણારૂપે જે સામ્યપણું છે તેને ગ્રહણ કરીને, લુંપાકને એ ભ્રમ છે કે માતા અને પત્ની સરખાં જ છે, એમ બતાવીને તેનો અહીં ઉપહાસ કરવામાં આવ્યો છે. યદ્યપિ લુંપાક માતા અને પત્નીમાં એકપણું કહેતો નથી, પરંતુ એના જેવું જ વાવડી આદિના પૂજનને અને ભગવાનની મૂર્તિના પૂજનને તે એક કહે છે, એમ કહીને તેનો ઉપહાસ કરવામાં આવ્યો છે.

ઉત્થાન :-

પ્રતિવસ્તુની ઉપમાથી માતા અને પત્નીના સામ્યને કહ્યું, તેને જ કહેનારી સાક્ષી બતાવે છે -

ટીકાર્થ :-

तदुक्तम् ..... काके ..... इति ।।१३।। તે કહેવાયેલું છે - કાગડામાં કાળાપણું અલૌકિક છે અને હંસમાં ધોળાપણું સ્વાભાવિક રહેલું છે. બંનેની ગંભીરતામાં મોટું અંતર છે, અને વચનમાં જે ભેદ છે, તે શું કહેવાય એવો છે ? અર્થાત્ કહી શકાય તેમ નથી. આટલાં વિશેષણો હોવા છતાં પણ હે મિત્ર ! જે દેશમાં એવું દેખાય છે કે, કોણ કાગડો અને કોણ હંસશિશુ ? તે દેશને નમસ્કાર થાઓ.

✪ પ્રસ્તુત સાક્ષીમાં સજ્જન અને દુર્જન મનુષ્યોનો ભેદ નહિ કરનારાઓનો=પ્રતિવસ્તુની ઉપમા દ્વારા= કાગડા અને હંસની ઉપમા દ્વારા, ઉપહાસ કર્યો છે.

✪ કાગડામાં કાળાપણું સ્વાભાવિક હોવા છતાં અતિશય કાળાપણું છે તે બતાવવા માટે કાગડામાં કાળાપણું અલૌકિક છે એમ કહેલ છે.

વિશેષાર્થ :-

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે, પક્ષીરૂપે કાગડા અને હંસમાં કોઈ ભેદ નથી, તો પણ હંસ અને કાગડા વચ્ચે ગંભીરતા અને વચનની મધુરતાને આશ્રયીને મોટો ભેદ છે. આમ છતાં, જે દેશના લોકો પક્ષીરૂપે હંસ અને કાગડાને સરખા કરે છે, તે દેશને નમસ્કાર થાઓ; એમ કહીને તે દેશ વર્જન કરવા યોગ્ય છે, એમ બતાવે છે. તે જ રીતે માતા અને પત્ની વચ્ચે મોટો ભેદ હોવા છતાં જેઓ સ્ત્રીરૂપે તેને એક કહે છે, તેઓ પણ ઉપહાસને પાત્ર છે. તે જ રીતે પ્રસ્તુતમાં લુંપાક પણ સૂર્યાભદેવની વાવડી આદિની પૂજના અને મૂર્તિની પૂજનાને પૂજનક્રિયારૂપે એક કહીને દેવસ્થિતિ કહે છે, પરંતુ તે બેની પૂજામાં જે મોટો ભેદ છે, જે શ્લોક-૧૪માં બતાવવાના છે, તેને જોતો નથી, તેથી લુંપાક પણ ઉપહાસને પાત્ર છે. **॥૧૩॥**

અવતરણિકા :-

भेदहेतूनेवोपदर्शयंस्तददर्शिन आक्षिपन् आह –

અવતરણિકાર્થ :-

ભેદના હેતુઓને બતાડતાં=વાવડી આદિની અર્ચના અને જિનપ્રતિમાની અર્ચનામાં ભેદના હેતુઓને બતાડતાં, તેને નહિ જોનારા=ભેદને નહિ જોનારા, એવા લુંપાકને આક્ષેપ કરતાં ગ્રંથકાર કહે છે -

શ્લોક :-

सद्धर्मव्यवसायपूर्वकतया शक्रस्तवप्रक्रिया -
भावभ्राजितहृद्यपद्यरचनाऽऽलोकप्रणामैरपि ।
ईक्षन्तेऽतिशयं न चेद् भगवतां मूर्त्यर्चने स्वःसदां
बालास्तत्पथि लौकिकेऽपि शपथप्रत्यायनीया न किं ? ।।१४।।

શ્લોકાર્થ :-

સદ્ધર્મવ્યવસાયપૂર્વકપણું હોવાથી અને શક્રસ્તવપ્રક્રિયાથી ભાવભ્રાજિત=ભાવથી સુશોભિત, મનોહર પદ્યરચનાથી અને આલોકપ્રણામથી પણ દેવતાઓની ભગવાનવિષયક મૂર્તિની પૂજનામાં જે અતિશયને જોતા નથી=વાવડીના પૂજન કરતાં ભેદને જોતા નથી, તો બાળ એવા લુંપાકો લૌકિક પણ પથમાં=માર્ગમાં, શું સોગંદથી જ વિશ્વસનીય નથી થતા ? અર્થાત સોગંદથી જ થાય છે. ।।૧૪।।

✪ શ્લોકમાં 'शक्रस्तव ..... प्रणामैः' સુધીનો પાઠ સામાસિક છે.

✪ શ્લોકના ચોથા ચરણમાં 'तत्' પદ છે તે 'तस्मात्' અર્થમાં છે.

✪ 'लौकिकेऽपि' અહીં 'अपि' થી એ સમુચ્ચય થાય છે કે, લોકોત્તર=પ્રતિમા અને વાવડી આદિની અર્ચનાના ભેદને બતાવનારા શાસ્ત્રમાં લુંપાકો એટલા શપથ-પ્રત્યાયનીય છે, કે લૌકિક એવા ભોજન અને વિષ્ટાના ભેદને બતાવવામાં પણ શપથ-પ્રત્યાયનીય=સોગંદ ખાવા દ્વારા સમજાવી શકાય તેવા છે.

લૌકિક પણ પથમાં સોગંદથી માને એવા છે, એમ બતાવવાથી એ કહેવું છે કે, લુંપાકો પ્રત્યક્ષનો પણ અપલાપ કરે તેવા કદાગ્રહવાળા છે.

ટીકા :-

'सद्धर्मे'त्यादि :- सद्धर्मव्यवसायपूर्वकत्वम्-एकं जिनप्रतिमार्चनस्यानुषंगिकवाप्याद्यर्चनतो भेदकम् । व्यवसायसभासंभविक्षयोपशमनिमित्तस्य सद्धर्मव्यवसायस्य भावत्वात्, भावानुगतः सम्यग्दृष्टिक्रियायाश्च क्रियांतरवद्धर्मत्वात्, व्यवसायसभायाश्च शुभाध्यवसायनिमित्तत्वं क्षेत्रादेरपि कर्मक्षयोपशमादिहेतुत्वाज्जिनशासने नासिद्धम् । तदुक्तम्-उदयखयखओवसमोवसमा जं च कम्मुणो भणिया । दव्वं, खित्तं, कालं, भावं च भवं च संपप्पे' **त्ति जीवाभिगमवृत्तौ विजयदेवाधिकारे प्रकृतस्थले विवृत्तमास्ते । तदालापकश्च प्रकृतालापकादविशिष्ट इति न पृथग्लिखितः ।**

ટીકાર્થ :-

सद्धर्म ..... क्रियांतरवद्धर्मत्वात्, **આનુષંગિક વાવડી આદિના અર્ચનથી જિનપ્રતિમાના અર્ચનનું સદ્ધર્મવ્યવસાયપૂર્વકપણું એક ભેદક છે. કેમ કે વ્યવસાયસભાસંભવી=વ્યવસાયસભામાં થનારો,**

ક્ષયોપશમ છે નિમિત્ત જેને એવા સદ્ધર્મવ્યવસાયનું ભાવપણું છે, અને ભાવાનુગત સમ્યગ્દૃષ્ટિની ક્રિયાનું ક્રિયાંતરની જેમ ધર્મપણું છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, વ્યવસાયસભાથી ક્ષયોપશમ કેવી રીતે થાય ? કેમ કે ક્ષયોપશમ પ્રત્યે તો જીવનો અંતરંગ યત્ન જ કારણ છે. તેથી કહે છે -

ટીકાર્થ :-

व्यवसाय ..... नासिद्धम् । **ક્ષેત્રાદિનું પણ કર્મના ક્ષયોપશમાદિમાં હેતુપણું હોવાથી જિનશાસનમાં વ્યવસાયસભાનું શુભ અધ્યવસાયનું નિમિત્તપણું અસિદ્ધ નથી.**

तदुक्तम् - **તે કહેવાયેલું છે** - उदय ..... विवृत्तमास्ते । **જે કારણથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયીને કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ કહેવાયેલા છે. 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે, અને જીવાભિગમની વૃત્તિમાં વિજયદેવના અધિકારમાં પ્રકૃતસ્થળમાં=પ્રતિમાઅર્ચન સ્થળમાં, (કર્મના ઉદયાદિ દ્રવ્યાદિને આશ્રયીને કઈ રીતે થાય છે તે) વિવરણ કરાયેલ છે.**

ઉત્થાન :-

પૂર્વમાં ઉદ્ધરણમાં બતાવ્યું કે, કર્મનો ક્ષયોપશમ દ્રવ્ય-ક્ષેત્રાદિને આશ્રયીને થાય છે, એ વાત, જીવાભિગમની વૃત્તિમાં વિજયદેવના અધિકારમાં પ્રતિમાના અર્ચનના સ્થળમાં વર્ણન કરાયેલ છે. તેથી પ્રશ્ન થાય કે, એ પાઠ પણ જિનપ્રતિમાની પૂજાને સ્થાપન કરનાર છે, તે અહીં કેમ આપ્યો નથી ? તેથી કહે છે -

ટીકાર્થ :-

तदालापकश्च ..... न पृथग्लिखितः । **તેનો આલાપક=વિજયદેવના અધિકારનો આલાપક, પ્રકૃત આલાપકથી અવિશિષ્ટ=સમાન, છે એથી કરીને પૃથગ્ લખ્યો નથી.**

વિશેષાર્થ :-

જિનપ્રતિમાનું અર્ચન સદ્ધર્મવ્યવસાયપૂર્વક છે, જ્યારે વાવડી આદિનું પૂજન એ આનુષંગિક છે, પરંતુ સદ્ધર્મવ્યવસાયપૂર્વક નથી, તેથી તે બંનેમાં ભેદ છે.

અહીં પ્રશ્ન થાય કે સદ્ધર્મવ્યવસાય હોવાને કારણે જિનપ્રતિમાનું પૂજન મોક્ષહેતુક છે એમ કઈ રીતે નક્કી થાય ? તેથી કહે છે કે, વ્યવસાયસભામાં થનારો જે ક્ષયોપશમ તે છે નિમિત્ત જેને એવો જે સદ્ધર્મનો વ્યવસાય, તે ભાવરૂપ છે; અને ભાવપૂર્વકની જિનપ્રતિમાની પૂજા એ મોક્ષાર્થક હોવાથી ધર્મરૂપ બને છે.

तदुक्तं થી તેમાં સાક્ષી આપી તેનો ભાવ એ છે કે, જીવાભિગમની વૃત્તિમાં વિજયદેવના અધિકારસ્થળમાં કર્મનો ઉદય, કર્મનો ક્ષય, કર્મનો ક્ષયોપશમ અને કર્મનો ઉપશમ થાય છે તે કથનમાં, ક્ષેત્રનું પણ ગ્રહણ

કરેલ છે. તેથી વ્યવસાયસભારૂપ ક્ષેત્ર શુભ અધ્યવસાયનું નિમિત્તકારણ છે, તે જિનશાસનમાં અસિદ્ધ નથી. આથી જ પૂર્વમાં કહ્યું કે, વ્યવસાયસભામાં થનારા ક્ષયોપશમ નિમિત્તે સૂર્યાભદેવને ભગવાનની ભક્તિ કરવાનો ભાવ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે, જેમ જીવનો પ્રયત્ન ક્ષયોપશમ પ્રત્યે કારણ છે તેમ ક્ષેત્રાદિ પણ પ્રબળ નિમિત્ત છે. આથી જ સૂર્યાભદેવ જ્યારે વ્યવસાયસભામાં જાય છે, ત્યારે સદ્ધર્મ કરવાનો તેમને અધ્યવસાય થાય છે; અને તત્પૂર્વક ભગવાનની ભક્તિ કરે છે, તેથી તેની અર્ચના ધર્મરૂપ બને છે.

અહીં વિશેષ એ છે કે, દેવતાની વ્યવસાયસભા એ વિશિષ્ટ પ્રકારનું ક્ષેત્ર છે, જેમાં દેવતા આવે છે ત્યારે એ ક્ષેત્રના નિમિત્તે ઉત્તમભાવને પેદા કરે તેવો કર્મનો ક્ષયોપશમ થાય છે; અને તે જ સદ્ધર્મને કરવાના અભિલાષરૂપ પરિણામને પેદા કરે છે. તેથી જ સૂર્યાભદેવ પોતાના સામાનિક દેવને પૂછે છે કે, મારું પૂર્વમાં હિત શું છે ? પાછળ હિત શું છે ? પૂર્વમાં પણ અને પાછળ પણ હિત શું છે ? તેથી તે વ્યવસાયસભામાં પોતાને હિતકારી એવા ધર્મને કરવાનો અભિલાષ થાય છે, તે ભાવપદાર્થ છે; અને ભાવપૂર્વકની ક્રિયા જિનપ્રતિમાની અર્ચનક્રિયા છે, તેથી જિનપ્રતિમાનું અર્ચન=પૂજન, એ મોક્ષના હેતુભૂત એવી ધર્મક્રિયા છે.

टीका :-

अत्र पापिष्ठाः(ष्ठः)-'ननु धम्मियं ववसायं गिण्हइ' **इत्यत्र धार्मिको व्यवसायः कुलस्थितिरूप-धर्मविषय एव युक्तः, अत एव पुस्तके 'धर्मार्थं शास्त्रमित्यत्रापि धर्मशब्दार्थः कुलस्थितिधर्म एव, मुख्यधर्मव्यवसायस्तु देवानामसंभव्येव,** तिविहे ववसाए पन्नत्ते (१) धम्मिए ववसाए (२) अधम्मिए ववसाए (३) धम्माधम्मिए ववसाए । (उ. ३ सू. १८५) **इति तृतीयस्थानके व्यवसायिनां धार्मिकाधार्मिक-धार्मिकाधार्मिकाणां संयतासंयतदेशसंयतलक्षणानां संबंधित्वाद् भेदेनोच्यमानास्त्रिधा भवन्तीति व्याख्यानाच्चारित्रिणामेव धार्मिकव्यवसायसंभवादिति प्राह ।**

✪ 'अत्र पापिष्ठाः' નો અન્વય 'इति प्राह' સાથે છે.

✪ मुख्यधर्मव्यवसायस्तु આ કથનમાં तिविहे થી संभवात् સુધીનો હેતુ છે.

टीकार्थ :-

अत्र ..... प्राह । **અહીં=પૂર્વમાં કહ્યું કે, જિનપ્રતિમાના અર્ચનનું સદ્ધર્મવ્યવસાયપૂર્વકત્વ છે, તે જ એક ભેદક છે એ કથનમાં, પાપિષ્ઠ કહે છે** - ખરેખર ધાર્મિક વ્યવસાયને કરે છે - **એ પ્રકારે અહીં= સૂર્યાભદેવના અધિકારમાં, ધાર્મિક વ્યવસાય કુલસ્થિતિરૂપ ધર્મવિષયવાળો જ યુક્ત છે. આથી કરીને પુસ્તકમાં=દેવ જ્યારે વ્યવસાયસભામાં આવે છે ત્યારે જે પુસ્તક ગ્રહણ કરે છે તેમાં, ધર્માર્થનું શાસ્ત્ર છે, એ પ્રકારના કથનમાં પણ, ધર્મ શબ્દનો અર્થ કુલસ્થિતિ ધર્મ જ છે, પરંતુ મુખ્ય ધર્મવ્યવસાય દેવોને અસંભવિત જ છે=સંભવતો નથી જ. કેમ કે** ત્રણ પ્રકારનો વ્યવસાય કહેલો છે, (૧) ધાર્મિક વ્યવસાય, (૨) અધાર્મિક વ્યવસાય અને (૩) ધાર્મિક-અધાર્મિક વ્યવસાય. **એ પ્રમાણે ઠાણાંગ સૂત્રના ત્રીજા સ્થાનકમાં**

સંયત, અસંયત અને દેશસંયત લક્ષણરૂપ ધાર્મિક, અધાર્મિક અને ધાર્મિકાધાર્મિક વ્યવસાયીઓનું સંબંધીપણું હોવાથી, ભેદ વડે કહેવાતા ત્રણ પ્રકાર થાય છે. એ પ્રકારે વ્યાખ્યાન હોવાથી ચારિત્રીઓને જ ધાર્મિક વ્યવસાયનો સંભવ છે. એથી કરીને મુખ્ય ધર્મવ્યવસાય દેવોને અસંભવિત જ છે, એ પ્રકારે પાપિષ્ઠ કહે છે. એમ અન્વય સમજવો.

વિશેષાર્થ :-

પુસ્તકરત્નમાં એમ કહેવામાં આવે છે કે, આ પુસ્તકરત્ન ધર્માર્થશાસ્ત્ર છે, ત્યાં સિદ્ધાંતકારના આશય પ્રમાણે એ પુસ્તકરત્ન આત્માને જ હિતકારી છે એવા પારમાર્થિક ધર્મવિષયક છે; પરંતુ પૂર્વપક્ષીને તે ધર્મ શબ્દ કુલસ્થિતિરૂપે જ માન્ય છે, અને તેની પુષ્ટિ કરવા તે કહે છે કે, મુખ્ય ધર્મવ્યવસાય દેવોને અસંભવિત છે, અને તે વાતની પુષ્ટિ પૂર્વપક્ષી લુંપાક સ્થાનાંગસૂત્રના પાઠથી કરે છે. સ્થાનાંગસૂત્રમાં ધાર્મિક વ્યવસાય સંયતમાં પ્રચલિત છે, અને દેવોમાં ધાર્મિક વ્યવસાયનો સંભવ નથી; તેથી ધર્મ શબ્દથી કુલસ્થિતિરૂપ ધર્મ ગ્રહણ કરવો ઉચિત છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

અહીં સ્થાનાંગસૂત્રના પાઠનું તાત્પર્ય એ છે કે, સ્થાનાંગસૂત્રમાં ત્રણ પ્રકારના વ્યવસાય કહેલ છે. ત્યાં સંયતને ધાર્મિક વ્યવસાય કહેલ છે, દેશસંયતને ધાર્મિક-અધાર્મિક વ્યવસાય કહેલ છે અને અસંયતને અધાર્મિક વ્યવસાય કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ધાર્મિક વ્યવસાય સંયતને જ છે, પરંતુ દેશસંયત કે અસંયતને ધાર્મિક વ્યવસાય સંભવે નહિ; અને દેવો અસંયત છે, માટે તેમને ધાર્મિક વ્યવસાય સંભવી શકે નહિ. તેથી **धर्मार्थं शास्त्रं** એ કથનમાં પણ ધર્મ શબ્દ કુલસ્થિતિરૂપ જ ગ્રહણ કરવો, અને '**धम्मियं ववसायं गिण्हइ**' એ કથનમાં પણ ધર્મ શબ્દ કુલસ્થિતિરૂપ જ ગ્રહણ કરવાનો છે, એ પ્રકારનો પાપિષ્ઠ એવા લુંપાકનો આશય છે.

ઉત્થાન :-

ઉપરોક્ત પ્રકારના લુંપાકના આશયનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકા :-

स प्रष्टव्यः, अरे दुष्ट ! किमेवं देशसंयतानां सामायिकाध्यवसायोऽपि न धार्मिकाध्यवसाय इति स्थापयितुमुद्यतोऽसि ? देवानामपि जिनवंदनाध्यवसायोऽपि न तथेति वक्तुमध्यवसितोऽसि ? तर्हि विषयभेदात्त्रैविध्यं व्याख्यास्यामोऽत एव संयमासंयमदेशसंयमलक्षणविषयभेदाद् वेति पक्षान्तरेण वृत्तौ व्याख्यातमिति चेत् ? तदपि नैगमनयाश्रितपरिभाषाविशेषेणैव युज्यतेऽन्यथाऽविरतसम्यग्दृष्टीनां सम्यक्त्वाध्यवसायः कुत्रांतर्भवेदिति नेत्रे निमील्य विचारयंतु देवानांप्रियाः ।

ટીકાર્થ :-

स प्रष्टव्यः ..... अध्यवसितोऽसि ?=તે પૂછવા યોગ્ય છે, અરે ! દુષ્ટ ! શું આ પ્રમાણે દેશસંયતનો

સામાયિકનો અધ્યવસાય પણ ધાર્મિક અધ્યવસાય નથી, એ પ્રમાણે સ્થાપન કરવા તું ઉદ્યત થયો છે ? દેવોનો પણ જિનવંદનનો અધ્યવસાય પણ તેવા પ્રકારનો=ધાર્મિક વ્યવસાય નથી, એ પ્રકારે કહેવા માટે તું અધ્યવસિત થયો છે ?=પ્રયત્નવાળો થયો છે ?

✪ **देशसंयतानां सामायिकाध्यवसायोऽपि** અહીં 'अपि' થી એ સમુચ્ચય થાય છે કે દેશસંયતનો, પૂજાનો અધ્યવસાય ધાર્મિક અધ્યવસાય નથી એમ તું કહે છે. પણ દેશસંયતનો સામાયિકનો અધ્યવસાય પણ ધાર્મિક નહિ થાય, એમ તું સ્થાપન કરવા ઉદ્યત થયો છે ?

✪ **जिनवंदनाध्यवसायोऽपि** અહીં 'अपि' થી એ સમુચ્ચય થાય છે કે, દેવોનો પણ જિનપ્રતિમાના વંદનનો અધ્યવસાય તો ધાર્મિક વ્યવસાય નથી, એમ પૂર્વપક્ષી કહે છે; પરંતુ દેવોનો જિનવંદનનો અધ્યવસાય પણ ધાર્મિક વ્યવસાય નથી, એ પ્રકારે પૂર્વપક્ષી એવો લુંપાક કહેવા માટે તત્પર થયો છે.

વિશેષાર્થ :-

સ્થાનાંગના પાઠથી દેવોને ધાર્મિક વ્યવસાયનો અભાવ સ્થાપન કરવાથી લુંપાકને એ પ્રાપ્ત થાય છે કે, દેશવિરતિધર જ્યારે સામાયિક કરે છે, ત્યારે તેમનો ભાવથી સામાયિકનો જે અધ્યવસાય છે, તે પણ ધાર્મિક અધ્યવસાય નથી; અને દેવોનો પણ જે ભાવતીર્થંકરને વંદનનો અધ્યવસાય છે, તે પણ ધાર્મિક વ્યવસાય નથી; કેમ કે સ્થાનાંગસૂત્રના વચન પ્રમાણે સર્વવિરતિધરને જ ધર્મનો વ્યવસાય સંભવી શકે છે.

ઉત્થાન :-

પૂર્વમાં સ્થાનાંગસૂત્રના પાઠના બળથી ધાર્મિક વ્યવસાય સંયતને, અધાર્મિક વ્યવસાય અસંયતને અને ધાર્મિક-અધાર્મિક વ્યવસાય દેશસંયતને છે, એમ બતાવીને દેવોને સંયમ કે દેશસંયમ નથી, તેથી ધાર્મિક વ્યવસાય સંભવે નહિ, એ પ્રકારે પૂર્વપક્ષીએ કહ્યું. તેની સામે સિદ્ધાંતકારે કહ્યું કે, એ પ્રમાણે દેશસંયતનો સામાયિકનો અધ્યવસાય પણ, અને દેવોનો જિનવંદનનો અધ્યવસાય પણ ધાર્મિક વ્યવસાય માની શકાશે નહિ; પરંતુ તે ધાર્મિક વ્યવસાય તરીકે પ્રસિદ્ધ છે, તેથી તેનો નિષેધ પૂર્વપક્ષી પણ કરી શકતો નથી. તેથી પૂર્વપક્ષી કહે છે -

ટીકાર્થ :-

तर्हि ..... इति चेत् ? તો પછી વિષયના ભેદથી ત્રૈવિધ્યનું વ્યાખ્યાન કરીશું, અને તેની જ પુષ્ટિ કરતાં પૂર્વપક્ષી કહે છે કે, આથી કરીને જ સ્થાનાંગની વૃત્તિમાં 'અથવા સંયમ, અસંયમ અને દેશસંયમલક્ષણ વિષયના ભેદથી' એ પ્રકારે પક્ષાંતરથી વ્યાખ્યાન કર્યું છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને એ કહેવું છે કે, સ્થાનાંગસૂત્રનું કથન સંયત, અસંયત કે સંયતાસંયતરૂપ ત્રણ વ્યક્તિને

આશ્રયીને ગ્રહણ ન કરતાં સંયમ, અસંયમ અને દેશસંયમરૂપ વિષયના ભેદથી ગ્રહણ કરીને અમે વ્યાખ્યાન કરીશું. તેથી દેશસંયતનો સામાયિકનો વ્યવસાય ધાર્મિક અધ્યવસાય તરીકે સ્વીકારી શકાશે, અને દેવોનો જિનવંદનનો અધ્યવસાય પણ ધાર્મિક વ્યવસાય તરીકે સ્વીકારી શકાશે. કેમ કે દેવોને અવિરતિ હોવા છતાં વંદનની ક્રિયા ભાવસંકોચરૂપ હોવાથી દેશસંયમરૂપ છે. આ રીતે સ્વીકારવાથી પૂર્વપક્ષીને દેશસંયતનો સામાયિકનો અધ્યવસાય ધાર્મિક વ્યવસાય નથી અને દેવોનો જિનવંદનનો અધ્યવસાય ધાર્મિક વ્યવસાય નથી, એમ સ્વીકારવાની આપત્તિ આવશે નહિ.

સ્વકથનની પુષ્ટિ કરતાં પૂર્વપક્ષી લુંપાક કહે છે કે - આથી કરીને જ સ્થાનાંગની વૃત્તિમાં પક્ષાંતર દ્વારા સંયમ, અસંયમ અને દેશસંયમના ભેદથી ધાર્મિક વ્યવસાય, અધાર્મિક વ્યવસાય અને ધાર્મિક-અધાર્મિક વ્યવસાયનું સ્થાપન કરેલ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

तदपि ..... देवानांप्रियाः । તે પણ=અથવા વિષયના ભેદથી એ પ્રકારના પક્ષાંતરથી સ્થાનાંગ સૂત્રની વૃત્તિમાં જે વ્યાખ્યાન કર્યું તે પણ, નૈગમનય-આશ્રિત પરિભાષાવિશેષથી જ ઘટે છે. અન્યથા=નૈગમનય-આશ્રિત પરિભાષાવિશેષને ગ્રહણ કરવામાં ન આવે તો, અવિરત સમ્યગ્દૃષ્ટિનો સમ્યક્ત્વનો અધ્યવસાય ક્યાં અંતર્ભાવ પામે ? એ પ્રમાણે બે નેત્રોને બંધ કરીને દેવાનાંપ્રિયો= મૂર્ખશિરોમણીઓ, વિચાર કરે.

વિશેષાર્થ :-

પ્રસ્થકના દૃષ્ટાંતથી નૈગમનય દૂરવર્તી કારણને પણ કારણ માને છે, અને પૂર્વપક્ષીએ 'વિષયના ભેદથી' એ પ્રકારના સ્થાનાંગની વૃત્તિમાં બતાવેલ પક્ષાંતરના આશ્રયણથી ધાર્મિક, અધાર્મિક અને ધાર્મિકઅધાર્મિક વ્યવસાયના ત્રણ ભેદોની સંગતિ કરી તે, દૂરવર્તી કારણને કારણરૂપે સ્વીકારનાર નૈગમનયને આશ્રયીને પરિભાષા કરવામાં આવે તો ઘટી શકે. તે આ રીતે - દેશવિરતિધર સામાયિકની ક્રિયા કરતો હોય તેને આશ્રયીને વિવક્ષા કરીએ તો તે સામાયિકની ક્રિયા ધર્માધર્મરૂપ થાય. કેમ કે દેશવિરતિધરના સામાયિકમાં ત્રિવિધ ત્રિવિધનું પ્રત્યાખ્યાન નથી, પરંતુ દ્વિવિધ ત્રિવિધનું પ્રત્યાખ્યાન છે. પરંતુ તે સામાયિકની ક્રિયા સર્વવિરતિનું દૂરવર્તી કારણ છે, માટે તેને ધાર્મિક વ્યવસાય કહી શકાય. અને દેવોની જિનવંદનની ક્રિયા પણ સંયમ પ્રત્યેના અહોભાવરૂપ હોવાથી દૂરવર્તી સંયમનું કારણ છે, માટે તેને ધાર્મિક વ્યવસાય કહી શકાય. અને સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધરની સંસારની ક્રિયા દૂરવર્તી પણ સંયમનું કારણ નથી, માટે તેને અધાર્મિક વ્યવસાય કહેવાય. અને કોઈ ઉત્તમ શ્રાવક સમ્યગ્ રીતે શ્રાવકપણું પાળતો હોય, તેના કારણે તે શ્રાવકની દેશવિરતિ પ્રત્યે કોઈને અહોભાવ થાય અને તે શ્રાવકની ભક્તિ કરે ત્યારે, તે ભક્તિ સંયમાસંયમરૂપ દેશવિરતિનું દૂરવર્તી કારણ બને, તેથી તેને ધાર્મિકઅધાર્મિક વ્યવસાય કહી શકાય.

વિષયના ભેદથી પક્ષાંતરને આશ્રયીને ઠાણાંગસૂત્રની વૃત્તિમાં ત્રણ પ્રકારનું વ્યાખ્યાન કરાયેલું છે તે નૈગમનયને આશ્રયીને ઘટી શકે. અને એવું ન માનો તો=નૈગમનયના આશ્રયણ વગર ત્રણ ભેદો સ્વીકારો તો, અવિરતસમ્યગ્દૃષ્ટિનો અધ્યવસાય ક્યાં અંતર્ભાવ પામશે ? એ પ્રકારે પૂર્વપક્ષીએ વિચારણા કરવી જોઈએ. અર્થાત્ જો પૂર્વપક્ષી નૈગમનયને આશ્રિત પરિભાષાવિશેષને આશ્રયીને વિષયભેદથી ત્રૈવિધ્યને ન સ્વીકારે, પરંતુ અન્ય રીતે વિષયના ભેદથી ત્રૈવિધ્ય સ્વીકારે, તો અવિરતસમ્યગ્દૃષ્ટિનો સમ્યક્ત્વનો અધ્યવસાય તે ત્રણમાં અંતર્ભાવ પામી શકે નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે, જેમ ધાર્મિક વ્યવસાય છે, તેમ અધાર્મિક વ્યવસાય પણ છે અને ધાર્મિકાધાર્મિક વ્યવસાય પણ છે, અને તેનાથી અતિરિક્ત સમ્યક્ત્વનો ચોથો વ્યવસાય છે, તેમ પૂર્વપક્ષીને માનવું પડે.

અવિરત સમ્યગ્દૃષ્ટિનો અધ્યવસાય ક્રિયારૂપ નથી છતાં સંયમની ક્રિયાનું દૂરવર્તી કારણ છે, તેથી નૈગમનયનું આશ્રયણ કરવાથી તેમાં અંતર્ભાવ પામી શકે અને નૈગમનયનું આશ્રયણ ન કરે તો સમ્યક્ત્વનો અધ્યવસાય ક્રિયારૂપ નહિ હોવાથી ત્રણ ક્રિયામાં અંતર્ભાવ પામે નહિ, તેથી ધર્માધર્માદિ ત્રણ ક્રિયાના અધ્યવસાયથી સમ્યક્ત્વના અધ્યવસાયને જુદો ગણીને ચાર વ્યવસાય માનવા પડે. જેથી સ્થાનાંગમાં કહેલ ત્રણ ભેદો સંગત થાય નહીં.

સ્થાનાંગની વૃત્તિમાં કહેલ પક્ષાંતરના ત્રણ ભેદો નૈગમનયનો આશ્રય કર્યા વગર પૂર્વપક્ષી કરે તો ચોથો વ્યવસાય માનવાનો દોષ આવે. તે આ રીતે -

(૧) દેશવિરતિધર હોય કે સમ્યગ્દૃષ્ટિ હોય, પરંતુ તે સામાયિક કરતો હોય તો તે સંયમવિષયક અધ્યવસાય છે, માટે ધાર્મિક વ્યવસાય છે. અને દેવો પણ ભગવાનને વંદન કરે છે, તે ભગવાનના સંયમ પ્રત્યેના પૂજ્યભાવ સ્વરૂપ છે, તેથી સંયમવિષયક અધ્યવસાય છે, માટે ધાર્મિક વ્યવસાય છે (૨) અને સંસારી જીવોની સંસારની ક્રિયાઓ અસંયમવિષયક હોવાથી અધાર્મિક વ્યવસાય છે. તે જ રીતે સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધરની પણ સંસારની ક્રિયાઓ અસંયમવિષયક હોવાથી અધાર્મિક વ્યવસાય છે, (૩) અને ઉપાશ્રયનું નિર્માણ કરવું કે ધનાદિ આપવું તે દેશસંયમવિષયક વ્યવસાય છે. કેમ કે તે આરંભાત્મક ક્રિયાઓ છે અને સંયમની આરાધનાનું સાધન હોવાથી સંયમરૂપ પણ છે. તેથી સંયમાસંયમસ્વરૂપ ઉપાશ્રયનું નિર્માણ કે દાનાદિ ક્રિયાઓ એ સંયમાસંયમ વિષયક હોવાથી ધાર્મિકાધાર્મિક વ્યવસાય છે. અને આમ સ્વીકારવાથી સમ્યક્ત્વનો અધ્યવસાય સંયમ, અસંયમ કે સંયમાસંયમરૂપ નહિ હોવાથી ઉપરમાં બતાવેલ ત્રણ પ્રકારના વ્યવસાયમાં અંતર્ભાવ થઈ શકે નહિ. તેથી સમ્યક્ત્વના અધ્યવસાયરૂપ એવો ચોથો વ્યવસાય માનવાની પૂર્વપક્ષીને આપત્તિ છે.

ઉત્થાન :-

પૂર્વમાં ગ્રંથકારે કહ્યું કે, નૈગમનય આશ્રિત પરિભાષાવિશેષથી જ વિષયભેદથી ત્રૈવિધ્યનું વ્યાખ્યાન પૂર્વપક્ષી લુંપાક કરી શકે. અન્યથા સમ્યક્ત્વનો અધ્યવસાય ક્રિયાત્મક નહિ હોવાથી ત્રણમાં અંતર્ભાવ થઈ શકે નહિ. તેના જવાબરૂપે પૂર્વપક્ષી લુંપાક કહે છે -

ટીકા :-

एकान्ताविरतादविरतसम्यग्दृष्टेर्विलक्षणत्वात्तद्व्यवसायः कयाचिदपेक्षया तृतीयेऽंतर्भविष्यतीति चेत् ? तर्हि एकान्ते त्रैराशिकमतप्रवेशापत्तिभिया पक्षत्रयस्य पक्षद्वय एवांतर्भावविवक्षया जिनपूजादिसम्यग्दृष्टिदेवकृत्यं धर्म एवेति वदतां का बाधा ? अन्यथा त्वया देवानां जिनवंदनाद्यपि कथं वक्तव्यं स्यात् ?

ટીકાર્થ :-

एकान्त ..... स्यात् ? **એકાંતે અવિરત કરતાં અવિરતસમ્યગ્દૃષ્ટિનું વિલક્ષણપણું હોવાને કારણે સમ્યગ્દૃષ્ટિનો વ્યવસાય કોઈક અપેક્ષાએ ત્રીજામાં અંતર્ભાવ પામશે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, તો પછી એકાંત ત્રૈરાશિકમતના પ્રવેશની આપત્તિના ભયથી પક્ષત્રયનું પક્ષદ્વયમાં જ અંતર્ભાવની વિવક્ષાથી જિનપૂજાદિ સમ્યગ્દૃષ્ટિદેવનું કૃત્ય ધર્મ જ છે, એ પ્રમાણે કહેતા એવા અમને શું બાધા છે ?**

अन्यथा ..... स्यात् ? **અન્યથા=પક્ષત્રયની પક્ષદ્વયમાં અંતર્ભાવની વિવક્ષાથી જિનપૂજાદિ સમ્યગ્દૃષ્ટિ દેવનાં કૃત્યો ધર્મ જ છે, એ પ્રમાણે સ્વીકારવામાં ન આવે, તો તારા વડે દેવોનું જિનવંદનાદિ પણ કઈ રીતે વક્તવ્ય થશે ?=કઈ રીતે ધર્મ છે એ પ્રમાણે વક્તવ્ય થશે.**

વિશેષાર્થ :-

મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકવર્તી જીવો એકાંતે અવિરત છે, જ્યારે અવિરતસમ્યગ્દૃષ્ટિ અનંતાનુબંધિરૂપ ચારિત્રમોહનીય પ્રકૃતિના ક્ષયોપશમવાળા છે તેથી એકાંતે અવિરત નથી, પરંતુ અનંતાનુબંધીના ક્ષયોપશમકૃત અંશથી વિરતિ પણ છે. છતાં અલ્પ હોવાને કારણે તેની વિવક્ષા નહિ કરીને તેમને અવિરતસમ્યગ્દૃષ્ટિ કહેલ છે. તેથી અવિરતસમ્યગ્દૃષ્ટિનો સમ્યક્ત્વનો અધ્યવસાય, કોઈક અપેક્ષાએ=સમ્યક્ત્વના અધ્યવસાય સહવર્તી એવા ચારિત્રમોહનીયની પ્રકૃતિરૂપ અનંતાનુબંધીના ક્ષયોપશમની અપેક્ષાએ, તૃતીયમાં=દેશસંયમમાં, અંતર્ભાવ પામશે.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકારે **'तर्हि ...થી... बाधा'** સુધી જે કથન કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, જૈનશાસનમાં જેમ એક રાશિ, બે રાશિ આદિ અનેક રાશિઓનું વર્ણન છે, પરંતુ તે સર્વરાશિઓ એકાંતે સંમત નથી. એ જ રીતે ધાર્મિક, અધાર્મિક અને ધાર્મિકઅધાર્મિક એ રૂપ ત્રિરાશિ, જૈનશાસનને સંમત હોવા છતાં એકાંતે સંમત નથી. તેથી એકાંતે ત્રૈરાશિક્યના પ્રવેશની આપત્તિના ભયથી કથંચિત્ પક્ષત્રયનો સ્વીકાર હોવા છતાં, એ પક્ષત્રયનો પક્ષદ્વયમાં જ અંતર્ભાવ કરીને, ધાર્મિક અને અધાર્મિક એ પ્રકારના બે ભેદો સ્વીકારવામાં આવે ત્યારે, જિનપૂજાદિ સમ્યગ્દૃષ્ટિ દેવનું જે કૃત્ય છે તે ધર્મમાં જ અંતર્ભાવ પામશે. તેથી પક્ષદ્વયની અપેક્ષાએ જિનપૂજાને ધાર્મિક અધ્યવસાય કહીએ તો શું વાંધો છે ? અર્થાત્ કોઈ વાંધો નથી. અન્યથા=પક્ષત્રયની પક્ષદ્વયમાં અંતર્ભાવની વિવક્ષાથી જિનપૂજાદિ સમ્યગ્દૃષ્ટિ દેવનાં કૃત્યો ધર્મ જ

છે એ પ્રમાણે સ્વીકારવામાં ન આવે તો, લુંપાક વડે પણ દેવોનું જિનવંદનાદિ ધર્માધર્મ છે એ પ્રમાણે કહી શકાશે, પણ ધર્મ જ છે એ પ્રમાણે કહી શકાશે નહિ. કેમ કે દેવોને અવિરતિનો ઉદય છે, એ અપેક્ષાએ સંયમનો અધ્યવસાય કહી શકાય નહિ. પરંતુ જિનવંદનાદિ સંયમને અનુકૂળ એવી ક્રિયા છે એ અપેક્ષાએ જિનવંદનાદિનો દેશસંયમમાં અંતર્ભાવ કરી શકાય, છતાં ધર્મમાં અંતર્ભાવ થઈ શકે નહિ; તેથી જિનવંદનાદિ ક્રિયા ધર્મ છે, એ પ્રમાણે પ્રસિદ્ધ વ્યવહારના લોપનો પ્રસંગ પ્રાપ્ત થાય. અને જો દેવોનાં જિનવંદનાદિ તમને=લુંપાકને, ધર્મરૂપે માન્ય હોય તો તે જ રીતે જિનપૂજાદિ ધર્મરૂપે માન્ય કરવાં જોઈએ.

ટીકા :-

सर्वविरत्यादियोगक्षेमप्रयोजकान्, व्यापारानेव धर्मादिशब्दवाच्यान् स्वीकुर्म इति चेत् ? नयभेदेन परिभाषतां, अनुगतो धर्मव्यवहारस्तु पुष्टिशुद्धिमच्चित्तानुगतक्रियैव । तुर्यगुणस्थान-क्रियानुरोधाद् दर्शनाचाररूपत्वाद् दर्शनव्यवसायात्मकं जिनार्चादि सिद्धं देवानाम् । तदुक्तम् स्थानांगे (३ उ सू० १८५) - सामाइए ववसाए तिविहे प० तं - (१) नाणववसाए (२) दंसणववसाए (३) चरित्तववसाए त्ति ।

ટીકાર્થ :-

सर्वविरति ..... अनुगतक्रियैव । **અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, સર્વવિરતિ આદિને યોગક્ષેમપ્રયોજક એવા વ્યાપારોને જ ધર્માદિ શબ્દથી વાચ્ય અમે સ્વીકારીએ છીએ. (તેથી જિનવંદનાદિ ધર્મશબ્દથી વાચ્ય બનશે, પરંતુ જિનપૂજાદિ ધર્મશબ્દથી વાચ્ય નહિ બને.) તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, નયભેદથી એ પ્રકારે પરિભાષા કરો, પરંતુ (સર્વક્રિયામાં) અનુગત એવો ધર્મવ્યવહાર પુષ્ટિશુદ્ધિમત્ ચિત્તઅનુગત ક્રિયા જ છે.**

વિશેષાર્થ :-

સર્વવિરતિ આદિના પરિણામના યોગનું કારણ જિનવંદન બની શકે છે અને ક્ષેમનું કારણ પણ જિનવંદન બની શકે છે. આથી જ વંદનક્રિયા કરતાં કોઈને સર્વવિરતિનો પરિણામ પ્રાપ્ત ન થયો હોય તો થઈ શકે, અને સર્વવિરતિના પરિણામવાળી વ્યક્તિ વંદનક્રિયા કરે તો તેનાથી સર્વવિરતિના પરિણામનું રક્ષણ થાય છે, તેથી તે ધાર્મિક વ્યવસાય છે. જ્યારે જિનપૂજાદિ તેવા નથી, કેમ કે જિનપૂજાદિ કરનાર જીવ જિનપૂજાદિના બળથી સર્વવિરતિના પરિણામને પામે ત્યારે સર્વવિરતિનો યોગ થઈ શકે છે, પરંતુ સર્વવિરતિના પરિણામવાળો જિનપૂજા કરે તો સર્વવિરતિનું રક્ષણ થાય નહિ; તેથી સર્વવિરતિના યોગક્ષેમનો પ્રયોજક વ્યાપાર વંદનાદિમાં છે, પરંતુ જિનપૂજાદિમાં નથી; માટે જિનપૂજાદિમાં ધાર્મિક વ્યવસાયનો વ્યવહાર થઈ શકે નહિ, પરંતુ ધાર્મિકઅધાર્મિક વ્યવસાયનો વ્યવહાર થઈ શકશે. આ રીતે પૂર્વપક્ષીએ સિદ્ધ કર્યું કે, જિનપૂજાદિ ધર્મ નહિ કહેવાય અને જિનવંદનાદિ ધર્મ કહી શકાશે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે -

નયભેદથી એ પ્રકારની પરિભાષા કરો, પરંતુ અનુગત ધર્મવ્યવહાર પુષ્ટિશુદ્ધિમત્ ચિત્તઅનુગત ક્રિયા જ છે. તેનો ભાવ એ છે કે, જેટલા વચનમાર્ગો છે, તેટલા નયમાર્ગો છે; તે નિયમ મુજબ સર્વવિરતિના યોગક્ષેમના પ્રયોજક એવા વ્યાપારને જ ધર્મ કહેવો, અન્યને નહિ; એ વિવક્ષારૂપ નયભેદથી= નયવિશેષથી, એમ કહી શકાય કે જિનવંદનાદિ ધાર્મિક વ્યવસાય છે, જિનપૂજનાદિ નહિ. પરંતુ મોક્ષને અનુકૂળ એવાં સર્વ અનુષ્ઠાનો અનુગત એવો ધર્મવ્યાપાર પુષ્ટિશુદ્ધિમત્ ચિત્તઅનુગત ક્રિયા જ છે, એ રીતે જિનપૂજા પણ ધર્મરૂપ બનશે જ.

અહીં વિશેષ એ છે કે, જિનપૂજાદિ, જિનવંદનાદિ યાવત્ ચારિત્રપાલનની ક્રિયાઓ પણ, પુષ્ટિ-શુદ્ધિમત્ ચિત્તને નહિ અનુસરનારી જીવે અનંતીવાર સેવી છે, પરંતુ તે સ્થૂલ વ્યવહારથી ધર્મરૂપ હોવા છતાં પારમાર્થિક વ્યવહારથી ધર્મરૂપ નથી. જ્યારે જીવની અંદર કર્મમળ દૂર થવાને કારણે તથાવિધ નિર્મળતા થાય છે, ત્યારે પુષ્ટિશુદ્ધિમત્ ચિત્ત પેદા થાય છે. (પુષ્ટિ એ પુણ્યના ઉપચયરૂપ છે, અને શુદ્ધિ એટલે કર્મમળના અપગમથી જીવની નિર્મળતારૂપ છે.) તેથી જ્યારે પ્રશસ્ત કોટિનો શુભ અધ્યવસાય વર્તે છે ત્યારે જીવ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે, અને અશુભ કર્મોનો અપગમ કરે છે ત્યારે ચિત્ત પુષ્ટિ-શુદ્ધિવાળું વર્તતું હોય છે. અને તેવા ચિત્તને અનુસરનારી એવી જિનપૂજા કે જિનવંદનાદિ ક્રિયાઓ બને છે ત્યારે, જીવ અપુનર્બંધકાદિ દશાને પામેલો હોય છે, અને તેથી તેવી સર્વ ક્રિયાઓમાં અનુગત પારમાર્થિક ધર્મવ્યવહાર છે. તે દૃષ્ટિથી જિનપૂજામાં કે જિનવંદનાદિમાં પણ ધર્મનો વ્યવહાર માનવો ઉચિત છે, કેમ કે, પુષ્ટિશુદ્ધિમત્ ચિત્તઅનુગત ક્રિયાઓ મોક્ષનું કારણ બને છે. આમ છતાં નયવિશેષથી વિવક્ષા કરો તો જિનવંદનમાં ધર્મવ્યવહાર થઈ શકે, પરંતુ જિનપૂજામાં ધર્મવ્યવહાર ન થઈ શકે, પરંતુ એટલામાત્રથી કોઈ ક્ષતિ નથી. જેમ નયવિશેષથી=નિશ્ચયનયથી, તો સમ્યક્ત્વ પણ અપ્રમત્ત મુનિને હોય છે તેટલામાત્રથી ચોથા ગુણસ્થાનકમાં પણ સમ્યક્ત્વ માનવામાં કોઈ ક્ષતિ નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, સર્વ અનુષ્ઠાનોમાં પુષ્ટિશુદ્ધિમત્ ચિત્તઅનુગત ક્રિયા ધર્મવ્યાપાર છે, અને તે રીતે દેવોની જિનપૂજાદિ ધર્મવ્યાપાર છે, તે બતાવવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

तुर्य ..... देवानाम् । ચોથા ગુણસ્થાનકની ક્રિયાના અનુરોધથી દર્શનાચારરૂપપણું હોવાને કારણે દેવોની જિનપૂજાદિ દર્શનવ્યવસાયાત્મક સિદ્ધ છે.

વિશેષાર્થ :-

દેવોને ચોથા ગુણસ્થાનક સુધીની પ્રાપ્તિ હોય છે. તેથી જે દેવો ચોથા ગુણસ્થાનકમાં છે, તે ગુણસ્થાનકને અનુરૂપ ક્રિયા તે દર્શનાચારરૂપ છે, અને તે દર્શનાચારની ક્રિયાસ્વરૂપ જ દેવોની જિનપૂજા છે. તેથી દેવોની જિનપૂજા દર્શનવ્યવસાયાત્મક સિદ્ધ છે.

ઉત્થાન :-

દેવોની જિનપૂજાદિ દર્શનવ્યવસાયાત્મક સિદ્ધ છે, તેની પુષ્ટિ કરવા અર્થે **'तदुक्तम्'** થી સ્થાનાંગસૂત્રની સાક્ષી આપતાં કહે છે -

ટીકાર્થ :-

तदुक्तम् ..... ववसाए त्ति । તે સ્થાનાંગસૂત્રમાં કહેવાયેલું છે - સામાયિક વ્યવસાય ત્રણ પ્રકારનો છે. (૧) જ્ઞાનવ્યવસાય, (૨) દર્શનવ્યવસાય અને (૩) ચારિત્રવ્યવસાય.

✪ 'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

(૧) સમ્યગ્જ્ઞાનની નિષ્પત્તિને અનુકૂળ એવી અધ્યયનની ક્રિયા તે જ્ઞાનવ્યવસાયરૂપ સામાયિક વ્યવસાય છે=રાગ-દ્વેષની મંદતા કરવારૂપ સમભાવને અનુકૂળ સામાયિક વ્યવસાય છે. (૨) તત્ત્વના તીવ્ર પક્ષપાતની વૃદ્ધિ કરે તેવી ક્રિયાઓ દર્શનનો વ્યવસાય છે=દર્શનવ્યવસાયરૂપ સામાયિક વ્યવસાય છે, જે જિનપૂજા આદિ સ્વરૂપ છે, અર્થાત્ તત્ત્વની રુચિને પ્રતિબંધક એવા રાગાદિની અલ્પતા કરવારૂપ સમભાવ પરિણામ સ્વરૂપ એવું જે સામાયિક છે, તેને અનુકૂળ વ્યવસાયરૂપ છે. (૩) આત્માના ચારિત્રના પરિણામને ઉલ્લસિત કરે તેવી ચારિત્રાચારની ક્રિયા છે તે ચારિત્ર વ્યવસાય છે, અર્થાત્ ચારિત્રને અનુકૂળ એવો સામાયિક વ્યવસાય છે.

ટીકા :-

द्वितीयं भेदकं-शक्रस्तवप्रक्रिया-प्रसिद्धप्रणिपातदंडकपाठः, न हि वाप्यादिकं पूजयता वाप्यादेः पुरतः शक्रस्तवः पठितोऽस्ति किंतु अर्हत्प्रतिमानामेव सकलसंपद्भावान्वितः (सकलसंपद्भावान्वितानां) स्थितिमात्रत्वे त्वन्यत्रापि अपठिष्यत् । न च तीर्णस्त्वं तारकस्त्वमित्यादयो भावा जिनप्रतिमातोऽन्यत्राभिनेतुं शक्यन्ते । न चाभिनयादिव्यापारं विना शांतरसास्वाद इति। यत्र यदुचितं तत्रैव तत्प्रयोज्यं सहृदयैः ।

✪ અહીં ગ્રંથમાં सकलसंपद्भावान्वितः એવો પાઠ છે, ત્યાં सकलसंपद्भावान्वितानां આ પ્રમાણે ષષ્ઠી બહુવચન હોવું જોઈએ, એ પ્રમાણે ભાસે છે. અને તે અર્હત્પ્રતિમાઓનું વિશેષણ હોવું જોઈએ, અને તે હેતુઅર્થક વિશેષણ છે.

ટીકાર્થ :-

द्वितीयं ..... अपठिष्यत् । બીજું ભેદક પ્રસિદ્ધ પ્રણિપાતદંડકપાઠરૂપ શકસ્તવ પ્રક્રિયા છે, જે કારણથી વાવડી આદિના પૂજન કરતા સૂર્યાભદેવ વડે વાવડી આદિની આગળ શકસ્તવ ભણેલ નથી, પરંતુ સકલ સંપદાના ભાવોથી અન્વિત=યુક્ત, એવી જિનપ્રતિમાઓની આગળ ભણેલ છે.

વળી (જિનપૂજાનું) સ્થિતિમાત્રપણું હોત તો અન્યત્ર પણ શક્રસ્તવ બોલ્યા હોત=વાપ્યાદિની આગળ પણ બોલ્યા હોત.

વિશેષાર્થ :-

સૂર્યાભદેવ વાવડી આદિનું અર્ચન કરે છે ત્યાં શક્રસ્તવ બોલ્યા નથી, પરંતુ શક્રસ્તવમાં રહેલ સકલ સંપદાના વાચ્ય ભાવોથી યુક્ત એવી અરિહંતની પ્રતિમાઓ છે, તેથી અરિહંતની પ્રતિમાઓ આગળ શક્રસ્તવ બોલ્યા છે. જ્યારે વાવડી આદિ શક્રસ્તવની સકલ સંપદાના ભાવોથી યુક્ત નથી, તેથી વાવડી આદિની આગળ શક્રસ્તવ બોલ્યા નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, સ્થિતિમાત્રપણું હોત તો અન્યત્ર વાવડી વગેરે પાસે પણ સૂર્યાભદેવ શક્રસ્તવ ભણત. ત્યાં પૂર્વપક્ષી કહે કે, સર્વત્ર શક્રસ્તવ ભણે તો શું વાંધો છે ? અર્થાત્ શાસ્ત્રમાં જિનપ્રતિમાની આગળ પૂજાદિ કરીને શક્રસ્તવ ભણે છે તેમ કહ્યું, ત્યાર પછી વાપ્યાદિનું પૂજન કરે છે એમ કહ્યું, ત્યાં પણ શક્રસ્તવ ભણે છે એમ અર્થથી સમજી લઈએ તો શું વાંધો છે ? તેનો જવાબ આપતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

ન ચ ..... શક્યન્તે । તું તીર્ણ છો, તું તારક છો ઈત્યાદિ ભાવો જિનપ્રતિમાથી અન્યત્ર અભિનય કરવા માટે શક્ય નથી, અર્થાત્ અભિનયપૂર્વક વ્યક્ત કરવા શક્ય નથી.

વિશેષાર્થ :-

જિન અને જિનપ્રતિમાનો અભેદ કરીને તું તીર્ણ છો, તું તારક છો, એમ બોલી શકાય; પરંતુ વાવડી આદિની આગળ એ પ્રકારે કહેવું એ અશોભન પ્રયોગરૂપ છે. તેથી વાવડી આદિની આગળ એ પ્રયોગો ન થઈ શકે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, તીર્ણત્વ-તારકત્વ આદિ ભાવો જિનપ્રતિમાદિને છોડીને અન્યત્ર કરી શકાય નહિ, તે જ વાતને સ્પષ્ટ બતાવવા અર્થે કહે છે -

ટીકાર્થ :-

ન ચ ..... સહૃદયૈઃ । અને અભિનયાદિ વ્યાપાર વગર શાંતરસાસ્વાદ થતો નથી, એથી કરીને જ્યાં જે ઉચિત છે, ત્યાં જ સહૃદયવાળા વડે તે=અભિનયાદિ વ્યાપાર, પ્રયોજ્ય છે=કરવા યોગ્ય છે.

વિશેષાર્થ :-

પ્રતિમાની આગળ તું તીર્ણ છો, તું તારક છો, આ પ્રકારનો અભિનયાદિ વ્યાપાર કરવાથી

જીવમાં શાંતરસ ઉત્પન્ન થાય છે; અને તે પ્રકારના અભિનયો જિનપ્રતિમાની આગળ જ કરવા ઉચિત છે, પણ વાવડી આદિની આગળ કરવા ઉચિત નથી. કેમ કે જિનપ્રતિમાનો જિનની સાથે અભેદ છે, તેથી જિનપ્રતિમાને તું તીર્ણ છો, તું તારક છો - એ પ્રમાણે વચનપ્રયોગ કરવો ઉચિત ગણાય. જ્યારે વાવડી આદિને તું તીર્ણ છો, તું તારક છો - એમ કહેવું એ ઉચિત કહેવાય નહિ; અને તેવો અભિનયાદિ વ્યાપાર વાવડી આગળ કરવાથી શાંતરસનો આસ્વાદ થઈ શકે નહિ, પરંતુ અનુચિત પ્રવૃત્તિરૂપ વિપર્યાસ જ આવિર્ભાવ પામે.

✪ જ્યારે કોઈ જીવ ઉપયોગપૂર્વક 'तिण्णाणं तारयाणं' આદિ પ્રયોગ કરતો હોય ત્યારે, જાણે ભગવાનને તરેલા જોતો હોય અને જગતના જીવોને સંસારસાગરથી તારનારા જોતો હોય ત્યારે, તે ભાવોને બતાવનાર મુખના અને ચક્ષુના અભિનયાદિ ભાવોનો જે વ્યાપાર થાય છે, તે જીવમાં ભગવાનના અવલંબનથી તરવાને અનુકૂળ એવા શાંતરસને ઉત્પન્ન કરવાનું કારણ બને છે.

ટીકા :-

तथा भावैः पापनिवेदनप्रणिधानाद्यैर्भ्राजितानि यानि हृद्यानि पद्यानि अष्टोत्तरशतसंख्यानि तेषां रचना प्रतिमानां पुरस्तदपि तृतीयं भेदकम्, भावस्तुतिमंगलानां महोदयहेतुत्वेन सूत्रेअभिधानात्, तस्या धर्माक्षेपकत्वात्र हि वाप्यादेरग्रेकृता ।

ટીકાર્થ :-

तथा ..... अभिधानात्, અને પાપનિવેદનના પ્રણિધાનાદિરૂપ ભાવો વડે કરીને ભ્રાજિત=સુશોભિત, એવા સુંદર એકસો આઠ સંખ્યાવાળા પદ્યોની રચના પ્રતિમાની આગળ કરાય છે, તે પણ તૃતીય ભેદક છે, કેમ કે ભાવસ્તુતિરૂપ મંગલોનું મહોદયના હેતુપણા વડે કરીને સૂત્રમાં અભિધાન છે.

વિશેષાર્થ :-

પ્રતિમાની આગળ જે પદ્યોની રચના કરાય છે, તેનાથી હૈયામાં ભાવસ્તુતિ પેદા થાય છે તે મંગલરૂપ છે, અને મહોદયનો હેતુ છે; અર્થાત્ કલ્યાણનો હેતુ છે, એ પ્રમાણે શાસ્ત્રમાં કહેલું છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રતિમાની આગળ પદ્યો દ્વારા કરાયેલ ભાવસ્તુતિ કલ્યાણનો હેતુ છે, તેથી દેવસ્થિતિરૂપ નથી; અને વાવડી આદિ આગળ સ્તુતિ કરાતી નથી, પરંતુ વાવડી આદિની માત્ર ચંદનનાં છાંટણાંરૂપ પૂજા કરાય છે, તે દેવસ્થિતિરૂપ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, તે પદ્યોની રચના પ્રતિમાની આગળ કરાય છે, તેમ વાવડી આદિની આગળ કેમ કરાતી નથી ? તેથી કહે છે -

ટીકાર્થ :-

तस्या ..... अग्रेकृता । તેનું=પદ્યોની રચનાનું, ધર્મઆક્ષેપકપણું હોવાને કારણે વાપ્યાદિની આગળ પદ્યોની રચના કરાતી નથી.

વિશેષાર્થ :-

ભક્તિથી દેવતાઓ જે પદ્યોની રચના કરે છે, તે ભાવસ્તુતિરૂપ ધર્મનું આક્ષેપક છે, તેથી તે ઉચિત સ્થાને જ કરી શકાય, ગમે ત્યાં નહિ; અને ભગવાનની પ્રતિમા તે પદ્યોની રચના કરવા માટે ઉચિત સ્થાન છે. તેથી પ્રતિમાની આગળ પદ્યોની રચના કરાય છે, પરંતુ વાપ્યાદિની આગળ કરાતી નથી.

ટીકા :-

तथा चतुर्थं भेदकं आलोकप्रणामः । यत्र जिनप्रतिमास्तत्र 'आलोए पणामं करेइ' **ति पाठोऽन्यत्र तु नेति विनयविशेषोऽपि धर्माक्षेपक एव ।**

ટીકાર્થ :-

तथा ..... एव । અને ચોથું ભેદક આલોકપ્રણામ=જોવામાત્રથી પ્રણામ છે. જ્યાં જિનપ્રતિમા છે, ત્યાં 'आलोए पणामं करेइ त्ति' – જોવામાત્રથી પ્રણામ કરે છે, **એ પ્રકારે આગમમાં પાઠ છે; (અને) અન્યત્ર=વાવડી વગેરેની પૂજનામાં આલોકપ્રણામ કરે છે, એવો પાઠ નથી. इति=एतद्=આ, વિનયવિશેષ પણ=જિનપ્રતિમા આગળ આલોકપ્રણામ કરે છે એ પ્રકારે વિનયવિશેષ પણ, ધર્મનો આક્ષેપક જ છે=જિનપૂજા ધર્મરૂપ છે એ પ્રકારે જ બતાવે છે.**

ઉત્થાન :-

શ્લોકના બે પાદોમાં ચાર ભેદકો બતાવ્યા. એ ચાર ભેદકો ટીકામાં સ્પષ્ટ કર્યા પછી શ્લોકના ઉત્તરાર્દ્ધની સાથે એ ચાર ભેદકોને યોજતાં બતાવે છે -

ટીકા :-

तैरपि स्वःसदां देवानां भगवतां मूर्त्यर्चने चेत्-यदि अतिशयं=विशेषं नेक्षंते तर्त्तर्हि बालाः=विशेषदर्शने हेतुशक्तिविकला लुंपकाः, लौकिकेऽपि पथि=भोजनादौ, शपथेन=कोशपानादिना, प्रत्यायनीयाः=विश्वासनीयाः, किं न भवंति ? अपि तु तथैव भवंति, कामिनीकरकमलोपस्थिते शिष्यानीते वा भोजने किमिदं पुरीषमन्नं वेति संशयात्ते न विरमेयुरित्यर्थः, न चायं वस्तुनोऽपराधः, किं तु पुरुषस्य, नहि अयं स्थाणोरपराधो यदेनमंधो न पश्यतीति कियत्तेषां महामोहशैलूषप्रवर्तित-नाट्यविडंबितं वर्णनीयमिति दिग् ।।१४।।

ટીકાર્થ :-

તૈરપિ ..... ભવંતિ, તેના વડે પણ=સદ્ધર્મવ્યવસાયપૂર્વકપણાથી, શક્રસ્તવપ્રક્રિયાથી, ભાવભ્રાજિત એવાં સુંદર પદ્યોની રચનાથી અને આલોકપ્રણામથી પણ, દેવતાઓની ભગવાનવિષયક મૂર્તિની પૂજનામાં જો અતિશયને=વિશેષને, જોતો નથી, તેથી બાળ=વિશેષદર્શનમાં હેતુશક્તિથી વિકલ, એવા લુંપાકો, લૌકિક એવા ભોજનાદિ પથમાં પણ કોશપાનાદિરૂપ સોગંદથી વિશ્વાસનીય શું ન થાય ? પરંતુ તે પ્રમાણે જ થાય.

✪ **લૌકિકેઽપિ** અહીં 'अपि' થી એ કહેવું છે કે, વિશેષદર્શનમાં હેતુશક્તિથી રહિત એવા લુંપાકો સાક્ષાત્ દેખાય એવા લૌકિક પથમાં પણ સોગંદ ખાવાથી સમજે તેવા સંશયગ્રસ્ત છે, તો લોકોત્તરપથમાં તો શું કહેવું ?

ઉત્થાન :-

બાળ એવા લુંપાકો લોકોત્તર પથમાં તો સોગંદથી વિશ્વસનીય છે, પરંતુ લૌકિક પણ ભોજનાદિ પથમાં સોગંદથી જ વિશ્વસનીય છે=કોઈ રીતે તેમને યુક્તિથી સમજાવી શકાય તેવા નથી. તે જ વાતને બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

કામિની ..... દિગ્ ।।૧૪।। કામિનીના કરકોમળથી ઉપસ્થિત અથવા શિષ્યથી લવાયેલ ભોજનમાં શું આ વિષ્ટા છે કે અન્ન છે ? આવા પ્રકારના સંશયથી તેઓ વિરામ પામતા નથી, તે આ ભોજનનો અપરાધ નથી, પરંતુ પુરુષનો અપરાધ છે. આ સ્થાણુનો અપરાધ નથી કે જેથી આંધળો તેને ન જોઈ શકે. (પરંતુ પુરુષનો અપરાધ છે.)

'इति' આ પ્રમાણે તેઓનું મહામોહરૂપી નટથી પ્રવર્તિત નાટ્યનું=નાચવાની ક્રિયાનું, વિડંબિત કેટલું વર્ણન કરીએ ? એ પ્રમાણે દિશાસૂચન છે.।।૧૪।।

વિશેષાર્થ :-

જેમ કોઈ સ્ત્રી પોતાના પતિ માટે ભોજન લાવે અથવા કોઈ શિષ્ય પોતાના ગુરુ માટે ભોજન લાવે, છતાં તેમને શંકા થાય કે આ ભોજન છે કે વિષ્ટા છે ? ત્યારે સોગંદ આપીને તે સ્ત્રી કે શિષ્ય કહે કે, આ ભોજન છે; તો આ સંશયમાં ભોજનનો અપરાધ નથી, પણ પુરુષની દૃષ્ટિનો અપરાધ છે. જેમ આંધળો સ્થાણુને=ઠુંઠાને, ન જુએ, તેમાં સ્થાણુનો અપરાધ નથી, પણ આંધળાનો અપરાધ છે; તેમ લુંપાક શાસ્ત્રવચન જોવામાં આંધળો છે. તેથી તે વાવડીની અને પ્રતિમાની પૂજાના ભેદક શાસ્ત્રવચનોને જોઈ શકતો નથી, તેમાં આગમવચનનો અપરાધ નથી, પણ લુંપાકનો અપરાધ છે.

તે આ રીતે - લુંપાકનું આ મહામોહરૂપ નટથી પ્રવર્તિત નાટકનું વિડંબિતપણું છે તેથી, તે વાવડી અને પ્રતિમાપૂજાનાં ભેદક શાસ્ત્રવચનો હોવા છતાં ભેદને જોતો નથી. આનાથી અર્થથી એ ફલિત થાય છે

કે, મૂર્તિને માનનારી વ્યક્તિ પણ પોતાની રુચિ પ્રમાણે પદાર્થને જોડવા પ્રયત્ન કરે, અને પંક્તિના વાસ્તવિક અર્થને જોવામાં ઉપેક્ષા કરે, તો લુંપાકની જેમ તેને પણ મિથ્યાત્વના ઉદયની પ્રાપ્તિ થાય. તેથી તત્ત્વજિજ્ઞાસુએ શાસ્ત્રની પંક્તિઓને સમ્યગ્ રીતે યોજન કરવા માટે સ્વશક્તિને ગોપવ્યા વગર પ્રયત્ન કરવો જોઈએ, કે જેથી તત્ત્વરુચિ જીવંત રહે, અને તો જ શાસ્ત્રવચનોથી મિથ્યાત્વની વૃદ્ધિ ન થાય. ॥૧૪॥

અવતરણિકા :-

અથ સ્થિતિમભ્યુપગમ્યાપ્યાહ -

અવતરણિકાર્થ :-

હવે સ્થિતિને સ્વીકારીને પણ=ભગવાનની મૂર્તિની પૂજા દેવભવની સ્થિતિ છે એ પ્રમાણે સ્વીકારીને પણ, ગ્રંથકાર કહે છે -

વિશેષાર્થ :-

કહેવાનો આશય એ છે કે, પૂર્વશ્લોકમાં નિષેધ કરેલ કે ભગવાનની મૂર્તિની પૂજા દેવભવની સ્થિતિ નથી. હવે દેવભવની સ્થિતિ છે, એ સ્વીકારીને પણ ગ્રંથકાર કહે છે -

શ્લોક :-

भव्योऽभ्यग्रगबोधिरल्पभवभाक् सद्दृष्टिराराधको,
यश्चोक्तश्चरमोऽर्हता स्थितिरहो सूर्याभनाम्नोऽस्य या ।
सा कल्पस्थितिवन्न धर्मपरतामत्येति भावाऽन्वयान्-
मा कार्षुर्भ्रममत्र केऽपि पिशुनैः शब्दान्तरैर्वञ्चिताः ।।१५।।

શ્લોકાર્થ :-

જે (સૂર્યાભદેવ) ભવ્ય, અભ્યગ્રગબોધિ=સુલભબોધિ, અલ્પભવભાક્=પરીતસંસારી, સદ્દષ્ટિવાળો=સમીચીન દૃષ્ટિવાળો=સમ્યગ્દૃષ્ટિવાળો, જ્ઞાનાદિનો આરાધક, વળી ચરમ=અપશ્ચિમ, ભવવાળો, અરિહંત વડે=મહાવીરદેવ વડે, કહેવાયો છે. અહો ! આ સૂર્યાભદેવની જે સ્થિતિ તે ભાવાન્વયથી=શુભ ભાવના સંબંધથી, કલ્પસ્થિતિની જેમ ધર્મપરતાને=ધર્મવ્યવહારવિષયતાને, ઓળંગતી નથી. પિશુન વડે=નીચ વડે=લુંપાકો વડે, શબ્દાંતરથી ઠગાયેલા=સ્થિતિ આદિ શબ્દથી ઠગાયેલા, એવા કોઈ પણ અહીંયાં=જિનપૂજાને સ્થિતિ સ્વીકારી એમાં, ભ્રમ ન કરો. ॥૧૫॥

વિશેષાર્થ :-

પ્રતિમાની પૂજા એ કલ્પસ્થિતિની જેમ સમ્યગ્દૃષ્ટિ દેવોનો આચાર છે, માટે સ્થિતિ શબ્દથી ભ્રમ ન કરો. આનાથી એ કહેવું છે કે જેમ કલ્પ=સાધુનો આચાર, તે જેમ ધર્મસ્થિતિને ઓળંગતો નથી, તેમ વિમાનાધિપતિનો આચાર ધર્મસ્થિતિને ઓળંગતો નથી. વિમાનાધિપતિ સમ્યગ્દૃષ્ટિ હોય છે, તેથી તેમનો આચાર ધર્મપરતાને ઓળંગતો નથી.

ટીકા :-

भव्येत्यादि :- भव्यः=भवसिद्धिकः, अभ्यग्रगबोधिः=समीपगतबोधिः, सुलभबोधिक इति यावत् । अल्पं भवं भजतीत्यल्पभवभाक् परीतसंसारिक इत्यर्थः । सती=समीचीना, दृष्टिर्यस्यासौ सद्दृष्टिरित्यर्थः । आराधको=ज्ञानाद्याराधनकर्ता । च=पुनः । यः चरमः=अपश्चिमभवः । अर्हता=श्रीमहावीरेणोक्तः । 'अहो' इति आश्चर्ये । अस्य=सूर्याभनाम्नो देवस्य, या स्थितिः, सा कल्पस्थितिवन्न धर्मपरतां=न धर्मव्यवहारविषयतामत्येति=अतिक्रामति । कस्मात् ? भावान्वयात्= शुभभावसंबंधात् । अत्राधिकृते पिशुनैः=नीचैः, शब्दान्तरैः=स्थित्यादिशब्दैः, वञ्चिता व्यामोहं प्रापिता भ्रमं मा कार्षुः='न धर्मोऽयं किन्तु स्थितिः' इत्यादिभ्रमभाजो मा भूवन् इत्यर्थः ।।

ટીકાર્થ :-

भव्यः ..... इत्यर्थः ।। भव्य=भवसिद्धिक, अभ्यग्रगबोधि=समीपगतबोधि=सुलभबोधि, अल्पभवने भजे ते अल्पभवभाक्=परीतसंसारी, सती=समीचीन दृष्टि जेनी छे ते सद्दृष्टिवाळो, आराधक=ज्ञानादिनी आराधना करनारो, वळी जे चरम=अपश्चिम भववाळो, भगवान महावीरदेव वडे कहेवायो छे, 'अहो' शब्द आश्चर्य अर्थमां छे. अहो ! एवा आ सूर्याभनामना देवनी जे स्थिति छे, ते बृहत्कल्पमां कहेल (साधुना) कल्पनी स्थितिनी जेम धर्मपरताने=धर्मव्यवहारविषयताने, ओळंगती नथी. केम के शुभभावनो संबंध छे. अहींयां=अधिकृतमां=जिनपूजाने स्थिति स्वीकारी एमां, नीचो वडे=लुंपाको वडे, शब्दांतरथी ठगायेला=स्थिति आदि शब्दथी ठगायेला=व्यामोहने पमाडेला एवा कोईए, भ्रम न करवो='आ धर्म नथी परंतु स्थिति छे' ए प्रमाणे भ्रमने भजनारा न थवुं.

✪ टीकामां 'च' शब्द पुनः अर्थमां छे.

વિશેષાર્થ :-

'**भव्यः**' भवोथी सिद्धि छे जेने ते भवसिद्धिक=थोडा काळमां के दीर्घकाळमां संसारमांथी अवश्य जे मोक्षे जवाने योग्य छे, ते भव्य छे. आनाथी दीर्घकाळ पछी पण मोक्षे जनार जीवनी प्राप्ति थाय. तेथी बीजां विशेषणो पण बतावे छे, जे राजप्रश्नीय उपांगना आलापकनी वृत्तिथी जाणवां.

'**अभ्यग्रगबोधिः**' અભ્યગ્રગ=સમીપગત બોધિ=સુલભબોધિક એ પ્રમાણે મહાવીર પરમાત્મા વડે જેના માટે કહેવાયેલું છે તેવા સૂર્યાભદેવની જે સ્થિતિ છે, તે સાધુની કલ્પસ્થિતિની જેમ ધર્મપરતાને છોડતી નથી; કેમ કે ભાવનો અન્વય છે, અર્થાત્ જેમ બૃહત્કલ્પભાષ્યમાં છ પ્રકારની કલ્પસ્થિતિ કહી છે, અને તે કલ્પસ્થિતિ જેમ ધર્મરૂપ છે, તેમ જિનપ્રતિમાદિ કે વાવડી આદિને સૂર્યાભદેવ પૂજે છે, તે સર્વ દેવોની સ્થિતિ હોવા છતાં ધર્મરૂપ છે. કેમ કે શુભભાવનો અન્વય છે. અર્થાત્ સૂર્યાભદેવ સમકિતદૃષ્ટિ યાવત્ જ્ઞાનાદિનો આરાધક હોવાથી, શ્રી જિનપ્રતિમાઓની પૂજા કરે છે ત્યારે, આ ભગવાનની પ્રતિમા છે તેવી બુદ્ધિ થવાથી ભગવાન પ્રત્યે બહુમાનનો ભાવ વૃદ્ધિમત્ થાય છે, અને તે રૂપ શુભભાવ ત્યાં પ્રવર્તે છે. અને વાવડી આદિની પૂજા કરે છે ત્યારે પણ, આ સુધર્માસભાની વાવડી વગેરે છે માટે ધર્મના સ્થાનની દરેક વસ્તુઓ પૂજનીય છે, તેવી શુભ પરિણતિ હોવાથી ત્યાં ધર્મપરતા છે.

ટીકા :-

सूर्याभस्य भव्यत्वादिनिश्चायकालापको यथा -

अहन्नं भंते ! सूरियाभे देवे किं भवसिद्धिए, अभव्वसिद्धिए, सम्मद्दिट्ठी, मिच्छाद्दिट्ठी, परित्तसंसारिए, अणंतसंसारिए, सुलभबोहिए, दुल्लभबोहिए, आराहए, विराहए, चरमे, अचरमे । सूरियाभाई । समणे भगवं महावीरे सूरियाभं देवं एवं वयासी-सूरियाभा ! तुमं च णं भवसिद्धिए, णो अभवसिद्धिए, जाव चरमे, णो अचरमेत्ति । 'भवसिद्धिए' त्ति । व्याख्या-भवैः सिद्धिर्यस्यासौ भवसिद्धिक इत्यर्थः । तद्विपरीतः अभवसिद्धिकः अभव्य इत्यर्थः । भव्योऽपि कश्चिन्मिथ्यादृष्टिर्भवति कश्चित्सम्यग्दृष्टिः । तत आत्मनः सम्यग्दृष्टित्वनिश्चयाय पृच्छति-सम्यग्दृष्टिको मिथ्यादृष्टिकः ? सम्यग्दृष्टिरपि कश्चित् परिमितसंसारो भवति, कश्चिदपरिमितसंसारः, उपशमश्रेणिशिरःप्राप्तानामपि केषाञ्चिदनंतसंसारभावात् । अतः पृच्छति-परीतसंसारिकोऽनंतसंसारिकः । परीतः=परिमितः स चासौ संसारश्च परीतसंसारः, सोऽस्यास्तीति परीतसंसारिकः 'अतोऽनेकस्वरात्' इति 'इक' प्रत्ययः । एवमनंतश्चासौ संसारश्च-अनंतसंसारः सोऽस्यास्तीति अनंतसंसारिकः । परीतसंसारिकोऽपि कश्चित्सुलभबोधिको भवति यथा शालिभद्रादिकः, कश्चिद् दुर्लभबोधिको यथा पुरोहितपुत्रजीवः । ततः पृच्छति-सुलभा बोधिः भवांतरे जिनधर्मप्राप्ति र्यस्यासौ सुलभबोधिकः । एवं दुर्लभबोधिकः । सुलभबोधिकोऽपि कश्चिद् बोधिं लब्ध्वा विराधयति । ततः पृच्छति-आराधयति-सम्यक्पालयति बोधिमित्याराधकः, इतरो विराधकः । आराधकोऽपि कश्चित्तद्भवमोक्षगामी न भवतीति । ततः पृच्छति-चरमः अनंतरभावी भवो यस्यासौ चरमः 'अभ्रादिभ्यः' इति मत्वर्थीयो 'अ' प्रत्ययः । तद्विपरीतोऽचरमः । एवमुक्ते सूर्याभादि श्रमणो भगवान् महावीरस्तं सूर्याभं देवमेवमवादीत्-भो सूर्याभ ! त्वं भवसिद्धिकः यावच्चरम इति **वृत्तिः ।।**

ટીકાર્થ :-

સૂર્યાભદેવનો ભવ્યત્વાદિનિશ્ચાયક=ભવ્યત્વાદિનો નિર્ણય કરનાર, આલાપક જે આ પ્રમાણે -

હે ભદંત ! હું સૂર્યાભદેવ ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક છું ? સમ્યગ્દૃષ્ટિ છું કે મિથ્યાદૃષ્ટિ છું ? પરીતસંસારી છું કે અનંતસંસારી છું ? સુલભબોધિ છું કે દુર્લભબોધિ છું ? આરાધક છું કે વિરાધક છું ? ચરમ છું કે અચરમ છું ?

'હે સૂર્યાભ !' આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરસ્વામી સૂર્યાભદેવને આ પ્રમાણે કહે છે - હે સૂર્યાભ ! તું ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી. યાવત્ તું ચરમ છે, અચરમ નથી. (જાવ. થી આરાહએ નો વિરાહએ સુધીનો પાઠ સંગૃહીત છે.)

વ્યાખ્યા : ભવો વડે સિદ્ધિ જેની છે તે ભવસિદ્ધિક એ પ્રમાણે અર્થ જાણવો. (અર્થાત્ અમુક ભવો પછી જે મોક્ષમાં જવાનો છે, તે ભવ્ય. એ અર્થમાં ભવસિદ્ધિક છે.) તેનાથી વિપરીત અભવસિદ્ધિક અર્થાત્ અભવ્ય, એ પ્રમાણે અર્થ જાણવો.

ભવ્ય પણ કોઈ મિથ્યાદૃષ્ટિ હોય છે, કોઈ સમ્યગ્દૃષ્ટિ હોય છે. તેથી પોતાના સમ્યગ્દૃષ્ટિપણાના નિશ્ચય માટે પૂછે છે કે સમ્યગ્દૃષ્ટિ છું કે મિથ્યાદૃષ્ટિ છું ?

સમ્યગ્દૃષ્ટિ પણ કોઈ પરિમિત સંસારવાળા હોય છે, કોઈ અપરિમિત સંસારવાળા હોય છે. ઉપશમ શ્રેણિના શિરભાગને પામેલા પણ કેટલાક સમ્યગ્દૃષ્ટિ અનંતસંસારી હોય છે. આથી પૂછે છે કે, પરીતસંસારી છું કે અનંતસંસારી છું ?

પરીત=પરિમિત, પરિમિત એવો આ સંસાર તે પરીતસંસાર અને તે પરીતસંસાર જેનો છે તે પરીતસંસારિક કહેવાય. વ્યાકરણના 'अतोऽनेकस्वरात् ' સૂત્રથી ઇક પ્રત્યય લાગ્યો છે.

અનંત એવો આ સંસાર તે અનંતસંસાર, અને અનંતસંસાર જેનો છે તે અનંતસંસારિક કહેવાય. (પરીતસંસારિક અને અનંતસંસારિક બંને જગ્યાએ કર્મધારય સમાસ કર્યા પછી બહુવ્રીહિ સમાસ કર્યો છે.)

પરીતસંસારિક પણ કેટલાક સુલભબોધિક હોય છે, જેમ શાલિભદ્રાદિ. કોઈ દુર્લભબોધિ હોય છે, જેમ પુરોહિતપુત્ર જીવ. તેથી પૂછે છે કે હું સુલભબોધિક છું કે દુર્લભબોધિક છું ?

સુલભ એવી બોધિ અર્થાત્ ભવાંતરમાં જિનધર્મની પ્રાપ્તિ સુલભ જેને છે તે સુલભબોધિક છે. એ પ્રમાણે દુર્લભ એવી બોધિ અર્થાત્ ભવાંતરમાં જિનધર્મની પ્રાપ્તિ દુર્લભ જેને છે તે દુર્લભબોધિક. સુલભબોધિ પણ કોઈ બોધિને પામીને વિરાધે છે. (આ ભવમાં સમ્યક્ત્વમાં અતિચાર લગાડે કે ચારિત્રમાં અતિચાર લગાડે તે વિરાધક કહેવાય.) તેથી પૂછે છે કે, હું આરાધક છું કે વિરાધક છું ?

આરાધના કરે છે=બોધિને સમ્યગ્ પાળે છે તે આરાધક, અને ઈતર વિરાધક કહેવાય.

આરાધક પણ કોઈ તદ્ભવ મોક્ષગામી ન હોય. તેથી પૂછે છે કે, હું ચરમ છું કે અચરમ છું ? ચરમ અનંતર ભાવિ ભવ જેને છે તે ચરમ કહેવાય.

'अभ्रादिभ्यः' એ વ્યાકરણના સૂત્રથી મત્વર્થીય (વાળાના અર્થમાં) 'અ' પ્રત્યય લાગ્યો છે અને તેનાથી વિપરીત તે અચરમ કહેવાય.

સૂર્યાભદેવે આ પ્રમાણે કહે છતે 'હે સૂર્યાભ !' એ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીર તે સૂર્યાભદેવને આ પ્રમાણે ઉત્તર આપે છે. હે સૂર્યાભ ! તું ભવસિદ્ધિક છે, યાવત્ ચરમ છે. રાજપ્રશ્નીયના મૂળસૂત્રની આ પ્રમાણે ટીકા છે.

ટીકા :-

कल्पस्थितिसूत्राणि च (बृहत्कल्पभाष्ये अ० ६.सू.२०) छव्विहे कप्पट्ठिई पं० तं० (१) सामाइअसंजयकप्पट्ठिई (२) छेओवट्ठावणियसंजयकप्पट्ठिई (३) णिव्विसमाणकप्पट्ठिई (४) णिव्विट्ठकाइअसंजयकप्पट्ठिई (५) जिणकप्पट्ठिई (६) थेरकप्पट्ठिई- इत्यादीनि ।

ટીકાર્થ :-

कल्पस्थितिसूत्राणि च અને કલ્પસ્થિતિ સૂત્રો (આ પ્રમાણે) છે -

छव्विहे ..... इत्यादीनि । છ પ્રકારની કલ્પસ્થિતિ કહી છે. તે આ પ્રમાણે - (૧) સામાયિક સંયત કલ્પસ્થિતિ (૨) છેદોપસ્થાપનીય સંયત કલ્પસ્થિતિ (૩) નિર્વિશમાન કલ્પસ્થિતિ (૪) નિર્વિષ્ટકાયિક સંયત કલ્પસ્થિતિ (૫) જિન કલ્પસ્થિતિ (૬) સ્થવિર કલ્પસ્થિતિ ઈત્યાદિ (કલ્પસ્થિતિઓ છે.)

ટીકા :-

तस्मादर्हत्प्रतिमार्चनं सूर्याभादीनां स्थितिरित्युच्यमानेऽपि सम्यग्दृष्टिस्थितित्वेन धर्मत्वमव्याहतमिति निर्व्यूढम् ।

ટીકાર્થ :-

तस्मात् ..... निर्व्यूढम् । તે કારણથી=કલ્પસ્થિતિસૂત્રોમાં સામાયિકાદિ જે કલ્પસ્થિતિ બતાવી છે, તે સર્વસંયમીની આચરણારૂપ હોવાથી ધર્મરૂપ છે, તે કારણથી, સૂર્યાભાદિ દેવની અર્હત્પ્રતિમાનું અર્ચન સ્થિતિ છે, એ પ્રમાણે કહેવાયે છતે પણ, સમકિતદૃષ્ટિનું સ્થિતિપણું હોવાને કારણે ધર્મપણું અવ્યાહત છે, એ પ્રમાણે નિર્વ્યૂઢ છે=સિદ્ધ છે.

ટીકા :-

ननु सूर्याभस्य तावत्सम्यग्दृष्टित्वं निश्चितं परमष्टाह्निकादौ बहवो देवा जिनार्चाद्युत्सवं कुर्वन्तीति जीवाभिगमे प्रसिद्धम्, तत्र च मिथ्यादृक्परिग्रहार्थं बहुशब्द इति सर्वदेवकृत्यत्वेन तत्स्थितिरिति चेत् ? मैवम् । तत्रैकैकविमानस्थसङ्ख्याताऽसङ्ख्याता सम्यग्दृश एव जिनप्रतिमापूजादिपरायणा इति ज्ञापनार्थं बहुशब्दप्रयोगसाफल्याद् । अन्यथा 'सव्वेसिं देवाणं' इत्यादिपाठरचनाप्रसङ्गात् ।

✪ ટીકામાં 'तावत्' શબ્દ વાક્યાલંકારમાં છે.

ટીકાર્થ :-

ननु ..... चेत् ? અહીં પૂર્વપક્ષી કહે છે કે, સૂર્યાભનું સમ્યગ્દૃષ્ટિપણું નિશ્ચિત છે, પરંતુ અષ્ટાહ્નિકાદિમાં ઘણા દેવો જિનાર્ચાદિ ઉત્સવને કરે છે, એ પ્રમાણે જીવાભિગમમાં પ્રસિદ્ધ છે;

અને ત્યાં=જીવાભિગમમાં, મિથ્યાદૃષ્ટિના પરિગ્રહ માટે 'બહુ' શબ્દ કહેલ છે, એથી કરીને સર્વ દેવના કૃત્યપણારૂપે તત્સ્થિતિ=અર્ચનાદિની સ્થિતિ, છે. તો તેના ઉત્તરમાં ગ્રંથકારશ્રી કહે છે -

मैवं ..... प्रसङ्गात् । એ પ્રમાણે ન કહેવું. કેમ કે ત્યાં=જીવાભિગમમાં, એકેક વિમાનમાં રહેલા સંખ્યાતા, અસંખ્યાતા સમ્યગ્દૃષ્ટિ દેવો જ જિનપ્રતિમાની પૂજાદિમાં પરાયણ છે, એ પ્રકારે જણાવવા માટે 'બહુ' શબ્દના પ્રયોગનું સાફલ્ય છે. 'अन्यथा' એમ ન સ્વીકારીએ તો (=સંખ્યાતા, અસંખ્યાતા સમ્યગ્દૃષ્ટિ દેવો જ જિનપ્રતિમાદિ પૂજાપરાયણ છે એ પ્રકારે જણાવવા માટે 'બહુ' શબ્દપ્રયોગ છે એમ ન સ્વીકારીએ તો,) (જીવાભિગમસૂત્રમાં) 'सव्वेसि देवाणं' ઈત્યાદિ પાઠરચનાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષી લુંપાક કહે છે કે મિથ્યાત્વી દેવોનો સમાવેશ કરવા માટે જીવાભિગમસૂત્રમાં 'બહુ' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેને ગ્રંથકાર કહે છે કે 'બહુ' શબ્દનો પ્રયોગ કર્યો છે પણ 'સર્વ' શબ્દનો પ્રયોગ કર્યો નથી. જો સર્વ શબ્દનો પ્રયોગ કર્યો હોત તો બધા દેવ-દેવીઓ જિનપૂજા કરે છે એવો અર્થ ફલિત થાત, અને જિનપૂજા સર્વ દેવોના આચારરૂપ સ્થિતિ થાત. પરંતુ 'સર્વ' શબ્દનો પ્રયોગ કર્યો નથી પણ 'બહુ' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેથી એ ફલિત થાય કે, એક એક વિમાનમાં વિમાનાધિપતિ સિવાય અન્ય પણ સંખ્યાતા, અસંખ્યાતા સમ્યગ્દૃષ્ટિ દેવો છે, અને તેઓ જિનપૂજામાં પરાયણ છે; અને તેવા સમ્યગ્દૃષ્ટિ દેવોની જિનપૂજા તે સ્થિતિ બની, અને તે સ્થિતિ ધર્મપરતાને ઓળંગે નહિ.

ટીકા :-

अधिकृतजीवाभिगमसूत्रं चेदम् ।।

'तत्थ णं जे से उत्तरिले अंजणपव्वए तस्स णं चाउद्दिसिं चत्तारि णंदापोक्खरिणीओ पदृ तंदृ-विजया, वैजयंती, जयंती, अपराजिया, सेसं तहेव जाव सिद्धायतणा सव्वा चेइयघरवन्नणा णेयव्वा । तत्थ णं बहवे भवणवइवाणमंतरजोइसियवेमाणिया देवा चाउम्मासियपडिवएसु संवच्छरेसु य अन्नेसु बहुसु जिणजम्मणनिक्खमण-नाणुप्पायपरिनिव्वाणमाइएसु देवकज्जेसु, देवसमुदएसु देवसमित्तीसु य देवसमवाएसु अ देवपओअणेसु य एगंतओसहिया समुवागया समाणा पमुइयपक्कीलिआ अट्ठाहिआओ महामहिमाओ करेमाणा पालेमाणा सुहं सुहेणं विहरंति त्ति ।। (सू. १८३)

ટીકાર્થ :-

अधिकृत ..... चेदम् ।। અધિકૃત જીવાભિગમસૂત્ર આ પ્રમાણે -

तत्थ ..... विहरंति त्ति ।। ત્યાં ઉત્તર દિશામાં અંજન પર્વત છે. તેની ચારે દિશામાં ચાર નંદાપુષ્કરિણીઓ છે. તે આ પ્રમાણે - (૧) વિજયા (૨) વૈજયંતી (૩) જયંતી અને (૪) અપરાજિતા. બાકીનું તે પ્રમાણે યાવત્ સિદ્ધાયતન,

ચૈત્યગૃહ સુધીનું વર્ણન નંદીશ્વરદ્વીપના અધિકારમાં પૂર્વ દિશામાં આવેલ અંજન પર્વતના વર્ણન પ્રમાણે અને ત્યાંના સિદ્ધાયતનોના વર્ણન પ્રમાણે જાણવું.

ત્યાં=ચૈત્યાલયોમાં, ઘણા ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો ચોમાસી અને પ્રતિપદા=એકમના દિવસોમાં, સંવત્સરમાં અને બીજા ઘણા જિનેશ્વરોના જન્મ, નિષ્ક્રમણ=દીક્ષા, જ્ઞાનઉત્પાત=કેવલજ્ઞાનની ઉત્પત્તિ, પરિનિર્વાણ=મોક્ષકલ્યાણક, આદિમાં દેવકાર્યોમાં, દેવસમુદાયમાં, દેવસમિતિમાં=દેવ સમવાયમાં અને દેવપ્રયોજનમાં આવેલા છતાં આનંદ-ક્રીડા કરતાં મહામહિમાવાળા અષ્ટાહ્નિકા કરતા, પાળતા અત્યંત સુખપૂર્વક વિહરે છે.

✪ 'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

'चेइयघरवन्नणा' इत्यत्र चैत्यगृहं जिनप्रतिमागृहमेव द्रष्टव्यम्, अर्हत्साध्वोस्तत्रासंभवादित्ययमपि लुम्पकस्यैव शिरसि प्रहारः ।

ટીકાર્થ :-

चेइयघर .... प्रहारः । **જીવાભિગમસૂત્રના પાઠમાં ચૈત્યઘરવર્ણના એ પ્રયોગમાં 'ચૈત્યગૃહ' શબ્દથી જિનપ્રતિમાગૃહ જ જાણવું. કેમ કે અરિહંત અને સાધુનો ત્યાં=દેવલોકમાં, અસંભવ છે. એથી કરીને આ પણ=ચૈત્યગૃહથી જિનપ્રતિમાગૃહ જ અર્થ ગ્રહણ થાય છે એ પણ, લુંપાકના શિર ઉપર પ્રહાર છે.**

વિશેષાર્થ :-

જીવાભિગમસૂત્રમાં ચૈત્યગૃહની વર્ણના એ પ્રકારના પાઠમાં 'ચૈત્યગૃહ' શબ્દથી જિનપ્રતિમાનું ગૃહ સંભવી શકે, કેમ કે અરિહંત અને સાધુનો ત્યાં સંભવ નથી. તેથી તે બેનું ગ્રહણ થઈ શકે નહિ, પરંતુ જિનપ્રતિમાનું ગૃહ જ ગ્રહણ થાય. તેથી જીવાભિગમના આ પાઠથી પણ એ નક્કી થાય છે કે, ચૈત્ય શબ્દથી જિનપ્રતિમા જ ગ્રહણ થઈ શકે.

અહીં પ્રશ્ન થાય કે ચૈત્યગૃહથી જિનપ્રતિમાગૃહનું ગ્રહણ થઈ શકે, અને તેમાં હેતુ કહ્યો કે અરિહંત અને સાધુનો ત્યાં=દેવલોકમાં, અસંભવ છે; પરંતુ લુંપાક ચૈત્ય શબ્દથી અરિહંત અને સાધુને ગ્રહણ કરતો જ નથી, તો પછી એ પ્રકારનો હેતુ કહેવાનો ગ્રંથકારનો આશય શું છે ? તેનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષી લુંપાક ચૈત્યનો અર્થ જ્ઞાન કરે છે, અને જ્ઞાન-જ્ઞાનવાનનો અભેદ કરીને કેવળજ્ઞાનવાળા અરિહંતને કે શ્રુતજ્ઞાનવાળા સાધુને ચૈત્યપદથી ગ્રહણ કરે. પરંતુ અરિહંત અને સાધુનું ગૃહ દેવલોકમાં સંભવે નહિ, કેમ કે અણગાર દેવલોકમાં હોતા નથી. તેથી ચૈત્યગૃહથી જિનપ્રતિમાનું ઘર જ દેવલોકમાં ગ્રહણ કરી શકાય.

ઉત્થાન :-

પૂર્વપક્ષી લુંપાકે પૂર્વમાં કહ્યું કે, જીવાભિગમસૂત્રમાં ઘણા દેવો જિનાર્ચાદિ ઉત્સવને કરે છે, ત્યાં

'બહુ' શબ્દ મિથ્યાદૃષ્ટિના ગ્રહણ માટે છે. તેના નિરાકરણરૂપે સિદ્ધાંતકારે કહ્યું કે, 'બહુ' શબ્દ ઘણા સમ્યગ્દૃષ્ટિ દેવો જિનપ્રતિમાના પૂજનમાં પરાયણ છે તેના જ્ઞાપન માટે છે, પરંતુ મિથ્યાદૃષ્ટિઓના ગ્રહણ માટે નથી. અન્યથા 'સર્વ' દેવો એ પ્રકારની પાઠરચનાનો પ્રસંગ આવે. ત્યાં શંકા કરતાં પૂર્વપક્ષી કહે કે, જેમ અભવ્યો ચારિત્ર ગ્રહણ કરે છે તેમ મિથ્યાદૃષ્ટિ દેવો પણ જિનપ્રતિમાની પૂજા કરે જ છે, તેથી 'બહુ' શબ્દથી સમ્યગ્દૃષ્ટિ દેવોનું જ ગ્રહણ થાય તેમ કહી શકાય નહિ, તેથી ગ્રંથકાર કહે છે -

ટીકા :-

यद्यपि अभव्यानां चारित्राद्यनुष्ठानमिव मिथ्यादृशामपि जिनप्रतिमापूजादिकं संभवति तथापि बहूनां देवानां देवीनां चार्चनीयाः वंदनीयाः पूजनीया इत्यादिप्रकारेण जिनप्रतिमावर्णनं मिथ्यादृगपेक्षया न युज्यते; नियमेन सम्यग्धर्मबुद्ध्या जिनप्रतिमापूजावंदनादेर्मिथ्यादृगाचारबहिर्भूतत्वात्, मातृस्थानादिकं विना च लोकोत्तरमिथ्यात्वलेशस्यापि अयोगात्, चक्रिणां देशसाधनाद्यर्थस्य पौषधस्येवैहिकफलस्याप्य-श्रवणात्, विघ्नविनायकाद्युपशमस्य तेषां स्वतः सिद्धत्वादन्यथा मिथ्यादृग्देवानां पुर इव यागभागादि-वर्धनप्रसंगादिति दिग् ।

ટીકાર્થ :-

यद्यपि ..... बहिर्भूतत्वात् । જોકે અભવ્યોના ચારિત્રાદિ અનુષ્ઠાનની જેમ મિથ્યાદૃષ્ટિઓને પણ જિનપ્રતિમાપૂજાદિક સંભવે છે, (તે પ્રમાણે 'બહુ' શબ્દથી મિથ્યાદૃષ્ટિઓનો પરિગ્રહ કરી શકાય) તો પણ બહુ દેવ-દેવીઓને અર્ચનીય છે, વંદનીય છે, પૂજનીય છે ઈત્યાદિ પ્રકારથી જિનપ્રતિમાનું વર્ણન મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ ઘટતું નથી. કેમ કે નિયમથી સમ્યગ્ ધર્મબુદ્ધિ વડે જિનપ્રતિમાને પૂજા-વંદનાદિનું મિથ્યાદૃષ્ટિના આચારની બહિર્ભૂતપણું છે.

વિશેષાર્થ :-

જેમ અભવ્ય ચારિત્રનું અનુષ્ઠાન પામીને યાવત્ નવમા ગ્રૈવેયક સુધી જાય છે, તેમ મિથ્યાદૃષ્ટિ દેવો પણ જિનપ્રતિમાઓની પૂજા આદિ કરે એ સંભવે છે. તો પણ આગમમાં ઘણા દેવ-દેવીઓને પ્રતિમા અર્ચનીય છે, વંદનીય છે, પૂજનીય છે, એ પ્રકારે જે કહ્યું છે, તે મિથ્યાદૃષ્ટિને આશ્રયીને સંભવી શકે નહિ. કેમ કે મિથ્યાદૃષ્ટિ દેવો દેવભવમાં ઉત્પન્ન થાય ત્યારે, સમ્યક્ પ્રકારની ધર્મબુદ્ધિથી જિનપ્રતિમાની પૂજા-વંદનાદિ નિયમથી કરતા નથી. કેમ કે મિથ્યાદૃષ્ટિ દેવોનો ભગવાનની પૂજા કરવાનો આચાર નથી, પરંતુ જેમ અભવ્યો દેવલોકની સમૃદ્ધિ આદિની ઈચ્છાથી ચારિત્રનું અનુષ્ઠાન કરે છે, તેમ મિથ્યાદૃષ્ટિ દેવો પણ ક્વચિત્ આલોક કે પરલોકની આશંસાથી ભગવાનની પૂજા પણ કરે. પરંતુ સમ્યગ્ ધર્મબુદ્ધિથી સમ્યગ્દૃષ્ટિ દેવો જ ભગવાનની પૂજા કરે છે, અને તેમને આશ્રયીને જ આગમમાં ઘણા દેવ-દેવીઓને પ્રતિમા પૂજનીય છે ઈત્યાદિ કથન કરેલ છે, તેમ માનવું ઉચિત છે. કેમ કે સમ્યગ્દૃષ્ટિ દેવો ઉત્પન્ન થતાંની સાથે જ સૌ પ્રથમ પોતાના 'પૂર્વ શ્રેયઃ પશ્ચાત્ શ્રેયઃ'નો વિચાર કરે છે, અને તેમને ભગવાનની પૂજામાં જ સમ્યગ્

ધર્મબુદ્ધિ થાય છે, અને તેવી સમ્યગ્ ધર્મબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ દેવોને નિયમથી થાય નહિ. ક્વચિત્ મિથ્યાત્વની મંદતા થયેલી હોય તો થઈ શકે, પરંતુ નિયમથી સમ્યગ્ ધર્મબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ દેવોને થાય નહિ, જ્યારે સમ્યગ્દૃષ્ટિ દેવોને નિયમથી સમ્યગ્ ધર્મબુદ્ધિ થાય છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે નિયમથી સમ્યગ્ ધર્મબુદ્ધિ દ્વારા જિનપ્રતિમાને પૂજા-વંદનાદિનું મિથ્યાદૃષ્ટિના આચારનું બહિર્ભૂતપણું છે, ત્યાં પૂર્વપક્ષી કહે છે કે, શાસ્ત્રમાં લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારનાં મિથ્યાત્વ છે, તેથી નિયમથી સમ્યગ્ ધર્મબુદ્ધિથી જિનપ્રતિમાને પૂજા-વંદનાદિ લોકોત્તર મિથ્યાત્વરૂપ હોવાને કારણે, મિથ્યાદૃષ્ટિના આચારની બહિર્ભૂત નથી, પરંતુ મિથ્યાદૃષ્ટિનો આચાર છે.

કહેવાનો આશય એ છે કે, જેમ શ્વેતાંબરો દિગંબરને માન્ય એવી જિનપ્રતિમાને પૂજે તો લોકોત્તર મિથ્યાત્વની પ્રાપ્તિ થાય, અથવા અન્ય દર્શનકારો વડે ગૃહીત એવી આપણી પ્રતિમાને પૂજે તો પણ લોકોત્તર મિથ્યાત્વ પ્રાપ્ત થાય. કેમ કે લોકોત્તર એવી પણ જિનપ્રતિમા શાસ્ત્રને અસંમત હોય તેને પૂજવી તે મિથ્યાચારરૂપ છે, તેથી તે લોકોત્તર મિથ્યાત્વ છે. એ રીતે પૂર્વપક્ષી લુંપાકનું એ કહેવું છે કે, શાસ્ત્રને અસંમત એવી જિનપ્રતિમાને પૂજા-વંદનાદિ કરવાં એ લોકોત્તર મિથ્યાત્વ છે, તેથી એ મિથ્યાદૃષ્ટિનો જ આચાર છે પણ સમ્યગ્દૃષ્ટિનો નહિ. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

मातृस्थानादिकं ..... अयोगात् । અને માતૃસ્થાનાદિક વિના લોકોત્તર મિથ્યાત્વના લેશનો પણ અયોગ છે.

✪ માયાને વશ થઈને શાસ્ત્રવચનનો પોતાની રુચિ પ્રમાણે અર્થ કરીને દિગંબર આદિની મૂર્તિને જે પૂજે, તે માતૃસ્થાનથી લોકોત્તર મિથ્યાત્વ છે.

વિશેષાર્થ :-

અહીં માતૃસ્થાનાદિમાં 'આદિ' પદથી અન્ય કષાય ગ્રહણ કરવાના છે. આથી કોઈ વ્યક્તિ કષાયને વશ થઈને ભગવાનના સિદ્ધાંતને અમાન્ય એવી પણ જિનપ્રતિમાને પૂજે છે, ત્યારે તત્ત્વ અને અતત્ત્વને સરખાં ગણવાના પરિણામરૂપ કાષાયિક ભાવ તેને વર્તે છે, તેથી ત્યાં લોકોત્તર મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે. પરંતુ જે વ્યક્તિને શાસ્ત્ર વચનનો જ તીવ્ર પક્ષપાત છે, તેથી તત્ત્વ અને અતત્ત્વના વિભાગમાં કાષાયિકભાવને વચમાં લાવ્યા વગર શાસ્ત્રવચનબળથી જિનપ્રતિમાને વંદનીય, પૂજનીય માને છે, ત્યારે લોકોત્તર મિથ્યાત્વના લેશનો પણ અયોગ છે. કેમ કે લોકોત્તર એવા ધર્મના પક્ષપાતથી જ લોકોત્તર ધર્મના પ્રરૂપક શાસ્ત્રવચનનો તેને પક્ષપાત છે; અને શાસ્ત્રવચનનો તીવ્ર પક્ષપાત એ કાષાયિક ભાવ નથી, પરંતુ અનંતાનુબંધીના ક્ષયોપશમજન્ય આત્માનો નિર્મળ પરિણામ છે. અને પ્રસ્તુતમાં દેવો જિનપ્રતિમાની પૂજા કરે છે, તે કાષાયિકભાવને પરવશ થઈને કરતા નથી, પરંતુ શાસ્ત્રને સંમત એવી જિનપ્રતિમાનો જિનની

સાથે અભેદ કરીને તેમની પૂજા કરે છે. તેથી દેવોની જિનપ્રતિમાદિ પૂજાદિમાં લોકોત્તર મિથ્યાત્વના લેશનો પણ અયોગ છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, જેમ ચક્રવર્તી દેશ સાધવા માટે પૌષધ કરે છે, તેમ દેવતાઓ પણ જિનપ્રતિમાપૂજન-વંદનાદિ કોઈક ઐહિક ફલ અર્થે કરે છે. તેથી સૂર્યાભદેવની જિનપ્રતિમાની પૂજાના બળથી કલ્યાણના અર્થીએ જિનપ્રતિમા પૂજવી જોઈએ એમ કહી શકાય નહિ. તેના નિરાકરણરૂપે કહે છે -

ટીકાર્થ :-

चक्रिणां ..... अश्रवणात् । ચક્રવર્તીના દેશ સાધવા આદિ માટે પૌષધની જેમ ઐહિક ફલનું પણ અશ્રવણ છે.

✪ અહીં ટીકામાં **'ऐहिकफलस्यापि'** કહેલ છે. ત્યાં **'अपि'** થી એ સમુચ્ચય કરવો છે કે લોકોત્તર મિથ્યાત્વલેશનો તો અયોગ છે, પરંતુ ઐહિક ફળનું પણ અશ્રવણ છે.

વિશેષાર્થ :-

જેમ ચક્રવર્તી દેશ સાધવા આદિ માટે પૌષધ કરે છે, ત્યાં ઐહિક ફલનું શ્રવણ છે. તેમ દેવો જિનપ્રતિમાની પૂજા કરે છે, તેમાં ઐહિક ફળનું અશ્રવણ છે. તેથી દેવો ઐહિક ફળ અર્થે પૂજા કરતા નથી, પરંતુ કલ્યાણના અર્થે પૂજા કરે છે. તેથી દેવોના દૃષ્ટાંતથી આપણા માટે પણ કલ્યાણના અર્થે જિનપ્રતિમા પૂજનીય છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, દેવતાઓ વિઘ્નના ઉપશમ અર્થે જિનપ્રતિમાને પૂજે છે પણ કલ્યાણના અર્થે પૂજતા નથી. તેથી કહે છે -

ટીકાર્થ :-

विघ्नविनायक ..... दिग् । વિઘ્નવિનાયકાદિ ઉપશમનું=વિઘ્નના સમૂહ આદિના ઉપશમનું, તેઓને=દેવોને, સ્વતઃસિદ્ધપણું છે. અન્યથા=જો સ્વતઃસિદ્ધપણું ન માનો તો, મિથ્યાદૃષ્ટિ દેવોની આગળ વિઘ્નની ઉપશાંતિ માટે ગૃહસ્થો જેમ યાગભાગાદિ વર્ધન કરે છે, તેની જેમ દેવોને અષ્ટાહ્નિકાદિ કરતી વખતે વિઘ્નની ઉપશાંતિ માટે મિથ્યાદૃષ્ટિ દેવોની આગળ યાગભાગાદિ વર્ધનનો પ્રસંગ આવે, એ પ્રમાણે દિશાસૂચન છે.

✪ **'विघ्नविनायकादि'** કહ્યું ત્યાં **'आदि'** પદથી એ કહેવું છે કે, દેવોને વિઘ્નના સમૂહનો ઉપશમ જેમ સ્વતઃસિદ્ધ છે, તેમ રોગાદિનો ઉપશમ પણ સ્વતઃસિદ્ધ છે. તેથી વિઘ્નના સમૂહના ઉપશમ માટે તેઓ જિનપૂજાદિ કરતા નથી, તેમ રોગાદિના ઉપશમ માટે પણ તેઓ જિનપૂજા કરતા નથી.

વિશેષાર્થ :-

દેવોના પ્રકૃષ્ટ પુણ્યના કારણે દરેક કાર્યમાં વિઘ્નના સમૂહાદિનો ઉપશમ તેઓને સ્વતઃ વર્તે છે; અને તેમ માનવામાં ન આવે તો, જેમ ગૃહસ્થો સિદ્ધચક્રાદિ પૂજન વખતે મિથ્યાદૃષ્ટિ દેવોની આગળ બલિ-બાકુળા વધાવે છે, કે જેનાથી વિઘ્ન કરનારા મિથ્યાદૃષ્ટિ દેવો સંતુષ્ટ થઈને વિઘ્ન ન કરે; તેથી વિઘ્નના સમૂહના ઉપશમ માટે જેમ મનુષ્યલોકમાં મિથ્યાદૃષ્ટિ દેવોની આગળ યાગભાગાદિ વર્ધનની ક્રિયા કરવામાં આવે છે, તેમ ઇંદ્રાદિદેવોને પણ ભગવાનની પૂજાના અવસરે મિથ્યાદૃષ્ટિ દેવોની આગળ વિઘ્નના સમૂહના ઉપશમ માટે યાગભાગાદિ વધાવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. પરંતુ દેવોના પ્રકૃષ્ટ પુણ્યને કારણે મિથ્યાદૃષ્ટિ દેવો તેઓને ઉપદ્રવ કરી શકતા નથી, તેથી જ દેવો જિનપૂજાદિ સમયે દુષ્ટ દેવોના શમન માટે યાગભાગાદિ કરતા નથી. તેથી એ પ્રાપ્ત થાય કે દેવોને વિઘ્નનો ઉપશમ સ્વતઃ વર્તે છે. તેથી જ વિઘ્નની ઉપશાંતિ માટે તેઓ જિનપ્રતિમાની પૂજા કરતા નથી, પરંતુ આત્મકલ્યાણ અર્થે જિનપ્રતિમાની પૂજા કરે છે.

ટીકા :-

ननु यदा विमानाधिपतित्वेन मिथ्यादृष्टिरेव देवतयोत्पद्यते तदात्मीयबुद्ध्या जिनप्रतिमां पूजयति देवस्थित्या च शक्रस्तवं पठति आशातनां च त्याजयति । तद्वत्प्रकृतेऽपि स्यादिति चेत् ? मैवं, मिथ्यादृशां विमानाधिपतित्वेनोत्पादासंभवाद्, विमानाधिपतिर्मिथ्यादृगपि स्यादित्यादिवचनस्य क्वाप्यागमेऽनुपलम्भात् । ये च ज्योतिष्केन्द्राश्चन्द्रसूर्या असंख्यातास्तेऽपि सम्यग्दृष्टय एव स्युरिति ।

ટીકાર્થ :-

ननु ..... असंभवाद्, **'ननु' થી પૂર્વપક્ષી લુંપાક કહે છે કે, જ્યારે વિમાનાધિપતિપણાથી મિથ્યાદૃષ્ટિ જ દેવપણા વડે ઉત્પન્ન થાય છે ત્યારે આત્મીય બુદ્ધિથી જિનપ્રતિમાને પૂજે છે અને દેવસ્થિતિથી શક્રસ્તવ ભણે છે અને આશાતનાનો ત્યાગ કરાવે છે. તેની જેમ પ્રકૃતમાં પણ=સૂર્યાભકૃત્યમાં પણ થાય. 'मैवं' થી તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે - 'मिथ्यादृशां' મિથ્યાદૃષ્ટિઓનો વિમાનાધિપતિપણા વડે કરીને ઉત્પાદનો અસંભવ છે.**

મિથ્યાદૃષ્ટિઓનો વિમાનાધિપતિપણા વડે કરીને ઉત્પાદનો અસંભવ કેમ છે ? તેમાં હેતુ કહે છે -

विमानाधिपति ..... ऽनुपलंभात् । **વિમાનાધિપતિ મિથ્યાદૃષ્ટિ પણ થાય ઈત્યાદિ વચનની ક્યાંય પણ આગમમાં ઉપલંભ=પ્રાપ્તિ, નથી.**

ये च ..... स्युरिति । **અને જે જ્યોતિષ્ક ઈન્દ્રો, ચંદ્ર-સૂર્યો અસંખ્યાતા છે, તે પણ સમ્યગ્દૃષ્ટિ જ હોય છે.**

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને કહેવાનો આશય એ છે કે, જ્યારે વિમાનાધિપતિપણા વડે મિથ્યાદૃષ્ટિ જ દેવરૂપે ઉત્પન્ન થાય છે, ત્યારે આત્મીય બુદ્ધિથી=પોતાના વિમાનમાં જિનપ્રતિમા હોવાને કારણે આ મારી જિનપ્રતિમા છે એ પ્રકારની આત્મીય બુદ્ધિથી, જિનપ્રતિમાને પૂજે છે; અને દેવસ્થિતિથી શક્રસ્તવ બોલે છે, અને આશાતનાનો ત્યાગ કરાવે છે, તેની જેમ સૂર્યાભદેવના પ્રસંગમાં પણ થશે. તેનું તાત્પર્ય એ છે કે, લુંપાકના મત પ્રમાણે જિનપ્રતિમાની પૂજા કરવી એ સમકિતદૃષ્ટિ દેવ માટે સંભવિત નથી. જેમ સ્વમત પ્રમાણે દિગંબરની મૂર્તિ સમકિતદૃષ્ટિ પૂજે નહિ, અને જે વ્યક્તિ દિગંબરની મૂર્તિની પૂજા કરે છે તે જેમ સ્વમત પ્રમાણે મિથ્યાત્વી છે, તેમ લુંપાકના મત પ્રમાણે જિનપ્રતિમા મિથ્યાદૃષ્ટિ જ પૂજે. તેથી શંકા કરતાં મિથ્યાદૃષ્ટિ જ, એમ 'જ' કાર કરીને કહે છે કે, વિમાનાધિપતિપણા વડે મિથ્યાદૃષ્ટિ જ જ્યારે દેવપણા વડે ઉત્પન્ન થાય છે, ત્યારે આત્મીય બુદ્ધિથી જિનપ્રતિમાને પૂજે છે; પણ સમકિતદૃષ્ટિ પૂજે નહિ. જેમ વાવડી આદિને આત્મીય બુદ્ધિથી પૂજે છે, તેમ જિનપ્રતિમાને પૂજે છે, તેટલામાત્રથી જિનપ્રતિમા પૂજનીય સિદ્ધ થાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે, આત્મીયત્વ બુદ્ધિથી વાવડી આદિની જેમ જો જિનપ્રતિમાની પૂજા દેવો કરતા હોય, તો જિનપ્રતિમાની આગળ શક્રસ્તવ કરે છે અને આશાતનાનો પરિહાર કરાવે છે, અને વાવડી આદિની આગળ તે પ્રમાણે કરતા નથી, તે કેમ સંભવે ? તેથી કહે છે -

જિનપ્રતિમા આગળ શક્રસ્તવ ભણે છે અને આશાતનાનો ત્યાગ કરાવે છે, અર્થાત્ દેવભવની સ્થિતિ જ એવી છે કે, જિનપ્રતિમા આગળ શક્રસ્તવ કરે અને પોતાના સેવકો પાસે આશાતનાનો ત્યાગ કરાવે; તેની જેમ સૂર્યાભદેવ પણ ઉત્પન્ન થયેલ ત્યારે, મિથ્યાદૃષ્ટિ હોવાને કારણે જિનપ્રતિમાને પૂજે છે અને દેવસ્થિતિથી શક્રસ્તવ બોલે છે અને આશાતનાનો પરિહાર કરાવે છે. અને શાસ્ત્રમાં તેને જે સમ્યગ્દૃષ્ટિ આદિ કહેલ છે, તે દેવભવની પાછળની અવસ્થાની અપેક્ષાએ છે, અને ત્યારે સમ્યગ્દૃષ્ટિ હોવાને કારણે તે જિનપ્રતિમાની પૂજા કરે જ નહિ, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે ન કહેવું. કેમ કે મિથ્યાદૃષ્ટિ દેવો વિમાનાધિપતિ થતા નથી. કેમ કે શાસ્ત્રમાં વિમાનાધિપતિરૂપે મિથ્યાદૃષ્ટિને કહેનારું વચન મળતું નથી. અને જ્યોતિષ્કમાં સૂર્ય-ચંદ્રો અસંખ્યાતા છે, તે પણ બધા સમ્યગ્દૃષ્ટિ છે; તેથી વિમાનાધિપતિ સમ્યગ્દૃષ્ટિ હોવાને કારણે જિનપ્રતિમાની પૂજા કરે છે. માટે તેઓની જિનપૂજાના દૃષ્ટાંતથી જિનપ્રતિમાની પૂજા ધર્મરૂપ જ છે, તેમ સ્વીકારવું જોઈએ.

ઉત્થાન :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે વિમાનાધિપતિ સમ્યગ્દૃષ્ટિ હોય છે, તેનું નિરાકરણ કરતા ભગવતીસૂત્રના પાઠના બળથી પૂર્વપક્ષી વિમાનાધિપતિને મિથ્યાદૃષ્ટિરૂપે સ્વીકારની યુક્તિ બતાવતાં કહે છે -

टीका :-

ननु शक्रसामानिकानामुपपातो निजनिजविमानेषु भणितः । तथाहि-

एयं खलु देवाणुप्पियाणं अंतेवासी तीसए णामं अणगारे पगइभद्दए जाव विणीए छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे बहुपडिपुन्नाइं अट्ठसंवच्छराइं सामन्नपरिआगं पाउणित्ता मासिआए संलेहणाए अप्पाणं ज्झोसेत्ता सट्ठिभत्ताइं अणसणाइं छेएत्ता आलोइअपडिक्कंते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे सयंसि विमाणंसि उववायसभाए देवसयणिज्जंसि देवदूसंतरिआए असंखिज्जइ भागमेत्ताए ओगाहणाए सक्कस्स देविंदस्स देवरन्नो सामाणियदेवत्ताए उववन्ने' इत्यादि यावत्-गोयमाए महिढ्ढीए जाव महाणुभावे, से णं तत्थ सयस्स विमाणस्स चउण्हं सामाणियसाहस्सीणं चउण्हं अग्गमहिसीणं सपरिवाराणं तिण्हं परिसाणं सत्तण्हं अणिआणं, सत्तण्हं अणियाहिवईणं, सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं देवाण य देवीण य जाव विहरइ'त्ति । यावत् 'सक्कस्स देविंदस्स देवरन्नो अवसेसा सामाणियदेवा के महिढ्ढिया तहेव सव्वं जाव एसणं त्ति । भगवत्यां तृतीयशतके प्रथमोद्देशके ।

एवं सामानिकाः पृथक् स्वस्वविमानाधिपतय एव । तदन्तर्गतः संगमकोऽपि विमानाधिपः स चाभव्यत्वान्नियमान्मिथ्यादृष्टिः । तस्य निजविमानगतजिनप्रतिमापूजनादिदेवस्थित्यैव भविष्यति । तद्वदन्यत्रापि वदतां नः कोऽपराधः? इति चेत् ? मैवं सम्यक्प्रवचनाभिप्रायापरिज्ञानात् । न हि 'सयंसि विमाणंसि' **त्ति भणनेन सामानिकानां पृथग्विमानाधिपतित्वमावेदितं, भवनपतिज्योतिष्क-सौधर्मेशानकल्पेन्द्राणामग्रमहिषीणामपि पृथग्विमानाधिपतित्वप्रसंगात्, तासां नामग्राहमपि भवन-विमानादेरुक्तत्वात् ।**

टीकार्थ :-

ननु ..... तथाहि - **'ननु' थी पूर्वपक्षी लुंपाक कहे छे के, शक्रना सामानिकदेवोनो उपपात पोतपोताना विमानमां कहेवायेलो छे, ते आ प्रमाणे भगवतीना त्रीजा शतकमां प्रथम उद्देशकमां कहेलुं छे -**

एयं ..... प्रथमोद्देशके । આ પ્રમાણે દેવાનુપ્રિયને તિષ્યક નામનો અણગાર પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત, છઠ્ઠના પારણે છઠ્ઠ વડે અવિચ્છિન્ન તપકર્મ વડે આત્માને=પોતાને ભાવતો, સંપૂર્ણ આઠ વર્ષ સંયમપર્યાય પાળીને એક માસની સંલેખના વડે પોતાને (શરીરને) ક્ષીણ કરતા, ૬૦ ભક્ત વડે અણસણને છેદતા=કરતા, આલોચના પ્રતિક્રમણ કરીને મૃત્યુ સમયે કાળ કરીને, સૌધર્મકલ્પમાં પોતાના વિમાનમાં ઉપપાત સભામાં દેવદૂષ્યથી ઢાંકેલી શય્યામાં (અંગુલના) અસંખ્યાતમા ભાગમાત્રની અવગાહના વડે દેવેંદ્ર, દેવરાજા શક્રનો સામાનિકદેવપણા વડે ઉત્પન્ન થયો. ઈત્યાદિ યાવત્ ગૌતમ ! મહર્દ્ધિક યાવત્ મહાનુભાવ સુધી સમજવું. તે ત્યાં પોતાના વિમાનમાં ચાર હજાર સામાનિક દેવો, પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સેનાધિપતિ, સોળ હજાર આત્મરક્ષક દેવો અને અન્ય ઘણા

દેવ અને દેવીઓ સાથે યાવત્ વિહરે છે. त्ति શબ્દ ભગવતીના પાઠના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે. યાવત્ દેવેંદ્ર દેવરાજા શકના બાકીના સામાનિક દેવો કેવા મહર્દ્ધિક છે, તે પ્રમાણે સર્વ યાવત્ આ=તિષ્યક, જાણવો. त्ति શબ્દ સમાપ્તિસૂચક છે.

एवं ..... अपरिज्ञानात् । **એ પ્રમાણે=શકના સામાનિકદેવોનો ઉપપાત નિજ નિજ વિમાનમાં પઠિત છે એ પ્રમાણે, સામાનિક દેવો પૃથક્ સ્વ સ્વ વિમાનાધિપતિઓ જ છે, અને તેની અંતર્ગત= સામાનિકદેવોની અંતર્ગત, સંગમક પણ વિમાનાધિપતિ (છે), અને તે અભવ્ય હોવાથી નિયમથી મિથ્યાદૃષ્ટિ છે, (અને) તેની=સંગમકની, નિજ વિમાનમાં રહેલી જિનપ્રતિમાની પૂજનાદિ દેવસ્થિતિ જ થશે. અને તેની જેમ=સંગમકની જેમ, અન્યત્ર પણ=સૂર્યાભના કથનમાં પણ, કહેતાં અમારો શું અપરાધ છે ? અર્થાત્ સંગમકની જેમ સૂર્યાભની પૂજા પણ દેવસ્થિતિ થશે, એમ પૂર્વપક્ષી કહે તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે - 'मैवं' એમ ન કહેવું. કેમ કે સમ્યગ્ પ્રવચનના અભિપ્રાયનું અપરિજ્ઞાન છે.**

તે જ વાતને સ્પષ્ટ કરવા અર્થે કહે છે -

न हि ..... उक्तत्वात् । **'सयंसि विमाणंसि' એ પ્રકારે ભણન દ્વારા=પોતાના વિમાનમાં એ પ્રકારે ભણન દ્વારા, સામાનિકદેવોના પૃથગ્ વિમાનનું અધિપતિપણું જણાતું નથી. કેમ કે તેમ માનવાથી ભવનપતિ, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાનકલ્પના ઈન્દ્રોની અગ્રમહિષીઓના પણ પૃથગ્ વિમાનના અધિપતિપણાનો પ્રસંગ પ્રાપ્ત થશે. કેમ કે તેઓના નામગ્રહણને આશ્રયીને પણ ભવન-વિમાનાદિનું ઉક્તપણું છે. અર્થાત્ આગમમાં આ પટ્ટરાણીઓનાં નામવાળાં પણ ભવન કે વિમાન બતાવ્યાં છે.**

વિશેષાર્થ :-

જ્ઞાતાસૂત્રના પ્રથમ વર્ગમાં તે અગ્રમહિષીઓનાં નામવાળાં ભવન-વિમાનાદિ છે એમ કહેલ છે, તેથી **सयंसि विमाणंसि** એ કથનના બળથી સામાનિક દેવોનાં પૃથક્ વિમાન ગ્રહણ કરીએ તો તે અગ્રમહિષીઓનાં પણ ઈન્દ્રો કરતાં પૃથગ્ વિમાનો છે એમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. પરંતુ વાસ્તવિક રીતે તેઓનાં પૃથગ્ વિમાનો નથી, પરંતુ ઈન્દ્રના વિમાનની અંતર્ગત સ્વતંત્ર તે તે નામના આવાસો છે, તે જ ભવન કે વિમાનરૂપે કહેલ છે. તેથી **'सयंसि विमाणंसि'** કથન દ્વારા સામાનિક દેવોનું પૃથક્ વિમાનાધિપતિપણું સ્વીકારી શકાય નહિ, પરંતુ ઈન્દ્રના વિમાનની અંતર્ગત તેઓના સ્વતંત્ર આવાસો છે, અને તે રીતે સંગમ વિમાનનો અધિપતિ નથી. અને જે વિમાનના અધિપતિ હોય તે નિયમા સમકિતદૃષ્ટિ હોય, તેવી વ્યાપ્તિ છે. એ પ્રકારના પ્રવચનના અભિપ્રાયને પૂર્વપક્ષી જાણતો નથી.

ઉત્થાન :-

આગમમાં ભવનપતિ, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાનકલ્પના ઈન્દ્રોની અગ્રમહિષીઓનાં નામવાળાં ભવન અને વિમાનો કહ્યાં છે, તે આગમપાઠ **'तथाहि'** થી બતાવે છે -

ટીકા :-

तथाहि - तेणं कालेणं तेणं समएणं कालीदेवी चमरचंचाए गयहाणीए कालवडिंसए भवणे कालंसि सीहासणंसि चउहिं सामाणिअसाहस्सीहिं चउहिं महत्तरिआहिं तिहिं परिसाहिं सत्तहिं अणिएहिं सत्तहिं अणिआइवईहिं सोलसहिं आयरक्खदेवसाहस्सीहिं अन्नेहिय च बहुएहिं भवणवासीहिं असुरकुमारेहिं देवेहिं य देवीहिं य सद्धिं संपरिवुडा महया जाव विहरति त्ति **ज्ञातासूत्रप्रथमवर्गे** तथा 'तेणं कालेणं तेणं समएणं सूरप्पभादेवी सूरंसि विमाणंसि सूरप्पभंसि सींहासणंसि महया जाव विहरति जहा कालीति ज्ञाता० । तथा तेणं कालेणं तेणं समएणं चंदप्पभा देवी चंदप्पभंसि विमाणंसि चंदप्पभंसि सींहासणंसि महया जाव विहरति जहा कालीत्ति । ज्ञाता० । तेणं कालेणं २ पद्मावतीदेवी सोहम्मेकप्पे पउमवडिंसयंसि सभाए सुहम्माए पउमंसि सींहासणंसि महया जाव विहरति जहा कालीत्ति ज्ञाता० । तथा तेणं कालेणं तेणं समएणं कण्हादेवी ईसाणे कप्पे कण्हवडिंसयंसि विमाणंसि कण्हंसि सींहासणंसि महया जाव विहरइ जहा काली त्ति श्री ज्ञाता० । **(द्वि. श्रु. सप्तम, अष्टम, नवम, दसम वर्गे-सू. १६१। ६२। ६३। ६४।)**

ટીકાર્થ :-

'तथाहि' તે આ પ્રમાણે - તે કાળે તે સમયે કાલીદેવી ચમરચંચા રાજધાનીમાં કાલાવતંસક ભવનમાં કાળ નામના સિંહાસન ઉપર ચાર હજાર સામાનિક દેવો, ચાર મહત્તરિકા, ત્રણ પર્ષદાના દેવો, સાત સેના, સાત સેનાધિપતિ, સોળ હજાર આત્મરક્ષક દેવો અને બીજા પણ ઘણા ભવનવાસી અસુરકુમાર દેવ-દેવીઓ સાથે પરિવરેલી મોટી (ઋદ્ધિથી) યાવત્ વિચરે છે, એ પ્રમાણે જ્ઞાતાસૂત્ર પ્રથમ વર્ગમાં કહેલ છે. તથા તે કાળે અને તે સમયે સૂરપ્રભાદેવી સૂર વિમાનમાં સૂરપ્રભા સિંહાસનમાં મહાન્ (ઋદ્ધિ વડે) યાવત્ વિહરે છે, જેમ કાલીદેવી, એ પ્રમાણે જ્ઞાતાસૂત્રમાં કહેલ છે. તથા તે કાળે અને તે સમયે ચંદ્રપ્રભાદેવી ચંદ્રપ્રભ વિમાનમાં ચંદ્રપ્રભ સિંહાસનમાં મોટી ઋદ્ધિ વડે યાવત્ વિચરે છે, જેમ કાલીદેવી, એ પ્રમાણે જ્ઞાતાસૂત્રમાં કહેલ છે. તથા તે કાળે અને તે સમયે પદ્માવતીદેવી સૌધર્મકલ્પમાં પદ્માવતંસક વિમાનમાં સુધર્માસભામાં પદ્મસિંહાસન ઉપર મહાન્ ઋદ્ધિ વડે યાવત્ વિહરે છે, જે પ્રમાણે કાલીદેવી, એ પ્રમાણે જ્ઞાતાસૂત્રમાં કહેલ છે. તથા તે કાળે અને તે સમયે કૃષ્ણાદેવી ઈશાનકલ્પમાં કૃષ્ણાવતંસક વિમાનમાં કૃષ્ણ સિંહાસન ઉપર મોટી ઋદ્ધિ વડે યાવત્ વિચરે છે, જેમ કાલીદેવી, એ પ્રમાણે શ્રી જ્ઞાતાધર્મ સૂત્રમાં કહેલ છે.

ટીકા :-

ननु तर्हि अग्रमहिषीणामपि पृथक् पृथक् भवनानि विमानानि च भवंतु इति चेत् ? मैवं आगमेऽपरिगृहीतदेवीनामेव पृथग्विमानानां भणनात् । तदुक्तं 'अपरिग्गहियदेवीणं विमाणे लक्खा छ हुंति सोहम्मे' **इत्यादि । अग्रमहिषीणामपि स्वतंत्रविमानाधिपतित्वेऽपरिगृहीतदेवीनामिव शक्रस्य तासामाधिपत्यं न स्यात्, न त्वेवमस्ति । कथम् ? इति चेत् ? शृणु, शक्रस्य प्रभुत्ववर्णनमधिकृत्य द्वात्रिंशल्लक्षविमानाधिपतित्वमेवोक्तं न तु तत्तद्विमानवासिदेवदेवीनामपि । तथाहि-**तेणं

कालेणं तेणं समएणं सक्के देविंदे देवराया वज्जपाणी पुरंदरे सयक्कउ सहस्सक्खे मघवं पागसासणे दाहिणड्ढलोगाहिवई बत्तीसविमाणावाससयसहस्साहिवई एरावणवाहणे सुरिंदे अरयंबरवत्थधरे, आलइयमालमउडे, यावत् महासुक्खे सोहम्मे कप्पे, सोहम्मवडिंसए विमाणे सभाए सुहम्माए सक्कंसि सींहासणंसि बत्तीसाए विमाणा-वाससयसहस्साणं, चउरासीए सामाणियसाहस्सीणं, तायत्तीसाए तायत्तीसगाणं, चउण्हं लोगपालाणं, अट्ठाहं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं चउण्हं चउरासीणं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं सोहम्मकप्पवासीणं वेमाणियाणं देवाणं देवीण य, अन्ने पढंति-अन्नेसिं च बहूणं देवाण य देवीण य आभिओगउववन्नगाणं आहेवच्चं पोरेवच्चं,सामित्तं, भट्टित्तं महत्तरगत्तं, आणाईसरसेणावच्चं, कारेमाणे, पालेमाणे, महया हय २ जाव भुंजमाणे विहरति' **इति जंबूद्वीपप्रज्ञप्तौ (वक्ष. ५ सू. ११५) ।**

टीकार्थ :-

ननु ..... इत्यादि । **तो पछी अग्रमहिषीओनां पृथक् पृथक्=जुदां जुदां भवन अने विमानो हो, ए प्रमाणे पूर्वपक्षी=लुंपाक, कहे तो ग्रंथकार कहे छे -**

मैवं ..... भणनात् । **एम न कहेवुं. केम के आगममां अपरिगृहीता देवीओनां ज पृथक् विमानोनुं कथन छे.**

आगममां अपरिगृहीता देवीओनां पृथक् विमान कहेल छे, ते 'तदुक्तं' थी बतावे छे. अपरिगृहीता देवीनां छ लाख विमानो सौधर्मकल्पमां छे ईत्यादि.

अग्रमहिषीणामपि ..... शृणु, **अग्रमहिषीओना पण स्वतंत्र विमानना अधिपतिपणामां अपरिगृहीता देवीओनी जेम तेओ उपर=अग्रमहिषीओ उपर, शक्रनुं आधिपत्य न थाय. परंतु ए प्रमाणे छे नहि=अग्रमहिषीओ उपर आधिपत्य छे. केवी रीते अपरिगृहीता देवीओनुं आधिपत्य नथी ? एम पूर्वपक्षी कहे तो ग्रंथकार कहे छे के सांभळ.**

शक्रस्य ..... देवदेवीनामपि । **शक्रना स्वामीपणाना वर्णननो अधिकार करीने बत्रीस लाख विमाननुं अधिपतिपणुं ज कहेवायेलुं छे, परंतु ते ते विमानवासी देव-देवीओनुं, पण (आधिपत्य कहेवायेलुं) नथी.**

तथाहि ..... जंबूद्वीपप्रज्ञप्तौ । **ते आ प्रमाणे** - ते काळे अने ते समये शक्र, देवेंद्र, देवराजा, वज्रपाणी, पुरंदर, शतक्रतु, सहस्राक्ष, मघवा, पाकशासन दक्षिणार्ध लोकनो अधिपति, बत्रीस लाख विमाननो अधिपति, ऐरावण वाहनवाळो, सुरेंद्र, रज वगरना अंबरवस्त्रने धारण करनारो=रज वगरना देवदूष्यवाळो, पहेरेली माळा-मुगटवाळो यावत् महासुखवाळो, सौधर्मकल्पमां, सौधर्मावतंसक विमानमां, सुधर्मासभामां, शक्र नामना सिंहासन उपर, बत्रीस लाख विमाननुं. चोर्यासी हजार सामानिक देवोनुं, तेत्रीश त्रायस्त्रिंशत् देवोनुं, चार लोकपालोनुं, परिवार सहित आठ पट्टराणीओनुं, त्रण पर्षदाओनुं, सात सेनानुं, सात सेनापतिओनुं, चार चोर्यासी=३ लाख ३६ हजार

આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા સૌધર્મકલ્પવાસી વૈમાનિકદેવ અને દેવીઓનું, અહીં બીજાઓ આ પ્રમાણે કહે છે- અને બીજા ઘણા આભિયોગિકપણે ઉત્પન્ન થયેલા=આભિયોગિક, દેવ અને દેવીઓનું નેતૃત્વપણું, અગ્રેસરપણું, સ્વામીપણું, ભર્તૃપણું=પોષકપણું, મહત્તરપણું, આજ્ઞાથી ઈશ્વર સેનાપતિપણું કરાવતો, પળાવતો મોટાં નાટક-ગીત આદિ યાવત્ ભોગોને ભોગવતો વિહરે છે. **એ પ્રમાણે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહેલું છે.**

ટીકા :-

अत्र हि -

द्वात्रिंशल्लक्षविमानप्रभुत्वमेव पठितं दृश्यते न पुनः 'सत्तण्हं अणियाणं सत्तण्हं अणियाहिवईणं' **इत्यादिवत् 'बत्तीसाए विमाणवाससयसाहस्सीणं बत्तीसविमाणवाससयसहस्साहिवईणमि'त्यादि** "अत्रेसिं बहूणं सोहम्मकप्पवासीणं वेमाणीयाणं देवाण य देवीण ये" **त्यादि उक्तौ च "सव्वेसिं सोहम्मकप्पवासीण" मित्यादि । यत्रापि 'बहूणं' पठितं तत्रापि बहुशब्देनाभियोगादिदेवत्वेनोत्पन्ना एव ग्राह्या नान्ये, पाठांतरोक्तिस्वारस्यात्, सामान्यस्य विशेषपर्यवसानार्थमेवान्यमतोपन्यासात्, प्राच्यपक्षास्वरसकल्पने बीजाभावात् । तस्माद् यावानिन्द्रपरिकरस्तावान् सर्वोऽपि शक्रनिवासविमान एवोत्पद्यत इति प्रतिपत्तव्यम् । तथा च स्वकीयविमानशब्देनैकस्यैव विमानस्य स्वस्वप्रभुत्वप्रतिबद्ध एकदेश एव ग्राह्यः, तावत एव प्रदेशस्य स्वविमानत्वेनोक्तेः । अत एव कालकनामकं भवनं चमरचंचाराजधान्येक-देशरूपमपि भवनत्वेनागमेऽभाणि । यथा च चंद्रसूर्यादीनां देवानामग्रमहिषीणां चंद्रसूर्यादिविमानैकदेश एव निजविमानतया भणितस्तथा तत्सामानिकानामपि द्रष्टव्यम्, अन्यथा ज्योतिष्केन्द्रसामानिकानामपि पृथक् विमानकल्पने ज्योतिष्काणां पञ्चप्रकारतानियमो भज्येत । अत एव** 'ससिरविगहणक्खत्ता' **इत्यादिप्रवचने शशिप्रमुखशब्दैः शशिप्रमुखविमानवासिनः सर्वेऽपि तत्तन्नामभिरेव गृहीता बोध्याः । किञ्च जिनजन्मादिषु सामानिकादीनां पालकविमानेनैवागमनमागमे भणितं न पुनः शेषदेवादीनामिव निजनिजविमानवाहनादिभिरित्येवमादि जंबूद्वीपवृत्तेर्ज्ञेयम् । या च केषाञ्चित् सामानिकानां महर्द्धिकत्वात् पृथग्विमानकल्पना, साप्यनल्पाज्ञानमूला, सहस्रारादिदेवलोकेषु सामानिकापेक्षया विमानानामल्पसंख्यात्वात् । तथाहि-सहस्रारे षट्सहस्राणि विमानानां, सामानिकास्तु त्रिंशत्सहस्राः । आनतप्राणतयोः समुदितयोः विमानानां चत्वारि शतानि, सामानिकास्तु विंशतिसहस्राः, आरणाच्युतयोः समुदितयोर्विमानानां त्रीणि शतानि, सामानिकास्तु दशसहस्रा इति । तदुक्तं जंबूद्वीपप्रज्ञप्तौ (वक्ष० ५ सू० ११८)**

'छस्सहस्सा सहस्सारे, आणयपाणयकप्पे चत्तारिसया, आरणच्चुए तिन्निसय त्ति । विमानसङ्ख्येयम् । चउरासीई असीइ बावत्तरि सत्तरी य सट्ठी य । पन्ना चत्तालीसा, तीसा वीसा दससहस्सा' ।। सामानिकसंख्येयम् ।

ટીકાર્થ :-

અત્ર ..... ઇત્યાદિ । **અહીંયાં=જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના પાઠમાં, ૩૨ લાખ વિમાનોનું પ્રભુત્વ જ પઠિત=કહેવાયેલું દેખાય છે. પરંતુ** સાત સૈન્ય અને સાત સેનાધિપતિઓનું **ઈત્યાદિની જેમ બત્રીસ લાખ વિમાન અને બત્રીસ લાખ વિમાનાધિપતિઓનું (એ બંનેનું પ્રભુત્વ છે) ઈત્યાદિ પઠિત નથી, અને** અન્ય=બીજા, ઘણા **સૌધર્મકલ્પવાસી** વૈમાનિકદેવ અને દેવીઓની **ઈત્યાદિ કથનમાં** સર્વ સૌધર્મકલ્પવાસી **ઈત્યાદિ પઠિત નથી.**

વિશેષાર્થ :-

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના પાઠમાં દેવેંદ્ર, દેવરાજા શક્ર સાત સૈન્ય અને સાત સેનાધિપતિઓનું આધિપત્ય આદિ કરતો વિચરે છે, એમ કહેલું છે; તેની જેમ ૩૨ લાખ વિમાન અને ૩૨ લાખ વિમાનાધિપતિઓનું એમ બંનેનું આધિપત્ય કરતો વિચરે છે, એમ કહેલું નથી. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, દેવેંદ્ર, દેવરાજા શક્રનું ૩૨ લાખ વિમાનોનું અધિપતિપણું છે, પરંતુ તે તે વિમાનના વાસી દેવ-દેવીઓનું અધિપતિપણું નથી. કેમ કે વિમાનાધિપતિઓનું સ્વામિત્વ હોત તો સાત સેના અને સાત સેનાપતિઓ કહેલ છે તે રીતે, બત્રીસ લાખ વિમાન અને બત્રીસ લાખ વિમાનાધિપતિઓ એમ કહેત. પરંતુ ઉપરના સાક્ષીપાઠમાં તેમ કહેલ નથી. તેમ અન્ય બહુ સૌધર્મકલ્પવાસી દેવ-દેવીઓ એ પ્રમાણે કહ્યું, ત્યાં સર્વ સૌધર્મકલ્પવાસી દેવો, એમ કહેલ નથી. તેથી સર્વ સૌધર્મકલ્પવાસી દેવોના તેઓ સ્વામી નથી, પરંતુ અન્ય બહુ સૌધર્મકલ્પવાસી દેવ-દેવીઓના સ્વામી છે, અને તે પણ પોતાના આભિયોગિક દેવોના સ્વામી છે, અન્યના નહિ, એવો અર્થ ઉપરના સાક્ષીપાઠમાંથી નીકળે છે. તેથી અન્ય વિમાનાધિપતિઓના તેઓ સ્વામી નથી, પરંતુ ફક્ત બત્રીસ લાખ વિમાનોના તેઓ સ્વામી છે.

ટીકાર્થ :-

યત્રાપિ ..... સ્વારસ્યાત્, જ્યાં પણ=જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના પાઠમાં જ્યાં પણ, 'બહુ' એ પ્રમાણે કહેવાયેલું છે, ત્યાં પણ 'બહુ' શબ્દથી આભિયોગિક દેવપણા વડે ઉત્પન્ન થયેલા જ ગ્રહણ કરવા યોગ્ય છે, અન્ય નહિ. કેમ કે પાઠાંતર ઉક્તિનું=પાઠાંતરના વચનનું, સ્વરસપણું છે.

વિશેષાર્થ :-

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના સાક્ષીપાઠમાં **'अन्ने पठंति'** થી જે કહ્યું, તે ૩૫ પાઠાંતરના વચનનું સ્વરસપણું હોવાથી, અન્ય બહુ દેવ-દેવીઓથી આભિયોગિક દેવ-દેવીઓને લેવાનાં છે; અને ત્યાં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના મૂળ ગ્રંથકારનો સ્વરસ છે, તેથી 'બહુ' શબ્દથી આભિયોગિક સિવાયનાં બીજાં દેવ-દેવીઓને ગ્રહણ કરવાનાં નથી.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, પાઠાંતર ઉક્તિમાં અન્ય બહુ દેવ-દેવીઓનો અર્થ આભિયોગિકપણે ઉત્પન્ન

થયેલા ગ્રહણ કરેલ છે, પરંતુ પ્રાચ્યપક્ષમાં અન્ય બહુ સૌધર્મકલ્પવાસી દેવ-દેવીઓ કહેલ છે. તેથી ત્યાં આભિયોગિક દેવ-દેવીઓ પ્રાપ્ત થાય નહિ. તેથી કહે છે -

ટીકાર્થ :-

सामान्यस्य ..... उपन्यासात्, સામાન્યના વિશેષ પર્યવસાન અર્થે જ અન્ય મતનો ઉપન્યાસ છે.

વિશેષાર્થ :-

પ્રાચ્યપક્ષમાં અન્ય બહુ સૌધર્મકલ્પવાસી દેવ-દેવીઓ કહ્યાં, ત્યાં પણ આભિયોગિક દેવ-દેવીઓ ગ્રહણ કરવાનાં છે. પરંતુ ત્યાં તેનું સામાન્યથી ગ્રહણ કરેલ છે=આભિયોગિક દેવ-દેવીઓરૂપે વિશેષથી નહિ, પરંતુ આભિયોગિક દેવ-દેવીઓને જ 'બહુ દેવ-દેવીઓ' એ રૂપે સામાન્યથી ગ્રહણ કરેલ છે, અને તે સામાન્યના વિશેષ પર્યવસાન અર્થે '**अन्ने पठंति**' થી અન્ય મતનો ઉપન્યાસ કર્યો છે. તેથી પ્રાચ્યપક્ષ અને અન્યનો પક્ષ એ મતાંતરરૂપ નથી, પરંતુ સામાન્ય-વિશેષપરક જ છે. તેથી પોતાના આભિયોગિક દેવ-દેવીઓ પ્રત્યે જ ઈન્દ્રનું સ્વામિત્વ છે, અન્ય પ્રત્યે નહિ, એ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, અન્ય કહે છે એમ કહેવામાં આવે, અને પાઠાંતર ઉક્તિમાં સ્વરસ હોય, તો અર્થથી પ્રાચ્યપક્ષમાં સ્વરસ નથી, એમ પ્રાપ્ત થાય. તેથી તે બે પક્ષો સામાન્ય-વિશેષરૂપે પર્યવસાન પામે નહિ, પરંતુ મતાંતરરૂપે પ્રાપ્ત થાય. તેથી અન્ય ઘણા સૌધર્મકલ્પવાસી દેવ-દેવીઓનું ઈન્દ્રનું અધિપતિપણું છે, એ અર્થ પ્રાચ્યપક્ષમાં પ્રાપ્ત થાય, અને તે પક્ષ પ્રમાણે ઈન્દ્રનું અન્ય વિમાનનાં દેવ-દેવીઓનું અધિપતિપણું સિદ્ધ થાય. તેથી કહે છે -

ટીકાર્થ :-

प्राच्यपक्षास्वरसकल्पने ..... बीजाभावात् । પ્રાચ્યપક્ષના અસ્વરસકલ્પનામાં બીજનો અભાવ છે.

વિશેષાર્થ :-

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના ગ્રંથકારને પ્રાચ્યપક્ષમાં પણ સ્વરસ છે, અને પાઠાંતર ઉક્તિમાં પણ=અન્યના પક્ષમાં પણ, સ્વરસ છે; કેમ કે પૂર્વમાં કહ્યું કે પાઠાંતરના વચનમાં ગ્રંથકારશ્રીને સ્વરસ છે, તો પણ પ્રાચ્યપક્ષમાં અસ્વરસકલ્પના કરવામાં કોઈ કારણ નથી. તેથી જ પ્રાચ્યપક્ષમાં સામાન્યનું કથન છે અને તેના જ વિશેષ પર્યવસાન માટે અન્યમતનો ઉપન્યાસ કરાયો છે. તેથી બંને પક્ષો પ્રમાણે 'બહુ' શબ્દથી આભિયોગિક દેવ-દેવીઓની જ પ્રાપ્તિ થાય છે, પરંતુ અન્ય વિમાનના દેવ-દેવીઓની પ્રાપ્તિ થતી નથી. તેથી પોતાના આભિયોગિક દેવ-દેવીઓ પ્રત્યે જ ઈન્દ્રનું સ્વામિત્વ છે, અન્ય પ્રત્યે નહિ.

ઉત્થાન :-

સંગમને વિમાનાધિપતિપણા વડે સ્થાપન કરીને સૂર્યાભની અર્ચનાને દેવસ્થિતિરૂપે સ્થાપક લુંપાકની

યુક્તિનું નિરાકરણ **'मैवं'** થી જે શરૂ કર્યું છે, તેના નિગમનરૂપે **'तस्मात्'** થી કહે છે -

ટીકાર્થ : -

तस्मात् ..... प्रतिपत्तव्यम् । તે કારણથી જેટલો ઈન્દ્રનો પરિવાર છે, તેટલો સર્વે પણ શકના નિવાસના વિમાનમાં જ ઉત્પન્ન થાય છે, એમ સ્વીકારવું જોઈએ.

तथा च ..... ग्राह्यः, - અને તે રીતે અર્થાત્ જેટલો ઈન્દ્રનો પરિવાર છે, તે શકના નિવાસના વિમાનમાં ઉત્પન્ન થાય છે તે રીતે, સ્વકીય વિમાન શબ્દથી એક જ વિમાનનો સ્વ-સ્વ પ્રભુત્વથી પ્રતિબદ્ધ એક દેશ જ ગ્રહણ કરવા યોગ્ય છે. અર્થાત્ શકના વિમાનનો એક દેશ જ ગ્રહણ કરવા યોગ્ય છે.

तावतः ..... उक्तेः । કેમ કે તેટલા જ પ્રદેશની સ્વવિમાનપણાથી ઉક્તિ છે.

अतएव ..... ऽभाणि । આથી કરીને જ અર્થાત્ એક દેશની જ વિમાનરૂપે ઉક્તિ છે આથી કરીને જ, ચમરચંચા રાજધાનીના એક દેશરૂપ પણ કાલકનામક ભવનને ભવનત્વરૂપે આગમમાં કહેવાયેલું છે.

यथा च ..... द्रष्टव्यम्, અને જેમ ચંદ્ર-સૂર્યાદિની અગ્રમહિષીના ચંદ્ર-સૂર્યના વિમાનોનો એક દેશ જ પોતાના વિમાનપણાથી કહેવાયો, તે રીતે જ્યોતિષ્કેન્દ્રના સામાનિકોનો પણ જાણવો.

अन्यथा ..... भज्येत ।એમ ન સ્વીકારો તો જ્યોતિષ્કેન્દ્રના સામાનિકના પણ પૃથગ્ વિમાનની કલ્પનામાં જ્યોતિષ્ક દેવોના પાંચ પ્રકારના નિયમનો ભંગ થાય.

अत एव ..... बोध्याः । આથી કરીને જ=જ્યોતિષ્કના પાંચ ભેદો છે આથી કરીને જ, 'ससिरविगहणक्खत्ता' ઈત્યાદિ પ્રવચનમાં (આગમમાં) શશિપ્રમુખ શબ્દોથી શશિપ્રમુખ વિમાનવાસીઓ સર્વે પણ તે તે નામથી જ ગ્રહણ કરાયેલા જાણવા.

किञ्च ..... ज्ञेयम् । વળી જિનજન્માદિ મહોત્સવમાં સામાનિકોનું પાલક વિમાનથી જ આગમન આગમમાં કહેવાયેલું છે. શેષ દેવાદિની જેમ નિજ નિજ વિમાનાદિ વાહનોથી (આગમન) કહેવાયેલું નથી, આ વગેરે બીજાં પણ કથનો જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની વૃત્તિથી જાણવાં.

વિશેષાર્થ :-

ભગવાનના જન્માદિ મહોત્સવ વખતે ઇંદ્રો પાલક વિમાનમાં આવે છે, તેમ પોતાના વિમાનમાં વર્તતા પરિવારને સાથે લાવે છે; પરંતુ અન્ય વિમાનવર્તી દેવોને કે વિમાનાધિપતિઓને સાથે લાવતા નથી. અને તે રીતે સામાનિક દેવો પણ પાલક વિમાનમાં આવે છે, તેથી તેઓ સ્વતંત્ર વિમાનાધિપતિ નથી, તેમ સિદ્ધ થાય છે. અને શેષ દેવો પોતપોતાના વિમાનાદિ વાહનોથી આવે છે, પરંતુ પાલક વિમાનથી નહિ.

ટીકાર્થ :-

या च ..... अल्पसंख्यात्वात् । **અને કેટલાક સામાનિક દેવોનું મહર્દ્ધિકપણું હોવાથી જે પૃથગ્ વિમાનની કલ્પના કરે છે, તે પણ મોટા અજ્ઞાનમૂલક છે. કેમ કે સહસ્રાદિ દેવલોકમાં સામાનિકની અપેક્ષાએ વિમાનોનું અલ્પ સંખ્યાપણું છે. (તેથી સામાનિક દેવોનું પૃથગ્ વિમાન હોય તો વિમાનોની સંખ્યા વધી જાય.)**

तथाहि ..... इति । **તે આ પ્રમાણે - સહસ્રારમાં છ હજાર વિમાનો અને ત્રીસ હજાર સામાનિક દેવો છે. આનત-પ્રાણતના સમુદિત વિમાનો ચારસો અને વળી વીસ હજાર સામાનિક દેવો છે. આરણ-અચ્યુતના સમુદિત વિમાનો ત્રણસો અને વળી દસ હજાર સામાનિકદેવો છે. 'इति' કથનની સમાપ્તિસૂચક છે.**

तदुक्तं ..... सामानिकसंख्येयम् । **તે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહેવાયેલું છે.**

સહસ્રારમાં છ હજાર, આનત-પ્રાણતમાં ચારસો અને આરણ-અચ્યુતમાં ત્રણસો, આ વિમાનની સંખ્યા છે.

સૌધર્મ આદિ દેવલોકમાં સામાનિકોની સંખ્યા આ પ્રમાણે છે -

(૧) ૮૪ હજાર, (૨) ૮૦ હજાર, (૩) ૭૨ હજાર, (૪) ૭૦ હજાર, (૫) ૬૦ હજાર, (૬) ૫૦ હજાર, (૭) ૪૦ હજાર, (૮) ૩૦ હજાર, (૯-૧૦) ૨૦ હજાર, (૧૧-૧૨) ૧૦ હજાર આ સામાનિક દેવોની સંખ્યા છે.

ટીકા :-

यत्तु -

'सामानिकैर्हस्यमानो, यानकाख्यविमानतः ।
अवशिष्टैकार्णवायुष्को, मेरुचूलां सुरो ययौ' ।।

(त्रिषष्ठिशलाका० पर्व-१० स० ४ श्लोक-३१६) इति श्री महावीरचरित्रे यानकविमानमभाणि तदेतन्नाम्ना शक्रविमानैकदेशसंकीर्तनं बोध्यं, तत्र चमरचंचाराजधानीदेशः कालकभवनं दृष्टान्तः इति । एवं च सति शक्रसामानिकोऽप्यभव्यः संगमको विमानाधिपतिर्न संभवेदेवेति संपन्नम् ।

✪ અહીં 'यत्तु यानकविमानमभाणि तद् बोध्यं' એ પ્રમાણે અન્વય જાણવો.

ટીકાર્થ :-

यत्तु ..... बोध्यं, સામાનિકોથી હસાતો અવશિષ્ટ એક સાગરોપમના આયુષ્યવાળો દેવ, (સંગમ) યાનક નામના વિમાનથી મેરુની ચૂલા ઉપર ગયો, **એ પ્રમાણે શ્રી મહાવીરચરિત્રમાં જે વળી યાનક વિમાન કહેવાયું, તે આ નામથી અર્થાત્ યાનક નામથી શકના વિમાનના એક દેશનું સંકીર્તન જાણવું.**

तत्र ..... इति । **ત્યાં=સંગમકના યાનક નામના વિમાનના કથનમાં, ચમરચંચા રાજધાનીનો દેશ કાલકભવન દૃષ્ટાંત છે.**

'इति' શબ્દ 'यत्तु' થી શરૂ થતા કથનની સમાપ્તિસૂચક છે.

एवं च .... संपन्नम् । અને આ પ્રમાણે હોતે છતે અર્થાત્ સંગમકનું યાનક વિમાન એ શકવિમાનનો એક દેશ હોતે છતે, શકનો સામાનિક પણ અભવ્ય સંગમક વિમાનાધિપતિ ન જ સંભવે, એ પ્રમાણે પ્રાપ્ત થયું.

ટીકા :-

किञ्च, मिथ्यादृष्टिर्देवत्वेनोत्पद्यमानो विषयादिषु गृद्ध एवोत्पद्यते । तत्र च 'किं मे पुव्विं करणिज्जं, किं मे पच्छा करणिज्जं' **इत्यादिपर्यालोचनपुरस्सरं पुस्तकरत्नवाचनेन धार्मिकं व्यवसायं गृह्णातीति घटाकोटीमेव नाटीकते,** 'तत्थावि से न याणइ किं मे किच्चा इमं फलं' **(दशवैका० अ० ५ उ० २ गा० ४७ उत्तरार्द्धः) इत्याद्यागमात् । न चागमस्य यथाश्रुतार्थमात्रेण व्यामोहः कर्त्तव्यः, प्रतिसूत्रं पदार्थादिचतुष्टयक्रमेण व्याख्यानस्यैवोपदेशपदादावनुज्ञातत्वात् । पञ्चवस्तुकेऽप्युक्तं -**

'तह तह वक्खाणेयव्वं जहा जहा तस्स अवगमो होइ । आगमियमागमेणं जुत्तीगम्मं तु जुत्तीए । (गा० ९९१) - **निर्युक्तावपि** 'जं जह सुत्ते भणियं, तहेव जइ तव्वियालणा णत्थि । किं कालिआणुओगो, दिट्ठो दिट्ठिप्पहाणेहिं ।' त्ति । **(कल्पभाष्य नि० ३३१५)**

ટીકાર્થ :-

किञ्च ..... उत्पद्यते । **વળી મિથ્યાદૃષ્ટિ દેવપણાથી ઉત્પન્ન થતો વિષયાદિમાં ગૃદ્ધ જ ઉત્પન્ન થાય છે.**

तत्र च ..... नाटीकते । **અને ત્યાં=મિથ્યાદૃષ્ટિ દેવપણામાં, શું મારે પૂર્વે કરણીય છે અને શું મારે પશ્ચાત્ કરણીય છે ઈત્યાદિ પર્યાલોચનપૂર્વક પુસ્તકરત્નના વાંચનથી ધાર્મિક વ્યવસાય ગ્રહણ કરે છે, એ પ્રમાણે ઘટતું જ નથી. તેમાં હેતુ કહે છે -**

तत्थावि ..... आगमात् । ત્યાં પણ=દેવપણામાં પણ, તે અર્થાત્ મિથ્યાદૃષ્ટિ દેવ, જાણતો નથી કે મારા કયા કૃત્યનું આ ફળ છે ઈત્યાદિ આગમવચન છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે છે કે, દશવૈકાલિકના પાઠમાં એમ કહ્યું છે કે, મિથ્યાદૃષ્ટિ દેવો દેવપણામાં જાણતા નથી કે, મારા કયા કૃત્યનું મારા દેવપણાની પ્રાપ્તિરૂપ આ ફળ છે, પરંતુ પૂર્વકરણીય શું છે, પશ્ચાત્ કરણીય શું છે ઈત્યાદિ પર્યાલોચનપૂર્વક પુસ્તકરત્નના વાંચનથી ધાર્મિક વ્યવસાય કરતા નથી, એમ કહ્યું નથી. તેથી કહે છે –

ટીકાર્થ :-

न च ..... अनुज्ञातत्वात् । અને આગમના યથાસૂત્ર અર્થમાત્રથી વ્યામોહ કરવો જોઈએ નહિ, કેમ કે પ્રતિસૂત્ર પદાર્થાદિ ચતુષ્ટયના ક્રમથી=પદાર્થ-વાક્યાર્થ-મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થના ક્રમથી, વ્યાખ્યાનનું જ ઉપદેશપદાદિમાં અનુજ્ઞાતપણું છે.

વિશેષાર્થ :-

દશવૈકાલિકસૂત્રના પાઠની પદાર્થાદિરૂપે વિચારણા કરવાથી એ પ્રાપ્ત થાય કે, મિથ્યાદૃષ્ટિ દેવો વિષયોમાં આસક્ત હોવાને કારણે આ મારા કયા કૃત્યનું ફળ છે ? તે પ્રમાણે વિચારણા કરતા નથી; પરંતુ પ્રાપ્ત થયેલ ભોગાદિમાં લીન હોય છે. એ જ રીતે દેવલોકમાં ઉત્પન્ન થયા પછી ભોગાદિમાં આસક્ત હોવાને કારણે, ઉત્તમ ભોગસામગ્રીને પામીને મારે પૂર્વમાં શું કરવું જોઈએ, પશ્ચાત્ શું કરવું જોઈએ કે જેથી મારું હિત થાય ? એ પ્રકારની વિચારણા પણ તેઓ કરતા નથી.

ટીકાર્થ :-

पञ्चवस्तुकेऽप्युक्तं – પંચવસ્તુકમાં પણ કહેવાયું છે. अपि થી ઉપદેશપદમાં કહેવાયું છે તેનો સમુચ્ચય છે.

तह तह ..... जुत्तीए ।=જે જે પ્રકારે તેનો બોધ થાય તે તે પ્રકારે વ્યાખ્યાન કરવું જોઈએ. આગમિક આગમથી, વળી યુક્તિગમ્ય યુક્તિથી વ્યાખ્યાન કરવું જોઈએ, અર્થાત્ શબ્દાર્થમાત્રમાં વ્યામોહ ન કરવો જોઈએ.

'निर्युक्तावपि' - નિર્યુક્તિમાં પણ કહેવાયું છે. 'अपि' થી પંચવસ્તુકમાં કહેવાયું છે, તેનો સમુચ્ચય છે.

जं जह ..... त्ति ।સૂત્રમાં જે પ્રમાણે જે કહેવાયું છે, તે જ પ્રમાણે છે. જો તેની વિચારણા નથી અર્થાત્ વિશેષ વિચારણા નથી તો કાલિક અનુયોગ દૃષ્ટિપ્રધાનોથી કેમ બતાવાયો ?

✪ त्ति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

જે પ્રમાણે સૂત્રમાં કહ્યું હોય તે જ પ્રમાણે તેનો અર્થ કરવાનો હોય તો, દૃષ્ટિપ્રધાન એવા પૂ. ભદ્રબાહુસ્વામી વડે કાલિક અનુયોગ=ઉત્તરાધ્યયનાદિ કાલિકસૂત્રનું વ્યાખ્યાન કરાયું, તે સંગત થાય નહિ, કેમ કે વ્યાખ્યાનથી જ તેના અર્થનો બોધ થાય છે. અને સૂત્રના અનેક અર્થો થતા હોય છે, તેથી જો વ્યાખ્યાન કરવામાં ન આવે તો સૂત્રના જુદા જુદા અર્થનો બોધ થઈ શકે નહિ. તેથી પૂજ્ય ભદ્રબાહુસ્વામીએ વ્યાખ્યાન કરીને કયા સૂત્રનો કયો અર્થ ગ્રહણ કરવો છે, તે બતાવ્યું છે. તેથી સૂત્રો યથાશ્રુતાર્થમાત્ર ગ્રહણ કરવાનાં હોતાં નથી, પરંતુ તે સૂત્રનું ઐદંપર્ય શું છે, તે નક્કી કરવાનું હોય છે, અને તેના માટે જ વ્યાખ્યાનની આવશ્યકતા છે. આથી જ પૂજ્ય ભદ્રબાહુસ્વામીએ કાલિકસૂત્રનો અનુયોગ કરેલ છે.

ઉત્થાન :-

પૂર્વમાં સિદ્ધ કર્યું કે વિમાનના અધિપતિ સર્વ સમ્યગ્દૃષ્ટિ જ હોય છે, અને તેઓ પ્રતિમાની પૂજા કરે છે, તેથી પ્રતિમા પૂજનીય છે. ત્યાં પૂર્વપક્ષી શંકા કરતાં **'ननु'** થી કહે છે -

ટીકા :-

ननु अल्पबहुत्वविचारे सर्वसंज्ञिभ्यो ज्योतिष्का देवाः संख्येयगुणा उक्ताः तेषु च चंद्रसूर्यादीनां विमानाधिपतीनां सम्यग्दृष्टित्वनियमे सम्यग्दृष्टिभ्यो मिथ्यादृष्टीनां संख्येयगुणत्वे सिद्धे मतिश्रुतज्ञानिभ्यो विभंगज्ञानिनः संख्येयगुणा एव संपद्येरन् उक्ताश्चागमेऽसङ्ख्यातगुणाः तस्मादनन्यगत्या चंद्रसूर्यादयो बहवः सपरिकरा अपि मिथ्यादृष्टित्वेन व्यपदेश्या इति चेत् ? मैवं, गत्यन्तरस्य विद्यमानत्वात् । तथाहि-सम्यक्त्वं तावद् द्रव्यभावभेदाद्द्विविधं, तत्र परमार्थापरिज्ञानेऽपि भगवद्वचनतत्त्वरुचिराद्यं परमार्थपरिज्ञानं च द्वितीयम्, तदाह - 'तुहवयणतत्तरुई, परमत्थमयाणओवि दव्वगयं । इयरं पुण तुह समए परमत्थावगमओ होई' **त्ति परमार्थपरिज्ञानेन च यदोत्तरोत्तरोत्कर्षमासादयतां स्वविषयश्रद्धायां भावसम्यक्त्वव्यपदेशः क्रियते, तदाऽधस्तनपरिज्ञानजनितश्रद्धायां द्रव्यसम्यक्त्वव्यपदेशो भवति, अत एवाविविक्तषट्कायपरिज्ञानेऽपि चरणकरणतत्त्वपरिज्ञानपूर्वकतत्पालनेऽपि च स्याद्वादेन विविक्तषट्कायपरिज्ञानं विना स्वसमयपरसमयविवेचनं विना चौघतस्तद्रागमात्रेण द्रव्यसम्यक्त्वं संमतौ निर्णीतम् ।** तदाह - 'छप्पियजीवनिकाए, सद्दहमाणो ण सद्दहइ भावा । हंदी अपज्जवेसु वि सद्दहणा होइ अविभत्ता ।। (सम्मत्ति० ३/२८) (णियमेन सद्दहंतो छक्काए भावओ न सद्दहइ-इति पूर्वार्द्धः मुद्रितपुस्तके) । चरण करणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा । चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण याणंति ।। (३/६७) **इत्यादि । एवं अविविक्तेन देवगुरुधर्मश्रद्धानेन, नवतत्त्वश्रद्धानेन, गुरुपारतंत्र्यादिना च द्रव्यसम्यक्त्वमेव व्यपदिशन्ति श्रुतवृद्धाः । यदारोपणपूर्वं चारित्रारोपणमपि सफलतामास्कन्देत यदाहु -** 'गुरुपारतंतनाणं' **इत्यादि । एतादृशानि च द्रव्यसम्यक्त्वानि शुभात्मपरिणामविशेषानुगतानि भावसम्यक्त्वमपि न व्यभिचरन्ति अर्पितानर्पितसिद्धेः उभयरूपाविरोधात, अत एव रुचिभेदा अपि द्रव्यसम्यक्त्वरूपेणाभासमाना अपि क्षायोपशमिकादिभेदेष्वेवान्तर्भाविता वाचकचक्रवर्तिना प्रज्ञप्तौ । तथाहि -** 'किंचेहुवाइभेया, दसहावीदं परूविअं समए । ओहेण तंपिमेसिं भेआणमभिन्नरूवं तु ।। **त्ति । (श्रावकप्रज्ञ० श्लोक-५२)**

ટીકાર્થ :-

ननु ..... विद्यमानत्वात् । અલ્પબહુત્વના વિચારમાં સર્વ સંજ્ઞી કરતાં જ્યોતિષ્ક દેવો સંખ્યાતગુણા કહેલા છે, અને તેઓમાં=જ્યોતિષ્ક દેવોમાં, ચંદ્ર-સૂર્યના વિમાનાધિપતિઓનો સમ્યગ્દૃષ્ટિપણાનો નિયમ માને છતે, સમ્યગ્દૃષ્ટિઓ કરતાં મિથ્યાદૃષ્ટિઓનું સંખ્યાતગુણપણું સિદ્ધ થયે છતે, મતિ-શ્રુતજ્ઞાનીઓથી વિભંગજ્ઞાનીઓ સંખ્યાતગુણા જ પ્રાપ્ત થાય. અને આગમમાં અસંખ્યાતગુણા કહેલા છે, તેથી કરીને અનન્યગતિ હોવાને કારણે ઘણા પરિવાર સહિત પણ ચંદ્ર-સૂર્યાદિ મિથ્યાદૃષ્ટિપણા વડે વ્યપદેશ્ય છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -

'मैवं' એમ ન કહેવું, કેમકે ગત્યંતરનું વિદ્યમાનપણું છે.

વિશેષાર્થ :-

અલ્પબહુત્વના વિચારમાં સર્વ સંજ્ઞી કરતાં જ્યોતિષ્ક દેવો સંખ્યાતગુણા કહેલા છે. યદ્યપિ સંજ્ઞીજીવોમાં જ્યોતિષ્ક દેવો પણ પ્રાપ્ત થાય છે, તેથી સર્વ સંજ્ઞી કરતાં જ્યોતિષ્ક દેવો સંખ્યાતગુણા સંભવે નહિ, પણ જ્યોતિષ્ક દેવોને છોડીને સર્વ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો, દેવો, નારકો અને મનુષ્યોને ગ્રહણ કરીએ તો તેની અપેક્ષાએ જ્યોતિષ્ક દેવો સંખ્યાતગુણા છે. અને તેઓમાં=જ્યોતિષ્ક દેવોમાં, ચંદ્ર-સૂર્યના વિમાનાધિપતિ સમ્યગ્દૃષ્ટિ છે, એવો નિયમ માનીએ તો સમ્યગ્દૃષ્ટિઓ કરતાં મિથ્યાદૃષ્ટિઓ સંખ્યાતગુણા સિદ્ધ થાય. કેમ કે જ્યોતિષ્ક દેવો સર્વ સંજ્ઞી કરતાં સંખ્યાતગુણા છે, અને જ્યોતિષ્ક દેવોના અધિપતિ એવા ચંદ્ર-સૂર્યને સમ્યગ્દૃષ્ટિ માનવામાં આવે તો તેઓનો પરિવાર પરિમિત સંખ્યાવાળો જ છે, પણ અસંખ્યાતગુણો નથી. અને જ્યોતિષ્ક દેવોને છોડીને અન્ય દેવોને સંજ્ઞીથી ગ્રહણ કરીએ તો પણ તેઓ સૂર્ય-ચંદ્રના અધિપતિ કરતાં ઓછી સંખ્યામાં છે, તેથી વિમાનાધિપતિઓને સમ્યગ્દૃષ્ટિ માનીએ તો સમ્યગ્દૃષ્ટિ કરતાં મિથ્યાદૃષ્ટિ જીવો સંખ્યાતગુણા જ સિદ્ધ થઈ શકે. અને તે રીતે સિદ્ધ થવાથી મતિ-શ્રુતજ્ઞાનીથી વિભંગજ્ઞાનીઓ સંખ્યાતગુણા જ પ્રાપ્ત થાય, અને આગમમાં અસંખ્યાતગુણા કહેલા છે. તેથી વિમાનાધિપતિઓને મિથ્યાદૃષ્ટિ તરીકે સ્વીકાર્યા વગર મતિ-શ્રુતજ્ઞાનીથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા આગમમાં કહેલા છે, એની સંગતિ કરવાનો બીજો કોઈ ઉપાય નહિ હોવાને કારણે, ઘણા પરિવાર સહિત ચંદ્ર-સૂર્યાદિ પણ મિથ્યાદૃષ્ટિ તરીકે માનવા જોઈએ. તેથી મિથ્યાદૃષ્ટિ એવા વિમાનાધિપતિ વડે મૂર્તિની પૂજા કરાતી હોય તો તે ધર્મસ્થિતિ સિદ્ધ થાય નહિ, પરંતુ દેવસ્થિતિ માનવી જ ઉચિત ગણાય, એ પ્રમાણે શંકાકારનો આશય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, આગમમાં વિભંગજ્ઞાનીઓને અસંખ્યાતગુણા કહેલ છે, તેનું સમાધાન બીજી રીતે થઈ શકે છે.

ઉત્થાન :-

તે જ સમાધાન '**तथाहि**' ..... **सम्यक्त्वाकर्षान्यथानुपपत्तेः** સુધીના કથનથી બતાવતાં કહે છે કે -

ટીકાર્થ :-

तथाहि ..... द्वितीयम् । **સમ્યક્ત્વ દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનું છે. ત્યાં પરમાર્થના અપરિજ્ઞાનમાં પણ ભગવદ્ વચનરૂપ જે તત્ત્વ, તે તત્ત્વની રુચિ એ આદ્ય=દ્રવ્યસમ્યક્ત્વ છે, અને પરમાર્થનું પરિજ્ઞાન એ દ્વિતીય=ભાવસમ્યક્ત્વ છે.**

વિશેષાર્થ :-

(૧) **દ્રવ્યસમ્યક્ત્વ :-** ભગવાનનું વચન જ તત્ત્વ છે, શેષ અતત્ત્વ છે; આવા પ્રકારની પરમાર્થના અપરિજ્ઞાનમાં પણ વર્તતી રુચિ, તે દ્રવ્યસમ્યક્ત્વ છે.

(૨) **ભાવસમ્યક્ત્વ :-** સ્વસમય અને પરસમયના અર્થાત્ સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતના સમ્યગ્ બોધને કારણે ભગવાનના વચનનો જે પરમાર્થ છે તેનો બોધ, તે ભાવસમ્યક્ત્વ છે.

ઉત્થાન :-

'तदाह' થી તેમાં સાક્ષી આપતાં કહે છે -

ટીકાર્થ :-

तुहवयण ..... होई' त्ति ।। પરમાર્થને નહિ જાણતો પણ તારા વચનના તત્ત્વની રુચિ એ દ્રવ્યગત=દ્રવ્યસમ્યક્ત્વ છે, વળી તારા સમયમાં=સિદ્ધાંતમાં, પરમાર્થનો અવગમ તે બીજું=ભાવસમ્યક્ત્વ છે. 'त्ति'શબ્દ સાક્ષીપાઠની સમાપ્તિસૂચક છે.

परमार्थ ..... भवति । અને પરમાર્થના પરિજ્ઞાન દ્વારા જ્યારે ઉત્તરોત્તર ઉત્કર્ષને પામતા એવા જીવોની સ્વ-વિષયની શ્રદ્ધામાં=પરમાર્થપરિજ્ઞાન વિષયની શ્રદ્ધામાં, ભાવસમ્યક્ત્વનો વ્યપદેશ કરાય છે ત્યારે અધસ્તનપરિજ્ઞાનજનિત શ્રદ્ધામાં દ્રવ્યસમ્યક્ત્વનો વ્યપદેશ થાય છે.

વિશેષાર્થ :-

જે જીવ સ્વસમય અને પરસમયના વ્યાપારમાં પ્રયત્નશીલ હોય છે, ત્યારે તે જીવ પરમાર્થનું પરિજ્ઞાન કરે છે. અને પરમાર્થના પરિજ્ઞાનને કારણે જ્યારે ઉત્તરોત્તર ઉત્કર્ષને પામતો હોય છે ત્યારે, પરમાર્થના વિષયમાં તેની જે શ્રદ્ધા છે, ત્યાં ભાવસમ્યક્ત્વનો વ્યપદેશ કરાય છે, ત્યારે અધસ્તનપરિજ્ઞાનજનિત શ્રદ્ધામાં દ્રવ્યસમ્યક્ત્વનો વ્યપદેશ થાય છે. અર્થાત્ સ્વસમય અને પરસમયમાં જેનો વ્યાપાર નથી, પરંતુ ઓઘથી પરમાર્થને જણાવનારાં એવાં ભગવાનનાં વચનોમાં જે શ્રદ્ધા છે, તે અધસ્તનપરિજ્ઞાનજનિત શ્રદ્ધા છે, અને ત્યાં દ્રવ્યસમ્યક્ત્વનો વ્યપદેશ થાય છે.

ટીકાર્થ :-

अत एव ..... निर्णीतम् । **આથી કરીને જ અવિવિક્ત ષટ્કાયના પરિજ્ઞાનમાં પણ, અને ચરણકરણ તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક તેના પાલનમાં પણ સ્યાદ્વાદ વડે વિવિક્ત ષટ્કાયના પરિજ્ઞાન વગર અને સ્વસમય-પરસમયના વિવેચન વગર ઓઘથી તેના રાગમાત્રને કારણે=પરમાર્થના રાગમાત્રને કારણે દ્રવ્યસમ્યક્ત્વનો સંમતિમાં નિર્ણય કરાયેલો છે.**

✪ **'अविविक्तषट्कायपरिज्ञानेऽपि'** અહીં **'अपि'** થી એ સમુચ્ચય થાય છે કે, અવિવિક્ત ષટ્કાયનું પરિજ્ઞાન ન હોય તો તો દ્રવ્યસમ્યક્ત્વ હોઈ શકે છે, પણ અવિવિક્ત ષટ્કાયના પરિજ્ઞાનમાં પણ દ્રવ્યસમ્યક્ત્વ છે.

✪ **'चरणकरणतत्त्वपरिज्ञानपूर्वकतत्पालनेऽपि'** અહીં **'अपि'** થી એ સમુચ્ચય થાય છે કે, ચરણકરણતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક તેના પાલન રહિતમાં તો દ્રવ્યસમ્યક્ત્વ હોઈ શકે છે, પણ ચરણકરણતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક તેના પાલનમાં પણ દ્રવ્યસમ્યક્ત્વ છે.

સારાંશ :-

(૧) અવિવિક્ત ષટ્કાયનું પરિજ્ઞાન હોય કે ન હોય, ચરણકરણતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક પાલન હોય કે ન હોય, ઓઘથી ભગવદ્-વચનના રાગને કારણે **દ્રવ્યસમ્યક્ત્વ** છે.

(૨) સ્યાદ્વાદથી વિવિક્ત ષટ્કાયનું પરિજ્ઞાન અને સ્વસમય-પરસમયનું વિવેચન=સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતનું જ્ઞાન, હોય તો **ભાવસમ્યક્ત્વ** છે.

વિશેષાર્થ :-

'**अत एव ..... निर्णीतम्**' સુધીના કથનનું તાત્પર્ય એ છે કે, જે જીવની સૂક્ષ્મપ્રજ્ઞા નથી, તેવો જીવ શાસ્ત્રના વચનથી સ્યાદ્વાદ દ્વારા વિવિક્ત ષટ્કાયનું પરિજ્ઞાન કરી શકતો નથી, પરંતુ અવિવિક્ત ષટ્કાયનું પરિજ્ઞાન ઓઘથી કરે છે. અર્થાત્ શાસ્ત્રમાં એક જીવનિકાય, બે જીવનિકાય ઈત્યાદિ અનેક પ્રકારે જીવોનું વર્ણન કરેલ છે, તેનો તે જ રીતે સૂક્ષ્મબોધ થવો તે વિવિક્ત ષટ્કાય પરિજ્ઞાન છે; અને તે પણ સ્યાદ્વાદથી=નયોની અનેક દૃષ્ટિથી, થાય ત્યારે ભાવસમ્યક્ત્વ છે. અને નયોની દૃષ્ટિ વગર છ જીવનિકાય છે એ પ્રકારનું પરિજ્ઞાન કરે ત્યારે, અને તે જ રીતે સ્વસમય-પરસમયના વિવેચન વગર=જ્ઞાન વગર, ચરણકરણતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક તેનું પાલન હોય છે ત્યારે પણ, દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે. જ્યારે ભાવસમ્યક્ત્વ તો સ્વસમય અને પરસમયના જાણને જ હોય છે.

ટીકાર્થ :-

'**तदाह**' થી તેમાં સાક્ષી આપતાં કહે છે -

छप्पिय ..... अविभत्ता । છ એ પણ જીવનિકાયમાં શ્રદ્ધા કરતો ભાવથી શ્રદ્ધા કરતો નથી. (કેમ કે) ખરેખર, પર્યાયોમાં પણ શ્રદ્ધા અવિભક્ત છે.

चरण ..... इत्यादि । સ્વસમય અને પરસમયના મુકાયેલા વ્યાપારવાળા=સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતના જ્ઞાન વગરના, ચરણકરણમાં પ્રધાનયત્ન હોય તેવા જીવ, નિશ્ચયનયથી શુદ્ધ એવા ચરણકરણના સારને જાણતા નથી, ઈત્યાદિ જાણવું.

एवं ..... श्रुतवृद्धाः । એ રીતે=પૂર્વમાં કહ્યું કે અવિવિક્ત ષટ્કાયના પરિજ્ઞાનમાં દ્રવ્યસમ્યક્ત્વ છે એ રીતે, અવિવિક્ત દેવ, ગુરુ અને ધર્મના શ્રદ્ધાનથી, અવિવિક્ત નવતત્ત્વના શ્રદ્ધાનથી અને અવિવિક્ત ગુરુપારતંત્ર્યાદિથી દ્રવ્યસમ્યક્ત્વનો જ શ્રુતવૃદ્ધો વ્યપદેશ કરે છે.

વિશેષાર્થ :-

(૧) અવિવિક્ત દેવ-ગુરુ-ધર્મનું શ્રદ્ધાન :- જે જીવને અરિહંત એ દેવ છે, સુસાધુ એ ગુરુ છે અને સર્વજ્ઞકથિત ધર્મ એ ધર્મ છે, એ પ્રકારની તીવ્ર રુચિ વર્તતી હોય, પરંતુ સ્વસમય-પરસમયનો બોધ ન હોય તે અવિવિક્ત દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધારૂપ છે. તેથી ત્યાં દ્રવ્યસમ્યક્ત્વ છે, પરંતુ ભાવસમ્યક્ત્વ નથી. જ્યારે ભાવસમ્યક્ત્વ તેમને જ હોય કે જેમને સ્યાદ્વાદથી અનેક રીતે દેવનો, ગુરુનો અને ધર્મનો બોધ છે. તેથી જ દેવ-ગુરુ અને ધર્મનું સ્પષ્ટ સ્વરૂપ, અનેક રીતે અનેક દૃષ્ટિથી, કુદેવ-કુગુરુ અને કુધર્મ કરતાં પૃથગ્રૂપે તે સ્પષ્ટ જોઈ શકે છે.

(૨) **અવિવિક્ત નવતત્ત્વનું શ્રદ્ધાન** :- તે જ રીતે અવિવિક્ત નવ તત્ત્વનું શ્રદ્ધાન તે છે કે, જે જીવ નવ તત્ત્વના સ્વરૂપને સમજ્યો ન હોય, કે સમજ્યો હોય તો પણ શબ્દમાત્રથી જ જાણતો હોય. પરંતુ સ્યાદ્વાદથી જીવાદિ નવે તત્ત્વોનું સ્વરૂપ વિશદ રીતે જાણીને તે વ્યક્તિ નવેય તત્ત્વોના ભાવોમાં સ્થાનના વિનિયોગને કરી શકે છે તેમને જ ભાવસમ્યક્ત્વ હોય છે. અને જેમને આવો વિશદ બોધ નથી, પરંતુ આ નવેય તત્ત્વો ભગવાને કહ્યાં છે, તેથી જેમ ભગવાને કહ્યાં છે, તે તેમ જ છે, એવી ઓઘથી રુચિ હોય છે, તેમને દ્રવ્યસમ્યક્ત્વ હોય છે. અને

(૩) **અવિવિક્ત ગુરુપારતંત્ર્ય** :- તે જ રીતે અવિવિક્ત ગુરુપારતંત્ર્ય એ છે કે, જે સાધુ ગીતાર્થ નથી, છતાં ઓઘથી ગુણવાન એવા ગુરુને ગુરુ તરીકે સ્વીકારે છે; અને તે સાધુનું ગુણવાન એવા ગુરુને પારતંત્ર્ય એ છે કે, આ ગુરુ કલ્યાણના અર્થી છે અને ક્યારેય પણ ભગવાનના વચનની વિરુદ્ધ નહિ બોલે, તે પ્રકારનો નિર્ણય કરીને તેમને ગુરુ તરીકે સ્વીકારે છે, તે અગીતાર્થનું ગુણવાન ગુરુનું પારતંત્ર્ય છે તે અવિવિક્ત ગુરુપારતંત્ર્ય છે. જ્યારે ગીતાર્થને શાસ્ત્રમાં બતાવેલ ગુણવાન ગુરુનું સ્વરૂપ અવબુદ્ધ હોય છે, અને તેવા ગુણોથી કલિત ગુરુનો નિર્ણય કરીને તેમનું પારતંત્ર્ય સ્વીકારે છે, જે વિવિક્ત ગુરુપારતંત્ર્યરૂપ છે.

ટીકાર્થ :-

यदारोपणपूर्वं ..... आस्कन्देत् । જેના આરોપણપૂર્વક=પૂર્વમાં કહ્યું કે અવિવિક્ત દેવ-ગુરુ-ધર્મનું શ્રદ્ધાન આદિ દ્વારા દ્રવ્યસમ્યક્ત્વ છે, તેના આરોપણપૂર્વક ચારિત્ર પણ સફળતાને પામે છે.

'यदाहुः' થી તેમાં સાક્ષી આપતાં કહે છે -

'यदाहुः' જે કારણથી કહ્યું છે - ગુરુપારતંત્ર્ય જ્ઞાન છે ઈત્યાદિ.

વિશેષાર્થ :-

જે જીવમાં અવિવિક્ત દેવ-ગુરુ-ધર્મનું શ્રદ્ધાન કે અવિવિક્ત નવ તત્ત્વનું પરિજ્ઞાન કે અવિવિક્ત ગુરુપારતંત્ર્યાદિ છે, તે જીવમાં વ્રતોચ્ચારણકાળમાં દ્રવ્યસમ્યક્ત્વનો આરોપ કરવામાં આવે છે, અને દ્રવ્યસમ્યક્ત્વના આરોપપૂર્વક તેમનું ચારિત્રનું આરોપણ પણ સફળતાને પામે છે. કેમ કે જ્ઞાન વગર ચારિત્ર સંભવે નહિ અને તેવા જીવમાં જે ગુરુપારતંત્ર્ય છે, તે જ તેમનું જ્ઞાન છે. કેમ કે જ્ઞાની એવા ગુરુનું જ્ઞાન, પારતંત્ર્યને કારણે તેમની પ્રવૃત્તિમાં ઉપયોગી બને છે, તેથી તે જ્ઞાનપૂર્વકનું ચારિત્ર હોવાથી સફળતાને પામે છે.

ટીકાર્થ :-

एतादृशानि ..... अविरोधात् । અને શુભાત્મપરિણામવિશેષથી અનુગત એવાં આવા પ્રકારનાં દ્રવ્યસમ્યક્ત્વો ભાવસમ્યક્ત્વનો પણ વ્યભિચાર પામતાં નથી. કેમ કે અર્પિત વડે અનર્પિતની સિદ્ધિ હોવાથી ઉભયસ્વરૂપનો અવિરોધ છે.

વિશેષાર્થ :-

જે જીવમાં ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ હોય છે, તે જીવમાં પરા શુશ્રૂષા, પરા ચારિત્રરાગ અને પરા વૈયાવચ્ચના ગુણરૂપ શુભાત્મપરિણામવિશેષ વર્તે છે. અને તેવા આત્મપરિણામવિશેષથી અનુગત એવા પૂર્વમાં વર્ણન કરાયેલાં દ્રવ્યસમ્યક્ત્વો અર્થાત્ અવિવિક્ત દેવ-ગુરુ-ધર્મ શ્રદ્ધાનરૂપ કે અવિવિક્ત નવ તત્ત્વ શ્રદ્ધાનરૂપ કે અવિવિક્ત ગુરુપારતંત્ર્યરૂપ કે અવિવિક્ત ષટ્કાયના પરિજ્ઞાનરૂપ કે સ્વસમય-પરસમયના પરિજ્ઞાન વગર ચરણકરણના પરિજ્ઞાનપૂર્વક તેના પાલનરૂપ જે દ્રવ્યસમ્યક્ત્વો છે, તે ભાવસમ્યક્ત્વને પણ વ્યભિચરતાં નથી.

કહેવાનો આશય એ છે કે, જે જીવમાં દ્રવ્યસમ્યક્ત્વ વર્તે છે, તે જીવમાં ગૌણરૂપે ભાવસમ્યક્ત્વ પણ વર્તે છે; કેમ કે અર્પિત વડે અનર્પિતની સિદ્ધિ હોવાથી ઉભયરૂપનો અવિરોધ છે. અર્થાત્ જ્યારે દ્રવ્ય અને ભાવ ઉભય સમ્યક્ત્વ વિદ્યમાન હોય ત્યારે, કોઈ એકની મુખ્યતા કરીને અર્પણા કરવામાં આવે છે. તેથી જે જીવમાં શુભાત્મપરિણામવિશેષ વિદ્યમાન છે, તે જીવમાં અવિવિક્ત દેવ-ગુરુ-ધર્મશ્રદ્ધાનાદિ ભાવોને મુખ્ય કરીને અર્પિત કરવામાં આવે છે, તેથી ત્યાં દ્રવ્યસમ્યક્ત્વ કહેવામાં આવે છે; પરંતુ તે મુખ્યરૂપે અર્પણા કરવાને કારણે અનર્પિત એવા ગૌણભાવની સિદ્ધિ થાય છે કે જે શુભાત્મપરિણામવિશેષ ભાવસમ્યક્ત્વસ્વરૂપ છે. તેથી તે જીવમાં દ્રવ્યભાવઉભયરૂપ સમ્યક્ત્વનો અવિરોધ છે.

ટીકાર્થ :-

अत एव ..... प्रज्ञप्तौ । આથી કરીને જ=શુભાત્મપરિણામવિશેષથી અનુગત એવાં દ્રવ્યસમ્યક્ત્વો ભાવસમ્યક્ત્વને વ્યભિચરતાં નથી આથી કરીને જ, દ્રવ્યસમ્યક્ત્વરૂપે આભા સમાન પણ રુચિના ભેદો પણ ક્ષાયોપશમિકાદિ ભેદોમાં જ વાચક ચક્રવર્તી વડે શ્રાવકપ્રજ્ઞપ્તિમાં અંતર્ભાવ કરાયેલા છે.

तथाहि - તે આ પ્રમાણે - किंचेहुवाइभेया ..... त्ति । વળી સંક્ષેપરુચિ વગેરે ઉપાધિના ભેદથી આગમમાં આ=સમ્યક્ત્વ, દશ પ્રકારનું પ્રરૂપિત છે, તો પણ ઓઘથી આ ભેદોનું=દશ પ્રકારના ભેદોનું, ક્ષાયોપશમિક આદિ ભેદોથી અભિન્ન સ્વરૂપ જ છે.

'ति' શબ્દ શ્રાવકપ્રજ્ઞપ્તિના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

✪ **'रुचिभेदाऽपि'** અહીં **'अपि'** થી એ સમુચ્ચય કરવો છે કે, રાગાદિરહિત ઉપયોગનો તો ક્ષાયોપશમિક આદિ ભેદોમાં અંતર્ભાવ કર્યો, પણ રુચિભેદોનો પણ ક્ષાયોપશમિક આદિ ભેદોમાં અંતર્ભાવ થાય છે.

✪ **'द्रव्यसम्यक्त्वरूपेणाभासमानाऽपि'** અહીં **'अपि'** થી એ સમુચ્ચય થાય છે કે, ભાવસમ્યક્ત્વનો ક્ષાયોપશમિક આદિ ભેદોમાં અંતર્ભાવ થાય છે, પણ દ્રવ્યસમ્યક્ત્વરૂપે આભા સમાન પણ રુચિભેદોનો ક્ષાયોપશમિક આદિ ભેદોમાં અંતર્ભાવ થાય છે.

વિશેષાર્થ :-

દશ પ્રકારના રુચિના ભેદો શાસ્ત્રમાં કહેલા છે, તે પરમાર્થના અપરિજ્ઞાનવાળી અવસ્થાવાળા છે,

તેથી દ્રવ્યસમ્યક્ત્વરૂપ છે; તો પણ ક્ષાયોપશમિકાદિ ભેદવાળું જે સમ્યગ્દર્શન છે, તેમાં જે તેનો અંતર્ભાવ કરવામાં આવ્યો છે, તેથી ક્ષાયોપશમિકાદિ ભેદરૂપ જે ભાવસમ્યક્ત્વ છે, તે પણ ત્યાં અવશ્ય છે. તેથી જ્યાં દ્રવ્યસમ્યક્ત્વની અર્પણા કરવામાં આવે છે ત્યાં ગૌણરૂપે ભાવસમ્યક્ત્વ છે, એ અર્થ દ્યોતિત થાય છે. ફક્ત પરમાર્થનાં પરિજ્ઞાનવાળામાં ભાવસમ્યક્ત્વ મુખ્યરૂપે છે, અને પરમાર્થના અપરિજ્ઞાનવાળામાં ભાવસમ્યક્ત્વ ગૌણરૂપે છે.

ઉત્થાન :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે, દસ પ્રકારના રુચિના ભેદો દ્રવ્યસમ્યક્ત્વરૂપ છે અને તે દ્રવ્યસમ્યક્ત્વ પણ દર્શનમોહનીયના ક્ષયોપશમાદિમાં જ અંતર્ભાવ પામે છે, તેથી તે દસ પ્રકારનાં દ્રવ્યસમ્યક્ત્વો ભાવસમ્યક્ત્વથી અનુવિદ્ધ છે. ત્યાં દસે પ્રકારના દ્રવ્યસમ્યક્ત્વને ભાવસમ્યક્ત્વરૂપે સ્વીકારની કોઈકની શંકા કરીને સમાધાન કરે છે -

ટીકા :-

न चैते श्रुतोक्तत्वान्निरुपचरितभावसम्यक्त्वभेदा एव भविष्यन्तीति शंकनीयम् । रागादिरहितोपयोगरूपभावसम्यक्त्वलक्षणाव्याप्तेः, 'दसविहे सरागसम्मद्दंसणे प० तं०-णिसग्गुवएसरुई' **त्यादिस्थानांगवचनेन तेषां रागानुगतत्वप्रतिपादनाद् मोक्षमार्गे च वीतरागस्यैव भेदस्य ग्रहणौचित्यात् ।**

ટીકાર્થ :-

न चैते ..... अव्याप्तेः । અને આ દસ પ્રકારના રુચિના ભેદો શ્રુતોક્તપણું હોવાને કારણે નિરુપચરિત ભાવસમ્યક્ત્વના ભેદો જ થશે, એ પ્રમાણે શંકા ન કરવી. કેમ કે રાગાદિરહિત ઉપયોગરૂપ ભાવસમ્યક્ત્વંના લક્ષણની અવ્યાપ્તિ છે.

✪ અહીં શંકાકારે નિરુપચરિત ભાવસમ્યક્ત્વ એટલા માટે કહેલ છે કે, દ્રવ્યસમ્યક્ત્વ એ સમ્યક્ત્વનું કારણ હોવાથી ઉપચરિત સમ્યક્ત્વ છે, અને ભાવસમ્યક્ત્વમાં સમ્યક્ત્વનો ઉપચાર નહિ હોવાથી નિરુપચરિત ભાવસમ્યક્ત્વ છે.

વિશેષાર્થ :-

દસે પ્રકારના સમ્યક્ત્વના ભેદો શ્રુતમાં કહેલા છે, તેથી તે ભાવસમ્યક્ત્વના ભેદો હોઈ શકે, દ્રવ્યસમ્યક્ત્વના નહિ, એ પ્રકારની કોઈકને શંકા થાય. તેનું નિરાકરણ કરતાં કહે છે કે, સમ્યક્ત્વ એ આત્માનો પરિણામ છે અને તે રાગાદિરહિત ઉપયોગરૂપ છે. કેમ કે સિદ્ધાવસ્થા એ વીતરાગભાવસ્વરૂપ છે અને તેના કારણભૂત રત્નત્રયનો પરિણામ છે, જે કષાયના અભાવસ્વરૂપ જ હોઈ શકે; અને તદંતર્ગત જ કર્મના ક્ષય કે ક્ષયોપશમથી પેદા થયેલ સમ્યગ્દર્શનનો પરિણામ છે, તેથી સમ્યગ્દર્શન એ રુચિરૂપ જીવનો પરિણામ થઈ શકે નહિ. પરંતુ દસ પ્રકારની રુચિ એ સમ્યગ્દર્શનની નિષ્પત્તિનું કારણ હોવાને કારણે

દ્રવ્યસમ્યક્ત્વરૂપ છે, અને તે રુચિથી જન્ય રાગાદિરહિત જીવના ઉપયોગસ્વરૂપ તે ભાવસમ્યક્ત્વ છે. અને તે ભાવસમ્યક્ત્વનું લક્ષણ આ દસ પ્રકારના સમ્યક્ત્વમાં જતું નહિ હોવાથી તે દસે સમ્યક્ત્વો દ્રવ્યસમ્યક્ત્વરૂપ છે.

ભાવસમ્યક્ત્વ એટલે અસંગઅનુષ્ઠાનકાળમાં વર્તતો જીવનો રાગાદિ રહિત ઉપયોગ, જે નિશ્ચયનયનું સમ્યક્ત્વ છે, અને સરાગસંયમીને પણ જે તત્ત્વની રુચિ તે પણ દ્રવ્યસમ્યક્ત્વ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, દસ પ્રકારના સમ્યક્ત્વમાં રાગાદિરહિત ઉપયોગરૂપ ભાવસમ્યક્ત્વના લક્ષણની અવ્યાપ્તિ છે, તેમાં હેતુ કહે છે -

ટીકાર્થ :-

दसविहे ..... प्रतिपादनाद् દસ પ્રકારે સરાગ સમ્યગ્દર્શન કહેલું છે. તે આ પ્રમાણે - નિસર્ગરુચિ, ઉપદેશરુચિ **ઈત્યાદિ સ્થાનાંગના વચનથી તેઓનું રાગાનુગતપણાનું પ્રતિપાદન હોવાથી રાગાદિરહિત ઉપયોગરૂપ ભાવસમ્યક્ત્વના લક્ષણની દસ પ્રકારના સમ્યક્ત્વમાં અવ્યાપ્તિ છે.**

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે ભાવસમ્યક્ત્વનું લક્ષણ રાગાદિરહિત ઉપયોગરૂપ માત્ર કેમ ગ્રહણ કરવામાં આવે છે, પરંતુ તત્ત્વની રુચિને ભાવસમ્યક્ત્વરૂપે કેમ ગ્રહણ કરાતું નથી ? તેથી કહે છે -

ટીકાર્થ :-

मोक्षमार्गे ..... ग्रहणौचित्यात् । અને મોક્ષમાર્ગમાં વીતરાગરૂપ જ ભેદના ગ્રહણનું ઔચિત્ય છે.

વિશેષાર્થ :-

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ છે અને મોક્ષ એ રાગાદિરહિત જીવની અવસ્થારૂપ છે, તેથી મોક્ષના કારણભૂત સમ્યગ્દર્શનાદિ પણ રાગાદિરહિત ઉપયોગ સ્વરૂપ જ માનવાં ઉચિત છે. તેથી રાગાદિરહિત ઉપયોગરૂપ સમ્યગ્દર્શનને જ ગ્રહણ કરવું ઉચિત છે, પરંતુ રાગાદિ અંશવાળુ સમ્યગ્દર્શન એ ઉપચારથી સમ્યગ્દર્શન છે. વાસ્તવિક રીતે રાગાંશ એ આત્માનો પરિણામ નથી, તેથી તેને સમ્યગ્દર્શનરૂપે સ્વીકારી શકાય નહિ.

ટીકા :-

तदयमपेक्षयैव द्रव्यभावविभागो भावनीयः । केवलं द्रव्यसम्यक्त्वं त्वपुनर्बंधकस्यैव लोकोत्तर-बीजपरिग्रहवशतो मिथ्यादृष्टिसंस्तवपरित्यागपूर्वकसंघचैत्यादिभक्तिकृत्यपरायणस्य भवति, अप्राधान्य-योग्यत्वार्थभेदेन द्रव्याज्ञापदप्रवृत्तेर्ग्रंथिकसत्त्वापुनर्बंधकयोर्यथायोगमुपदेशपदे व्यवस्थापनात्तदाह- 'गंठिगसत्तापुणबंधगाइआणं तु दव्वओ आणा । णवरमिहदव्वसद्दो, भइअव्वो सुत्तणीईए ।। एगो अपाहन्ने

केवलए चेव वट्टइ एत्थ । अंगारमद्दगो जह दव्वायरिओ सयाऽभव्वो ।। त्ति (गा० २५३-२५४) । **तद् यथोदितभगवदर्चादिपरायणानां ज्योतिष्कविमानाधिपतीनामप्यंततः केषाञ्चिदपुनर्बंधकतयापि द्रव्यसम्यक्त्वमविरुद्धमेव । तद्दशायां चेषन्मालिन्यभागिविभङ्गज्ञानसंभवे यथोक्तसंख्यापूर्तौ न किञ्चिद् बाधकं पश्यामः, रुचिसाम्येऽपि केवलिगम्यस्य भावभेदस्यावश्यमाश्रयणीयत्वात्, क्रियासाम्येऽपि, संयतादीनां सम्यक्त्वाकर्षान्यथानुपपत्तेः ।**

टीकार्थ :-

तदयम् ..... भावनीयः । ते कारणथी=पूर्वमां कह्युं के, आ दस प्रकारनां सराग सम्यग्दर्शनो भावसम्यक्त्वने व्यभिचरतां नथी ते कारणथी, अपेक्षाओ जआ द्रव्य-भावनो विभाग भावन करवो.

विशेषार्थ :-

परमार्थना अपरिज्ञानमां पण भगवद्वचननी रुचिनी अपेक्षाओ पदार्थ यथार्थ देखाय छे, तेथी त्यां द्रव्यसम्यक्त्व छे, अने दर्शनमोहनीयना क्षयोपशमनी अपेक्षाओ भावसम्यक्त्व छे. अने परमार्थना परिज्ञानवाळाने तत्त्व प्रत्येनो यथार्थ बोध होवाने कारणे ते तत्त्वने तत्त्वरूपे जुओ छे, तेथी त्यां भगवद्वचननो राग मुख्य नथी, पण निर्मळ बोध ज तत्त्वने यथार्थ देखाडे छे; अने ते प्रमाणे ज रागादि रहित उपयोग सर्वत्र प्रवर्तावे छे, तेथी त्यां भावसम्यक्त्व मुख्य छे. आम छतां जे आज्ञाग्राह्य पदार्थमां तेमने जे तत्त्व देखाय छे, त्यां भगवानना वचननो राग ज कारण छे, आम छतां तेनी गौणरूपे विवक्षा करेल छे. तेथी परमार्थना परिज्ञानवाळाने गौणरूपे द्रव्यसम्यक्त्व पण छे.

टीकार्थ :-

केवलं ..... व्यवस्थापनात् । केवल द्रव्यसम्यक्त्व वळी, लोकोत्तर बीजना परिग्रहना वशथी मिथ्यादृष्टिसंस्तव परित्यागपूर्वक संघचैत्यादिभक्तिकृत्यमां परायण एवा अपुनर्बंधकने ज होय छे.

तेमां हेतु कहे छे - अप्राधान्य अने योग्यत्वना अर्थभेदथी द्रव्याज्ञापदनी प्रवृत्तिनुं (अन्य) ग्रंथिक सत्त्वमां=अपुनर्बंधकथी अन्य एवा ग्रंथिदेशमां रहेला जीवमां, अने अपुनर्बंधकमां यथायोग= यथाक्रम, उपदेशपदमां व्यवस्थापन छे.

✪ टीकामां '**द्रव्याज्ञापदप्रवृत्तेः**' पछी **ग्रंथिकसत्त्वापुनर्बंधकयोः** पाठ छे, त्यां '**अन्यग्रंथिकसत्त्वापुनर्बंधकयोः**' ए प्रमाणे पाठ होवानी संभावना छे. केम के '**तदाह**' - थी उपदेशपदनी साक्षी आपे छे तेमां '**गंठिगसत्तापुणबंधगाइआणं**' त्यां ग्रंथिकसत्त्व एवा अपुनर्बंधकादि ए प्रकारे कर्मधारय समास करेल छे, अने त्यां आदिपदथी अभव्यादिने ग्रहण करेल छे. अभव्यादिमां आदि पदथी सकृद्बंधकादिनुं ग्रहण करवुं.

तेथी ए प्राप्त थाय के, अपुनर्बंधक पण ग्रंथिकसत्त्व छे अने अभव्यादि पण ग्रंथिकसत्त्व छे. परंतु अपुनर्बंधकने योग्यत्वरूप द्रव्याज्ञा छे अने अन्यग्रंथिकसत्त्वने अप्राधान्यार्थक द्रव्याज्ञा छे, तेथी त्यां 'अन्य' पद होवानी संभावना छे.

વિશેષાર્થ :-

સુદેવ, સુગુરુ અને સુધર્મના સ્વીકારરૂપ લોકોત્તર બીજના પરિગ્રહના વશથી, જિનશાસનવર્તી અપુનર્બંધક પણ, મિથ્યાદૃષ્ટિના સંસ્તવના પરિત્યાગપૂર્વક ચતુર્વિધ સંઘની અને ચૈત્યાદિની ભક્તિના કૃત્યમાં પરાયણ હોય છે, અને તેવા અપુનર્બંધકને કેવલ દ્રવ્યસમ્યક્ત્વ હોય છે. કેમ કે જિનશાસનવર્તી હોવાને કારણે ગુરુ આદિ પાસે જ્યારે સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે, ત્યારે તે પ્રતિજ્ઞા કરે છે કે, આજ પછી સુદેવ, સુગુરુ અને સુધર્મને છોડીને અન્ય કોઈને હું સ્વીકારીશ નહિ. તે જ તેનું લોકોત્તર બીજનું પરિગ્રહ છે, અને તેના કારણે જ તે હંમેશાં મિથ્યાદૃષ્ટિથી દૂર રહે છે, અને દર્શનાચારની શુદ્ધિના કારણભૂત સંઘચૈત્યાદિની ભક્તિ કરે છે. આમ છતાં, ચતુર્થાદિ ગુણસ્થાનક નહિ હોવાને કારણે તેનામાં કેવલ દ્રવ્યસમ્યક્ત્વ છે. જ્યારે ચોથાથી છઠ્ઠા ગુણસ્થાનકવાળા જીવોમાં પરમાર્થનું અપરિજ્ઞાન હોય છે ત્યારે, ભાવથી અનુવિદ્ધ એવું દ્રવ્યસમ્યક્ત્વ હોય છે.

અહીં જિનશાસનવર્તી અપુનર્બંધકને કેવલ દ્રવ્યસમ્યક્ત્વ કહ્યું અને તેમાં જે હેતુ કહેલ છે, તેનું તાત્પર્ય આ પ્રમાણે છે -

ભગવાનની આજ્ઞા બે પ્રકારની છે - (૧) દ્રવ્યાજ્ઞા અને (૨) ભાવાજ્ઞા.

ભાવાજ્ઞા ચતુર્થાદિ ગુણસ્થાનકવર્તી સમ્યગ્દૃષ્ટિ આદિને હોય છે, જ્યારે દ્રવ્યાજ્ઞા અપુનર્બંધક અને સકૃદ્બંધકાદિ જીવોને હોય છે, અને તે દ્રવ્યાજ્ઞાપદની પ્રવૃત્તિ અપ્રાધાન્ય અર્થમાં અને યોગ્યત્વ અર્થમાં થાય છે. તેમાં અપુનર્બંધકને યોગ્યત્વ અર્થમાં દ્રવ્યાજ્ઞા હોય છે, અને અપુનર્બંધકની બહારના જીવો જે કાંઈ જિનપૂજાદિ કૃત્યો કરે છે, ત્યાં અપ્રાધાન્ય અર્થમાં દ્રવ્યાજ્ઞા છે, અને તે કથન ઉપદેશપદમાં ગ્રંથિકસત્ત્વ અને અપુનર્બંધકમાં યથાક્રમે કરેલ છે. અર્થાત્ ગ્રંથિકસત્ત્વને અપ્રાધાન્ય અર્થમાં દ્રવ્યાજ્ઞા કહેલ છે અને અપુનર્બંધકને યોગ્યત્વ અર્થમાં દ્રવ્યાજ્ઞા કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ગ્રંથિદેશમાં રહેલા અપુનર્બંધકથી અન્ય જીવો જે કાંઈ ચૈત્યાદિ ભક્તિ કરે છે, તે અપ્રાધાન્ય અર્થમાં દ્રવ્યાજ્ઞાના પાલનરૂપે છે. ત્યાં સ્થૂલ વ્યવહારનયથી સમ્યગ્દર્શન હોવા છતાં પણ ભાવના કારણભૂત એવું દ્રવ્યસમ્યગ્દર્શન નથી. જ્યારે અપુનર્બંધક જે દર્શનાચાર સેવે છે, તે ભાવના કારણભૂત દ્રવ્યસમ્યક્ત્વરૂપ છે. આમ છતાં, ચતુર્થાદિ ગુણસ્થાનક નહિ હોવાને કારણે ત્યાં દ્રવ્યાજ્ઞારૂપ જ દર્શનાચારનું સેવન છે, અને તે જ કારણે ત્યાં કેવલ દ્રવ્યસમ્યક્ત્વ છે.

ટીકાર્થ :-

तदाह - તે કહેલું છે - गंठिग ..... सुत्तणीईए ।। વળી ગ્રંથિકસત્ત્વ એવા અપુનર્બંધકાદિને દ્રવ્યથી આજ્ઞા છે. કેવલ અહીંયાં=ગ્રંથિકસત્ત્વ એવા અપુનર્બંધકાદિને દ્રવ્યથી આજ્ઞા છે એમ કહ્યું ત્યાં, દ્રવ્યશબ્દ સૂત્રની નીતિથી ભજના કરવા યોગ્ય છે.

તે ભજના બતાવતાં કહે છે -

एगो ..... ऽभव्वो ।। त्ति અહીંયાં=આ બે દ્રવ્યશબ્દની મધ્યમાં, કેવલ જ અપ્રાધાન્યમાં એક વર્તે છે=એક

દ્રવ્યશબ્દ વર્તે છે. (તેમાં દૃષ્ટાંત કહે છે -) જે પ્રમાણે અંગારમર્દક દ્રવ્યાચાર્ય સદા અભવ્ય છે. 'त्ति' શબ્દ ઉપદેશપદના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

દ્રવ્યાજ્ઞા ગ્રંથિદેશમાં રહેલાને જ હોય છે. તેમાં અપુનર્બંધક જીવો પણ ગ્રંથિદેશમાં રહેલા છે અને તેઓને પ્રધાન દ્રવ્યાજ્ઞા હોય છે. અને અપુનર્બંધકાદિમાં 'આદિ' પદથી અભવ્ય-દુર્ભવ્યનું પણ ગ્રહણ થાય છે; અને તેઓ પણ ગ્રંથિદેશમાં રહેલા છે, છતાં તેમને અપ્રધાન દ્રવ્યાજ્ઞા હોય છે, તેમાં અંગારમર્દકાચાર્ય દૃષ્ટાંત તરીકે છે.

ટીકાર્થ :-

तद् ..... पश्यामः, **તે કારણથી=પૂર્વમાં કહ્યું કે સંઘચૈત્યાદિ-ભક્તિપરાયણ એવા અપુનર્બંધકને દ્રવ્યસમ્યક્ત્વ છે તે કારણથી, યથોદિત ભગવાનની અર્ચા વગેરેમાં પરાયણ એવા જ્યોતિષ્ક વિમાનના અધિપતિઓને પણ, અંતથી કેટલાકને અપુનર્બંધકપણા વડે પણ, દ્રવ્યસમ્યક્ત્વ અવિરુદ્ધ જ છે. અને તે દશામાં=અપુનર્બંધક દશામાં, કાંઈક માલિન્યભાગી એવા વિભંગજ્ઞાનનો સંભવ હોતે છતે, યથોક્ત સંખ્યાની પૂર્તિમાં=આગમમાં કહેલ અલ્પબહુત્વના વિચારમાં મતિ-શ્રુતજ્ઞાનીથી વિભંગજ્ઞાનીને જે અસંખ્યાતગુણા કહ્યા છે તે સંખ્યાની પૂર્તિમાં, અમે કોઈ બાધ જોતા નથી.**

વિશેષાર્થ :-

જ્યોતિષ્ક વિમાનના અધિપતિઓ શાસ્ત્રમાં કહેલી એવી ભગવદ્ પૂજામાં પરાયણ હોય છે. આમ છતાં, મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા છે, એ સંખ્યા અન્ય રીતે સંગત નહિ થવાથી અંતે કેટલાક વિમાનાધિપતિઓને અપુનર્બંધક અવસ્થા હોવી જોઈએ, એમ માનવું ઉચિત છે. અને તે રીતે પણ તેઓને દ્રવ્યસમ્યક્ત્વ સંગત થાય જ છે. તેથી વિમાનાધિપતિ દ્રવ્યસમ્યક્ત્વને કારણે અથવા ચોથા ગુણસ્થાનકરૂપ ભાવસમ્યક્ત્વથી સંવલિત દ્રવ્યસમ્યક્ત્વને કારણે, ભગવાનની પૂજા કરે છે. તેથી તેમની પૂજા દેવની સ્થિતિ કહી શકાય નહિ, પરંતુ ધર્મરૂપ જ માનવી ઉચિત છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, જ્યોતિષ્ક વિમાનાધિપતિઓને ભગવાનની ભક્તિ આદિ કરવાની સમ્યગ્દૃષ્ટિ જેવી જ રુચિ દેખાય છે, તો તેઓને અપુનર્બંધક તરીકે સ્વીકારીને દ્રવ્યસમ્યક્ત્વ માનવાનું શું પ્રયોજન છે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

रुचिसाम्येऽपि ..... अनुपपत्तेः । **રુચિસામ્યમાં પણ કેવલિગમ્ય એવા ભાવભેદનું અવશ્ય આશ્રયણીયપણું છે. કેમ કે ક્રિયાના સામ્યમાં પણ સંયત વગેરેના સમ્યક્ત્વના આકર્ષની અન્યથા અનુપપત્તિ છે.**

વિશેષાર્થ :-

છઠ્ઠા ગુણસ્થાનકવર્તી મુનિ સંયમની સમ્યગ્ ક્રિયા કરીને જ મુનિભાવને વહન કરતા હોય છે ત્યારે, ક્ષણભર મિથ્યાત્વનાં દલિકોના વિપાકથી સમ્યક્ત્વને વમીને મિથ્યાત્વ અવસ્થામાં પહોંચી જાય છે, અને પાછા તરત જ આકર્ષ દ્વારા સમ્યક્ત્વને પ્રાપ્ત કરી લે છે. જેમ બ્રાહ્મી-સુંદરીએ કે મલ્લિનાથ ભગવાનના આત્માઓએ પૂર્વભવમાં સંયમપાલન વખતે સ્ત્રીવેદ બાંધ્યું ત્યારે, મિથ્યાત્વ ગુણસ્થાનકની પ્રાપ્તિ થઈ, તે જ વખતે તેઓની ચારિત્રની ક્રિયા અન્ય મુનિઓના સરખી જ હતી. તે જ રીતે ભગવાનની ભક્તિમાં પરાયણ એવા જ્યોતિષ્ક વિમાનના અધિપતિઓમાં, કેટલાક સમ્યગ્દૃષ્ટિ અને કેટલાક અપુનર્બંધકને ભગવાનની ભક્તિમાં રુચિ સમાન વર્તતી દેખાવા છતાં, કેવલિગમ્ય એવો ભાવભેદ અવશ્ય સ્વીકારવો જોઈએ. અર્થાત્ કેવલજ્ઞાની ભગવંત જ જાણી શકે તેવો તત્ત્વરુચિવિષયક પરિણતિભેદ સમ્યગ્દૃષ્ટિ અને અપુનર્બંધકમાં અવશ્ય માનવો પડશે.

અહીં વિશેષ એ છે કે, અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિ બંનેને ભગવાનના વચનની પૂર્ણ શ્રદ્ધા દેખાતી હોવા છતાં, અને વિમાનાધિપતિ દેવો બુદ્ધિથી પણ અતિ નિપુણ હોવા છતાં, ક્વચિત્ અપુનર્બંધક અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે, અન્ય સમ્યગ્દૃષ્ટિ દેવો કરતાં તેઓની રુચિ કાંઈક અલ્પમાત્રાવાળી છે, તેવું સ્પષ્ટ વિચારરૂપે ક્યાંય દેખાતું નથી. આ રીતે અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિ દેવો એ બંનેની રુચિ સમાન દેખાવા છતાં, જ્યારે તેઓ અપુનર્બંધક અવસ્થામાં હોય છે ત્યારે, તત્ત્વની રુચિમાં જ કાંઈક ગ્લાનિ હોય છે. તે કેવળજ્ઞાની ભગવંતો જ જોઈ શકે છે, છદ્મસ્થના જ્ઞાનનો વિષય બનતો નથી.

ઉત્થાન :-

પૂર્વમાં સિદ્ધ કર્યું કે વિમાનાધિપતિ એવા દેવો અપુનર્બંધક અવસ્થામાં હોય ત્યારે કેવલ દ્રવ્યસમ્યક્ત્વને કારણે, અથવા ચોથા ગુણસ્થાનકમાં હોય ત્યારે ક્ષયોપશમાદિરૂપ ભાવસમ્યક્ત્વને કારણે, જિનપ્રતિમાની પૂજા કરે છે, તેથી ભગવદ્ મૂર્તિ પૂજનીય છે. ત્યાં શંકા કરતાં પૂર્વપક્ષી '**ननु**' થી કહે છે -

ટીકા :-

ननु पूजास्तावत्समंतभद्राः, सर्वमंगलाः, सर्वसिद्धिफलाः, योगत्रयोत्कर्षभेदभिन्नाः क्रमेणाऽवञ्चकयोगत्रयवतामविरतसम्यग्दृष्ट्युत्तरगुणधारिपरमश्रावकाणां प्रतिपादिताः । तदुक्तम् विंशिकायां 'पढमा पढमावंचकजोगेणं होइ सम्मदिट्ठिस्स । इयरा इयरजोगेण उत्तरगुणधारिणो णेया ।। तइया तइयावंचकजोगेणं परमसावगस्सेव (स्सेवं) । जोगा य समाहीहिं साहुजुगकिरियफलकरणा ।। (पूजाविंशिका-६/७)

ટીકાર્થ :-

ननु ..... प्रतिपादिताः । અવંચકયોગત્રયવાળા અવિરતસમ્યગ્દૃષ્ટિ, ઉત્તરગુણધારી શ્રાવક અને પરમશ્રાવકને ક્રમથી સમંતભદ્રા, સર્વમંગલા અને સર્વસિદ્ધિફલા પૂજા, યોગત્રયના ઉત્કર્ષના ભેદથી ભિન્ન પ્રતિપાદિત કરાયેલી છે.

વિશેષાર્થ :-

શાસ્ત્રમાં પૂજા ત્રણ પ્રકારની કહેલી છે. (૧) સમંતભદ્રા, (૨) સર્વમંગલા અને (૩) સર્વસિદ્ધિફલા. યોગત્રયના ઉત્કર્ષના ભેદથી તે ભિન્ન પ્રકારની છે અર્થાત્ પ્રથમ કાયયોગના ઉત્કર્ષવાળી છે, બીજી વચનયોગના ઉત્કર્ષવાળી છે અને ત્રીજી મનોયોગના ઉત્કર્ષવાળી છે અને ક્રમસર અવંચકયોગત્રયવાળાઓને હોય છે. તે આ પ્રમાણે -

(૧) પહેલી સમંતભદ્રા પૂજા યોગાવંચકવાળાને હોય છે અને તેના સ્વામી અવિરતસમ્યગ્દૃષ્ટિ છે.

(૨) બીજી સર્વમંગલા પૂજા ક્રિયાવંચકવાળાને હોય છે અને તેના સ્વામી ઉત્તરગુણધારી શ્રાવક છે.

(૩) ત્રીજી સર્વસિદ્ધિફલા પૂજા ફલાવંચકવાળાને હોય છે અને તેના સ્વામી પરમશ્રાવક છે.

ટીકાર્થ :-

'तदुक्तम्' - તે=ઉપરમાં ત્રણ પૂજા બતાવી તે, વિંશિકામાં કહેલ છે -

पढमा ..... फलकरणा ।। પહેલી (સમંતભદ્રા પૂજા) પ્રથમ અવંચક (યોગાવંચક) યોગથી સમ્યગ્દૃષ્ટિને હોય છે, બીજી (સર્વમંગલા પૂજા) બીજા અવંચક (ક્રિયાવંચક) યોગથી ઉત્તરગુણધારી (શ્રાવકોને) હોય છે અને ત્રીજી (સર્વસિદ્ધિફલા પૂજા) ત્રીજા અવંચક (ફલાવંચક) યોગથી પરમશ્રાવકને હોય છે. એ પ્રકારની સમાધિઓથી=ત્રણ અવંચકયોગોની ત્રણ પ્રકારની સમાધિઓથી=ચિત્તની સ્વસ્થતાથી, સાધુનો યોગ (સત્પુરુષનો યોગ), સાધુને વંદનની ક્રિયા (સત્ક્રિયાની અવાપ્તિ) અને સાનુબંધ તત્ત્વની પ્રાપ્તિરૂપ ફળ (સાનુબંધ ફળનો લાભ), એ છે કરણો (કાર્યો) જેને એવા ત્રણ યોગો છે=ક્રમસર કાય, વચન અને મનરૂપ ત્રણ યોગો પ્રધાન છે. **આ પ્રમાણે અર્થ ભાસે છે. તત્ત્વ બહુશ્રુતો જાણે.**

✪ અહીં 'एव' છે, ત્યાં વિંશિકામાં 'एवं' પાઠ છે તે મુજબ અર્થ સંગત કરેલ છે.

વિશેષાર્થ :-

પહેલો અવંચકયોગ સાધુના યોગને અવંચક કરનાર છે, અર્થાત્ સાધુનો સમ્યગ્ યોગ કરાવનાર છે. બીજો અવંચકયોગ સાધુને કરાતી વંદનક્રિયાને અવંચક કરનાર છે, અર્થાત્ ક્રિયાના ફળને સમ્યગ્ નિષ્પન્ન કરે તેવા પ્રકારની ક્રિયાને કરાવનાર છે. અને ત્રીજો અવંચકયોગ સાધુ પાસેથી જે ઉપદેશાદિ પ્રાપ્ત થાય છે, તેને અવંચક કરનાર છે અર્થાત્ ઉપદેશને સાનુબંધ ફળવાળો કરનાર છે.

અહીં ત્રણ અવંચકયોગ તે જીવની તેવા પ્રકારની વિશુદ્ધિ સ્વરૂપ છે. ત્યાં પ્રથમ યોગાવંચકમાં ગુણવાનને ગુણવાનરૂપે જોઈ શકે તેવી જીવની શુદ્ધિ હોય છે. તેથી ગુણવાનનો યોગ તેને અવંચક પ્રાપ્ત થાય છે, તેથી તેને યોગાવંચક કહેવાય છે. બીજા ક્રિયાવંચકયોગમાં ગુણવાનને ગુણવાનરૂપે ઓળખ્યા પછી તેમને વંદનાદિ ક્રિયા ગુણની નિષ્પત્તિ કરાવે તેવી તે કરી શકે, તેવી વિશુદ્ધિ જીવમાં છે. તેથી તેની ક્રિયા ફળનિષ્પત્તિ પ્રત્યે અવંચક છે, માટે તે જીવની કરાતી ક્રિયા ક્રિયાવંચક છે. અને ત્રીજા ફલાવંચકયોગમાં

ગુણવાનનો યોગ થવાથી ગુણવાન પાસેથી તત્ત્વની પ્રાપ્તિરૂપ જે ફળ થાય છે, તેને સમ્યગ્ પરિણમન પમાડી શકે તેવી વિશુદ્ધિ જીવમાં છે. તેથી તેને ફલાવંચકયોગ કહેવાય છે. આવી વ્યક્તિ ગુણવાનના ઉપદેશને પામીને ઉપદેશને તે રીતે પરિણામ પમાડે છે કે, જેથી અનુબંધવાળા ફળની પ્રાપ્તિ થાય છે.

(જિજ્ઞાસુએ આ ત્રણ પૂજાનું વિશેષ લખાણ ગીતાર્થગંગામાંથી પ્રકાશિત વિંશતિ વિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધથી જાણવું.)

ટીકા :-

तथा च विभंगज्ञाने मिथ्यात्वबीजसद्भावे कथं सुराणां पूजासंभवो विना देवस्थितिमिति चेत् ? न । अपुनर्बंधकानामपि चैत्यवंदनादिक्रियाधिकारित्वस्य पञ्चाशकादौ व्यवस्थापितत्वात्, संप्राप्तबीजानां भगवदर्चाया भावमार्गप्रापकत्वस्य महापथविशोधकत्वस्य च विंशिकायामेवोक्तत्वाच्च ।

तथाहि -

'पढमकरणभेएणं, गंठियसत्तस्स धम्ममित्तफला ।
साहुज्जुगाइभावो, जायइ तह नाणुबंधु' त्ति ।।
भवठ्ठिइ भंगो एसो, तहय महापहविसोहणो परमो ।
णियविरियसमुल्लासो, जायइ संपन्नबीअस्स ।। (पूजाविंशिका-८/९) **इत्यादि ।**

ટીકાર્થ :-

तथा च ..... व्यवस्थापितत्वात्, અને તે રીતે વિભંગજ્ઞાનમાં મિથ્યાત્વના બીજનો સદ્ભાવ હોતે છતે દેવસ્થિતિને છોડીને વિમાનાધિપતિ એવા દેવોને કઈ રીતે પૂજાનો સંભવ છે ? આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું. કેમ કે અપુનર્બંધકાદિને પણ ચૈત્યવંદનાદિ ક્રિયાના અધિકારીપણાનું પંચાશકાદિમાં વ્યવસ્થાપિતપણું છે. (તેથી સમ્યગ્દૃષ્ટિથી જ પૂજાનો સંભવ છે, એમ કહી શકાય નહિ.)

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે જો પંચાશકાદિમાં અપુનર્બંધકોને પણ ચૈત્યવંદનના અધિકારી કહેલ છે, તો વિંશિકામાં પૂજાના અધિકારી તરીકે તેમને કેમ ગ્રહણ કર્યા નથી ? તેથી બીજો હેતુ કહે છે -

ટીકાર્થ :-

संप्राप्तबीजानां ..... उक्तत्वाच्च । અને સંપ્રાપ્તબીજવાળાઓની ભગવદ્ અર્ચાનું=ભગવાનની પૂજાનું, ભાવમાર્ગપ્રાપકપણાનું અને મહાપથવિશોધકપણાનું વિંશિકામાં જ ઉક્તપણું છે.

વિશેષાર્થ :-

અહીં **संप्राप्तबीजानां** ..... થી..... **उक्तत्वात्** સુધીનું કથન કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, સંપ્રાપ્તબીજવાળા અપુનર્બંધકથી માંડીને સમ્યગ્દૃષ્ટિ આદિ સર્વ જીવો છે, અને સંપ્રાપ્તબીજવાળા એવા અપુનર્બંધકને ભાવમાર્ગની પ્રાપક એવી ભગવાનની પૂજા છે, અને ભગવાનની પૂજા રત્નત્રયીની એકતારૂપ જે મહાપથ છે, તેને વિશુદ્ધ કરનાર છે. આથી અપુનર્બંધક જીવ ભગવાનની પૂજા કરે છે તેના દ્વારા સમ્યગ્દર્શનરૂપ ભાવમાર્ગને પ્રાપ્ત કરી શકે છે; અને રત્નત્રયીની એકતારૂપ જે અસંગભાવ છે, તે રૂપ જે મહાપથ છે, તેના આવારક કર્મનો અપગમ પણ કરી શકે છે. તેથી ધીરે ધીરે તે વીતરાગભાવ તરફ જઈને મહાપથને પ્રાપ્ત કરી શકશે, તેથી તેને મહાપથનો વિશોધક કહેલ છે.

અહીં વિશેષ એ છે કે, અપુનર્બંધક જીવ ભગવાનની પૂજાથી પોતાની ભૂમિકા પ્રમાણે ક્રમે કરીને ભાવમાર્ગની પ્રાપ્તિ કરે છે, અને મહાપંથના આવારક કર્મની પણ વિશુદ્ધિ પોતાની ભૂમિકા પ્રમાણે કરે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો પણ સંપ્રાપ્તબીજવાળા હોય છે, તેથી તેઓ પણ જ્યારે ભગવાનની પૂજા કરે છે, ત્યારે પોતાને પ્રાપ્ત થયેલા ભાવમાર્ગ કરતાં ઉપર ઉપરના ભાવમાર્ગને પ્રાપ્ત કરે છે; અને મોક્ષના કારણભૂત એવા અસંગઅનુષ્ઠાનરૂપ મહાપંથની વિશુદ્ધિ પણ ભગવાનની પૂજાથી અપુનર્બંધક કરતાં વિશેષ પ્રકારની કરે છે. અને ક્વચિત્ અપુનર્બંધક જીવને ભગવદ્પૂજાકાળમાં વીર્યનો પ્રકર્ષ થાય તો મહાપંથની પ્રાપ્તિ પણ પૂજાકાળમાં થઈ શકે છે. આથી જ ભાવના પ્રકર્ષથી પ્રથમ ગુણસ્થાનકથી સીધી અપ્રમત્ત અવસ્થારૂપ સાતમા ગુણસ્થાનકની પ્રાપ્તિ થઈ શકે છે.

ઉત્થાન :-

સંપ્રાપ્તબીજવાળાને ભગવાનની પૂજા ભાવમાર્ગની પ્રાપક અને મહાપથની વિશોધક છે, એ પ્રમાણે વિંશિકામાં કહ્યું છે, તેમ કહ્યું, તે **तथाहि**..... થી બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

तथाहि - તે આ પ્રમાણે -

પઢમ ..... નાણુબંધુ ત્તિ ।। પ્રથમ કરણના ભેદથી ગ્રંથિદેશમાં રહેલા જીવને ધર્મમાત્રફળવાળી પૂજા થાય છે, (અને) તેવા પ્રકારના અનુબંધ વગરનો સાધુયોગાદિ ભાવ થાય છે.

ભવટ્ઠિઇ ..... સંપન્નબીઅસ્સ ।। સંપન્નબીજવાળાને આ=પૂજા, પરમ નિજવીર્યસમુલ્લાસરૂપ થાય છે. (જે) ભવસ્થિતિના ભંગરૂપ તથા મહાપંથની વિશોધક છે.

✪ **'साहुज्जुगाइभावो'** અહીં **'आदि'** શબ્દથી સત્ક્રિયા અને ઉપદેશાદિ ફળ ગ્રહણ કરવું.

✪ ગાથામાં **'एसो'** શબ્દ પૂજાનો પરામર્શક હોવા છતાં નિજવીર્યોલ્લાસને આશ્રયીને તેની પ્રધાનતા બતાવવા માટે પુલ્લિંગમાં લીધેલ છે.

✪ **'भवट्ठिइभंगो'** ભવસ્થિતિના ભંગરૂપ આ પદથી ભાવમાર્ગપ્રાપકપણું બતાવ્યું છે.

અહીં વિંશિકામાં **'साहुज्जुगाइभावो'** એ બંને પદો પ્રથમા વિભક્તિમાં છે. તેથી ગાથાનો અર્થ એ થાય કે પ્રથમ કરણના ભેદથી ગ્રંથિઆસન્નવર્તી જીવને પૂજા ધર્મમાત્રફળવાળી છે, અને ગ્રંથિઆસન્નવર્તી જીવનો સાધુયોગાદિ ભાવ તે પ્રકારના અનુબંધવાળો નથી. પરંતુ તે જ અર્થને બતાવવા માટે ષોડશક-૯/૧૦ માં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ **'साधुयोगादिभावात् अनुबंधासिद्धेश्च'** એ પ્રમાણે પંચમી વિભક્તિ વાપરેલ છે, તેને સામે રાખીને આ ભાવાર્થ લખેલ છે. તેથી વિંશિકા પ્રમાણે અને ષોડશક પ્રમાણે અર્થમાં કોઈ વિરોધ નથી.

વિશેષાર્થ :-

પ્રથમ કરણના ભેદથી=પ્રથમ કરણ વિશેષથી=યથાપ્રવૃત્તિકરણથી નહિ, પરંતુ ચરમયથાપ્રવૃત્તિકરણ રૂપ પ્રથમ કરણના ભેદથી, ગ્રંથિમાં રહેલા જીવને=ગ્રંથિઆસન્નવર્તી જીવને, પૂજા ધર્મમાત્રફળવાળી થાય છે. કેમ કે સાધુયોગાદિ ભાવથી=સાધુ એટલે સદ્યોગાદિ ભાવને કારણે ધર્મમાત્રફળવાળી છે, અને અનુબંધની અસિદ્ધિ હોવાથી, ધર્મવિશેષ ફળવાળી નથી, પરંતુ ધર્મસામાન્ય ફળવાળી છે. અર્થાત્ ભાવધર્મ એ ધર્મવિશેષ છે અને તેવા ફળવાળી પૂજા સમ્યગ્દૃષ્ટિને હોય, અને અપુનર્બંધકને ધર્મસામાન્ય ફળવાળી પૂજા હોય છે. અને ભાવધર્મ જ સાનુબંધ હોય છે અને તે સમ્યગ્દૃષ્ટિને જ હોઈ શકે, પરંતુ અપુનર્બંધકમાં મિથ્યાત્વ હોવાને કારણે અનુબંધની અસિદ્ધિ છે. તેથી વિશેષ ધર્મ નથી, પરંતુ સામાન્ય ધર્મ છે. આમ છતાં, સદ્યોગાદિનો ભાવ હોવાથી સામાન્ય ધર્મ=ભાવના કારણીભૂત દ્રવ્યધર્મ હોય છે, અર્થાત્ તીર્થંકરાદિનો સ્થૂલથી સદ્યોગ ત્યાં છે. કેમ કે સ્થૂલબુદ્ધિ હોવાને કારણે વિશેષરૂપે તીર્થંકરાદિને ઓળખવાની શક્તિ નથી, તો પણ અભિમુખભાવ છે. તેથી સદ્યોગાદિનો ભાવ છે.

તથા ભવસ્થિતિના ભંગરૂપ અને મહાપંથનો વિશોધક એવો આ નિજવીર્યોલ્લાસ સંપન્નબીજવાળાને થાય છે. અહીં સંપન્નબીજવાળા અપુનર્બંધકાદિ છે અને પૂર્વ શ્લોકમાં કહ્યું કે, ધર્મમાત્રફળવાળી પૂજા છે, તેથી એ પ્રાપ્ત થયું કે ભાવમાર્ગપ્રાપક ભગવદ્ પૂજા છે. વળી સંપન્નબીજવાળા અપુનર્બંધકાદિ સર્વેને પૂજામાં પરમ નિજવીર્યનો સમુલ્લાસ થાય છે, જે મહાપથનો વિશોધક છે અને ભવસ્થિતિના ભંગરૂપ છે.

ટીકા :-

किं बहुना ? विधिवत् प्रतिमाद्यर्चनरूपद्रव्यक्रियैव दर्शनाचाररूपा देवानां द्रव्यसम्यक्त्वं समितिगुप्त्यादिचारित्राचाररूपमिव द्रव्यचारित्रमिति प्रतिपत्तव्यम्,भावोपबृंहकत्वात्, गुणवृद्ध्य-प्रतिपातोपयोगाद्, आकर्षे तु विभंगसंभव इति सर्वं समंजसं ।

ટીકાર્થ :-

किं बहुना ..... भावोपबृंहकत्वात्, વધુ શું કહીએ ? જેમ સમિતિ-ગુપ્તિ આદિ ચારિત્રાચારરૂપ દ્રવ્યચારિત્ર છે, તેમ દર્શનાચારરૂપ એવી વિધિપૂર્વક પ્રતિમાના અર્ચનરૂપ દ્રવ્યક્રિયા જ દેવોનું

દ્રવ્યસમ્યક્ત્વ છે, એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. કેમ કે ભાવનું ઉપબૃંહક છે અર્થાત્ દર્શનાચારની આચરણાઓ સમ્યગ્દર્શનરૂપ ભાવની ઉપબૃંહક છે, તેથી દ્રવ્યસમ્યક્ત્વરૂપ છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, દર્શનાચારની ક્રિયા સમ્યગ્દર્શનરૂપ ભાવની ઉપબૃંહક કેમ છે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

गुणवृद्धि ..... उपयोगाद्, ગુણવૃદ્ધિ અને અપ્રતિપાતમાં ઉપયોગ છે.

વિશેષાર્થ :-

સમ્યગ્દૃષ્ટિ એવા દેવો પૂજાદિરૂપ દર્શનાચારનું પાલન કરતા હોય તો તેનાથી સમ્યગ્દર્શનરૂપ ગુણની વૃદ્ધિ થાય છે કે સમ્યગ્દર્શનથી અપ્રતિપાત થાય છે. તેથી ભગવાનની પૂજા સમ્યગ્દર્શનરૂપ ભાવની ઉપબૃંહક છે.

ઉત્થાન :-

પૂર્વોક્ત રીતે અર્થ કરવાથી એ પ્રાપ્ત થાય છે કે, દર્શનાચારરૂપ દ્રવ્યસમ્યક્ત્વ દેવોમાં હોય છે, ત્યારે મુખ્યરૂપે સરાગસમ્યક્ત્વરૂપ દ્રવ્યસમ્યક્ત્વ હોય છે. તે વખતે પણ તે દ્રવ્યસમ્યક્ત્વ ભાવસમ્યક્ત્વથી અનુવિદ્ધ પણ હોય છે. તો જ એ ભાવસમ્યક્ત્વરૂપ ગુણની વૃદ્ધિ અને તેના અપ્રતિપાતમાં ભગવાનની અર્ચનાનો ઉપયોગ થાય. અને એ રીતે અર્થ કરવાથી દેવોને દ્રવ્યસમ્યક્ત્વ સ્વીકારીએ તો વિભંગજ્ઞાનની સંગતિ થાય નહિ. તેથી કહે છે -

ટીકાર્થ :-

आकर्षे तु ..... समंजसं ।વળી આકર્ષમાં વિભંગનો સંભવ છે. એથી કરીને સર્વ સમંજસ=સંગત છે.

વિશેષાર્થ :-

સમ્યક્ત્વના આકર્ષથી ચારિત્રી પણ મિથ્યાત્વ ગુણસ્થાનકમાં આવીને સ્ત્રીવેદાદિ બાંધે છે, તેમ દેવો પણ સમ્યક્ત્વના આકર્ષથી મિથ્યાત્વ અવસ્થાને પામે છે ત્યારે, તેઓને વિભંગજ્ઞાનનો સંભવ છે. તેથી મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા કહ્યા છે, તે પાઠની સંગતિ થઈ શકે છે.

અહીં વિશેષ એ છે કે, જ્યારે આકર્ષથી મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે ત્યારે કેવલ દ્રવ્યસમ્યક્ત્વ હોય છે, અને જ્યારે ચોથા ગુણસ્થાનકમાં હોય છે ત્યારે ભાવસમ્યક્ત્વથી અનુવિદ્ધ એવું દ્રવ્યસમ્યક્ત્વ દેવોને હોય છે.

તેવા પ્રકારના નિમિત્તને પામીને પ્રદેશથી ઉદયમાં આવતાં મિથ્યાત્વમોહનીયનાં દલિકો સમ્યગ્દૃષ્ટિને કે મુનિને પણ વિપાકમાં આવે ત્યારે, તેઓ મિથ્યાત્વગુણસ્થાનકને પ્રાપ્ત કરીને તરત જ ફરી ક્ષયોપશમભાવને પ્રાપ્ત કરે છે, જેથી સમ્યક્ત્વને કે મુનિભાવને પુનઃ પ્રાપ્ત કરે છે. અહીં જે ગુણસ્થાનકથી પાત થાય છે તે આકર્ષથી થયેલ છે, એમ કહેવાય છે.

ટીકા :-

केचित्तु ज्योतिष्कविमानाधिपतय उत्पातकाले स्थानमाहात्म्यान्निश्चयसम्यक्त्ववंत एव । अन्यदा तु व्यवहारसम्यक्त्ववंतो निश्चयसम्यक्त्ववंतो वेत्यत्र न ग्रहः इत्युपपत्तिः स्यादेवेत्याहुः । तैः निश्चयसम्यक्त्वस्वरूपमेव न बुद्धं, अप्रमत्तचारित्रस्यैव निश्चयसम्यक्त्वलक्षणात् । तदुक्तं श्रावकप्रज्ञप्तौ-

जं मोणं तं सम्मं जं सम्मं तमिह होइ मोणं ति ।
णिच्छयओ इयरस्स उ सम्मं सम्मत्तहेऊ वि ।। **त्ति (गा० ६१)**

तच्च कथं देवानामुपपातकाले संभवतीति भावनीयं परीक्षकैः ।

ટીકાર્થ :-

केचित्तु ..... परीक्षकैः । **સ્થાનના માહાત્મ્યથી જ્યોતિષ્ક વિમાનાધિપતિ ઉત્પત્તિકાળમાં નિશ્ચયસમ્યક્ત્વવાળા જ છે, અર્થાત્ ચોથા ગુણસ્થાનકવર્તી હોવાને કારણે નિશ્ચયસમ્યક્ત્વવાળા જ છે. વળી અન્યદા=દેવભવની ઉત્પત્તિકાળ સિવાયમાં, વ્યવહારસમ્યક્ત્વવાળા છે અથવા નિશ્ચય-સમ્યક્ત્વવાળા છે. એથી કરીને અહીં આગ્રહ નથી, એથી કરીને ઉપપત્તિ થશે જ એ પ્રમાણે કેટલાક વળી કહે છે. તેનો જવાબ આપતાં ગ્રંથકાર કહે છે કે, તેઓના વડે નિશ્ચયસમ્યક્ત્વનું સ્વરૂપ જ જણાયું નથી, કેમ કે અપ્રમત્ત ચારિત્રીને જ નિશ્ચયસમ્યક્ત્વ જણાય છે.**

तदुक्तं श्रावकप्रज्ञप्तौ - **તે પ્રમાણે શ્રાવકપ્રજ્ઞપ્તિમાં કહેવાયેલું છે.** जं मोणं ..... हेऊवि ।। જે મૌન છે તે સમ્યક્ત્વ છે, જે સમ્યક્ત્વ છે તે મૌન છે, એ નિશ્ચયથી સમ્યક્ત્વ છે=મૌન જ નિશ્ચયનયનું સમ્યક્ત્વ છે. અને ઈતરનું=વ્યવહારનયનું જે સમ્યક્ત્વ છે, તે સમ્યક્ત્વનો હેતુ પણ છે=નિશ્ચયનયનું જે સમ્યક્ત્વ છે તેનું કારણ પણ છે. **'तच्च'- અને તે=નિશ્ચયસમ્યક્ત્વ, દેવોને ઉપપાતકાળમાં કઈ રીતે સંભવે ? એ પ્રકારે પરીક્ષકો વડે ભાવન કરવું જોઈએ.**

✪ **'त्ति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

✪ **सम्मत्तहेऊ वि** અહીં **'अपि'** થી એ સમુચ્ચય કરવો છે કે વ્યવહારનયનું જે સમ્યક્ત્વ છે વ્યવહારનયથી સમ્યક્ત્વ તો છે જ પણ નિશ્ચયનયના સમ્યક્ત્વનું કારણ પણ છે.

વિશેષાર્થ :-

જ્યોતિષ્ક વિમાનાધિપતિ ચોથા ગુણસ્થાનકવર્તી હોવાને કારણે નિશ્ચયસમ્યક્ત્વવાળા છે; અને અન્યદા=દેવભવની ઉત્પત્તિકાળ સિવાયમાં ભગવાનના કહેલા ધર્મને ધર્મબુદ્ધિથી સ્વીકારે છે. તેથી પ્રથમ ગુણસ્થાનકવર્તી હોવા છતાં વ્યવહાર સમ્યક્ત્વવાળા છે. એથી કરીને ચતુર્થ ગુણસ્થાનકવર્તી જે ક્ષયોપશમાદિરૂપ સમ્યક્ત્વ છે, તેવા સમ્યક્ત્વની પરિણતિવાળા વિમાનાધિપતિઓ સદા હોય છે તેવો આગ્રહ નથી. એથી

કરીને મતિશ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાનીઓની અસંખ્યાતગુણાની સંખ્યાની ઉપપત્તિ થશે, એ પ્રમાણે વળી કેટલાક કહે છે. તેનો જવાબ આપતાં ગ્રંથકારે કહ્યું કે, તેઓના વડે નિશ્ચયસમ્યક્ત્વનું સ્વરૂપ જણાયું નથી અને તેમાં શ્રાવકપ્રજ્ઞપ્તિ ગાથા-૬૧ની સાક્ષી આપી. તેનો ભાવ એ છે કે નિશ્ચયનયનું સમ્યક્ત્વ મુનિભાવ સાથે વ્યાપ્તિવાળું છે, જે અપ્રમત્ત મુનિને સંભવે. અને તે સિવાયનું જે વ્યવહારનયનું સમ્યક્ત્વ છે, તે નિશ્ચયસમ્યક્ત્વનો હેતુ છે, અર્થાત્ દ્રવ્યસમ્યક્ત્વ છે. તેથી અવિરતિવાળા દેવોને નિશ્ચયસમ્યક્ત્વ કહી શકાય નહિ; પરંતુ નિશ્ચયસમ્યક્ત્વના હેતુભૂત દ્રવ્યસમ્યક્ત્વ, ચોથા ગુણસ્થાનકે હોય ત્યારે ભાવસમ્યક્ત્વથી અનુવિદ્ધ દ્રવ્યસમ્યક્ત્વ છે, અને અપુનર્બંધક અવસ્થામાં હોય ત્યારે કેવલ દ્રવ્યસમ્યક્ત્વ છે. એ પ્રકારનો પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજનો આશય છે.

ઉત્થાન :-

આ રીતે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે દેવોને નિશ્ચયસમ્યક્ત્વ સંભવે નહિ, એમ સિદ્ધ કર્યું ત્યાં, પૂર્વપક્ષી શાસ્ત્રવચનને લઈને દેવોને નિશ્ચયસમ્યક્ત્વ સંભવી શકે એમ બતાવે છે. તેથી તે શાસ્ત્રવચન પણ અપ્રમત્ત મુનિને જ નિશ્ચયસમ્યક્ત્વ સ્વીકારે છે, તે બતાવવા અર્થે કહે છે -

ટીકા :-

यदपि 'णिच्छयओ सम्मत्तं नाणाइमयप्पसुह(द्ध)परिणामो' **( ) त्ति वचनात् तत्त्वविचारणोपबृंहितो मतिश्रुताद्युपयोग एव निश्चयसम्यक्त्वमिति तैरुच्यते तदपि आदिपदोत्तरमयट्प्रत्ययार्थापरिज्ञानविजृम्भितं, कृत्स्नज्ञानदर्शनचारित्रैकोपयोग एव निश्चयसम्यक्त्वमित्यस्योक्तवाक्यार्थत्वात् ।**

ટીકાર્થ :-

यदपि ..... उक्तवाक्यार्थत्वात् ।=**જે પણ** નિશ્ચયથી જ્ઞાનાદિમય આત્માનો શુદ્ધ પરિણામ સમ્યક્ત્વ છે **એ પ્રમાણે વચન હોવાથી તત્ત્વવિચારણાથી ઉપબૃંહિત મતિ-શ્રુતાદિનો ઉપયોગ જ નિશ્ચયસમ્યક્ત્વ છે, એ પ્રમાણે તેઓ વડે કહેવાય છે; તે પણ જ્ઞાનાદિમયમાં જે 'આદિ' પદ છે, તેના ઉત્તરમાં જે મયટ્ પ્રત્યય છે, તેના અર્થના અપરિજ્ઞાનનું વિજૃંભિત છે. કેમ કે કૃત્સ્ન જ્ઞાન, દર્શન, ચારિત્રના એક ઉપયોગરૂપ જ નિશ્ચયસમ્યક્ત્વ છે. એ પ્રમાણે આનું=મયટ્ પ્રત્યયવાળા વાક્યનું ઉક્ત વાક્યાર્થપણું છે. અર્થાત્ 'जं मोणं' જે શ્રાવકપ્રજ્ઞપ્તિનો પાઠ છે, તે વાક્યનો જે અર્થ છે તે વાક્યાર્થપણું છે.**

વિશેષાર્થ :-

'यदपि' થી જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, શાસ્ત્રમાં કહ્યું છે કે, નિશ્ચયથી સમ્યક્ત્વ જ્ઞાનાદિમય આત્માનો શુદ્ધ પરિણામ છે. તેનાથી પૂર્વપક્ષી એ કહેવા માંગે છે કે, જગતના જીવમાત્ર જ્ઞાનાદિમય છે, પરંતુ તે મિથ્યાજ્ઞાનાદિમય છે; જ્યારે તત્ત્વવિચારણાથી ઉપબૃંહિત એવો જે મતિ-શ્રુતજ્ઞાનનો ઉપયોગ વર્તે છે, તે જ જ્ઞાનાદિમય આત્માનો શુદ્ધ પરિણામ છે, જે દેવોને ઉપપાતકાળમાં સંભવી શકે છે. આથી જ

તેઓ મારું પૂર્વનું હિત શું છે ? મારું પશ્ચાત્નું હિત શું છે ? ઈત્યાદિ રૂપ વિચારણાઓ કરે છે. આ પ્રકારનું પૂર્વપક્ષીનું સમાધાન પણ સાક્ષીપાઠમાં આદિપદના ઉત્તરમાં મયટ્ પ્રત્યયના અપરિજ્ઞાનથી વિજૃંભિત છે. અને તેમાં '**कृत्स्न ..... उक्तवाक्यार्थत्वात्**' થી જે હેતુ કહ્યો તેનું તાત્પર્ય આ પ્રમાણે -

જ્ઞાનાદિમય આત્માનો શુદ્ધ પરિણામ એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે, જ્ઞાન-દર્શન-ચારિત્રના પૃથગ્ પરિણામરૂપ નહિ, પરંતુ કૃત્સ્ન=સંપૂર્ણ, જ્ઞાન-દર્શન-ચારિત્રના એક ઉપયોગરૂપ જે આત્માનો પરિણામ છે, તે જ નિશ્ચયસમ્યક્ત્વ છે. અને તેવો ઉપયોગ જ્યારે જીવ મોહનો ત્યાગ કરીને આત્મપરિણામના ઉપયોગવાળો હોય છે ત્યારે હોય છે, કેમ કે આત્મપરિણામનો ઉપયોગ તે જ તેનું જ્ઞાન, તે જ તેનું દર્શન અને તે જ તેનું ચારિત્ર હોય છે. કારણ કે જ્ઞાન, દર્શન અને ચારિત્રનો એક ઉપયોગ ત્યારે વર્તે છે, અને તે જ નિશ્ચયસમ્યક્ત્વ છે. આ પ્રકારે અર્થ '**णिच्छयओ सम्मत्तं नाणाइमयप्पसुद्धपरिणामो**' આ મયટ્ પ્રત્યયવાળા શાસ્ત્રવચનથી પ્રાપ્ત થાય છે.

ઉત્થાન :-

મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાનવાળા અસંખ્યાતગુણા છે, તે પાઠની સંગતિ માટે ઉપાધ્યાયજીએ દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વના વિભાગ પાડીને સંગતિ કરી. ત્યાર પછી તે સંગતિ માટે અન્ય આચાર્યો કહે છે કે, નિશ્ચયસમ્યક્ત્વ અને વ્યવહારસમ્યક્ત્વને ગ્રહણ કરીને તે સંગતિ થાય છે, અને તે પ્રમાણે જ્યોતિષ્કના વિમાનાધિપતિઓને ઉત્પત્તિકાળમાં નિશ્ચયસમ્યક્ત્વ અને ત્યાર પછી વ્યવહારસમ્યક્ત્વ કે નિશ્ચયસમ્યક્ત્વ સ્વીકારીને તે પાઠની અર્થાત્ મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા છે તે પાઠની, તેઓએ સંગતિ કરી. તેમાં ઉપાધ્યાયજીએ બતાવ્યું કે, નિશ્ચયસમ્યક્ત્વ અપ્રમત્ત મુનિને સંભવી શકે, માટે વિમાનાધિપતિને તે સ્વીકારી શકાય નહિ. હવે તે બતાવે છે કે કદાચ પૂર્વપક્ષી નિશ્ચયસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વને એક કરીને તે પાઠની સંગતિ કરવા પ્રયત્ન કરે, તો પણ તેમ ન કરતાં દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વને સ્વીકારીને સંગતિ કરવી તે જ યુક્ત છે. તે સ્થાપન કરવા અર્થે કહે છે -

ટીકા :-

यदि च निश्चयसम्यक्त्वं भावसम्यक्त्वं चैकमेवेति विवक्ष्यते तदोपाधिभेदकृतसम्यक्त्वभेद-परिगणनानुपपत्तिर्जिज्ञासादिकमप्यधिकारानुगतभावापेक्षकमेव स च द्रव्यसम्यक्त्वेऽप्यविचलित एवेत्युक्तमेव युक्तमिति दृढतरमालोचनीयं सूरिभिः ।।१५।।

ટીકાર્થ :-

यदि च ..... अनुपपत्तिः, અને જો નિશ્ચયસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ એક જ છે એ પ્રમાણે વિવક્ષા કરાય છે, તો ઉપાધિભેદકૃત સમ્યક્ત્વના ભેદની પરિગણનાની અનુપપત્તિ છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી જિજ્ઞાસાદિને ગ્રહણકરીને ઉપાધિભેદકૃત સમ્યક્ત્વના ભેદની પરિગણનાની સંગતિ કરે તો કહે છે -

ટીકાર્થ :-

જિજ્ઞાસાદિક ..... સૂરિભિઃ ।। **જિજ્ઞાસાદિક પણ અધિકાર-અનુગત ભાવની અપેક્ષાએ જ છે, અને તે અર્થાત્ અધિકાર-અનુગત ભાવ દ્રવ્યસમ્યક્ત્વમાં પણ અવિચલિત જ છે. એથી કરીને ઉક્ત જ અર્થાત્ ઉપાધ્યાયજીએ જે દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વને આશ્રયીને સંગતિ કરી, તે જ યુક્ત છે, એ પ્રમાણે સૂરિઓ વડે દૃઢતર આલોચન કરાવું જોઈએ. અર્થાત્ પૂર્વપક્ષને કહેનારા સૂરિઓ વડે દૃઢતર આલોચન કરાવું જોઈએ. ।।૧૫।।**

વિશેષાર્થ :-

નિશ્ચયસમ્યક્ત્વ અને વ્યવહારસમ્યક્ત્વને ગ્રહણ કરીને મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાનીના અસંખ્યાતગુણાના પાઠની સંગતિ કેટલાક આચાર્યો આ પ્રમાણે કરે છે. તેમનું કહેવું એ છે કે, નિશ્ચયસમ્યક્ત્વ એ ચતુર્થાદિ ગુણસ્થાનકરૂપ છે અને તે જ ભાવસમ્યક્ત્વ છે=ક્ષયોપશમાદિભાવરૂપ જીવના પરિણામરૂપ ભાવસમ્યક્ત્વ છે. તેથી નિશ્ચયસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ એક જ વસ્તુ છે, અને તે વિમાનાધિપતિને ઉત્પત્તિકાળમાં હોય છે; અને અન્યકાળમાં નિશ્ચયસમ્યક્ત્વ પણ હોઈ શકે અને વ્યવહારસમ્યક્ત્વ પણ હોય. અને જ્યારે વ્યવહારસમ્યક્ત્વ હોય ત્યારે ચોથા ગુણસ્થાનકથી તેઓનો પાત હોય છે; તેથી વિમાનાધિપતિને વિભંગજ્ઞાન હોય; અને તે અપેક્ષાએ મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા સંગત થઈ જાય.

આ રીતે કેટલાક આચાર્યોએ નિશ્ચયસમ્યક્ત્વ અને વ્યવહારસમ્યક્ત્વને ગ્રહણ કરીને સંગતિ કરેલ. તેની સામે ઉપાધ્યાયજી કહે છે કે, તે રીતે કરવાથી ઉપાધિભેદકૃત સમ્યક્ત્વના ભેદની પરિગણનાની અનુપપત્તિ થશે. અર્થાત્ નિસર્ગરુચિ આદિ દસ પ્રકારના ઉપાધિના ભેદથી ઠાણાંગમાં દસ પ્રકારના સમ્યક્ત્વના ભેદો કહેલ છે તે સંગત થશે નહિ. કેમ કે ભાવસમ્યક્ત્વ તે ક્ષયોપશમ આદિ ભાવરૂપ જીવના પરિણામરૂપ છે, જે ક્ષયોપશમની તરતમતાથી અનેક ભેદવાળું થઈ શકે, પરંતુ ભિન્ન ભિન્ન પ્રકારની રુચિને કારણે તેના ભેદો પડી શકે નહિ. પરંતુ ભાવસમ્યક્ત્વ જીવના પરિણામરૂપ ગ્રહણ કરીને તેના કારણભૂત પ્રશસ્ત રાગને દ્રવ્યસમ્યક્ત્વ કહીએ, અને પ્રશસ્ત રાગના દસ ભેદો ગ્રહણ કરીને સમ્યક્ત્વના દસ ભેદો કહી શકાય. તેનાથી એ પ્રાપ્ત થાય કે, મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાનીને અસંખ્યાતગુણ કહેનાર પાઠની સંગતિ નિશ્ચયસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વને એક કરીને કદાચ પૂર્વપક્ષી કરે, તો પણ ઉપાધિભેદથી કરાયેલા સમ્યક્ત્વના દસ ભેદને કહેનારા ઠાણાંગના વચનની સંગતિ થાય નહિ. તેથી તે

રીતે વિભાગ કરવો ઉચિત નથી, એમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજનું કહેવું છે. તેની સામે પૂર્વપક્ષી જિજ્ઞાસાદિકને લઈને તે ભેદોની સંગતિ કરે, તે આ પ્રમાણે -

દસ ભેદોમાં ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સંક્ષેપરુચિ આદિ અનેક ભેદો છે, તેમાં સમ્યક્ત્વ પામનારા જીવોને તત્ત્વવિષયક જિજ્ઞાસા હોય છે. તેમાંથી કોઈકને ઉપદેશમાં અત્યંત રુચિ હોય છે તેને ઉપદેશરુચિસમ્યક્ત્વ કહેવાય. ત્યારે કોઈક જીવને સામાન્ય રીતે એ ખ્યાલ હોય કે ભગવાનની આજ્ઞા જ તત્ત્વરૂપ છે, તેથી કરીને ભગવાનની આજ્ઞાવિષયક જ જિજ્ઞાસા પણ થાય, અને તેના કારણે તેનામાં ચતુર્થ ગુણસ્થાનકવાળું ક્ષયોપશમભાવનું ભાવસમ્યક્ત્વ વર્તતું હોય ત્યારે તેને આજ્ઞારુચિસમ્યક્ત્વ કહેવાય. એ જ રીતે સંક્ષેપરુચિ આદિ ભેદો પણ સમજી લેવા. તેનાથી એ પ્રાપ્ત થાય કે ભિન્ન ભિન્ન પ્રકારની જિજ્ઞાસાદિને આશ્રયીને ક્ષયોપશમભાવરૂપ પણ સમ્યક્ત્વના અનેક ભેદોની સંગતિ થઈ જશે. આ પ્રકારે પૂર્વપક્ષીએ કરેલ દસ ભેદોની સંગતિને સામે રાખીને ગ્રંથકાર કહે છે કે, જિજ્ઞાસાદિક પણ અધિકારઅનુગત ભાવની અપેક્ષાએ જ છે. તાત્પર્ય એ છે કે, જે જીવ સમ્યક્ત્વ પામવાને યોગ્ય છે, તે જીવ સમ્યક્ત્વનો અધિકારી છે. તેમાં રહેલો જે ભાવ તે અધિકાર છે, જે સમ્યક્ત્વ પામવાની યોગ્યતારૂપ છે; અને સમ્યક્ત્વ પામવાની યોગ્યતા દસે પ્રકારના સમ્યક્ત્વના ભેદોમાં સમાન હોવા છતાં, તે યોગ્યતાને અનુગત એવો કોઈક જુદો જુદો ભાવ દરેક જીવમાં વર્તે છે, જેથી કોઈકને ઉપદેશની રુચિ થાય છે, તો કોઈકને આજ્ઞાની રુચિ થાય છે. અને આથી કરીને જ તે અધિકારને અનુસરનાર તેવા ભાવની અપેક્ષાએ જ જુદા જુદા પ્રકારની જિજ્ઞાસા જીવને થાય છે, અને જુદી જુદી જિજ્ઞાસાની અપેક્ષાએ જ સમ્યક્ત્વના દસ પ્રકારના ભેદો પાડ્યા છે. એથી પૂર્વપક્ષી દસ ભેદોની સંગતિ જિજ્ઞાસાદિકને આશ્રયીને કરે તો, તેને એ સ્વીકારવું જ પડે કે, ભાવથી સમ્યક્ત્વવાળા જીવોમાં પણ અધિકારઅનુગત એવા જુદા જુદા ભાવોની અપેક્ષાએ જુદી જુદી જિજ્ઞાસા થાય છે; અને તેથી ક્ષયોપશમરૂપે એક રૂપ પણ સમ્યગ્દર્શન દસ ભેદવાળું બને, અને એ અધિકારઅનુગત ભાવ દ્રવ્યસમ્યક્ત્વમાં પણ અવિચલિત જ છે. અર્થાત્ ગ્રંથકારે પૂર્વમાં ભાવસમ્યક્ત્વ અને દ્રવ્યસમ્યક્ત્વના ભેદ કરીને જે મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાનીના અસંખ્યાતગુણાની સંગતિ કરી, એમાં જે દ્રવ્યસમ્યક્ત્વ છે, તેમાં પણ અધિકારઅનુગત ભાવ અવિચલિત જ છે, અર્થાત્ ઘટમાન છે. તેથી એ પ્રાપ્ત થાય કે, નિશ્ચયસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વને એક કરીને જેમ પૂર્વપક્ષી સંગતિ કરી શકે છે, તેમ ભાવસમ્યક્ત્વ અને દ્રવ્યસમ્યક્ત્વને આશ્રયીને તે સંગત થઈ શકે છે. તેમ છતાં નિશ્ચયસમ્યક્ત્વ અને વ્યવહારસમ્યક્ત્વને આશ્રયીને અલ્પબહુત્વના પાઠની સંગતિ કરવી ઉચિત નથી, પરંતુ ભાવસમ્યક્ત્વ અને દ્રવ્યસમ્યક્ત્વ પ્રમાણે જ સંગતિ કરવી ઉચિત છે. કેમ કે શાસ્ત્રમાં નિશ્ચયસમ્યક્ત્વ અપ્રમત્ત મુનિને જ કહેલ છે, પરંતુ ચતુર્થ ગુણસ્થાનકવર્તી જીવોને કહેલ નથી. જ્યારે ભાવસમ્યક્ત્વ ચતુર્થ ગુણસ્થાનકવાળા જીવોને પણ ગ્રહણ કરેલ છે, અને ત્યાં જ રુચિ અંશને આશ્રયીને સરાગતા હોવાને કારણે દ્રવ્યસમ્યક્ત્વ પણ કહેલ છે. અને આથી જ પરમાર્થના પરિજ્ઞાનવાળાને ભાવસમ્યક્ત્વ અને પરમાર્થના અપરિજ્ઞાનવાળાને કે અવિવિક્ત

પરમાર્થના પરિજ્ઞાનવાળાને ભગવદ્વચનની રુચિને કારણે દ્રવ્યસમ્યક્ત્વ જ સ્વીકારેલ છે; જેની સાક્ષી સંમતિગ્રંથની આપી છે, તેથી તે શાસ્ત્રસંમત પદાર્થ છે. જ્યારે ચતુર્થ ગુણસ્થાનકે નિશ્ચયસમ્યક્ત્વ શાસ્ત્ર સ્વીકારતું નથી, માટે તે રીતે કલ્પના કરીને અલ્પબહુત્વના પાઠની સંગતિ કરવી તે ઉચિત નથી. એ પ્રમાણે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજને કહેવાનું તાત્પર્ય છે. **॥૧૫॥**

: શ્લોક-૧૫ માં બતાવેલ સમ્યક્ત્વના સ્વરૂપની સંકલના :

મતિ-શ્રુતજ્ઞાની કરતાં વિભંગજ્ઞાનીને અસંખ્યાતગુણા કહેનાર શાસ્ત્રવચનની સંગતિ અર્થે દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વનો જે વિભાગ કરેલ છે, તેનું સંક્ષેપથી તાત્પર્ય આ પ્રમાણે છે.

કેવલ ભાવસમ્યક્ત્વ :

કેવલ ભાવસમ્યક્ત્વ પરમાર્થના પરિજ્ઞાનસ્વરૂપ છે, અને ભાવસમ્યક્ત્વવાળાને સ્વદર્શન-પરદર્શનનો વિશદ્ બોધ હોવાને કારણે તે તે નયોની દૃષ્ટિથી પદાર્થનો સ્પષ્ટ બોધ હોય છે. તેથી પદાર્થને જોવામાં ભગવાનના વચનના રાગની ત્યાં મુખ્યતા નથી, પણ સ્પષ્ટ બોધ હોવાને કારણે પદાર્થ યથાર્થ ભાસે છે, અને તે જ પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ પણ કરે છે. આવા ભાવસમ્યક્ત્વવાળા અપ્રમત્ત મુનિઓ જ હોય છે, તેથી તેઓ નિર્વિકલ્પ ઉપયોગરૂપ શુદ્ધ ઉપયોગમાં પ્રાયઃ હોય છે, અને તે જ નિશ્ચયસમ્યક્ત્વ છે; જે દર્શનમોહનીયના ક્ષયોપશમાદિરૂપ જીવના પરિણામરૂપ છે, તેથી તેને ભાવસમ્યક્ત્વ કહેલ છે. જ્યારે ભાવાનુવિદ્ધ દ્રવ્યસમ્યક્ત્વમાં મોહનીયનો ક્ષયોપશમાદિ હોવા છતાં પણ, ભગવાનના વચન પ્રત્યેનો રાગ જ તત્ત્વ પ્રત્યે જીવના વલણને ઉત્પન્ન કરે છે; અને તે ભગવાનના વચનનો રાગ સમ્યક્ત્વનું કારણ છે, પરંતુ સમ્યક્ત્વ રૂપ નથી, તેથી તેને દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે. આનાથી એ ફલિત થયું કે, ભાવસમ્યક્ત્વમાં રાગાદિરહિત ઉપયોગની મુખ્યતા છે, અને દ્રવ્યસમ્યક્ત્વમાં ભગવાનના વચનના રાગની મુખ્યતા છે.

ભાવાનુવિદ્ધ દ્રવ્યસમ્યક્ત્વ :

ભાવાનુવિદ્ધ દ્રવ્યસમ્યક્ત્વ, પરમાર્થના અપરિજ્ઞાનમાં પણ જે તત્ત્વ છે તેમાં રુચિસ્વરૂપ છે. ત્યાં અવિવિક્ત પરમાર્થનું પરિજ્ઞાન પણ હોઈ શકે, અથવા તો કેવલ ભાવસમ્યક્ત્વમાં જે પરમાર્થનું પરિજ્ઞાન છે, તેનાથી અધસ્તન પરિજ્ઞાનથી જન્ય ભગવાનના વચનની રુચિ પણ હોઈ શકે. અને તેવા સમ્યગ્દૃષ્ટિને અવિવિક્ત ષટ્કાયનું પરિજ્ઞાન પણ હોય કે ન પણ હોય; અને ચરણકરણના તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક ચારિત્રનું પાલન પણ હોય કે ન પણ હોય; અને અવિવિક્ત દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા હોય, અવિવિક્ત નવતત્ત્વનું શ્રદ્ધાન હોય અને ગુરુપારતંત્ર્યાદિ પણ હોઈ શકે. અને ગુણસ્થાન-૪ થી ૬ માં તે વર્તતો હોય ત્યારે તેઓમાં મુખ્યરૂપે દ્રવ્યસમ્યક્ત્વ છે, અને ક્ષયોપશમભાવરૂપ ગૌણરૂપે ભાવસમ્યક્ત્વ પણ છે; અને આથી જ ત્યાં ભાવસમ્યક્ત્વથી અનુવિદ્ધ દ્રવ્યસમ્યક્ત્વ સ્વીકારેલ છે. અને આવા જીવોમાં દસ પ્રકારનાં

જે સરાગ સમ્યક્ત્વ બતાવાયાં છે, તેમાંથી જ કોઈપણ પ્રકારનું સમ્યક્ત્વ વર્તતું હોય છે, અને આથી જ તેઓને ભગવાનનાં વચન પ્રત્યેની રુચિરૂપ રાગાંશવાળો ઉપયોગ હોય છે, જેને મુખ્ય કરીને દ્રવ્યસમ્યક્ત્વ કહેલ છે; અને અનંતાનુબંધીના વિગમનથી રાગાદિરહિત ઉપયોગ અંશને ગૌણ કરીને ભાવસમ્યક્ત્વ ગૌણરૂપે ત્યાં કહેલ છે.

કેવલ દ્રવ્યસમ્યક્ત્વ :

જે લોકો જૈનશાસન પ્રત્યે રુચિવાળા છે, અને આથી જ સુદેવ, સુગુરુ અને સુધર્મને જેમણે સ્વીકાર્યા છે, અને તે સ્વીકારરૂપ જ લોકોત્તર બીજના સ્વીકારને કારણે મિથ્યાદૃષ્ટિઓના સંસ્તવના પરિત્યાગપૂર્વક ભગવદ્ ભક્તિ આદિ કૃત્યો કરે છે, તેવા અપુનર્બંધકને કેવલ દ્રવ્યસમ્યક્ત્વ છે. અહીં વિશેષ એ છે કે કોઈ જીવ જૈનશાસનને પામીને સમ્યક્ત્વ ન પામ્યો હોય તો પણ, જ્યારે સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે ત્યારે, સુદેવ, સુગુરુ અને સુધર્મનો સ્વીકાર કરે છે, અને તે વખતે દર્શનાચારનું પણ સમ્યગ્ પાલન કરે છે; આમ છતાં, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ભાવથી ન થઈ હોય ત્યારે પણ તે અપુનર્બંધક દશામાં હોઈ શકે, અને ક્વચિત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી પણ આકર્ષાદિ દ્વારા અપુનર્બંધક દશાને પામ્યો હોય; આમ છતાં, દર્શનાચારના પાલનમાં સમ્યગ્ યત્ન હોય અને ભગવાનના વચનની રુચિ સ્થૂલથી પૂર્વના જેવી જ વર્તતી હોય, તો પણ અપુનર્બંધક દશામાં કેવલ દ્રવ્યસમ્યક્ત્વ છે. તે વખતે વ્યક્ત રીતે ભગવાનના વચનમાં કોઈ સંદેહ દેખાય નહિ, છતાં કેવલીથી ગમ્ય તેવી સમ્યગ્દર્શનકાળમાં વર્તતી રુચિ કરતાં કાંઈક રુચિની મ્લાનિ ત્યાં હોય છે, કે જેના કારણે સમ્યક્ત્વ પામ્યા પછી પણ આકર્ષ દ્વારા અપુનર્બંધક દશાને તે પ્રાપ્ત કરે છે; અને તે જીવ દર્શનાચારના પાલનથી જ ક્વચિત્ સમ્યગ્દર્શન ફરી પ્રાપ્ત કરી શકે છે, અને ત્યારે ભાવથી અનુવિદ્ધ દ્રવ્યસમ્યક્ત્વ બને છે. અને જે અપુનર્બંધક અન્યદર્શનમાં રહેલા હોય તેઓને, કે જૈન દર્શનમાં વર્તતા હોય તો પણ, હજુ દેવ, ગુરુ, ધર્મના વિષયમાં વિશેષ નિર્ણય નહિ હોવાને કારણે, લોકોત્તર બીજરૂપ આ જ દેવ, આ જ ગુરુ અને આ જ ધર્મ, એ રીતે જેમણે સ્વીકાર કર્યો નથી, તેમને દ્રવ્યસમ્યક્ત્વ પણ નથી.

નિશ્ચય સમ્યક્ત્વ :

'जं मोणं ति' એ સૂત્રથી સિદ્ધ નિશ્ચયસમ્યક્ત્વ અપ્રમત્ત મુનિને હોય છે, જ્યારે ભાવસમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનકે પણ હોઈ શકે છે. તેથી નિશ્ચયસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ એક નથી, તો પણ દ્રવ્યસમ્યક્ત્વથી અનનુવિદ્ધ એવું ભાવસમ્યક્ત્વ છે તે વીતરાગસમ્યક્ત્વ છે, અને તે અપ્રમત્ત મુનિઓને જ હોઈ શકે છે અને તે નિશ્ચયસમ્યક્ત્વરૂપ જ છે.

શ્લોક-૧૫ અંતર્ગત

સમંતભદ્રા - સર્વમંગલા - સર્વસિદ્ધિફલા પૂજાનું સ્વરૂપ

(૧) સમંતભદ્રા પૂજા :

પ્રથમ પૂજા સમંતભદ્રા તે જીવનું પરિપૂર્ણ ભદ્ર કરનારી છે, અને તે પૂજા અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે, અને તેમને યોગાવંચકયોગ પ્રાપ્ત થયેલ છે. તે આ રીતે - જીવમાં સમ્યક્ત્વ હોવાને કારણે ગુણવાનને ગુણવાનરૂપે ઓળખવાની પ્રજ્ઞા તેને હોય છે, તેથી તીર્થંકરને અને સદ્‌ગુરુને ગુણવાનરૂપે તે ઓળખી શકે છે, માટે ગુણસંપન્ન એવા તીર્થંકરાદિનો યોગ તેને અવંચક હોય છે. તેથી જ તેમના પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે. માટે સ્વશક્તિને અનુરૂપ ઉત્તમમાં ઉત્તમ સામગ્રીથી તે ભગવાનની પૂજા કરે છે તે વખતે, ત્યાં કાયયોગનો ઉત્કર્ષ વર્તે છે; અર્થાત્ ભગવાન પ્રત્યે પૂજ્યત્વ બુદ્ધિથી સંવલિત એવી કાયા દ્વારા તે ભગવાનની પૂજામાં અતિશય યત્નવાળો હોય છે. તેથી તે સમંતભદ્રા પૂજા કહેવાય છે.

અહીં કાયયોગના ઉત્કર્ષમાં તેને અનુરૂપ મનોયોગ અવશ્ય હોય છે, પરંતુ મનોયોગના ઉત્કર્ષમાં વર્તતી પૂજા જેવો મનોયોગ હોતો નથી, એમ સમજવું. પરંતુ મનોયોગથી શૂન્ય કેવલ કાયાનો યોગ પૂજામાં વ્યાપૃત છે, તેવો ભાવ નથી. આ પ્રથમ પૂજાનો સ્વામી અવિરતસમ્યગ્દૃષ્ટિ, કાયયોગના ઉત્કર્ષવાળો, પોતાના વ્યાપારથી જે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સામગ્રી મળે તેનાથી ભગવાનની પૂજામાં યત્નવાળો હોય છે. કેમ કે તેમને મનુષ્યલોકમાં ભગવાનની પૂજા સિવાય કોઈ સારભૂત વસ્તુ દેખાતી નથી.

(૨) સર્વમંગલા પૂજા :

બીજી પૂજા સર્વમંગલા છે, અર્થાત્ જીવનું સર્વ પ્રકારે મંગલ કરનાર છે. અને આ બીજી પૂજા વચનયોગના ઉત્કર્ષથી પાંચમા ગુણસ્થાનકવર્તી ઉત્તરગુણને ધારણ કરનારા શ્રાવકમાં હોય છે, અને ત્યાં ક્રિયાઅવંચકયોગ હોય છે. તે આ રીતે - ઉત્તમ પુરુષોનો યોગ થયા પછી તેમને કરાતી વંદનાદિ ક્રિયા અવંચક ત્યારે જ બને કે જ્યારે જીવ વિરતિના ગુણસ્થાનકમાં વર્તતો હોય. અને આથી જ અવિરતસમ્યગ્દૃષ્ટિને ભગવાનની યથાર્થ ઓળખાણ હોવાને કારણે તેઓ યોગાવંચક હોવા છતાં, વિરતિનો ભાવ નહિ હોવાથી ક્રિયાવંચકપણું પ્રાપ્ત થતું નથી; જ્યારે ઉત્તરગુણધારી શ્રાવકોને વિરતિના કારણે ક્રિયાવંચકયોગ હોય છે. તેથી જ તેમની પૂજા સમંતભદ્રા પૂજા કરતાં અતિશયવાળી હોય છે. આથી જ ત્યાં વચનયોગનો ઉત્કર્ષ હોય છે. અર્થાત્ પોતાની કાયાથી તો તેઓ ઉત્કર્ષવાળી સામગ્રીથી ભગવાનની પૂજા કરે જ છે, પરંતુ ભગવાનની પૂજા માટે અન્ય પાસેથી પણ વચન દ્વારા ઉત્તમ સામગ્રી મેળવીને ભગવાનની સારામાં સારી પૂજા કરે છે.

યદ્યપિ અપુનર્બંધક દશામાં કે સમ્યગ્દૃષ્ટિ અવસ્થામાં શક્તિસંપન્ન વ્યક્તિ વચનથી ઉત્તમ સામગ્રી બીજા પાસે મંગાવીને ભગવદ્ ભક્તિમાં યત્ન કરે, પરંતુ વિરતિવંત શ્રાવક જે પ્રકારની સમ્યગ્ યતનાપૂર્વક

વચનયોગની પ્રવૃત્તિ કરાવી શકે, તેવી બીજાને માટે સંભવ નથી. વળી પૂજાના ઉત્કર્ષમાં જયણાનો પરિણામ પણ અતિ આવશ્યક છે. તેથી વિરતિવંત શ્રાવક શક્ય તેટલી હિંસાદિના પરિહારપૂર્વક અને યતનાપૂર્વક શ્રેષ્ઠ સામગ્રી વચન દ્વારા મેળવીને તે રીતે યતનાવાળો બની શકે છે, કે જે વચનયોગના ઉત્કર્ષરૂપ હોય; અને પોતાને વિરતિનો પરિણામ હોવાથી તેમની ક્રિયા અવંચકરૂપ બને તેવી હોય છે. આથી જ તે સર્વ મંગલોનું કારણ બને છે.

(૩) સર્વસિદ્ધિફલા પૂજા :

ત્રીજી પૂજા સર્વસિદ્ધિફલા છે અને તે પરમ શ્રાવકને જ હોય છે. અર્થાત્ પરમ શ્રાવક એ છે કે જે અત્યંત મુનિભાવને આસન્ન છે. આથી જ પ્રાયઃ તે સંવાસાનુમતિની ભૂમિકામાં છે, અને પ્રાયઃ પ્રતિમાદિને વહન કરનારા હોય કે અત્યંત નિરવદ્ય જીવન જીવવા માટે યત્નવાળા હોય. તેથી જ સચિત્તાદિ વસ્તુના આરંભના ત્યાગમાં જ મુખ્યરૂપે યત્ન કરતા હોય અને નિરતિચાર શ્રાવકપણું પાળતા હોય અને તેવા પરમ શ્રાવકો ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિવાળા હોય છે. તેથી જ સર્વોત્તમ એવા પુરુષની સર્વોત્તમ દ્રવ્યથી જ પૂજા કરવાના અભિલાષવાળા હોય છે. તેથી નંદનવનમાં રહેલાં શ્રેષ્ઠ પુષ્પોને તેઓ ભગવાનની પૂજા માટે યોગ્ય માને છે, અને તે પુષ્પોની પ્રાપ્તિ પોતાની કાયાથી તેઓને અસંભવિત દેખાય છે, અને વચનથી પણ તે પુષ્પોની પ્રાપ્તિ કરી શકે તેવું તેમને લાગતું નથી. ત્યારે મનથી જ ભાવના અતિશય દ્વારા નંદનવનમાં રહેલાં પુષ્પોને લઈ આવે છે, અને અત્યંત ભક્તિના અતિશયથી તે પુષ્પોથી ભગવાનની પૂજા તેઓ મન દ્વારા કરે છે. તેથી તે વખતે ભગવાનની પૂજામાં મનનો ઉત્કર્ષ વર્તતો હોય છે.

પરમ શ્રાવકની આવી પૂજા ફલાવંચકયોગવાળી હોય છે, તેનો ભાવ એ ભાસે છે કે, પ્રાયઃ તેઓની આ પૂજા અમૃતક્રિયા હોવી જોઈએ, અને અમૃત અનુષ્ઠાન મોક્ષરૂપ ફળનું અવંચક બને તેવું હોય છે. આ પૂજા પરમ શ્રાવકને એટલા માટે હોય છે કે, પૂજાને અનુકૂળ ત્રણે ય યોગોનો ઉત્કર્ષ પરમ શ્રાવકમાં જ સંભવી શકે છે. કેમકે પૂજાનો અધિકારી શ્રાવક છે અને શ્રાવકની પરમ અવસ્થામાં જ આ ત્રીજા પ્રકારની પૂજાનો સંભવ છે.

અહીં ત્રણેય પૂજાઓનાં અન્વર્થ નામ હોવાથી એ અર્થ ભાસે છે કે, સમંતભદ્ર શબ્દ પણ કલ્યાણવાચી છે, અને સર્વમંગલ શબ્દ પણ કલ્યાણવાચી છે. પરંતુ સમંતભદ્ર અવસ્થાની પ્રાપ્તિ કરતાં સર્વમંગલ અવસ્થાની પ્રાપ્તિ વિશેષ કલ્યાણરૂપ છે. અને એના કરતાં વિશેષ અવસ્થાની પ્રાપ્તિ સર્વસિદ્ધિફલા પૂજાની લાગે છે. આ ત્રણેય અવસ્થામાં પુણ્યાનુબંધીપુણ્ય કે મોક્ષને અનુકૂળ નિર્જરા પ્રધાનરૂપે વર્તતી હોય છે, અને તે ઉત્તરોત્તર ઉત્કર્ષવાળી હોય છે.

અવતરણિકા :-

ननु अधार्मिका एव देवा उच्यन्त इति तत्कृत्यं न प्रमाणमित्याशङ्कां निराचिकीर्षुराह -

અવતરણિકાર્થ :-

અધાર્મિક જ દેવો કહેવાય છે, એથી કરીને તેમનું=દેવોનું, કૃત્ય અર્થાત્ પ્રતિમાઅર્ચનરૂપ કૃત્ય, પ્રમાણ નથી, એ પ્રમાણે પૂર્વપક્ષીની આશંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

શ્લોક :-

सद्भक्त्यादिगुणान्वितानपि सुरान्, सम्यग्दृशो ये ध्रुवं,
मन्यन्ते स्म विधर्मणो गुरुकुलभ्रष्टा जिनार्चाद्विषः ।
देवाशातनयाऽनया जिनमतान्मातंगवल्लेभिरे,
स्थानांगप्रतिषिद्धया विहितया ते सर्वतो बाह्यताम् ।।१६।।

શ્લોકાર્થ :-

સદ્ભક્તિ આદિ ગુણોથી ધ્રુવ અન્વિત એવા સમ્યગ્દૃષ્ટિ દેવોને પણ, ગુરુકુળથી ભ્રષ્ટ (અને) જિનાર્ચાનો દ્વેષ કરનારા જેઓએ ધર્મ વિનાના માન્યા, તેઓ, સ્થાનાંગમાં પ્રતિષિદ્ધ એવી (અને) લુંપાકથી કરાયેલી એવી આ દેવઆશાતના વડે કરીને=સમ્યગ્દૃષ્ટિ દેવોને ધર્મ વિનાના કહ્યા એ રૂપ દેવઆશાતના વડે કરીને, માતંગની જેમ જિનમતથી સર્વ રીતે બાહ્યતાને પામ્યા. ।।૧૬।।

ટીકા :-

'सद्भक्त्यादी'ति :- सतां-चातुर्वर्णवर्णनीयस्थितीनां, भक्तिः=बाह्यप्रतिपत्तिरादिर्येषां बहुमान-वैयावृत्त्यादीनां ते च ते गुणाश्च तैरन्वितान्=युतान्, सम्यग्दृशः सुरानपि ये गुरुकुलाद् भ्रष्टाः=त्यक्तगुरुकुलवासा, यथाच्छन्दाः यथाच्छन्दविहारिणो जिनार्चाद्विषो=जिनप्रतिमापूजादौ धृतद्वेषाः=लुंपाकश्वपाकाः, विधर्मणः(=विगतो धर्मो येभ्यस्ते विधर्माणस्तादृशान्मन्यन्ते स्म ।) तेऽनयाऽवर्णवाद-रूपयाऽऽशातनया स्थानाङ्गे प्रतिषिद्धयाऽकर्त्तव्यत्वेनोक्तया विहितया=प्रसह्य कृतया, मातंगवत्=चांडालवत्, सर्वतः=सर्वस्माद्, बाह्यतां लेभिरे । अनयाऽऽशातनया तैः कर्मचंडालत्वं प्राप्तमिति व्यंग(ग्य)प्रतीतेः पर्यायोक्तं, 'व्यंग(ग्य)स्योक्तिः पर्यायोक्त'मिति (काव्यानु० ६/९) हैमवचनात् । देवाशातनयेत्यनन्तरमिवशब्दोल्लेखे तेषां सर्वतो बाह्यतायां हेतोरुत्प्रेक्षणात् गम्योत्प्रेक्षा चेति ध्येयम् ।

ટીકાર્થ :-

સદ્‌ભક્ત્યાદિ ..... ધ્યેયમ્ । **સંતોની ભક્તિ=સંતો એટલે ચાતુર્વર્ણવર્ણનીયસ્થિતિવાળા અર્થાત્ ચાર પ્રકારનો સંઘ છે તેનાથી વર્ણનીય સ્થિતિ છે જેમની એવા તીર્થંકરો, તેઓની ભક્તિ=બાહ્ય પ્રતિપત્તિ, એ છે આદિમાં જેને એવા, બહુમાન-વૈયાવચ્ચાદિ ગુણોથી અન્વિત અર્થાત્ તેવા ગુણોથી ધ્રુવ=નિશ્ચિત સહિત એવા સમ્યગ્દૃષ્ટિ દેવોને પણ, જેઓ ગુરુકુળવાસથી ભ્રષ્ટ છે=ત્યક્ત ગુરુકુળવાળા છે, અને તેને કારણે યથાછંદ છે અથવા યથાછંદની સાથે વિચરનારા છે, અને જિનપૂજામાં દ્વેષ કરનારા છે અર્થાત્ જિનપ્રતિમાની પૂજાદિમાં ધારણ કર્યો છે દ્વેષ જેમણે, એવા લુંપાકરૂપી ચાંડાલોએ, ધર્મ વિનાના માન્યા અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ દેવોને ધર્મ વિનાના માન્યા; તેઓ=લુંપાકો સ્થાનાંગસૂત્રમાં પ્રતિષિદ્ધ અર્થાત્ અકર્તવ્યપણા વડે ઉક્ત, લુંપાકથી વિહિત એવી=લુંપાકથી બળાત્કારથી કરાયેલ એવી, આ અવર્ણવાદરૂપ આશાતના વડે કરીને ચાંડાલની જેમ સર્વથી=જિનમતથી સર્વ રીતે, બાહ્યતાને પામ્યા. આ આશાતનાથી તેઓ વડે= લુંપાક વડે, કર્મચંડાલપણું પ્રાપ્ત થયું, એ પ્રમાણે વ્યંગ્યની પ્રતીતિ હોવાથી પર્યાયઉક્ત અલંકાર છે, કેમ કે 'વ્યંગ્યની ઉક્તિ પર્યાયઉક્ત' એ પ્રમાણે હેમવચન છે=હેમચંદ્રાચાર્યનું વચન છે. અને દેવાશાતનયા=દેવની આશાતનાથી, એ પ્રમાણે જે કાવ્યમાં શબ્દ છે, તેની પછી 'इव' શબ્દનો ઉલ્લેખ કરાયે છતે, તેઓની=લુંપાકોની, સર્વથી બાહ્યતામાં હેતુની ઉત્પ્રેક્ષા હોવાથી ગમ્ય ઉત્પ્રેક્ષા છે, એ પ્રમાણે જાણવું.**

વિશેષાર્થ :-

પ્રસ્તુત શ્લોકમાં કહ્યું કે, દેવોની અવર્ણવાદરૂપ આશાતનાથી વ્યંગ્યરૂપે ચાંડાલની જેમ સર્વથી બાહ્યતાને પામ્યા, એ કથનથી તેઓ વડે=લુંપાકો વડે, કર્મચંડાલપણું પ્રાપ્ત થયું, તેથી પર્યાયઉક્તિ અલંકાર છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય છે કે વ્યંગ્યની પ્રતીતિ થવાના કારણે પર્યાયઉક્તિ અલંકાર છે, કેમ કે કાવ્યાનુશાસનમાં કહ્યું છે કે, વ્યંગ્યની ઉક્તિ એ પર્યાયઉક્તિ અલંકાર છે. અને શ્લોકમાં **देवाशातनया**=દેવની આશાતનાથી, એના પછી **'इव'** શબ્દનો ઉલ્લેખ અધ્યાહાર રાખીએ=ગમ્ય રાખીએ, તો લુંપાકોની સર્વતઃ બાહ્યતામાં હેતુની ઉત્પ્રેક્ષા પ્રાપ્ત થાય છે. તે આ રીતે - જાણે દેવની આશાતનાથી જ તેઓ સર્વતઃ બાહ્યતાને પામે છે. વસ્તુતઃ તેઓ જિનપ્રતિમાને નહિ માનતા હોવાથી જૈન સંઘથી બાહ્ય છે, તો પણ પ્રસ્તુત શ્લોકમાં જે દેવની આશાતના હેતુ છે, તેનાથી ઉત્પ્રેક્ષા કરી કે જાણે દેવની આશાતનારૂપ હેતુને કારણે જ તેઓ સંઘથી બાહ્યતાને પામે છે, અને અહીં 'इव' શબ્દ ગમ્ય હોવાથી ગમ્ય ઉત્પ્રેક્ષા અલંકાર છે.

ટીકા :-

स्थानांगसूत्रं चेदम् । "पंचहिं ठाणेहिं जीवा दुल्लहबोहिअत्ताए कम्मं पकरेंति । तं० (१) अरहंताणं अवन्नं वयमाणे (२) अरहंतपन्नतस्स धम्मस्स अवन्नं वयमाणे (३) आयरियउवज्झायाणं अवन्नं वयमाणे (४) चाउवन्नस्स समणसंघस्स अवन्नं वयमाणे, (५) विवक्कतवबंभचेराणं देवाणं अवन्नं वयमाणे"त्ति । दुर्लभा बोधिः=जिनधर्मो यस्य स तथा, तद्‌भावः=तत्ता, तया=दुर्लभबोधिकतया, तस्यै वा, कर्म-मोहनीयादि प्रकुर्वन्ति= बध्नन्ति। अर्हतामवर्णम्=अश्लाघां वदन् यथा - 'नत्थि अरहंतत्तं, जाणं वा कीस भुंजए भोए । पाहुडियं तु

उवजीवइ (प्राभृतिकां=समवसरणादिरूपां) एमाइ जिणाणओ अवन्नो ।। न च ते नाभूवंस्तत्प्रणीतप्रवचनोपलब्धेर्नापि भोगानुभवनादिर्दोषः अवश्यवेद्यसातस्य तीर्थकरनामादिकर्मणश्च निर्जरणोपायत्वात्तस्य, तथा वीतरागत्वेन समवसरणादिषु प्रतिबन्धाभावादिति । तथार्हत्प्रज्ञप्तस्य धर्मस्य श्रुतचारित्ररूपस्य, 'प्राकृतभाषानिबद्धमेतत्', तथा 'किं चारित्रेण दानमेव श्रेय' इत्यादिकमवर्णं वदन् । उत्तरं चात्र प्राकृतभाषात्वं श्रुतस्य न दुष्टं, बालादीनां सुखाध्येयत्वेनोपकारित्वात्, तथा चारित्रमेव श्रेयो, निर्वाणस्यानन्तरहेतुत्वादिति । आचार्योपाध्यायानामवर्णं वदन् यथा - 'बालोऽय'मित्यादि, न च बालत्वादिर्दोषो बुद्ध्यादिभिर्वृद्धत्वादिति । तथा चत्वारो वर्णाः श्रमणादयो यस्मिन् स तथा स एव स्वार्थिकाण्विधानाच्चातुर्वर्णः, तस्य संघस्यावर्णं वदन् यथा 'कोऽयं सङ्घः ? यः समवायबलेन पशुसंघ इवामार्गं मार्गीकरोति' न चैतत्साधु, ज्ञानादिगुणसमुदायात्मकत्वात्तस्य, तेन च मार्गस्यैव मार्गीकरणादिति । तथा विपक्वं=सुपरिनिष्ठितं प्रकर्षपर्यंतमुपगतमित्यर्थः, तपश्च ब्रह्मचर्यं च भवांतरे येषां, विपक्वं वा उदयमागतं तपो ब्रह्मचर्यं तद्धेतुकं देवायुष्कादिकर्म येषां ते, तेषामवर्णं वदन्-न सन्त्येव देवाः कदाचनाप्यनुपलभ्यमानत्वात्, किं वा तैर्विटैरिव कामासक्तमनोभिरविरतैस्तथा निर्निमेषैरचेष्टैश्च म्रियमाणैरिव प्रवचनकार्यानुपयोगिभिश्चेत्यादिकं, इहोत्तरं-सन्ति देवास्तत्कृतानुग्रहोपघातादिदर्शनात्, कामासक्तता च मोहसातकर्मोदयादित्यादि । अभिहितं च -'इत्थ पसिद्धी मोहणीयसायवेयणीयकम्मउदयाओ । कामपवित्तावरई कम्मोदयओ च्चिय ण तेसिं ।। अणिमिसं देवसहावा णिच्चेट्ठाणुत्तरा ओ कयकिच्चा । कालाणुभावा तित्थुन्नइं पि अन्नत्थ कुव्वंति त्ति । (स्था० ५-३० सू०४२६)

टीकार्थ :-

स्थानांगसूत्र चेदम् । અને સ્થાનાંગ સૂત્ર આ પ્રમાણે છે -

"पंचहिं ..... वयमाणे" त्ति । પાંચ સ્થાનો વડે જીવો દુર્લભબોધિપણારૂપે કે દુર્લભબોધિપણા માટે કર્મ બાંધે છે. તે આ પ્રમાણે -

(૧) અરિહંતોના અવર્ણવાદને બોલતો, (૨) અરિહંતપ્રજ્ઞપ્ત ધર્મના અવર્ણવાદને બોલતો, (૩) આચાર્ય અને ઉપાધ્યાયના અવર્ણવાદને બોલતો, (૪) ચતુર્વર્ણ શ્રમણસંઘના અવર્ણવાદને બોલતો, (૫) વિપક્વ તપ અને બ્રહ્મચર્યવાળા દેવોના અવર્ણવાદને બોલતો (દુર્લભબોધિપણારૂપે કર્મ બાંધે છે). त्ति=इति समाप्तिसूचक छे.

दुर्लभा ..... बध्नन्ति । દુર્લભબોધિપણારૂપે કર્મ બાંધે છે, એ મૂળ પાઠ છે. તેનો સમાસ બતાવે છે - દુર્લભ છે બોધિ=જિનધર્મ જેને. તેઓ તેવા છે અર્થાત્ દુર્લભબોધિ છે. દુર્લભબોધિનો ભાવ અર્થાત્ સત્તા તે દુર્લભબોધિતા છે. તે દુર્લભબોધિપણારૂપે અથવા દુર્લભબોધિપણા માટે મોહનીયાદિ કર્મો બાંધે છે, તે પ્રકારે મૂળનો અન્વય છે.

વિશેષાર્થ :-

પાંચ સ્થાનો વડે જીવો દુર્લભબોધિપણારૂપે કે દુર્લભબોધિપણા માટે કર્મ બાંધે છે. અહીં તૃતીયા અને ચતુર્થીથી બહુવ્રીહિ સમાસનો વિગ્રહ કરેલ છે. ત્યાં તૃતીયા સ્વરૂપ અર્થમાં છે. તેનાથી એ પ્રાપ્ત થયું કે, દુર્લભબોધિપણારૂપે કર્મ બાંધે છે અર્થાત્ તે બંધાયેલું કર્મ દુર્લભબોધિપણા સ્વરૂપ છે, તેનો તૃતીયાથી વિગ્રહ

કરી બતાવેલ છે. અને ચતુર્થીથી સમાસનો વિગ્રહ કરેલ છે તેનાથી એ પ્રાપ્ત થાય કે, દુર્લભબોધિતા જીવમાં છે અને તેના માટે કર્મ બાંધે છે, અર્થાત્ દુર્લભબોધિ પેદા કરવા માટે અર્થાત્ દુર્લભબોધિરૂપ જીવના પરિણામને પેદા કરવા માટે તેને અનુકૂળ કર્મ બાંધે છે. આ ભાવ ચતુર્થીથી વિગ્રહ કરેલ છે, તેનાથી પ્રાપ્ત થાય છે.

દુર્લભબોધિનાં પાંચ સ્થાનો બતાવે છે -

ટીકાર્થ :-

अर्हतामवर्णम् ..... प्रतिबन्धाभावादिति । (૧) અરિહંતોની અશ્લાઘાને કરતો જેમ અરિહંતપણું નથી, જાણવા છતાં કેમ ભોગ (અર્થાત્ આહારાદિ ભોગ) ભોગવે છે ? વળી પ્રાભૃતિકાને સેવે છે (પ્રાભૃતિકા=સમવસરણાદિરૂપ વૈભવ) ઈત્યાદિ જિનેશ્વરના અવર્ણવાદને બોલતો દુર્લભબોધિપણારૂપ કર્મને બાંધે છે.

દુર્લભબોધિના કારણભૂત અશ્લાઘા સમ્યગ્ નથી, તે બતાવતાં કહે છે કે, અરિહંતપ્રણીત પ્રવચનની ઉપલબ્ધિ હોવાથી તેઓ નથી એમ નહિ, અર્થાત્ છે જ. (આનાથી અરિહંતના પ્રથમ અવર્ણવાદનું નિરાકરણ થયું.) તેનું=ભોગ-અનુભવનાદિનું, અવશ્ય વેદવા યોગ્ય શાતાવેદનીયના અને તીર્થંકરનામકર્મના નિર્જરણનું ઉપાયપણું હોવાથી ભોગ-અનુભવનાદિ દોષ નથી. (આનાથી અરિહંતના બીજા અવર્ણવાદનું નિરાકરણ થયું.) તથા વીતરાગ હોવાને કારણે સમવસરણાદિમાં પ્રતિબંધનો અભાવ હોવાથી પ્રાભૃતિકાદિ સેવે છે તે દોષરૂપ નથી. (આનાથી અરિહંતના ત્રીજા અવર્ણવાદનું નિરાકરણ થયું.)

'इति' શબ્દ દુર્લભબોધિનું પ્રથમ સ્થાન અરિહંતની અશ્લાઘાના નિરાકરણની સમાપ્તિસૂચક છે.

तथार्हत्प्रज्ञप्तस्य ..... हेतुत्वादिति । (૨) હવે પાંચ અવર્ણવાદના સ્થાનમાં બીજું સ્થાન બતાવે છે - તથા અરિહંતે પ્રરૂપેલા શ્રુતચારિત્રરૂપ ધર્મના, આ=આગમ પ્રાકૃત ભાષાનિબદ્ધ છે (એ પ્રમાણે શ્રુતધર્મના અવર્ણવાદને બોલતો) તથા ચારિત્રથી શું ? દાન જ શ્રેયઃકારી છે, ઈત્યાદિ (ચારિત્રધર્મના) અવર્ણવાદને બોલતો દુર્લભબોધિપણારૂપ કર્મને બાંધે છે. અને આ કથનમાં ઉત્તર આ પ્રમાણે છે અર્થાત્ અશ્લાઘા સમ્યગ્ નથી તે બતાવનાર ઉત્તર આ પ્રમાણે છે -

બાલાદિ જીવોને સુખેથી ભણી શકાય એવું હોવાને કારણે ઉપકારીપણું હોવાથી શ્રુતનું પ્રાકૃતભાષાપણું દુષ્ટ નથી, તથા નિર્વાણનું અનંતર હેતુપણું હોવાને કારણે ચારિત્ર જ શ્રેયઃ છે.

'इति' શબ્દ દુર્લભબોધિનું બીજું સ્થાન અરિહંતપ્રજ્ઞપ્ત ધર્મના અવર્ણવાદના નિરાકરણની સમાપ્તિસૂચક છે.

आचार्योपाध्याय ..... वृद्धत्वादिति । (૩) અવર્ણવાદનું ત્રીજું સ્થાન બતાવે છે -

આચાર્ય, ઉપાધ્યાયના અવર્ણવાદને બોલતો, જેમ - આ=આચાર્ય બાળક છે ઈત્યાદિ બોલતો (દુર્લભબોધિપણારૂપ કર્મને બાંધે છે.)

તે અવર્ણવાદનું નિરાકરણ કરે છે - બુદ્ધિ આદિથી વૃદ્ધપણું હોવાથી બાલત્વાદિ દોષરૂપ નથી.

'इति' શબ્દ દુર્લભબોધિનું ત્રીજું સ્થાન આચાર્ય અને ઉપાધ્યાયના અવર્ણવાદના નિરાકરણની સમાપ્તિસૂચક છે.

तथा ..... मार्गीकरणादिति । (૪) અવર્ણવાદનું ચોથું સ્થાન બતાવે છે -

તથા શ્રમણાદિરૂપ ચાર વર્ણો છે જેમાં તે તેવું છે અર્થાત્ ચતુર્વર્ણ છે તે જ સ્વાર્થિક અણ્ વિધાનથી=ચતુર્વર્ણના

અર્થમાં અણ્ પ્રત્યય લાગવાથી ચાતુર્વર્ણરૂપ બન્યું. તે સંઘના=ચાતુર્વર્ણરૂપ સંઘના, અવર્ણવાદને બોલતો (દુર્લભબોધિપણારૂપ કર્મને બાંધે છે.) જેમ - આ સંઘ કોણ ? અર્થાત્ સંઘ નથી. જે સમુદાયના બળથી પશુસંઘની જેમ અમાર્ગને માર્ગ કરે છે.

આ અવર્ણવાદનું નિરાકરણ કરતાં કહે છે - આ અવર્ણવાદ સાધુ=સુંદર, નથી.

તેનું=ચતુર્વિધ સંઘનું, જ્ઞાનાદિ ગુણસમુદાયપણું હોવાથી અને તેના વડે=ચતુર્વિધ સંઘ વડે, માર્ગને જ માર્ગરૂપ કરવાથી આ=અવર્ણવાદ સાધુ=સાચો, નથી.

'इति' શબ્દ દુર્લભબોધિનું ચોથું સ્થાન શ્રમણસંઘના અવર્ણવાદના નિરાકરણની સમાપ્તિસૂચક છે.

तथा ..... इत्यादि । (૫) અવર્ણવાદનું પાંચમું સ્થાન બતાવે છે -

વિપક્વ=સુપરિનિષ્ઠાને પામેલ=પ્રકર્ષપર્યંતને પામેલ, એ પ્રમાણે અર્થ જાણવો. (જે સાધુએ પૂર્વભવમાં સારું ચારિત્ર પાળેલ છે, તેમનું મનુષ્યભવમાં તપ અને બ્રહ્મચર્ય પ્રકર્ષને પામેલ છે, તે બતાવીને હવે સમાસ ખોલે છે -)

તથા વિપક્વ તપ અને બ્રહ્મચર્ય ભવાંતરમાં=પૂર્વભવમાં, જેઓને છે - તે વિપક્વ તપ-બ્રહ્મચર્યવાળા કહેવાય અથવા વિપક્વ એટલે ઉદયમાં આવેલ તપ અને બ્રહ્મચર્ય એટલે તપ અને બ્રહ્મચર્યહેતુક દેવાયુષ્ક કર્મ જેઓને છે - તે વિપક્વ તપ-બ્રહ્મચર્યવાળા કહેવાય.

વિશેષાર્થ :-

પૂર્વભવમાં સેવાયેલ તપ-બ્રહ્મચર્યહેતુક દેવાયુષ્ક કર્મ જેઓને ઉદયમાં આવેલ છે, તેઓ વિપક્વ તપ-બ્રહ્મચર્યવાળા કહેવાય. આ પ્રકારના બીજા વિકલ્પમાં તપ-બ્રહ્મચર્યના કાર્યભૂત દેવાયુષ્કકર્મમાં કારણનો ઉપચાર કરીને તપ-બ્રહ્મચર્ય શબ્દથી કહેલ છે.

ટીકાર્થ :-

તેઓના=વિપક્વ તપ-બ્રહ્મચર્યવાળા દેવોના, અવર્ણવાદને બોલતો કહે છે –

(૧) દેવો નથી, કેમકે ક્યારે પણ ઉપલબ્ધ થતા નથી = દેખાતા નથી.

(૨) અથવા વિટના જેવા કામાસક્ત મનવાળા એવા તેઓ વડે શું ?

(૩) તથા અવિરતિવાળા તેઓ વડે શું ?

(૪) નિર્નિમેષ (નિમેષ વગરના) તેઓ વડે શું ?

(૫) અચેષ્ટાવાળા તેઓ વડે શું ?

(૬) મરતાના જેવા પ્રવચનકાર્યમાં અનુપયોગી એવા તેઓ વડે શું ?

અહીં ઉત્તર -

(૧) દેવોકૃત અનુગ્રહ અને ઉપઘાતાદિનું દર્શન હોવાથી દેવો છે, અને

(૨) કામાસક્તતા મોહનીય અને શાતાવેદનીય કર્મના ઉદયથી છે ઈત્યાદિ ઉત્તર છે.

વિશેષાર્થ :-

તીવ્ર શાતાવેદનીય અને મોહનીયકર્મના ઉદયને કારણે જ તેઓમાં કામાસક્તતા છે, પરંતુ સંસારી જીવોને કામાદિ પ્રત્યે જે રીતનું વલણ છે તે રીતે તેઓનું કામાદિમાં વલણ નથી, પરંતુ ધર્મ પ્રત્યે જ વલણ છે. આમ છતાં પ્રબળ ચારિત્રમોહનીય અને શાતાવેદનીયકર્મના ઉદયથી તેઓમાં કામાસક્તતા છે.

તેનો સાક્ષીપાઠ આપતાં બતાવે છે -

ટીકાર્થ :-

अभिहितं च - .....कुर्वंति त्ति । મોહનીય અને શાતાવેદનીયકર્મના ઉદયથી કામમાં પ્રવૃત્ત છે.

એ જ સાક્ષીપાઠમાં નંબર-૩, ૪, ૫, ૬ અવર્ણવાદનું નિરાકરણ કરે છે, તે આ રીતે -

(૩) કર્મના ઉદયથી અવિરતિ છે.

(૪) અનિમેષ દેવસ્વભાવથી છે.

(૫) કૃતકૃત્ય હોવાને કારણે અનુત્તરદેવો ચેષ્ટા વગરના છે.

(૬) કાલના અનુભાવથી તીર્થોન્નતિ પણ અન્યત્ર કરે છે.

'इति' શબ્દ દુર્લભબોધિનું પાંચમું સ્થાન વિપક્વ તપ અને બ્રહ્મચર્યવાળા દેવોના અવર્ણવાદના નિરાકરણની સમાપ્તિસૂચક છે.

ટીકા :-

यत्तु महाजननेतृत्वाद् देवराजादिवद् देवानामवर्णवादो महामोहनीयबंधहेतुत्वान्निषिद्धो न धर्मित्वादितिपामरवचनं तत्तुच्छं, एवं सत्यस्य सूत्रस्यार्थसिद्धानुवादत्वापत्तेर्देवमात्रावर्णनिषेधे उक्तविशेषणानुपपत्तेश्च । यत्र हि यत्प्रकारकवर्णवादइष्टसाधनतयोपदर्शितस्तत्र तत्प्रकारकवर्णवाद-ग्रहप्रतिबन्धकदोषदर्शनरूपस्यैवावर्णवादस्य निषेध उचित इत्युक्तविशेषणं फलवत्, विपक्वतपोब्रह्मचर्य-फलीभूतदेवार्चनविनयशीलादिगुणप्रतिपन्थिदोषोपदर्शनस्यैव ततो दुर्लभबोधिताहेतुत्वलाभात् ।

ટીકાર્થ :-

यत्तु ..... अनुपपत्तेश्च ।જે વળી મહાજનનું નેતૃપણું હોવાથી ઈન્દ્રાદિની જેમ દેવોનો અવર્ણવાદ મહામોહના બંધનું હેતુપણું હોવાને કારણે નિષિદ્ધ છે, (પરંતુ) ધર્મીપણાથી નહિ, એ પ્રકારે પામરનું વચન છે તે તુચ્છ છે. કેમ કે એ પ્રમાણે હોતે છતે આ સૂત્રના અર્થસિદ્ધ અનુવાદપણાની આપત્તિ આવે, અને દેવમાત્રના અવર્ણના નિષેધમાં ઉક્ત વિશેષણની=વિપક્વ તપ-બ્રહ્મચર્ય એ ઉક્ત વિશેષણની, અનુપપત્તિ છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, જેમ ઇંદ્રો મોટા સમુદાયના નેતા છે તેથી તેમનો અવર્ણવાદ કરવો ઉચિત નથી, તેમ દેવો પણ ઘણા સમુદાયના નેતા છે; કેમ કે હરિહરાદિ ઘણા દેવોને ઘણા લોકો પૂજે છે, માને છે; તેથી તેઓનો અવર્ણવાદ મહામોહના બંધનો હેતુ છે, તેથી તે નિષિદ્ધ છે. પરંતુ દેવો અધાર્મિક જ છે, કેમ કે અવિરતિના ઉદયવાળા છે, તેથી ધર્મી હોવાથી તેઓનો અવર્ણવાદ નિષેધ કરાયો નથી. તેથી તેઓની જિનપ્રતિમાની પૂજા એ દેવસ્થિતિરૂપે કહી શકાય, પરંતુ ધર્મરૂપે નહિ. પરંતુ એ પ્રકારનું પૂર્વપક્ષીનું સમાધાન તુચ્છ છે. કેમ કે એ પ્રમાણે હોતે છતે આ સૂત્રના અર્થસિદ્ધ અનુવાદપણાની આપત્તિ આવે છે. અર્થાત્ જેમ કોઈ રાજાના અવર્ણવાદને કરે તો રાજા કુપિત થઈને તેને કાંઈ શિક્ષા કરે તો લોકમાં રાજાની નિંદા કરનારની નિંદા થાય, તેથી તેનો ધર્મ પણ હિલના પામે, માટે રાજાની નિંદા પણ નિંદા કરનારને દુર્લભબોધિનું કારણ બને. તેમ દેવના અવર્ણવાદથી તેઓ કુપિત થાય અને કાંઈ શિક્ષા કરે તો લોકમાં તેમનો ધર્મ હિલના પામે છે. તેથી દેવનો અવર્ણવાદ દુર્લભબોધિનું કારણ બને, એવો અર્થ કરવામાં આવે તો એ પદાર્થ તો અર્થસિદ્ધ છે, અને તેનો જ અનુવાદ કરનાર પ્રસ્તુત સ્થાનાંગ સૂત્ર છે, તેમ માનવાની આપત્તિ આવે છે.

અહીં પૂર્વપક્ષી આ આપત્તિને ઈષ્ટાપત્તિ કહે તો તેના નિરાકરણ અર્થે બીજો હેતુ કહે છે -

અને તે રીતે અર્થ સ્વીકારીએ તો દેવમાત્રના અવર્ણનો=અવર્ણવાદનો, નિષેધ પ્રાપ્ત થાય. કેમ કે મહાજનના નેતા સર્વ દેવો છે, તેથી ઉક્ત વિશેષણની અનુપપત્તિ થાય. કેમ કે દુર્લભબોધિમાં કારણ વિપક્વ તપ-બ્રહ્મચર્યવાળા દેવોના અવર્ણવાદમાં દુર્લભબોધિપણું કહેલ છે. પરંતુ મહાજનના નેતા સર્વ દેવો હોવાથી સર્વ દેવોના અવર્ણવાદમાં દુર્લભબોધિપણું માનવામાં આવે તો ઉક્ત વિશેષણની અસંગતિ થાય, કેમ કે સર્વ દેવો તપ-બ્રહ્મચર્યવાળા નથી.

ઉત્થાન :-

ઉક્ત વિશેષણ=વિપક્વ તપ-સંયમવાળા દેવો છે એ વિશેષણ, કઈ રીતે સંગત થાય તે યુક્તિથી બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

यत्र हि ..... हेतुत्वलाभात् । વળી જ્યાં જે પ્રકારક વર્ણવાદ ઈષ્ટસાધનપણા વડે કરીને દેખાડ્યો છે, ત્યાં તત્પ્રકારક વર્ણવાદના ગ્રહના પ્રતિબંધક એવા દોષદર્શનરૂપ અવર્ણવાદનો નિષેધ ઉચિત છે. એથી કરીને ઉક્ત વિશેષણ ફળવાળું છે, કેમ કે વિપક્વ તપ-બ્રહ્મચર્યના ફળીભૂત એવા દેવાર્ચન-વિનય અને શીલાદિ ગુણના પ્રતિપંથી દોષોના ઉપદર્શનનું જ તેનાથી=પૂર્વમાં 'यत्र हि' થી અવર્ણવાદનો નિષેધ ઉચિત છે એ પ્રમાણે કહ્યું તેનાથી, દુર્લભબોધિપણાના હેતુત્વનો લાભ થાય છે.

✪ અહીં 'विपक्व ..... उपदर्शनस्य एव' એ પ્રમાણેની ષષ્ઠી વિભક્તિનો અન્વય 'दुर्लभबोधिताहेतुत्व' ની સાથે છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે પ્રતિપંથી દોષના ઉપદર્શનનું જ દુર્લભબોધિતાનું હેતુપણું છે. અર્થાત્ પ્રતિપંથી દોષનું ઉપદર્શન દુર્લભબોધિપણાનો હેતુ છે.

✪ 'ततः' શબ્દ 'यत्र ..... निषेध उचितः' કહ્યું એ કથનનો પરામર્શક છે, અને તેનો અન્વય 'लाभात्' ની સાથે છે. અર્થાત્ દુર્લભબોધિના હેતુત્વનો લાભ હોવાથી એમ કહ્યું ત્યાં 'लाभात्' ની સાથે છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે પ્રતિબંધક દોષદર્શનરૂપ અવર્ણવાદનો નિષેધ ઉચિત છે. તેનાથી પ્રતિપંથી દોષદર્શનના જ દુર્લભબોધિતાના હેતુત્વનો લાભ થાય છે.

✪ 'विपक्व ..... दुर्लभबोधिताहेतुत्वलाभात्' સુધીનું કથન ઉક્ત વિશેષણ ફલવાળું છે તેમાં હેતુ છે.

વિશેષાર્થ :-

આગળમાં આગમનો પાઠ બતાવેલ છે એ પ્રકારે દેવનો વર્ણવાદ સુલભબોધિતાના સાધનપણા વડે બતાવાયેલો છે. તેથી દેવના વિષયમાં સુલભબોધિપ્રકારક વર્ણવાદના ગ્રહણના પ્રતિબંધક એવા દોષદર્શનરૂપ અવર્ણવાદનો નિષેધ ઉચિત છે, અર્થાત્ આગળમાં આગમના પાઠમાં વિપક્વ તપ-સંયમવાળા દેવોનો વર્ણવાદ કહેવારૂપ અવર્ણવાદનો નિષેધ ઉચિત છે. એથી કરીને દેવોને વિપક્વ તપ-સંયમવાળા કહ્યા, એ વિશેષ ફલવાળું=સાર્થક છે. કેમ કે વિપક્વ તપ-સંયમના ફલીભૂત દેવાર્ચન, વિનયશીલાદિ ગુણના પ્રતિપંથી દોષદર્શનનું જ દુર્લભબોધિતાનું હેતુપણું છે. અર્થાત્ દેવોએ પૂર્વભવમાં તપ-સંયમ સારું પાળેલું, તેના ફળરૂપે જ દેવભવમાં ભગવાનની ભક્તિ-વિનય, અને ભગવાનના ભક્તિકાળમાં સ્ત્રીઓ સાથે હાસ્યાદિના પરિહારરૂપ શીલાદિ ગુણો તેઓમાં છે, તેવા ગુણોનું વિરોધી એવું અસંયમ દેવોમાં છે તેમ કહેવું, એ દુર્લભબોધિતાનું કારણ છે.

ટીકા :-

अत एवैतत्सूत्रप्रतिपक्षसूत्रं यथा - (स्था०५ स्था० उ० २ सू० ४२६)

"पंचहिं ठाणेहिं जीवा सुलहबोहित्ताए कम्मं पकरेंति-तं० अरहंताणं वन्नं वयमाणे जाव विपक्कतवबंभचेराणं देवाणं वन्नं वयमाणे" त्ति ।। अर्हतां वर्णवादो यथा-"जियरागदोषमोहा सव्वण्णु तियसनाहकयपूआ । अच्चंतसच्चवयणा सिवगइगमणा जयंति जिणा" ।। अर्हत्प्रणीतधर्मवर्णो यथा-'वत्थुपयासणसूरो अइसयरयणाण सागरो जयइ । सव्वजयजीवबंधुरबंधुदुविहोवि जिणधम्मो" ।। आचार्यवर्णवादो यथा - "तेसिं णमो तेसिं णमो भावेण पुणोपुणोवि तेसिं णमो । अणुवकयपरहियरया जे नाणं दिंति भव्वाणं" ।। चतुर्वर्णश्रमणसङ्घवर्णवादो यथा-"एयंमि पूइअंमि णत्थि तयं जं न पूइअं होइ । भु(सु)वणे वि पूअणिज्जो, न गुणीसंघाओ जं अन्नो" ।। देववर्णवादो यथा-"देवाण अहो सीलं विसयविसविमोहिआ वि जिणभवणे अच्छरसाहिंपि समं हासाई जेण न करेंति" । त्ति।। **वृत्तौ** ।

ટીકાર્થ :-

अत एव ..... यथा - આથી કરીને જ=જે વર્ણવાદથી સુલભબોધિતા થાય છે તેનાથી વિરોધી દોષદર્શનરૂપ અવર્ણવાદનો નિષેધ ઉચિત છે. આથી કરીને જ, આ સૂત્રનું પ્રતિપક્ષ સૂત્ર - જે પ્રમાણે છે (તે પ્રમાણે કહે છે -)

पंचहिं ..... पकरेंति । પાંચ સ્થાનો વડે જીવો સુલભબોધિપણારૂપે અથવા સુલભબોધિપણા માટે કર્મ બાંધે છે. (અહીં પણ सुलभबोधिकतया तस्यै वा એ પ્રમાણે તૃતીયા અને ચતુર્થીથી સમાસનો વિગ્રહ જાણવો.)

તે આ પ્રમાણે - અરિહંતના વર્ણવાદને કરતો ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ વિપક્વ તપ-બ્રહ્મચર્યવાળા દેવોના વર્ણવાદ=શ્લાઘાને કરતો સુલભબોધિપણારૂપે કે સુલભબોધિપણા માટે કર્મ બાંધે છે. 'इति' સમાપ્તિસૂચક છે.

(૧) અરિહંતનો વર્ણવાદ જે પ્રમાણે છે, તે કહે છે -

રાગ-દ્વેષ-મોહને જીતનારા, સર્વજ્ઞ, દેવોના નાથ વડે=દેવેન્દ્રોથી, પૂજાયેલા, અત્યંત સત્યવચનવાળા, શિવગતિમાં જવાવાળા જિનો જય પામે છે.

(૨) અરિહંતપ્રણીત ધર્મનો વર્ણવાદ જે પ્રમાણે છે, તે કહે છે -

વસ્તુના પ્રકાશનમાં સૂર્ય સમાન, અતિશયરૂપી રત્નનો સાગર, સર્વ જગતના જીવોનો સ્નેહીબંધુ એવો શ્રુતધર્મરૂપ અને ચારિત્રધર્મરૂપ બંને પણ પ્રકારનો જિનધર્મ જય પામે છે.

(૩) આચાર્યનો વર્ણવાદ જે પ્રમાણે છે, તે કહે છે -

તેઓને નમસ્કાર, તેઓને નમસ્કાર, ભાવપૂર્વક તેઓને વારંવાર પણ નમસ્કાર કે જેઓ અનુપકૃતપરહિતમાં રત છે, અને ભવ્યજીવોને જ્ઞાન આપે છે.

(૪) ચતુર્વિધ શ્રમણસંઘનો વર્ણવાદ જે પ્રમાણે છે, તે કહે છે -

આની પૂજામાં તે નથી કે જે ન પૂજાયું હોય, જે કારણથી ભુવનમાં પણ ગુણી સંઘથી અન્ય પૂજવા યોગ્ય નથી.

(૫) દેવોનો વર્ણવાદ જે પ્રમાણે છે, તે કહે છે -

દેવોનું અહો શીલ ! જે કારણથી વિષયવિષથી મોહિત પણ જિનેશ્વરના ભવનમાં અપ્સરાઓની સાથે હાસ્ય વગેરે કરતા નથી.

'त्ति' શબ્દ ઉદ્ધરણના કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

દેવોએ ભૂતકાળમાં તપ-બ્રહ્મચર્ય પાળ્યું છે, તેથી જ દેવભવકૃત વિષયો પ્રત્યેનો અતિમોહ હોવા છતાં પણ શીલ પાળી શકે છે; અને દેવભવકૃત નિયત ભોગકર્મ હોવાને કારણે તેઓને વિષયો પ્રત્યેનો મોહનો પરિણામ છે, પરંતુ પ્રકૃતિથી શીલ પ્રત્યેનો તીવ્ર પક્ષપાત છે.

ટીકા :-

एतेन 'सविशेषण' इत्यादिन्यायात् प्राग्भवीयतपःसंयमयोरेव देववर्णनविधौ तात्पर्यमिति निरस्तम्, एकविधेरन्यतः सिद्धत्वेन चमरेन्द्रेशानेन्द्रावतिप्रसङ्गेन च विशिष्टविधावेव तात्पर्यात् ।

ટીકાર્થ :-

एतेन .... निरस्तम्, આનાથી=સ્થાનાંગસૂત્રના પાઠમાં દેવના વર્ણવાદને કહેનારા વૃત્તિના પાઠથી, 'सविशेषण' ઈત્યાદિ ન્યાયથી પ્રાગ્ભવીય તપ-સંયમવિષયક જ દેવવર્ણનવિધિમાં=દેવોના વર્ણવાદની વિધિમાં, તાત્પર્ય છે=એ પ્રમાણે જે કોઈ કહે છે તે નિરસ્ત જાણવું.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનો આશય એ છે કે, દેવોના પૂર્વભવના તપ-સંયમની અનુમોદનામાં સ્થાનાંગનું તાત્પર્ય છે, તેથી દેવો વર્તમાનમાં શીલવાળા નથી માટે ધર્મી નથી; તેથી તેમણે કરેલ મૂર્તિની પૂજાને ધર્મ કહી શકાય નહિ. આ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન, દેવોનું અહો શીલ છે ! કે વિષયરૂપ વિષથી મોહિત પણ જિનભવનમાં અપ્સરાઓ સામે પણ જે કારણથી હાસ્યાદિ કરતા નથી, એ કથનથી વર્તમાનમાં તેઓ શીલવાળા છે, એ વૃત્તિના કથન દ્વારા નિરસ્ત જાણવું. તે આ રીતે -

પૂર્વપક્ષી કહે છે તેમ દેવના વર્ણવાદ દ્વારા દેવના પૂર્વભવના તપ-સંયમની અનુમોદના સ્વીકારીએ તો તે દેવનો વર્ણવાદ કહેવાય નહિ, પરંતુ તે દેવના જીવે પૂર્વમાં પાળેલા સંયમજીવનનો જ વર્ણવાદ કહેવાય. આથી વૃત્તિકારે દેવો જે જિનભવનમાં હાસ્યાદિ-પરિહાર કરે છે તેને જ શીલરૂપે ગ્રહણ કરેલ છે, અને સ્થાનાંગમાં દેવોના વર્ણવાદથી સુલભબોધિતાની પ્રાપ્તિ કહેલ છે, તેથી દેવભવના જ શીલના વર્ણવાદમાં વિધિનું તાત્પર્ય છે. માટે પૂર્વપક્ષીએ પ્રાગ્ભવના તપ-સંયમમાં જ વિધિની વિશ્રાંતિ કરી, તે નિરસ્ત જાણવું.

સ્થાનાંગમાં સંયમીના વર્ણવાદ કરતાં દેવોના વર્ણવાદને જુદા ગ્રહણ કરીને સુલભબોધિ કહેલ છે, તેથી પણ નક્કી થાય છે કે, દેવભવના જ શીલનું વર્ણવાદ ગ્રહણ કરવાનું છે. તેમ જ વૃત્તિકારે દેવોના શીલનું સ્વરૂપ બતાવતાં દેવો જિનભવનમાં હાસ્યાદિ પરિહાર કરે છે તેને શીલ તરીકે ગ્રહણ કરેલ છે. તેથી પણ નક્કી થાય છે કે, દેવભવના જ શીલને ગ્રહણ કરીને દેવોનો વર્ણવાદ કરવાનો છે, પણ પૂર્વભવના શીલને ગ્રહણ કરીને નહિ.

ઉત્થાન :-

'**एतेन**' થી પૂર્વપક્ષીનું કથન નિરસ્ત હોવા છતાં તેને દૃઢ કરવા અર્થે હેતુ કહે છે -

ટીકાર્થ :-

एकविधेः ..... तात्पर्यात् । એકવિધિનું અન્યથી સિદ્ધપણું હોવાને કારણે અને ચમરેન્દ્ર તથા ઈશાનેન્દ્રમાં અતિપ્રસંગ હોવાને કારણે વિશિષ્ટ વિધિમાં જ તાત્પર્ય છે.

વિશેષાર્થ :-

'સવિશેષણ' ન્યાયથી પ્રાગ્ભવીય તપ-સંયમમાં દેવના વર્ણવાદની વિધિની વિશ્રાંતિ કરવામાં આવે તો એ પ્રાપ્ત થાય કે, દેવભવના વર્ણવાદ કરવાના નથી, પણ દેવોએ જે પૂર્વભવમાં તપ-સંયમ પાળ્યાં છે, તેના જ વર્ણવાદ કરવાના છે. તેથી પૂર્વભવનાં તપ-સંયમરૂપ એક વિશેષણમાં જ વિધિની પ્રાપ્તિ થાય અર્થાત્ તપ-સંયમમાત્રમાં જ થાય, પરંતુ વિપક્વ તપ-સંયમથી વિશિષ્ટ એવા દેવભવમાં ન થાય=વિશેષણથી વિશિષ્ટ એવા વિશેષ્યમાં ન થાય, પરંતુ વિશેષણમાત્રમાં જ થાય. અને તે એકવિધિનું અન્યથી સિદ્ધપણું છે, તે આ રીતે - પાંચ પ્રકારના વર્ણવાદમાં આચાર્યના વર્ણવાદ અને ચતુર્વિધ સંઘના વર્ણવાદ કહેલ છે, તેનાથી જ દેવનો વર્ણવાદ સિદ્ધ થઈ જાય છે. તેથી દેવના વર્ણવાદને પૃથગ્ કહેવાની જરૂર રહેતી નથી. તેથી ઠાણાંગના પાઠમાં

પાંચના વર્ણવાદને બદલે ચારના વર્ણવાદ કહેવાથી જ ચાલત, અને તેનાથી ઠાણાંગમાં જે પાંચના વર્ણવાદ કહેલ છે, તે અસંગત સિદ્ધ થાય. માટે 'સવિશેષણ' ન્યાયથી પ્રાગ્ભવીય તપ-સંયમમાં વિધિની વિશ્રાંતિ કરી શકાય નહિ, પરંતુ વિશિષ્ટ વિધિમાં જ તાત્પર્ય છે.

અહીં વિશેષ એ છે કે, દેવો પણ પૂર્વભવમાં કાં તો આચાર્યરૂપે હશે કાં તો ચતુર્વિધ સંઘમાંથી કોઈપણ વ્યક્તિરૂપે હશે. તેથી પ્રાગ્ભવીય તપ-સંયમની પ્રશંસા કરવામાં દેવના વર્ણવાદને વિશ્રાંત કરવામાં આવે તો, આચાર્યના વર્ણવાદ કે ચતુર્વિધ સંઘના વર્ણવાદથી તે સિદ્ધ જ છે. માટે દેવના વર્ણવાદને સિદ્ધ કરવા માટે તેને પૃથગ્ મૂકવાની જરૂર રહે નહિ, અને ઠાણાંગમાં દેવના વર્ણવાદને પૃથગ્રૂપે ગ્રહણ કરેલ છે. માટે વિશિષ્ટ વિધિમાં જ તાત્પર્ય છે.

વળી વિશિષ્ટ વિધિમાં તાત્પર્ય સ્વીકારવા માટે બીજો હેતુ કહે છે -

'**चमरेन्द्र**' ચમરેન્દ્ર અને ઈશાનેન્દ્રમાં અતિપ્રસંગ છે. અર્થાત્ ચમરેન્દ્ર અને ઈશાનેન્દ્ર પૂર્વભવમાં ચતુર્વિધ સંઘની કોઈપણ વ્યક્તિરૂપે હતા નહિ, પરંતુ અન્ય દર્શનના સંન્યાસી હતા; અને તેઓના અન્યદર્શનના પ્રાગ્ભવીય તપ-સંયમની અનુમોદના કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, જે સ્વમત પ્રમાણે ઈષ્ટ નથી. તેથી વિશિષ્ટ વિધિમાં જ તાત્પર્ય ગ્રહણ કરીએ તો ચમરેન્દ્ર અને ઈશાનેન્દ્રમાં અતિપ્રસંગ પણ પ્રાપ્ત થાય નહિ.

અહીં વિશિષ્ટ વિધિમાં તાત્પર્ય છે, એમ કહ્યું તેનો ભાવ એ છે કે, તેમના પૂર્વભવના તપ-સંયમને ગ્રહણ કરવાના નથી, પરંતુ પૂર્વભવમાં કરાયેલા તપ-સંયમના કારણે તેઓને દેવભવ મળેલ છે, તે દેવભવમાં પણ તપ-સંયમના ફળરૂપે જિનભવનમાં અપ્સરાઓ સાથે હાસ્યાદિના પરિહારરૂપ જે શીલ છે, તે શીલવિશિષ્ટ એવા દેવભવની જ પ્રશંસા કરવાની છે.

ટીકા :-

तस्माद् ये 'अधार्मिका देवा' इति वदन्ति तैस्तद्वर्णवादस्य मूलतोऽपहस्तितत्वात् स्वकरेण स्वशिरसि रजः क्षिप्यते इति ज्ञेयम् । अत एव सत्यप्यसंयतत्वे निष्ठुरभाषाभयान्नो संयतत्वमागमे तेषां परिभाषितम् । 'नो धर्मिण' इति तु कुमतिग्रस्तैः प्रतिक्रियमाणं न क्वापि श्रूयते, धर्मसामान्याभावप्रसङ्गेन तथावक्तुमशक्यत्वात्, उपपादितं चैतन्महता प्रबन्धेन देवधर्मपरीक्षायामस्माभिरित्युपरम्यते।।१६।।

ટીકાર્થ :-

तस्माद् ..... ज्ञेयम् । તે કારણથી=સ્થાનાંગમાં પાંચ પ્રકારના વર્ણવાદોથી સુલભબોધિતા પ્રાપ્ત થાય છે એમ કહ્યું, તે કારણથી, 'અધાર્મિક દેવો છે' એ પ્રમાણે જેઓ કહે છે, તેઓ વડે તદ્ વર્ણવાદને= દેવોના વર્ણવાદને, મૂલથી જ ઉખેડી નાંખેલ હોવાથી સ્વકરથી જ સ્વમસ્તક ઉપર રજ નંખાય છે, એ પ્રમાણે જાણવું.

વિશેષાર્થ :-

સ્થાનાંગને માને, અને સ્થાનાંગમાં પાંચ પ્રકારના વર્ણવાદ બતાવાયા છે તેમાં, દેવવર્ણવાદનો નિષેધ પ્રાપ્ત થાય તે રીતે અર્થ કરે છે; તે સ્વહાથથી જ સ્વમસ્તક ઉપર રજ નાંખવા બરાબર છે.

ટીકાર્થ :-

अत एव ..... परिभाषितम् । આથી કરીને જ=દેવોને અધાર્મિક કહેવા તે દોષરૂપ છે આથી કરીને જ, દેવોમાં અસંયતપણું હોવા છતાં પણ નિષ્ઠુર ભાષાના ભયથી આગમમાં તેઓનું=દેવોનું, નોસંયતપણું કહેવાયેલું છે.

વિશેષાર્થ :-

અસંયત શબ્દનો પ્રયોગ દેવો માટે કરવામાં આવે તો, ગુણસંપન્ન એવા દેવોમાં પણ નિષ્ઠુર ભાષાનો પ્રયોગ થવાથી દેવોની આશાતનાનું પાપ લાગે. તેથી દેવોની આશાતનાના પરિહાર માટે આગમમાં દેવોને નોસંયત કહેલા છે. નોસંયત કહેવાથી એ પ્રાપ્ત થાય કે દેવો સંયમી નથી, અને અસંયત કહેવાથી એ પ્રાપ્ત થાય કે અસંયમરૂપ દોષવાળા તેઓ છે. દેવો ભૂતકાળમાં સારું સંયમ પાળીને આવેલ છે, તેથી વર્તમાનમાં અનેક ગુણોથી કલિત તેઓ છે. તેથી તેઓને અસંયમ દોષવાળા કહેવા, તે દેવોની આશાતના છે. પરંતુ તેઓ દેવભવના માહાત્મ્યથી સંયમને પામી શકતા નથી, માટે આગમમાં તેમને નોસંયત કહેલ છે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે છે કે, જેમ આગમમાં દેવોને નોસંયત કહેલ છે, તેમ અમે દેવોને નોધર્મી કહીશું, તેની સામે ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

नोधर्मिणः ..... श्रूयते, કુમતિગ્રસ્ત એવા લુંપાકો વડે 'નોધર્મી' એ પ્રકારે જે પ્રતિકારરૂપે કહેવાય છે, તે ક્યાંય પણ (આગમમાં) સંભળાતું નથી.

વળી યુક્તિથી તેની પુષ્ટિ કરતાં હેતુ કહે છે -

धर्मसामान्य ..... उपरम्यते ।। ધર્મસામાન્યના અભાવનો પ્રસંગ હોવાને કારણે તે પ્રકારે=દેવો નોધર્મી છે તે પ્રકારે, કહેવા માટે અશક્યપણું છે. અને આ મોટા પ્રબંધ વડે દેવધર્મપરીક્ષા ગ્રંથમાં અમારા વડે કહેવાયેલું છે એથી અહીં વિરામ પમાય છે. ।।૧૬।।

વિશેષાર્થ :-

પાંચ પ્રકારના વર્ણવાદમાં દેવના વર્ણવાદનો મૂળથી અપલાપ દેવોને અધાર્મિક કહેવાથી થાય છે, તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. તેના પ્રતિકારરૂપે લુંપાક દ્વારા એમ કહેવાય છે કે, દેવોને અધાર્મિકને બદલે નોધાર્મિક

કહીશું. તેની સામે ગ્રંથકાર કહે છે કે, એ પ્રકારનું લુંપાક દ્વારા પ્રતિકાર કરાતું વચન આગમમાં ક્યાંય ઉપલબ્ધ નથી. અર્થાત્ આગમમાં જેમ દેવો માટે નિષ્ઠુર ભાષાના પરિહાર માટે 'નોસંયત' શબ્દનો પ્રયોગ કર્યો છે, તેમ 'નોધાર્મિક' શબ્દનો પ્રયોગ ક્યાંય કર્યો નથી. માટે તે સ્વમતિકલ્પનામાત્ર જ છે. વળી તે યુક્તિથી પણ સંગત નથી, તે બતાવવા માટે હેતુ કહે છે કે, દેવોને નોધર્મી કહીએ તો ધર્મસામાન્યનો અભાવ પ્રાપ્ત થાય. પરંતુ દેવોમાં દર્શનાચારના પાલનરૂપ ધર્મ વિદ્યમાન છે. તેથી દેવોને નોધર્મી કહી શકાય નહિ. જ્યારે નોસંયત દેવોને કહ્યા, ત્યાં દેશવિરતિ અને સર્વવિરતિ સંયમનો અભાવ દેવોમાં છે. તેથી નોસંયત કહેવામાં કોઈ દોષ નથી, પરંતુ નોધર્મી કહેવાથી ધર્મમાત્રનો અભાવ પ્રાપ્ત થાય. જ્યારે સમ્યગ્દર્શનરૂપ ધર્મ તેઓમાં હોવાથી તે પ્રકારે કહેવું, તે યુક્તિથી પણ ઉચિત નથી. ॥૧૬॥

અવતરણિકા :-

अथ देवेषु धर्मस्थापकान् गुणानेव दर्शयन् परानाक्षिपति -

અવતરણિકાર્થ :-

દેવોમાં ધર્મસ્થાપક ગુણોને જ દેખાડતા ગ્રંથકાર પરને=લુંપાકને, આક્ષેપ કરતાં કહે·છે -

શ્લોક :-

शक्रेऽवग्रहदातृता व्रतभृतां निष्पापवाग्भाषिता;
सच्छर्माद्यभिलाषिता च गदिता प्रज्ञप्तिसूत्रे स्फुटम् ।
इत्युच्चैरतिदेशपेशलमतिः सम्यग्दृशां स्वःसदाम्;
धर्मित्वप्रतिभूः खलस्खलनकृद्धर्मस्थितिं जानताम् ।।१७।।

શ્લોકાર્થ :-

શક્રમાં=સૌધર્મેન્દ્રમાં, સાધુઓને અવગ્રહ આપવાનો ગુણ, નિરવદ્ય વચન બોલવાનો ગુણ અને સાધુ આદિના હિતસુખાદિની અભિલાષાનો ગુણ ભગવતીસૂત્રમાં સ્પષ્ટ કહેલ છે. આ પ્રકારે ધર્મસ્થિતિને જાણનારાઓની ધર્મીપણાની સ્થાપનામાં પ્રતિભૂ=સાક્ષીભૂત, એવી સમ્યગ્દૃષ્ટિદેવો સંબંધી અત્યંત અતિદેશ વડે થયેલ પેશલમતિ=રમણીય મતિ, ખલને=દુર્જનને, સ્ખલના કરનારી છે. ॥૧૭॥

ટીકા :-

'शक्रे'त्यादि :- शक्रे=सौधर्मेन्द्रे व्रतभृतां=साधूनामवग्रहदातृता=अवग्रहदानगुणः, तथा निष्पापवाग्भाषिता=निरवद्यवाग्भाषकत्वगुणः, सतां=साध्वादीनां, शर्माद्यभिलाषिता=हितसुखादिकामि-

त्वगुणः, 'च' समुच्चये । प्रज्ञप्तिसूत्रे=भगवत्यां, स्फुटं=प्रकटं, गदिताः=एते गुणा व्यक्तं प्रतिपादिता इत्यर्थः । इति=अमुना प्रकारेण, उच्चैः=अत्यर्थं अतिदेशेन=सादृश्यग्राहकवचनेन, पेशला=रमणीया मतिः, सम्यग्दृशां=सम्यग्दृष्टीनां, स्वःसदां=देवानां तत्संबंधिनीत्यर्थः, धर्मस्थितिं=धर्मव्यवस्थां, जानतां सहृदयानां धर्मित्वप्रतिभूः=धर्मित्वस्थापनायां जयहेतुः साक्षिणी, कीदृग् ? खलस्खलनकृत्=दुर्जयदुर्जन-प्रतिवादिपराजयकृदित्यर्थः ।

ટીકાર્થ :-

शक्रेत्यादि ..... इत्यर्थः । શક્રમાં=સૌધર્મેન્દ્રમાં, સાધુઓને અવગ્રહદાતૃતા=અવગ્રહદાન ગુણ, નિષ્પાપ વાગ્ભાષિતા=નિરવદ્યવચનભાષકપણાનો ગુણ, સાધુ આદિના શર્માદિની અભિલાષિતા=હિતસુખાદિ ઈચ્છવાનો ગુણ, 'च' સમુચ્ચય અર્થમાં છે. ભગવતીસૂત્રમાં સ્ફુટ=પ્રકટ, કહેલ છે અર્થાત્ આ ગુણો વ્યક્ત કહેલા છે.

इति ..... पराजयकृदित्यर्थः । આ પ્રકારે ધર્મસ્થિતિને=ધર્મવ્યવસ્થાને, જાણનારા સહૃદયવાળાઓની ધર્મિત્વપ્રતિભૂ=ધર્મીપણાની સ્થાપનામાં જયહેતુસાક્ષીભૂત એવી, સમ્યગ્દૃષ્ટિ દેવો સંબંધી અત્યંત અતિદેશ વડે=સાદૃશ્યગ્રાહક વચન વડે, થયેલ પેશલ=રમણીય, મતિ ખલને સ્ખલના કરનારી છે અર્થાત્ દુર્જય એવા દુર્જન પ્રતિવાદીને પરાજય કરનારી છે, એ પ્રમાણે અર્થ જાણવો.

વિશેષાર્થ :-

ભગવતીસૂત્રમાં સૌધર્મેન્દ્રમાં સાધુઓને અવગ્રહ આપવો આદિ ગુણો સ્પષ્ટરૂપે કહેલ છે; અને ત્યાં ભગવતીમાં સૌધર્મેન્દ્રના તે ગુણો કહ્યા છે, તેનાથી અતિદેશ વડે એ પ્રાપ્ત થાય છે કે, સૌધર્મેન્દ્ર જેવા અન્ય સમ્યગ્દૃષ્ટિ દેવોની પણ તેવા ગુણોવાળી અતિ મનોહર મતિ છે. અને ભગવતીસૂત્રના તે વચનના અતિદેશથી જે શાસ્ત્રોના પરમાર્થને જાણવામાં સહૃદયવાળા શ્રાવકો ધર્મવ્યવસ્થાને જાણે છે, તેમને સર્વ સમ્યગ્દૃષ્ટિ દેવોમાં તેવી રમણીય મતિ થાય છે, અને તે શ્રાવકોની રમણીય મતિ દેવોમાં ધર્મીપણાની સ્થાપના કરવામાં સમર્થ છે. તેથી શ્રાવકોની તેવી રમણીય મતિ દુર્જન એવા લુંપાકના પરાજયને કરનારી છે.

ટીકા :-

अयं भावः-सम्यग्दृष्टिदेवेष्ववग्रहदानादयो वंदनवैयावृत्त्यादयश्चोभयसिद्धानुगुणा दर्शनाचारस्य धर्मत्वेन तद्विकृतिभूताः प्रकृतिवत्विकृतिरिति न्यायेन धर्मतयाऽकामेनाप्येष्टव्याः । तत्कथं तद्वन्तोऽप्यधर्मिण इति वदतां जिह्वा न परिशटेत ? भगवद्वन्दनमेव तेषां धर्मो नार्चादिकमिति त्वर्द्धजरतीयग्रहणे विनाऽनन्तानुबन्धिनं हठं नान्यत् कारणं पश्यामः ।।

ટીકાર્થ :-

अयं भावः ..... परिशटेत ? દર્શનાચારનું ધર્મપણું હોવાને કારણે तद् विकृतिभूत=દર્શનાચારના

વિકૃતિભૂત=દર્શનાચારના કાર્યભૂત, સમ્યગ્દૃષ્ટિ દેવોમાં અવગ્રહદાનાદિ અને વંદનવૈયાવૃત્ત્યાદિ ઉભય સિદ્ધ અનુગુણો, 'પ્રકૃતિવત્ વિકૃતિ' એ ન્યાયથી અકામ વડે પણ=કામનારહિત વ્યક્તિ વડે પણ, ધર્મપણારૂપે સ્વીકારવા જોઈએ. તે કારણથી તે વાળાઓને પણ=આવા ગુણવાળા દેવોને પણ 'અધર્મીઓ' એ પ્રમાણે કહેતાં લુંપાકોની જીહ્વા કેમ નાશ ન પામે ?

વિશેષાર્થ :-

લુંપાક અને શ્વેતાંબર બંને દેવોને સમ્યગ્દૃષ્ટિ માને છે, અને સમ્યગ્દૃષ્ટિ દેવોના અવગ્રહદાનાદિ અને વંદન-વૈયાવચ્ચાદિ ઉભય સિદ્ધ અનુગુણો છે, અર્થાત્ સમ્યગ્દર્શનને અનુરૂપ ગુણો છે; અને દર્શનાચારનું ધર્મપણું હોવાને કારણે દર્શનાચારના વિકૃતિભૂત=કાર્યભૂત, તે ગુણો છે. અને પ્રકૃતિની જેમ વિકૃતિ એ ન્યાય છે; અર્થાત્ દર્શનાચાર પ્રકૃતિ છે અને તે ધર્મ છે, તેથી તેના કાર્યભૂત એવા વંદન-વૈયાવચ્ચાદિ ગુણો પણ ધર્મ છે, એ વાત **'प्रकृतिवद् विकृतिः'** એ ન્યાયથી સિદ્ધ થાય છે. તેથી દેવોને ધર્મી નહિ સ્વીકારવાની કામનાવાળા એવા લુંપાક વડે પણ સમ્યગ્દૃષ્ટિ દેવોના અવગ્રહદાનાદિ ગુણોને ધર્મરૂપે સ્વીકારવા જોઈએ. અને જ્યારે સમ્યગ્દૃષ્ટિ દેવોના અવગ્રહદાનાદિ અને વૈયાવચ્ચાદિ ગુણોને તે ધર્મરૂપે સ્વીકારે, તો પછી તે ગુણોવાળા એવા દેવોને અધર્મી કહેતાં લુંપાકની જીહ્વા કેમ મૌનને ધારણ કરતી નથી ? અર્થાત્ તે પ્રકારે કહેતાં તેમની જીહ્વા કેમ અટકતી નથી ?

ઉત્થાન :-

આ રીતે સમ્યગ્દૃષ્ટિ દેવોના અવગ્રહદાનાદિ અને વંદન-વૈયાવચ્ચાદિને ધર્મપણે સ્વીકારવા જોઈએ, એમ સ્થાપન કર્યું; ત્યાં પૂર્વપક્ષી લુંપાક કહે કે, દેવોને ચોથું ગુણસ્થાનક અમે સ્વીકારીએ છીએ, તેથી સમ્યગ્દૃષ્ટિ દેવોમાં અવગ્રહદાન અને વંદન-વૈયાવચ્ચાદિ ગુણોને ધર્મરૂપે અમે માનીએ છીએ; પરંતુ તેઓ પત્થરની મૂર્તિની જે અર્ચના કરે છે તે ધર્મ નથી, પરંતુ દેવસ્થિતિ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

भगवद्वन्दमेव ..... पश्यामः ।। ભગવાનનું વંદન જ તેઓનો=સમ્યગ્દૃષ્ટિ દેવોનો, ધર્મ છે, અર્ચાદિ= પૂજાદિ, નહિ; એ પ્રકારે વળી અર્દ્ધજરતીય ગ્રહણમાં અનંતાનુબંધી કષાયની હઠ વિના અન્ય કારણ અમે જોતા નથી.

ટીકા :-

अक्षराणि चात्र -

'तए णं से सक्के देविंदे देवराया समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठ० समणं भगवं महावीरं वंदइ वंदइत्ता नमंसइ २ एवं वयासी-कइविहे णं भंते ! उग्गहे पं० ? सक्का पंचविहे उग्गहे पं० तं० - (१) देविंदोग्गहे (२) राउग्गहे (३) गाहावइ उग्गहे (४) सागारिउग्गहे (५)

साहम्मिउग्गहे । जे इमे भंते ! अज्जत्ताए समणा निग्गंथा विहरंति, एएसिं णं अहं उग्गहं अणुजाणेमि त्ति कट्टु समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता तमेव दिव्वं जाणविमाणं दुरूहति २ जामेव दिसिं पाउभूते तामेव दिसिं पडिगए । भंते त्ति भयवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता, एवं वयासी-जं णं भंते ? सक्के देविंदे देवराया तुब्भे एवं वदति, सच्चे णं एसमट्ठे ? हंता सच्चे । सक्के णं भंते ! देविंदे देवराया किं सम्मावादी मिच्छावादी ? गो० ! सम्मावादी, णो मिच्छावादी । सक्के णं भंते ! देविंदे देवराया किं सच्चं भासं भासइ, मोसं भासं भासइ, सच्चामोसं भासं भासइ, असच्चामोसं भासं भासइ ? गो० । सच्चंपि भासं भासइ जाव असच्चामोसंपि भासं भासइ । सक्के णं भंते ! देवराया किं सावज्जं भासं भासइ, अणवज्जं भासं भासइ ? गो० । सावज्जंपि भासं भासइ अणवज्जंपि भासं भासइ । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-सावज्जंपि जाव अणवज्जंपि भासं भासइ ? गो० ! जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं अणिज्जूहित्ताणं भासं भासइ, ताहे णं सक्के देविंदे देवराया सावज्जं भासं भासइ, जाहे णं सक्के देविंदे देवराया सुहुमकायं णिज्जूहित्ताणं भासं भासइ ताहे णं सक्के देविंदे देवराया अणवज्जं भासं भासइ, से तेणट्ठेणं जाव भासइ । सक्के णं भंते ! देविंदे देवराया किं भवसिद्धिए ? अभवसिद्धिए ? सम्मदिट्ठी मिच्छादिठ्ठीए ? एवं जहा मोओद्देसए-सणंकुमारो जाव णो अचरमे त्ति ।।' षोडशशते द्वितीयोद्देशके शतके । 'उग्गहे' त्ति-अवगृह्यते स्वामिना स्वीक्रियते यः सोऽवग्रहः । देविंदोग्गहे त्ति देवेन्द्रः शक्र ईशानो वा, तस्यावग्रहो दक्षिणलोकार्द्धं उत्तरं वेति देवेन्द्रावग्रहः । 'राउग्गहे' त्ति राजा=चक्रवर्त्ती तस्यावग्रहः षट्खण्डभरतादिक्षेत्रं राजावग्रहः । 'गिहवइउग्गहे त्ति' गृहपतिः=माण्डलिको राजा, तस्यावग्रहः स्वकीयं मण्डलमिति गृहपत्यवग्रहः । 'सागारिउग्गहे' त्ति सह अगारेण=गेहेन वर्त्तत इति सागारः, स एव सागारिकः तस्यावग्रहो गृहमेवेति सागारिकावग्रहः । 'साहम्मिग्गहे' त्ति समानेन धर्मेण चरन्तीति साधर्मिकाः साध्वपेक्षया साधव एव, तेषामवग्रहः तदाभाव्यपञ्चकोश-परिमाणं क्षेत्रमृतुबद्धे मासमेकं वर्षासु चतुरो मासान् यावदिति साधर्मिकावग्रहः । एवमुपश्रुत्येन्द्रो यदाचख्यौ तदाह - 'जे इमे' इत्यादि 'एवं वयति त्ति' पूर्वोक्तं 'अहं उग्गहं अणुजाणामी' त्येवंरूपं वदति=अभिधत्ते । सत्य एषोऽर्थ इति । अथ भवत्वयमर्थः सत्यः तथाप्ययं स्वरूपेण सम्यग्वादी उत नेत्याशङ्क्याह, 'सक्के णमि' त्यादि सम्यग्वदितुं शीलं=स्वभावो यस्य स सम्यग्वादी प्रायेणासौ सम्यगेव वदतीति । सम्यग्वादशीलत्वेऽपि प्रमादादिना किमसौ चतुर्विधां भाषां भाषते नवेति प्रश्नयन्नाह, 'सक्के णं' इत्यादि । सत्यापि भाषा कथञ्चिद् भाष्यमाणा सावद्या संभवतीति पुनः पृच्छति-'सक्के णं' इत्यादि । 'सावज्जं' ति सहावद्येन=गर्हितकर्मणेति सावद्या तां 'जाहे णं' ति यदा 'सुहुमकायं'ति सूक्ष्मकायं हस्तादिकं वस्त्विति वृद्धाः, अन्ये त्वाहुः 'सुहुमकायं'ति वस्त्रं, 'अणिजूहित्ताणं' त्ति अपोह्यादत्वा । हस्ताद्यावृत्तमुखस्य हि भाषमाणस्य जीवसंरक्षणतोऽनवद्या भाषा भवत्यन्या तु सावद्येति । शक्रमेवाधिकृत्याह-'मोऊद्देसए' त्ति तृतीयशतके प्रथमोद्देशकं । तत्पाठो यथा-'सणंकुमारे णं भंते! देविंदे देवराया किं भवसिद्धिए अभवसिद्धिए ? सम्मदिट्ठी ? मिच्छादिट्ठी ? परित्तसंसारीए अपरित्तसंसारीए ? सुलहबोहीए दुल्लहबोहीए ? आराहए विराहए ? चरमे अचरमे ? गो० ।

सणंकुमारे णं देविंदे देवराया भवसिद्धिए णो अभवसिद्धिए, एवं सम्मं० परित्त० सुलह० आरा० च० पसत्थं णेयव्वं । से केणट्ठेणं भंते ! गो० ! सणंकुमारे णं देविंदे देवराया बहूणं समणाणं बहूणं संमणीणं बहूणं सावयाणं बहूणं सावियाणं हियकामए, सुहकामए, पत्थकामए, आणुकंपिए, णिस्सेयसिए, हितसुहणिस्सेसकामए, से तेणट्ठेणं ।।' 'आराहऐ' त्ति व्याख्या-ज्ञानादीनामाराधयिता, 'चरमे' त्ति चरम एव भवो यस्याप्राप्तस्तिष्ठति, देवभवो वा चरमो यस्य स चरमः; चरमभवो वा भविष्यति यस्य स चरमः । 'हिअकामए'त्ति हितं सुखनिबन्धनं वस्तु । 'सुहकामए' त्ति सुख=शर्म 'पत्थकामए त्ति'पथ्यं=दुःखत्राणं कस्मादेवमित्याह 'आणुकंपिएट त्ति कृपावान् । अत एवाह 'णिस्सेयस्सिए' त्ति निःश्रेयसं=मोक्षस्तत्र नियुक्त इव नैःश्रेयसिकः । 'हिअसुहणिस्सेसकामए' त्ति हितं यत्सुखमदुःखानुबन्धमित्यर्थः तन्निःशेषाणां=सर्वेषां कामयते=वाञ्छति यः स तथेति वृत्तौ ।।

टीकार्थ :-

'अक्षराणि चात्र' – અને આ કથનમાં=શકના અવગ્રહદાતૃતા આદિ ગુણના કથનમાં, અક્ષરો આ પ્રમાણે છે -

ત્યારે તે શક્ર દેવેન્દ્ર દેવરાજા, શ્રમણ ભગવાન મહાવીરની પાસે ધર્મને સાંભળીને હૃષ્ટતુષ્ટ (થયેલો) શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરે છે, વંદન કરીને નમસ્કાર કરે છે, નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે - હે ભગવન્ ! અવગ્રહ કેટલા પ્રકારના છે ? હે શક્ર ! પાંચ પ્રકારના અવગ્રહ કહેવાયેલા છે. તે આ પ્રમાણે -

(૧) દેવેન્દ્રનો અવગ્રહ (શક્ર અથવા ઈશાનેંદ્રનો અવગ્રહ)

(૨) રાજાનો અવગ્રહ (ચક્રવર્તીનો અવગ્રહ)

(૩) ગૃહપતિનો અવગ્રહ (માંડલિક રાજાનો અવગ્રહ)

(૪) સાગારિકનો અવગ્રહ (શય્યાતરનો અવગ્રહ)

(૫) સાધર્મિકનો અવગ્રહ (સમાનધર્મવાળાનો અવગ્રહ)

એ પ્રમાણે સાંભળીને ઈન્દ્રે જે કહ્યું, તે આ પ્રમાણે -

હે ભગવંત ! આર્યરૂપે જેઓ આ શ્રમણ નિર્ગ્રંથો વિચરે છે, તેઓને હું અવગ્રહની અનુજ્ઞા આપું છું. એ પ્રમાણે કહીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરે છે, નમસ્કાર કરે છે, અને વંદન કરીને નમસ્કાર કરીને, તે જ દિવ્ય વિમાનમાં આરૂઢ થાય છે, અને આરૂઢ થઈને જે દિશામાંથી આવ્યા હતા, તે જ દિશામાં પાછા ગયા. (તે વખતે) ભગવાન ગૌતમસ્વામી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને વંદન કરે છે, નમસ્કાર કરે છે. વંદન કરીને, નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે - હે ભગવંત ! દેવેન્દ્ર, દેવરાજા શક્રે આપને પૂછ્યું, એ અર્થ સત્ય છે ? ભગવાન કહે છે કે હા, સત્ય છે. હે ભગવંત ! દેવેન્દ્ર, દેવરાજા શક્ર શું સમ્યગ્વાદી છે કે મિથ્યાવાદી છે ? હે ગૌતમ ! સમ્યગ્વાદી છે, મિથ્યાવાદી નથી.

હે ભગવંત ! દેવેન્દ્ર, દેવરાજા શક્ર (૧) સત્ય ભાષા બોલે છે ? (૨) મિથ્યા ભાષા બોલે છે ?

(૩) સત્યામૃષા ભાષા બોલે છે ? (૪) અસત્યામૃષા ભાષા બોલે છે ? હે ગૌતમ ! સત્ય પણ ભાષા બોલે છે, યાવત્ અસત્યામૃષા ભાષા બોલે છે. હે ભગવંત ! દેવેન્દ્ર, દેવરાજા શક્ર શું સાવદ્ય ભાષા બોલે છે ? અનવદ્ય ભાષા બોલે છે ? હે ગૌતમ ! સાવદ્ય પણ ભાષા બોલે છે, અનવદ્ય પણ ભાષા બોલે છે. હે ભગવંત ! કયા અર્થથી આ પ્રમાણે કહો છો કે, સાવદ્ય પણ યાવત્ અનવદ્ય પણ ભાષા બોલે છે ? હે ગૌતમ ! જ્યારે દેવેન્દ્ર, દેવરાજા શક્ર સૂક્ષ્મકાય નહિ રાખીને ભાષા બોલે છે, ત્યારે દેવેન્દ્ર, દેવરાજા શક્ર સાવદ્ય ભાષા બોલે છે, (અને) જ્યારે દેવેન્દ્ર, દેવરાજા શક્ર સૂક્ષ્મકાયને રાખીને ભાષા બોલે છે, ત્યારે અનવદ્ય ભાષા બોલે છે. તે અર્થથી (આમ કહેવાય છે) યાવત્ બોલે છે. હે ભગવંત ! દેવેન્દ્ર, દેવરાજા શક્ર શું ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક છે ? સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે ? એ પ્રમાણે જેમ મોઓદ્દેશકમાં=તૃતીય શતકના પ્રથમ ઉદ્દેશકમાં, સનત્કુમાર ઈન્દ્રની જેમ યાવત્ 'णो अचरमे'त्ति ત્યાં સુધી જાણવું. ૧૬મા શતકના ૨જા ઉદ્દેશામાં આ પ્રમાણે કહેલ છે. તેના વિષમ અર્થો ટીકામાં ખોલતાં કહે છે -

'उग्गहे' त्ति અવગ્રહણ કરાય અર્થાત્ સ્વામી વડે જે સ્વીકારાય તે અવગ્રહ કહેવાય.

(૧) 'देविंदोग्गहे'त्ति દેવેંદ્ર શક્ર અથવા ઈશાન, તેનો અવગ્રહ, દક્ષિણ લોકાર્ધ શક્રેંદ્રનો અવગ્રહ કહેવાય, ઉત્તર લોકાર્ધ ઈશાનેંદ્રનો અવગ્રહ કહેવાય. એ પ્રમાણે દેવેંદ્રનો અવગ્રહ જાણવો.

(૨) 'राउग्गहे' त्ति રાજા=ચક્રવર્તી, તેનો અવગ્રહ તે રાજાનો અવગ્રહ. છ ખંડ ભરતાદિક્ષેત્ર રાજાનો અવગ્રહ જાણવો.

(૩) 'गिहवइउग्गहे' त्ति ગૃહપતિ=માંડલિક રાજા, તેનો અવગ્રહ તે ગૃહપતિનો અવગ્રહ, પોતાનું મંડલ એ ગૃહપતિનો અવગ્રહ જાણવો.

(૪) 'सागारिउग्गहे' त्ति અગારની સાથે=ઘરની સાથે વર્તે તે સાગાર. સ્વાર્થમાં इકण પ્રત્યય લાગેલ હોવાથી स एव सागारिकः=સાગાર જ અર્થમાં 'सागारिक' પ્રયોગ છે, અને તેનો=સાગરિકનો અવગ્રહ ઘર જ છે. એ સાગારિકનો અવગ્રહ જાણવો.

(૫) 'साहम्मिउग्गहे' त्ति સમાન ધર્મથી ચરે તે સાધર્મિકો કહેવાય. સાધુઓની અપેક્ષાએ સાધુઓ જ સાધર્મિક કહેવાય. તેમનો અવગ્રહ તે સાધર્મિકોનો અવગ્રહ કહેવાય. તેમનું આભાવ્ય પાંચ કોશ જેટલું ક્ષેત્ર ઋતુબદ્ધ કાળમાં=શિયાળા-ઉનાળામાં એક માસ સુધી અને વર્ષાકાળમાં=ચોમાસામાં, ચાર માસ સુધી એ પ્રમાણે સાધર્મિકનો અવગ્રહ જાણવો.

શક્રે ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે, હે ભગવંત ! કેટલા પ્રકારના અવગ્રહો છે ? ભગવાને ઉત્તરમાં કહ્યું કે, હે શક્ર ! પાંચ પ્રકારના અવગ્રહો છે. એ પ્રમાણે સાંભળીને ઈંદ્રે જે કહ્યું તે કહે છે - 'जे इमे' ઈત્યાદિ 'एवं वयति त्ति' સુધીના કથનનો ભાવ બતાવે છે - હું પૂર્વોક્ત અવગ્રહની અનુજ્ઞા આપું છું, એ પ્રમાણે કહે છે.

सच्चे णं एसमट्ठे - सत्य एषोऽर्थ इति । ગૌતમસ્વામીએ પૃચ્છા કરી, તેનો ઉત્તર ભગવાને આપ્યો કે, શક્રે જે અવગ્રહ યાચ્યો છે એ અર્થ સત્ય છે.

'अथ' થી આગળનું ઉત્થાન કરતાં કહે છે -

આ અર્થ સત્ય હો, તો પણ આ=શક્ર, સ્વરૂપથી સમ્યગ્વાદી છે કે નહિ ? એ પ્રમાણે શંકા કરીને કહે છે - 'सक्के णं' ઇત્યાદિ હે ભગવંત ! દેવેંદ્ર, દેવરાજા શક્ર સમ્યગ્વાદી છે કે મિથ્યાવાદી છે, એ પ્રશ્નમાં સમ્યગ્વાદી કહ્યું, તેનો અર્થ બતાવતાં કહે છે - સમ્યગ્ કહેવાનો સ્વભાવ જેનો છે તે સમ્યગ્વાદી, પ્રાયઃ શક્ર સમ્યગ્ જ કહે છે.

સમ્યગ્ બોલવાનો સ્વભાવ હોવા છતાં પણ પ્રમાદાદિથી શું આ ઈન્દ્ર ચાર પ્રકારની ભાષા બોલે છે કે નહિ ? એ પ્રમાણે પ્રશ્ન કરતાં કહે છે - 'सक्के णं इत्यादि' હે ભગવંત ! દેવેંદ્ર દેવરાજા શક્ર સત્યભાષા બોલે છે ? અસત્ય ભાષા બોલે છે ? સત્યામૃષા ભાષા બોલે છે ? યાવત્ અસત્યામૃષા ભાષા બોલે છે ? એ પ્રમાણે ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન પૂછે છે.

સત્ય પણ ભાષા ક્યારેક બોલાતી સાવદ્ય સંભવે છે. એ પ્રમાણે ફરી પૂછે છે - 'सक्के णं इत्यादि' હે ભગવંત ! દેવેંદ્ર, દેવરાજા શક્ર સાવદ્ય ભાષા બોલે છે કે અનવદ્ય ભાષા બોલે છે ? ઈત્યાદિ પ્રશ્ન કરે છે.

'सावज्जं' ति सावद्य=अवद्य सहित=निंद्यकर्मसहित તે સાવદ્ય કહેવાય.

'जाहे णं' ति यदा 'सुहुमकायं' ति=જ્યારે સૂક્ષ્મકાયને રાખ્યા વગર દેવેંદ્ર, દેવરાજા શક્ર ભાષા બોલે તે સાવદ્ય ભાષા કહેવાય એમ કહ્યું, ત્યાં સૂક્ષ્મકાયનો અર્થ બતાવતાં કહે છે -

સૂક્ષ્મકાય=હાથ આદિ વસ્તુ, એ પ્રમાણે વૃદ્ધો કહે છે. વળી અન્ય કહે છે - સૂક્ષ્મકાય=વસ્ત્ર, 'अणिजूहित्ताणं' ति अपोह्य=अदत्वा' રાખ્યા વિના, વસ્ત્ર કે હાથ રાખ્યા વિના બોલે તો સાવદ્ય ભાષા કહેવાય.

જે કારણથી હાથ આદિથી ઢાંકેલા મુખવાળા એવા બોલતાને જીવના સંરક્ષણથી અનવદ્ય ભાષા થાય છે, વળી અન્ય સાવદ્ય ભાષા થાય છે.

(૧) શક્રને જ આશ્રયીને આગળ પૂછે છે, જે કથન ભગવતીસૂત્રના ત્રીજા શતકના પ્રથમ ઉદ્દેશામાં છે, તે જ પાઠ બીજા ઉદ્દેશાના સોળમા સૂત્રની ટીકામાં બતાવતાં કહે છે -

'मोऊद्देसए' त्ति=ત્રીજા શતકનો પ્રથમ ઉદ્દેશક સમજવો. तत्पाठो यथा - તે પાઠ આ પ્રમાણે છે - હે ભગવંત ! દેવેંદ્ર, દેવરાજા સનત્કુમાર શું ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક છે ? સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે ? પરીતસંસારી છે કે અપરીતસંસારી છે ? સુલભબોધિક છે કે દુર્લભબોધિક છે ? આરાધક છે કે વિરાધક છે ? ચરમ છે કે અચરમ છે ? હે ગૌતમ ! દેવેંદ્ર, દેવરાજા સનત્કુમાર ભવસિદ્ધિક છે, અભવસિદ્ધિક નથી, એ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ પરીતસંસારી, સુલભબોધિક, આરાધક અને ચરમ છે, એ પ્રમાણે પ્રશસ્ત ઉત્તર જાણવો. ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે - હે ભગવંત ! કયા અર્થથી આમ કહો છો ? હે ગૌતમ ! સનત્કુમાર દેવેંદ્ર, દેવરાજા ઘણા સાધુ ઘણાં સાધ્વી, ઘણા શ્રાવકો અને ઘણી શ્રાવિકાઓની હિતની કામનાવાળો, સુખની કામનાવાળો, પથ્યની કામનાવાળો, અણુકંપાવાળો, મોક્ષમાં નિયુક્ત થયેલો, બધાના દુઃખના અનુબંધ વગરની સુખની ઈચ્છાવાળો છે, તે અર્થથી આમ કહેલ છે.

વિષમ પદનો ટીકામાં અર્થ બતાવતાં કહે છે -

'आराहए त्ति' આરાધક પદની વ્યાખ્યા બતાવે છે - જ્ઞાનાદિની આરાધના કરનાર આરાધક કહેવાય.

'चरमे त्ति' ચરમ જ ભવ જેને અપ્રાપ્ત રહેલો છે તે ચરમ, અથવા દેવભવ જેને ચરમ છે તે ચરમ, અથવા ચરમભવ જેને થશે તે ચરમ કહેવાય.

'हिअकामए' त्ति हितना=સુખના, કારણભૂત વસ્તુ.

'सुहकामए' त्ति सुख=शर्म.

'पत्थकामए त्ति' पथ्य=दुःखथी त्राण=रक्षण.

કયા કારણથી આ પ્રકારે=હિતની કામનાવાળો, સુખની કામનાવાળો અને પથ્યની કામનાવાળો છે ? એથી કરીને કહે છે -

'आणुकंपिय' त्ति = કૃપાવાળો છે.

अत एवाह - આથી કરીને જ કહે છે -

'णिस्सेयस्सिए' त्ति निःश्रेयस=मोक्ष, જાણે મોક્ષમાં નિયુક્ત થયેલો હોય તે નિઃશ્રેયસિક કહેવાય.

'हिअसुहणिस्सेसकामए त्ति' હિત એવું જે સુખ=અદુઃખ અનુબંધિ એવું સુખ=અદુઃખ છે ફળ જેનું એવું સુખ= મોક્ષ, તે સર્વ જીવોને પ્રાપ્ત થાય એવી વાંછાવાળો સનત્કુમાર ઇંદ્ર છે. એ પ્રમાણે ભગવતીના ત્રીજા શતકના પ્રથમ ઉદ્દેશકની ટીકામાં કહેલ છે.

ટીકા :-

एवं हि सम्यग्दृशो देवा मैत्र्यादिगुणपात्राणि परिणतियोगादेव गुर्वादिभक्तिमन्तो निशास्वापसमेन दिव्यभोगेनाप्यभग्नमुक्तिपथप्रयाणास्तत्कालीनदर्शनैकलक्षणक्रियावन्तो धर्मवन्त एवेति स्थितम् ।।१७।।

ટીકાર્થ :-

एवं हि ..... स्थितम् ।। આ રીતે=પૂર્વમાં સિદ્ધ કર્યું એ રીતે, મૈત્ર્યાદિ ગુણના પાત્ર, પરિણતિના યોગથી જ ગુર્વાદિની ભક્તિવાળા, નિશાસ્વાપસમાન દિવ્યભોગ વડે અભગ્નમુક્તિપંથમાં પ્રયાણવાળા, તત્કાલીન દર્શનએકલક્ષણ ક્રિયાવાળા એવા સમ્યગ્દૃષ્ટિ દેવો ધર્મવાળા જ છે, એ પ્રમાણે સ્થિત છે.।।૧૭।।

વિશેષાર્થ :-

પૂર્વમાં સિદ્ધ કર્યું એ રીતે સમ્યગ્દૃષ્ટિ દેવો મૈત્ર્યાદિ ગુણના પાત્ર છે. કેમ કે સાક્ષીપાઠમાં કહ્યું કે, તેઓ હિતની કામનાવાળા છે, સુખની કામનાવાળા છે, પથ્યની કામનાવાળા છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, તે દેવો મૈત્ર્યાદિ ગુણના પાત્ર છે. વળી પરિણતિના યોગથી જ ગુર્વાદિની ભક્તિવાળા છે અર્થાત્ દેવભવની સ્થિતિથી ગુર્વાદિની ભક્તિવાળા નથી, પરંતુ ગુર્વાદિ પ્રત્યે હૈયામાં વર્તતા બહુમાનની પરિણતિના યોગથી જ ગુર્વાદિની ભક્તિવાળા છે. અને નિશાસ્વાપ સમાન=રાત્રિમાં સૂવા સમાન, દિવ્યભોગ વડે કરીને પણ અભગ્નમુક્તિપંથમાં પ્રયાણવાળા છે. જો કે સામાન્ય રીતે ભોગના ત્યાગથી મુક્તિપંથનું પ્રયાણ અભગ્ન બને છે, અને તે સંયમરૂપ મુક્તિપંથથી વિરુદ્ધ એવી ભોગાદિની ક્રિયા, દેવોમાં સંસારને અનુકૂળ છે એવું દેખાય છે; પરંતુ સમ્યગ્દૃષ્ટિ દેવોના તે દિવ્યભોગો નિશાસ્વાપ સમાન હોય છે, અર્થાત્ જેમ કોઈ મુસાફરો નિયત સ્થાનમાં જતા હોય છે ત્યારે, દિવસના પ્રયાણ કરીને રાત્રિમાં સ્વાપ=ઊંઘ, કરે છે ત્યારે, તે સ્વાપ પંથના પ્રયાણથી વિરુદ્ધ ગમનરૂપ નથી, પરંતુ પ્રયાણના શ્રમને ઉતારીને પ્રયાણને અકુંઠિત કરવાના અને પ્રયાણને અતિશયિત કરવાના ઉપાયરૂપ છે. તે જ રીતે સમ્યગ્દૃષ્ટિ દેવોના દિવ્યભોગો, અન્ય સંસારી જીવોના ભોગોની જેમ મુક્તિપંથના

ગમનની વિરુદ્ધ દિશામાં નથી; પરંતુ પૂર્વભવમાં જે તપ-સંયમમાં યત્ન કરીને અતિવેગથી મુક્તિપંથમાં ગમન કરેલું, તેનાથી લાગેલ થાકને દૂર કરવા અર્થે ક્ષણભર નિદ્રા કરવા તુલ્ય એ દિવ્યભોગો છે. અને તે રીતે દેવભવમાં થાકને ઉતારીને તેઓ બળસંચય કરે છે, જેથી જન્માંતરમાં પૂર્વ કરતાં પણ અતિવેગથી સંયમમાં યત્ન કરી શકે છે. તેથી જેમ પથિક ઊંઘ કરીને બળનો સંચય કરે છે, પરંતુ સ્થાનની વિરુદ્ધ દિશામાં ગમન કરતો નથી; તે રીતે સમ્યગ્દૃષ્ટિ દેવો દિવ્યભોગકાળમાં પણ મુક્તિપંથને અનુકૂળ શક્તિનો સંચય કરે છે, પરંતુ મુક્તિપંથથી વિરુદ્ધ ગમન કરનારા નથી. તેનું કારણ તે દેવભવમાં સંયમ પ્રત્યેનો વધતો જતો બહુમાનભાવ હોય છે. આથી જ સંયમીઓની ભક્તિ કરીને જ પોતાના જીવનની સાર્થકતા તેઓ અનુભવે છે. આથી જ જેવો આનંદ તેઓને સંયમીઓની ભક્તિમાં આવે છે, તેવો આનંદ દિવ્યભોગોમાંથી પણ તેઓ પ્રાપ્ત કરતા નથી. આથી જ તે દેવો અભગ્નમુક્તિપંથના પ્રયાણવાળા છે. વળી તે દેવો તત્કાલીન=દેવભવકાલીન સમ્યગ્દર્શનને અનુકૂળ એવી દર્શનાચારની ક્રિયાવાળા છે, અને આવા ગુણોવાળા હોવાને કારણે ધર્મવાળા જ છે, એ પ્રમાણે સ્થિત છે. **॥૧૭॥**

અવતરણિકા :-

यत्यननुमोद्यत्वाद् देवानां भक्तिकृत्यं न धर्म इति गूढाशयस्य शङ्कामसिद्ध्या निराकुर्वन्नाह -

અવતરણિકાર્થ :-

યતિને અનનુમોદ્ય હોવાથી દેવોનું ભક્તિકૃત્ય ધર્મ નથી, એ પ્રમાણે ગૂઢ આશયવાળા લુંપાકની શંકાને અસિદ્ધિથી નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

✪ અહીં દેવોનું ભક્તિકૃત્ય યતિને અનનુમોદ્ય છે=અનુમોદ્ય નથી, તે અસિદ્ધ છે, એમ બતાવીને શંકાનું નિરાકરણ કરે છે.

શ્લોક :-

देवानां ननु भक्तिकृत्यमपि न श्लाघ्यं यतीनां यतः,
सूर्याभः कृतनृत्यदर्शनरुचि(विधि)प्रश्नोऽर्हताऽनादृतः ।
हन्तेयं जडचातुरी गुरुकुले कुत्र त्वया शिक्षिता ?
सर्वत्रापि हि पण्डितैरनुमतं येनानिषिद्धं स्मृतम् ।।१८।।

✪ શ્લોકમાં 'हि' શબ્દ પાદપૂર્તિમાં છે.

✪ અહીં શ્લોકમાં '**कृतनृत्यदर्शनरुचिप्रश्नः**' પાઠ છે, ત્યાં હસ્તલિખિત પ્રતમાં '**कृतनृत्यदर्शनविधेः**' પાઠ છે. પણ ટીકામાં ખોલેલા સમાસના હિસાબે તે પાઠ સંગત થતો નથી. તેથી અહીં '**कृतनृत्यदर्शनविधिप्रश्नः**' પાઠ હોવાની સંભાવના લાગે છે, તે મુજબ શ્લોકનો અર્થ કરેલ છે.

શ્લોકાર્થ :-

અહીં લુંપાક શંકા કરતાં કહે છે કે, દેવોનું ભક્તિકૃત્ય પણ યતિઓને શ્લાઘ્ય નથી. જે કારણથી કર્યો છે નૃત્યાદિ દર્શનની વિધિનો પ્રશ્ન જેણે એવો અને અરિહંત વડે અનુજ્ઞા નહિ અપાયેલો એવો સૂર્યાભદેવ છે.

અહીં ઉત્તર આપતાં કહે છે - આવી જડચાતુરી તારા વડે ગુરુકુળમાં ક્યાં શિખાઈ ? જે કારણથી સર્વત્ર પણ=સર્વે પણ સંપ્રદાયમાં, પંડિતો વડે અનિષિદ્ધને અનુમત કહેવાયેલ છે. અર્થાત્ પંડિતો નિષેધ નહિ કરાયેલને અનુમત કહે છે. ॥૧૮॥

ટીકા :-

'देवाना'मित्यादि :- ननु देवानां भक्तिकृत्यमपि=प्रतिमार्चनादि यदि यतीनां न श्लाघ्यं= नानुमोद्यं, ततश्च न धर्मो, वन्दनादि तु श्लाघ्यत्वाद् धर्म एव । अत एव 'पोराणमेयं सूरियाभा' **इत्यादि प्रतिज्ञाय यच्चतुर्विधा देवा अर्हतो भगवतो वन्दित्वा नमस्कृत्य स्वस्वनामगोत्राणि श्रावयन्तीत्येव निगमितमिति द्रष्टव्यमिदमित्थमेव यतः सूर्याभः कृतो नृत्यविधेः (नृत्यदर्शनविधेः)=नृत्यकरणस्य प्रश्नो येन सः तथा, अर्हता श्रीमहावीरेण नादृतः=तन्नृत्यकरणप्रतिज्ञा नादृतेत्यर्थः ।**

✪ ટીકામાં कृतो नृत्यविधेः પાઠ છે. ત્યાં कृतो नृत्यदर्शनविधेः પાઠની સંભાવના છે. 'दर्शन' પદ છૂટી ગયું લાગે છે.

ટીકાર્થ :-

ननु ..... धर्म एव । અહીં પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, દેવોનું ભક્તિકૃત્ય પણ=પ્રતિમાઅર્ચનાદિ પણ, યતિઓને અનુમોદ્ય નથી અને તેથી જ ધર્મ નથી. વળી વંદનાદિ શ્લાઘ્ય હોવાથી ધર્મ જ છે.

अत एव ..... नादृतेत्यर्थः । આથી કરીને જ=યતિઓને પ્રતિમાઅર્ચનાદિ અનુમોદ્ય નથી આથી કરીને જ, 'पोराणमेयं सूरियाभा' હે સૂર્યાભ ! આ પુરાણું કર્મ છે, **ઈત્યાદિ પ્રતિજ્ઞા કરીને (ભવનપતિ વગેરે) જે ચારે પ્રકારના દેવો અરિહંત પરમાત્માને વંદન કરીને, નમસ્કાર કરીને સ્વસ્વનામગોત્રો સંભળાવે છે એ પ્રમાણે જ નિગમન કરાયેલું છે, એ પ્રમાણે જાણવું. આ આમ જ છે, જે કારણથી કર્યો છે નૃત્યદર્શનની વિધિનો પ્રશ્ન જેણે એવો તથા અરિહંત શ્રી મહાવીર વડે તેના નૃત્યકરણની પ્રતિજ્ઞા આદર કરાઈ નથી એવો સૂર્યાભદેવ છે.**

✪ અહીં 'હે સૂર્યાભ ! આ પુરાણું કર્મ છે', એ પ્રતિજ્ઞાવાક્ય આ રીતે છે - સૂર્યાભના પ્રશ્નમાં ભગવાને આ તારું પુરાણું કર્મ છે, એ સિદ્ધ કરવા અર્થે પ્રતિજ્ઞા કરી, તેથી **'पोराणमेयं सूरियाभा'** એ પ્રતિજ્ઞાવાક્ય છે; ત્યાર પછી તે પુરાણું કર્મ છે, તે બતાવવા ચાર પ્રકારના દેવો અરિહંત ભગવાનને વંદન કરે છે ઈત્યાદિ કહ્યું, તે પ્રતિજ્ઞાનું નિગમન છે. અને **'इदम् इत्थमेव'**=એ એમ જ છે=દેવોનું ભક્તિકૃત્ય યતિઓને શ્લાઘ્ય નથી તેથી ધર્મ નથી, વળી વંદનાદિ શ્લાઘ્ય હોવાથી ધર્મ છે, એ એમ જ છે. અને તેમાં હેતુ કહે છે કે, જે કારણથી સૂર્યાભના જવાબમાં

ભગવાને નૃત્યકરણની પ્રતિજ્ઞાનો આદર કર્યો નથી, તેનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનની વંદનમાં સંમતિ છે અને નૃત્યકરણમાં સંમતિ નથી, એમ પૂર્વપક્ષી કહે છે.

વિશેષાર્થ :-

જ્યારે સૂર્યાભદેવ ભગવાનને પોતાના વંદન અંગે પ્રશ્ન કરે છે, ત્યારે ભગવાન મૌન રહેતા નથી, પરંતુ કહે છે કે હે સૂર્યાભ ! આ પુરાણું કાર્ય છે અર્થાત્ પૂર્વના દેવોએ પણ એ પ્રકારે ભગવાનને વંદનાદિ કર્મ આચરેલું છે, એ પ્રમાણે કથન કરે છે. તે કથન પ્રતિજ્ઞારૂપ છે, અને તે પ્રકારની પ્રતિજ્ઞા કરીને ભગવાન વડે આ રીતે નિગમન કરાયું કે, ચાર પ્રકારના દેવો અરિહંત ભગવાનને વંદન કરીને નમસ્કાર કરીને સ્વ-સ્વનામગોત્રો સંભળાવે છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાને વંદનક્રિયાના પ્રશ્નમાં મૌન ન રહેતાં કહ્યું કે, પૂર્વના દેવોએ પણ વંદનક્રિયા કરી છે, એમ તારે પણ કરવી ઉચિત જ છે. અને પૂર્વના દેવો શું કરે છે તેનું નિગમન કરતાં કહે છે કે, ચારે પ્રકારના દેવો અરિહંત ભગવાનને વંદન કરીને, નમસ્કાર કરીને, ભક્તિના વશથી પોતપોતાનાં નામ-ગોત્રો સંભળાવે છે, જે ભગવાનની ભક્તિની ક્રિયારૂપ છે. અને ત્યાં નમસ્કાર કરીને સ્વ-સ્વનામગોત્રો સંભળાવે છે, એ જ નિગમન કર્યું; પરંતુ યાવત્ પર્યુપાસના કરે છે, એ નિગમન કર્યું નથી. તેથી એ પ્રાપ્ત થાય કે સૂર્યાભદેવે કહેલ કે, "હું સૂર્યાભદેવ વંદન કરું છું અને વંદન-નમસ્કાર કરીને યાવત્ પર્યુપાસના કરું છું." તેના જવાબરૂપે ભગવાને નિગમન પર્યુપાસના સુધી ન કરતાં નામ-ગોત્ર સંભળાવે છે, ત્યાં સુધી જ કર્યું. તેથી નાટ્યકરણરૂપ પર્યુપાસનામાં ભગવાનની સંમતિ નથી. અને તેની પુષ્ટિ કરતાં પૂર્વપક્ષી કહે છે કે, આ આમ જ છે, અર્થાત્ દેવોનું ભક્તિકૃત્ય યતિઓને શ્લાઘ્ય નથી, તેથી ધર્મ નથી; વળી વંદનાદિ શ્લાઘ્ય હોવાથી ધર્મ છે, એ એમ જ છે. કેમ કે જે કારણથી સૂર્યાભદેવે પોતાનું નૃત્ય દેખાડવાની વિધિનો પ્રશ્ન કર્યો ત્યારે ભગવાને જવાબ આપ્યો નહિ, જ્યારે વંદનનું પૂછ્યું ત્યારે આ પુરાણું કર્મ છે, એ પ્રમાણે જવાબ આપ્યો. તેથી એ નક્કી થાય છે કે, દેવોનું ભક્તિકૃત્ય જે નૃત્યાદિ છે તે અસંયમની ક્રિયારૂપ હોવાથી જેમ ભગવાનને સંમત નથી, તેમ યતિઓને દેવોની પ્રતિમા-અર્ચનાદિ શ્લાઘ્ય નથી. અને સંયમી એવા ભગવાનને જેમ દેવોની વંદનક્રિયા સંમત છે, તેમ યતિઓને વંદનાદિ ક્રિયા શ્લાઘ્ય છે. આથી જ દેવોની પ્રતિમા-અર્ચનાદિ ધર્મ નથી, પરંતુ વંદનાદિ ક્રિયા જ ધર્મ છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો કહેવાનો આશય છે.

तथा च सूत्रं .... અને તે પ્રમાણે સૂત્ર -

(અમને પ્રાપ્ત થયેલ રાજપ્રશ્નીય સૂત્રમાં સૂત્ર-૨૧ થી ૨૩ માંથી આ પાઠની સંકલના કરી છે.)

ટીકા :-

'तए णं से सूरियाभे देवे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठ जाव हयहियया उठ्ठेइ, उठ्ठेइत्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ २ एवं वयासी,-अहण्णं भंते ! सूरियाभे देवे किं भवसिद्धिए जाव अचरिमे ? इत्यादि, तए णं से सूरियाभे देवे समणेणं ३ एवं वुत्ते समाणे हट्ठतुट्ठ चित्तमाणंदिए परमसोमणसे समणं भगवं महावीरं वंदइ णमंसइ २ एवं वयासी-तुब्भे णं भंते! सव्वं दव्वं

જાણહ પાસહ, સવ્વં ખિત્તં જાણહ પાસહ, સવ્વં કાલં જાણહ પાસહ, સવ્વે ભાવે જાણહ પાસહ, જાણંતિ णं देवाणुप्पिया जाव० तं इच्छामि णं जाव उवदंसित्तए, तए णं समणे भगवं महावीरे सूरियाभेणं देवेणं एवं वुत्ते समाणे सूरियाभस्स देवस्स एयमठ्ठं णो आढाइ णो परिजाणइ, तुसिणीए संचिट्ठइ, तए णं से सूरियाभे देवे समणं भगवं महावीरं दोच्चंपि तच्चंपि एवं वयासी-तुब्भे णं भंते ! सव्वं दव्वं जाणह जाव उवदंसित्तए त्तिकट्टु समणं ३ तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ' **इत्यादि । (रायपसेणीय सू. २१/२२/२३)**

टीकार्थ :-

तए णं ..... अचरिमे ? इत्यादि, त्यार पछी ते सूर्याभदेव श्रमण भगवान महावीरनी पासे धर्मने सांभळीने तेने हृदयमां धारण करीने हृष्ट-तुष्ट थयेलो यावत् हर्षातिरेकथी हर्षित हृदयवाळो थयेलो यावत् (अहीं जाव थी ..... 'चित्तमाणंदिए थी हरिसवसविसप्पमाण' सुधीनो पाठ संगृहीत छे.) ऊभो थाय छे, अने ऊभो थईने श्रमण भगवान महावीरने वंदन करे छे, नमस्कार करे छे. वंदन करीने, नमस्कार करीने आ प्रमाणे कहे छे - हे भगवन् ! हुं सूर्याभदेव भवसिद्धि छुं ? यावत् अचरम छुं ? ईत्यादि पूछे छे. (अहीं जाव थी 'अभवसिद्धिए चरिमे' सुधीनो पाठ संगृहीत छे.) (सू. २१)

तए णं ..... उवदंसित्तए, त्यार पछी ते सूर्याभदेव समणेणं ३=श्रमण भगवान महावीर वडे आ प्रमाणे कहेवायो छतो हृष्ट-तुष्ट चित्तवाळो, आनंदवाळो, परम सौमनस्यवाळो श्रमण भगवान महावीरने वंदन करे छे, नमस्कार करे छे. वंदन करीने, नमस्कार करीने आ प्रमाणे कहे छे, हे भगवंत ! आप सर्व द्रव्यने जाणो छो जुओ छो, सर्व क्षेत्रने जाणो छो जुओ छो, सर्व कालने जाणो छो जुओ छो, सर्व भावने जाणो छो जुओ छो. हे देवानुप्रिय ! यावत् (अहीं जाव थी मम पुव्विं ..... थी अभिसमण्णागयंति - सुधीनो पाठ संगृहीत छे) तेने हुं यावत् (अहीं जाव थी देवाणुप्पियाणं .... थी नट्टविहिं सुधीनो पाठ संगृहीत छे.) देखाडवा ईच्छुं छुं. (सू. २२)

तए णं ... संचिट्ठइ, त्यार पछी सूर्याभदेव वडे आ प्रमाणे कहेवायेला होते छते श्रमण भगवान महावीरे सूर्याभदेवना अर्थनो=कथननो, आदर कर्यो नहि, अनुज्ञा आपी नहि (पण) मौन रहे छे.

तए णं ... करेइ इत्यादि । त्यार पछी ते सूर्याभदेव श्रमण भगवान महावीरने बीजी वार, त्रीजी वार पण आ प्रमाणे कहे छे. हे भगवंत ! आप सर्व द्रव्यने जाणो छो, यावत् देखाडवा ईच्छुं छुं. (अहीं जाव थी पूर्ववत् नट्टविहिं सुधीनो पाठ संगृहीत छे.) ए प्रमाणे कहीने त्रण वार प्रदक्षिणा करे छे ईत्यादि पाठ छे. (सू. २३)

उत्थान :-

पूर्वपक्षीए पूर्वमां स्थापन कर्युं के, सूर्याभदेवना नाटक करवाना प्रश्नमां भगवान मौन रह्या, तेथी ज साधुने भगवाननुं भक्तिकृत्य अनुमत नथी. तेनुं निराकरण करतां ग्रंथकारश्री उत्तर आपे छे -

टीका :-

अत्रोत्तरं - 'हन्त' इति खेदे । इयं (जड)चातुरी त्वया गुरुकुले कुत्र शिक्षिता ? यन्मौनं निषेधमेव व्यञ्जयतीति । येन कारणेन सर्वत्रापि=सर्वस्मिन्नपि, सम्प्रदाये पण्डितैः 'अनिषिद्धं अनुमतं'

स्मृतम्, अत एव स्वार्थमाहारादि निष्पादयन् गृही अप्रतिषेधानुमतिप्रसङ्गभयादेव निषिध्यते यश्चानिषेधस्यानुमत्याक्षेपकत्वेऽतिप्रसङ्गादिः सोऽनुपदमेव निराकरिष्यते ।।१८।।

✪ ટીકામાં 'इयं चातुरी' પાઠ છે, ત્યાં મૂળ શ્લોકમાં 'जडचातुरी' હોવાથી 'इयं जडचातुरी' પાઠની સંભાવના છે.

ટીકાર્થ :-

अत्रोत्तरं ..... व्यञ्जयतीति ।। 'हन्त' એ અવ્યય અહીં ખેદ અર્થમાં છે. આ જડચાતુરી તારા વડે ગુરુકુળમાં ક્યાં શિખાઈ ? કે જે મૌન છે તે નિષેધને જ વ્યક્ત કરે છે ? અર્થાત્ ભગવાન જે મૌન રહ્યા તે નિષેધને જ વ્યક્ત કરે છે ?

✪ **व्यञ्जयति** પછી 'इति' શબ્દ છે, તે ચાતુરીના સ્વરૂપનો પરામર્શક છે. જે મૌન છે, તે નિષેધને જ વ્યક્ત કરે છે, એ પ્રકારની જડચાતુરી તારા વડે ગુરુકુળમાં ક્યાં શિખાઈ ? એમ અન્વય જાણવો.

આ તારી ચાતુરી અસમંજસ છે, એમ બતાવતાં કહે છે -

येन ..... निराकरिष्यते ।। જે કારણથી સર્વત્ર પણ=સર્વે પણ, સંપ્રદાયમાં પંડિતો વડે અનિષિદ્ધને અનુમત કહેવાયેલ છે.

તેની જ પુષ્ટિ કરતાં 'अत एव' થી કહે છે - આથી જ સાધુ માટે આહારાદિ નિષ્પાદન કરતો= બનાવતો, ગૃહસ્થ અપ્રતિષેધની અનુમતિના પ્રસંગના ભયથી જ (સાધુ દ્વારા) નિષેધ કરાય છે. અને જે અનિષેધની અનુમતિના આક્ષેપકપણામાં=અનિષિદ્ધને અનુમતિનો આક્ષેપક સ્વીકારવામાં આવે તો, અતિપ્રસંગાદિ દોષો છે, તે અનુપદ જ=આની પછી જ, નિરાકરણ કરાશે. ।।૧૮।।

વિશેષાર્થ :-

'अनिषिद्धम् अनुमतं स्मृतम्', એ પ્રકારે પંડિતો વડે સ્વીકારાય છે, માટે ભગવાને સૂર્યાભદેવને નાટક કરવાના પ્રશ્નમાં નિષેધ કર્યો નથી, એ જ ભગવાનની સંમતિરૂપ છે. તેની જ પુષ્ટિ કરતાં કહે છે -

જો ગૃહસ્થ સાધુ માટે આહારાદિ બનાવતો હોય તો તેનો સાધુ નિષેધ ન કરે તો અનુમતિનો દોષ લાગે છે, તેથી જ સાધુઓ તેનો નિષેધ કરે છે. તે રીતે ભગવાને સૂર્યાભદેવના નાટ્ય કરવાના પ્રશ્નમાં નિષેધ કર્યો નથી. તેથી ભગવાનની નાટક કરવામાં અનુમતિ છે, તેમ નક્કી થાય છે.

અહીં પ્રશ્ન થાય કે - અનિષેધમાં અનુમતિ માનશો તો જમાલિ આદિને ભગવાને પૃથગ્ વિહારનો નિષેધ કરેલ ન હતો, તેમાં અનુમતિ માનવાનો અતિપ્રસંગ આવશે, અને તે અતિપ્રસંગ આ રીતે છે -

જમાલિએ ભગવાન પાસે પૃથગ્ વિહારની અનુજ્ઞા માંગી ત્યારે, ભગવાનને જમાલિ પૃથગ્ વિહાર કરે તે ઈષ્ટ નહિ હોવા છતાં ભગવાને મૌન ધારણ કરેલ. કેમ કે ભગવાન નિષેધ કરે તો પણ જમાલિ પૃથગ્ વિહાર અવશ્ય કરવાના, તેમ ભગવાન કેવલજ્ઞાનથી જાણતા હતા. તેથી જમાલિને અધિક અનર્થના નિવારણ અર્થે ભગવાને મૌન ધારણ કરેલ. તે સ્થાને મૌનથી સંમતિ સ્વીકારવામાં આવે તો અતિપ્રસંગ આવે છે, તેનું નિરાકરણ શ્લોક-૨૧માં 'तथा प्रज्ञाप्ये ..... असत्य एव' સુધીના કથનમાં કરેલ છે. **॥૧૮॥**

અવતરણિકા :-

તૂષ્ણીંભાવે ભવદ્ભિરપિ કિં બીજં વાચ્યમિત્યાકાङ્ક્ષાયામાહ -

અવતરણિકાર્થ :-

તૂષ્ણીભાવમાં=ભગવાન સૂર્યાભદેવના નૃત્યદર્શનની વિધિમાં મૌન રહ્યા તેમાં, શું કારણ છે ? તે તમારા વડે પણ કહેવાવું જોઈએ. એ પ્રકારની આશંકામાં ગ્રંથકાર કહે છે. અર્થાત્ તૂષ્ણીભાવ હોવાને કારણે=મૌનભાવ હોવાને કારણે, અમારા વડે તો ભગવાનથી નૃત્યદર્શનની વિધિનો સ્વીકાર નથી, માટે ધર્મ નથી એમ કહેવાય છે; આમ છતાં તમે સૂર્યાભના નૃત્યદર્શનને ધર્મ કહો છો, તો ભગવાન મૌન રહ્યા તેમાં શું કારણ કહેશો ? એ પ્રકારની પૂર્વપક્ષીની આશંકામાં ગ્રંથકાર કહે છે -

શ્લોક :-

इच्छा स्वस्य न नृत्यदर्शनविधौ स्वाध्यायभङ्गः पुनः,
साधूनां त्रिदशस्य चातिशयिनी भक्तिर्भवध्वंसिनी ।
तुल्यायव्ययतामिति प्रतियता तूष्णीं स्थितं स्वामिना,
बाह्यस्तत्प्रतिषेधको न कलयेत्तद्वंशजानां स्थितिम् ।।१९।।

શ્લોકાર્થ :-

નૃત્યદર્શનની વિધિમાં સ્વની=ભગવાનની, ઈચ્છા નથી. વળી સાધુઓને=ગૌતમાદિ સાધુઓને, સ્વાધ્યાયનો ભંગ છે અને સૂર્યાભદેવની ભવનો ધ્વંસ કરનારી અતિશયવાળી ભક્તિ છે. આ પ્રમાણે તુલ્ય આય-વ્યયને=સમાન લાભ-હાનિને, પ્રતીત કરતા સ્વામી વડે મૌન રહેવાયું, અર્થાત્ ભગવાન મૌન રહ્યા. તત્પ્રતિષેધક=દેવોની ભક્તિનો પ્રતિષેધક, બાહ્ય એવો લુંપાક તદ્ વંશજોની=સ્વામીના વંશમાં ઉત્પન્ન થયેલાઓની, સ્થિતિને ન જાણે અર્થાત્ સ્થિતિને જાણતો નથી. ।।૧૯।।

ટીકા :-

'इच्छेति' :- स्वस्य दर्शनविधौ नेच्छा वीतरागत्वात्, साधूनां गौतमादीनां पुनर्नृत्यदर्शने स्वाध्यायभङ्गः स चानिष्टः तेषां, त्रिदशस्य=सूर्याभस्य, च भक्तिः भवध्वंसिनी=संसारोच्छेदिनी, तथातिशयिनी=उत्कर्षवती, सा च तस्य बलवदिष्टसाधनम्, इत्यमुना प्रकारेण गौतमादीनां सूर्याभस्य नृत्यप्रदर्शने समुदायापेक्षया तुल्यायव्ययतां=समानहानिवृद्धिकत्वं, प्रतियता=केवलज्ञानालोकेन कलयता, स्वामिना=श्रीवर्धमानस्वामिना, तूष्णीं=मौनेन स्थितम् ।

ટીકાર્થ :-

સ્વસ્ય ..... સ્થિતમ્ ।વીતરાગ હોવાથી સ્વની=ભગવાનની, નૃત્યદર્શનવિધિમાં ઈચ્છા નથી; વળી સાધુઓને=ગૌતમાદિને, નૃત્યદર્શનમાં સ્વાધ્યાયનો ભંગ છે, અને તે તેઓને=ગૌતમાદિને, અનિષ્ટ છે; અને સૂર્યાભદેવની ભક્તિ ભવધ્વંસિની=સંસારનો ઉચ્છેદ કરનારી, અને અતિશયવાળી=ઉત્કર્ષવાળી, છે; અને તે=ભક્તિ, તેનું=સૂર્યાભનું, બલવાન ઈષ્ટસાધન છે. આ પ્રકારે નૃત્યપ્રદર્શનમાં ગૌતમાદિની અને સૂર્યાભના સમુદાયની અપેક્ષાએ તુલ્ય આય-વ્યયને જાણતા=સમાન હાનિ-વૃદ્ધિને પ્રતીત કરતા=કેવલજ્ઞાનના પ્રકાશથી જોતા, એવા સ્વામી વડે=વર્દ્ધમાનસ્વામી વડે, મૌન રહેવાયું, અર્થાત્ સ્વામી મૌન રહ્યા.

વિશેષાર્થ :-

ભગવાનને નૃત્યદર્શનની વિધિમાં ઈચ્છા નથી, કેમ કે વીતરાગ છે. અને ગૌતમાદિ સાધુઓને વળી નૃત્યદર્શનમાં સ્વાધ્યાયનો ભંગ છે, જે તેઓને અનિષ્ટરૂપ છે. અર્થાત્ ભગવાનની દેશનાથી ચૌદપૂર્વી એવા પણ ગૌતમાદિ મુનિઓને મોક્ષને અનુકૂળ અંતરંગ વીર્યના પ્રવર્તનરૂપ અપ્રમાદભાવ જેનાથી દૃઢ રીતે ઉલ્લસિત બને છે, તે રૂપ સ્વાધ્યાયનો ભંગ સૂર્યાભના નૃત્યદર્શનને કારણે થાય છે, અને તે સ્વાધ્યાયનો ભંગ તે મુનિઓને માટે ઈષ્ટ નથી. અને સૂર્યાભદેવને સંસારનો ઉચ્છેદ=નાશ, કરનારી, ઉત્કર્ષવાળી ભક્તિ જે નૃત્ય કરવાથી અતિશયવાળી બને છે, તે ભક્તિ સૂર્યાભને બળવાન ઈષ્ટનું સાધન છે. અર્થાત્ નૃત્યભક્તિ પોતાને ભવનો ધ્વંસ કરવો ઈષ્ટ છે તેનું સાધન છે, અને તે નૃત્યમાં જે શ્રમાદિ છે તેના કરતાં સંસારના ઉચ્છેદની પ્રાપ્તિરૂપ ઈષ્ટ બલવાન છે. તેથી બલવાન એવા ઈષ્ટનું સાધન તે ભક્તિ હોવાથી સૂર્યાભની તેમાં પ્રવૃત્તિ છે. જેમ સંસારી જીવને ધન ઈષ્ટ હોવા છતાં, ધનની પ્રાપ્તિનો ઉપાય જે વેપારાદિ છે તેમાં, ઘણો શ્રમ કરવાથી અલ્પ ધન પ્રાપ્ત થતું હોય ત્યારે, ઈષ્ટ એવા ધનનું સાધન વેપાર હોવા છતાં તે બલવાન ઈષ્ટનું સાધન ન બનવાથી વેપારમાં પ્રવૃત્તિ થતી નથી, પરંતુ પોતાના શ્રમ કરતાં બલવાન ઈષ્ટની પ્રાપ્તિ જેમાં દેખાય ત્યાં યત્ન થાય છે; તેમ પ્રસ્તુતમાં સૂર્યાભને જે સંસારનો ધ્વંસ ઈષ્ટ છે, તે નૃત્ય કરવાના શ્રમની અપેક્ષાએ બલવાન હોવાથી અને તેનું સાધન નૃત્ય હોવાથી તેમાં તેની ઈચ્છા વર્તે છે. આ પ્રકારે નૃત્યપ્રદર્શનમાં ગૌતમાદિ મુનિઓ અને સૂર્યાભના સમુદાયની અપેક્ષાએ તુલ્ય આય-વ્યયને જાણતા એવા સ્વામી વડે મૌન રહેવાયું. જોકે ગૌતમાદિ મુનિઓ અને સૂર્યાભદેવ ઉભયરૂપ સમુદાયની અપેક્ષાએ, ગૌતમાદિને સ્વાધ્યાયકૃત વિશિષ્ટ અપ્રમાદભાવની પ્રાપ્તિમાં નૃત્યપ્રદર્શન અંતરાયરૂપ છે, આમ છતાં તે નૃત્યદર્શનથી ભગવાનની ભક્તિ જોઈને તેની અનુમોદનાનો પરિણામ ગૌતમાદિ મુનિઓને થાય તેવું છે. તે રૂપ શુભભાવ હોવા છતાં સ્વાધ્યાયકૃત વિશિષ્ટ ભાવની હાનિ થાય છે, અને સૂર્યાભને સંસારના ઉચ્છેદને અનુકૂળ ભક્તિના અતિશયનો અનુકૂળ લાભ થાય છે; એ પ્રમાણે તુલ્ય આય-વ્યયને જોઈને ભગવાને મૌન ગ્રહણ કર્યું. આનાથી એ પ્રાપ્ત થાય કે, જ્યાં કોઈને નુકસાનીનો સંભવ ન હોય પરંતુ લાભ જ હોય તે સ્થાનમાં વ્યક્ત અનુમતિ હોય છે, જેમ વંદનક્રિયામાં વ્યક્ત અનુમતિ છે. અને યોગ્ય પણ કોઈ જીવને વિશિષ્ટ લાભમાં અંતરાય થતો હોય અને કોઈકને લાભ થતો હોય તો વ્યક્ત સંમતિ અપાતી નથી, પરંતુ મૌનરૂપે જ સંમતિ હોય છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, ગૌતમસ્વામી આદિ મુનિઓને અંતરાય હોવાથી અને સૂર્યાભને લાભ હોવાથી ભગવાન મૌન રહ્યા. ત્યાં પ્રશ્ન થાય કે, જો ગૌતમસ્વામી આદિને સૂર્યાભના નૃત્યથી નુકસાન થતું હોય તો સૂર્યાભને પણ અન્યને નુકસાન થતું હોવા છતાં નૃત્ય કરવામાં દોષની પ્રાપ્તિ થશે. તેથી કહે છે -

ટીકા :-

प्रत्येकं तु यस्य यो भावो बलवांस्तदपेक्षया तस्य विधिर्भवत्येवानिष्टानुबन्धस्य अबलत्वात्, नयविशेषेण तदभावाद्वा तत्साम्राज्यात्, अन्यथाहारविहारादिविधावगतेः, वाग्विशेषे तु सम्प्रदायक्रम एव नियामक इति ।

ટીકાર્થ :-

प्रत्येकं ..... इति । **પ્રત્યેકને આશ્રયીને જેનો જે ભાવ બલવાન છે, તે અપેક્ષાએ તેને વિધિ થાય જ છે. કેમ કે અનિષ્ટના અનુબંધનું અબલવાનપણું હોવાથી અથવા તો નયવિશેષથી તેનો=અનિષ્ટનો, અભાવ હોવાથી તેનું=વિધિનું, સામ્રાજ્ય છે. અન્યથા આહારવિહારાદિની વિધિમાં અગતિ=અપ્રાપ્તિ થશે. વળી વચનવિશેષમાં સંપ્રદાયક્રમ જ નિયામક છે. 'इति' કથનની સમાપ્તિસૂચક છે.**

વિશેષાર્થ :-

સૂર્યાભદેવને આશ્રયીને વિચારીએ તો સૂર્યાભનો નૃત્ય કરવાનો ભાવ સંસારના ઉચ્છેદને કરનારો હોવાથી બલવાન છે, માટે સૂર્યાભદેવની અપેક્ષાએ નૃત્ય કરવાની વિધિ થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે તે નૃત્યમાં ગૌતમસ્વામી આદિ મુનિઓને સ્વાધ્યાયમાં ભંગ થાય છે, તે રૂપ અનિષ્ટ ફળ વિદ્યમાન છે, તો પછી ત્યાં વિધિ કેમ પ્રાપ્ત થાય ? તેથી કહે છે કે અનિષ્ટ અનુબંધનું અબળવાનપણું છે. અર્થાત્ પોતાના નૃત્યના પ્રદર્શનથી જે સ્વાધ્યાયનો ભંગ પ્રાપ્ત થાય છે, તેને દૂર કરવાનો ઉપાય વિદ્યમાન હોવા છતાં તેની ઉપેક્ષા કરીને નૃત્ય કરવામાં આવે તો, સ્વાધ્યાયમાં અંતરાય કરવાનો પરિણામ વિદ્યમાન હોવાથી અનિષ્ટનો અનુબંધ બળવાન બને; પરંતુ પોતાના સંસારના ઉચ્છેદના અર્થે જ ભગવાનની ભક્તિ કરતાં, તે અનિષ્ટ દૂર કરવું અશક્ય હોવાથી ત્યાં ઉપેક્ષાનો પરિણામ નથી, તેથી તે અનિષ્ટ ફળનું અબળવાનપણું છે. જેમ સંયમી મુનિ સમ્યગ્ યત્નપૂર્વક ભગવાનની આજ્ઞાનુસાર વિહારાદિમાં યત્ન કરતો હોય અને સમિતિઓમાં સમ્યગ્ ઉપયુક્ત હોય, છતાં ગમનક્રિયાથી વાયુકાયની વિરાધના અવશ્ય થાય છે; પરંતુ સંયમરક્ષણાર્થે વિહાર આવશ્યક છે અને વિહાર કરતાં વાયુકાયનું રક્ષણ કરવું અશક્ય છે, તેથી ત્યાં પ્રાપ્ત થતું વાયુકાયની વિરાધનારૂપ અનિષ્ટ ફળ અબળવાન બને છે, માટે ત્યાં વિહારની વિધિ પ્રાપ્ત થાય છે. તેમ સૂર્યાભના નૃત્યકરણમાં વિધિ પ્રાપ્ત થાય છે.

વ્યવહારનયને આશ્રયીને વિચાર કરવામાં આવે તો ગૌતમસ્વામી આદિના સ્વાધ્યાયભંગમાં સૂર્યાભદેવ નિમિત્તભાવને પ્રાપ્ત કરે છે, તેને સામે રાખીને પ્રથમ હેતુ કહેલ છે. હવે નિશ્ચયનયરૂપ નયવિશેષથી વિચાર

કરીને કહે છે કે નિશ્ચયનયથી સ્વાધ્યાયભંગના પરિણામનો અભાવ હોવાથી વિધિનું સામ્રાજ્ય છે. અર્થાત્ નિશ્ચયનય પ્રમાણે પોતાનામાં વર્તતો પરિણામ જ કર્મબંધ સાથે કે નિર્જરા સાથે સંબંધિત છે, અને સૂર્યાભદેવને ગૌતમસ્વામીઆદિ મુનિઓનો સ્વાધ્યાય ભંગ કરવાનો પરિણામ નથી; એટલું જ નહિ પરંતુ પોતાના નૃત્યથી પ્રાપ્ત એ સ્વાધ્યાયભંગ પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ પણ નથી, પરંતુ ભગવાન પ્રત્યે અતિશય ભક્તિનો જ પરિણામ વર્તે છે. તે ભક્તિવિશેષ જ નૃત્યદર્શનમાં યત્ન કરવા પ્રેરણા કરે છે. માટે ત્યાં અનિષ્ટ અનુબંધના લેશનો પણ અભાવ છે, તેથી ત્યાં વિધિના સામ્રાજ્યની પ્રાપ્તિ છે.

અન્યથા અર્થાત્ નયવિશેષથી અનિષ્ટ ફળનો અભાવ ન માનવામાં આવે, અને પોતાના નૃત્યના કૃત્યથી સ્વાધ્યાયનો ભંગ થાય છે અને તે અનિષ્ટરૂપ છે, એમ જ માનવામાં આવે તો, મુનિને આહાર-વિહારાદિની વિધિમાં=આહાર-વિહારાદિના સેવનમાં, વિધિની અપ્રાપ્તિ થશે. કેમ કે આહાર-વિહારાદિ કરતાં વાયુકાય આદિની વિરાધના, યતનાપરાયણ હોવા છતાં પણ અવશ્ય થાય છે, જે અનિષ્ટ ફળરૂપ છે. તેથી આહાર-વિહારાદિમાં મુનિને પ્રવૃત્તિ કરવી શાસ્ત્રવિહિત છે એમ કહી શકાય નહિ. પરંતુ યતનાપરાયણને હિંસાનો લેશ પણ નથી એમ માનવામાં આવે, તો જ પરિપૂર્ણ શ્રામણ્યભાવ યતનાપરાયણને છે, તેમ માની શકાય. તે જ રીતે સૂર્યાભદેવના નૃત્યકરણમાં પણ સ્વાધ્યાયભંગમાં ઉપેક્ષાનો ભાવ નહિ હોવાથી પરિપૂર્ણ વિધિની જ પ્રાપ્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રત્યેકને આશ્રયીને જો વિચારીએ તો સૂર્યાભદેવને આશ્રયીને ત્યાં જ વિધિ પ્રાપ્ત હતી, તો પછી નૃત્યકરણમાં ભગવાને વંદનાદિની જેમ સાક્ષાત્ વચનથી સંમતિ કેમ ન બતાવી ? અને મૌનથી જ સંમતિ કેમ બતાવી ? તેથી કહે છે કે, વાગ્વિશેષમાં સંપ્રદાયક્રમ જ નિયામક છે અર્થાત્ વંદનાદિ સ્થળમાં સાક્ષાત્ સંમતિ બતાવવી અને નૃત્ય-પ્રદર્શનાદિ સ્થળમાં મૌન દ્વારા સંમતિ બતાવવી તે રૂપ વચનભેદમાં, સંપ્રદાયનો ક્રમ જ નિયામક છે.

ટીકા :-

इमां तद्वंशजानां=स्वामिवंशोत्पन्नानां, स्थितिं=मर्यादां, बाह्यः=शासनबहिर्भूतो, न कलयेत्=न जानीयात् । न ह्यन्यकुलमर्यादां तद्बहिर्वर्ती जानातीत्युक्तिः ।।१९।।

✪ મૂળ શ્લોકમાં 'तत्प्रतिषेधकः' 'बाह्य' નું વિશેષણ છે. તેથી ટીકામાં 'बाह्यः शासनबहिर्भूतः' છે ત્યારપછી 'तत्प्रतिषेधकः' હોવાની સંભાવના છે.

ટીકાર્થ :-

इमां ..... उक्तिः ।। સ્વામીના વંશમાં ઉત્પન્ન થયેલાની આ મર્યાદાને, (तत्प्रतिषेधक=દેવોના ભગવાન સંબંધી દ્રવ્યસ્તવનો પ્રતિષેધક એવો) બાહ્ય=શાસનની બહાર રહેલો, લુંપાક ન જાણે અર્થાત્ જાણતો નથી. જે કારણથી અન્ય કુળની મર્યાદાને तद्-બહિર્વર્તી ન જાણે એ પ્રમાણે ઉક્તિ છે. ।।૧૯।।

✪ અહીં સ્વામીના વંશમાં ઉત્પન્ન થયેલાની આ મર્યાદાને બાહ્ય જાણતો નથી એમ કહ્યું, ત્યાં આ મર્યાદાથી વાગ્વિશેષની મર્યાદાને ગ્રહણ કરવાની છે. **॥૧૯॥**

અવતરણિકા :-

વાક્ક્રમવૈચિત્ર્યમેવોપદર્શયતિ –

અવતરણિકાર્થ :-

(ભગવાનના) વાક્ક્રમની=વચનપદ્ધતિની, વિચિત્રતા બતાવતાં કહે છે -

શ્લોક :-

सावद्यं व्यवहारतोऽपि भगवान् साक्षात् किलानादिशन्,
बल्यादिप्रतिमार्चनादि गुणकृन्मौनेन संमन्यते ।
नत्यादि द्युसदां तदाचरणतः कर्त्तव्यमाह स्फुटम्,
योग्येच्छामनुगृह्य वा व्रतमतश्चित्रो विभोर्वाक्क्रमः ।।२०।।

શ્લોકાર્થ :-

વ્યવહારથી પણ સાવદ્ય એવા બલિ આદિ અને પ્રતિમાઅર્ચનાદિને સાક્ષાત્ આદેશ નહિ આપતા એવા ભગવાન મૌન વડે ગુણકારી માને છે. દેવતાઓની નતિ આદિને=વંદન આદિને, તેઓની આચરણાને આશ્રયીને=પૂર્વના દેવતાઓની આચરણાને આશ્રયીને, ભગવાન કર્તવ્યરૂપે સ્પષ્ટ કહે છે, (પ્રવૃત્તિયોગી પ્રત્યે) વ્રતને આશ્રયીને કર્તવ્ય કહે છે અને (ઈચ્છાયોગી પ્રત્યે) ઈચ્છાને અનુગ્રહીને કર્તવ્ય કહે છે. આથી કરીને વિભુનો=ભગવાનનો, ચિત્ર વાક્ક્રમ છે.।।૨૦।।

✪ શ્લોકમાં 'વા'કાર છે, તે આ ચાર પ્રકારની વ્યવસ્થા છે તે બતાવવા અર્થે સમુચ્ચય અર્થમાં છે.

ટીકા :-

'सावद्यमिति' :- यत्किल बल्यादि प्रतिमार्चनादि च व्यवहारतोऽपि=स्थूलव्यवहारेणाऽपि, सावद्यं=सावद्यत्वव्यपदेशविषयः, तत्साक्षात्=कण्ठरवेणानादिशन् भगवान् मौनेन गुणकृत् संमन्यते, मौनाक्षिप्तविधिना तत्र प्रवर्त्तयतीत्यर्थः । अप्रमादसारो हि भगवदुपदेशोऽपुनर्बन्धकादौ स्वस्वौचित्येन विशेषे विश्राम्यतीति तदीयं वागतिशयविजृम्भितम् । अत एव 'सव्वे पाणा सव्वे भूया' **इत्याद्युपदेशादेव तदीयात् केचिच्चारित्रं, केचिद्देशविरतिम्, केचित् केवलसम्यक्त्वम्, केचिच्च मद्यमांसादिविरतिं प्रतिपन्नवन्तः ते ह्यप्रमादविधिविशेषीभूतान् स्वस्वोचितविधीननुमाय प्रतिभया वा प्रतिसन्धाय तत्तदर्थे-ऽप्रमादमेव पुरस्कुर्वते तथा प्रवर्त्तन्ते चेत्यर्थतः सिद्धमुपदेशपदे ।**

ટીકાર્થ :-

यत्किल ..... विजृम्भितम् । જે ખરેખર બલિ આદિ અને પ્રતિમાઅર્ચનાદિ વ્યવહારથી પણ=સ્થૂલ

વ્યવહારથી પણ, સાવદ્ય છે=સાવદ્યત્વના વ્યપદેશનો વિષય છે, તે સાક્ષાત્ કંઠથી નહિ કહેતાં ભગવાન મૌન વડે કરીને ગુણકારી માને છે, અર્થાત્ મૌનથી આક્ષિપ્ત વિધિ વડે ત્યાં પ્રવૃત્તિ કરાવે છે. (એ પ્રમાણે અર્થ જાણવો.) જે કારણથી અપ્રમાદસાર ભગવાનનો ઉપદેશ અપુનર્બંધકાદિમાં સ્વ-સ્વઔચિત્યથી વિશેષમાં વિશ્રામ પામે છે, એ પ્રકારે તેમના=ભગવાનના, વચનાતિશયનું વિજૃંભિત છે.

✪ **'स्थूलव्यवहारेणापि सावद्यं'** અહીં **'अपि'** થી એ સમુચ્ચય થાય છે કે, સંસારના સાવદ્યમાં તો ભગવાન અનુમતિ આપતા નથી, પણ સ્થૂલ વ્યવહારથી પણ જે સાવદ્ય હોય ત્યાં ભગવાન સાક્ષાત્ શબ્દથી અનુમતિ આપતા નથી, પરંતુ મૌનથી અનુમતિ આપે છે.

✪ સ્થૂલ વ્યવહારથી એમ કહ્યું, એનાથી અર્થથી એ પ્રાપ્ત થાય કે, સૂક્ષ્મ વ્યવહારથી અને નિશ્ચયનયથી તો વિધિપૂર્વક કરાતી જિનપૂજાદિ સાવદ્ય નથી.

વિશેષાર્થ :-

સૂક્ષ્મ વ્યવહારથી કે નિશ્ચયથી તો પ્રતિમાઅર્ચનાદિ કે બલિ આદિ સાવદ્ય નથી, પરંતુ સ્થૂલ વ્યવહારથી ત્યાં સાવદ્યપણાનો વ્યપદેશ થાય છે; તેથી તેવા સ્થાને મૌન વડે કરીને ભગવાન સંમતિ આપે છે, એ પ્રકારનો સંપ્રદાયક્રમ છે.

અહીં વિશેષ એ છે કે પ્રતિમાઅર્ચનાદિ કે બલિ આદિ, સૂક્ષ્મ વ્યવહારથી કે નિશ્ચયથી સાવદ્ય નથી; કેમ કે સૂક્ષ્મ વ્યવહારની દૃષ્ટિએ તે ભગવાનની ભક્તિસ્વરૂપ હોવાથી સાવદ્ય ન કહી શકાય, પરંતુ ભોગાદિ ક્રિયાઓ જ સાવદ્ય કહી શકાય; અને નિશ્ચયનયની દૃષ્ટિએ જે ક્રિયાનું ફળ સંયમની પ્રાપ્તિરૂપ નિરવદ્ય ભાવ પ્રાપ્ત થતું હોય તે ક્રિયાને સાવદ્ય ન કહી શકાય. જ્યારે સ્થૂલ વ્યવહારનય પ્રતિમાઅર્ચનાદિમાં પુષ્પાદિના આરંભની ક્રિયાને જોઈને તેને સાવદ્યરૂપે સ્વીકારે છે, ત્યાં ભગવાન મૌનથી જ સંમતિ આપે છે; અને ભગવાન જે કાંઈ ઉપદેશ આપે છે તે સર્વ ઉપદેશમાં અપ્રમાદભાવ પ્રધાન છે, અને ભગવાનનો વચનાતિશય એવો છે કે યોગ્ય જીવને શંકાની નિવૃત્તિ કરાવીને તેને સમ્યક્ પ્રવૃત્તિ કરાવે છે; અને ભગવાનના ઉપદેશ માટે અપુનર્બંધકાદિ યોગ્ય છે, તેથી ભગવાનના ઉપદેશને સાંભળીને અપુનર્બંધકાદિને ભગવાનના વચનાતિશયને કારણે પોતપોતાની ભૂમિકાને ઉચિત કયા પ્રકારનો અપ્રમાદભાવ કરવો, તેનો બોધ થઈ જાય છે. તેથી પોતાની ભૂમિકામાં પ્રતિમાઅર્ચનાદિ ક્રિયા અપ્રમાદરૂપ હોય તો ભગવાનના મૌનથી તેમના વચનાતિશયને કારણે પ્રશ્ન કરનારને અવશ્ય તેવો ક્ષયોપશમ થાય છે કે જેથી તે ક્રિયામાં એ પ્રવૃત્તિશીલ બને.

ટીકાર્થ :-

अत एव ..... उपदेशपदे । **આથી કરીને જ=ભગવાનના ઉપદેશને સાંભળીને અપુનર્બંધકાદિને, ભગવાનના વચનાતિશયને કારણે પોતપોતાની ભૂમિકાને ઉચિત ક્રિયામાં યત્ન કરવો ઉચિત છે, તેવો બોધ થાય છે; આથી કરીને જ,** 'બધા પ્રાણીઓ બધા ભૂતો' **ઈત્યાદિ (હણવા જોઈએ નહિ,) એ પ્રકારના ભગવાનના ઉપદેશથી જ, કેટલાક ચારિત્રનો, કેટલાક દેશવિરતિનો, કેટલાક કેવલ સમ્યક્ત્વનો અને**

કેટલાક મદ્યમાંસાદિની વિરતિનો સ્વીકાર કરતા એવા તેઓ જ, અપ્રમાદવિધિવિશેષભૂત સ્વ-સ્વઉચિત વિધિનું અનુમાન કરીને, અથવા તો પ્રતિભાથી સ્વ-સ્વઉચિત વિધિનું પ્રતિસંધાન કરીને, તે તે અર્થમાં અપ્રમાદને જ આગળ કરે છે, અને તે પ્રકારે પ્રવર્તે છે, એ પ્રકારે અર્થથી ઉપદેશપદ ગ્રંથમાં સિદ્ધ છે.

વિશેષાર્થ :-

ભગવાનનો વચનાતિશય એવો છે કે, યોગ્ય જીવોને અપ્રમાદસાર જ પોતાની ભૂમિકાને ઉચિત બોધ કરાવે છે. એથી કરીને જ '**सव्वे पाणा**.....' ઈત્યાદિ ભગવાનના ઉપદેશથી જેઓ સંયમમાં દૃઢ યત્ન કરી શકે તેવી યોગ્યતાવાળા છે, તેઓ ચારિત્રને સ્વીકારે છે; અને જેઓ એવા સત્ત્વવાળા નથી, તેઓને પણ તે સૂત્રથી તો સર્વથા અહિંસામાં યત્ન કરવારૂપ બોધ થવા છતાં, પોતાને માટે દેશવિરતિમાં યત્ન ઉચિત છે, એ પ્રકારનો નિર્ણય કરીને તેઓ દેશવિરતિમાં પ્રવર્તે છે. જ્યારે કેટલાક જીવો તે ઉપદેશથી સર્વ જીવોને નહિ હણવાની રુચિમાત્રને કરીને સમ્યક્ત્વમાં અપ્રમાદભાવ કેળવે છે, કેમ કે, વિરતિને અનુકૂળ પોતાનું સત્ત્વ નહિ હોવાથી સમ્યક્ત્વમાં જ દૃઢ યત્નવાળા બને છે. જ્યારે અપુનર્બંધકાદિ કેટલાક જીવો મદ્યમાંસાદિની સ્થૂલ વિરતિને કરે છે. અને તે સર્વ અપ્રમાદવિધિવિશેષીભૂત સ્વ-સ્વઉચિત વિધિનું અનુમાન, તે સૂત્રના ઉપદેશને સાંભળ્યા પછી પોતાની માનસિક સ્થિતિ કે શારીરિક સ્થિતિને જોઈને કરે છે, કે ભગવાનના આ ઉપદેશથી મારે સર્વવિરતિમાં કે દેશવિરતિમાં કે સમ્યક્ત્વમાં કે મદ્યમાંસાદિના ત્યાગમાં યત્ન કરવો ઉચિત છે; અને તે અનુમાન પોતાના સંયોગ અનુસાર તેઓ કરે છે, અને ત્યાં પ્રવર્તે છે. જ્યારે શાસ્ત્રના સૂક્ષ્મ બોધવાળા શ્રાવકો કે પારિણામિકી બુદ્ધિવાળા મહાપ્રજ્ઞાધન જીવો, પ્રતિભાને કારણે પોતાને શેમાં યત્ન કરવો ઉચિત છે તેનું પ્રતિસંધાન કરી લે છે, અર્થાત્ નિર્ણય કરી લે છે. અને તે નિર્ણય કરીને તે તે અર્થમાં અપ્રમાદને આગળ કરે છે અને પ્રવર્તે છે, એ પ્રમાણે ઉપદેશપદ ગ્રંથમાં અર્થથી સિદ્ધ છે. અર્થાત્ સાક્ષાત્ શબ્દરૂપે દ્યોતિત નથી, પરંતુ તે કથનમાં પ્રાપ્ત થતા અર્થથી સિદ્ધ છે.

ઉત્થાન :-

પૂર્વમાં ભગવાનનો વચનક્રમ બતાવ્યો કે સ્થૂલ વ્યવહારથી પણ જ્યાં સાવદ્યપણાનો વ્યપદેશ=કથન હોય ત્યાં ભગવાન મૌનથી જ સંમતિ આપે છે. હવે બીજો વચનક્રમ બતાવતાં કહે છે -

ટીકા :-

द्युसदां=देवानां, नत्यादि=वन्दनादि, तदाचरणतः=तदाचरणमाश्रित्य, स्फुटं कर्त्तव्यमाह । अत एव 'अहं सूर्याभो देवानुप्रियं वन्दे' **इत्याद्युक्तौ** 'पोराणमेय' **मित्याद्युक्तं भगवता अयं च नाट्यकरणादिपर्युपासनाया अप्युपदेशः, अन्यथा** 'जाव पज्जुवासामी' **त्यस्योत्तराभावेन न्यूनतापत्तेः ।**

ટીકાર્થ :-

द्युसदां ..... न्यूनतापत्तेः । દેવતાઓનાં વંદનાદિને, તેમના આચરણથી=તેમના આચરણને આશ્રયીને=पोराणमेयं એ પ્રકારના દેવોના આચરણને કહીને, ભગવાન સ્પષ્ટ કર્તવ્ય કહે છે. આથી

करीને જ "હું સૂર્યાભ, દેવાનુપ્રિયને વંદન કરું છું" ઈત્યાદિ વચનમાં આ પુરાણું છે, એ પ્રમાણે ભગવાન વડે કહેવાયું. અને આ=જે ભગવાન વડે કહેવાયું એ, નાટ્યકરણાદિ પર્યુપાસનાનો પણ ઉપદેશ છે. તેમાં હેતુ કહે છે - એવું ન સ્વીકારીએ તો, 'जाव पज्जुवासामि' એ પ્રમાણેના ઉત્તરનો અભાવ હોવાથી ન્યૂનતાની આપત્તિ છે.

વિશેષાર્થ :-

દેવતાઓના વંદનાદિને '**पोराणमेयं**' એ પ્રકારના દેવોના આચરણને આશ્રયીને ભગવાન સ્પષ્ટ કર્તવ્ય કહે છે. આથી કરીને જ હું સૂર્યાભ, દેવાનુપ્રિયને વંદન કરું છું ઈત્યાદિ ઉક્તિમાં, આ પુરાણું છે, એ પ્રમાણે ભગવાન વડે કહેવાયું.

'**अत एव..... उक्तं भगवता**' ત્યાં સુધીના પદાર્થમાં આદિ પદથી કહેલ પદાર્થ આ પ્રમાણે છે -

"હું સૂર્યાભ, દેવાનુપ્રિયને વંદન કરું છું, અને વંદન કરીને નમસ્કાર કરીને યાવત્ પર્યુપાસના કરું છું" એ પ્રમાણે સૂર્યાભદેવ વડે કહેવાયે છતે, ભગવાન વડે 'આ પુરાણું છે' ઈત્યાદિ કહેવાયું, અર્થાત્ આ પૂર્વના દેવોએ પૂર્વના ભગવંતો પ્રત્યે આચરેલ છે, અને તે કારણથી અરિહંત ભગવાનને વંદન કરીને, નમસ્કાર કરીને સ્વ-સ્વનામગોત્ર સંભળાવે છે એ પ્રમાણે ભગવાન વડે કહેવાયું. અને એટલું જ ભગવાન વડે કહેવાયું, તે અર્થથી નાટ્યકરણાદિ પર્યુપાસનાનો પણ ઉપદેશ છે.

યદ્યપિ ભગવાને સ્વ-સ્વનામગોત્ર સંભળાવે છે ત્યાં સુધી જ કથન કર્યું છે, પરંતુ સૂર્યાભના પ્રશ્નના જવાબમાં યાવત્ પર્યુપાસના કરે છે, ત્યાં સુધી કથન કર્યું નથી; તો પણ આ પૂર્વના દેવોએ આચરેલું છે એ કથન, યાવત્ પર્યુપાસના સુધીના સૂર્યાભના પ્રશ્નના જવાબરૂપે છે. તેથી સૂર્યાભે વંદન કરું છું ત્યાંથી માંડીને યાવત્ પર્યુપાસના કરું છું એમ જે કહ્યું, તે નાટ્યકરણાદિરૂપ પર્યુપાસનાની પૃચ્છા હતી. અને તેનો પણ જવાબ ભગવાને '**पोराणमेयं**' થી આપેલ છે, તેથી ત્યાં સ્પષ્ટ કર્તવ્યનું વિધાન છે. અન્યથા=નાટ્યકરણાદિ પર્યુપાસનાની સંમતિ સ્વીકારવામાં ન આવે, અને કહેવામાં આવે કે, ભગવાને એટલું જ કહ્યું છે કે, પૂર્વના દેવો વંદન કરીને, નમસ્કાર કરીને સ્વ-સ્વનામગોત્ર સંભળાવે છે, તેથી વંદન-નમસ્કારમાં જ ભગવાનની સ્પષ્ટ અનુજ્ઞા છે, પરંતુ નાટ્યકરણાદિ પર્યુપાસનામાં નહિ, તો; '**जाव पज्जुवासामि**' એ કથનના ઉત્તરનો અભાવ હોવાને કારણે ન્યૂનતાની આપત્તિ આવે. અર્થાત્ સૂર્યાભે કહ્યું કે હું સૂર્યાભદેવ વંદન કરું છું, નમસ્કાર કરું છું, યાવત્ પર્યુપાસના કરું છું; તેના જવાબમાં ભગવાને કેવલ વંદનવિષયમાં જ આ પુરાણા દેવોએ આચરેલું છે એમ કહ્યું, અને પર્યુપાસનામાં કાંઈ જવાબ ન આપ્યો, તેથી ભગવાનના તે પ્રત્યુત્તરમાં ન્યૂનતાની આપત્તિ આવે. કેમ કે પૂછનાર પોતાના પ્રશ્નોના પૂર્ણ જવાબથી જ સંતોષ પામે છે, અને ભગવાન અપૂર્ણ ઉત્તર આપે નહિ, એથી પુરાણા દેવોએ આચરેલું છે એ કથનથી, નાટ્યકરણાદિ પર્યુપાસનાની પણ ભગવાનની અનુજ્ઞા છે.

અહીં વિશેષ એ છે કે, શ્લોક-૧૯ની ટીકામાં કહ્યું કે, નૃત્યદર્શનની વિધિમાં ભગવાન, ગૌતમસ્વામી આદિ મુનિઓના સ્વાધ્યાયનો ભંગ અને સૂર્યાભની ભવનો ધ્વંસ કરનારી ભક્તિના લાભને સામે રાખીને બંને તુલ્ય આય-વ્યય જોવાથી મૌન રહેલ. તેથી એ પ્રાપ્ત થાય કે નૃત્યપ્રદર્શનમાં ભગવાને મૌનથી જ સંમતિ આપી

છે, અને અહીં કહે છે કે, નાટ્યકરણાદિ પર્યુપાસનાનો પણ ઉપદેશ છે, તેથી એ બે કથનોનો સામાન્યથી વિરોધ દેખાય. પરંતુ જ્યારે સૂર્યાભે કહ્યું કે હું સૂર્યાભ વંદન કરું છું યાવત્ પર્યુપાસના કરું છું, ત્યારે તેનું તે કૃત્ય તેની ભૂમિકાને અનુરૂપ કર્તવ્ય છે તે બતાવવા માટે ભગવાને સ્પષ્ટ સંમતિ આપી; અને ત્યાર પછી સૂર્યાભદેવ નાટક કરવાની સન્મુખ થઈને નાટક કરવા માટે ફરી અનુજ્ઞા માંગે છે ત્યારે, ગૌતમસ્વામી આદિ મુનિઓના સ્વાધ્યાયના ભંગના કારણે ભગવાને મૌનથી જ સંમતિ આપી છે, અને પૂર્વે 'अहं ..... वन्दे' ઈત્યાદિ રૂપ સૂર્યાભના પ્રશ્નમાં તેની ભૂમિકાને અનુરૂપ જે કૃત્યો કર્તવ્ય હોય તેને કર્તવ્ય બતાવવા અર્થે, 'पोराणमेयं' થી સ્પષ્ટ કર્તવ્યપણે બતાવેલ છે. તેથી વિરોધ નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે 'पोराणमेयं' ઈત્યાદિ રૂપ ભગવાનનું વચન નાટ્યકરણાદિરૂપ પર્યુપાસનાનો પણ ઉપદેશ આપે છે. ત્યાં પ્રશ્ન થાય કે ભગવાને 'पोराणमेयं' થી માંડીને યાવત્ સ્વ-સ્વનામગોત્ર સંભળાવે છે ત્યાં સુધી જ જવાબ આપેલ છે, પરંતુ પૂર્વના દેવો યાવત્ પર્યુપાસના કરે છે ત્યાં સુધી જવાબ આપ્યો નથી. તેથી નાટ્યકરણમાં ભગવાનની સંમતિ છે તેમ માની શકાય નહિ, પરંતુ ભગવાનની નામગોત્રના શ્રવણ સુધી જ સંમતિ છે અને પર્યુપાસનામાં અસંમતિ છે, એમ સ્થૂલદૃષ્ટિથી લાગે છે. તેથી કહે છે -

ટીકા :-

न च नामगोत्रश्रावणविधिः स्वतन्त्र एव तस्य सुखदुःखहान्यन्यतरत्वाभावेन फलविधित्वाभावान्नापि साधनविधिः पर्युपासनाया एव साधनत्वात्, तत्समकक्षतया नामगोत्रश्रावणस्य साधनत्वासिद्धेः, किन्तु चिकीर्षितसाधनानुकूलप्रतिज्ञाविधि शेषतया तस्योपयोगः शेषेण च शेषिण आक्षेपः सुकर एवेति व्युत्पन्नानां न कश्चिदत्र व्यामोहः ।

ટીકાર્થ :-

न च ..... साधनत्वात्, नामगोत्रश्रावणविधि स्वतंत्र જ નથી, તેમાં હેતુ કહે છે - નામગોત્રશ્રાવણનું સુખહાનિ અથવા દુઃખહાનિ-અન્યતરત્વનો અભાવ હોવાથી ફળવિધિત્વનો અભાવ છે. નામગોત્રશ્રાવણવિધિ, સાધનવિધિ પણ નથી. તેમાં હેતુ કહે છે - પર્યુપાસનાનું જ સાધનપણું છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, પર્યુપાસનાની જેમ નામગોત્રશ્રાવણવિધિને પણ પર્યુપાસનાની સમકક્ષ સ્વીકારીને સાધનવિધિ કહીએ તો શું વાંધો છે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

तत्समकक्षतया ..... असिद्धेः, તેના સમકક્ષપણાથી=પર્યુપાસનાના સમકક્ષપણાથી, નામગોત્રશ્રાવણના સાધનપણાની અસિદ્ધિ છે.

ઉત્થાન :-

ઉપરમાં એમ સ્થાપન કર્યું કે, નામગોત્રશ્રાવણવિધિ સ્વતંત્ર નથી, તેમ જ સાધનવિધિ પણ નથી, તો શું છે ? એમ પ્રશ્ન થાય. તેથી 'किन्तु' થી કહે છે -

ટીકાર્થ :-

किन्तु ..... व्यामोहः । પરંતુ ચિકીર્ષિત એવી સાધનાનુકૂલ પ્રતિજ્ઞાવિધિના શેષપણા વડે કરીને તેનો=નામગોત્રશ્રાવણવિધિનો, ઉપયોગ છે, અને શેષ વડે શેષીનો આક્ષેપ સુકર જ છે એથી કરીને, અહીંયાં=રાજપ્રશ્નીયના કથનમાં, ભગવાને 'पोराणमेयं' થી યાવત્ પર્યુપાસના સુધી ઉત્તર ન આપ્યો, પરંતુ સ્વ-સ્વનામગોત્ર સંભળાવે છે, ત્યાં સુધી અધૂરો ઉત્તર આપ્યો, તેમાં વ્યુત્પન્નોને કોઈ વ્યામોહ નથી.

સારાંશ :-

✪ નામગોત્રશ્રાવણવિધિ સ્વતંત્ર જ નથી, નામગોત્રશ્રાવણવિધિ સાધનવિધિ પણ નથી, પરંતુ ચિકીર્ષિત સાધનાને અનુકૂળ પ્રતિજ્ઞાવિધિના શેષપણા વડે નામગોત્રશ્રાવણવિધિ ઉપયોગી છે.

✪ નામગોત્રશ્રાવણવિધિ સ્વતંત્ર નથી, તેમાં હેતુ **'तस्य ..... फलविधित्वाभावात्' છે.**

✪ નામગોત્રશ્રાવણવિધિ શું છે ? તેથી કહે છે - ચિકીર્ષિત સાધનને અનુકૂળ પ્રતિજ્ઞાવિધિના શેષપણા વડે નામગોત્રશ્રાવણવિધિનો ઉપયોગ છે.

વિશેષાર્થ :-

વિધિવચનો ફળને બતાવનારાં અને સાધનને બતાવનારાં હોય છે, અને જે વચનો ધર્મકૃત્યના ફળને બતાવનારાં છે, તેને ફળવિધિ કહેવામાં આવે છે; અને ફળની પ્રાપ્તિમાં સાધનભૂત એવી ક્રિયાને બતાવનારાં જે વચનો છે, તેને સાધનવિધિ કહેવામાં આવે છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ફળવિધિને કહેનારાં વચનો તે હોય કે જેનાથી ધર્મના ફળરૂપે સુખો બતાવવામાં આવ્યાં હોય કે દુઃખનો અભાવ બતાવવામાં આવ્યો હોય. જેમ કહેવામાં આવે કે સંયમના પાલનથી મોક્ષની પ્રાપ્તિરૂપ કે સ્વર્ગની પ્રાપ્તિરૂપ સુખો મળે છે, અથવા તો દુર્ગતિની પરંપરા અટકે છે, તે વચનો ફળવિધિરૂપે છે. અને સંસારમાં સુખની પ્રાપ્તિના ઉપાયો કે મોક્ષની પ્રાપ્તિના ઉપાયરૂપે ભગવદ્-ભક્તિ આદિને કહેનારાં વચનો તે સાધનવિધિરૂપ છે. અને ફળવિધિ હંમેશાં સ્વતંત્ર હોય છે અને સાધનવિધિ ફળવિધિને પરતંત્ર હોય છે. કેમકે ફળની ઈચ્છાથી જ સાધનવિધિ પ્રવર્તક હોય છે, તેથી ફળને પરતંત્ર સાધનવિધિ પ્રવર્તક બને છે; જ્યારે ફળવિધિ કોઈ અન્ય વિધિને પરતંત્ર રહ્યા વગર સ્વતંત્ર જ પ્રવર્તક હોય છે. આ વાતને સામે રાખીને કહે છે -

નામગોત્રશ્રાવણવિધિ સ્વતંત્ર નથી, કેમ કે નામગોત્રશ્રાવણવિધિનું સુખ-દુઃખહાનિ અન્યતરત્વરૂપે અભાવ હોવાને કારણે ફળવિધિપણું નથી. અને સાધનવિધિ પણ નથી, કેમ કે પર્યુપાસનાનું જ સાધનપણું છે અને નામગોત્રને કહેવાં એ કાંઈ ભગવાનની પર્યુપાસનારૂપ નથી. અહીં પ્રશ્ન થાય કે, પર્યુપાસનાના સમકક્ષ

નામગોત્રશ્રાવણવિધિને સ્વીકારીને તેને સાધનવિધિ કહી શકાશે. તેથી કહે છે - નામગોત્રશ્રાવણને પર્યુપાસનાની સમકક્ષ કહીને સાધનવિધિ કહી શકાય નહિ, કેમ કે ભગવાનને પોતાનાં નામગોત્ર કહેવાં તે પર્યુપાસનાની સમાન નથી. તો પ્રશ્ન થાય કે નામગોત્રશ્રાવણવિધિ શું છે ? તેથી કહે છે કે, ચિકીર્ષિત સાધનાનુકૂળ પ્રતિજ્ઞાવિધિના શેષપણા વડે કરીને તેનો ઉપયોગ છે. અર્થાત્ સૂર્યાભદેવે ભગવાનની ભક્તિ કરવારૂપ જે સાધનાની ઈચ્છા કરેલ તેને અનુકૂળ એવી ભગવાન પાસે પ્રતિજ્ઞા કરી, કે હું સૂર્યાભદેવ ભગવાનને વંદન કરું છું, નમસ્કાર કરું છું, યાવત્ પર્યુપાસના કરું છું, તે પ્રતિજ્ઞાવિધિ છે; અને તેના શેષપણા વડે કરીને=અંગપણાવડે કરીને, નામગોત્રના શ્રાવણનો ઉપયોગ છે. કેમ કે સૂર્યાભદેવે જે આ પ્રકારની પ્રતિજ્ઞા કરી, તેના એક અંગરૂપે પોતાનું નામગોત્ર સંભળાવેલ છે, અને તે જ નામગોત્રશ્રાવણવિધિ છે; અને તે નામગોત્રશ્રાવણવિધિ પ્રતિજ્ઞાવિધિના એક અંગરૂપ છે, તેથી પ્રતિજ્ઞાવિધિના અંગરૂપે જ તેનો ઉપયોગ છે.

ઉપરના કથનથી એ સ્થાપન થયું કે, સૂર્યાભદેવ ભગવાનને જે પોતાનાં નામગોત્ર સંભળાવે છે, તે સ્વતંત્ર વિધિ નથી, સાધનવિધિ પણ નથી; પરંતુ પ્રતિજ્ઞાવિધિના અંગરૂપ જ છે. તેનાથી જે ફલિત થાય છે તે 'शेषेण થી બતાવે છે, અને શેષ દ્વારા શેષિનો આક્ષેપ સુકર છે, તે આ રીતે - પ્રતિજ્ઞાવિધિનો શેષ નામગોત્રશ્રાવણવિધિ છે, અને વંદન કરું છું નમસ્કાર કરું છું યાવત્ પર્યુપાસના કરું છું તે શેષિ છે. કેમ કે હું નૃત્ય બતાવીને હે ભગવંત ! આપની પર્યુપાસના કરું છું, એવી પ્રતિજ્ઞા સૂર્યાભદેવે કરેલ છે; તેનું અંગ નામગોત્રશ્રાવણવિધિ છે. તેથી ભગવાને નામગોત્રશ્રાવણવિધિમાં અનુજ્ઞા આપી, તેનાથી પર્યુપાસનામાં ભગવાનની અનુજ્ઞા છે, એ પ્રકારનો આક્ષેપ થઈ શકે જ છે. તેથી જે વ્યક્તિ વ્યુત્પન્ન હોય તે ભગવાનના નામગોત્રશ્રાવણની અનુજ્ઞાથી નક્કી કરી શકે છે કે, સૂર્યાભને નૃત્યકરણમાં પણ ભગવાનની અનુજ્ઞા મળી ગયેલ છે, અને આથી જ ભગવાને સૂર્યાભને ઉત્તર આપ્યો એ કથનમાં=पोराणमेयं ..... ત્યાંથી કરીને ભવનપતિ આદિ ચારે નિકાયના દેવો 'साइं साइं नामगोत्ताइं साहिंति' સ્વ-સ્વનામગોત્ર સંભળાવે છે તેમ કહ્યું તેમાં, નામગોત્ર સંભળાવવારૂપ શેષની અનુજ્ઞા દ્વારા પર્યુપાસના કરું છું એ રૂપ શેષિનો આક્ષેપ સુકર છે. એથી કરીને (इति - હેતુ અર્થમાં છે) જે શાસ્ત્રવચનોમાં વ્યુત્પન્ન છે તેઓને અહીંયાં એટલે ભગવાનના આ ઉત્તરરૂપ વચનમાં, કોઈ વ્યામોહ નથી. અર્થાત્ વ્યુત્પન્ન જાણી શકે છે કે ભગવાને નામગોત્ર સંભળાવે છે ત્યાં સુધી ઉત્તર આપ્યો, પણ પૂરો ઉત્તર નથી આપ્યો છતાં ભગવાનની સંમતિ પૂરા ઉત્તરમાં જ છે, પરંતુ માત્ર નામગોત્રશ્રાવણ સુધીના વક્તવ્યમાં જ નથી.

✪ **'साइं साइं नामगोत्ताइं साहिंति'** આ પાઠ રાજપ્રશ્નીયસૂત્રમાંથી લીધેલ છે.

ઉત્થાન :-

પ્રથમ સ્થૂલ વ્યવહારથી સાવદ્યમાં મૌનથી ભગવાનની સંમતિરૂપ વિભુનો વાક્ક્રમ=વચનપદ્ધતિ, બતાવી, ત્યાર પછી **'पोराणमेयं'** એ રીતે પૂર્વના દેવોની આચરણાને આશ્રયીને દેવોના વંદનાદિને સ્પષ્ટ કર્તવ્ય બતાવવારૂપ બીજો વાક્ક્રમ=વચનપદ્ધતિ, બતાવી, અને હવે ઈચ્છાયોગી તથા પ્રવૃત્તિયોગી પ્રત્યે ભગવાનનો વાક્ક્રમ=વચનપદ્ધતિ, શું છે, તે બતાવતાં કહે છે -

ટીકા :-

व्रतं=चारित्रं, स्फुटं=प्रकटम्, प्रवृत्तियोगिनं प्रत्याह - 'एवं देवाणुप्पिया गंतव्वं' **इत्यादिना । इच्छायोगिनं च प्रति योग्येच्छामनुगृह्य आह -** 'अहासुहं देवाणुप्पिया मा पडिबंधं करेह' **इतीच्छानुलोमभाषयाहेत्यर्थः ।**

ટીકાર્થ :-

व्रतं ..... इत्यर्थः । 'હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે જવું જોઈએ' **ઈત્યાદિ દ્વારા પ્રવૃત્તિયોગી પ્રતિ સ્ફુટ= પ્રકટ, વ્રતને=ચારિત્રને, કહે છે; અને ઈચ્છાયોગી પ્રતિ યોગ્ય એવી ઈચ્છાને અનુગ્રહ કરીને કહે છે કે,** 'હે દેવાનુપ્રિય ! 'यथासुखं'=જેમ સુખ ઊપજે તેમ કર, પ્રતિબંધને કર નહિ.' **એ પ્રકારે ઈચ્છાનુલોમ ભાષા વડે કરીને કહે છે, એ પ્રકારે અર્થ જાણવો.**

✪ અહીં **'प्रवृत्तियोगिनं प्रति'** કહ્યું, ત્યાં પ્રવૃત્તચક્રયોગી ગ્રહણ કરવાના નથી, પરંતુ સંયમ ગ્રહણ કરેલા જીવો, સંયમની પ્રવૃત્તિ કરનારા છે તેવા યોગીઓને ગ્રહણ કરવાના છે, માટે 'પ્રવૃત્તિયોગી' કહેલ છે. અને **'इच्छायोगिनं च प्रति'** કહ્યું, ત્યાં પણ સંયમ ગ્રહણ કરવાની ઈચ્છાવાળા એવા યોગીને ગ્રહણ કરવાના છે, પરંતુ સંયમને ગ્રહણ કરેલા એવા ઈચ્છાયોગીને ગ્રહણ કરવાના નથી.

વિશેષાર્થ :-

ચારિત્રમાં પ્રવૃત્તિ કરનારા એવા યોગીઓ જ્યારે વિહારાદિવિષયક ભગવાનને પૃચ્છા કરે કે ગુરુને પૃચ્છા કરે, ત્યારે ભગવાન કે ગુરુ કહે છે કે, "હે દેવાનુપ્રિયે ! આ પ્રકારે જવું જોઈએ." એમ કહીને ગમનવિષયક સ્પષ્ટ ચારિત્રની વિધિને કહે છે. જેથી તેઓના પ્રત્યે શિષ્યને અહોભાવનો અતિશય થવાથી સમ્યગ્દર્શનની નિર્મળતા થાય છે, અને તે જ પ્રકારે તે ક્રિયા કરવાનું પ્રણિધાન થવાથી ક્રિયાકાળમાં ચારિત્રને અનુકૂળ એવી ઉત્તમ પરિણતિ અતિશય અતિશયતર થાય છે, જે ચારિત્રની વિશુદ્ધિનું કારણ બને છે. અને કોઈ વ્યક્તિને સંયમને ગ્રહણ કરવાની ઈચ્છા હોય કે વિશિષ્ટ પ્રકારની આરાધના કરવાની ઈચ્છા હોય, પરંતુ તત્કાળ પ્રવૃત્તિ માટે સમર્થ ન હોય તેવા ઈચ્છાયોગીને, તેમની યોગ્ય ઈચ્છાને અનુસરીને ભગવાન કહે છે કે, "જે પ્રમાણે તમને સુખ ઊપજે તેમ કરો." અર્થાત્ જે પ્રવૃત્તિ કરવાની તમારી ઈચ્છા છે તે પ્રમાણે તમે કરો, પરંતુ હે દેવાનુપ્રિયે ! આમાં વિલંબ કરશો નહિ. એ વચનથી પોતાની ઈચ્છાને જલદી સફળ કરવી જોઈએ એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે, તેવો નિર્ણય કરીને તે ઈચ્છાયોગી તે આજ્ઞાને સફળ કરવા માટે શક્ય પ્રયત્નો કરવા ઉત્સાહિત થાય છે.

ટીકા :-

'वा' कारो व्यवस्थायाम् ।

ટીકાર્થ :-

'वा' कारो ..... व्यवस्थायाम् । શ્લોકમાં 'વા' કાર છે તે ચાર પ્રકારની વચનપદ્ધતિની વ્યવસ્થા બતાવી, તેનો સમુચ્ચય કરવા માટે 'च' કાર અર્થમાં છે.

ટીકા :-

एवं विभोः=भगवतो, वाक्क्रमो=वचनरचनानुक्रमश्चित्रः=नानाप्रकारः, मौनमपि च विनीतमभिज्ञं पुरुषं प्रतीच्छानुलोमाभिव्यञ्जकमेवेति तत्तात्पर्यप्रतिसन्धानेनैव प्रेक्षावत्प्रवृत्तिः सुघटा । अत एव भगवता मौने स्वव्यवहारानुरोधेन कृतेऽपि पारिणामिक्या बुद्ध्या स्वकृतिसाध्यत्वेष्टसाधनत्वाद्यनुसंधाय नाट्यकरणमारब्धं सूर्याभेण ।

ટીકાર્થ :-

एवं ..... सूर्याभेण ।=આ પ્રકારે ભગવાનની વચનરચનાનો અનુક્રમ નાના=વિવિધ પ્રકારે છે; અર્થાત્ પૂર્વમાં જે ચાર પ્રકારની સંમતિના વિષયમાં વચનરચના બતાવી તે પ્રકારે વચનરચનાનો અનુક્રમ વિવિધ પ્રકારનો છે. અને મૌન પણ વિનીત, અભિજ્ઞ=જાણકાર પુરુષ પ્રતિ ઈચ્છાનુલોમનું અભિવ્યંજક જ છે=જે જીવ ભગવાનના વચન પ્રમાણે જ કરવાની ઈચ્છાવાળો છે એવા વિનીત અને ભગવાનના વચનનું તાત્પર્ય શું છે, તેને જાણનારા અભિજ્ઞ=જાણકાર પુરુષ પ્રતિ ભગવાનનું મૌન તેમની સંમતિનું અભિવ્યંજક જ છે. એ પ્રકારે તેના તાત્પર્યના=ભગવાનના મૌન રહેવાના તાત્પર્યના, પ્રતિસંધાન વડે જ, પ્રેક્ષાવાનની પ્રવૃત્તિ સુઘટ છે=સારી રીતે ઘટે છે. આથી કરીને જ સ્વવ્યવહારના અનુરોધથી ભગવાન વડે મૌન કરાયે છતે પણ, પારિણામિકી બુદ્ધિથી સૂર્યાભદેવ વડે કરીને સ્વકૃતિસાધ્યત્વ ઈષ્ટસાધનત્વાદિનું અનુસંધાન કરીને નાટ્યનો આરંભ કરાયો.

✪ 'स्वकृतिसाध्यत्वेष्टसाधनत्वादि' અહીં 'आदि' પદથી 'बलवदनिष्टाननुबंधित्व' નું ગ્રહણ કરવાનું છે.

ટીકા :-

तदुक्तं राजप्रश्नीयवृत्तौ –

'तए ण' मित्यादि । ततः पारिणामिक्या बुद्ध्या तत्त्वमवगम्य मौनमेव भगवत उचितं न पुनः किमपि वक्तुम् । केवलं मया भक्तिरात्मीयोपदर्शनीयेति प्रमोदातिशयतो जातपुलकः सन् सूर्याभो देवः श्रमणं भगवन्तं महावीरं वन्दते-स्तौति, नमस्यति कायेन, वन्दित्वा, नमस्यित्वा, उत्तरपुरच्छिमं इत्यादि सुगममिति ।।२०।।

ટીકા :-

तदुक्तं राजप्रश्नीयवृत्तौ - રાજપ્રશ્નીયવૃત્તિમાં તે કહેવાયેલું છે - तए णं ..... सुगममिति ।। (નાટ્યકરણદર્શનવિધિમાં સૂર્યાભદેવે ભગવાનને ત્રણ વાર પૂછ્યું, ત્યાં ભગવાન મૌન રહ્યા.) ત્યારપછી પારિણામિકી બુદ્ધિથી તત્ત્વનો અવગમ કરીને ભગવાનનું મૌન જ ઉચિત છે, પરંતુ કાંઈપણ બોલવું ઉચિત નથી; કેવલ મારા વડે આત્મીય ભક્તિ બતાવવી જોઈએ, એ પ્રકારે પ્રમોદના અતિશયથી રોમાંચિત થયેલો છતો સૂર્યાભદેવ, શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરે છે અર્થાત્ સ્તુતિ કરે છે, કાયાથી નમસ્કાર કરે છે, અને વંદન કરીને નમસ્કાર કરીને ઉત્તરપૂર્વ=ઈશાન દિશામાં, જાય છે, ઈત્યાદિ સુગમ છે.

✪ 'इति' શબ્દ રાજપ્રશ્નીય સૂત્રની ટીકાના કથનની સમાપ્તિસૂચક છે. **॥૨૦॥**

અવતરણિકા :-

एकाधिकारिकतुल्यायव्ययत्वादेव भक्तिकर्मणि विभोर्मौनमुचितमिति मतं निषेधति –

અવતરણિકાર્થ :-

એક અધિકારી છે જેને એવું તુલ્ય આય-વ્યયપણું હોવાથી જ, ભક્તિકર્મમાં ભગવાનનું મૌન ઉચિત છે, એ પ્રકારે મતનો નિષેધ કરતાં કહે છે -

વિશેષાર્થ :-

સૂર્યાભદેવના પ્રશ્નમાં ભગવાને જે મૌન ધારણ કર્યું, તેમાં ભિન્ન અધિકારીને આશ્રયીને તુલ્ય આય-વ્યય બતાવેલ, જેમ ગૌતમસ્વામી આદિ મુનિને સ્વાધ્યાયભંગરૂપે વ્યય અને સૂર્યાભદેવને ભક્તિની પ્રાપ્તિરૂપે આય બતાવ્યો. એની સામે પૂર્વપક્ષી કહે છે કે, એક સૂર્યાભદેવને આશ્રયીને જ તુલ્ય આય-વ્યયપણું છે. કેમ કે સૂર્યાભદેવ ભક્તિ કરે છે, એમાં હિંસાદિ થાય છે, તેથી તે સાવદ્ય ક્રિયા છે, તે રૂપ વ્યય છે; અને તેમને ભગવાન પ્રત્યેનો ભક્તિનો ભાવ થાય છે, તે રૂપ આય છે; તેથી જ ભગવાનનું ત્યાં મૌન ઉચિત છે. તેથી જ ભક્તિકર્મ સાધુને અનુમોદનીય ન બની શકે, તેથી તે ભક્તિકર્મ ધર્મરૂપ નથી. માટે સૂર્યાભદેવનું પ્રતિમાપૂજન, ભક્તિકર્મ એ ધર્મરૂપ નહિ હોવાને કારણે તેના બળથી પ્રતિમાની પૂજ્યતા સિદ્ધ થઈ શકે નહિ. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

શ્લોક :-

दानादाविव भक्तिकर्मणि विभुर्दोषान्निषेधे विधौ,
मौनी स्यादिति गीर्मृषैव कुधियां दुष्टे निषेधस्थितेः ।
अन्यत्र प्रतिबन्धतोऽनभिमतत्यागानुपस्थापनात्,
प्रज्ञाप्ये विनयान्विते विफलताद्वेषोदयासंभवात् ।।२१।।

શ્લોકાર્થ :-

નિષેધમાં અને વિધિમાં દોષ હોવાને કારણે દાનાદિની જેમ ભક્તિકર્મમાં ભગવાન મૌન થાય; આ પ્રકારની કુબુદ્ધિવાળાની વાણી, અનભિમત ત્યાગના અનુપસ્થાપનથી અન્યત્ર પ્રતિબંધ હોવાને કારણે, વિફલતા અને દ્વેષોદયના અસંભવથી, પ્રજ્ઞાપ્ય અને વિનયાન્વિત પુરુષવિષયક દુષ્ટ કૃત્યમાં નિષેધની સ્થિતિ હોવાથી મૃષા જ છે. ॥૨૧॥

✪ 'प्रज्ञाप्ये विनयान्विते' અહીં પુરુષ શબ્દ અધ્યાહાર છે. તેથી અર્થ પ્રજ્ઞાપ્ય અને વિનયાન્વિત પુરુષવિષયક એ પ્રમાણે કરવો.

✪ 'दुष्टे' અહીં વિષયાર્થક સપ્તમી છે, તેથી દુષ્ટ કૃત્યમાં એવો અર્થ કરવો.

ટીકા :-

'दानादाविवे'ति :- दानशीलादिषु श्राद्धस्थानेषु दीयमाने दानादाविव भक्तिकर्मणि= नाट्यजिनार्चादौ, विभुः निषेधे विधौ च दोषादुभयतः पाशरज्जुस्थानीयान्मौनी स्यात् । तथाहि- दानादिनिषेधेऽन्तरायभयम्, तद्विधाने च प्राणिवधानुमतिरिति । तत्र साधूनां मौनमेव युक्तम् -

जे अ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं ।
जे अ णं पडिसेहंति, वित्तिच्छेअं करेंति ते।।१।।

दुहओ वि ते ण भासंति, अत्थि वा नत्थि, पुणो ।
आयं रयस्स हेच्चा णं निव्वाणं पाउणंति ते ।। (प्र श्रु० अ० ११ गा० २०-२१)

इति सूत्रकृद्वचनात्, तथा भक्तिकर्मण्यपि निषेधे भक्तिव्याघातभयम्, विधौ च बहुप्राणिव्यापत्तिभयमिति मौनमेवोचितमिति भावः ।। इति इयं गीः कुधियां=कुबुद्धीनां, मृषैव । कुतः ? दुष्टे=दोषवति, निषेधस्थितेः=निषेधव्यवस्थानात् । एतदपि कुतः ? प्रतिबन्धतः प्रतिबन्धः= व्याप्तिः ततः प्रतिबन्धाकारश्चायम्-यद् यत्र येन दोषवद् ज्ञायते, तत्तत्र तेन निषेध्यमिति । निषेधार्थः= पापजनकत्वमनिष्टसाधनत्वं वा । तद् यदि दोषवति न स्यात्, तर्हि स्वप्रवृत्तिव्याघातदण्डेन विपक्षबाधकतर्केण तद्ग्रहः ।

✪ 'दानशीलादिषु' અહીં વિષયાર્થક સપ્તમી છે.

✪ भक्तिकर्मणि અહીં પણ વિષયાર્થક સપ્તમી છે.

ટીકાર્થ :-

दान ..... युक्तम् - **શ્રાદ્ધસ્થાનીય એવા દાનશીલાદિવિષયક દીયમાન=અપાતા, દાનાદિની જેમ, ભક્તિકર્મવિષયક=નાટ્ય-જિનાર્ચાદિવિષયક, નિષેધમાં અને વિધિમાં ઉભયતઃ પાશરજ્જુસ્થાનીય દોષ**

હોવાથી વિભુ મૌન થાય. તે આ પ્રમાણે - દાનાદિના નિષેધમાં અંતરાયનો ભય છે અને દાનાદિના વિધાનમાં પ્રાણિવધની અનુમતિ છે. એથી કરીને ત્યાં=દાનાદિના વિધિ-નિષેધમાં, સાધુને મૌન જ ઉચિત છે. તેમાં હેતુ કહે છે -

જે अ दाणं ..... સૂત્રકૃદ્વચનાત્, દાનની જે પ્રશંસા કરે છે તે જીવોના વધને ઈચ્છે છે, અને દાનનો જે નિષેધ કરે છે, તે જીવોની વૃત્તિચ્છેદ=આજીવિકાનો છેદ કરે છે. તેથી તેઓ=સાધુઓ, હા અથવા ના બોલવારૂપ બંને પ્રકારે પણ બોલતા નથી, તેઓ=સાધુઓ, કર્મરજના આયને=કર્મબંધને, અટકાવીને નિર્વાણ પામે છે. **એ પ્રમાણે સૂયગડાંગ સૂત્રનું વચન છે.**

તથા ..... व्यवस्थानात् । તે પ્રમાણે=જે પ્રમાણે દાનમાં મૌન ઉચિત છે તે પ્રમાણે, ભક્તિકર્મમાં પણ નિષેધમાં ભક્તિના વ્યાઘાતનો ભય છે અને વિધિમાં ઘણા પ્રાણીના વિનાશનો ભય છે, એથી કરીને મૌન જ ઉચિત છે, એ પ્રમાણે ભાવ છે. એ પ્રકારની આ દુષ્ટ બુદ્ધિવાળાઓની વાણી મૃષા જ છે. તેમાં હેતુ કહે છે - દોષવાનમાં=દોષવાળા એવા કૃત્યમાં, નિષેધનું વ્યવસ્થાન છે.

एतदपि कुतः ? ..... निषेध्यमिति । **આ પણ શાથી ? તો કહે છે કે, પ્રતિબંધથી. પ્રતિબંધ=વ્યાપ્તિ, તેનાથી. (આવી વ્યાપ્તિ હોવાને કારણે ભક્તિકર્મ જો દોષવાળું હોય તો તે નિષેધ્ય જ બને, તેથી ત્યાં મૌન ઉચિત નથી. માટે લુંપાકની વાણી મૃષા છે) અને પ્રતિબંધનો આકાર આ પ્રમાણે છે - જે કૃત્ય જે વ્યક્તિમાં જેના વડે દોષવાળું જણાય, તે કૃત્ય તે વ્યક્તિમાં તેના વડે નિષેધ કરવા યોગ્ય છે. 'इति' શબ્દ વ્યાપ્તિના કથનની સમાપ્તિસૂચક છે**

निषेधार्थः ..... अनिष्टसाधनत्वं वा । અને નિષેધાર્થ=નિષેધ કરવા યોગ્ય અર્થ, આ છે - પાપજનકપણું કે અનિષ્ટસાધનપણું એ નિષેધાર્થ છે.

વિશેષાર્થ :-

સૂત્રકૃતાંગના વચનને લઈને પૂર્વપક્ષી ભક્તિકર્મમાં દોષ હોવાને કારણે ભગવાન સૂર્યાભના પ્રસંગમાં મૌન લે છે, તે સ્થાપન કરવા પ્રયત્ન કરે છે; અને તે પૂર્વપક્ષીના કથનમાં મૂળશ્લોકમાં દૃષ્ટાંત તરીકે દાનાદિ લીધેલ છે, અને ટીકામાં તેના પૂરક તરીકે શ્રાદ્ધસ્થાનીય દાનશીલાદિવિષયક દીયમાન દાનાદિ ગ્રહણ કરેલ છે, તે દાનાદિના પૂરકરૂપે છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય કે, સાધુ પણ ગૃહસ્થનાં દાન-શીલ-તપ આદિનું માહાત્મ્ય બતાવે છે તેમાં દોષ નથી; પરંતુ સાધુ, કોઈ ગૃહસ્થ દાન આપતો હોય કે શીલ પાળતો હોય અને આદિ પદથી પ્રાપ્ત તપ કરતો હોય તેની પ્રશંસા કરે, તો તે અવિરતિધર હોવાને કારણે તેના દાનમાં આરંભ-સમારંભ હોય છે તેની અનુમોદના પ્રાપ્ત થાય; શીલમાં દેશથી શીલનું પાલન છે અને દેશથી અપાલન છે, તેથી અપાલનમાં અનુમતિ પ્રાપ્ત થાય; અને તપમાં પણ દેશવિરતિ હોવાને કારણે તેના અવિરતિ અંશની અનુમોદના પ્રાપ્ત થાય. અને નિષેધ કરે તો દાનમાં દાન લેનારની વૃત્તિનો ઉચ્છેદ થાય, શીલમાં જે દેશથી શીલનું પાલન છે તેનો નિષેધ પ્રાપ્ત થાય, અને તપમાં જે તપનું સેવન છે તેનો નિષેધ પ્રાપ્ત થાય. આ રીતે વિધિ અને

નિષેધમાં બન્ને બાજુ દોષ હોવાને કારણે મુનિ જેમ મૌન લે છે, તેમ સૂર્યાભદેવના નાટક-અર્ચનાદિમાં ભગવાને મૌન ગ્રહણ કર્યું છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

યદ્યપિ સૂત્રકૃતાંગમાં કેવલ દાનનું જ કથન છે, શીલાદિનું ગ્રહણ નથી; અને તે દાનને કહેનાર સૂત્ર પણ અપુષ્ટાલંબનવિષયક દાન જ છે, જે સ્વયં ગ્રંથકાર જ આગળ બતાવવાના છે; તેથી પુષ્ટ આલંબનને આશ્રયીને શ્રાવક અનુકંપાદાન કરતો હોય તેની પણ સાધુ અનુમોદના કરી શકે છે, તો સુપાત્રદાનની તો સુતરાં અનુમોદના થઈ શકે. અને તે સૂયગડાંગના સૂત્રથી શ્રાવકના શીલાદિ કે તપાદિની પ્રશંસામાં સાધુને દોષ પ્રાપ્ત થતો નથી, પરંતુ પૂર્વપક્ષી સૂત્રકૃતાંગના પાઠનો તે પ્રકારે અર્થ ગ્રહણ કરીને, સૂર્યાભદેવના ભક્તિકર્મને અર્થાત્ નાટક-જિનાર્ચાદિને હિંસાત્મક અને ભક્ત્યાત્મક સ્વીકારીને ભગવાનના મૌનની સંગતિ કરે છે, તેનું નિવારણ કરતાં ગ્રંથકાર કહે છે કે, કુબુદ્ધિઓની આ વાણી મૃષા જ છે અને તેમાં હેતુ કહે છે -

દુષ્ટ એવા કૃત્યમાં નિષેધની સ્થિતિ છે, અર્થાત્ કોઈ વ્યક્તિ દુષ્ટ પ્રવૃત્તિ કરતો હોય તેમાં નિષેધ કરવો એ જ ઉચિત છે. તેથી જો સૂર્યાભનું ભક્તિકર્મ હિંસાત્મક હોવાને કારણે દુષ્ટ હોય તો ભગવાને મૌન લેવું ઉચિત નથી, પરંતુ નિષેધ કરવો જ ઉચિત છે.

અહીં પ્રશ્ન થાય કે દુષ્ટ પ્રવૃત્તિનો નિષેધ કરવો ઉચિત કેમ છે ? તેમાં હેતુ કહે છે - પ્રતિબંધ હોવાને કારણે. અહીં પ્રતિબંધનો અર્થ વ્યાપ્તિ છે, અને વ્યાપ્તિનું સ્વરૂપ આ પ્રમાણે છે - જે કૃત્ય જે વ્યક્તિમાં જેના વડે દોષવાન જણાય, તે કૃત્ય તે વ્યક્તિમાં તેના વડે નિષેધ કરવા યોગ્ય છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાન વડે સૂર્યાભમાં જો ભક્તિકર્મ દોષરૂપે જણાય, તો તે ભક્તિકર્મનો નિષેધ જ કરવો જોઈએ. કેમ કે, તે ભક્તિકર્મ નિષેધ કરવા યોગ્ય જ છે, અને નિષેધ્ય એવા કૃત્યમાં નિષેધાર્થ શું છે, તે બતાવતાં કહે છે -

નિષેધ્યકૃત્યમાં નિષેધાર્થ પાપજનકત્વ અથવા તો અનિષ્ટસાધનત્વ છે. તેનું તાત્પર્ય એ છે કે, નિષેધ્ય કૃત્ય પાપજનક છે, તેથી તે નિષેધ કરવા યોગ્ય છે. અથવા તો ભવિષ્યમાં દુર્ગતિની પ્રાપ્તિરૂપ અનિષ્ટનું તે સાધન છે, તેથી તે નિષેધ કરવા યોગ્ય છે. અને તેથી તેમાં રહેલ પાપજનકત્વ કે અનિષ્ટસાધનત્વરૂપ ધર્મ છે, તે જ નિષેધાર્થ છે.

ઉત્થાન :-

દોષવાનમાં પાપજનકત્વ કે અનિષ્ટસાધનત્વ છે, તે સ્વીકારની યુક્તિ બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

तद् यदि ..... तद्ग्रहः । **તે=પાપજનકત્વ કે અનિષ્ટસાધનત્વ, જો દોષવાનમાં ન હોય તો સ્વપ્રવૃત્તિના વ્યાઘાતને કરનાર એવા દંડરૂપ વિપક્ષબાધક તર્ક વડે કરીને તેનો ગ્રહ=પાપજનકત્વ કે અનિષ્ટ સાધનત્વનો ગ્રહ, થાય.**

વિશેષાર્થ :-

સ્વપ્રવૃત્તિનો વ્યાઘાત છે જેનાથી એવા દંડરૂપ તર્કને ગ્રહણ કરવાનો છે, અને અહીં સ્વપ્રવૃતિથી લુંપાકની ભક્તિનિષેધની પ્રવૃત્તિ ગ્રહણ કરવાની છે. તેને અહીં દંડ એટલા માટે કહેલ છે કે, તર્કથી લુંપાકની ભક્તિનિષેધની પ્રવૃત્તિનો વ્યાઘાત થાય છે. તેથી તર્ક એ પ્રવૃત્તિને વ્યાઘાત કરનાર દંડરૂપ છે.

અહીં તર્કનો આકાર એ છે કે तद्=ते=પાપજનકત્વ અથવા અનિષ્ટસાધનત્વ, यदि दोषवति न स्यात्=જો લુંપાક દ્વારા દોષરૂપ સ્વીકારાયેલા એવા ભક્તિકર્મમાં ન હોય, तर्हि स्वप्रवृत्तिरपि न स्यात्=તો લુંપાક ભક્તિના નિષેધની પ્રવૃત્તિ કરે છે તે પણ ન થાય. તેનાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાનના ભક્તિકર્મને લુંપાક હિંસાત્મક હોવાને કારણે દોષવાળું કહે છે, અને તેમાં જો પાપજનકત્વ ન હોય તો લુંપાકથી ભક્તિના નિષેધની પ્રવૃત્તિ થઈ શકે નહિ; અને લુંપાક ભક્તિના નિષેધની પ્રવૃત્તિ કરે છે, તેથી ત્યાં અવશ્ય પાપજનકત્વ લુંપાકે સ્વીકારવું જોઈએ; અને ભક્તિકર્મમાં પાપજનકત્વ સ્વીકારવામાં આવે તો ત્યાં નિષેધની જ પ્રાપ્તિ થાય, મૌનની પ્રાપ્તિ થઈ શકે નહિ; જ્યારે ભગવાને સૂર્યાભના ભક્તિકૃત્યમાં મૌન લીધું છે, તે સંગત થાય નહિ.

અહીં 'विपक्षबाधकतर्केण' કહ્યું તેનો ભાવ એ છે કે, તર્ક હંમેશાં વિપક્ષમાં બાધ કરે છે. અને અહીં પાપજનકત્વનો વિપક્ષ પાપઅજનકત્વ છે, તેથી પાપઅજનકત્વરૂપ વિપક્ષમાં બાધક એવો પ્રસ્તુત તર્ક છે, અને તેનાથી દોષવાનમાં પાપજનકત્વની સિદ્ધિ થાય છે.

દોષવાળી ક્રિયામાં જો પાપજનકત્વ ન હોય તો તે દોષવાળી ક્રિયાના નિષેધની પ્રવૃત્તિ થાય નહિ. અહીં ભક્તિકૃત્યને દોષવાન સ્વીકારીને જ લુંપાક નિષેધ કરે છે, તેથી ત્યાં પાપજનકત્વ સ્વીકારવું પડે. અને લુંપાકને અભિમત એવા દોષવાન ભક્તિકૃત્યમાં પાપજનકત્વ સ્વીકારીએ, તો ત્યાં મૌન લેવું ઉચિત ન ગણાય; અને મૌન લેવું ઉચિત સ્વીકારીએ તો લુંપાકે પણ ભક્તિકૃત્યનો નિષેધ કરવો જોઈએ નહિ; અને લુંપાક નિષેધ કરે છે, તેથી નક્કી થાય છે કે પાપજનક વસ્તુનો નિષેધ કરવો જોઈએ. પરંતુ ભગવાને સૂર્યાભના ભક્તિકૃત્યમાં નિષેધ કરેલ નથી, તેથી ભક્તિકૃત્યમાં પાપજનકત્વ નથી; માટે જ ભગવાનની ત્યાં અનુમતિ છે.

અહીં પાપજનકત્વ અને અનિષ્ટસાધનત્વ એમ બે દોષો કહેવાનું તાત્પર્ય એ છે કે, તત્કાલ ફળને સામે રાખીએ તો પાપબંધ થાય, તેથી પાપજનકત્વ છે, અને ભાવિ ફળને સામે રાખીને અનિષ્ટસાધનત્વ કહેલ છે.

ઉત્થાન :-

પૂર્વોક્ત વ્યાપ્તિમાં વ્યભિચાર બતાવીને શ્લોકના ત્રીજા-ચોથા પાદનું ઉત્થાન કરતાં 'अथ' થી કહે છે. અથવા પૂર્વમાં કહેલ **प्रतिबंधतः** હેતુમાં વ્યભિચાર બતાવીને હેતુના પરિષ્કારને બતાવતાં કહે છે -

ટીકા :-

अथ दुष्टमशुद्धाहारदानम्, तच्च व्याख्यानशक्त्यभावेऽनुकूलप्रत्यनीके न निषिध्यत इति व्यभिचारः । तत्राह-अन्यत्र=विना, अनभिमतो यस्त्यागः तस्यानुपस्थापनम्=उपस्थापनानुकूलशक्त्य-भावस्ततः । तदुक्तमाचारेऽष्टमस्य द्वितीये –

'ते फासे धीरो पुट्ठो अहियासए, अदुवा आयारगोयरमाइक्खे, तक्कियाणमणेलिसं । अदुवा वयगुत्तीए गोयरस्स ।" **(प्र० श्रु० अ० ८ उ० २) इत्यादि तर्कयित्वा पुरुषम्, कोऽयं पुरुषः ? इत्यनन्यसदृशमाचक्षीत । सामर्थ्यविकलेन तु वाग्गुप्तिर्विधेयेत्याह -** अदुवा वयगुत्तीए गोयरस्स **इत्याद्यर्थः । तथा च यद् दुष्टं तच्छक्तिसत्त्वे निषिध्यते इति नियमोपलभ्यते । तेन एकान्तवादस्य दुष्टस्य निर्बलेन वादिनाऽनिषेधेऽपि वाग्गुप्तिसमाध्यप्रतिरोधान्न दोषः, तदुक्तं तत्रैव -**

अदुवा वायाउ विउज्जंति। तं जहा-अत्थि लोए, णत्थि लोए, धुवे लोए, अधुवे लोए, साइए लोए, अणाइए लोए, सपज्जवसित्ते लोए, अपज्जवसित्ते लोए, सुकडेत्ति वा, दुकडेत्ति वा, कल्लाणेत्ति वा, पावएत्ति वा, साहुत्ति वा, असाहुत्ति वा, सिद्धीत्ति वा, असिद्धीत्ति वा, णिरएत्ति वा, अनिरएत्ति वा,। जमिणं विप्पडिवन्ना मामगं धम्मं पन्नवेमाणा, एत्थ वि जाणह अकस्मात् । एवं तेसिं णो सुअक्खाए णो सुपण्णत्ते धम्मे भवइ । से जहेयं भगवया पवेइयं आसुपन्नेण जाणया पासया, अदुवा गुत्ती वओगोयरस्स त्ति बेमि'। (आचा० प्र० श्रु० अ० ८ उ १)

व्याख्या-अस्तिनास्तिध्रुवाध्रुवाद्येकान्तवादमास्थितानां त्रयाणां त्रिषष्ट्यधिकानां प्रावादुकशतानां वादलब्धिमता प्रतिज्ञाहेतुदृष्टान्तोपन्यासेन तत्पराजयमापादयता सम्यगुत्तरं देयमथवा गुप्तिर्वाग्गोचरस्य विधेयेत्येतदहं ब्रवीमीति फलितार्थः ।

टीकार्थ :-

अथ ..... व्यभिचारः । अशुद्ध आहारदान दुष्ट छे अने ते=अशुद्ध आहारदान, व्याख्यानशक्तिनो अभाव होते छते अनुकूळ प्रत्यनीकमां निषेध करातो नथी, एथी करीने व्यभिचार छे. (=पूर्वमां बताव्युं के जे दोषवाळी प्रवृत्ति होय तेनो निषेध करवो जोईए, एवी व्याप्ति छे, तेमां व्यभिचार छे.)

विशेषार्थ :-

प्रत्यनीक बे प्रकारना छे - एक अनुकूळ प्रत्यनीक अने बीजो प्रतिकूळ प्रत्यनीक. (१) प्रतिकूळ प्रत्यनीक पासे अनाभोगादिथी साधु वहोरवा जाय तो ते वहोराववा ज तैयार थाय नहि, परंतु साधुने दुष्ट वचनो वगेरे ज कहे. अने (२) अनुकूळ प्रत्यनीक साधु प्रत्ये लागणी धरावे छे, परंतु साधुना धर्म प्रत्ये तेने अरुचि छे, तेथी साधु वहोरवा आवे तो ते दान अवश्य आपे. अने तेवो अनुकूळ प्रत्यनीक अशुद्ध दान आपतो होय त्यारे साधुनी व्याख्यानशक्ति न होय तो आ आहार साधुने कल्पे नहि एे प्रकारनुं स्थापन करे नहि. केम के युक्तिथी तेम स्थापन करी शके नहि तो, अनुकूळ प्रत्यनीकने साधुना धर्म प्रत्ये अरुचि होवाथी, ते एम ज कहे के, तमारुं दर्शन ज खोटुं छे अने शुद्ध आहारने पण अशुद्ध कहे छे, अने एे रीते शासनnी अवहेलना थाय. तेथी आ आहार अशुद्ध छे, तेम न कहेतां, पोताने खप नथी ईत्यादि दर्शावी साधु ते अशुद्ध आहारने ग्रहण करे नहि. अने व्याख्यानशक्ति होय तो अशुद्ध आहारने अशुद्धरूपे स्थापन करीने, अनुकूळ प्रत्यनीकने

ધર્મની પ્રાપ્તિ કરાવવા માટે યત્ન પણ કરે. જેમ - શોભનમુનિ માટે પોતાના ભાઈ ધનપાલકવિ અનુકૂળ પ્રત્યનીક હતા. કેમ કે ધનપાલકવિને જૈન દર્શન પ્રત્યે દ્વેષ હતો, પરંતુ પોતાના ભાઈ પ્રત્યે લાગણી હતી, તેથી ધનપાલકવિ તેમના માટે અનુકૂળ પ્રત્યનીક હતા. અને શોભનમુનિની વ્યાખ્યાનશક્તિ હતી, તેથી ધનપાલકવિ દ્વારા અપાયેલ અશુદ્ધ આહારદાનનો નિષેધ કર્યો. અર્થાત્ કહ્યું કે, આ દહીં અમારા માટે અકલ્પ્ય છે, અને વ્યાખ્યાનશક્તિ હોવાને કારણે અશુદ્ધ તરીકે સ્થાપન પણ કરી શક્યા. પરંતુ પોતાની વ્યાખ્યાનશક્તિ ન હોય તો આ આહાર અશુદ્ધ છે, એમ કહીને તેનો નિષેધ કરી શકે નહિ; અને જો નિષેધ કરે તો તે પ્રત્યનીક હોવાને કારણે ધર્મનું લાઘવ કરે. તેથી કરીને દોષવાળામાં નિષેધ કરવો જોઈએ, એ પ્રકારની વ્યાપ્તિમાં વ્યભિચાર છે, તે આ રીતે -

અશુદ્ધ આહાર દોષવાળો હોવા છતાં વ્યાખ્યાનશક્તિ ન હોય તો અનુકૂળ પ્રત્યનીકમાં નિષેધ કરાતો નથી, તેથી ત્યાં મૌન લેવાય છે. માટે દોષવાળી વસ્તુમાં નિષેધ જ કરવો જોઈએ અને નિષેધ ન કરવામાં આવે તો તેમાં સંમતિ છે, તેમ કહી શકાય નહિ.

ઉત્થાન :-

ઉપરોક્ત વ્યભિચારના વારણ અર્થે **'प्रतिबंधतः'** હેતુનો પરિષ્કાર કરતાં **'तत्राह'** - થી ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

तत्राह - ..... ततः । ત્યાં=વ્યાપ્તિમાં, કહે છે કે અનભિમત જે ત્યાગ તેની ઉપસ્થાપના અનુકૂળ શક્તિના અભાવથી અન્યત્ર=એના વિના, વ્યાપ્તિ છે.

વિશેષાર્થ :-

જે દાન આપનાર અશુદ્ધ દાન આપી રહ્યો છે, તેને આ દાન અશુદ્ધ છે એ રીતે અનભિમત હોવાને કારણે, તે અશુદ્ધ આહારના દાનનો ત્યાગ દાન આપનારને અનભિમત છે. જેમ ધનપાલકવિને પોતે જે અશુદ્ધ દહીં આપે છે, તેના દાનનો ત્યાગ તેને અનભિમત છે; અને તેને અશુદ્ધરૂપે સ્થાપન કરવાને અનુકૂળ શક્તિ ન હોય તો ત્યાં નિષેધ કરાય નહિ. તેથી તેવા સ્થાનને છોડીને અવશ્ય નિષેધ કરવો જોઈએ, એ પ્રકારની વ્યાપ્તિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ભક્તિકર્મમાં ભગવાનનું મૌન લેવું ઉચિત પ્રાપ્ત ન થાય. કેમ કે, ભગવાનને સૂર્યાભનું ભક્તિકૃત્ય દોષરૂપ દેખાય તો તેનો અવશ્ય નિષેધ કરે, કેમ કે સૂર્યાભ અનુકૂળ પ્રત્યનીક નથી. અને જો કોઈ અનુકૂળ પ્રત્યનીક હોય તો ભગવાનની વ્યાખ્યાનશક્તિ છે, તેથી તે ભક્તિકૃત્યને દોષવાનરૂપે સ્થાપન કરી શકે. પરંતુ ભગવાનને તે ભક્તિકૃત્ય દોષરૂપે જણાતું ન હતું, આથી જ ભગવાને ત્યાં મૌનથી સંમતિ આપી છે. પરંતુ પૂર્વપક્ષી માને છે તેમ તે ભક્તિકૃત્યને દોષરૂપે સ્વીકારીએ તો ભગવાને ત્યાં નિષેધ જ કરવો જોઈએ, જ્યારે ભગવાન ત્યાં મૌન રહ્યા. તેથી નક્કી થાય છે કે, ભક્તિકર્મ નિષેધ કરવા યોગ્ય નથી.

✪ અહીં અનભિમત એવો જે દાનનો ત્યાગ ગ્રહણ કર્યો છે, તેમ અનભિમત એવા એકાંતવાદ આદિનો ત્યાગ પણ અર્થથી ગ્રહણ કરવાનો છે.

અહીં વિશેષ એ છે કે, જે દાનને ઈચ્છે છે, ઈત્યાદિ સૂયગડાંગ સૂત્રનું વચન છે, ત્યાં જે મૌન રહેવાનું કહ્યું છે, તે બીજાધાનનું કારણ ન હોય તેવા દાનને લઈને કહેલ છે. આવા દાનમાં સાધુની અનુમતિ પણ નથી અને નિષેધ પણ નથી. કેમ કે અનુકંપાદાન શાસ્ત્રમાં ક્યાંય નિષેધ કરાયું નથી, તેથી સાધુ નિષેધ કરતા નથી; અને બીજાધાનનું કારણ ન હોય તેવા દાનની સાધુ પ્રશંસા કરે તો અનુમતિ લાગે, તેથી પ્રશંસા પણ કરતા નથી. કેવલ શાસનપ્રભાવનાનું કારણ હોય તેવી અનુકંપા મોક્ષમાર્ગને અનુકૂળ હોવાથી સાધુ અનુમોદના કરે છે. જ્યારે ભક્તિકર્મમાં ભગવાનનું જે મૌન છે, તે મૌનરૂપે સંમતિ આપવા બરાબર છે. તેથી જ તે સાધુને અનુમોદનીય પણ છે. કેવલ સાક્ષાત્ વચન દ્વારા ત્યાં પ્રવર્તકતા નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, અનુકૂળ પ્રત્યનીક પ્રત્યે ઉપસ્થાપના=વ્યાખ્યાનઅનુકૂળ શક્તિનો અભાવ, હોય તો નિષેધ ન કરાય. તે જ વાત આચારાંગસૂત્રના આઠમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં કહેલ છે. તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

तदुक्तमाचारेऽष्टमस्य द्वितीये - તે આચારાંગ સૂત્રના આઠમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં કહેવાયું છે -

તે ફાસે ..... इत्याद्यर्थः ।=પુછાયેલો ધીર તે સ્પર્શોને સહન કરે અથવા પુરુષનો તર્ક કરીને અર્થાત્ કોણ આ પુરુષ છે ઈત્યાદિ તર્ક કરીને, અનન્ય સદૃશ આચારગોચરને=આચારવિષયને, કહે. વળી સામર્થ્યવિકલવડે વચનગુપ્તિ રાખવી જોઈએ એ પ્રમાણે કહે છે - અથવા વચનગુપ્તિથી ગોચરની=પિંડવિશુદ્ધિ આદિ આચારવિષયની, સમ્યગ્ શુદ્ધિને કરે.

✪ આચારાંગના આ પાઠનો અર્થ કર્યો તેમાં ટીકામાં 'इत्यादि ..થી... इत्याद्यर्थः' સુધીનો અર્થ અંતર્ગત સમજવો. અર્થાત્ તે ટીકાનો અર્થ આચારાંગના પાઠમાં સાથે કરેલ છે.

વિશેષાર્થ :-

અનુકૂળ પ્રત્યનીક અશુદ્ધ આહાર આપતો હોય અને સાધુ ગ્રહણ ન કરે ત્યારે તે કટુવચન કહે, ઉપસર્ગો આદિ કરે યાવત્ તાડનાદિ કરે, તે સર્વ સ્પર્શને=પીડાઓને, પુછાયેલો તે ધીર સહન કરે છે. અથવા પુરુષનો તર્ક કરીને=કયો આ પુરુષ છે, એ પ્રમાણે તર્ક કરીને, જ્યારે નક્કી થાય કે આ પ્રજ્ઞાપનીય છે, ત્યારે બીજા કરતાં પોતાના આચારો કાંઈક વિશિષ્ટ કોટિના છે એ પ્રકારે કહે, જેથી જૈનશાસનથી તે પ્રભાવિત બને. જેમ શોભનમુનિએ ધનપાલકવિને વિશિષ્ટ આચારો બતાવ્યા હતા. અથવા વચનગુપ્તિથી પિંડવિશુદ્ધિ આદિ આચારવિષયની સમ્યગ્ શુદ્ધિને કરે, એમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે પોતાની વ્યાખ્યાનશક્તિ ન હોય તો અશુદ્ધ આહારને અશુદ્ધરૂપે સ્થાપન કરવા યત્ન કરે નહિ, પરંતુ પોતાને તે અશુદ્ધ આહારનો ખપ નથી, એમ કહીને પિંડવિશુદ્ધિમાં યત્ન કરે. આનાથી તે અશુદ્ધ આહારને અશુદ્ધ કહેવાના વિષયમાં જે મૌન રહેવાયું,

તેનાથી તે આહાર શુદ્ધરૂપે છે તેમ સ્થાપન થતું નથી; પરંતુ શાસનનું માલિન્ય ન થાય તે માટે મૌન ધારણ કરે છે અને તે વચનગુપ્તિરૂપ છે.

ટીકાર્થ :-

तथा च ..... न दोषः, અને તે રીતે=પ્રસ્તુત આચારાંગસૂત્રનું કથન છે તે રીતે, જે દુષ્ટ છે તે શક્તિ હોતે છતે નિષેધ કરાય છે, એ પ્રકારનો નિયમ ઉપલબ્ધ થાય છે. તે કારણથી નિર્બળ એવા વાદી વડે દુષ્ટ એવો એકાંતવાદના અનિષેધમાં પણ વચનગુપ્તિની સમાધિનો અપ્રતિરોધ હોવાથી (તેવા સ્થાનને છોડીને અન્યત્ર જે દુષ્ટ હોય તેનો નિષેધ કરવો જોઈએ, એવી વ્યાપ્તિ સ્વીકારવામાં) દોષ નથી.

વિશેષાર્થ :-

દુષ્ટ એવા એકાંતવાદના નિષેધની શક્તિ હોય અને નિષેધ ન કરવામાં આવે અને મૌન ધારણ કરે, તો વચનગુપ્તિની સમાધિનો નાશ થાય, અને તેથી દોષ પ્રાપ્ત થાય. તે રીતે દુષ્ટ એવા એકાંતવાદનો શક્તિના અભાવને કારણે નિષેધ ન કરવામાં આવે તો પણ વચનગુપ્તિની સમાધિનો નાશ થતો નથી. પરંતુ પોતાનું સામર્થ્ય ન હોવા છતાં તેના પ્રતિકાર માટે કરાતો યત્ન વચનગુપ્તિની સમાધિનો નાશ કરે, તેથી ત્યાં મૌનથી જ લાભ છે. માટે તેવા સ્થાપનને છોડીને અન્યત્ર વ્યાપ્તિ સ્વીકારવામાં દોષ નથી.

ઉત્થાન :-

ઉપરની વાતમાં જ આચારાંગસૂત્રની સાક્ષી આપતાં કહે છે -

ટીકાર્થ :-

तदुक्तं तत्रैव - તે જ=નિર્બળ એવા વાદી વડે દુષ્ટ એવા એકાંતવાદના અનિષેધમાં પણ વચનગુપ્તિની સમાધિનો અપ્રતિરોધ છે, તે જ વાત ત્યાં જ=આચારાંગમાં જ, કહેલ છે.

अदुवा ..... भवइ ।=અથવા (પરવાદીઓ જુદા જુદા) વાદોને કરે છે (સ્થાપે છે), તે આ પ્રમાણે - લોક છે, (સાતદ્વીપ જેટલો ઈત્યાદિ) અથવા લોક નથી. (બધું માયેન્દ્રજાલ સમાન સ્વપ્ન તુલ્ય છે). લોક (એકાંતે) નિત્ય છે, (અથવા) લોક (એકાંતે) અનિત્ય છે. લોક સાદિ છે, (અથવા) લોક અપર્યવસિત (અંત વગરનો) છે. સુકૃત કહે છે (સારું કર્યું કે સર્વસંગનો ત્યાગ કરીને મહાવ્રત ગ્રહણ કર્યાં. આ રીતે સંયમને સુકૃત કહે છે.), (અથવા) દુષ્કૃત કહે છે (મુગ્ધ એવી મૃગલોચનાનો પુત્ર ઉત્પન્ન થયા વગર જ ત્યાગ કર્યો, તેથી સંયમ લેનારે દુષ્કૃત કર્યું તેમ કહે છે). (સંયમ લેવા તૈયાર થયેલાને) કોઈ કલ્યાણ કહે છે, તો કોઈ પાપ કહે છે. કોઈ સારું કહે છે તો કોઈ ખરાબ કહે છે (આ પ્રમાણે સ્વમતિરુચિત કહે છે). કોઈ મોક્ષ છે એમ કહે છે, તો કોઈ મોક્ષ નથી એમ કહે છે. કોઈ નરક છે એમ કહે છે, તો કોઈ નરક નથી એમ કહે છે. જે આ પરસ્પર વિવાદ કરતા પોતાના ધર્મને પ્રજ્ઞાપન કરતા= કહેતા પોતે નાશ પામે છે અને બીજાને પણ નાશ પમાડે છે.

તેનો ઉત્તર આપતાં કહે છે - અહીં પણ=લોક છે લોક નથી ઈત્યાદિ કથનમાં, અકસ્માત્=હેતુના અભાવથી, તમે જાણો. અર્થાત્ હેતુનો અભાવ હોવાથી અહીં પણ સ્યાદ્વાદ જાણવો. આ પ્રમાણે તે એકાંતવાદીઓનો ધર્મ સુઆખ્યાત નથી અને સુપ્રજ્ઞાપિત પણ નથી. (આચારાંગ સૂત્ર-૧૯૯)

✪ **'अकस्मात्'** શબ્દ અહીં સંસ્કૃતમાં વપરાયેલ છે. તે શા માટે ? તેનો ખુલાસો આચારાંગની ટીકામાં આ પ્રમાણે છે -

'अकस्मादि' ति मागधदेशे आगोपालाङ्गनादिना संस्कृतस्यैवोच्चारणादिहापि तथैवोच्चारित इति, 'अकस्मात्' શબ્દની વ્યુત્પત્તિ બતાવતાં કહે છે - कस्मादिति हेतुर्न कस्मादकस्माद् हेतोरभावादित्यर्थः – માગધદેશમાં ગોવાળની અંગના=સ્ત્રી, સુધીનાં બધાં 'अकस्मात्' શબ્દ સંસ્કૃતમાં બોલે છે. તેથી અહીં પણ તે પ્રમાણે જ સંસ્કૃતમાં ઉચ્ચારેલ છે. कस्मात् શબ્દનો અર્થ હેતુ છે, અકસ્માત્=હેતુનો અભાવ, એ પ્રમાણે અર્થ જાણવો.

વિશેષાર્થ :-

અહીં પૂર્વમાં 'अत्थि लोए' આદિ બધા એકાંતવાદીઓના કથનનું નિરાકરણ કરતાં કહે છે કે, તે રીતે પદાર્થને એકાંત સ્વીકારવામાં કોઈ હેતુ નથી, માટે એ બધા એકાંતવાદીઓ ખોટા છે. અને તેના નિરાકરણથી અર્થથી એ પ્રાપ્ત થયું કે, સર્વત્ર અનેકાંત છે. જેમ - 'अत्थि लोए' એમ કહ્યું, ત્યાં લોક સ્વરૂપે છે અને પરરૂપે નથી, એ રૂપ અનેકાંત છે. અને એકાંતે લોક છે, એમ સ્વીકારવામાં કોઈ હેતુ નથી; તેનો ભાવ એ છે કે લોક સ્વરૂપે પણ છે અને પરરૂપે પણ છે; અને તેમ સ્વીકારીએ તો એકાંતે લોક છે તેમ કહી શકાય. પરંતુ તેમ સ્વીકારવામાં કોઈ હેતુ નથી.

એ જ રીતે 'णत्थि लोए' ઈત્યાદિમાં પણ જાણવું.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, તમે આ પ્રમાણે સ્વબુદ્ધિથી કહો છો ? તો કહે છે કે - ના, ભગવાને બતાવ્યું એ બતાવવા અર્થે, અને વળી કેવા પ્રકારનો ધર્મ સુપ્રજ્ઞાપિત થાય, એ બતાવવા અર્થે કહે છે.

ટીકાર્થ :-

से जहेयं ..... त्ति बेमि । से जहेयं = तद्यथा=તે આ પ્રમાણે – આ=સમસ્ત વ્યવહારને અનુસરનારું કોઈથી પણ અપ્રતિહત સ્યાદ્વાદરૂપ વસ્તુનું લક્ષણ, જ્ઞાનોપયોગથી જાણતા અને દર્શનોપયોગથી જોતા એવા, નિરાવરણ હોવાથી આ સુપ્રજ્ઞ=સતત ઉપયોગવાળા, ભગવાનશ્રી વર્ધમાનસ્વામી વડે કહેવાયું છે. અથવા આ=અનંતરોક્ત એકાંતવાદીનો ધર્મ સુઆખ્યાત નથી, એ ભગવાન વડે કહેવાયું છે. અથવા (સ્યાદ્વાદના સ્થાપનની શક્તિના અભાવમાં વચનવિષયક ગુપ્તિ અર્થાત્ મૌન રાખવારૂપ) ભાષાસમિતિ રાખવી, એ પ્રમાણે ભગવાન વડે કહેવાયું છે.

व्याख्या - ..... फलितार्थः । व्याख्या :- પ્રતિજ્ઞા, હેતુ અને દૃષ્ટાંતના ઉપન્યાસથી તેઓને (પ્રાવાદુકોને= પાખંડીઓને) પરાજય પમાડતા વાદલબ્ધિવાળાએ અસ્તિ, નાસ્તિ, ધ્રુવ, અધ્રુવ આદિ એકાંતવાદ માટે ઉત્થિત

થયેલા ૩૬૩ પાખંડીઓને સમ્યગ્ ઉત્તર આપવો, અથવા વાગ્ વિષયની ગુપ્તિ રાખવી. આ પ્રમાણે હું કહું છું. (સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે) એ પ્રકારે ફલિતાર્થ છે.

टीका :-

तथा प्रज्ञाप्ये=प्रज्ञापनीये, विनयान्विते पुरुषे इत्यपि विशेषनीयम्, कुतः ? निषेधस्य विफलतायाः श्रोतुर्द्वेषोदयस्य चासंभवात्, तेन जमालिना पृथग्विहारकर्त्तव्यतां पृष्टो भगवांस्तद्दुष्टतां जानानोऽपि यत्र निषिद्धवान् किन्तु मौनमास्थितवांस्तत्र न दोषः, अविनीते हि सत्यवचः प्रयोगोऽपि फलतोऽसत्य एव । तदाह –

"अविणीयमाणवंतो, किलेस्सइ भासई मुसं चेव ।
घण्टालोहं णाउं को कडकरणे पवत्तिज्ज" (१५०) ।। त्ति (श्रीविंशतिविंशतिका प्रक० ७/५)

तत्प्रज्ञाप्ये विनीते सूर्याभे नाट्यकर्त्तव्यतां पृष्टवति भगवतो मौनमनुमतिमेव व्यञ्जयतीति स्थितम् ।

टीकार्थ :-

तथा प्रज्ञाप्ये ..... असंभवात्, तथा पूर्वोक्त व्याप्तिमां प्रज्ञापनीय अने विनयान्वित पुरुषमां, એ प्रकारे पण विशेषण आपवुं जोईએ. केम ? तेमां हेतु कहे छे - निषेधनी विफलतानो अने श्रोताने द्वेषना उदयनो असंभव छे.

विशेषार्थ :-

મૂળ શ્લોકમાં કહ્યું કે, અનભિમત ત્યાગના અનુપસ્થાપનથી અન્યત્ર પ્રતિબંધ હોવાથી દુષ્ટમાં નિષેધની સ્થિતિ છે. તેનાથી વ્યાપ્તિ એ પ્રાપ્ત થાય કે, અનભિમત ત્યાગના અનુપસ્થાપનથી અન્યત્ર દુષ્ટ કાર્યમાં નિષેધ કરવો જોઈએ, ત્યાં પ્રજ્ઞાપનીય અને વિનયાન્વિત પુરુષવિષયક એ પ્રમાણે વિશેષણ આપવું જોઈએ. કેમ કે નિષેધની વિફલતા અને શ્રોતાને દ્વેષના ઉદયનો અસંભવ છે.

કહેવાનો આશય એ છે કે, પ્રજ્ઞાપનીય અને વિનયાન્વિત પુરુષ ન હોય તો, દોષવાન વસ્તુનો નિષેધ કરવામાં આવે તો; અપ્રજ્ઞાપનીયતાને કારણે તે ઉપદેશ વિફલ થાય; અને અવિનીત હોવાને કારણે શ્રોતાને દ્વેષનો ઉદય થાય, પરંતુ નિષેધનું પ્રયોજન સિદ્ધ થાય નહિ.

અહીં પ્રજ્ઞાપ્ય અને વિનયાન્વિત એ બે વિશેષણો આપ્યાં છે, તેનો આશય એ છે કે, કોઈ જીવ તત્ત્વનો અર્થી હોય અને અનાભોગાદિથી ભૂલ કરતો હોય ત્યારે, યોગ્ય વ્યક્તિ તેને સમજાવે તો તે સમજે તેવો હોય ત્યારે તે પ્રજ્ઞાપનીય કહેવાય. અને આવો પ્રજ્ઞાપનીય જીવ જો ઉપદેશક પ્રત્યે વિનયાન્વિત ન હોય, તો તે ઉપદેશક તે જીવને સમજાવવા પ્રયત્ન કરે તો પણ તેને તે વાત સમજાય નહિ. જેમ પ્રજ્ઞાપ્ય પણ પૂજ્ય

હરિભદ્રસૂરિ મહારાજ સાહેબ, બ્રાહ્મણ અવસ્થામાં હતા ત્યારે, તેઓ જૈન સાધુ પ્રત્યે વિનયાન્વિત ન હતા તે વખતે, કોઈ જૈન સાધુ તેમને તેમનું દર્શન ખોટું છે તે સમજાવવા પ્રયત્ન કરે તો, તે વખતે તેમને તે વાત બેસે નહિ. પરંતુ જ્યારે વિશેષ નિમિત્તને પામીને યાકિનીમહત્તરા પ્રત્યે વિનયાન્વિત થયા અને યાકિનીમહત્તરાએ ગુરુ પાસે મોકલ્યા, ત્યારે વિનયપૂર્વક ગુરુને તે ગાથાનો અર્થ પૂછે છે, અને ગુરુ કહે છે તે અર્થના તત્ત્વને શિષ્યભાવથી સ્વીકારે છે. તે જ રીતે જે જીવ પ્રજ્ઞાપનીય હોય અને ઉપદેશક પ્રત્યે વિનયાન્વિત હોય, તે જીવના દુષ્કૃત્યનો સમર્થ વ્યક્તિએ નિષેધ કરવો જોઈએ, એ પ્રકારની વ્યાપ્તિ છે.

વળી કોઈ જીવ ગુરુ પ્રત્યે વિનયાન્વિત હોય, તેથી ગુરુને વિનયપૂર્વક પૃચ્છા આદિ કરતો પણ હોય, અને ઉચિત વિનય આદિ કરતો પણ હોય, આમ છતાં પોતાને કોઈ વસ્તુમાં અસદ્ગ્રહ થઈ ગયો હોય અને તે વસ્તુમાં અપ્રજ્ઞાપનીય હોય, તો તે વખતે, વિનયાન્વિત પણ અપ્રજ્ઞાપનીયમાં તેના દુષ્કૃત્યનો નિષેધ થાય નહિ.

જમાલિએ જ્યારે ભગવાન પાસે પૃથગ્ વિહારની અનુજ્ઞા માંગી ત્યારે તેઓ અવિનયાન્વિત હતા, અને ઉત્સૂત્રભાષણ કર્યા પછી અપ્રજ્ઞાપનીય બન્યા.

ટીકાર્થ :-

તેન ..... ऽसत्य एव । **તેથી કરીને=પ્રજ્ઞાપનીય અને વિનયાન્વિત પુરુષમાં દોષવાન વસ્તુનો નિષેધ ઉચિત છે, તેથી કરીને, જમાલિ વડે પૃથગ્ વિહારની કર્તવ્યતાને પુછાયેલા ભગવાન, તેની દુષ્ટતાને=જમાલિની પૃથગ્ વિહારની દુષ્ટતાને, જાણતાં પણ નિષેધ ન કર્યો પરંતુ મૌન રહ્યા, ત્યાં દોષ નથી. જે કારણથી અવિનીતમાં સત્ય વચનનો પ્રયોગ પણ ફળથી અસત્ય જ છે.**

'तदाह' - તે=અવિનીતમાં સત્યવચનનો પ્રયોગ પણ ફળથી અસત્ય છે તે, કહે છે -

अविणीय ..... पवत्तिज्जा ।। અવિનીતને આજ્ઞા કરતો ક્લેશ કરે છે અને મૃષા જ બોલે છે. ઘંટાલોહને જાણીને કટકરણમાં=કડુ બનાવવામાં, કોણ પ્રવૃત્તિ કરે ?

✪ त्ति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

જમાલિને ભગવાને પૃથગ્ વિહારનો નિષેધ કર્યો હોત, તો તે વખતે, ભગવાનની આજ્ઞાને માન્ય કરે નહિ, તેવી ભૂમિકામાં જમાલિ હોવાથી, અવિનીત એવા તેમનામાં નિષેધરૂપ સત્યવચનનો પ્રયોગ પણ ફળથી અસત્ય જ બને. કેમ કે નિષેધ કરવા છતાં તેઓ પ્રવૃત્તિ કરે, તો ભગવાનની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ વિશેષ પ્રકારનું અહિત તેમને પ્રાપ્ત થાય.

અને તે કથનમાં સાક્ષી આપતાં 'तदाह' થી કહ્યું, તેનો ભાવ એ છે કે, બરઠ લોઢાને જાણીને, તેમાંથી કટરૂપ કાર્યવિશેષ થઈ શકે તેવું નથી તેમ જાણીને, કોઈપણ વિચારક વ્યક્તિ તેમાંથી કડુ બનાવવાનો પ્રયત્ન ન કરે; તેમ બરઠ લોઢા સમાન અવિનીત પુરુષને વિચારક વ્યક્તિ આજ્ઞા કરે નહિ.

ઉત્થાન :-

અહીં પ્રસ્તુત શ્લોકની અન્વયાર્થ ટીકા પૂરી થાય છે. હવે તેનું નિગમન કરતાં કહે છે -

ટીકાર્થ :-

તત્પ્રજ્ઞાપ્યે ..... સ્થિતમ્ । તે કારણથી=પ્રજ્ઞાપ્ય અને વિનયાન્વિત પુરુષમાં જ દુષ્ટ કાર્યનો નિષેધ કરાય છે તે કારણથી, પ્રજ્ઞાપ્ય અને વિનીત એવા સૂર્યાભદેવે નાટકની કર્તવ્યતા પૂછે છતે ભગવાનનું મૌન અનુમતિ જ પ્રગટ કરે છે, એ પ્રમાણે સ્થિત છે.

ઉત્થાન :-

પૂર્વપક્ષીએ સૂયગડાંગસૂત્રના દૃષ્ટાંતથી ભક્તિકૃત્યમાં મૌન નિષેધસૂચક છે તેમ કહ્યું, તેની સમાલોચના કરતાં કહે છે -

ટીકા :-

यस्तु भक्तिनिषेधे 'ये तु दानम्' इत्यादिना दानप्रशंसाया अपि निषेधाद् दाननिषेधः सुतराम्- इति पापिष्ठेन दृष्टान्ततयोक्तः सोऽप्ययुक्तः । 'ये तु' इत्यादिसूत्रस्य दातृपात्रयोर्दशाविशेषगोचरत्वाद- पुष्टालम्बनगोचरत्वादिति यावत् । पुष्टालम्बने तु द्विजन्मने भगवद्वस्त्रदानवत्, सुहस्तिनो रङ्कदानवच्च, साधूनामपि गृहिणामनुकम्पादानं श्रूयते ।

'गिहिणो वेयावडियं न कुज्जा' **इत्यादिना तन्निषेधस्याप्युत्सर्गपरत्वात्, भवति हि तेन मिथ्यादृष्टेरप्यप्रमत्तसंयतगुणस्थानादिनिबन्धनाविरतसम्यग्दृष्ट्यादिगुणस्थानप्राप्तिलक्षणो गुणः प्राप्तदृढतरगुणस्थैर्यार्थमपि च तदनुज्ञायते,**

"ओसन्नस्स गिहिस्स वि जिणपवयणतिव्वभावियमइअस्स ।
कीरइ जं अणवज्जं दढ्ढसम्मत्तस्सऽवत्थासु" ।। **(उप० माला० गा० ३५२) इत्यादिना ।**

स्वनिष्ठं तु फलं ज्ञानिनां तीर्थकृत इव तथाविधोचितप्रवृत्तिहेतुः शुभकर्मनिर्जरणमेव ।।

ટીકાર્થ :-

यस्तु ..... यावत् । જે વળી ભક્તિનિષેધમાં=નાટ્યજિનાર્ચાદિરૂપ ભગવાનની ભક્તિના નિષેધમાં, 'ये तु दानम्' ઈત્યાદિ વડે કરીને દાનની પ્રશંસાના પણ નિષેધથી દાનનો નિષેધ સુતરાં છે, એ પ્રમાણે પાપિષ્ઠ વડે દૃષ્ટાંતપણા વડે કરીને કહેવાયું, તે પણ અયુક્ત છે. કેમ કે 'ये तु इत्यादि' સૂત્રનું દાતા અને પાત્રની દશાવિશેષ-ગોચરપણું છે=અપુષ્ટાલંબન ગોચરપણું છે.

✪ અહીં 'दातृपात्रयोर्दशाविशेषगोचरत्वात्' નો અર્થ 'अपुष्टालम्बनगोचरत्वात्' કરેલો છે. 'इति यावत्' શબ્દ એ બતાવે છે કે - આ પ્રમાણે તેનું તાત્પર્ય છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષી દૃષ્ટાંત તરીકે **'ये तु दानम्'** ઈત્યાદિ સૂત્ર કહે છે, અને તેનો કહેવાનો આશય એ છે કે, તે સૂત્રમાં દાનની પ્રશંસાનો નિષેધ છે, તેથી દાનનો નિષેધ સુતરાં છે, તેથી ત્યાં મૌન લેવું ઉચિત છે; તેમ ભક્તિનો નિષેધ પણ સુતરાં છે, તેથી ભગવાને સૂર્યાભદેવના નાટ્યકરણના વિષયમાં મૌન ગ્રહણ કરેલ છે. આમ જે પૂર્વપક્ષી કહે છે, તે પણ અયુક્ત છે. કેમકે 'ये तु दानम्' ઈત્યાદિ સૂત્ર છે, તે અપુષ્ટાલંબનનો વિષય છે.

ટીકાર્થ :-

पुष्टालम्बने ..... श्रूयते । પુષ્ટ આલંબનમાં તો બ્રાહ્મણને ભગવાનના વસ્ત્રદાનની જેમ, કે આર્યસુહસ્તિના રંકદાનની જેમ, સાધુને પણ ગૃહસ્થનું અનુકંપાદાન સંભળાય છે.

✪ અહીં 'साधूनाम्' કર્તૃ અર્થક ષષ્ઠી વિભક્તિ છે, અને 'गृहिणाम्' કર્મ અર્થક ષષ્ઠી વિભક્તિ છે.

વિશેષાર્થ :-

સૂત્રકૃતાંગના **'ये तु दानमित्यादि'** સૂત્રથી અપુષ્ટાલંબનવિષયક દાનનું ગ્રહણ કરવાનું છે, અને તેનાથી એ પ્રાપ્ત થાય કે, અપુષ્ટાલંબનવાળા દાનને કોઈ કરતું હોય ત્યારે, કોઈ વિવેકી જીવ તેની પ્રશંસા કરે તો તેને પ્રાણીવધની અનુમતિની પ્રાપ્તિ થાય, અને નિષેધ કરે તો અંતરાયકર્મનો બંધ થાય. તેથી વિવેકી જીવ તેવા સ્થાનમાં મૌન ગ્રહણ કરે. અને આનાથી એ પ્રાપ્ત થાય કે, તેવા પ્રકારના દાનની વિવેકી જીવ વડે પ્રશંસા કરવી ઉચિત નથી. જ્યારે તેવા પ્રકારના દાનની પ્રશંસા ન થઈ શકે, તો વિવેકી જીવ તેવું દાન સ્વયં ન કરે, તે પણ સુતરાં પ્રાપ્ત થાય. તેથી અહીં દાનનો નિષેધ પોતાને આશ્રયીને છે, પરંતુ અન્ય કોઈ દાન કરતું હોય તેનો તે નિષેધ પણ કરે નહિ અને પ્રશંસા પણ કરે નહિ. જ્યારે તે જ દૃષ્ટાંતથી પૂર્વપક્ષી ભગવાનની ભક્તિને ગ્રહણ કરીને એ કહેવા માંગે છે કે, ભગવાનની ભક્તિની અનુમોદના કરવાથી હિંસાની અનુમોદના પ્રાપ્ત થાય છે, અને નિષેધ કરવાથી ભક્તિભાવમાં અંતરાય પેદા થાય છે, તેથી કોઈ ભક્તિ કરતો હોય તેની અનુમોદના કે નિષેધ થઈ શકે નહિ; અને તે જ રીતે પોતાને ભગવાનની ભક્તિ કરવી પણ ઉચિત નથી. કેમ કે ભગવાનની ભક્તિમાં આરંભ-સમારંભ છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે -

પુષ્ટાલંબનમાં જેમ દાન સાક્ષાત્ થઈ શકે છે, તેમ સુતરાં તેવા દાનની અનુમોદના પણ થઈ શકે છે. અને પુષ્ટાલંબન જેવી જ ભગવાનની ભક્તિ છે, કેમ કે પુષ્ટાલંબનમાં, અનુકંપાદાનમાં હિંસાદિ હોવા છતાં હિંસાદિની અનુમોદનાની પ્રાપ્તિ થતી નથી; પરંતુ દાન લેનારને જે ગુણો પ્રાપ્ત થાય છે, તેની જ અનુમોદના પ્રાપ્ત થાય છે. તે જ રીતે ભગવાનની ભક્તિમાં આનુષંગિક જે હિંસા થાય છે, તેની અનુમોદના નથી, પરંતુ ભગવાનની ભક્તિમાં વર્તતા શુભભાવની જ અનુમોદના છે.

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે, શાસ્ત્રમાં દશવૈકાલિક સૂત્રમાં **'गिहिणो वेयावडियं न कुज्जा'**=ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરવી ઈત્યાદિ સંભળાય છે, તેથી સાધુ ગૃહસ્થને અનુકંપાદાન કઈ રીતે કરી શકે ? તેથી તેમાં હેતુ દર્શાવતાં કહે છે -

ટીકાર્થ :-

गिहिणो ..... उत्सर्गपरत्वात् । ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરવી જોઈએ ઈત્યાદિ સૂત્ર વડે અનુકંપાદાનના નિષેધનું ઉત્સર્ગપરપણું છે.

વિશેષાર્થ :-

ગૃહસ્થની વૈયાવચ્ચ ન કરવી ઈત્યાદિ સૂત્ર વડે અનુકંપાદાનનો નિષેધ ઉત્સર્ગથી છે, તેથી અપવાદથી સાધુને અનુકંપાદાનનો નિષેધ નથી. તેથી દાનની પ્રશંસાનો નિષેધ અપુષ્ટાલંબનમાં હોય છે, પુષ્ટાલંબનમાં નહિ. તે જ રીતે સૂર્યાભદેવની ભક્તિ તેના સંસારના ઉચ્છેદનું કારણ હોવાથી ભગવાનને તેનો નિષેધ ઈષ્ટ નથી, પરંતુ સંમતિ ઈષ્ટ છે. તેથી **'ये तु दानं'** ઈત્યાદિ સૂત્ર વડે ભક્તિનો નિષેધ થઈ શકે નહિ.

ઉત્થાન :-

પુષ્ટાલંબનમાં સાધુ દ્વારા ગૃહસ્થની અનુકંપા કરવાનું પ્રયોજન શું ? એ પ્રકારની શંકાનું સમાધાન **'भवति'** થી કરતાં કહે છે -

ટીકાર્થ :-

भवति हि ..... तदनुज्ञायते । જે કારણથી તેના વડે=અનુકંપાદાન વડે, મિથ્યાદૃષ્ટિને પણ અપ્રમત્તસંયતગુણસ્થાનક આદિના કારણીભૂત અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનક-પ્રાપ્તિલક્ષણ ગુણ થાય છે, અને પ્રાપ્ત થયેલા દૃઢતર ગુણના સ્થૈર્ય માટે પણ તેની=અનુકંપાદાનની, અનુજ્ઞા કરાય છે.

આ વાત ઉપદેશમાલાની સાક્ષીથી કહે છે -

ओसनस्स ..... ऽवत्थासु ।।જિનવચનથી તીવ્ર ભાવિતમતિવાળા, દૃઢ સમ્યક્ત્વવાળા એવા અવસન્ન=પાર્શ્વસ્થાદિ અને સુશ્રાવક એવા ગૃહસ્થનું અવસ્થામાં=દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આદિ આપવાદિક કારણોમાં, જે અનવદ્ય=ઉચિત, કરાય છે તે સાધુને અનુજ્ઞાત છે.

વિશેષાર્થ :-

સાધુ પુષ્ટાલંબનમાં ગૃહસ્થની અનુકંપા કરે તેથી, દાન લેનારા એવા મિથ્યાદૃષ્ટિને પણ સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનક-પ્રાપ્તિલક્ષણ ગુણ થાય છે, અને તે ગુણ અપ્રમત્તગુણસ્થાનક આદિની પ્રાપ્તિનું કારણ બને છે. અહીં એટલું જ ન કહ્યું કે મિથ્યાદૃષ્ટિને પણ સમ્યગ્દૃષ્ટિ-ગુણસ્થાનક-પ્રાપ્તિલક્ષણરૂપ ગુણ થાય છે, પરંતુ

અપ્રમત્તસંયત આદિ ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને એવો તે ગુણ થાય છે. તેનું તાત્પર્ય એ છે કે, તે અનુકંપાદાન સ્વરૂપથી સાવદ્યરૂપ હોવા છતાં, લેનારને સંયમાદિની પ્રાપ્તિરૂપ નિરવદ્યભાવને પ્રાપ્ત કરાવનાર હોવાથી, નિરવદ્ય એવા સંયમની પ્રાપ્તિના કારણીભૂત એવા સમ્યગ્દૃષ્ટિગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવે છે. તેથી ફળથી તે દાન નિરવદ્ય છે. અને પ્રાપ્ત થયેલા દૃઢતર ગુણના સ્થૈર્ય માટે પણ અનુકંપાદાનની અનુજ્ઞા કરાય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, કોઈ વ્યક્તિને પ્રાપ્ત થયેલ દૃઢતર સમ્યગ્દર્શનરૂપ ગુણના સ્થૈર્ય માટે પણ અનુકંપાદાનની અનુજ્ઞા અપાય છે.

અહીં સામાન્યથી જોતાં દૃઢતર ગુણ હોય તો તેના સ્થૈર્યની અપેક્ષા રખાય નહિ. પરંતુ દૃઢતર એવો સમ્યક્ત્વ ગુણ પણ જ્યારે દેશવિરતિ આદિ ભાવોને પેદા કરી શકે છે, ત્યારે તે સ્થિર અવસ્થાને પ્રાપ્ત થયેલો કહેવાય છે. આથી જ મયણાસુંદરી દૃઢતર સમ્યક્ત્વગુણવાળી હોવા છતાં તેના સમ્યક્ત્વના સ્થૈર્ય માટે ગુરુભગવંતે શ્રાવકોને ભક્તિનું સૂચન કર્યું, જેથી અનુકૂળ સામગ્રી મળવાને કારણે દેશવિરતિ આદિ ભાવોને તેઓ સારી રીતે સમજીને, સેવીને સ્થિરભાવને પ્રાપ્ત કરે. અને આ જ કથનને ઉપદેશમાલાની સાક્ષી દ્વારા પુષ્ટ કરેલ છે.

ઉત્થાન :-

પૂર્વમાં સાધુ ગૃહસ્થની જે અનુકંપા કરે છે, ત્યાં જે ગુણ બતાવ્યો તે પરનિષ્ઠ છે. અર્થાત્ જેની અનુકંપા કરે છે, તેવા મિથ્યાદૃષ્ટિ આદિને તે ગુણ પ્રાપ્ત થાય છે, તેમ બતાવ્યું. હવે તે અનુકંપાદાનથી સ્વનિષ્ઠ ફળ બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

स्वनिष्ठं ..... निर्जरणमेव ।। વળી સ્વનિષ્ઠ ફળ જ્ઞાનીને તીર્થંકરની જેમ તથાવિધ ઉચિત પ્રવૃત્તિના હેતુ એવા શુભકર્મનું નિર્જરણ જ છે.

વિશેષાર્થ :-

તીર્થંકરો દીક્ષા વખતે જે વર્ષીદાન આપે છે તે અનુકંપાદાનરૂપ છે, અને તેનું ફળ તીર્થંકરોને કાંઈ પ્રાપ્ત થતું નથી, પરંતુ લોકોને ઉપકાર થાય તેવા પ્રકારની ઉચિત પ્રવૃત્તિનો હેતુ એવું તીર્થંકરનામકર્મરૂપ શુભકર્મનું નિર્જરણ થાય છે, પરંતુ અભિનવ શુભબંધ થતો નથી. તેમ જે જ્ઞાની છે તેઓ અપવાદિક રીતે ગૃહસ્થની અનુકંપા કરે ત્યારે અભિનવ શુભ કર્મબંધ થતો નથી, પરંતુ પોતે પૂર્વમાં શુભકર્મ બાંધેલું છે, તેનું નિર્જરણ થાય છે, અને તે શુભકર્મ જ તેવા પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરાવે છે.

અહીં વિશેષ એ છે કે, જે મુનિઓ ઉદાસીન ચિત્તવાળા છે, તેઓને અનુકંપાદાનના કાળમાં પણ તીર્થંકરોની જેમ કેવલ ઉચિત પ્રવૃત્તિ કરવાનો જ પરિણામ વર્તે છે, અનુકંપ્ય પ્રત્યે લાગણીની ભીનાશ અને તેમના કલ્યાણની તીવ્ર વાંછારૂપ પ્રશસ્તભાવ હોતો નથી, પરંતુ સમભાવનો જ પરિણામ હોય છે; જે ઉચિત

પ્રવૃત્તિના હેતુરૂપ બને છે, તેથી જ અભિનવ શુભકર્મ બંધાતું નથી. પરંતુ જે મુનિઓને પ્રશસ્ત શુભ ભાવ વર્તે છે, તેમને જીવોના કલ્યાણની તીવ્ર વાંછારૂપ પ્રશસ્તભાવને કારણે પુણ્યાનુબંધી પુણ્ય પણ બંધાય છે.

ટીકા :-

तथा च दानाष्टकं हारिभद्रम् –

"कश्चिदाहास्य दानेन क इवार्थः प्रसिध्यति ।
मोक्षगामी ध्रुवं ह्येष यतस्तेनैव जन्मना ।।१।।

उच्यते कल्प एवास्य, तीर्थकृन्नामकर्मणः ।
उदयात्सर्वसत्त्वानां हित एव प्रवर्तते" ।।२।।

कल्पः करणं क्रियाजातं समाचार इत्यनर्थान्तरम् । तदाहुः-'सामर्थ्ये वर्णनायां च छेदने करणे तथा औपम्ये चाधिवासे च कल्पशब्दं विदुर्बुधाः" इति ततश्च कल्पपरिपालनं विनाऽस्य नान्यत्फलमिति भावना । धर्मावयवत्वख्यापनार्थं वा तदित्याह -

"धर्माङ्गख्यापनार्थं च, दानस्यापि महामतिः ।
अवस्थौचित्ययोगेन, सर्वस्यैवानुकम्पया" ।।३।।

अङ्गम्=अवयवः । महामतिरित्यनन्तरं महादानं दत्तवानिति करणीयम् । सर्वस्यैतस्य गृहिणो यतेर्वेत्यर्थः । धर्माङ्गत्वमेव स्पष्टयति -

"शुभाशयकरं ह्येतदाग्रहच्छेदकारि च ।
सदभ्युदयसाराङ्गमनुकम्पाप्रसूति च" ।।४।।

शुभाशयः=शुभचित्तं, आग्रहः=ममत्वाभिनिवेशः, साराङ्गं=प्रधानकारणम्, अनुकम्पायाः=दयायाः, प्रसूतिः=प्रसवो, यस्य तत्तथा । यतेरप्यनुकम्पादानं समर्थयति -

"ज्ञापकं चात्र भगवान् निष्क्रान्तोऽपि द्विजन्मने ।
देवदूष्यं ददद्धीमाननुकम्पाविशेषतः" ।।५।।

न चैवमागमविरोधः, अवस्थौचित्ययोगेनेति विशेषणोपादानादविरोधात् । पठन्ति च लौकिका अपि- 'उत्पद्यते हि सावस्था देशकालामयान् प्रति । यस्यामकार्यंकार्यं स्यात् कर्मकार्यं च वर्जयेत्' ।। इति । एतावदेव स्पष्टयन्नाह -

"इत्थमाशयभेदेन, नाऽतोऽधिकरणं मतम् ।
अपि त्वन्यद्गुणस्थानम्, गुणान्तरनिबन्धनम्" ।।६।।

आशयभेदो=अध्यवसायविशेषः, कथमयं वराकः कर्मकान्तारोत्तरणेन निखिलासुखविरहभाजनं

भविष्यतीत्यादिरूपः । नातः=असंयतदानाद्, अधिक्रियते दुर्गतावनेनेति अधिकरणम्=असंयतसामर्थ्यपोषणतः पापारम्भप्रवर्त्तनम् । अपि तु अभ्युच्चये अन्यत्=मिथ्यादृष्टित्वादेः चतुर्थादिकं, गुणान्तरस्य सर्वविरत्यादेः, सूत्रस्य तु विशेषविषयत्वादविरोध इत्याह -

"ये तु दानं प्रशंसन्तीत्यादि सूत्रं तु यत् स्मृतम् ।
अवस्थाभेदविषयं द्रष्टव्यं तन्महात्मभिः" ।।७।।

पुष्टालम्बनेऽनिषेधकमेतदिति गर्भार्थः । न च्न हरिभद्रस्यैव शङ्खवादनपूर्वमर्थिभ्यो भोजनं दापितवत इयं कपोलकल्पना, संविग्नपाक्षिकस्य तस्य श्रुतानुत्तीर्णवादित्वात् । तदवदाम द्वात्रिंशिकाप्रकरणे वृत्तिकृदनुवादेन - 'न च स्वदानपोषार्थमुक्तमेतदपेशलम् । हरिभद्रो हि भगवान् यतः संविग्नपाक्षिकः'।। इति (दानद्वात्रिंशिका श्लो० १९) प्रकृतं निगमनायाह -

"एवं न कश्चिदस्यार्थस्तत्त्वतोऽस्मात्प्रसिद्ध्यति ।
अपूर्वः किन्तु तत्पूर्वमेव कर्म प्रहीयते" ।।८।।

अस्य=तीर्थकृतः, अस्मात्=महादानात्, अपूर्वो=अभिनवशुभबन्धहेतुः, ज्ञानिकृतकर्मणो बन्धाजनकत्वात्, तत्तीर्थकरत्वनिमित्तं पूर्वं=पूर्वभवोपार्जितम्, कर्म=तीर्थकरनाम ।।

टीकार्थ :-

तथा ..... हारिभद्रं - ते प्रकारे=ज्ञानीने शुभकर्म-निर्जरण ज फल छे ते प्रकारे, हरिभद्रसूरि कृत दानाष्टक वक्ष्यमाण छे -

(१) कश्चिदाह ..... जन्मना ।।१।। कोई कहे छे - दान वडे करीने आमनो=तीर्थंकरनो, कयो अर्थ सरे छे ? (अर्थात् कोई अर्थ सरतो नथी.) 'यतः'=जे कारणथी आ=तीर्थंकर, ते ज जन्म वडे अवश्य मोक्षगामी छे. (आ प्रमाणे पूर्वपक्षीनी शंका छे के, दान वगेरेनुं फळ तो परभवमां प्राप्त थाय छे. भगवान तो आ जन्ममां मोक्षे जवाना छे, तो दानथी कयो अर्थ सरे छे ?)

(२) उच्यते ..... प्रवर्तते ।।२।। कहे छे (उत्तर आपे छे) - तीर्थंकरनामकर्मना उदयथी आमनो=तीर्थंकरनो, कल्प ज एवो छे (के) सर्व जीवोना हितमां ज प्रवर्ते छे.

कल्पः ..... अर्थान्तरं । कल्प, करण, क्रियाजात, समाचार आ बधा एकार्थवाची=पर्यायवाची, शब्दो छे.

तदाहुः - ते कल्प शब्द करण अर्थमां छे. ते कल्प शब्दना पर्यायवाची शब्दोनुं उद्धरण बतावतां कहे छे -

सामर्थ्ये ..... बुधाः ।। सामर्थ्यमां अने वर्णनामां, छेदनमां तथा करणमां, उपमामां अने अधिवासमां पंडितो कल्प शब्दने जाणे छे.

इति - उद्धरणनी समाप्तिमां छे.

ततश्च ..... भावना । અને તેથી કરીને=કલ્પ એટલે કરણ, કરણ=ક્રિયાજાત, ક્રિયાજાત=સમાચાર અર્થ છે તેથી કરીને, સમાચારના પરિપાલનને છોડીને આનું=દાનનું, બીજું કોઈ ફલ નથી. એ પ્રકારની ભાવના છે.

धर्मावयवत्व ..... इत्याह - અથવા ધર્માવયવત્વના ખ્યાપન માટે તે=દાન છે, એ પ્રમાણે કહે છે -

(૩) धर्माङ्ग ..... अनुकम्पया ।।३।। સર્વને પણ અર્થાત્ ગૃહસ્થ અને સાધુને પણ અવસ્થા-ઔચિત્યના યોગથી દાનની પણ ધર્માંગતા ખ્યાપન કરવા માટે મહામતિએ અનુકંપાથી મહાદાન આપ્યું.

✪ અહીં મહાદાન આપ્યું તે અધ્યાહાર છે.

✪ **सर्वस्यैव** માં 'एव' શબ્દ 'अपि' અર્થમાં છે. 'दानस्यापि' માં 'एव' શબ્દ શીલનો સમુચ્ચય કરે છે. અર્થાત્ જેમ શીલાદિ ધર્મનાં અંગો છે, તેમ કારણિક દાન પણ ધર્મનું અંગ છે.

धर्माङ्ग ..... स्पष्टयति - ધર્માંગપણાને જ સ્પષ્ટ કરે છે -

(૪) शुभाशयकरं ..... प्रसूति च ।।४।। આ=દાન, (આપનાર વ્યક્તિના) (૧) શુભાશયને કરનારું છે. (૨) આગ્રહના=મમત્વના, ઉચ્છેદને કરનારું છે. (૩) સદ્=સુંદર, અભ્યુદયનું પ્રધાન કારણ છે. (૪) અનુકંપા=દયાને, જન્મ આપે છે.

✪ દયાની પ્રસૂતિ છે જેને એવું આ દાન છે, એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ છે.

यतेः ..... समर्थयति - યતિના પણ અનુકંપાદાનનું સમર્થન કરતાં કહે છે -

(૫) ज्ञापकम् ..... अनुकम्पाविशेषतः દીક્ષા લીધા પછી પણ અનુકંપા વિશેષથી=ભાવઅનુકંપાથી, બ્રાહ્મણને દેવદૂષ્ય આપતાં પ્રાજ્ઞ એવા ભગવાન અહીં=યતિના અનુકંપાદાનમાં, જ્ઞાપક=દૃષ્ટાંત, છે.

અહીં પ્રશ્ન થાય કે આ રીતે આગમનો વિરોધ આવશે, તેથી કહે છે -

न च ..... अविरोधात् । અને આ પ્રમાણે આગમનો વિરોધ નથી. કેમ કે અવસ્થા-ઔચિત્ય-યોગથી એ પ્રકારે વિશેષણનું ઉપાદાન હોવાને કારણે અવિરોધ છે.

पठन्ति ..... अपि - અને લૌકિકો પણ કહે છે -

उत्पद्यते ..... वर्जयेत् । દેશ, કાળ અને રોગને આશ્રયીને તે અવસ્થા થાય છે કે, જેમાં અકાર્ય કાર્ય થાય અને કાર્ય = કર્તવ્ય કર્મનું વર્જન થાય. અર્થાત્ અકર્તવ્ય કર્તવ્યરૂપ બને છે, અને કર્તવ્ય અકર્તવ્યરૂપ બને છે. 'इति' ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

एतावदेव स्पष्टयति - આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે -

(૬) इत्थम् ..... निबन्धनम् ।।६।। આ રીતે=પૂર્વમાં બતાવ્યું કે અવસ્થા-ઔચિત્ય-યોગથી ભગવાને વસ્ત્રદાન આપ્યું છે એ રીતે, આશયભેદ હોવાને કારણે (ભગવાનનું વસ્ત્રદાન) અસંયતદાનથી અધિકરણ=પાપારંભ પ્રવર્તન, કહેવાયું નથી; પરંતુ ગુણાંતરમાં કારણીભૂત=સર્વવિરતિ આદિમાં કારણીભૂત, એવા અન્ય ગુણસ્થાનકનું=મિથ્યાત્વાદિથી અન્ય અવિરતિ આદિ ગુણસ્થાનકનું કારણ કહેવાયું છે.

आशयभेदो ..... रूपः । અધ્યવસાયવિશેષ શું છે, તે બતાવતાં કહે છે - આ રાંક કેવી રીતે કર્મવનને

ઓળંગીને સર્વદુઃખના અભાવરૂપ મોક્ષનું ભાજન બને ! ઈત્યાદિરૂપ અધ્યવસાય તે આશયભેદ છે.

અધિક્રિયતે ..... પ્રવર્તનમ્ । અધિકરણ શું છે તે બતાવતાં કહે છે - જેના વડે જીવ દુર્ગતિનો અધિકારી કરાય તે અધિકરણ=અસંયતના સામર્થ્યના પોષણને કારણે પાપારંભનું પ્રવર્તન તે અધિકરણ, છે.

વિશેષાર્થ :-

અહીં 'इत्थं' શબ્દ પૂર્વના કથનને બતાવે છે, અને તે કથન એ છે કે, અવસ્થાઔચિત્યના યોગથી ભગવાને બ્રાહ્મણને વસ્ત્રદાન આપ્યું. તેથી શ્લોક-૫માં બતાવ્યું તે પ્રમાણે આગમનો વિરોધ આવતો નથી. કેમ કે સાધુના વસ્ત્રદાનમાં આશયભેદ છે.

તાત્પર્ય એ છે કે જો બ્રાહ્મણ દુઃખી છે અને તેના દ્રવ્યદુઃખને દૂર કરવાના આશયથી ભગવાને વસ્ત્રદાન આપ્યું હોય, તો અસંયતના પોષણનું કારણ તે વસ્ત્રદાન થાય, તેથી તે અધિકરણ બને; પરંતુ ભગવાને ભાવદયાથી બ્રાહ્મણને વસ્ત્રદાન આપેલ છે. તેથી જ આશયભેદ બતાવતાં કહે છે કે, આ ગરીબ બિચારો કઈ રીતે સંસારસાગરથી તરે ! અને સંપૂર્ણ દુઃખોથી રહિત એવી મોક્ષ અવસ્થા પામે ! એ પ્રકારના અધ્યવસાયથી ભગવાને વસ્ત્રદાન આપેલ છે; એ રૂપ આશયભેદ હોવાને કારણે તે વસ્ત્રદાન અધિકરણરૂપ સંમત નથી, પરંતુ વસ્ત્ર લેનાર વ્યક્તિ જે મિથ્યાત્વાદિ ગુણસ્થાનકમાં વર્તે છે, તેનાથી અન્ય એવા ચતુર્થ અવિરતિસમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને છે, અને તે ચતુર્થ ગુણસ્થાનક વળી અપ્રમત્તસંયત ગુણસ્થાનકનું કારણ બને છે. તેથી તે વસ્ત્ર લેનાર ક્રમે કરીને સર્વ દુઃખથી રહિત મોક્ષ અવસ્થાને પ્રાપ્ત કરનાર બને છે. અને તે અસંયતને અપાતા વસ્ત્રદાનમાં ભગવાનનો આશય પરંપરાએ તેને અપ્રમત્તસંયત ગુણસ્થાનકનું કારણ જાણીને આપવાનો હતો. તેથી તે વસ્ત્રદાન અધિકરણરૂપ બનતું નથી.

ટીકાર્થ :-

સૂત્રસ્ય ..... इत्याह - વળી પૂર્વના કથન સાથે સૂત્રકૃતાંગના 'जे अ दाणं' સૂત્રનો વિશેષ વિષય હોવાથી અવિરોધ છે, તે બતાવે છે -

(७) ये तु ..... महात्मभिः ।।७।। જેઓ દાનને પ્રશંસે છે, ઈત્યાદિ જે સૂત્ર સંભળાયેલું છે, તે મહાત્માઓ વડે અવસ્થાભેદવિષયક જાણવું.

पुष्टालंबन ..... अनुवादेन - પુષ્ટાલંબનમાં અનિષેધક આ સૂત્ર છે, એ પ્રમાણે તાત્પર્યાર્થ છે=અપુષ્ટ આલંબનમાં જ આ સૂત્ર દાનની પ્રશંસાનો નિષેધ કરે છે.

શંખવાદનપૂર્વક અર્થીને ભોજન આપતા એવા હરિભદ્રસૂરિની જ આ કપોલકલ્પના છે, એમ ન કહેવું. કેમ કે સંવિજ્ઞપાક્ષિક એવા તેમનું શ્રુતથી અનુત્તીર્ણવાદીપણું છે, અર્થાત્ સંવિજ્ઞપાક્ષિક ક્યારેય પણ આગમવિરુદ્ધ વચન બોલે જ નહિ, તે દ્વાત્રિંશિકાપ્રકરણમાં અષ્ટક પ્રકરણના વૃત્તિકારના અનુવાદરૂપે અમે કહીએ છીએ.

न च ..... संविग्नपाक्षिकः ।। પોતાના દાનને પોષણ કરવા આ અસુંદર કહ્યું છે તેમ ન કહેવું. જે કારણથી શ્રી હરિભદ્ર ભગવાન સંવિજ્ઞપાક્ષિક હતા. 'इति' શબ્દ દ્વાત્રિંશિકાના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે. (દાનદ્વાત્રિંશિકા શ્લો. ૧૯)

प्रकृतं ..... आह - प्रकृतनुं निगमन करतां कहे छे -

(८) एवं ..... प्रहीयते ।।८।। 'एवं'=आ प्रमाणे परमार्थथी तो आनाथी=महादानथी, आमनो=तीर्थंकरनो, कोई अपूर्व अर्थ=पुरुषार्थ, सिद्ध थतो नथी, परंतु तत्=तीर्थंकरपणानुं कारण, पूर्वं=पूर्वभव उपार्जित, कर्म=तीर्थंकरनामकर्म, क्षय पामे छे.

✪ 'तत्पूर्वमेव' अहीं 'एव' कार अभिनव शुभबंधनो व्यवच्छेद करे छे.

अहीं अपूर्व अर्थ सिद्ध थतो नथी, तेम कह्युं त्यां 'अपूर्व' शब्दनो अर्थ करतां कहे छे -

अपूर्वो ..... अजनकत्वात्, अपूर्व=नवा शुभकर्मना बंधनुं कारण एवो कोई अर्थ सिद्ध थतो नथी. (એ प्रमाणे अर्थ जाणवो.) केम के ज्ञानीकृत कर्मनुं=क्रियानुं, बंध-अजनकपणुं छे.

विशेषार्थ :-

महाज्ञानी भगवाननी दानादि क्रिया अभिनव शुभ कर्मबंधनुं कारण बनती नथी; परंतु ते दानादि क्रियाथी तीर्थंकरपणामां कारणीभूत पूर्वभवमां बांधेलुं तीर्थंकरनामकर्म ज क्षीण थाय छे.

टीका :-

अवश्यं चोक्तसूत्रविहितमौनस्य विशेषविषयत्वं सूत्रमात्रप्रणयिनापि मृग्यम्, कथमन्यथा भगवत्यामाधाकर्मिकदानप्रतिषेधः, सूत्रकृते च ब्राह्मणभोजनदानप्रतिषेधः सङ्गतिमञ्चति ? कथं च साधु-गुणयुक्तस्याल्पतरपापबहुतरनिर्जराहेतुत्वेनाप्रासुकदानविधिरपि ? इति स्याद्वादेन वस्तुस्थापनाऽशक्तस्यैव च मौनं तच्छक्तेन तेन च देशकालाद्यौचित्येनान्यतरोपदेश एव विधेय इत्ययमेव मौनीन्द्रः सम्प्रदायः । तदुक्तमाधाकर्मिकमाश्रित्यानाचारश्रुताध्ययने सूत्रकृते –

"अहागडाइं भुंजंति, अन्नमन्ने सकम्मुणा ।
उवलित्ते त्ति जाणिज्जा अणुवलित्ते त्ति वा पुणो ।।१।।
एतेहिं दोहिं ठाणेहिं ववहारो न विज्जइ ।
एतेहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए" ।।२।।' त्ति (द्वि श्रु० अ० ५ गा० ८-९)

टीकार्थ :-

अवश्यं च ..... सम्प्रदायः । **अने अवश्य उक्त सूत्र='जे अ दाणं पसंसंति' એ सूत्रविहित मौननुं विशेष विषयपणुं सूत्रमात्र स्वीकारनारा वडे पण मानवुं जोईએ. अन्यथा, भगवतीसूत्रमां आधाकर्मिक दानનો प्रतिषेध, अने सूत्रकृतांगमां ब्राह्मणने भोजनना दाननो प्रतिषेध केवी रीते संगत थाय ? अने साधुगुणयुक्तने अल्पतर पाप अने बहुनिर्जराना हेतुपणा वडे करीने अप्रासुकदाननो विधि पण केवी रीते संगत थाय ? अर्थात् संगत थाय नहि. એथी करीने स्याद्वाद वडे करीने वस्तुना स्थापनमां अशक्तने ज मौन छे, अने तेमां समर्थ=स्याद्वादना स्थापनमां समर्थ, એवा तेना वडे देशकालादिना**

ઔચિત્યથી અન્યતરનો ઉપદેશ જ કરવો જોઈએ=વિધિ-નિષેધ અન્યતરનો ઉપદેશ જ કરવો જોઈએ. એ પ્રમાણે આ જ=પૂર્વમાં કહ્યું એ જ, મૌનીન્દ્ર સંપ્રદાય છે=ભગવાનના શાસનની વ્યવસ્થા છે.

तदुक्तं .... સૂત્રકૃતે - પૂર્વમાં કહ્યું કે સ્યાદ્વાદના સ્થાપનમાં સમર્થ વ્યક્તિએ દેશકાલાદિના ઔચિત્યથી અન્યતરનો ઉપદેશ આપવો જોઈએ=જ્યાં અનુચિત દાન હોય ત્યાં નિષેધ જ કરવો જોઈએ અને જ્યાં ઉચિત દાન હોય ત્યાં વિધિ=વિધાન કરવું જોઈએ, તે જ વસ્તુ આધાકર્મિકને આશ્રયીને સૂત્રકૃતાંગના અનાચાર-શ્રુત-અધ્યયનમાં બતાવેલ છે. તે કહે છે - (સાધુપ્રધાનકરણને આશ્રયીને કર્મ તે આધાકર્મ અર્થાત્ આધાય કર્માણિ એ આધાકર્મ, એ પ્રમાણેની વ્યુત્પત્તિથી એ અર્થ પ્રાપ્ત થાય કે, સાધુને મુખ્ય કરીને જે રસોઈ આદિ કરવામાં આવે તે આધાકર્મિક કહેવાય.)

अहागडाइं ..... पुणो ।।१।। આધાકર્મિકને જે ભોગવે તે પરસ્પર સ્વકર્મ દ્વારા લેપાયેલા જાણવા, એ પ્રમાણે ન કહેવું, અથવા લેપાયેલા નથી એ પ્રમાણે ન કહેવું. કેમ કે શ્રુતના અનુપદેશ અને ઉપદેશ દ્વારા ત્યાં કર્મબંધ અને અબંધની ઉપપત્તિ છે. (અર્થાત્ આધાકર્મિકના ગ્રહણમાં કે અગ્રહણમાં શ્રુતનો અનુપદેશ હોય તો કર્મબંધની ઉપપત્તિ છે, અને શ્રુતનો ઉપદેશ હોય તો કર્મના અબંધની ઉપપત્તિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે આધાકર્મિકના ભોગમાં કર્મબંધ થાય અથવા ન થાય.)

एतेहिं ..... जाणए" ।।२।। (જે કારણથી) આ બંને સ્થાનો દ્વારા વ્યવહાર વિદ્યમાન નથી. વળી આ બંને સ્થાનો વડે અનાચાર જાણવો.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

✪ અત્યંત આપદ્ દશામાં આધાકર્મિકના અગ્રહણમાં ઈર્યાસમિતિ આદિની અશુદ્ધિ અને આર્ત્તધ્યાનની પ્રવૃત્તિ થવાથી બહુદોષનો પ્રસંગ છે, અને અત્યંત આપદ્ દશા ન હોય તો આધાકર્મિકના ભોગમાં ષટ્કાયના ઉપમર્દનના=હિંસાના, પાપની અનુમતિ છે; આથી કરીને આ બંને સ્થાનો એકાંતે ગ્રહણ કરવાથી અનાચાર જાણવો. આ પ્રમાણેનો અર્થ ઉપદેશરહસ્ય ગાથા-૧૦૧ના વિવરણથી લખેલ છે.

✪ **अप्रासुकदानविधिरपि** પછી '**इति**' શબ્દ છે. તે **अवश्यं ..... अप्रासुकदानविधिरपि** સુધીના કથનનો પરામર્શક છે.

વિશેષાર્થ :-

ભગવતીમાં આધાકર્મિકદાનનો પ્રતિષેધ કરાયો છે, તે દોષપોષકતાના સ્થાનને આશ્રયીને પ્રતિષેધ કરાયો છે. પરંતુ કેટલાક પાર્શ્વસ્થાદિ એવા હોય છે કે, તેને જો આધાકર્મિક દાન ન આપવામાં આવે, તો લોકોને ભેગા કરીને આ શ્રાવક, સાધુઓ પ્રત્યે અનુચિત વર્તન કરે છે ઈત્યાદિ કહીને ધર્મની લાઘવતા કરે, અને લોકોને શાસનથી વિમુખ બનાવે તેવા હોય છે. તેઓ પ્રત્યે ભાવઅનુકંપાથી આપવાનો નિષેધ કરાયો નથી, અને સૂત્રકૃતાંગમાં બ્રાહ્મણના ભોજનના દાનનો પ્રતિષેધ પણ મિથ્યાદર્શનની પોષકતાને આશ્રયીને કરવામાં આવ્યો છે.

બ્રહ્મભોજનની માન્યતા એ છે કે બ્રહ્મભોજનથી ધર્મ થાય. તેથી આ માન્યતા મુજબ બ્રાહ્મણને ભોજન

કરાવવાથી મિથ્યાદર્શનની પુષ્ટિ થાય છે. તેથી બ્રાહ્મણના ભોજનના દાનનો નિષેધ કરવામાં આવ્યો છે; પરંતુ યાચક વગેરે માંગવા આવે, તેમ કોઈ બ્રાહ્મણ માંગવા આવ્યો હોય, તો યાચક તરીકે અનુકંપાથી આપવાનો નિષેધ કરવામાં આવ્યો નથી.

આ રીતે દાનના વિધિ-નિષેધમાં સ્યાદ્વાદ બતાવ્યો. તેનાથી શું ફલિત થાય છે તે બતાવે છે -

જ્યારે **'ये तु दानं प्रशंसन्ति'** એ સૂત્રમાં જે નિષેધ કરાયો છે, તે તો જ સંગત થાય કે એ સૂત્રનું દાતા અને પાત્રવિશેષનું વિષયપણું હોય, અર્થાત્ અપુષ્ટાલંબનવિષયક એ સૂત્ર છે. સર્વ દાનમાં એ સૂત્ર ગ્રહણ કરવાનું નથી, નહિતર એ સૂત્ર પ્રમાણે ભગવતી અને સૂત્રકૃતાંગનો દાનનો નિષેધ અસંગત બને. કેમ કે ભગવતીના કથનમાં વૃત્તિ-ઉચ્છેદની આપત્તિ આવે, અને સાધુગુણથી યુક્તને અપ્રાસુક દાનની જે વિધિ છે, તે પણ સંગત થાય નહિ. કેમ કે ત્યાં પણ **'ये तु दानं'** સૂત્ર પ્રમાણે પ્રાણીવધની સંમતિ આવતી હોવાથી વિધિરૂપ કહી શકાય નહિ. પરંતુ સાધુગુણથી યુક્તને કોઈ મુગ્ધ જીવ નિષ્કારણ અપ્રાસુક દાન આપતો હોય, તેને અલ્પ કર્મબંધ અને અધિક નિર્જરા કહેલી છે, તેથી તે વિધિરૂપ છે. તેથી **'ये तु दानं प्रशंसन्ति'** સૂત્ર વિશેષ વિષયવાળું=અપુષ્ટાલંબનવિષયવાળું માનીએ, તો જ ભગવતીસૂત્રમાં કહેલ દોષપોષકતાવાળા આધાકર્મિક દાનનો નિષેધ અને મુગ્ધજીવે સાધુને આપેલ અપ્રાસુક દાનની વિધિ સંગત થાય.

સાધુગણયુક્તને મુગ્ધ જીવ માયા આદિ કરીને અપ્રાસુક દાન આપે, તેનાથી તેઓને અલ્પ કર્મબંધ અને અધિક નિર્જરા થાય છે, તેમ કહીને, તે ઉચિત છે તેમ બતાવેલ છે. તેનાથી તેવા જીવો માટે તે કર્તવ્ય બને છે, એ પ્રકારનું શાસ્ત્રવચન પણ તો જ સંગત થાય કે **'ये तु दानं प्रशंसन्ति'** એ સૂત્રને અપુષ્ટાલંબનવિષયક માનીએ. નહિતર મુગ્ધ જીવના અપ્રાસુક દાનમાં પણ પ્રાણીવધ સ્વીકારીને કર્મબંધનું કારણ માનવું પડે. આથી આધાકર્મિક દાનનો અને બ્રાહ્મણને ભોજનના દાનનો નિષેધ કરવા છતાં વૃત્તિછેદનો દોષ નથી અને મુગ્ધજીવે આપેલ અપ્રાસુક દાનમાં પ્રાણીવધકૃત દોષ નથી, તે કથન સૂયગડાંગના **'ये तु दानं'** એ સૂત્રને અપુષ્ટાલંબનવાળું માનો તો જ સંગત થાય.

स्याद्वादेन ..... मौनीन्द्रः संप्रदायः સુધીના કથનનું તાત્પર્ય એ છે કે - કોઈ જીવ સ્યાદ્વાદ દ્વારા વસ્તુના સ્થાપનમાં સમર્થ હોય તેણે, દેશ-કાલ અને આદિ પદથી પ્રાપ્ત પુરુષ આદિના ઔચિત્યથી અન્યતરનો ઉપદેશ જ કરવો જોઈએ. અર્થાત્ યોગ્ય દાન હોય તો તેનું વિધાન જ કરવું જોઈએ, અને અયોગ્ય દાન હોય તો તેનો નિષેધ જ કરવો જોઈએ, પરંતુ મૌન લેવું ક્યાંય ઉચિત નથી. અને જે જીવ સ્યાદ્વાદથી વસ્તુના સ્થાપનમાં સમર્થ ન હોય, તેણે અનુચિત દાનમાં પણ મૌન લેવું જોઈએ. કેમ કે અનુચિત દાનને અનુચિતરૂપે સ્યાદ્વાદથી સ્થાપન ન કરી શકે તો લોકમાં જૈન શાસનનું લાઘવ થાય. તેથી સામર્થ્યના અભાવમાં જ મૌન ગ્રહણ કરવું ઉચિત છે, તે સિવાય ક્યાંય મૌનની વિધિ નથી.

અહીં દેશકાળના ઔચિત્યથી જ અન્યતરનો ઉપદેશ કરવો જોઈએ એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, દેશકાળ અનુકૂળ ન હોય તો સ્યાદ્વાદને સ્થાપન કરવા સમર્થ પણ વ્યક્તિ મૌન લે, અને દેશકાળ અનુકૂળ હોય તો અવશ્ય સ્યાદ્વાદને સ્થાપન કરે, એ પ્રકારે અન્યતર ઉપદેશ કરવો જોઈએ. તે આ રીતે - સ્યાદ્વાદથી

વસ્તુના સ્થાપનમાં સમર્થ પણ વ્યક્તિ, પ્રતિકૂળ દેશકાળ હોય અર્થાત્ પાર્શ્વસ્થાદિથી ભાવિત દેશ હોય અથવા તો જે કાળમાં અનુચિત દાનમાં પણ લોકોને ઉચિત દાનરૂપે બુદ્ધિ અત્યંત સ્થિર હોય તેવા સ્થાનમાં, સ્યાદ્વાદથી અનુચિતને અનુચિત સ્થાપન કરવા માટે યત્ન કરવામાં આવે તો પણ, લોકમાં તે વચન ગ્રાહ્ય બને નહિ; અને શાસનની નિંદા જ થાય. તેથી તેવા સ્થાનમાં સ્યાદ્વાદથી સમર્થ વ્યક્તિ પણ મૌનનું જ ગ્રહણ કરે, અને અનુકૂળ દેશકાળ હોય તો જ સમર્થ વ્યક્તિએ સ્યાદ્વાદને સ્થાપન કરવા યત્ન કરવો જોઈએ. કેમકે ફલપ્રધાન જ વિવેકી પુરુષની પ્રવૃત્તિ હોય છે.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી **'ये तु दानं प्रशंसन्ति'** એ સૂત્રમાં મૌન લેવાનું કહ્યું છે તે કઈ રીતે સંગત થાય ? કેમ કે સ્યાદ્વાદથી સ્થાપન કરવામાં સમર્થ પુરુષ કોઈ સ્થળે મૌન લે નહિ; તેથી જો તે દાન અનુચિત હોય તો તેનો નિષેધ જ કરવો જોઈએ, અને ઉચિત હોય તો વિધિ જ કરવી જોઈએ. તેનું તાત્પર્ય એ ભાસે છે કે, પૂર્વમાં કહ્યા પ્રમાણે દાતા અને પાત્રની દશાવિશેષગોચર આ સૂત્ર છે. તેથી જ્યારે કોઈ વ્યક્તિ બીજાધાનમાં કારણ ન બને તેવા પ્રકારની દાનશાળા આદિ કરવામાં પ્રવૃત્ત હોય, તેવા પ્રકારના દાનવિષયક સાધુને પૃચ્છા કરે ત્યારે, સ્યાદ્વાદથી વસ્તુના સ્થાપનમાં સમર્થ પણ સાધુ, જો તેને ધર્મની પ્રભાવનામાં કારણ બને તેવા અનુકંપાદાનમાં જોડી શકે તેમ ન હોય, અને કેવલ દાનનો નિષેધ કરે, તો તે દાતાની પ્રવૃત્તિ બંધ થાય તેમ હોય; અને તેના કારણે દાન લેનારાઓને આજીવિકાના ઉચ્છેદની પ્રાપ્તિ થાય તેમ હોય, તો તેવા સ્થાનમાં જ મૌન લેવું ઉચિત છે. આથી જ સ્યાદ્વાદના સ્થાપનમાં સમર્થને પણ દેશ-કાલાદિના ઔચિત્યથી જ અન્યતરના ઉપદેશનું કથન કરેલ છે, અને ત્યાં 'આદિ' પદથી પુરુષને આશ્રયીને અન્યતરનો ઉપદેશ આપવાનો છે; અને ઉપદેશ દ્વારા તે દાતા જ્યારે તાત્ત્વિક બોધ કરાવી શકાય તેવો ન હોય ત્યારે, સ્યાદ્વાદથી તેનું સ્થાપન કરવાને બદલે ત્યાં મૌન લેવું જ ઉચિત ગણાય.

અહીં પુષ્ટાલંબન સિવાયની દાનપ્રવૃત્તિનો નિષેધ કરીને વિવેક પેદા કરાવી શકાય તેવી અવસ્થામાં તો, અનુચિત દાનનો નિષેધ જ કરવો ઉચિત છે; અને ઉચિત દાનની અનુમોદના કરીને પુષ્ટ જ કરાય તે ઉચિત છે. આ પ્રમાણે **'ये तु दानं प्रशंसन्ति'** સૂત્રનું યોજન હોય તેમ ભાસે છે.

ઉત્થાન :-

પૂર્વપક્ષીનું એ કહેવું છે કે આધાકર્મિકનો નિષેધ પણ ન થાય અને વિધાન=વિધિ, પણ ન થાય. જો આધાકર્મિકનો નિષેધ કરો તો કારણે જે આધાકર્મિક ગ્રહણ કરે છે અને તેના દ્વારા જે સંયમની વૃદ્ધિ કરે છે, તેમાં અવરોધ થશે. વળી જો આધાકર્મિકનું વિધાન કરો તો જે નિષ્કારણ આધાકર્મિક કરે છે તેમને પુષ્ટિ મળશે, અને આધાકર્મિકનું તેઓ ગ્રહણ કરશે અને તેના દ્વારા તેમને કર્મબંધ થાય તેમાં સહાય મળશે. આ રીતે ઉભયતઃ દોષ હોવાથી સૂત્રકૃતાંગના કથનથી આધાકર્મિકના નિષેધમાં અને વિધાનમાં મૌન લેવું જ ઉચિત છે. આ પ્રકારના પૂર્વપક્ષીના કથન સામે ગ્રંથકાર કહે છે -

ટીકા :-

न चात्रापि मौन एव तात्पर्यं 'विभज्जवायं च विवागरिज्जा' **(सूयगडांग) इति ग्रन्थाध्ययनस्वरसात् । सर्वत्रास्खलितस्याद्वाददेशनाया एव शास्त्रार्थत्वाद् । अत एव वृत्तौ एतद्भजनोपदेशे –**

'किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजाद्यं वा ।।१।।

देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं, नैकान्तात्कल्पते कल्प्यम्।।२।।

इति वाचकवचनं (प्रशमरतिश्लोक-१४५-१४६) समितितयोद्भावितम् ।।२१।।

ટીકાર્થ :-

न च ..... शास्त्रार्थत्वाद् । સૂત્રકૃતાંગના ઉક્ત કથનમાં મૌન જ તાત્પર્ય છે, એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે - विभज्यवाद=स्याद्वाद કહેવો જોઈએ. **એ પ્રમાણે સૂત્રકૃતાંગ ગ્રંથના (પ્રસ્તુત) અધ્યયનનો સ્વરસ છે.**

હેતુમાં હેતુ કહે છે - કેમ કે સર્વત્ર અસ્ખલિત સ્યાદ્વાદની દેશનાનું જ શાસ્ત્રાર્થપણું છે.

વિશેષાર્થ :-

અહીં લુંપાક કહે કે - 'अहागडाइं भुंजइ' એ પ્રકારના સૂયગડાંગ સૂત્રનું તાત્પર્ય દાનમાં મૌન જ ઉચિત છે, તે બતાવે છે; કેમ કે તે દાનની પ્રશંસાથી દાનમાં થતી હિંસાની અનુમોદના પ્રાપ્ત થાય છે, અને દાનના નિષેધથી વૃત્તિઉચ્છેદ થાય છે. અને તે રીતે ભક્તિકર્મમાં મૌન જ ઉચિત છે, કેમ કે સંમતિ આપવાથી હિંસાની અનુમોદના થાય છે, અને નિષેધ કરવાથી ભક્તિથી થતા ભાવોમાં અંતરાય થાય છે, માટે જ ભગવાને સૂર્યાભદેવના નૃત્યકરણના પ્રશ્નમાં મૌન રાખેલ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

સૂત્રકૃતાંગના જે અધ્યયનમાં '**अहागडाइं भुंजइ**' એ સૂત્ર છે, તે અધ્યયનનો સ્વરસ, સમર્થ વ્યક્તિએ સ્યાદ્વાદનું સ્થાપન કરવું જોઈએ, એ પ્રકારની પ્રરૂપણામાં છે; પરંતુ સમર્થ વ્યક્તિએ પણ મૌન લેવું જોઈએ, એ પ્રકારના તાત્પર્યથી એ અધ્યયનનું કથન કરાયેલું નથી. તેથી એ પ્રાપ્ત થાય કે, જે પ્રકારના આધાકર્મિકના સેવનથી કર્મબંધની પ્રાપ્તિ થાય છે, તેનો નિષેધ જ કરવો જોઈએ; અને જે પ્રકારના આધાકર્મિકના સેવનથી સંયમની વૃદ્ધિ થાય છે, તે પ્રકારના આધાકર્મિકના સ્થાપનમાં યત્ન કરવો જોઈએ. આ રીતે સૂત્રકૃતાંગના પ્રસ્તુત અધ્યયનનો સ્વરસ વિભજ્યવાદના=સ્યાદ્વાદના, સ્થાપનમાં છે.

ટીકાર્થ :-

अत एव ..... उद्भावितम् ।।આથી કરીને જ=સ્યાદ્વાદની દેશનાનું શાસ્ત્રાર્થપણું છે આથી કરીને

જ, વૃત્તિમાં અર્થાત્ સૂત્રકૃતાંગની વૃત્તિમાં, આના='अहागडाइं भुंजइ' એ પ્રકારના સૂત્રના, ભજનાના ઉપદેશમાં,'किञ्चिच्छुद्धं'ઈત્યાદિ એવું જે વાચકવચન છે, તેનું સમિતિપણા વડે કરીને ઉદ્ભાવન કરાયેલું છે. અર્થાત્ આ પ્રમાણે કહેવું તે ભાષાસમિતિ છે. તેથી સર્વત્ર અસ્ખલિત એવા સ્યાદ્વાદની દેશના આપવી એ ભાષાસમિતિરૂપ છે, એ અર્થ પ્રાપ્ત થાય છે. તે વાચકવચનનો અર્થ આ પ્રમાણે છે -

किञ्चित् ..... वा ।। શુદ્ધ એવું (વ્યવહારનયને અભિમત) કલ્પ્ય, કાંઈક (નિશ્ચયથી) અકલ્પ્ય થાય; (વ્યવહારનય અભિમત) અકલ્પ્ય પણ, (નિશ્ચયનયથી) કલ્પ્ય થાય.

(કલ્પ્ય શું છે, તે બતાવે છે -) પિંડ=આહાર, શય્યા, વસ્ત્ર, પાત્ર કે ઔષધ વગેરે કલ્પ્ય છે.

ઉત્થાન :-

વ્યવહારને અભિમત કલ્પ્ય નિશ્ચયથી ક્યારે અકલ્પ્ય બને છે ? અને વ્યવહારને અભિમત અકલ્પ્ય પણ નિશ્ચયથી ક્યારે કલ્પ્ય બને છે ? તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

देशं ..... कल्प्यम् ।। દેશ, કાળ, પુરુષ, અવસ્થા, ઉપયોગ, શુદ્ધિ અને પરિણામને વિચારીને (નિશ્ચયને અભિમત) કલ્પ્ય થાય છે, (વ્યવહારને અભિમત એવું) કલ્પ્ય એકાંતથી કલ્પ્ય નથી. ॥૨૧॥

વિશેષાર્થ :-

'अहागडाइं' સૂત્રમાં મૌનનું જ તાત્પર્ય છે એમ લુંપાક કહે છે, તેને ગ્રંથકાર કહે છે - ગ્રંથના અધ્યયનનો સ્વરસ, તે સૂત્રથી સ્યાદ્વાદના સ્થાપનનો છે; અને તેની જ પુષ્ટિ કરતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે બતાવ્યું છે કે, સૂત્રકૃતાંગના વૃત્તિકારે વાચકવચનને સમિતિરૂપે કહ્યું છે, તેનો આશય એ છે કે 'अहागडाइं' સૂત્રની વૃત્તિમાં કલ્પ્યાકલ્પ્યના સ્યાદ્વાદના સ્થાપનને ભાષાસમિતિરૂપે બતાવેલ છે. તેથી જ નક્કી થાય છે કે, જે વ્યક્તિ ઉચિત રીતે કલ્પ્યાકલ્પ્યને જોડીને સ્યાદ્વાદને સ્થાપન કરે તે ભાષાસમિતિ છે, માટે મુનિએ સ્યાદ્વાદને બતાવવો એ ભાષાસમિતિ છે. પરંતુ શક્તિસંપન્ન મુનિ તેવા સ્થાપનમાં મૌન સ્વીકારે તો ભાષાસમિતિનો નાશ થાય, તેથી વચનગુપ્તિનો પણ નાશ થાય. માટે સાધુએ સ્યાદ્વાદ કહેવો જોઈએ, એ જ અર્થ બતાવવા 'अहागडाइं' સૂત્ર છે.

આનાથી એ ફલિત થાય છે કે, 'अहागडाइं' સૂત્ર જેમ શક્તિસંપન્ન વ્યક્તિને સ્યાદ્વાદસ્થાપનનું કહે છે તેમાં હિંસા કે વૃત્તિચ્છેદનો દોષ નથી; તેમ જે દાન દોષરૂપ હોય તેનો નિષેધ કરવામાં, કે જે ઉચિત દાન હોય તેની વિધિ કરવામાં, 'ये तु दानं प्रशंसन्ति' સૂત્ર લાગે નહિ. પરંતુ જે દાતા સાચું સમજાવી શકાય તેવો ન હોય, ત્યારે તેને દાનનો નિષેધ કરવામાં વૃત્તિચ્છેદનો દોષ લાગે; અને જે પાત્રને બીજાધાન કરી શકાય તેમ ન હોય તેવા દાનની પ્રશંસા કરવામાં પ્રાણિવધની અનુમતિ પ્રાપ્ત થાય. પરંતુ શક્તિસંપન્ન વ્યક્તિ હોય તે દેશ, કાલ આદિને ઉચિત હોય તો સાચું સ્થાપન કરે તો શ્રોતાને યથાર્થ જ્ઞાન થાય, તેથી તે ઉચિત પ્રવૃત્તિ કરી શકે, માટે મૌન લેવાય નહિ.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, ઉચિત સ્થાને મૌન સંમતિ જ બતાવે છે, અને ભગવાને સૂર્યાભદેવને નાટ્યકરણ સંબંધી ઉત્તર ન આપ્યો, તેથી ભગવાનની તેમાં સંમતિ જ છે. **॥૨૧॥**

અવતરણિકા :-

અનિષેધાનુમતિમેવ સદૃષ્ટાન્તમુપપાદયતિ -

અવતરણિકાર્થ :-

અનિષેધની અનુમતિને જ દૃષ્ટાંત દ્વારા ઉપપાદન કરતાં કહે છે -

શ્લોક :-

ज्ञातैः शल्यविषादिभिर्नु भरतादीनां निषिद्धा यथा,
कामा नो जिनसद्मकारणविधिर्व्यक्तं निषिद्धस्तथा ।
तीर्थेशानुमते परानुमतेर्द्रव्यस्तवे किं ततो,
नेष्टा चेज्ज्वरिणां ततः किमु सिता माधुर्यमुन्मुञ्चति ।।२२।।

શ્લોકાર્થ :-

શલ્ય-વિષાદિ દૃષ્ટાંત વડે જેમ ભરતાદિને કામ=વિષયો, નક્કી નિષેધ કરાયા, તેમ જિનભવન કરાવવાની વિધિ વ્યક્ત નિષેધ કરાઈ નથી. તેથી કરીને તીર્થેશ વડે અનુમત એવું દ્રવ્યસ્તવ હોતે છતે, પર એવા લુંપાકની અનનુમતિથી શું ? તે જ વાતને દૃષ્ટાંતથી બતાવતાં કહે છે - જો તાવવાળાને સાકર ઈષ્ટ ન લાગે, તેથી શું (સાકર) મધુરતાને છોડી દે છે ? અર્થાત્ નથી છોડતી. ॥૨૨॥

ટીકા :-

'ज्ञातैरितिः' :- 'नु' इति निश्चये, शल्यविषादिभिः ज्ञातैः=दृष्टान्तैः यथा भरतादीनां कामा निषिद्धाः तथा जिनसद्मकारणविधिर्व्यक्तं न निषिद्धः । श्रूयते च स आगमे - 'थूभसयं भाउयाणं चउवीसं च जिणघरे कासी' । **(उत्तरार्द्धं -** सव्वजिणाणं पडिमा वण्णपमाणेहिं निअएहिं **आ० नि० भा० ४५) इत्यादिना ।**

ટીકાર્થ :-

'नु' इति ..... इत्यादिना । **શલ્ય-વિષાદિના દૃષ્ટાંતથી જેમ ભરતાદિને કામ=વિષયો, નક્કી નિષેધ કરાયા, તેમ જિનાલય બનાવવાની વિધિ વ્યક્ત નિષિદ્ધ કરાઈ નથી, અને થૂભસયં... ઈત્યાદિ દ્વારા જિનભવન ભરતે કરાવ્યાં તે આગમમાં સંભળાય છે.**

થૂભસયં ..... નિઅએહિં । (ભરતે) ભાઈઓના સો સ્તૂપ અને (ચોવીસ તીર્થંકર) ચોવીસ જિનાલય બનાવ્યાં. (ઉત્તરાર્ધ - નિજ નિજ વર્ણપ્રમાણ સર્વ જિનેશ્વરોની પડિમા ભરાવી ઈત્યાદિ વડે જિનભવનો ભરતે કરાવ્યાં તે સંભળાય છે.)

ટીકા :-

यदि च स दुष्टः स्यात्तदा कामादिवदेव निषिध्येत, न च तथा निषिद्ध इत्यनुमत इत्येवानुमीयते ।

आह च -

'एस अणुमओ च्चिय, अप्पडिसेहाओ तंतज्जुत्तीए' त्ति । तथा 'ओसरणे बलिमाई भरहाईण न निवारियं तेण । जह तेसिं चिय कामा सल्लविसाइएहिं णाएहिं' ।।१।।

एवं च तीर्थेशानुमते द्रव्यस्तवे परानुमतेः=द्विषाऽननुमोदनात्, किं स्यात् ? न किञ्चिदित्यर्थः । इदमेव प्रतिवस्तूपमया द्रढयति । चेत्=यदि ज्वरिणां सिता=शर्करा, नेष्टा=नाभिमता, तत्किं माधुर्यं=स्वभावसिद्धं मधुरतागुणमुन्मुञ्चति ? नैवोन्मुञ्चति । तद्वद्भगवदनुमतस्य द्रव्यस्तवस्यान्यद्वेषमात्रान्नासुन्दरत्वमिति गर्भार्थः ।।२२।।

ટીકાર્થ :-

यदि च ..... अनुमीयते ।। **અને જો તે અર્થાત્ જિનાલય બનાવવાં દુષ્ટ હોત તો ભગવાને કામાદિની જેમ જ (તેનો) નિષેધ કર્યો હોત; અને તે પ્રમાણે નિષેધ કરાયો નથી, એથી કરીને અનુમત જ છે, એ પ્રકારે અનુમાન કરાય છે.**

आह च **અને કહે છે, અર્થાત્ તે પ્રકારે નિષિદ્ધ નથી એથી કરીને અનુમત જ છે, એ પ્રકારે અનુમાન કરાય છે. તેમાં સાક્ષી કહે છે -**

एस ..... त्ति । આ દ્રવ્યસ્તવ અપ્રતિષેધના કારણે તંત્રયુક્તિથી'न निषिद्धं अनुमतं' એ તંત્રયુક્તિથી, અનુમત જ છે. त्ति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

'तथा' समुच्चय अर्थमां छे.

ओसरण ..... णाएहिं ।। ભગવાન વડે સમવસરણમાં ભરતાદિનાં બલિ આદિ નિવાર્યા નથી, જે પ્રમાણે તેઓનાં જ શલ્યવિષાદિના દૃષ્ટાંતથી કામ (વિષયો) નિવાર્યા છે.

✪ बलिमाई અહીં 'आदि' થી ચૈત્યકરણ લેવું.

एवं च ..... इत्यर्थः । અને એ પ્રમાણે તીર્થેશ વડે અનુમત દ્રવ્યસ્તવમાં ભગવાનની પ્રતિમાના શત્રુ એવા લુંપાકની અનનુમોદનાથી શું થાય ? અર્થાત્ કાંઈ નહિ. એ પ્રમાણે અર્થ છે.

इदमेव ..... गर्भार्थः ।। **આ જ વાતને પ્રતિવસ્તુની=સદૃશ વસ્તુની, ઉપમા દ્વારા દૃઢ કરતાં કહે છે -**

જો તાવવાળાને શર્કરા ઈષ્ટ=અભિમત, નથી, તો શું સ્વભાવસિદ્ધ મધુરતાને તે છોડી દે છે ? અર્થાત્ નથી જ છોડતી. તેની જેમ ભગવાન વડે અનુમત દ્રવ્યસ્તવનું અન્યના દ્વેષમાત્રથી અસુંદરપણું નથી. એ પ્રમાણે તાત્પર્યાર્થ છે. ॥૨૨॥

અવતરણિકા :-

યત્યનુમોદ્યત્વમેવ દ્રવ્યસ્તવસ્ય સૂત્રનીત્યા સ્થાપયન્ પરમાક્ષિપતિ -

અવતરણિકાર્થ :-

દ્રવ્યસ્તવના યતિના અનુમોદ્યપણાને જ સૂત્રનીતિથી સ્થાપન કરતાં પરને આક્ષેપ કરે છે -

શ્લોક :-

साधूनां वचनं च चैत्यनमनश्लाघार्चनोद्देशतः,
कायोत्सर्गविधायकं ह्यनुमतिं द्रव्यस्तवस्याह यत् ।
तत्किं लुम्पक ! लुम्पतस्तव भयं दुःखौघहालाहल-
ज्वालाजालमये भवाहिवदने पातेन नोत्पद्यते ।।२३।।

શ્લોકાર્થ :-

ચૈત્યનમન, શ્લાઘા અને અર્ચનાદિના ઉદ્દેશથી કાયોત્સર્ગવિધાયક એવું જે સાધુઓનું નિશ્ચિત વચન, (=વંદણવત્તિયાએ ઈત્યાદિ નિશ્ચિત વચન) દ્રવ્યસ્તવની અનુમતિને કહે છે. તે વચનનો લોપ કરતાં હે લુંપક ! તને દુઃખના સમૂહરૂપ હાલાહલની (ઝેરની) જ્વાલાજાલમય સંસારરૂપ સાપના મોઢામાં પાત વડે શું ભય ઉત્પન્ન થતો નથી ? ॥૨૩॥

ટીકા :-

'साधूनामित्यादि' :- साधूनां=परमार्थतश्चारित्रवतां, चैत्यनमनश्लाघार्चनोद्देशतः=चैत्यवन्दनाद्युद्देशेन, कायोत्सर्गविधायकं=कायोत्सर्गकरणप्रतिज्ञाऽऽपादकं, हि=निश्चितं, वचनं द्रव्यस्तवस्य यत् अनुमतिम्=अनुमोदनाम्, आह-हे लुम्पक ! तद्वचनं लुम्पतस्तव भवाहिवदने=संसारभुजगवक्त्रकोडे, पातेन कृत्वा भयं नोत्पद्यते ? अयुक्तमेतत्तवेति व्यङ्ग्यम् । भवाहिवदने किं भूते ? दुःखौघ एव हालाहलम्, तस्य यत् ज्वालाजालं विभावसुव्याप्तिरूपं तन्मये ।

ટીકાર્થ :-

साधूनां ..... तन्मये । ચૈત્યનમન, શ્લાઘા-અર્ચનાદિના ઉદ્દેશથી=ચૈત્યવંદનાદિના ઉદ્દેશથી,

કાયોત્સર્ગવિધાયક=કાયોત્સર્ગકરણપ્રતિજ્ઞાઆપાદક, એવું જે સાધુઓનું=પરમાર્થથી ચારિત્રવાળાઓનું, નિશ્ચિત વચન, દ્રવ્યસ્તવની અનુમોદનાને કહે છે, તે વચન લોપતાં હે લુંપક ! તને સંસારરૂપ સાપના મુખમાં પડવા વડે કરીને શું ભય ઉત્પન્ન થતો નથી ? આ કથનથી, 'તને આ અયુક્ત છે,' એ પ્રમાણે વ્યંગ્ય (અર્થ) છે.

ભવરૂપ સાપનું મુખ કેવા પ્રકારનું છે, તે બતાવતાં કહે છે - દુઃખના સમૂહરૂપ જહાલાહલ (ઝેર), તેની જે જ્વાલાજાલ=વિભાવસુની=અગ્નિની, વ્યાપ્તિ રૂપ જ્વાલાજાલ, તન્મય (આ સંસાર) છે.

ટીકા :-

सूत्रं चेदं स्पष्टमेव - 'अरिहंतचेइयाणं' इत्यादि, अस्यार्थः=अर्हतां=भावार्हतां, चैत्यानि=चित्तसमाधिजनकानि प्रतिमालक्षणानि अर्हच्चैत्यानि, तेषां वन्दनादिप्रत्ययं कायोत्सर्गं करोमीति सम्बन्धः । कायोत्सर्गः=स्थानमौनध्यानं विना क्रियान्तरत्यागः । तं करोमि । किं निमित्तम् ? इत्याह-'वंदणवत्तियाए' इत्यादि । वन्दनं=प्रशस्तमनोवाक्कायप्रवृत्तिः, तत्प्रत्ययं=तन्निमित्तम्, यादृग्वन्दनात्पुण्यं स्यात्, तादृक्कायोत्सर्गादपि मे भवत्वित्यर्थः । 'वत्तिआए त्ति' आर्षत्वात्सिद्धम् । 'पूअणवत्तिआए'-पूजनं=गन्धमाल्यादिभिरर्चनं, तत्प्रत्ययम् । 'सक्कारवत्तिआए' सत्कारो वस्त्राभरणादिभिः, तत्प्रत्ययम् ।

ટીકાર્થ :-

सूत्रं च ..... वस्त्राभरणादिभिः, तत्प्रत्ययम् । અને આ સૂત્ર=ચૈત્યવંદનાદિના ઉદ્દેશથી કાયોત્સર્ગ વિધાયક સૂત્ર, સ્પષ્ટ જ (આ પ્રમાણે) છે -

'અરિહંત ચેઈઆણં' ઈત્યાદિ. એનો અર્થ આ પ્રમાણે -

અરિહંતોના=ભાવઅરિહંતોના, ચૈત્ય=ચિત્તસમાધિજનક પ્રતિમાલક્ષણ અરિહંતચૈત્યો, તેઓના વંદનાદિ નિમિત્તે કાયોત્સર્ગ કરું છું. એ પ્રમાણે સંબંધ છે.

કાયોત્સર્ગ=કાયાથી સ્થાન, વચનથી મૌન અને મનથી ધ્યાન વિના અન્ય ક્રિયાઓનો ત્યાગ, તેને કરું છું. કયા નિમિત્તે ? એથી કરીને કહે છે - વંદન નિમિત્તે ઈત્યાદિ.

(વંદન નિમિત્તે કાઉસ્સગ્ગ કરું છું, એમ કહ્યું તેનું જ તાત્પર્ય સ્પષ્ટ કરે છે -)

'વંદણવત્તિઆએ...' વંદન=પ્રશસ્ત મન, વચન, કાયાની પ્રવૃત્તિ, તેના નિમિત્તે (કાઉસ્સગ્ગ કરું છું.)

જેવા પ્રકારનું વંદનથી પુણ્ય થાય તેવા પ્રકારનું (પુણ્ય) કાયોત્સર્ગથી મને થાઓ, એ પ્રકારે 'વંદણવત્તિઆએ' નો અર્થ છે.

'વત્તિઆએ' એ પ્રમાણે પ્રયોગ, આર્ષપણાથી પ્રત્યય=નિમિત્ત, અર્થમાં સિદ્ધ છે.

પૂઅણવત્તિઆએ પૂજન=ગંધમાલ્યાદિ દ્વારા અર્ચન, તેના નિમિત્તે (કાઉસ્સગ્ગ કરું છું.)

સક્કારવત્તિઆએ વસ્ત્રાભરણાદિ દ્વારા સત્કાર, તેના નિમિત્તે (કાઉસ્સગ્ગ કરું છું.)

ટીકા :-

ननु, एतौ पूजासत्कारौ द्रव्यस्तवत्वात्साधोः 'छज्जीवकायसंजमो' **इत्यादिवचनप्रामाण्यात्कथं नानुचितौ ? श्रावकस्य तु साक्षात् तौ कुर्वतः कायोत्सर्गद्वारेण तत्प्रार्थने कथं न नैरर्थक्यम् ? उच्यते-साधोर्द्रव्यस्तवनिषेधः स्वयंकरणमाश्रित्य, न तु कारणानुमती, यतो** 'अकसिणपवत्तगाणं' **इत्याद्युपदेशदानतः कारणसद्भावः, भगवतां विशिष्टपूजनादिदर्शने प्रमोदादिनाऽनुमतिरप्यस्ति । यदुक्तम् -**

'सुव्वइ य वयररिसिणा, कारवणं पिय अणुट्ठियमिमस्स ।

वायगगंथेसु तहा आगया (एयगया) देसणा चेव ।।१।। **(षष्ठपञ्चा० गा० ४५)**

श्रावकस्य त्वेतौ संपादयतोऽपि भक्त्यतिशयादाधिक्यसंपादनार्थं प्रार्थयमानस्य न नैरर्थक्यम् । किञ्च, एते भगवन्तोऽत्यादरेण वन्द्यमानाः पूज्यमाना अप्यनन्तगुणत्वान्न वन्दिताः पूजिताः स्युरत्र दशार्णभद्रो दृष्टान्तः ।

ટીકાર્થ :-

ननु ..... नैरर्थक्यम् ? પૂર્વપક્ષી કહે છે કે, આ પૂજા અને સત્કાર દ્રવ્યસ્તવરૂપ હોવાથી, 'છ જીવકાયનો સંયમ' ઈત્યાદિ વચન પ્રામાણ્યથી, સાધુને શું અનુચિત નહિ ગણાય ? વળી સાક્ષાત્ તે= પૂજા-સત્કાર, કરતા શ્રાવકને કાયોત્સર્ગ દ્વારા તેની પ્રાર્થના કરવામાં શું નિરર્થકપણું નથી ?

उच्यते - પૂર્વપક્ષીની શંકાનો ઉત્તર આપતાં કહેવાય છે -

साधोः ..... अनुमतिरप्यस्ति । સાધુને સ્વયં કરવાની અપેક્ષાએ દ્રવ્યસ્તવનો નિષેધ છે, પરંતુ કરાવણ અને અનુમોદનાનો નિષેધ નથી. જેથી 'अकसिणपवत्तगाणं'='અપરિપૂર્ણ સંયમવાળાઓને' ઈત્યાદિ ઉપદેશદાનથી કરાવણનો સદ્ભાવ છે, (અને) ભગવાનની વિશિષ્ટ પૂજનાદિના દર્શનમાં પ્રમોદાદિથી અનુમતિ પણ છે.

यदुक्तम् - જે કારણથી કહેવાયું છે, અર્થાત્ સાધુને કરાવણ અને અનુમોદનને આશ્રયીને દ્રવ્યસ્તવનો નિષેધ નથી, એ પ્રમાણે પૂર્વમાં જે કહ્યું તે જ પંચાશકમાં કહેવાયું છે -

सुव्वइ .... चेव ।। આવશ્યકનિર્યુક્તિમાં સંભળાય છે કે, વજ્રઋષિ વડે આનું=પુષ્પાદિ દ્રવ્યસ્તવનું, કરાવણ પણ અનુષ્ઠિત=આસેવિત, છે, અને વાચક ગ્રંથોમાં एतद्गता=દ્રવ્યસ્તવવિષયક, દેશના=પ્રરૂપણા છે.

✪ અહીં પ્રતિમાશતક મુદ્રિત પુસ્તકમાં **आगया** છે, ત્યાં પંચાશકમાં **'एयगया'** પાઠ છે.

✪ **'तथा'** શબ્દ વાક્યના ઉપક્ષેપમાં છે, માટે વાક્યની આદિમાં મુકાય છે, અર્થાત્ વજ્રઋષિના કથન પછી વાચકગ્રંથના કથનનો પ્રારંભ કરવા માટે વાક્યની આદિમાં **'तथा'** શબ્દ મુકાયેલ છે, પરંતુ **'तथा'** શબ્દનો કોઈ અર્થ કરવાનો નથી.

✪ **'चैव'** શબ્દ બે કથનના સમુચ્ચયમાં છે. આ અર્થ પંચાશકની વૃત્તિ પ્રમાણે કરેલ છે.

ટીકાર્થ :-

श्रावकस्य ..... नैरर्थक्यम् । વળી આ બંનેને=પૂજા અને સત્કારને, સંપાદન કરતા પણ શ્રાવકને ભક્તિના અતિશયથી અધિકપણાના સંપાદન માટે પ્રાર્થના કરતા એવા શ્રાવકના પૂજા અને સત્કારનું નિરર્થકપણું નથી.

વિશેષાર્થ :-

જેમ કોઈ વ્યક્તિ એક ભગવાનની સારામાં સારી ભક્તિ કરે તો પણ, અન્ય ભગવાનની ભક્તિની આકાંક્ષા રાખે છે, તેથી જ તે ભક્તિમાં અતિશયતા આવે છે; તે રીતે જે શ્રાવક સાક્ષાત્ પૂજા અને સત્કાર કરે છે, અને સમ્યગ્ પરિણત શ્રાવક હોય તો પોતાની શક્તિને અનુરૂપ સર્વોત્તમ સામગ્રીથી, અને ભગવાનના યથાર્થ સ્વરૂપને જાણતો હોવાને કારણે બહુમાનના અતિશયથી, તે પૂજા-સત્કાર કરતો હોય તો પણ, તે પૂજા-સત્કારનું ફળ કાયોત્સર્ગથી પણ પોતાને પ્રાપ્ત થાઓ, એ પ્રકારના અધ્યવસાયરૂપ ભક્તિના અતિશયથી અધિકતા સંપાદન કરવા માટે પ્રાર્થના કરે. તે શ્રાવક સાક્ષાત્ પોતે પૂજા-સત્કાર કરે છે, પરંતુ કાયોત્સર્ગ દ્વારા પણ પૂજા-સત્કારનું ફળ મને પ્રાપ્ત થાઓ, એ જ અધિકતા સંપાદનરૂપ છે; અને તે કરવાથી તે વખતે ભક્તિનો અતિશય પ્રગટે છે. કેમ કે જેમને પૂજા-સત્કારનું મહત્ત્વ હોય તે વ્યક્તિ પૂજા-સત્કારના ફળને કાયોત્સર્ગ દ્વારા પણ પ્રાપ્ત કરવા માટે ઈચ્છે છે ત્યારે, પૂજા-સત્કારકાળમાં વર્તતી ભક્તિ કાયોત્સર્ગકાળમાં અધિક વૃદ્ધિ પામે છે.

ઉત્થાન :-

પૂર્વમાં શ્રાવકને વંદન, પૂજન અર્થે કાઉસ્સગ્ગ કરવો નિરર્થક નથી, તેનું સ્થાપન કર્યું. હવે તે જ વાતને દશાર્ણભદ્રના દૃષ્ટાંતથી વધારે સ્પષ્ટ કરતાં કહે છે -

ટીકાર્થ :-

किञ्च .....दृष्टान्तः । વળી આ ભગવાન અતિ આદરથી વંદાતા, પૂજાતા પણ અનંતગુણપણું હોવાથી વંદિત, પૂજિત ન થાય. અહીંયાં દશાર્ણભદ્રનું દૃષ્ટાંત છે.

ઉત્થાન :-

'ननु' થી પૂર્વપક્ષીએ શંકા કરી અને 'उच्यते' થી ગ્રંથકારે ઉત્તર આપ્યો, તેના નિગમનરૂપે કહે છે.

ટીકા :-

तदेवं पूजासत्कारौ भावस्तवहेतुत्वाद्भणनीयौ एवेति ।

ટીકાર્થ :-

तदेवं ..... एवेति । **તે આ રીતે=દશાર્ણભદ્રના દૃષ્ટાંતમાં બતાવ્યું એ રીતે, પૂજા-સત્કાર, ભાવસ્તવના હેતુ હોવાથી કરવાં જ જોઈએ.**

વિશેષાર્થ :-

દશાર્ણભદ્ર રાજા ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિવાળા હતા, અને ભક્તિના અતિશયથી ભગવાનને વંદન-પૂજન કરવા માટે જતા હતા, તેથી તેમની તે ગમનક્રિયા પણ વંદન-પૂજનની ક્રિયારૂપ હતી. તેથી તે વખતે અતિ આદરથી ભગવાન વંદાતા-પૂજાતા હતા, તો પણ ભગવાનમાં અનંત ગુણો છે અને તે સર્વ ગુણોથી ભગવાન વંદન કરાતા, પૂજાતા ન હતા. યદ્યપિ તે સર્વ ગુણો પ્રત્યે ઓઘથી અતિ આદર દ્વારા વંદન-પૂજન કરાતા હતા, તો પણ વિશેષરૂપે વંદન-પૂજન કરાતા ન હતા. પરંતુ જ્યારે દશાર્ણભદ્ર રાજા ઈન્દ્રના વૈભવને જોઈને સંસાર પ્રત્યે વિરક્ત ભાવવાળા થાય છે, અને સંયમના પરિણામવાળા થાય છે, તે વખતે ભગવાન વિશેષરૂપે વંદિત-પૂજિત બને છે, પરંતુ તે વખતે પણ સામર્થ્યયોગના નમસ્કારથી ભગવાન વંદિત-પૂજિત થતા નથી. ભગવાનને વંદન-પૂજનને અનુકૂળ અનેક ભૂમિકાઓ છે, તેથી જે જે ગુણના સેવનપૂર્વક ભગવાન વંદાય છે, ત્યારે તેનાથી ઉપરની ભૂમિકાના ગુણના સેવનથી તે વંદાતા નથી. વંદનક્રિયાકાળમાં જે ભૂમિકા પોતાને નિષ્પન્ન થાય, તે ભૂમિકાના ગુણથી ભગવાન વંદાય છે અને પૂજાય છે, તેની ઉપરની ભૂમિકાના ગુણથી નહિ. આથી જ દશાર્ણભદ્ર રાજાએ સંયમ ગ્રહણ કરીને સંયમના પાલનરૂપ ગુણથી ભગવાનને વંદન-નમસ્કાર કર્યા, તેની પૂર્વમાં તે ગુણથી ભગવાનને વંદન-પૂજન કરી શક્યા નહિ.

આનાથી એ ફલિત થયું કે, કોઈ શ્રાવક અતિ આદરથી સાક્ષાત્ ભગવાનને વંદન-પૂજન-સત્કાર કરતો હોય તેવો શ્રાવક પણ કાયોત્સર્ગ દ્વારા વંદન-પૂજનના ફળની અભિલાષા કરે, તે ઉચિત જ છે. કેમ કે પૂર્વમાં જે વંદન-પૂજન આદિ શ્રાવક કરે છે, તેની ઉપરની ભૂમિકા સંપાદન કરવા માટે ફરી કાયોત્સર્ગ દ્વારા વંદન-પૂજનના ફળની અભિલાષા કરવી ઉચિત છે. જેમ એક ભગવાનની પૂજા કર્યા પછી ફરી બીજા ભગવાનની પૂજા કરવાથી ભગવાનની ભક્તિના સંસ્કાર દૃઢ થવાથી ઉપરની ભૂમિકા સંપાદન થાય છે. આથી જ દશાર્ણભદ્ર રાજા પૂર્વમાં વંદન-પૂજન કરતા હતા તો પણ સંયમગ્રહણ દ્વારા વિશેષ પ્રકારનું વંદન કરવું તેમના માટે ઉચિત જ હતું. તેમ શ્રાવકને પણ વિશેષ ફળના સંપાદન માટે કાયોત્સર્ગ કરવો ઉચિત જ છે.

જેમ દશાર્ણભદ્ર રાજાએ અતિ આદરપૂર્વક ભગવાનના પૂજા-સત્કાર કર્યા અને ઈન્દ્રની સમૃદ્ધિના

નિમિત્તને પામીને તે પૂજા-સત્કાર ભાવસ્તવના હેતુ બન્યા, તેમ જે જીવ ગુણસંપન્ન એવા ભગવાનના પૂજા-સત્કાર કરતો હોય તે જીવનો સંયમનો તીવ્ર રાગ પુષ્ટ બનતો હોય છે, અને પુષ્ટ બનેલો તે રાગ કોઈ તથાવિધ નિમિત્તને પામીને સંયમના પરિણામને ઉલ્લસિત કરવાનું કારણ બને છે. માટે શ્રાવક ભગવાનના પૂજા-સત્કાર કરીને પણ ફરી તેના ફળ અર્થે કાયોત્સર્ગ કરે તે ઉચિત જ છે. જેમ એક ભગવાનની પૂજા કર્યા પછી ફરી બીજા ભગવાનની પૂજાથી તે ભાવ પુષ્ટ બને છે, તેમ વંદન-પૂજન કર્યા પછી ફરી તે જ ફળના અર્થે કાયોત્સર્ગ કરવાથી તે ભાવ પુષ્ટ બને છે.

ટીકા :-

'सम्माणवत्तिआए' सन्मानः=स्तवादिभिर्गुणोत्कीर्त्तनं, तत्प्रत्ययम् । अथ एता वन्दनाद्याशंसाः किमर्थम् ? इत्याह - 'बोहिलाभवत्तिआए' बोधिलाभः=प्रेत्य जिनधर्मप्राप्तिः, तत्प्रत्ययम् । एषोऽपि किं निमित्तम् ? इत्याह- 'निरुवसग्गवत्तिआए' निरुपसर्गो=जन्माद्युपसर्गरहितो मोक्षः, तत्प्रत्ययं च ।

ટીકાર્થ :-

सम्माणवत्तिआए .....तत्प्रत्ययम् । **સન્માન=સ્તવાદિ વડે ગુણોત્કીર્તન તે સન્માન, તેના નિમિત્તે (કાયોત્સર્ગ કરું છું.)**

अथ ..... इत्याह - **આ વંદનાદિ આશંસા શા માટે છે, એથી કરીને કહે છે -**

बोहिलाभवत्तिआए ..... तत्प्रत्ययम् । **બોધિલાભ=પરલોકમાં જિનધર્મની પ્રાપ્તિ, તેના નિમિત્તે (કાયોત્સર્ગ કરું છું)**

एषोऽपि ..... इत्याह - **બોધિની પ્રાપ્તિ પણ શા નિમિત્તે છે, એથી કરીને કહે છે -**

निरुवसग्गवत्तियाए ..... तत्प्रत्ययं च । **નિરુપસર્ગ=જન્માદિ ઉપસર્ગરહિત મોક્ષ, તેના નિમિત્તે (કાયોત્સર્ગ કરું છું.)**

ટીકા :-

अयं च कायोत्सर्गः श्रद्धादिरहितः क्रियमाणोऽपि नेष्टसाधक इत्यत आह- 'सद्धाए' इत्यादि, श्रद्धया=स्वाभिप्रायेण न बलाभियोगादिना । मेधया=हेयोपादेयपरिज्ञानरूपया न जडत्वेन, मर्यादावर्त्तितया वा नासमञ्जसत्वेन । धृत्या=मनःस्वास्थ्येन न रागाद्याकुलतया । धारणया= अर्हद्गुणाविस्मरणरूपया न तच्छून्यतया । अनुप्रेक्षया=अर्हद्गुणानामेव पुनः पुनश्चिन्तनेन न तद्वैकल्येन । 'वर्द्धमानये'ति प्रत्येकं श्रद्धादिभिः सम्बध्यते । एवमेतैर्हेतुभिस्तिष्ठामि=करोमि कायोत्सर्गमिति वृत्तिः ।

ટીકાર્થ :-

અયં ચ ..... ઇત્યાદિ, અને આ કાયોત્સર્ગ શ્રદ્ધાદિરહિત કરાતો પણ ઈષ્ટસાધક બનતો નથી. એથી કરીને કહે છે - 'सद्धाए' શ્રદ્ધા વડે ઈત્યાદિ.

'श्रद्धया' - સ્વાભિપ્રાયથી, બલાભિયોગાદિથી નહિ.

'मेधया' - હેયોપાદેયના પરિજ્ઞાનરૂપ મેધાથી, પરંતુ જડપણાથી નહિ, અથવા મર્યાદામાં રહેવાથી અસમંજસપણાથી નહિ.

धृत्या - મનના સ્વાસ્થ્યથી, રાગાદિની આકુળતાથી નહિ.

धारणया - અર્હદ્ગુણના અવિસ્મરણરૂપ ધારણાથી, તત્ શૂન્યતાથી નહિ.

अनुप्रेक्षया - અર્હદ્ગુણોના જ પુનઃ પુનઃ ચિંતનથી, તદ્વૈકલ્યથી નહિ.

वर्द्धमानयेति ..... सम्बध्यते । વધતી એવી, એ પ્રમાણે શ્રદ્ધાદિ પ્રત્યેક સાથે સંબંધ કરાય છે. અર્થાત્ વધતી એવી શ્રદ્ધાથી, વધતી એવી મેધાથી, ઈત્યાદિ...

एवम् ..... वृत्तिः । આ પ્રમાણે આ હેતુઓથી હું કાયોત્સર્ગ કરું છું. એ પ્રમાણે આ સૂત્રની વૃત્તિ જાણવી.

વિશેષાર્થ :-

'श्रद्धया' પોતાના અભિપ્રાયથી, બલાભિયોગાદિથી નહિ. યદ્યપિ બલાભિયોગથી કાયોત્સર્ગ કરનાર જીવ ક્વચિત્ હોઈ શકે, પરંતુ પોતાની ઈચ્છાથી જે કાયોત્સર્ગ કરનાર વર્ગ પ્રાપ્ત થાય છે, તેમાં પણ તાત્ત્વિક શ્રદ્ધાથી જેઓ કરતા નથી, તેમની વ્યાવૃત્તિ બલાભિયોગાદિમાં કહેલ 'આદિ' પદથી થાય છે.

જે જીવને સામાન્યથી બોધ છે કે સંસારમાં સાંસારિક સુખો ધનથી બહુલતાએ પ્રાપ્ત થાય છે, તેથી ધનના ઉપાર્જન અર્થે તે જ પ્રકારની રુચિથી તે યત્નવાળો થાય છે, અર્થાત્ ધન એ મારા સુખનું સાધન છે, તે જ પ્રકારની રુચિથી યત્નવાળો થાય છે. તેમ જે જીવને એમ લાગે કે સાચું સુખ મુક્ત અવસ્થામાં જ છે, અને તે નિરાકાંક્ષ ચિત્તવૃત્તિરૂપ હોવાને કારણે સુખના સંવેદનરૂપ બને છે, અને તે સુખપ્રાપ્તિનો ઉપાય સમ્યક્ પ્રકારે સેવાયેલો જિનધર્મ જ છે, કેમ કે જિનધર્મને સેવવાથી જ ચિત્ત નિરાકાંક્ષ વૃત્તિ તરફ જાય છે, અને જન્માંતરમાં પણ જિનધર્મની પ્રાપ્તિ તેવા ઉત્તમ ગુણોવાળા પરમાત્માના પૂજા-સત્કાર આદિથી જ થાય છે, તેવા જીવોને એમ થાય કે ભગવાનના પૂજા-સત્કારના ફળને પ્રાપ્ત કરીને હું સંસારથી નિસ્તારને પામું. આ પ્રકારના પોતાના અભિપ્રાયથી જ્યારે કાયોત્સર્ગ કરવામાં આવે છે, ત્યારે શ્રદ્ધાથી તે કાયોત્સર્ગ થયો કહેવાય. અને તે પણ વધતી જતી શ્રદ્ધાથી કરવાનો છે, અને વધતી જતી શ્રદ્ધાથી ત્યારે જ કાયોત્સર્ગ થાય કે સમ્યગ્ વિચારણાને કારણે મોક્ષ અને મોક્ષના ઉપાયોનું મહત્ત્વ સ્પષ્ટ સ્પષ્ટતર થતું જાય. તે જેમ સ્પષ્ટતર બને તેમ તે શ્રદ્ધા વૃદ્ધિમત્ બને છે.

'मेधया' મેધાપૂર્વક કાયોત્સર્ગ કરવાનો છે, જે હેય-ઉપાદેયના પરિજ્ઞાનરૂપ છે; પરંતુ જડપણાથી કરવાનો નથી.

ભગવાનના સ્વરૂપમાં બુદ્ધિનો સમ્યગ્ ઉપયોગ કાઉસ્સગ્ગની પૂર્વમાં જેણે કરેલો હોય, તે જીવને કાયોત્સર્ગમાં ભગવાનના સ્વરૂપનો સૂક્ષ્મ બોધ થાય છે. તેથી તે સ્વરૂપના સૂક્ષ્મ બોધ પ્રત્યે ઉપાદેય બુદ્ધિ અને તેનાથી વિરુદ્ધ ભાવ પ્રત્યે હેયબુદ્ધિ નિષ્પન્ન થાય છે. અને બોધની સૂક્ષ્મતાને કારણે તે અતિશય અતિશયતર બને છે, અને કાયોત્સર્ગકાળમાં જો ભગવાનના સ્વરૂપના પરિજ્ઞાનમાં ચિત્ત ઉપયુક્ત હોય, તો તે હેય-ઉપાદેયનું પરિજ્ઞાન વૃદ્ધિવાળું બને છે.

મેધાનો અન્ય અર્થ કરતાં કહે છે - મર્યાદામાં રહેવાથી, પરંતુ અસમંજસપણાથી નહિ.

કાયોત્સર્ગની જે શાસ્ત્રીય મર્યાદા છે, તેમાં બુદ્ધિને ઉપયુક્ત કરીને કાયોત્સર્ગ કરવાનો છે. પરંતુ યથા-તથા અસમંજસપણા વડે કરવાનો નથી. તે શાસ્ત્રોક્ત મર્યાદા, પરમાત્માના સ્વરૂપનું કે કાયોત્સર્ગકાળમાં કરાતા પદાર્થના સ્વરૂપનું સમ્યગ્ અવગાહન કરવા માટે કરાતા માનસયત્નસ્વરૂપ છે.

'धृत्या' ધૃતિથી કાયોત્સર્ગ કરવો જોઈએ, પરંતુ રાગાદિની આકુળતાથી નહિ.

કાયોત્સર્ગ મેધાપૂર્વક કરવા છતાં તે માનસઉપયોગ પરમાત્માના સૂક્ષ્મ ભાવોને સ્પર્શે કે કાયોત્સર્ગમાં ચિંતવાતા પદાર્થના સૂક્ષ્મ ભાવોને સ્પર્શે તે રીતે યત્ન કરવો હોય, તો મન સ્વસ્થ જોઈએ, પરંતુ રાગાદિથી આકુળ ન જોઈએ. મેધા વખતે યદ્યપિ માનસયત્ન ત્યાં વર્તે છે, તો પણ તે વખતે મન કષાયોના ઉપશમભાવવાળું હોય, તો જ તે કરાતા માનસયત્નમાં ચિત્તની ઉપશાંત અવસ્થા અતિશય-અતિશયતર થઈ શકે છે; જ્યારે વ્યુત્થાન અવસ્થાવાળું ચિત્ત રાગાદિની આકુળતાવાળું હોવાને કારણે, પદાર્થમાં ઉપયુક્ત હોવા છતાં, પદાર્થના સૂક્ષ્મ ભાવોને સ્ફુરણ કરવામાં અસમર્થ બને છે. તેથી સમ્યગ્ કાયોત્સર્ગના અર્થીએ ચિત્તને તત્ત્વથી વાસિત બનાવીને ધૃતિપૂર્વક કાયોત્સર્ગમાં યત્ન કરવો જોઈએ.

'धारणया' ધારણાથી કાયોત્સર્ગ કરવો જોઈએ અર્થાત્ અરિહંત ભગવાનના ગુણોના અવિસ્મરણરૂપ ધારણાથી કાયોત્સર્ગ કરવાનો છે, પણ તેનાથી શૂન્યપણાથી નહિ.

કાયોત્સર્ગકાળમાં કાયોત્સર્ગના સૂત્રમાં જ ચિત્તને ઉપયુક્ત રાખવાનું છે. તો પણ જે અરિહંત ભગવાનના પૂજા-સત્કારાદિ નિમિત્તે કાયોત્સર્ગ કરાય છે, તે ભગવાનનું સ્વરૂપ જે શાસ્ત્રના બળથી જ્ઞાત છે, તેને=અરિહંતના સ્વરૂપને, બુદ્ધિથી અભિમુખ કરીને કાયોત્સર્ગ કરવાનો છે. સૂત્ર બોલતી વખતે ચિત્ત સૂત્રમાં ઉપયુક્ત હોય છે, અને કાયોત્સર્ગકાળમાં પણ વિચારાતા સૂત્રમાં ચિત્ત ઉપયુક્ત હોય છે; તો પણ સંસ્કારાત્મામાં જે અરિહંતના ગુણો પોતાને જ્ઞાત છે, તે ગુણોને કાયોત્સર્ગ કરતાં પૂર્વે પ્રણિધાનરૂપે ઉપસ્થિત કરેલ હોવાથી, તે પરમાત્માની ભક્તિ નિમિત્તે આ મારી કાયોત્સર્ગ ક્રિયા છે, એ પ્રકારનો પરિણામ ત્યારે વર્તતો હોવાને કારણે, અરિહંતના ગુણના અવિસ્મરણથી જ ચિત્ત સૂત્રમાં ઉપયુક્ત હોવાથી, અરિહંતના ગુણોથી વાસિત

થઈને પ્રવર્તે છે. પરંતુ કોઈ જીવ એ પ્રકારના અંતરંગ યત્ન વગર કાયોત્સર્ગ કરતો હોય, તો જ્ઞાત પણ અરિહંતના ગુણોનું કાયોત્સર્ગકાળમાં વિસ્મરણ હોવાથી, પરમાત્માના ગુણો પ્રત્યેનો પૂજ્યભાવ વૃદ્ધિવાળો થતો નથી. તેથી ધારણાપૂર્વક કાયોત્સર્ગ કરવો જોઈએ.

'**अनुप्रेक्षया**' અરિહંતના ગુણોનું જ ફરી ફરી ચિંતન કરવા વડે કાયોત્સર્ગ કરે, પરંતુ તે ગુણોના ચિંતનથી રહિત નહિ.

યદ્યપિ કાયોત્સર્ગકાળમાં માનસયત્ન સૂત્રના અર્થમાં હોય છે, તો પણ તે કાયોત્સર્ગ ભગવાનની ભક્તિ અર્થે છે; તેથી પરમાત્માના ગુણોને અભિમુખ બુદ્ધિને કરીને કાયોત્સર્ગમાં યત્ન કરવાનો હોય છે, અને તે અનુપ્રેક્ષાકાળમાં પરમાત્માના ગુણો બુદ્ધિની અભિમુખ અતિશય અતિશયતર થયા કરે તે રીતે ઉપયુક્ત થઈને, સૂત્રમાં યત્ન કરવાનો હોય છે. તેથી કાયોત્સર્ગકરણકાળમાં જીવવીર્ય વીતરાગભાવને અભિમુખ પરિણમન પામવામાં પ્રયત્નશીલ હોય છે. આથી જ અનુપ્રેક્ષા એ ક્ષપકશ્રેણીને સન્મુખ પરિણામસ્વરૂપ છે, એમ લલિત વિસ્તરા ગ્રંથમાં કહેલ છે.

આ શ્રદ્ધાદિ ભાવો પ્રાયઃ વ્યક્ત હોવા જોઈએ, જેથી ગુણોની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય. છતાં કોઈ વખતે ચિત્ત તેવું દૃઢ યત્નવાળું ન હોય કે બોધ સૂક્ષ્મ ન હોય ત્યારે, આ શ્રદ્ધાદિ ભાવો બીજરૂપે પણ કોઈકને હોઈ શકે છે.

ઉત્થાન :-

પૂર્વમાં 'અરિહંત ચેઈઆણં' સૂત્ર દ્વારા સાધુને પૂજા-સત્કારની અનુમોદના સંગત છે, તે બતાવ્યું. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે જો દ્રવ્યસ્તવ સાધુને કર્તવ્ય જ ન હોય તો તેની અનુમોદના પણ કરવી યુક્ત કહી શકાય નહિ. તેથી 'અરિહંત ચેઈઆણં' સૂત્રમાં તેનો સ્વીકાર કર્યો છે તે યુક્ત કઈ રીતે કહી શકાય ? તેના સમાધાનરૂપે કહે છે -

ટીકા :-

द्रव्यस्तवानुमोदनापि भाव इति भावस्तवस्योपचयाय कायोत्सर्गद्वारा तदाश्रयणं युक्तम् । अनुमोद्यनिमित्तलोकोपचारविनयोत्कर्षत्वाच्च तदत्यन्तोपयोगः दुर्गतरत्नाकररत्नलाभतुल्यत्वाद्वा यतीनां कृत्यप्रयत्नस्येति भावनीयं सुधीभिः ।।२३।।

ટીકાર્થ :-

द्रव्यस्तव ..... युक्तम् । द्रव्यस्तवनी अनुमोदना पण भाव छे, એથી કરીને ભાવસ્તવના ઉપચય માટે કાયોત્સર્ગ દ્વારા સાધુને તેનું આશ્રયણ=દ્રવ્યસ્તવની અનુમોદનાનું આશ્રયણ, યુક્ત છે.

વિશેષાર્થ :-

દ્રવ્યસ્તવનું આચરણ એ સ્વરૂપથી સાવદ્યક્રિયારૂપ હોવા છતાં ફળથી ભગવદ્ભક્તિસ્વરૂપ છે, જ્યારે દ્રવ્યસ્તવનું અનુમોદન ભગવદ્ભક્તિના બહુમાનસ્વરૂપ જીવના ભાવરૂપ છે, તેથી સ્વરૂપથી પણ સાવદ્ય નથી; અને સાધુ જે ભાવસ્તવ કરી રહ્યા છે, તેના ઉપચયનું કારણ દ્રવ્યસ્તવનું અનુમોદન બને છે, તેથી જ કાયોત્સર્ગ દ્વારા મુનિ દ્રવ્યસ્તવના અનુમોદનનું આશ્રયણ કરે તે યુક્ત છે.

ઉત્થાન :-

વળી તે દ્રવ્યસ્તવની અનુમોદનારૂપ ભાવનો અત્યંત ઉપયોગ કઈ રીતે છે, તે બતાવવાપૂર્વક, યતિઓને તેનું આશ્રયણ યુક્ત છે, તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

अनुमोद्य ..... सुधीभिः ।। **અનુમોદ્યનિમિત્ત લોકોપચાર વિનયનો ઉત્કર્ષ થતો હોવાથી, તેનો=દ્રવ્યસ્તવની અનુમોદનાનો, અત્યંત ઉપયોગ છે; અથવા તો યતિઓના કૃત્યવિષયના પ્રયત્નનું, દુર્ગતને રત્નાકરના રત્નોના લાભ તુલ્યપણું હોવાથી, દ્રવ્યસ્તવની અનુમોદનાનો અત્યંત ઉપયોગ છે, એ પ્રમાણે સુબુદ્ધિવાળાઓ વડે ભાવવું. ।।૨૩।।**

વિશેષાર્થ :-

અનુમોદ્ય એવા દ્રવ્યસ્તવના નિમિત્તથી લોકોપચાર વિનયનો ઉત્કર્ષ થાય છે. કેમ કે સાધુઓ પણ દ્રવ્યસ્તવની અનુમોદના કરે છે, તેવું લોકો જ્યારે જાણે છે, ત્યારે તેઓને પણ એવી બુદ્ધિ થાય છે કે ખરેખર ભગવાનના પૂજા-સત્કાર અત્યંત કર્તવ્ય છે; તેથી મુનિઓ અનુમોદ્ય એવા દ્રવ્યસ્તવનું આશ્રયણ કરે છે, અને તેથી દ્રવ્યસ્તવની અનુમોદનાનો અત્યંત ઉપયોગ છે. કેમ કે લોકો ભગવાનનો ઉપચાર વિનય કરીને નિર્જરાના ભાગી બને એવા પરિણામો અનુમોદના-કરનારના હૈયામાં વર્તતા હોય છે. અથવા તો યતિઓનાં કરણીય કૃત્યો અનેક પ્રકારનાં છે, તેની અંતર્ગત દ્રવ્યસ્તવની અનુમોદના પણ કરણીય કૃત્ય છે; અને તેમાં યતિઓનો જે પ્રયત્ન કરાય છે, તે રત્નોના લાભની તુલ્ય છે. સંસારમાં જીવ જેમ અત્યંત દરિદ્ર અવસ્થાવાળો હોય, અને રત્નાકરના રત્નોનો લાભ થાય, તો દરિદ્ર અવસ્થાકાળમાં પણ તે લાભથી અત્યંત આનંદિત બને છે; તેમ સંસારમાં જન્મની પ્રાપ્તિ થવાથી જીવને દુર્ગત અવસ્થા પ્રાપ્ત થઈ, અને તે અવસ્થામાં યતિઓને કરણીય કૃત્યના વિષયમાં જે પ્રયત્નની પ્રાપ્તિ થઈ, તે રત્નાકરના રત્નોના લાભ તુલ્ય હોવાથી, દ્રવ્યસ્તવની અનુમોદનારૂપ કૃત્ય અત્યંત ઉપયોગી છે. તેથી જ યતિઓ હંમેશાં તે કૃત્ય કરે છે. **॥૨૩॥**

અવતરણિકા :-

અથ દ્રવ્યસ્તવસ્ય ભક્તિહિંસોભયમિશ્રત્વાદેકાનુમોદનેન કથં નાન્યાનુમોદનમિત્યાશઙ્કાં નિરસ્યન્ કવિઃ સ્વસ્ય પ્રેક્ષાવત્તામાહ -

અવતરણિકાર્થ :-

દ્રવ્યસ્તવનું ભક્તિ-હિંસા ઉભયમિશ્રપણું હોવાને કારણે એકના અનુમોદનથી=ભક્તિના અનુમોદનથી, કઈ રીતે અન્યનું=હિંસાનું, અનુમોદન નહિ થાય ? એ પ્રકારની પૂર્વપક્ષીની આશંકાનું નિવારણ કરતાં કવિ પોતાના પ્રેક્ષાવાનપણાને કહે છે; અર્થાત્ પોતે જે દ્રવ્યસ્તવની અનુમોદના કરે છે તેનાથી હિંસાની અનુમતિ નથી, પરંતુ ભાવસ્તવના કારણભૂત દ્રવ્યસ્તવની જ માત્ર અનુમોદના છે, એ બતાવવા દ્વારા પોતે વિચારક છે, તેથી જ દ્રવ્યસ્તવની અનુમોદના કરે છે, તે બતાવે છે -

શ્લોક :-

किं हिंसानुमतिर्न संयमवतां द्रव्यस्तवश्लाघये-
त्येतल्लुम्पकलुब्धकस्य वचनं मुग्धे मृगे वागुरा ।
हृद्याधाय सरागसंयम इव त्यक्ताश्रवांशाः स्थिता
भावाङ्गांशमदूषणा इति पुनस्तच्छेदशस्त्रं वचः ।।२४।।

શ્લોકાર્થ :-

સંયમવાળાઓની દ્રવ્યસ્તવની શ્લાઘાથી હિંસાની અનુમતિ શું નહિ થાય? એ પ્રકારનું લુંપાકરૂપી શિકારીનું આ વચન મુગ્ધ એવા મૃગલામાં (=સ્થાનકવાસી સંપ્રદાયવાળાઓમાં) વાગુરા=બંધપાશ, છે; વળી સરાગસંયમની જેમ (દ્રવ્યસ્તવમાં) ભાવાંગરૂપી અંશને હૃદયમાં ધારણ કરીને ત્યક્તઆશ્રવાંશવાળા અને અદૂષણવાળા અમે છીએ, એ પ્રકારનું અમારા સાંપ્રદાયિકોનું વચન તેના=બંધપાશના, છેદનું શસ્ત્ર છે. ।।૨૪।।

ટીકા :-

'किमिति' :- संयमवतां=चारित्रिणां, द्रव्यस्तवश्लाघया=द्रव्यार्चानुमोदनया, किं हिंसानुमतिर्न, भवति ? अपि तु भवत्येव, पश्यन्तु दयारसिकाः! इति भावः। एतद्वचनं लुम्पकलुब्धकस्य लुम्पकमृगयोः मुग्धे=आपाततः श्रुतबाह्यधर्माचारे, मृगे वागुरा=बन्धपाश, इति व्यस्तरूपकं -

ટીકાર્થ :-

संयमवतां ..... इति भावः । હે દયારસિકો ! તમે જુઓ ! ચારિત્રીને દ્રવ્યસ્તવની અનુમોદનાથી શું હિંસાની અનુમતિ નહિ થાય ? પરંતુ થશે જ, એ પ્રકારનો ભાવ છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનું કહેવાનું તાત્પર્ય એ છે કે, સંયમવાળા એવા મૂર્તિપૂજક હે દયારસિકો ! તમે જુઓ કે તમારી દ્રવ્યાર્ચનાની અનુમોદનાથી હિંસાની અનુમતિ શું નહિ થાય? અર્થાત્ થશે જ.

અહીં 'દયારસિક' શબ્દ પૂર્વપક્ષી વ્યંગમાં કહે છે. મૂર્તિપૂજક એવા સાધુઓ છ કાયના પાલક છે, એથી પોતાને દયારસિક માને છે; પરંતુ તેઓ દયારસિક નથી, એથી જ દ્રવ્યપૂજાની અનુમોદના કરે છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ છે.

ટીકાર્થ :-

एतद् ..... **व्यस्तरूपकं - લુંપાકરૂપી લુબ્ધકનું આ વચન='હે દયારસિકો ! તમે જુઓ' એ વચન, આપાતથી શ્રુતબાહ્યધર્મ આચરનારા એવા મૃગલારૂપ મુગ્ધમાં વાગુરા=બંધપાશ, છે. એ પ્રમાણે લુંપાક અને મૃગનો વ્યસ્તરૂપક અલંકાર છે=પૃથગ્ રૂપક અલંકાર છે.**

⊙ ટીકામાં 'एतद् वचनं' પછી 'लुम्पकलुब्धकस्य' એ પ્રમાણે પદ છે. ત્યાર પછી 'लुम्पकमृगयोः' એ પદ છે, તે 'बन्धपाश इति' પછી હોવું જોઈએ, અને તેનો અન્વય 'व्यस्तरूपकं' ની સાથે છે.

વિશેષાર્થ :-

અહીં લુંપાક અને મૃગનો વ્યસ્તરૂપક અલંકાર છે, એમ કહ્યું, તેનો ભાવ એ છે કે લુંપાકને લુબ્ધકરૂપે બતાવેલ છે, તે રૂપક અલંકાર છે; અને આપાતથી શ્રુતબાહ્ય ધર્મને આચરનારા એવા મુગ્ધોને મૃગરૂપે બતાવેલ છે, તે રૂપક અલંકાર છે; અને તે બંને સમસ્તરૂપે રૂપક અલંકાર નથી, પરંતુ પૃથગ્રૂપે રૂપક અલંકાર છે.

કહેવાનો આશય એ છે કે લુંપાક શ્વેતાંબરને જે કહે છે કે, હે દયારસિક એવા શ્વેતાંબર સાધુઓ ! તમે દ્રવ્યસ્તવની અનુમોદના કરીને હિંસાની અનુમોદના કરો છો, એ વચન સ્થાનકવાસી સંપ્રદાયના મુગ્ધજીવોને તેમના પક્ષથી છોડાવીને સાચા પક્ષમાં જવા માટે અટકાવનાર છે, તેથી તેમના માટે બંધપાશરૂપ છે.

ટીકા :-

मुग्धपदमनभिज्ञश्रोतर्यर्थान्तरसङ्क्रमितवाच्यमिति य एतद्वचनं श्रुतवान् स मृतवानेवेति व्यङ्ग्य इति । पुनस्तस्य पाशस्य छेदे शस्त्रं वचोऽस्मत्साम्प्रदायिकानां -

ટીકાર્થ :-

मुग्धपदम् ..... व्यङ्ग्य इति । મુગ્ધપદ અનભિજ્ઞ=અજાણ શ્રોતામાં અર્થાન્તરસંક્રમિત કરીને

કહેવું, એથી કરીને જે આ વચનને સાંભળે તે મરેલ જ છે, એ પ્રકારે વ્યંગ્ય=વ્યંજિત, થાય છે અર્થાત્ જણાય છે. इति કથનની સમાપ્તિમાં છે.

વિશેષાર્થ :-

મુગ્ધપદનો અર્થ સામાન્ય રીતે અભિનિવેશ વગરનો થાય છે, અને એ અર્થ કરીએ તો, મૂર્તિપૂજક અને સ્થાનકવાસી બન્ને મતોમાં અભિનિવેશ વગરના સ્વમતાનુસાર પ્રવૃત્તિ કરનારનો સંગ્રહ થાય છે. પરંતુ મુગ્ધ મૂર્તિપૂજક શ્રુતબાહ્યધર્મ આચરનારા નથી, જ્યારે મુગ્ધ સ્થાનકવાસીઓ શ્રુતબાહ્યધર્મના આચરનારા છે. તેથી મુગ્ધ મૂર્તિપૂજકને છોડીને મુગ્ધ એવા સ્થાનકવાસીને ગ્રહણ કરવા અર્થે, મુગ્ધપદને અનભિજ્ઞ શ્રોતામાં=શાસ્ત્રના અનભિજ્ઞ=અજાણ, એવા સ્થાનકવાસી સંપ્રદાયના શ્રોતામાં, અર્થાન્તરસંક્રમિત કરીને કહે છે. એથી કરીને જે મુગ્ધ સ્થાનકવાસીઓ આ ઉપદેશક એવા લુંપાકના વચનને સાંભળે છે તે મરેલ જ છે, અર્થાત્ ભગવાનની પૂજામાં હિંસા છે, એ પ્રકારની માન્યતાને દૃઢ કરીને આ સંસારની વૃદ્ધિને કરે છે. આ ભાવ વ્યંગ્ય છે=અર્થથી જણાય છે.

અહીં વિશેષ એ છે કે મુગ્ધપદથી આપાતથી શ્રુતબાહ્યધર્મને આચરનારા ગ્રહણ કર્યા, તેથી એ પ્રાપ્ત થાય કે મૂર્તિપૂજક શ્રાવકો જે કુલાચારથી ભગવદ્પૂજા કરે છે, તેઓ આપાતથી અર્થાત્ શાસ્ત્રાર્થના પર્યાલોચન વગર શ્રુતધર્મના આચારને આચરનારા છે, છતાં તેઓને મુગ્ધપદથી ગ્રહણ કરવા નથી; પરંતુ મૂર્તિને નહિ માનનારા એવા સ્થાનકવાસીઓ શાસ્ત્રાર્થનો વિચાર કર્યા વગર જ જે કુલાચારથી શ્રુતબાહ્ય એવા ધર્મને આચરનારા છે, તેમને જ અહીં મુગ્ધપદથી ગ્રહણ કરવાના છે.

✪ મુગ્ધપદ, સ્થાનકવાસી અને દેરાવાસી બંનેમાં રહેલા સર્વ મુગ્ધનો વાચક છે, છતાં તેનો અર્થ માત્ર સ્થાનકવાસી સંપ્રદાયના મુગ્ધમાં સંક્રમણ કરીને કહ્યું, તે અર્થાંતરસંક્રમ છે.

ટીકાર્થ :-

પુનસ્તસ્ય ..... સામ્પ્રદાયિકાનાં, વળી તે પાશના છેદમાં અમારા સાંપ્રદાયિકોનું વચન શસ્ત્ર છે.

અહીં શ્લોકમાં પ્રથમ બે પાદમાં કહ્યું કે, આ પ્રકારના લુબ્ધકરૂપ લુંપાકનું વચન મુગ્ધરૂપી મૃગલામાં વાગુરા=બંધપાશ, છે, તેનો અન્વય શ્લોકના અંતિમ પાદના ઉત્તરાર્ધ સાથે છે. તે બતાવવા અર્થે કહે છે કે, વળી તેના પાશના છેદમાં અમારા સાંપ્રદાયિકોનું વચન શસ્ત્ર છે.

શ્લોકના અવશિષ્ટ મધ્યાંશ અર્થાત્ ત્રીજા પાદનું અને ચોથા પાદના પૂર્વાર્દ્ધનું ઉત્થાન કરતાં કહે છે -

ટીકા :-

इतीति किं, इह प्रक्रान्ते द्रव्यस्तवे द्रव्यभावोभयात्मके भाव एवाङ्गभूतो योऽंशः, तं हृदि=चित्ते, आधाय=स्थापयित्वा, सरागसंयम इव त्यक्तः=उपेक्षितः, आश्रवांशः=आश्रवभागो, यैस्ते, तथा अदूषणाः= दोषरहिताः, वयं स्थिताः स्मः । अयं भावः-सरागसंयमेऽनुमोद्यमाने यथा रागो नाऽनुमोद्यताकुक्षौ

प्रविशति, तथा द्रव्यस्तवेऽनुमोद्यमाने हिंसांशोऽपि, संयमत्वेनानुमोद्यत्वे रागांशो नोपतिष्ठत एवेति द्रव्यस्तवत्वेनानुमोद्यत्वे सुतरां हिंसानुपस्थितिः द्रव्यस्तवत्व(द्रव्यस्तव)शरीरस्याप्यघटकत्वात्तस्याः । इत्थमेव श्रीनेमिना गजसुकुमारस्य श्मशानप्रतिमापरिशीलनेऽनुज्ञाते तदविनाभावि तच्छिरोज्वलन-मनुज्ञात(मननुज्ञात)मित्युपपादयितुं शक्यते ।

ટીકાર્થ :-

'इतीति किं', મૂળ શ્લોકમાં 'એ પ્રકારનું' એ બતાવવા અર્થક 'इति' શબ્દ છે. એ 'इति' શબ્દથી પૂર્વની જે વાતનો પરામર્શ થાય છે તે કહે છે='इति' થી શું પરામર્શ થાય છે તે કહે છે –

इह ..... स्मः । **અહીં પ્રકાંત દ્રવ્ય-ભાવ ઉભયાત્મક દ્રવ્યસ્તવમાં જે ભાવ જ અંગભૂત અંશ છે, તેને હૃદયમાં સ્થાપન કરીને, સરાગસંયમની જેમ, ઉપેક્ષિત છે આશ્રવાંશ જેમના વડે એવા, અને દોષરહિત એવા, અમે રહેલા છીએ. (એ પ્રકારનું અમારા સાંપ્રદાયિકોનું વચન તેના પાશના છેદ માટે શસ્ત્રરૂપ છે.)**

વિશેષાર્થ :-

દ્રવ્યસ્તવ એટલે બાહ્ય સામગ્રીથી ભાવપૂર્વકની ભગવદ્-ભક્તિને અનુકૂળ ઉચિત આચરણા. અહીં બાહ્ય સામગ્રીથી ઉચિત આચરણા તે દ્રવ્યાંશ છે; અને અંતરંગ ભગવદ્-ભક્તિને અનુકૂળ ભાવ છે, તે ભાવાંશ છે; અને તે ભાવાંશને હૃદયમાં રાખીને સાધુઓ દ્રવ્યસ્તવની અનુમોદના કરે છે, પરંતુ બાહ્ય સામગ્રીથી થતી પ્રવૃત્તિને સામે રાખીને દ્રવ્યસ્તવની અનુમોદના કરતા નથી. આથી જ દ્રવ્યસ્તવમાં વર્તતી સ્વરૂપહિંસાનું ત્યાં અનુમોદન નથી, પરંતુ ભગવાન પ્રત્યે વધતા જતા ભક્તિભાવને કારણે વધતો જતો સંવેગનો જે પરિણામ છે, તેની અનુમોદના છે.

ઉત્થાન :-

પૂર્વમાં બતાવ્યું કે દ્રવ્યસ્તવની અનુમોદના કરવામાં અમે દોષરહિત છીએ. તે કથનથી જે ભાવ પ્રાપ્ત થાય છે, તેને ટીકામાં 'अयं भावः' થી સ્પષ્ટ કરતાં કહે છે –

ટીકાર્થ :-

अयं भावः ..... तस्याः । **અનુમોદ્યમાન=અનુમોદના કરાતા એવા, સરાગસંયમમાં જે પ્રમાણે અનુમોદનાની કુક્ષિમાં રાગ પ્રવેશ પામતો નથી, તેમ અનુમોદ્યમાન=અનુમોદના કરાતા એવા, દ્રવ્યસ્તવમાં હિંસા અંશ પણ અનુમોદનાની કુક્ષિમાં પ્રવેશ પામતો નથી. તે જ સ્પષ્ટ બતાવતાં કહે છે કે, સંયમપણા વડે અનુમોદ્યપણું હોવાને કારણે રાગાંશ ઉપસ્થિત થતો નથી જ; એ રીતે દ્રવ્યસ્તવપણા વડે અનુમોદ્યપણું હોવાને કારણે સુતરાં હિંસાની અનુપસ્થિતિ છે. કેમ કે તેનું=હિંસાનું, દ્રવ્યસ્તવના શરીરનું પણ અઘટકપણું છે=હિંસા દ્રવ્યસ્તવ શબ્દરૂપ શરીરનું અંગ નથી.**

✪ ટીકામાં 'द्रव्यस्तवत्वशरीरस्य' છે, ત્યાં द्रव्यस्तवशरीरस्य પાઠ હોવાની સંભાવના છે.

વિશેષાર્થ :-

'દ્રવ્યસ્તવ' એ શબ્દરૂપ શરીરના ઘટક બે અંશો છે. (૧) દ્રવ્ય, (૨) સ્તવ.

આનાથી એ અર્થ પ્રાપ્ત થાય કે ભાવસ્તવનું કારણ છે માટે 'દ્રવ્ય' શબ્દ કહેવાય છે, પણ હિંસાત્મક હોવાને કારણે દ્રવ્યસ્તવ નથી કહેવાતું. માટે 'દ્રવ્યસ્તવ' કારણવાચી છે, પરંતુ હિંસાવાચી નથી. તેથી દ્રવ્યસ્તવના શરીરના ઘટકરૂપ પણ હિંસાની પ્રાપ્તિ નથી. માટે દ્રવ્યસ્તવપણાથી જ્યારે દ્રવ્યસ્તવથી અનુમોદના કરાય છે, ત્યારે હિંસાની અનુપસ્થિતિ રહે છે.

ઉત્થાન :-

દ્રવ્યસ્તવની અનુમોદનાથી હિંસાની અનુમોદના નથી, તેને જ પુષ્ટ કરતાં કહે છે –

ટીકાર્થ :-

इत्थमेव ..... शक्यते । **આ રીતે જ=પૂર્વમાં કહ્યું કે, દ્રવ્યસ્તવત્વેન અનુમોદ્યપણું હોવાને કારણે હિંસાની અનુપસ્થિતિ છે એ રીતે જ, શ્રીનેમિનાથ ભગવાન વડે ગજસુકુમારનું સ્મશાનપ્રતિમા-પરિશીલન અનુજ્ઞાત કરાયે છતે=સંમત કરાયે છતે, તેના અવિનાભાવી=સ્મશાનપ્રતિમાપરિશીલનના અવિનાભાવી, તેના શિરોજ્વલનનું=ગજસુકુમારનું મસ્તક બળવાનું, અનનુજ્ઞાત છે=ભગવાન વડે અસંમત છે, એ પ્રમાણે ઉપપાદન કરવું=કથન કરવું, શક્ય છે.**

✪ 'तच्छिरोज्वलनमनुज्ञातम्' પાઠ છે ત્યાં तच्छिरोज्वलनमननुज्ञातम् પાઠની સંભાવના છે. એ મુજબ અમે અર્થ કરેલ છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, દ્રવ્યસ્તવની સાથે અવિનાભાવી હિંસા હોવા છતાં હિંસાની અનુમોદના નથી, પરંતુ દ્રવ્યસ્તવની અનુમોદના છે, ત્યાં પૂર્વપક્ષી કહે છે –

ટીકા :-

द्रव्यस्तव एव परप्राणापहारानुकूलव्यापारत्वाद् हिंसेति चेत्? तथापि द्रव्यस्तवत्वं न हिंसात्वमिति न क्षतिः । वस्तुतो विहारादावतिव्याप्तिवारणाय प्रमादप्रयुक्तप्राणव्यपरोपणत्वं हिंसात्वं वाच्यम्, तच्च न प्रकृत इति न दोषः ।

ટીકાર્થ :-

द्रव्यस्तव ..... न क्षतिः । **પરપ્રાણના અપહારને અનુકૂળ વ્યાપારપણું હોવાથી દ્રવ્યસ્તવ જ હિંસા છે. તેની સામે ગ્રંથકાર કહે છે કે, તો પણ દ્રવ્યસ્તવત્વ એ હિંસાત્વ નથી, એથી કરીને કોઈ ક્ષતિ નથી.**

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે કે દ્રવ્યસ્તવની સાથે અવિનાભાવી હિંસા નથી, પરંતુ દ્રવ્યસ્તવ જ પોતે હિંસારૂપ છે. કેમ કે પરપ્રાણના અપહારને અનુકૂળ વ્યાપાર હિંસા પદાર્થ છે, અને દ્રવ્યસ્તવ પોતે હિંસાને અનુકૂળ વ્યાપારરૂપ જ છે. તેની સામે ગ્રંથકાર કહે છે કે, પરપ્રાણઅપહારને અનુકૂળ વ્યાપારરૂપ હોવાથી દ્રવ્યસ્તવ હિંસારૂપ સિદ્ધ થાય, તો પણ તે સ્વરૂપહિંસારૂપ છે, તેથી જ દ્રવ્યસ્તવમાં રહેલું દ્રવ્યસ્તવત્વ એ હિંસાત્વરૂપ નથી; કેમ કે જ્યાં હિંસાને અનુકૂળ ક્લિષ્ટ ભાવ વર્તતો હોય ત્યાં પરપ્રાણના અપહારને અનુકૂળ વ્યાપારમાં હિંસાત્વ છે, પરંતુ જેમ સુવૈદ્ય ચિકિત્સા કરતો હોય અને કોઈના પ્રાણનો નાશ થાય, ત્યાં પરપ્રાણના અપહારનો વ્યાપાર હોવા છતાં તે સ્વરૂપથી થયેલી હિંસામાં હિંસાત્વ નથી; તેમ દ્રવ્યસ્તવમાં પણ રહેલું જે દ્રવ્યસ્તવત્વ છે તે હિંસાત્વરૂપ નથી, પરંતુ ભાવસ્તવના કારણત્વરૂપ છે, અથવા ભગવાનની ભક્તિને અનુકૂળ ક્રિયાત્વરૂપ છે, એથી કરીને કોઈ ક્ષતિ નથી.

ઉત્થાન :-

'**अयं भावः ..... न क्षतिः**' સુધીના કથનને દૃઢ કરતાં '**वस्तुतः**' થી કહે છે –

ટીકાર્થ :-

वस्तुतः ..... न दोषः । વાસ્તવિક રીતે વિહારાદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે પ્રમાદપ્રયુક્ત પ્રાણવ્યપરોપણત્વ=પ્રમાદપ્રયુક્ત પ્રાણનો નાશ, એ જ હિંસાત્વ છે એમ કહેવું જોઈએ, અને તે પ્રકૃતમાં=દ્રવ્યસ્તવમાં, નથી; એથી કરીને કોઈ દોષ નથી.

વિશેષાર્થ :-

જો હિંસાનું લક્ષણ '**प्राणव्यपरोपणत्वं हिंसात्वं**' એટલું કરીએ તો, અપ્રમત્ત સાધુઓથી પણ હિંસાનો સંભવ હોવાને કારણે અહિંસા મહાવ્રત તેઓમાં સંભવી શકે નહિ; અને અપ્રમત્ત સાધુને પરિપૂર્ણ અહિંસક કહ્યા છે, તેથી હિંસાનું લક્ષણ '**प्रमादप्रयुक्तप्राणव्यपरोपणत्वं हिंसात्वं**' કરવું પડે. અને તે કરવાથી વાસ્તવિક રીતે વિહારાદિમાં હિંસાના લક્ષણની અતિવ્યાપ્તિનું વારણ થઈ શકે છે. કેમ કે ગમનાદિમાં વાઉકાયની વિરાધના થાય છે, આમ છતાં ત્યાં પ્રમાદ નથી, પરંતુ ભગવાનની આજ્ઞાને અનુકૂળ પ્રવૃત્તિ છે; અને આવું હિંસાનું લક્ષણ હોવાથી, દ્રવ્યસ્તવમાં હિંસાનું લક્ષણ જતું નથી, માટે દ્રવ્યસ્તવ હિંસારૂપ નથી.

અહીં વિશેષ એ છે કે જે સાધુઓ ભગવાનની આજ્ઞા મુજબ વિહાર કરતા નથી, ત્યાં હિંસાનું લક્ષણ સંગત થાય છે; તો પણ જેઓ ક્ષેત્રનો પ્રતિબંધ ટાળવા અર્થે ભગવાને નવકલ્પી વિહાર કહ્યો છે તે રીતે, ભગવદ્-વચનના પર્યાલોચનપૂર્વક, અને ક્ષેત્ર પ્રત્યેનો અપ્રતિબંધભાવ ઉલ્લસિત થાય એ રીતે અંતરંગ યત્નપૂર્વક, અને ગમનકાળમાં કોઈ જીવના પ્રાણનો નાશ ન થાય એ રીતે સમિતિમાં સમ્યગ્ યત્નપૂર્વક વિહાર કરે છે, ત્યાં હિંસાત્વ નથી; અને એ રીતે જેઓ વિહાર કરતા નથી ત્યાં પ્રમાદપ્રયુક્ત-પ્રાણવ્યપરોપણસ્વરૂપ હિંસાત્વ પ્રાપ્ત

થાય છે. આમ છતાં વિશેષ અબોધ દશામાં 'ભગવાનની આજ્ઞા છે કે વિહાર કરવો' એ પ્રકારના મુગ્ધકક્ષાના વિહાર આદિમાં, શુભ ભાવ વર્તતો હોય અને પ્રજ્ઞાપનીય ભૂમિકા હોય, તો તેમાં વર્તતી હિંસા નિરનુબંધ બને છે. માટે તે પ્રકારનું સંયમ પણ આદ્યભૂમિકામાં ઉપાદેય બને છે.

ઉત્થાન :-

પૂર્વમાં હિંસાનું લક્ષણ પ્રમાદપ્રયુક્ત-પ્રાણવ્યપરોપણત્વરૂપ બતાવીને દ્રવ્યસ્તવમાં હિંસા નથી તેમ 'वस्तुतः' થી સ્થાપન કર્યું, ત્યાં પૂર્વપક્ષી દ્વારા તે લક્ષણ માનવામાં વ્યવહારનો અપલાપ થાય છે તે બતાવીને, તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી '**एवं सति ..... नयज्ञानाम्**' સુધીનું કથન કરે છે –

ટીકા :-

एवं सति 'सविशेषण' इत्यादिन्यायात् प्रमादाप्रमादयोरेव हिंसाऽहिंसारूपत्वे प्रमादत्वा-प्रमादत्वाभ्यां एव बन्धमोक्षहेतुत्वे विशेष्यभागानुपादानं स्यादिति चेत् ? सत्यम्, प्रमादयोगात्प्राणव्यपरोपणं हिंसा, अप्रमादयोगात् प्राणाव्यपरोपणमहिंसेति लक्षणयोर्व्यवहारार्थमेवाचार्यैरनशासनाद्बन्धमोक्षहेतुताया निश्चयतः प्रमादत्वाप्रमादत्वाभ्यामेव व्यवस्थितेः बाह्यहेतूत्कर्षादपि फलोत्कर्षाभिमानिना व्यवहारनयेन तु विशेष्यभागोऽप्याद्रियत इति सर्वमवदातं नयज्ञानाम् ।।२४।।

ટીકાર્થ :-

एवं सति ..... सत्यम्, આમ હોતે છતે=પ્રમાદપ્રયુક્તપ્રાણવ્યપરોપણત્વ હિંસાત્વ છે, પરંતુ માત્ર પ્રાણવ્યપરોપણત્વ હિંસાત્વ નથી, આમ હોતે છતે, 'સવિશેષણ' ઈત્યાદિ ન્યાયથી પ્રમાદ અને અપ્રમાદનું જ હિંસા અને અહિંસારૂપપણું હોવાને કારણે, પ્રમાદત્વ અને અપ્રમાદત્વ દ્વારા જ બંધ અને મોક્ષનું હેતુપણું સિદ્ધ થયે છતે, વિશેષ્યભાગનું=પ્રાણવ્યપરોપણત્વરૂપ વિશેષ્યભાગનું, અનુપાદાન થશે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેના જવાબરૂપે ગ્રંથકાર કહે છે કે, તારી વાત સાચી છે અર્થાત્ અર્ધસ્વીકાર અર્થે 'सत्यं' નો પ્રયોગ છે.

વિશેષાર્થ :-

'સવિશેષણ' ઈત્યાદિ ન્યાયથી જ્યારે વિશેષણ સહિત હિંસા, હિંસારૂપ બનતી હોય ત્યારે, કેવલ વિશેષણાંશને હિંસારૂપ કહેવાથી સંગતિ થઈ શકે છે. તેથી પ્રમાદને હિંસા અને અપ્રમાદને અહિંસા માની શકાય. માટે પ્રમાદત્વ અને અપ્રમાદત્વ બંધ અને મોક્ષનો હેતુ સિદ્ધ થઈ શકે. તેથી વિશેષ્યભાગને ગ્રહણ ન કરીએ તો પણ ચાલે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. પૂર્વપક્ષીના કથનના જવાબરૂપે ગ્રંથકાર કહે છે કે, તમારી વાત સાચી છે અર્થાત્ અર્ધસ્વીકાર અર્થે '**सत्यं**' નો પ્રયોગ છે.

ઉત્થાન :-

પૂર્વપક્ષીની વાતનો '**सत्यं**' થી અર્ધસ્વીકાર છે, તે જ સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ટીકાર્થ :-

प्रमादयोगात् ..... नयज्ञानाम् ।। પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણ હિંસા અને અપ્રમાદયોગથી પ્રાણઅવ્યપરોપણ અહિંસા, એ પ્રકારના લક્ષણનું વ્યવહાર માટે જ આચાર્યો વડે અનુશાસન કરેલ હોવાથી, અને બંધ અને મોક્ષના હેતુપણાની નિશ્ચયથી પ્રમાદત્વ અને અપ્રમાદત્વ દ્વારા જ વ્યવસ્થિતિ =પ્રાપ્તિ, હોવાથી, બાહ્યહેતુના ઉત્કર્ષથી પણ ફળના ઉત્કર્ષના અભિમાની એવા વ્યવહારનય વડે વળી વિશેષ્યભાગ પણ આદર કરાય છે. એથી કરીને નયના જાણનારાઓને સર્વ અવદાત છે. ।।૨૪।।

વિશેષાર્થ :-

પ્રમાદ-અપ્રમાદને બંધ અને મોક્ષનો હેતુ સ્વીકારીએ તો પ્રાણનાશરૂપ વિશેષ્ય અંશને હિંસાના હેતુરૂપે કહેવાની જરૂરત રહેતી નથી. આમ છતાં વ્યવહાર ચલાવવા અર્થે જ વ્યવહારનયથી આચાર્યો વડે પ્રમાદયોગથી પ્રાણનાશ તે હિંસા, અને અપ્રમાદયોગથી પ્રાણઅનાશ તે અહિંસા, એવું લક્ષણ કરેલ છે. ખરેખર તો નિશ્ચયનયથી જીવના પ્રમાદ-પરિણામથી જ બંધ અને અપ્રમાદ-પરિણામથી જ નિર્જરા થાય છે, તેથી વિશેષ્ય અંશને કહેવાની જરૂરત જ નથી. તો પણ બાહ્ય હિંસા અને બાહ્ય યતનારૂપ હેતુના ઉત્કર્ષથી કર્મબંધ અને નિર્જરારૂપ ફળનો ઉત્કર્ષ થાય છે, એ પ્રકારનું વ્યવહારનયનું અભિમાન છે; તેથી જ વ્યવહારનય પ્રાણવ્યપરોપણરૂપ વિશેષ્ય અંશને સ્વીકારે છે. વાસ્તવિક રીતે બાહ્ય હેતુના ઉત્કર્ષથી ફળનો ઉત્કર્ષ થાય તેવી વ્યાપ્તિ નથી. છતાં કોઈ ઠેકાણે તેવું દર્શન થાય છે, તેથી વ્યવહારનયને તેવું અભિમાન છે. જ્યારે નિશ્ચયનય તો જીવના પ્રયત્નને આધીન જ પ્રમાદ-અપ્રમાદનો ઉત્કર્ષ છે તેમ કહે છે, અને તે પ્રમાદ-અપ્રમાદના ઉત્કર્ષથી જ બંધ અને નિર્જરારૂપ ફળનો ઉત્કર્ષ થાય છે, તેમ માને છે, એ પ્રકારે નયના જાણકારો સારી રીતે સમજી શકે છે. **॥૨૪॥**

અવતરણિકા :-

अनुपदेश्यत्वादननुमोद्यत्वं द्रव्यस्तवस्येत्यत्राह -

અવતરણિકાર્થ :-

અનુપદેશ્યપણું હોવાથી દ્રવ્યસ્તવનું અનનુમોદ્યપણું છે, એ પ્રકારના કથનમાં કહે છે –

વિશેષાર્થ :-

પૂર્વપક્ષી લુંપાકનું એ કહેવું છે કે, સાધુને દ્રવ્યસ્તવનું અનુપદેશ્યપણું છે, તેથી જ તેનું અનનુમોદ્યપણું છે; અને અનનુમોદ્ય હોવાને કારણે દ્રવ્યસ્તવ હિંસાસ્વરૂપ છે, માટે જ તે ધર્મરૂપ નથી. એ પ્રકારના આશયવાળા પૂર્વપક્ષીના કથનમાં ગ્રંથકાર કહે છે -

શ્લોક :-

मिश्रस्यानुपदेश्यता यदि तदा श्राद्धस्य धर्मस्तथा,
सर्वः स्यात्सदृशी नु दोषघटना सौत्रक्रमोल्लङ्घनात् ।
तत्सम्यग्विधिभक्तिपूर्वमुचितद्रव्यस्तवस्थापने,
विद्मो नापरमत्र लुम्पकमुखम्लानिं विना दूषणम् ।।२५।।

શ્લોકાર્થ :-

જો મિશ્રની=મિશ્ર એવા દ્રવ્યસ્તવની, અનુપદેશ્યતા હોય=સાધુથી ઉપદેશ ન અપાય તેમ હોય, તો શ્રાદ્ધનો સર્વ ધર્મ તે પ્રકારે અનુપદેશ્ય થાય. કેમ કે નક્કી સૂત્ર સંબંધી ક્રમના ઉલ્લંઘનથી દોષઘટના સદૃશ છે. તે કારણથી વિધિ-ભક્તિ છે પૂર્વમાં જેના એવા આ ઉચિત દ્રવ્યસ્તવના સમ્યગ્ સ્થાપનમાં લુંપાકની મુખમ્લાનિ વિના=મુખ કરમાયા વિના, બીજું કોઈ દૂષણ અમે જોતા નથી. ।।૨૫।।

✪ શ્લોકમાં 'अत्र' શબ્દથી આ અર્થાત્ બુદ્ધિ સન્નિહિત પૂર્વમાં સ્થાપન કર્યું તેનો પરામર્શ કરેલ છે.

ટીકા :-

'मिश्रस्ये' ति-यदि मिश्रस्येति हेतुगर्भं विशेषणं मिश्रत्वादिति यावत्, यदि अनुपदेश्यता, साधूनामुपदेशाविषयता द्रव्यस्तवस्य त्वया प्रतिज्ञायते, तदा श्राद्धस्य धर्मः सर्वस्तथाऽनुपदेश्यः स्यात्, तस्य मिश्रतायाः कण्ठरवेण सूत्रकृतेऽभिधानात् । इष्टापत्तिरत्र, सर्वविरतिरूपस्यैव धर्मस्य शास्त्रेऽभिधानाद्, अंशे स्वकृत्यसाध्यताप्रतिसन्धानेऽंशः एव तस्यार्थसिद्धदेशविरतिरूपत्वात्, 'जं सक्कइ तं कीरइ' **इत्यादिव्युत्पत्तिमतां तत्र प्रवृत्तिसंभवादिति चेत्? न । द्वादशव्रतादिविभागस्य विशेषविधिं विनाऽनुपपत्तेः, अतिदेशेन स्वेच्छया ग्रहणे श्रमणलिङ्गस्यापि श्राद्धेन ग्रहणप्रसङ्गात् ।**

✪ ટીકાના પ્રારંભમાં 'यदि' શબ્દ વધારાનો હોય તેમ લાગે છે.

ટીકાર્થ :-

मिश्रस्य ..... यावत् । મૂળશ્લોકમાં 'मिश्रस्य' શબ્દ છે તે હેતુગર્ભ વિશેષણ છે. તેથી એનો અર્થ मिश्रत्वात् એ પ્રમાણે જાણવો.

વિશેષાર્થ :-

'मिश्रस्य' એ દ્રવ્યસ્તવનું વિશેષણ છે, જે હેતુ અર્થક છે. તેથી મૂળ શ્લોક પ્રમાણે એ અન્વય છે કે, જો મિશ્ર એવા દ્રવ્યસ્તવની અનુપદેશ્યતા છે તો શ્રાદ્ધનો સર્વધર્મ તે પ્રકારે થાય. અને ત્યાં મિશ્રનો અર્થ હેતુઅર્થક હોવાથી મિશ્રપણું હોવાને કારણે, એ પ્રમાણે પ્રાપ્ત થાય છે.

ટીકાર્થ :-

यदि ..... ऽभिधानात् । **જો મિશ્રપણું હોવાને કારણે દ્રવ્યસ્તવની અનુપદેશ્યતા=સાધુઓને ઉપદેશની અવિષયતા, તારા વડે પ્રતિજ્ઞા કરાય છે તો શ્રાદ્ધનો સર્વધર્મ તે પ્રકારે અનુપદેશ્ય થાય. કેમ કે તેની=દેશવિરતિની, મિશ્રતાનું સૂત્રકૃતાંગમાં કંઠરવથી=સાક્ષાત્ શબ્દથી, અભિધાન છે.**

इष्टापत्तिरत्र ..... ऽभिधानाद्, **અહીં પૂર્વપક્ષી ઈષ્ટાપત્તિ કહે છે અર્થાત્ શ્રાદ્ધનો સર્વધર્મ અનુપદેશ્ય થાય તે પૂર્વપક્ષીને ઈષ્ટ છે, તેમાં હેતુ કહે છે - સર્વવિરતિરૂપ જ ધર્મનું શાસ્ત્રમાં અભિધાન છે.**

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે સર્વવિરતિરૂપ ધર્મનું જ શાસ્ત્રમાં અભિધાન હોય તો દેશવિરતિરૂપ ધર્મની પ્રાપ્તિ કઈ રીતે થઈ શકે? તેથી પૂર્વપક્ષી કહે છે -

ટીકાર્થ :-

अंशे ..... रूपत्वात्, **(દેશવિરતિથી) અંશમાં સ્વકૃતિઅસાધ્યતાનું પ્રતિસંધાન થયે છતે (દેશવિરતિરૂપ) અંશમાં જ તેનું=ઉપદેશનું, અર્થસિદ્ધ દેશવિરતિરૂપપણું છે=સર્વવિરતિનો ઉપદેશ જ અર્થથી દેશવિરતિરૂપે પ્રાપ્ત થાય છે.**

ઉત્થાન :-

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રના ઉપદેશ વગર દેશવિરતિ ધર્મમાં પ્રવૃત્તિ કઈ રીતે સંભવે ? તેથી કહે છે -

ટીકાર્થ :-

जं सक्कइ ..... ऽनुपपत्तेः, જે શક્ય હોય તે કરવું જોઈએ, **એ પ્રકારની વ્યુત્પત્તિવાળાઓની ત્યાં= અર્થસિદ્ધ દેશવિરતિપણામાં, પ્રવૃત્તિનો સંભવ છે, આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું, કેમ કે વિશેષ વિધિ વગર બારવ્રતાદિ વિભાગની અનુપપત્તિ=અસંગતિ, છે.**

વિશેષાર્થ :-

અંશમાં જ ઉપદેશનું અર્થસિદ્ધ દેશવિરતિરૂપપણું છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, શાસ્ત્રમાં પાંચ મહાવ્રતોરૂપ સર્વવિરતિનું જ અભિધાન છે, પરંતુ ઉપદેશ સાંભળનારને અહિંસાદિ મહાવ્રતના વિષયમાં જે છએ કાયના રક્ષણાદિનું વર્ણન છે, તેમાં સ્થાવર આદિનું રક્ષણ પોતાની કૃતિથી અસાધ્ય છે, એ પ્રકારનું પ્રતિસંધાન થયે છતે, અન્ય અંશમાં પોતાને જે કૃતિથી સાધ્ય લાગે છે તેની જ વિરતિ કરવાની તે ઈચ્છા કરે છે; કેમ કે 'જે શક્ય હોય તે કરવું જોઈએ,' એ પ્રકારના શાસ્ત્રવચનના પ્રતિસંધાનથી શક્યમાં તે વ્યક્તિ પ્રવૃત્તિ કરે છે. પરંતુ તેનું વર્ણન શાસ્ત્રમાં ઉપલબ્ધ નહિ હોવાને કારણે અર્થથી સિદ્ધ તે દેશવિરતિરૂપ બને છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. અને તેનો ભાવ એ છે કે, કોઈને દેશવિરતિનો ઉપદેશ આપવામાં આવે તો, તત્સહવર્તી જે દેશથી અવિરતિ છે તેની અનુમોદનાનો પ્રસંગ આવે. તેથી ઉપદેશ હંમેશાં સર્વવિરતિનો જ આપવો જોઈએ.

અસમર્થ વ્યક્તિ પરિપૂર્ણ ન કરી શકે તો સ્વયં શક્તિને અનુરૂપ દેશમાં યત્ન કરે છે, તેથી ઉપદેશકને અવિરતિરૂપ ઈતરાંશની અનુમતિનો પ્રસંગ આવે નહિ. આ પ્રકારની પૂર્વપક્ષીની ઈષ્ટાપત્તિમાં ગ્રંથકાર કહે છે કે, તમારી વાત બરાબર નથી. કેમ કે વિશેષ વિધિ વગર બારવ્રતાદિ વિભાગની અનુપપત્તિ છે.

આશય એ છે કે, પાંચ મહાવ્રતોરૂપ સર્વવિરતિનો જ જો શાસ્ત્રમાં ઉપદેશ હોય, અને સ્વકૃતિ અસાધ્યતાના પ્રતિસંધાનને કારણે શેષમાં જે પ્રવૃત્તિ કરાય છે તે જ દેશવિરતિરૂપ છે તેમ કહેવામાં આવે તો, પાંચ મહાવ્રતોના અંશરૂપ પાંચ અણુવ્રતો કદાચ પ્રાપ્ત થઈ શકે, પરંતુ બારવ્રતોના વિભાગની પ્રાપ્તિ થઈ શકે નહિ. તેથી દેશવિરતિનું વિશેષ વિધાન કરનારાં વાક્યો શાસ્ત્રસંમત જ છે. માટે દેશવિરતિનો પણ ઉપદેશ શાસ્ત્રસંમત જ માનવો જોઈએ, અર્થપ્રાપ્ત નહિ.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી કહે કે, દેશવિરતિનો ઉપદેશ આપવાથી તેના ઈતરાંશ અવિરતિમાં સંમતિની પ્રાપ્તિ થાય, તેથી ઉપદેશ સર્વવિરતિનો જ અપાય. જેઓ વ્યુત્પન્નમતિવાળા છે તેઓ પાંચ મહાવ્રતોના ઉપદેશથી પણ બારવ્રતોના વિભાગને અતિદેશથી પ્રાપ્ત કરી શકે છે, તેમ માનવું ઉચિત છે. તેથી ગ્રંથકાર કહે છે –

✪ અતિદેશ=એક સ્થાને મળતા ધર્મનું અન્ય સ્થાને સૂચન કરવું.

ટીકાર્થ :-

अतिदेशेन ..... प्रसङ्गात् । અતિદેશથી સ્વેચ્છાએ વ્રતોના ગ્રહણમાં શ્રાવક વડે શ્રમણલિંગના પણ ગ્રહણનો પ્રસંગ પ્રાપ્ત થાય.

વિશેષાર્થ :-

સાધુ દ્વારા પાંચ મહાવ્રતોનો જ ઉપદેશ આપવામાં આવે, અને તેના દ્વારા શક્તિ હોય તો તે પાંચ મહાવ્રતો પૂર્ણ જ ગ્રહણ કરવાં જોઈએ તેવો સમ્યગ્ બોધ જો શ્રોતાને થાય, તો પણ પોતાની તથાવિધ શક્તિ ન હોય તો પોતાની શક્તિને અનુરૂપ કરવું જોઈએ તેવો નિર્ણય કરીને, સર્વવિરતિના ઉપદેશના કથનથી જ શ્રોતાને અણુવ્રતાદિ બાર વ્રતોના અતિદેશનો બોધ થાય છે; અને તેના કારણે સ્વેચ્છાથી જ શ્રોતા બાર વ્રતોને ગ્રહણ કરે છે, પરંતુ ગુરુ તેને બાર વ્રતોનો ઉપદેશ આપતા નથી; જો આમ સ્વીકારવામાં આવે તો, સ્વેચ્છાથી જ શ્રાવકને સાધુલિંગના ગ્રહણનો પ્રસંગ આવે. કેમ કે જેમ બાર વ્રતના ઉપદેશ વગર સ્વેચ્છાથી જ તેણે બાર વ્રતો ગ્રહણ કર્યાં, તેમ કોઈ શ્રાવકને સર્વવિરતિ ગ્રહણ કરવાની ઈચ્છા થઈ, ત્યારે તે ગુરુ પાસે જઈને સાધુવેશનું ગ્રહણ ન કરતાં સ્વેચ્છાથી જ સાધુલિંગ ગ્રહણ કરે, તો તેને ઉચિત માનવું જોઈએ. પરંતુ તે રીતે સર્વવિરતિ લેવી ઉચિત નથી, એમ માનવામાં આવે તો, તે જ રીતે અતિદેશથી સ્વેચ્છાથી બાર વ્રતો ગ્રહણ કરવાં તે પણ ઉચિત નથી તેમ માનવું જોઈએ. અને તેમ સ્વીકારીએ તો એ જ સિદ્ધ થાય કે, ગુરુ દ્વારા જ બાર વ્રતોનો પણ ઉપદેશ અપાય છે, અને ગુરુ જ તે બાર વ્રતો ઉચ્ચરાવે છે. માટે દેશવિરતિ ધર્મ મિશ્ર છે, એમ કહીને સાધુ દ્વારા તે અનુપદેશ્ય છે, તેમ કહેવું ઉચિત નથી.

ટીકા :-

दृश्यत एव केषाञ्चित् श्राद्धानां भिक्षाग्रहणादिकं यतिव्रतमतिदेशप्राप्तमिति चेत्? दृश्यते तदद्रष्टव्यमुखानाम्, न तुमार्गवर्तिनाम्, अनुचितप्रवृत्तेर्महामोहबन्धहेतुत्वाद्, भिक्षुशब्दप्रवृत्तिनिबन्धनस्य श्राद्धेऽनुपपत्तेरानन्दादिभिरनादरणात्, अम्बडस्य तु परिव्राड्लिङ्गत्वेन भिक्षाया(याम्) अनौचित्याभावात् । ततः श्राद्धधर्मवद् द्रव्यस्तवस्य नानुपदेश्यता; अप्रतिषेधानुमत्याक्षेपपरिहारयोरुभयत्रतुल्ययोगक्षेमत्वात्, यतिधर्मानभिधानात्प्रागनभिधानस्याप्युभयत्र तथात्वात्, यतिधर्मस्य प्रागभिधानेश्रोतुस्तदशक्तत्वे ज्ञाते तं प्रति श्राद्धधर्मप्ररूपणं यथावसरसङ्गत्या भावस्तवस्य प्रागभिधाने तदशक्तिप्रकाशकं प्रत्येव द्रव्यस्तवाभिधानमिति क्रमस्यैव रूढत्वाद्, अत एव गृहपतिपुत्रबन्दिगृहविमोक्षणन्यायः सूत्रसिद्धः ।

ટીકાર્થ :-

दृश्यत ..... चेत् ? **અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, શ્રાદ્ધ વડે શ્રમણલિંગગ્રહણનો પ્રસંગ પ્રાપ્ત થશે એમ જે પૂર્વમાં કહ્યું તે દોષરૂપ નથી. કેમ કે કેટલાક શ્રાદ્ધોને અતિદેશપ્રાપ્ત એવું ભિક્ષાગ્રહણાદિક યતિવ્રત દેખાય જ છે.**

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીને કહેવાનું તાત્પર્ય એ છે કે, સાક્ષાત્ શ્રાવકોને ભિક્ષાગ્રહણાદિરૂપ યતિવ્રત શાસ્ત્રમાં ઉપદિષ્ટ નથી, પરંતુ ભિક્ષાગ્રહણનું પ્રયોજન છ કાયના આરંભમાં નિવર્તન અર્થે સાધુઓ માટે ઉપદિષ્ટ છે. તેથી કોઈ શ્રાવક સર્વથા સાધુપણું ગ્રહણ ન કરી શકે તો પણ, શક્તિ મુજબ વિરતિને સેવતો અન્નાદિવિષયક આરંભના નિવારણ અર્થે અતિદેશપ્રાપ્ત અર્થાત્ સર્વવિરતિના ઉપદેશથી અર્થપ્રાપ્ત, એવા ભિક્ષાગ્રહણાદિકને કેટલાક શ્રાવકો કરે છે, તેથી તે રીતે કોઈ સાધુવેષ પણ ગ્રહણ કરે તો પણ દોષ નથી.

ટીકાર્થ :-

दृश्यते ..... बन्धहेतुत्वाद्, **પૂર્વપક્ષીના કથનના નિવારણ અર્થે ગ્રંથકાર કહે છે કે, અદૃષ્ટમુખવાળાઓને તે દેખાય છે=ભિક્ષાગ્રહણાદિક દેખાય છે, પરંતુ માર્ગમાં રહેનારાઓને નહિ; કેમ કે અનુચિત પ્રવૃત્તિનું મહામોહના બંધનું હેતુપણું છે.**

ઉત્થાન :-

શ્રાવકને ભિક્ષા ગ્રહણ કરવી અનુચિત કેમ છે તે બતાવતાં કહે છે –

ટીકાર્થ :-

भिक्षुशब्द ..... अनौचित्याभावात् । **ભિક્ષુશબ્દની પ્રવૃત્તિના નિબંધન એવા ભિક્ષાગ્રહણાદિકની શ્રાદ્ધમાં અનુપપત્તિ હોવાથી આનંદાદિ શ્રાવકો વડે અનાદરણ કરાયેલ છે, વળી અંબડને પરિવ્રાજકલિંગપણું હોવાને કારણે ભિક્ષાના અનૌચિત્યનો અભાવ છે.**

વિશેષાર્થ :-

ભિક્ષાગ્રહણાદિરૂપ યતિવ્રત શ્રાવકના વેશમાં કોઈ કરતો હોય તો તે અનુચિત પ્રવૃત્તિ કરનાર છે. યદ્યપિ કદાચ કોઈ આહારાદિવિષયક આરંભના નિવારણ અર્થે ભિક્ષાવૃત્તિ કરતો હોય, અને શક્તિને અનુરૂપ નિરારંભ જીવન જીવવાનો યત્ન કરતો હોય, તો પણ શ્રાવકના વેશમાં ભિક્ષાનું ગ્રહણ કરવું તે અનુચિત પ્રવૃત્તિરૂપ હોવાથી શ્રાવકને સંભવે નહિ. તેથી જ કહે છે કે તે અનુચિત પ્રવૃત્તિનું મહામોહના બંધનું હેતુપણું છે. કેમ કે મિથ્યાત્વના ઉદયથી જ ભગવાનની આજ્ઞાનિરપેક્ષ એવી ભિક્ષાવૃત્તિ કરવાનો પરિણામ થઈ શકે છે, પરંતુ વિવેકી જીવ હંમેશાં ભગવાનના વચનને અનુરૂપ જ પ્રવૃત્તિ કરતો હોય છે. અને તે ભિક્ષાગ્રહણાદિ અનુચિત પ્રવૃત્તિ છે તેને જ પુષ્ટ કરવા અર્થે કહે છે કે, ભિક્ષુશબ્દની પ્રવૃત્તિના કારણીભૂત એવી ભિક્ષાવૃત્તિની શ્રાદ્ધમાં અનુપપત્તિ હોવાથી, આનંદાદિ શ્રાવકો વડે તેનો અનાદર કરાયેલ છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે, આનંદાદિ શ્રાવકોએ ભલે તે ભિક્ષાગ્રહણાદિનો સ્વીકાર નથી કર્યો, પરંતુ અંબડ પણ શ્રાવક હતા, તેઓ ભિક્ષાવૃત્તિ કરતા હતા, તેથી તે અનુચિત પ્રવૃત્તિ નથી. તેથી કહે છે કે, અંબડ શ્રાવકનું પરિવ્રાજકલિંગપણું હોવાને કારણે ભિક્ષામાં અનૌચિત્યપણાનો અભાવ છે. અર્થાત્ અંબડ, પરિવ્રાજક હોવાને કારણે લોકમાં શાસનની ગ્લાનિ થવાનો સંભવ નથી, અને પોતે પરિવ્રાજકલિંગ ગ્રહણ કર્યા પછી સન્માર્ગને પામ્યા હોવાથી, સર્વવિરતિના ગ્રહણની ઈચ્છા હોવા છતાં તેમાં શક્તિનો અભાવ હોવાને કારણે પરિવ્રાજકલિંગથી જ તેઓ ભિક્ષાવૃત્તિ કરે છે. તેથી ભોજન અર્થે આરંભાદિનો પ્રશ્ન ઊભો ન થાય તથા ધર્મનું લાઘવ પણ ન થાય, તેથી તે પ્રવૃત્તિમાં અનુચિતપણું નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે જો મિશ્ર એવા દ્રવ્યસ્તવની સાધુને અનુપદેશ્યતા હોય તો સર્વ શ્રાદ્ધધર્મ પણ અનુપદેશ્ય થશે, તેનાથી એ પ્રાપ્ત થયું કે સાધુને દ્રવ્યસ્તવ અનુપદેશ્ય નથી. તે જ વાતનું નિગમન કરતાં 'ततः'થી કહે છે -

ટીકાર્થ :-

ततः ..... क्षेमत्वात्, તેનાથી=પૂર્વમાં સિદ્ધ કર્યું તેનાથી, શ્રાદ્ધધર્મની જેમ દ્રવ્યસ્તવની અનુપદેશ્યતા નથી, કેમ કે અપ્રતિષેધની=જેનો નિષેધ ન કરાયો હોય તેની, અનુમતિના આક્ષેપ અને પરિહારનું ઉભયત્ર તુલ્ય યોગક્ષેમપણું છે.

વિશેષાર્થ :-

દ્રવ્યસ્તવની અનુમોદનામાં અપ્રતિષેધ=અનિષેધ કરાયેલી એવી હિંસાની અનુમતિની પ્રાપ્તિ થશે, એ પ્રકારે જો પૂર્વપક્ષી આક્ષેપ કરે, તો ગ્રંથકાર કહે છે કે, તે શ્રાદ્ધધર્મમાં પણ પ્રાપ્ત થશે; અને તેનો પરિહાર પૂર્વપક્ષી આ પ્રમાણે કરે કે, સાધુ પ્રથમ શ્રાવકધર્મનો ઉપદેશ આપતા નથી, પરંતુ સાધુધર્મનો જ ઉપદેશ આપે છે; પરંતુ જેઓ સાધુધર્મ માટે અસમર્થ હોય છે, તેમને શ્રાદ્ધધર્મ બતાવે છે, તેથી અવિરતિના અંશમાં ઉપદેશકને અનુમતિ પ્રાપ્ત થશે નહિ. તો ગ્રંથકાર કહે છે કે, એ જ પ્રકારનો પરિહાર દ્રવ્યસ્તવમાં પણ થઈ

શકે છે. તેથી અપ્રતિષેધની અનુમતિના આક્ષેપ અને પરિહારનું બન્ને સ્થળમાં=શ્રાદ્ધધર્મમાં અને દ્રવ્યસ્તવમાં, સમાનપણું છે.

કહેવાનો ભાવ એ છે કે, જેમ દેશવિરતિનો ઉપદેશ અપાય છે ત્યાં દેશવિરતિમાં દેશથી વિરતિ અને અવિરતિ ઉભય અંશ હોવા છતાં, ઉપદેશકનો આશય અવિરતિનું સેવન કરાવવાનો નથી, પરંતુ સર્વથા વિરતિનું સેવન કરવા અસમર્થ વ્યક્તિને દેશથી વિરતિનું જ સેવન કરાવવાનો આશય છે, તેમ દ્રવ્યસ્તવનો ઉપદેશ આપનાર સાધુનો આશય એ છે કે, શ્રોતા ભાવસ્તવમાં જ યત્ન કરે. પરંતુ તેમાં તે અસમર્થતા બતાવે ત્યારે તેને દ્રવ્યસ્તવનો ઉપદેશ આપે છે. અને દ્રવ્યસ્તવમાં પણ હિંસા અંશ અને ભક્તિ અંશ બે હોવા છતાં ગૃહસ્થ હિંસા કરે તેવો આશય નથી, પરંતુ ભગવાનની ભક્તિ કરે તેવો જ આશય ત્યાં હોય છે. તેથી જેમ દેશવિરતિમાં અપ્રતિષેધની અનુમતિ નથી, તેમ દ્રવ્યસ્તવમાં અપ્રતિષેધ કરાયેલ એવી હિંસાની અનુમતિ નથી.

અહીં શ્રાદ્ધધર્મમાં અને દ્રવ્યસ્તવમાં બંને સ્થાનોમાં સમાનપણું છે, એમ ન કહેતાં તુલ્યયોગક્ષેમપણું છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, જે પ્રકારે દ્રવ્યસ્તવમાં અપ્રતિષેધની અનુમતિનો યોગ પૂર્વપક્ષી દ્વારા પ્રાપ્ત કરાવાય છે, તે રીતે શ્રાદ્ધધર્મમાં પણ અપ્રતિષેધની અનુમતિનો યોગ પ્રાપ્ત થશે. અને જે પ્રકારે પૂર્વપક્ષી શ્રાદ્ધધર્મમાં અપ્રતિષેધની અનુમતિના આક્ષેપનો પરિહાર કરીને ક્ષેમ કરે છે, અર્થાત્ શ્રાદ્ધધર્મમાં તે આપત્તિ નથી એ પ્રમાણે રક્ષણ કરે છે, તે પ્રકારનો ક્ષેમ દ્રવ્યસ્તવમાં સમાન છે.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે શ્રાદ્ધધર્મમાં અને દ્રવ્યસ્તવમાં બંને સ્થાને તુલ્યયોગક્ષેમપણું છે, તેમાં હેતુ કહે છે -

ટીકાર્થ :-

यतिधर्म ..... तथात्वात्, યતિધર્મના અનભિધાનથી=અકથનથી, પૂર્વમાં અનભિધાનનું=અકથનનું, બંને ઠેકાણે તથાપણું=સમાનપણું છે અર્થાત્ શ્રાવકધર્મમાં અને દ્રવ્યસ્તવમાં બંને ઠેકાણે સમાનપણું છે. તેથી શ્રાવકધર્મ અને દ્રવ્યસ્તવમાં સમાનપણું છે, માટે જેમ સાધુ શ્રાવકધર્મનો ઉપદેશ આપે છે ત્યાં શેષ અવિરતિની અનુમોદના નથી, તેમ દ્રવ્યસ્તવની અનુમોદનામાં પણ હિંસા અંશમાં અનુમોદના નથી.

વિશેષાર્થ :-

યતિધર્મને કહ્યા પહેલાં જેમ શ્રાદ્ધધર્મ નહિ કહેવાનું કથન શાસ્ત્રમાં છે, તેમ ભાવસ્તવને કહ્યા પહેલાં દ્રવ્યસ્તવને નહિ કહેવાનું કથન શાસ્ત્રમાં છે.

ઉત્થાન :-

યતિધર્મના અભિધાન પહેલાં, શ્રાદ્ધધર્મના અનભિધાનનું બંને ઠેકાણે સમાનપણું છે, તેમાં હેતુ કહે છે -

ટીકાર્થ :-

यतिधर्मस्य ..... रूढत्वाद्, યતિધર્મના પ્રાગ્ અભિધાનમાં શ્રોતાનું તેમાં=યતિધર્મમાં, અશક્તપણું

જ્ઞાત થયે છતે, તેના પ્રતિ=અશક્ત એવા શ્રોતાના પ્રતિ, શ્રાદ્ધધર્મનું પ્રરૂપણ છે. (તે જ રીતે) યથાવસરસંગતિથી ભાવસ્તવના પ્રાગ્ અભિધાનમાં તેની=ભાવસ્તવની, અશક્તિના પ્રકાશક એવા શ્રોતા પ્રતિ જ દ્રવ્યસ્તવનું અભિધાન છે, એ પ્રમાણે ક્રમનું જ રૂઢપણું છે.

વિશેષાર્થ :-

ઉપદેશક સંસારની નિર્ગુણતા બતાવીને તેનાથી છૂટવાના ઉપાયરૂપે ધર્મ જ એક કારણ છે, તે પ્રકારે શ્રોતાને ઉપદેશ આપે છે; અને જ્યારે શ્રોતા ધર્મ સાંભળવા માટે અભિમુખ બને છે, અને ધર્મવિષયક પૃચ્છા કરે છે, ત્યારે ઉપદેશક પહેલાં યતિધર્મનું પ્રરૂપણ કરે છે; પરંતુ જ્યારે શ્રોતા યતિધર્મમાં પોતાની અશક્તિ બતાવે ત્યારે શ્રોતાને શ્રાદ્ધધર્મનું પ્રરૂપણ કરે છે. તે જ રીતે ભગવાનના સ્તવવિષયક કોઈ પ્રસંગ ચાલતો હોય કે શ્રોતાએ પ્રશ્ન પૂછેલ હોય કે કઈ રીતે ભગવાનનું સ્તવ થાય, એ રૂપ યથાવસરસંગતિથી ભાવસ્તવનું અભિધાન પહેલાં કરવામાં આવે છે; અને તેમાં શ્રોતા જ્યારે પોતાની અશક્તિનું પ્રદર્શન કરે, ત્યારે તેને દ્રવ્યસ્તવનું કથન કરવામાં આવે છે. એ પ્રકારે ક્રમનું જ રૂઢપણું છે.

ટીકાર્થ :-

अत एव .... सूत्रसिद्धः । આ જ કારણથી=ભાવસ્તવનું પહેલાં અભિધાન કરાયે છતે ભાવસ્તવની અશક્તિનું પ્રકાશન કરાયા પછી જ દ્રવ્યસ્તવનું અભિધાન છે, એ પ્રકારના ક્રમનું જ રૂઢપણું છે આ જ કારણથી, ગૃહપતિપુત્રબંદિગૃહવિમોક્ષણન્યાય સૂત્રસિદ્ધ છે.

વિશેષાર્થ :-

જે પ્રકારે બંદિગૃહમાંથી=જેલમાંથી, પોતાના છએ પુત્રોને છોડાવવા માટે ગૃહપતિ સમર્થ ન બન્યો ત્યારે, કેવલ એક મોટા પુત્રને, વંશપરંપરા બચાવવાના આશયથી છોડાવવા યત્ન કરે છે ત્યારે, બાકીના પાંચ પુત્રને જેલમાં રાખવાનો શ્રેષ્ઠીનો આશય નથી કે તેમાં શ્રેષ્ઠીની અનુમોદના નથી; તેમ શ્રોતાને ભાવસ્તવનું કથન કરીને છએ કાયના પાલનનો જ સાધુ ઉપદેશ આપે છે, પરંતુ જ્યારે શ્રોતા સર્વવિરતિ ગ્રહણ કરવા તૈયાર થતો નથી ત્યારે તેને દ્રવ્યસ્તવનું કથન કરે છે, અને તેમાં ત્રસકાયના રક્ષણનો પરિણામ હોય છે, અને ભગવદ્-ભક્તિ દ્વારા સંયમ પ્રત્યેના સત્ત્વને પ્રગટ કરવા માટેનો યત્ન હોય છે, તેથી ઉપદેશકને બાકીના સ્થાવર જીવની હિંસામાં અનુમતિનો આશય હોતો જ નથી.

અહીં વિશેષ એ છે કે, દ્રવ્યસ્તવ એ દ્રવ્ય સામગ્રીથી ભગવાનની ભક્તિસ્વરૂપ છે, અને તેમાં વર્તતો ભગવાન પ્રત્યેનો પૂજ્યભાવ તે ભાવસ્તવરૂપ છે; છતાં તેમાં દ્રવ્યની પ્રધાનતા હોવાને કારણે અને ભાવ અલ્પ હોવાને કારણે તેને દ્રવ્યસ્તવ કહેવામાં આવે છે.

ભાવસ્તવ એ ભગવાનની આજ્ઞાના પાલનસ્વરૂપ છે, અને ભગવાનના ગુણોના સ્મરણથી ચિત્તને અત્યંત નિરપેક્ષભાવ પ્રત્યે લઈ જવાના યત્નસ્વરૂપ છે, જે મુનિઓને હોય છે; અને ત્યાં મોક્ષને અનુકૂળ એવો નિરપેક્ષભાવ પ્રધાન હોય છે, તેથી ત્યાં ભાવસ્તવ પ્રધાનરૂપે છે. અને તે ભાવસ્તવને ઉલ્લસિત કરવા માટે જે

મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરવામાં આવે છે તે દ્રવ્યરૂપ હોવાથી દ્રવ્યસ્તવ કહી શકાય; પરંતુ તેની ત્યાં મુખ્યતા નથી, ભાવોની મુખ્યતા છે, તેથી તે ભાવસ્તવ કહેવાય છે. આથી જ ચૈત્યવંદનમાં ભગવાનના ગુણગાન દ્વારા ભાવોને મુખ્યરૂપે ઉલ્લસિત કરવાના હોય છે, તેથી તે ભાવસ્તવરૂપ છે. આમ છતાં શ્રાવકનું ચિત્ત સંપૂર્ણ નિરવદ્યભાવવાળું નથી, તેથી ચૈત્યવંદન કરવામાં પણ તેમને ભાવસ્તવ અલ્પમાત્રામાં હોય છે; જ્યારે મુનિને ચૈત્યવંદનકાળમાં ભાવસ્તવ વિશેષરૂપે ઉલ્લસિત થાય છે, કેમ કે શેષ ક્રિયાકાળમાં પણ તેમનું ચિત્ત નિરવદ્ય ભાવવાળું હોવાથી ભાવસ્તવરૂપ છે. અને જ્યારે મુનિ ભગવાનના ગુણગાનરૂપ ચૈત્યવંદનની ક્રિયા કરે છે, ત્યારે વિશેષરૂપે ભગવદ્ભાવ પ્રત્યે તેનું ચિત્ત ઉલ્લસિત થાય છે, તેથી જ ચૈત્યવંદનમાં ભાવસ્તવનો વ્યવહાર વિશેષરૂપે રૂઢ છે.

ટીકા :-

तदिदमाह-सौत्रस्य=सूत्रसिद्धस्य क्रमस्योल्लङ्घनात्=उल्लङ्घनमाश्रित्य, नुरिति निश्चये दोषघटना=दोषसङ्गतिः, सदृशी=तुल्या, क्रमप्राप्ते उपदेशे तु न कोऽपि दोष इति । अव्युत्पन्नं प्रति क्रमविरुद्धोपदेशे सुकररुचेरुत्कटत्वेनाप्रतिषेधानुमतिप्रसङ्गः दोषावहः । सम्यग्दृष्टिं प्रति तु यथायोग्योपदेशेऽपि न दोषः इति तु व्यवहारादिग्रन्थार्णवसंप्लवव्यसनिनां प्रसिद्धः पन्थाः ।

ટીકાર્થ :-

तदिदमाह - **તે આ કહે છે=પૂર્વમાં કહ્યું કે, આ પ્રકારના ક્રમનું જે રૂઢપણું છે તે આ=વક્ષ્યમાણ, કહે છે.**

વિશેષાર્થ :-

ટીકામાં બતાવ્યું કે, પહેલાં યતિધર્મના અભિધાન પછી જ તેમાં અસમર્થ પ્રતિ શ્રાદ્ધધર્મનું પ્રરૂપણ છે, એ પ્રકારના ક્રમનું રૂઢપણું છે, તે કથનને શ્લોકમાં બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

सौत्रस्य ..... दोष इति । **સૌત્રના=સૂત્રસિદ્ધ ક્રમના, ઉલ્લંઘનથી નક્કી દોષઘટના=દોષસંગતિ, સદૃશ=તુલ્ય છે. વળી ક્રમપ્રાપ્ત ઉપદેશમાં કોઈ પણ દોષ નથી.**

✪ 'दोष इति' અહીં 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીએ કહેલ કે, શ્રાદ્ધધર્મના કથનમાં અમને અનુમતિનો પ્રસંગ પ્રાપ્ત નથી, કેમ કે યતિધર્મનું કથન કર્યા પછી જ તેમાં જે શ્રોતા અસમર્થ છે તેને જ શ્રાદ્ધધર્મનું પ્રરૂપણ કરવામાં આવે છે; અને જે ઉપદેશક યતિધર્મના કથન વગર જ શ્રોતાને શ્રાદ્ધધર્મનું કથન કરે છે, અને એ રીતે કથન કરીને સૂત્રસિદ્ધ ક્રમનું ઉલ્લંઘન કરે છે, તેનાથી

શ્રોતાને દેશવિરતિની પ્રાપ્તિ થાય તો પણ, ઉપદેશકને દેશવિરતિમાં રહેલા અવિરતિ અંશરૂપ ભાગની અનુમતિની પ્રાપ્તિરૂપ દોષસંગતિ પ્રાપ્ત થાય, અને જો ક્રમપ્રાપ્ત ઉપદેશ આપે તો કોઈ દોષ નથી. તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે કે, દ્રવ્યસ્તવમાં પણ તે જ પ્રમાણે તુલ્ય દોષસંગતિ છે. જો ઉપદેશક ભાવસ્તવનું કથન કર્યા વગર દ્રવ્યસ્તવનું કથન કરે, તો સૂત્રસિદ્ધ ક્રમનું ઉલ્લંઘન થવાને કારણે તેને દ્રવ્યસ્તવમાં વર્તતા હિંસારૂપ ઈતરાંશની અનુમતિની પ્રાપ્તિરૂપ દોષસંગતિ પ્રાપ્ત થાય; અને ઉપદેશક ભાવસ્તવનો ઉપદેશ આપ્યા પછી ભાવસ્તવ માટે અસમર્થ હોય તેના પ્રતિ દ્રવ્યસ્તવનો ઉપદેશ આપે તો ક્રમપ્રાપ્ત ઉપદેશમાં કોઈ દોષ નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, સૂત્રસિદ્ધ ક્રમના ઉલ્લંઘનને આશ્રયીને દોષસંગતિ તુલ્ય છે, ત્યાં પ્રશ્ન થાય કે, તો પછી સર્વને પ્રથમ યતિધર્મનો જ ઉપદેશ આપવો જોઈએ એવો એકાંત છે? કે તેમાં પણ કોઈ વિકલ્પ છે? તેથી કહે છે –

ટીકાર્થ :-

अव्युत्पन्नं ..... पन्थाः । અવ્યુત્પન્નને=શાસ્ત્રના તાત્પર્યના અજાણને, આશ્રયીને, ક્રમવિરુદ્ધ ઉપદેશમાં સુકર રુચિનું ઉત્કટપણું હોવાને કારણે અપ્રતિષેધની=અનિષેધની, અનુમતિનો પ્રસંગ દોષાવહ છે, વળી સમ્યગ્દૃષ્ટિ પ્રત્યે યથાયોગ્ય ઉપદેશમાં પણ દોષ નથી. એ પ્રકારે વળી વ્યવહારાદિ ગ્રંથોરૂપ સમુદ્રમાં ડૂબકી મારવાના સ્વભાવવાળા જીવોનો પ્રસિદ્ધ માર્ગ છે.

✪ व्यवहारादिग्रन्थार्णव ..... અહીં 'आदि' પદથી નિશ્ચયને કહેનાર ગ્રંથનું ગ્રહણ કરવું.

વિશેષાર્થ :-

અવ્યુત્પન્ન તે છે કે જેને પ્રથમ દેશવિરતિનો અને પછી સર્વવિરતિનો ઉપદેશ આપવામાં આવે તો, દેશવિરતિ કરતાં સર્વવિરતિ અધિક છે તેમ તે સામાન્યથી જાણે છે છતાં, દેશવિરતિ અને સર્વવિરતિરૂપ બે પ્રકારના ધર્મમાં મેરુ અને સરસવ જેટલું જે મહાઅંતર છે, તેને સ્પષ્ટ જાણવા માટે જેની બુદ્ધિ વ્યુત્પન્ન= સમર્થ, નથી. તેવા અવ્યુત્પન્ન પ્રતિ પ્રથમ દેશવિરતિનો ઉપદેશ આપવામાં આવે તો, ધર્મની રુચિવાળા એવા પણ તેઓ, સર્વવિરતિરૂપ કઠિન ધર્મમાં ઉલ્લસિત વીર્યવાળા થવાને બદલે, સુકર રુચિવાળા તેઓ દેશવિરતિ ધર્મમાં ઉલ્લસિત થાય છે, અને તેના કારણે તેઓ બંને પ્રકારના ધર્મમાં સહેલાઈથી થઈ શકે તેવા દેશવિરતિ ધર્મ પ્રત્યે જ પ્રતિબંધવાળા બને છે. તેથી તેઓ ધર્મના તીવ્ર અર્થી બને ત્યારે, પ્રથમ તેઓને સર્વવિરતિ ધર્મનો ઉપદેશ આપવામાં ન આવે તો અપ્રતિષેધની અનુમતિનો પ્રસંગ પ્રાપ્ત થાય. અર્થાત્ તેઓ જે દેશવિરતિને ગ્રહણ કરે છે તેનો ઈતરાંશ જે અવિરતિ છે તેનો અપ્રતિષેધ-અનિષેધ થવાને કારણે અવિરતિની અનુમતિનો પ્રસંગ ઉપદેશકને પ્રાપ્ત થાય છે.

વળી સમ્યગ્દૃષ્ટિ પ્રત્યે યથાયોગ્ય ઉપદેશ પણ દોષરૂપ નથી એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, સમ્યગ્દૃષ્ટિ જીવો સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા હોય છે, તેથી તેમને દેશવિરતિનો ઉપદેશ આપવામાં આવે તો દેશવિરતિ

તેમને આસન્નભાવવાળી હોવાથી શીઘ્રભાવથી પરિણામ પામે છે, અને ત્યાર પછી સર્વવિરતિનો ઉપદેશ આપવાથી સર્વવિરતિના મહત્ત્વને પણ તેઓ સારી રીતે અવધારણ કરી શકે છે. તેથી પોતાની શક્તિ હોય તો તેઓ સર્વવિરતિને પણ ગ્રહણ કરે, અને શક્તિ ન હોય તો દેશવિરતિ ધર્મ પણ સ્વીકારે. અને કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવો અતિ સત્ત્વવાળા દેખાય તો તેઓને પ્રથમ સર્વવિરતિનો ઉપદેશ આપવાથી સર્વવિરતિ ધર્મ તેમને સમ્યગ્ પરિણામ પામે છે, તેથી તેવા જીવોને આશ્રયીને પ્રથમ સર્વવિરતિ ધર્મનો ઉપદેશ અપાય છે. માટે સમ્યગ્દૃષ્ટિ જીવોને આશ્રયીને ઉપદેશનો કોઈ નિયત ક્રમ નથી. એ પ્રકારે વળી=અવ્યુત્પન્ન પ્રતિ ક્રમવિરુદ્ધ ઉપદેશમાં અપ્રતિષેધની અનુમતિનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, અને સમ્યગ્દૃષ્ટિ પ્રતિ યથાયોગ્ય ઉપદેશમાં પણ કોઈ દોષ નથી, એ પ્રકારે વળી, વ્યવહારાદિ ગ્રંથોરૂપ સમુદ્રમાં ડૂબકી મારવાના સ્વભાવવાળા જીવોનો પ્રસિદ્ધ માર્ગ છે.

ટીકા :-

तत्=तस्मात् कारणात्, सम्यग्=अवैपरीत्येन, विधिभक्तिपूर्वमुचितस्य द्रव्यस्तवस्य स्थापने=उपदेशे, जाताप्रतिभाख्यनिग्रहस्थानस्य लुम्पकस्य मुखम्लानिं विनाऽपरं दूषणं वयं न विद्मः=न जानीमः । विनोक्तिरलङ्कारः ।।२५।।

ટીકાર્થ :-

'तत्' તે કારણથી=પૂર્વમાં સિદ્ધ કર્યું કે દ્રવ્યસ્તવ સાધુને અનુમોદ્ય છે તે કારણથી, सम्यग्=અવિપરીતપણા વડે, વિધિ-ભક્તિપૂર્વક ઉચિત દ્રવ્યસ્તવના સ્થાપનમાં=ઉપદેશમાં, પ્રાપ્ત થયો છે અપ્રતિભાખ્યનિગ્રહસ્થાન=અપ્રતિભા નામનું પરાભવ સ્થાન, જેમને એવા લુંપાકની મુખમ્લાનિ વિના બીજું દૂષણ અમે જોતા નથી. આ કાવ્યમાં વિનોક્તિ અલંકાર છે.

✪ ટીકામાં 'सम्यग्' પદ છે તેનો અન્વય સ્થાપનની સાથે છે, અને 'विधिभक्तिपूर्वम्' નો અન્વય ઉચિત દ્રવ્યસ્તવ સાથે છે.

વિશેષાર્થ :-

શાસ્ત્રોક્ત વિધિ અને હૈયાની ભક્તિપૂર્વક જે દ્રવ્યસ્તવ કરાય છે તેને સમ્યગ્ રીતે કોઈ ઉપદેશક સ્થાપન કરે તો કોઈ દોષ નથી, પરંતુ વિપરીતપણાથી સ્થાપન કરે તો અવશ્ય ત્યાં દોષ છે.

જેમ કોઈ ઉપદેશક પ્રથમ ભાવસ્તવનો ઉપદેશ આપ્યા વગર દ્રવ્યસ્તવ કરવો જોઈએ તેમ કહે, તો તે વિપરીત સ્થાપન છે, અને તે કથન સુવિચારક વ્યક્તિઓને મુખમ્લાનિનું કારણ બને. પરંતુ પ્રથમ ભાવસ્તવનો ઉપદેશ આપે, અને શ્રોતા ભાવસ્તવમાં પોતાની અસમર્થતા જણાવે ત્યારે દ્રવ્યસ્તવનું કથન કરે, તો તે સમ્યગ રીતે સ્થાપન હોવાથી ત્યાં દોષ નથી. આમ છતાં, જેઓને દ્રવ્યસ્તવ પ્રત્યે અરુચિ છે તેવા લુંપાકને જ મુખની મ્લાનિ પ્રાપ્ત થાય છે=લુંપાકનું મુખ કરમાઈ જાય છે તે જ એક દોષ છે, એમ ગ્રંથકાર લુંપાક પ્રત્યે કટાક્ષ કરે છે.

અહીં 'जातप्रतिभाख्यनिग्रहस्थानस्य' એ લુંપાકનું વિશેષણ છે. લુંપાકની મુખમ્લાનિ કેમ થઈ તેમાં હેતુઅર્થક આ વિશેષણ છે. આ કથનમાં દૂષણ શું છે તો કહ્યું કે - લુંપાકની મુખમ્લાનિ થઈ તે દૂષણ છે, અને લુંપાકની મુખમ્લાનિ કેમ થઈ ? તેમાં હેતુ એ છે કે લુંપાકની ઉત્તર આપી શકે તેવી પ્રતિભા હણાઈ ગઈ, તેના કારણે તે નિગ્રહસ્થાન પામ્યો છે, તેથી મુખમ્લાનિ થઈ છે. લુંપાકનું આ 'जातप्रतिभाख्यनिग्रहस्थानस्य' વિશેષણ મૂળમાં નથી. ટીકામાં આ વિશેષણ બતાવ્યું છે, તેનું કારણ તેની મુખમ્લાનિ કેમ થઈ તે બતાવવા અર્થે કહેલ છે.

આ કાવ્યમાં વિનોક્તિ અલંકાર છે. તે આ રીતે - લુંપાકના મુખની મ્લાનિ સિવાય બીજું દૂષણ અમે જોતા નથી, એ કથન 'વિના' શબ્દથી અલંકારના પ્રયોગરૂપ છે, તેથી વિનોક્તિ અલંકાર છે. **॥૨૫॥**

અવતરણિકા :-

द्रव्यस्तवे हिंसानुमतेर्यावद्विशेषाभावात् सामान्याभाव इत्यनुशास्ति -

અવતરણિકાર્થ :-

દ્રવ્યસ્તવમાં હિંસાની અનુમતિના યાવદ્ વિશેષનો અભાવ હોવાથી સામાન્યનો અભાવ છે, એ પ્રકારે અનુશાસન કરતાં કહે છે –

વિશેષાર્થ :-

હિંસાવિષયક અનુમતિના જેટલા વિશેષ પ્રકારો છે તે સર્વનો દ્રવ્યસ્તવમાં અભાવ છે. અને જેમાં સર્વવિશેષનો અભાવ હોય તેમાં તેના સામાન્યનો પણ અભાવ હોય. જેમ કે જ્યાં લીમડો, આંબો, પીપળો આદિ સર્વ વિશેષ વૃક્ષનો અભાવ હોય ત્યાં વૃક્ષસામાન્યનો પણ અભાવ હોય. તેથી દ્રવ્યસ્તવમાં હિંસાની અનુમતિના સર્વ વિશેષનો અભાવ હોવાથી સર્વ સામાન્યનો અભાવ છે, એ વાત હવે ગ્રંથકાર બતાવે છે –

શ્લોક :-

नाशंसानुमतिर्दयापरिणतिस्थैर्यार्थमुद्यच्छताम्,
संवासानुमतिस्त्वनायतनतो दूरस्थितानां कथम् ।
हिंसाया अनिषेधनानुमतिरप्याज्ञास्थितानां न यत्,
साधूनां निरवद्यमेव तदिदं द्रव्यस्तवश्लाघनम् ।।२६।।

શ્લોકાર્થ :-

જે કારણથી દયાપરિણતિના સ્થૈર્ય માટે ઉદ્યમ કરતા એવા (સાધુઓને) આશંસાનુમતિ નથી, તો અનાયતનથી દૂર રહેલા એવા (સાધુઓને) સંવાસાનુમતિ કેવી રીતે હોય ? અર્થાત્ ન હોય. આજ્ઞાસ્થિત એવા (સાધુઓને) હિંસાના અનિષેધરૂપ અનુમતિ પણ નથી. તે કારણથી આ દ્રવ્યસ્તવનું શ્લાઘન=શ્લાઘા, સાધુને નિરવદ્ય જ છે. ।।૨૬।।

ટીકા :-

'नाशंसा' इति :- भगवत्पूजादर्शनाद् बहवो जीवा सम्यग्दर्शननैर्मल्यमासाद्य चारित्रप्राप्त्या सिद्धिसौधमध्यासतामिति भावनया पूजा कर्त्तव्येति दयापरिणतिस्थैर्यार्थमुद्यच्छताम्=उद्यमं कुर्वाणानां, साधूनामाशंसानुमतिर्न भवति, उपदेशफलेच्छायां हिंसाया अविषयत्वात् । संवासानुमतिस्त्वनायतनतो= हिंसाऽऽयतनाद्, दूरस्थितानां साधूनां कथं भवति ? पुष्पाद्यायतनमेवानायतनमिति चेत् ? तर्हि समवसरणस्थितानामनायतनवर्तित्वप्रसङ्गः । न च देवगृहेऽपि स्तुतित्रयकर्षणात्परतोऽवस्थानमनुज्ञातं साधूनामिति विधिवन्दनाद्यर्थमवस्थाने नोक्तदोषः । आज्ञास्थितानां=क्रमाविरुद्धोपदेशाद्याज्ञावर्तिनां, हिंसाया अनिषेधानुमतिरपि यद्=यस्मात्कारणाद्, न भवति, तत्=तस्मात् कारणाद्, इदं द्रव्यस्तवस्य श्लाघनं=माहात्म्यप्रकाशनं, साधूनां निरवद्यमेव शुभानुबन्धित्वादिति निष्कर्षः ।।२६।।

ટીકાર્થ :-

भगवत्पूजा ..... अविषयत्वात् । **ભગવાનની પૂજાના દર્શનથી ઘણા જીવો સમ્યગ્દર્શનની નિર્મળતાને પામીને ચારિત્રની પ્રાપ્તિ દ્વારા સિદ્ધિરૂપી મહેલને પામે, એ પ્રકારની ભાવનાથી પૂજા કરવી જોઈએ, એ પ્રમાણે દયાપરિણતિના સ્થૈર્ય માટે ઉદ્યમ કરતા અર્થાત્ શ્રોતાની દયાપરિણતિના સ્થૈર્ય માટે ઉદ્યમ કરતા એવા સાધુઓને આશંસાનુમતિ નથી. કેમ કે ઉપદેશની ફલેચ્છામાં હિંસાનું અવિષયપણું છે, અર્થાત્ ઉપદેશનું ફળ શ્રોતાની દયાપરિણતિની સ્થિરતા કરવાનું છે, તદ્વિષયક સાધુને ઈચ્છા છે, તેમાં હિંસાનું અવિષયપણું છે.**

વિશેષાર્થ :-

ઉપદેશક સાધુ શ્રોતાને 'પૂજા કરવી જોઈએ,' એ પ્રકારનો જ્યારે ઉપદેશ આપે છે ત્યારે કહે છે કે, અત્યંત ભક્તિપૂર્વક, વિવેકપૂર્વક અને ઉત્તમોત્તમ દ્રવ્યોથી જ્યારે ભગવદ્ ભક્તિ કરવામાં આવે, ત્યારે ભગવાનની પૂજાના દર્શનથી ઘણા જીવો સમ્યગ્દર્શનની નિર્મળતાને પામે છે, યાવત્ સિદ્ધિસુખને પામે છે; તેથી તેવા ઉત્તમ આશયથી ભગવાનની પૂજા કરવી જોઈએ. આ પ્રકારના ઉપદેશથી શ્રોતામાં ભાવદયાની પરિણતિ સ્થિર થાય છે, તેથી તેમાં ઉદ્યમ કરતા એવા સાધુને હિંસાની આશંસાનુમતિ પ્રાપ્ત થતી નથી. કેમ કે ઉપદેશના ફળરૂપે તેઓને એ જ ઈચ્છા છે કે શ્રોતાની ભાવદયા સ્થિર થાય.

અહીં વિશેષ એ છે કે, ભગવાનની પૂજા પોતાની ભગવાનની ભક્તિની વૃદ્ધિ માટે કરવાની છે અને પોતાની દર્શનશુદ્ધિ માટે કરવાની છે. આથી જ ભગવાનની ભક્તિ કરતાં કરતાં ઘણા જીવો ચારિત્રની પરિણતિને પામે છે. આમ છતાં અન્ય જીવોને પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય એવા આશયથી સંબુદ્ધ શ્રાવકો ઉદારતાપૂર્વક ભગવાનની પૂજા કરે છે. તેથી જેમ સ્વનું કલ્યાણ પૂજામાં અપેક્ષિત છે તેમ પરને સન્માર્ગની પ્રાપ્તિ થાઓ તેવો આશય પણ પૂજામાં ઈષ્ટ છે.

ભગવાનની પૂજાના દર્શનથી યોગ્ય જીવોને સમ્યગ્દર્શનની નિર્મળતા થાય છે, તે આ રીતે - જે જીવોને સામાન્યથી ભગવાન પ્રત્યે બહુમાનભાવ હોય છે, તે જીવો વિવેકપૂર્વક કરાયેલી ભગવાનની ઉત્તમોત્તમ ભક્તિને જોઈને ભગવદ્-ભક્તિ પ્રત્યે બહુમાનભાવવાળા થાય છે; અને ભગવાનની ભક્તિ પ્રત્યેનો બહુમાનભાવ દર્શનશુદ્ધિનું કારણ બને છે. કેમ કે ભગવાન એ વ્યક્તિરૂપે પૂજનીય નથી, પરંતુ જેઓએ મહાસત્ત્વથી આત્માના વીતરાગભાવરૂપ સ્વભાવને આવિર્ભાવ કર્યો છે, માટે તેઓ પૂજનીય છે. તેથી જે જીવો વીતરાગને વીતરાગભાવરૂપે સૂક્ષ્મ બુદ્ધિથી જોઈને તેમના પ્રત્યે જેમ જેમ બહુમાનભાવવાળા થાય છે, તેમ તેમ વીતરાગતાના સૂક્ષ્મભાવોને જોવાની નિર્મળ દૃષ્ટિ તેમનામાં પ્રગટે છે; અને આ રીતે વિવેકસંપન્ન શ્રાવક ભગવાનની પૂજા કરતો હોય તો, અન્ય યોગ્ય જીવોને પણ તેની ભક્તિ જોઈને ભગવાન પ્રત્યે બહુમાનભાવ વધે છે, તે સમ્યગ્દર્શનની નિર્મળતા છે. કેમ કે આત્માના વાસ્તવિક સ્વરૂપને જોવું તે જ યથાર્થ દર્શન છે. આથી જ સુદેવ, સુગુરુ અને સુધર્મનો તીવ્ર પક્ષપાત એ સમ્યગ્દર્શનરૂપ છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે. કેમ કે સુદેવ તે શુદ્ધ આત્મતત્ત્વની પ્રગટ થયેલી એવી આત્માની અવસ્થા છે, અને સુગુરુ, શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવા માટે યત્ન કરવારૂપ જીવની અવસ્થા છે, અને સુધર્મ, શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવા માટે ક્રિયાસ્વરૂપ છે. જેમને શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવાની ઈચ્છા થાય તેમને તે અવસ્થાને પામેલ પ્રત્યે, તે અવસ્થાને પામવા માટે યત્ન કરનાર પ્રત્યે, અને શુદ્ધ આત્મતત્ત્વને પામવાના ઉપાયભૂત આચરણા પ્રત્યે, અત્યંત પક્ષપાત થાય છે.

टीकार्थ :-

संवासानुमतिस्तु ..... भवति ? વળી સંવાસાનુમતિ પણ, અનાયતનથી=હિંસાના આયતનથી= સ્થાનથી, દૂર રહેલા સાધુઓને કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય.

✪ શ્લોકમાં 'तु' શબ્દ છે તે 'पुनः' અર્થમાં છે, અને ટીકામાં 'संवासानुमतिरपि' પાઠ છે ત્યાં 'अपि' શબ્દ અધ્યાહાર સમજવો.

विशेषार्थ :-

અહીં અનાયતનનો અર્થ હિંસાનું આયતન કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે નહીં સેવવા યોગ્ય જે આયતન એટલે કે સ્થાન તે અનાયતન છે; અને સાધુ ગૃહસ્થવાસથી સર્વથા પર હોવાથી હિંસાના સ્થાનભૂત એવા ગૃહવાસથી=અનાયતનથી, અત્યંત દૂર રહેલા છે, તેથી તેઓને સંવાસાનુમતિ સંભવતી નથી.

टीकार्थ :-

पुष्पाद्यायतन ..... प्रसङ्गः । અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, પુષ્પાદિનું આયતન જ અનાયતન છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે, તો પછી સમવસરણમાં રહેલા મુનિઓને અનાયતનમાં અવસ્થાનનો=રહેવાનો, પ્રસંગ આવશે.

विशेषार्थ :-

પૂર્વપક્ષીને કહેવાનો આશય એ છે કે, દેરાસરમાં શ્રાવકો પુષ્પાદિથી પૂજા કરે છે અને પુષ્પાદિનું

આયતન જ અનાયતન છે=હિંસાનું સ્થાન છે; અને સાધુઓ દેરાસરમાં દર્શન આદિ માટે જાય છે, તેથી તેઓ અનાયતનથી દૂર નથી, તેથી સાધુને સંવાસાનુમતિ દોષ પ્રાપ્ત થશે. તેને ગ્રંથકાર કહે છે કે, જો પુષ્પાદિનું આયતન જ અનાયતન માનશો તો સમવસરણમાં દેવતાઓ પુષ્પો (સચિત્ત) પાથરે છે, ત્યાં રહેનાર સાધુને પણ અનાયતનમાં=હિંસાના આયતનમાં, સંવાસ સ્વીકારવાની આપત્તિ આવશે. અને તેમ સ્વીકારીએ તો સમવસરણમાં બેઠેલા મુનિઓને પણ સંવાસાનુમતિ દોષની પ્રાપ્તિ માનવી પડશે.

ઉત્થાન :-

અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે - મુનિઓ સમવસરણમાં ભગવાનની દેશના સાંભળવા સિવાય રહેતા નથી, તેથી ત્યાં રહેવાથી અનાયતનનો પ્રસંગ નહિ આવે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે -

ટીકાર્થ :-

न च ..... नोक्तदोषः । દેવગૃહમાં=દેરાસરમાં, પણ સાધુઓને ત્રણ સ્તુતિના કર્ષણથી= બોલવાથી, વધુ અવસ્થાન=રહેવું, અનુજ્ઞાત નથી. એથી કરીને વિધિવંદનાદિ માટે અવસ્થાનમાં ઉક્ત દોષ નથી= અનાયતનમાં રહેવાનો દોષ નથી.

ઉત્થાન :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે, સાધુને દ્રવ્યસ્તવમાં આશંસાનુમતિ નથી, તેમજ સંવાસાનુમતિ પણ નથી. હવે અનિષેધરૂપ પણ અનુમતિ નથી, તે બતાવે છે -

ટીકાર્થ :-

आज्ञास्थितानां ..... निष्कर्षः ।। આજ્ઞામાં રહેલાઓને=ક્રમથી અવિરુદ્ધ ઉપદેશ આદિ આપવાની આજ્ઞામાં રહેલાઓને, હિંસાના અનિષેધની અનુમતિ પણ નથી. જે કારણથી ત્રણે અનુમતિ નથી, તે કારણથી દ્રવ્યસ્તવની શ્લાઘા=માહાત્મ્યનું પ્રકાશન, સાધુઓને નિરવદ્ય જ છે, કેમ કે શુભાનુબંધીપણું છે, એ પ્રમાણે નિષ્કર્ષ જાણવો.

✪ **'अनिषेधानुमतिरपि'** અહીં **'अपि'** શબ્દથી આશંસાનુમતિ અને સંવાસાનુમતિ એ બે અનુમતિ પણ નથી તેનો સમુચ્ચય કરવાનો છે. તેથી **'यस्मात् कारणात्'** નો અન્વય ત્રણે અનુમતિ સાથે કરવાનો છે. માટે અર્થ આ પ્રમાણે થાય કે - જે કારણથી ત્રણે પ્રકારની અનુમતિ સાધુઓને નથી, તે કારણથી દ્રવ્યસ્તવની શ્લાઘા સાધુઓને નિરવદ્ય જ છે.

✪ **'शुभानुबन्धित्वात्'** અહીં 'અનુબંધ' શબ્દ ફલાર્થક છે. તેથી ગૃહસ્થની દયાપરિણતિના સ્થૈર્યરૂપ શુભ ફળ ગ્રહણ કરવાનું છે. **॥૨૬॥**

અવતરણિકા :-

कश्चिदाह -

અવતરણિકાર્થ :-

લુંપાક અંતર્ગત કોઈક કહે છે -

શ્લોક :-

साधूनामनुमोद्यमित्यथ न किं कर्त्तव्यमर्चादिकम्,
सत्यं केवलसाहचर्यकलनान्नेष्टानुमानप्रथा ।
व्याप्तिः क्वापि गता स्वरूपनिरयाचारादुपाधेस्तव,
क्लीबस्येव वृथा वधूनिधुवने तद् बाल ! तर्के रतिः ।।२७।।

શ્લોકાર્થ :-

સાધુઓને અર્ચાદિક અનુમોદ્ય છે, એથી કરીને કર્તવ્ય કેમ ન હોય ? 'सत्यं' થી ગ્રંથકાર કહે છે તારી વાત સાચી છે. કેવલ સાહચર્યના કલનથી=પુરસ્કરણથી=આગળ કરવાથી, અનુમાનની પ્રથા ઈષ્ટ નથી, કેમ કે સ્વરૂપથી નિરવધાચારરૂપ ઉપાધિ હોવાને કારણે વ્યાપ્તિ ક્યાંય પણ ગયેલી છે અર્થાત્ વ્યાપ્તિ નથી. તે કારણથી, હે બાલ ! ક્લીબને=નપુંસકને, સ્ત્રીના સંભોગની જેમ તારી તર્કમાં રતિ વૃથા છે. ।।૨૭।।

✪ શ્લોકમાં 'अथ' શબ્દ છે તે પૂર્વપક્ષીના કથનના પ્રારંભઅર્થક છે.

ટીકા :-

'साधूनाम्' इति :- द्रव्यस्तवो यदि साधूनामनुमोद्यस्तदा तेषां कर्त्तव्यः स्यादिति चेत् ? किमिदं स्वतन्त्रसाधनम्, प्रसङ्गापादनं वा ? नाद्यः, साधुकर्तव्यत्वस्यानभीप्सितत्वेनासाध्यत्वाद् ।

ટીકાર્થ :-

'साधूनाम्' આ પ્રમાણે ટીકાના પ્રારંભ અર્થે મૂળ શ્લોકનું પ્રતીક લીધું છે. ત્યાર પછી શ્લોકના અર્થના પ્રારંભ પૂર્વે તેની ભૂમિકારૂપે તર્ક કરતાં કહે છે -

द्रव्यस्तवो ..... असाध्यत्वाद् । જો દ્રવ્યસ્તવ સાધુને અનુમોદ્ય હોય તો તેઓને કર્તવ્ય થાય, આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ત્યાં ગ્રંથકાર પૂર્વપક્ષીને પૂછે છે કે, શું આ સ્વતંત્ર સાધન છે? અર્થાત્ પૂર્વમાં કરેલ તર્ક સ્વસિદ્ધાંતને સિદ્ધ કરવા અર્થે છે? અથવા પ્રસંગ આપાદનરૂપ છે? ત્યાં પ્રથમ વિકલ્પ બરોબર નથી, કેમ કે સાધુઓને કર્તવ્યત્વનું અનભિપ્સિતપણું=અનિચ્છનીયપણું હોવાને કારણે અસાધ્યપણું છે.

વિશેષાર્થ :-

કોઈ વ્યક્તિએ પોતાનો માનેલો સિદ્ધાંત સિદ્ધ કરવો હોય ત્યારે તર્ક સ્વતંત્ર સાધન બને. જેમ કે

પૂર્વપક્ષીને દ્રવ્યસ્તવ સાધુને કર્તવ્યરૂપે માન્ય હોય તો તે કહી શકે કે, જો સાધુને દ્રવ્યસ્તવ અનુમોદ્ય છે તો તમારે દ્રવ્યસ્તવ સાધુને કર્તવ્યરૂપે પણ માનવું જોઈએ. તેના દ્વારા પોતાને જે કર્તવ્યરૂપે માન્ય છે, તેની સિદ્ધિ સામેની વ્યક્તિને તે કરાવી શકે ત્યારે સ્વસિદ્ધાંતનું સાધન પ્રસ્તુત તર્ક બને. પરંતુ આદ્ય વિકલ્પયુક્ત નથી, કેમ કે પૂર્વપક્ષીને દ્રવ્યસ્તવ સાધુને કર્તવ્યરૂપે માન્ય નથી.

ટીકા :-

अन्त्येत्वाह-'साधूनाम्' इति । अथानुमोद्यमिति हेतोः साधूनामर्चादिकं किं न कर्तव्यम् ? यदि अनुमोद्यं स्यात्, कर्त्तव्यं स्यात्, न च कर्त्तव्यमस्ति, अतो नानुमोद्यमिति विपर्ययपर्यवसानम्, तथा च एतत्तर्कसहकृतान्मिश्रत्वादिहेतोरननुमोद्यत्वसिद्धिरित्यर्थः । अत्रोत्तरम्-सत्यम्, यत्त्वयाऽऽपातत प्रसञ्जनं कृतम्, परं केवलस्य साहचर्यस्य कलनात्=पुरस्करणाद्, अनुमानप्रथा प्रसङ्गापादननिष्ठा नेष्टा, न हि साहचर्यमात्रं व्याप्तिः पार्थिवत्वलोहलेख्यत्वयोरपि तत्प्रसङ्गात् । तथा च तर्कमूल-व्याप्त्यसिद्धेर्मूलशैथिल्यदोषः इत्यर्थः । यद् यद् अनुमोद्यं तत्तत्कर्त्तव्यमित्यत्र नियतसाहचर्याद् व्याप्तिरस्त्येवेत्यत्राह व्याप्तिः क्वापि गता=दूरे नष्टा, कस्मात् ? स्वरूपनिरयाचारात्=स्वरूपनिर-वद्याचारादुपाधेः । यत्र साधुकर्त्तव्यत्वं तत्र स्वरूपतो निरवद्यत्वम्, यत्र च तदनुमोद्यत्वं तत्र स्वरूपतो निरवद्यत्वमिति नास्ति, कारणविहितानां वर्षाविहारादीनां नद्युत्तारादीनां संयत्यवलम्बनादीनां चानुमोद्यत्वेऽपि स्वरूपनिरवद्यत्वाभावात् । तथा च, अनौपाधिकसहचाररूपव्याप्त्यभावान्मूलशैथिल्यं वज्रलेप इति भावः ।

ઉત્થાન :-

પૂર્વમાં બે પ્રશ્નો કરેલા કે આ તર્ક સ્વતંત્ર સાધનરૂપે છે? કે પ્રસંગ આપાદનરૂપ છે? તેમાં પ્રથમ વિકલ્પ સંગત નથી, એમ બતાવીને હવે અંત્ય વિકલ્પમાં વળી કહે છે –

અંત્ય વિકલ્પનું ઉત્થાન 'साधूनाम्' થી મૂળશ્લોકમાં છે તે બતાવવા અર્થે 'साधूनाम् इति' એ પ્રમાણે ટીકામાં કહેલ છે.

ટીકાર્થ :-

अथ ..... इत्यर्थः । **'अथ' થી પૂર્વપક્ષી કહે છે કે, અનુમોદ્યરૂપ હેતુથી સાધુને અર્ચાદિક કેમ કર્તવ્ય ન થાય? જો અનુમોદ્ય હોય તો કર્તવ્ય થવું જોઈએ, અને દ્રવ્યસ્તવ કર્તવ્ય નથી અર્થાત્ તમારા મત પ્રમાણે દ્રવ્યસ્તવ સાધુને કર્તવ્ય નથી, એથી અનુમોદ્ય પણ નથી, એ પ્રકારે વિપર્યયમાં તર્ક પર્યવસાન પામે છે. અને તે રીતે=પૂર્વમાં અમે જે તર્ક કર્યો અને તે તર્ક વિપર્યયમાં પર્યવસાન પામીને અનનુમોદ્યત્વનું સ્થાપન કરે છે તે રીતે, આ તર્ક સહકૃત એવા મિશ્રત્વાદિ હેતુથી અનનુમોદ્યત્વની સિદ્ધિ થશે, એ પ્રમાણે અર્થ જાણવો.**

વિશેષાર્થ :-

જેમ કોઈ વ્યક્તિ 'पर्वतो वह्निमान् धूमात्' એ પ્રકારનું અનુમાન કરે, અને પોતાના ધૂમરૂપ હેતુને કોઈ અપ્રયોજક કહી ન શકે તદ્ અર્થે તર્ક કરે કે 'यदि वह्निं विना धूमो स्यात् तर्हि वह्निजन्योऽपि न स्यात्'=જો અગ્નિ વગર ધૂમ હોય તો અગ્નિથી જન્ય પણ ન હોય. એ રૂપ તર્કના સહકારવાળા ધૂમ હેતુથી વહ્નિની સિદ્ધિ અબાધિત રીતે થઈ શકે છે. તેમ પ્રસ્તુતમાં પ્રસ્તુત તર્કના સહકારવાળા એવા મિશ્રત્વાદિરૂપ હેતુથી=હિંસા વડે મિશ્રત્વાદિરૂપ હેતુથી, દ્રવ્યસ્તવને અનનુમોદ્યરૂપે સિદ્ધ કરી શકાશે, એમ પૂર્વપક્ષીનું કહેવું છે.

પ્રસ્તુતમાં અનુમાનનો આકાર આ પ્રમાણે છે - દ્રવ્યસ્તવ (પક્ષ) અનનુમોદ્ય છે (સાધ્ય), હિંસાથી મિશ્રપણું હોવાથી (હેતુ). અહીં મિશ્રપણારૂપ હેતુ તર્કના સહકારવાળો થવાથી સાધ્યની સિદ્ધિ કરશે, એમ લુંપાકનું કહેવું છે.

ટીકાર્થ :-

अत्रोत्तरम् - ..... तत्प्रसङ्गात् । **અહીંયાં=પૂર્વોક્ત પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં, ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે - તારી વાત સાચી છે, જે તારા વડે આપાતથી પ્રસંજન કરાયું=આપત્તિ અપાઈ, પરંતુ કેવલ સાહચર્યના કલનથી=સાહચર્યને આગળ કરવાથી, પ્રસંગ-આપાદન-નિષ્ઠ એવી જે અનુમાનની પ્રથા=અનુમાન કરવાની પદ્ધતિ, છે તે ઈષ્ટ નથી; જે કારણથી સાહચર્યમાત્ર વ્યાપ્તિ નથી. અને જો સાહચર્યમાત્ર વ્યાપ્તિ માનવામાં આવે, તો પાર્થિવત્વ=પૃથ્વીપણું, અને લોહલેખ્યત્વમાં=લોઢાથી ભેદવાપણામાં, પણ વ્યાપ્તિ માનવાનો પ્રસંગ આવે.**

વિશેષાર્થ :-

પૂર્વપક્ષીએ કહ્યું કે, જે અનુમોદ્ય હોય તે કર્તવ્ય હોય તે સ્થૂલદૃષ્ટિથી સાચું છે, તે બતાવવા અર્થે ગ્રંથકારે ટીકામાં **'सत्यं'** કહેલ છે. પરંતુ વાસ્તવિક રીતે જે અનુમોદ્ય હોય તે કર્તવ્ય હોય તેવી વ્યાપ્તિ નથી, ફક્ત સહચારમાત્ર છે. તેથી જો સાધુને દ્રવ્યસ્તવ અનુમોદ્ય હોય તો કર્તવ્ય માનવું જોઈએ, એવો પ્રસંગ આપી શકાય નહિ; અને તે પ્રસંગ આપવા દ્વારા પુષ્ટ કરાયેલ અનુમાન થઈ શકે નહિ, જે કારણથી સાહચર્યમાત્ર વ્યાપ્તિ નથી. કેમ કે પાર્થિવત્વમાં અને લોહલેખ્યત્વમાં વ્યાપ્તિ માનવાનો પ્રસંગ આવશે. તેથી એ ફલિત થાય છે કે જ્યાં વ્યાપ્તિ હોય ત્યાં જ તર્ક થઈ શકે, અને તર્કથી પુષ્ટ થયેલ હેતુથી સાચું અનુમાન થઈ શકે.

અહીં વિશેષ એ છે કે, સાધુને દ્રવ્યસ્તવ અનુમોદ્ય છે, કારણ કે તે ભગવાનની ભક્તિરૂપ છે, અને તે અનુમોદના ભાવસ્તવરૂપ છે, તેથી સાધુને કર્તવ્ય છે. આમ છતાં સાધુ દ્રવ્યસ્તવની ભૂમિકાથી ઉપરની ભૂમિકાવાળા ભાવસ્તવને કરવા સમર્થ છે, તેથી સ્વરૂપથી સાવદ્ય એવી દ્રવ્યસ્તવની આચરણા તેઓને કર્તવ્ય નથી, કેમ કે ભાવસ્તવની પ્રાપ્તિ અર્થે જ શ્રાવકને દ્રવ્યસ્તવની આચરણા છે. અને સાધુ તો ભાવસ્તવ કરી શકે છે, તેથી તેમને દ્રવ્યસ્તવની આવશ્યકતા નથી.

ટીકાર્થ :-

तथा च ..... इत्यर्थः । અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે અનુમોદ્યત્વ અને કર્તવ્યત્વ એ બેમાં સાહચર્યમાત્ર છે પરંતુ વ્યાપ્તિ નથી તે રીતે, તર્કમૂલ વ્યાપ્તિની અસિદ્ધિ હોવાથી મૂલશૈથિલ્ય દોષ છે. એ પ્રમાણે તાત્પર્ય છે.

વિશેષાર્થ :-

અનુમાન કરવામાં હેતુને તર્કનો સહકાર મળે તો જ હેતુ સાધ્યનો ગમક બને. અને તર્કનું મૂળ વ્યાપ્તિ છે, અર્થાત્ હેતુ અને સાધ્યની વચ્ચે વ્યાપ્તિ હોય તો જ સમ્યગ્ તર્ક થઈ શકે, તેથી તર્કનું મૂળ વ્યાપ્તિ છે. જ્યારે પ્રસ્તુતમાં તર્કના મૂળભૂત વ્યાપ્તિની અસિદ્ધિ હોવાથી મૂળશિથિલતા નામનો દોષ છે, તેથી તર્ક થઈ શકતો નથી. તેથી મિશ્રત્વરૂપ હેતુ અનનુમોદ્યત્વરૂપ સાધ્યનો ગમક થઈ શકતો નથી.

અહીં વિશેષ એ છે કે, પૂર્વપક્ષી અનુમાન કરે છે કે સાધુને દ્રવ્યસ્તવ અનુમોદ્ય નથી. તેમાં હેતુ કહે છે કે, મિશ્રપણું હોવાથી. અને તે હેતુની પુષ્ટિ અર્થે તે તર્ક કરે છે કે જો અનુમોદ્ય હોય તો તે કર્તવ્ય હોય. અને શ્વેતાંબર મત પ્રમાણે સાધુને દ્રવ્યસ્તવ કર્તવ્ય નથી માટે પૂર્વપક્ષી પ્રમાણે અનુમોદ્ય નથી. આ પ્રકારે તર્ક કરીને દ્રવ્યસ્તવમાં રહેલ હિંસાથી મિશ્રત્વરૂપ હેતુને તે તર્કથી પુષ્ટ કરે છે, અને સિદ્ધ કરે છે કે, સાધુને દ્રવ્યસ્તવ અનુમોદ્ય નથી. તેથી દ્રવ્યસ્તવ એ પાપપ્રવૃત્તિરૂપ છે પણ ધર્મરૂપ નથી. આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

ત્યાં ગ્રંથકાર કહે છે કે - પૂર્વપક્ષીએ જે તર્ક કરેલ કે, જો અનુમોદ્ય હોય તો તે કર્તવ્ય હોય, એ તર્કમાં વ્યાપ્તિ નથી, પરંતુ અનુમોદ્યત્વ અને કર્તવ્યત્વ વચ્ચે સહચારમાત્ર છે. કારણ કે, સાધુઓ શ્રાવકને દેશવિરતિનો પણ ઉપદેશ આપે છે, તેથી સાધુને તે દેશવિરતિ અનુમોદ્ય છે આમ છતાં કર્તવ્ય નથી, તેથી વ્યાપ્તિ નથી. તો પણ સર્વવિરતિ આદિનો ઉપદેશ આપે છે તે જેમ અનુમોદ્ય છે તેમ કર્તવ્ય પણ છે. તેથી અનુમોદ્યત્વ અને કર્તવ્યત્વ વચ્ચે સહચારમાત્ર છે. તેથી તર્કની મૂળભૂત વ્યાપ્તિની અસિદ્ધિ છે. તેથી મૂળશૈથિલ્ય નામનો દોષ છે, માટે પૂર્વપક્ષીનું અનુમાન સંગત નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, તર્કની મૂળભૂત વ્યાપ્તિની અસિદ્ધિ છે, તેથી મૂળશૈથિલ્ય દોષ છે, ત્યાં પૂર્વપક્ષી કહે છે-

ટીકાર્થ :-

यद् यद् ..... उपाधेः । જે જે અનુમોદ્ય હોય તે તે કર્તવ્ય છે, એમાં નિયતસાહચર્ય હોવાથી વ્યાપ્તિ છે. અર્થાત્ અનુમોદ્યત્વ અને કર્તવ્યત્વ એ બંનેનું સાહચર્યમાત્ર નથી પરંતુ નિયતસાહચર્ય છે, તેથી વ્યાપ્તિ છે જ. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં ગ્રંથકાર કહે છે - વ્યાપ્તિ ક્યાંય પણ ગયેલ છે= દૂર ગયેલી છે, કેમ કે સ્વરૂપથી નિરવદ્યાચારરૂપ ઉપાધિ છે= સ્વરૂપથી સાવદ્યના અભાવરૂપ જે નિરવદ્યાચાર, તે રૂપ ઉપાધિ છે.

વિશેષાર્થ :-

વ્યાપ્તિમાં ઉપાધિની પ્રાપ્તિ હોય તે દોષરૂપ છે, તેથી ત્યાં વ્યાપ્તિ સમ્યગ્ પ્રાપ્ત થઈ શકે નહિ. જેમ આર્દ્રેંધન સંયોગરૂપ ઉપાધિથી વિશિષ્ટ એવા વલ્નિની સાથે ધૂમની વ્યાપ્તિ છે, તેથી વલ્નિ અને ધૂમની વ્યાપ્તિ થઈ શકતી નથી. તેમ પ્રસ્તુતમાં સ્વરૂપથી નિરવદ્ય આચારરૂપ ઉપાધિથી વિશિષ્ટ અનુમોદ્યત્વની સાથે કર્તવ્યત્વની વ્યાપ્તિ છે, તેથી અનુમોદ્યત્વ અને કર્તવ્યત્વની વ્યાપ્તિ થઈ શકે નહિ.

આનાથી એ ફલિત થાય છે કે - જ્યાં આર્દ્રેંધનસંયુક્ત વિશિષ્ટ વલ્નિ હોય ત્યાં ધૂમ હોય તેવી વ્યાપ્તિ છે, તેમ જે જે સ્વરૂપથી નિરવદ્યાચારવિશિષ્ટ અનુમોદ્ય હોય તે કર્તવ્ય હોય તેવી વ્યાપ્તિ છે. તેથી જેમ આર્દ્રેંધનસંયોગરહિત એવા અયોગોલકમાં=તપાવેલા લોખંડના ગોળામાં, વલ્નિ છે છતાં ધૂમ નથી, તેમ સ્વરૂપથી સાવદ્ય એવી પૂજા પણ શ્રાવકને હિતરૂપ હોવાથી સાધુને અનુમોદ્ય છે છતાં કર્તવ્ય નથી. તેથી અનુમોદ્ય અને કર્તવ્ય વચ્ચે સહચારમાત્ર છે, પરંતુ વ્યાપ્તિ નથી.

ઉત્થાન :-

પૂર્વમાં કહ્યું કે, સ્વરૂપથી નિરવદ્ય આચારરૂપ ઉપાધિ છે, તેથી અનુમોદ્યત્વ અને કર્તવ્યત્વની વ્યાપ્તિ થઈ શકે નહિ. તેથી તે ઉપાધિને જ સ્પષ્ટ કરતાં કહે છે -

ટીકાર્થ :-

यत्र ..... निरवद्यत्वाभावात् । જ્યાં સાધુનું કર્તવ્યપણું છે ત્યાં સ્વરૂપથી નિરવદ્યપણું છે, અને જ્યાં સાધુનું અનુમોદ્યપણું છે ત્યાં સ્વરૂપથી નિરવદ્યપણું છે એમ નથી. કેમ કે કારણવિહિત વર્ષાદિવિહારોનું અને સંયતિ અવલંબનાદિરૂપ નદીઉત્તારાદિનું અનુમોદ્યપણું હોવા છતાં પણ, સ્વરૂપથી નિરવદ્યપણાનો અભાવ છે.

વિશેષાર્થ :-

સાધુનું જે કાંઈ કર્તવ્ય હોય તે નિરવદ્ય હોય તેવી વ્યાપ્તિ છે, પરંતુ સાધુને અનુમોદ્ય હોય તે સ્વરૂપથી નિરવદ્ય હોય તેવી વ્યાપ્તિ નથી. તેથી એ પ્રાપ્ત થાય કે, અનુમોદ્ય બે પ્રકારનું છે. (૧) સ્વરૂપથી નિરવદ્ય, (૨) સ્વરૂપથી સાવદ્ય. અને કર્તવ્ય તે જ છે જે સ્વરૂપથી નિરવદ્ય હોય. તેથી જે સ્વરૂપથી નિરવદ્ય હોતે છતે અનુમોદ્ય હોય તેની સાથે જ કર્તવ્યત્વની વ્યાપ્તિ છે. માટે સ્વરૂપથી નિરવદ્ય વિશેષણથી વિશિષ્ટ અનુમોદ્યત્વની કર્તવ્યત્વની સાથે વ્યાપ્તિ છે, પરંતુ અનુમોદ્યત્વ સામાન્યની નહિ. તેથી સ્વરૂપથી નિરવદ્યત્વરૂપ ઉપાધિની પ્રાપ્તિ થતી હોવાથી અનુમોદ્યત્વ અને કર્તવ્યત્વની વ્યાપ્તિ નથી.

અહીં વિશેષ એ છે કે, વર્ષાકાળમાં વિહાર કે નદી ઊતરવાની ક્રિયા કર્તવ્ય છે, તેથી સાધુઓ અપવાદથી તે તે ક્રિયા કરે છે. આમ છતાં સ્વરૂપથી નિરવદ્યને જ કર્તવ્ય કહ્યું, તેનો ભાવ એ છે કે, વ્યવહારનય પ્રવૃત્તિને કર્તવ્ય-અકર્તવ્યરૂપે વિભાજન કરે છે, અને ત્યાં જે સ્વરૂપથી નિરવદ્ય છે, તેને જ ઉત્સર્ગથી કર્તવ્યરૂપે માને છે. અને આ વાતને સામે રાખીને અહીં કહેલ છે કે, જે સ્વરૂપથી નિરવદ્ય હોય તે જ કર્તવ્ય બને.

જગતમાં સર્વ પ્રવૃત્તિઓ અપેક્ષાએ કર્તવ્ય બને છે અને અપેક્ષાએ અકર્તવ્ય બને છે. આથી જ હિંસા, મૃષાવાદ આદિ સર્વ ભાવો શાસ્ત્રના હિત અર્થે કર્તવ્ય બને છે, અને તે તે સંયોગોમાં અહિંસાદિ સર્વ પ્રવૃત્તિઓ પણ સાધુને અકર્તવ્ય બને છે. તેથી ઉત્સર્ગ અને અપવાદ ઉભયસાપેક્ષ કર્તવ્યને કર્તવ્યરૂપે સ્વીકારીને વિભાગ કરવામાં આવે તો કર્તવ્ય અને અકર્તવ્યનો વિભાગ રહે નહિ, પરંતુ તે તે સંયોગોમાં તે તે કર્તવ્ય છે અને તે તે અકર્તવ્ય છે એવો વિભાગ પ્રાપ્ત થાય. આથી જ વ્યવહારનય ઉત્સર્ગથી જે કર્તવ્ય છે તેને જ કર્તવ્યરૂપે સ્વીકારે છે, અને અનુમોદ્ય તો સ્વરૂપથી નિરવદ્ય હોય કે સ્વરૂપથી સાવદ્ય હોય તો પણ જેનું ફળ સારું હોય તે અનુમોદ્ય બને, અને જેનું ફળ સારું ન હોય તે અનુમોદ્ય ન બને. આથી જ અભવ્યનું નિરતિચાર ચારિત્રપાલન પણ સ્વરૂપથી નિરવદ્ય હોવા છતાં અનુમોદ્ય બનતું નથી, કેમ કે ફળથી તે સંસારનું કારણ બને છે; જ્યારે શ્રાવકની ભગવદ્-ભક્તિ અનુમોદ્ય બને છે, કેમ કે ફળથી મોક્ષને અનુકૂળ ભાવની વૃદ્ધિનું કારણ છે.

આનાથી ફલિત એ થયું કે, અનુમોદ્યમાં ફળને સામે રાખવામાં આવે છે, અને કર્તવ્ય-અકર્તવ્યના વિભાગમાં નિરવદ્યને સામે રાખવામાં આવે છે.

પૂર્વમાં 'तथा च ..... दोषः' એ પ્રમાણેના કથનથી સ્થાપન કરેલ કે - તર્કમૂલવ્યાપ્તિની અસિદ્ધિ હોવાથી અનુમાનનું મૂળ શિથિલ છે. તે જ વાત यद् यद् ..थी... स्वरूपनिरवद्यत्वाभावात् । સુધીના કથનથી સ્પષ્ટ કરી, હવે તેનું નિગમન કરતાં કહે છે –

ટીકાર્થ :-

तथा च ..... भावः । અને તે રીતે=પૂર્વમાં બતાવ્યું કે સ્વરૂપથી નિરવદ્ય આચારરૂપ ઉપાધિ હોવાથી ઔપાધિક વ્યાપ્તિ છે તે રીતે, અનૌપાધિક સહચારરૂપ વ્યાપ્તિનો અભાવ હોવાને કારણે, મૂળશૈથિલ્યનો દોષ વજ્રલેપ તુલ્ય છે, એ પ્રકારનો ભાવ છે.

પ્રસ્તુત શ્લોકના અંત્યપાદનું ઉત્થાન કરતાં કહે છે –

ટીકા :-

एवं च शुष्कपाठबलीवर्दस्य तर्के मुखं प्रवेशयत उपहासमाह-तत्=तस्मात्कारणात्, हे बाल !=अविवेकिन् !, तव तर्के रतिर्वृथा, अन्तरङ्गशक्त्यभावात् । कस्य कुत्र इव ? क्लीबस्य वधूनिधुवन इव=कान्तारतसंमर्द्द इव, न च विद्यामुखचुम्बनमात्रात् तद्भोगसौभाग्यमाविर्भवति । यत् सूक्तम्-

वेश्यानामिव विद्यानां मुखं कैः कैर्न चुम्बितम् ।
हृदयग्राहिणस्तासां द्वित्राः सन्ति न सन्ति च ।।

ટીકાર્થ :-

एवं च ..... उपहासमाह - **અને આ રીતે તર્કમાં મુખને પ્રવેશ કરાવતા એવા શુષ્ક પાઠ કરવાના કારણે બલીવર્દરૂપ એવા લુંપાકના ઉપહાસને (કરતાં) કહે છે –**

વિશેષાર્થ :-

લુંપાક જૈનાગમો ભણે છે પરંતુ આગમોના તાત્પર્યને યથાર્થ જોડતો નથી, તેથી તેના અભ્યાસને શુષ્ક પાઠરૂપ કહેલ છે. અને બળદ જેમ જાડી બુદ્ધિવાળો હોય છે, તેમ લુંપાક શાસ્ત્રોના પરમાર્થને પકડવામાં જાડી બુદ્ધિવાળો છે, તેથી આગમોને સમ્યગ્ જોડતો નથી, તે બતાવવા અર્થે લુંપાકનું વિશેષણ બતાવે છે કે, શુષ્ક પાઠ કરનાર એવા બલીવર્દ જેવો તે છે=બળદ જેમ ખાવા માટે જ્યાં ત્યાં મુખ નાંખે છે, તેમ પોતાની માન્યતાને સ્થાપન કરવા માટે લુંપાક તર્કમાં મુખને પ્રવેશ કરાવે છે, પરંતુ તે બળદ જેવો હોવાથી તર્કને સમજ્યો જ નથી.

અને 'આ રીતે'=પૂર્વમાં લુંપાકે કહ્યું કે - જે જે અનુમોદ્ય હોય તે તે કર્તવ્ય હોય પરંતુ તેવી વ્યાપ્તિ નથી એ રીતે, તેનો તર્ક ખોટો છે, એમ બતાવીને તેના ઉપહાસને કરતાં ગ્રંથકાર કહે છે -

ટીકાર્થ :-

तत् ..... शक्त्यभावात् । તે કારણથી=પૂર્વમાં કહ્યું કે તર્કમૂળવ્યાપ્તિની અસિદ્ધિ છે, તેથી મૂળશૈથિલ્ય દોષ છે, અને ત્યારપછી તે મૂળશૈથિલ્ય દોષ વજ્રલેપરૂપ છે તે સિદ્ધ કર્યું તે કારણથી, હે બાળ ! તારી તર્કમાં રતિ વૃથા છે. કેમ કે અંતરંગ શક્તિનો અભાવ છે, અર્થાત્ લુંપાકની તર્ક કરવાની અંતરંગ શક્તિ નથી.

कस्य ..... आविर्भवति । કોનામાં કોની જેમ? (રતિ વૃથા છે?) તો કહે છે કે, સ્ત્રીભોગમાં નપુંસકની જેમ. (તારી તર્કમાં રતિ વૃથા છે.) વિદ્યાના મુખચુંબનમાત્રથી તેના=વિદ્યાના ભોગનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી.

यत् सूक्तं -..... सन्ति च ।। ઉપરમાં જે કહ્યું, તેને કહેનારું સૂક્ત (સુભાષિત) બતાવે છે - વેશ્યાની જેમ વિદ્યાનું મુખ કોના કોના વડે ચુંબિત થયું નથી? તેઓના અર્થાત્ વિદ્યાઓના હૃદયને ગ્રહણ કરનારા બે ત્રણ હોય છે અથવા નથી પણ હોતા.

વિશેષાર્થ :-

શાસ્ત્ર ભણનારાઓ ઘણા હોય છે, પરંતુ શાસ્ત્રના પરમાર્થને જાણવાનું સૌભાગ્ય કોઈકનું જ હોય છે, તે બતાવવા અર્થે કહે છે - વિદ્યાના ચુંબનમાત્રથી વિદ્યાના ભોગનું સૌભાગ્ય મળતું નથી. પ્રસ્તુતમાં લુંપાક જૈન શાસ્ત્રો વાંચે છે પરંતુ તેના પરમાર્થને જાણતો નથી. આથી જ આગમના રહસ્યને સમજવાનું સૌભાગ્ય તેને પ્રાપ્ત થતું નથી, માટે શુષ્ક તર્ક કરીને શાસ્ત્રના પરમાર્થનો વિપરીત રીતે તે અર્થ કરે છે.

ઉત્થાન :-

નિરવદ્યમાં પણ જે અનુમોદ્ય હોય તે કર્તવ્ય ન હોય. કેમ કે એકચેલાદિ આચાર નિરવદ્ય છે, તેથી અનુમોદ્ય છે, છતાં બધાને કર્તવ્ય બનતા નથી. તે દેખાડે છે –

ટીકા :-

किञ्च, अचेलकादीनां एकचेलाद्याचारस्यानुमोद्यत्वेऽपि तदकर्त्तव्यत्वात्सूत्रनीत्या व्यक्त एव दोषः । यदार्षम् -

'जोऽवि दुवत्थतिवत्थो एगेण अचेलगो व संथरइ ।
ण हु ते हीलंति परं सव्वेऽवि य ते जिणाणाए ।। **(बृहत्कल्पभाष्य गा० ३९९४) ।।२७।।**

ટીકાર્થ :-

किञ्च, વળી, અચેલકાદિઓને એકચેલાદિ=એક વસ્ત્રાદિ, આચારનું અનુમોદ્યપણું હોવા છતાં પણ તેનું=એકચેલાદિ આચારનું, અકર્તવ્યપણું હોવાથી, સૂત્રની નીતિથી=અચેલકાદિને એકચેલાદિ આચારનું અનુમોદ્યપણું હોય પણ કર્તવ્ય ન હોય, એ પ્રકારના આગળમાં કહેવાનારા સૂત્રની નીતિથી, વ્યક્ત જ દોષ છે; અર્થાત્ જે અનુમોદ્ય હોય તે કર્તવ્ય છે, એ પ્રકારના સ્વીકારમાં વ્યક્ત જ દોષ છે.

'यदार्षं' - જેની સાક્ષીરૂપે આર્ષસૂત્ર બતાવે છે –

जो वि ..... जिणाणाए ।। જે પણ બે વસ્ત્રવાળા, ત્રણ વસ્ત્રવાળા સંસ્તરણ પામે છે, અથવા એક વસ્ત્ર વડે સંસ્તરણ પામે છે, અથવા અચેલક સંસ્તરણ પામે છે, તેઓ જિનેશ્વરની આજ્ઞામાં છે.।।૨૭।।

✪ બૃહત્કલ્પભાષ્યમાં ગાથા-૩૯૮૪ આ પ્રમાણે છે -

जो वि तिवत्थदुवत्थो, एगेण अचेलगो व संथरइ ।
न हु ते खिंसति परं, सव्वेण वि तिन्नि घेत्तव्वा ।।

વિશેષાર્થ :-

બે વસ્ત્રવાળા અને ત્રણ વસ્ત્રવાળા જિનકલ્પીઓ હોય છે, અને એક વસ્ત્રવાળા તીર્થંકરો દેવદૂષ્ય સહિત હોય ત્યારે હોય છે, અને દેવદૂષ્યના દૂર થયા પછી તીર્થંકરો અચેલ હોય છે. તેઓ બીજાની હીલના કરતા નથી અને સર્વે પણ તેઓ જિનેશ્વરની આજ્ઞામાં છે. આ પ્રકારના આર્ષવચનથી એ ફલિત થાય છે કે, અચેલક એવા ભગવાન પણ એકચેલાદિ આચારની અનુમોદના કરે છે.

એકચેલાદિમાં 'આદિપદ'થી એકચેલવાળા પણ ભગવાન બે ચેલ કે ત્રણ ચેલવાળા આચારની અનુમોદના કરે છે, તો પણ ભગવાન માટે બે ચેલ કે ત્રણ ચેલ કર્તવ્યરૂપે બનતાં નથી; તેથી અનુમોદ્યત્વની સાથે કર્તવ્યત્વની વ્યાપ્તિ નથી, માટે પૂર્વપક્ષી અનુમોદ્યત્વની સાથે કર્તવ્યત્વની વ્યાપ્તિ બાંધે છે, તેમાં વ્યક્ત દોષ છે.

✪ આજ્ઞા=આગમ, તીર્થંકરની પ્રવૃત્તિ પણ આગમાનુસારી જ હોય છે, તેથી તીર્થંકરો પણ જિનેશ્વરની આજ્ઞામાં છે, તેમ કહેલ છે.

✪ તીર્થંકરો સિવાય કોઈ અચેલ હોય નહિ.

✪ બીજાની હીલના કરતા નથી, તેથી અનુમોદના છે જ, કેમ કે શાસ્ત્રવિરુદ્ધ હોય તે પ્રવૃત્તિની ઉપદેશમાં નિંદા કરાય છે અને જે પ્રવૃત્તિની ઉપદેશમાં નિંદા કરાતી નથી, તે પ્રવૃત્તિનું અર્થથી અનુમોદન પ્રાપ્ત થાય છે. **॥૨૭॥**

અવતરણિકા :-

ननु यदि द्रव्यस्तवानुमतिर्भावस्तवोपचयायापेक्ष्यते तदा द्रव्यार्चैव कथं नापेक्ष्यते? तत्राह -

અવતરણિકાર્થ :-

શ્લોક-૨૩ની ટીકામાં કહેલ કે દ્રવ્યસ્તવની અનુમોદના પણ ભાવસ્તવ છે, એથી કરીને ભાવસ્તવના ઉપચય માટે કાયોત્સર્ગ દ્વારા તેનું આશ્રયણ યુક્ત છે. તે કથનને સામે રાખીને 'ननु' થી પૂર્વપક્ષી કહે છે કે, જો દ્રવ્યસ્તવની અનુમતિ ભાવસ્તવના ઉપચય માટે અપેક્ષા રખાય છે, તો દ્રવ્યાર્ચાની જ કેમ અપેક્ષા રખાતી નથી? ત્યાં કહે છે=પૂર્વપક્ષીના તે કથનમાં ગ્રંથકાર કહે છે -

શ્લોક :-

दुग्धं सर्पिरपेक्षते न तु तृणं साक्षाद्यथोत्पत्तये,
द्रव्यार्चानुमतिप्रभृत्यपि तथा भावस्तवो नत्विमाम् ।
इत्येवं शुचिशास्त्रतत्त्वमविदन् यत्किञ्चिदापादयन्,
किं मत्तोऽसि, पिशाचकी किमथवा किं वातकी पातकी ।।२८।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે ઘી (પોતાની) ઉત્પત્તિ માટે સાક્ષાત્ દૂધની અપેક્ષા રાખે છે તૃણની નહિ, એ પ્રમાણે ભાવસ્તવ પણ દ્રવ્યાર્ચાની અનુમતિ વગેરેની (અપેક્ષા) રાખે છે, આની=દ્રવ્યાર્ચાની નહિ, એ પ્રકારના=ઉપરમાં વર્ણન કર્યું એ પ્રકારના, પવિત્ર એવા શાસ્ત્રતત્ત્વને નહિ જાણતો, (અને) યત્કિંચિત્ આપાદન કરતો અર્થાત્ દ્રવ્યાર્ચા અનુમોદ્ય હોય તો કર્તવ્ય હોય ઈત્યાદિ યત્કિંચિત્ આપાદાન કરતો, શું તું મત્ત છો? અથવા શું પિશાચકી=પિશાચથી ગ્રસ્ત છો? અથવા શું વાતકી=વાયુરોગથી પીડિત છો? અથવા શું પાતકી=પાપી છો? ।।૨૮।।

✪ શ્લોકમાં 'द्रव्यार्चानुमतिप्रभृत्यपि' કહ્યું ત્યાં 'પ્રભૃતિ' થી અપુનર્બંધકના ભાવો, સમ્યગ્દૃષ્ટિના ભાવો, દેશવિરતિના ભાવો, આદિની પણ અનુમોદના ગ્રહણ કરવાની છે.

✪ 'प्रभृत्यपि' અહીં 'अपि' શબ્દથી ચારિત્રની આચરણાનો સમુચ્ચય કરવાનો છે.

ટીકા :-

'दुग्धम्' इति :- सर्पिः=घृतं, यथोत्पत्तये दुग्धं=क्षीरम, अपेक्षते, क्षीरादेवाव्यवधानेन सर्पिष

उत्पद्यमानस्योपलम्भनात्, न तु तृणम्, गवाभ्यवहारेण तथापरिणंस्यमानमपि, व्यवधानात् । तथा भावस्तव उपचितावयविस्थानीयो द्रव्यार्चानुमतिप्रभृत्यपि स्वावयवभूतं कारणमुत्पत्तयेऽपेक्षते । न तु इमां=द्रव्यार्चां, व्यवधानात् । अत एव द्रव्याग्निकारिकाव्युदासेन भावाग्निकारिकैवानुज्ञाता साधूनाम् ।।

ટીકાર્થ :-

सर्पिः ..... व्यवधानात् । **જે પ્રમાણે ઘી (પોતાની) ઉત્પત્તિ માટે દૂધની અપેક્ષા રાખે છે, કેમ કે દૂધથી જ અવ્યવધાન દ્વારા ઉત્પદ્યમાન=ઉત્પન્ન થતા એવા, ઘીનો ઉપલંભ થાય છે; પરંતુ ગાયના અભ્યવહારથી=ખાવાથી, ભાવિમાં તે રીતે=ઘી રીતે, પરિણામ પામતા એવા પણ તૃણની અપેક્ષા રાખતું નથી. કેમ કે વ્યવધાન છે અર્થાત્ ઘીની ઉત્પત્તિમાં તૃણનું વ્યવધાન છે.**

तथा ..... व्यवधानात् । **તે જ પ્રકારે ઉપચિત અવયવિસ્થાનીય એવો ભાવસ્તવ સ્વઅવયવભૂત એવા દ્રવ્યાર્ચાની અનુમતિ વગેરે પણ કારણની ઉત્પત્તિ માટે અપેક્ષા રાખે છે, પરંતુ આની=દ્રવ્યાર્ચાની નહિ, કેમ કે વ્યવધાન=અંતર, છે.**

વિશેષાર્થ :-

અહીં ભાવસ્તવનું વિશેષણ ઉપચિત અવયવિસ્થાનીય કહેલ છે, તેનું **તાત્પર્ય એ છે કે**, અનેક અવયવોના ઉપચયથી=સમુદાયથી, ઉપચિત એવો=પુષ્ટ થયેલો એવો, અવયવિસ્થાનીય ભાવસ્તવ **છે. જેમ** અનેક તંતુના ઉપચયથી ઉપચિત અવયવી પટ છે, તેમ અનેક ભાવોના ઉપચયથી ઉપચિત એવું ભાવસ્તવ છે; જ્યારે દ્રવ્યાર્ચાની અનુમતિ વગેરે ભાવો ભાવસ્તવના અવયવભૂત કારણો છે, જેમ પટ પ્રતિ તેના અવયવભૂત તંતુઓ કારણ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, ભાવસ્તવ એ કેવલ ચૈત્યવંદનની ક્રિયારૂપ જ નથી, પરંતુ નિરવદ્યભાવમાં વર્તતો મુનિ દ્રવ્યસ્તવની અનુમતિ વગેરે અનેક ભાવો કરતો હોય ત્યારે, તેનું ચિત્તરત્ન ભગવદ્ ગુણો પ્રત્યે પ્રસર્પણ કરતું હોય તે સ્વરૂપ ભાવસ્તવ છે; અને તેમાં ઉપષ્ટંભક ચૈત્યવંદનની ક્રિયા છે, અને તે ભાવસ્તવનું આસન્ન કારણ હોવાથી ઉપચારથી ચૈત્યવંદનની ક્રિયાને પણ ભાવસ્તવ કહેવામાં આવે છે.

ટીકાર્થ :-

अत एव ..... साधूनाम् ।। **આ જ કારણથી=પૂર્વમાં કહ્યું કે, ઉપચિત અવયવિસ્થાનીય એવો ભાવસ્તવ પોતાની ઉત્પત્તિ પ્રત્યે પોતાના અવયવભૂત એવી દ્રવ્યાર્ચાની અનુમતિ આદિની પણ અપેક્ષા રાખે છે, પરંતુ દ્રવ્યાર્ચાની નહિ, આ જ કારણથી, દ્રવ્યાગ્નિકારિકાના=યજ્ઞાદિના, વ્યુદાસ વડે= નિરાસ વડે, ભાવાગ્નિકારિકા જ સાધુઓને અનુજ્ઞાત છે.**

✪ દ્રવ્યાર્ચા ભગવાનની ભક્તિરૂપ છે અને ભવની પ્રાપ્તિના વ્યવધાનથી મોક્ષનું કારણ છે. દ્રવ્યાગ્નિકારિકા યજ્ઞરૂપ કે ઈષ્ટાપૂર્તિરૂપ છે, તે માત્ર ભૌતિક સુખની કામનાથી કરાય છે અને ભવનું જ કારણ છે.

વિશેષાર્થ :-

દ્રવ્યાર્ચા એ ભગવાનની ભક્તિરૂપ છે અને તે પુણ્યબંધ દ્વારા સદ્ગતિની પ્રાપ્તિ કરાવે છે, અને ત્યારપછી મોક્ષનું કારણ બને છે. અને દ્રવ્યાગ્નિકારિકા એ સ્વર્ગીય કામનાથી કરાતા યજ્ઞરૂપ છે અથવા તો કામનાથી કરાતા ઈષ્ટાપૂર્ત્તસ્વરૂપ છે, અને ત્યાં મોક્ષની કામના નહિ હોવાથી તે પરંપરાએ પણ મોક્ષનું કારણ બનતી નથી; જ્યારે ભાવાગ્નિકારિકા એ ચારિત્રના પરિણામરૂપ છે અને ભાવસ્તવ પણ ચારિત્રના પરિણામરૂપ છે. અને અહીં કહ્યું કે, આ જ કારણથી દ્રવ્યાગ્નિકારિકાના વ્યુદાસથી ભાવાગ્નિકારિકા સાધુને અનુજ્ઞાત છે, એનાથી એ કહેવું છે કે, દ્રવ્યાર્ચા એ ભવની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે, તેથી સાધુ દ્રવ્યાર્ચા કરતા નથી. આ જ કારણથી, ભવમાત્રનું કારણ એવી દ્રવ્યાગ્નિકારિકાનો નિષેધ કરીને સાધુને ભાવાગ્નિકારિકા અનુજ્ઞાત છે.

✪ દ્રવ્યાર્ચા=ભગવાનની પૂજા.

દ્રવ્યાગ્નિકારિકા=અન્ય દર્શનસંમત ઈષ્ટાપૂર્ત્ત કર્મ અને યજ્ઞકર્મ.

ભાવાર્ચા=જૈનદર્શનને સંમત એવું સંયમ અને ભાવાગ્નિકારિકા=અન્ય દર્શનને પણ સંમત એવું સાધુપણું અને જૈનદર્શનને સંમત એવું સાધુપણું

અન્યદર્શનવાળા પણ સાધુને દ્રવ્યાગ્નિકારિકાનો નિષેધ કરીને ભાવાગ્નિકારિકા કરવાનું કહે છે. તેનાથી પણ નક્કી થાય છે કે, સાધુને દ્રવ્યાર્ચા કરવાની નથી, પરંતુ ભાવાર્ચાના અવયવભૂત દ્રવ્યાર્ચાની અનુમતિ વગેરે જ કરવાની છે; કેમ કે ભવના કારણભૂત એવી દ્રવ્યાગ્નિકારિકાનો સાધુને જેમ નિષેધ છે, તેમ ભવના વ્યવધાનથી મોક્ષનું કારણ હોય એવી દ્રવ્યાર્ચાનો પણ સાધુને નિષેધ છે.

ટીકા :-

तथा च तदष्टकं हारिभद्रं -

ટીકાર્થ :-

तथा च ..... हारिभद्रं - **અને તે પ્રમાણે=દ્રવ્યાગ્નિકારિકાના વ્યુદાસ વડે ભાવાગ્નિકારિકા જ સાધુઓને અનુજ્ઞાત છે તે પ્રમાણે, હરિભદ્રસૂરિનું તે અષ્ટક=અગ્નિકારિકા અષ્ટક (કહે છે -)**

શ્લોક :-૧ ટીકા :-

"कर्मेन्धनं समाश्रित्य दृढा सद्भावनाहुतिः ।
धर्मध्यानाग्निना कार्या दीक्षितेनाग्निकारिका"।।१।।

શ્લોકાર્થ :-

દીક્ષિત વડે કર્મેન્ધનને આશ્રયીને ધર્મધ્યાનરૂપી અગ્નિ વડે દૃઢ એવી સદ્ભાવનાની આહુતિ છે જેમાં તેવી અગ્નિકારિકા કરવી જોઈએ.

ટીકા :-

कर्मेन्धनं समाश्रित्याग्निकारिका कार्येति योगः । अग्निकारिका=अग्निकर्म, दृढा=कर्मेन्धनदाहप्रत्यला । सद्भावनैव आहुतिः घृतप्रक्षेपलक्षणा यस्यां सा । धर्मध्यानं शुक्लध्यानस्योपलक्षणम् ।

✪ અહીં **कर्मेन्धनं समाश्रित्य अग्निकारिका कार्या**=કર્મેન્ધનને આશ્રયીને અગ્નિકારિકા કરવી એ પ્રમાણે અન્વય છે.

✪ અગ્નિકારિકા એટલે અગ્નિકર્મ અર્થાત્ હોમકર્મ સમજવું.

✪ દૃઢ એટલે કર્મરૂપી ઈંધનને બાળવા સમર્થ, ઘૃતપ્રક્ષેપલક્ષણ સદ્ભાવનાની જ આહુતિ છે જેમાં તેવી અગ્નિકારિકા કરવી જોઈએ.

✪ મૂળ શ્લોકમાં 'ધર્મધ્યાન' શબ્દ 'શુક્લધ્યાન'નું ઉપલક્ષણ છે.

વિશેષાર્થ :-

અગ્નિ પ્રજ્વલિત કર્યા પછી તેમાં ઘૃત પ્રક્ષેપ કરવામાં આવે તો અગ્નિ વધુ પ્રજ્વલિત બને છે; તેમ ભાવાગ્નિકારિકામાં ધર્મધ્યાનરૂપી અગ્નિ હોય છે, અને તે અગ્નિને પ્રજ્વલિત કરવા માટે સંવેગની વૃદ્ધિને કરનાર એવા શુભભાવોની વાસનાઓને ત્યાં પ્રવર્તાવવી, તે અગ્નિમાં ઘી નાંખવાને સ્થાને છે. તેનાથી ધર્મધ્યાનરૂપી અગ્નિ વિશેષ પ્રજ્વલિત બને છે, કેમ કે સર્વ પ્રવૃત્તિઓમાં સંવેગની વૃદ્ધિથી જ કર્મનો નાશ થાય છે. તેથી સંવેગની વૃદ્ધિને કરનાર શુભભાવોની વાસનાને આહુતિરૂપે સ્વીકારાય છે.

અવતરણિકા :-

परसिद्धान्तेनापि एतत्साधयति -

અવતરણિકાર્થ :-

ધ્યાનાગ્નિકારિકા જ દીક્ષિત વડે કરવી જોઈએ, એ વાત પરસિદ્ધાંતથી પણ સ્થાપન કરે છે -

શ્લોક :-૨ ટીકા :-

"दीक्षा मोक्षार्थमाख्याता ज्ञानध्यानफलं स च ।
शास्त्र उक्तो यतः सूत्रं शिवधर्मोत्तरे ह्यदः" ।।२।।

શ્લોકાર્થ :-

દીક્ષા મોક્ષ માટે કહેવાયેલી છે, (દ્રવ્યાગ્નિકારિકા જ મોક્ષનું સાધન છે, એ પ્રમાણે આશંકાના નિરાકરણ માટે કહે છે -) જ્ઞાનધ્યાનનું ફળ તે=મોક્ષ છે. (જ્ઞાનધ્યાનનું ફળ મોક્ષ છે તે કઈ રીતે જાણ્યું ? તો કહે છે -)

શાસ્ત્રોક્ત છે, જે કારણથી શિવધર્મોત્તરમાં=શૈવાગમવિશેષમાં, આ=આગળના શ્લોકમાં કહેવાનારું સૂત્ર છે.

अवतरणिका :-

शिवधर्मोत्तरं तन्नाम । तदेव सूत्रं दर्शयति -

अवतरणिकार्थ :-

શિવધર્મોત્તર તેનું નામ છે=સૂત્રનું (આગમનું) નામ છે, એવું સૂત્ર તે જ બતાવે છે=જ્ઞાન-ધ્યાનનું ફળ મોક્ષ છે, તે જ બતાવે છે -

श्लोक :-३ टीका :-

"पूजया विपुलं राज्यमग्निकार्येण संपदः ।
तपः पापविशुद्ध्यर्थं ज्ञानं ध्यानं च मुक्तिदम्" ।।३।।

श्लोकार्थ :-

પૂજા વડે વિપુલ રાજ્ય (પ્રાપ્ત થાય છે), અગ્નિકાર્યથી સંપત્તિ થાય છે અને તપ પાપવિશુદ્ધિ માટે છે અને જ્ઞાન-ધ્યાન મોક્ષ આપનારું છે.

अवतरणिका :-

पराभ्युपगमेनैवाग्निकारिकां दूषयित्वा फलतो दूषयति -

अवतरणिकार्थ :-

(પૂર્વના શ્લોકમાં) પરના અભ્યુપગમ વડે જ અગ્નિકારિકાને દૂષિત કરીને, દ્રવ્યાગ્નિકારિકાના ફલને આશ્રયીને દ્રવ્યાગ્નિકારિકાને દૂષિત કરે છે -

श्लोक :-४ टीका :-

"पापं च राज्यसंपत्सु संभवत्यनघं ततः ।
न तद्धेत्वोरुपादानमिति सम्यग्विचिन्त्यताम्" ।।४।।

तद्धेत्वोः=राज्यसंपत्कारणयोः पूजाग्निकारिकयोरुपादानम्=आश्रयणम् ।

श्लोकार्थ :-

અને પાપ રાજ્યસંપત્તિ હોતે છતે સંભવે છે, તે કારણથી તેનું=રાજ્ય અને સંપત્તિના હેતુરૂપ પૂજા અને દ્રવ્યઅગ્નિકારિકાનું, ઉપાદાન=આશ્રયણ, નિરવદ્ય નથી, એ પ્રમાણે સમ્યગ્ વિચારવું જોઈએ.

अवतरणिका :-

राज्यसंपत्संभविपापस्य दानादिना शुद्धिर्भविष्यतीत्यत्राह -

અવતરણિકાર્થ :-

રાજ્ય અને સંપત્તિથી સંભવી પાપની શુદ્ધિ દાનાદિથી થશે, એ પ્રમાણેની આશંકામાં કહે છે -

શ્લોક :-૫ ટીકા :-

"विशुद्धिश्चास्य तपसा न तु दानादिनैव यत् ।
तदियं नान्यथा युक्ता तथाचोक्तं महात्मना" ।।५।।

इयं=अग्निकारिका । अन्यथा=ध्यानातिरिक्तहेतुना । महात्मना=व्यासेन ।

શ્લોકાર્થ :-

જે કારણથી આની=રાજ્યાદિજન્ય પાપની, વિશુદ્ધિ તપથી જ થાય છે, પરંતુ દાનાદિથી નહિ; તે કારણથી આ=અગ્નિકારિકા, અન્યથા=ધ્યાનાતિરિક્ત એવા હોમહવનાદિ ક્રિયારૂપ હેતુથી યુક્ત નથી, અર્થાત્ ધ્યાનરૂપ હેતુથી યુક્ત છે, અને તે પ્રમાણે મહાત્મા વ્યાસ વડે કહેવાયું છે. (જે આગળના શ્લોકમાં બતાવાશે.)

✪ શ્લોકમાં 'दानादिनैव' અહીં જે 'एवकार' છે તેનો સંબંધ 'तपसा' સાથે છે.

અવતરણિકા :-

उक्तमेवाह -

અવતરણિકાર્થ :-

ઉક્ત જ=વ્યાસવડે જે કહેવાયું છે તે જ, કહે છે -

શ્લોક :-૬ ટીકા :-

"धर्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी ।
प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्" ।।६।।

गरीयसी=श्रेयसीतरा ।

શ્લોકાર્થ :-

જેને ધર્મ માટે વિત્તની ઈચ્છા છે તેને અનિચ્છા શ્રેષ્ઠતર છે, જે કારણથી કાદવના પ્રક્ષાલન કરવા કરતાં દૂર રહીને અસ્પર્શન કરવું શ્રેષ્ઠ છે.

ઉત્થાન :-

ઉપરના અર્થમાં શંકા કરીને સમાધાન કરે છે -

ટીકા :-

एवं तर्हि गृहस्थेनापि पूजादिकं न कार्यं स्यात्, नैवम्, यतो जैनगृहस्था न राज्यादिनिमित्तं पूजादि

कुर्वन्ति । न च राज्याद्यर्जितमवद्यं दानेन शोधयिष्याम इति मन्यन्ते, मोक्षार्थमेव तेषां पूजादौ प्रवृत्तेः । मोक्षार्थितया च विहितस्यागमानुसारिणो वीतरागपूजादेर्मोक्ष एव मुख्यफलम्, राज्यादिकं तु प्रासङ्गिकम् । ततो गृहिणः पूजादिकं नाऽविधेयम् । दीक्षितेतरयोश्चानुष्ठानस्यानन्तर्यपारम्पर्यकृत एव विशेष इति ।

टीकार्थ :-

एवं ..... नैवम्, આ રીતે તો=શ્લોક નં. ૩-૪ માં પૂજાને પાપરૂપે સ્થાપન કર્યું આ રીતે તો, ગૃહસ્થ વડે પણ પૂજાદિ કર્તવ્ય થશે નહિ, એ પ્રમાણે નથી=ગૃહસ્થ વડે પૂજાદિ કર્તવ્ય નથી, એ પ્રમાણે નથી.

આ જ વાતને=ગૃહસ્થને પૂજાદિ અકર્તવ્ય કેમ નથી, આ જ વાતને, સ્પષ્ટ કરતાં 'यतः ..... नाऽविधेयम्' સુધીના કથનથી બતાવે છે -

यतः ..... नाऽविधेयम् । જે કારણથી જૈન ગૃહસ્થો રાજ્યાદિ નિમિત્તે પૂજા કરતા નથી, અને રાજ્યાદિથી અર્જિત પાપ દાન વડે શોધન કરશું, એમ માનતા નથી. કેમ કે મોક્ષાર્થ જ તેઓની પૂજાદિમાં પ્રવૃત્તિ છે. મોક્ષાર્થીપણાથી વિહિત આગમાનુસારી વીતરાગપૂજાદિનું મોક્ષ જ મુખ્ય ફળ છે, વળી રાજ્યાદિક પ્રાસંગિક ફળ છે. તેથી ગૃહસ્થોને પૂજાદિ અવિધેય નથી.

અહીં પ્રશ્ન થાય કે, ગૃહસ્થની પૂજા પણ મોક્ષાર્થક છે અને સાધુની ભાવાગ્નિકારિકા પણ મોક્ષાર્થક છે, તો બેમાં ભેદ શું ? તેનો ઉત્તર આપે છે -

टीकार्थ :-

दीक्षित ..... विशेषः, દીક્ષિત અને ઈતરના અનુષ્ઠાનનું આનંતર્ય અને પારંપર્યકૃત જ વિશેષ છે.

'इति' શબ્દ અગ્નિકારિકા શ્લોક-૬ની ટીકાની સમાપ્તિઅર્થક છે.

अवतरणिका :-

दीक्षितस्यापि सम्पदर्थित्वेऽग्निकारिका युक्तेति शङ्कां निराकुर्वन्नाह -

अवतरणिकार्थ :-

દીક્ષિતને સંપત્તિનું અર્થીપણું હોતે છતે અગ્નિકારિકા યુક્ત છે=દ્રવ્યાગ્નિકારિકા યુક્ત છે, એ પ્રકારની શંકાનું નિરાકરણ કરતાં કહે છે -

✪ અહીં ટીકામાં **'संपदर्थित्वेऽग्निकारिका युक्ता'** પાઠ છે ત્યાં અષ્ટકની વૃત્તિમાં **'संपदर्थित्वे सति युक्ता द्रव्याग्निकारिका'** પાઠ છે તે સંગત લાગે છે.

श्लोक :-७ टीका :-

"मोक्षाध्वसेवया चैताः प्रायः शुभतरा भुवि ।
जायन्ते ह्यनपायिन्य इयं सच्छास्त्रसंस्थितिः" ।।७।।

एताः=संपदः, शुभतराः=पुण्यानुबंधिन्यः, प्राय इत्यनेनाव्यवहितनिर्वाणभावात्संपदभावेऽपि न क्षतिः ।

શ્લોકાર્થ :-

જે કારણથી મોક્ષમાર્ગની સેવાથી જ જગતમાં આ=સંપત્તિઓ, પ્રાયઃ શુભતરા=પુણ્યાનુબંધિની, અને અનપાયિની થાય છે, તે કારણથી આ=અગ્નિકારિકા, ભાવાગ્નિકારિકાથી અન્યથા દ્રવ્યાગ્નિકારિકારૂપે યુક્ત નથી. આ સત્શાસ્ત્ર સંસ્થિતિ છે.

✪ શ્લોકમાં 'प्रायः' શબ્દ કહેલ છે. તેથી વ્યવધાન વગર=અંતર વગર, નિર્વાણભાવની પ્રાપ્તિથી સંપત્તિના અભાવમાં પણ ક્ષતિ નથી.

વિશેષાર્થ :-

પૂજા કરવાથી શ્રાવકને પણ જન્માંતરમાં મળેલી સંપત્તિઓ મોક્ષમાર્ગની સેવાથી શુભતર અને અનપાયિની બને છે, પરંતુ મોક્ષમાર્ગની પ્રાપ્તિ વગર તે શુભતર બનતી નથી. તેથી મોક્ષમાર્ગને પામેલા એવા સંયમીને માટે તે કર્તવ્યરૂપ બનતી નથી.

અવતરણિકા :-

परमतेनैव द्रव्याग्निकारिकां निराकुर्वन्नाह -

અવતરણિકાર્થ :-

પરમતથી જ દ્રવ્યાગ્નિકારિકાને નિરાકરણ કરતાં કહે છે -

શ્લોક :-

"इष्टापूर्तं न मोक्षाङ्गम्, सकामस्योपवर्णितम् ।
अकामस्य पुनर्योक्ता सैव न्याय्याऽग्निकारिका" ।।८।।

શ્લોકાર્થ :-

ઈષ્ટાપૂર્ત મોક્ષનું અંગ નથી, (જે કારણથી) સકામને=અભ્યુદયના અભિલાષીઓને, (તે) વર્ણન કરાયું છે, વળી અકામને=કામના વગરનાને, જે કહેવાઈ=શ્લોક-૧ માં જે કહેવાઈ, તે અગ્નિકારિકા ન્યાયયુક્ત છે.

અવતરણિકા :-

इष्टापूर्त्तस्वरूपमिदम् -

અવતરણિકાર્થ :-

इष्टापूर्त्तस्वरूपमिदम् - ઈષ્ટાપૂર્તનું સ્વરૂપ આ=વક્ષ્યમાણ છે –

ટીકા :-

"अन्तर्वेद्यां तु यद्दत्तं, ब्राह्मणानां समक्षतः ।
ऋत्विग्भिर्मन्त्रसंस्कारैरिष्टं तदभिधीयते" ।।१।।

"वापीकूपतडागानि देवतायतनानि च ।
अन्नप्रदानमारामाः, पूर्त्तमित्यभिधीयते" ।।२।। इति ।।

सकामस्य=अभ्युदयाभिलाषिणः । अकामस्य=स्वर्गपुत्राद्यनाशंसावतः योक्ता 'कर्मेन्धनम्' इत्यादिना सा च प्रतिपादिता । न चान्याप्यकामस्य भविष्यति 'स्वर्गकामो यजेत' इत्यादौ प्रतिपदफलश्रुतेः । 'इष्टापूर्तं मन्यमाना वरिष्ठं नान्यच्छ्रेयो येऽभिनन्दन्ति मूढाः । न कस्य पृष्ठे सुकृतेन भूत्वा, इमं लोकं हीनतरं वा विशन्ति' इति श्रुतेश्च ।

ટીકાર્થ :-

अन्तर्वेद्यां ..... अभिधीयते ।।१।। બ્રાહ્મણોની સમક્ષ ઋત્વિગ=યજ્ઞ કરનાર, ગોરો વડે મંત્રસંસ્કારપૂર્વક યજ્ઞની વેદિકાની અંદર જે અપાયું તે ઈષ્ટ કહેવાય છે.

वापीकूपतडागानि ..... अभिधीयते ।।२।। વાવડી, કૂવા, તળાવ, દેવાલય, અન્નશાળા, બગીચા પૂર્ત્ત કહેવાય છે.

✪ 'इति' શબ્દ ઈષ્ટ અને પૂર્તના સ્વરૂપની સમાપ્તિદર્શક છે.

✪ સકામનો અર્થ અભ્યુદયની અભિલાષાવાળા અર્થાત્ સંસારના સુખની ઈચ્છાવાળા, અને અકામનો અર્થ સ્વર્ગ-પુત્રાદિની અનાશંસાવાળા સમજવો.

✪ મૂળશ્લોકમાં **'या उक्ता'** કહ્યું છે. તેનાથી પ્રથમ શ્લોકમાં બતાવાયેલ ધર્મધ્યાનરૂપી અગ્નિવાળી ભાવાગ્નિકારિકાનું ગ્રહણ કરવાનું છે.

न च ..... प्रतिपदफलश्रुतेः, અને અન્ય પણ=ભાવાગ્નિકારિકાથી અન્ય પણ=દ્રવ્યાગ્નિકારિકા પણ, અકામને=અકામનાવાળાને, થશે એમ ન કહેવું. કેમ કે સ્વર્ગની કામનાવાળો યજ્ઞ કરે ઈત્યાદિમાં પ્રતિપદ ફળની શ્રુતિ છે.

વિશેષાર્થ :-

વેદમાં કથન છે કે ઈષ્ટાપૂર્ત્ત મોક્ષાંગ નથી, અને સકામને તે ઉપવર્ણિત છે અને અકામને વળી ભાવાગ્નિકારિકા જ યુક્ત છે. આ પ્રકારના કથન પછી પ્રતિપદ જ=પાછળના તરતના પદમાં જ, "સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો જોઈએ" ઈત્યાદિ કથનો કર્યા છે. તેથી એ પ્રાપ્ત થાય કે, કામનાવાળાએ જ દ્રવ્યાગ્નિકારિકા કરવી જોઈએ. માટે અકામનાવાળાને તો દ્રવ્યાગ્નિકારિકાનો નિષેધ જ સિદ્ધ થાય છે.

દ્રવ્યાગ્નિકારિકાનો નિષેધ બતાવવા માટે વળી બીજી પણ શ્રુતિ છે, તે બતાવતાં કહે છે -

ટીકાર્થ :-

इष्टापूर्त्त ..... इति श्रुतेश्च । અને ઈષ્ટાપૂર્ત્ત શ્રેષ્ઠ શ્રેય અને અન્ય નહીં, એ પ્રમાણે માનતા જે મૂઢો અભિનંદન પામે છે=(ઈષ્ટાપૂર્ત કરીને) હર્ષ પામે છે, તેઓ સુકૃત વડે અર્થાત્ ઈષ્ટાપૂર્ત્તરૂપ સુકૃત વડે, સ્વર્ગમાં પ્રવેશીને આલોકમાં કે હીનતર લોકમાં પ્રવેશ કરે છે. એ પ્રકારની શ્રુતિ છે. (અકામનાવાળાને અન્ય= દ્રવ્યાગ્નિકારિકા, હોતી નથી. કેમ કે અન્યકારિકાની વેદમાં જ નિંદા કરેલી છે, તેથી નિંદ્ય એવી દ્રવ્યાગ્નિકારિકા અકામનાવાળા કરે નહિ, એ પ્રકારનો ભાવ છે.)

ટીકા :-

इत्येवं उक्तजातीयप्रकारमविदन्=अजानन्, यत्किञ्चिदापादयन् जातिप्रायमुपन्यस्य सभायां जातोपहासः किं मत्तः=उन्मादवानसि? किमथवा पिशाचकी=पिशाचग्रस्तोऽसि? किं वातकी=सन्निपाताख्यवातरोगवानसि? किं पातकी=महापातकवानसि? अत्र यत्किञ्चिदापादाने मत्तपिशाचकित्वादिहेतूनामुत्प्रेक्षा ।।२८।।

ટીકાર્થ :-

इत्येवं ..... महापातकवानसि? **આ રીતે=પૂર્વમાં બતાવ્યું કે - જેમ ઘી પોતાની ઉત્પત્તિ પ્રત્યે દૂધની અપેક્ષા રાખે છે પરંતુ તૃણની નહિ, તેમ ભાવસ્તવ પણ દ્રવ્યાર્ચાની અનુમતિની અપેક્ષા રાખે છે પરંતુ દ્રવ્યાર્ચાની નહિ, એ રીતે, પૂર્વમાં કહેલ જાતીય પ્રકારને નહિ જાણતો અને યત્કિંચિત્ આપાદન કરતો=જો સાધુને દ્રવ્યાર્ચા અનુમોદ્ય હોય તો તે દ્રવ્યાર્ચા કર્તવ્ય પણ થવી જોઈએ એ પ્રમાણે યત્કિંચિત્ આપાદન કરતો, જાતિપ્રાયઃ એવા પોતાના કથનનો ઉપન્યાસ કરીને=અસંબદ્ધ વચનોનો ઉપન્યાસ કરીને, સભામાં જાતઉપહાસવાળો એવો તું શું મત્ત છો?=ઉન્માદવાળો છો? અથવા તું શું પિશાચકી=પિશાચગ્રસ્ત છો? અથવા તું શું વાતકી અર્થાત્ સન્નિપાત નામના વાતરોગવાળો છો? અથવા તું શું પાતકી અર્થાત્ મહાપાતકવાળો છો ?**

अत्र ..... उत्प्रेक्षा ।। **અહીંયાં યત્કિંચિત્ આપાદનમાં મત્ત-પિશાચકી આદિ હેતુઓની ઉત્પ્રેક્ષા છે, તેથી ઉત્પ્રેક્ષા અલંકાર છે. ।।૨૮।।**

✪ મૂળ શ્લોકમાં 'शुचि शास्त्रतत्त्वम् विदन्' કહ્યું તેનો જ અર્થ 'उक्तजातीयप्रकारमविदन्' છે.

✪ 'उक्तजातीयप्रकारमविदन्' કહ્યું ત્યાં જાતીય પ્રકારનું તાત્પર્ય એ છે કે - જેમ ઘી પ્રત્યે અવ્યવહિત કારણ દૂધ છે, તે અન્ય જાતીય પ્રકાર છે; અને વ્યવહિત કારણ તૃણ છે, તે અન્ય જાતીય પ્રકાર છે. તેમ અહીં ભાવસ્તવ પ્રત્યે દ્રવ્યાર્ચા છે તે અન્ય જાતીય પ્રકાર છે, અને દ્રવ્યાર્ચાની અનુમતિ છે તે અન્ય જાતીય પ્રકાર છે. તે બંનેમાં ભિન્ન ભિન્ન જાતીયત્વેન કારણતા છે, તે ભિન્ન જાતીય પ્રકારને લુંપાક જાણતો નથી.

✪ 'यत्किंचित् आपादयन्' નો ફલિતાર્થ जातिप्रायमुपन्यस्य सभायां जातोपहासः છે, તે પૂરકરૂપે છે. યત્કિંચિત્ આપાદન કરતો=જાતિપ્રાયઃ વચનોનો ઉપન્યાસ કરીને સભામાં ઉપહાસ પામનારો લુંપાક છે.

અહીં જાતિપ્રાયઃ=અસંબદ્ધ વચનો ગ્રહણ કરવાનાં છે, અને તે આ પ્રમાણે છે - જો દ્રવ્યાર્ચા અનુમોદ્ય હોય તો કર્તવ્ય હોય, એ રૂપ અસંબદ્ધ વચનોનો ઉપન્યાસ કરીને સભામાં ઉપહાસ પામનારો લુંપાક છે.

અવતરણિકા :-

अपि च -

અવતરણિકાર્થ :-

અપિ ચ=પૂર્વમાં કહ્યું કે, મુનિ ભાવસ્તવના ઉપયય માટે દ્રવ્યસ્તવની અનુમતિ કરે છે, પરંતુ દ્રવ્યાર્ચા કરતા નથી. તેથી શ્રાવક ભાવસ્તવની નિષ્પત્તિ માટે દ્રવ્યાર્ચા કરે છે, તેમ મુનિ ભાવસ્તવના ઉપયય માટે દ્રવ્યાર્ચા કેમ કરતા નથી? તે બતાવવા અર્થે 'अपि च' થી સમુચ્ચય કરતાં કહે છે -

શ્લોક :-

द्रव्यार्चामवलम्बते न हि मुनिस्तर्तुं समर्थो जलं,
बाहुभ्यामिव काष्ठमत्र विषमं नैतावता श्रावकः ।
बाहुभ्यां भववारि तर्त्तुमपटुः काष्ठोपमां नाश्रयेद्
द्रव्यार्चामपि विप्रतारकगिरा भ्रान्तीरनासादयन् ।।२९।।

શ્લોકાર્થ :-

અહીં=જગતમાં, બે ભુજા દ્વારા જલને તરવાને સમર્થ માણસ વિષમ કાષ્ઠનું જેમ અવલંબન લેતો નથી, તેમ મુનિ દ્રવ્યાર્ચાનું અવલંબન લેતા નથી. એટલામાત્રથી=સકંટક કાષ્ઠ જેવી દ્રવ્યાર્ચા છે એટલામાત્રથી, ભુજા વડે ભવજલને તરવા અસમર્થ (અને) વિપ્રતારકની વાણી વડે ભ્રાંતિને નહિ પામતો એવો શ્રાવક, દ્રવ્યાર્ચાનો પણ આશ્રય કરતો નથી એમ નહિ, અર્થાત્ કરે છે. ।।૨૯।।

✪ શ્લોકમાં 'द्रव्यार्चामपि' કહ્યું ત્યાં 'अपि' થી સામાયિક પૌષધાદિનો સમુચ્ચય કરેલ છે.

ટીકા :-

'द्रव्यार्चाम्' इति :- अत्र जगति बाहुभ्यां जलं तर्त्तुं समर्थः, विषमं=सकण्टकं काष्ठमिव मुनिर्भुजेन (भावेन) भवजलतरणक्षमः न हि=नैव, द्रव्यार्चामवलम्बते, स्वरूपतः सावद्यायाः तस्याः सकण्टककाष्ठस्थानीयाया अवलम्बनायोगात्, नैतावता कुश्रुतादिदोषेण स्वौचित्यमविदन् (स्वौचित्यं विदन्) श्रावकः बाहुभ्यां भववारि=संसारसमुद्रं, तर्त्तुमपटुः सन् काष्ठोपमां=विषमकाष्ठतुल्यां, द्रव्यार्चां नाश्रयेत् । किं कुर्वन् ? विप्रतारकस्य गिराऽपि भ्रान्तीः=विपर्ययान्, अनासादयन् अप्राप्नुवन्, तदासादने तु स्वौचित्यापरिज्ञाने स्यादेव तदनाश्रयणं मुग्धस्येति भावः ।।२९।।

✪ ટીકામાં भुजेन છે ત્યાં 'भावेन' પાઠ સંગત લાગે છે.

ટીકાર્થ :-

અત્ર ..... અયોગાત્, અહીં=જગતમાં, બે ભુજા દ્વારા જલને તરવા માટે સમર્થ એવો માણસ

વિષમ=સકંટક (કાંટાસહિત) કાષ્ઠનું જેમ અવલંબન કરતો નથી, તેમ ભાવ વડે ભવજલ તરવા માટે સમર્થ એવો મુનિ દ્રવ્યાર્ચાનું અવલંબન કરતો નથી, કેમ કે સ્વરૂપથી સાવદ્ય એવી સકંટકકાષ્ઠસ્થાનીય દ્રવ્યાર્ચાના અવલંબનનો અયોગ છે.

વિશેષાર્થ :-

મુનિ ભાવપૂજા દ્વારા ભવસમુદ્રને તરવા સમર્થ છે, તેથી સકંટકકાષ્ઠસ્થાનીય સ્વરૂપથી સાવદ્ય એવી દ્રવ્યાર્ચાનું અવલંબન મુનિને હોતું નથી.

અહીં વિશેષ એ છે કે - મુનિ નિષ્પરિગ્રહભાવવાળા હોય છે, તેથી ભગવાનની આજ્ઞાના પાલન દ્વારા નિષ્પરિગ્રહભાવ વૃદ્ધિ પામે એ રીતે ભાવપૂજા કરતા હોય છે. અને પરિગ્રહ એ આત્માનો વિકૃતભાવ છે, તેથી પરિગ્રહધારી શ્રાવક આ પોતાનો પરિગ્રહ સંસારમાં ડુબાડનાર છે તેમ જાણે છે; આમ છતાં નિષ્પરિગ્રહભાવ કરવા માટે અસમર્થ હોવાથી, ઉત્તમ દ્રવ્યથી ભગવાનની પૂજા કરીને મારી સંપત્તિને સફળ કરું, એ પ્રકારનો ભાવ કરે છે, અને તે પ્રશસ્ત પરિગ્રહનો ભાવ પુણ્યાનુબંધિપુણ્ય દ્વારા નવા ભવની પ્રાપ્તિ કરાવીને મોક્ષનું કારણ બને છે. તેથી દ્રવ્યાર્ચા નવા ભવની પ્રાપ્તિરૂપ કાંટાવાળી છે, અને જન્માંતરમાં મુનિભાવની પ્રાપ્તિ કરાવીને મોક્ષનું કારણ બને છે=તરવાનું સાધન બને છે. મુનિ એ પરિગ્રહભાવ છોડીને ભગવાનની આજ્ઞાના પાલનથી તરવા સમર્થ છે, તેથી કાંટા જેવી ભવપરંપરાની પ્રાપ્તિ તેમને થાય નહિ; અને શીઘ્ર તરી શકે છે, તેથી સકંટકકાષ્ઠસ્થાનીય સ્વરૂપથી સાવદ્ય એવી દ્રવ્યાર્ચાનું અવલંબન મુનિને હોતું નથી.

ટીકાર્થ :-

नैतावता ..... नाश्रयेत् । આટલાથી=પૂર્વમાં કહ્યું એટલા કુશ્રુતાદિ દોષથી=સ્વરૂપથી સાવદ્ય એવી દ્રવ્યાર્ચા સકંટકકાષ્ઠસ્થાનીય છે ઈત્યાદિરૂપ કુશ્રુતાદિ દોષથી, પોતાના ઔચિત્યને જાણતો= શ્રાવકપણાને ઉચિત એવી આ દ્રવ્યાર્ચા છે એ પ્રકારે પોતાના ઔચિત્યને જાણતો, શ્રાવક, ભુજા દ્વારા સંસારસમુદ્રને તરવા અસમર્થ હોવાથી વિષમ કાષ્ઠતુલ્ય એવી દ્રવ્યાર્ચાનો આશ્રય નથી કરતો એમ નહિ, અર્થાત્ આશ્રય કરે છે.

किं कुर्वन् ..... अप्राप्नुवन्, શું કરતો એવો શ્રાવક દ્રવ્યાર્ચાનો આશ્રય કરે છે? તેનો ઉત્તર આપેછે - વિપ્રતારકની=ઠગનારની, વાણી વડે પણ ભ્રાંતિને=વિપર્યાસને, નહિ પામતો એવો તે દ્રવ્યાર્ચાનો આશ્રય કરે છે. અર્થાત્ દ્રવ્યાર્ચા એ સાવદ્ય છે માટે ધર્માર્થે તે કરવી જોઈએ નહિ, આ પ્રકારે ઠગનાર એવા લુંપાકની વાણી વડે પણ વિપર્યાસને નહિ પામતો એવો શ્રાવક દ્રવ્યાર્ચાનો આશ્રય કરે છે.

तदासादने ..... भावः ।। વળી તેના આસાદનમાં=વિપર્યાસની પ્રાપ્તિમાં, પોતાના ઔચિત્યનું અપરિજ્ઞાન હોતે છતે મુગ્ધને તેનું=દ્રવ્યાર્ચાનું, અનાશ્રયણ, થાય જ, એ પ્રકારનો ભાવ છે. ।।૨૯।।

✪ ટીકામાં '**कुश्रुतादिदोषेण**' કહ્યું છે, તે મૂળમાં '**एतावता**' કહ્યું તેનું પૂરક છે.

✪ '**स्वौचित्यमविदन्**' અહીં '**स्वौचित्यं विदन्**' પાઠની સંભાવના છે અને તે મુજબ અર્થ કરેલ છે.

મૂળ શ્લોકમાં **स्वौचित्यं विदन्** પાઠ નથી, અને ટીકામાં **स्वौचित्यं विदन्** એ પાઠ એ શ્રાવકનું વિશેષણ છે અને તે હેતુ અર્થક વિશેષણ છે, અને મૂળ શ્લોકમાં જે શ્રાવક શબ્દ છે તેનું પૂરક છે. તે હેતુ આ રીતે છે -

શ્રાવક પોતાના ઔચિત્યને જાણે છે, આથી કરીને દ્રવ્યાર્ચાનો આશ્રય નથી કરતો એમ નહીં, અર્થાત્ કરે છે, તેમાં સ્વ-ઔચિત્યને જાણે છે, તે હેતુ છે.

વિશેષાર્થ :-

પૂર્વમાં કહ્યું કે, સાધુ સકંટકકાષ્ઠસ્થાનીય દ્રવ્યાર્ચાનું અવલંબન કરતા નથી. એટલા કથનમાં દ્રવ્યાર્ચા તરવાનું સાધન હોવા છતાં તરનારને કાંટા લાગે છે, એ પ્રકારનો કુશ્રુતાદિ દોષ દ્રવ્યાર્ચામાં છે, અને 'કુશ્રુતાદિ' અહીં 'આદિ' પદથી તે કાંટા વાગવાથી થતી પીડારૂપ કુફળની પ્રાપ્તિ છે. તેથી દ્રવ્યાર્ચામાં બે દોષોની પ્રાપ્તિ છે. આ બંને દોષો હોવા છતાં શ્રાવક જાણે છે કે, હું ભુજાથી સંસારસાગરને તરી શકું એવા સામર્થ્યવાળો નથી, તેથી મારા માટે કંટકવાળા કાષ્ઠ જેવી પણ દ્રવ્યાર્ચા કરવી ઉચિત છે.

જે વ્યુત્પન્ન શ્રાવક છે, તે લુંપાકની ઠગનારી વાણીથી વિપર્યાસને પામતો નથી, તે આ રીતે -

લુંપાક કહે છે કે, દ્રવ્યાર્ચા સાવદ્ય છે માટે તે ધર્મરૂપ બની શકે નહિ. આ પ્રકારની લુંપાકની વાણીના શ્રવણથી વ્યુત્પન્ન શ્રાવક વિપર્યાસને પામતો નથી; કેમ કે તે જાણે છે કે, સંસારમાં હું સાવદ્ય પ્રવૃત્તિ કરું છું અને તે અપ્રશસ્ત સાવદ્ય છે માટે તેનાથી સંસારની વૃદ્ધિ થાય છે, અને ભગવાનની પૂજામાં જે સ્વરૂપથી હિંસા છે તે શુભભાવનું કારણ છે તેથી પ્રશસ્ત છે; અને નિરવદ્યના સ્ફુરણરૂપ ઉત્તમ ભાવને હું કરી શકું તેમ નથી, તેથી ભગવાનની ભક્તિરૂપ પ્રશસ્ત ભાવો દ્વારા પુણ્યાનુબંધિપુણ્યની પ્રાપ્તિ થશે; તેનાથી નવા જન્મની પ્રાપ્તિરૂપ કાંઈક સંસારની કદર્થનાની પ્રાપ્તિ થશે, તો પણ, તે પુણ્યાનુબંધિપુણ્યની સહાયથી ક્રમે કરીને સંયમની પ્રાપ્તિ અને મોક્ષની પ્રાપ્તિ થશે, તેમ વ્યુત્પન્ન શ્રાવક જાણે છે. આથી જ તે દ્રવ્યાર્ચાનું આશ્રયણ કરે છે.

વળી જે અવ્યુત્પન્ન મુગ્ધ શ્રાવકો છે, તેઓ લુંપાકની વાણી સાંભળી તેનાથી ભ્રાંતિ પ્રાપ્ત કરે તો, તેઓ દ્રવ્યાર્ચાનું અનાશ્રયણ કરે છે. કેમ કે પોતાની ભૂમિકા માટે ઉચિત શું છે તેનું પરિજ્ઞાન તે મુગ્ધ શ્રાવકને નથી, તેથી પોતાની ભૂમિકા પ્રમાણે હિતકારી એવી દ્રવ્યાર્ચાનું આશ્રયણ તેઓ કરતા નથી. એ પ્રકારનો ભાવ છે. **॥૨૯॥**

શ્રી પ્રવિણભાઇ પંડિત વિવેચિત પુસ્તકોની યાદી

(૧) યોગવિંશિકા શબ્દશઃ વિવેચન *

(૨) અધ્યાત્મઉપનિષત્ શબ્દશઃ વિવેચન

(૩) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ

(૪) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ

(૫) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧

(૬) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨

(૭) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩

(૮) આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન

(૯) સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઇ શબ્દશઃ વિવેચન

(૧૦) અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧

(૧૧) પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧

---

* અનુપલબ્ધ પુસ્તકો

એ જિનપ્રતિમા જિનવર સરખી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી,
જિનપ્રતિમામાં સંદેહ ન રાખો, વાચક જશની વાણી.

જિનપ્રતિમા જિન સરિખી જાણે, પંચાંગીના જાણ,
કવિ જસવિજય કહે તે ગિરુઆ, કીજે તાસ વખાણ.

- શ્રી યશોવિજયજી ઉપા.

જેહને પ્રતિમાશું નહીં પ્રેમ, તેહનું મુખડું જોઈએ કેમ,
જેહને પ્રતિમાશું નહીં પ્રીત, તે તો પામે નહિ સમકિત.

જેહને પ્રતિમાશું છે વેર, તેહની કહો શી થાશે પેર,
જેહને પ્રતિમા નહીં પૂજ્ય, આગમ બોલે તેહ અપૂજ્ય.

નામ થાપના દ્રવ્ય ને ભાવ, પ્રભુને પૂજો સહી પ્રસ્તાવ,
જે નર પૂજે જિનનાં બિંબ, તે લહે અવિચલ પદ અવિલંબ.

પૂજા છે મુક્તિનો પંથ, નિતનિત ભાખે ઈમ ભગવંત,
સહિ એક નર કવિના નિરધાર, પ્રતિમા છે ત્રિભુવનમાં સાર.

- શ્રી ઉદયરત્નજી ઉપા.

પ્રકાશક



૫, જૈન મરચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ – ૭.
ફોન : ૬૬૦ ૪૯ ૧૧

Title Designed By :
Dhanna 660 81 19 - 660 96 92